# જૈન શાસન

नमो चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

શાસન અને સિધ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

અઠવાડિક


વર્ષ ૧૬

અંક ૫


**સમભાવની પ્રાપ્તિ ક્યારે?**

चत्तपुत्तकलत्तस्स,
निव्वावारस्स भिक्खुणो ।
पियंन विज्जई किंचि,
अप्पियं पि न विज्जई ॥
(શ્રી ઉત્તરા. અધ્ય. ૯, ગા. ૧૫)

પુત્ર- પત્ની આદિ પરિવારનો ત્યાગ કરનાર, વ્યાપાર વિનાના ભિક્ષુને જગતની કોઈ વસ્તુ પ્રિય નથી કે કોઈ વસ્તુ અપ્રિય પણ નથી.


आचार्य श्री कैलाससागर सूरि ज्ञान मन्दिर
श्री महावीर जैन आराधना केन्द्र
कोबा, जि. गांधीनगर पीन-३८२००९



**શ્રી જૈન શાસન કાર્યાલય**

શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

# 'સુશીલ સંદેશ'

## કરૂણા નિધાન ભગવાન મહાવીર – હપ્તો–૯.

ઘણા વર્ષો સુધી તપસ્યા કરવાથી મુનિ વિશ્વભૂતિને ઘણી બધી લબ્ધિઓ પ્રાપ્ત થઈ ગઈ.




એક વાર મુનિ વિશ્વભૂતિ માસખમણની તપસ્યાના પારણા લેવા માટે મથુરા પધાર્યા, અહિં રાજકુમાર વિશાખાનન્દી પણ મથુરા આવ્યા હતા. તેમણે મુનિ વિશ્વભૂતિ ને રાજમાર્ગ ઉપર ચાલતા જોયા તો ઓળખી ગયા.




મુનિ ભિક્ષા માટે ધીરે ધીરે ઘર-ઘર ફરતા હતા. ત્યાં એક ગાયે તેમને ટક્કર મારી.




મુનિ જમીન ઉપર પડી ગયા. આ જોઈને વિશાખાનન્દી જોરથી હસી પડયા -



आज्ञाराद्धा च. शिवाय च भवाय च

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

# જૈન શાસન

(અઠવાડીક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૬ ) * સંવત ૨૦૬૦ માગસર વદ - ૧ * મંગળવાર, તા. ૯-૧૨-૨૦૦૩ (અંક ૧૫

## પ્રવચન પાંસઠમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

સં૨૦૪૩, આસોવદિ-દ્વિ.-૫, સોમવાર, તા. ૧૨-૧૦-૧૯૮૭
શ્રી ચંદનબાલા જૈન ઉપાશ્રય, મુંબઈ - ૪૦૦ ૦૦૬.

પૂ.આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

*ગતાંકથી ચાલુ...*

(શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઇપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના -અવ.)

पियमायभ्राच्च भज्जा सयणघणा सबलतित्थिमंतिनिवा।
नायर अहमपमाया परमत्थभयाणि जीवाणं ॥

જગતના જીવો પૈસા અને પૈસાથી મળતાં સુખને માટે કેવા છે ? કોઇને પણ પૂછો કે શું જોઇએ? તે કહેને કે, સારું સારું ખાવા-પીવા, પહેરવા-ઓઢવા, મોજ-મજાદિ કરવા. તેને માટે પૈસા-ટકા. આ ભણાવવું પડે તેમ છે કે અનાદિનો અભ્યાસ છે ? અનાદિથી ભટકી રહ્યા છીએ હજી પણ ભટકવું છે ? અનંતા શ્રી અરહિંત પરમાત્માઓ મોક્ષે ગયા, બીજા પણ અનંતા આત્માઓ મોક્ષે ગયા, આપણો નંબર કેમ ન લાગ્યો ? આપણને શ્રી અરિહંત પરમાત્મા મળ્યા નહિ હોય ? પહેલાય મળ્યા હશે અને આ ભવમાં ય મળ્યા છે. સાક્ષાત નહિ પણ મૂર્તિરૂપે આપણે ધર્મ પણ કરીએ છીએ પણ ગમે છે શું ? મોટાભાગને સંસાર જ ગમે છે. જેને ધર્મ જ ગમતો હોય તેવા જીવો કોઇના પણ મોહમાં ફસાયા વિના ધર્મ કરે, કરે ને કરે જ. જ્યારે અભવ્યો, દુર્ભવ્યો અને ભારેકર્મી ભવ્ય જીવો સાધુ પણ થાય તો પણ તેમને સંસાર જ ગમે છે. મોટા મોટા તપતપે તે પણ સંસાર સુખ માટે જ. આજે પણ ઘણા સાધુ થયેલા સુખ મેળવવા અને મજા કરવા એમાં એવાં કામ કરે છે. જેનું વર્ણન ન થાય. ભૂંડની પાસે ખીરનું કુંડુ મૂકો તો પણ વિષ્ટા ખાવાનું મન થાય. તેમ ઘણા ધર્મ કરે પણ તેમને ગમે સંસાર

આત્મા કર્મથી બંધાયેલો છે. કર્મમાં મોહનું પ્રાધાન્ય છે. મોહે આત્માને એવા બનાવ્યા છે કે તેને મોક્ષની ઇચ્છા જ ન થાય અભવ્ય આત્માઓ સારામાં સારું એકપણ દોષ ન લાગે તેવું ચારિત્ર પાળે, નવમાં ગૈવેયકમાં જાય પણ તે કદી ધર્મ પામે જ નહિ, કેમકે, તેને કદી મોક્ષની ઇચ્છા જ થતી નથી. આપણા ભગવાને ધર્મ મોક્ષને માટે જ સ્થાપ્યો છે, તેઓને પોતાનો મત કાઢવો ન હતો. ધર્મ સંસારમાં ભટકતા જીવોને મોક્ષે મોકલવા માટે છે. ભગવાનના આત્માઓ એવી ભાવના ભાવે છે કે, મારી શક્તિ હોય તો બધાને મોક્ષે પહોંચાડી દઉં.' જેને મોક્ષમાં ન જવું હોય તેને કોઇ જ મોક્ષે લઇ જઇ શકે નહિ. 'મોક્ષમાં જવું હોય તેને સંસારની સારામાં સારી ચીજ ગમે જ નહિ, આ જે શરત મૂકી છે તે તમને ગમે છે ખરી ? પાણી અને તેલ મળે તો પણ કદી ભેગા થાય નહિ, નોખાને નોખા રહે તેમ સંસાર ગમે તેમને ધર્મ ગમે જ

નહિ. તેવા જીવો ધર્મ કરતા હોય તો સમજી લેવું કે, સંસારના સુખ માટે અને દુઃખથી બચવા માટે કરે છે. ધર્મ જે આપે તે જોઈતું નથી. ખરેખર ધર્મ હૈયામાં આવે તો મળેલા સુખ ઉપર રાગ પણ ન થાય, પૈસો પણ ન ગમે, સ્નેહી-સંબંધી બંધન રૂપ લાગે. તમને ઘર કેવું લાગે છે ? ભલેને ઝૂંપડા જેવું હોય. ઝૂંપડામાં રહેનારો પોતાના ઝૂંપડાને નુકશાન પહોંચવા દે ? તમને ઘર-પેઢીનું નુકશાન ખટકે છે પણ ધર્મનું ગમે તે થાય-શું લાગે વળગે ?

ધર્મ કરનારા તમારે કે અમારે પોતાના આત્માને રોજ પૂછવું છે કે-તને સંસાર ગમે છે કે ધર્મ જગમે છે ? ધર્મ જ આત્માને સંસારથી બચાવી છેક મોક્ષે પહોંચાડી દે અને કાયમ માટે સાથે જ રહે. ધર્મ જ કાયમનો સાથી બને તેવો છે. જગતની કોઈપણ ચીઝ કાયમની સાથી બને તેવી છે ? **જગતનાં જીવોને અધર્મ સાથે મેળ જામે. જ્યારે ભગવાનના શાસનને પામેલા-સમજેલાઓને ધર્મ સાથે મેળ જામે, અધર્મ માત્ર ખટકે.** અધર્મ જેને ગમે નહિ તેને જ ધર્મ ગમ્યો કહેવાય. દુનિયાનું સુખ ભોગવવું તે ધર્મ કે અધર્મ ? સુખની ઈચ્છા થાય તે ય ધર્મ કે અધર્મ ? સુખને મેળવવા મહેનત કરો, તે મળે તો આનંદ થાય તે પણ ધર્મ કે અધર્મ ? સુખ ભોગવવામાં મજા આવે તે પણ ધર્મ કે અધર્મ ? તે બધુ અધર્મ છે. સંસાર જ ગમે તેવા જીવો અધર્મીજ હોય તેમા શંકા કરવાને કારણ નથી, તેવા ધર્મ કરે તે પણ વધુ અધર્મ કરવા માટે જ. તમને શું ગમે છે ? ધર્મ કે અધર્મ ? તમે બધા કહો કે અમને મોક્ષ જ ગમે છે. તેનો માર્ગ બતાવનારા સુદેવ-સુગુરુ-સુધર્મ ગમે છે, ધર્મનાં સ્થાનો-સાધનો ગમે છે, ધર્મમાં સહાય કરનારા જ ગમે છે, તે સિવાય બીજું કશું જ ગમતું નથી. ભલે સંસારમાં રહ્યા છીએ પણ કશું જ ગમતું નથી. ક્યારે આ સંસારથી છૂટીએ તે જ ભાવ માં રમીએ છીએ. ભાવ વગરનો કોઈ શ્રાવક હોય નહિ. જેની પાસે ભાવધર્મ ન હોય તેની પાસે કોઈ ધર્મ ન હોય. તે દાન કરે તો ય ધર્મ નહિ, શીલ પાળે તો ય ધર્મ નહિ, તપ કરે તે ય ધર્મ નહિ, તેનાથી જે જે મળે તેમાં જ ફસાય અને સંસારમાં ભટકે, મોક્ષે જઈ શકે નહિ. દુનિયાની સુખ-સંપત્તિ, માન-પાન, મોજ-મજાદિમાં ફસાય તે કદી મોક્ષે જાય ?

ખાવા-પીવાનું પણ શા માટે ? મોક્ષસાધક ધર્મ સારી રીતના થઈ શકે માટે કે મોજ મજા માટે ? દુનિયાદારીની મોજમજાદિ માટે ખાવું-પીવું તે ય અધર્મ છે. ધર્મ સારી રીતના થઈ શકે તે માટે ખાય-પીએ તો તે ક્રિયા ધર્મરૂપ બની જાય. તમારે ઘર-બાર, કુટુંબ - પરિવાર પૈસા-ટકાદિ છે પણ તે બધું તમને મેળવવા જેવું ભોગવવા જેવું, રાખવા જેવું લાગે કે છોડવા જેવું લાગે ? આ બધાના મોહમાં ફસાયો તો તે મને હાનિ કરનાર છે તે વાત યાદ છે ? આખો સંસાર, સંસારની બધી જ સામગ્રી જો આત્મા સાવધ ન હોય તો હાનિ કરનાર જ છે. સાવદ્ય કહો કે ધર્મી કહો તે બે એક જ છે. ધર્મ પામેલો સંસારમાં ફસાય નહિ, તેને સંસાર સારો લાગે નહિ, સંસારની સારામાં સારી સામગ્રીમાં પણ મૂંઝાય નહિ, દુનિયાની રિદ્ધિ-સિદ્ધિ મલી તે સારી લાગે તે ય પાપનો ઉદય માને. તે સામગ્રી મલી તે પુણ્યોદય પણ ગમે તે પાપોદય માને. આ વાત સમજાય છે ? સુખીને પુણ્યશાલી કહો પણ તે સુખ સામગ્રી જ ગમતી હોય તો કેવો કહેવાય ? પાપોદય-વાળો કહેવો પડે ને ? પુણ્યોદય યાદ છે પણ પાપોદય યાદ છે ? જે સુખી સમજું હોય તે તો માને કે, 'જો હું સાવ-ચેતન રહું તો દુર્ગતિમાં જ લઈ જાય તેવા સુખમાં ફસાયો છું. ધર્મ પામેલો જીવ પૈસાવાળો હોય તો પૈસાથી છૂટો થવા જ ઈચ્છે છે તેને છ ખંડની સાહ્યબી ગમતી નથી હોતી, મેળવે તેય ગમ્યા વિના મેળવે, રાજ્યાભિષેક થાય તો સમજે કે આ મોટી ઉપાધિ છે, તેમાં આનંદ ન હોય. આમાં ફસી ગયો તો માર્યો જવાનો. તેવા જ સુખી સાધુ થઈને મોક્ષે જાય. જ્યારે બીજા જીવો તો તે બધું મેળવવામાં જ મરે અને મળે કાંઈ નહિ, દુઃખી દુઃખી થઈને જીવે અને મરે ધર્મ કરવાનું મન પણ ન થાય. કદાચ ધર્મ કરવાનું મન પણ ન થાય. કદાચ ધર્મ કરે તો પણ સુખ જ ગમે પણ વાસ્તવિક રીતના ધર્મ ન ગમે. તેલ અને પાણીના મેળાપ જેવો તે બધાનો ધર્મનો મેળાપ કહેવાય. તેમને ધર્મ પરિણામ ન પામે. અનંતીવાર સાધુ થાય તો પણ સંસારમાં રખડે, સાધુપણું પરિણામ ન પામે. *(ક્રમશઃ)*

# પૂ. આ. શ્રી વિજયમિત્રાનંદ સૂરીશ્વરજી મહારાજનો અભિપ્રાય

**ગુરુમૂર્તિ, ગુરુમંદિર, ગુરુપાદુકાની પ્રતિષ્ઠાની ઉછામણીની રકમ ગુરુદ્રવ્ય દેવદ્રવ્ય છે**

**તેઓશ્રીએ લખેલ અને તેઓશ્રીના શિષ્ય પૂ. મુનિરાજશ્રી ભવ્યદર્શન વિજયજી મ.એ સંપાદિત કરેલ 'મંગલ જિન શાસનમ્' પુસ્તકમાં ૨૬ વર્ષ પહેલાં આ અભિપ્રાય આપ્યો છે. તે પુસ્તકમાં પેજ ૧૩૭માં આ અભિપ્રાય આપેલ છે. તેની ઝેરોક્ષ નકલ અત્રે નીચે આપી છે.**

પૈસાનો ઉપયોગ થઇ શકે નહીં.

[૬-૭] **શ્રાવક - શ્રાવિકા ક્ષેત્ર :** ભક્તિભાવથી સમર્પણ કરેલ દ્રવ્ય તથા સાધાર્મિકભક્તિ માટે થયેલ ફંડનું દ્રવ્ય આ ક્ષેત્રમાં ગણાય.

ઉપયોગ : શ્રાવક - શ્રાવિકાઓને ધર્મમાં સ્થિર કરવા માટે, આપત્તિના સમયમાં સહાયતા કરવા માટે અથવા તેમની દરેક પ્રકારની ભક્તિનાં કાર્યમાં આ દ્રવ્યનો ઉપયોગ થઇ શકે છે. કારણ કે આ દ્રવ્ય ૪ ચોથા-પાંચમા ગુણસ્થાનકે રહેલા આત્માઓની ભક્તિ માટે છે. આ ધાર્મિક અને પવિત્ર દ્રવ્ય છે, તેથી ચેરીટી, સામાન્યજનતા, યાચક, દીનદુઃખી અથવા તો બીજા કોઇ પણ માનવી માટે કે દયા-અનુકંપા આદિ વ્યાવહારિક કાર્યોમાં બિલકુલ ઉપયોગ થાય નહિ.

આ ક્ષેત્રનું દ્રવ્ય જરૂર પડે તો ઉપરનાં પાંચ ક્ષેત્રોમાં, શ્રીસંઘની આજ્ઞાનુસાર વાપરી શકાય પરંતુ નીચેના અનુકંપા કે જીવદયામાં વપરાય નહીં.

સાતક્ષેત્રની ભેગી પેટી કે ટીપમાં આવેલું દ્રવ્ય સાતભાગ કરીને અને તે તે ખાતાની પેટી આદિમાં આવેલું દ્રવ્ય તે તે ખાતામાં લેવું જોઇએ.

[૮] ગુરુદ્રવ્ય : પંચમહાવ્રતધારી, સંયમી, ત્યાગી મહાપુરુષોની સામે ગહુંલિ કરી હોય કે ગુરુની નાણા આદિથી કરેલી પૂજાની રકમ, ગુરુ **પૂજનની બોલીની રકમ, ઉપરાંત ગુરુપ્રવેશ મહોત્સવમાં સાંબેલા, હાથી,** ઘોડા આદિની બોલી કે નકરાની તથા ગુરુમહારાજને કામળી વગેરે વહોરાવવાની ઉછામણી અને ગુરુમૂર્તિ, ગુરુમંદિર, ગુરુપાદુકાની પ્રતિષ્ઠાદિની ઉછામણીની રકમ પણ ગુરુદ્રવ્ય ગણાય.

ઉપયોગ : ગુરુદ્રવ્યની આવેલી રકમ જીર્ણોદ્ધારાદિમાં ખર્ચવી જોઇએ એવું 'દ્રવ્યસપ્તતિકા' ગ્રંથમાં સ્પષ્ટ જણાવ્યું છે. એટલે કે ગુરુદ્રવ્ય પણ દેવદ્રવ્ય છે, એનો ઉપયોગ જીર્ણોદ્ધારાદિમાં જ કરી શકાય. ગુરુવેયાવચ્ચમાં વાપરી શકાય નહીં...

[૯] **જિનમંદિર સાધારણક્ષેત્ર :** શ્રીજિનેશ્વરપરમાત્માની ભક્તિ તથા જિનમંદિરની સારસંભાળ આદિ માટે આપેલું, શ્રીસંઘને બારમાસી કે માસિક (ખર્ચ) અષ્ટપ્રકારી પૂજા કરાવવાનો લાભ લેવાના થયેલા

❦ ❦ ❦ ❦ ❦ ❦ ❦ ❦ ❦ ❦ ❦ ❦ ❦ ❦ ❦ ❦ ❦ ❦ ❦ ❦ ❦ ❦ ❦ ❦ ❦ ❦

ચઢાવાનું દ્રવ્ય; શ્રીજિનમંદિર સાધાર

ઉપયોગ : આ દ્રવ્યમાંથી પૂજાર પગાર આપી શકાય તેમજ પરમાત્મા શકાય. શ્રીજિનપ્રતિમા અને શ્રીજિનમં કાર્યમાં આ દ્રવ્યનો ઉપયોગ થઇ શકે

[૧૦] **સાધારણદ્રવ્ય :** સર્વ સાધારણખાતે દાનવીરોએ આપેલી રક

**ઉપયોગ :** આ સાધારણક્ષેત્રનું સાતક્ષેત્રમાંથી કોઇપણ ક્ષેત્ર સીદાતું હો કતાનુસાર તે ક્ષેત્રમાં આ દ્રવ્યનો ઉપયો અથવા બીજી કોઇ વ્યક્તિ પોતાના અંગ નહિ. દીનદુઃખી અથવા તો કોઇ લોકોપયોગી વ્યાવહારિક અથવા જૈને શકાય નહિ. આ ખાતાનું દ્રવ્ય ચેરીટી કે સાંસારિક કાર્યોમાં પણ ખર્ચી શકા

[૧૧] **આયંબિલતપ ખાતું :** આ દાન, વાર્ષિક, માસિક કે કાયમી તિથિ **દ્વારા જમા થયેલી રકમ આ ખાતામાં**

ઉપયોગ : આયંબિલ કરનાર વાપરવા માટે આ દ્રવ્ય ખર્ચી શકાય. ગામોમાં આયંબિલતપ કરનારની ભ

ટૂંકમાં આ દ્રવ્ય આયંબિલતપ બીજા કોઇ કાર્યમાં ખર્ચી શકાય નહિ ધાર્મિકપ્રવૃત્તિ સિવાય બીજા કોઇ કા

[૧૨] **ધારણાં - અત્તરવાય** નવકારશી, તપનાં પારણાદિ, પૌષ પ્રભાવના માટે, અથવા તપ - જપ - સાધર્મિકભક્તિ માટેનું દ્રવ્ય.

❦ ❦ ❦ ❦ ❦ ❦ ❦ ❦ ❦ ❦ ❦ ❦ ❦ ❦

૧૩૭

(મંગલ જિન શાસનમ્)
- પૂ. આચાર્ય વિજય મિત્રાનંદ

આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ પ્રસંગે નવસારી મુકામે પૂ.આ. ભ. શ્રી વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાના અને પૂ.આ.ભ. શ્રી વિજયભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજના શુભાશીર્વાદ પ્રાપ્ત થયા હતાં તેમ તેમાં જણાવ્યું છે.

પૂ.આ. શ્રી વિજયમિત્રાનંદ સૂરીશ્વરજી મ.ને ગચ્છાધિપતિ પૂ. આ.શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજના સ્વર્ગવાસ પછી ગચ્છ વડિલ તરીકે સ્વીકાર્યા છતાં. તો તેઓશ્રીનો આ અભિપ્રાય માને તો પણ ગુરુમૂર્તિ પ્રતિષ્ઠાદિની રકમનો વિવાદ શાંત થઈ જાય.

પૂ.આ.ભ. શ્રી વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં આમ થયું વિ. કહીને અને પૂ. મહોદય સૂરીશ્વરજી મહારાજનું મગજ કામ કરતું નથી તેમ કહીને તેઓશ્રીની વાત ઉડાડી દેવામાં આવે છે. હવે પૂ. મિત્રાનંદ સૂરીશ્વરજી મ.ની વાત આ પુસ્તકમાં સ્પષ્ટ છે તેને સ્વીકારીને સમુદાયને સત્યમાં સ્થિર થવા માટે સમુદાયના વડીલોએ સ્પષ્ટ માર્ગદર્શન આપવું જોઈએ.

જો કે પૂ. હેમભૂષણ સૂ.મ.એ લખેલ પૂ.આ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મ. તરફથી પત્ર લખેલ છે તે ૧૫ વર્ષ પહેલાંનો છે તે વખતે પૂ. મહોદયસૂરીશ્વરજી મ.નું મગજ કામ કરતું હતું કે નહિં? તે તેઓ જાણે પણ આ પત્ર લખનાર પૂ. હેમભૂષણ સૂ.મ.નું મગજ તો કામ કરતું જ હતું.

આજે આ સ્પષ્ટ પત્રોને પાછા ખેંચી લેવા કે પુરાવા દબાવી દેવા પ્રયત્ન કરે કે પીળી પત્રિકાનો વિરોધ કરનારને ધમકી આપે તો એ શક્ય નહિં હોય કેમ કે તેઓ ગચ્છાધિપતિ બન્યા ત્યારે પ્રવચનમાં કહ્યું હતું કે હું ભીમકાંત થઈને સમુદાયનું સંચાલન કરીશ. મહાન શિરછત્ર પૂ.પાદ આ.ભ. શ્રી વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મહારાજા હતા ત્યારે તેઓ પૂ.આ. શ્રી વિજય ભુવન ભાનુ સૂરીશ્વરજી મ. સાથે કાંત થઈને વર્તતા હતા તો પણ પૂ. ભુવનભાનુ સૂ.મ. આદિ પૂજયપાદશ્રીજીની છત્રછાયામાં રહ્યા ન હતાં. જયારે સત્યનું પ્રતિપાદન કરનાર કે પીળી પત્રિકાનો વિરોધ કરનાર સામે ભીમ બનશે? ભીમકાંત ગુણનો વ્યત્યય થશે અને સત્યના પક્ષકાર સામે ભીમ થવાથી શું પરિણામ આવે તે જોવાનું રહ્યું.

પૂ. મહોદય સૂ.મ.નું મગજ કામ કરતું નહોતું માટે આવું લખી દીધું છે તેમ કહેનાર હવે પૂ. મિત્રાનંદ સૂ.મ. માટે નવો નુસ્કો શોધી કાઢે છે કે બહાના બંધ કરીને દેવદ્રવ્યના નુકસાનને બચાવી લે છે તે જોવાનું રહ્યું. જિન મંદિર જીર્ણોદ્ધારમાં અને તેમાંય ધરતીકંપથી દેવદ્રવ્યની કેટલી જરૂર છે તે જગપ્રસિદ્ધ છે. ગુરુ મંદિરના ઉદ્ધારમાં કયાં જરૂર છે? દેવદ્રવ્યની રકમનો આ રીતે ખોટે માર્ગે વાપરીને શ્રીસંઘ તથા આત્માને શું લાભ થશે.

પૂ. મહોદય સૂ.મ.ના નામે પૂ. હેમભૂષણ સૂ.મ.એ લખેલ પત્રમાં છેડછાડ થઈ હોય તેવું બહાનુ કઢાય છે તે પત્ર તો તેમના હાથમાં છે પરંતુ પૂ. મિત્રાનંદ સૂ.મ.ના આ અભિપ્રાયના ઝેરોક્ષમાં કંઈ છેડ થઈ છે તેવું લાગે તો તે પુસ્તકના સંપાદક પૂ. પં. શ્રી ભવ્યદર્શન વિજયજી મ. વિદ્યમાન છે તથા તે પુસ્તકની ત્રીજી આવૃત્તિ વિ.સં. ૨૦૫૩માં પ્રગટ થઈ છે અને ૬૫૦૦ હજાર કુલ નકલ પ્રગટ થઈ છે તેની પ્રાપ્તિ નચેના સ્થળેથી થઈ શકશે શંકા હોય તેમણે મંગાવીને ખાત્રી કરી લેવી.

પૂ.પં.શ્રી પદ્મવિજયજી ગણિવર જૈન ગ્રંથ માળા ટ્રસ્ટ C/o. અશોકકુમાર હિંમતલાલ શાહ, એચ. કે. માર્કેટ, ત્રીજે માળે, કપાસીયા બજાર, અમદાવાદ- ૩૮૦૦૦૨ (ગુજરાત) મૂલ્ય રૂા. ૨૦-૦૦.

## ઝઝૂમવું એ જ જીવન

દીર્ઘકાળથી જે કુસંસ્કારોએ આત્માના અસંખ્ય પ્રદેશો ઉપર ડેરાતંબુ નાંખ્યા છે તેમને ઉખેડીને ફેંકી દેવાનું કામ અતિ કપરું છે.
વળી જેમ જેમ તે દોષો ઉપર આંખ મીંચીને હુમલા કરાય તેમ તે દોષો બમણા જોરથી વળતો હુમલો કરીને જીવને વધુ પાપોમાં પટકી નાખતા હોય છે.
આવી સ્થિતિમાં દોષો ઉપર જીત મેળવવાનું કામ ઘણું મુશ્કેલ છે.
અરે ! હાર થવાની જ શકયતા છે. પણ હાર થાઓ કે જીત થાઓ. આવા રાક્ષશી દોષોની સામે ઝઝૂમવું : બાથ ભીડવી : એ જ બહુ મોટી વાત છે.
ભલે હાર થા, પણ ઝઝૂમવું એ જ મોટી બહાદૂરી છે.
આપણે સતત ઝઝૂમતા રહેવું જોઇએ. આજે નહિ તો કાલે જીત થવાની જ છે.

# તાત્વિક પ્રશ્નોતરી

*- પૂ.આ. શ્રી વિ. રામચંન્દ્ર સૂ.મ.સા.*

*(સં. ૨૦૩૨ના પો.વ. ૩ ને સોમવાર તા. ૧૯-૧-૧૯૭૬ના પૂના કેમ્પમાં થયેલ પ્રવચનમાંથી)*

*(શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ કાંઈપણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. (અવ.)*

***પ્ર. નવાં ી ગુરુપૂજન અંગે સમજાવવા વિનંતી.***

***(આ પ્ર ાંગે 'નવાંગી ગુરુપૂજન'નો પ્રશ્ન આવતાં પૂ. શ્રીજીએ તેનો ખુલાસો કરેલ કે-)***

ઉ. ભગવાનની પૂજા કરતાં પહેલાં વધારે તમારી પોતાની પૂજા કરવ પડે. વર્તમાનમાં તમે લોકો માત્ર એક કપાળે તિલક કરો છે પ ાંના કાળમાં કાને, ગળે, હૃદયે અને નાભિએ પણ તિલક થત .

આ ાળના કાળમાં અને અમારા વખતમાં મને યાદ છે કે મોટા ઉત્સ ોમાં આરતીની બોલી બોલાતી અને જે ભાગ્યશાલી આરતી ઉ ારવાનો આદેશ લે, તેઓ આરતી ઉતારવા ઉભા થાય ત્યારે પહેલાં ભગવાનની આગળ પડદો કરી, આરતી ઉતારનાર ા નવેય અંગે કંકુથી તિલક કરવામાં આવતાં. નવેય અંગ ભગ ાનની આજ્ઞા મુજબ વર્તશે તેમ હૈયાથી કબૂલ કરે પછી આ તી ઉતારવાનો સાચો હક કહેવાય! તે જ રીતે શ્રી જિન મં રમાં ભગવાનની પ્રતિષ્ઠા થયા પછી પ્રતિષ્ઠાકારક આચાર્યો ની નવાંગી પૂજા કરવાનું વિધાન છે. સારા કાળમાં રાજાઓ ાદિ શ્રેષ્ઠિવર્યો ધર્માચાર્યાની નવાંગી પૂજા કરી પછી દેશનામાં બેસતાં. ધર્માત્મા શ્રાવકો પણ પોતાને ઘેર જન્મેલા સંતાનના નામકરણ વિધિ વખતે ગુરુ પાસે વાજતે - ગાજતે આવી, સ ાનને ગુરુની ત્રણ પ્રદક્ષિણા કરાવી, ગુરુની નવાંગે પૂજા કરા તાં. મહારાજા શ્રી કુમારપાળ, કલિકાલ સર્વજ્ઞ પૂ. શ્રી હેમચંદ્ર ર ીશ્વરજી મહારાજાની નવકમળથી નવાંગે પૂજા કરી પછી વ્યા ્યાન સાંભળતાં.

અ જે ઘણાં પૂછે કે 'ભગવાનની નવાંગે પૂજા હોય પણ સાધુની કે મ?' જે ખમાસમણ તમે ભગવાનને દો છો તે જ ખમાસમ ા તમે સાધુને દો છો, કેમ? શ્રી નવકાર મંત્ર જેવા મહામંત્ર ાં દેવ- ગુરુનું બેનું જ સ્થાન છે. સાધુ થયા તેમણે પોતાના ાવેય અંગ ભગવાનની સેવામાં સમર્પિત કર્યા છે. 'દાસનો ાસ હું છું' આમ તમે બોલો છો તેનો અર્થ શું છે? **ભગવાન ના દાસ સાધુ અને તે સાધુઓના દાસ અમે.** ભગવાન ો પ્રતિષ્ઠા કરનાર શ્રાવકે પહેલાં પોતાના હૈયામાં ભગવાન ે પધરાવવાના- સ્થાપવાના છે. અર્થાત હું ભગવાન ી તારક આજ્ઞાને મારા હૈયામાં સ્થાપિત કરું છું પછી તેને મંદિરમાં ભગવાનને પધરાવવાનો હક મળે છે. કોઈ શ્રા ક દાન- શીલ- તપ રૂપ ધર્મનું સારું કામ કરે તો તેના ગળામાં ાર પહેરાવો, તેને તિલક કરો- તે પૂજા નથી? સંઘપતિના પ માં પડાતું નથી? તેમ સાધુની નવાંગ ગુરુપૂજાનો વિધિ છે. હમ ાં આપણા ધર્મમાં એવા વિચક્ષણો પાકયા છે કે ખોટી હો ા મચાવે છે, વાતાવરણ ડહોળાવે છે. ગુજરાતમાં ખંભાત અ દિ શહેરોમાં જેટલા જેટલા ધર્માચાર્યો ગયા હોય તો, સંઘ નો આગેવાન સંઘપતિ મુખકોશ બાંધી નવાંગી પૂજા કરે છે ઈ આચાર્ય બાકી નથી. પાલીતાણામાં મૂળજી શેઠની વાડીમાં ણ આમ થયું છે. મહાપુરૂષોએ બનાવેલા રાસોમાં જૂઓ, વિધિઓમાં જૂઓ, પૂજાઓમાં કે થોયોમાં જૂઓ નવ ગે ગુરુપૂજન કરવાનું વિધાન છે.

આ ચર્ચા દ્વેષમાંથી પેદા થઈ છે, તેને ઘણાએ ઈરાદાપૂ ક પકડી છે. કારણ બધાને ખબર છે તે અહીં કહેવાની જરૂર ન ી. જે ચર્ચા જેણે પકડી છે તે પણ હવે મુંઝાય છે. 'મા મને કોઠીમ ાંથી કાઢ' તેવી હાલત થઈ છે કારણ તેમના વડીલોએ પણ નવ ગી પૂજન કરાવ્યું છે. સાધુ વંદન માગે તે વંદનનો અને પૂજન મ ગે તો પૂજનનો અધિકારી નથી બનતો. આપણે ત્યાં પૂજ્ય પૂ ને ઈચ્છે નહિં અને પૂજક પૂજા કર્યા વિના રહે નહિં. સ્વામી સેવ ને ઈચ્છે નહિં અને સેવકને સેવા કર્યા વિના ચેન પડે નહિં. સે ા ઈચ્છે તે સ્વામી નહિ અને સેવા ન કરે તે સેવક નહિં.

મારા અનુભવનો પ્રસંગ કહું કે 'બાળ દીક્ષાના વિરોધ ના કાળમાં, જેઓ ગળા સુધી બાળ દીક્ષાનો વિરોધ કરતા ાં તેવા એકે-એક નાના છોકરાને દીક્ષા આપવા માંડી. ત્યારે મેં તેમને પૂછેલ કે 'સાહેબ! આપ તો બાળ દીક્ષાના વિરોધી ો તો આ બાળકને દીક્ષા કેમ આપી?' તો મને કહે કે- 'ત ારે તમને મલતા હતાં, અમને એકે મલતા ન હતા માટે અમે વિર ધ કરતાં' દ્વેષભાવમાંથી વિરોધભાવ પેદા થાય છે તેમાંથી આ ા પ્રશ્નો ઉઠે છે.

આજ સુધીમાં મેં અનેકવાર જાહેર કર્યું છે અને આ ે ફરી પણ કહું છું છે **'શાસનમાં જયારે જયારે આવા પ્ર ો ઉઠે, ત્યારે જેને તમે તમારા ગુરુ માનતા હોય તેમની પ ાસે જાવ, અને વિનયપૂર્વક પૂછો કે 'ભગવંત! આ વિષય માં**

**સત્ય શું છે?' જે એમ કહે કે- 'તું ન સમજે' ત્યારે તેમના પગમાં પડીને કહેવું કે 'સાહેબ! જાણતો નથી તે વાત સાચી, માટે તો સમજવા પૂછું છું'** આ પ્રશ્ન હોય કે તિથિનો પ્રશ્ન હોય પણ જે જેના ભગત હોય તે નક્કી કરે કે, આપણા ગુરુ પાસે જઇ આ બધા વિષયમાં સત્ય શું છે, શાસ્ત્ર શું કહે છે તે બધું બરાબર સમજી લેવું. અને પોતાના ગુરુને પણ વિનંતિ કરી કહેવું કે **'મને સંતોષ નહિં થાય તો બધા પાસે જઇશ, જરૂર પડે તો આપની અને તેમના બધાની પાસેથી લખાવરાવીશ'** જો તમે બધા આગેવાન શ્રાવકો આવું કરો તો એક પણ પ્રશ્ન કે વિવાદ જીવતો ન રહે. **શાસ્ત્રીય સત્ય વાતોનો ઉત્તર તે જ નથી આપતાં, જે વાત શાસ્ત્રોમાં હોવા છતાં નથી માનવી અને પાછી પોતાને પકડાઇ ગઇ છે.**

અમે લોકો સંસાર સાગર તરવા નીકળ્યા છીએ અમને જો પૂજાવાનો, વંદાવાનો લોભ જાગે તો અમે પણ ડુબીશું. શાસ્ત્ર વિધિ હોવાથી કોઇ અમારી પૂજા કરવા માગે તો પાપ લાગતું નથી કર્મનિર્જરા થાય છે. તું અમારી પૂજા કર તેમ ન કહેવાય પણ પૂજા કરવા માગે તો રોકાય ખરો? **કોઇપણ પ્રશ્ન આવે તો પૂછવાની છૂટ છે અને અમે પણ જવાબ આપવા બંધાયેલા છીએ.**

એવો વિષમ કાળ આવ્યો કે આગમો ભૂલાવા લાગ્યા. પાંચસો આચાર્યો સમર્થ આચાર્યની નિશ્રામાં ભેગા થયા અને જેને જેને જે યાદ હતું તે બધું ભેગું કર્યું અને પાઠ ભેદ હતો તે તેમ રાખ્યો. ગયું ઘણું પણ જે રહ્યું તે પણ શ્રી અરિહંત દેવોએ અર્થથી કહેલું અને શ્રી ગણધર દેવોએ સૂત્રમાં ગુંથેલ તે જ રહ્યું છે. શાસ્ત્રોની વાત સાચી ન માનીએ તો સાચું કોને માનીએ? જેઓ અર્થભેદ ખોટા કરવા લાગ્યા તો મોટા મોટા આચાર્યોને ફેંકી દીધા. આગમમાં લખેલ વાત ન માનીએ તો શાસન ચાલ્યું જાય. દિગંબરો કહે આગમ છે નહિં, શ્રી સીમંધર સ્વામિની વાણી ઉઠાવી લાવ્યા તો તેને શી રીતે માનશો? જેઓ ભવભીરૂ હતાં, ગીતાર્થ હતા તે ધર્માચાર્યોએ આગમ પ્રાણની જેમ સાચવ્યા અને આપણા સુધી પહોંચાડવા.

જે પંચાંગીને ન માને, પંચાંગીની વિરુદ્ધ બોલે લખે તેને શ્રી સંઘ બહાર મૂકવાની આજ્ઞા છે. આજે કાળ બહુ ખરાબ આવ્યો છે. ગમે તેમ લખનાર- બોલનાર પણ શ્રી સંઘમાં રહી શકે છે આજે શ્રી સંઘની સત્તા છિન્ન-ભિન્ન થઇ ગઇ. મારા અનુભવની વાત કહું થોડા કાળ પહેલાં એક સારા શ્રી સંઘના આગેવાન શેઠના છોકરા, ઘરડી ડોશીઓ દેરાસરે ડબ્બીમાં ચોખા લઇ જાય તો તે મશ્કરીમાં કહે કે 'ભગવાનને ખીચડી ખાવી છે માટે ચોખા લઇ જાવ છો' બાઇઓમાં ચકચાર થઇ. સંઘના આગેવાનના કાને વાત આવી. પોતાના છોકરા પણ તેમાં સામેલની વાત તેમણે સાંભળી. આખા સંઘને ભેગો કર્યો. પોતાના છોકરાને બોલાવ્યા અને સીધું જ પૂછયું કે તમે બોલ્યા છો? શ્રી સંઘમાં માફી મંગાવી અને ફરીથી આવું નહિ બોલીએ- કરીએ તેવી કબૂલાત કરાવી. જો માફી ન માગો તો શ્રી સંઘમાં પણ નહિં અને મારા ઘરમાં પણ નહિં રહી શકો. આવી શ્રી સંઘની સત્તા હતી. હજામ હજામત પણ ન કરે, આખું ગામ શ્રી સંઘે જેને બહાર કાઢયો તો તેનો બહિષ્કાર કરે, કંઇ જાતનો વ્યવહાર ન રાખે.

જયારે શ્રી સંઘમાં સત્તા હતી, મજબૂતી હતી ત્યારે કોઇ સાધુ ઉત્સુત્ર ભાષણ કરે તો આચાર્યો હુકમ કરતાં અને ઉત્સુત્રભાષીને હાજર થવું પડતું. તેની પૂછપરછ કરતી અને તે ખોટો પૂરવાર થાય તો માફી પણ મંગાવાતી. તે વાત આજે ચાલી ગઇ. તેથી ગમે તેમ બોલનાર- લખનાર મજેથી જીવે છે તેથી તો નુકસાનનો પાર નથી. આ વાણી સ્વાતંત્ર્યનો યુગ કહેવાય છે તો પણ દેશમાં કોર્ટના કાયદા પ્રમાણે જ લખાય- બોલાયને? જો દેશમાં પણ કડક અનુશાસન ચલાવાતું હોય તો આપણે ત્યાં તો ઘણું કડક અનુશાસન કરવાનો વખત આવ્યો છે. પણ અહીં કોઇ સમર્થ સત્તાધીશ નથી. અહીં ગમે તેમ બોલે, ગમે તેવા અભિપ્રાય આપે તે ચલાવી લેવું પડે છે તે વાણી સ્વાતંત્ર્ય નથી પણ હડકવા છે. જો શ્રીસંઘનો પૂણ્યોદય જાગે તો આવું અનુશાસન કરવાની જરૂર છે!

જેને ધર્મ સમજવો હોય, કોઇપણ વાતમાં શંકા પડે તો પૂછવા આવવાની છૂટ છે. પણ પૂછવા આવનારે આગમને પ્રમાણ માનવા પડે. શ્રી તીર્થંકર દેવો સર્વજ્ઞ છે તેઓ અર્થનું નિરૂપણ કરે અને શ્રી ગણધરદેવો સૂત્રમાં ગુંથે પછી શ્રી સર્વજ્ઞ ભગવંત તેના પર મહોર છાપ મારે, પછી મંજૂર થાય. તેમાં પોતાના ઘરની વાત ન ચાલે. હું મારી મરજી મુજબ અર્થ કરું તે ન ચાલે. શિક્ષક જે ભણાવે તેમાંથી સવાલ પૂછે. સમજાવવા છતાં વિદ્યાર્થી ન સમજે તો તે પરીક્ષામાં પાસ થાય? શિક્ષણ ભણાવે બરાબર અને વિદ્યાર્થી સમજે જુદું તો તે ચાલે? શેઠ જે આજ્ઞા કરે તેનાથી જુદુ જ નોકર કામ કરે તે ચાલે? બધા પોતાની માન્યતા, મરજી મુજબ ચાલે તો દુનિયાનો વ્યવહાર પણ નાશ પામે. સમજાવનાર જે સમજાવે તે મુજબ ચાલવું જોઇએ.

સમજાવનાર સાચું નથી સમજાવતો તેમ લાગે તો બધે પૂછવા જવું. પોતે જે સમજાવે તેય લખાવી લેવું અને પછી પંડિતો બેસાડી નિર્ણય કરાવવો તો આપોઆપ સત્ય હાથમાં આવશે. તિથિની વાતમાં મેં કહેલ કે 'પચ્ચીસ (૨૫) આગેવાન ગૃહસ્થો તૈયાર થાય અને દરેક સમુદાયના મુખ્ય મુખ્ય આચાર્યો પાસે જાય અને વિનંતી કરે કે 'આપ આ બાબતમાં જે માનો છો તે આધાર સાથે લખી આપો.' હું મારી માન્યતા સૌથી પહેલાં

શાસ્ત્રાધારે લ ો આપવા તૈયાર છું' જે ન લખી આપે તેના નામ દુનિયામ જાહેર કરો. સમજવું હોય, સત્ય જાણવું હોય તો પ્રયત્ન કરવો ૧ ડે.

સાચું દુ નેયામાં છે જ નહિં તેમ મનાય નહિં. સત્ય તો પાંચમા આરા ના છેડા સુધી જીવંત રહેવાનું છે જે દિવસે ધર્મ નાશ પામશે ત્ય ારે કશું રહેવાનું નથી. શંકા કરનાર- પ્રશ્ન પૂછનાર, શાસ્ત્ર ન માન ો હોય તો તેને અમે જવાબ દેવા બંધાયેલા નથી. પંચાંગી પ્રમાણ છે તે માનવાની તૈયારી ન હોય તેને સમજાવવાની અમારી તૈયાર નથી.

ભગવા ની આજ્ઞા મુજબે જે સાધુ-સાધ્વી, શ્રાવક શ્રાવિકારૂપ ચ ર પ્રકારનો શ્રી સંઘ જીવશે તેની સદગતિ થશે, અને આજ્ઞાનો વિરોધ કરી જીવશે, આજ્ઞા લોપશે તે બધાની નરકાદિ દુર્ગ ા થશે. શાસ્ત્રો સમજાવે છે કે દરેકે આ કાળમાં ભગવાનની ર ાજ્ઞા સમજી, વિચારી જીવવું જોઈએ જેથી સૌનું કલ્યાણ થાય. ામજુ બનો અને સમજનો જીવનમાં અમલ કરશો તો સાચું શું તે સમજાઈ જશે.

***પ્ર. ખેતીમાં પાકેલા પાકનો નાશ કરે તેવા જંતુઓને મારવા પડે ? એમને બચાવવા જઈએ તો ખાઈએ શું?***

ઉ. ભગ વાન કહે છે કે, કોઈપણ જીવને મારવાનો વિચાર કરવો તે પા .. તમે જૂના ખેડૂતોને જોયા નથી. આજના અજ્ઞાનીઓને જોયા છે. અમારા કાળમાં તીડના ટોળે ટોળા આવતાં તો ખેડૂતો આવી ઢોલ પીટતાં. કોઈ કહે મારો તો તે કહેતા 'મારવ મટે અમે જન્મ્યા નથી આરંભમાં મરે તેનો ઉપાય નથી' તીડ જ્યાં પડે ત્યાં બીજીવાર નથી પડતાં. જે ખેતરમાં તીડ પડે ત્યાં બીજી સાલ ડબલ પાક થાય તે જ્ઞાન હતું. આજના અજ્ઞાનીઓને આ જ્ઞાન નથી. મચ્છર, માખી મારી સપ્તાહ પાળ્યા તો મ ચ્છર- માખી ગયા કે છે? આવું કરે તેને મારવા કોઈ પેદા ના ં થાય? જેમને જગતના જીવોને મારવા સિવાય બીજું સુઝતું નથી, તે મરવાના જ છે.

આ હિ સક દેશમાં આવા વિચાર તમને જન્મે છે. આવા પાપમાં તમે પડો છો? આ વિજ્ઞાને હિન્દુસ્તાનનું સત્યાનાશ કાઢયું! બધું પરાધીન. હવા, પાણી, પ્રકાશ પણ પરાધીન. સ્વાશ્રયી બનો તો કામ થશે. આજના વિજ્ઞાનની શિખામણ ઊંધી છે. જી ોને મારવાના વિચાર ન હોય, બચાવવાના વિચાર હોય. સંસાર ા, ઘરવાસને પાપ સમજે તેના વિચાર કયા હોય? મારી મારીને ગમે તેટલા મારો પણ આ જંતુઓ તમને એક દિવસ ખાઈ જશે. મચ્છરોને મારવા જતાં માણસોને ઝેર ચઢવા માંડયું છે.

આજે અનાજની તંગી નથી પણ ઉભી કરી છે. આ દેશની ધર્મી ાજને માસાંહારી બનાવવાની આ બધી યોજનાઓ છે. આજના ભણેલાઓની બુદ્ધિનો આ વિકાર છે. ભારત વર્ષની ભૂમિ ફળદ્રુપ છે. અહીંનું અનાજ અહીંના આવે અને પરદેશ જાય! એક રાજયનું અનાજ બીજા રાજયમાં ન મોકલાય! જયારે રેશનીંગ શરૂ કર્યું ત્યારે પ્રામાણિક અધિકારીઓએ કહેલ કે અનાજની તંગી કયાં ભાળી? મુંબઈમાંથી વીસ લાખ ટન લાવી આપું. હરામખોર વેપારી અને અધિકારીઓ પાક્યા અને બે ય મલી ગયા તેનું આ પરિણામ છે. કીડવાઈએ નહેરૂને આ વાત કરેલ સાંભળી છે તો નહેરૂ કહે, શું વાત કરો છો? તો કીડવાઈએ કહ્યું કે એક આદમી ભૂખે મરે તેની જોખમદારી મારી. આ તો બધી બનાવટ છે, અનાજની તંગી છે નહિં- ઘી- દૂધની તંગી જનાવરોને મારી ઉભી કરી છે. માંસ પૂરૂ પાડવાની સરકારની સત્તા છે? જો સરકાર માંસાહારીઓને માંસ પૂરૂ પાડવા બંધાયેલી છે તેમ માનતા હો તો શાકાહારીઓને અનાજ પૂરૂં પાડવા બંધાયેલી નથી? કોઈ કાળે આવું બન્યું નથી. ઊંધા શિક્ષણનું કામ છે કોઈ જીવને મારવાની વાતમાં તમે 'હા' ન પાડતાં, નહિં તો તમને પાપ લાગશે.

***પ્ર.: તીર્થંકરની આંગીમાં લાખો ફુલ વપરાય છે તો તેમાં અહિંસાની વાત કયાં ઉભી રહી?***

ઉ.: સારી રીતે વિધિપૂર્વક ફુલ લાવી આંગી બનાવવાની છે તમે જે અવિધિપૂર્વક કરો તેમાં શાસ્ત્ર પણ સંમત નથી અને અમે પણ સંમત નથી. તમે જાતે જ જઈ સારી રીતે વિધિપૂર્વક કરતા હો તો તે અંગરચના જોઈ અનેક જીવોને ભગવાનને ઓળખવાનું મન થાય. એક જીવ ધર્મ પામે તો ચૌદ રાજલોકમાં તે જીવનો રક્ષક થશે. **વિધિપૂર્વક કરે તેની અનુમોદના. અવિધિથી કરે તેને શિખામણ આપી સમજાવો.** વિહિત વસ્તુનો ખોટો વિરોધ કરી વસ્તુને જ ઉડાડવા માંગો તે બરાબર ન જ કહેવાય.

તમારા નાણાં ખરચવા હોય તો તાજા પાંચ હજાર મોટામાં મોટા, સુંદરમાં સુંદર ફુલ મલી જાય તેવી વ્યવસ્થા કરાવી દઉં, તમે પૈસા ખરચો તો માળી પણ તમારા ગુલામ થઈ જાય. તારુ કુટુંબ હું પોષીશ પણ તું મારા ભગવાનની ભક્તિ માટે ફુલ સારામાં સારા લાવજે, વિધિપૂર્વક લાવજે. તો કેમ ન મળે?? બધી વિધિઓ લખી છે પણ તમે કૃપણના કાકા... તમને ફાવશે ખરી? પૂજા મોટી કરવી છે અને પૈસા ઓછા ખરચવા છે તો ચાલે? આગળ કોઈને બસો, અઢીસો રૂા. ખરચવા તો ગુરુને પૂછવા જતાં. ગુરુ કહેતાં કે એક સ્નાત્ર ભણાવ તો તે સ્નાત્ર એવું ભણાવતા કે આખા ગામને યાદ રહેતું. આજે કહે અઢીસોમાં ઉત્સવ કરવો છે, તો તેની કિંમત નથી. માટે ઉદાર બનો અને વિધિ માર્ગ ઉડાડવામાં હાથા ન બનો. વિધિનો આદર કેળવો તો કલ્યાણ થશે.

• • •

# સમાજ હિતચિંતક બુદ્ધિમાનોએ વિચારવા યોગ્ય જાતીય શિક્ષણ અંગેના માઠાં પરિણામો !

*(ગયા અંકથી ચાલુ)*

સ્ત્રીઓ જ્યારે પોતાનાં જે અંગોપાંગોને સારી રીતે ઢાંકી રાખવા યોગ્ય છે એવા અંગોપાંગોને પણ ઉઘાડા કરે એવા અનુચિત-અસભ્ય પહેરવેશ પહેરીને બધી લાજ-મર્યાદાઓને નેવે મૂકી દઇને રસ્તે રખડવા લાગી હોય અને નિષ્પાપ હૃદયવાળા પુરુષોની પણ કામવાસનાને ભડકાવે એવું અનુચિત વર્તન જાહેરમાં કરવા લાગી હોય, વળી છાપાં અને સામયિકોમાં સ્ત્રી-પુરુષોના અર્ધનગ્ન કામોત્તેજક ફોટા છપાતા હોય અને જાહેર માર્ગો પણ સ્ત્રી-પુરુષોના કામોત્તેજક અશ્લીલ ચિત્રોથી ઊભરાતા હોય અને એથીય આગળ વધીને ઘર-ઘરમાં પ્રવેશ પામી ચૂકેલાં ટી.વી.ઓ તો અશ્લીલ દશ્યો બતાવવામાં અને જાહેરાતો પણ એવી જ પ્રદર્શિત કરવામાં આડો આંક વાળતા હોય, વળી યુવા વર્ગને જ્યારે ખાનગીમાં મન ભરીને બ્લ્યુ ફિલ્મો જોવા મળતી હોય, બ્લ્યુ ફિલ્મો જોવાનું જે સમયમાં યુવાવર્ગને ઘેલુ લાગ્યુ હોય એવા અતિ કામોત્તેજક સમયમાં નિષ્પાપ હૃદયવાળા કુલીન ને સદાચારી પુરુષો પણ પોતાની જાતને સંયમમાં રાખવા અસમર્થ બને, જાત ઉપરનો કાબૂ સર્વથા ગુમાવી બેસે અને ભાનભૂલા બનીને બલાત્કાર કરી બેસે એવી ભયાનક પરિસ્થિતિ જ જ્યારે સર્વત્ર હોય ત્યારે ગમે તેટલા બલાત્કારીઓને ફાંસીના માંચડે લટકાવી દેવામાં આવે તો પણ બલાત્કારના કિસ્સાઓ રોકી શકાય નહિ. લોકો પોતાની જાતને સારી રીતે કાબૂમાં રાખી શકે એવું સુંદર વાતાવરણ સર્વત્ર હોય તો બલાત્કાર સંભવે જ નહિ.

એમ કહેવાય છે કે જાતીયતાના વિષયમાં યુવાવર્ગ સભાન બને એવી સારી ભાવનાથી જાતીય શિક્ષણ આપવાની વાત છે. પરંતુ એકલો સારો ભાવ તો કઇનેય ઇષ્ટ નથી. સારા ભાવની સાથે કરાતું કાર્ય પણ સારું જ હોવું જોઈએ, અર્થાત્ ભાવ અને કાર્ય બંને સારા હોવા જોઇએ, તો જ એ માન્ય બની શકે. એકલો સારો ભાવ તો સારા ભાવની દલીલ કરનારને પોતાને પણ માન્ય હોતો નથી.

સારા ભાવની દલીલ કરનાર શ્રીમાનનો પાડોશી, સારા ભાવની દલીલ કરનાર શ્રીમાનનો છ માસના બાળકને હેતથી રમાડવા માટે આવે છે. બાળકને પ્યારથી રમાડવાના સારા ભાવથી જ તે, બાળકને બે હાથે પકડીને આકાશમાં ઉછાળી-ઉછાળીને ઝીલે છે. તેમાં એકવાર બાળક ઝિલાતું નથી. જમીન ઉપર પટકાઇને સખત ઈજા પામે છે. ત્યારે સારા ભાવની દલીલ કરનાર શ્રીમાન પાડોશીને પૂછે કે 'તમે અમારા બાળકને કેમ આવી સખત ઈજા પહોંચાડી ? જવાબમાં પાડોશી કહે છે કે 'મારો ભાવ સારો હતો, તમારા બાળકને હૈયાના હેતથી રમાડવાનો જ ભાવ હતો. એને ઈજા પહોંચાડવાનો ભાવ નહોતો.' તો તેના આવા એકલા સારા ભાવને માબાપ સહિત આખું જગત માન્ય રાખવા તૈયાર થશે નહિ. બાળકને રમાડવાના સારા ભાવની સાથે એને રમાડવાની ક્રિયા પણ વિવેક પૂર્વકની સારી જ હોવી જોઈતી હતી એમ માબાપ સહિત આખું જગત કહેશે. બાળકને રમાડવાના સારા ભાવની સાથે રમાડવાની ક્રિયા સારી નહોતી માટે પાડોશીની સજાને પાત્ર કે ઠપકાને પાત્ર તો અવશ્ય ગણશે.

અહીં આપણે જોયું કે બાળકને રમાડવાનો એકલો સારો ભાવ માન્ય બની શકતો નથી - વાજબી ઠરતો નથી બાળકને રમાડવાના સારા ભાવની સાથે એને રમાડવાની ક્રિયા પણ બિલકુલ જોખમ વગરની નિર્દોષ જ હોવી જોઇએ. ભાવ સારો હોય ને ક્રિયા કે માર્ગ ખોટો હોય તે ચાલે નહિ. સારા ભાવની સાથે કાર્ય કે માર્ગ પણ સાચો-સારો જ હોવો જોઇએ. એકલો સારો ભાવ ક્યાંય કામ લાગે નહિ.

જાતીય શિક્ષણ યુવાવર્ગ પોતાની જાતને સભાન

બનાવે કે કાબૂમાં રાખી શકે એવી ભાવનાથી પ્રેરિત હોય તોપણ જાતીયતા અંગે શિક્ષણ આપવાનું કાર્ય એ સારી ભાવનાથી ઝેરમિશ્રિત મીઠાઈ ખવરાવવા સમાન જ છે.

શિક્ષણ તો જૂઠ નહિ બોલવા અંગેનું જ અપાય, પણ ગોઠવી-ગોઠવીને ચતુરાઈપૂર્વક સારી રીતે જૂઠ બોલતાં જેમને ન આવડતું હોય અને એ જ કારણથી જેઓ દુઃખી થઈ રહ્યા હોય એવા લોકોની દયા ખાઈને જૂઠ કેમ સારી રીતે બોલવું એવું શિક્ષણ તો અપાય જ નહિ. શિક્ષણ તો ચોરી નહિ કરવા અંગેનું જ હોય, પણ ચોરી કેમ સારી રીતે કરવી એવું શિક્ષણ તો ન જ હોય. શિક્ષણ તો દારૂ-તમાકુ આદિના વ્યસનો છોડવા અંગેનું જ અપાય, પણ એ વ્યસનો કેમ સારી રીતે સેવવા એવું અનર્થકારી શિક્ષણ તો ન જ અપાય.

એવી જ રીતે સારી ભાવનાની સાથે સારા કાર્યનો મેળ બેસાડીને શિક્ષણ તો જાતીયતા બાબતમાં સંયમ પાલન અંગેનું જ અપાય, પણ જાતીય સમાગમ કેમ સારી રીતે કરવો એવું શિક્ષણ તો ન જ અપાય.

સંયમ પાલનના શિક્ષણનો હિતકર માર્ગ છોડીને અપાતું જાતીય શિક્ષણ યુવાવર્ગને એમાં સભાન બનાવે એવી સંભાવના વધારે છે કે બેભાન બનાવે એવી સંભાવના વધારે છે એ પૂર્વગ્રહ છોડીને સરળભાવે વિચારવા યોગ્ય છે.

સામાજિક બાબતોના કણ જેવડું નુકશાનોને મણ જેવડા મોટાં બતાવીને એ નુકસાન ટાળવાના ઈરાદે છેલ્લા ૫૦ વરસોમાં જે સામાજિક પરિવર્તનો કરાયાં છે એ પરિવર્તનો દ્વારા નુકસાન ઘટ્યા છે કે વધ્યા છે? દોષ ઘટ્યા છે કે વધ્યા છે ? ગુના ઘટ્યા છે કે વધ્યા છે? પરિસ્થિતિ સુધરી છે કે વધારે બગડી છે? એ પણ શુદ્ધ બુદ્ધિથી વિચારવા યોગ્ય છે.

ગર્ભહત્યાના મહાપાપને પાપ (ગુનો) નહિ ગણવાનો કાયદો એવી ભાવનાથી કરવામાં આવ્યો હતો કે યુગલો ભૂલ કરી બેસે તો એમની ઈચ્છા વિરુદ્ધના ગર્ભધાનને રોકી શકાય. આજે બહુ થોડા સમયમાં પણ એનું પરિણામ કેવું ભયાનક આવ્યું છે, એ પાપ કેટલી હદે વકર્યું છે એની સાચી માહિતી તો ગર્ભપાતનાં ઓપરેશનો કરનારા ડોક્ટરો પાસેથી જ મળી શકે. કળિયુગ જેમ જેમ જામતો જશે તેમ તેમ આ અનર્થકારી કાયદાના પરિણામની ભયાનકતા વધતી જ જવાની છે.

જાતીય શિક્ષણ આજે (શરૂઆતમાં) મરજિયાત ધોરણે દાખલ કરાય ને કાલે (સમય જતાં) કાયદો કરીને એને ફરજિયાત બનાવાય એવી સંભાવના શાસકોનાં માનસ જોતાં નકારી શકાય તેમ નથી.

જાતીય શિક્ષણના અભાવે જે નુકસાનોની કલ્પના કરવામાં આવે છે એ નુકસાનોની ટકાવારી જાતીય શિક્ષણની શરૂઆત થયા પછી ઘટવાની સંભાવના વિશેષ છે કે વધવાની સંભાવના વિશેષ છે એ બાબત આ કરાલ કલિકાળને નજર સમક્ષ ખડો કરીને અને કેવળ નિત્ય લાંચ-રૂશવત, ભ્રષ્ટાચાર, કરોડો-અબજોના કૌભાંડો, ખૂનખરાબી, લુંટફાટ, વ્યભિચાર ને બલાત્કાર આદિ પાપોના બગાડ તરફ જ આગળ વધતી જતી દુનિયાને બલાત્કાર આદિ પાપોના બગાડા તરફ જ આગળ વધતી જતી દુનિયાને નજર સમક્ષ રાખીને નિષ્કપટભાવે નિર્મળ બુદ્ધિથી વિચારવા યોગ્ય છે.

**લાલબત્તી :** જાતીય શિક્ષણનાં માઠાં પરિણામોનો સમાજને જ્યારે અતિ દુઃખદ અનુભવ થશે ત્યારે નુકસાનો ઘટાડવાની ભાવનાથી પણ એકવાર શરૂ કરાયેલા અસંયમના અવળા (ખોટા) માર્ગે જ આગળ ને આગળ વધ્યા કરવું પડશે. મુખ ભલે આકાશ તરફ હોય પગ તો પાતાળ તરફ જ રહેવાના, મુખ ભલે પૂર્વ દિશા તરફ રહે ગતિ તો પશ્ચિમ દિશા તરફ જ રહેવાની ભાવના ભલે માણસને માણસાઈની દિશામાં લઈ જવાની હોય, કાર્ય તો એને પશુતાની દિશામાં જ લઈ જનારું બનશે, ભાવના ભલે માણસને સભાન બનાવવાની હોય કાર્ય તો માણસને બેભાન બનાવનારું જ પુરવાર થશે.

લોકોને એકવાર અસંયમના અવળા માર્ગે પ્રયાણ કરાવ્યા પછી, એ અવળા માર્ગનાં માઠાં પરિણામોનો અનુભવ થવા છતાંય અસંયમના અવળા માર્ગોથી સંયમ પાલનના સવળા માર્ગે પાછા ફરવાનું કોઈનાય માટે ક્યારેય શક્ય બનશે નહિ.

-એક નાગરિક

# મહાસતી - સુલસા

સખીઓના આવા સો સો ઉત્તેજક પ્રલાપો થયા પણ દેવી સુલસાએ એ બાધાયને આ તો નર્યો દંભ છે 'કોરૂ જૂઠ છે' જેવા અતિકઠોર વચનો કહી પાછી મોકલી આપી.

બ્રહ્માજીના દેદાર ધરનારા ભીંતરી અંબડવપરિવ્રાજકે સન્ધ્યાની પળ સુધી દેવી સુલસાને અપલક નયને શોધી ખૂબ શોધી બારીકાઈથી શોધી પણ આવડી મોટી ભીડમા એમે ક્યાંય સુલસાસતી ન દેખાયા.

દિવસભર વિધાતાના થયેલા અણધાર્યા આગમનની અને એમના નિરાળા ઠાઠની નગરજનોએ ધરાઇ–ધરાઈને ચર્ચા કરી રાતે પણ કેઇ દંપતીઓ એ જ ચર્ચાને વાગોળતા રહ્યા છેવટે થાકી–થાકીને પૂરા નગરનું મહેરામણ નિદ્રાદેવીની ચાદરની સોડમાં સંતાઇ ગયુ.

બીજે દિવસે પૂર્વદિશાના ઉદયાચલ પર હજી સહસ્રકિરણ – સૂર્યનું પહેલુ કિરણઆવી પહોચ્યું, આવીને ઉદયાચલના શિખરને અભિવંદી તે જગતમાં વ્યાપ્યુ ત્યાં જ રાજ–ગૃહિની ધરા પર એક અત્યદ્‌ભુત ચમત્કારે આકાર ધારણ કર્યો.

ગઇકાલે ઉદ્‌ભવેલા ચમત્કારથીય તે અદ્‌ભુત હતો જનતાના હર્ષિત હૈયાઓને ગાંડાતૂર કરી મૂકે એવો હતો બન્યું એવું કે પેલા અંબડ પરિવ્રાજકે આજે વિષ્ણુનું રૂપ ધારણ કર્યું ઈન્દ્રજાળની શકિતદ્વારા તાદ્રશ વિષ્ણુના રૂપ આકાર અને દ્રશ્યો ખડા થઈ ગયા.

આજે રાજગૃહીના દક્ષિણાપથ પર વિષ્ણુ અવતર્યા મૂર્તિમંત વિષ્ણુ અવતારી વિષ્ણુ. રાધાને આ લિંગતા વિષ્ણુ અર્જુનને ઉત્તેજિત કરતા એકેશવ પગપર પીતાંબરી ધારણ કરનારા એ માધવ ચાર ભૂજાઓ અને તેમા ગદા, શંખ, ચંદ્ર અને ધનુષ્યના આડંબરથી યુકત એ જનાર્દન વક્ષસ્થલપર કૌસ્તુભ મણિને ધારણ કરનારા એ દેવકીનંદન લક્ષ્મીદેવી સાથે વિવાહ કરનારાએ પ્રગટ શ્રીકૃષ્ણ

આવા કૃષ્ણભગવાન રાજગૃહીમાં અવતર્યા!

હજીતો નગરજનોએ નિદ્રાની સોળ ખંખેરી, આંખો ચોળી નચોળી, પ્રાતઃ કર્મ કર્યા ન કર્યા ત્યાં તો નગરની ગલીએ ગલીએ ચર્ચાની ડમરીઓ ધીરે–ધીરે ઉઠવાની શરૂઆત થઇ.

અરે? ભગવાન વિષ્ણુ પધાર્યા છે. કયાં ? કયાં શું રાજગૃહીના દક્ષિણાપથ પર ન બને ગઇ કાલે વિધાતા આવ્યા અને આજે વિષ્ણું ? ચૂપ બેસ લક્ષ્મી ચાંલ્લો કરવા આવી હોય ત્યારે મોં ધોવા જવાનો વિવેક ન કરાય મહાભારતમાં વર્ણિત કૃષ્ણ, ગીતામાં ગુંજતા કૃષ્ણ, વાંસળી વગાડતા કૃષ્ણ યશોદાનંદ કૃષ્ણ ખુદ વૈકુંઠમાંથી આવ્યા છે. જલ્દી કરો પહોંચો દર્શન કરીને નેત્રો પાવન કરો.

મોડુ કરશો તો આજે તો એટલી ભીડ છે કે પગ મુકવાનીય જગ્યા નહિં રહે બસ, નવું કૌતુક મળ્યુ અને નગરજનો તીડના ટોળાની જેમ દક્ષિણાપથ પર ઉભરાયાં જાણે જનસાગર ઠલવાયો.

ત્યાં કૃષ્ણ વૈષ્ણવમતનો મર્મ પ્રરૂપતા હતા. વૈષ્ણવમતના અનુયાયીઓને આજે 'નંદ ઘેર આનંદ ભયો' ની ઉકિત સાચા અર્થમાં ચરિતાર્થ થઈ.

**લેખાંકઃ-૨૨મો.**

આજનો માહોલ તો ગઈકાલના વિધાતાના મહોલને ઠંડો પાડી દે એટલો ભવ્ય હતો. ભીડ પણ ભરચક હતી.

અંબર પરિવ્રાજકે પોતાની નજરને ચાળી-ચાળીને નીરખ્યું. સતત ચોમેર દુર-સુદુર ક્યાંય સુલસાસતી એની નજરે ન ચઢી. આજે પણ સુલસાદેવીના પડોશીઓ, હિત ચિંતકો તેને વધામણી આપી ગયા. વધામણી જ નહિ વિષ્ણુ દર્શન માટેનાં, કેવળ કૌતુક અવલોકન માટે પણ આવવાનો

આગ્રહ કરી ગયાં. પણ દેવી સુલસા જરીકેય સહમત ન થઈ. જિનમત શ્રધ્ધાથી ચલિત નથઈ.

અબંડે બાજે પણ ઉપરનું તથ્ય નોધ્યું. એ દ્વારા એનું ગર્વદલન થયુ પણ ખરૂં તેમ છતાં એ હાંફ્યો નહિ. ક્યાં ગાંજ્યો જાય તેમ હતો એ? એણે ઓર વધુ પરીક્ષા કરવાનો નિર્ણય ક્ર્યો.

દિવસ મરની દોડાદોડ કરીને આ તરફ જનતા પણ થાકી. પેટ-ભરી-ભરીને વિષ્ણુના દર્શન, ચર્ચા અને સ્તવનાં કરતાં રહી અંતે તે નિદ્રાના મુકામ પર પહોંચી. નિઃશાંત નિદ્રામાં સૃષ્ટિ ડુબી હતી ત્યાંજ પ્રભાત પ્રગટ્યું. હજીતો ઉષાનો ઉદય થયો. ઉષાની પહેલી જ લહેર રાજગૃહીના ગગનમાં સંચરી હતી ત્યાં રાજગૃહીના પશ્ચિમઉપવનમાં સૃષ્ટિની આંખો પહોળી કરીદે એવા એક ઓર ચમત્કારે આકાર ધારણ ક્ર્યો.

બ-બે દિવસથી ગમે તે ભોગે સુલસાશ્રાવિકાને એની સમ્યકત્વનિષ્ઠાથી ચલિત કરીને જ ઝંપવાનો ભેખ લઈને બેસેલો પેલો અંબડ પરિવ્રાજક આજે સાક્ષાત્ ત્ર્યંબકનું રૂપ ધરીને અવતર્યો. ઈન્દ્રજાળની દુર્ગમ શક્તિનો આ નવતર પ્રયોગ હતો રાજગૃહના પશ્ચિમઉપવનમાં ભગવાન શંકર અવતર્યા. આખા શરીરે ભસ્મનું અભ્યંગન કરનારા શંકર. અડધું શરીર પોતાની પ્રાણપ્રિયા-પાર્વતીને સોંપી દેનારા શંકર. પાર્વતીમિશ્ર શંકર. મસ્તકપરની જટામાં બાલચંદ્રને રાખનાર શંકર કંઠમાં માનવ ખોપરીઓની માળા પહેરનાર શંકર. બે હાથમાં ડમરૂં અંને ત્રિશુળ ધુમાવતાં શંકર. કપાળમાં વિષથી ભરેલું ત્રીજું જાજવલ્યમાન નેત્ર રાખનારા શંકર. ચારે તરફથી નંદી-ચંડી જેવી પરિચારિકા દેવીઓથી પરિવરેલાં શંકર. હસ્તીચર્મથી ઢંકાયેલા શંકર. ડમરૂનો ડમક-ડમક અવાજ રેલાવતાં શંકર... આવા શંકર હિમાલય પરથી ઉતરીને રાજગૃહીમાં અવતર્યા.

રાજગૃહીમાં દર-દર અને હરધરમાં આંધી ફુંકાઈ. ઉઠો, જાગો, દોડો આજે તો શંકર આવ્યા છે. શૈવાધર્મીઓનો મહોત્સવ ઉજવાશે. અરે, બ્રહમા આવી ગયા, રાજગૃહીમાં વિષ્ણુ પધારી ગયાં રાજગૃહીમાં અને આજે તો એ બેય ને ઠાઠને ભૂલાવી દે એવો અજબ-ગજબનો આડંબર લઈને, ભીષણ રૂપધરીને શંકર આવ્યાં છે.

બસ, લોકોને તો ભાવતું હતું તે વૈદ્યે ચીધ્યા જેવું થયું. બંધ તુટી પડ્યાં પછી દોડી જતાં નીરની જેમ રાજગૃહીના ઘરેઘર દોડ્યાં. પ્રાતઃકર્મ અધુરાં રહ્યાં. લોકો વ્યાપાર, આહાર, આજીવિકા બધુંજ ત્રણત્રણ દિવસથી ભુલી બેઠાં. બધાજ નર-નારીઓ આંધીની જેમ ઉપવનમાં ઠલવાયાં. શંકરનું અતિશય રૂદ્ર રૂપ નિહાળી આશ્ચર્યમુગ્ધ બની બેઠાં.

પૂરો રાજમાર્ગ ત્યારે સંકીર્ણ હતો. બે જાતિના જન પ્રવાહથી. એક તો શંકરના દર્શન કરીને પાછા ફરેલાં લોકો ટોળે વળીને ઠેરઠેર જાત-જાતની ચર્ચાઓ જગવી રહ્યાં હતા એમનાથી બીજું એમની વાતો સાંભળીને શંકરદર્શન માટે દોડી જતાં લોકોથી.

આજે પણ બબ્બે દિવસથી સુલસાને એનો હઠાગ્રહ છોડી દેવા સમજાવી રહેલું મહાજન વધુ મોટી સંખ્યામાં એના ભવનપર ધસી ગયું. ખૂબ સમજાવી સુલસાને અનેક યુક્તિ-પ્રયુક્તિઓથી એને શંકર દર્શન માટે ઉત્તેજિત કરી. પણ જો એમ મિથ્યામતના સાગરો જોઈને એમાં ભળી જાય તો સુલસા સુલસા શાની?

સુલસાસતીને મિથ્યામતી ઓની એકપણ વાત આકર્ષી શકી નહિ. એમની પ્રત્યેક દલીલ અરણ્ય રૂદન જેવી સાબિત થઈ. એમના પ્રત્યેક પ્રયત્નો આખરે રાખમાં ઢોળાયા. દેવી સુલસા આવા પાખંડોમાં ન છેતરાઈ તે નજ છેતરાઈ.

આજે પણ અંબડપરિવ્રાજક પોતાની ચક્ષુઓને ગીધ જેવી-બાજ જેવી બારિક કરીને, આમથી તેમ ચોકસાઈ કરતાં રહીને ફેરવતો રહ્યો પણ દેવી સુલસાનું મુખારવિંદ એમાં ન દેખાયું. એની ત્રણ-ત્રણ દિવસની સાધના નિષ્ફળ ઠરી હતી. ભલે લાખો લોકોને તે છલિત કરી શકી પણ એના મુખ્ય મકસદ જેવી દેવી સુલસાને તો નહિ જ. આથી તે ખુબ ધવાયો, નંદવાયો. પણ તોય હજી પોતાની પરીક્ષાની જીદ છોડવા તે તૈયાર ન હતો. એનુ મન વિજિગુષુમન ઉપાય શોધી રહ્યું હતું.

(ક્રમશઃ)

# સમુદ્ર જેવો સંઘ મર્યાદા ન મુકે
# 'સકલ સંઘને મારુ નિવેદન'

તીર્થંકરો લોકોત્તર શાસન સ્થાપીને તેની ધૂરા શ્રમણોને સોંપી ગયા, પરંતુ ટ્રસ્ટ એકટ આદિ સરકારી દખલ દ્વારા ધર્મસ્થાનકોના સંચાલનના સર્વાધિકારો ટ્રસ્ટી એવા ગૃહસ્થવર્ગના હાથમાં આવી ગયા છે, જે જૈન ધર્મના વ્યવસ્થાતંત્ર માટે મોટી લપડાક છે. તે છતાં મહાત્માઓ પોતાના પવિત્ર આચાર વિચારથી લોકમાનસ પર ઘસાતા ક્રમે પણ થોડો પ્રભાવ જાળવી રહ્યા છે. વળી સંઘમાં કોઈ જિનવચન વિરુદ્ધની પ્રવૃત્તિ લાગે તો, તીર્થંકરદત્ત અબાધિત અધિકારની રૂએ, ઉપદેશ આદિ દ્વારા તે તે પ્રવૃત્તિની અનુચિતતા સમજાવે **(Right to speak)** અને પ્રાયઃ પ્રભાવશાળી મહાત્માઓના તેવા પ્રયત્નથી જ તેવી પ્રવૃત્તિઓ લગભગ અટકી જતી. પરંતુ દિવસે દિવસે સાધુતાનું સન્માન ઘટી રહ્યું છે. તેથી સ્થાનિક સંઘની પ્રવૃત્તિઓમાં પણ આદેયતા વિના જિનાજ્ઞાનુસારી યોગ્ય સૂચન કરવામાં સાધુપદની અવગણના અને ગૌરવહાનિ જ થતાં હોય છે. આ વિકટ સંયોગોને લક્ષમાં રાખી પ્રવૃત્તિઓમાં ગાઢ કારણ વિના સૂચનરૂપે પણ માથું ન મારવું, માત્ર અવસરે વિધિમાર્ગની શાસ્ત્રાનુસારે બોધદાયક પ્રરૂપણા કરવી, પરંતુ પોતાને સમ્યક્ લાગતી માન્યતા પણ સંઘ પર લાદવાનો આગ્રહ ન રાખવો તેવી મર્યાદાપૂર્વક સંયમજીવનમાં વિચરણ કરતાં વિ.સં. ૨૦૫૯નું ચાતુર્માસ શ્રી પાર્શ્વનાથ શ્વે. મૂ. જૈન સંઘ, સંઘાણી એસ્ટેટ, ઘાટકોપર- વેસ્ટની શરત વિનાની વિનંતીથી અત્રે કરેલ છે. અહીં સ્થાનિક સંઘમાં સારો આરાધકવર્ગ છે. અનેક આરાધકોએ અહીંથી પ્રવ્રજ્યા સ્વીકારી મુનિપદ શોભાવેલ છે. વળી, દેવગુરુની ભક્તિ અને ધર્મઆરાધના પણ લોકો સુંદર કરે છે.

પરંતુ અત્રેના આગેવાન ગૃહસ્થોનું વલણ એવું છે કે 'ચાતુર્માસ પધારનાર સાધુએ અમે નિર્ણિત કરેલ દરેક બાબતમાં ફરજીયાત સંમત થવું જોઈએ' જેનો મને અનુભવ અહીં ચાતુર્માસ માટે આવ્યા પછી ધીરે ધીરે થવા લાગ્યો. શરૂઆતમાં ગેરસમજથી આવું કરાતું હશે તેવા ભ્રમમાં હું રહ્યો. પરંતુ મારી જાણ બહાર કે મને કહ્યા વગર, મારા નામથી જાહેરાત કરવાની પ્રવૃત્તિથી આગળ વધીને જ્યારે તેઓએ મેં જેમાં મારી નિશ્રાનો નિષેધ કરેલ હોય તેમાં પણ મારી ઉપરવટ જઈને તે જાહેર કરવાનું વલણ અપનાવ્યું, ત્યારથી હું થોડો જાગ્રત થયો. અને ત્યારબાદ અમુક પ્રસંગોમાં જેવા કે (૧) પ્રોફેશનલ ગાયિકાને પુરૂષોની હાજરીમાં જાહેરમાં કપલરૂપે સાજ સાથે ગવડાવવું, (૨) મહાત્મા પાટ પર બિરાજમાન હોય તે છતાં પંખા ચાલુ રાખવા, તેમાં સાધુએ કરેલા નિષેધને પણ ગણકારવો નહીં, ઉલટું તેમની તેમાં નિશ્રા અવસરે જાહેર કરવી આદિ વર્તનથી હું અત્યંત સાવધાન થયો. જો કે હજુ સુધીમાં અહીંના સ્થાનિક સંઘમાં ચાલતી કોઈપણ પ્રવૃત્તિને સંપૂર્ણ અટકાવવા મેં આગ્રહ રાખેલ નથી, માત્ર જે વસ્તુ મને જિનાજ્ઞા સંમત ન લાગી તેમાં અસંમતિરૂપે મારી નિશ્રા પ્રદાન ન કરવાનું વલણ મેં અખત્યાર કર્યું. તદુપરાંત આ બાબતો અંગે વહીવટદારોને એકાંતમાં સૌમ્યભાષામાં સમજાવ્યું કે તીર્થંકરોએ અમને જે વસ્તુ ઉચિત ન લાગે તેમાં નાસંમત થવાનો અબાધિત્ત અધિકાર આપેલ જ છે. **(Right to dissent and Right to differ)** પરંતુ અત્યંત અફસોસની વાત એ છે કે યોગ્ય વિચારવાને બદલે તેઓ દ્વારા મારા પર તેમના વિચારોને સંઘની પ્રણાલિકાના નામે લાદી દેવા દબાણનું જ વલણ અપનાવાયું, ત્યારબાદ મારી વાતમાં હું મક્કમ રહ્યો તો મને જૂઠો પાડવા, મારી વાતોને વિકૃત રીતે લોકમાં રજૂ કરી અપપ્રચાર કરવા રમતોનો આશ્રય લેવાયો. અને મને સમગ્ર કમિટીની હાજરીમાં સખત શબ્દોમાં કહેવામાં આવ્યું કે 'મહારાજ સાહેબ! તમે અમારા સંઘના (કમિટીના) નિર્ણયને સ્વીકારવા બંધાયેલા છો. વળી પાટ ઉપરથી પણ તમને જે ખોટું લાગે તે તમારે ત્યાં નહીં કહેવાનું, પરંતુ અમને બોલાવીને એકાંતમાં કહેવાનું, અને વિચાર્યા પછી અમને ઠીક લાગશે તે રીતે અમે કરીશું' અને બીજી પણ અનેક અનુચિત વાતો સાધુને દબડાવવાની ભાષામાં કહેવામાં આવી. જેમાં જ્યાં જ્યાં ઉચિત લાગ્યું ત્યાં મેં અલ્પ જવાબ આપ્યો, પરંતુ મર્યાદા ન હોવાથી પ્રધાનતાએ મેં મૌન જાળવ્યું. પર્યુષણ પૂર્વે આ સંયોગો મારા ધ્યાનમાં આવેલ હોવા છતાં મેં સંઘને આરાધનામાં વિક્ષેપ ન થાય તેવી સર્વ આરાધના સુંદર રીતે કરાવી અને ત્યારબાદ હજી સુધી આરાધના કરાવવાનું ચાલુ જ છે. વળી પાટ ઉપરથી જાહેરમાં કદી કોઈ વાત છેડી નથી. માત્ર એકાંતમાં સમજાવવા પ્રયત્ન કરેલ, પરંતુ મને આજીવન નાસંમત વસ્તુના પુરાવા પ્રવચનમાં જાહેર રીતે ઉભા કરાય છે તેથી મૂકવિરોધરૂપે પર્યુષણ પછી પ્રવચન બંધ કરેલ

અને મહોત્સવ: પ અનુષ્ઠાનોમાં પણ ખાતરી મળે કે મને અત્યંત નાસંમત પ્રવૃત્તિ નહીં જ કરાય તો નિશ્રા પ્રદાન કરવાનું રાખેલ.

ત્યારબાદ આસો માસની શાશ્વતી ઓળી આવતાં પ્રવચન માટે મને આગ્ર ; કરાયો, ત્યારે મેં જણાવ્યું કે 'જિનાજ્ઞાનુસાર પ્રવચન વાંચવા સિવાય બીજી કોઈ ઉપદેશમાં મારી સાથે શરત ન હોય તો હું પ્રવચન વાંચું અને જે મને અત્યંત નાસંમત પ્રવૃત્તિના તમે મને અંધા ામાં રાખીને કે મારી ઉપરવટ જઈને પુરાવા ઉભા કરેલ છે, તેનો ખુલાસો જાહેરમાં કાં તમે કરો કાં હું કરું. તે વાત મંજૂર હોય તો હું પ્રવચન વાંચું.' જે અંગે ઘણી રસાકસી પછી ચાર પ્રતિ ષ્ઠિત વ્યકિતની હાજરીમાં અહીંના વજનદાર ગૃહસ્થ આગેવ ન ચંદુભાઈએ પ્રોમિસ આપ્યું કે 'આપની સાથે શરતનો તો સવાલ જ નથી અને હું આપની વાત સવા સોળ આની થાય તે રીતે બે-ચાર દિવસમાં ખુલાસો કરીશ.'

તેથી મેં પ્રવચન વાંચવાનું ચાલુ કર્યું, જે ઓળી પછી પણ ચાલુ જ છે પરંતુ અત્યંત ખેદની વાત એ છે કે તેમના તરફથી વચનનો અમલ થયો નહીં, ઉલટું મેં વચન આપ્યું જ નથી તેવું ભારપૂર્વક કરવામાં આવ્યું અને મહારાજ સાહેબ અંદરખાને સાનમાં સમજી જાય નહીં તો અમે પણ મહાત્માની વિરૂદ્ધમાં ઘણું ઘણું કરી શકીએ એમ છીએ તેવું મિટીંગોમાં કહેવામાં આવ્યું. તેથી નિરુપાયે આજે મારે ખુલાસારૂપે આ નિવેદન લેખિતમાં બહ ર પાડવું પડે છે.

જો કે આ મારા નિવેદનને પણ અત્યાર સુધીના વહીવટદારોના અનુભવ પ્રમાણે, જૂઠો ઠેરવવા, નિંદા, અપપ્રચાર, પ્રતિનિવેદન આદિનો આશ્રય લેવાય તો આશ્ચર્ય નહીં પરંતુ મેં જે આમાં સંક્ષેપમાં હકીકત જણાવેલ છે તે અનંતા તીર્થંકરોની સાક્ષીએ, અત્રે બિરાજમાન શ્રી ચિંતામણિ પાર્શ્વનાથદાદાની સાક્ષીએ, એક સત્ય મહાવ્રતધારી સાધુ તરીકે 'સત્ય છે' તેમ હું જાહેર કરૂં છું.

ઉપરાંત આ નિવેદન કરવામાં કોઈ આવેશ કે અંગત રાગદ્વેષનો પરિણામ મારામાં ન સ્પર્શે તેની પુરી સાવધાની જાળવવા પ્રયત્ન કરેલ છે માત્ર મને જાહેરમાં કોઈપણ રીતે ખુલાસો કરવાનો અવકાશ અત્રે સ્થાનિક સંઘમાં ન અપાતાં ભવિષ્યમાં મને આ પ્રસંગો જેવા કે સાધુના જન્મ નિમિત્તના ગુણાનુવાદ તથા ડ્રો સીસ્ટમ આદિના ડોકયુમેન્ટસ જિનવચન અનુસારી પ્રરૂપણામાં વિક્ષેપ ન કરે તે માટે સ્પષ્ટીકરણ કરવું પડેલ છે.

હા! આ અવસરે એક હૃદયની વેદના વ્યકત કરવાનું મન થાય છે કે 'જે લોકોત્તર શાસનમાં ગુરુપદ ધરાવતાં મુનિઓ પણ જિનવચન વિરૂદ્ધ બોલે કે વર્તે તો વિનયપૂર્વક કહેવાનો કે અટકાવવાનો શ્રદ્ધાળુ ગૃહસ્થોને પણ ભગવાને અધિકાર આપ્યો છે અને સુવિહિત મુનિ પણ જો શાસ્ત્રવચન વિરુદ્ધ અજાણતાં બોલે તો જાણકાર શ્રાવકને તથાકાર સંમતિરૂપ તહત્તિ ન કરવાનો અધિકાર તીર્થંકરોએ સુરક્ષિત બક્ષ્યો છે' તેવા પ્રભુશાસનમાં શાસ્ત્રબોધપૂર્વક સાધુ નાસંમત થવા પણ સ્વતંત્ર ન રહે તેવું ડીકટેટરશીપ જેવું જોહુકમીનું વલણ અજ્ઞ ગૃહસ્થો દ્વારા અખત્યાર કરવામાં આવે અને સાધુ દબાણને વશ ન થાય તો ગુરુતત્વ સાથે અપમાનજનક વ્યવહાર જાહેરમાં કરાય તે શ્રીસંઘની વ્યવસ્થા માટે કુઠારાઘાત છે. બાકી વ્યકિતગત રીતે સાધુને માન- અપમાનની કોઈ ગણના ન હોવી જોઈએ તેવી તીર્થપતિની આજ્ઞા મને હૃદયપૂર્વક શિરોમાન્ય છે.

તેથી કોઈ પ્રત્યે અંગત કષાયને અવકાશ આપ્યા વિના સૌને હિતકારી સદ્‌બુદ્ધિ પ્રાપ્ત થાય તેવી પરમાત્મા પાસે પ્રાર્થનાપૂર્વક.

દ. ગણિ યુગભૂષણવિજયજી (પંડિત મહારાજ)

*આ નિવેદન વાંચતાં એક આશ્ચર્ય થાય છે કે ઘાટકોપરમાં સાંગાણી એસ્ટેટ એ ઉગતો અને વૃદ્ધિ પામતો સંઘ છે અને પૂ.આ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.એ પ્રોત્સાહન આપી આગળ વધાર્યો છે. વળી પૂ.આ. શ્રી સૂર્યોદય સૂરીશ્વરજી મ.એ ચાતુર્માસ કરી અંજન શલાકા આદિ કરાવ્યા છે. આવા સંઘમાં સાધુને દબાવવા કે સાધુને મુંઝવણ થાય અને તે પણ પોતાના સંયમ અને શ્રદ્ધા જીવનને અકળામણ થાય તે શ્રી સંઘ માટે અજુગતુ બને.*

*સાધુ નિરાળા છે પોતાના સૈદ્ધાંતિક વહેવારમાં જ મકકમ રહે તે જ તેમના માટે યોગ્ય છે. શ્રી સંઘમાં આવું થાય નહિં સંઘ સમુદ્ર જેવો છે મર્યાદા મૂકે નહિં તેમાં જ તેની શોભા છે. આજના ઘણાં સ્વછંદ અને નાટકીય વિચારો ઘર કરતાં જાય છે તેમાં શ્રી સંઘે ફસાવું ન જોઈએ. સાધુએ પણ લાઈટ, માઈક, ટેલીફોન, વિલચેર બચવું જોઈએ. બહેનો રાસ, ગીત, નૃત્ય આદિ કરે ત્યાં ભાઈઓએ પણ બેસવું અનુચિત છે તો સાધુની કયાં વાત રહી? કલ્પસુત્રમાં તે અંગે દ્રષ્ટાંત આવે છે. સંઘ શાસનના સિદ્ધાંતથી બંધાયેલ હોય બાકી તો સુબોધ સિત્તરીમાં હાડકાનો માળો કહ્યો છે.*

# શ્રી વિજય લબ્ધિસૂરી જૈન ધાર્મિક પાઠશાળાનો અમૃત મહોત્સવ ઐતિહાસિક બન્યો

ભારતભરમાં ખ્યાતિપ્રાપ્ત, બેંગલોર શહેરની સંસ્કારદાત્રી શ્રી વિજયલબ્ધિસૂરિ જૈન ધાર્મિક પાઠશાળાનો સેવા શિક્ષણ અને સંસ્કારના ૭૫ વર્ષની સુદીર્ઘ લાંબી મંજીલ પૂર્ણ કરી ધાર્મિક શિક્ષણ જગતમાં પ્રેરક ઈતિહાસનું સર્જન કર્યું છે.

કવિકુલ કિરીટ વ્યાખ્યાન વાચસ્પતિ આ. દેવ શ્રી લબ્ધિ સૂરિશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પૂ.મુ. શ્રી ગંભીરવિજયજી મ.સા.ના સદ્દુપદેશથી સ્થાપિત આ પાઠશાળાનો અમૃત મહોત્સવ બેંગલોરમાં ચાતુર્માસ બિરાજીત જીવન ક્રાંતિના સૂત્રધાર, શાસનદિવકાર શાંતિદૂત આચાર્યદેવ શ્રીમદ્‌વિજય નિત્યાનંદ સૂરીશ્વરજી મ.સા.ની પરમ પુન્યપ્રભાવક નિશ્રા તથા નિર્દેશનમાં તારીખ ૧૭-૯-૨૦૦૩થી ૨૧-૯-૨૦૦૩ સુધી પાંચ દિવસના ભવ્ય કાર્યક્રમ સાથે મનાવવામાં આવ્યો. ગત વર્ષથી આ કાર્યક્રમનું આયોજન કરવાનું વિચારવામાં આવ્યું. સંઘના ટ્રસ્ટીઓ અને વ્યવસ્થાપક સમિતિ તથા અધ્યાપકોએ આ નિમિત્તે ૭૧ લાખનું સ્થાઈ ફંડ બનાવવાનું લક્ષ્ય બનાવ્યું જેથી ભવિષ્યમાં પણ આ સંસ્થા સુંદર કાર્ય કરી શકે. ૧ મહિનામાં લોકો દ્વારા,સુંદર સહયોગ મળ્યો કે પાઠશાળા માટે ભારતવર્ષમાં પ્રથમવાર ૧ ક્રોડ ૪૧ લાખ જેવી વિશાળ રાશી ભેગી થઈ આવી. હવે તો ઉત્સાહનું પૂર ઉમટયું. લોકોએ સામે ચડીને સુંદર રાશી અર્પણ કરી. સંઘવી સુભાષચંદજી ગજરાજજી સિસોદીઆએ ૧૧ લાખની રાશી અર્પણ કરી.

### પાંચ દિવસનો ભવ્ય કાર્યક્રમ

**પ્રથમ દિવસે** સંક્રાંતિ સમારોહ સાથે મહોત્સવનો શુભારંભ થયો. પરમાત્મ ભક્તિ સ્વરૂપ સ્નાત્ર મહોત્સવે લોકોને નચાવ્યા- કુદાવ્યા- અભૂતપૂર્વ દ્રશ્ય ઉપસ્થિત થયું. મુખ્ય દાનદાતા સંઘવી સુભાષચંદજી ગજરાજજી સિસોદીયા દ્વારા દીપ પ્રજવલન સાથે કાર્યક્રમની શુભ શરૂઆત થઈ. શ્રી આદિનાથ જૈન શ્વે. સંઘ ચિકપેટના અધ્યક્ષ લક્ષ્મીચંદજી કોઠારી આદિ અનેક ગણમાન્ય વ્યકિતઓએ પાઠશાળાની ગતિવિધિ વર્તમાનમાં તેની આવશ્યકતા તથા ઉપયોગિતા વિગેરે પર પોતાના વિચારો પ્રસ્તુત કર્યા. બધાનું કહેવું એક જ હતું કે આ પાઠશાળાએ ફકત બેંગલોરમાં જ નહીં પણ પૂરા દક્ષિણ ભારતમાં સુસંસ્કારોની સુવાસ ફેલાવી છે અને પુરા ભારતમાં પોતાનું વિશિષ્ટ સ્થાન સ્થાપિત કર્યું છે.

આજે જમણવાર શા પ્રેમચંદ ભંડારી તરફથી લગભગ ૮ હજાર લોકો માટે કરવામાં આવ્યો.

અમૃત મહોત્સવના પાંચ દિવસીય કાર્યક્રમમાં સહુથી પ્રથમ ૧૪-૯-૨૦૦૩ના રવિવારે ચિકપેટના સોહન હોલમાં 'કૌન બનેગા જ્ઞાનપતિ' પ્રશ્નમંચનું સુંદર આયોજન કરવામાં આવ્યું. વિજેતાઓને સોના-ચાંદીના સિક્કાઓ અર્પણ કરવામાં આવ્યા. લોકોએ ખૂબ જ ઉલ્લાસપૂર્વક ભાગ લીધો.

રવિવારે પત્રકાર પરિષદમાં પણ વ્યવસ્થાપક સમિતિ તથા પ્રાધ્યાપક સુરેન્દ્રભાઈએ પત્રકારોને પાઠશાળાના ઈતિહાસની માહિતી આપી. લગભગ હિન્દી- અંગ્રેજી- કન્નડ -ઉર્દુ વિગેરે ભાષાના પેપરોએ પોતાના વિશિષ્ટ લેખોમાં પાઠશાળાના સમાચારો પ્રકાશિત કરી જન મનમાં પાઠશાળા પ્રત્યે બહુમાન જગાવ્યું.

૧૭-૯-૨૦૦૩ના રાત્રે ૮ વાગે 'ભૂલે વેસરે ગીત' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું શ્રી વિજય લબ્ધિ સૂરી સંગીત મંડળ (લબ્ધિગ્રુપે) સુરેન્દ્રભાઈ સાથે પરમાત્મ ભકિતના જુના ગીતોને પ્રવાહિત કરવા સાથે ભૂતપૂર્વ સદસ્યો અને ગીતોને યાદ કરી જુની યાદોને તાજી કરી

**બીજો દિવસઃ** ૧૮-૯-૨૦૦૩ ગુરુવારના ચિકપેટના સોહન હોલમાં બેંગલોરની સમસ્ત પાઠશાળાના ટ્રસ્ટીઓ- અધ્યાપકો તથા અભ્યાસકોનું મિલન રાખવામાં આવ્યું. ફકત કર્ણાટકના જ નહીં પરંતુ ભારત વર્ષના અનેક વિદ્વાનો પધાર્યા. જેઓએ ૫૦-૫૦ વર્ષ સુધી પાઠશાળામાં પોતાની સ્વર્ણિમ સેવાઓ પ્રદાન કરી છે તેવા અધ્યાપકોનું આગમન થયું. વર્તમાનમાં પાઠશાળાના પ્રમુખ પ્રાધ્યાપક સુરેન્દ્રભાઈ સી. શાહ જેઓ ૩૬ વર્ષોથી પાઠશાળાનું સંચાલન કરી રહ્યા છે તેઓએ મંચનું સંચાલન કરતાં બતાવ્યું કે આ પાઠશાળાએ પ્રત્યેક વ્યકિતના જીવનને સુસંસ્કારોથી સજાવ્યું છે શોભાવ્યું છે. આજે બેંગલોરમાં લોકોના જીવનમાં સફળતાઓની ઉપલબ્ધિ જોવામાં આવે છે તેનું શ્રેય પાઠશાળાને જાય છે કારણ કે અહીંથી જ તેઓને જીવન જીવવાની કલા તથા ધર્મસંસ્કૃતિ જ્ઞાન પ્રાપ્ત થાય છે. અનેક વિદ્યાર્થીઓએ (લગભગ ૬૦)

સંયમ સ્વીક ૨ કરી પાઠશાળાને ગૌરવાન્વિત કરી છે જેમાં પ્રમુખ પૂ.૨ ।. શીલચંદ્ર સૂરીશ્વરજી મ.સા. પૂ. પં. શ્રી અરવિંદસા રજી મ.સા. પૂ.સા. શ્રી સંસ્કારનિધિ શ્રીજી મ.સા. છે તે ઓ આજે પણ પાઠશાળાને ઉપકારી માને છે. પાઠશાળાના સમિતિ ચેરમેન મીઠાલાલજી લુણિઆએ આંગતુકોનું સ્વાગત કરતાં જણાવ્યું કે અમૃત મહોત્સવ માટે તો જનમનમાં પરમ ઉત્સાહ અને આનંદનો સાગર લહેરાઈ રહ્યો છે. ભ રતના ગામે ગામે આવી આદર્શ પાઠશાળાઓ સ્થાપીત થવી જોઈએ.

સંઘ અ ધ્યક્ષ લક્ષ્મીચંદજી કોઠારી શ્રી કેવલચંદજી પીરગ, અશોકભાઈ સંઘવીએ ધાર્મિક શિક્ષા ઉપર મનનીય વકતવ્યો કર્યા. મુંબઈથી ખાસ પધારેલ શ્રી ચીમનભાઈ પાલીતાણાકરતો પોતાની સિંહગર્જનામાં પાઠશાળાની પ્રગતિની પ્રશંસા કરતાં આપણી ધાર્મિક શિક્ષકો પ્રત્યે ફર્જનું ભાન કરાવ્યું અને ખૂબ જ સરસ મજાની જ્ઞાનની વાતો કહી. પંચોત્તેર વર્ષે પણ નવજુવાન લાગતા આ જ્ઞાનરત્ન જોઈ લોકો દિગ્મૂઢ બ ન્યા. પાઠશાળાના ભૂતપૂર્વ અધ્યાપક અને પંડીતપ્રવર ઇન્દ્રચંદજી વી. દોશીએ ધાર્મિક પાઠશાળાથી જ જીવનનિર્માણ અને ચારિત્રિક ઉત્થાન થાય છે તે બતાવતા સાથે લબ્ધિ પાઠશાળાની અનેક ઉપલબ્ધિઓ શ્રી સંઘ માટે ગૌરવપૂર્ણ બતાવી અને પોતે નજરે જોયેલ પાઠશાળાની વિશિષ્ટતાઓ બતાવી. કાર્યક્રમમાં પધારેલ અધ્યાપકોનું ભવ્ય બહુમાન- સમ્માન કરવામાં આવ્યું. જેમાં સુરેન્દ્રભાઈ સી. શાહ, સુરેશભાઈ જે. શાહ, નટવરભાઈ સી. શાહ, વિક્રમભાઈ મે. શાહ, અશ્વિનભાઈ નિ. શાહ, રાજેન્દ્રભાઈ શાહ, મીઠાલાલજી મહાત્મા, દીપકભાઈ, અનિમેષભાઈ, સુરેશભાઈ સી. શાહ, અલ્પેશભાઈ, જયેન્દ્રભાઈ, તુષારભાઈ રોહિતભાઈ, નિકુંજભાઈ, અશોકભાઈ, વિજયભાઈ વિપીનભાઈ ગુરુજી હતાં.

શાંતિદૂત આચાર્યપ્રવરે ઉપસ્થિત જનસમુહને સંબોધી કરતાં જણાવ્યું કે ગાર્ડન સિટી બેંગલોરને સંસ્કાર સિટી બનાવવામ ધાર્મિક પાઠશાળાની ભૂમિકા સર્વશ્રેષ્ઠ છે. પાઠશાળાને કલ્પવૃક્ષ બનાવતાં તેઓએ કહ્યું કે સુરેન્દ્રભાઈના હાથ નીચે ત્રણ ત્રણ પેઢીઓ સંસ્કારપ્રાપ્ત કરી ગઈ છે. આ જ્ઞાન દીપને અખંડ દીપ બનાવવામાં પ્રમુખ સહયોગી શ્રી આદિનાથ જૈન સંઘ બધા અધ્યાપકો- દાનવીરોના સુકૃતની તેઓશ્રીએ ખૂબ અનુમોદના કરી. અને કહ્યું છે આ પાઠશાળામાં વર્તમાનમાં જે અધ્યાપકો અત્યંત લગન- નિષ્ઠાથી જ્ઞાનદાન કરી રહ્યા છે તે ખૂબ જ અનુકરણીય અનુમોદનીય અભિનંદનીય છે. એટલે તેઓના માન-સન્માન અને સુખ-દુઃખનો પુરો ખ્યાલ સંઘે રાખવાનો છે. તેઓએ પાઠશાળાના ભૂતપૂર્વ અધ્યાપક સ્વ. તિલક એ. શાહ ગુરુજી પ્રત્યે પણ ભાવભર્યા ઉદગારો વ્યકત કર્યા. બેંગલોરની સમસ્ત પાઠશાળાઓને પણ સુંદર રાશી અર્પણ કરવામાં આવી.

રાત્રે ૮ વાગે યુવા સભામાં ઈન્દ્રચંદ્રજી વી. દોશી પંડીતજીએ નમસ્કાર મંત્ર પર ચિંતન પ્રસ્તુત કર્યું. અહીં પધારેલ સુશીલજી સોલંકીએ પણ ભાવભર્યું ઉચ્ચારણ કરેલ.

**ત્રીજો દિવસ**

કાર્યક્રમમાં પધાર્યા કર્ણાટકના ગવર્નર ટી. એન. ચતુર્વેદી. પૂ. શાંતિદૂત આચાર્યદેવશ્રીની પાવન નિશ્રામાં પ્રારંભિત થયેલ અમૃત મહોત્સવના ત્રીજા દિવસે તા. ૧૯-૯-૨૦૦૩ શુક્રવારે શ્રી સંભવનાથ ભવન વી. વી. પૂરમના ભવ્ય વિશાળ નૂતન હોલમાં ભારત વર્ષના મૂર્ધન્ય પંડીતો તથા કર્ણાટકના સમસ્ત અધ્યાપકો ગુરુજીઓના બહુમાનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ પ્રસંગી પૂ. આ. દેવ શ્રી કલ્પજય સૂરીશ્વરજી મ.સા. પૂ.મુ. શ્રી રવિશેખર વિજયજી મ.સા. પૂ.સા. ચંદ્રપ્રભાશ્રીજી મ.સા. આદિ પણ વિશેષરૂપે પધાર્યા હતાં.

મુખ્ય અતિથિ રૂપે પધારેલ મહામહિમ રાજયપાલ શ્રી ટી. એન. ચતુર્વેદીનું શ્રી સંઘ તથા પાઠશાળા દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. ભવનના મુખ્ય દ્વારે બધા અતિથિઓનું દૂધ- જળથી ચરણ પ્રક્ષાલન તથા ભાલ તિલક કરી તેઓને સસમ્માન અંદર લાવવામાં આવતા હતા તે દ્રશ્ય ખરેખર વિરલ હતું. બધા ગણમાન્ય લોકો સાફા તથા સુંદર ઉત્તરાસનથી (ખેસ) સુસજ્જીત હતાં. પાઠશાળાના પ્રધાન અધ્યાપક સુરેન્દ્રભાઈ સી. શાહ 'ગુરુજી'એ કહ્યું કે આજે સોનામાં સુગંધ સમાન અમૃત મહોત્સવ સાથે- સાથે પૂ. આચાર્યદેવ શ્રી કલ્પજય સૂરીશ્વરજી મ.સા.નો ૬૦મો પાવન જન્મ દિવસ પણ છે તથા અમારા સંસ્કારપ્રદાતા ગુરુજી વસંતભાઈ નરોત્તમદાસભાઈ શાહ જેઓ મહેસાણાથી ખાસ પધાર્યા છે તે ખૂબ જ આનંદનો વિષય છે. ગીત દ્વારા સફળ સંચાલક સુરેન્દ્રભાઈએ બધાને વધાઈ આપી. પૂ. શાંતિદૂત આચાર્ય ભગવંતે ફરમાવ્યું કે શ્રાવક - શ્રાવિકા ભલે ચોમાસામાં કામળી ન ઓઢાવી શકે પણ અમો સાધુ સાધ્વી તો કામળી અર્પણ કરી શુભકામના વ્યકત કરી શકીએ છીએ. આ રીતે શાંતિદૂત આચાર્યશ્રી સાથે બધા સાધુ- સાધ્વીજી ભગવંતોએ

ભાવપૂર્વક કામળી ઓઢાડી. આચાર્યશ્રીના ઉચ્ચ આદર્શ-ચારિત્રની અનુમોદના કરતાં તેઓના સ્વસ્થ અને દીર્ઘાયુષની કામના કરી.

મહામહીમ રાજયપાલશ્રીને શાંતિદૂત આચાર્ય ભગવંતે પોતાનું સાહિત્ય અર્પણ કર્યું. સંઘની તરફથી રાજયપાલશ્રીનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું. સંઘના કોષાધ્યક્ષ શ્રી જીવરાજજીએ તેઓનો સંક્ષિપ્ત પરિચય આપ્યો. રાજયપાલશ્રીએ પોતાના કરકમલોથી શ્રી ચિમનભાઈ પાલીતાણાકર (મુંબઈ) શ્રી વસંતભાઈ એન. શાહ (મહેસાણા) તથા પ્રાધ્યાપક સુરેન્દ્રભાઈ સી. શાહનું સન્માન કર્યું તથા સુરેન્દ્રભાઈની સર્વતોમુખી પ્રતિભાની સરાહના સાથે પ્રશંસા કરી.

આચાર્યદેવશ્રી કલ્પજય સૂરીશ્વરજી મ.સ. પોતાના પ્રવચનમાં જણાવ્યું કે પાઠશાળાના અમૃત મહોત્સવ પર મને ખૂબ જ પ્રસન્નતા છે કારણ કે જ્ઞાન અને સ્વાધ્યાય મને અત્યંત પ્રિય છે. આજે જ્ઞાનનો મહોત્સવ છે અને જ્ઞાનનું ફળ વિરતિ છે. વિરતીના માર્ગ ઉપર ચાલીને જ મોક્ષ મંજીલ પ્રાપ્ત કરી શકાય છે. તેમણે પાઠશાળાના ઉજ્જવળ ભવિષ્યની મંગળકામના કરતાં બધાના સેવા કાર્યની પ્રશંસા કરી. શાંતિદૂત આચાર્યદેવ શ્રી નિત્યાનંદ સૂરીશ્વરજી મ.સા. આજની દિશાશૂન્ય શિક્ષણ પદ્ધતિને સુધારવા સુંદર ઉદ્બોધન કર્યું અને કહ્યું કે આજે દેશમાં વિદ્યાલયો અને મહાવિદ્યાલયોની કમી નથી પણ કમી છે ફક્ત સંસ્કારપૂર્ણ શિક્ષણની. આજના વિદ્યાર્થીઓના શિક્ષામહેલો તો ઘણાં ઉંચા અને ભવ્ય છે અનેક પ્રકારની ડિગ્રીઓ લઈને તેઓ ફરે છે પરંતુ જયારે તેઓના જીવનમાં જોઈએ તો સંસ્કારોની સિદ્ધિનો બિલકુલ અભાવ છે અતઃ વ્યવહારિક જ્ઞાન સાથે ધાર્મિક- નૈતિક ચારિત્રિક વિકાસપૂર્ણ સંસ્કારજન્ય શિક્ષા પણ અવશ્ય પ્રદાન કરવામાં આવે તેઓએ ભારતવર્ષની આ અદ્વિતિય પાઠશાળા દ્વારા ૭૫-૭૫ વર્ષથી સંસ્કાર બીજારોપણ કરી એક સ્વસ્થ સમાજની રચનામાં કરવામાં આવી રહેલ મહાન કાર્યની ખૂબ અનુમોદના કરી.

રાજયપાલ મહોદયે પોતાના ભાષણમાં આચાર્ય ભગવંતને જન્મ દિવસની વધાઈ સાથે શાંતિદૂત ગુરુદેવશ્રીના મર્મસ્પર્શ પ્રવચનની સરાહના કરતાં વર્તમાન દોષપૂર્ણ શિક્ષા પ્રણાલી માટે આપણે બધા અંગ્રેજી શિક્ષણના આગ્રહીઓ જ પોષીત છીએ તેમ જણાવ્યું અને આજે પણ આવી સંસ્કાર પોષક પાઠશાળાઓ જીવંત છે તે આપણું સૌભાગ્ય છે તથા જૈન સમાજ દ્વારા રાષ્ટ્ર તથા વિશ્વ સ્તર પર શિક્ષા- ચિકિત્સા-માનવ સેવા આદિ ક્ષેત્રોમાં આપવામાં આવી રહેલ યોગદાનની ખૂબ સરાહના કરી.

આજે કાર્યક્રમમાં પધારેલ ભારતવર્ષના મૂર્ધન્ય પંડીતો ચિમનભાઈ, વસંતભાઈ એમ. દોશી, નગીનભાઈ રાવડીકર, દક્ષિણ ભારતના અરવિંદભાઈ ઈચલકરંજી, અરવિંદભાઈ નિવાણી આદિ તથા સમસ્ત કર્ણાટક તથા બેંગલોરના કુલ લગભગ ૫૫ અધ્યાપકોનું પાઘડી ખેશ- વિશિષ્ટ ચીજો તથા સોનાની ચેનથી ભવ્ય બહુમાન કરવામાં આવેલ જેની દરેકે ખૂબ પ્રશંસા કરી. આજે સાધર્મિક ભકિત શ્રી સંભવનાથ જૈન સંઘ તરફથી દાદાવાડીમાં આપવામાં આવેલ.

બપોરે બે વાગે બેંગલોરના લગભગ ૨૫ મંડલોની અંતરાક્ષીનો અભૂતપૂર્વ કાર્યક્રમ આયોજીત કરવામાં આવેલ જેમાં લગભગ ૪૦ હજારના ઈનામો અપાયેલ. રાત્રે ૮ વાગે મુંબઈથી ખાસ પધારેલ અનીલભાઈ દલપતભાઈનું 'ચાલો યુવાનો જીવન સુધારે' પર અઢી કલાક મનનીય રોચક ઉદબોધન થયેલ. ખચાખચ ભરાયેલ લગભગ ૫૦૦૦ની ઉપસ્થિતિએ રાતના ૧૧ વાગ્યા સુધી શાંતિપૂર્વક વકતવ્ય સાંભળ્યું.

**ચોથો દિવસ**

મહોત્સવના ચોથા દિવસે કાર્યક્રમનું આયોજન શહેરના સુવિખ્યાત ટાઉન હોલના સુસજ્જિત ભવ્ય હોલમાં કરવામાં આવ્યું. પૂજ્ય ગુરુદેવશ્રીની પાવન નિશ્રામાં આયોજીત કાર્યક્રમમાં અમૃત મહોત્સવના બધા ઉદાર દીલ દાનદાતાઓનું શાલ- સાફા- માલા- સ્મૃતિચિહન બેગ દ્વારા હાર્દિક બહુમાન કરવામાં આવ્યું. પાઠશાળાના અભ્યાસ રત વિદ્યાર્થીઓનું સુભાષચંદજી ગજરાજજી સિસોદીયા તથા સંગીતાબેન સિસોદીયાના શુભ હસ્તે પુરસ્કારપ્રધતા ભાગ્યશાળીઓ તરફથી અપૂર્વ બહુમાન લગભગ ૮૦ હજારની રાશિ દ્વારા કરવામાં આવ્યું. પાઠશાળાના પૂર્વ અધ્યાપક તિલકભાઈના પરિવારજનોનું બહુમાન કરવામાં આવ્યું તો પાઠશાળાના પ્રાધ્યાપક સુરેન્દ્રભાઈને ૫૧ હજાર સુરેશભાઈને ૨૧ હજાર નટવરભાઈને ૧૫ હજાર વિક્રમભાઈને ૧૧ હજાર આપી સુંદર બહુમાન સંસ્થા તરફથી કરવામાં આવ્યું. પાઠશાળાને સફળતાના શિખર સુધી નયા આયાનો સુધી પહોંચાડનાર પાઠશાળાના પ્રાણ સ્વરૂપ સુરેન્દ્ર ગુરુજીને 'પંડીતરત્ન' બિરૂદથી અલંકૃત કરવાની સમસ્ત સમાજ તથા પંડીતવર્યો તરફથી ઉદઘોષણા શ્રી ચિમનભાઈ પાલીતાણાકરે કરી. તેઓની અનુપમ શાસન સેવાથી અભિભૂત થઈ તેઓના

ધર્મગુરુ વસં[illegible]ભાઈ તથા ચીમનભાઈએ સુરેન્દ્રભાઈને ઉંચકી પોતાના ખભ[illegible] ઉપર લઈ લીધા અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે આશી[illegible]દિ સાથે જૈન શિક્ષણ સંઘ, જૈન તત્વજ્ઞાન પ્રચારક પરિ[illegible]દ વગેરે તરફથી બહુમાન કરેલ. પાઠશાળાના અભ્યાસકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ તથા વિજવંદને તો બધાને ડોલાવી દીધ[illegible]. નાના બાળકો દ્વારા જીનશાસનના પ્રભાવક પાત્રોનું જી[illegible]ત પ્રસારણ થયેલ ટાઉન હોલમાં સાધર્મિક ભકિતનું આ[illegible]ોજન કરવામાં આવેલ.

રાત્રે [illegible] વાગે મુંબઈથી ખાસ પધારેલ અતુલભાઈ સી.એ. તથા ચંદ્રકાંતભાઈ એ અહિંસા તથા જીવદયા બાબત મર્મસ્પર્શી ઉ[illegible]બોધન કરેલ. બે કલાક ચાલેલ આ ધર્મસભામાં હજારોની સં[illegible]્યામાં યુવાન- યુવતીઓએ ભાગ લઈ અમૃત મહોત્સવને [illegible]ફળ બનાવ્યો.

**પાંચ[illegible]ો દિવસ**

અમૃત મહોત્સવના પાંચમા દિવસે ભવ્ય કાર્યક્રમનું આયોજન [illegible]થાનીય સેન્ટ્રલ કોલેજના વિશાળ ગ્રાઉન્ડમાં રવિવાર તા. ૨૧-૯-૨૦૦૩ના સવારે ૯ વાગે પ્રારંભ થયેલ. શાંતિદૂતશ્રી[illegible]ી પાવન સાનિધ્યમાં અખીલ ભારતીય સ્તર પર આયોજીત [illegible]શ્વ મૈત્રી દિન અને ક્ષમાપના દિવસ સાથે અમૃત મહોત્સવ ૨[illegible]માપન સમારોહ પણ મનાવવામાં આવ્યો. સમારોહમાં પાઠશાળાના મુખ્ય દાનદાતા સુભાષચંદજી સિસોદીયા [illegible]થા તેમના ધર્મપત્ની સંગીતાબેન સિસોદીયાનું બહુમાન કર[illegible]ામાં આવ્યું સાથે ૨.૫૧ હજાર આપનાર ૮ દાતાઓનું પણ બહુમાન કરવામાં આવ્યું. સમારોહમાં બેંગલોરમાં બિરાજીત દરેક સંપ્રદાય (ચારે)ના આચાર્ય ભગવંતો- [illegible]ાધુ સાધ્વીજી પધાર્યા હતાં. પૂ.આ. દેવ જિનેન્દ્ર સૂરીશ્વરજી [illegible].સા. (હાલાર) પૂ. કલ્પયશસૂરી આદિ પણ ઉપસ્થિત હ[illegible]ાં. લગભગ ૨૦ હજારની વિશાલ માનવ મેદની વચ્ચે ઐતિ[illegible]ાસિક રૂપે કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન કર્યું હતું. પ્રાધ્યાપક સુરેન્દ્રભાઈ સી. શાહે મુખ્ય અતિથિ ભાજપાના પૂર્વ અધ્યક્ષ શ્રી બંગારૂ લક્ષ્મણ તથા બિહાર સરકારના ભૂ રાજસ્વ મંત્રી પ્રયાગરાજજી ચૌધરી હતાં.

દરેક ગુરુ ભગવંતો તથા સાધ્વીજી ભગવંતોએ પાઠશાળા પ્રત્યે પોતાના સુંદર ઉદગારો પ્રગટ કર્યા તથા નિરંતર વૃદ્ધિના શુભ આર્શિવાદ આપ્યા. અમૃત મહોત્સવના પાંચે દિવસ સવારે ૫-૩૦ વાગે પ્રભાતફેરી (સંસ્કારફેરી) જેમાં ૫૦૦ ઉપસ્થિતિ રહેતી) કાર્યક્રમથી પ્રારંભ થઈ રાત્રે ૧૧ વાગ્યા સુધી કાર્યક્રમ નિરંતર ચાલતો હતો. પાંચે દિવસ દરેક કાર્યક્રમોમાં અભ્યાસકો- બાલિકાઓ દ્વારા પ્રસ્તુત મંગલગીત- સ્વાગતગીત તથા વિવિધ નૃત્ય સાંસ્કૃતિક કાર્યક્રમે લોકોનું જબ્બર આકર્ષણ જમાવ્યું. પાઠશાળાના હોલ તથા સોહન હોલ તથા સિઢીને એવી સરસ રીતે સજાવવામાં આવેલ કે જોનારાઓ દંગ રહી જતાં- દરેક જગ્યાએ સુવાકયો જ્ઞાનગર્ભિત લગાવવામાં આવેલ જેને વાંચીને લોકોને પાઠશાળા પ્રત્યે બહુમાન જાગૃત થાય. દરેક વ્યવસ્થા ઉત્તમમાં ઉત્તમ કરવામાં આવેલ. વ્યવસ્થાપકો તથા દાનદાતાઓની ઉદારતા- અમૃત મહોત્સવ સમિતિની સુઝબુધ અધ્યાપકો- સુરેન્દ્રભાઈ સુરેશભાઈની જોડીની લગન કર્મઠા ખરેખર બેનમુન હતી. દેવકુમાર જૈન અશોકભાઈ સંઘવી રમેશકુમાર ફોલામુથા આદિની વિશેષ કાર્યક્ષમતા અનુમોદનીય હતી. અભ્યાસકોના ઉત્સાહે તો રંગ રાખ્યો. દરેક કાર્યક્રમોની સુવ્યવસ્થા દરેક માટે પ્રશંસનીય બની તો પાંચે દિવસ દરેક કાર્યક્રમોનું હૃદયસ્પર્શી સંચાલન કરી અધ્યાપક સુરેન્દ્રભાઈ સી. શાહે તેમાં પ્રાણ પુરી અમૃત મહોત્સવને ઐતિહાસિક નહીં અવિસ્મરણીય બનાવી દીધો. દરેકના મુખમાં એક જ વાક્ય હતું આવી પાઠશાળા અમર રહો. બધા કાર્યક્રમોનું જીવંત પ્રસારણ કર્ણાટક ટીવી દ્વારા ડીડી-વન ઉપર ૧૫ મિનિટ સુધી કરવામાં આવેલ.

*****



*વચ્ચે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ., જમણે પૂ. આ. શ્રી વિજય નિત્યાનંદ સૂરીશ્વરજી મ., ડાબી બાજુ પૂ. આ. શ્રી વિજયકલ્પયશ સૂરીશ્વરજી મ.*

# નવસારી ર.છ. ઉપાશ્રયમાં ઉજવાયો અભૂતપૂર્વ મહોત્સવ

નવસારી સ્થિત રત્નત્રયી આરાધક સંઘ માટે વર્તમાન વર્ષના ચાતુર્માસની એક પાછી એક ઘટનાઓ યાદગાર અને અભૂતપૂર્વ બની રહી છે.

પૂજ્ય મુનિરાજશ્રી ભવ્યવર્ધન વિ.મ., પૂ.મુ. શ્રી મંગલવર્ધન વિ.મ., તેમજ પૂ. મુનિરાજશ્રી હિતવર્ધન વિ.મ. ચાતુર્માસ માટે પધાર્યા એ દિવસથી સંઘના પૃષ્ઠો પર ચમકદાર શાહી રેડાવાની શરૂઆત થઈ ગઈ છે.

પ્રવચનોમાં આ સંઘે આજ પર્યંતના દૈનિક પ્રવચનોમાં નહિં જોયેલી સંખ્યા, એક એક સમયાનુરૂપ અનુષ્ઠાનો, યાદગાર પર્યુષણા પર્વની આરાધના, આ બધું થઈ ગયા પછી પર્યુષણા બાદ પણ પ્રવચન સભા જળવાયેલી રહી છે.

પર્યુષણા બાદ બે ભવ્ય ચૈત્યપરિપાટીઓ દ્વારા નવસારી શહેરના લગભગ સર્વ જિનાલયોની સ્પર્શના થઈ. સાથે બેય ચૈત્યપરિપાટીઓને અંતે સંઘ સાધર્મિક વાત્સલ્ય પણ થયું.

એમાં રાયચંદ રોડ સ્થિત અન્ય સંઘની વિનંતીને માન આપી પૂજ્યો ત્યાં પણ પધાર્યા. જયાં ભા.વ. ૯મે ખીણથી ટોચ તરફ, વિષય જાહેર પ્રવચન થયું. પ્રવચનાંતે સાધર્મિક ભકિત પણ થઈ.

બીજી તરફ સંઘમાં એક ભવ્ય મહોત્સવની પણ તડામાર તૈયારી પ્રારંભાઈ. એ માટે એક અત્યંત આકર્ષક પત્રિકા પણ પ્રકાશિત થઈ.

આ.સુ. ૯, ૧૦ અને ૧૧ના દિવસોમાં આ ત્રણ જ દિવસનો પરંતુ ખૂબ ભવ્ય મહોત્સવ ઉજવાયો. જે મહોત્સવે સંઘજનોને આનંદિત કરી દીધા અને સમગ્ર નવસારીમાં પોતાની અમીટ છાપ ઉભી કરી.

મહોત્સવના પ્રથમ દિને ભાવાચાર્ય વંદનાનો કાર્યક્રમ ઉજવાયો. જેમાં અમદાવાદથી પધારેલા નરેશભાઈ શાહે વિશાળ શ્રોતા ગણને પોતાની આગવી શૈલી દ્વારા પ્રબોધ્યા.

પૂજ્ય મુનિરાજશ્રી હિતવર્ધન વિ.મ.એ 'ભાવાચાર્યવંદના'ની નવી જ ગુજરાતી કૃતિઓ ટૂંકા સમયમાં તૈયાર કરી હતી. જે આજે આકર્ષક પુસ્તિકાના રૂપમાં પ્રત્યેક શ્રોતાઓના હાથમાં આવી ચૂકી હતી. સાડા બાર સુધી ચાલેલા આ કાર્યક્રમમાં સમગ્ર પુસ્તિકાના પદો રજૂ થઈ શકયા હતાં.

કુલ ૩૬ પ્રભાવક આચાર્યદેવોનો પરિચય આપતી આ કૃતિ એટલી તો મોહક થઈ પડી કે આરાધકોએ પુસ્તિકા પાછી આપવાની જાહેરાત થવા છતાં તેમ ન કરતાં પુસ્તિકા ઘરે લઈ જવાનું પસંદ કર્યું.

બીજે દિવસે ૫,૫૫,૫૫૫ નમસ્કાર મહામંત્રનો સમુહ જાપ હતો. વિજયાદશમીના દિનની આથી જ પસંદગી થઈ હતી. મહોત્સવના આ મુખ્ય દિને ૮-૩૦ થયા ન થયા ત્યાં જ એક પછી એક નર-નારીઓ પૂજાના વસ્ત્રોમાં ઉમટવા માંડયા. જોત જોતામાં સમગ્ર મંડપ જનસમુદાયથી આચ્છાદિત બની ગયો.

પાંચ જિનબિંબોની સાક્ષીએ આજે જાપ કરવાનો હતો. પ્રારંભમાં પૂ.મુ. હિતવર્ધન મ.એ નમસ્કાર મહામંત્રનો મહિમા વર્ણવતું ખૂબ પ્રેરક પ્રવચન અર્પી સહુના હૃદયો આંદોલિત કરી દીધા. ત્યાં સુધીમાં તો ૨૫૦ જેટલા પુરૂષો કંપ્લીટ પૂજાના તીયા ખેશમાં અને ગણાય નહિ તેટલા બહેનો પણ મર્યાદાયુક્ત પૂજા વસ્ત્રોમાં હાજર થઈ ચૂકયા હતાં.

પૂજ્યશ્રીના માર્ગદર્શન અનુસાર સહુએ તબક્ક ાર જાપ કર્યો. એક એક તબક્કાને અંતે સમવસરણની ભ્રાંતિ કરાવે ર વા ત્રિસ્તરીય મંચ પર ચડી પરમાત્મા પર પુષ્પવર્ષણની વિધિ જયારે સેંકડો નરનારીઓ પ્રારંભતા ત્યારે દ્રશ્ય ખૂબ રળીયામણું બ ી જતું. વચ્ચે વચ્ચે સંગીતકાર રૂપેશભાઈએ પણ ખૂબ ભાવવર્ધક ીતો ઝીલાવી સહુને ભકિત વિભોર કરી દીધા હતાં.

કુલ ૧૦-૧૦ માળાઓ પૂર્ણ થઈ અને ત્યારબા સહુનાં ૧૦૮ દીવાની આરતી- મંગલદીવો થયા ત્યારે બરાબર ૧-૮ )વાગી ચૂકયા હતાં. પરંતુ ભાવિકોની હાજરી આટલી દીર્ઘ સમય સુધ યથાવત જોઈ આયોજક હર્ષિત બની ગયા હતાં. પ્રાંતે સકળ સંગનું સા ર્મિક વાત્સલ્ય પણ થયું.

મહોત્સવના ત્રીજા દિને ભગવાન શ્રી સીમં ર સ્વામીની સમીપ પહોંચવા માટે સહુ આતુર હતાં. વિહરમાન પરમાત્માનો રસમય પરિચય કરાવતી એક 'સીમંધર સ્વામીની ભાવયાત્રા' પુસ્તિકા પૂ.મુ. હિતવર્ધન મ.એ એક જ દિવસમાં ભા.વ.૧૦મે લખી હતી જે તૈયાર થઈને આજે શ્રોતાઓના હસ્તમ આવી ચૂકી હતી.

નરેશભાઈ- પાનસોવોરાએ સંગીતના સહારા ર થે આજે આ પુસ્તિકાના માધ્યમે એટલી તો રસાળ શૈલીમાં ભાવ ાત્રા કરાવી હતી કે એક વેળા એવી પણ આવી જયારે લગભગ ર ના નયનમાં આંસુઓ છલકાઈ ઉઠયા.

આજે પણ ૧૨-૪૫ સુધી કાર્યક્રમ ચાલ્યો. છેક સુધી સહુની ઉપસ્થિતિ રહી. અંતે શ્રીફળની પ્રભાવના પણ થઈ. સમગ્ર મહોત્સવ, ઉપાશ્રયની બહાર એક ૬૦૦૦ ફૂટનો વિશા ! મંડપ તૈયાર કરી એમાં કલાત્મક મંચ સજજ કરી ત્યાં જ ઉજવાયે હતો.

ટ્રસ્ટી શ્રી ભરતભાઈએ મહોત્સવના કાર્યોમાં મહ ત્મ યોગદાન આપ્યું હતું તેમજ હિતેશભાઈ, નવીનભાઈ, યોગેશ ાઈ, ઉર્વેશ-મનીશકુમાર જેવા કાર્યકરો પણ દિનરાત કાર્ય માટે હાજ ર રહ્યા હતાં. વધુમાં ડો. હેમંતભાઈએ પણ મહોત્સવ દરમ્યાન પ્રસંગોપાત નિવેદનો- જાહેરાતો અસરકારક રીતે કર્યા હતાં.

મહોત્સવના પ્રથમ દિને ટ્રસ્ટીવર્ય શ્રી અરવિં માઈ તેમજ વાપી શાંતિનગર સંઘના મોભી શ્રી અમૃતભાઈએ સાથે ીીને 'જપો નામ, સૂરિરામ' પુસ્તકનું વિમોચન કર્યું હતું.

૧૪૪ પેજમાં પથરાયેલા આ પુસ્તકમાં પુ.ર હિતવર્ધન વિ.મ.એ રચેલા પૂ. પરમ ગુરુદેવના અનેક સ્તુતિ - ાવ્યો પ્રગટ થયા છે.

આમ, આ મહોત્સવ નવસારી માટે એક સંભાર ! બની ગયો છે એમ કહેવું અતિશયોકિત ભર્યું નથી.

◆ ◆ ◆



પૂ.આ.શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ.

| | | |
|---|---|---|
| જન્મ | : | વિ.સં. ૧૯૯૦ પોષ સુદ ૨ લાખાબાવળ |
| દીક્ષા | : | વિ.સં. ૨૦૧૦ જેઠ સુદ ૧૧ વેરાવળ |
| વડીદીક્ષા | : | વિ.સં. ૨૦૧૧ પોષ વદ ૧૧ લાખાબાવળ |
| ગણી પંન્યાસપદ | : | વિ.સં. ૨૦૨૩ પોષ સુદ ૧૦ લીંબડી |
| આચાર્ય પદ | : | વિ.સં. ૨૦૩૮ વૈશાખ સુદ ૩ જામનગર |

*પૂજ્યશ્રીએ ૪૫ આગમ મૂળ ટીકાઓ તથા આગમ પંચાંગી સંપાદન કરેલ છે. સેંકડો શાસ્ત્રોનું સંશોધન સંપાદન કરેલ છે. ૨૫ જેટલી અંજન શલાકા, ૫૦ પ્રતિષ્ઠાઓ તથા અનેક સાહિત્યના સંપાદનો કર્યા છે. શ્રી મહાવીર શાસન, જૈન શાસન, જૈન બાલ શાસન (ગુજરાતી, હિન્દી, અંગ્રેજી) ના રાહબાર બન્યા છે તેમજ પ્રવચન અને લેખન દ્વારા લાખો ભાવિકોને ધર્મના રસીક બનાવ્યા છે.*

શ્રી મહાવીર જિનેન્દ્રાય નમઃ
પૂ.આ.શ્રી વિજય અમૃતસૂરિભ્યો નમઃ

## હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી. વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. દીક્ષા ની ૫૦મી (ગોલ્ડન જ્યુબલી) ઉજવણી - શુભેચ્છા વિશેષાંક.

વંદના/પ્રણામ

જણાવત અતિ આનંદ થાય છે કે હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મ. ના પટ્ટધર પ્રચીન સાહિત્યોદ્ધારક પૂ.આ.શ્રી. વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ.ને ૨૦૬૦ જેઠસુદ ૧૧ ના સંયમના ૫૦ વર્ષ પૂર્ણ થાય છે. તે અંગે બેંગલોરમાં ૫૦ વર્ષ (ગોલ્ડન જ્યુબલી) સંયમ વર્ષની ઉજવણી થશે.

પૂજ્યશ્રી શ્રી મહાવીર શાસનના માર્ગદર્શક બની ને ખુબ આગળ ધપાવ્યું છે તેથી શ્રી મહાવીર શાસન તરફથી પૂ.આ.શ્રી . વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. સંયમ સાધના, જ્ઞાન સાધના, શાસન પ્રભાવના, રક્ષા આદિની શુભેચ્છા વિશેષાંક ૨૦૬૦ જેઠ સુદ ૧૧ ના પ્રગટ કરવાનું રાખ્યું છે.

તે અંગે આપશ્રી તેઓશ્રીને માટે શુભેચ્છા, સદ્ભાવના, ઉપકાર અનુભવ અંગે ટુંકમાં તમારા સરનામા સાથે લખાણ વૈશાખ સુદ ૩ સુધી મોકલી આપશો તેવી વિનંતિ છે.

આ વિશેષાંકમાં શુભેચ્છા જાહેરાત આદિ લેવાના નથી. ભાવીકો જે ભાવથી સહકાર મોકલાવશે તે આ વિશેષાંકમા છપાશે અને ૫૦ વર્ષ અંગે વિશેષાંક જે કાર્યક્રમ થશે તેમાં ઉપયોગ થશે.

આ શુભેચ્છા વિશેષાંકનુ સંપાદન પ્રવર્તક પૂ. મુનિરાજ શ્રી યોગીન્દ્ર વિજયજી મ. તથા તપસ્વી પૂ. મુનિરાજ શ્રી હેમેન્દ્ર વિજયજી મ. કરશે

**સહકાર**

આચાર્ય શ્રી ... મંદિર
શ્રી ... કેન્દ્ર
કોબા, જિ. ... ૨૦૦૧

*પત્ર મોકલવાનું સરનામું :*
*શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર*
*શ્રુતજ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ*
*જામનગર (ગુજરાત) ૩૬૧૦૦૫.*

*લિ.*
*શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ.*

## प.पू. आचार्यदेव श्रीमद् विजय दर्शन रत्न सूरीश्वरजी महाराजाकी पावन निश्रामें **प.पू. परमकृपालु आचार्यदेव श्रीमद् विजय महाबल सूरीश्वरजी म.सा.** की पूज्य कृपा से कोटा (राजस्थान) में आषाढ़ सुद ३ दि. २-७-२००३ को चातुर्मास प्रवेश

सिद्धितप, ३० उपवास, १६, ९, ८, उपवास आदि तपस्या कोटा में हुई। तपस्वियों का रोज बहुमान होता था। संघपूजन भी बहुत हुए। मुनिराजश्री किरण रत्न विजयजी म.सा.ने १६ उपवास किये।

परम पूज्य सुविशाल- गच्छाधिपति आचार्य देव श्रीमद् विजय रामचन्द्र सूरीश्वरजी म. सा. की १२वी स्वर्गतिथि की उजमणी, पूजा एवं संघपूजन, पूज्यश्री के फोटो का अनावरण एवं पू. महातपस्वी आचार्यदेव श्रीमद् विजय राजतिलक सूरीश्वरजी म.की भी उजमणी हुई, संघ पूजन भी हुए। पर्युषणमें स्वन द्रव्य का रेकोर्ड, पूजा- द्रव्य की बोलीयाँ सर्वप्रथम हुई।

प.पू. तपागच्छाधिपति आचार्य देव श्रीमद् विजय रामचन्द्र सूरीश्वरजी महाराजाकी दिव्य कृपा के एवं प. पू. वात्सल्य- महोदधि आचार्यदेव श्रीमद् विजय महाबल सूरीश्वरजी म.सा.के आशीर्वाद से प.पू. प्रवर्तिनी स्व. साध्वीजी खान्तिश्रीजी म.की सुशिष्या स्व. साध्वीजी किरण प्रज्ञा श्रीजी म.की सुशिष्या प्रवर्तिनी साध्वीजी हर्षित प्रज्ञा श्रीजी म.सा.की सुशिष्या साध्वीजी चेतोदर्शिता श्रीजी म.की निश्रावर्तिनी साध्वीजी मैत्रीसुधा श्रीजी की निरंतर १७०० आयम्बिल की पूर्णाहुति कार्तिक वद २ रविवार दि. १२-१०-०३ को प.पू. वर्धमान तपोनिधि आचार्यदेव श्रीमद् विजय दर्शनरत्न सूरीश्वरजी म.सा.की शुभ निश्रामें कोटा (राजस्थान)में हुआ। इस निमित्त ४ महापूजनों एवं उजमणे के साथ सप्ताह्निका महोत्सव का आयोजन किया गया। ४-५ साहमि वात्सल्य हुए। महापूजनों का लाभ सत्यपालजी लोढ़ा, तपस्वी साध्वीजी के भाई-बहेन परिवार, चांदमलजी आगरवाले, श्रीपालजी सिंघी आदिने लिया चतुर्विध संघ के गले की बोली बोलकर कंचनबेन चुन्नीलाल धनाजी धाणसावालोंने लिया जो तपस्वी साध्वीजी मैत्रीसुधाश्री की संसारी बड़ी बहेन है। गुरुपूजन की बोली का लाभ भी आपने ही लिया एवं गुरू का नवांगी गुरुपूजन किया। गुरू को शास्त्र साध्वीजीके संसारी भाई प्रकाशचंद्रजी वीरचंदजी शिवगंज वालोने बहोराया। महोत्सवमें साहमिवात्सल्य का लाभ चांदमलजी आगरवाले, साध्वीजी मैत्रीसुधा श्रीजी के संसारी भाई-बहेन, तपागच्छ जैन श्री संघ कोटा, श्रीपालश्री सिंधवी के तरफ से हुए। महोत्सव में वेप्स मंडल पिंडवाडा वालोंने भव्य आंगी बनाई। जो कोटा के इतिहासमें सर्वप्रथम थी। महोत्सव में कोटा की जनता उमट पड़ी थी, दैनिक पत्रोमें हंमेशा समाचार छापते थे। जनता का कहना था कि गच्छाधिपति के चातुर्मास में जो उत्साह व भीड़ नहीं होती वह इस महोत्सव ने नया रेकोर्ड स्थापित किया था।

कार्तिक वद १ दि. ११-१०-२००३ का संघपूजन साध्वीजी अक्षयरुचिता श्रीजी के सदुपदेश से शाह खुशदिलसिंहजी मारवाडी, उदयपुर वाले तथा बसन्ती लालजी बोला ने उपधान के तपस्वियो को माला की प्रभावना एवं उपधान नीवि में व संघ पूजन में लाभ लिया था। उपधान के तपस्वियों को सत्यपालजी लोढ़ा तथा एक सद्गृहस्थ के तरफ से दो बेटका (कटासणा) चरवला, मुंहपति, माला आदि अर्पण करने में आये है। दीपकभाई शंखेश्वर वालों की तरफ से माला तथा प्रभु प्रतिमा उपधान वालों को भेंट में दी।

कार्तिक वद २ दि. १२-१०-२००३ का संघपूजन प्रकाशचंद्र, अशोकचंद्र वीरचंदजी, मनोजकुमार, कान्तिलालजी हसमुखकुमार, चुनीलालजी जमतराजजी वजाजी, दिलीपकुमार चुन्नीलालजी, ओटीबेन रावतरामजी सरत, कंचनबेन चुन्नीलालजी धागसा, मंचीबेन शांतिलाल कान्तिलाल बद्रीलालजी अंजुबेन हसमुखलालजी के तरफ से हुए थे।

*साध्वीजी चेतोदर्शिता श्रीजी के १००८ आयंबिलकी पूर्णाहुति मागसर वद १२ दि. २१-११-२००३ को कोटा में होंगी उस निमित्त सेठ पुखराजजी कानाणी तरफ से पूजा स्वामिवात्सल्य कोटा में होगा। चातुर्मास में साध्वीजी चरणप्रज्ञाश्रीजी के संसारी पिताजी बगतावरमलजी मुथा के तरफ से संघपूजन, गुरुपूजन हुआ था। उपधान सी माला मागसर वद १३ दि. २२-११-२००३ को होगी*

● ● ●

# સમાચાર સાર

**નાઈરોબી :** અત્રે પર્યુષણ સારા ઉજવાયા પાંચ માસ ક્ષમણ હતાં ૪૫-૪૯ - ૩૫ ઉપવાસ પણ હતાં ૧૬ ઉપવાસની સંખ્યા સારી હતી. ૯૦ ઉપર અઠ્ઠાઈ હતી.

**પાલી (રાજસ્થાન):** ગુજરાતી કરાલામાં બિરાજમાન પૂ. ગણિવરશ્રી બોધિરત્ન વિજયજી મ. આદિ મુનિઓની નિશ્રામાં ચાતુર્માસ અને પર્યુષણની સુંદર આરાધના થઈ હતી. તેના અનુમોદન માટે તથા તીર્થ પ્રભાવક પૂ.આ. શ્રી વિજયમિત્રાનંદ સૂરીશ્વરજી મ પૂ. આ. શ્રી વિજય વિચક્ષણ સૂ.મ.ના સંયમ જીવનના અનુમોદનાર્થે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન શ્રી અષ્ટોત્તરી સ્નાત્ર સહિત નવાન્હિકા મહોત્સવ આસો સુદ થી આસો સુદ ૧૦ સુધી ભવ્ય રીતે ઉજવાયો.

**જમખંડી (કર્ણાટક):** અત્રે પૂ. મુ. શ્રી પૂણ્યરક્ષિત વિજયજી મ. તથા પૂ.મુ. શ્રી આત્મરક્ષિત વિજયજી મ.ની નિશ્રામાં પુ.મુ. શ્રી આત્મરક્ષિત વિજયજી મ.ની ૭૬-૭૭ ઓળી તથા પર્યુષણ આરાધનાની અનુમોદનાર્થે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન લઘુ શાંતિ સ્નાત્ર અઢાર અભિષેક સહિત અષ્ટાન્હિકા મહોત્સવ આસો સુદ ૧થી આસો વદ ૧ સુધી ભવ્ય રીતે ઉજવાયો.

**વડોદરા:** પૂ. આ. શ્રી વિજય હેમચંદ્ર સૂરીશ્વરજી મ.ના શિષ્ય પૂ. શ્રી કલ્યાણબોધિ વિજયજી મ.ની ૧૦૦મી વર્ધમાન તપની ઓળી નિમિત્તે છોડના ઉજમણા સાથે ત્રણ દિવસના મહોત્સવ નિઝામપુરામાં ભાદરવા વદ ૨ થી વદ ૪ સુધી ભવ્ય રીતે ઉજવાયો.

**બંગારાપેઠ:** (KA) અત્રે પૂ. સા. શ્રી જયતીર્થા શ્રીજી મ.ની નિશ્રામાં પ.પૂ. શ્રી મણિવિજયજી દાદાની ૧૨૫મી સ્વર્ગતિથિ પ.પૂ. કમલસૂ.મ.ની ૮૫મી સ્વર્ગતિથિ પૂ. પ્રભવચંદ સૂ.મ.ની ૨૬ સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે તથા પૂ.સ. શ્રી જયતીર્થા શ્રીજી મ.ની ૫૪મી વર્ધમાન તપની ઓળીની અનુમોદના તથા પર્યુષણની આરાધનાના અનુમોદનાર્થે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન શ્રી વીશ સ્થાનક મહાપૂજન શ્રી ગૌતમસ્વામી પૂજન તથા શાંતિસ્નાત્ર સહિત નવાન્હિકા મહોત્સવ આસો સુદ ૩થી આસો વદ ૧ શનિવાર સુધી ભવ્ય રીતે ઉજવાયો.

**શાહપુર (મહારાષ્ટ્ર) :** અત્રે પૂ. આ. શ્રી વિજય વીરશેખર સૂરીશ્વરજી મહારાજ સા.ની નિશ્રામાં ચાતુર્માસ થયેલ વિવિધ આરાધના અનુમોદનાર્થે આસો સુદ ૧૫થી આસો વદ ૮ સુધી નવાન્હિકા જિન ભકિત મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો.

**બેંગલોર:** બસવેશ્વર નગરમાં પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્ર સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં બદામીબેન સાકળચંદજી મહેસુરવાળા તરફથી આસો માસની ઓળી શ્રી નેમચંદ કાલીદાસ નગરીયા તથા શ્રી દિનેશચંદ્ર કાલીદાસ નગરીયાને ત્યાં થઈ ૩૦ ઓળી તથા છૂટા આંબેલ ઘણા થયા. ૧૫૫ રૂા. સામુદાયિક પ્રભાવના તથા બદામીબેન તરફથી શાલ શ્રીફળ આદિ થઈ.

**બેંગલોર :** બસવેશ્વર નગરમાં પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્ર સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં પર્યુષણ સુંદર રીતે ઉજવાયા. વાડીમાં હોલ મોટી જગ્યા હોવાથી ત્યાં વ્યવસ્થા સુંદર થઈ હતી. સંખ્યા મોટા પાયામાં રહેતી પ્રતિક્રમણમાં પણ સારી હાજરી રહેતી. સ્વપ્ન ઉતારવાની બોલીઓ તેમજ વરઘોડાની બોલીઓ સારી થઈ હતી. નૂતન જગ્યા લેવાતા ઘણો ઉત્સાહ વ્યાપ્યો હતો અને ઘણાં ઉત્સાહથી તેના નકરા લખાયા હતાં. રોજ અનેક પ્રભાવનાઓ થતી. ૩ માસ ખમણ અને છ ઉપવાસથી ઉપર ૭૧ જેટલી તપસ્યાઓ હતી. પારણા સામુદાયિક તથા પ્રભાવના સામુદાયિક થઈ હતી. વરઘોડો ભવ્ય મડતા શ્રી વિમલનાથ દેરાસરે ઉતર્યો હતો. જ્ઞાતિ તરફથી તપસ્વીઓનું બહુમાન તથા સંવત્સરી જમણ થયું હતું મંગળવારે સરોજબેન અશોકભાઈ સાવલા માસખમણ નિમિત્તે વાડીમાં પ્રવચન તપસ્વીઓનું બહુમાન તથા સંઘ જમણ થયું હતું. શ્રી સંઘમાં ઉત્સાહ અને આરાધના સારી થઈ છે.

**વાલવોડ (બોરસદ):** અત્રે પૂ. મુ. શ્રી નેમિચંદ્ર વિજયજી મ.ની નિશ્રામાં પૂ.પાદ સિદ્ધિ સૂરીશ્વરજી મ.ની. ૪૪મી પૂણ્યતિથિ નિમિત્તે ત્રણ દિવસનો ઉત્સવ થયો હતો તે નિમિત્તે છઠ્ઠ તપ રાખેલ ૧૩૧ છઠ્ઠ થયા હતાં.

**બેંગલોર બસવેશ્વર નગર-** અત્રે શ્રી વિમલનાથ દેરાસરેથી પ્રભુજી લઈને શાહ કાલીદાસ હંસરાજ નગરીયા પરિવાર લાખાબાવળવાળા તરફથી શ્રી કાલીદાસભાઈ તથા શ્રી પ્રેમચંદ કાલીદાસના પૂણ્ય શ્રેયાર્થે શ્રી દિનેશચંદ્ર કાલીદાસને ત્યાં આ.વદ ૧૪-૦)) તથા કા.સુ. ૧ ત્રણ દિવસ ભવ્ય મહોત્સવ ઉજવાયો, દિવાળી પર્વની સુંદર આરાધના થઈ રાત્રે દેવવંદનમાં ભાઈઓની ૪૦ની સંખ્યા થઈ હતી. ૨૦-૨૦ રૂા.ની પ્રભાવના થઈ હતી. બેસતા વર્ષે કમલ સીરિમિકમાં પ્રભુજી સાથે સવારે ૬-૪૦ વાગ્યે ગયા ત્યાં મંગલિકમાં ૪૦૦ જેટલી સંખ્યા થઈ હતી. જીવીબેન કાલીદાસ નગરીયા તરફથી નવકારશી કરાવેલ બાદ ૧૦૮ પાર્શ્વનાથ પૂજન ઠાઠથી તેમના તરફથી ભણાવાયું. ૧૦૮ પાર્શ્વનાથ પ્રભુજીના લેમીનેશન ફોટા જામનગરથી મંગાવ્યા હતા અને સારી ભકિત સાથે ઉલ્લાસ રહ્યો. જીવદયાની

ટીપ પણ સારી થઇ પૂ. શ્રી ૩ દિવસ હિતેષ પ્રેમચંદ કાલીદાસને ત્યાં રોકાયા હતાં.

**બોરસદ નગરે :** ભવ્ય ચૈત્ય પરિપાટી સાધ્વી પાવન યશાશ્રીજીના સિધ્ધિ તપ નિમિત્તે ભવ્ય અઠ્ઠાઇ મહોત્સવ, ઉપધાન તપની આરાધના.

પ. પૂ. આચાર્ય ભગવંત પ્રભાકર સૂરિ. મ. સા. ની પાવન નિશ્રામાં બોરસદ નગરે ૧૧ દિવસ નો ભવ્ય મહોત્સવ થયો જેમાં સિધ્ધચક્ર પૂજન સાધર્મિક વાત્સલ્ય સહિત ભવ્ય મહોત્સવ થયો તેમજ અષ્ટાપદની મહાપૂજા અષ્ટાપદની રચનાા પૂર્વક થયેલ પૂજા ભણાવવા વસોનું મ્યુઝીક મંડળ આવ્યું પાંચે દહેરાસર ભવ્ય ચૈત્ય પરિપાટી સંઘ તરફથી થઇ અંતે રમેશભાઇ વાલવોડવાળાના આંગણામાં ૪૫૦ થી ૫૦૦ જણનું સાધર્મિક વાત્સલ્ય થયેલ.

પાવન યશાશ્રી મહારાજની સિધ્ધિતપ નિમિતે ભવ્ય અઠ્ઠાઇ મહોત્સવ થયો તેમજ છેલ્લે પાવન યશાશ્રીએ દશ ઉપવાસની તપસ્યા કરી આસૌ સુદ તેરસના તપની પૂર્ણાહુતિ નિમિતે બે ભાઇઓ તરફથી ભવ્ય ચૈત્ય પરિપાટી થઇ અને અંતે તપના મહત્વનું વ્યાખ્યાન પૂજ્ય ગુરૂદેવે આપેલ ત્યારબાદ પાંચ સંઘપૂજન તેમજ મૈસુરની પ્રભાવના થયેલ તપસ્વી સાધ્વીજી ના સંસારી પિતાશ્રી ધીરૂભાઇ અમદાવાદથી આવેલ તેમના તરફથી પૂજા ભણાઇ ઉપધાન તપની આરાધના આસો સુદ પૂનમના શરૂ થઇ છે. આઠ વર્ષથી ૭૦ વર્ષના સંખ્યા જોડાઇ છે. સાધ્વીજી શ્રી રમ્યચંદ્રાશ્રીજીએ ઉપધાન તપમાં સારી આરાધના કરાવી રહ્યા છે. સા. સૌમ્યગિરાશ્રીજી સુખશાતામાં છે.

**મલાડ (ઇસ્ટ રત્નપુરી) :** પૂ. પરમશાસનપ્રભાવક સ્વ. આ. ભ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. પ્રવર્તિની સા. શ્રી ધનપ્રભાશ્રીજી મ. ના આજ્ઞાવર્તિની પૂ. સા. શ્રી મણિપ્રભાશ્રીજી મ. આ. સુ. ૬, બુધવાર તા. ૧-૧૦-૨૦૦૩ના રાત્રે ૧૦.૦૫ કલાકે સમાધિ પૂર્વક કાળધર્મ પામ્યા છે.

વિ. સ. ૨૦૦૪ના પોષ સુદ ૬ના શુભ દિવસે પૂ. સ્વ. પ્રવર્તિની સા. શ્રી જયાશ્રીજી મ. ના પરિવારમાં પૂ. સા. શ્રી રત્નપ્રભાશ્રીજી મ. ની પાસે પૂ. સા. ચન્દ્રપ્રભાશ્રીજી મ. ના શિષ્યા બની સા. શ્રી મણિપ્રભાશ્રીજી મ. ના નામે તેઓશ્રીએ સંયમજીવનની આરાધનાનો મંગલ પ્રારંભ કર્યો હતો. સ્વ. પૂજ્યપરમારાધ્યપાદશ્રીની પરમતારક નિશ્રા; અને પોતાના પૂ. ગુરૂણીજી મ. ની સંયમૈકલક્ષી શિક્ષાના અચિન્ત્ય સામર્થ્યશ્રી ખૂબજ ઉલ્લાસથી રત્નત્રયીની સાધનામાં તેઓશ્રી નિરત બન્યા હતા. હાલાર દેશના નાના ગામડા સ્વરૂપ ચેલામાં જન્મ્યા હોવા છતાં સુંદર ભવિતવ્યતાએ સંયમ જીવનની સાધનામાં તત્પર બનવાનું સદ્ભાગ્ય તેઓશ્રી પ્રાપ્ત કરી શક્યા હતાં. વે. સં. ૨૦૩૭ થી અમારા પરમોપકારી સ્વ. પૂજ્યપાદ આ. ભ. શ્રી વિ. અમરગુપ્ત સૂ. મ. સા. (તે વખતે પૂ. મુનિમહાત્મા) ની પરમતારક છત્ર છાયામાં તેઓશ્રીની પુણ્યનિશ્રાએ અમને સૌને સંયમ જીવનની આરાધના કરવાનો પુણ્ય અવસર પ્રાપ્ત થયો હતો. છેલ્લા ત્રણ વર્ષથી પૂજ્યપાદ આ. ભ. શ્રી વિ. ચન્દ્રગુપ્ત સૂ. મ. સા. ની છત્ર છાયામાં તેઓશ્રીની સાથે અમે રત્નત્રયીની આરાધના કરી રહ્યા હતા... અવસરે અવસરે પ્રાપ્ત થતી હિતશિક્ષા થી સુંદર સમાધિ પૂર્ણ રત્નત્રયીની આરાધનામય જીવન જીવીને સ્વ પર કલ્યાણને સાધવામાં તત્પર તેઓશ્રી આજે અમારા માટે સ્મૃતિશેષ થયા છે.

છેલ્લા કેટલાય વર્ષથી તેઓશ્રીનું શરીર હાર્ટ અને કીડની વગેરે રોગોથી ગ્રસ્ત તો બન્યું જ હતું આમ છતાં અવસરોચિત ઉપચારથી નભી જતું હતું. પરન્તું ગઇ રાત્રિએ નહીં જેવી સામાન્ય તકલીફનો અનુભવ કરતા તેઓશ્રી કાલધર્મ પામ્યા. સહવર્તિ સાધ્વીઓની વૈયાવચ્ચ મલાડ-રત્નપુરી વગેરે શ્રી સંઘના આરાધકોની અપ્રમત્ત સેવા અને ડોકટરોએ કરેલા નિઃસ્વાર્થ ઉપચારો ખરેખર જ વિસરી શકાય એવા નથી.

અન્તે આ રીતે ઉત્તરોત્તર સંયમ જીવનની વિશુધ્ધ આરાધનાથી પોતાના આત્માને પરમશુધ્ધ બનાવવા તેઓશ્રી સમર્થ બને એવી પરમકૃપાળું શાસનદેવ પ્રત્યે પ્રાર્થના કરી વિરમું છું.

*લિ. સાધ્વી શ્રી પરમપ્રભાશ્રીની વંદના*

**બેંગલોર-બસવેસ્વરનગર :** અત્રે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં શાહ કાલીદાસ હંશરાજ નગરીયા પરિવાર સનરાઇઝ ગ્રુપ તરફથી પૂ. આચાર્ય દેવશ્રી ની બેંગલોર પધરામણી તથા ચિ. મનીષકુમાર રમેશચંદ્રના લગ્ન તથા પૌત્ર ચિ. દેવકુમાર દિવ્યેશકુમારના જન્મ તથા નૂતન ગૃહ પ્રવેશ નિમિતે તેમને ઘેર ૧૧/૨૩, ૨૦મો મેઇન રોડ, વેસ્ટ ઓફ ક્રોસ રોડ, રાજાજીનગરમાં ભવ્ય ઉત્સવ યોજાયો. કારતક સુદ - ૬ ગુરૂવારના પૂ. શ્રી પધાર્યા. સંઘ નવકારશી કરાવી બાદ પ્રવચન થયું.

બપોરે ૨॥ વાગ્યે શ્રી અભિષેક મહોત્સવ ઘણા ઉત્સાહથી ઉજવાયો. સુદ-૭ શુક્રવારે સવારે ૯ વાગ્યે શ્રી સિધ્ધચક્ર મહાપૂજન ઠાઠથી ભણાવાયું. વિધિકાર અધ્યાપક અલ્પેશભાઇ તથા સંગીતકાર નાકોડા ભેરવભક્તિ મંડળ રાજાજી નગરથી પધારેલ જીવદયાની ટીપ સારી થઇ. બહાર ગામથી સારા પ્રમાણમાં મહેમાન પધાર્યા હતા. ખૂબ ઉત્સાહથી ઉત્સવ ઉજવાયો.

**બેંગલોર :** અત્રે બસવેસ્વરનગરમાં પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. આદિ ઠા. ૪ તથા પૂ. સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. આદિ ઠા.-૪નું ચાતુમાર્સ પરિવર્તન શાહ

અશોકભાઈ વચંદ સાવલા નવાગામ વાળાને ત્યાં થયું. મોટી સંખ્યામાં ભા વેકો આવી ગયા હતા. તેમજ ત્યાં ગહુલી વિગેરે કરી. તેમને ત્યાં બાંધેલ શત્રુંજય પટ્ટ જુહારવામાં આવ્યો. માંગલિક પછી તેમણે કામળી વિ. વહોરાવી ખુશી ભેટ જાહેર કરી હતી. બા સંઘને નવકારશી કરાવી હતી. ૧૦ વાગ્યે પ્રવચન પ્રભાવના વિ થયા હતા.

**શ્રી લક્ષ્મેશ્વર નગરમાં પ્રતિષ્ઠા અને પ્રભાવના**

પૂ.પા. શ્રી લબ્ધિ ભુવનતિલક સૂરી.પટ્ટાલંકાર વર્તમાન ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રી વિજય અશોકરત્ન સૂ.મ., પૂ. આચાર્યવર્ય શ્રી વિજય અમરસેન સૂ.મ. અને પૂ. સા. શ્રી જિતેન્દ્રશ્રીજી મ. આદિની પાવન નિશ્રામાં વિવિધ તપ આરાધના પૂ.સા. શ્રી મલય કીર્તિશ્રીજી મ. ની વ.તપની ૧૦૦મી ઓળીની આરાધના અને શ્રી નાકોડા ભૈરવ શ્રી પદ્માવતી માતાજીની આસો સુદ ૭ના પ્રતિષ્ઠા નિમિત્તે શ્રી ઉવસગ્ગહરં પૂજન ૧૮ અભિષેક, શ્રી શાન્તિસ્નાત્ર અને ચાર સ્વામી વાત્સલ્ય સાથ પાંચ દિવસનો મહોત્સવ ઉજવાયો વિધાન માટે બેંગલોરથી શ્રી સુરેન્દ્રભાઈ, શ્રી અશોકભાઈ ભક્તિ ભાવના માટે ચેતન એન્ડ ઉમેશ પાર્ટીએ ભકિત રસનો રંગ લગાવ્યો હતો.

શ્રી નાગતવાડ જૈન સંઘે આવતાં ચોમાસાની વિનંતી કરી હતી. આયંબિલની ઓળી પારણા પ્રભાવના દીપાલી પર્વની આરાધના.

નૂતન વર્ષારંભ દિવસે પૂ. ગુરુ મ.નું માંગલીક શ્રી ગૌતમ સ્વામીનો રાસ સાંભળી ગુરુ પૂજન કરી માણેક લાડુ દહેરાસરમાં ચડાવી પછી અલ્પાહાર.

શ્રી જ્ઞાન પાંચમની આરાધના થઈ.

કા. શુ ૧૦ના નવા સ્થાનક ભવનના ઉદ્દ્ઘાટન નિમિત્તે સવારના અલ્પાહાર, શુભ સમયે સ્થાનક ભવનનું ઉદ્દ્ઘાટન શ્રી કુંભસ્થાપના, ગુરુ મ.નું વ્યાખ્યાન પછી સ્વામી વાત્સલ્ય.

કા.શુ. ૧૪ના ચૌમાસી પર્વ આરાધના, સુદ ૧૫ના પૂ. ગુરુ મ.નું ચાતુર્માસ પરિવર્તન, શ્રી શત્રુંજય પટ્ટદર્શન અલ્પાહાર, શ્રી જૈન શ્વે. સંઘે આવતાં ચોમાસાની અને શ્રી ઉપધાન તપ કરાવાની વિનંતી કરી હતી. પૂ.આ.મ.એ કા. વદ ૨ના કાવેરી તરફ વિહાર કર્યો છે.

**ભીવંડી મધ્યે શુભશાન્તિમાં ચાતુર્માસ પરિવર્તન**

પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજના શિષ્યો સુભશાન્તિમાં ચાતુર્માસ બિરાજતાં પ્ર.પૂ.મુ. શ્રી યોગીન્દ્રવિજયજી મ. તથા પૂ. મુનિ શ્રી અવિચલેન્દ્રવિજયજી મ.નું ચોમાસામાં સમય અનુસાર આરાધના સુંદર થઈ છે.

ચોમાસા પરિવર્તનનું લાભ લેનાર નાનીરાફુદડવારા નેમચંદ રાજપાળ, વેલુબેન નેમચંદ પરિવારના સુપુત્રો જયંતિભાઈ તથા મુલચંદભાઈ તથા અશોકભાઈ તથા હેમંતભાઈ તથા પ્રકાશભાઈ પૂજય ગુરુ ભગવંતોને તથા સાધ્વીજી મહારાજને સંયમ ઉપકરણો વહોરાવેલ, તથા દરેક પરિવારે ચાંદીના સિક્કાથી ગુરુપૂજન કરેલ તથા શત્રુંજય પટ્ટના દર્શન કર્યા બાદ સેવ બુંદીની પ્રભાવના કરી હતી ત્યારે ડાયમંડ પાર્કમાં બેન્ડની સુરાવલી સાથે તેમને ઘરે પધારેલ પાંચસો ભાવિકો સાથે હતાં. પૂ. મુ. શ્રી અવિચલેન્દ્ર વિજયજી મહારાજે ચોમાસા પરિવર્તનનો મહિમા તથા કાર્તિક પુનમનો મહિમા સમજાવેલ. વ્યાખ્યાન બાદ નેમચંદ રાજપાળ તરફથી પાંચ રૂપિયાનું સંઘપૂજન થયેલ તથા મગનલાલ જીવરાજ મોદી તરફથી એક રૂપિયાનું સંઘપૂજન થયેલ તથા તેમના તરફથી નાનીરાફુદળના આખા સંઘને તથા સગાવાલા તથા મહેમાનોને સ્વામિ વાત્સલ્ય થયેલ ને પાંચસો પચીસ ભાઈઓ અને બહેનોએ લાભ લીધો હતો. ઘણો ઉત્સાહ હતો.

**અહમદાવાદથી સૌ પ્રથમવાર પૌષધધારી છ'રિપાલકની પૂર્ણાહુતિ**

પ.પૂ. દાનેશ્વરી આ. ગુણરત્નસૂરિજી મ.ના શિષ્ય પંન્યાસશ્રી રવિરત્ન વિજયજી મ.સા.ની શુભ નિશ્રામાં રાજનગર અહમદાવાદથી સૌપ્રથમવાર પૌષધધારી છ'રિપાલક સંઘનું આયોજન જૈન સોસાયટી જૈન સંઘથી કલિકુંડ તીર્થનો ૩ દિવસનો સંઘ ભવ્ય રીતે સંપન્ન થયો હતો તેમાં ૧૧ સાધુ સાધ્વીજી ભગવંતો, ૫૮ ભાઈઓ, ૮૨ બહેનો, કુલ ૧૫૧ આરાધકો સારી આરાધનાકરી કલિકુંડ તીર્થમાં જૈન સોસાયટી જૈન સંઘ અને યાત્રિકો તરફથી આયોજકોનું બહુમાન કર્યું પૂજ્યશ્રી અત્રેથી વિહાર કરી પાલિતાણા નવાણુ માટે વિહાર કરશે. સાબરમતી ધર્મશાળામાં રોકાશે. સજ્ઝાય માળા ભાગ ૧-૨નું વિમોચન થયું હતું. સાધુ સાધ્વીજી મ.સા.ને જિનગુણ આરાધક ટ્રસ્ટ, ૧૫૧ ગુલાબવાડી મુંબઈ-૪થી ભેટ મળશે.

**દાદર આરાધના ભવન મુંબઈ :** અત્રે પૂ. ગણિવરશ્રી વિમલ પ્રભ વિ. મ. આદિની નિશ્રામાં બાળકો માટે અભ્યાસક્રમ રાખેલ છે. વિદ્યાર્થીઓ સારી સંખ્યામાં જોડાય છે.

**વિજયવાડા (એ.પી.) :** અત્રે બિરાજમાન પૂ.આ. શ્રી વિજયસુશીલ સુરીશ્વરજી, પૂ.આ.શ્રી વિજય નરોત્તમ સૂ. મ. આદિનું ચાતુર્માસ બેંગલોર ચીકપેટ નક્કી થયું છે.

**બેંગલોર રાજાજીનગર :** અત્રે પૂ. આ.શ્રી વિજયહેમપ્રભ સુરીશ્વરજી મ.ના આજ્ઞાવર્તી પૂ.સા.શ્રી વિરતિધરાશ્રીજી મ. આદિની પાસે ભરુચ નિવાસી મુમુક્ષુ જિનાજ્ઞાકુમારીની દીક્ષા તા. ૨૦-૧૧-૦૩ના થઇ. પૂ.આ.શ્રી નિત્યાનંદ સુરીશ્વરજી મ.ના હસ્તે થઇ, રાજાજીનગરમાં આ સૌ પ્રથમ દીક્ષા હતી. પાંચ દિવસનો મહોત્સવ, ભવ્ય વરઘોડો, બે સાધર્મિક વાત્સલ્ય વિ. ભવ્ય કાર્યક્રમ ઉજવાયો.

**બીજાપુર (કર્ણાટક) :** અત્રે પૂ. આ. શ્રી વિજય જયકુમાર સુરીશ્વરજી મ. તથા પૂ.આ. શ્રી વિજય મુક્તિ પ્રભ સુરીશ્વરજી મ. તથા પૂ.ઉ. શ્રી અક્ષયવિજયજી મ. આદિની નિશ્રામાં ઉપધાન પૂર્ણ થતાં માગસર સુદ ૪, માળનો વરઘોડો ભવ્ય નીકળ્યો અને માગસર સુદ ૫ના માળારોપણ થયું. ૩૫ પુરૂષો અને ૫૮ બહેનો ઉપધાનમાં હતાં, ૭૦ માળ હતી. ઉત્સાહ ખૂબ હતો.

**ભાયંદર વેસ્ટ:** અત્રે જી-૯, વેંકટેશ પાર્કમાં શ્રી સંઘમાં પૂ. પંડિતશ્રી કનકસુંદર વિજયજી મ. ની નિશ્રામાં ચોમાસાની સુંદર આરાધના થઇ. વિવિધ તપસ્યાઓ થઇ.

**ભાભર (ઉ.ગુ.) :** અત્રે પૂ. આ. શ્રી વિજય સોમસુંદર સૂરીશ્વરજી મ. નિ નિશ્રામાં વર્ષાવાસની થયેલ વિવિધ આરાધનાના અનુમોદનાર્થે જિનેન્દ્ર ભક્તિ સ્વરૂપ નવા હ્નિકા મહોત્સવ કા. સુ. ૫ થી કા. સુ. ૧૩ સુધી શાંતિસ્નાત્ર તથા ૧૦૮ પાર્શ્વનાથ પૂજન અને ભવ્યાતિભવ્ય ચૈત્ય પરિપાટીઓ સહિત ઉજવાયું.

**બોટાદ (ભાવનગર) :** અત્રે પૂ. આ. શ્રી વિજયકુંદકુંદ સૂરીશ્વરજી મ. નિ નિશ્રામાં પ્રભુ મહાવીર નિર્વાણ કલ્યાણકની તથા પૂ. આ. શ્રી વિજય નેમિ સૂરીશ્વરજી મ. સા નિ ૫૪મી પુણ્ય તિથિની ભવ્ય ઉજવણી થઇ હતી. પૂ. આચાર્ય દેવશ્રીજીના ગુણાનુવાદ કર્યા હતા. બાદ શ્રી સંઘ તથા કુસુમબેન ચંદુલાલ બગડયા તથા જેચંદભાઇ વિઠ્ઠલદાસ શાહ રાજકોટ વાળા તથા ગુરૂભક્તો તરફથી સંઘ જમણ થયું હતું. ઘણા ભાવિકોએ લાભ લીધો હતો.

**મલાડ (ઇસ્ટ રત્નપુરી) :** અત્રે પૂ. આ. શ્રી વિજયચંદ્રગુપ્ત સૂરીશ્વરજી મ. નિ નિશ્રામાં ચાતુર્માસ દરમ્યાન થયેલ આરાધનાની અનુમોદનાર્થે તથા પૂ. સા. શ્રી મણિપ્રભશ્રીજી મ.ના સુદીર્ઘ સંયમની અનુમોદના માટે કા. સુ. ૧૧ થી વદ દ્વિ ૧સુધી શાંતિસ્નાત્ર આદિ સહિત મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો.

**ગીરધરનગર (અમદાવાદ) :** અત્રે પૂ. આ. શ્રી વિજયનરચંદ્ર સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજયશ્રેયાંશ પ્રભ સૂરીશ્વરજી મ. નિ નિશ્રામાં પૂ. સાધુ- સાધ્વીજી વૃંદમાં થયેલ અનેકવિધ મહાતપો તથા સંઘના થયેલ આરાધનાની અનુમોદનાર્થે શ્રાવક કર્તવ્યોની ઉજવણી સ્વરૂપે આગમ પૂરૂપે ઘોડ તેમજ ૪૫ આગમ સૂત્રના ઘોડ સહિત ૧૦ હ્નિકા ભવ્યાતિભવ્ય મહોત્સવ કા. સુ. ૭ થી કા. સુ. ૧૫ સુધી ભવ્ય રીતે ઉજવાયો. કારતક વ. (પ્ર.) ૧ રવિવાર તા. ૯-૧૧-૨૦૦૩ સાબરમતિ સ્મૃતિ મંદિરની પદયાત્રામાં રાખેલ હતી.

જૈન સિદ્દાંત અને રક્ષા માટેનું અઠવાડિક

શ્રી જૈન શાસન

શ્રી મહાવીર શાસન માસિક

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦, આજીવન રૂા. ૧૦૦૦    પરદેશમાં વાર્ષિક રૂા. ૫૦૦, આજીવન રૂા. ૬૦૦૦

જૈન બાલ શાસન

ગુજરાતી ❖ હિન્દી ❖ અંગ્રેજી

પાંચ વર્ષના રૂા. ૨૫૦, આજીવન રૂા. ૭૫૦

પરદેશમાં પાંચ વાર્ષિક રૂા. ૧૫૦૦, આજીવન રૂા. ૪૦૦૦


મુનિએ ઉપહાસ કરતા વિશાખાનન્દીને જોયો તો સામે દબાયેલ ક્રોધની અગ્નિ ભડકી ઉઠી !
દુષ્ટ ! વિશાખાનન્દી ! હું રાજપાટ છોડીને સાધુ બની ગયો છું. ત્યારે જ તું ભૂતની જેમ મારી પાછળ પડયો છે ? મારી સહનશીલતાને ગરીબતા સમજતો નહી, મૂર્ખ !
૩૮
ક્રોધમાં ગરમ થયેલ મુનિએ ગાયના બન્ને સીંગોને હાથથી પકડયો અને ધુમાવીને આકાશમાં ઉછાળ્યો અને બોલની જેમ હાથમાં પાછા પકડી લીધા.
૩૯
વિશાખાનન્દી ભાગ્યો !
અપમાનથી ક્રોધિત વિશ્વભૂતિએ પડકારો કર્યો -
જો મારા કરેલ તપનું કોઈ ફળ હોય તો આગલા જન્મમાં હું મહાન પરાક્રમી શક્તિશાળી રાજા બનીને તારો બદલો લઈશ.
૪૦
આવી રીતે ક્રોધના કારણે વિશ્વભૂતિએ વર્ષો ની તપસ્યાના ફળને વ્યર્થ કરી દીધું.
વિશ્વભૂતિનો જીવ આયુષ્ય પૂર્ણ કરી દેવ બન્યો.
૪૧

# પરિમલ

- પૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

* આજે પાપનો ડર પણ રહ્યો નથી. પાપ થાય, એ હજી નભાવી લેવાય, પરંતુ પાપના ડરનો અભાવ તો કઈ રીતે નભાવી લેવાય ? પાપનો ડર ઘટી ગયો, એનો જ વિપાક આજે એ આવ્યો કે, ધર્મ પણ પાપની પુષ્ટિ માટે થવા માંડ્યો. પાપ કરતાય આવું ધર્મપુણ્ય વધુ નુકશાનકારક બને તો નવાઈ નહિ.

* પૈસા હોય, તો દાન થાય, માટે દાન કરવા પૈસા કમાવા જ જોઈએ, આવી માન્યતા અજ્ઞાનના અને પાપના ઘરની માન્યતા છે. આમાં દાન તરફી નહિ, લોભ તરફી પક્ષપાત છતો થાય છે. કાદવ ચોંટ્યો હોય, તો તેને ધોવાની આવશ્યકતા ઊભી થાય. પણ આવી આવશ્યક્તા ઊભી કરવા માટે પગને કાદવથી ખરડવામાં ડહાપણ નથી. પરિગ્રહના પાપનું પ્રાયશ્ચિત કરવા દાન કરવાનું છે. પરંતુ આવા પ્રાયશ્ચિત્તનું પુણ્ય પેદા કરવા માટે પરિગ્રહનું પાપ કપાળે ચોંટાડવું, એ તો ગાંડપણનો ધંધો કહેવાય.

* સૌને સુખ આપવું, એ શક્ય નથી, પરંતુ કોઈનેય દુઃખ ન દેવું, એ શક્ય છે, માટે જ દુઃખ ન આપવું, એ ધર્મ ગણાય છે. હિંસા ન કરવી, એ ધર્મ, જૂઠું ન બોલવું, એ ધર્મ.

* જૈનશાસનનું સાધુપણું તો મહામૂલું છે જ. પરંતુ શ્રાવકપણું અને સમકિતીપણું પણ કઈ ઓછું મૂલ્યવાન નથી. ઘણી ઘણી વીરતા કેળવ્યા બાદ શ્રાવક અને સમકિતી બની શકાય છે. સંસારમાં રહે અને સંસારની સામે લડે, એ શ્રાવક અને એ સમકિતી ! મોહના ઘરમાં રહીને મોહની સામે મોરચો માંડવામાં કેટલું બધું પરાક્રમ જોઈએ ? આવું પરાક્રમ આવ્યા બાદ જ શ્રાવક બનાય અને સમકિતી બનાય

* આસક્તિ પૂર્વક સુખનો ભોગવટો કરનારો પોતાની મૂડી સાફ કરતો હોય છે અને સમાધિપૂર્વક દુઃખનો ભોગવટો કરનારો પોતાનું દેવું ચૂકતે કરવા પૂર્વક નવી કમાણી પણ કરતો હોય છે, આવું જાણ્યા બાદ ક્યો શાહુકાર સુખમાં મસ્ત અને દુઃખ આવતા ત્રસ્ત બને ?

* શુદ્ધ આશય પૂર્વક ધર્મ કરનારને પ્રાયઃ સુખસામગ્રી ઊંચામાં ઊંચી મળે, એ એનો સાથ પણ છોડે નહિ, સાથે સાથે વૈરાગ્યનો ચોકીદાર પણ એની રક્ષા કરવા સતત સજ્જ રહે. આમ શુદ્ધ-આશયથી ધર્મ કરવાનું જે ફળ મળે છે, એનું તો વર્ણન જ થાય એમ નથી.

* જ્ઞાનીઓએ મહાપરિગ્રહને ઠેર ઠેર દુર્ગતિના દ્વાર તરીકે ઓળખાવ્યો છે, પણ ક્યાંય દરિદ્રતાને દુઃખની દૂતી તરીકે ઓળખાવી નથી. બોલો, તમારે હવે અન્યાય-અનીતિના પાપો કરીને શ્રીમંત કહેવડાવવું છે કે ન્યાયનીતિ સાચવતા સાચવતા દરિદ્ર રહેવું પડે, એ તમને પસંદ છે ? દરિદ્રતા પાપોદયથી આવે છે, પણ એને જો ભોગવતા આવડી જાય, તો એ કલ્પવેલડી બની જશે. શ્રીમંતાઈ પુણ્યોદયથી પ્રાપ્ત થાય છે, પણ એના ભોગવટામાં ભાન ભૂલી જવાય, તો એ વિષ-વેલડી બની જાય.

જૈન શાસન અઠવાડીક ● માલિક : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતા – ગેલેક્સી ક્રિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

नमो चउविसाए तित्थयराणं उसभाइ महावीर पज्जवसाणाणं

# જૈન શાસન

**અઠવાડિક**

आचार्य श्री कैलास सागर सूरि ज्ञान मंदिर
श्री महावीर जैन आराधना केन्द्र
कोबा, जि. गांधीनगर, पीन-३८२००९

## શાસન અને સિદ્ધાંત રક્ષા તથા પ્રચારનું પત્ર

*સ્થિત આત્મા ક્યારે?*

नारीसु नोवगिज्झेज्झा, इत्थी विप्पजहे अणगारे ।
धम्मं च पेसलं णच्चा, तत्थ ठविज्ज भिक्खु अप्पाणं ॥
(શ્રી ઉત્તરા. અધ્ય. ૮, ગા. ૧૯)

અણગાર સ્ત્રીઓનો સંસર્ગ છોડે અને તેમાં મૂર્ચ્છિત ન થાય
ભિક્ષુ- સાધુ ધર્મને સુંદર- મનોહર જાણી તેમાં જ
પોતાના આત્માને બરાબર સ્થિર કરે.

**શ્રી જૈન શાસન કાર્યાલય**

**વર્ષ ૧૬** **અંક ૭**

શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર,
(સૌરાષ્ટ્ર) INDIA. PIN - 361 005
PHONE : (0288) 770963

# 'સુશીલ સંદેશ'

## કરૂણા નિધાન ભગવાન મહાવીર – હપ્તો–૭.

દેવલોકથી આયુષ્ય પૂર્ણ કરી અઢારમાં ભવમાં ભગવાન મહાવીરનો જીવ પોણનપુરના રાજા પ્રજાપતિની રાણી મૃગાવતીના ગર્ભમાં આવ્યો. રાણીએ સાત શુભ સ્વપ્ન જોયા.




રાણીએ એક તેજસ્વી પુત્રને જન્મ દીધો. પીઠ ઉપર ત્રણ રેખાઓ જોઈને તેમનું નામ ત્રિપુષ્ઠ રાખવામાં આવ્યું.




પૂર્વ જન્મની તપસ્યાના ફળસ્વરૂપ ત્રિપુષ્ઠ કુમાર અદ્ભૂત પરાક્રમી, સાહસી અને તેજસ્વી રાજકુમાર બન્યો.




તે સમયે રત્નપુર મેં અશ્વગ્રીવ નામના પ્રતિવાસુદેવ રાજા પોતાની સેનાના બળ પર આસપાસના રાજાઓ પર અધિકાર જમાવેલ છે. તેમણે ભરત ક્ષેત્રના ત્રણે ખંડો પર પોતાના એક છત્રી રાજ્ય સ્થાપિત કર્યું હતું.



आज्ञाराद्धा च. शिवाय च भवाय च

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

1065

# જૈન શાસન

(અઠવાડીક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૬ ) * સંવત ૨૦૬૦ માગસર વદ - ૭ * મંગળવાર, તા. ૧૬-૧૨-૨૦૦૩ (અંક : ૭

## પ્રવચન પાંસઠમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

સં ૨૦૪૩, આસો વદિ-દ્વિ.-૫, સોમવાર, તા. ૧૨-૧૦-૧૯૮૭
શ્રી ચંદનબાલા જૈન ઉપાશ્રય, મુંબઈ - ૪૦૦ ૦૦૬.

પૂ.આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

*ગતાંકથી ચાલુ...*

(શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના -અવ.)

पिर मायऽवच भज्जा सयणधणा
सबलतित्थिमंतिनिवा ।
नायर अहमपमाया परमत्थभयाणि जीवाणं ॥

સંસારની સુખ-સાહ્યબી સંપત્તિ સારા છે, મેળવવા જેવા છે, ભોગવવા જેવા છે, ભોગવવામાં મજા આવે તેને સર્વવિરતિ, દેશવિરતિ કેસમકિતીનો કોઈ પરિણામ પેદા ન થાય. માટે જ દ્રવ્યચારિત્ર પણ સંસાર વધારનારું બને. તેમાં અપ્રધાન અને પ્રધાન બે ભેદ છે. આગળનો ગુણ વધારે તે સારું કે આગળનો ગુણ ન વધારે, ગુણ હોય તે ય રવાના કરે તે સારું ? ધર્મ કરીને શું જોઈએ છે ? શા માટે ધર્મ કરો છો તેમ કોઈ સંબંધી પૂછે તો કહો કે - 'તારા સંબંધથી છૂટવા કરું છું.'! દુઃખથી બચવા ધર્મ કર્યો, તો દુઃખથી બચ્યા અને સુખ પણ મળ્યું પણ પછી શું કરો ? સુખ મજેથી ભોગવો તો શું થાય ? તે ધર્મ નથી તેમ સમજાયું છે ? ધર્મ કરે પણ ધર્મ આત્માને સ્પર્શ્યો નથી. લાખોના દાન કરનારને લક્ષ્મી છોડવા જેવી ન લાગે ધર્મ કહેવાય ? આજે તો તેનું પાટીયું ન લાગે તો તેને દાન નકામું લાગે.

પ્ર. - ચરમાવર્ત્તમાં આવેલા ભારેકર્મી દ્રવ્યચારિત્ર પામે ?

ઉ. - હા. તે ય અપ્રધાન કોટિનું.

પ્ર. - તે ભારેકર્મ હલકું ક્યારે થાય ?

ઉ. - કાળ પાકે તો. કાળ પકવવા મહેનત કરવાની. અભવ્યો, દુર્ભવ્યો અને ભારેકર્મી ભવ્ય જીવો વાસ્તવિક ધર્મ માટે પુરૂષાર્થ કરે જ નહિ. એક પુદ્ગલ પરાવર્ત્તકાળથી ઓછો સંસાર બાકી હોય. ત્યારે જ મોક્ષની ઈચ્છા થાય. કર્મ ઘટાડવા શું કરવું તે વિધિ શાસ્ત્રે બતાવી છે. કર્મ ઘટાડવા ધર્મ કરવાનો છે પણ ખૂબ ખૂબ પુણ્યકર્મ બાંધી મોજમજા ધર્મ કરવાનો જ નથી - આ વાત સમજાય છે ? દુઃખ ન મળે, સુખ મળે તે માટે ધર્મ કરે અને સુખ મળ્યા પછી તેમાં જ મજા કરે તો જાય કયાં ? પછી તો એવાં એવાં દુઃખ ભોગવવા પડે જેનું વર્ણન ન થાય. એવી ગતિમાં ભટકવું પડે કે સંખ્યાત, અસંખ્યાત કે અનંતકાળ પણ જાય. શી મરજી છે ?

આપણે હવે વહેલામાં વહેલા મોક્ષમાં જ જવું છે કે, હજી સંસારમાં ભટકવું ? રોજ થાય કે - "મોક્ષ વિના મારા માટે કોઈ જ સ્થાન નથી. આ સંસાર મારું ઘર નથી, મોક્ષ જ મારું સાચું ઘર છે. આ સંસાર તો

રખડાવનાર છે. મોટેભાગે દુર્ગતિમાં જ ભટકવું પડે. સુખ જેટલી મજેથી ભોગવ્યું તો તેનું ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે દુઃખ ભોગવવું પડે. સુખ મજેથી ભોગવું અને દુઃખ મજેથી ન ભોગવું તો કલ્યાણ ન થાય. સુખનો ભોગવટો કરવો તે જ દુઃને આમંત્રણ આપવા જેવું છે.''

સારું ઘર, સારી પેઢી, મોજમજાનાં બધાંજ સાધનો જોઈએ તે મૂખ કહેવાય કે ડાહ્યો ? ધર્મી થઈને મૂરખા ન બનો. અધર્મી તો મૂરખા હોય પણ ધર્મીય તેવા હોય તે ચાલે ? બંગલો સારો લાગે તો બહુ મોટી દુર્ગતિમાં જવું પડે તેમ હૈયાથી બોલો. સારામાં સારા બંગલામાં બેઠેલો પણ ધર્મી તે બંગલાથી છૂટવાની જ મહેનત કરે જ્યારે અધર્મી તેવા બંગલા મેળવવાની મહેનત કરે. એવા ધર્મી છે, જે દરિદ્રી છતાં મજામાં છે, ધાર્યો ધર્મ કરી શકે છે. આજના સુખીની તેમને દયા આવે છે કે -''બિચારો ! મંદિર-ઉપાશ્રયે પણ આવી શકતા નથી તો તેવા સુખની શી કિંમત છે ?'' **ધર્મ પામેલા જીવને દુનિયાના લોકોને જે ગમે, તે ન જ ગમે.** સંસાર છોડવાની અને મોક્ષે ઝટ જવાની જેના હૈયામાં ઈચ્છા જ ન હોય તેને ધર્મ પરિણામ પામ્યો નથી અને પામવાનો પણ નથી. ધર્મ કરવો તે જુદી ચીજ છે અને ધર્મ પરિણામ પામવો તે જુદી ચીજ છે. દુનિયાની સુખ સામગ્રી માટે ધર્મ કરે તેને ધર્મ ન ગમે - ધર્મ પરિણામ ન પામે પણ માત્ર સુખસામગ્રી જ ગમે. તમને ધર્મ ગમે કે સુખ ગમે ? તમે કહો કે, અમને સુખ ગમે છે તો સમજી લેવું કે, હજી ધર્મ પામ્યા નથી. વિરતિનું મન પણ થયું નથી. વિરતિનું મન પણ નથી તેનું દુઃખ પણ નથી તેથી સમ્યૂત્વ પણ આવ્યું નથી, તે નથી આવ્યું માટે ગ્રન્થિ પણ ભેદાઈ નથી તેથી હજી ઘણું ઘણું રખડવાનું બાકી લાગે છે. આવો વિચાર આવે છે ખરો ?

ધર્મ નહિ પામવા દેનાર ખરો અંતરાય કરનાર હોય તો તે મોહ છે. મોહ શાથી છે ? કર્મો વળગ્યા છે માટે. મોહ જાય નહિ તો કોઇ કર્મો જાય નહિ. તે બધાં જ કર્મો જાય તો જ ઠેકાણું પડે. સંસાર કર્મના યોગે છે. પુણ્યકર્મના યોગે સારી ચીજ મળે તો તેમાં રાગ ન થવો જોઈએ, ખરાબ -અહિત કરનારી લાગવી જોઈએ અને પાપકર્મના યોગે ખરાબ ચીજ મળે તો દુઃખ ન થવું જોઈએ અને પાપકર્મના યોગે ખરાબ ચ જ મળે તો દુઃ ન થવું જોઈએ. સુદેવ-સુગુરુ-સુધર્મ-તે ાં સાધનો અને તેમાં સહાય કરનારા આત્માઓ - તે વિ ાનું બીજું બધું ખોટું છે - આને જ સમ્યક્ત્વની મનશુ઼ ્દ્ર કહી છે. શ્રી જિન અને શ્રી જિનમત વિના બધુ ખ ોટું છે - જૂઠું છે.-આ વાત બેસી છે ? આ વાત ક નને ગમે પણ હૈયામાં ન ઉતરે તો સમજી લેવું કે, કર્મો હજી ઘણાં ભારે છે.

સભાઃ એમ જ કહોને કે ભારે કર્મી છીએ.

ઉ : આ સમજ્યા પછી ભારેકર્મીપણું ખ ટકે છે ? ખટક કોને કહેવાય ? ભારેકર્મીપણું કાઢવાની મહેનત કરે તો તે મહેનત કયારે શરૂ થાય ? દુનિયાનું ુખ ભૂંડું લાગે અને દુઃખ સારું લાગે તો દુનિયાની સુ ા-સંપત્તિ ભૂંડી ન લાગે તો આ મહેનત થાય નહિ. સુખ , સુખમાં ફસી ગયો છે તેમ માને તો બચાવવા મહેનત થાય પણ તેમાં જ મજા માને તો ?

મોહ ભૂંડો લાગે છે ? મોહ ભૂંડો લગાવવા ધર્મ કરો છો કે મોહ પોષવા ધર્મ કરો છો ? મોહ ારો લગાવવા ધર્મ કરે તે ધર્મ પામે પણ નહિં. મોહ ભ ડો કો ને લાગે ? સંસાર આત્માનું ભયંકર અહિત કર ાર લાગે તેને. તમને આ સંસાર કેવો લાગે છે ? તમે સુખી હો અને સુખમાં જ મજા કરતા હો ? તેવા સુખની અમનેય ઇચ્છા થાય તો અમે પણ સાધુ ખરા ? તમને ય સુખીને જોઇને સુખી થવાનું મન થાય પણ ધર્મીને જોઇ ને ધર્મ કરવાનું મન ન થાય તો ધર્મી ખરા ? ધર્મીને જોઇ ને ધર્મ કરવાનું મન થાય કે પૈસાવાળાને જોઇને પૈસા કમા ાનું મન થાય. તે આત્માને પૂછો. તમને શું ગમે છે ? દિવસે દિવસે તમારો ધર્મ ઘટતો જાય છે કે વધતો જાય છે ? આ ધર્મ પામવો ય કઠીન, કરવો ય કઠીન અને સ ાચવવો કઠીન. પામેલો ધર્મ ન જવા દેવો હોય તો બહુ જ સાવધ રહેવું પડે. વેપારી વેપારના ટાઇમ સાચવીને બધું કરે તો વેપારમાં ફાવે. તેની માન્યતા એવી કે, પૈસા કમાવા હોય તો પેઢી સારી રીતે ચાલવી જોઈએ-આ વાત હૈયામાં છે તેમ આપણા હૈયામાં, ધર્મ સારામાં સારો કરવો તેમ છે ? વહેલામાં વહેલા મોક્ષે જવું તો ખૂબ ધર્મ કરવો તે વાત બેસી છે ?

ઘર-પેઢી, કુટુંબ-પરિવાર, પૈસા-ટકાદિ મોક્ષે

જવા પ્રતિ-બંધક છે. સુખ મોટામાં મોટું પ્રતિબંધક છે. તે છૂટે નહિ તો સાચો ધર્મ થાય નહિ. સાધુ થાય તે ઘર-બારાદિ કેમ છોડે છે ? આ જ માટે કે, ઘર-બાર, કુટુંબ-પરિવાર, પૈસા-ટકાદિ વિઘ્ન કરે છે. માંદાની ઈચ્છા શી હોય ? તમે ગમે તેવા દુઃખમાં હો તો પણ દુઃખ જાય અને સુખ મળે આ વિના બીજી ઈચ્છા હોય ? તેમ સમકિતીને મોક્ષ જ જોઈએ, સંસાર ન જ જોઈએ. ઉપશમ સમકિત થોડો કાળ-અંતમુર્હુત માત્ર રહે. ક્ષયોપશમ સમકિતમાં અતિચારનો સંભવ છે માટે મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને સમ્યક્ત્વ મોહનીય એ ત્રણે ય મોહનીયના ત્યાગને ઈચ્છે છે.

**સમકિતી તે બધા જ મોક્ષના અર્થી !**

સંસારના સુખની ઈચ્છાવાળા જીવો મોટે ભાગે તેને મેળવવા પ્રમાદી હોતા નથી. જેઓ પ્રમાદ કરતા હોય તેને બીજા લોકો 'બેવકૂફ', 'આળસુ', 'એદી', 'અણસમજુ' કહે છે અને મહેનત કરવા પ્રેરે છે. તેમ સમકિતી જીવ મોક્ષની મહેનત કરે. બીજાં કર્મો નડે-આડે આવે તો પણ તેની ઈચ્છા કેવી હોય ? અત્યંત જોરદાર. માંદો છે, સાધન નથી, દવાખાને ન જઈ શકે, ડોકટરને ય ન બોલાવી શકે પણ ઈચ્છા શી ? અણસમજુને ય દુઃખ આવે તો ગમે ? સુખ ન આવે તો ગમે ? નાનું બચ્ચું બોલી ન શકે પણ તેને ય ગમે શું ? સારું સારું ગમે, ખરાબ કશું ન ગમે. તે સમજણું થાય તો તેની પાસેથી પતાસું આપી રૂપિયો લઈ શકો ? તેમ સમકિતી એટલે સાચો સમજું જીવ ! શેની ઈચ્છા હોય ? મોક્ષની જ. મહેનત કેમ નથી કરતો ? શક્તિ નથી, તાકાત નથી માટે. સાતમે ગુણઠાણે રહેલા આઠમે ગુણઠાણે ન ય પહોંચી શકે તો ઈચ્છા નથી તેમ કહેવાય ? સુખનો અર્થી જીવ સુખ માટે મહેનત ન કરી શકે તેમ પણ બને ને ? મહેનત નથી કરી શકતો તો તેનું દુઃખ ન હોય તેમ બને ? તેમાટે બધા ઉત્તમ જીવોને યાદ કરો.

શ્રી ભરતમહારાજાની વાત કરી આવ્યા છીએ. તેમની ખરી ઓળખાણ કયાં થઈ ? શ્રી બાહુબલિજી સાધુ થયા ત્યારે. તેઓ યુદ્ધ કરવા મંત્રીની સલાહથી આવ્યા છે, બહુ સમજાવીને યુદ્ધ કરવા લાવવા પડયા છે. કેમ કે, બઠાણું (૯૮) ભાઈઓ સાધુ થયા તે ગમ્યુ નથી. તેથી જ શ્રી બાહુબલિજી જ્યારે યુદ્ધભૂમિમાં જ સાધુ થયા ત્યારે તેમના પગમાં પડી શ્રી ભરતજીએ શું કહ્યું તે યાદ છે ને ? ''આ રાજ્ય તે સંસારરૂપી વૃક્ષનું બીજ છે આવું જે ન સમજે તે અધમ છે. આ સમજવા છતાં ય હું રાજ્ય છોડતો નથી માટે અધમાધમ છું.'' સમકિત બધું છોડવાનું કહે પણ ચારિત્ર મોહનીયકર્મ છોડવા દતું નથી. સામે સારી ચીજ પડી છે, લેવાની ઈચ્છા પણ છે છતાં પણ હાથ લાંબો ન કરી શકે તો શું થાય ? કોઈ આપે તોય ! તેમ સમકિતીને મોક્ષે જવાનું મન ખૂબ હોય, મહેનત ન ય કરી શકે, શાથી ? ચારિત્ર મોહનીયના કારણે. આ ચારિત્ર મોહનીયકર્મ એવું જોરદાર કે ચરમ શરીરી આત્માને પણ ઘણા કાળ સુધી અવિરતિ ભોગવાવે. આ પરિણામની વાતે છે. શાસ્ત્રે કહ્યું છે કે, સમકિતી થયું છે કે નહિ તે પોતે પોતાના પરિણામથી સમજે કાં જ્ઞાની જાણે. 'મને આ સંસારની કોઈ ચીજ ગમતી નથી, ગભરામણ થાય છે, છોડી નથી શકતો પણ છોડવાની ઈચ્છા આકંઠ છે' આવું જેનું મન હોય અને તે માટેની પ્રવૃતિ હોય તો સમકિતી છે કાં સમકિતી આવવાનું છે. 'સમ્યગ્દર્શનપૂતાત્મા ન રમતેભવોદધૌ.' સમ્યગ્દર્શનથી પવિત્ર એવો આત્મા સંસાર સાગરમાં રહે ખરો પણ રમે નહિ. તેને આ સંસાર ગમે પણ નહિ. તેને બંગલો જેલ જેવો લાગે, પેઢી નરકમાં જનારી લાગે, પૈસો અનર્થકારી લાગે, સંબંધી બંધનરૂપ લાગે. તેનું ચાલે તો મહારંભ અને મહાપરિગ્રહ કરે નહિ. કદાચ આરંભી દીધો હોય અને છેલ્લે મુશ્કેલી આવે તેમ હોય માટે છોડી ન શકે તેમ બને પણ છોડવાની ઈચ્છા નથી તેમ કહી શકાય નહિ. તેમ કહેવું તે તેની આશાતના છે. એવા રોગી છે તેને ખાવા જે આપો તે ભાવે નહિ. કાંઈ ખાઈ નહિ. તેને કહે કે, તને ભૂખ જ નથી લાગતી ? ખાવું જ નથી તો શું કહે ? તેમ સમકિતી ની હાલત હોય. મતે બધા ઘરમાં કેમ રહ્યા છો તેમ પૂછો તો શું કહો ? શ્રાવક માત્ર ઘરમાં ઈચ્છાવગર બેઠા હોય તેમ કહેવું પડે કે મજેથી બેઠા છે તેમ ? સમકિતી કે શ્રાવક ઘરમાં-સંસારમાં મરતા સુધી રહે પણ તેની રહેવાની ઈચ્છા છે તેમ કહી શકાય ?

*(ક્રમશઃ)*

# અજ્ઞાનીના ભેજાની ઉપજ

## ગુરૂદ્રવ્યમાંથી ગુરૂસ્મારક

ભૂતકાળમાં અનંતા તીર્થંકરો થઈ ગયા, વર્તમાનમાં વીશ તીર્થંકરો વીચરી રહ્યા છે. આ સઘળાય તીર્થંકરોએ આ સંસારને દુ:ખમય, દુ:ખફલક અને દુ:ખાનુબંધી બતાવ્યો છે. આવા અસાર સંસારથી મૂકત બની શાશ્વતસુખના ધામરૂપ મોક્ષપદની પ્રાપ્તિ માટે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારીત્ર રૂપ ધર્મ બતાવ્યો છે. સમ્યગ્ચારીત્રની આરાધના સિવાય એકપણ આત્મા મૂક્તિએ ગયો નથી, જતો નથી અને જશે પણ નહિ માટે તે તો અનિવાર્ય છે જ પરંતુ તેના પાલન માટે સમ્યગ્જ્ઞાન વિશેષ મહત્વનું છે કે જેના વિના ચારીત્રનું યથાર્થ રીતે પાલન થતું નથી. તેનાથી પણ ખૂબ જ મહત્વનું છે 'સમ્યગ્દર્શન'. ચારીત્ર અને જ્ઞાનની કાળની અપેક્ષાએ તરતમતા રહેલી છે, જ્યારે સમ્યગ્દર્શન એ કોઈપણ કાળમાં કે કોઈપણ ક્ષેત્રમાં એક સરખી રીતે રહે છે એ તેની વિશેષતા છે. પૂજ્યપાદશ્રી આ. રામચંદ્રસૂરીજીએ આ વાત સારી રીતે સમજાવી હતી અને 'સમ્યગ્દર્શન', 'શ્રાદ્ધ ગુણ દર્શન' જેવા પુસ્તકમાં વિશેષ રીતે સમજાવી છે. આત્માના પાપી જીવોએ તે ફરીફરી વાંચી લેવા જેવું છે. તેમાં તો જણાવ્યું છે કે 'સમ્યગ્દર્શન' એ તો સેનાપતિ જેવું છે અને ચારિત્ર અને જ્ઞાન તેના સૈનીક જેવું છે. સમ્યગ્દર્શન આવ્યા પછી જ્ઞાન અને ચારિત્રને તેની પાછળ આવવું જ પડે છે. સમ્યગ્દર્શનના અભાવમાં, મિથ્યાત્વના ઉદયમાં જીવ સાચી વાતને સાચી રીતે સમજી શકતો નથી અને ખોટીવસ્તુમાં સાચાનો ભાસ થાય છે. વર્તમાનમાં પણ મોટાભાગના જીવોની આ જ હાલત છે. નજીકના ભૂતકાળમાં નજર કરશું તો જણાશે કે એક વર્ગે શાસ્ત્ર નહિ સ્વીકારતા, જેને શાસ્ત્રનો આધાર નથી તેવી પરંપરા સ્વીકારી અને શાસ્ત્રની ઉપેક્ષા કરી તેઓ પોતાને સમકિતી માને છે. તે સમયે પૂજ્યપાદશ્રીજીએ સમજાવ્યું કે શાસ્ત્રમાં જે કહેલું છે તે માનવું, પ્રરૂપવું કે આચરવું તે જ સમ્યક્ત્વ છે તેનાથી વિરુદ્ધ ચાલવું તે મિથ્યાત્વ છે અને તેવા લોકો મિથ્યાદષ્ટિ છે, તે પછી 'મોક્ષ માટે જ ધર્મ થાય' તે પ્રરૂપણા ફેરવી 'સંસારના સુખ માટે પણ ધર્મ થાય' તેવી પ્રરૂપણા કરનાર વર્ગ પેદા થયો. તેઓ પણ પોતાને સમકિતી માને છે ત્યારે પૂજપાદશ્રીજીએ સમજાવ્યુ કે ગાઢ મિથ્યાત્વ જ સંસારના નાશવંત સુખ માટે ધર્મ કરવાની દુર્બુદ્ધિ પેદા કરે છે. તેમ સમજાવી તેવાને પોતાનાથી દૂર કરી નાખ્યા. હવે વર્તમાનમાં ઘરમાં જ નજર કરશું તો તેનાથી ભયંકર ઉન્માર્ગીઓ નજર સમક્ષ દેખાશે. પૂજ્યાપાદશ્રીજીના પ્રચંડ પૂણ્યથી માનપાન પામેલા અને વાચાલતા વગેરેના કારણે પ્રસિદ્ધ થયેલા હવે તેમના માનપાન જાળવવા અને ભક્તવર્ગની વાહવાહ મેળવવા શાસ્ત્રને ઉલંઘી રહ્યા છે. આગમમાં કયાંય સાધુ સ્મારકનો ઉલ્લેખ નથી તો આ તેમનાય ભેજાની ઉપજ સાધુની ભક્તિનું દેવદ્રવ્ય, સાધુના સ્મારક બનાવવામા વાપરવા નવા તર્ક પેદા કર્યા. ખોટામાં પણ સાચાની બુદ્ધિ પેદા કરતું આ ગાઢ મિથ્યાત્વ ન કહેવાય તો બીજું શું કહેવાય ? પૂ. આ. શ્રી જિનેન્દ્ર સૂ.મ. તથા આ. શ્રી ચંદ્રગુપ્ત સૂ.મ. 'દ્રવ્યસપ્તતિક' ગ્રંથનો આધાર આપીને સમજાવે છે આ ગુરૂદ્રવ્ય દેવદ્રવ્ય કહેવાય પરંતુ તે જીવોને આ વાત સમજાતી જ નથી. શાસ્ત્રની વાત ન સ્વીકારવાથી ગાઢ મિથ્યાત્વના ઉદયમાં કીર્તિ તો મળે પરંતુ તેથી સંયમ નાશ પામે છે. લોકોએ આ વાત સમજી આ લોકોથી દૂર થઈ જવું જોઈએ. સમ્યક્ત્વ મેળવવા, ટકાવવા સુલસા શ્રાવિકા જેવું સત્વ જોઈએ. અંબડ પરિવ્રાજકે સુલસાની શ્રદ્ધા જોવા કેટલાય રૂપ કર્યા, આખા ગામના

ટોળા ભેગા થયા પરંતુ શ્રી વીરપ્રભુના ધર્મલાભ પામનારી સુલસા ન ગઈ તે ન જ ગઈ ! ભગવાન મહાવીરના મુખે પ્રશંસા પામેલા તુંગીયા નગરીના શ્રાવકોએ પરી તાર્થે જમણી બગલમાં રજોહરણ રાખેલ શ્રી ગૌતમસ્વામીને 'મત્થએણ વંદામિ' ન કહ્યું તે ન જ કહ્યું ! આવુ સત્વ કેળવવું પડે છે સમક્તિ મેળવવા અને ટકાવવા, ત્યારે સ્મૃતિમંદિરમાં કેટલાય અશાસ્ત્રીય કાર્યો થયા હોવા છતાં, દેવદ્રવ્ય વપરાવા છતાં અને તેનાથી ભયંકર કુતર્કો કે જે અનંતા અરિહંતોથી વિરુદ્ધ વચન છે તેનો ઉન્મ ર્ગ ચાલુ થવાથી સમ્યક્ત્વ ટકે ખરું ? આ વખતે જાણકારો મૌન રહે ! મધ્યસ્થ રહે ! કે પછી જે થાય છે તે બરાબર છે તેમ કહેવાથી મિથ્યાત્વનું કેવું ભયંકર પાપ લાગે તે કીર્તિની પાછળ પાગલ બનેલાઓને નહિ સમજાય જેઓએ પૂજ્યપાદશ્રીજીને જીવનકાળ દરમિયાન સિદ્ધાંતની અડગતા, રક્ષા, પ્રભાવનાના સત્યશીલ તર્ક કે નહિ પરંતુ સંઘપૂજનો, જમણવાર વિગેરેના પૂણ્યની નજરે જ જોયા છે તેવા ત્યારના મોટા ભાગના આજે આ ઉન્માર્ગ પાછળ દોડશે. ત્યારે પણ તેઓએ સિદ્ધાંતને સમજવા પ્રયત્ન ન હોતો કર્યો એટલે આજે પણ તેમને આવો વિચાર નહિં આવે. પરંતુ 'વાડ જ જ્યાં ચીભડા ગળે' ત્યાં ફરીયાદ કયાં કરવી. ગચ્છાધિપતિ ની શ્રેણીના અજ્ઞાની જ ભેગા હોય અને ગચ્છાધિપતિ જેમ ભૂલે તેમજ બધા ભૂલતા થાય ત્યારે લોકોને ખ્યાલ આવે કે સિંહના ચામડા પહેરીને ભેગા થયેલા આ સિંહ નથી. શાસ્ત્રનો આધાર ન આપે અને પૂજ્યશ્રીના લખતમાં આમ થયેલું એવું કહેવું એ તો લોકોને ભ્રમણામાં નાખવાની લુચ્ચાઈ છે. પૂજ્યપાદશ્રી જીની નજર બહાર કદાચ કયાંક, કયારેક ખોટું થઈ ગયું હશે કે જેમાં પૂજ્યપાદશ્રીજી કયારેય સહમત ન હતા. તેનો આધાર આપી પોતાનો પાખંડ પૂજ્યપાદશ્રી જીના નામે ચલાવવાની શરૂઆત છે. જો ખરેખર સમ્યગ્દર્શન મેળવવું હોય, ટકાવવું હોય તો સત્યમાર્ગે એકલા રહેવાનું સત્વ જોઈશે. કદાગ્રહ છોડવો પડશે, દષ્ટિરાગી મટી ગુણરાગી બનવું પડશે, જ્યાં શાસ્ત્રનો આધાર મળે તેના શરણે જવું પડશે, અનાદિકાળના માન કષાયની સામે થવું પડશે. આટલા વર્ષોથી જ્યાં જઈએ છીએ ત્યાં જ જવું અને બીજે સત્ય સમજવા ન જવું એ માન કષાય છે તેને છોડવો પડશે. આ સમયે કેટલાક જાણકારો સત્યમાર્ગ લોકોને સમજાવતા નથી તે મધ્યસ્થતા નથી પણ દૂધ-દહીંમાં રહેવાની માયાવૃતિ બની જાય છે. ઉન્માર્ગીઓ ઉન્માર્ગ ચલાવે ત્યારે સન્માર્ગ સમજાવી લોકોને સન્માર્ગે જોડવાનું કર્તવ્ય અદા ન કરે તો તે વિરાધક કહેવાય તે સમજવાની જરૂર છે આવો વિચાર ન આવે તો સમજવું પડે કે ગાઢ મિથ્યાત્વ જીવને સાચો વિચાર કરવા દેતું નથી. સૌ કોઈ સત્વશીલ બની, સિદ્ધાંતના વિરોધીઓ ને સત્ય બતાવે, શાસ્ત્રના વફાદારોને વફાદાર બની, સમ્યગ્દર્શનને નિર્મલ કરી, સદ્ગતિને પરંપરાએ મોક્ષપદને પામો એજ અભ્યર્થના...

-કિશોરભાઈ ખંભાતી




આ કાર્ટુનની જેમ આપણું પણ આવુંજ છે ને ? વારંવાર જન્મ-જરા-મરણ-રોગથી પરાજય પામી, આ સંસાર ભોગવવાથી થાકતાં નથી, ફરી સંસાર ભોગવવાની લાલાસામાં રહેલા આપણે, આપણા આત્માનાં કર્મ વડે કેવા હાલ થઈ રહ્યા છે.

# દેવદ્રવ્ય રક્ષા અંગે મનનીય માર્ગદર્શન

- સ્વ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્ર સૂ. મ. સા.

*(સં. ૨૦૩૩ના સુરત છાપરીયા શેરી ચાતુર્માસ દરમ્યાન પર્યુષણા બાદ અમદાવાદ ચાતુર્માસ દરમ્યાન ભાદરવા વદિ પ્ર. ૧૧, બુધવાર તા. ૨૭/૯/૭૮ દશા પોરવાડ સોસાયટી માં પ્રવચન માંથી*

*શ્રી જિજ્ઞાસા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના.*

*સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીની દેવદ્રવ્યની રક્ષા માટેની જે ખુમારી અને પ્રસંગોચિત મનનીય માર્ગદર્શન તને આજે... ! હજી પણ સમજે તો સારું છે... સંપા.)*

આજે તમે પૈસા મળે તેમાં પુણ્ય સમજો છો. શાસ્ત્ર કહે છે કે, પૈસા મળવા છતાં પણ તેની જેના હૈયામાં કાંઇ જ કિંમત ન હોય તે પુણ્યશાલી કહેવાય ! તેવો જીવ પૈસાનો સુદપયોગ કરે. તેના હાથમાં આવેલ પૈસો ખરાબ માર્ગે જાય નહિ. તેનો પૈસો તેને સદ્‌ગતિમાં લઇ જાય. પણ આજે આવા પૈસાવાળા શોધવા પડે તેમ છે, તેવા જીવો કલબમાં નહિ પણ મંદિર ઉપાશ્રયમાં મળે ! આ તો આજે સારું છે કે, દેવદ્રવ્યની આવક જીવતી છે. નહિ તો આ બધા મંદિર પડી જાય અને નવું એક મંદિર થાય નહિ ! આજે મંદિર બંધાય છે તે પણ કોણ બાંધે છે ? **મંદિરના પૈસેજ બંધાય છે ને ?** આજે તમે બોલી બોલો તેના પણ કેવા વખાણ કરો છો ? જે માણસ પોતાનું કર્તવ્ય અદા કરતો નથી, નાક સાચવવા, આગળ આવવા બોલે તેના વખાણ થાય ખરા ?

તમારો પૈસોજ એવો છે કે, 'મંદિર મારે, બાંધવું જોઇએ' તેવી સલાહ પણ ન આપે એટલું નહિ પણ 'આટલું બધું દેવદ્રવ્ય પડ્યું છે તે શું કામ આવશે ? તેનો જ ઉપયોગ કરો' તેવી સલાહ આપે. તેથી ઘણી જગ્યાએ હવે ઉપાશ્રય પણ મંદિરના પૈસાથી બંધાઇ ગયા. તમારે મન પૈસો કિંમતી કે ધર્મ ? **સુખી જીવો જીવતા હોય ત્યાં સુધી દેવદ્રવ્ય ખરચાય નહિ પણ તેના દર્શન કરવાના છે.**

*પ્રશ્ન - દેવદ્રવ્યના પૈસા આપી વહીવટદાર પ્રતિષ્ઠા કરી શકે ?*

ઉ. આવું પૂછનારા આ બધા શ્રીમંતોના ચેલા છે. શ્રીમંતોની પાછળ પાળેલા કૂતરાની માફક ફરે છે. પાલીતાણામાં શું કર્યું તે બધાએ જોયું. નકરાનો લાભ માલદારોએ લીધો. તમે બધા નમાલા ભેગા થયા છો. તમારે કશું સાચું સમજવું નથી અને સમજાવે તેનું માનવું નથી. હું તમને શાસ્ત્રની વાત સમજાવું તો મને બધા 'નવું' કરનારા કહો છો અને તમારી વાતમાં હા એ હા કરે તે બધા જુનું કરનારા ! તમારી કશું સાચું કહેવાની ત્રેવડ નથી. નામ ગરીબનું અને ખાઇ જાય માલદાર ! તમારામાં દેન છે કે સુખી પણ ખોટું કરતાં હોય તો કહી શકો ? રોકી શકો ?

તમારું પુણ્ય એવું લાગે છે કે તમારી પાસે ખોટું કરાવી તમને દુર્ગતિમાં લઇ જશે.

*પ્ર. : સાહેબ ! મારો પ્રશ્ન એ છે કે, દેવદ્રવ્યમાંથી પૈસા આપે છે અને પ્રતિષ્ઠા પોતે કરે છે ?*

ઉ. આટલું કહેવા છતાં નથી સમજતા કે આવું કરે તે ખોટું કરે છે, પાપ બાંધે છે. વહીવટદાર તે સંઘનો માલિક નથી પણ સંઘનો સેવક છે. પણ આજના વહીવટદારો સંઘના માલીક થઇ ગયા છે. મરજી આવે તેમ કરે છે. સદ્‌ગુરૂઓને પણ સાંભળતા નથી, શાસ્ત્રને પણ માનતા નથી અને આખા સંઘને ખાડામાં નાખી આવે છે.

મંદિર-ઉપાશ્રય-ધર્મસ્થાનમાં પોતાની મરજી મુજબ વર્તે, ધર્મ પણ મરજી મુજબ કરે, સાધુને પણ ન સાંભળે, શાસ્ત્ર ની વાત પણ ન માને તેને મંદિર-ઉપાશ્રયમાં આવવાનો અધિકાર પણ અપાય ખરો ? કોઇ જાહેર સ્થાનમાં જવત્તોય તેના જાતિ-નિયમ મુજબ વર્તવું પડે છે અને અહીં ! **આજના ઘણા ટ્રસ્ટી સંઘના, સદ્‌ગુરૂના અને શાસ્ત્રના બાપ બની બેઠા છે. ટ્રસ્ટના પૈસાથી પોતાની ક્રેડીટ વધારે છે.** ખરેખર તેમનું થશે શું - તેની દયા આવે છે.

આજે તો ભગવાનના વરઘોડાની બોલીમાંથી વરઘોડાનો ખર્ચો બાદ કરે છે. સાધુના સામૈયા પણ દેવદ્રવ્યમાંથી આવી ગયા છે. અમે પણ જો સાવચેત ન રહીએ અને તમારી ઉપર વિશ્વાસ રાખીએ તો તમારી ભેગા

અમને પણ પાપના ભાગી બનાવો તેમાંના છો. આપણે આપણાં ધર્મના સ્થાન શ્રીમંતોથી નથી શોભાવવા પણ ધર્માત્માથી શોભાવવા છે. જે શ્રીમંતોને ધર્મ ગમતો નથી તેવાઓને લાવે ને તમને વરઘોડા - પૂજા શોભાવાનું મન છે. તમારો પાગ દા'ડો ઉઠી ગયો છે. તેવા શ્રીમંતોને બોલાવવા જેવું બહુમાન કરો છો તેવું ભગવાનનું અને ગુરુનું પણ સાચવો છો ખરા ? ધર્મ નથી ગમતો તેવા મોટા ગણાતાઓએ જે નુકશાન જૈનશાસન અને જૈન ધર્મ અને જૈનતીર્થોને કર્યું છે તેટલું નુકશાન સામાન્યો કે પરતીર્થિઓ એ પણ નથી કર્યું.

**આજના જે સંસ્થાના મેમ્બર તે ભગવાનનો મેમ્બર નથી. તે બધા મોટાનું અને સંસ્થાનું ખેંચે પણ ભગવાનનું કે ધર્મનું ન ખેંચે.**

માટે મારી ભલામણ છે કે, ડાહ્યા થઇ જાવ. પૂજા પણ તમારા પૈસાથી કરાવાની છે. પૂજાની સામગ્રી પણ ઘરથી લાવવાની છે. આજે બધું મંદિરનું. સાધારણના તોટા છે અને ઘણા દેવદ્રવ્યના ભોકતા થઇ ગયા.

## સુગુરુ અને કુગુરુ

(ઉપદેશ રત્નાકર)

કોઇ વનમાં એક સિંહ રહેતો હતો. જંગલી જનાવરો બાજુના વનમાંથી રોજ એક એક જનાવર અર્પણ કરવાથી અને સેવા આદિથી પ્રસન્ન થયેલ તે સિંહે સર્વોપદ્રવોથી રક્ષણ આપ્યું અને અભયદાન આપ્યું, આથી જનાવરોથી સેવાતો સિંહ શોભવા લાગ્યો.

તે વનમાં એક મોટી નદી હતી. એક વખત તે વનમાં નદીના આ બાજુ મહા દવ લાગ્યો. ત્યારે બધા જનાવર ભેગા થઈને બાજુના વનના સિંહથી બીતા અને બાજુના વનમાં જવાને અશકત એવા તેઓ પોતાના સ્વામી સિંહ પાસે હાજર થયા, અને બોલ્યા હે સ્વામી! અમને રક્ષણ આપો, રક્ષણ આપો, રક્ષણ આપો.

આનો હું રક્ષક છું, એમ વિચારી સિંહે તેઓને આશ્વાસન આપ્યું, અને નદીના નજીક આવ્યો, ત્યાં કેટલાકને પોતાની પીઠ પર, કેટલાકને ખંભે, કેટલાકને કેશરાવલીએ અને કેટલાકને પૂંછડીએ મજબૂત વળગાડીને મોટી ફાળ ભરીને નદીને સામે કાંઠે પહોંચ્યો ત્યાં બધાને ઉતારી ફરી ફાળ ભરીને આ બાજુ આવ્યો, આ રીતે બે ત્રણ વાર કરીને બધાને તાર્યા, દાવાગ્નિ શાંત થતાં ફરી બધાને એ રીતે જ આ કાંઠે લઇ આવ્યો, જનાવરો ત્યારથી અધિક ભકિતવાળા થઇને સેવા કરવા લાગ્યા અને સુખપૂર્વક રહેવા લાગ્યા.

આ વનમાં એક શિયાળ હતો. મને જનાવરને તારવાનો ઉપાય મળેલ છે હું પણ તેઓને પાર ઉતારીશ, અને તેઓથી સેવાતો હું વિલાસ કરીશ એ પ્રમાણે વિચાર કરતો હતો, એક વખત પહેલાંની જેમ જ દાવાગ્નિ લાગ્યો. સિંહ પાસે જનારાને બોલ્યો હે શ્વપદો આપણે શા માટે ક્રૂર એવા સિંહની પાસે જઈએ? હું નદી પાર કરાવીશ, આ પ્રમાણે તેનું બોલવું સાંભળી કેટલાક જાણકાર- બલહિન છતાં કેવીરીતે તું અમને પાર ઉતારીશ એમ ઉપહાસપૂર્વક તેને અવગણીને સિંહની પાસે હાજર થયા, અને સિંહે રક્ષણ કરવાથી સુખી થયા.

કેટલાક જડબુદ્ધિવાળા શિયાળ પાસે આવ્યા. સિંહની જેમ પોતાની પીઠે પૂંછડીએ વળગાડીનેજેમ તેમ કરી શિયાળે સામે કાંઠે જવા ઠેકડો માર્યો, ફાળનું બળ ન હોવાથી નદીમાં પડયો, પોતે અને સાથે વળગેલા ડુબવા લાગ્યા.

આ પ્રમાણે સિંહ જેવા ગુરુ પોતાને અને પોતાના આશ્રિતોને જન્મ જરા મરણાદિ દુ:ખરૂપી દાવાગ્નિ વડે બળતા જીવોને ભવવિષય તૃષ્ણારૂપી નદી તરવાને અને તારવાને સમર્થ છે, માટે હિતાર્થી વડે સુગુરુ સેવવા જોઇએ, અને શિયાળ જેવા કુગુરુઓ શ્રુત અર્થ જ્ઞાન ક્રિયા અનુષ્ઠાન આદિમાં બલરહિત પોતે અને પોતાના આશ્રિતોને ભવજલમાં ડુબાડે છે.

परिग्रहारम्भमग्ना-स्तारयेयुः कथं परन् ? ।
स्वयं दरिद्रो न पर-मीश्वरी कर्तु मीश्वरः ॥ १ ॥

અર્થ :- પરિગ્રહ અને આરંભમાં મગ્ન બીજાને કેવી રીતે તારી શકે? પોતે જ દરિદ્ર હોઇ બીજાને ઐશ્વર્ય આપવાને સમર્થ નથી.

● ● ●

- પ્રશ્નરાજ

# ચેત ચેત ચેતન ! તું ચેત

☛ હે આત્મન્! સ્વસ્થતા, ધીરતા, તટસ્થતા એ જ આત્માની સાચી પીછાન છે. સ્વસ્થતામાંથી અધ્યાત્મ જન્મે. આત્માનું જેનાથી હિત સધાય તેનું નામ અધ્યાત્મ! ખુશામત અને નિંદા આત્માના અહિતની જનની છે. જેમ ખીચડી બળે અને દુર્ગંધ ફેલાય તેના જેવી ખુશામત અને નિંદા છે. જેમ ડહોળાયેલા પાણીમાં પોતાનું પ્રતિબિંબ ન જોવાય પણ શાંત પાણીમાં પોતાનું પ્રતિબિંબ દેખાય. માટે સ્વસ્થતા કેળવવી જરૂરી છે. ખુશામતખોર અને નિંદક ખાબોચિયા જેવા તુચ્છ છે તે પોતાનું અસ્તિત્વ ટકાવવા ભારે ઉધામા કરે. છીછરા લોકો વાત વાતમાં હાકોટા- તાબોટા- હોબાળા મચાવે. કૂતરાની જેમ ભસે. પોતાનું જ ઉપજે, પોતાની પોલ પકડાઈ જાય, દોષ જાહેર થઈ જાય તો રોષે ભરાવું અને સાચું કહેનારને ઉતારી પાડવો તે ઉદ્યમ વધુ માફક આવે. માટે હે જીવ! તું આ બે દોષોથી બચી તારી જાતને બચાવી લે. સ્વસ્થતા- ધીરતા- તટસ્થતા કેળવી તારા વ્યકિતત્વને વીકસાવ!

☛ હે આત્મન! તમે ધર્મ ગમે છે અને અધર્મ ગમતો નથી. ધર્મથી સુખ અને અધર્મથી દુઃખ. ધર્મનું ફળ સુખ- સંપત્તિ અને આબાદી છે. અધર્મ પાપનું ફળ દુઃખ, વિપત્તિ અને બરબાદી છે. તો તું વિચાર કે 'પાપ કરવાથી દુઃખ આવે અને ધર્મ કરવાથી સુખ મળે' એ વાત યાદ રહે કે 'પાપ કરવાથી સંસાર વધે અને ધર્મ કરવાથી મોક્ષ મળે તે યાદ રહે? ભગવાનના કયા વચન પર બહુમાન થાય કે 'સંસારમાં દુઃખ ન આવે માટે પાપ નથી કરવું કે સંસાર જ જોઈતો નથી માટે પાપ નથી કરવું?' ધર્મ કરવાથી સુખ માટે મારે ધર્મ કરે છે કે ધર્મ કરવાથી મોક્ષ મળે માટે ધર્મ કરે છે?' આત્મા સાથે વિચાર કરી તારો માર્ગ નક્કી કર!

☛ મને જિનવાણી સાંભળવી ગમે છે, તેના પર શ્રદ્ધા પણ છે તો આત્મામાંથી અવાજ આવે કે - સંસારના સુખની લાલચે અને દુઃખના ભયે જિનવાણી સાંભળે તે શ્રદ્ધા ન કહેવાય. પણ મારો સંસાર ટળે અને મને મોક્ષ મળે માટે વાણી સાંભળે તેનું નામ શ્રદ્ધા! તારી શ્રદ્ધા કયા પ્રકારની છે તે વિચારી લે.

☛ યાદ રાખજે કે સુખનો રાગ અને દુઃખનો દ્વેષ તે પાપરૂપ જ છે, પાપ બંધનું કારણ છે. તેને પુષ્ટ કરવા ધર્મ કરવો તે ધર્મ નથી પણ અધર્મનો સગોભાઈ છે તો કમમાં કમ તારી દશા આ તો ન જ હોવી જોઈએ.

☛ તું તપ કરે છે મારો જેવો તપસ્વી કોઈ નથી આવું મન મનમાં રાખે છે પણ શું તું જ્ઞાનીના વચનો ભૂલી ગયો છે, કે માન-પાન મેળવવા, તપસ્વી કહેરાવવા, શરીર સારું રાખવા, સુખસંપત્તિ મેળવવા તપ કરવો તે તપ નથી પણ અનાદિનુ આહારની લાલસાને કાપવા તપ કરવો તે તપ છે તો સાચી તપસ્વી બન.

☛ ગમે તેવી પરિસ્થિતિમાં તારે પ્રસન્નતા જાળવી રાખવી હોય, સમાધિના પારણે ઝૂલવું હોય તો વિચારજે કે 'દુઃખના ડુંગરો તૂટી પડે ત્યારે બહુ દુઃખ પડે છે, હું દુઃખી દુઃખી થઈ ગયો' આ વિચારને બદલે 'મારા કર્મો જાય છે, હું ભારમુક્ત થઈ હળવો થઈ ગયો' આ વિચાર કર તો સમાધિ તારા સખી છે મારે દુઃખ દૂર નથી કરવા પણ મારા દોષો દૂર કરવા છે મારે સુખ નથી જોઈતા પણ આત્મિક ગુણો જોઈએ છે આવી મનોદશાવાળાને દુઃખી કરવા કોઈ માડીજાયો જન્મ્યો છે ખરો?

☛ આજે આપણે બધા બધે અનુકુળતાને ઈચ્છીએ છીએ. અનુકૂળતા હોય તો મજા તો આવે પણ અનુકૂળતા હોય તો ધર્મ સારો થાય. તો તું તારા હૈયે હાથ મૂકી કબુલ કરીશ કે અનુકૂળતામાં ઈચ્છાઓ પૂરી કરવાનું મન છે કે આજ્ઞા પાળવાનું? શરીરને

સાચવવાનું, સારું રાખવાનું મન છે કે તપ કરવાનું? શરીર સારું ન લાગે પણ શરીરનું મમત્વ ઘટે તો ધર્મ થાય.

☛ તું નિયમિત વ્યાખ્યાન શ્રવણ કરે છે, આજે તો બહુ મજા આવી તેમ પણ કહે છે તે શા માટે? લોકોએ શું કરવું તે માટે વ્યાખ્યાન શ્રવણ કરે કે મારે શું કરવું તે માટે વ્યાખ્યાન શ્રવણ કરે છે! સંસારના સુખમાં મજા આવે છે, ધર્મમાં મજા નથી આવતી તો સંસારનો રસ ઉડાડવા અને ધર્મનો રસ પેદા કરવા વ્યાખ્યાન શ્રવણ કરે છે? સંસારના સુખનો સ્વાદ મારવા અને દુઃખ વેઠીને, સુખ છોડીને ધર્મ કરવાનું બળ મળે માટે વ્યાખ્યાન શ્રવણ કરે છે?

☛ દોષોનું જ્ઞાન હું પણ બધું જાણું છું મારે નથી મેળવવાનું પણ દોષોને દૂર કરવા મેળવવાનું છે તારી દશા કઈ છે?

☛ મન વગર કરેલો ધંધો કે દવા જો નુકસાન કરે છે તે વાતની તને પુરી ખાત્રી છે તો મન વગર કરેલો ધર્મ કઈ રીતના લાભ કરશે? મનપૂર્વક ધર્મ કર અને પછી જો, તારું જીવન ધર્મમય બનશે.

☛ હે આત્મન્! તારી ક્રિયા રૂચિ સારી છે. ક્રિયામાં તું વિધિનું અને શુદ્ધતાનું સારુ ધ્યાન રાખે છે. તને માત્ર શુદ્ધ ક્રિયાનો જ રસ છે કે ઉપયોગપૂર્વક ક્રિયા કરવાનું મન છે! જ્ઞાનિઓ તો કહે છે કે પરમ તારક ક્રિયામાં ચિત્તનો ઉપયોગ રાખી જેટલી વિધિનું પાલન થાય તે જ મનની નિર્મલતા છે માટે ઉપયોગપૂર્વક કરવાનું લક્ષ્ય કેળવ તેમાં તારુ કલ્યાણ છે.

☛ આજે મારી- તારી આપણા બધાની માન્યતા છે કે ઈચ્છિત સુખને આપે અને અણગમતા દુઃખોથી બચાવે તે ધર્મ જ્યારે હિતૈષી પુરૂષો કહે છે કે સુખનો ત્યાગ કરતાં અને દુઃખોને મજેથી સહન કરતાં શીખવે તેનું નામ ધર્મ છે. આત્મા પર અનુશાસન કરવું તેનું નામ જ ધર્મ પણ તું ભુલી જાય છે કે દુઃખી બચવાની અને સુખને મજેથી ભોગવવાની ઈચ્છામાંથી જ બધા દોષો- ભૂલો- ખામીઓ પેદા થાય છે. તેમાંથી પાછું સંસારનું સર્જન થાય છે તારે તો સંસારનો નાશ કરવો તો તું સંસારનો ભય પેદા કર અને સંસારના ઉચ્છેદનો પ્રયત્ન કરે તો તારા આત્મામાં ધર્મ પ્રગટયો સમજ! પછી તારો બેડો પાર!

☛ હે આત્મન્! આજે તને બાહ્ય ક્રિયામાં - આડંબરોમાં, જાહેરમાં આવવામાં મજા આવે છે તે માટે કાંઈને કાંઈ નિમિત્ત મળતાં તું ઉત્સવ- મહોત્સવ કરવા - કરાવવામાં પડી જાય છે અને પ્રચાર તંત્રને ચારે બાજુ ગોઠવી વાહ વાહમાં ફુલાય છે. ધર્મના મહોત્સવો કરાવે તેનો વાંધો નથી પણ મારા સંસારનો નાશ થાય, તેનું બળ મળે માટે મહોત્સવ કરાવવાનું મન થાય? શરીરની સુખાકારી- સુખસંપત્તિ સાહ્યબીમાં ખામી આવે તો ફરિયાદ કરે છે. આ બધું કરવા છતાં પણ મારો સંસારનો રસ ઘટતો નથી, વધતો જ જાય છે, સંસારના નાશનું સ્વપ્ન પણ આવતું નથી, સંસાર લીલોછમ રાખવાનું મન થાય છે, મારુ થશે શું? આવી ફરિયાદ કરી? ફરી ફરી યાદ કર તારે શું કરવું છે?

☛ આ સંસારનો ત્યાગ કરવો સહેલો છે પણ સંસારના સ્વરૂપનું યથાર્થ ભાન થવું, સંસારને બરાબર ઓળખી, તે મારુ સ્વરૂપ નથી વિરૂપ છે તેનો મારે નાશ કરવો છે- આ ભાવના થવી કઠીન છે. જો તારે હૈયામાંથી સંસાર દૂર કરવો તો તેના માટે ઉપાય છે કે સુખના રાગને અને દુઃખના દ્વેષને દૂર કરવા સંયમ અને તપનું આચરણ કર. સંયમના કારણે સુખનો રાગ દૂર થશે, આત્મિક સુખનો અનુભવ થશે તપના કારણે દુઃખનો દ્વેષ દૂર થશે. દુઃખોને મજેથી વેઠવાનું બળ મળશે. પણ મુક્તિ તારા ચરણોમાં ઝૂકશે.

☛ હે આત્મન્! તને સ્વતંત્રતા ગમે છે. સ્વતંત્ર થવું ગમે છે પણ તારી સ્વતંત્રતા સ્વચ્છંદતાના ઘરની છે તને કોઈ રોકટોક ન કરે, તારા ઉપર કોઈ બંધન ન રાખે તેને તું સ્વતંત્રતા કહે છે. પણ તે સ્વચ્છંદતા છે તે જ સઘળા પાપનું મૂળ છે, બધા અનર્થોની જન્મભૂમિ અને દોષોનું ઉત્પત્તિ સ્થાન છે તારે ખરેખર સ્વતંત્ર થવું હોય તો અનંત જ્ઞાનિઓની આજ્ઞા શિરોધાર્ય કર.

*(ક્રમશઃ)*

# મહાસતી - સુલસા

એણે આકાશ-પાતાળ એક કરીને પણ સુલસાને પોતાની તરફ આકર્ષવી હતી. એ માટે એક નવી જ યોજના એના દિલમાં ઉદ્‌ભવી. એ ખુશમિજાજ થઈ ગયો. આશા બંધાઇ, એના મનમાં કે આ છેલ્લી યોજનામાં તો જરૂર દેવી સુલસા શિકાર બનીને પછડાશે.

રાજગૃહીના નગરજનો દિવસભર આજે અવતરેલા મહેશ્વરના રૂદ્રરૂપની ચર્ચા કરતાં રહ્યાં. રાતે પણ એ માહેલ ઠર્યો નહિં, ઉપવનમાં પ્રગટેલા મહેશ્વર જેવા રૂદ્ર ચેંચાળા કરી- કરીને યુવકો ભોળી સ્ત્રીઓને ડરાવવા માંડયા. આમ મધરાત થઈ ત્યારે સહુ નિંદ્રાની ગોદમાં સમાઇ ગયા.

ચોથા દિવસની ઉષા આકાશને લાલ-લાલ બનાવી રહી હતી. સૂર્યનો રથ પૂર્વાચળને પ્રદિક્ષણા આપી ભૂમિ લોક પરના ગગનની સવારી શરૂ કરવા ઉત્સુક હતો. એનું પહેલું કિરણ રાજગૃહીને મમળાવી ચૂકયું હતું. ત્યાં જ રાજગૃહીનો ઉત્તર દિશામાં રહેલાં વૈભારગિરિ નામના પર્વત પર વિહરમાન તીર્થંકર ભગવંત પધાર્યા.

સમસરણમાં વિરાજેલાં તીર્થંકર અષ્ટપ્રાતિહાર્યોથી સમલંકૃત તીર્થંકર નાગ અને નોળીયા, સાપ અને મયૂર, સિંહ અને હરણ જેવા જાતિવૈરથી બંધાયેલા પ્રાણીઓને ય પ્રશમ રસથી પ્લાવિત કરી દેતાં તીર્થંકર, ચતુર્મુખ દેશનાની ધાર વહાવતાં તીર્થંકર, આગમોમાં અનહદ સ્તવાયેલા તીર્થંકર જે તે પ્રાણીઓને પોતપોતાની ભાષામાં સમજાવતાં તીર્થંકર.

નગરજનોને આ સમાચાર મળ્યાં અને સહુ કોઈ નાચી ઉઠયા. એમનું મંતવ્ય હતું : આજે તો આગળના ત્રણ દિવસના માહોલને સાકરવિનાના સીરા જેવો પૂરવાર કરે એવો પુન્યવિધિ અવતર્યો છે. રાજગૃહીના ભાગ્યા સાગમટા પ્રગટી ચૂકયા છે. નગરજનો કીડીયારૂં બનીને વૈભારગિરિ પર ઠલવાયા. દેશના શ્રવણમાં લયલીન બન્યા.

આ સમાચારને પ્રસરતાં વાર ન લાગી. વાયુવેગે આ વાત ચૌરે ને ચૌટે ચકચાર જગાવી ગઈ. રાજમાર્ગ પર એક જ પ્રવાહ આજે હતો અને તે તીર્થંકરની દેશનામાં પહોંચવાનો.

આજે પણ સુલસાના ભવનમાં મહાજન અતિ વિશાળા સંખ્યામાં ધસી આવ્યું, તાળીઓ પડતાં જઈને અને નાચતાં જઈને સમાચાર આપ્યા. બહેન, ઓ મારી બહેન, આજે અમારે તને નહિં કહેવુ પડે કે તું ભગવાનના દર્શન માટે ચાલ. આજે તો તારા- જૈનોના તિર્થંકર ભગવાન પધાર્યા છે.

બોલ, હવે તો તું દોડતી જઈશને? સહુને હતું કે આપણા સમાચાર સાંભળતાં જ સુલસા નાચી ઉઠશે. સૌને પહેરામણી આપશે. વસ્ત્રાલંકારથી સજ્જ બનીને સહુને સાથે લેતી તે સમવસરણમાં પહોંચશે.

સબૂર, બધાયની આવી ભ્રમણાઓ ખોટી પડી. સુલસા શ્રાવિકાઓ તો આવી તીર્થંકરના આગમનની વાત સાંભળીને કેવળ મર્માળુ હાસ્ય વેર્યું. લોકોને કાંઇ સમજાયું નહિં, આથી શંકાશીલ મન સાથે તેઓ વિખેરાઇ ગયા.

આ તરફ નગરજનોના કીડીયારામાં જનતાની ભારે ભીડમાં પણ પેલો સુલસા શ્રાવિકાનો સમ્યકૃત્વ નિષ્ઠાના પારખા કરવાની ધૂન લઈને બેઠેલો અંબડપરિવ્રાજક, એની નજર સુલસાને શોધતી હતી. સઘન રીતે. આંખો છીણી છીણીને જોયું પણ સુલસા

ક્યાંય ડોકાઈ નહિં.

છેવટે એ પરિવ્રાજકે કેટલાક વિષ્ટિકાર લોકો દ્વારા સુલસાને સંદેશો પાઠવ્યો. 'હે ધર્મનિષ્ઠે, સુલસે, વૈભારગિરિ પર સમવસરેલાં તીર્થંકરને વંદન કરી તારા પાપો દૂર કર.' વિષ્ટિકારો આવી પહોંચ્યા, સુલસા શ્રાવિકાના ભવન પર આવીને એમણે ઉપર કથિત સમાચાર તો આપ્યા જ, સમાચાર આપીને નહિં અટકતાં અનેક શબ્દ છળ દ્વારા સુલસા શ્રાવિકાને પ્રતારવાની શરૂઆત કરી.

સત્વનું જોમ જેની રોમ રોમમાં ધગ-ધગી રહ્યું હતું એવી સુલસાદેવી આવી હીન કક્ષાની શાસન હીલના જોઈ શકી નહિં. સહી શકી નહીં. એણે ભારે કટુશબ્દોમાં એમની ખબર લઈ નાંખતા કહ્યું, અજ્ઞાન શિરોમણીઓ તમને ખબર નથી કે એક અવસર્પિણીમાં કુલ ચોવીસ જ તીર્થંકર થાય? આવા ચોવીસ તીર્થંકરો પૈકીના ત્રેવીસ તો નિર્વાણ પામી ચૂકયા છે અને ચોવીસમા તીર્થપતિ, ત્રિશલાનંદન, પરમાત્મા મહાવીર પણ અવતરી ચૂકયા છે.

આ સમવસરેલા તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીર દેવ નથી જ એવો મને અટંકી વિશ્વાસ છે. હું ખાત્રીપૂર્વક કહું છું કે આ કોઈ ઈન્દ્રજાળની દૂષિત શકિતનો પરિપાક છે. તીર્થંકર પરમાત્માનો પુન્યનિધિ તો નથી જ. કેમ? પ્રશ્ન થયો.

તો સાંભળો કે શ્રમણ ભગવાન મહાવીર દેવ અહિંની રાજગૃહની રેતને અલંકૃત કરે અને મારી રોમરાજી સાહજિક રીતે જ નાચી ન ઉઠે એવું બને નહિં. મને મારી શ્રદ્ધા પર એટલો અડગ વિશ્વાસ છે.

સાચી હશે મારી તાત્વિક વાતો. પણ આ તો જગતમાં પ્રસિદ્ધ એવા પચ્ચીશમા તીર્થંકર છે, એમ તું સમજી લે.

ના, એ બની શકે જ નહિં, તીર્થંકરો કદાપિ પચ્ચીશ થયા નથી. થશે નહિં કે થતાં પણ નથી. લખી રાખજો આટલું, અબુધો, આ કોઈ તીર્થંકર નથી પરંતુ માયાનું કુળમંદિર છે. કપટની મૂર્તિ છે. જેણે પોતાની વરૂ જેવી માનેષણાને ઠારવા જિનમત જેવા નિર્મળધર્મનેય ઓથ બનાવી દીધો છે.

સુલસાએ સિંહગર્જના કરી.

સુલસે, તત્વજ્ઞે, તું વિદૂષી છે. આવા વિભાજક વાકયો ઉચ્ચારીને જૈનોની એકતામાં ફૂટ ન ઉભી કર. જે થઈ રહ્યું છે એ ય આખરે જિન શાસનની મહાન પ્રભાવના જ છે એટલું સમજ.

તો સાંભળી લ્યો તમે પણ, સાંભળીને નોંધી લેજો અને ગોખી લેજો કે કુડકપટના જોર પર ઉભી કરાતી ઘટનાઓ અથવા તો વિદ્યા મંત્રની મલિન શકિતઓ દ્વારા કરાતા ચમત્કારો ત્રણ કાળમાં જિન શાસનની પ્રભાવના નથી વિસ્તારતાં. પ્રભાવના તો અહિંથી ઘણી દૂર છે. પ્રભાવના નહિ બલ્કે આવી તાકાતો ઉપરથી શાસનની અપભ્રાજના વિસ્તારે છે.

સુલસાસતીએ છેલ્લે દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી દેખાડયું. એ બધા મહાજનો સુલસા શ્રાવિકાથી અભિભૂત થઈને કયારે વિખેરાઈ ગયા, એની ખબર પણ ન પડી.

આમ ચાર ચાર દિવસથી જેણે પોતાની તાકાતોને કસોટી પર ચઢાવી હતી, એવો અંબડ પરિવ્રાજક આખરે હાર્યો. એણે પોતાનો પરાજય કબુલ રાખી લીધો. સુલસા શ્રાવિકાને જ પરમાત્માએ શા માટે ધર્મલાભના આશિષ પાઠવ્યા. આવા પ્રશ્નનો મર્મ એને પૂરેપૂરો સમજાઈ ગયો. પરમાત્માની એ વિશિષ્ટ ચર્ચાનો નિષ્કર્ષ પણ એ પકડી શકયો. પોતાની સમ્યક્ત્વ નિષ્ઠાના બીજ વધુ વિકસિત કરવા માટેનું જ પરમાત્માનું આ આયોજન હતું, એટલે તેને બરોબર સમજાઈ ગયું.

એ મનોમન અભિવંદે છે, પરમાત્મા મહાવીર દેવને. એ મનોમન ખૂબ સત્કારે છે, સુલસા શ્રાવિકાને.

આ એક શકવર્તી ઘટના દ્વારા એક તરફ અંબડ પરિવ્રાજકના આત્મદળનો અભૂતપૂર્વ વિકાસ થયો. એની જિન શાસન પરત્વેની ભક્તિમાં ભરતી ઉભરાણી. તો બીજી તરફ મહાસતી સુલસાના શ્રદ્ધાપૂત

વ્યક્તિત્વની કંઈ કેટલીય વણલખી ખૂબીઓ છીણાઇ-છીણાઇને જાહેર થઇ.

પરીક્ષા જ આનું નામને? હા, એટલું ખરૂં કે પરીક્ષા ચોક્કસ ઉપકારક છે ભલે થોડાક સમય પૂરતી તમારી પર તે નિરાશાની વાદળી ઢાંકી દે. પરંતુ શર્ત એટલી જ કે તમારો પક્ષ સત્યનો હોવો જોઈએ.

સત્યના રાહ પર કષ્ટો મળે તોય સમજજો કે પરીક્ષા છે. અને મિથ્યા માર્ગે કદાચ સફળતા મળે તોય લખી રાખજો કે એ ભ્રમ છે.

**મહાસતી સુલસા- લેખાંક ૨૩મો**

આમ, રાજગૃહીના ઇતિહાસને અંતિમ ચાર ચાર દિવસોથી પોતાના જડબામાં લઈને બેઠેલું અંબડ પરિવ્રાજકને ઈન્દ્રજાળનું સમીકરણ અહિં પૂરૂં થયું. પાંચમા દિવસનું પ્રભાત થયું ત્યારે હૃદયમાં પણ શુભ ભાવનાઓનું એવું જ પ્રભાત પ્રગટાવી અંબડ પરિવ્રાજક સુલસા શ્રાવિકાના ભવન પર પહોંચ્યો.

પૂજાના શ્વેત વસ્ત્રો, હાથમાં પુષ્પ કરંડક અને નયણાભીનાં નેત્રો. વિશુદ્ધ દેદાર હતો એ પરિવ્રાજકને શ્રાવક તરીકેનો. મૂર્તિમંત નમ્રતા બનીને એ પરિવ્રાજક સૌ પ્રથમ સુલસાદેવીના ભવનમાં આવીને એના રળીયામણા ગૃહ મંદિરમાં પ્રવેશ્યો. પરમાત્માબિંબની શાંતચિત્તે મધુર સ્તવના કરી. ભવ્ય ઉપકરણો દ્વારા પૂજા અર્ચના કરી. આ તરફ આવનાર પરિવ્રાજકથી સતી સુલસા તો સાવ અપરિચિત હતી. પરંતુ એની રીત- પ્રીત પરથી તેનું શ્રાવક તરીકેનું રૂપ ઢંકાયું ન રહ્યું. સુલસાસતીને લાગ્યું પોતાનો કોઈ નવો જ સાધર્મિક આવ્યો છે.

એ નાચી ઉઠી, સીધી પોતાના સાધર્મિકનું સ્વાગત કરવા દ્વાર પર ધસી ગઈ. કોયલના ટહુકા જેવા મધુર વચનોથી એણે સ્વાગત કર્યું.

મારા વ્હાલા ધર્મબંધુ, આપ મારા ભવનમાં પધારો. ધર્મભ્રાતા, આપનું સ્વાગત કરૂ છું. આપની દેહયષ્ટિ તો સુખપૂર્ણ છે ને? આજે મારૂં આંગણું ધન્ય બન્યું. ઘર પવિત્ર બન્યું. સાધર્મિકના મિલનથી મારા નેત્રોને મંગળ સાંપડયું.

આમ, હૃદયના છલકતાં બહુમાન સાથે સુલસા દેવીએ પરિવ્રાજક અંબડનું સ્વાગત કર્યું.

ઘરના મુખ્યખંડ સુધી લઈ જઈને, એક વિશિષ્ટ ભદ્રાસન સુલસાદેવીએ જાતે બિછાવ્યું. અંબડપરિવ્રાજક સુલસા સતીના ગુણસાગરને નિરખી નિરખીને વધુને વધુ આવર્જિત બનતો ગયો. એની નજરમાં દેવી સુલસાની ઘણી બધી ખૂબીઓ અંકિત બની.

વાર્તાલાપનો દોર પ્રારંભાયો.

સુલસાસતીએ સૌ પ્રથમ સુખપૃચ્છા કરી. પરિચય મેળવ્યો. ત્યારબાદ અંબડ પરિવ્રાજકે નિશ્છળ હૃદયના નિર્ભેળ શબ્દો દ્વારા દેવી સુલસા પર જાણે પ્રશંસાની વર્ષા કરી દીધી.

દેવી ! હું માનું છું, તું એક અબળા નથી, સ્ત્રી નથી, શ્રાવિકા જ નથી, મહાસતી જ નથી, પણ દેવી છો. સ્વર્ગની આદર્શ મૂર્તિથી પણ અધિક છો, આ મારા શબ્દોને અતિરેકભર્યા સમજીને મને નારાજ નહિં કરતાં. હું કહું છું તે વાસ્તવિક છે. તમે ખરેખર પ્રશંસનીય છો. ગુણોની ગરિમા છો. સતીઓમાં શિરોમણી છો.

મહાભાગ્યા! શ્રમણ ભગવાન, પરમાત્મા શ્રી મહાવીર દેવે સુરો અને અસુરોથી છલકાતી શ્રેષ્ઠ સભામાં તમારી પ્રશંસા કરી છે. મારા દ્વારા તમને 'ધર્મલાભ'ના આશિષ પાઠવ્યા છે.

આટલું સાંભળતાં જ મહાદેવી સુલસા પોતાના આસન પરથી ઉભી થઇ ગઇ. પરમાત્માએ પાઠવેલી આશિષથી એનું તન પુલકિત બન્યું. રોમ-રોમમાં હર્ષનું આંદોલન મચ્યું. હૈયાનો ચિરશોષિત સૂનકાર તત્કાળ ચીરાયો. એણે બે ચક્ષુઓ ભીડયાં. સજ્જડ રીતે ભીડયાં. અને બે કર જોડીને હૃદયમાં ઉમટતાં ભક્તિના પૂરને શબ્દોમાં ઢાળ્યા. પરમાત્મા વીરની સુદીર્ઘ સ્તવના કરી.

(ક્રમશઃ)

❑❑❑

# એકલી મીઠાશ નકામી

ગાળ ને ઘીની નાળ છે. આ કહેવત અત્યારે ખૂબ જ પ્રચલીત છે. સૂરતીઓ પાસેથી તો વાક્યે વાક્યે, શબ્દે શબ્દે ઘીની નાળ સાંભળવા મળે, ઘી ન પીરસે તો એ વાણી મીઠી ન લાગે. વાણી અધૂરી લાગે.

આ ઘી ની નાળ કોની વહાલી લાગે, વાહલા હોય એની. વાહલાની જૂઠી વાત પણ બે ચાર ગાળ સાથે બોલાયેલી હોય તો પણ મીઠી-સારી લાગે. અળખામણો કદાચ સાચી વાત કરતો હોય, સત્યનો પક્ષપાતી હોય, સત્ય વાત સમજાવતો હોય, નિઃસ્પૃહ બની સિદ્ધાંતની રક્ષા કરવાની વાત પણ કરતો હોય તો પણ તેના શબ્દોમાં ઘીની મીઠી ગાળ નીકળતી ન હોય તો એ વાત જૂઠી જ લાગે. એની વાત સાંભળવા કોઇ રાજી નહિં, કદાચ સાંભળવી પડે તો સાંભળી લે પણ મનથી વિચારે નહિં કારણ કે કહેનાર કોણ? અળખામણો. તર્ક-વિતર્ક કરી મીઠી ગાળ સાથે વિપરીત વાતો જો વાહલો જનસમુદાય સમક્ષ મૂકે તો તેની વાતો ગ્રાહ્ય બને કારણ કે વાહલો.

બ્રાહ્મણ લોટ લેવા એવા ને આશીર્વાદથી પડીકીઓ વરસાવે, બહેન તમારૂં સૌભાગ્ય અખંડ રહેજો, તમે સૌભાગ્યવંતા થજો, ધન- ધાન્ય- લક્ષ્મી આદિથી તમારુ ઘર ભરપુર હોજો આવા આર્શીષ વચનોથી દાતારના મનમાં ગલગલીયા થાય ખરા?

હા, કારણ કે આવી મીઠી ગાળ કોને સાંભળી ન ગમે? પણ એ ચોક્કસ જાણતા જ હશે કે આવા બ્રાહ્મણોથી મારુ ઘર ભર્યું ભર્યું થવાનું નથી. મારું સૌભાગ્ય અખંડ રહેવાનું નથી.

કદાચ બ્રાહ્મણ આશીર્વાદની હેલીઓ વર્ષાવતાં વર્ષાવતા બોલી ઉઠે, તમે આયુષ્યવાન થાઓ, અને એ આર્શીષથી તમે ઘણું લાંબુ જીવવાના!

નક્ષ સત્ય વાત છે કે જેટલું આયુષ્ય છે તેટલા જ વર્ષો જીવવાના છો, છતાંય સાંભળીને આનંદ થાય ખરોને?

બ્રાહ્મણના આશીર્વાદ બીજાને માટે છે, તેમ વાહલાની વાતો પણ બીજા માટે છે, એ વાતો ન એમને આભડે કે અડે. બ્રાહ્મણ માંગી માંગીને લોટ ભેગો કરે અને જતાં માર્ગ ભૂખ્યો ત્રણ દિવસની બલાંધનવાળો બ્રાહ્મણ સામે મળે અને કદાચ કહે કે ભૂદેવ! પરગામથી આવું છું. ત્રણ દિવસનો ભૂખ્યો છું. ખાવાનું નહીં મળે તો હવે પ્રાણ નીકળી જશે માટે કાંઇક થોડું આપો. આપનું કલ્યાણ થશે, તમારું ઘર- ધન ધાન્યથી ભરપુર થશે તો પણ ભૂદેવ એક મુઠી લોટ આપે ખરા?

ના, બ્રાહ્મણને બ્રાહ્મણની - બ્રાહ્મણના આશીર્વાદની કિંમત ખરી? માને ખરા? આશીર્વાદને કેવા ગણે? એમ તમને તમોએ માની લીધેલા અળખામણા સાધુની કિંમત ખરી? એમના વચનો પર વિશ્વાસ ખરો? તમે સૌ 'નમો લોએ સવ્વ સાહુણં' બોલનારાઓ અળખામણા સાધુને સાધુ માનશે ખરા? એમની વાત ઉપર વિચાર કરશો ખરા?

બ્રાહ્મણના આશીર્વાદ સરખાર વહાલા સાધુઓના જૂઠા વચનો આશીર્વાદો જુદી જુદી વાતો, લખીને ફરી જનારા, ઉપર કેટલો વિશ્વાસ કરવો? આવાથી તમે રાજી કે નારાજી? વાહલાની વાતો-વસ્તુઓ ગમે છે એથી જૂઠી વાતો હોવા છતાં પણ તમે સાંભળી સાંભળીને રાજીના રેડ થાવ છો ખરાને?

કદાચ બે જણા લડતાં હોય અને તમારુ નખોદ જાય એવા આશીર્વાદ આપે અથવા તમારે ઘેર છોકરીઓ જન્મે એવા આશીર્વાદ આપે તો તમોને કશું થવાનું નથીને? આવેશમાં તો નથી આવવાનાને? ક્રોધ તો ન કરો પણ કોપ તો જરૂર થઇ જશેને?

કદાચ વહેલી સવારે ઝબકીને ઉઠેલા પતિદેવ અફસોસ વ્યકત કરતાં બોલે કે સ્વપ્ન બહુ ખરાબ આવ્યું, સ્વપ્નમાં હું રાંડયો, બાયડી કહે ખમા- ખમા તમને વાહલા તમે શું કરવા રાંડો હું ન રાંડુ.

આનો અર્થ સમજાય છે હું શું કરવા મરૂં, તમે મરો. આ મીઠી ગાળ આપી કહેવાય છતાં કેવી લાગે? સાંભળવી ગમેને?

આ સાંભળી પતિ રાજી થાય, મારી વાહલીને મારી ઉપર કેટલો પ્રેમ? આવા વાહલાઓ પોતાની જૂઠી વાતનો પ્રચાર સતત કરતાં જ હોય છે. જેમ કે મહાપુરૂષને અમારી ઉપર કેટલો વિશ્વાસ કે જયારે જયારે હું તેઓની પાસે જાઉં ત્યારે ત્યારે બે બે અઢી અઢી કલાક બેસી અનેકાનેક વિષયો ઉપર ચર્ચા વિચારણા કરીએ. શંકા-સમાધાનો થાય વિચારોની આપ-લે થાય. મારા અમુક મનોઘટિત વિચારો અર્થ સંમત થઈ અને છેલ્લા મહાપુરૂષ વાત્સલ્યથી માથે હાથ ફેરવી આર્શીવાદ આપે અને કહે ખૂબ જ શાસન પ્રભાવનાના કાર્યો કરો, આવા આશીર્વાદ મળવાથી અમો માનીએ (વાહલાઓ) કે અમારા સઘળા કાર્યોમાં મહાપુરૂષોની સંપૂર્ણ સંમતિ છે, આશીર્વાદ છે આજ્ઞા છે બસ હવે મન ફાવે તેમ આગે બઢો કોઈ રોક ટોક નથી.

આવી એકલા મીઠાશ પીરસનારાઓની આસપાસ અધર્મીઓના ટોળે ટોળે વીંટળાયેલા હોય છે. તેઓ સમજયા વગર હાજી હાજી હા હજૂર કરી કરી મીઠાશ પરીસનારાઓની વાતોને ટેકો આપી મજબૂત કરનારા હોય છે. કદાચ કડવાશ પીરસનારાઓની વાતો સાચી- સમ્યક સાંભળીને સમજીને કાંઈક વિચારવા કરવા તૈયાર થાય કાંઈક પાછા ફરવા તૈયાર થાય, તો પણ કહેવાતા ધર્મીઓ તેઓની પક્કડ વધારે કઈ રીતે મજબૂત થાય તેનો યત્ન કરતાં હોય છે. કદાચ મીઠાશ પીરસનારાઓ મજબૂતી કરવાની વાતો કરે તો કહે સાહેબ, મધ્યમ માર્ગ કાઢો. આ પ્રશ્નની વાત તો ઉભી જ રહેવી જોઈએ આપણે કાંઈ ખોટું કર્યું નથી. પૂ. ગુરુદેવના આશીર્વાદ આજ્ઞા આપશ્રીની પાસે છે. માટે ઢીલા પડવાની જરૂર નથી જો ઢીલા પડશો તો અમારા જેવા લોકો તમોને ગીતાર્થ (ગીતાના અર્થો કરનારા) માનશે. માટે મીઠાશ પીરસો અમારા જેવાઓને વિશ્વાસ લઈને આગળ વધો તો તમારી સફળતા ચોક્કસ છે. આવી કડવાશ પીરસનારા આપોઆપ શાંત થઈ જશે.

જવાબ મળશે?

ભાવના અંગ વિના વન્દન- પૂજનાદિ છે ખરા?

- ખટપટીયો

જ્ઞાનમાં ઉમેરો

❖ *સામયકમાં લાગતા મનના દસ દોષ:*

૧. રોષ કરવો, ૨. અવિવેક ચિંતવવો ૩. તત્વની ચિંતા ન કરવી, ૪. ઉદ્વેગ કરવો, ૫. યશ કીર્તિની ઈચ્છા કરવી, ૬. વડીલાદિ પ્રત્યે વિનય ન રાખવો, ૭. ભયની ચિંતા કરવી, ૮. વ્યાપારની ચિંતા કરવી, ૯. સામાયકના ફળમાં સંદેહ કરવો, ૧૦ નિયાણુ કરવું.

❖ *દસ પ્રકારના પુરૂષો ધર્મ જાણી શકતા નથી-*

૧. મદમસ્ત, ૨. પ્રમાદિ ૩. ઉન્માદિ ૪. ક્રોધી ૫. થાકેલ ૬. ભૂખ્યો ૭. ઉતાવળીયો ૮ આસક્ત (રાગી) ૯ લોભ્યો ૧૦ કામી

❖ *વીર પ્રભુના દસ મહાશ્રાવકો*

૧. આનંદ ૨ કામદેવ ૩. ચુલની પિતા ૪. સુરાદેવ ૫ ચુલ્લ શુતક ૬. કુંડકોલિક ૭. સદ્દાલપુત્ર ૮ મહાશતક ૯. નંદીની પિતા ૧૦. તેતલી પિતા

❖ *વચન સત્યના દસ પ્રકાર*

૧. જનપદ સત્ય ૨. સંમત સત્ય ૩ સ્થાપના સત્ય, ૪ નામ સત્ય ૫. રૂપ-સત્ય ૬. પ્રતીત સત્ય ૭. વ્યવહાર સત્ય ૮. ભાવ સત્ય ૯. યોગ સત્ય, ૧૦. ઉપમા સત્ય.

❖ *સામાયકમાં લાગતા વચનના દસ દોષ*

૧. ખરાબ વચન બોલવું, ૨. તુંકારાથી બોલવું, ૩. સાવદ્ય વચન બોલવું, ૪. લવારો કરવો, ૫. કલહકારી બોલવું, ૬. અવિરતીનું સ્વાગત કરવું, ૭. ગાળો દેવી, ૮. વિકથા કરવી, ૯. અવિનયથી બોલવું (અપમાનવાચક) ૧૦. હાંસી કરવી.

❖ *દસ દિશાના અધિપતિ*

૧. ઈન્દ્ર ૨. અગ્નિદેવતા ૩. યમદેવતા ૪. નૈઋતી ૫. વરુણદેવતા ૬. વાયુદેવતા ૭. કુબેર દેવતા ૮ ઈશાન્ય ૯. બ્રહ્મદેવતા ૧૦. નાગદેવતા

❖ દસ પ્રકારે સદ્ગુણોનો વારંવાર અભ્યાસ કરવો જોઈએ

૧. ક્ષાંતિ, ૨ દયા ૩. મૃદુતા ૪. સત્યતા ૫. ઋજુતા ૬. અચોરતા ૭. મુકતતા ૮. બ્રહ્મરતિ ૯. વિદ્યા ૧૦. નિરહિતા.

# પ્રશ્નોત્તર વાટિકા

(પરિમલ)

*૧ પ્રતિક્રમણમાં સ્તવન બધા ભેગા મળીને (સાથે) કહી શકે કે એક જ કહે?*

પ્રતિક્રમણમાં સ્તવન ગુરુ જેને આદેશ આપે તે એક જ કહે અને બીજા સર્વ સાંભળે શાસ્ત્રમાં (પ્રતિક્રમણ ગર્ભ હેતુ ટીકામાં) કહ્યું છે કે

उदारस्वरेणैकः श्रिस्तवं कथयति अपरे च सर्वे सावधान मनसा कृताञ्श्वलयः श्रृप्वन्ति ।

રાસમાં પણ કહ્યું છે કે,

કહી શક્રસ્તવ એક જિનસ્તવ (સ્તવન) ભાખે કૃતાજલિ સુણઇ અપર વરકનક ભાખે (સાથે)

અજીત શાંતિ સ્તવમાં પણ કહ્યું છે કે- સોઅવ્વો સવ્વેહિં

ઉપરના શાસ્ત્રપાઠોનો વિચાર કરી આજ દિવસ સુધી અણસમજના કારણે થયેલી ભૂલોને સુધારવા માટે પ્રયત્ન કરવો જોઇએ. સંસાર સાગર તરવા માટે કરેલી કોઇપણ ક્રિયા (અનુષ્ઠાન) જિનાજ્ઞા (શાસ્ત્રોક્ત) પૂર્વક કરવી જોઇએ. સાથે બોલવાની (ઝીલાવવાથી) ભાવ આવે છે વિગેરે વાતોને આગળ કરી કદાગ્રહ પોષવો ન જોઇએ. જિનાજ્ઞાપૂર્વકનો ભાવ જ મુક્તિ માર્ગમાં ભાવ કહેલો છે. આજ્ઞાથી વિપરીત ઇચ્છા મુજબ વર્તવાથી આવેલો શુભ ભાવ પણ તાત્વિક દ્રષ્ટિએ શુભ ભાવ નથી માટે જ ગુરુ ભગવંત જેને આદેશ આપે તે એક જ વ્યકિત બોલે અને બાકીના બીજા બધા જ એકાગ્રતાપૂર્વક હાથ જોડીને મસ્તક નમાવીને સાંભળે તે જ યોગ્ય છે. સુત્રો, ચૈત્યવંદન તથા થોય ગમે તેટલા ભાવવાહી હોય તો પણ તેની પંક્તિ બે ત્રણ વાર બોલતાં નથી (એક જ વાર બોલાય છે) તેમ સ્તવનની પંકિત પણ (પ્રતિક્રમણમાં) એક વાર બોલવી જોઇએ.

*૨. સામાયિક લેતી વખતે એક નવકાર હાથ જોડીને બોલે છે તેમ સામાયિક પારતી વખતે એક નવકાર કેવી રીતે ગણવો?*

શ્રાદ્ધવિધિ તથા ધર્મસંગ્રહ વગેરે ગ્રંથોમાં સામાયિક પારતી વખતે સામાયિક પારુ, પાર્યું આ બે આદેશ માગવા પછી ઉભા થઇને બે હાથ જોડી નવકાર બોલી જાનુઉપર બેસી ભૂમિ પર મસ્તક નમાવી સામાઇયવયજુત્તો બોલવું.

तओ उद्धद्विओ नमुक्कारं भणिअ शाणुद्विओ भूमिद्विअसिरो भणह । सामाइयवयश्रुतो ।

તપાખરતરભેદ નામના પુસ્તકમાં પણ પાનાનં. ૬ ઉપર લખેલ છે કે તપા સમાયિક પારતા નવકાર એક કહે ખરતર ત્રણ કહે એ શું? પણ એક શાસ્ત્રોકત જણાય છે.

શ્રી શ્રાદ્ધ વિધિમાં આ નવકાર ઉભા ઉભા હાથ જોડીને કહેવાનું લખ્યું છે. તેને સ્થાને વર્તમાનમાં હાથ નીચે સ્થાપીને કહેવાની પ્રવૃત્તિ છે તે સુધારવાને બદલે પરંપરાના નામે બચાવ કરવામાં આવે તો તે ખોટું જ કહેવાય.

ઉપરની વાત વિચારતાં કોઇપણ કારણે હાથ નીચે સ્થાપીને નવકાર કહેવાની પ્રવૃત્તિ ચાલુ થઇ ગઇ છે તેને કોઇપણ શાસ્ત્રનો ટેકો મળતો ન હોવાથી સુધારો કરી લેવો જોઇએ. ૨૦૪૬માં જેઠ વદ- ૬ના દિવસે પૂ. ગચ્છાધિપતિ રામચંદ્ર સૂ.મ.સા. બધા પાઠો જોઇને છેલ્લાં નિર્ણય આપેલ કે સામાયિક પારતી વખતે હાથ જોડીને નવકાર ગણવો જોઇએ.

*૩. રાત્રે બનાવેલી રસોઇ દિવસે ખાવામાં આવે તો શ્રાવકોને રાત્રી ભોજનનો દોષ લાગે?*

સૂર્યોદય પહેલાં અને સૂર્યાસ્ત પછી કોઇપણ રસોઇ બનાવવામાં આવે તો રાત્રે બનાવી કહેવાય. શ્રાવકો જયણાના અર્થી અને આરંભના ભીરૂ હોય છે. રાત્રે રસોઇ વિ. બનાવવામાં અજયણા અને આરંભ વધુ થાય છે તેથી સ્વશકિત અનુસાર તે વર્જવું જ

જોઇએ. પરંતુ રાત્રે બનેલી રસોઇ વિ. દિવસે વાપરવાથી રાત્રી ભોજનનું પાપ લાગે તે વાત કોઇ જગ્યાએ લખેલી જોવામાં આવી નથી. રાત્રી ભોજનનો ત્યાગના પચ્ચક્ખાણ જેને છે તેને શ્રાવક પણ રાત્રીએ બનેલ વસ્તુ દિવસે વાપરે તો તેના પચ્ચક્ખાણનો ભંગ થતો નથી રાત્રે ખાવામાં આવે તો જ રાત્રી ભોજનનો દોષ શ્રાવકોને લાગે છે.

વર્તમાનમાં પણ શ્રાવકો રાત્રે બનેલ રસોઈ વિ. વાપરતાં નથી તેનું કારણ બહુ જીવ વિરાધનાનો સંભવ છે. અને રાત્રીના પ્રથમ બે પ્રહરમાં બનેલ રસોઇ વિ. માં વાસીપણાની શંકાનો સંભવ છે માટે વાપરતા નથી પણ રાત્રે બનેલ રસોઇ વાપરવાથી રાત્રી ભોજનનો દોષ લાગે તો માન્યતાથી નહિં સાધુ ભગવંત તો વાસીની સંભાવના થતી હોય તો (રાત્રીના બાર વાગ્યા પહેલી બનેલી રસોઇ) લેતાં નથી. બાકી અવસર પ્રમાણે ગ્રહણ કરે કેમ કે તેઓ (સાધુઓ) તો ગૃહસ્થે પોતાના માટે બનાવેલું હોય તે પિંડ લેવાવાળા હોય છે. તેથી વિરાધનાનો પણ સંભવ નથી.

સાધુ- સાધ્વીજી ભગવંતોને તો દિવા ગૃહીતં રાત્રૌ ભુક્તં- વિ. ચતુર્ભંગી કહી છે. સૂર્યોદય પહેલાં વહોરેલું હોય તે નવકારશી વિ. પચ્ચક્ખાણ આવ્યા પછી દિવસે વાપરે તો પણ રાત્રી ભોજનનો દોષ લાગે છે. ચતુર્ભંગીના ત્રણ ભાંગા વર્જ્ય છે. માત્ર દિવસે ગ્રહણ કરેલું (તે જ) દિવસે વાપરવું તે ભાંગો જ શુદ્ધ છે.

દિવસ હોવા છતાં અંધારમાં કે સાંકડા મુખવાળા વાસણમાં જમવું તે પણ રાત્રી ભોજનનો જ દોષ છે.

*૪. પક્ખી વિ. પ્રતિક્રમણમાં છીંક આવે તો શું કરવું?*

પક્ખી વિ. પ્રતિક્રમણમાં જેઓએ સાથે પ્રતિક્રમણ ઠાવ્યું છે તેમાંથી કોઇને પણ છીંક આવે તો સજ્ઝાય કર્યા પછી ક્ષુદ્રોપદ્રવ હોડાવણત્થંનો ચાર લોગસ્સનો કાર્યોત્સર્ગ કરવામાં આવેછે અને જે લોકોએ સાથે પ્રતિક્રમણ ઠાવ્યું નથી તેમાંથી કોઇને પણ છીંક આવે તો બધાએ કાયોત્સર્ગ કરવાનો હોતો નથી અને તેથી જ ઠાવતી વખતે છીંકની શંકાવાળાઓને જુદુ ઠાવવા માટે સૂચન કરવામાં આવે છે.પૌષધશાળાએ જુદુ ઠાવવાનું હોતું નથી. પકખી ચોમાસી કે સંવત્સરી પ્રતિક્રમણમાં ચૈત્ય વંદનથી અતિચાર સુધીમાં છીંક આવે અને સમયની અનુકુળતા હોય તો ફરીથી પ્રતિક્રમણ કરવું. દેવસિસ પ્રતિક્રમણમાં સિદ્ધાંણં બુદ્ધાંણંથી ચોથી સ્તુતિ વખતે તથા સુઅદેવયા વિ. સ્તુતિ વખતે છીંક આવે તો સિદ્ધાણં બુદ્ધાણં ફરીથી બોલવું. દુકખકખય કમ્મકખયના ૪ લોગસ્સ વખતે છીંક આવે તો કાયોત્સર્ગ ફરીથી કરવો શાંતિ બોલી લીધા પછી છીંક આવે તો ફરી કરવાનો હોતો નથી.

ઉપર લખેલ વિધિ પરંપરાથી થાય છે પરંતુ તેવા પ્રકારના સ્પષ્ટ અક્ષરો કયાંય દેખાતા નથી

*૫. દીવા વિ.ની ઉજેહીનો દોષ કયાં અને કેવી રીતે લાગે?*

દીપક તથા બલ્બ વિ.નો પ્રકાશ જયાં સીધો જ પોતાના શરીર ઉપર પડતો હોય ત્યારે તેઉકાયની વિરાધના પોતાના કારણે થતી હોવાથી તેની વિરાધનાથી બચવા માટે ચાલુ કાયોત્સર્ગમાં પણ જયણાપૂર્વક ખસી જઇ બીજી કોઇપણ ચેષ્ટા કર્યા સિવાય બાકીનો કાયોત્સર્ગ પુરો કરવામાં આવે તો કાયોત્સર્ગમાં ખસવા છતાં કાયોત્સર્ગનો ભંગ થતો નથી. સૂર્યોદય થયા પછી પણ ભોંયરામાં કે ગભારામાં દીવા લાઇટનો પ્રકાશ વધુ હોય તો તેની પણ ઉજેહી ગણાય છે. સૂર્યનો પ્રકાશ વધુ હોય તો તેના પ્રકાશમાં દીવા વિ.ના પ્રકાશનું તેજ અવરાઇ જતું હોવાથી દીવા કે લાઇટમાંથી નીકળતાં તેઉકાયની વિરાધના થતી ન હોવાથી ઉજેહી ગણાતી નથી તેવી જ રીતે ચંદ્રનો પ્રકાશ પણ આપણી ઉપર સીધો જ આવતો હોય ત્યારે પણ દીવા વિ.ની ઉજેહી લાગતી નથી.

સાધુ જીવનમાં તથા સામાયિક પ્રતિક્રમણ અને પૌષધ કરતાં શ્રાવકોએ ઉજેહીની વિરાધનાથી બચવા

માટે પોતાના કોઇપણ વસ્ત્રપાત્ર વિ. ઉપકરણ ઉપર પણ લાઇટ કે દીવા વિ.ની ઉજેહી ન આવે તેની કાળજી રાખવી. તેમાં પણ વિરાધનાનો દોષ લાગે છે. જિનાલયમાં પણ ગભારામાં અંધકાર હોવાના કારણે દીવાની ઉજેટી પોતાના શરીર ઉપર પડતી હોય તો ગણવી જ જોઇએ. જીવ વિચારમાં પણ તેઉકાયની વિચારણામાં નાયવ્યાનિઉળ બુદ્ધિએ પદ મુકેલ છે. પ્રતિક્રમણ કરતા કોઇ જગ્યાએથી લાઇટ થવાના કારણે ઉજેહી આવતી હોય તો ત્યાંથી ખસી જવું અથવા બેસી જવું પરંતુ લાઇટ બંધ કરવા સૂચન કરવું કે બારી બંધ કરવી કરાવવી નહિં તેમાં પણ વિરાધના છે. એવા સંયોગમાં બેઠા બેઠા પણ પ્રતિક્રમણ કરવામાં આવે તો પણ નિર્જરા થાય છે દરરોજ ઉજેહી આવતી હોય તો શ્રાવકોએ સામાયિક લેતાં પહેલાં બારી બંધ કરી શકાય.

*૬. આવશ્યક ક્રિયા (પ્રતિક્રમણ) માંડલીમાં કરવી જરૂરી ખરી?*

સાધુ જીવનનો સ્વીકાર કર્યા પછી પણ પ્રમાદાદિ દોષો આવવાની શકયતાઓ હોવાથી પ્રતિક્રમણ વિ. ક્રિયાઓ અવશ્યમેવ માંડલીમાં જ કરવાની છે. પૂ. આચાર્ય ભગવંતોને પણ માંડલીમાં પ્રતિક્રમણ કરવાની આજ્ઞા આપેલ છે. પ્રતિક્રમણના સમયે બીજા સઘળાય કાર્યોનો ત્યાગ કરીને પણ આવશ્યકક્રિયા માંડલીમાં અપ્રમત્તપણે ઉપયોગપૂર્વક (મનમાં સૂત્રના ઉચ્ચારપૂર્વક) ઉભા ઉભા જ કરવી જોઇએ. આચાર્ય ભગવંતો માંડલીમાં પ્રતિક્રમણ કરે તો શિષ્યવર્ગ તથા શ્રાવકવર્ગ પણ પ્રમાદ ન સેવે પ્રતિક્રમણના સમયે પ્રતિક્રમણ સિવાય કોઇ જ કાર્યનું મહત્વ નથી સાત માંડલીની વ્યવસ્થામાં આવશ્યક ક્રિયાની પણ માંડલી છે તેને મહત્વ આપવું અત્યંત જરૂરી છે. શ્રાવકોએ પણ પૂજ્ય ગુરુ ભગવંતોની નિશ્રામાં (ચાર કિ.મી. દૂર જઇને પણ) જ કરવું જોઇએ. આજીવિકા વિ.ના કારણે નોકરી વિ. હોય તો પણ આવશ્યક ક્રિયા ઉભા ઉભા એકાંત સ્થાનમાં જઇને કરવી જોઇએ. ચરમ તીર્થાધિપતિ મહાવીર મહારાજાના પરમ તારક શાસનમાં અત્યંત મહત્વની આવશ્યક ક્રિયા છે તેનો અત્યંત આદર કરવો જોઇએ.

*૭. સાંજના પ્રતિક્રમણની જેમ સવારના પ્રતિક્રમણમાં શ્રાવકોને સાધુઓ આદેશ આપતાં નથી તેનું કારણ શું?*

સવારનું પ્રતિક્રમણ ઉંચા સાદે (મોટેથી બોલીને) ન કરવું એવી આગમની મર્યાદા છે. જો આદેશ (પચ્ચકખાણ પણ) આપવામાં આવે તો સૂત્ર ભણાવવા માટે શ્રાવક ઉંચા સાદે ભણાવે તો સૂત્ર મર્યાદાનો ભંગ થઇ જાય માટે સાધુઓ આદેશ આપતાં નથી અને સાધુ ભગવંતો સ્વયં ગુરુ ભગવંતની પાસે આવીને મૌનપણે પ્રતિક્રમણ કરે છે.

સાધુ ભગવંતો માટે સંથારા પોરિસિ (સૂર્યાસ્ત પછી એક પ્રહરે) ભણાવ્યા પછી (મોટેથી બોલવાપૂર્વક સ્વાધ્યાય પણ કરવાનો નથી) સૂર્યોદય સુધી આવશ્યક ક્રિયાઓ પણ મૌનપૂર્વક જ કરવાની છે. માટે જ સવારે રાઇય પ્રતિક્રમણમાં પચ્ચકખાણ આવડતું હોય તો શ્રાવકે લેવાનું ન આવડતું હોય તો ધારવાનું છે. પણ ગુરુ ભગવંત પાસે લેવાનું નથી.

*૮. પ્રમાદી સાધુ આવશ્યકાદિ ક્રિયાના અવસરે તેનો પરિત્યાગ કરી (તેને ગૌણ કરી) ધ્યાનાદિ કરવા બેસે તે શું યોગ્ય છે?*

આવશ્યકાદિ (પ્રતિલેખનાદિ) ક્રિયા કરવાના અવસરે તેનો ત્યાગ કરી ધ્યાનાદિ (જાપ વિ.) કરવા બેસનાર સાધુ પ્રમાદી છે અને તે મિથ્યાદષ્ટિ જાણવો. આવશ્યકાદિ ક્રિયાના અવસરે (સમયે) બીજી પણ ધર્મની ક્રિયા કરવી તે પ્રમાદ છે, ઉચિત નથી તે કાલે તે તેજ ક્રિયાનું મહત્વ હોવાથી તે સમયે બીજી તેનાથી ઉંચી પણ ક્રિયા નિર્જરાનું કારણ ન બનતાં અશુભ કર્મના અનુબંધનું કારણ બને છે. जं काले जं समयरे

(ક્રમશઃ)

❁ ❁ ❁

# અગડં – બગડં

લેખક : અગડં-બગડં

જૈન સમાચાર કાર્યાલય- મારુતિ પ્રિન્ટર્સ, એન. આર. એસ્ટેટ, પંજાબ નેશનલ બેંક પાસે, તાવડીપુરા, શાહીબાગ, અમદાવાદ ૩૮૦૦૦૪ ફોન ૫૬૨૧૩૧૨, ૫૬૨૫૫૫૫૯ તરફથી- **ચતુર્વિધ જૈન સમાચાર** નામનું માસિક પ્રગટ થાય છે તેના તંત્રી **રોહિત શાહ** છે. આ જૈન સમાચાર માસિકના કેટલાય લખાણોમાં કેટલાય શાસ્ત્ર વિરૂદ્ધ, યુક્તિ વિરુદ્ધ છબરડા વાળેલા છે. તેના કેટલાક નમૂના જોવા હોય તો આ માસિકનો 'વર્ષ ૫ અંક ૩ ફર્સ્ટ ઓગસ્ટ ૨૦૦૩'નો અંક જોવો. આ અંકના પહેલા બીજા પાને લેખક રોહિત શાહે 'આપણો સંગાથ' નામની કોલમમાં જણાવ્યું છે કે 'લોર્ડ મહાવીર મને રાત્રે સ્વપ્નમાં મળ્યા' પછી ભગવાને તેમને સ્વપ્નમાં નવા જિનાલયો નહીં બનાવવા અંગે તથા જૈન જોબ બ્યુરો શરૂ કરવા અંગે કેટલીક વાતો કરી. તે તેમણે પાના નં. ૧-૨ ઉપર લખાણોમાં ટાંકાવી દીધી. તે બાબતો અંગે તથા અન્ય કેટલીક બાબતો અંગે નીચે સમીક્ષા કરી છે. તે વાંચો ત્યારે-

**અગડં :** પ્રણામ! બગડંજી! આપે 'ચતુર્વિધ જૈન સમાચાર, ફર્સ્ટ ઓગસ્ટ ૨૦૦૩' નો અંક વાંચ્યો?

**બગડં :** ના, અગડંજી!

**અગડં :** જૂઓ આ રહ્યો મારી પાસે. વાંચો.

**બગડં :** હાલ તમે જ વાંચી સંભળાવો. મારે વાંચવો હશે ત્યારે હું પણ વાંચીશ.

**અગડં :** સારૂં ત્યારે તેમાં પહેલાં પાને બોક્ષમાં લખ્યું છે કે- 'માસ્ટર કી' પ્રભુ, એક પ્રશ્ન પૂછું? 'પૂછને!' 'આપની ભક્તિ કરવા માટે સાધુ થવું જરૂરી ખરૂં?' 'ના, સીધા થવું જરૂરી છે!'

હે બગડંજી ! આ છબરડાનો જવાબ શું?

**બગડં :** આ લખાણને 'માસ્ટર કી' થી જણાવ્યું છે? આપણે ય 'શઠં પ્રતિ શાઠં કુર્યાત્' 'ઈંટનો જવાબ પત્થરથી આપવો' ઈત્યાદિ ઉક્તિઓ અનુસાર આવું લખનાર મુરખાને નીચે મુજબ જવાબ 'હેડ માસ્ટર કી'થી આપી દેવો.

હેડ માસ્ટર કી- 'સાંસારિક સુખ ભોગવવા માટે પરણવાની જરૂર ખરી?' 'ના, પ્રેમ કરવાની જરૂર છે.'

જુઓ અગડંજી! હેડ માસ્ટર કીના આ લખાણ અંગે જરૂરી ખુલાસો કરી દઉં. ભગવાનનો ચતુર્વિધ સંઘ સાંસારિક કોઈપણ ક્રિયાને છોડવા યોગ્ય માને પાછી ચાહે તે પરણવાની હોય કે પ્રેમ કરવાની હોય, પણ જેમ સાંસારિક સુખનો રસીયો હેડ માસ્ટર કીની ઉક્ત વાતને કોઈ 'ભેજાગેપ'ની ઉપજ માને તેમ પ્રભુની ભક્તિનો રસીયો 'જૈન સમાચાર'માં આવેલી માસ્ટર કીની ઉક્ત વાતને કોઈ 'ચસકેલી ડાગળી'ની જ ઉપજ માને.

**અગડં :** વાહ! આપે સરસ જવાબ આપ્યો. હજી આવા તો કેટલાય છબરડા વાળ્યા છે. જેમ કે- ઉક્ત અંકના જ પ્રથમ પાને લેખક- રોહિત શાહે 'આપણો સંગાથ' નામની કોલમમાં 'પર્યુષણની નવી તપસ્યા જૈન જોબ બ્યુરો'! એ હેડીંગ હેઠળ લખ્યું છે કે - લોર્ડ મહાવીર મને રાત્રે સ્વપ્નમાં મળ્યા. મેં પૂછયું 'પ્રભુ, આપ સ્વયં?' 'હા! અને સાંભળ...! હું એકલો નથી આવ્યો. મારી પૂર્વેના ત્રેવીસ તીર્થંકરો પણ મારી સાથે છે..!'

**બગડં :** આ છબરડાનો જવાબ શું આપવો? આ માસિક મને આપો.

(અગડં ઉક્ત અંક બગડંના હાથમાં આપે છે. બગડં વાંચે છે પછી અંક બગડંના હાથમાં પાછો આપીને કહે છે)

**બગડં :** જુઓ, અગડંજી! લેખકે પછી લખ્યું જ છે કે- 'ટુ બી વેરી ફ્રેન્ક... અમે કોઈને સ્વપ્નામાં મળવા જતાં નથી.'

આ વાત- 'લેખકનું ઉક્ત સંપૂર્ણ લખાણ જોતાં

લોર્ડ મહાવીર લેખકને સ્વપ્નમાં કહે છે' એવું સ્પષ્ટ જણાય છે.

જે ભગવાન લેખકને રાત્રે સ્વપ્નમાં મળ્યા એ જ ભગવાન સ્વપ્નામાં લેખકને કહે છે કે 'અમે કોઈને સ્વપ્નામાં મળવા જતાં નથી.'

એટલો એનો અર્થ એ થયો કે પરમાત્માશ્રી મહાવીર મહારાજાએ લેખકને સ્વપ્નામાં જુઠી વાત કહી. આવી ધડમાથા વિનાની વાત લખનાર સામે મારો પ્રશ્ન છે કે ભગવાન હોય એ ખોટું બોલે? ના, ભગવાન જુઠું બોલે જ નહીં પણ લેખકે તો હન્ડ્રેડ એન્ડ વન પર્સન્ટ ખોટું જ લખ્યું છે. આ મારો લેખક ઉપર આક્ષેપ છે, અને એ આક્ષેપ સાચો ન હોય તો લેખક પોતાની બધી જ (દુષ્ટ) બુદ્ધિથી (પણ- પોતાની જેટલી તાકાત હોય તેનાથી) સાબિત કરી બતાવે. વળી બીજું,

લેખક મહા(દુષ્ટા)શય! તમે શરૂઆતમાં લખ્યું છે- 'લોર્ડ મહાવીર મને રાત્રે સ્વપ્નામાં મળ્યા'- વળી આગળ જ સ્વપ્નામાં ભગવાનના મોઢે બોલાયેલી લખી છે કે- 'અમે કોઈને સ્વપ્નામાં મળવા જતાં નથી'- તો આ બે બાબતો અંગે મારા તમને જાહેરમાં નીચે મુજબના પ્રશ્નો છે.

**પ્રશ્ન - ૧ :** પેરસ્પર વિરોધી આ બે બાબતો તમે સભાન અવસ્થામાં લખી છે કે બેભાન અવસ્થામાં?

**પ્રશ્ન - ૨ :** ભગવાને તમને સ્વપ્નામાં કીધું કે- 'અમે કોઈને સ્વપ્નમાં મળવા જતાં નથી?' તે તમે 'કોઈ'માં ગણાઈ જાવ કે નહીં?

**પ્રશ્ન - ૩ :** જો તમે 'કોઈ'માં ગણાઈ જાવ તો ભગવાન પણ તમને સ્વપ્નમાં મળવા આવે નહીં. આટલું પણ જો તમે સમજી ન શકતાં હો, તો કયા બેઝ પર પત્રકાર થયા છો?

**પ્રશ્ન - ૪ :** અને જો તમે 'કોઈ'માં ગણાતા ન હો તો શા માટે ગણાતા નથી?

**અગડં :** ભગવાન સંબંધી ખોટું લખનાર પણ આ સદ્બુદ્ધિના બારદાન અને દુર્બુદ્ધિના ખજાના જેવા લેખક સામે આવું કવેશ્ચન પેપર પેશ કરવા બદલ આપને શત શત ધન્યવાદ!

આગળ લેખકે લખ્યું છે કે- 'સોરી પ્રભુ! બોલો'

**બગડં :** આ વળી કેવા લેખક પાક્યા છે કે જે ભગવાનને પણ આદેશ કરે છે કે- 'બોલો!' આવું લખનારનું લખાણ અવિનયી, ઉદ્ધત, બેશરમ છે. એ લખાણ ઉપરથી નિઃસંદેહ તારવી શકાય છે. જો કે વાતચીતમાં આપણે કોઈ વડીલને અવિનયના ભાવ વિના કોઈકવાર 'વડીલ! બોલો તમે એવું કહીએ છીએ પણ લખાણમાં તો ન જ લખવું જોઈએ. લખાણમાં તો 'બોલવાની વિનંતી કરૂં છું' - એમ કે એવા મતલબનું લખાય.

**અગડં :** લેખકે આગળ લખ્યું છે કે- 'પાછો વચ્ચે બોલ્યો? તારે સૌને કહેવાનું છે કે હવે અમારા માટે કોઈ નવું જિનાલય બનાવવાનું નથી' આ વાત સ્વપ્નામાં ભગવાન શ્રી મહાવીર મહારાજા લેખકને કહે છે.

**બગડં :** લેખક શ્રી રોહિત શાહ! આ બાબતે અમે તમારી સમક્ષ બીજું કવેશ્ચન પેપર રજૂ કરીએ છીએ.

(પ્ર:૧) જ્યાં જૈનોની વસ્તી હોય પણ એક પણ જિનાલય ન હોય ત્યાં નવું જિનાલય બનાવવું જોઈએ કે નહીં?

(પ્ર:૨) જ્યાં જૈનોની વસ્તી હોય, જિનાલય પણ હોય પરંતુ-

(A) જિનાલયમાં ખૂબ ગીર્દી રહેતી હોય,

(B) આસપાસ દુકાનો, રહેણાંક, રોડ વગેરેના કારણે તે જિનાલય વિશાળ થઈ શકે તેમ ન હોય.

(C) નજીકની જગ્યા ઉંચી કિંમતે પણ નવા જિનાલય માટે તે સંઘ ખરીદવા સક્ષમ હોય તો ખરીદ્યા પછી- નવું જિનાલય બનાવવું જોઈએ કે નહીં?

(પ્ર:૩) ભલે જ્યાં જૈનોની વસ્તી બિલકુલ ન હોય, પરંતુ કલ્યાણક ભૂમિ તીર્થભૂમિ આદિની મહત્તાને કારણે અવારનવાર ચતુર્વિધ શ્રી સંઘ ત્યાં યાત્રાએ પધારતો હોય અને ત્યાંનું જિનાલય નાનું પડતું હોય તો જરૂર મુજબ બીજું નવું નાનું કે મોટું જિનાલય બનાવવું જોઈએ કે નહીં ?

(પ્ર:૪) 'ધર્મસંગ્રહ' ગ્રંથમાં શ્રાવકના જન્મકૃત્યો જણાવ્યા છે. તેમાં સૌથી પહેલાં ક્રમે 'ચેઈય' =

ચૈત્ય' કરાવવું તેમ જણાવ્યું છે. આ ચૈત્ય એટલે જિનાલય. આમ શ્રાવકે તેના જીવન દરમ્યાન શાસ્ત્રાનુસાર જિનાલય કરાવવું અર્થાત નવું જિનાલય કરાવવું એવું ધર્મસંગ્રહ નામના શાસ્ત્રગ્રંથમાં જણાવ્યું છે. તો પ્રશ્ન એ છે કે શ્રાવકે જન્મકૃત્ય તરીકે નવું જિનાલય બનાવવું જોઈએ કે નહીં ?

(પ્ર:૫) આ ચાર પ્રશ્નોમાં જણાવેલ સંજોગો સિવાય પણ જો શાસ્ત્રાનુસારે કે યુક્તિ અનુસારે ઉચિત હોય તો ત્યાં નવું જિનાલય બનાવવું જોઈએ કે નહીં?

-ઉપરના પાંચે પ્રશ્નોનો અમારો જવાબ યુક્તિ કે શાસ્ત્રની દૃષ્ટિએ 'નવું જિનાલય બનાવવું જોઈએ' તે છે. લેખકશ્રી! તમારો જવાબ શું છે? આ પ્રશ્નોમાં જણાવેલી હકીકત કે સંજોગોનો ઉલ્લેખ કર્યા વિના તમે ભગવાનના મુખે બોલાયેલી વાત તમને આવેલા સ્વપ્નામાં બેધડક લખી દીધી કે- 'હવે અમારા માટે કોઈ નવું જિનાલય બનાવવાનું નથી'- અને તેથી તમે સુકા ભેગું લીલું પણ બાળી નાંખવા જેવો ઘાટ ઘડયો છે. તમે આ વાત લખી તે માટે તમારી પાસે કઈ વાજબી યુક્તિ કે કયો વાજબી શાસ્ત્રાધાર છે? અને જો વાજબી યુક્તિ કે શાસ્ત્રાધાર તમારી પાસે ન હોય તો અથવા ખ્યાલ ન હોય અને કોઈ સમજાવે તો સ્વીકારવાની તૈયારી ન હોય તો તમારે તમારૂં પત્રકારત્વ અભરાઈએ ચઢાવી દેવું જોઈએ કે નહીં ?

**અગડં :** લેખકે આ 'આપણો સંગાથ' નામની જે કોલમમાં આ 'જૈન સમાચાર'ના પાના નં. ૨ ઉપર જણાવ્યું છે કે-

'તું વાતોમાં ટાઈમ બહુ વેસ્ટ કરે છે... મારી વાત સાંભળ... સૌને તારે જણાવી દેવાનું છે કે હવેથી એક પણ જૈન નોકરી વગરનો હોય ત્યાં સુધી અમારા માટે કોઈએ મંદિર બનાવવાનું નથી.... સાધર્મિક ભક્તિ એ પર્યુષણનું એક કર્તવ્ય છે... હવેથી દિગંબર, દેરાવાસી, સ્થાનકવાસી, તેરાપંથી તમામ જૈનોએ પર્યુષણ પર્વ વખતે જોબલેસ જૈનોને નોકરી અપાવવાનું તપ કરવાનું છે... એ માટે પચ્ચખાણ લેવાનું રહેશે...'

આ વાત લેખકને આવેલા સ્વપ્નામાં ભગવાન શ્રી મહાવીર મહારાજા લેખકને કહે છે. આ અંગે હે બગડંજી! આપનો લેખકને શું જવાબ છે?

**બગડં :** લેખકને અમારો નીચે મુજબ છે.

લેખક શ્રી રોહિત શાહ! 'હવેથી એક પણ જૈન નોકરી વગરનો હોય ત્યાં સુધી અમારા માટે કોઈએ મંદિર બનાવવાનું નથી.'- સ્વપ્નામાં ભગવાનના મુખે બોલાયેલી આ વાત લખી છે તે યોગ્ય નથી. ભાઈ નબળો હોય તો એની ઉચિત સારસંભાળ જરૂર લેવી જોઈએ, પણ એથી એમ ન કહેવાય કે 'મા-બાપની યોગ્ય ભક્તિ પણ ન કરવી' એમ સાધર્મિક જોબલેસ હોય તો તેને જોબ અપાવવા શ્રાવકોએ શાસ્ત્રાનુસારી પ્રયત્નો જરૂર કરવા જોઈએ પણ એથી એમ ન કહેવાય કે - એકપણ જૈન નોકરી વગરનો હોય ત્યાં સુધી કોઈએ ભગવાનના મંદિર ન બનાવવા.

**અગડં :** વન મીનીટ બગડંજી ! ભગવાનના મંદિર વિના ભક્તિ ન થાય?

**બગડં :** નિશાળ વિના ભણાય નહીં? બજાર વિના ધંધો ન થાય? આ પ્રશ્નોનો જવાબ જેમ ના છે કે- ભણવાનો અને ધંધો કરવાનો રાજમાર્ગ અનુક્રમે નિશાળ અને બજાર છે તેમ ભગવાનની ભક્તિ કરવાનો પણ રાજમાર્ગ મંદિર છે.

**અગડં :** સાધર્મિક ભક્તિ કરવી, દીનદુ:ખીયાનો ઉદ્ધાર કરવો, તરસ્યાને પાણી અને ભૂખ્યાને ભોજન આપવું- વગેરે ભગવાનની ભક્તિ નથી શું?

**બગડં :** એ બધું કરવું તે ભગવાનની અન્ય એક પ્રકારની આજ્ઞાનું પાલન છે અને ભગવાનની પૂજા કરવી, જિનાલય કરાવવું, ભગવાનની પ્રતિમા કરાવવી, ભગવાનની સ્તુતિ, સ્તવના કરવું તે વળી ભગવાનની બીજી અન્ય આજ્ઞાઓનું પાલન કર્યું કહેવાય, ભગવાનની બંને પ્રકારની આજ્ઞાનું પાલન - ભગવાન પ્રત્યે સાચો ભક્તિભાવ હોય તો જ શકય છે. તેથી બંને પ્રકારની આજ્ઞાનું પાલન એ ભગવાનની ભક્તિ છે. સાચો ભકત ભગવાનની બંને પ્રકારની આજ્ઞામાંથી કોઈ પણ આજ્ઞાની ઉપેક્ષા ન કરે.. જેમ-

(ક્રમશ:)

# પ. પૂ. આ. ભ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. સા. બેંગ્લોર પધારતા ખુશીભેટના

| રૂા. | નામ | |
|---|---|---|
| ૧૦૦-૦૦ | શાંતિલાલ જીવરાજ ગડા | - બેંગ્લોર |
| ૨૫૧-૦૦ | ઓશવાળ સિરામીક | - બેંગ્લોર |
| ૧૦૧-૦૦ | મહેશભાઇ અમૃતભાઇ ગોસરાણી | - બેંગ્લોર |
| ૫૦-૦૦ | નેમચંદભાઇ | - બેંગ્લોર |
| ૧૦૧-૦૦ | રમેશભાઇ દેવચંદભાઇ શાહ | - બેંગ્લોર |
| ૧૦૦-૦૦ | મનસુખલાલ વેલજીભાઇ શાહ | - બેંગ્લોર |
| ૧૦૦-૦૦ | મિલન ધીરૂભાઇ શેઠ | - બેંગ્લોર |
| ૧૦૦-૦૦ | મણિલાલ તારાચંદ પારેખ | - બેંગ્લોર |
| ૧૦૧-૦૦ | પરેશ પ્રોવિઝન સ્ટોર્સ | - બેંગ્લોર |
| ૨૫૦-૦૦ | રંભાબેન દેવશીભાઇ રાયમલ | |
| ૨૫૦-૦૦ | કાલિદાસ હંશરાજભાઇ *ચી. મીતલ તથા અમીતની અઠાઇ તથા થાનગઢ મુકામે વરઘોડાના ભગવાન પ્રેમચંદકાલીદાસને ઘેર પધરાવતા ખુશીભેટના* | - થાનગઢ |
| ૧૦૦-૦૦ | પ. પૂ. આ. ભ. શ્રી વિજય શુશીલસૂરીશ્વરજી મ. સા. પ્રેરણાથી સંભવનાથ જૈન શ્વે. મૂ. સંઘ જૈન દેરાસર | - વિજયવાડા |

| રૂા. | નામ | |
|---|---|---|
| ૨૦૦-૦૦ | શ્રી વાસુપુજ્ય જિન, શ્વે. મૂ. પૂ. સંઘ-અકલુજ | |
| ૩૦૦-૦૦ | પ. પૂ. આ. ભ. શ્રી વિજય અશોકરત્ન સૂરીશ્વરજી મ. સા., પ. પૂ. અમરસેન વિજયજી મ. સા.ની પ્રેરણાથી શાંતિનાથ જૈન શ્વે. સંઘ | - લવેશ્વર |
| ૨૫૦-૦૦ | યેવલા સકલ સંઘ નિશિકાંત એવન્તીલાલ પહાડી પૂ. સા. શ્રી નિર્વેદરત્ના શ્રીજી મ. સા. ના શિષ્યા પૂ. સા. શ્રી ભક્તિદર્શિતાશ્રીજી મ. ના. ચતારી અઠ દસ દોય તપની તથા સકલ સંઘમાં થયેલ શ્રી શત્રુંજય તપની અનુમોદનાર્થે પૂ. સા. શ્રી રાજદર્શિતાશ્રીજી મ.ની પ્રેરણાથી | |
| ૧૦૦૦-૦૦ | શાહ પદમશીભાઇ વાઘજીભાઇ ગુઠકા પરીવાર ચિ. જયંતિભાઇ પદમશીભાઇ ૧૬ ઉપવાસની અનુમોદના નિમિતે ખુશી ભેટના | - અમદાવાદ |
| ૩૦૦૦-૦૦ | પ. પૂ. મુ. શ્રી વિનોદવિજયજી મ. સા.ની પ્રેરણાથી શ્રી વાસુપુજ્ય જિનાલય શ્વે. મુ. જૈન સંઘ | - અકલુંજ (સોલાપુર) |

શ્રી આદીનાથાય નમઃ શ્રી આત્મ - કમલ- લબ્ધિ - વિક્રમસૂરિ સદ્ગુરુભ્યો નમઃ

શ્રી લબ્ધિ વિક્રમ સંસ્કૃતિ કેન્દ્ર (શાંતિનગર અમદાવાદ) તરફથી પ્રકાશિત ધાર્મિક પુસ્તકોની

## ભેટ યોજના

*નીચે મુજબના પુસ્તકોની સામે લખેલા રૂપિયા જેટલી પોસ્ટલ સ્ટેમ્પ શ્રી જિતેન્દ્રભાઇ સી. શાહના સરનામે પોસ્ટ દ્વારા મોકલી આપવાથી તે તે પુસ્તકો પોસ્ટ દ્વારા ભેટ મોકલવામાં આવશે.*

સરનામું : ૨૫૧/૨૮૯૨ સત્યમ એપાર્ટમેન્ટ, આદીનાથ જૈન મંદિરની પાસે, સોલા રોડ, નારાયણપુરા-અમદાવાદ - પીન ૩૮૦૦૬૩.

| | સ્ટેમ્પસ |
|---|---|
| (૧) લબ્ધિપ્રશ્ન ભાગ બીજો | ૫/- |
| (૨) તત્વાર્થ અ.૫ સૂત્ર ૧થી ૧૧ ગુજ. વિવેચન | ૩/- |
| (૩) મુનિસુવ્રત સ્વામિપંચ કલ્યા. પૂજા | ૨/- |
| (૪) લબ્ધિ આંતર વૈભવ | ૩/- |
| (૫) કમલ પરાગ | ૩/- |
| (૬) દશવૈકાલિકચિંતનિકા | ૫/- |
| (૭) ઉત્તરાધ્યયન ચિંતનિકા | ૫/- |
| (૮) ભગવતીસૂત્ર વ્યાખ્યાન ભા. ૨ | ૫/- |
| (૯) ભક્તામર સ્તોત્ર અન્વયાદિ સાથે અર્થ વિવેચન | ૩/- |
| (૧૦) ભક્તામર ગુંજન | ૩/- |
| (૧૧) પાસંવંદામિ- ઉવસગ્ગહરં સ્તોત્ર સ્વાધ્યાય | ૧[illegible]/- |
| (૧૨) વિક્રમગુરુની અમર કહાની | ૫/- |
| (૧૩) સંતના ૫૭ | ૨/- |
| (૧૪) પાથેય કોઇનું શ્રેયઃ સર્વનું | ૩/- |
| (૧૫) જૈન ધર્મની રુપરેખા | ૨/- |
| (૧૬) મહાભારત ભા. ૧ | ૧૦/- |
| (૧૭) લઘુયોગ શાસ્ત્ર | ૩/- |
| (૧૮) ગુરુકૃપા | ૨/- |
| (૧૯) લબ્ધિ અમીવર્ષા | ૮/- |
| (૨૦) ભકતામર સ્તોત્ર ફોલ્ડર ત્રણ ભાષામાં સેપરેટ | ૧/- |
| (૨૧) પાર્શ્વ પદ્માવતી ૧૦૮ નામ ફોલ્ડર્સ | ૧/- |

# ક્રૂરતાથી બન્ધન તોડો

આપણે ત્યાં બન્ધના બે પ્રકાર કહ્યા છે. આ બે પ્રકારના બન્ધમાં જ આપણે સદાય બંધાયીએ છીએ-રહીએ છીએ. બન્ધના નામ પણ મઝાના છે.

એક પૂણ્યબંધ બીજો પાપ બંધ.

જે મોક્ષને ન માનતો હોય તેને સંવર અને નિર્જરાની જરૂર નથી. સંવર એટલે મન, વાણી અને કાયાની પ્રવૃત્તિઓથી જ શુભાશુભ કર્મ જીવમાં દાખલ થતાં હોય તેને અટકાવવા એનું નામ સંવર. અને નિર્જરા એટલે સંસારના કારણભૂત કર્મોને આત્મા ઉપરથી ખેરવી નાખવા તેને નિર્જરા કહેવાય. આ પ્રવૃત્તિ કોણ કરે જેને મોક્ષે જવાની ઈચ્છા હોય, જે મોક્ષને માનતો હોય ન માનતો હોય એ આવી પ્રવૃત્તિ કરે નહિં. જે અટકાવવાનું કામ ન કરે અને જે ખેરવવાનું કામ ન કરે એ બન્ધથી ગભરાય ખરો? ના! ખરેખર તો પૂન્ય બંધ અને પાપ બન્ધથી ગભરાવવું જોઈએ. નવ તત્વોની અંદર સૌથી વધારે ખરાબ તત્વ હોય તો બન્ધ તત્વ છે.

જો અહીં જરીયે સુખ ન મળે તો દરેકને મોક્ષમાં જવાની ઈચ્છા થાય પણ થોડે થોડે અંતરે થોડું થોડું સુખ મળી જાય છે એટલે મોક્ષની કે ત્યાગની ઈચ્છા થતી નથી. પાંચમા ગુણસ્થાનક સુધી પૂણ્ય માંગવાની છૂટ છે પણ છઠ્ઠા ગુણસ્થાનકે સુખની ઉપેક્ષા નથી કરવાની. નિર્જરાના સમયમાં પણ બંધ ન હોય એવું બને નહિં. નિર્જરાના સમયે પૂણ્યનો બંધ પડે છે. ૧૩મા ગુણ સ્થાનક સુધી દર સમયે બન્ધ થયા કરે છે.

સવારે ઉઠતી વખતે કે રાત્રે સૂતી વખતે 'નમો અરિહંતાણં' પદ બોલો છો એ બોલતાં કંઇ વિચાર આવે છે? ખ્યાલ આવે છે કે 'હે વિતરાગ દેવ! તમે તો બંધન રહિત બન્યા છો પણ હું બન્ધનમાં ફસાયેલો છું. જેને બન્ધન ખટકતું હોય, જેને બન્ધની ચિંતા પેઠી હોય, બન્ધનમાંથી છૂટવાની કોશિષ કરતો હોય એ જ અરિહંતનું રટણ બરાબર કરી શકે. એ જ સાચો નમસ્કાર કરી શકે.

જેને બન્ધન બન્ધનરૂપે લાગતું ન હોય એ બાર પ્રકારનો તપ પણ સાધિ નહીં શકે. આપણે ત્યાં ઈચ્છાનિરોધ એ પણ તપ છે એ તપ નિર્જરા થાય છે ઈચ્છાયોગથી બન્ધ થાય છે. પણ ઈચ્છાને અટકાવવામાં આવે, ખેરવી દેવામાં આવે તો બન્ધનથી છૂટી જવાય છે. છૂટી જવાની પ્રક્રિયા એ જ સંવર અને નિર્જરા. સંવર અને નિર્જરાની ઈચ્છા થાય તે જ પાકો સમ્યગદ્રષ્ટિ. અવિરતીના ઉદયથી એને જે જે ઈચ્છા થાય તે 'ખરાબ લાગે, મારે મોક્ષે જવું છે, મારુ સાચું સ્વરૂપ ચૌદ રાજલોકના છેડે છે. એ જ સ્વરૂપ સાચું છે.' હું બન્ધનથી બંધાયેલો છું મારુ બન્ધન નિર્જરાથી છૂટશે, તેથી નિર્જરા થશે. ઈચ્છાનિરોધ એ તપ છે. માટે આપણે વિચારવું જોઈએ કે આપણને કઇ ઈચ્છાઓ પ્રગટે છે. તેની નોંધ રાખીએ તો આપણને ખ્યાલ આવે કે આપણે કેટલા બન્ધનોથી બંધાયીએ છીએ? પૂણ્ય ઉપાર્જન કરવાથી ઈચ્છાઓ પ્રગટે છે તેવી રીતે પાપ ઉપાર્જન કરવાથી પણ ઈચ્છાઓ પ્રગટે છે. ખરેખર, પૂણ્ય અને પાપ બન્ને કર્મરાજના છોકરાઓ છે કયા છોકરાનો પક્ષ તમારે લેવો છે? પૂણ્યનો પક્ષ લેવો છે? કે પાપનો પક્ષ લેવો છે ?

પાપનો પક્ષ લઇએ તો પૂણ્ય કાંઈ જીતાય એવું નથી. પૂણ્યનો પક્ષ લઈએ તો જ પાપ જીતાશે. પાપ હોય ત્યાં સુધી જ પૂણ્ય રહે છે. જયાં પાપ આવતું બંધ થયું ત્યાં પૂણ્ય કાચી સેકન્ડ રહી શકતું નથી. ટકી શકતું નથી, કારણ શું? પૂણ્યકર્મ બાંધવાની સ્થિતિ કોને આભારી છે? તો કહે, રાડ પાડીને કહો, રાગ-દ્વેષને આધીન છે. રાગ-દ્વેષ પાપમય છે, પૂણ્ય કોને આધીન છે તો કહે પાપને આધારે પૂણ્ય છે.

ભેદનીતિએ પૂણ્ય સારુ માનવામાં આવે છે. પૂણ્યનો પક્ષ લઈએ તો જ પાપ નાશ પામે. પૂણ્યને કાઢવું સહેલું છે. પાપ પલાયન થયું એટલે પૂણ્ય આપોઆપ પલાયન થઇ જવાનું છે. પ્રબળ પૂણ્યને ભોગવવા માટે માત્ર આઠ સમય જ જોઈએ. પાપનો ઉદય અનંતભવો સુધી ભોગવીએ તો પણ પાર ન આવે. આથી આ બન્ધન રૂપી કર્મ મિત્ર નથી પણ શત્રુ છે. એટલે સિધ્ધાંત થયો કર્મ એ શત્રુ છે. જૈનોનો મોટામાં મોટો શત્રુ કર્મ છે. આ કર્મને કાઢવા માટે શ્રેષ્ઠ ઉપાય છે 'નમો અરિહંતાણં' એટલે કર્મને હણનારાને નમસ્કાર કરો એટલે કર્મરૂપી બન્ધનથી છૂટો. અરિહંત બનનારા જીવોએ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને અજ્ઞાન તરફ ક્રૂરતા કરીને કર્મને હણ્યા તેમ આપણે સૌ બન્ધનથી છૂટવા પ્રયત્નશીલ બનીએ એજ અભ્યર્થના.

-વીતરાગ

# શ્રી હાલારી વીશા ઓશવાળ શ્વે. મૂ. તપા. જૈન ધર્મશાળા

પંચાસર રોડ, શંખેશ્વર, (તા. સમી) જી. પાટણ, વાયાઃ મહેસાણા, (ઉ.ગુ.) ફોન : (૦૨૭૩૩) ૨૭૩૩૧૦

**ધર્મશાળાની ૬ વીંગ નામ આપવાના નકરો - ૧ વીંગના રૂા. ૭ લાખ**

| ક્રમ | વીંગ | નકરો | લાભ લેનાર |
|---|---|---|---|
| ૧. | મધ્ય વિભાગ નીચે | ૭ લાખ | - શાહ મોહનલાલ નથુભાઈ કરણીયા - રાસંગપુરવાળા -લંડન |
| ૨. | મધ્ય વિભાગ ઉપર | ૭ લાખ | - શ્રીમતી જયાબેન ગુલાબચંદ મૂળચંદ પૂંજા મારૂ - મોટામાંઢાવાળા - લંડન |
| ૩. | ઉત્તર વિભાગ નીચે | ૭ લાખ | |
| ૪. | ઉત્તર વિભાગ ઉપર | ૭ લાખ | |
| ૫. | દક્ષિણ વિભાગ નીચે | ૭ લાખ | |
| ૬. | દક્ષિણ વિભાગ ઉપર | ૭ લાખ | |

વીંગ ઉપર ગ્રેનાઈટમાં તકતી આવશે - લાભ લેવા વિંનતી છે.

## શ્રી પુરુષાદાનીય પાર્શ્વનાથ મંદિર - શ્રી વિજય અમૃતસૂરીશ્વર સ્મૃતિ મંદિર
## તીર્થ પટોનો લાભ લેવા વિનંતી

| ક્રમ | નકરો | સ્થાન | પટનામ | લાભ લેનાર |
|---|---|---|---|---|
| ૧. | ૧૧૧ હજાર | નીચે | સમવસરણ | શ્રમતી કસ્તૂરબેન નરશી વીરજી જાંખરીયા - વડાલીયા સિંહણ - મુલુંડ |
| ૨. | ૧૧૧ હજાર | નીચે | ચ્યવન કલ્યાણક સ્વપન દર્શન | |
| ૩. | ૧૧૧ હજાર | નીચે | નાગેશ્વર પાર્શ્વનાથ | |
| ૪. | ૧૧૧ હજાર | નીચે | પાર્શ્વનાથજી ધરણેન્દ્ર પદ્માવતી | |
| ૫. | ૧૧૧ હજાર | નીચે | શત્રુંજય તીર્થ | |
| ૬. | ૧૧૧ હજાર | નીચે | ગીરનાર તીર્થ | |
| ૭. | ૧૧૧ હજાર | નીચે | જન્મ કલ્યાણક - છપ્પન દિક્કુમારી | |
| ૮. | ૧૧૧ હજાર | નીચે | દીક્ષા કલ્યાણક | |
| ૯. | ૧૧૧ હજાર | નીચે | જન્મ કલ્યાણક મેરૂ અભિષેક | |
| ૧૦. | ૧૧૧ હજાર | નીચે | ૨૪ જિન ૧૪૫૨ ગણધર પાદુકા (સ્ફૂટીકની પાદુકાઓ) | શ્રી વિધુભાઈ વાઘજી શાહ હઃ વિજ્યાબેન - દાંતા હાલ લંડન |
| ૧૧. | ૧૧૧ હજાર | નીચે | ઓંકાર ૨૪ જિન | |
| ૧૨. | ૧૧૧ હજાર | નીચે | હ્રીંકાર ૨૪ જિન | |

## ઉપરના ભાગમાં પટ્ટો

| ક્રમ | નકરો | પટ્ટનામ | લાભ લેનાર |
|---|---|---|---|
| ૧. | ૬૧ હજાર | પાર્શ્વનાથ દશભાવ | શ્રી ચંદુલાલ સામત દેવરાજ ખીમસીઆ - નાઈરોબી |
| ૨. | ૬૧ હજાર | પાર્શ્વનાથ અને કમઠયોગી | |
| ૩. | ૬૧ હજાર | આમલકી ક્રીડા | |
| ૪. | ૬૧ હજાર | જંબૂ સ્વામી | |
| ૫. | ૬૧ હજાર | સ્થૂલભદ્રજી | |
| ૬. | ૬૧ હજાર | વજ્રસ્વામી | |

ભવ્ય વિશાળકાય ૩૩૩ ઇંચના ધાતુના પ્રતિમાજીના સાનિધ્યમાં આ પટ થવાનો છે તો અવશ્ય લાભ લેવા યોગ્ય છે.

**જામનગર સંપર્ક :** શ્રી કાનજી હિરજી શાહ- શ્રી હર્ષપુષ્પામૃત જૈન જ્ઞાન ભંડાર ટ્રસ્ટ,
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ, જામનગર - ૩૬૧ ૦૦૫. (ગુજરાત) ફોન : (૦૨૮૮) ૨૭૭૦૯૬૩

## સમાચાર સાર

**શ્રી માહિમ કચ્છી જૈન સંઘમાં "લઘુ-સિધ્ધચકપૂજા" :** શ્રી માહિમ કચ્છી જૈન સંઘનું વાર્ષિક સંમેલન, શ્રી માટુંગા બી.બી. અમલગચ્છ જૈન સંઘના આંગણે પૂ. મ. સા. શ્રી પુણ્યોદય સાગરજી ની નિશ્રામાં આનંદ ઉલ્લાસ પૂર્વક પરિપૂર્ણ થયું. પૂ. શ્રી એ કોઈપણ પ્રકારના વાજિંત્રો, કે લાઉડ સ્પીકર વિના "લઘુ-સિધ્ધચક પૂજન" ભણાવરાવ્યું. આ આનંદમય પ્રસંગે શ્રી લીંબડી સ્થા. છ કોટી. જૈન સંઘના પૂ. પ્રકાશચંદ્રજી મ. સા. આદિ ઠાણા ના પધારતા આ કાર્યક્રમ વધુ દૈદિપ્યમાન થયું. પૂ. શ્રી ના મુખેથી પ્રેરક પ્રવચન સૌએ સાંભળ્યું આ મંગળ પ્રસંગે ૦ તપસ્વીઓનું બહુમાન-સન્માન કરવામાં આવ્યું. શ્રી શિવજી દેવરાજ દોઢિયાએ આ કાર્યક્રમનું સુંદર સંચાલન કરેલ, તથા શ્રી ટોકરશી નરશી સાવલા, શ્રી ડુંગરશી લાલજી દોઢિયા, શ્રી લાલજી નાનજી દોઢિયા પરિવાર, તથા સંઘના શ્રી શ્રાવક-શ્રાવિકાઓ એ. ઉલ્લાસભેર ભાગ લીધો. બાળ શિબિરોના સમર્થ સંચાલક શ્રી નરેન્દ્રભાઈ કામદાર ઢકાવાળાએ પ્રાસંગિક પ્રવચન કરેલ. આ પ્રસંગે યોજાએલ શ્રી સંઘના સ્વામિ વાત્સલ્યમાં સૌએ સુંદર રીતે લાભ લીધો.

**કાંદીવલી ઈસ્ટ :** અત્રે પૂ. મુ. શ્રી આત્મરતિ વિજયજી મ. ઠા. ૨ તથા સાધ્વીજી મ. નું ચાતુર્માસ પરિવર્તન રિદ્ધિ એપાર્ટમેન્ટમાં થયું. પ્રવચન નવકારશી થયા. બપોરે ૨ વાગ્યે પૂ. સાધ્વીજીશ્રી જયશ્રીજી મ. ની આઠમી પુણ્યતિથિ નિમિત્તે પૂ. સા.શ્રી પૂણ્યદર્શનાશ્રીજી મ. નિ નિશ્રામાં બહેનોની ગુણાનુવાદ સભા થઈ.

વદ પ્ર. ૧ના મહાગિરિ એપાર્ટમેન્ટમાં પ્રાણલાલ તારણદાસ બગડીયાને ત્યાં પધાર્યા ત્યાં સકલ તીર્થ વંદના કાર્યક્રમ થયો.

**શિવગંજ (રાજ.) :** પૂ. ગણિવર શ્રી બોધિરત્ન વિજયજી મ. આદિની નિશ્રામાં શાહ પુનમચંદ જોધાજી પરિવાર તરફથી માગશર સુદ ૫ થી ૯ સુધી પંચાહિન્કા મહોત્સવ શાંતિસ્નાત્ર સહિત ઉજવાયો.

**શેઠ મોલીશા લાલબાગ મુંબઈ :** પૂ. આ. શ્રી વિજયપૂર્ણ ચંદ્ર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં ચાતુર્માસ આરાધના તથા સ્વ. પૂ. ગુરૂદેવો આદિના સમાધિમય સ્વર્ગવાસ નિમિતે પંચાહિન્કા જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ.

કા. સુ. તથા કા સુ. ૧૨ સુધી શ્રી સિધ્ધિ ચક્ર મહાપૂજન સહિત ઉજવાયો. પૂ. આ. શ્રીના લખેલા પાંચ પુસ્તકો તથા અસણભાઈ વર્માના ના લખેલા પુસ્તકનું વિમોચન થયું.

**કોટા :** અત્રે પૂ. આ. શ્રી વિજય દર્શન રત્ન સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં પૂ. સા. શ્રી ચેતોદર્શિતા શ્રી જી મ. ની ૧૦૦૮ આંબેલની પૂર્ણાહુતિ કા. વ. ૧૨ની ૧ઈ ઉપધાન તપની માળનો વરઘોડો અને માળા રોપણ થયું.

અત્રે સર્વ પ્રથમ અંજનશલાકા પ્રતિષ્ઠા કા. વ. ૧૦ તથા વદ ૧૧ના થયા. ઉત્સાહ સુંદર હતો

**વડગામનગર (જાલોર):** અત્રે પૂ. આ. શ્રી વિજય અરચંદ સૂરીશ્વરજી મ. તથા પૂ. આ. શ્રી વિજય જિનચંદ્ર સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં શાહ લક્ષ્મીચંદ હંશાજી તથા અ.સૌ. રંગુબેન લક્ષ્મીચંદજીના સુકૃતોની અનુમોદના રૂપે જીવીત મહોત્સવ પાંચ દિવસ માગશર વદ ૨ થી વદ ૬ સુધી ઉજવાયું.

**ઓગણજ (અમદાવાદ) :** અત્રે શ્રી પંચ જિનેશ્વર કૈવલ્યધામ તીર્થમાં પૂ. આ. શ્રી વિજય હેમ પ્રભ સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં ઉપધાન થયું, માળા રોપણ ભવ્ય રીતે થયું.

**પાલણપુર (ઉ.ગુ.) :** પૂ. આ. શ્રી વિજય જિનચંદ્ર સૂરીશ્વરજી મ. આદિના ચાતુર્માસ પરિવર્તનની નિમિત્તે પાંચ દિવસનો ભવ્ય મહોત્સવ ઉજવાયો.

**વિભૂતિ અને ભભૂતિ**

ક્યાં તો તમે જીવનમાં વિભૂતિ બનો નહીં તો આખર ભભૂતિ (રાખ) જીવનની થઈ જશે

**મૃત્યુના મહેમાન**

ઈંદ્રિયો રામની સન્મુખ હશે તો , રામ તો મેળવી આપશે
કામની સન્મુખ હશે તો, મૃત્યુના મહેમાન બનાવશે.


જ્યારે અશ્વગ્રીવને ત્રિપુષ્ઠકુમારના બળ અને શૌર્યની ચર્ચા સાંભળી તો તેમના મનમાં શંકા ઉઠી, તેમણે જ્યોતિષીને બોલાવીને પૂછ્યું :
શું આ જગતમાં મારાથી બળવાન કોઇ છે ? જે મને મારીને મારું રાજ્ય છીનવી લ્યે.
૪૬


જ્યોતિષિએ બતાવ્યું.
મહારાજ, જે વીર આપણા ચન્ડમેઘ દૂતનું અપમાન કરશે અને તુંગગિરી પર્વતોમાં રહેવા વાળા ખુંખાર કેસરી સિંહને મારી નાખશે તે વ્યકિતના હાથે તમારી મૃત્યુ થાશે.
૪૭


તેમણે ચન્ડમેઘ દૂતને પ્રજાપતિ પાસે મોકલ્યો. દૂત સીધો રાજસભામાં ઘુસી ગયો અને અલ્હડપણથી એક ઉંચા આસન ઉપર જઇને બેસી ગયો. આ જોઇને ત્રિપુષ્ઠકુમારને બહુજ ક્રોધ આવ્યો.
આ મૂર્ખ દૂતને રાજસભામાં આવવા અને બેસવાની પણ તમીજ નથી. આને ધક્કો દઇને સભાની બહાર કાઢી દયો.
૪૮


સૈનિકો એ ચન્ડમેઘ દૂતને અપમાનિત કરીને રાજસભાની બહાર ધકેલી દીધો.
૪૯

# પરિમલ

- પૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ

* દુઃખ સારી ચીજ નથી તો પાપ સારી ચીજ છે? પાપ ગમે અને દુઃખ ન ગમે તેવી બેવકૂફી ચાલે?
* આજે ખરાબ કામ કરનારને પણ 'હું ખરાબ કરૂં છું' તેમ લાગતું નથી- તે જ મોટી ખરાબી છે.
* દેશ-કાળ બદલાયા કરે પણ સત્ય કદી બદલાતું નથી. સત્ય સત્ય જ રહે- અને અસત્ય અસત્ય જ રહે.
* પૈસાનો ગુલામ તે પૈસાનો ભિખારી કહેવાય, પૈસાનો માલિક તે જ પૈસાનો શ્રીમંત કહેવાય.
* ગ્રન્થિ ભૂંડી લાગે એટલે પુણ્યથી મલતું ત્રણે લોકનું સામ્રાજય પણ ભૂંડુ લાગે.
* જયાં સુધી હૈયું ન સુધરે ત્યાં સુધી કોઇનું ય ઠેકાણું પડે નહિં.
* સંવર અને નિર્જરા તે જ ખરેખર ધર્મ ! આશ્રવ અને બંધ તે જ ખરેખર અધર્મ !
* નવતત્ત્વને જાણનારો સંવરનો ખપી હોય, આશ્રવનો વૈરી હોય, નિર્જરાનો પ્રેમી હોય, સાધુપણાનો અર્થી હોય અને મોક્ષ માટે જ તડપડતો હોય !
* પાપાનુંબંધી પૂણ્ય એટલે જીવને પાપ કરવાની બધી સામગ્રી આપે અને તેના બધા પાપ અહીં ઢાંકી રાખે અને પરલોકમાં ખોડો કાઢે !
* પૈસાની લાલચ થઇ એટલે જીવમાં બગાડો શરૂ થયો.
* સાધુ અને શ્રાવક શાસનની ચિંતા કરે. શ્રાવકને ઘર-બારાદિ ગૌણ હોય અને સાધુને માન-પાનાદિ ગૌણ હોય. શાસનને આઘુ-પાછું કરી માનપાનાદિ માટે મહેનત કરનારા મરવાના ધંધા કરે છે.
* આજના ધર્મીને પણ દુનિયાના સુખ બધા જ જોઇએ છે. દુઃખ એક જોઇતું નથી અને પાપ મજેથી કરવા છે છતાં પકડાવું નથી તો પછી ગ્રન્થિ કયાંથી ઓળખાય? સમ્યક્ત્વ શી રીતના આવે?
* ધર્મ પણ હિત માટે કરવાનો કહ્યો છે, દુનિયાના સુખ માટે નહિં.
* આત્માના પરિણામને સારા કે નરસા બનાવનાર લેશ્યા છે. સાધુ કે શ્રાવક શુભ લેશ્યાના પરિણામમાં હોય પણ અશુભના નહિં.
* બધા પાપનું મૂળ અવિરતિ છે. અવિરતિને પોષનાર કષાયો છે અને તેને સારા કહેનાર મિથ્યાત્વ છે તેને લઇને હિંસાદિ અઢારે પાપો લીલાલહેર કરે છે.
* પાંચે ઈન્દ્રિયોના અનુકુળ વિષયોમાં સુખનો અનુભવ તેનું નામ મૈથુન! તેના સાધન તેનું નામ પરિગ્રહ! આ બે જ મહાપાપ છે, બધા પાપોને ખેંચી લાવનાર છે, બધા જ દુઃખોનું મૂળ છે, તે બે ઉપર દ્વેષ જાગે તેવા જીવો કેટલા? કેમ કે, દ્વેષ વિના વિરાગ નહિં, જેમ દ્વેષની યોનિ રાગ છે તેમ વિરાગની યોની દ્વેષ છે.

જૈન શાસન અઠવાડીક ● માલિક : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતા – ગેલેકસી કિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

नमो चउविसाए तित्थयराणं उसभाइ महावीर पज्जवसाणाणं

# જૈન શાસન

## અઠવાડિક

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

*તે જ ભિક્ષુ નિર્વાણને પામે છે*

देहवासं असुइं असासये, सया चए निच्चहियट्ठियप्पा ।
छिंदत्तु जाईमरणस्स बंधणं, उवेइ भिक्खू अपुणागमं गइं ॥

(શ્રી દશ. અધ્ય. ૧૦, ગા. ૨૧)

જે દેહવાસને અશુચિમય અને અશાશ્વત સમજીને, આત્માનું હિત કરવામાં નિત્ય અપ્રમત્ત બને છે તે જ ભિક્ષુ- સાધુ જન્મ મરણનાં બંધનોને છેદીને નિર્વાણપદને પામે છે.


## શ્રી જૈન શાસન કાર્યાલય

શ્રુતજ્ઞાનભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર.
(સૌરાષ્ટ્ર) INDIA. PIN-361 005
PHONE: (0288) 770963

વર્ષ ૧૬ અંક ૯

# 'સુશીલ સંદેશ'

## કરૂણા નિધાન ભગવાન મહાવીર – હપ્તો–૮.



आज्ञाराद्धा च. शिवाय च भवाय च
હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

1065

# જૈન શાસન

(અઠવાડીક)

તંત્રીઓ :
ભરત સુદર્શનભાઇ મહેતા (રાજકોટ)
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઇ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૬ ) * સંવત ૨૦૬૦ પોષ સુદ - ૧૪ * મંગળવાર, તા. ૬-૧-૨૦૦૪ (અંક ૯

## પ્રવચન પાંસઠમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

સં.૨૦૪૩, આસોવદિ-દ્વિ.-૫, સોમવાર, તા. ૧૨-૧૦-૧૯૮૭
શ્રી ચંદનબાલા જૈન ઉપાશ્રય, મુંબઇ - ૪૦૦ ૦૦૬.

**પૂ.આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

*ગતાંકથી ચાલુ...*

(શ્રી જિન જ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઇ પણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના -અવ.)

पेयमायऽवच्च भज्जा सयणधणा
सबलतित्थिमंतिनिवा ।
नायर ऽहमपमाया परमत्थभयाणि जीवाणं ॥

સાધુ થવાની તાકાત છે છતાં ય નથી થતા તે સમકિત નો વાંધો છે સાધું થવાનું ખૂબ ગમે છે પણ અવિરતિ જોરદાર હોય તો ન પણ થાય. અવિરતિ સાથે કષાયો પણ જોરમાં હોય તો મોહ છૂટે પણ નહિ. તેને જ લાગે કે, લોભ અનંતાનુંબંધીનો તો નહિ હોય ને ? મારામાં સમકિતી હશે કે કેમ તેમ તેને લાગે. જાણવા છતાંય આના પર બહું રાગ થાય છે તો મારો પાપોદય જોરદાર છે. આવો ને આવો રાગ બની રહેશે તો મરીને કયાં જઇશ ? તે ચિંતા જ કરે. તમને આવી ચિંતા થાય છે ? સમકિતી પણ સહેલું નથી. આ બધા સાધુ કેમ થતા નથી તેમ પૂછે તો સાધુ થવું નથી તેમ કહું કે સાધુ થવાની ઇચ્છા છતાં થઇ શકતા નથી કેમકે ચારિત્ર મોહનીય કર્મ તેની બધી તાકાત હણી નાંખે છે તેમ કહું ? માંદાને માંદગી તાકાત હણે તેમ સાજાને ચારિત્ર મોહનીય તાકાત હણે, સાધુ ન થવા દે.

તેથી જ શ્રી ભરતજીની વીંટી નીકળી પડી, ભાવનામાં ચઢયા અને ત્યાંને ત્યાં કેળવજ્ઞાન પામ્યા. આ કયારે બને ? મોક્ષનું અર્થીપણું અને સંસારનું અનર્થીપણું જોરદાર હોય તો જ તમારું મોક્ષનું અર્થીપણું કેવું છે ? તમે સુખના અર્થી છો કે સંયમના અર્થી છો ? સંયમી શારીરિક સુખને ઇચ્છે નહિ. શારીરિક સુખને ઇચ્છે તો ધર્મ થઇ શકે જ નહિ. જો જીવ સમજું બની જાય તો સંસારનું કશું ગમે નહિ. સંસાર ખરાબ લાગે પછી જ ગ્રન્થિ ઓળખાય અને ભેદવાનું મન થાય અને જ્ઞાનની કહ્યા મુજબ ઉદ્યમ કરે તો ગ્રન્થિ ભેદાય. સંસારમાં ઘણી વિટંબણા છે, છતાં ય છોડવાનું મન કેમ થતું નથી ? એવી ય રાગીમા હોય છે કે, છોકરો ના આવે તો બેચેન થાય અને છોકરો આવે તો માર્યા વિના રહે નહિ ત્યારે ય થાય કે આના પર રાગ કેમ થાય છે ? મારવા છતાંય રાગ કેમ જતો નથી ?

આપણે સમકિત પામવું હશે તો ઘણી મહેનત કરવી પડે. તે માટે અપૂર્વકરણ પામવું પડે, યથાપ્રવૃત્તિકરણ જોરદાર બનાવવું પડે, સંસારની

અસારતાનું રોજ ચિંતન કરવું પડે. 'સંસારની મોજમજા આત્માનું અહિત કરનારી છે. પૈસો ભાન ભૂલાવનારો છે, ભાન ભૂલીશ તો મરી જાઈશ' તેમ યાદ આવે છે ? પૈસો સારો લાગે તો મુંઝવણ થાય છે કે, પૈસો હજી સારો કેમ લાગે છે ? પરિગ્રહ સારો કે ખોટો ? રોજ અઢાર (૧૮) પાપની માફી માગો છો ? મોઢેથી બોલે અને પૈસાને સારો માને તેના જેવો બેવકૂફ બીજો કોઈ છે ? આ વાત ન સમજાય તો સમજવું કે, સંસાર ઘણો બાકી છે. નરકમાં નહિ જવું હોય તો ય જવું પડશે. પા ડીગ્રી તાવ પણ નથી વેઠાતો તો નરકમાં શી રીતે વેઠાશે ? નરક અને તિર્યંચનો ભય લાગે છે ? નરક અને તિર્યંચમાં જવું જ નથી તેમ નકકી છે ? જો નથી જવું તો મહા આરંભ અને મહાપરિગ્રહ ગમતા હોય તો નરક અને તિર્યંચ તો છે જ. 'ઘર-પેઢી, પૈસા-ટકાદિ ગમતા જ નથી. છોડવાનું મન થાય છે પણ છોડી શકાતું નથી' તેમ ન લાગે તો શ્રાવકપણું પામ્યા નથી અને મિથ્યાત્ત્વ પણ જીવતું લાગે છે. છોડી શકતા નથી તેનું દુઃખ હોય તો સમજવું કે સમકિતની સંભાવના ખરી, બાકી બનાવટી બોલો તો મહામિથ્યાદષ્ટિ છો. હૈયામાં ન હોય તે ય કહે તો તેવો જીવ કેવો કહેવાય ?

જે હૈયાથી કહે કે, ''આપ કહો છો તે ગમે છે. હજી કરવાનું મન થતું નથી માટે મારું કર્મ ભારે લાગે છે. કેવું પણ ભયંકર છે કે હજી ન થવા જેવી ચીજ ઉપર રાગ થઈ જાય છે એટલું નહિ પણ તે રાગ સારો લાગે છે. ખોટો સમજાવવા પ્રયત્ન કરું તો ય આત્મા સમજતો નથી. માટે હજી ય સંસારર ગમે છે ''આવું હૈયાથી બોલો તો કદાચ સુધારો થઈ જાય. તેનું મિથ્યાત્ત્વ મંદ પડયું કહેવાય. હૈયું ફેરવવાની વાત છે. પોતાના આત્માને પોતે જ ઓળખી શકે. સંસાર અસાર બોલી એ પણ અસાર ન લાગે, મોક્ષને સારો બોલીએ પણ મેળવવાનું મન ન થાય તે ચાલે ? સમકિત સારું છે માટે મેળવવાનું મન છે, મિથ્યાત્ત્વ ખોટું છે તે કાઢવાનું મન છે તે કયારે બને ? લોભ ભૂંડો લાગે તો. લોભ ભૂંડો લાગે તો. લોભ ભૂંડો લાગે છે ? સુખનો અને પૈસાનો લોભ ભૂંડો લાગે છે ? સુખીને જોઈ સુખી થવાનું મન થાય પણ ધર્મીને જોઈ ધર્મી થવાનું મન થતું નથી - આ અમારું અપલક્ષણ છે તેમ થાય તો ય મિથ્યાત્ત્વ માંદુ પડે. જે પોતે સમજે તો તેનું કલ્યાણ થાય. એમ કે તમે સુધરવાની મહેનત કરીએ તો કદી અકલ્યાણ ન થાય. કર્મ ભારે હોય અને ન સુધરાય તે બને. દોષ ભૂંડો લાગે, કરવો પડે ને કરે તેવી અવસ્થામાં ય આયુષ્ય બંધાય તો મોટેભાગે સારું બંધાય, ખરાબ વિચાર નથી માટે. ખરાબ લેશ્યામાં દુર્ગતિ થાય તે ખરાબ વિચારમાં હોય તો. સુધરવું તે આપણા હાથની વાત છે. સંસારની સુખ અને સંપત્તિ ન ગમે તેવી દશા મેળવવી છે. તે માટે ઘણો જ પુરુષાર્થ કરવો પડે. તે અંગે શું કરવું તે હવે અવસરે.

(ક્રમશઃ)

## શ્રી સુધર્મા સ્વામિની દેશના

(શ્રી 'ઉપદેશમાલા' હાઘટ્ટી માંથી)

''લોકમાં ચોલ્લક આદિ દશ દષ્ટાન્તે દુર્લભ ઉત્તમ મનુષ્યપણાનો ભાવ પામી, પ્રમાદ રૂપી મદિરામાં મગ્ન બની તમે આ કીંમતી મનુષ્ય ભવ હારી ન જતાં તેમાંથી શ્રેષ્ઠ રત્નનું ફળ મેળવો. કારણ કે પવનની લેહરોથી ડોલતા વૃક્ષના પાંદડાં સરખું જીવોનું આયુષ્ય અતિ ચંચલ છે. યૌવન મદોન્મત્ત કામિનીના કટાક્ષ સરખું ચપળ છે, કાયા જુન જર્જરિત બખોલવાળા વૃક્ષ સરખી રોગાદિક સર્પ માટે નિવાસ સ્થાન છે, સર્પિણી સમાન સ્ત્રીઓ સ્વાધીન કરવી મુશ્કેલ છે, લક્ષ્મી વૃક્ષના છાંયાડા માફક બીજે ચાલી જનારી અતિ ચંચળ છે, એટલું જ નહિ, પરંતુ અનર્થ ઉત્પન્ન કરનારી છે. જે પ્રિયના સંયોગો છે તે પણ વિયોગના અંતવાળા છે. આ પ્રમાણે વિનાશ પામવાના સ્વભાવવાળા સંસારભાવને યથાર્થ વિચારી શાશ્વત સુખના સ્થાન સ્વરૂપ મોક્ષને વિષે પ્રયત્ન કરવો, તે હંમેશા માટે યુક્ત છે. તે મોક્ષનું પણ જો કોઈ અપૂર્વ કારણ હોય તો નિરવદ્ય એવી દીક્ષા છે. સારા ક્ષેત્રમાં પણ બીજ વગર ડાંગર ઉગતી નથી. તે દીક્ષા કાયર પુરૂષને દુષ્કર છે અને બહાદુર પુરૂષને સુકર છે. સંતોષ અને સમાધિવાળા પુરૂષને શિવ સુખ અહીં જ દેખાય અને અનુભવાય છે.''

# મહાસતી - સુલસા

લેખાંક- ૨૩મો

પૂ. મુનિરાજશ્રી હિતવર્ધનવિજયજી મ.

(ગયા અંકથી ચાલુ)

હે વીર! મારા વીર! પ્રિય! આપ જયવંતા વર્તો. મોહ શત્રુને હણનારા પરમવીર! આપ જયવંતા વર્તો. જળ બનીને કર્મની રેણુને ધોનારાઓ વીર! આપ જયવંતા વર્તો. દેવો અને દાનવોથી વંદિત ઓ વીર! આપ જયવંતા વર્તો. કેવળજ્ઞાન રૂપી લોચન દ્વારા મારા અંતઃકરણને સ્પર્શનારા ઓ વીર! આપ જયવંતા વર્તો. મેરૂના શિખરને પોતાના પદાગુષ્ઠ દ્વારા કંપિત કરનારાઓ પરમવીર! આપ જયવંતા વર્તો. મનુષ્યોના મનોગત વિકારોને વર્ષા બનીને ધોનારા ઓ વીર! આપ જયવંતા વર્તો. ત્રણ લોકની આધિ- વ્યાધિ અને ઉપાધિને છેદનારા મારા વીર! આપ જયવંતા વર્તો. અગણિત ભવ્યોના આધાર, મારા પરમાધાર, આપ જયવંતા વર્તો, મોક્ષમાર્ગની તળેટી સમાન ઓ વીર! આપ જયવંતા વર્તો. નામ માત્રથી પણ વિઘ્નશતનું વિદારણ કરનારા મારા વીર! આપ જયવંતા વર્તો. એક રોમાંચ માત્રમાં પણ વિષય રસને નહિં રાખનારા ઓ વીર! ઓ વીર! ઓ વીર! ઓ વીર! આપ જયવંત વર્તો.

ત્રિશલાદેવીના અને સિદ્ધાર્થનૃપના ઓ કુળદીપક! આપ જયવંતા વર્તો. ચંડકૌશિક જેવા દષ્ટિવિષની ભાવ દષ્ટિઓમાં સમ્યગદષ્ટિ આંજનારા ઓ જગદાધાર! આપ જયવંતા વર્તો. શૂલપાણિ જેવા નિર્મમ જીવોના કર્મશૂળ મીટાવનારા ઓ જગત્પિતા! આપ જયવંતા વર્તો!

લાખ્ખો મનુષ્યોના હૃદયમાં શ્રદ્ધા અને ચારિત્ર્યરૂપે સદાય ધબકનારા ઓ વીર! ઓ વીર! ઓ વીર! આપ જયવંત વર્તો. સદાય વિજયવંત વર્તો.

આવી ભવ્યાતિભવ્ય સ્તવના મહાસતી સુલસાએ કરી. એક તરફ એ સ્તવના આગળ ધપી રહી હતી અને બીજી તરફ એમના બંનેય નેત્રોમાંથી સરી પડેલાં અશ્રુબિંદુઓ એના વૃદ્ધ વદનને વધુને વધુ ભાવુક બનાવતાં જતાં હતાં.

સુલસાદેવી આમ, સુદીર્ઘ સ્તવના કરીને જ્યારે આસન પર બેઠા ત્યારપછી અંબડ પરિવ્રાજકે પોતે કરેલી પરીક્ષાની કિતાબના દરેક પાનાઓ એમની સમક્ષ ખુલ્લા કરી દીધાં. નતમસ્તકે ક્ષમા પ્રાર્થી. સુલસાસતીનું આતિથ્ય માણ્યું. એ દ્વારા જીવનની એક નવી જ નિશ્ચલતા હાંસલ કરી. અંતે તે વિદાય થયા.

પરિવર્તન સંસારનો નિયમ છે. આ સનાતન સત્યની અનુભૂતિનો કાળ મહાસતીના જીવનમાં પ્રારંભાઈ ચૂક્યો હતો. પર્વત પરથી વહી જતું ઝરણું ક્યારે ખીણમાં વિખરાઈ જાય છે, ખબર નથી પડતી. બસ અનેક ઘટનાઓના પર્વત પરથી, વિભિન્ન સંબંધોના ડુંગર પરથી, સુખ-દુઃખના દ્વન્દ્વના શિખર પરથી ઢળી જતું જીવનરૂપી ઝરણું મોતની અદ્રશ્ય ખીણમાં ક્યારે પહોંચી જશે, શું ખબર છે એની કોઈને?

મહાસતી સુલસાનો અંત સમય હવે એની નજીક સરકી રહ્યો હતો. આયુષ્યની પ્રલંબ યાત્રા કિનારાની નજીક પહોંચી હતી. જીવનની ઝંઝાવાતો વચ્ચે પણ અડોલ રહેલી નૈયા મોતના કાંઠા પર અટકવા મથતી હતી. વૃદ્ધાવસ્થામાં જીવનની આખરી મંજિલમાં

તપસ્યાઓ દ્વારા સુલસા સતીની કાયા કૃશ બની ગઇ. શુભ ભાવનાઓના વેગ દ્વારા હૃદય અતિશય નાજુક બની ગયું. એ મહાસતી હતી. મહાસતી જ નહિં મહાશ્રાવિકા હતી. મહાશ્રાવિકા જ નહિં અનાગત ચોવીશીના પંદરમાં તીર્થપતિ શ્રી 'નિર્મમ સ્વામી'નો ભૂતકાલિન પર્યાય હતી.

જીવનના આખરી પડાવ પર પહોંચેલી તે પુનીત શ્રાવિકા અત્યંત સ્વસ્થ હતી.ન કયાંય દીનતા. હૃદયના ખૂણે પણ ન કયાંય દરિદ્રતા, ન કયાંય જીજીવિષા, ન કયાંય હતાશા, મોતને ભેટી પડવા તે આતુર હતી. ન મોતનો ડર, ન જીવનની ઝંખના એને પોતાની સમાધિનો પૂર્ણ વિશ્વાસ હતો. તે નિર્ભિક બની મોતના મુખમાં સામા પગલે ચાલી જઇ સમાધિની ધજા લઇને તેમાં હોમાઇ જવા તત્પર હતી.

મહાસતીના જીવનનો આ અંતિમકાળ હતો. સદ્ગુરુ ભગવંતનું સાનિધ્ય સદ્ભાગ્યે ત્યારે એને સાંપડયું. મહાન નિર્ગ્રન્થ મુનિના પવિત્ર મુખેથી નિર્યામણાની મંગલધારા ત્યારે વહેતી થઇ જે મંગલધારામાં મહાસતી રસઝકઝોળ બની ગઇ.

ગુરુદેવે ત્યારે ચાર શરણાનો સ્વીકાર કરાવ્યો. વિસ્તારપૂર્વક ચારશરણાનું સ્વરૂપ ઉપદેશ્યું. સુક્ષ્મ નિગોદથી આરંભીને સુક્ષ્મ અને બાદર, સ્થાવર અને ત્રસ બધા જ ભવોમાં, યોનિઓમાં અજ્ઞાનવશ થઇ ગયેલી હિંસાઓ, ઘણાઓ, વિરાધનાઓની ત્યારે ગર્હા કરાવી, નિંદા કરાવી.

સ્વ અને પરના સુકૃતનું ભવ્ય અનુમોદન કરાવી, જિનશાસનના જયોતિર્મય મહિમાન ઉદ્ઘોષ સંભળાવ્યો. પંચમેષ્ઠિ મંત્રનું મંગળમય ઉચ્ચારણ કર્યું. એ મહામંત્રનો પવિત્ર ધ્વનિ સુલસાના કર્ણમાં પ્રવેશીને અંતસ્તલને અજવાળી ગયો.

જીવનના એ છેલ્લાં શ્વાસ હતાં. શુભ ભાવોનું ત્યારે પૂર ઉમટયું. જિનભક્તિના આંદોલનોથી મહાસતીનું કોમળ હૈયું આંદોલિત બની ગયું. પરાકાષ્ઠાનું એ આંદોલન. જિન ભક્તિના સમ્યગ્કાળર્થ ત્યારે આ મહાસતીને પ્રાપ્તિ પણ થઇ. પ્રાપ્તિની એ પુનીત પળે આ સન્નારીએ તીર્થંકર નામકર્મનો બંધ કર્યા.

નિખિલ બ્રહ્માંડ માટે તે વંદનીય બની. તે જયોતિર્મય હતી. એના પ્રત્યેક આત્મપ્રદેશો તીર્થંકર નામકર્મના બંધ દ્વારા ઝંકૃત હતાં. વીર વીર મહાવીર - ના મંદ મંદ આંદોલનોથી ભાવિત હતાં. અંતે એ શુચિર્ભૂત મહાસતીએ આયુષ્યની ચાદર સંકેલી. એની ચક્ષુઓ સદાય માટે બીડાઇ ગઇ.

(પરિપૂર્ણ)

*(નોંધ: ત્રેવીશ - ત્રેવીશ હમાઓની 'જૈનશાસન'ના વાચક વર્ગને સતત આકર્ષતી રહેલી આ મહાકથા અહીં પૂર્ણવિરામ પામે છે. 'સમ્યક્ત્વસંભવ મહાકાવ્ય' નામક ગ્રંથને પોતાનો આધારસ્ત્રોત બનાવીને સાહિત્યના દેહમાં વ્યાપેલી આ પવિત્ર કથાના મુળભૂત ઉદ્ગાતા છે, પૂજયપાદ પૂવાચાર્ય શ્રી જયતિલક સૂરિ મહારાજ)*

**જોડી બનાવો**

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | મહાવીર સ્વામી | - | ૧. | કુમાર પાળ |
| ૨. | વસ્તુપાલ | - | ૨. | શ્રી કૃષ્ણ |
| ૩. | બલરામ | - | ૩. | પ્રતિવાસુદેવ |
| ૪. | ગુરૂ | - | ૪. | મૃગાવતી |
| ૫. | ચંદનબાળા | - | ૫. | શિષ્ય |
| ૬. | એમચંદ્રસૂરિ મ. | - | ૬. | અકબર બાદશા |
| ૭. | વાસુદેવ | - | ૭. | તેજપાલ |
| ૮. | શ્રી હીરસૂરિ મ. | - | ૮. | ગૌતમસ્વામી |

(જવાબ પાનાં નં ૧૭૦ પર)

# પ્રશ્નોત્તર વાટિકા

(પરિમલ)

*(ગયા અંકથી ચાલુ)*

*(૯) રાત્રીના સમયે આત્મ કલ્યાણના અર્થી શ્રાવકોએ જિનાલયે દર્શનાદિ કરવા જઈ શકાય?*

વર્તમાન કાળમાં આ પ્રશ્ન ચર્ચાના ચગડોળે ચઢેલો છે. પૂજયો તરફથી પણ તેના જુદી જુદી રીતે અસંતોષકારક જવાબો અપાય છે. તેનો પ્રતિકાર પણ થાય છે. આરાધકો મુંઝાય છે માટે તેની સવિસ્તર વિચારવા કરવી અત્યંત જરૂરી છે.

પૂ.પં. નયવર્ધન વિ.મ. (હાલ આચાર્ય) પોતાના અંગત સામાયિક 'દેશના'માં આ પ્રશ્નનો જવાબ લખતાં જણાવે છે કે,

*પ્રશ્ન - આજે કેટલાક લોકો કહે છે કે સંધ્યા સમયે આરતી ઉતારીને તરત દેરાસર માંગલિક કરી દેવું જોઈએ તો આ વાત બરાબર છે?*

ના આ વાત બરાબર નથી. આવી વાતો કરનારાઓની સમજણ બરાબર નથી. દેરાસર તરત માંગલીક કરી દેવાનું પ્રયોજન શું છે? શ્રાવક સંધ્યા પ્રતિક્રમણ કર્યા પછીય દેરાસર જતો હોય છે. શ્રી આચારોપદેશ ગ્રંથમાં જણાવે છે કે પ્રતિક્રમણ (દેવસિ) કરી લીધા પછી શ્રાવક વસ્ત્રથી મુખ ઢાંકીને મૌનપણે ગુરુ ભગવંતની વિશ્રામણા (સેવા) કરે અને તેઓને પોતાના પગનો સ્પર્શ ન થઈ જાય તેની કાળજી રાખીને ગુરુ ભગવંતના સર્વ અંગમાં વ્યાપ્ત શ્રમને દૂર કરે ત્યારબાદ ગામના (સંઘના) દેરાસરે જઈ દર્શન વંદન કરીને પછી તે પોતાના ઘરે જાય. દેશના વર્ષ-૫ અંક : ૫ - ૨૦૫૭.

*પ્રશ્ન - શ્રાવક સંધ્યા સમયનું (દેવસી) પ્રતિક્રમણ કર્યા પછી દેરાસરે જઈ શકે?*

દેવસિ પ્રતિક્રમણ કર્યા પછી શ્રાવકે દેરાસરે જઈ ન શકાય તેવું કહેવાય નહિં. સામાન્યતયા શ્રાવકની દિનચર્યાનો ક્રમ એવો છે કે **સંધ્યા સમયનું પ્રતિક્રમણ કરવા આવે તે પૂર્વે જિનાલયમાં સંધ્યા સમયની પૂજા (ધૂપ દીપકાદિ) કરીને આવે પછી પ્રતિક્રમણ કર્યા પછી તેને દેરાસરે જવાનું ન બને તે સંભવિત છે** પણ છતાંય કયારેક જિનાલયમાં ભાવના વિગેરે હોય તો દેરાસરે જવાનું નિમિત્ત ઉભું થાય અને આવા કોઈપણ નિમિત્તને પામીને શ્રાવક પ્રતિક્રમણ પછી પણ દેરાસર જઈ શકે છે. શ્રી આચારોપદેશ ગ્રંથમાં ઉલ્લેખ આવે છે. દેશના વર્ષ ૫ અંક ૪-૨૦૫૭

ઉપરના બંને જવાબમાં ખૂબ જ વિષમતા દેખાય છે.

કલ્યાણ માસિક દ્વારા શંકા સમાધાનમાં ૧૩૪મી શંકામાં પૂ.આ.ભ. શ્રી રાજશેખર સૂ.મ.સા. તદ્દન જુદુ જ જણાવે છે.

*પ્રશ્ન- રાતના બાર વાગ્યા સુધી દેરાસરો ખુલ્લા રાખવાથી જિનાજ્ઞા પળાય?*

મૂળ વિધિ પ્રમાણે તો સૂર્યાસ્ત બાદ દેરાસર ખુલ્લું રાખી શકાય નહિં પણ આજે એ શકય નથી આમ છતાં રાતે નવ વાગ્યા પછી દેરાસર ખુલ્લું ન રાખવું એ હિતાવહ છે ભાવના કે મહાપૂજા વગેરે પ્રસંગે પણ દસ વાગ્યા પછી દેરાસર ખુલ્લું ન રાખવું જોઈએ. જેમને મહાપૂજા પ્રસંગે દર્શન કરવાની તીવ્ર ભાવના હોય તે આ સમય દરમ્યાન આવી જાય અથવા બીજા દિવસે દસ વાગ્યા સુધી દર્શન કરી શકે તેવી વ્યવસ્થા રાખી શકાય. વિશિષ્ટ પ્રસંગે રાતના દસ વાગ્યા સુધી દેરાસર ખુલ્લા રાખવાની વાત પણ અપવાદરૂપ સમજવી. કલ્યાણ માસિક વર્ષ ૫૯ અંક ૯ ૨૦૦૩

ઉપરના જવાબોથી તદ્દન વિપરીત જવાબ પ.પૂ. અધ્યાત્મયોગી પં. શ્રી ભદ્રંકર વિ.મ.સા. ૨૦૦૦માં (૬૦ વર્ષ પૂર્વે) માલેગામથી જણાવે છે કે-

સૂર્યાસ્ત થયા પછી દેરાસર ઉઘાડું રાખવાનો માર્ગ રાજમાર્ગ કહી શકાય નહિં. વિશિષ્ટ અંગ રચનાદિ કારણોએ દર્શનમાં અંતરાય ન થાય તે માટે એ રિવાજ

પડેલો હોવો જોઇએ તે હંમેશ માટે ચાલુ કરી દેવામાં આવ્યો છે તે ઠીક જણાતું નથી.

પ્રેરણાનું અમૃતપાન પાના નં. ૪૦

પ.પૂ. અકબર બાદશાહ પ્રતિબોધક હીરસુરીશ્વરજી મહારાજા જણાવે છે કે,

રાત્રિના સમયે જિનમંદિરમાં નાટારંભ વગેરે (વગેરેથી ભાવના ગ્રહણ કરવી) કરવી યોગ્ય કે નહિં?

જિન મંદિરમાં રાત્રિના સમયે નાટારંભ વિ. કરવાનો નિષેધ જણાય છે કારણ કે કહ્યું છે કે,

રાત્રિના સમયે નન્દિ, બલિ, પ્રતિષ્ઠા, સ્નાન, રથભ્રમણ, સ્ત્રીપ્રવેશ, નૃત્યલીલા અને સાધુનો પ્રવેશ જયાં થઇ શકતો નથી તે શ્રી જિનમંદિર અત્રે છે વળી કયાંક તીર્થ વગેરેમાં જે કરાતું દેખાય છે તે કારણિક જાણવું. હીર પ્રશ્નોત્તર.

શ્રાવકો જિનાજ્ઞાના રાગી જયણાના અર્થી અને વિધિ માર્ગના અનુરાગી હોય છે સૂર્યોદય પૂર્વે અને સૂર્યાસ્ત બાદ અજવાળું હોય તો પણ રાત્રી જ ગણાય છે.

શ્રી જિનેશ્વર પરમાત્માના પરમ તારક શાસનનું કોઈપણ નાનામાં નાનું અનુષ્ઠાન પણ આજ્ઞાપૂર્વક જ કરવું જોઇએ. વિધિપૂર્વક કરેલું અનુષ્ઠાન જ ફળ આપે છે. વિધિની ઉપેક્ષા કરી કદાગ્રહ પૂર્વક અવિધિથી કરેલ અનુષ્ઠાન આત્માને અત્યંત નુકસાન કરે છે. મહાનિશીથ સુત્રના સાતમાં અધ્યયનમાં કહ્યું છે કે -

अविहिँ चेइयाइं वंदिश्श्रा तस्स णं पायच्छित्तं उवइसिश्चा

श्रओ अविहिँ चेइयाइं वंदमाणो अन्नेसिं असद्धं श्रणेइ इइकाऊणं । देवता-विद्या मन्त्रातदयोऽपि विधिनैवाराद्धाः सिद्धिफलाः अन्यथा त्वनर्थायापि सद्यः कुर्युः ।

અવિધિથી ચૈત્યોને વંદન કરે તેને પ્રાયશ્ચિત આપવું. અવિધિથી ચૈત્યોને વંદન કરતો બીજાઓને અશ્રદ્ધા ઉત્પન્ન કરે છે. દેવતા- વિદ્યા- મંત્ર વિ. પણ વિધિપૂર્વક જ આરાધાયેલા સિદ્ધિ ફલને આપે છે. અવિધિથી આરાધાયેલા તુરત જ અનર્થને (નુકસાન) કરે છે.

ચૈત્યવંદન મહાભાષ્યમાં પણ કહ્યું છે કે -

अधिकारिणा तु काले कर्तव्या वन्दना जिनादीनाम्
दर्शन शुद्धिनिमित्तं कर्मक्षयमिच्छता । १०

વ્યવહારમાં પણ અકાલે કરેલું કાર્ય લાભનું કારણ થતું નથી તેમ લોકોત્તર શાસનમાં જે કાલે જે કાર્ય કરવાનું છે તે કાલે જ તે કાર્ય કરવાથી અધ્યાત્મ ભાવની પ્રાપ્તિ થાય છે. ખેડૂતમાં પણ આટલી અક્કલ તો હોય છે જ. કાલે જ વાવણી કરે છે સમય મળે ત્યારે અનુકુળતા હોય ત્યારે વાવણી કરે તો બીજ અને મહેનત બંને માથે પડે છે. ગમે તે સમયે જિનાલયે દર્શનાદિ કરવા જવું તે પણ પરમાત્માની અનાદર રૂપ આશાતના ગણેલી છે. મહાભાષ્યમાં જ કહ્યું છે કે

याद्दक्ताद्दग्वेशो यथा तथा यस्मिंस्तस्मिन् काले
पूजादि करोति शून्योऽनादराऽशातनैषा ॥ ६१

જેવા તેવા પ્રકારનો વેષ તથા જે તે કાલે (સમયે) (જિનાલયમાં) પૂજા વિ. કરે છે તે અનાદરરૂપ આશાતના છે.

કાલનું (સમયનું) અત્યંત મહત્વ બતાવતા પૂ. હરિભદ્ર સૂ.મ.સા.ના રચેલા ધર્મબિંદુની શરૂઆતમાં જ ટીકામાં કહ્યું છે કે

यथोदितं यथा येनप्रकारेण कालाद्याराधनानुसारेणोदितं प्रतिपादितं तत्रैवाविरुद्धे वचने अन्यथा प्रवृत्तौ तु तद्द्वेषित्वमेव् अपद्यते न तु धर्म यथोवतम्

જે કાલે જે આરાધના કરવાની છે તે કાલે જ તે આરાધના કરવામાં આવે તો જ યથોક્ત ધર્મ કહેવાય. વિપરીત કાલે કરવામાં આવે છે તે જિન જ્ઞાના દ્વેષી કહેવાય. યથોક્ત (જિનાજ્ઞાપૂર્વકનો) ધર્મ ન કહેવાય.

પરમ તારક પરમાત્માનું દર્શન પૂજન વિ. પણ વિધિ વિનય વિવેક અને વૈરાગ્ય (ભૌતિક વસ્તુની અપેક્ષા વિના) પૂર્વક કરવાનું છે. જિનાલયે અથવા ગુરુની પાસે ખાલી હાથે જવાનું નથી કહ્યું છે કે

प्रभाते शुद्धवासेन, मध्यान्हे कुसुमैस्तथा
संध्यायां धूपदीपाभ्यां, विधेयार्चा मनीषिभिः ॥
रिक्तपाणिर्न पश्येत राजानं दैवतं गुरुम्
नैमित्तकं विशेषेण फलेन फलमादिशेत् ॥

કલ્પસૂત્ર ટીકા

જિનાલયે દર્શનાદિ કરવા જતો શ્રાવક ખાલી હાથે જાય તો દોષ લાગે છે. ખાલી હાથે ગયેલો ખાલી હાથે જ પાછો આવે છે. દિવસ દરમિયાન (સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીમાં) ત્રણવાર જિનાલયે (શ્રાવકે) જવાનું છે. ૧. સવારે સૂર્યોદય પછી પ્રથમ પ્રહરમાં વાસક્ષેપ અક્ષત વિ. પૂજા (સ્નાન કર્યા વિના શુદ્ધ સામાયિકના વસ્ત્ર પહેરીને) કરવા જવાનું છે. મધ્યાન્હે સમયે ૧૨થી ૧ના સમયે (મંદિર વહેલું બંધ થતુ હોય અથવા આજીવિકાદિના કારણે નોકરી વિ. હોય તો સમય વહેલો લઈ શકાય પણ છેલ્લો સમય લેવો) પુષ્પાદિ ઉત્તમ સામગ્રી લઈને પૂજા કરવા જવાનું છે. છેલ્લા પ્રહરમાં સૂર્યાસ્ત પૂર્વે ધૂપ દીપક પૂજા કરવા જવું ત્રણે ટાઈમ સાથે પોતાની સામગ્રી લઈને જ જવાનું છે.

ततश्च संध्या समये कृत्वा देवार्चनं पुनः
कृतावश्यककर्मा च कुर्यात्स्वाध्यायमुत्तमं ॥

*યોગશાસ્ત્ર*

ત્યાર બાદ સંધ્યા સમયે (સૂર્યાસ્ત પૂર્વે બે ઘડીમાં) દેવનું પૂજન કરીને કરેલા આવશ્યક (પ્રતિક્રમણ) કાર્યવાળો ઉત્તમ (જેનાથી રાગાદિ દોષો નબળા પડે તેવા) સ્વાધ્યાયને કરે.

सायं पुनर्जिनार्चा प्रतिक्रमणकारिता ।
गुरोर्विश्रामणा चैव स्वाध्यायकरणं तथा ॥

*ધર્મસંગ્રહ ૬૬*

सायं - संध्यासमये ऽन्तर्मूहूर्तादवाक् पुनस्तृतीयवारमित्यर्थ ।

શ્રાદ્ધવિધિ, ધર્મસંગ્રહ શ્રાવક ધર્મવિધિપ્રકરણ, યોગશાસ્ત્ર વિ. શ્રાવક જીવનની કરણીના પ્રસિદ્ધ ગ્રંથોમાં ક્યાંય રાત્રે (સૂર્યાસ્ત પછી) જિનાલયે દર્શનાદિ કરવા જવાની જ્યારે વાત જ નથી ત્યારે આચારોપદેશ ગ્રંથની વાતને આગળ કરી વિધિ માર્ગમાં પ્રતિપાદન કરવું તે જરાય ઉચિત નથી તે જ ગ્રંથમાં બીજી ઘણી વાતો અસ્વીકૃત બને તેવી છે. (વિસંવાદ ઉભો થાય તેવી છે) માટે સૂર્યોદય પહેલાં અને સૂર્યાસ્ત પછી વિધિના આદરવાળા આરાધકોએ દર્શન પૂજા વિ. માટે જવું ઉચિત નથી. કહ્યું છે કે લૌકિક દ્રષ્ટિએ પણ

नैवाहुति न च स्नानं न श्राद्धं देवतार्चनं
दानं वा विहितं रात्रौ भोजनं तु विशेषतः

*યોગશાસ્ત્ર*

યજ્ઞમાં આહુતિ, દ્રવ્ય સ્નાન (શરીર શુદ્ધિ માટે) મૃત્યુ પામેલા માતા પિતાની પાછળ કરાતું શ્રાદ્ધ, દેવતાનું પૂજન અને દાન આ ગૃહસ્થ જીવનમાં વિહિત કરેલાં કાર્યો પણ રાત્રીમાં કરી શકાતા નથી અને ભોજન પણ વિશેષથી રાત્રીમાં કરાતું નથી. (નિષેધ કરેલો છે.) રાત્રે (સૂર્યાસ્ત પછી) જિનાલયે જવું તે અપવાદ ગણાય? વર્તમાનમાં સૂર્યાસ્ત પછી જિનાલયે દર્શનાદિ કરવા ન જવું જોઈએ મંદિર બંધ કરવું જોઈએ તેની ઉપર ભાર મુકવાને બદલે ૯-૧૦ વાગ્યા સુધી ખુલ્લુ રાખી શકાય દર્શન કરવા જઈ શકાય તે પણ અપવાદ છે તેમ જાહેરમાં લખવું કેટલું ઉચિત ગણાય તેનો સ્વયં વિચાર કરવો અપવાદ અસહિષ્ણુતાના કારણે ઉત્સર્ગ માર્ગે પહોંચવાના એકમાત્ર ધ્યેયથી કવચિત યા કારણે નિત્ય આચરવામાં આવે તો તે અપવાદ પણ માર્ગરૂપ ગણાય પરંતુ તે અપવાદ ઉત્સર્ગ માર્ગને તોડવા માટે કે ઝાંખો પાડવા માટે કારણ વિના આચારવામાં આવે તો તે અપવાદ પણ ઉન્માર્ગરૂપ ગણાય.

સૂર્યાસ્ત પછી જિનાલયે દર્શન કરવા જનારો કઈ સામગ્રી લઈને જાય? કારણ કે રાત્રિમાં પૂજાનો સ્પષ્ટ નિષેધ છે અને શ્રાવકે ત્રિકાલ (સવાર, બપોર સાંજ ત્રણ ટાઈમ) જિનમંદિર જવાનું છે.

ઉપરના તમામ વિધિ શ્રાવક શ્રાવિકાઓ માટે છે. સાધુ સાધ્વીજી ભગવંતોને ઉત્સર્ગમાર્ગ સૂર્યોદયે સજ્ઝાય કરીને પ્રથમ પોરિસિ સૂત્ર અને બીજી પોરિસિમાં અર્થનો સ્વાધ્યાય કરીને ત્રીજા પ્રહરની શરૂઆતમાં જિનાલયમાં દર્શન કરવા જવાનું છે. શરીરાદિના કારણે નવકારશી કરનારા પૂ. સાધુ સાધ્વીજી ભગવંતોએ પણ સૂર્યોદય પહેલાં તો દર્શન કરવા ન જ જવાય તેવી રીતે સાંજે પણ ન જવાય. કામળીના કાળવેળાએ દર્શન કરવા જવાની ઉત્સર્ગ માર્ગે અનુજ્ઞા નથી તેમ કહી શકાય. આંખ સામે માત્ર આજ્ઞા આવે તો જ આ બધા આચારોનું પાલન શકય બની શકે.

(ક્રમશઃ)

# અગડં - બગડં

લેખક : અગડં-બગડં

*(ગયા અંકથી ચાલુ)*

મા બાપે કહ્યું હોય કે શીખવ્યું હોય કે- ભાઇનું માથું દબાવવું, દહીં લઇ આવવું, ઘરમાં મહેમાન આવ્યા હોય તો આવો -બેસો ઇત્યાદિ આવકાર આપવો- આ બધી એક પ્રકારની આજ્ઞા છે.

તો વળી એ મા-બાપે કહ્યું હોય કે શીખવ્યું હોય કે, મા-બાપને પગે લાગવું, મા-બાપની સેવા ચાકરી કરવી, મા-બાપ માટે અનુકૂળ ઘર બનાવવું, તે ઘરમાં મા-બાપને અનુકૂળ એવું ફર્નિચર વસાવવું- તે મા-બાપની બીજા પ્રકારની આજ્ઞા છે.

મા-બાપનો સાચો ભકત મા-બાપની બંને પ્રકારની આજ્ઞાનું પાલન કરે. બેમાંથી કોઇપણ પ્રકારની આજ્ઞાની ઉપેક્ષા ન કરે.

ભગવાન કે મા-બાપની ઉક્ત બંને પ્રકારની આજ્ઞા જણાવી તેમાં એક ખાસ વિશેષતા એ છે કે બીજા પ્રકારની આજ્ઞાઓ ભગવાન કે મા-બાપ સાથે સીધો સંબંધ ધરાવે છે. જયારે પહેલાં પ્રકારની આજ્ઞાઓ ભગવાન કે મા-બાપ સિવાયની અન્ય બાબતો અંગે સંબંધ ધરાવીને ભગવાન કે મા-બાપ સાથે સંબંધ ધરાવે છે. શાસ્ત્રોમાં 'આ એક પ્રકારની આજ્ઞાઓ' 'આ બીજા પ્રકારની આજ્ઞાઓ' તેવુ સ્પષ્ટ પૃથક્કરણ નથી જ. પણ આ બે પ્રકારમાં જ બધી આજ્ઞાઓનો સમાવેશ થઇ જાય છે. પછી ચાહે તે વિધાનાત્મક હોય કે નિષેધાત્મક હોય.

ઉપર મેં જે કીધું કે 'ભગવાનની ભક્તિ કરવાનો ઇન્ટરનેશનલ હાઇ-વે મંદિર છે તે આ બીજા પ્રકારની આજ્ઞાઓની અપેક્ષાએ તેની સ્પષ્ટ નોંધ લેવી ઘટે.

ઘેર બેઠા ભગવાનની સ્તુતિ સ્તવના કરવી, તે ઘરે બેઠા ભણવું કે ધંધો કરવા જેવું છે. આ રાજમાર્ગ નથી પણ ગલીખુંચી છે. ઘેર બેસી ભણનાર કે ધંધો કરનાર એવું જાહેરકરે કે 'ભણવા કે ધંધો કરવા માટે અનુક્રમે નિશાળે કે બજારે જવાની જરૂર નથી' તો દુન્યવી ક્ષેત્રમાં જેમ એનામાં 'પાવલી' ઓછી ગણાય, અર્થાત બુદ્ધિ ચારઆની ઓછી ગણાય એટલે કે મંદ ગણાય, તેમ ધર્મના ક્ષેત્રમાં પણ ઘેર બેઠા ભગવાનની સ્તુતિ - સ્તવના કરનારો જો એવું જાહેર કરે કે 'ભગવાનની ભક્તિ કરવા માટે મંદિર જવાની જરૂર નથી' તો તે પણ 'ઓછી પાવલીવાળો' જ છે.

હવે તમે જ કહો અગડંજી! આગળ રજુ કરેલા બીજા કવેશ્ચન પેપર મુજબ જયાં નવું જિનાલય બનાવવાની જરૂર હોય ત્યાં ઉપર કહ્યું તેમ ભગવાનની બીજા પ્રકારની આજ્ઞાનું પાલન કરવા સ્વરૂપ ભક્તિ કરવા માટે નવું જિનાલય બનાવવું જોઇએ કે નહીં? જરૂર ન હોય ત્યાં કવેશ્ચન પેપર બે આધારે ન બનાવવું તે વાત નિર્વિવાદ છે.

**અગડં :** અવશ્ય, બનાવવું જ જોઇએ જરૂર હોય ત્યાં.

**બગડં :** છતાં આ રોહિત શાહ- સ્વપ્નમાં ભગવાનના મુખે બોલાયેલી વાત લખે છે કે- 'એકપણ જૈન નોકરી વગરનો હોય ત્યાં સુધી અમારા માટે કોઇએ મંદિર બનાવવાનું નથી' - એ વાત ભેજામાં બેસે છે? ના, બેસતી નથી જ, આથી મારે લેખક રોહિત શાહને કહેવું છે કે-

શ્રી રોહિત શાહ! - 'એકપણ જૈન નોકરી વગરનો હોય ત્યાં સુધી અમારા માટે કોઇએ મંદિર બનાવવાનું નથી'- સ્વપ્નમાં ભગવાનના મુખે બોલાયેલી આ વાત

તમે લખી છે તેને પ્રમાણિત ઠરાવે એવી કઇ યુક્તિ કે કયો શાસ્ત્રપાઠ તમારી પાસે છે તે રજૂ કરો નહીં તો મેં 'ટાઢા પહોરનું ગપ્પું માર્યું છે' એવું જાહેર કરો.

માઇન્ડ વેલ, રોહિત શાહ! સાધર્મિકને જોબ માટે શાસ્ત્ર અને યુક્તિ અનુસાર યોગ્ય પ્રયત્નો થાય તે આવકાર્ય છે, પણ 'એક પણ જૈન નોકરી વિનાનો હોય ત્યાં સુધી ભગવાન માટે કોઇએ મંદિર બનાવવું નહીં' એ વાત તો બિલકુલ સાંખી લેવાય તેમ નથી. કારણ કે ભગવાન તો સાધર્મિક ગુરુ, મા-બાપ એ બધા કરતાં અનંતગણા ઉપકારી છે, ભકિતપાત્ર છે, આદરણીય છે.

'સાધર્મિક ભકિત એ પર્યુષણનું કર્તવ્ય છે- આ હકીકત પણ તમે તમારા લેખમાં જણાવી છે- સ્વપ્નમાં ભગવાનના મોઢે. આ પણ તમે કયાંથી જાણ્યું? વાંચીને કે સાંભળીને જ ને? એના મૂળમાં ભગવાન જ છેને? એટલે જે ભગવાને સાધર્મિક ભક્તિનો ઉપદેશ આપ્યો, એ જ ભગવાનની મંદિર બનાવવા દ્વારા ભક્તિ કરવાનો તમે નાશ કર્યો, આથી તમે ભગવાન પ્રત્યે કૃતજ્ઞભાવ વ્યકત કર્યો કે કૃતઘ્નભાવ? તે માંડીને સમજાવવાની તમારામાં તાકાત છે?

વર્ડ નોટ ઓન્લી સાધર્મિક ભકિત એ પર્યુષણનું કર્તવ્ય છે પણ પર્યુષણાના પાંચ કર્તવ્ય કહ્યા છે તેમાં એક કર્તવ્ય 'ચૈત્યપરિપાટી' પણ છે. આ 'ચૈત્યપરિપાટી' સ્વરૂપ કર્તવ્યના વિવેચનમાં શ્રીમદ્ ઉદયસોમસૂરી વિરચિતં 'પર્યુષણા પર્વાષ્ટાહ્નિકા વ્યાખ્યાનમ્' નામની પ્રતમાં જણાવ્યું છે કે (ભાવાર્થ) પર્યુષણા પર્વમાં સમસ્ત જિનાલયે ચૈત્યવંદન, ચૈત્યપૂજા વડે શાસ્ત્રોન્નતિ કરવી જોઇએ- આ વાત પણ તમે ધ્યાનમાં રાખશો.

હવે તમને પ્રશ્ન પૂછું છું કે આ 'ચૈત્યપરિપાટી' સ્વરૂપ કર્તવ્ય જરૂર હોય ત્યાં પણ જો નવું જિનાલય નહીં બન્યું હોય તો ત્યાં કેવી રીતે બજાવી શકાશે?

**અગડં :** આગળ લેખક લખે છે- 'ચાલ, અમે હવે જઇએ છીએ... આ બીજા ત્રેવીસ તીર્થંકરોને ઉતાવળ છે'- આ વાત લેખકને પોતાને આવેલા સ્વપ્નમાં ભગવાનના મુખે બોલાયેલી છે.

**બગડં :** મને લાગે છે કે લેખકે પોતાનો ત્રીજે માળ કોઇને ભાડે આપ્યો લાગે છે. જેથી લખે છે કે- 'આ બીજા ત્રેવીસ તીર્થંકરોને ઉતાવળ છે' વોટ મીન્સ- 'ઉતાવળ?' ઉતાવળ = અધીરાઇ, અધીરાઇ = ધીરજનો અભાવ. આમ ઉતાવળ = ધીરજનો અભાવ એ અર્થ કોશને આધારે સિદ્ધ થાય છે. જેનામાં ધીરજનો અભાવ હોય તે ભગવાન ન હોય. અને ભગવાન હોય તેનામાં ધીરજનો અભાવ ન હોય, કારણ કે ભગવાન તે જ કહેવાય છે કે જે સર્વગુણથી યુક્ત હોય અને સર્વદોષથી રહિત હોય. 'ઉતાવળ' સંબંધી આ હકીકત લખીને લેખકે-

(૧) જૈનોના ત્રેવીસ તીર્થંકરો સંબંધી અછાજતી વાત લખી એમ કેમ ન કહેવાય? (૨) જૈનોના ત્રેવીસ તીર્થંકરોની ઠેકડી ઉડાડી કહેવાય કે નહીં? (૩) જૈનોના ત્રેવીસ તીર્થંકરોને વિકૃત સ્વરૂપે ચીતર્યા કહેવાય કે નહીં?

ચતુર્વિધ શ્રી સંઘમાં જેને ભગવાન પ્રત્યે કાંઇપણ સદ્ભાવ હોય તે લાગતા વળગતાં સૌ કોઇએ લેખકના ભગવાન સંબંધી લખાણનો- માત્ર 'ઉતાવળ' સંબંધી નહીં, પણ ઉક્ત લેખમાં બીજા પણ કેટલાક લખાણ છે તેનો પણ - જાહેરમાં એવો વિરોધ કરવો જ જોઇએ કે જેથી લેખક ભવિષ્યમાં - ભગવાન સંબંધી આવું લખવાની ખો ભૂલી જાય.

વાચકોને હું જણાવું છું કે- લેખકે આ અંકમાં ભગવાનને કેવા આલેખ્યા છે તે જાણવું હોય તો આસપાસથી મેળવી આ અંક વાંચજો. પછી વિચારજો કે- ઈસ્લામ ધર્મના 'ખુદા' અંગે કોઇએ આ લખાણ કર્યું હોત તો એની શી હાલત થાત? આપણે ઈસ્લામ

ધર્માનુયાયી જેવી ઉગ્રતા ન ધરાવીએ તો પણ કમ સે કમ શક્તિ અનુસાર જાહેરમાં કે ખાનગીમાં તો વિરોધ કરી શકીએને? આપણે કાંઈ બંગડીઓ પહેરી નથી, નપુંસક નથી, મરદના બચ્ચા છીએ. પરમાત્મા શ્રી મહાવીર મહારાજાનો સાચો અનુયાયી કાયર ન હોય, બહાદુરનો બેટો હોય.

અંતે લેખકને ચેતવણી આપવામાં આવે છે કે આ લખાણમાં જે કેટલાક લાક્ષણિક- શબ્દો કે વાક્ય પ્રયોગો વાપર્યા છે તેની સમીક્ષા કે શબ્દાર્થમાં પડવું નહીં પણ તેનો લાક્ષણિક અર્થ કોશ પાસેથી કે અનુભવી પાસેથી મેળવી લેવો. જેમ કે 'ત્રીજે માળ કોઇને ભાડે આપ્યો લાગે છે'- ઈત્યાદિ જેવા વાક્યપ્રયોગો કે 'સદ્‌બુદ્ધિના બારદાન' ઈત્યાદિ જેવા શબ્દપ્રયોગો અને છતાં લેખક તે વાક્યપ્રયોગો કે શબ્દપ્રયોગોના શબ્દશઃ અર્થની ઝંઝટમાં પડશે તો અમારે પણ લેખકે લખેલા આ અંકમાંના વાક્યપ્રયોગો જેવા કે 'એમના પેટમાં ચૂંક આવે છે' તથા શબ્દપ્રયોગો જેવા કે 'નવું તપ? ઈત્યાદિના શબ્દશઃ અર્થની ઝંઝટમાં ઉતરવું પડશે. અમે આના લાક્ષણિક અર્થ સમજી ગયા છીએ, લેખકે પણ લાક્ષણિક અર્થ સમજી લેવો અથવા તો લેખકે વાપરેલા ઉક્ત શબ્દપ્રયોગો કે વાક્યપ્રયોગોનો પ્રથમ પોતે શબ્દશઃ અર્થ કરીને આપવો પછી અમારી પાસે માંગવો. વળી રૂઢ અર્થો અંગે પણ લેખક શ્રી રોહિત શાહે આ જ હકીકત સમજી લેવી. *(સમાપ્ત)*

# जयमल जैन जीवरक्षा पर्यावरण सुरक्षा फाउन्डेषन

न. ११, पोन्नप्प लेन, ट्रिप्लीकेन, चेन्नई - ६०० ००५

परस्परोपग्रहो जीवानाम्

## क्या आप जानते है?

भारत सरकारने फुड & अडल्ट्रेषन एक्ट के अन्तरगत सभी पेकेज्ड खाद्य पदार्थो पर यह अंकित करना अनिवार्य कर दिया है कि वह शाकाहारी (Vegetarian) है अथवा मांसाहारी हैं अथवा मसाहारी खाद्य पदार्थो के मिश्रण के बना हुआ है।

सिर्फ शाकाहारी खाद्यपदार्थो के मिश्रण से बने हुए खाद्य पदार्थो पर [•] (Green) हरे रंग में चिन्ह इंगित करना अनिवार्य कर दिया है।

सिर्फ मांसाहारी पदार्थ से बने हुए पेकेट पर [•] भूरा (Brown) रंग में चिन्ह इंगित करना अनिवार्य कर दिया हैं।

मांसाहारी व शाकाहारी दोने खाद्या पदार्थो के मिश्रण से बने खाद्य वस्तुओं के पेकेट पर ⃠ लाल रंग में चिन्ह इंगित करना अनिवार्य कर दिया है।

[•] सिर्फ शाकाहारी पदार्थ (Green Colour)
[•] सिर्फ मांसाहारी पदार्थ (Brown Colour)
⃠ मांसाहारी पदार्थ के मिश्रण से बने हुए पदार्थ (Red Colour)

इस नियम को उल्लंगन करने वालों पर उचित कार्यवाही कानून के अन्तरगत की जा सकती हैं।

आप पेकड खाद्यपदार्थ जैसे बिस्कुट, चोकलेट आदि की खरीदी करते समय उपरोक्त चिन्हों को देखकर खरीदें। यदि चिन्ह अंकित न होतो खरीदी हुई दुकान का बिल व खरीदी गई वस्तु का रेपर (Wrapper) अथवा खरीद की गई दुकान का पता व तारिख हमें उपरोक्त पते पर भेजें। हम आगे कि कार्यवाही करेंगे।

- પ્રજ્ઞરાજ

# ચેત ચેત ચેતન ! તું ચેત

☛ જૈન શાસનનો સાર ક્ષમા છે પણ તે આજે કાયરની નિશાની ગણાય છે. ખરેખર શકિત હોવા છતાં સામનો કરવામાં નહિં પણ સહન કરવામાં ગૌરવ છે. સહનશીલતા તો ધર્મનો પાયો છે. 'મારાથી તો ખોટું સહન થાય જ નહિં, ખોટી વાત હું સાંખી લઉં નહિ આ વાત વિચારવી જરૂરી છે અવસરે કેટલું સહન કરીએ છીએ કોનું સહન કરીએ અને કેવું સહન કરી તે નિર્દંભપણે વિચારી આત્મા જ સાક્ષી પૂરશે કે મારાથી સહન થતું નથી તેને બદલે મારે સહન કરવું જ નથી તે વૃત્તિ વ્યાપક બની માટે સહનશીલતા કેળવીશ તો તારુ કલ્યાણ સુનિશ્ચિત છે.

☛ આપણને બધાને આ શરીર પર જેટલો મોહ છે તેટલો બીજી કોઈ વસ્તુ કે વ્યકિત પર નથી. 'શરીર સારું હશે તો ધર્મ થશે' તેમ બોલનારા આપણે શરીરને સારું રાખવા કેવો અને કેટલો પ્રયત્ન કરીએ. તેની સામે ધર્મ માટે કેવો અને કેટલો પ્રયત્ન કરીએ? ધર્મ કરવા વસ્તુનો ત્યાગ તો જરૂરી છે કદાચ વસ્તુનો ત્યાગ ન કરીએ તો તેના મમત્ત્વનો તો ત્યાગ કરવો જ પડે. આ શરીરની સહાયથી આત્માને અશરીરી બનાવવાનો છે. તે માટે શરીરનો ત્યાગ ન કરી શકાય તો તેના મમત્ત્વનો ત્યાગ જરૂરી જ છે. શરીરને તપ કરાવાથી, પીડા આપવાથી, શરીર પાસે ગધેડાની જેમ કામ લેવાથી મમત્ત્વ ઘટે. બાકી શરીરની જેટલી સારસંભાળ, આળ-પંપાળ કરીશું, મંગલઘોડા જેવો બનાવીશું તે મમત્ત્વ વધે.

☛ હે આત્મન! તું દિક્ષિત બન્યો છે તો દીક્ષા શા માટે લીધી છે? શરીરથી - કર્મોથી મુક્ત થવું છે માટે કે મોજમજાઓ કરવી છે માટે? અનુકુળતાઓમાં આનંદ માનવો છે કે પ્રતિકુળતામાં પ્રસન્નતા પામવી છે. શરીર સારું રહેશે તો દીક્ષા પળાશે તેમ નથી પણ શરીર સારું નહીં લાગે તો જ દીક્ષા સારી રીતના પળાશે. તેથી જ શરીર સાથે યુદ્ધ ખેલવાનું છે. શરીર માંગે તે આપવાનું નથી. પણ સંયમમાં શરીર સહાયક બને તે આપવાનું છે માટે કહ્યું કે 'દેહે કષ્ટં મહાસુખમ્' મળે તો સંયમપુષ્ટિ, ન મળે તો તપોવૃદ્ધિ ! આ બધી વાત બીજાને માટે નહિં તારા જ આત્મા માટે વિચાર-અમલી બનાવા શરીરનો નાશ નહિં થાય તો પણ શરીરનું મમત્ત્વ તો જશે જ. દુઃખ કે દુઃખના સાધન શત્રુ નથી પણ શરીર જ શત્રુ છે. આ ભાવના આત્માસાત્ કરે તો દીક્ષા સફળ છે.

☛ આત્મન! બધા દુઃખોની જનેતા અપેક્ષા છે. અપેક્ષામાંથી આસક્તિ જન્મે. માલિકીનો ભાવ આસકિતને પુષ્ટ કરે છે. શરીરનો અનુરાગ બધી અપેક્ષાઓ પેદા કરે, તે પૂર્ણ ન થાય તેમાંથી ક્રોધ-અપ્રીતિ- દ્વેષ જન્મે. આસકિતમાંથી અનર્થોની પરંપરા સર્જાય. દુઃખ, દુર્ભાવના, દોષો- વિપત્તિની વણઝાર ખડી થઇ જાય. માટે અપેક્ષાનું નામ નહિં અને આત્મિક સુખોની સીમા નહિં તેવા સાધુપણાનો તે સ્વીકાર કર્યો છે તો 'હું સાધુ છું' તે વાત ક્ષણ માત્ર પણ ન ભૂલતો. તો તું આસક્તિ- અપેક્ષાથી બચી શકીશ.

☛ આજે તારી મનોદશા કેટલી વિચિત્ર છે. જેમની પાસે જન્મથી જ ચક્ષુ નથી તેમને તું અંધ માને છે. પણ તારી રાગાંધતા અને કામાંધતાથી તું તારી જાતને અંધ માને છે ખરો? તે જ રીતના તારી પાસે સમ્યગ જ્ઞાન ચક્ષુ નથી તો તારી જાતને અંધ માને ખરો? જાતને અંધ માન્યા વિના જોનારા પર વિશ્વાસ થાય ખરો? ખરેખર સન્માર્ગદર્શક જ્ઞાન ચક્ષુ છે. દુનિયામાં બધું વિશ્વાસથી ચાલે છે તો જ્ઞાનદાતા પર વિશ્વાસ રાખ. ભગવાને પણ આગમ ગ્રંથમાં કહ્યું કે 'अदक्खु ! दक्खुवाहियं सद्दहसु' અર્થાત જ્ઞાનદષ્ટિ હીન એવો તું જ્ઞાનદષ્ટિવાળા પર વિશ્વાસ રાખી, એમની આંગળી પકડી ચાલ. નહિં તો ઠોકર ખાઇ ચારે ગતિના ચૌટામાં

રખડી પડીશ. જ્ઞાન છે નહિં અને જ્ઞાની પર વિશ્વાસ- સમર્પણભાવ નથી, માત્ર તારૂં જ ડહાપણ ડહોળીશ તો તારું શું થશે? સમર્પણ ભાવ હોય ત્યાં શરત ન હોય- આ ગુણ આવશે તો ય તારો બેડો પાર થશે.

☛ જો તારે સાચી શાંતિનો અનુભવ કરવો તો આસક્તિનો ત્યાગ કર. બધી અશાંતિનું મૂળ આસક્તિ છે. બધા દોષોની આમંત્રણ પત્રિકા પણ આસક્તિ છે. આખો સંસાર આસક્તિના પાયા પર રચાયેલો છે. ખાવા-પીવા, પહેરવા, ઓઢવા, મોજ મજા, સુવિધા, વૈભવ, સુખશીલતા, સંપત્તિ, ભોગની આસક્તિ અનુભવાય છે. જેનું પરિણામ અશાંતિ, કલેશ- સંકલેશ, વાદવિવાદ- વિખવાદ, સંતાપ છે. આસક્તિથી એવા ચીકણા કર્મ બંધાય છે કે જે દુ:ખોથી તું ભાગાભાગ કરે છે તે તીવ્ર દુ:ખો તારે ભોગવવા જ પડે છે. આસક્તિ એ જ મોટું બંધન છે. પ્રગાઢ આસક્તિ તો તીવ્ર અશાંતિ પેદા કરે છે માટે મુળ જ કાપી નાખ. મુળનું સિંચન તો બંધ જ કર. પછી તને સાચા સુખ- શાંતિ સમાધિનો અનુભવ થશે.

☛ જ્ઞાનીઓ કહે છે કે, રોગનું મૂળ પકડી પછી નિદાન કરો તો રોગ જડમૂળમાંથી જાય. તેમ ચિત્તમાં કલેશ, અશાંતિ, ઉદ્વેગ, અસ્થિરતાનું મૂળ હોય તો રાગ- સ્નેહ મોહ છે. પરદ્રવ્ય- પરપર્યાય પ્રત્યે જેટલો રાગભાવ કેળવશો તેટલી અશાંતિની ખરીદી થશે. સમાધિનું સ્વપ્ન પણ નહિં મળે. જો તને સાચી સમાધિની ઈચ્છા હોય તો પરદ્રવ્યના સ્નેહ- રાગનો ત્યાગ કર. કારણ રાગ- સ્નેહ- દ્વેષ મોહને અગ્નિ જેવા પણ કહ્યા છે. જે હંમેશા અંદરથી બાળે જ છે. આત્માના શુભ ભાવો, પવિત્ર ભાવનાઓને બાળી જ નાંખે છે તે આગ હોલવવી જ પડશે તો જ શાંતિનો અનુભવ થશે. જ્ઞાનીઓએ કહ્યું 'તયો અગ્ગી! કતમો તયો? રાગગ્ગી, દોસગ્ગી, મોહગ્ગી' રાગદ્વેષ અને મોહ એ ત્રણ અગ્નિ છે રાગને જ્ઞાન અને વૈરાગ્યથી, દ્વેષને ક્ષમા- સમતાથી- મોહની આગને અનાસકિતથી બુઝવવો જોઈએ.

☛ આજસુધી હું સંસારમાં ભટકી રહ્યો છું કેમ કે મને સાચી સમજ ન મળી. આજસુધી હું સુખ પાછળ પાગલ અને દુ:ખને દૂર કરવા મથતો હતો તેથી ભટક્યો. હવે મને ભાન થયું કે સુખ સારૂં નથી પણ ભૂંડુ છે અને દુ:ખ ભૂંડુ નથી પણ સારું છે. ભગવાનની આગળ માત્ર દીનતા કરવાથી કલ્યાણ ન થાય પણ ભગવાને બતાવેલા માર્ગે ચાલીએ તો કલ્યાણ થાય. પણ માર્ગે નહિં ચાલવા દેનાર સુખનો રાગ છે અને દુ:ખનો દ્વેષ છે. તે જ આખા સંસારની જડ છે. તે કાપ્યા વિના ધર્મ ક્યાંથી થાય? 'દુ:ખ મારા પાપનું ફળ છે, પાપની સજા છે માટે મારે મજેથી વેઠવું જોઈએ, સુખ તો મને મારનારું કાલકૂટ વિષ છે તેનાથી સાવધ રહેવાનું છે' આ દશા આવશે તો ઠેકાણું પડશે. પછી દુ:ખમાં તો આનંદ થશે પણ સુખમાં ય તેની મમતા ઉતરી ગઈ તેનો આનંદ થશે. સુખને ભૂંડું અને દુ:ખને સારું માને તે મજામાં હોય. હંમેશની મજાનો આ ઉપાય છે તું સેવ.

☛ હે આત્મન્! આવું તારક શાસન મળ્યું. રોજ સાંભળે- સંભળાવે છે કે આ સુખની સામગ્રી તે દુર્ગતિનું કારણ છે તો તને કાંઈ આઘાત થાય છે? તું પત્થર દિલનો કઠોર હૈયાનો છે? જેનાથી તારું અહિત થવાનું છે તેનો પણ તું રાગ કરે છે, તેમાં જ મજા માને છે. સુખના રાગે ને દુ:ખના ડરે તને કેવો બનાવ્યો, કોની કોની ગુલામી કરાવી- પગચંપી કરાવી. જે ચીજવસ્તુઓ ક્યારેય તારી બની નથી, બનવાની નથી છતાં પણ તેની ખાતર શું શું ન કર્યું? ત્યાગ- વિરાગની વાતો ઘણી કરી પણ મારામાં વિરાગ કેમ આવતો નથી? ત્યાગની વૃત્તિ કેમ પેદા થતી નથી? રાગના કારણે ઘણાનો ત્યાગ કર્યો પણ પરિણામ શું આવ્યું? મારુ જીવદલ કયા પ્રકારનું છે? સુખના રાગે અને દુ:ખના દ્વેષે તને કેવો પામર બનાવ્યો? વાત વાતમાં કમાન છટકે, માથું ફરે, ચિંતા થાય છે તો આ બધાથી બચવા વિચાર- સુખનો રાગ ભૂંડો છે. દુ:ખનો દ્વેષ સારો છે. સુખ જ મારુ શત્રુ છે, દુ:ખ જ મારો સાચો મિત્ર છે.

*(ક્રમશ:)*

# કહેવતો સહિત જ્ઞાનકોઠો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ● | ૨ | | ● | ● | ૩ | | ● | ● | ૪ |
| | ● | ૫ | | ● | ● | ૬ | | ● | ● | ૭ | |
| ● | ૮ | | ● | ● | ૯ | | ● | ● | ૧૦ | | ● |
| ૧૧ | | ● | ● | ૧૨ | | ● | ● | ૧૩ | | ● | ● |
| | ● | ● | ૧૪ | | ● | ● | ૧૫ | | ● | ● | ૧૫ |
| ● | ● | ૧૬ | | ● | ● | ૧૭ | | ● | ● | ૧૮ | |
| ● | ૧૯ | | ● | ● | ૨૦ | | ● | ● | ૨૧ | | ● |
| ૨૨ | | ● | ● | ૨૩ | | ● | ● | ૨૪ | | ● | ● |

**આડા શબ્દ**

૧. દુઃખ વિના .. નહિં (૨)
૨. દૂધ પાઈને .. ઉછેરવો
૩. બેના લડાઈમાં ત્રીજો .. જાય
૫. .. થોડી ને વેશ જાજા
૬. લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોં ધોવા ..
૭. આપ .. તો જગ ભલા
૮. .. હાથ રળીયામણા
૯. .. તેવો રંગ
૧૦. વારા પછી .. મે મહી પછી ગારો
૧૧. રાજાને ગમે તે ..
૧૨. સંઘર્યો .. પણ કામનો છે
૧૩. .. ગઈ ને વાત ગઈ
૧૪. માથુ .. તે મિત્ર
૧૫. થાય તેવા થઈએ તો.. વચ્ચે રહીએ
૧૬. .. વિના લાલો ન લેટે
૧૭. વા લઈ .. વાત
૧૮. .. માં બસ ન હોય
૧૯. ચલતી કા નામ.....
૨૦. .. કરતાં દયા ભલી
૨૧. વાડ વગર વેલો ન ..
૨૨. માણસ ધારે કાંઈ ને .. કાંઈ
૨૩. .. કામને શિખવે
૨૪. હામ .. ને ઠામ ક્ષણે જોઈએ.

**ઉભા શબ્દ**

૧. .. વચ્ચે સોપારી
૨. .. સુયાણીએ વેતર વંઠે
૩. મફતમાં .. ને મસીદે સૂવું.
૪. ભેંસ કુદે તે .. ને જોરે
૫. .. ને ગમી રાણી, છાણા વીણતી આણી
૬. હાથ પોલા તો .. ગોલા
૭. વર મરો કન્યા મરો, ગોરનું તરભાણું ..
૮. .. જોઈને કુવામાં ન પડવું.
૯. .. ત્યાં જંપ
૧૦. રજાનું ગજ ને ..નું વતેસર
૧૧. રામ .. તો કહે રીંગણા
૧૨. .. છછુંદર ગળ્યો
૧૩. સુખમાં સોની ને દુઃખમાં....
૧૪. .. ફાટે ત્યાં થીંગડુ કયાં દેવાય
૧૫. દિકરીને ....... દોરે ત્યાં જાય.
૧૫. .. ભાગોળેને ઘેર ઝઘડા
૧૬. .. વાડીને ગાડી
૧૭. .. માં કોઈ જાણે નહીં ને હું વરની ફુઈ
૧૮. રોજ મરે તેને કોણ.. ?
૧૯. કાળી .. નું ધોળુ દૂધ
૨૦. .. કરે કામ
૨૧. સોટી વાગે .. ચમ, વિદ્યા આવે રમઝમ

(જવાબ પાના ૧૭૬ પર)

શ્રી કંકુ મહોત્સવ　　પ્રથમ વિનય દિન

# શ્રી શ્રુતવંદના

(પદ)

વંદના શ્રુતદેવતા હે વિદ્યાનિધાન
જ્ઞાન-દાન-વિધાન પ્રભુ! ટાળ અમ અજ્ઞાન....૧
પુણ્યબોધ વિલાસવાહી ધર્મ અમૃત પાન... ૨
સર્વ આગમસૂત્રધારક અર્થ અનહદ ગાન... ૩

(લય: મંદિર છો મુક્તિતણી)

અરિહંતભગવંતો તણાં ચરણે કરું છું વંદના,
ગણધરપ્રભુનાં ચરણમાં ભાવે ધરું છું વંદના,
શ્રી સમવસરણને વંદના જે દેશનાભૂમિ બને,
શ્રી ધર્મતીર્થને વંદના, જે અપહરે છે મોહને.
.....૧

ભગવંત! શું છે તત્વ, પૂછે ગણધરો શુભભાવથી,
પ્રભુ કહેઃ ઉત્પત્તિ વિલય સ્થિરતા સદા છે જગતણી,
પ્રભુ મુખે આ ત્રિપદી સુણી ગણધર કરે ઉદ્ભાવના
શ્રુત ધર્મનું ધારણ કરે, ભાવ કરું શ્રુતવંદના
*શ્રુતધર્મનું... ૨*

### (અંગસૂત્રો)

સાધુજીવનની ધર્મચર્યા કહી **આચારાંગમાં**,
અજ્ઞાન જ્ઞાનાદિકનું વર્ણન કર્યું **સૂત્રકૃતાંગમાં**,
**સ્થાનાંગમાં** જીવ આદિ ષડ્દ્રવ્યોતણું વર્ણન મળે,
સંખ્યા ક્રમે તત્વો કહી **સમવાય** સંશયને હરે.
*શ્રુત ધર્મનું... ૩*

પ્રશ્નોત્તરીના રૂપમાં **ભગવતી** આપે પ્રેરણા,
અગણિત રમ્ય કથાનકો છે **જ્ઞાતવર્ધકથાંગમાં**,
પાવન **ઉપાસકદશામાં** છે દશ મહાશ્રાવક કથા,
સિદ્ધોનું **અંતઃકૃદ્દશા** વર્ણન કરે, ટાળે વ્યથા
*શ્રુત ધર્મનું... ૪*

શ્રી **પ્રશ્નવ્યાકરણે** કથા આશ્રવ અને સંવરતણી,
શ્રી **વિપાકસૂત્રે** પુણ્યપાપ વિવેચના વિલસે ઘણી,
શ્રી દૃષ્ટિવાદે વિશ્વના સઘળાં રહસ્યો સાંપડે,
આ દ્વાદશાંગી ગણધરો વિરચે વિશદપ્રજ્ઞા વડે.
*શ્રુત ધર્મનું... ૫*

### (ઉપાંગ સૂત્રો)

શ્રી **ઓપપાતિક** જન્મને સિદ્ધિગમનને વર્ણવે,
**રાયપ્પસેણી** વાચના શ્રી કેશીગણધરની સ્તવે,
**જીવાભિગમમાં** જીવનું ને જગતનું વર્ણન કર્યું,
**પ્રજ્ઞાપના** ઉત્કૃષ્ટ તત્વવિચારથી અઢળક ભર્યું.
*શ્રુત ધર્મનું... ૬*

**શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ** બતાવે સૂર્યમંડલનું સ્વરૂપ,
**શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ** કરે જ્યોતિષ્યનું વર્ણન ઘણું,
**શ્રી જંબુદ્વીપપ્રજ્ઞપ્તિમાં** ભૂગોળ તિર્છાલોકનું,
**નિરયાવલિકા** વર્ણવે છે નરકગામી અનેક ભૂપ.
*શ્રુત ધર્મનું... ૭*

શ્રેણિકપૌત્ર જે સ્વર્ગ પહોંચ્યા ગાય **કપ્પાવડંસિયા**,
દશ દેવદેવીના ભવનો વર્ણવે છે **પુપ્ફિયા**,
**શ્રી પુપ્ફચુલિયા** દેવી દશની પૂર્વકરણી દાખવે,
**વહ્નિદશા** બલભદ્રજીના બાર પુત્રોને સ્તવે.
*શ્રુત ધર્મનું... ૮*

દ્વાદશ ઉપાંગ મહાર્થ છે અદ્ભૂત રહસ્યોથી ભર્યા
આ અક્ષરો અવધારીને આત્મા બહુ ભવજલ તર્યા
*શ્રુત ધર્મનું... ૯*

### (પયન્ના સૂત્રો)

**શ્રી ચઉસરણમાં** ચાર શરણાનો અજબ આલેખ છે,
**આતુર પ્રત્યાખ્યાનમાં** ત્રણ મરણનો સુવિવેક છે,
અનશનવિધિ શુભભાવના **ભકતપરિજ્ઞામાં** કહી,
**તંદુલવૈચારિક** કરે ગર્ભસ્થિતિવર્ણન સહી
*શ્રુત ધર્મનું... ૧૦*

**શ્રી ચંદ્રવેધ્યક** શીખવે એકાગ્રતાના પાઠને,
**દેવેન્દ્રસ્તવ** ઇન્દ્રોતણી વૈભવકથા તાદશ ભણે,
જ્યોતિષ્ય **ગણિવિદ્યામહી** નક્ષત્ર આદિકથી કહ્યું
શ્રી મહાપ્રત્યાખ્યાન સૂત્રે સમાધિ ઝરણું વહ્યું.
*શ્રુત ધર્મનું... ૧૧*

બહુબોધ **ગચ્છાચાર** શાસ્ત્રે શ્રમણસંઘવિશે મળે,
લક્ષણ શ્રી **મરણસમાધિ** સમતામૃત્યુનાં સૌ સાંકળે,
આ દશ પયન્ના સૂત્ર છે, પ્રભુવીરના શિષ્યો રચે,
સ્વાધ્યાય ભાવ ધરીકરો તો દોષ ના કોઈ બચે.
*શ્રુત ધર્મનું... ૧૨*

**(છેદ સૂત્રો)**

આલોચનાનાં માર્ગ પ્રાયશ્ચિતની પાવન વિધિ,
છે છેદ સૂત્રોમાં પ્રભુએ દાખવી શુદ્ધિ બધી,
**શ્રી નિશીથ બૃહતકલ્પ શ્રી વ્યવહારસૂત્ર છે** દોષજીત્,
પાવન **દશાશ્રુત સ્કંધ** તેમજ પંચકલ્પ મહાનિશીથ
*શ્રુત ધર્મનું... ૧૩*

**(મૂળસૂત્રો)**

વિવરણ છે આવશ્યકતણું છે સૂત્ર **આવશ્યક** મહીં,
મહાશાસ્ત્ર **દશવૈકાલિકે** શ્રમણો તણી કરણી કહી,
**શ્રી ઉત્તરાધ્યયનને** મનોહર બોધનાં ઝરણાં વહે,
**શ્રી ઓઘ નિર્યુક્તિ** મુનિની સામાચારીને કહે
*શ્રુત ધર્મનું... ૧૪*

**શ્રી પિંડનિર્યુક્તિ** બતાવે ગોચરીની પદ્ધતિ,
મૂળસુત્ર છે આ ચારઃ આપે આતમાને સન્મતિ
*શ્રુત ધર્મનું... ૧૫*

**(શેષ સૂત્ર)**

**શ્રીનંદીસૂત્રે** પાંચ જ્ઞાન તણી વિશદ ચર્ચા ઘણી,
**અનુયોગદ્વાર** થકી મળે શિક્ષા સકલ આગમતણી.
*શ્રુત ધર્મનું... ૧૬*

નિર્યુક્તિગ્રંથો ભદ્રબાહુસૂરિ રચે ગંભીર બહુ,
ભાષ્યો રચ્યા જિનભદ્રગણિએ સરળ ને સુંદર સહુ,
ચૂર્ણિ તણા રચનાર પૂર્વ મહર્ષિઓ ઉપકારી છે,
અગણિત આચાર્યે રચેલી વૃત્તિઓ મનહારી છે.
*શ્રુત ધર્મનું... ૧૭*

શાસ્ત્રો હજારો વિવિધભાષામાં વિશાળ રચી ગયા,
મહામુનિવરો નિજજ્ઞાનદાને મેઘ આષાઢી થયા,
બહુબોધ એક એક અક્ષરે એ પાપના પુંજો હરે,
પ્રશમામૃતે અંતર ભરે, અગણિત આતમ ઉદ્ધરે.
*શ્રુત ધર્મનું... ૧૮*

**રચનાઃ** મુનિશ્રી પ્રશમરતિ વિજયજી
**પ્રસ્તુતિ ઃ** શ્રી આશિષ મહેતા
**શુભ દિનઃ** વૈશાખ સુદ ૧૩, બુધવાર તા. ૧૪-૫-૨૦૦૩
**શુભ સ્થળઃ** શ્રી પુખરાજ રાયચંદ આરાધના ભવન સાબરમતી.

**ઃ મંગલનિશ્રા ઃ**
સૂરિરામના તેજસ્વી શિષ્યરત્નો પ્રવચનકાર બંધુબેલડી
**પૂ. મુનિશ્રી વૈરાગ્યરતિ વિજયજી મહા.**
**પૂ. મુનિશ્રી પ્રશમરતિ વિજયજી મહા.**

## અગણિત

પાપીઓના પાપની ગણત્રી થઈ શકતી નથી.
જેમ, મેઘ ધારાની ગણત્રી થઈ શકતી નથી.
આકાશમાં તારાની ગણત્રી થઈ શકતી નથી.
જમીન પર રેણુંની ગણત્રી થઈ શકતી નથી.
સમુદ્રમાં મત્સ્યની ગણત્રી થઈ શકતી નથી.
મેરૂ પર્વતમાં સુવર્ણની ગણત્રી થઈ શકતી નથી.
માતામાં સ્નેહની ગણત્રી થઈ શકતી નથી.
સર્વજ્ઞમાં ગુણની ગણત્રી થઈ શકતી નથી.
દુર્જનમાં દોષની ગણત્રી થઈ શકતી નથી.
આકાશમાં પ્રદેશની ગણત્રી થઈ શકતી નથી.
જીવોમાં ગતિની ગણત્રી થઈ શકતી નથી.
સત્પાત્ર દાનમાં પુણ્યની ગણત્રી થઈ શકતી નથી.
તેમ દુષ્ચારિણીના પાપની ગણત્રી નહોય,
ભાવથી કરેલા ધર્મમાં પુણ્યની ગણત્રી ન હોય,
*(જૈન રામાયણ)*

# વાડાબંધી, રક્ષણ કે ભક્ષણ

- વિપ્રજ્ઞા

આ શબ્દની એલર્જી સૌ કોઇને હોય છે. સૌ કોઈ માને છે કે વાડામાં રહેવું એટલે કેદમાં પુરાવું. વાડાબંધીવાળો કહે એ પ્રમાણે મન- વચન- કાયાની પ્રવૃત્તિ કરવી. આ પરતંત્રતામાં આપણો કોઈ વિકાસ નહીં મુક્ત ગગનમાં ફરવાનું નહિં, મુક્ત વિચારોનું પ્રસારણ નહિં અને મન પણ કુંઠીત.

આવા વિચારવાળા માનવીને આ દૃષ્ટાંત કાંઇક ઉપયોગી નીવડશે એમ જાણી લખવાની શરૂઆત કરૂં.

એક શિયાળ હતો. ફરતો ફરતો એ બકરાના ટોળા પાસે જઈ ચઢયો. ચરતાં બકરાને જોઇ એક બકરાના કાનમાં કહ્યું અરે તું તો કમભાગી છે? તારો રક્ષણહાર તને કેદમાં પુરી રાખે છે. અમે કેવા ભાગ્યશાળી જ્યાં જવું હોય, આવવું હોય ત્યાં નિરાતે જઈ શકીએ, આવી શકીએ. અમને કોઇ રોકટોક નહિં. અમને કોઈ એક જગ્યાએ પુરી રાખે નહિં, ચોવીસે કલાક અમે સ્વતંત્ર, તમે તો નિર્ભાગી છો શું જોઇને વાડામાં પુરાવો છો? શું મઝા આવે છે? વાડામાં પુરાવાથી તમને શું લાભ થાય છે? વાડામાં પુરાવાથી તમારી કમબખ્તી થઇ રહી છે. કાંઇક વિચારો? યોગ્ય પગલું ભરો, વાડાબંધીથી છૂટો?

દાઢારંગો બકરો આ સાંભળી ભડક્યો. ખરેખર! સાચી વાત કરી. અમે તો પાંજરામાં પુરાયેલા છીએ. અમારો વાડાબંધીમાંથી છૂટકારો કયારે થશે?

જો ભાઇ! છૂટકારો કરવો હોય તો ચપટીમાં થઇ જશે? રબારી આવે એટલે તું સંતાઇ જજે, એથી તને એ કાંઇ લઇ જશે નહિં, પુરશે નહિં.

વાહ, બહુ સુંદર ઉપાય બતાવ્યો, રક્ષણહારથી છૂટીશ તો જ હું વાડાબંધીમાંથી મુક્ત થઇશ. એ આવશે ત્યારે હું છુપાઇ જઇશ, સંતાયેલો હું એની નજરે નહિં આવું આથી હું વાડામાં નહિં પુરાવ.

બહેકાયેલા બકરાએ એ પ્રમાણે સાંજે કર્યું. રક્ષણહાર સૌ બકરા લઈ ચાલતો થયો. ધીરે ધીરે રાત પડવા લાગી. હિંસક પ્રાણીઓ અંધારપટમાં નીકળવા લાગ્યા. હિંસક પ્રાણીના અવાજોથી બકરૂં કંપવા લાગ્યું. ફરતાં વાઘની નજરે આ ધ્રુજતું બકરૂં ચઢી ગયું પછી પૂછવું શું? એકલું, અટુલુ, કોણ બાકી રાખે? રાડ પાડીને તરાપ મારી ક્ષણ બે ક્ષણમાં બકરાને ફાડી ખાધું.

વાડાને કેદ કહેશો કે પોતાના બચાવનું સ્થાન કહેશો? જેઓ બચાવના સ્થાનને કેદ ગણાવે છે તેઓને કેવા કહેશો? જેઓ આવાની વાત માનનરા છે તેઓને કંઈ અક્કલવાળા ગણવા?

વાઘની પાછળ શીયાળે બકરાનું લોહી ચાખ્યું. લોભની લાલચે બીજા દિવસે ઠાવકું મુખ કરીને શીયાળ બીજા બકરા પાસે આવ્યો. ધીરે ધીરે ભૂમિકા બાંધી. શાણા બકરાએ તેની વાત શાંતિથી સાંભળી. વાત આગળ ચાલે તેની પહેલાં બકરો સામે થયો. ખબરદાર, આવી કોઈ વાત કરી છે તો? આવી ભ્રામકવાતો કરી કરીને તમે અમારા જેવા કંઈકના જીવ લીધા છે, મારે મારો જીવ નથી ગુમાવવો, વાડો છે તો જ અમારા જાન બચે છે, બાકી તમે અને તમારા જાતભાઈઓ અમને ફાડી ખાવ તેમ છો, ભલે અમારા માલિકને દૂધ લેવું હોય તો લઈ લે પણ અમારા રક્ષણ માટે જ એને વાડો બાંધ્યો છે, એને કાંઈ વાડા સાથે સંબંધ નથી, એને તો દૂધ સાથે જ સંબંધ છે એ વાત અમે બરાબર જાણીએ છીએ. જો રાતના રખડતાં રાખે તો તમારા જેવાને મઝા આવે. તમારા જેવા લુચ્ચાઓ મઝા ન માણે એટલા માટે અમોને વાડામાં પૂરે છે. દિવસે તો છૂટા મુકી દે છે જો વાડામાં જ રાખવા હોય તો દિવસે પણ રાખે ને? માટે તમે જ કહો?

વાડાબંધી એ વાડાબંધી છે? ના વાડાબંધી એ અમારા પ્રાણનું રક્ષણ છે તું તો અમારા પ્રાણોનો નાશ કરનારો માયાવી, સ્વાર્થી છે, આવું સાચું કોણ કહી શકે? જે સાચી વાત સમજ્યો હોય તે? જેને વાડાબંધી, વાડાબંધી લ ગતી ન હોય તે.

વર્તન અંગે, પવિત્રતા અંગે, સુંદરતા અંગે જેમ તેમ વ્યપદેશ કરે તેને વાડો ન કહેવાય? ના ન જ કહેવાય? જૈન શાસનમાં સમ્યકૃત્વની પ્રધાનતા છે નહિં કે ઋષભ મમત્વ વીરમમત્વ, પાર્શ્વમમત્વ જે પદાર્થ જેવો હોય તે પદાર્થને તે રીતે માનવો, જીવને જીવ રૂપે માનવો, આશ્રવને આશ્રવરૂપે માનવું, બંધને બંધ રૂપે માનવો, મોક્ષને મોક્ષ રૂપે માનવો એનું નામ સમ્યકૃત્વ. એમાં થોડી પણ છૂટછાટ લઈએ તો પેલા લુચ્ચા શિયાળીયાઓ બકરાને બહકાવે છે તેમ ભોળા જીવને વાડાબંધીની વાતો કરીને લુચ્ચાઓ બહકાવે છે.

ખરેખર વાડાબંધી છે રક્ષણ માટે, ભક્ષણ માટે નહિં. પછી તો મારે કહેવું પડે કે તમે જે ઘરમાં રહ્યા છો તે ઘરને પણ કિલ્લાબંધી જ કહેશો નહિં. ઘરને પણ ચારે બાજુ ભીંત છે તમે પણ તેમાં કેદી જ છોને? તમારા અને કેદીમાં શું ફરક? તમે ઉભો કરેલો સંસાર પણ શું છે? કેદખાનું જ છેને?

જો કેદમાંથી છૂટવાની ઈચ્છા હોય અને સ્વતંત્રતાનો ચોક્ખો ફાયદો ઉઠાવી શકતા હોય તો જ પરાધીનતાનો સ્વીકાર કરશો નહિં. ચોકખી સ્વતંત્રતા તો ફકત મોંક્ષમાં જ છે તે ન પામીએ ત્યાં સુધી વાડાબંધીમાં રહેવું ઉચિત છે.

# કરૂણા પ્રસંગ

- પૂ. પં શ્રી વજ્રસેન વિજયજી ગણિવર્ય મ.

આ જીવન, જીવમાત્રને પ્રેમ, સ્નેહ, કરૂણા અને વાત્સલ્યના દાન કરવા માટે છે. પ્રેમને નિર્બંધ રાખો ! જીવમાત્ર પ્રતિ વહેવા દો... અવિરત વહેવા દો... આ પ્રેમ જ સાચી જીવમૈત્રી, કરૂણા છે. પ્રેમ જ્યારે એક વ્યક્તિમાં પુરાય છે. ત્યારે તે વાસના બની જાય છે. માટે જીવમાત્ર પ્રતિ અવિરત વહેવા દ્યો....

ડો. બ્રેકેટના જીવનનો એક અદ્ભુત પ્રસંગ છે. તેને સંત સમાગમ દ્વારા જાણવા મળ્યું કે; આ જીવન ચૈતન્ય શક્તિને પ્રાપ્ત કરવા માટે છે. સમગ્ર જીવત્વ જાતિ ઉપર પ્રેમ-કરૂણાનો વરસાદ વરસાવવા જેવો છે.

ડો. બ્રેકેટને ૩૦ વરસની યુવાન સ્ત્રી ક્રોમવેલ સાથે પરિચય થયો. પરિચય પ્રેમમાં પાંગર્યો. બન્નેએ લગ્ન કરવાનો વિચાર કર્યો

એક રાત્રે બ્રેકેટ અને ક્રોમવેલ ભાવિજીવનના સ્વપ્ન પ્રદેશમાં વિચરી રહ્યા હતા. ત્યાં એકા એક ઘંટડી વાગી. ડો. રૂમનું બારણું ખોલ્યું.

એક હબસી સ્ત્રી બારણે ઉભી હતી. આંખમાં આસું, હાથ જોડી કરગરી.. બોલીઃ ડો. સાહેબ ! મારો એકનો એક પુત્ર બિમાર છે અને હું અસહાય અને નિરાધાર છું. આપ મારા બાળકને બચાવવા પ્રયત્ન કરશો ?

અજાણી સ્ત્રીનું દર્દભર્યું રૂદન સાંભળી , ડો. નું હૈયું કરૂણાથી ઉભરાઈ ઉઠયું તેણે ભાવિ પત્નીને કહ્યું ક્રોમવેલ ! તું થોડો સમય અહીં બેસજે; હું આ સ્ત્રીના બાળકને દવા આપી આવું !

ક્રોમવેલને આ ના ગમ્યું. તે રોષથી બોલી ઉઠી "તમારા વિના એકલી બેસી શું કરૂં ? શું મારા પ્રેમ કરતાં પણ તારો દર્દી અધિક મુલ્યવાન છે ?

ડો. બ્રેકેટ કહ્યું 'જેમ પ્રેમ દિવ્ય છે તેમ પ્રેમનો અનુભવ કરનારૂં ચૈતન્ય પણ દિવ્ય છે.' જેમ તારા પ્રેમનું સ્વાગત કરૂં છું. તેમાં માતાના પુત્રપ્રેમનું પણ કેમ જાકારો આપી શકાય ?

ડો. પોતાની બેગ લઈ સ્ત્રી સાથે કારમાં રવાના થઈ ગયા. ક્રોમવેલ ધુંઆફુંઆ કરતી ચાલી ગઈ. સદ્ભાગ્યે હબસીનો પુત્ર સમયસરની સારવારથી બચી ગયો. બીજે દિવસે ક્રોમવેલનો ફોન આવ્યો. ડો. ! મારો તારો સંબંધ નહિ ટકે. તે મારા પ્રેમનું મુલ્યાંકન ન કર્યું.. કદર ન કરી.

ડો. કહ્યું, ક્રોમવેલ ! હું માનવ માત્રને ચાહું છું... મુલ્યાંકન કરૂં છું માનવમાત્ર પ્રત્યે મને જે પ્રેમ છે, તેનું બલિદાન દઈ, હું એકાદ વ્યક્તિને જ પ્રસન્ન કરવા નથી ઈચ્છતો. અરે ! મારૂં જીવન એકાકી જીવવા માટે જ નિર્માયું. હશે !

ક્રોમવેલ જેવી રૂપવાન, ધનવાન પ્રેયસી સાથે ડો. લગ્ન ન કર્યા. તેમ કોઈ લલના સાથે પણ લગ્ન ન કર્યા.

૭૦ વર્ષ સુધી માનવ સેવા કરી, પોતાનો પ્રેમ કરૂણા અને વાત્સલ્યનું હજારો માણસોને દાન દીધું. એના મૃત્યું સમયે આખું ગામ રડી ઉઠયું. સ્મૃતિ માટે ગામલોકોએ સ્તૂપ બનાવ્યો. પણ એ સ્તૂપ ઉપર શું લખવું ? એક વખત હબસીનો પુત્ર, ડો.ના દવાખાના પાસેથી પસાર થયો. ઉપર બોર્ડ હતું... વાંચ્યું : ડોકટર બ્રેકેટની હોસ્પીટલ ઉપર છે.'

તેણે આ બોર્ડ ઉતારી સમાધિ પાસે મુકયું :

લોકોએ સમાધિ પાસે રહેલા આ બોર્ડને વાંચ્યું :

'ડોકટ બ્રેકેટની હોસ્પીટલ ઉપર છે.' બધા બોલી ઉઠયા, અદ્ભુત...! અદ્ભુત...!

# જિનાલયમાં કલ્યાણકારી મર્યાદાનું પાલન કરો !

- પૂ. મુ. શ્રી હિતવર્ધન વિજયજી મ.

દુરાચાર-નિવારક અને સદાચાર-પોષક એવી સામાજિક વ્યવસ્થાઓ પ્રમાણે વર્તવું તથા આ લોક, પરલોકમાં સુખ આપનારી અને આત્મકલ્યાણકારી એવી મર્યાદાઓનું પાલન કરવું-આ બે ભવ્યાત્માઓ માટે મોક્ષમાર્ગમાં દિનપ્રતિદિન પ્રગતિ સાધવામાં મહત્ત્વનાં અંગો છે.

જેમ ધર્મમાં પ્રધાનતા પુરુષની છે તેમ લોક-વ્યવહારમાં પણ પ્રધાનતા પુરુષની જ સ્વીકારવામાં આવી છે. શ્રી ચતુર્વિધ સંઘમાં પ્રધાનતા પુરુષની જ હોવાથી જિનાલયમાં પ્રભુસમક્ષ ચૈત્યાવંદન કરવા બેસવા માટેની - આગળ પુરુષો બેસે અને પાછળ સ્ત્રીઓ બેસે- આવી જાતની વ્યવસ્થા ગોઠવાયેલી છે. સંઘની શોભા સામાજિક વ્યવસ્થા અને શ્રી જિનશાસનની કલ્યાણકારી મર્યાદાઓના પાલનમાં જ હોય છે. પરંતુ પડતા કાળના પ્રભાવે જિનાલયમાં ચૈત્યવંદન કરવા બેસવાની બાબતમાં છેલ્લા થોડાંક વરસોથી અવ્યવસ્થા સરજાવા લાગી હોય અને મર્યાદાભંગ થવા લાગ્યો હોય એમ જણાય છે.

પુરુષ જ્યાં બેઠો હોય ત્યાં સ્ત્રી ત્રણ પહોર સુધી ન બેસે અને સ્ત્રી બેઠી હોય ત્યાં પુરુષ બે ઘડી (૪૮ મિનિટ) સુધી ન બેસે. શાસ્ત્રનિર્દિષ્ટ બ્રહ્મચર્ય પાલન માટેની નવ વાડમાંની આ એક વાડ છે. તેથી શ્રી ચતુર્વિધ સંઘ દ્વારા આ મર્યાદાનું પાલન સારી રીતે કરવામાં આવતું હતું. જિનાલયમાં આખાય દિવસ દરમિયાન પુરુષોને બેસવાની જગ્યા ખાલી પડેલી હોય ને મંદિરમાં એ જગ્યાએ દર્શન-પૂજન માટે પુરુષો આવવાની સંભાવના પણ ન હોય તોપણ મર્યાદાના પાલન માટે પુરુષોને બેસવાની જગ્યા ખાલી જ રાખવામાં આવતી. પુરુષોને બેસવાની જગ્યાએ સ્ત્રીઓ ભૂલેચૂકે પણ બેસતી નહોતી. વૃદ્ધાવસ્થાને કારણે નજર કમજોર બની હોય કે મોતિયાને કારણે પ્રભુપ્રતિમાં દૂરથી ઝાંખી દેખાતી હોય તોપણ એવી બાબતોને ગૌણ કરીનેય પાપભીરું પુણ્યાત્માઓ સ્વપરકલ્યાણકારી મર્યાદાના પાલનને જ મહત્ત્વ આપતા અને મર્યાદાનો ભંગ કદી પણ કરતા નહિ સંસ્કારી સ્ત્રીપુરુષો સ્વયં સમજીને પોતપોતાના ઉચિત સ્થાને જ બેસતાં. આથી વ્યવસ્થા-મર્યાદાનું પાલન કરવા બાબત કોઈને પણ કયારેય કાંઈ કહેવા-સમજાવાની જરૂર જ પડતી નહોતી. પરંતુ કલિકાળની કરાલતાથી કુશાસન, કુસંસ્કાર અને કુશિક્ષણનો ફેલાવો થતાં સ્ત્રી-પુરુષ અંગેની સામાજિક વ્યવસ્થાઓ અને કલ્યાણકારી મર્યાદાઓ પ્રથમ સમાજમાં અને પછી તો સંઘમાં પણ તૂટવા લાગી. તે એટલે સુધી કે ભવસાગર તરવાની ભાવનાથી ભવતારક શ્રી શત્રુંજય મહાતીર્થની યાત્રાએ આવતા પુણ્યાત્માઓ પણ ઉપર કહેલી વ્યવસ્થા-મર્યાદાનું વિના સંકોચ ઉલ્લંઘન કરવા લાગ્યા. ચૈત્યવંદન કરવા માટે દાદાના દરબારમાં પણ પુરુષોની જગ્યાએ સ્ત્રીઓ અને સ્ત્રીઓની જગ્યાએ પુરુષો યથેચ્છ બેસવા લાગ્યા. વ્યવસ્થા તોડવાની અને મર્યાદાનું ઉલ્લંઘન કરવાની શરૂઆત જો પ્રથમ ઊંચા સ્થાનેથી (સાધ્વીજી મ. દ્વારા થતી હોય, પછી નીચા સ્થાનવાળા (શ્રાવિકાઓ) એમનું અનુકરણ કરવા લાગી જતા હોય તો એમાં એમને કેટલો દોષ આપી શકાય ?

પૂ. ગુરુભગવંતો વ્યાખ્યાનમાં અવારનવાર સભાને આ વાત સમજાવે, સાધ્વીજી મહારાજો સ્વયં વ્યવસ્થા-મર્યાદાના પાલનમાં મક્કમ બને અને શ્રાવિકાઓને સમજાવે, પાઠશાળાના શિક્ષકો બાળકોને આને અંગેનું શિક્ષણ આપે અને માબાપ વગેરે ઘરના વડીલો પણ પોતાના પરિવારને આને અંગેના સંસ્કાર આપે તો પુનઃ પૂર્વવત્ કલ્યાણકારી શિવસુખદાયક વ્યવસ્થા-મર્યાદાનું પાલન જરૂર શકય બને.

**જોડી બનાવોનો જવાબ પાના ૧૫૬ પર**

૧. ગૌતમ સ્વામી, ૨. તેજપાલ, ૩. શ્રી કૃષ્ણ, ૪. શિષ્ય, ૫. મૃગાવતી, ૬. કુમારપાળ, ૭. પ્રતિવાસુદેવ, ૮. અકબર બાદશાહ



શ્રી જૈન શાસનના તંત્રી

# શ્રી પ્રેમચંદ મેઘજી ગુઢકાનો સમાધિપૂર્વક સ્વર્ગવાસ

લાખાબાવળવાળા, હાલ - મુંબઇ-૧૨.

*સ્વર્ગવાસ : ૨૦૫૯ આસો સુદ -૩, રવિવાર તા. ૨૮/૯/૦૩ સાંજે ૫:૧૫ કલાકે*

*શ્રી પ્રેમચંદભાઇ ખૂર સરળ સ્વભાવના અને ધાર્મિક વૃતિ વાળા હતા. શ્રી મહાવીર શાસનની ખૂબ સેવા કરી હતી. અને જૈન શાસન શરૂ કર્યું ત્યારથી તેઓ સક્રિય હતા.*

*૧૫ વર્ષ સુધી જૈન શાસનના તંત્રી પદે રહી ખૂબ સહકાર આપ્યો છે તે માટે સંસ્થા ઋણી છે.*

*તેઓ પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ના સંપર્કમાં રહી ખૂબ આરાધના કરી છે. અંત સમયે ધર્મની ભાવના સાધી સમાધી મૃત્યુ પામ્યા છે.*

તેમના પરિવારે પણ અંતઃ સમયની આરાધના લખી મોકલી તે અત્રે તે નોંધ કરવા ઉચીત છે. -સંપાદક

પરમ પૂજ્ય પરમ ઉપકારી આચાર્ય ગુરૂદેવ જિનેન્દ્રસૂરીશ્વરજી મ.સા. તથા ઉપકારી સાધુ મહારાજ તથા સાધ્વીજી મહારાજ સાહેબ તમો બધા શાતામાં હશો.

આપ સૌને મુંબઇથી પંકજ, બીપીન, બા તથા સર્વ કુટુંબીજનો તરફથી કોટી કોટી વંદના

તમારો લખેલ દિલાસાનો પત્ર મલેલ. પત્ર વાંચી અમને ઘણી જ હીંમત મળેલ તે તમારા સત્સંગના પ્રતાપે અમારા બાપુજીની છેલ્લી ઘડી ખૂબજ ધર્મમય હતી. અમારા બાપુજી મોતમાં ખુબજ ખાટી ગયેલ. તેમની ખોટ અમને કદી જ પુરાશે નહિ. પણ તમારા ધર્મ પ્રભાવ, તમારા સત્સંગના પ્રતાપે તેમનામાં ખૂબજ ધર્મના પ્રભાવ તથા સમતા હતી. છેલ્લી ઘડીએ બધુ જ વોસીરાવી દીધુ. ચાર શરણ, નવકાર, લોગસ્સ, ઉવસ્સગ્ગહરમ્ સૂત્રો સાંભળતા સાંભળતા ખૂબજ શાંતિથી આંખ મીચેલ.

એમને તેમનો ખાલો કદી પુરાશે નહિ. પણ સાથે સાથે અમારા દિલને, મનને ખૂબજ શાંતિ હતી કે અમે અમારા બાપુજીને ધર્મ સંભળાવી શક્યા. તેમની છેલ્લી ઘડી અત્રે તમારા પ્રતાપે તમારા પ્રભાવે ધર્મમય બનાવી શક્યા. ખુબજ શાંતિથી સમતાથી દરેકને મિચ્છ મી દુક્કડમ્ કરી આ સંસારમાંથી વિદાય લીધી.

છેલ્લે પર્યુષણમાં છેલ્લુ મોટું પ્રતિક્રમણ આપણી મહાજન વાડીમાં ખૂબજ સરસ રીતે ભણાવેલ. જાણે શાસનદેવની તેમના પર કૃપા હોય નહિ. તો જ આવી નબળી અબિયતમાં અને શ્વાસની તકલીફ વચ્ચે મોટું પ્રતિક્રમણ ભણાવવું ........પણ તમારી તથા આપણા ભગવંતોની તેમના પર કૃપા હતી તેથી જ શક્ય થયું.

તમારા પત્રથી અમને બધાને ખુજ જ હીંમત મળેલ, બસ આ જ રીતે તમારી કૃપા આમારા પર રાખજો.

અમારા તરફથી તથા બા તરફથી સાધુ મહારાજ તથા સાધ્વીજી મહારાજ સાહેબને કોટી કોટી વંદના તથા અમારા દરેક તરફથી શાતા પૂછશોજી.

**લી. મીના રમેશ શાહ**

**પંકજ, બીપીન, જ્યોતિ, કુસુમ, નૈના**

**અમારા બા તરફથી આપને કોટી કોટી વંદન.**

# સમાચાર સાર

**ભીવંડી મધ્યે શુભશાન્તિમાં ચાતુર્માસ પરિવર્તન**

પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજના શિષ્યો સુભશાન્તિમાં ચાતુર્માસ બિરાજતાં પ્ર.પૂ.મુ. શ્રી યોગીન્દ્રવિજયજી મ. તથા પૂ. મુનિ શ્રી અવિચલેન્દ્રવિજયજી મ.નું ચોમાસામાં સમય અનુસાર આરાધના સુંદર થઈ છે.

ચોમાસા પરિવર્તનનું લાભ લેનાર નાનીરાફુદડવારા નેમચંદ રાજપાળ, વેલુબેન નેમચંદ પરિવારના સુપુત્રો જયંતિભાઈ તથા મુલચંદભાઈ તથા અશોકભાઈ તથા હેમંતભાઈ તથા પ્રકાશભાઈ પૂજય ગુરુ ભગવંતોને તથા સાધ્વીજી મહારાજને સંયમ ઉપકરણો વહોરાવેલ, તથા દરેક પરિવારે ચાંદીના સિક્કાથી ગુરુપૂજન કરેલ તથા શત્રુંજય પટ્ટના દર્શન કર્યા બાદ સેવ બુંદીની પ્રભાવના કરી હતી ત્યારે ડાયમંડ પાર્કમાં બેન્ડની સુરાવલી સાથે તેમને ઘરે પધારેલ પાંચસો ભાવિકો સાથે હતાં. પૂ. મુ. શ્રી અવિચલેન્દ્ર વિજયજી મહારાજે ચોમાસા પરિવર્તનનો મહિમા તથા કાર્તિક પુનમનો મહિમા સમજાવેલ. વ્યાખ્યાન બાદ નેમચંદ રાજપાળ તરફથી પાંચ રૂપિયાનું સંઘપૂજન થયેલ તથા મગનલાલ જીવરાજ મોદી તરફથી એક રૂપિયાનું સંઘપૂજન થયેલ તથા તેમના તરફથી નાનીરાફુદળના આખા સંઘને તથા સગાવાલા તથા મહેમાનો - સ્વામિ વાત્સલ્ય થયેલ પાંચસો પચીસ ભાઈઓ અને બહેનોએ લાભ લીધો હતો. ઘણો ઉત્સાહ હતો.

**બેંગલોર-બસવેસ્વરનગર :** અત્રે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં શાહ કાલીદાસ હંશરાજ નગરીયા પરિવાર સનરાઈઝ ગ્રુપ તરફથી પૂ. આચાર્ય દેવશ્રીની બેંગલોર પધરામણી તથા ચિ. મનીષકુમાર રમેશચંદ્રના લગ્ન તથા પૌત્ર ચિ. દેવકુમાર દિવ્યેશકુમારના જન્મ તથા નૂતન ગૃહ પ્રવેશ નિમિતે તેમને ઘેર ૧૧/૨૩, ૨૦મો મેઈન રોડ, વેસ્ટ ઓફ ક્રોસ રોડ, રાજાજીનગરમાં ભવ્ય ઉત્સવ યોજાયો. કારતક સુદ -૬ ગુરૂવારના પૂ. શ્રી પધાર્યા. સંઘને નવકારશી કરાવી બાદ પ્રવચન થયું.

બપોરે ૨॥ વાગ્યે શ્રી અભિષેક મહોત્સવ ઘણા ઉત્સાહથી ઉજવાયો. સુદ-૭ શુક્રવારે સવારે ૮ વાગ્યે શ્રી સિધ્ધચક્ર મહાપૂજન ઠાઠથી ભણાવાયું. વિધિક ૨ અધ્યાપક અલ્પેશભાઈ તથા સંગીતકાર નાકોડા ભૈરવભક્તિ મંડળ રાજાજી નગરથી પધારેલ. જીવદયાની ટીપ સારી થઈ. બહાર ગામથી સારા પ્રમાણમાં મહેમાન પધાર્યા હતા. ખૂબ ઉત્સાહથી ઉત્સવ ઉજવાયો.

**બેંગલોર :** અત્રે બસવેસ્વરનગરમાં પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. આદિ ઠા. ૪ તથા પૂ. સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. આદિ ઠા.-૪નું ચાતુમાર્સ પરિવર્તન શાહ અશોકભાઈ દેવચંદ સાવલા નવાગામ વાળાને ત્યાં થયું. મોટી સંખ્યામાં ભાવિકો આવી ગયા હતા. તેમજ ત્યાં ગહુલી વિગેરે કરી. તેમને ત્યાં બાંધેલ શત્રુંજય પટ્ટ જુહારવામાં આવ્યો. માંગલિક પછી તેમણે કામળી વિ. વહોરાવી ખુશી ભેટ જાહેર કરી હતી. બાદ સંઘને નવકારશી કરાવી હતી. ૧૦ વાગ્યે પ્રવચન, પ્રભાવના વિ. થયા હતા.

**ચેમ્બુર :** શ્રી અચલગચ્છ જૈન સંઘમાં પૂ. મુ. શ્રી સર્વોદય સાગરજી મ. ની નિશ્રામાં ૪૫ આગમની પૂજાનો ૩ દિવસનો મહોત્સવ ઉજવાયો હતો. શ્રી નેરન્દ્રભાઈ કામદારે મામી-મામા એક પાત્રીય અભિનય તથા મહામંત્રીનો પ્રભાવ રેજુ કરેલ.

**બોરસદ :** કાશીપુરામાં તપસ્વીનિધિ પૂ. આ. શ્રી વિજય પ્રભાકર સૂરીશ્વરજી મ. ના દીક્ષાના ૫૦ વર્ષ પૂર્ણ થતાં તે નિમિત્તે તથા ઉપધાનમાળ ઉપાશ્રય ખનન તથા શ્રી આદિનાથ પ્રભુજીની વર્ષગાંઠ તથા રાલવોડ તથા ઉમેયના સંઘના પ્રસ્થાન પ્રસંગે આઠ છોડના ઉજમણા સાથે શ્રી શાંતિસ્નાત્ર સહિત પંચાહ્નિકા મહોત્સવ માગશર સુદ ૩થી ભવ્ય રીતે ઉજવાયો.

**નવસારીમાં પંક્તિબધ્ધ શાસન પ્રભાવના :**

**(૧) ચાતુર્માસ પરિવર્તન :** પરિવર્તન સંસારનો નિયમ છે. વાસ્તવિકતા એટલી જ રહી છે કે કેટલાંક પરિવર્તનો આત્મકલ્યાણનો કચ્ચરઘાણ કાઢતાં જાય છે

જ્યારે કેટલાંક આત્મકલ્યાણના દ્વાર ખોલી દે છે.

જૈનશાસને પણ પોતાની સંગીન આચાર વ્યવસ્થામાં પરિવર્તનનો હિતકારી પ્રયોગ ઠેર-ઠેર ગોઠવ્યો છે. ચાતુર્માસ પરિવર્તન એનું તાજું ઉદાહરણ છે.

નવસારી રત્નત્રયી જૈન સંઘના આંગણે જ્યારથી પૂજ્ય મુનિરાજ શ્રી ભવ્યવર્ધન વિજયજી મ., પૂ. મુ. શ્રી મંગલવર્ધન વિ. મ. તેમજ પૂ. મુનિરાજ શ્રી હિતવર્ધન વિ. મ. એ ચાતુર્માસ પ્રવેશ કર્યો ત્યારથી ભાવિક સંઘજનોમાં ભાવોલ્લાસની વણથંભી ભરતી ઉમટવા માંડી. એક પછી એક અનુષ્ઠાનો/કાર્યો પોતાની પ્રભાવકતાની છાપ મૂકતા જાય તેવા થયાં.

પૂજ્ય મુનિવર્યોને ચાતુર્માસ પરિવર્તન માટે બીજા અનેક પરિવારોની સાથે શાહ અનંતરાય પણ ભાવભરી વિનંતી કરી. પોતાની બબ્બે સુપુત્રીઓને શાસનના ચરણે ધરી દેનાર અનંતભાઈનો ઉત્સાહ પ્રવુધ્ધિમંત બને એ સ્વ ભાવિક હતું. કેમકે તેમના સુપુત્રી સા. શ્રી અર્હદ્જયોતિશ્રીજી મ., સા. અર્હદયશાશ્રીજી મ. પણ આચુર્માસાર્થે બિરાજમાન હતા.

પૂજ્ય મુનિવરોએ એમની વિનંતી સ્વીકારી. કા. સુ. ૧૫ના ઉઘડતા પ્રભાતે ઉપાશ્રયના વિશાળ પટાંગણમાં ઢોલ ઢબુકી ઉઠયાં. સૌ પ્રથમ સકળસંઘ સાથે શત્રુંજયતીર્થના પટ સમક્ષ પૂજ્યોએ ચૈત્યવંદના કરી. ૨૧ ખમાસમણા દ્વારા તીર્થાધિરાજની ભાવસ્પર્શના કરી. ત્યારબાદ ઉપસ્થિત ભાવિકોને સેવ-બુંદીના પેકેટની પ્રભાવના કરવામાં આવી.

જોતજોતામાં પૂજ્ય ગુરૂદેવો પરિવર્તનાર્થે સજ્જ થઈ જતાં સકળસંઘ તેઓશ્રીની પાછળ અનુગામી બન્યો. પૂજ્યો વાજતે-ગાજતે ભારે હર્ષોલ્લાસ સાથે રેડ વુડ બિલ્ડીંગમાં પરિવર્તન કરાવનાર પૂન્યવાનોના ગૃહાંગણે પધાર્યા. ત્યાં પંદરથી વીશ ગહુલીઓ દ્વારા પૂજ્યગુરૂદેવોને વધાવવામાં આવ્યાં. ત્યારબાદ રેડવુડ બિલ્ડીંગના પાર્કિંગ વિભાગમાં પૂજ્ય મુ. હિતવર્ધન મ.એ તીર્થાધિરાજની તારકતાનો પરિચય આપી જતું હૃદય સ્પર્શી પ્રવચન એક કલાક આપ્યું.

પ્રવચન બાદ સકળ સંઘે ઉભા થઈને મૌન એકાદશી, પૌષદશમી અને પોષસુદ-તેરસના પર્વો / પ્રસંગો પર નિશ્રા અર્પવા વિનંતી કરી. પૂજ્યોએ સમયાનુકુળ ઉત્તર આપ્યો. વિવિધ ભાવિકો તરફથી રૂા. ૩૦નું સંઘપૂજન સર્વે ભાવિકોને સમર્પ્યા બાદ આયોજક પરિવારે સકળસંઘની બેસાડીને નોકારશી-ભક્તિ કરી.

ચાતુમાર્સ પરિવર્તનના આ પ્રસંગમાં ભાવિકોની ઉપસ્થિતિ પણ આસ્સી રહી હતી, જે નવસારી સંઘમાટે આનંદપ્રદ દશ્ય હતું.

**(૨) ત્રિ-દૈનિક મહોત્સવ :** મા. સુ. ૫, ૬ અને ૭ના દિવસે નવસારી, રત્નત્રયી જૈન સંઘમાં જિનભક્તિની પરાગ રેલાવતાં ગયા. અત્રેના સંઘના જ મોભી આરાધક સ્વ. જયંતીલાલ વાડીલાલ શાહ ડીસાવાળાનો ખૂબ સમાધિપૂર્વક ચાતુર્માસાંતે દેહાંત થતાં તેમના પીરવાર તરફથી ઉકત પૂજ્યોની નિશ્રામાં જ સ્વર્ગતશ્રીના આત્મ શ્રેયાર્થે ત્રિ-દૈનિક જિનભક્તિ મહોત્સવ યોજ્યો હતો.

જેમાં પ્રથમ દિને પંચકલ્યાણક પૂજા, દ્વિતિય દિને બારવ્રતની પૂજા અને ચરમ દિને સિધ્ધચક્ર પૂજન દ્વારા જિનભક્તિ થઈ હતી. ત્રણેય દિવસ પાટણથી ખાસ પધારેલા સંગીતકાર મનોજ નાયકે ભક્તિની ભારે રમઝટ મચાવી હતી. પૂજા તેમજ ભાવનામાં બસો-ચારસો નર-નારી એકધારા ઉપસ્થિત રહ્યાં હતાં. ત્રણેય દિવસ સુંદર પ્રભાવના, સંઘપૂજન તેમજ અંતિમ દિને ભાવિકોનું સાધર્મિક વાત્સલ્ય થયા હતાં

**(૩) સામુદાયિક અતિથિ સંવિભાગ :** માગશર સુદ અગ્યારશનો દિવસ નવસારી સંઘમાં દેદીપ્યમાન રોશની ફેલાવી જવા માટે જ જાણે ઉગ્યો હતો. છેલ્લાં એકાધિક દિવસોથી પૂ. મુનિરાજ શ્રી હિતવર્ધન વિ. મ. એ પ્રવચન દરમ્યાન શ્રાવકના ૧૨માં અતિથિ સંવિભાગ વ્રતનું મહત્વ રોચકશૈલીથી સમજાવતાં આ વ્રતનું સામુદાયિક આરાધના આજરોજ યોજાયું હતું.

નવસારી ર. છ. ટ્રસ્ટના, નવાસારી શહેરના વિવિધ વિસ્તારોના તેમજ વાવ-ચલથાણ વિગેરે

સ્થળોથી ભાવિકો આ વ્રતની આરાધના માટે ઉમટી પડયાં હતાં. સરેરાશ ૭૫ જેટલા પુન્યવાનોએ આજે અતિથિ સંવિભાગ વ્રતની આરાધનારૂપે અહોરાત્ર પૌષધ ગ્રહ્યો હતો.

જાણે એકદિવસીય ઉપધાન મંડાયા હોય એવા માહોલમાં પૂ. મુ. શ્રી હિતવર્ધન વિ. મ. એ મૌન એકાદશી પર્વનો મહિમા સમજાવતું પ્રવચન ફરમાવ્યું.

વિશાળ ઉપાશ્રયતો નર-નારીઓથી છાદિત થઇ જ ગયો વધુમાં ઉપાશ્રયની બહાર ઉભા રહી-રહીને ય કંઇ ભાવિકોએ પ્રવચન શ્રવણનો લાભ પ્રાપ્ત કર્યો. આ પ્રવચન સભા બરાબર પોણાબાર સુધી ચાલી. એ દરમ્યાન જ પૂ. પ્રવચનકાર મુનિરાજે લખેલી 'સીમંધર સ્વામીની ભાવયાત્રા' પુસ્તિકાની દ્વિતિયાવૃતિ ૩૦૦૦ નકલ સાથે પ્રકાશિત થઇ. લાભાર્થી પરિવારોએ પુસ્તિકાનું વિમોચન કરી પૂજ્યોને અર્પણ કરી. પ્રવચન દરમ્યાન પ્રભુપાર્શ્વનાથના જન્મકલ્યાણકની ઢુંકડી આવી રહેલી મિતિઓ પરત્વે પ્રકાશ પથરાયો હતો. મુખ્યતયા પ્રવર્તમાન વર્ષે મા. વ. ૧૧ નો ક્ષય આવવાથી બહુમતી અજ્ઞાનવર્ગ ગુમરાહ નબને એવી નિર્મળ ભાવના સાથે પૂ. મુનિવરે પુરુષાદાનીય પાર્શ્વનાથ પ્રભુના જન્મકલ્યાણકના અઠમના દિવસો અંગે ભારપૂર્વક છણાવટ કરી હતી.

ત્યારે સકળસંઘે ઉભા થઇને પૂજ્યોને પોષદશમીની આરાધના અત્રેજ કરાવવાની પોતાની જૂની વિનંતીનું સાગ્રહ ઉચ્ચારણ કરતાં તેનો સ્વીકાર થયો. સંઘે આ સાથે બે જાહેરાતો પણ કરી હતી.

એક તો મા. વ. ૫ ના રોજ તિથિવિષયક જાહેર પ્રવચનની અને બીજી પોષદશમીના અઠમ અને એકાસણા સાચી તિથિઓમાં સામૂહિક રીતે કરાવવાની.

મા. સુ. ૧૨ના રોજ મુલુંડ-મુંબઇ નિવાસી સુશ્રાવિકા જાગૃતિબેન પ્રતાપરાય શાહ તરફથી અતિથિ સંવિભાગ તપના આરાધકોને સામુદાયિક એકાસણા કરાવવામાં આવ્યાં હતાં. જેમાં વ્રતારાધક ભાવિકોએ સમુચિત નકરો ભરીને લાભ આપ્યો હતો.

**કેવળજ્ઞાન-કેવળજ્ઞાનના પ્રાગટ્ય**

અન્ય દર્શનકારોનું જ્ઞાન સીમિત છે. વિજ્ઞાનનું સંશોધન હજી સંપૂર્ણ છે. પણ સર્વજ્ઞનું જ્ઞાન ખામી વગરનું સર્વાંગ સંપૂર્ણ છે...!! એ વિશિષ્ટ જ્ઞાન ધરાવનારને કોઇપણ વસ્તુ તપાસવા માટે, જોવા માટે જાણવા માટે...

નથી જરૂર કોઇ મોટા વિજ્ઞાન ભવનની !

નથી જરૂર કોઇ મોટા-નાના યાંત્રિક સાધનો વસાવવાની !

નથી જરૂર કોઇ માઇક્રોસ્કોપ કે બાઇનોકયુલર દુર્બીનની !

નથી જરૂર એના શંસોધનો પાછળ મહિનાઓ, વર્ષો વીતાવવાની !

નથી જરૂર એની પાછળ પૈસાનો ખર્ચ કરવાની !

વગર વિજ્ઞાનભવન-લેબોરેટરીએ, વગર યંત્રોએ, વગર દુર્બીનોએ, અને સમય તથા પૈસાના ખર્ચ કર્યા વગર સર્વજ્ઞ ભગવંતોએ જગ જાહેર કરી દીધું કે - રાત્રીભોજનમ્ અસંખ્ય-અનંત જીવોની વિરાધના થતી હોવાથી મહાપાપનું કારણ છે ! માટે નરકાદિ અનેક દુઃખોથી બચવા સૌએ રાત્રિભોજનનો સર્વથા ત્યાગ કરવો જોઇએ.

વૈજ્ઞાનિકો સંશોધનના અંતે પણ જાહેર કરતાં ખચકાટ અનુભવે છે કે નથીને મારું સંશોધન ખોટું પડે તો ! પણ સર્વજ્ઞને પોતાની વિશિષ્ટજ્ઞાન શક્તિથી જોયેલ જાણેલી વસ્તુને જાહેર કરતાં કોઇ જાતનો ખચકાટ નથી હોતો, કારણ ગમે તેવા સંશોધન પછી પણ એને કોઇ મિથ્યા ઠરાવી શકે તેમ નથી.

કેવલજ્ઞાની તો ત્યાં સુધી જણાવે છે કે - દિવસે પણ અંધારામાં અથવા સાંકડા મોઢાવાળા વાસણમાં જમવાથી રાત્રિભોજનનો દોષ લાગે છે !! *(જયણા મંગલમ્ માંથી)*

*કહેવતો સહિત જ્ઞાન કોઠાનો જવાબ પાના પરના :*

**આડા શબ્દ:**

૧. સુખ ૨. સાપ ૩. ખાઇ ૫. રાત ૬. જવું ૭. ભલા ૮. જાજા ૯. સંગ ૧૦. વારો ૧૧. રાણી ૧૨. સાપ ૧૩. રાત ૧૪. આવે ૧૫. ગામ ૧૬. લાભ ૧૭. જાય ૧૮. રસ, ૧૯. ગાડી ૨૦. દાન, ૨૧. ચડે ૨૨. થાય. ૨૩. કામ, ૨૪. દામ.

**ઉભા શબ્દ :**

૧. સુડી, ૨. સાત ૩. ખાવું ૪. ખીલા ૫. રાજા ૬. જગ, ૭. ભરો ૮. જાણી ૯ સંપ, ૧૦. વાત ૧૧. રામ ૧૨. સાપે ૧૩. રામ ૧૪. આભ ૧૫. ગાય ૧૫. ભેંસ ૧૬. લાડી ૧૭. જાન ૧૮. રડે ૧૯. ગાય ૨૦. દામ ૨૧. ચમ


કુમારે સિંહને સામે જોઈને વિચાર્યું...
પ૩
આ સિંહ નિશસ્ત્ર છે તો હું પણ શસ્ત્રથી શા માટે લડું ?
રાજકુમાર ત્રિપુષ્ઠ રથમાંથી ઉતર્યા અને શસ્ત્ર ફેંકીને એકલા સિંહની સામે પહોંચી ગયા. સિંહે જેવું કુમાર પર આક્રમણ કર્યું.
પ૪
કુમારે સિંહનું જડબું પકડીને એમ ચીરી નાખ્યું જેમ કોઈ જૂનું કપડું હોય.
પપ
સિંહને મારવાની ખબર સાંભળીને અશ્વગ્રીવ પર જાણે વીજળી પડી.
આ છોકરો અવશ્ય મારા મૃત્યુનું કારણ બનશે. આને ખત્મ કરી દેવો જોઈએ.
પ૬

# પરિમલ

- પૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

* જગતની ખાવા-પીવાદિની ચીજોમાં 'સ્વાદ' નામનું 'ઝેર' ન હોત તો કોઈ દુર્ગતિમાં ન જાત. આના કારણે જ જૈનો પણ મજેથી અભક્ષ્યભક્ષણ, અપેય પાન અને રાત્રિ ભોજન કરનારા થયાને?
* પૈસાનો લોભ 'કર્મ' કરાવે, દાનનો લોભ 'સમજ' કરાવે.
* જેને પૂજ્ય માન્યા તેમની આજ્ઞા ગમે તો અનુગ્રહ પ્રાપ્ત થાય.
* સંસાર સાગર પુરૂષાર્થથી તરાય કે અનુગ્રહથી?
* ભય દુ:ખનો કે પાપનો? લોભ ધર્મનો કે સુખનો?
* આપણા ખરેખરા પ્રાણ સમ્યગજ્ઞાન- દર્શન-ચારિત્ર છે તેમ લાગે છે?
* ભગવાનનું સાચું શરણ કોણ સ્વીકારે? જેટલા પાપ પોતે કર્યા હોય તેની રોજ હૈયાથી નિંદા કરે અને જે કાંઈ સારુ કામ નિ:સ્વાર્થભાવે કર્યું હોય તેની અનુમોદના કરે તે.
* સમકિતની ઈચ્છા થાય ત્યારથી ધર્મની શરૂઆત થાય અને સમકિત પામે પછી ધર્મ સ્થિર થાય.
* ધર્મી સુખી હોય તે દુ:ખી હોય તો તે સુખનો આનંદ વ્યકત નથી કરતો અને દુ:ખની ફરિયાદ નથી કરતો.
* જે સુખ-સામગ્રી મેળવવા આટલા બધા પાપ કરવા પડે તેમાં આનંદ શો?
* અમને સાધુપણાનો આનંદ કે બધી અનુકુળ સગવડો મળે તેનો આનંદ?
* જેનું હૈયું ફરે તેનું બધું ફરે. હૈયું ન ફરે તેનું કશું ન ફરે.
* આપણને મરવાનો જેટલો ભય છે તેટલો જન્મવાનો છે?
* જૈનને ભૂખે મરવાની ચિંતા ન હોય પણ ખરાબ કામ ન થઈ જાય તેની ચિંતા હોય.
* કોઈપણ ઈન્દ્રિયના વિષયનું મજેથી સેવન તે પાપ જ છેને? પાંચ ઈન્દ્રિયોના વિષયમાં મજા આવે તો તેને પાપ કહેવાયને? જે કાંઈ સારુ સારુ મળે તે મજેથી ભોગવવું તે પાપ છે તેમ આજના જીવોને બેસે?
* પૈસામાં 'સંતોષ' કરવો તે 'ગુણ'. ધર્મમાં સંતોષ કરવો તે દોષ.
* પૂણ્યાનુબંધી પૂણ્યના કાળમાં ધર્મના સંસ્કાર જીવતા રહે છે પાપાનુબંધી પૂણ્યના કાળમાં મિથ્યાત્વ, અવિરતિ, કષાય જોરદાર બને છે.
* અનાદિકાલીન અનેક આશ્ચર્યોથી ભરેલું આ સંસાર નામનું નગર છે. તેમાં મોહરૂપી રાજા છે, તેના રાગ કેસરી અને દ્વેષ ગજેન્દ્ર બે પુત્ર છે, જ્ઞાનાવરણીય નરાધમ કોટવાલ જેવો બધાને પીડે છે, તેનો પુત્ર અવિવેક છે, મિથ્યાત્વ નામનો મહામંત્રી છે, આત્માનો નાશ કરનારી અવિરતિ નામની ડાકણ બધાને વળગાડી છે. તેનો નાશ કર્યા વિના સંસારના દવથી બળતાં બચી શકાશે નહિં.

જૈન શાસન અઠવાડીક ● માલિક : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતા – ગેલેક્સી ક્રિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

# જૈન શાસન

શાસન અને સિધ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

प्रज्ञांग
मणगुत्तयाए णं भन्ते,
जीवे किं जणयइ ।
मणगुत्तयाए णं जीवे
एगग्गं जणयइ,
एगग्गचित्तेणं जीवे मणगुत्ते
संजमाराहए भवइ ॥
(શ્રી ઉત્તરા., અ. ૨૯, ગા. ૫૩)
પ્ર.: એ ભગવંત ! મનોગુપ્તિથી
જીવ શું મેળવે છે ?
ઉ.: હે ગૌતમ મનોગુપ્તિથી જીવ
એકાગ્રતા મેળવે છે. અને એકાગ્ર
ચિત્તવાળો મનોગુપ્ત જીવ સંયમનો
આરાધક થાય છે.

नमो चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

## અઠવાડિક


વર્ષ ૧૬ | અંક ૧૧



**શ્રી જૈન શાસન કાર્યાલય**
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

# 'સુશીલ સંદેશ'

## કરૂણા નિધાન ભગવાન મહાવીર – હપ્તો–૯.



આજ્ઞારાદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ
હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

1065

# જૈન શાસન

(અઠવાડીક)

તંત્રીઓ :
ભરત સુદર્શનભાઇ મહેતા (રાજકોટ)
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઇ)
હેમન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૬ ) ✻ સંવત ૨૦૬૦ પોષ વદ - ૬ ✻ મંગળવાર, તા. ૨૭-૧-૨૦૦૪ (અંક : ૧૧

## પ્રવચન છાંસઠમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

સં ૨૦૪૩, આસો વદિ-૭, બુધવાર, તા. ૧૪-૧૦-૧૯૮૭
શ્રી ચંદનબાલા જૈન ઉપાશ્રય, મુંબઇ - ૪૦૦ ૦૦૬.

**પૂ.આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

*ગતાંકથી ચાલુ...*

(શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના -અવ.)

भय एव यदा न बुध्यते, स कथं नाम भयाद् विमोक्ष्यते? ।
अभये भयशङ्कि न परे, यदयं त्वद्गुणमूतिमत्सरः ॥

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ સહસ્રાવધાની આચાર્ય ભવગંત શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા આ 'પ્રકીર્ણક ધર્મોપદેશ' નામના ગ્રન્થમાં એ વાત ફરમાવે છે કે, શ્રી અરિહંત પરમાત્માએ જે ધર્મનું સ્થાપન કર્યું છે તે ધર્મને જેઓ સમજીને સંસાર સાગરથી છૂટી મોક્ષમાં જવાની ભાવનાવાળા થાય છે ત્યારે તે આત્માઓ ધર્મને પામવા લાયક બને છે. આ સંસારથી છૂટી મોક્ષે જવા માટે ધર્મ કરવો હોય તો તે કયારે થઇ શકે ? મોહ તે જ ભય રૂપ લાગે તો. માતા-પિતાદિ ધર્મમાં અંતરાય કરનારા છે. પણ અંતરાય કોને કરે ? જે મોહને ભય તરીકે ઓળખી શકયો ન હોય, તેનાથી છૂટવા સમર્થ ન હોય તેને. આપણને આ સંસારના પદાર્થોઉપર જે મોહ બેઠો છે તેનો ભય લાગે છે ? મોહ શું છે તે ખબર છે ? આ સંસારની સારી ચીજ ગમે, તે મેળવવાની ઈચ્છા થાય, તે માટે મહેનત કરે, મળે તો આનંદ થાય, મજેથી ભોગવટો કરવામાં ખૂબ આનંદ આવે, તે ચીજ ચાલી જાય તો દુઃખ થાય, તેને છોડીને જવું પડે તો બહુ દુઃખ થાય-તે જ ખરેખર મોહ છે. આ મોહની ગભરામણ હોય અને જે આત્મા શક્તિમાન હોય તો કર્મ કાંઇ કરી શકતું નથી, પછી તો તે મોહ મરવા પડયો સમજો.

આ શરીર પર મારાપણું છે, તેને જ સાચવવું છે તેવું મન છે માટે મોટોભાગ આત્માને તો યાદ પણ કરતો નથી. બધી ચિંતા શરીરની જ થાય છે. આ શરીર તો માના પેટમાં પેદા થયું છે, તે મૂકીને જવાનું છે, સાથે આવવાનું પણ નથી. આપણે એકલા જ જવાનું છે. તમને બધાને મારા આત્માનું શું થશે તે ચિંતા છે કે આ શરીરને સાચવવાની ચિંતા છે ? **શરીર પર મારાપણાની બુદ્ધિ તે જ મોટામાં મોટું પાપ છે.**

આ શરીર ચોવીશે ય કલાક સાથે રહે તે ય મૂકીને

વું પડે તો બીજું કોણ સાથે આવે ? બીજા માટે પાપ કરીએ તો ભોગવવું કોને પડે ? પાપ શેને માટે થાય છે ? મનગમતી ચીજ મેળવવા અને જે ચીજ ગમતી ન હોય તે ચીજ મલી હોય તો તેને કાઢવા માટે પાપ થાય છે. તેવી રીતના પાપ કરી અનાદિકાળથી અનંતાનંત જીવો ભટકે છે તેમ આપણે પણ ભટકીએ છીએ.

આપણને આ સંસાર ખરાબ લાગ્યો ? જે કોઈ સારી ચીજ ઉપર રાગ થયો, તે ચીજ સારી લાગી તે મોહનો પ્રતાપ છે તેમ સમજાય છે ? સંસારની અનુકૂળ ચીજો સારી લાગે, મેળવવા જેવી લાગે, ભોગવવા જેવી લાગે, સાચવવા જેવી લાગે તો ધર્મ પેદા થવાનો નથી. ધર્મ પેદા ન થાય તો પાળે શી રીતે ? ધર્મ પેદા થાય તો આ શરીરને સળગાવે કે પીલી નાખે તો ય કાંઈ ન થાય.

શ્રી સ્કંધરસૂરિજીના પાંચસો શિષ્યોની વાત યાદ છે ને ? સારી પણ કથાઓ યાદ રાખનારા કેટલા ? કથા સાથે અડાડનારા કેટલા? નમુચિએ પૂર્વના વૈરને વાળવા પ્રપંચ કરી, રાજાની આજ્ઞા મેળવી બધાને ઘાણીમાં પીલવા તૈયાર થયો. તે વખતે આચાર્યે પાંચસો સાધુઓની સામે જોયું, બધા તેનો ભાવ સમજીને કહે કે -''ભગવંત ચિંતા ન કરો, અમે બધા તૈયાર છીએ.'' આ કયારે બની શકે ? શરીરની મમતા પણ ઉતરી ગઈ હોય તો. શરીર ઉપરની મમતા જીવતી હોય, શરીર ઉપર આવતાં કષ્ટ સહન ન કરતા હોય, ટેવ પાડીને પણ કષ્ટ સહન કરતા ન થાવ તો ધર્મ થઈ શકે ખરો ? આજે આપણે ધર્મને પણ સગવડીયો કર્યો છે. બધી ધર્મક્રિયા જરા પણ કષ્ટ ન પડે તે રીતના કરીએ છીએ. આપણે ધર્મક્રિયા કેવી રીતે કરીએ તેનું વર્ણન થાય ખરું ? આજે ધર્મક્રિયા કરનારો એટલે જાણે માયકાંગલો ! આજે ધર્મ કરનારને જોઈ કોઈ કહે કે, આના શરીરની પણ આને પડવા નથી !!! ધર્મ કિંમતી છે કે શરીર ? જ્ઞાની તો કહે કે - 'દેહે કષ્ટ', મહાસુખમ્.'' કષ્ટ સારી રીતના મજેથી ભોગવતા આવડે તો મહાસુખી થઈએ. કષ્ટ ન આવે તો ભગવાનની આજ્ઞા મુજબ ઊભા કરી કરીને ભોગવવાના છે. તેવા પણ ઘણા આત્માઓ મોક્ષમાં ગયા.

શ્રી ગજસુકુમલે જે દિવસે દીક્ષા લીધી તે જ દિવસે ભગવાન પાસે શ્મશાનમાં કાઉસ્સગ્ગ કરવાની આજ્ઞા માગી અને શ્રી નેમનાથ સ્વામિ ભગવાને તે આજ્ઞા આપી. તેઓ શ્મશાનમાં જઈ ધ્યાનમાં ઊભા રહ્યા. તે વખતે સોમિલ નામનો સસરો આવ્યો, તેમને મુનિપણામાં જોઈ બહુ ગુસ્સો આવ્યો કે, ''મારી છોકરીને મૂકીને ભાગી આવ્યો, છોકરીનો ભવ બગાડયો.'' માથા ઉપર માટીની પાળ બાંધી, ખેરના અંગારા ભરીને જતો રહ્યો. માથું સળગાવવા માંડયું તો ય ધ્યાનથી જરાય ચલાયમાન ન થયા, કેવળ જ્ઞાન પામી, અંતકૃત કેવલી થઈ મોક્ષે ગયા. આ કયારે બને ? શરીરનું મમત્વ ઉતરે અને મોહે તે જ ભય લાગે તો.

દઢ પ્રહારી જેવાએ પણ શું કર્યું તે ય વાત જોઈ આવ્યા છીએ. પાપીમાં પાપી એવો તે પ્રસંગ પામીને સાધુ થયો. સાધુ થયા પછી અભિગ્રહ કર્યો કે- ''હું અહીં જ વિચરીશ. મારી ભીક્ષા જાતે લાવીશ. ઘાતકી તરીકે મારી પ્રસિદ્ધિ છે. કોઈના બાપને, માને, છોકરા આદિને માર્યા છે. તે પાપ મને યાદ આવે કે કોઈ તે પાપ યાદ કરાવે તો ચારે પ્રકારના આહાર પાણીનો ત્યાગ કરવો.'' હેરાન કરવામાં બાકી રાખ્યું નથી. તેથી લોકો આ પાપી છે. મારા બાપને, મરી માને, મારી છે. તેમ કહી પથરા મારે છે. હેરાન-પરેશાન કરે છે. પણ તે બધા કષ્ટો મજેથી વેઠયા અને છ મહિનામાં તો કેવળજ્ઞાન પામી, આત્મ કલ્યાણ સાધી મોક્ષ ગયા.

આ શરીરનો મોક્ષની સાધનામાં ઉપયોગ કરવાનો છે. ધર્મની સાધનામાં આડું આવે તો આ શરીરની એક વાત માનવાની નથી. ધર્મ કરવા માટે શરીરને સાચવવું પડે, સહાય કરવી પડે તે ઠીક છે પણ ખાઈ-પીને બેઠા બેઠા આરામથી ધર્મ કરવાનુ કહે તો મરી જાઉં પણ કરું જ નહિં. ઊભા થવાની શક્તિ જ ન હોય અને બેઠા બેઠા ધર્મક્રિયા કરવી પડે તે જુદી વાત. પણ આજે

ધર્મક્રિયા કરનારને પણ ધર્મક્રિયામાં મજા નથી આવતી પણ બેસવામાં આવે છે. શરીરનો મોહ ઉતરે તો જ ધર્મક્રિયા સારી રીતના મજેથી થાય.

માતા-પિતાદિ ધર્મ કરવામાં ભયરૂપ છે પણ ખરેખર ભય તો મોહનો છે. મોહ કેટલા પ્રકારનો છે ? મોહનીય કર્મની પ્રકૃતિ કેટલી છે તે જાણો છો ? આજના શ્રાવકો તત્ત્વજ્ઞાન ભણતા નથી અને માત્ર મોહ. મોહ બોલે છે. મોહ શું છે, તેની પ્રકૃતિઓ કઈ કઈ છે તેમ પૂછે તો ગોટાળા જ વાળે. સોળ કષાય, નવ નોકષાય (હાસ્ય, રતિ, અરતિ, ભય, જુગુપ્સા, શોક અને ત્રણ વેદ), મિથ્યાત્ત્વ મોહનીયની ત્રણ (મિથ્યાત્ત્વ, મોહનીય, મિશ્ર મોહનીય, સમ્યક્ત્વ મોહનીય) તેમ કુલ અઠ્ઠાવીસ (૨૮) પ્રકૃતિ થાય છે. ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાય છે. તે દરેકના ચાર-ચાર ભેદ છે. અનંતાનુબંધી ક્રોધાદિ, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજવલનના એ રીતે સોળ કષાયના ભેદ પડે છે. અનંતાનું બંધીના કષાય ઉદયમાં હોય તો સમ્યક્ત્વ પેદા ન થાય. અપ્રત્યાખ્યાની કષાયનો ઉદય હોય તો દેશ-વિરતિ ન આવે, પ્રત્યાખ્યાની કષાયનો ઉદય હોય તો સાધુપણું ન આવે, સંજવલનના કષાયનો ઉદય હોય તો વીતરાગતા ન આવે.

તમે સંસારમાં ક્રોધ-માન-માયા-લોભ કરો છો તે ખટકે છે ખરુ ? ક્રોધાદિ કરો તે ખરાબ છે કે સારું છે ? સંસારી જીવને લોભ-માયા વળગ્યા હોય, ક્રોધ-માન કર્યા વિના તો ચાલે નહિ. જગતના જીવો કરે છે, તમે પણ તે કરો છો પણ તે કરવા લાયક લાગે છે કે છોડવા લાયક લાગે છે ? કષાયો ભૂંડા છે કે સારા છે ? કષાયો ભૂંડા લાગે તો સમજવું કે આપણું મિથ્યાત્ત્વ મંદ થયું છે. પૈસા-ટકાનો લોભ થાય તે ભૂંડો લાગે છે ? દુનિયાના સુખનો ય લોભ થાય તે ભૂંડો લાગે છે ?

પ્ર. અનંતાનું બંધીના કષાય અને મિથ્યાત્ત્વ તે બેની ભેદરેખા શી ?

ઉ. સંસારમાં ક્રોધાદિ થાય અને ભૂંડા ન લાગે તો તે અનંતાનુંબંધીના કષાય કહેવાય. 'લોભ તો કરવો જ જોઈએ, માયા વિના પૈસા કમાવાય નહિ, પૈસા આવે તો માન તો આવે જ અને ન માને તો ગુસ્સો પણ કરાય તેમાં ખોટું શું' આવું બોલનારા ઘણા છે તે મિથ્યાત્ત્વ છે.

જ્યારે જ્યારે લોભાદિ થાય તો તે કરવા જેવા નથી તેમ લાગે તેના અનંતાનુંબંધી કષાય મંદ પડયા છે તેમ કહેવાય. તે મંદ પડેલો ધર્મ સાંભળે અને રૂચે તો તે સમ્યક્ત્વ પણ પામે. તેમ બધા ગમે ત્યાં જાવ પણ સમ્યક્ત્વ પેદા થાય કે કેમ તે સવાલ છે ?

તમને દુનિયાના પદાર્થોનો જે લોભ છે તે સારો લાગે છે કે ભૂંડો ? સુખી શ્રાવકો ય વેપારાદિ કરે છે તે સારું છે કે ખરાબ છે ? તમે બધા કહો કે, લોભના માર્યા અમે વેપારાદિ કરીએ છીએ પણ તે સારું નથી કરતા તેમ લાગે છે'-તો આનંદ થાય. લોભાદિ જે થાય છે તેય મને સારા નથી લાગતા.

મોહનો ભય લાગે તો જ કામ થાય. માતા પિતાદિ ધર્મ કરવામાં આડે આવે તો તે ઢીલાની સામે આવે, પણ બળવાનની આડે કોઈ આવતું નથી. આપણને ધર્મ નહિ કરવા દેનાર મોહ છે. ધર્મ બરાબર નહિ કરવા દેનાર પણ મોહ છે. અમે પણ તમને ગમે તેવું બોલીએ, તમારે જે જે જોઈએ તે માટે ધર્મ કરાવીએ તે પણ મોહને આધીન બનીએ માટે. ધર્મક્રિયામાં પ્રાણ પૂરાવો જોઈએ. તે પ્રાણ પૂરાતો નથી તેનું એક જ કારણ છે કે, કષાયો અનંતાનુંબંધીના છે, તે કરવા લાયક નથી તેમ પણ મગજમાં ઉતરતું નથી. ઉતરે છે ? લોભ કરો છો પણ કરવા જેવો નથી તેમ પણ લાગે છે ? ધંધો ન કરીએ તો પણ મજેથી ચાલે તેમ છે છતાં પણ લોભને લઈને ધંધો કરીએ છીએ. અમારો લોભ ઘણો ખરાબ છે - તેમ લાગે છે ? આજે ઘણા સુખી શ્રાવકો વેપાર કરે છે પણ તેને જરૂર જ નથી, મજેથી સુખપૂર્વક ધર્મ કરે તો ય ખાવા-પીવામાં વાંધો આવે તેમ નથી તે બધા શું કામ વેપારાદિ કરે છે ? મજેથી વેપારાદિ કરો તો અનંતાનુંબંધીના કષાય ખરા ને ?

(ક્રમશઃ)

# પ્રશ્નોત્તર વાટિકા

*(પરિમલ)*

*(ગયા અંકથી ચાલુ)*

*(૧૦) જિનમંદિરમાં નવકારવાળી નવસ્મરણ વિ. ગણી શકાય ?*

શ્રી જિનમંદિરમાં પ્રવેશ કર્યાબાદ અંગપૂજા, અગ્રપૂજા અને ત્યારબાદ ભાવપૂજા કરવાનું વિધાન છે. ભક્તામર વિ. ગણવાનું વિધાન કોઈ શાસ્ત્રમાં નથી. આમ પણ નવસ્મરણ કે ભકતામર ગણવાવાળાનો ઉદ્દેશ મોટે ભાગે દુ:ખ ટાળવાનો અને ભૌતિક સુખ મેળવવાનો હોય છે. પરમાત્માના ભક્તિ સભર સ્તોત્ર સંસારથી છૂટી મોક્ષ પામવા માટે જ છે. પાંચ પ્રતિક્રમણના સૂત્રો કંઠસ્થ નહિ કરનારો પણ ભકતામર કંઠસ્થ કરે છ. શા માટે ? વ્યવહારમાં જેમ ગમે તેટલો હોંશીયાર છોકરો હોય તો પણ પાંચમું ધોરણ પાસ કર્યા વિના છઠ્ઠા ધોરણમાં જઈ શકતો નથી. ૧૦ મું પાસ કર્યા વિના કોલેજમાં જઈ શકતો નથી તેમ શાસ્ત્રમાં પણ સૂત્ર પાઠી ક્રમ બતાવ્યો છે. ક્રમથી જ સૂત્ર જણાવવા ઉપર ખૂબ જ ભાર મુકેલ છે. ઉત્ક્રમથી ભણાવે તો ભણનાર અને ભણાવનાર બંને દોષપાત્ર બને છે. જિનાલયમાં વધુ બેસવાથી શરીરનો પરસેવો, શ્વાસોચ્છવાસ અપાનવાયુ વિ. (શરીરના સ્વાભાવિ ધર્મ હોવાથી)ના કારણે આશાતના થાય માટે નવકારવાળી વિ. ઉપાશ્રયમાં અથવા ઘરે એકાંતસ્થાને એકાગ્રતા પૂર્વક ગણવી જોઈએ દેરાસરમાં ગણવી નહિ.

*(૧૧) ઉપાશ્રયમાં ભકતામર બધા ભેગા થઈને મોટેથી બોલી શકે ?*

પરમાત્માની ભક્તિ સંસાર સાગરથી પાર પામવા માટે કરવાની છે. તે ભક્તિ કરવા માટે ભક્તિ સભર સ્તોત્રનો ઉપયોગ કરવાનો છે. કહ્યું છે કે -

भक्तिस्तु भवनिस्तारवाच्छा स्वस्य सूपात्रत;
तया दत्तं सुपात्रार्य ऽाहुकर्मक्षयक्षमम् ।

ભક્તિબત્રીશી

સંસાર સાગર તરવાની ઈચ્છા પૂર્વક કરવામાં આવતાં ભકિતને જ ભક્તિ કહેવાય છે બધા ભેગા મળીને ઉપાશ્રયમાં પણ મોટેથી ભક્તામર બોલવાનું પ્રયોજન શું ? સવારે પ્રતિક્રમણ કરેનહિ અને ભકતામર મંડળ રચીને ભકતામર માટેથી બોલી જાય. વંદિત્તું આવડે નહિ અને ભકતામર આવડી જાય. પ્રથમ આવશ્યક સૂત્રોનો અભ્યાસ (સ્વાધ્યાય) કરવો જોઈએ. સમૂહમાં ભકતામર બોલવાની પધ્ધતિ અત્યંત બેહુદી અને જૈન શાસનને નુકશાન કરનારી છે. તેમાં પણ પ્રભાવના રાખો તો સંખ્યા વધે. ઉપાશ્રયમાં પૂ. સાધુ-સાધ્વી ભગવંતો હોય ત્યારે તેમના સ્વાધ્યાયને સ્ખલના પહોંચે તેથી પણ દોષ લાગે. વળી ભકતામર બોલનારને પણ ભકતામરમાં શું લખેલ છે તે ર ખબર હોય નહિ એ તો એક જ માને કે ભકતામર બોલવાથી સુખ અને દુ:ખ ટળે આ પણ આર્તધ્યાન છે. માટે આવા મંડળો વિ. ચાલતા હોય તો તેમાં સજ્જન માણસે જોડાવામાં લાભ નથી.

*(૧૨) આજે જૈન શાસનમાં મોટો ભાગ સૂર્યાસ્ત પછી (સાધુ સાધ્વીપણ) મંદિરમાં દર્શનાદ કરવા જાય છે તો તે શું અવિધિ ગણાય ?*

*કાળના હિસાબે તેને વિધિ ગણીલેવામાં શું વાંધો ?*

જૈન શાસનમાં જૈન તરીકે જન્મેલા અને વર્ષોથી પૂજ્યોના પાવન પરિચયમાં આવેલા આરાધકો પણ સમજ્યા વિના જ ગતાનુગતિથી જ ધર્મ કરતો જોવાય છે અને હું ખોટું કરુ છું. તેમ પણ માનવા તૈયાર નથી. આજે મોટા ભાગનો વર્ગ રાત્રીભોજન કરે છે તેથી કાળના હિસાબે રાત્રીભોજન કરવામાં પાપ નથી અપવાદે રાત્રીના ૯ વાગ્યા સુધી અને વિશેષ કારણે ૧૦ વાગ્યા સુધી રાત્રીભોજન કરે તો વાંધો નથી તે કહેવાનું સાહસ કોઈપણ કરતા નથી. તેમાં તો સૂર્યાસ્ત પછી એક મીનીટ પણ ખાય તો રાત્રીભોજનનું જ

પાપ લાગે તેમ કહે છે. કાળના બળે જબુસ્વામીથી ૧૦ વસ્તુઓનો વિચ્છેદ થયો છે. પરંતુ સંપૂર્ણ વિધિમાર્ગનો લોપ થયો નથી. દરેક કાળમાં વિધિનો આદર કરનારા અને પાલન કરનારા ઓછા જ હોય છે કાળના બળે અવિધિને વિધિ માની લેવાથી વિધિનું ફળ મળતું નથી જેમ ઝેરને અમૃત માનીને પી લેવાથી તે અમૃત બની જતુ નથી અર્થાત ઝેર પોતાનો સ્વભાવ છોડી દેતું નથી. માટે વિધિનો આદર અને પાલન દઢતા પૂર્વક કરવું જોઈએ.

*પંચમે આરે જિમ વિષ મારે અવિધિ દોષ તિમ લાગે*
*દમ ઉપદેશ પદાદિક દેખી વિધિ રસીયો જન જાગે.*
*જબ નાવે હોવે પ્રભાવક એહવા તબ વિધિ પૂર્વક*
*અનેક યાત્રા પૂજાદિ કરણી કરે તેહ પ્રભાવક છે ક..*

*(૧૩) દીક્ષાર્થીના વર્ષીદાનને શ્રાવકો ગ્રહણ કરી શકે ?*

અનંતા તીર્થંકર પરમાત્માઓએ દીક્ષા ગ્રહણ કરતા પહેલા (૧ વર્ષ પૂર્વે) વાર્ષિક દાન (છૂટા હાથે) આપીને અનુકંપા દાનની એક અવશ્ય પુણ્યકર્તવ્ય તરીકે પ્રવૃતિ કરાવી છે. એક વર્ષ સુધી હંમેશા બે પ્રહર સુધી દાન આપે છે. તે દાનને ગ્રહણ કરવા માટે સનાથ, અનાથ, મુસાફર, કાર્યટિક વિ. યાચકો આવતા હોય છે.

શ્રાવકો દાન ગ્રહણ કરતા નથી પરંતુ પરમાત્માનું દાન ભવ્યજીવજ ગ્રહણ કરી શકે છે તેથી પોતાના ભવ્યત્વની ખાત્રી કરવા માટે કયારેક કોઈ શ્રાવક યાચક થઈને દાન ગ્રહણ કરે તો તે વાત જુદી છે.વરસીદાન ગ્રહણ કરવામાં સ્ત્રીઓનો પણ અધિકાર નથી. મહાવીર સ્વામી ભગવાને જ્યારે કલ્પવૃક્ષની જેમ વરસીદાન આપ્યું ત્યારે પિતાના મિત્રની સ્ત્રી (બ્રાહ્મણી) ત્યાં જ હતી અને દરિદ્રતાના કારણે અત્યંત જરૂરીયાત પણ હતી છતાં તે લેવા ગઈ નથી. વરસીદાન અનુકરણ રૂપે વર્તમાનમાં પણ દીક્ષા ગ્રહણ કરનારા મુમુક્ષુઓ વરઘોડામાં ઉભા ઉભા વર્ષીદાન (ઉછાળે છે) આપે છે. કોઈ જગ્યાએ વરઘોડો ઉતર્યા બાદ બેઠા બેઠા આપવાની પ્રવૃતિપ્રાણ ચાલુ થયેલ છે. **દીક્ષાર્થીએ આપેલ વર્ષીદાન પણ ધર્મપ્રભાવક અનુકંપા દાન હોવાથી શ્રાવક-શ્રાવિકાઓએ બિલકુલ લેવું જોઈએ નહિ.** આવા પ્રસંગે શ્રાવકોએ તો પોતાને પણ આવો અવસર પ્રાપ્ત થાય તે હેતુથી (ભાવનાથી) પોતાની શક્તિ મુજબ વર્ષીદાનની કુંડીમાં નાંખવું જોઈએ. લેવાના સંસ્કારો અનાદિકાળથી છે. શ્રાવકો અનુકંપા પાત્ર નથી ભક્તિપાત્ર છે. ભક્તિ વિવેક અને બહુમાનપૂર્વક થવી જોઈએ.

*(૧૪) પચ્ચક્ખાણ કયારે કેવી રીતે અને કોની પાસે કરવું ?*

નવકારશી વિ. નાનામાં નાનું કોઈપણ પચ્ચક્ખાણ આત્મસાક્ષીએ, દેવ સાક્ષીએ અને ગુરુ સાક્ષીએ એમ ત્રણ વાર કરવું જોઈએ. નવકારશી વિ. નું પચ્ચક્ખાણ કરનારા મહાનુભાવોએ તે પચ્ચક્ખાણ સૂર્યોદય પહેલા (પ્રતિક્રમણ કરતા શ્રાવકોને પ્રતિક્રમણમાં તપચિંતવણીના કાર્યોત્સર્ગમાં આવી જાય છે.) સ્વયં (આત્મસાક્ષીએ) પચ્ચક્ખાણના આગાસેના સ્પષ્ટ ઉચ્ચાર પૂર્વક લઈ લેવું જોઈએ. કોઈ સંયોગોમાં ન આવડતું હોય તો વહેલી તકે શીખી લેવાની ભાવના પૂર્વક તે પચ્ચક્ખાણ ધારી લેવુ જોઈએ. જ્યાં સુધી પચ્ચક્ખાણનો નિર્ણય કરવામાં આવતો નથી ત્યાં સુધી ખાવા પીવાના વિકલ્પો ચાલતા હોય છે. તેથી જે પચ્ચક્ખાણ કરવું હોય તેની ધારણા કરી લેવી જોઈએ. આત્મ સાક્ષીએ પચ્ચક્ખાણ કર્યા બાદ જિનાલયમાં દર્શનાદિ કર્યા બાદ પૂર્વે ધારેલા અથવા આત્મસાક્ષીએ લીધેલા પચ્ચક્ખાણને બીજી વાર દેવ સાક્ષીએ લઈ લેવું જોઈએ. જિનાલયમાં સાધુ સાધ્વીજી ભગવંતો પાસે પચ્ચક્ખાણ માંગવું જોઈએ નહિ કારણ કે તેઓશ્રી પચ્ચક્ખાણ આપવા માટે જિનાલયમાં આવ્યા નથી ચૈત્યવંદનાદિ ક્રિયા કરતા હોય અને શ્રાવકો પચ્ચક્ખાણ માંગે તો ભાવસ્તવમાં સ્ખલના થાય લેનાર અને દેનાર બંને દોષપાત્ર બને છે. તે વખતે બીજા ગૃહસ્થો પણ અંગપૂજા વિ. કરતા હોય તેથી સ્ખલના થાય. કોઈ વખત સાધુ ભગવંતોને ચૈત્યવંદન

પૂર્ણ થયુ હોય અને તે સ્વયં પચ્ચક્ખાણ લેતા હોય તે વખતે આપણે પણ ચૈત્યવંદનાદિથી નિવૃત થયા હોઈએ તો હાથ જોડી દઈએ (પચ્ચક્ખાણ લઈએ) તો વાંધો નથી અર્થાત મંદિરમાં દેવ સાક્ષીએ પણ પચ્ચક્ખાણ સ્વયં કરવું જોઈએ. ત્યારબાદ ઉપાશ્રયમાં પૂ. સાધુ ભગવંતો બિરાજમાન હોય તો ત્યાં જઈને વિનય-બહુમાન પૂર્વક વિધિથી વંદન કરીને ગુરુ સાક્ષીએ ગુરુ મુખેથી પચ્ચક્ખાણ લેવું જોઈએ. સાધુ ભગવંત ન હોય.

સાધુ સાધ્વીજી ભગવંતો ગૌચરી વિ. માટે જતા હોય તો જવાનું નથી. રસ્તામાં કે ઘરે વહોરવા આવ્યા હોય ત્યારે પણ ત્યાં પચ્ચક્ખાણ માંગવું નહિ. ખાસ પથારીવશ કોઈ હોય અને ઘરે આવેલા સાધુ ભગવંત પાસે પચ્ચક્ખાણ કરે તો તે અપવાદ કહેવાય. પરંતુ રસ્તમાં તો કોઈપણ સંયોગોમાં પચ્ચક્ખાણ માંગવું નહિ વિનય-વિવેક-બહુમાન અને વિધિ વિનાનો મોટો પણ ધર્મ નુકશાન કરનારો બને છે.

એકાસણું-આયંબેલ કરનારો પણ વાપર્યા પછી પાણી ન વાપરવું હોય તો ચઉવિહાર અને પાણી વાપરવાનું હોય તો તિવિહારનું પચ્ચક્ખાણ કરી લેવું જોઈએ. સાંજે પાણી ચૂકવ્યા પછી ત્યાં જ પાણહારનું પચ્ચક્ખાણ સ્વયં કરી સૂર્યાસ્ત પૂર્વે જ જિનાલયે જઈ દેવસાક્ષીએ પચ્ચક્ખાણ કરી સૂર્યાસ્ત પહેલા જ ઉપાશ્રયે જઈ ગુરુભગવંતોને વિધિપૂર્વક વંદર કરી પચ્ચક્ખાણ લેવું જોઈએ.

*(૧૫) પૌષધ ક્યારે લેવો તેની વિધિ કેવી રીતે કરવી ?*

પૌષધ લેવાની ભાવનાવાળા પુણ્યાત્માએ સવારે સૂર્યોદય પૂર્વે પૌષધ લઈ લેવો જોઈએ. પ્રતિક્રમણ બાકી હોય તો પૌષધ લઈને પ્રતિક્રમણ કરવું. કરી લીધું હોય તો પડિલેહણ કરવું. પૌષધ લેતાં પહેલા વંદન કરવા નહિ કારણ કે સૂર્યોદય પૂર્વે પૌષધ લઈ લેવાનો હોય છે અને સૂર્યોદય પૂર્વે રાત્રિ હોવાથી વંદન કરાય નહિ. પડિલેહ વિ. ક્રિયા કરી કાજો લઈ દેવવંદન કરીને સજઝાય કરવી. વ્યાખ્યાન વાંચના વિ. ઉપયોગ પૂર્વક અપ્રમત્તપણે સાંભળવા પૌષધ લીધા પછી કારણ વિના ઉભા થવું નહિ અને વાતો પણ કરવી નહિ. કાળવેળાએ સ્થંડિલ કે માત્રુ જવું પડે તો કામળી ઓઢીને જયણા પૂર્વક જવું પરંતુ કાળવેળાએ જિનાલયે જવુ નહિ.

બપોરે ૧૧ વાગ્યા બાદ ચાતુર્માસમાં મધ્યાન્હ નો કાજો લઈને વિરસાદ ન આવતો હોય તો પણ કામળી સાથે લઈને જિનાલયે દર્શન કરવા જવું. ત્રણ પ્રદક્ષિણા આપીને ભાવપૂર્વક ચૈત્યવંદન કરવુ, પછી ઉપાશ્રયે આવીને બપોરના કાળવેળાનું દેવવંદન કરવુ. જિન જિનાલયમાં દેવવંદન કરવું. ત્યારબાદ પચ્ચક્ખાણ પારવું. પૌષધમાં ઓછામાં ઓછું પરિમુઢનું પચ્ચક્ખાણ કરવાનું હોય છે. છતાં ખાસ કારણ હોય તો પૂજ્ય ગુરુ ભગવંતની અનુજ્ઞા મેળવીને સાઢુ પોરિસનું પચ્ચક્ખાણ અપવાદે કરાય છે. આયંબેલ એકાસણું કરેલ હોય તો જયલા મંગલ કરી પ્રવેશ કરીને વિધિપૂર્વક બોલ્યા વિના ગરમ કરાવ્યા વિના જે હોય તે ચલાવીને ભોજન પૂર્ણકરી ઉપાશ્રયે આવી ચૈત્યવંદન (જગ ચિંતામણીનું) કરી સ્વાધ્યાય કરે. સાંજે પાણી ચૂકવીને પડિલેહણ કરે પછી દેવવંદન કરીને પૂ. ગુરુ ભગવંતોને વંદન કરે. આઠ પ્રહરનો પૌષધ હોય તો માંડલાની વિધિ કરી પ્રતિક્રમણ પૂ. ગુરુ ભગવંતોની સાથે માંડલીમાં કરે. પછી સ્વાધ્યાય કરીને એક પ્રહર પૂર્ણ થયે સંથારા પોરિસિ ભણાવી શરીરના શ્રમને દૂર કરવાના ઉદ્દેશથી વિધિપૂર્વક સંથારો કરી આરામ કરે. નિદ્રા પૂર્ણ થયે શંકા ટાળી સ્વાધ્યાય કરે. સમય થાય ત્યારે પ્રતિક્રમણ કરી પડિલેહલાદિ ક્રિયા કરી વિધિપૂર્વક પૌષધ પાળે.

પૌષધમાં સ્થંડિલ વિ. ની શંકા થાય તો બહાર જવું જોઈએ. જગ્યા ન મળે તેમ હોય તો કુંડીમાં કરીને સ્વયં પરઠવવા જવું જોઈએ. પૌષધમાં સંડાસ બાથરૂમનો બિલકુલ ઉપયોગ કરી શકાય નહિ અને કરવો જ પડે તેમ લાગતું હોય તો પૌષધ ન લેતા દેશાવગાશિક કરવું જોઈએ. *(ક્રમશઃ)*

- પ્રશરાજ

# ચેત ચેત ચેતન ! તું ચેત

*(ગયા અંકથી ચાલુ)*

☛ હે આત્મન! તારે ખરેખર સુખનો અનુભવ કરવો તો જ્ઞાનિઓએ આત્માના જે છ દુશ્મનો કહ્યા છે તેનો ત્યાગ કર. 'ષડેતે દુઃખ ભાગિનઃ' ઈર્ષ્યા, ઘૃણા, અસંતોષ, શંકાશીલતા, ક્રોધ અને પરાધીનતા. આ છ નો ત્યાગ કરી સાચા સુખ-શાંતિને પામ.

☛ તારે ખરેખર મુક્તિ જોઈતી હોય, મોક્ષ માર્ગની સાચી આરાધના કરવી હોય તો વિષયાસકિતનો ત્યાગ કરી વિરકિતમાં રમ, દુઃખ, હર્ષ-શોક આનંદના વિકારોથી મુકત બન, રાગ-રીસના ક્ષણે ક્ષણે રંગ બદલતા મનને તું કાબૂમાં લે તો મોક્ષ માર્ગની આરાધન શકય બનશે. બાકી વિષયસુખોમાં જ આનંદ માનતો હોય, તેજ તને પ્રિય હોય, રાગ-દ્વેષ જ ગમતા હોય, દુશ્મનના દાવપેચ ખેલવામાં મન પાવરધું હોય તો મુક્તિ તો નથી પણ મોક્ષ માર્ગ પણ દૂર-સુદૂર છે.

☛ સદ્ગુરુ પ્રત્યેનો સાચો સમર્પણભાવ તે મુક્તિનું બીજ છે. જ્યાં સમર્પણ હોય ત્યાં કોઈજ પૂર્વશરત ન હોય. જેના પ્રત્યે હૈયાની લાગણી-ભકિત હોય ત્યાં કાંઇ જ માગણી ન હોય. માટે જ જ્ઞાનિઓ સાધકને ઉદ્દેશીને કહે છે કે - 'તોષણીયશ્ચ સદ્ગુરુ :' સદ્ગુરુ ને પ્રસન્ન કર તારો આત્મા પ્રસન્ન બની જશે. દુનિયાને ખુશ કરવા ફાંફા મારવાની કે આમ તેમ ભટકવાની જરૂર નથી. દુનિયા રીઝે કે ખીજે તેની પણ પરવા નથી પણ તારક સદ્ગુરુને પ્રસન્ન કરવા વિનીત સમર્પિત અને નિસ્પૃહ બન.

☛ અનાદિકાલીન વિષયો પ્રત્યેનો રાગ હોવાથી એકદમ વિષયોનો સંપર્ક ન છૂટે તે બને. પણ વિષયોનો લગાવ પણ જો ન છૂટે તો એકપણ આરાધી ન શકાય. વિષયનો લગાવ છોડવાનો એક જ ઉપાય વિષયનો બિનજરૂરી સંપર્ક ટાળવો. ઈષ્ટનો રાગ ટાળવો તો ઈષ્ટથી દૂર રહેવું અનિષ્ટનો દ્વેષ ટાળવો તો અનિષ્ટની સાથે રહેવું.

☛ જો તારે દોષોથી બચવું તો દુઃખોને સહન કર. જે દુઃખોને ગણકારે નહી તે દોષોથી બચે. કેમકે જેમાં મન વગર પણ કરવું પડે તે ઉદ્વેગ-કંટાળો લાગે અને જે મારે કરવું જ છે તે ભાવથી કરે તો ઉદ્વેગ થતો નથી. પછી તો એવી યોગ્યતા પેદા થશે કે દુઃખ પ્રત્યે દ્વેષ નહિ, સુખ પ્રત્યે રાગ નહિ, પ્રતિકૂળતાની ચિંતા નહિ અને અનુકૂળતાની ઈચ્છા નહિ. આવી ભાવના આવશે એટલે ધર્મ પણ પાપના નાશ માટે થશે પણ પાપને પોષવા નહિ થાય.

બાકી જો તને સુખનો લોભ જ સતાવતો હોય, તારા જ પાપ ઉદયથી આવતું દુઃખ આકરું લાગતું હોય, વાતવાતમાં સંસાર ભોગના સ્વપ્નોમાં રાચતો હોય, અનુકૂળતાઓ ગમે, પ્રતિકૂળતા જરાપણ ન ગમે, વિષય કષાયનું આકર્ષણ વધતું જ હોય, ગુર્વાદિની વાત ગમે નહિ, ગુર્વાદિ પ્રત્યેનો વિનય સચવાય નહિ, વિવેક જળવાય નહિ, 'હું જ કાંઇક છું' તેમ માનતો હોય તો સમજી લેજે કે - દોષો ઘર કરી ગયા છે. તું હવે અસાધ્ય દર્દી બન્યો છે.

તારે જો આ રોગથી મુકત થવું હોય તો કર્મ તને બહુ બહુ તો ઈચ્છા કરાવે પણ પ્રવૃત્તિ કરવી કે ન કરવી તે તારા હાથની વાત છે. તો મનાય કે તને દોષો પ્રત્યે અણગમો પેદા થયો છે. જેના પ્રત્યે અણગમો, તિરસ્કાર, દ્વેષ, અપ્રીતિ હોય તેની સાથે કઈ રીતના કામ કરાય તે આપણને આવડે છે.

બાકી દોષોની ઉપેક્ષા તે આત્મહિતની ઉપેક્ષા છે. નીતિકારે પણ કહ્યું કે- "કષાય, અગ્નિ, રોગ અને દેવું એ ચારને મંદ-અલ્પ માની ઉપેક્ષા કરે તે પછી પસ્તાવું પડે છે." તે ચારે વધે તો શું થાય તે સ્વાનુભવમાં છે માટે હજી તું ચેતી જા.

☛ મહાપુરૂષોના નામ માત્રમાં અદભૂત તાકાત હોય છે કે, આત્માના સંકિલષ્ટ પરિણામને શાંત કરે, કલેશ-સંકલેશ, વાદ-વિવાદ-વિખવાદને શમાવે પણ તે માટે હૈયાનો આદર- સમર્પણભાવ જોઈએ. માત્ર સ્વાર્થપૂર્તિ કે 'ભગત' કહેવરાવવા નામ લે તો શું થાય ? મગરના આંસુ કોને કહેવાય તેની આપણને બધાને ખબર છે.

મહાપુરૂષોના માર્ગે ચાલવું નહિ, બતાવેલા માર્ગને પણ ડહોળો તો શું થાય ? ગુર્વાદિ તારક વડિલોની આજ્ઞા કદાચ ઓછી-વધતી પળાય તે ચાલે, નભાવાય પણ આજ્ઞાનો અનાદર, આજ્ઞાની ઉપેક્ષા કરે તે કોઈપણ રીતના ન ચલાવાય કે ન નભાવાય. માટે કમમાં કમ તું અનાદર-ઉપેક્ષા ભાવથી તારી જાતને તો અલિપ્ત જ રાખજે. તેમાં જ તારું શ્રેય-પ્રેય છે.

☛ કોઈપણ કામ પોતાની જ ઈચ્છા પ્રમાણે કરવાનો આગ્રહ તેનું નામ કદાગ્રહ કહેવાય. તેનું બીજું નામ સ્વર છંદતા. પોતાની ઈચ્છાથી ખીચડી અને કઢી મળે તો યોગે તારી કાંઈક ચેતના જાગી છે. તો વિચાર જે કે, ઉપકારી હિતૈષી પુરૂષોએ ભક્ષ્યાભક્ષ્યની જે વ્યવસ્થા સમજાવી છે તે અનાદિની આહાર સંજ્ઞા-લાલસાને તોડવા માટે છે, પણ સ્વાદ પુષ્ટ કરવા માટે નથી. જે અભક્ષ્ય છે તેતો ખાવા-પીવાનું નથી પણ જે ભક્ષ્ય પણ સ્વાદપૂષ્ટિ માટે થતું હોય તો તેનો પણ ત્યાગ કરીશ તો આહારનો રાગ દૂર થશે.

☛ આ કાળની હવા ઘણી વિપરીત છે મમત્ત્વના કારણે 'મારું જ સાચું' આ વૃતિ ઘર કરી જવાથી સારા ગણાતાની હાલત પણ શોચનીય બને છે. 'મારી ભૂલ

## ખોટા આક્ષેપ સામે પડકાર

***"જૈન શાસન" (વર્ષ ૧૫, અંક ૪૭, ૨૧-૧૦-૨૦૦૩)ના અંકમાં, પૂ. આ. શ્રી હેમભૂષણ સૂ. મહારાજે લખેલા પત્રની ઝેરોક્સ છપાયેલી. આચાર્યશ્રીએ બે પત્ર લખ્યાનું માનીને અમે તે રીતની નોંધ તેની સાથે મૂકેલી. પરંતુ પછીથી જાણવા મળ્યા મુજબ, આચાર્યશ્રીએ બે નહિ, પણ એક જ (પૃ. ૧૪૮૮ ઉપરનો) પત્ર લખ્યો હતો. બીજો પત્ર (પૃ. ૧૭૮૯ ઉપરનો) તો પહેલા પત્રમાં લીટીઓ ઉમેરીને તૈયાર કરાયો હતો. આમ છતાં "મૂળ પત્રમાંની લીટીઓ કાપીને પત્ર પ્રચારાતો હોવા" નો આક્ષેપ અમારી ઉપર મૂકાઈ રહ્યો છે. અમારી ઉપર મૂકાતો એ આક્ષેપ તદ્દન ખોટો હોવાનું અમે જાહેર કરીએ છીએ, અને અમારી ઉપર એવો આક્ષેપ કરનારા સાચા હોય તો તે વિવાદાસ્પદ લીટીઓ સાથેનો મૂળ પત્ર પ્રગટ કરવા અમારો તેમને ખુલ્લો પડકાર છે.***

તેમાં મજા આવે. બીજાની ઈચ્છાથી મિષ્ટાન્ન ખાતાં દુ:ખ થાય. તેમ તારક ધર્મક્રિયાઓ આપણી મરજી અને ઈચ્છા પ્રમાણે કરીએ તો આનંદ થાય. પણ ભગવાનની આજ્ઞા મુજબ કરવામાં મજા ન આવે. **આ ઈચ્છાના આગ્રહમાંથી જ ભગવાને જેની ના પાડી હોય, સદ્‌ગુર્વાદિ વડિલો પણ ના પાડતા હોય તેમાં પણ વિકલ્પો શોધવાની શરૂઆત થાય** અને અન્માર્ગથી ચ્યૂત થઈ ઉન્માર્ગમાં ગમન શરૂ થઈ જાય. પછી પોતાની બધી શક્તિઓનો ઉપયોગ કદાગ્રહની પુષ્ટિ માટે જ કરાય.

માટે હે આત્મન્ ! તું આવા ચાળા ન કરીશ, નહિ તો ચોર્યાશીના ચકકરમાં અટવાઈ જઈશ. સદ્‌ગુર્વાદિના માર્ગે અને તેમના વારસાનું પ્રાણના ભોગે જતન કરજે. 'શુભાસ્તે પન્થાન:'

☛ અનાદિની ખાવા-પીવાની લતે તને કેવો પશુતુલ્ય બનાવ્યો છે, તેની તને પણ ખબર છે. હવે સદ્‌ગુર્વાદિ બતાવનાર કોણ ? 'મારી હા એ હા કરે તો ઠીક છે' પણ મારો વિરોધ કરે, મને ખોટો કહે તો તેને તો હું બતાવી દઉં-ઠેકાણે પાડી દઉં - આ વૃતિ જો પેદા થઈ હોય તો કદાગ્રહમાંથી, બાકી જેમના માથે અકલ શ્રી સંઘ-સમુદાય-શાસનને દોરવાની જવાબદારી છે તે બધા પણ તેમાંથી છટકબારી શોધે છે તેનું મૂળ પણ આ કદાગ્રહ છે. ઊંચા સ્થાનનો દોષ નથી પણ પોતાની રેળે સ્થાનને પચાવી પાડનારા અને પદનો મહિમા-ગૌરવ નહિ જાળવી પદને નહિ પચાવી શકનારા આવું કરે તેમાં પણ નવાઈ નથી. જેઓ ગુર્વાજ્ઞાને આધીન-સમર્પિત-નિ:સ્પૃહી બને તે બધાને સન્માર્ગે દોરે. પણ જેઓ બની બેઠા છે તે તો આજ્ઞાને, વચનોને બાજુ મૂકી, વિશ્વાસુઓને પણ ખોટા માટે લઈ જઈ પદનું અવમૂલ્યન કરાવે છે. માટે તારે તારા આત્માનું સાચું શ્રેય કરવું તો સંખ્યાબળમાં ન મુંઝાતો પણ હંસદષ્ટિ જેવો વિવેકી બનશે તો માર્ગ સાધી શકીશ.

# જાનના જોખમે જીવદયા

- સં. પૂ. પં. શ્રી વજ્રસેન વિજયજી ગણિવર્ય

જાનનું જોખમ વહેરીનેય જીવદયાની જ્યોતને ઝાલી જાણનારા જે કેટલાક જ્યોતિર્ધરો આ સદીમાં થઈ ગયા, એમાં શેઠ શ્રી હઠીસીંગભાઈ રતનચંદ એક મોટું નામ-કામ હતું. આ શેઠના જીવનનો દીપ તો જો કે વર્ષો પૂર્વે બુઝાઈ જવા પામ્યો પણ એમના નામ-કામ આજે પણ 'લીંચ મહાજન પાંજરાપોળ'ના રૂપમાં એટલાં બધા ગાજતા છે કે, જેટલાં કદાચ એમના જીવન કાળમાં ગાજતા નહિ હોય ! જીવદયા અને જિનભક્તિનો આદર્શ પૂરો પાડી જતું એમનું જીવન જાણવા-માણવા જેવું છે.

સંવત ૧૯૦૧માં જન્મ. નામ હઠીસીંગભાઈ, જન્મભૂમિ મહેસાણા પાસે એવેલું લીંચ ગામ. બાપ-દાદાઓ તરફથી એવા સંસ્કારો મળેલા કે, વય વધતી ચાલી એમ ધર્મનો રંગ ગાઢ બનતો ચાલ્યો. પરિસ્થિતિ સામાન્ય હોવાના કારણે સંજોગોએ લીંચ છોડવાની ફરજ પાડતા શ્રી હઠીસીંગભાઈને મહારાષ્ટ્રમાં રહિમતપુર પાસે આવેલા નાજગીરી નમના ગામડામાં ધંધાર્થે વસવાટ કરવો પડ્યો. ધંધો જામતા આ ગામડું છોડીને તેઓ રહિમપુરમા જઈને સ્થિર થયા. પ્રભુભક્તિનો પ્રેમ નાનપણથી જ હતો, એમાં વળી રહિમપુરમાં સુંદર જિનાલયોનો યોગ થઈ ગયો. થોડા વખતમાં એઓ સારુ કમાયા, એથી લગ્ન માટે ચારે તરફથી માંગા આવવા માડ્યા. પણ હઠીસીંગભાઈના મનમાં નાનપણથી જ વિરાગ વસ્યો હતો. એથી એમણે સંસારમાં જોડાવાની સ્પષ્ટ અસંમતિ દર્શાવી દીધી !

હઠીસીંગભાઈ સંસારમાં ન જોડાવા માટે મક્કમ બનતા ગયા, એમ એમનો પરિવાર એમને સંસારમાં નાખવા વધુ મહેનત કરવા માડ્યો. અંતે આ બલામાંથી છુટવા રહિમતપુરના ધીકતા ધંધાને સલામ કરીને એઓ લીંચ આવ્યા. લગભગ ૧૯૩૦ની સાલમાં તેઓ જૈન શ્રેયસ્કર મંડળના સંસ્થાપક શેઠશ્રી વેણીચંદ ભાઈને મળ્યા તેમજ પોતાના હૈય ની વાતો એમની આગળ રજુ કરી.

હઠીસીંગભાઈની બ્રહ્મચારી રહેવાની ભાવના જાણીને શ્રી વેણીચંદભાઈએ એક ધર્મમિત્ર મળ્યાનો આનંદ અનુભવ્યો અને બંનેએ ધર્મ કાર્યો કરવામાં અરસપરસ સહાયક બનવાનો નક્કર નિર્ણય કર્યો. એમાં એમને પ્રભુભક્તિ કરવાનો એક અપૂર્વ અવસર એ અરસામાં લાધી ગયો. એ વખતે ઠેર ઠેર જિનપ્રતિમાજીઓ પર સુંદર ચક્ષુ-ટીકા ચોંટાડવાની ખુબ જ આવશ્યકતા હતી, આ માટે એ વખતના શેઠશ્રી લાલભાઈ દલપતભાઈ આદિ અગ્રગણ્ય આગેવાનોનું આર્થિક પીઠબળ મળતા જ શ્રી વેણીચંદભાઈ અને હઠીસીંગભાઈ આ કાર્ય માટે ભેખ લઈને નીકળી પડ્યા.

નાના-મોટા ગામડામાં જવું, આગેવાનોને એકઠા કરવા, જિનમંદિરની શુદ્ધિ તેમજ સાફ-સફાઈ કરવી-કરાવવી તેમજ ચક્ષુટીકા ચોડવાની જિનભક્તિ અદા કરવી. આ કાર્ય એક મીશનની અદાથી ગામડે-ગામડે આરંભાયું, વેણીચંદભાઈ સફાઈ-કાર્યની આગેવાની લે ને હઠીસીંગભાઈ ચક્ષુ-ટીકા ચોડવાનું સંભાળી લે ! અનેક ગામોના જિનમંદિરોમાં આ રીતે શુદ્ધિનું કાર્ય કરીને બંને પાલિતાણા પહોંચ્યા અને છ મહિના સુધી લાગલગાટ ગિરિરાજ પરના મંદિરોમાં આવું ભક્તિ-કાર્ય એમણે કર્યું. એ જમાનામાં લગભગ એઓએ જુદાજુદા શેઠિયાઓની સહાયથી દોઢથી બે લાખ રૂપિયાના ચક્ષુટીકા ચોડીને અનેક જિન પ્રતિમાઓને વધુ દર્શનીય બનાવી તેમજ જિનમંદિરોને રળિયામણા કર્યા. ૧૯૩૮ની સાલમાં એક એવો પ્રસંગે બન્યો, જેણે હઠીસીંગભાઈની તમામ શક્તિઓને જીવદયા તરફ વળાંક આપ્યો. નવરાત્રીના દિવસો હતા. એઓ ઓટલો બેઠા હતા. કેટલાક ઘાતકી લોકો પાડા લઈને પસાર થઈ રહ્યા હતા. પૂછપરછ કરતા એમને ખ્યાલ આવી ગયો કે, આ પાડા દેવી સમક્ષ વધ માટે જ લઈ જવાઈ રહ્યા છે ! ઘાતકી લોકો તો વાતથી માને એવા ન હતા અને એમની સામે પડવાની કોઈ હિંમત

પણ કરી શકતું નહિ. પરંતુ હઠીસીંગભાઇ હિંમત સાથે ઉભા થયા અને બળ તેમજ કળનો આશ્રય લઇનેય એમણે એ વધ ન થવા દીધો.

આમ જીવહિંસા અટકાવવામાં સફળતા તો મળી, પણ આથી હઠીસીંગભાઇની સામે ફરિયાદ દાખલ કરીને હિંસાના એ અસંતુષ્ટ હિમાયતીઓ એમને કોર્ટમાં ઘસડી ગયા. પણ શાસનદેવની સહાયથી અને અનેક શેઠિયાઓના પીઠબળથી એઓ વિજયી બન્યા. ત્યારથી લીંચમાં પાડાઓના બલિદાનની પ્રથા બંધ થઇ. એ પ્રથા હજી આજે પણ બંધ જ છે.

લીચની આસપાસ ઠાકરડાં કોમના બે હજાર ઉપરાંત ઘરોની વસ્તી એ જમાનામાં હતી, એ લોકો અજ્ઞાનતા અને શિકાર આદિના શોખને કારણે અનેક જાતની હિંસા કરતા. હઠીસીંગભાઇને થયું કે, આ બધી હિંસા બંધ કરાવવી હોય પાંજરાપોળ જેવી એકાદ સંસ્થા હોવી જ જોઇએ ! એથી ૧૯૪૦ની સાલમાં 'લીંચ મહાજન પાંજરાપોળ'ની એમણે સ્થાપના કરી. આના કારણે લૂલા-લંગળા જીવોને જાળવવાનું કાર્ય વ્યવસ્થિત થવા માડ્યું અને એમની જીવદયાની પ્રવૃત્તિને પણ ઠીક ઠીક વેગ મળ્યો.

હિંસાના હિમાયતી લોકોની આંખમાં શેઠ હઠીસીંગભાઇ પાંજરાપોળની સ્થાપના પછી તો કણાની જેમ ખૂંચવા લાગ્યો. એથી એકવાર એ લોકોએ 'મૂઠ'ના પ્રયોગ એમની પર અજમાવવાનું નક્કી કર્યું. મેલી વિદ્યાના સાધકે હઠીસીંગભાઇ પર મૂઠના અનેક પ્રયોગો કર્યા. પરંતુ એક પણ પ્રયોગ સફળ ન થતા એણે અંતે એકરાર કર્યો કે, આ કોઇ પવિત્ર અને પરાક્રમી માણસ જણાય છે, એથી એ મૂઠની મુઠ્ઠીમાં પકડાતો નથી.

આ બનાવ પછી હઠીસીંગભાઇના અણીશુદ્ધ બ્રહ્મચર્યનો પ્રભાવ ચોમેર સવિશેષ ફેલાવા માંડ્યો. થોડા વર્ષો પછી એમનો જાન ફરી એકવાર જોખમમાં મૂકાયો. એઓ પાંજરાપોળની ઓફિસમાં બેસીને સંસ્થાનું કામકાજ કરી રહ્યા હતા, એમાં માનસિંગ નામનો એક ઠાકરડો તલવાર લઇને એમને જાનથી ખતમ કરી દેવા ઓફિસમાં છૂપી રીતે ઘૂસી ગયો. પણ પાપીના પાસા પુણ્યશાળી આગળ કઇ રીતે પોબાર પડે ? એ ઠાકરડો દરવાજા પાછળ છૂપાઇ ગયો ને શેઠ બહાર નીકળવા તૈયાર થયા, ત્યાં જ પ્રહાર કરવા એ આગળ આવ્યો. પરંતુ શેઠે સમય સૂચકતા વાપરીને પોતાનો હાથ આડો ધરી દીધો. એથી આંગળીઓ કપાઇ ગઇ. પણ લાખેણો જાન બચી ગયો. શૂળીની સજા જાણે સોયથી પતી ! આંગળીઓની આ ખોડ જીવન સુધી રહી. અને જીવદયા કાજેની એમની જાનફેસાની તેમજ જવાંમર્દીનો એ જયજયકાર કરતી રહી.

એકવાર પૂ. પંન્યાસજી શ્રી મણિવિજયજી મહારાજ આદિની સાથે શ્રી હઠીસીંગભાઇ આબુની યાત્રા કરવા નીકળ્યા. રસ્તામાં એક ઠેકાણે કેટલાંક ખાટકીઓને ઘેટા-બકરા લઇ જતા એમણે જોયા અને એમનો દયાપ્રેમી જીવ ઝાલ્યો ન રહ્યો. એઓ મેદાને પડ્યા, એટલે સાથેના ૨૦-૨૫ યાત્રીઓ પણ મેદાને પડ્યા અને એ બધાં ઘેટા-બકરાઓને એમણે ખાટકી પાસેથી છોડાવ્યા. આથી ગુસ્સે ભરાયેલા ખાટકીઓએ હઠીસીંગભાઇને લાકડીઓથી ઠીકઠીક મેથીપાક ચખાડ્યો. પણ એનું એમને દુ:ખ નહોતું, જીવો બચી ગયા, એના આનંદ આગળ દુ:ખને હઠીસીંગભાઇએ સાવ તુચ્છ ગણ્યું. આ લાકડી ના ઘા પણ એમના શરીરમાં મૃત્યુ પર્યંત એમને એમ રહ્યા અને જીવદયા કાજે મરી ફીટવાની એમની ભાવનાની સ્મૃતિ કરાવતા રહ્યા.

આજીવન પ્રભુભકત અને અણીશુદ્ધ બ્રહ્મચારી શેઠશ્રી હઠીસીંગભાઇએ ૧૯૮૫ના આસો સુદ પાંચમે દેહ છોડ્યો. પણ એમની જવાંમર્દી, જીવદયાની લગનને ધર્મપ્રિયતાની સુવાસ રેલાવતી એ પાંજરાપોળ હજી આજેય લીંચની ધરતી પર અડીખમ ઉભી છે અને જીવદયાની શેઠે જણાવેલી એ જ્યોતને જવલંત રાખી રહી છે. જેમણે હઠીસીંગભાઇને નજરેય જોય ન હોય, છતાં એમની ધર્મ-ધગશની આછી-પાતળી ઝાંખી મેળવવાની જેમને ઝંખના હોય, એમણે લીંચ પાંજરાપોળની એકાદ મુલાકાત તો લેવી જ રહી !

● ● ●

# અંત્યક્ષરી શબ્દ ભરો.

## *દરેક શબ્દનો છેલ્લો અક્ષર ર આવે તેવા શબ્દ ભરો*




**ઉપરથી...**

૧. ધીરજવાળા, ગંભીર (૨)
૨. પ્રભાત, દિવસનું ઉગવું (૩)
૩. શોભા, આભુષણ (૪)
૪. ઈન્દ્રો દ્વારા પ્રભુનો જન્માભિષેક સ્થાન (૫)
૫. વીસ તિર્થંકર મોક્ષ કલ્યાણક ભૂમી (૬)
૬. સોળમાં 'તિર્થંકર જન્મ કલ્યાણક નગરી (૫)
૭. સાધુ, શ્રમણ (૪)
૮. દસ સો. (૩)
૯. અરિહંતના ગુણ (૨)

**નીચેથી...**

૧. આધુ, છેટે (૨)
૨. સમુદ્ર, દરીયો (૩)
૩. સારા વિચાર, સુંદર વિચાર (૪)
૪. જન્મ-મરણ રૂપી દરીયો
૫. ૧૪ સ્વપ્નમાં દસમું સ્વપ્ન (૬)
૬. રાજાનો પુત્ર (૫)
૭. મહાવીર સ્વામીનું આયુષ્ય ? (૪)
૮. અનંત પાર વગરનું (૩)
૯. આદેશ્વર ભગવાનના ભવ ? (૨)

*જવાબ પાના ૧૮૮ પર*

**જૈ. શા. માં સુધારો**

વર્ષ ૧૬ અંક ૭ પૃ. ૧૩૪ ઉપર પૂ. આ. ભ. શ્રી વિજયરામચન્દ્ર સૂરીશ્વરજી મ. નું પ્રવચન છે. તેમાં સં ૨૦૩૩ના સુરત છાપરીયા શેરી ચાતુર્માસ દરમ્યાન પર્યુષણા બાદ .... લખાણ છે ત્યાં સં. ૨૦૩૪ના અમદાવાદ દશા પોરવાડના ચાતુર્માસ દરમ્યાન ભાદરવા વદિ પ્ર. ૧૧ બુધવાર તા. ૨૭-૯-૭૮ના પ્રવચનમાંથી આ પ્રમાણે વાંચવું.

# આત્મહિતકર બોધ

(૧) આત્મા એ અનંત શકિતનો અખૂટ ભંડાર છે. આત્માનું સ્વરૂપ શુદ્ધ અને નિર્મળ છે. આત્મા જ્ઞાન, દર્શન, અને ચારિત્રાદિ ગુણોને ધારણ કરનાર છે. આત્મા પોતાના અનંત ગુણોને તથા ત્યાગ, સદાચાર, તપ, શીલ આદિ શુભ ગુણોને પ્રકાશમાં મુકવાની પ્રબળ શક્તિ ધરાવે છે. આત્માનું એ સામર્થ્ય છે કે પાપાદિની ઝેરી હવાને નાબુદ કરી શુદ્ધ આત્મગુણમાં પ્રગતિ કરવાની શકિત ધરાવે છે.

(૨) જન્મવું, મરવું, એશ આરામને વિલાસ ભોગવવો, ઈન્દ્રિયોના સુખોમાં આનંદ માણનવો એ કાંઈ આત્માનો સ્વભાવ નથી. મોક્ષ એ આત્માનું શુદ્ધ સ્વરૂપ છે. સંસાર એ આત્માનું વિકૃત સ્વરૂપ છે. અનાદિ કાળ આત્મા કર્મ સત્તાની ભયંકર ગુલામીમાં કેદ બની ગયો છે અને પાપાદિ કર્મના પડળોથી, આવરણોથી આત્માની જવલંત શકિત ઢંકાઇ ગઇ છે. આત્માના પ્રકાશ પર અંધારપટ આવી ગયો છે. આવી કફોડી સ્થિતિને, ભયંકર દશા આજે આત્માની છે. એ ઢંકાઇ ગયેલી આત્માની જવલંત જયોતિ કયારે પ્રગટે? સંસારનો મોહ, મમતા માયાને મારાપણું જે ઘર કરી બેઠેલું છે તેની પર કાપ મૂકાય, ને વિષય કષાયો પર જીત મેળવાય, પોતાને પાપનો ભય લાગ્યા જ કરે, આટલું થાય તો આત્માનું સાચું સ્વરૂપ પ્રગટવા વિના રહે જ નહિં.

(૩) આત્માનો શરીર સાથે શો સંબંધ છે? આત્મા શરીરથી જુદો છે. શરીર આત્માનું બંધન છે. શરીર એ આત્માનું કેદખાનું છે. શરીર ક્ષણીક છે. મનુષ્ય મરે છે એટલે આત્મા શરીર છોડી ચાલ્યો જાય છે. એકને છોડે ને બીજામાં દાખલ થાય છે. મૃત્યુ એટલે શરીરની ફેરબદલી. મરણ પછી જીવ કઇ ગતિમાં જશે એનો આધાર સંસારમાં જીવન કેવું જીવ્યા? પાપ પ્રવૃત્તિઓ કેટલી કરી? એના સરવૈયાના હિસાબ ઉપર ભવિષ્યનો આધાર છે. આ ભવ મળ્યો છે તે પણ ભૂતકાળમાં કરેલી આરાધનાના યોગે જ મળેલો છે. પરલોક સુધારવો હોય તો પૂણ્યની જમા બાજુ વધારવી જોઈએ. અને પાપની ઉધાર બાજુ ઘટાડવી જોઈએ. વેપારમાં જો જમે પડેલું નાણું ખર્ચાઇ જાય તો ઉધાર બાજુ ખર્ચ વધ્યા જ કરે તો દેવાનો ભાર વધી જાય ને પેઢી નાદારીમાં જાય, ધર્મની બેન્કમાં આરાધનારૂપી નાણું જમે ન હોય અને પાપનું ખાતું જ ચાલુ રહે તો દુર્ગતિ સિવાય બીજો કયો માર્ગ હોઈ શકે?

-આશિષ શાહ

**અંત્યક્ષરીના જવાબો : (પાના નં. ૧૮૭)**

**ઉપરથી...** ૧. ધીર, ૨. સવાર, ૩. અલંકાર, ૪. મેરૂ શિખર, ૫. સમેત શિખર, ૬. હસ્તિનાપુર, ૭ મુનિવર, ૮. હજાર, ૯. બાર

**નીચેથી...** ૧. દૂર, ૨. સાગર, ૩. સુવિચાર, ૪. ભવ સાગર, ૫. પદ્મ સરોવર, ૬. રાજકુમાર, ૭. બહોતેર, ૮. અપાર, ૯. તેર

# ઘર ફોડીયો

શાંતપુર નામના નગરમાં તિલક નામના શ્રેષ્ઠી હતાં. તેને વિજયા નામની પત્ની હતી. તે બેયને એકબીજા ઉપર ઘણો પ્રેમ છે. તેમના દિકરાઓ જીવતા નથી એથી જયોતિષીઓને પૂછયું, મંત્ર, તંત્ર, દોરા, ધાગા કર્યા. તીર્થોમાં સ્નાન કર્યા, દાન દીધું.

એક વખત તેમના ઘરે કોઈ ઠગ વિદેશી આવ્યો. તેણે ભોજન માંગ્યું. તેને કંઇ મળ્યું નહીં એથી ગુસ્સે થયો, 'આના ઘરમાં દિકરાઓ જીવતાં નથી' એમ માણસોના મુખેથી જાણ્યું. ત્યાર પછી બાર તિલક કરી સરસ વેશ ધારણ કરી બ્રાહ્મણ જ્યોતિષી થઈને ફરી તે તિલક શેઠના ઘરમાં આવ્યો. ત્યારે તિલક શેઠ દુકાને ગયા હતા. શેઠાણીએ પૂછયું, 'તમે કોણ છો, કંઇ જાણો છો?' તે બોલ્યો, 'હું મહાજયોતિષી છું, ત્રિકાળજ્ઞાની છું'. શેઠાણી બોલીઃ 'તો તમે કહી શકશો કે મારા દિકરા કેમ જીવતા નથી?' ઠગ બોલ્યો, 'તારો પતિ રાક્ષસ છે, દુર્ધર મંત્ર શકિત વડે દિકરાઓને ખાય છે', તે બોલીઃ મને કેવી રીતે વિશ્વાસ થાય?' તે દુષ્ટ બોલ્યો, 'તેનું શરીર ખારૂં છે તું ચાટી જોજે' આ પ્રમાણે તેની સાથે એકાંતમાં મંત્રણા કરીને દુકાને ગયો. શેઠે બોલાવ્યો 'હે દેવજ્ઞ! કંઇ જાણો છો?' તે ઠગ બોલ્યો 'બધું.' તેથી શેઠ ખુશ થઈને બોલ્યો, 'મારા દીકરીઓ જન્મીને કેમ મરી જાય છે?' તેને જવાબ આપ્યો, 'તારી પત્ની શાકિની છે, તે (તારી પત્ની) તે તરતના જન્મેલા છોકરાઓને ખાઇ જાય છે.' શેઠે પૂછયું, 'કેવી રીતે વિશ્વાસ કરૂં? તે બોલ્યો, તું જયારે સુખેથી સુતો હોઇશ ત્યારે તે પોતાની જીભ વડે તને ચાટશે, એ ચિન્હ.' ઠગ બ્રાહ્મણને વિસર્જન કર્યો. શેઠ બપોરે ઘેર આવ્યો. ખાઈને પલંગ ઉપર લાંબો થયો. શેઠાણી બાજુમાં આવી. જેટલામાં તિલક શેઠ ખોટે ખોટે સુતો તેટલામાં તે પેલા જયોતિષની વાણી સાચી છે કે ખોટી તે જાણવા માટે પીઠ ચાટવા માંડી. શેઠને તે ઠગની વાણીનો વિશ્વાસ થઇ ગયો. તે બોલ્યો 'ખબર પડી ગઈ તું શાકિની છે' આ પ્રમાણે ગુસ્સે થઇ ગયો. શેઠાણી પણ બોલીઃ' મનેય ખબર પડી ગઇ તમે રાક્ષસ છો' આ પ્રમાણે તે પણ ગુસ્સે થઇ ગઇ. આ પ્રમાણે થોડીવાર સુધી તેમનો ઝઘડો ચાલ્યો. આડોશી-પાડોશી ભેગા થઇ ગયા. વાત જાણ્યા પછી તે લોકો બોલ્યા 'આ કોઇ ઘરફોડીયાનું કામ છે' તેટલામાં તે પણ ઠગ (નારદનો ભાઇ) ઝઘડાને જોતો ઘરની પાસે આવ્યો. જયાં લોકો ભેગા થયા હતાં, ત્યાં આવીને 'હું ઝઘડો કરાવનાર છું' એમ પોતાને ઓળખાવ્યો. *આ ઝઘડાખોર ઓળખાઇ જતાં શેઠ શેઠાણીને પોતાનો ભ્રમ સમજાઇ ગયો અને કલેશથી મુકત થયા. કોઇ ભરમાવે તો ભરમાવું નહીં જોઇએ.*



# જ્ઞાનભંડારના સંચાલકો ખાસ વાંચે-વિચારે

**આપણા સંઘમાં ઠેરઠેર 'જ્ઞાનભંડારો'** છે. એ જ્ઞાનભંડારો પાછા **સમૃદ્ધ** પણ છે. તદુપરાંત એનો લાભ લઈ શકે, એવો **જિજ્ઞાસુવર્ગ** પણ થોડા-ઘણા પ્રમાણમાં અસ્તિત્વ ધરાવે છે. આમ છતાં કાળજામાં ભોંકાય, એવો સણસણતો સવાલ એ છે કે, **આવા સમૃદ્ધ જ્ઞાનભંડારોનો ઉપયોગ કેટલો થતો હશે ?** જ્ઞાનભંડોર સમૃદ્ધ હોવા છતાં ઉપયોગમાં ન આવે, એમાં ઘણાં ઘણાં કારણો હોઈ શકેછે. આમાં સૌ પ્રથમ **જ્ઞાનભંડોરોના સંચાલકો-ટ્રસ્ટીઓને** અનુલક્ષીને વિચારણા કરીએ.

**ઘણા સંઘોમાં એવો કાયદો છે કે, પઠન-પાઠન માટે છુટથી પુસ્તકો ન આપી શકાય. ક્યાંક વળી ગામ બહાર પુસ્તકો લઈ જવાની છુટ નથી હોતી. ક્યાંક અમુક સમય-માર્યાદામાં પુસ્તકો પાછા જમા કરી દેવાની સીમાબંધી હોય છે.**

આવા બધા **કડક કાયદાઓ** કરવા પાછળ જો કે ટ્રસ્ટીઓ-સંચાલકોનો આશય તો એ જ હોય છે કે, પુસ્તકો બરાબર સંચવાય, પુસ્તકો સમયસર પાછા આવી જાય, પઠન-પાઠનનું કાર્ય પતી ગયા બાદ પણ પુસ્તકો એમ ને એમ પડ્યા ન રહે.

આ રીતે આશય સારો હોવા છતાં જ્ઞાનભંડારોનો વ્યાપક સદુપયોગ થવામાં આવા **નિયમો અવરોધક** પણ બની જતા હોય છે. (હસ્તલિખિત પ્રતો માટે આવું નિયમન હજી આવશ્યક અને આવકાર્ય ગણાય.) એ તો દીવા જેવી સ્પષ્ટ વાત છે કે, શ્રાવક સંઘ કરતાં **શ્રમણ-શ્રમણી સંઘ જ જ્ઞાનભંડરોનો વધુ ઉપયોગ કરતા હોય છે. શ્રાવકને તો ચોપડામાં જેટલો રસ હોય છે. એટલો રસ ચોપડી માં જોવા મળતો નથી. ધર્મસાહિત્ય ભેટમાં મળ્યું હોય, તોય** એને વાંચનાર કેટલા ? દૈનિકો અને 'ચિત્રલેખા' જેવા ચોપાનિયા પાછળ કેટલાક રૂપિયા વેરી દેનાર શ્રાવકોને ખરીદીને સાહિત્ય વસાવવાની પ્રેરણા થાય, તો **'આશાતના'** નું બહાનુ તૈયાર જ હોય છે. બાકી ખરી આશાતના તો ધર્મસાહિત્ય ન વસાવવું એજ છે. જ્ઞાનભંડારનો લાભ લગભગ તો પૂ. સાધુ-સાધ્વી ભગવંતો જ લેતા હોય છે.

મહત્વના આ મુદાને જરાક વિગતવાર વિચારીએઃ પ્રચિન-અર્વાચીન પુસ્તકોના સંપાદન-પ્રકાશન પાછળ પણ પ્રાયઃ પૂ સાધુ-સાધ્વીજીઓ જ રસ ધરાવતા હોય છે. આ માટેનો આંશિક લાભ પણ પૂજ્યોની પ્રેરણા પામીને જ સંઘો કે વ્યક્તિઓ તરફથી લેવામાં આવતો હોય છે. આ સિવાય **જ્ઞાનભંડારોને સમૃદ્ધ બનાવવામાં, વ્યવસ્થિત બનાવવામાં, લિસ્ટ આદિ બનાવવામાં પણ પૂજ્યો જ અગ્રેસર હોય છે. જ્ઞાનભંડારો લગભગ જ્ઞાનદ્રવ્યની ઉપજના કારણે જ સમૃદ્ધ બનતા હોય છે.** અને જ્ઞાનદ્રવ્યની ઉપજ મુખ્યત્વે પૂ. સાધુ-સાધ્વીજીઓની નિશ્રામાં પર્યુષણમાં જ થતી હોય છે.

આ રીતે **સાહિત્ય-પ્રકાશન અને જ્ઞાન-ભંડારોનું સંચાલન** આ બંને ક્ષેત્રે જેઓશ્રીનો શ્રુતભક્તિથી ભર્યા મહત્વનો ફાળો ભૂલ્યો ભૂલાય એવો નથી, એ **શ્રમણ-શ્રમણીવર્ગને તો પુસ્તકો મેળવવામાં કોઈ જ મુશ્કેલી ન પડવી જોઈએ,** એમને માંગણી ન કરવી પડે અને સામેથી પૂછીને એમની આગળ પુસ્તકોનો ઢગલો કરી દેવાનું કર્તવ્ય **સંઘે અદા કરવું જોઈએ.** એના બદલે આજે પરિસ્થિતિ સાવ જ પલટાઈ ગઈ હોય. એમ નથી લાગતું શું ? **'રાંધનારને ધૂમાડો'** આ કહેવત યાદ આવી જાય, એવી આજની પરિસ્થિતિ છે.

પૂજ્યોને પુસ્તકોની જરૂર હોય, તો માંડ માંડ લિસ્ટ હાથમાં આવે, પછી ઘણી મહેનતે સંચાલકનું દર્શન થાય, આ પછી પણ પુસ્તક મળતા તો બે ત્રણ દિવસ નીકળી જાય. પઠન-પાઠન માટે પુસ્તકોની તાત્કાલિક આવશ્યકતા હોય, તો એની પૂર્તિ થાય, એવી વ્યવસ્થા કેટલા સંઘોમાં હશે, એ **આજનો યક્ષપ્રશ્ન** છે.

અધ્યપન-અધ્યાપન માટે મળેલા પુસ્તકો ચીવટપૂર્વક વાપરીને બરાબર પાછા પહોંચાડવાનો

ઉપયોગ અભ્યાસ કરનારાઓએ રાખવો જોઇએ, આ મહત્વની બાબત પર અભ્યાસીઓએ લક્ષ કેન્દ્રિત કરવું જ જોઈએ, એમાં બેમત નથી. પરંતુ આ બાબતને આગળ કરીને જ્ઞાનભંડારના સંચાલકો પુસ્તકો ઉપલબ્ધ કરાવવામાં કૃપાણતા-ઉપેક્ષા દાખવે, એ તો કઇ રીતે ક્ષંતવ્ય ગણાત ? જ્ઞાનભંડારના સંચલકોએ તો એજ વિચારવું જોઇએ કે, સાધુ-સાધ્વીના ઉપયોગમાં આવતું પુસ્તક ભલે કદાચ ફાટી જાય, કે આડુંઅવળું પણ થઇ જાય, પરંતુ એકાદ પુસ્તક પણ ભણાવામાં ઉપયોગી થાય, તો આપણો આખો જ્ઞાનભંડાર સફળ ગણાય ! વળી આજે જે રીતના કાગળો ઉપર પુસ્તકો છપાય છે. એ કાગળોનું આયુષ્ય પણ બહુ બહુ તો ૬૦/૭૦ વર્ષોનું ગણાય. પુસ્તકો બહુ સાચવીને રાખ્યા હોય, તોય લાંબા કાળ સુધી તો એ ટકી શકવાના નથી જ ! અંતે બટકી જઈનેજ એ પુસ્તકો નાશ પામી જવાનું જ ભાવિ ધરાવે છે. પઠન-પાઠનમાં ઉપયોગ થયા વિના જ આ રીતે પુસ્તકો ખલાસ થઈ જાય, એના કરતા તો ભણવા-ગણવામાં ઉપયોગી બનતા બનતા એ પુસ્તકો જીર્ણશીર્ણ બની જાય, એ શું ખોટું ? પુસ્તકો પઠન-પાઠનમાં ઉપયોગી બનવા જ જોઇએ આ વાતની ઉપેક્ષા કરીને પુસ્તકોની સાચવણીને જ મુખ્યતા આપવી, એ તો 'જીવલડો ગયો, પણ રંગલડો તો રહ્યો' જેવી કહેવતને સાર્થક કરવા જેવું જ ન ગણાય શું ?

સરકારી પુસ્તકાલયોમાં પણ વર્ષે અમુક ટકા પુસ્તકો ખોવાઇ જાય, ગુમ થઇ જાય, એની સામે વાંધો ઊઠાવાતો નથી. તો પછી જ્ઞાનભંડારો માટે આવા દુરાગ્રહની વળગી રહેવાનો શો અર્થ ? **મંદિર-ઉપાશ્રય આદિનો જીર્ણોદ્ધાર થતો રહે, એમ પુસ્તકો પણ** જીર્ણોદ્ધાર પામતા જ રહે, એ તો કુદરતી ક્રમ છે.

આજથી થોડા વર્ષો પૂર્વે જ એવા **જ્ઞાનભંડારો** નજરે નિહાળ્યા છે કે, માત્ર એક પોસ્ટકાર્ડ લખી દેવા માત્રથી એ જ્ઞાનભંડોરો પોતાના ખર્ચે પોસ્ટ અથવા અન્ય કોઇ માધ્યમથી પુસ્તકોની રવાનગી કરીને ઉપરથી લાભ મળ્યાનો સંતોષ અનુભવતા. આની સામે **આજની પરિસ્થિતિનો ચિતાર રજુ કરતા દીલમાં દર્દ પેદા થાય એમ છે.**

નિયમિત જ્ઞાનભંડાર ખુલતા ન હોય, ભંડારના સંચાલનની જવાબદારી સંભાળે, એવું કોઇ ન હોય, માંડ-માંડ લિસ્ટ ઉપલબ્ધ થાય, ત્યાં પુસ્તકો તો સહેલાઈથી ઉપલબ્ધ થવાની આશા રખાય જ ક્યાંથી? આ અને આના જેવી પરિસ્થિતિ ઉકેલ માટે ટ્રસ્ટીઓ અને જ્ઞાનભંડારોના સંચાલકો જો જરાક ગંભીરતાથી વિચારતા થઇ જાય, તો આ કંઇ એવી સમસ્યાઓ નથી કે, જેનો કોઇ ઉકેલ જ ન હોય !

આટલી વિચારણાનો ક્ષાર એ નથી કે, ઉપરોક્ત બાબતો અંગે જ્ઞાનભંડારના સંચાલકો જ સંપુર્ણ દોષિત છે. જ્ઞાનભંડારના પુસ્તકોનો ઉપયોગ કરનારે પણ એટલું તો ન જ ભૂલવું જોઇએ કે, જ્ઞાનભંડારના વ્યવસ્થિત સંચાલનમાં પોતાનો પણ હિસ્સો નાનોસૂનો ન હોવો જોઇએ. **પુસ્તકોની વ્યવસ્થિત** જાળવણી, પ્રતોના પાનાઓની મેળવણી, કાર્ય પતી ગયા બાદ પુસ્તકો પરત કરવાની જાગૃતિ, વ્યવસ્થિત હાથોહાથ પુસ્તકો પહોંચાડે, એવા સંગાથની શોધ, કાળજીપૂર્વક પુસ્તકના વપરાશ રૂપે સાપડાનો અનિવાર્ય ઉપયોગ આ અને આવી બાબતો અંગે પુસ્તકો વાપરનાર સજાગ અને સાવધ બની જાય, તો જ્ઞાનભંડારના સંચાલકોની સમસ્યાઓ ઊકલી જાય.

જ્ઞાનભંડારના સંચાલકો પુસ્તકનો વધારો થાય, આ માટે પ્રયત્નશીલ હોવાથી ખર્ચ કરતા જણાય છે. પણ આની સાથે પુસ્તકોનો પ્રસાર-વપરાશ કેમ વધે, તે માટે પણ પ્રયત્નશીલ બનીને થોડો ખર્ચ કરવાનું નક્કી કરે, તો જ્ઞાનભંડારો સાચા અર્થમાં જ્ઞાનના ભંડાર બની રહે.

જ્ઞાનભંડાર અંગે ઊંડો રસ ધરાવતા તેમજ પ્રાચીન સાહિત્યના પ્રકાશન ઉપરાંત અનુવાદ-ગ્રંથોના મુદ્રણ-સંપાદન-સંકલનના વિષયમાં તબિયતની અસ્વસ્થતાને ગણકાર્યા વિના સતત શ્રુતસેવા બજાવતા રહેતા પૂ. પંન્યાસપ્રવર શ્રી વજ્રસેનવિજયજી ગણિવર દ્વારા પ્રાપ્ત મુદ્દાઓને નજર સમક્ષ રાખીને કરાયેલા આ સંકલનને જ્ઞાનભંડારના સંચાલકો-ટ્રસ્ટઓ ખુબ જ ગંભીરતાથી વાંચે-વિચારે તેમજ જ્ઞાનભંડારના વિકસની સાથે પુસ્તકોના વપરાશ-પ્રસારને પણ વધુ મહત્વ આપનારા બની રહે, તો આ સકંલનનો પ્રયાસ વધુ સાર્થક થયો ગણાશે.

*(જૈન શિક્ષણ પત્રીકા માંથી)*

# આનંદો... આ છે મોટી દીવાળી

એક રાજા હતો. તેને અફીણ ખાવાનો શોખ. ધીરે ધીરે એ અફીણનો બંધાણી થઈ ગયો. વ્યસનવાળાને એકલા વ્યસન સેવવું ફાવે નહિ તે કોઇની ને કોઇની જોડી શોધી કાઢે. કંપની હોય તો જ આનંદ આવે.

તેમ ગુરુદ્રવ્યને ગુરુદ્રવ્ય માની ઉપભોગ કરનારાઓને શોખ જાગ્યો. પોતાનું સ્મારક બનાવવાનો. સીધું જ કહેવાય નહિ તેથી પૂ. ગુરુદેવના નામે વાત ચલાવીને પોતાની ખીચડી પકાવી લેવા અનેકને જોડી દીધાં. સરખે સરખાં જોડી મળી આનંદ થયો. વાતને ટેકો મળ્યો.

અફીણ આખા રાજ્યમાં આવવા માંડ્યું. ધીરે ધીરે સૌ ખાવા લાગ્યા. રાજા પોતે ખાય તેથી રાજા કોને અટકાવે, કોને હા પાડે કોને ના કહે.

આવું જ અહીંયા બન્યું. સ્મૃતિ મંદિરમાં તો ગુરુદ્રવ્ય વપરાયું પરંતુ પૂ. ગુરુદેવે આપેલા માર્ગદર્શનને (નવસારી ર. છ. આરાધના ભવનને) પણ ફેરવવા યત્નશીલ બન્યા અને કહ્યું અમે કહીએ એ સાચું, બાકી તમારે કોઈની વાત સાંભળવી નહિં, બોલવી નહિં, હા કે ના કરવાની નહિં. ચૂપચાપ અમારી વાત સ્વીકારી લેવાની. અમારી પાસે મનીપાવર છે, મસલ્સ પાવર છે માટે અમારી વાત સ્વીકારી લો, બાકી ફેંકાય જવાના.

રાજા સાથે અફીણ ખાનારા વધવા લાગ્યા. સૌ કોઈ રાજા સાથે અફીણની મહેફીલ ઉડાડવા લાગ્યા.

એમ ખોટું કરાવનારાઓ વધવા લાગ્યા. કારણ કે સાચું કોઈને ગમે નહિં. સાચા હંમેશા થોડા હોય છે. (આપણને ખબર છે પૂ. ગુરુદેવ સાચી વાતને માટે એકલા રહેવા તૈયાર હતાં, સત્ય કયારેય છોડયું નથી. ખોટી વાત કરનારાઓના પક્ષે કયારે પણ બેઠા નથી) ખોટું કરનારાઓની નજર દેવદ્રવ્ય પર ઠરી. અઢળક આવકને કારણે મન ચંચળ બન્યું. (સ્મૃતિ મંદિરની શીલા સ્થાપના થયા પહેલાં પૂ. ગુરુદેવના પગલાં- ફોટા આદિનું પૂજન કરવાની બોલી દેવદ્રવ્ય લઈ ગયા છે, રસીદો આપી છે ને હવે ફેરવી નાખ્યું.) આવક ઘણી છે. ઉડાડો મીજબાની આપણું કામ કરવાનો અવસર સારો છે. ખાની સંમત્તિ મળી ગઈ છે હવે આપણે રાજા.

સમજુ અને વૃદ્ધ મંત્રીએ વિચાર્યુ આ તો રાજયની સઘળી આવક અફીણમાં ખર્ચાય જશે. અને રાજય કારભાર વહીવટ નહિં ચાલે.

શાસ્ત્રના ઇંદમ પર્યાયને સમજેલા મહાપુરૂષો અને પૂ. ગુરુદેવની અમૃતવાણી સાંભળતાં જે સંસ્કારો દ્દઢ થયેલા છે તેવા શ્રાવકોએ વિચાર્યું આ રીતે જો ગુરુદ્રવ્યનો ઉપયોગ થશે તો સ્વખાનાઓ ઠેર ઠેર ઉભા થશે ધીરે ધીરે યતિઓથી પણ...!!!

આજે આપણે જોઈએ છીએ કે હવે જે કોઈ પ્રસંગો કરવાના હોય તે પ્રસંગો સંઘના ઉપક્રમે કરવાના નહિં. સંઘની જગ્યામાં રહેવાનું, સંઘની ગોચરી- પાણી- સ્થંડીલની જગ્યા વાપરવાની અને સંઘની જગ્યામાં કોઈ પ્રસંગ કરવાનો નહિં, અલગ ખુલ્લા મેદાનો નાટકગૃહો, સભાગૃહો, અખાડાદિ લઈ સમિતિ રચીને પ્રસંગ કરવાના. જો શ્રી સંઘના ઉપક્રમે અને શ્રી સંઘની જગ્યામાં પ્રસંગો કરવામાં આવે તો સઘળી આવકના માલિક શ્રી સંઘ થઈ જાય માટે શ્રી સંઘને આવક ન આપવી પડે તે કારણે અલગ સમિતિ રચી આવી અલગ જગ્યાઓમાં પ્રસંગ ઉજવવામાં આવે તો નિશ્રાદાતા કરોડાધિપતિ બની જાય, કારણ કે પ્રસંગપૂર્ણ થયે સમિતિનું વિસર્જન અને સઘળી આવકના માલિક નિશ્રાદાતા. બહારથી બોલવાનું કે અમે પૈસા રાખીએ નહિં, વહીવટમાં માથું મારીએ નહિં પરંતુ સમિતિનો હિસાબ- કિતાબ આદિ સઘળા કાગળીયા તેઓ પાસે પડયા હોય, એકાંતમાં બેસી કેટલા આવ્યા ને કેટલા ગયા તેનું સરવૈયું કાઢતાં હોય અને ઉપધિ પોટલામાંથી નોટોના બંડલો પણ નીકળે. વર્ષમાં આવા બે-ચાર પ્રસંગો કરાવીને નિશ્રાદાતા હવે કરોડાધિપતિ બનવા લાગ્યા. તેના જોરે ખાંધિયા શ્રાવકોને પોતાના કબજામાં (વસમાં) લઈને પોતાની ખીચડી પકાવવાનું શરૂ કર્યું. હવે દ્રવ્ય આપણું છે આપણે ફાવે ત્યાં ઉપભોગ કરો કોણ રોકનાર છે. આપણે

રાજા છીએ.

અન્ય કારણે શ્રી સંઘની સઘળી આવક તૂટી, ખર્ચ દિવસે દિવસે વધવા લાગ્યો. શ્રી સંઘના વહીવટદારોની નજર કયા દ્રવ્ય પર ઠરશે અને કયા દ્રવ્યનો ઉપભોગ કરશે એ સમજૂ જન વિચારી લે...

સમજૂ મંત્રીએ રાજનને કહ્યું, તમોને અફીણ ખાવાની ટેવ છે તો ખુશીથી ખાવ પણ આ નવા બનાવેલા મહેલમાં ખાવ, બહાર નહિં. આ વાત સાંભળતાં જ રાજા અને સાગરીતો તો રાજી થઇ ગયા પણ મહેફિલ ઉઠાવવાની લાલચે ભેગા થયેલાનું શું થાય એની ગતાગમ તેઓને હોતી નથી. જેને એવું કાંઇ સુઝતું નથી તેઓને કેટલા દિવસ પળાય કે પોષાય?

લાગ જોઇને મંત્રીએ ચારે બાજુ લાકડાની ભારી ગોઠવાવી, અર્ધી રાત્રિએ તેને સળગાવી. બુમાબુમ મચી ગઇ ભાઇ ઉઠો ઉઠો લાય લાગી. મહેફિલના બારામાં કામ કરતાં અધિકારો તો ઉઠી ઉઠીને ચાલ્યા ગયા પરંતુ નશામાં ચકચૂર હતાં તેઓ બોલવા લાગ્યા ભાઈ દિવાળી પ્રગટી છે આનંદો... આનંદો... આ આગ નથી આ તો મોટી દિવાળી છે.

બસ, સમજુઓએ દિવાળી કરનારાઓને ચેતવ્યા, સમજાવ્યા, સમજાવવા માટે યત્ન પણ કર્યો પરંતુ (મોહ મદિરાથી) ખીચડી પકાવવાના ઈરાદેથી તેઓ સઘળું ભૂલવા લાગ્યા. સામસામી ભભૂકતી દિવાળીઓ જોઇને તેઓ આનંદ પામી રહ્યા છે તેના કારણે તેઓ સ્વ પરના આત્માને ડૂબાવનારા બને છે, તારવાનું ભાન રહ્યું નથી, આર્તધ્યાન રૌદ્રધ્યાનમાં જ દિવસો પસાર કરે છે. એક ખોટાને છુપાવવા માટે અનેક ખોટાં કરે છે. આમાં ફસાયેલો આત્મા શ્રી જિનેશ્વર પાસે પોતાના આત્માને રજૂ કરી શકતો નથી એથી આવા આત્માઓ કયા જનમારે સુધરશે? તેઓની સ્થિતિ વર્ણવી શકાતી નથી અને...!!!

- ખટપટીયો

વર્ધમાન વિરતિનગરી (કાંદિવલી) મધ્યે

## માત્ર ૩ા વર્ષના બાળકે કરાવેલો લોચ !!

*વર્ધમાન તોપોનિધિ પૂજ્યપાદ આચાર્ય દેવ શ્રીમદ્ વિજય લલિતશેખર સૂરીશ્વરજી મહારાજા આદિ સુવિશાળ શ્રમણ શ્રમણીગણના સાન્નિધ્યમાં મુંબઈ - કાંદિવલી-દહાણુકરવાડી વર્ધમાન વિરતિ નગરીમા ઉપધાનતપની આરાધના ચાલી રહી છે. લગભગ ૭૦૦ જેટલા વિશાળવૃંદમાં આરાધકો જોડાયા છે લગભગ ૩૪૧ જેટલી માળા છે.*

*આ તપસ્વીઓની શાતા પૂછવા આવેલા માત્ર ૩ વર્ષ અને ૧૦ મહિનાના બાળક મોક્ષાંગ ભાવેશકુમાર શાહ (ગોરેગામ-વેસ્ટ)ને લોચ કરાવવાનું મન થઈ ગયું...*

*પૂજ્ય આચાર્ય ભગવંતો, મુનિ ભગવંતોએ આ નાના બાળકની કર્મ નિર્જરક ભાવનાને સહર્ષ વધાવી લોચ પ્રારંભ્યો. ફુલ જેવી કોમળ કાયા, ગુલાબની કળી જેવું મુખડું જોતાં પળભર તો વિચાર આવી જાય કે આ બાળક આવા કપરા કષ્ટને સહન શી રીતે કરશે ? પણ મોક્ષાંગ તો ખૂબ જ મસ્તીમાં ગીત ગાતો ગાતો લોચ કરાવતો હતો. વીશમી સદીના વિરલ વિભૂતિ સુવિશાળ ગચ્છાધિપતિ દીક્ષાયુગ પ્રવર્તક પૂજ્યપાદ આચાર્ય દેવ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાની સ્તુતિ 'સમકિત દાયક ઓ ગુરુ ! ઉપકાર તુમ શેં વર્ણવું...' બોલતા બોલતાં પરમતારક ગુરુ ભગવંતની અદષ્ટકૃપા મેળવતા મેળવતા આખો લોચ પૂર્ણ થઈ ગયો... કદાચ વીસમી સદીના ઈતિહાસની આ સર્વપ્રથમ ઘટના હશે જે જૈન શાસનની ગરિમામાં સુવર્ણપૃષ્ઠનો ઉમેરો કરે છે.*

*ધન્ય છે એ બાળકની જનેતાને ! જેણે જિન સિદ્ધાંતને રોમેરોમે રમતો કરીને મોક્ષાંગના આધ્યાત્મિક દેહનું સર્જન કર્યું છે. ધન્ય છે એ પરિવારને જેણે જિન શાસનની પ્રભાવનામાં નિમિત્ત બન્યાનું સદ્ભાગ્ય મેળવ્યું.*

*પ્રેષક : પૂ. મુ. શ્રી હર્ષશેખર વિજયજી મ.*

# શું માગવું ને શું મેળવવું

એક સિદ્ધપુરૂષ જંગલમાં રહેતો હતો. ફરતો ફરતો એક મુસાફર તેની ઝુંપડીએ જઇ ચઢયો. સમીસાંજ પડવા આવી હતી તેથી મુસાફરે રાત ત્યાં જ રહેવાની વિનંતી કરી. સિદ્ધપુરૂષ કહે ભાઇ, એકથી બે ભલા. બે એટલે બાવીસ બરાબર છે. અકલમકલની વાતો કરતાં કરતાં સાંજનું વાળુ કરી બંને ખુલ્લા આકાશ નીચે અને વનરાજીથી વિંટળાયેલા ચોગાનમાં સૂતા.

જેને કાલની કોઇ ચિંતા નથી. એવા સિદ્ધપુરૂષ તો થોડીક ક્ષણોમાં સૂઇ ગયા. પોતાના સઘળાય સંસારની ચિંતા લઇને નીકળેલા અને કાલ શું ખાવું એની ચિંતા માથે લટકતી હતી, એવા મુસાફરને ઉંઘ ક્યાંથી આવે? સાથે વિચાર આવ્યો કે અજાણી જગ્યામાં ઘસઘસાટ સુઇ જવું એ ખતરારૂપે છે. જાનના જોખમ સ્વરૂપ છે. માટે કૂતરા જેવી ઉંઘ લેવી ઉચિત છે. પગરવનો સહેજ અવાજ સંભળાય તો જાગી જવું યોગ્ય છે. જો ઉંઘણશી બનીશ તો મારૂં સર્વસ્વ લૂંટાઇ જશે માટે જાગી જવાય એવી ઉંઘ મારે રાખવી પડશે.

આવા વિચારે અટવાયેલો મુસાફર ઉંઘવાની શરૂઆત કરે છે ત્યાં પેલો સિદ્ધપુરૂષ ખાટલામાંથી ઉભો થયો. ઝુંપડામાંથી એક ઘડો લાવી ચોગાનમાં મૂકયો. મુસાફર આ પ્રવૃત્તિને આંખો ફાડીને જોવા લાગ્યા. જો સૂઇ ગયો હોત તો આ સિદ્ધપુરૂષ ચોક્કસ મારૂં કાસળ કાઢી નાખત.

સિદ્ધપુરૂષ ઘડાની સામે આસન જમાવીને બેઠો, થોડા મંત્રોચ્ચાર કર્યા. કાંઇખ ઘડાની સામે ઉછાળું, કંઇક ઘડામાં નાખ્યું ને સિદ્ધપુરૂષ બોલ્યો.

'સાત માળનો મહેલ થાવ, એટલે મહેલ હાજર થઇ ગયો. સ્ત્રીઓ આવો, એટલે રૂપ રૂપના અંબાર જેવી સ્ત્રીઓ સિદ્ધપુરૂષની આજુબાજુ વીંટળાઇ ગઇ. કોઇક પંખો નાંખો, કોઇ વીંઝણો કરે, કોઇક ચેનચાળા કરે, કોઇ નાચગાન કરવા લાગી. થોડીવાર થઇ એટલે સિદ્ધપુરૂષ બોલ્યા સેજ્જલાઇવાળો પલંગ આવો. પલંગ હાજર થઇ ગયો. સ્ત્રીઓ સ્વામીનાથ, સ્વામીનાથ બોલતી સિદ્ધપુરૂષને પલંગ પર બેસાડયો. લીલાલહેર કરતાં સિદ્ધપુરૂષે કહ્યું ઉત્તમ સ્વાદિમ્ ખાદિમ્ની સામગ્રીઓ હાજર થાવ, કહેતાંની સાથે જ સુંદર સોડમને છોડતી વાનગીઓ હાજર થઇ. ખાધુ- પીધું ને લગભગ ચાર કલાક પસાર થયા એટલે સિદ્ધપુરૂષ પૃથ્વી તટ ઉપર આવ્યા ને બોલ્યા ચાલ્યા જાવ, એટલે સઘળી માયાજાળ સંકેલાઇ ગઇ, સિદ્ધપુરૂષ પાછા આવી ખાટલામાં ઘસઘસાટ સૂઇ ગયા.

મુસાફરને ઉંઘ નથી આવતી. સિદ્ધપુરૂષની લીલા જોઇને તૃપ્ત થયેલા મુસાફરને આ ચીજો ભોગવવાનું મન થયું. દેશાંતર જવું ને ત્યાં મહેનત મજુરી કરવી એના કરતાં આમની સેવા ચાકરી કરુ એ જો પ્રસન્ન થશે તો મારૂ કામ થઇ જશે. સિદ્ધપુરૂષ પ્રસન્ન થયા. બોલ બેટા, શું આપું? વિદ્યા આપું કે ઘડો આપું.

મુસાફર વિચારવા લાગ્યો કે વિદ્યા લઇશ તો જાપ કરવો પડશે, આના કરતાં સીધોસટ ઘડો જ માંગવો સારો. વિદ્યા સાધવા માટે તપ- જપ અને પૂજાની ભાંજગડ. એકાદ અક્ષર ભૂલી ગયો કે ઓછો વત્તો બોલાયો તો ઘડો લીલા નહીં આપે આથી ઘડો માંગ્યો.

સિદ્ધપુરુષે ઘડો મંત્રીને મુસાફરના હાથમાં આપ્યો. રાજી થતો થતો તે ગામ તરફ ચાલ્યો. મુસાફરી છોડી દીધી-ઘરે પહોંચતાં ઘરના દરવાજા બંધ હતાં તેથી ઘડો નીચે મુકી ઘડા પાસે સઘળી વસ્તુઓ માંગવા લાગ્યો, એક પછી એક અનેક

વસ્તુઓ હાજર થવા લાગી. તે જોઇ મુસાફર રાજી થઇને નાચવા લાગ્યો, નાચતા નાચતા ભાન ભુલ્યો ને પડયો ઘડા ઉપર. ઘડાના તો રામ રમી ગયા. હવે કયાં સિદ્ધપુરૂષને ગોતવા જાય અને સિદ્ધપુરૂષ પણ કયાં મળે?

એવી રીતે હે પૂણ્યાત્માઓ આ સિદ્ધપુરૂષ સારીખો ધર્મ છે. શાસ્ત્ર દ્વારા એ ધર્મ પાસેથી સમ્યગ્ જ્ઞાન- દર્શન- ચારિત્ર લીધા હોય તો સર્વકાળ ઉપયોગી નીવડે. ધર્મ પાસે બાયડી, સારૂ આરોગ્યવાળુ શરીર, છોકરાં, આબરૂ, ઈજ્જત આદિ ઘણું માગશું તો પરિણામ શું આવે? ધર્મ પાસેથી મળે એમાં વાંધો નથી પણ આગળ જતાં ધર્મનો નાશ ને દુર્ગતિ. ધર્મથી માંગેલા અર્થ-કામ દુર્ગતિને આપનારા છે. ધર્મથી મળેલા અર્થકામ દુર્ગતિને આપનારા નથી માટે ધર્મ પાસે માંગવાની ભૂલ કયારે પણ ન કરતાં, નહિંતર દુર્ગતિ નિશ્ચિત. એક ભવે કદાચ મળી જશે પછી સફાચટ, ઘડાએ એક વખત બધું આપ્યું ને બીજી વખત સાફ.

સંસારમાં બે પ્રકારની વસ્તુઓ છે એક ઘડા જેવી આ ભવની વસ્તુઓ અને બીજી ભવોભવ કામ લાગનારી એવી સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્ર.

શું માગવું અને શું મેળવવું એનો વિચાર તમે સૌ કરજો.

-પ્રજ્ઞાવિ.

## સમ્યક્ત્વ વિષે

પરીક્ષા = કોને નમાય

● અંબડ પરિવ્રાજકે પ્રભુને કહ્યું કે હું રાજગૃહી જાઉં છું મારા જેવું કામ આજ્ઞા? પ્રભુ કહે છે કે સુલસાને ધર્મલાભ કહેજો. તહત્તિ -અંબડ તો ઉપડયો રાજગૃહી અને રસ્તામાં વિચારે છે કે એવું તે શું સુલસામાં ભર્યું છે કે પ્રભુ એક સુલસાને જ ધર્મલાભ આપ્યો?

● વાંચકો વિચારજો, અંબડ તો ત્યાં જઈ રોજ શહેરના જ દરવાજે નવા નવા રૂપ લઈ બેસી જાય છે. એક દિ બ્રહ્માનું એક દિવસ વિષ્ણુનું, એક દિવસ શંકરનું પણ ગામ આખું દોડી દોડ જાય છે. પણ સુલસા એક નથી જાતી. બધા પાડોશીએ ખૂબ જ કહે છે, સમજાવે છે, પણ મૌન અને જથા દિવસ તીર્થંકર પ્રભુનું રૂપ બનાવી બેસી ગયો. ત્યારે ઘણાં ધર્મીઓ કહે છે આજ તો ચાલ તારા ભગવાન તીર્થંકર આવ્યા છે. ત્યારે સુલસા શ્રાવિકા શું કહે છે? તીર્થંકર પ્રભુની બનાવટ કરીને આ તો કોઇ ઠગારો છે, ધૂતારો છે, જા ભાઇ જા, બેન આવા ઠગારા ધુતારા પાસે સુલસા જોવા પણ આવી ના શકે. જિન આજ્ઞા એ જ પરમો ધર્મ.

● તામલીતાપસે ૬૦ હજાર વર્ષ માસખમણ કર્યો અને પારણામાં ૨૧ વખત ધોયેલા ચોખા વાપરી પણ જિનાજ્ઞા રહિત એ અજ્ઞાનતપ બહુ જ અલ્પ ફળ આપનારો બન્યો. શાસ્ત્રના પાને પાને જિનાજ્ઞાનું જ મહત્વ છે. બાકી પ્રભુ આજ્ઞા વિના- ફોતરા ખાંડવા- મડદાને સોનાના ઘરેણાં પહેરાવવા. ભયંકર શૂન્ય જંગલમાં રડવું. આ બધું નિષ્ફળ છે તેમ પ્રભુ આજ્ઞા વિના જિન પૂજા કે ધર્મક્રિયા નિષ્ફળ જાય છે. પ્રભુ આજ્ઞા વિના આજ લગી કોઇ જીવ મોક્ષે ગયો નથી. પ્રભુ આજ્ઞાને શુદ્ધભાવથી સ્પષ્ટ સમજવાની પ્રયત્ન કરવો (ભાવ સેવવો તે સમ્યગ્જ્ઞાન) સ્પષ્ટ સમજાયેલી દૂધને દૂધ તરીકે જાણવું તે આજ્ઞાને આત્મામાં ઉતારવી તે (સમ્યગ્દર્શન) અને પ્રભુ આજ્ઞાનું શકય તેટલું પાલન કરવું. પ્રભુ આજ્ઞાને માન્ય રાખી આદર કરવો (સમ્યગ્ ચારિત્ર). પ્રભુ આજ્ઞા મુક્તિ દેનારા છે.

● અનુત્તર વિમાનમાં રહેનારા દેવોને સુખનો તો માપ નથી હોતો છતાં તે બાજુ અણગમો હોય અને તેઓ રાતને દિવસ તત્ત્વ ચિંતામાં જ પડયા હોય છે. સુંદર નાટકો ચાલુ હોય છે છતાં તે બાજુ મન રાખતાં નથી. ૩૩ સાગરો પમનું આયુષ્ય તેમને મોટી જેલ લાગે છે. શા માટે તો ત્યાં તેઓને વિરતિનો અભાવ છે. ફકત બે ઘડીનું સામાયિક તેમને ઉદયમાં નથી આવતું. જેથી તો તત્ત્વ ચિંતનમાં જ તે પડયા રહે છે કે કયારે અહીંથી છૂટીએ. સુખનો તો માપ નથી છતાં આમ કેમ ઇચ્છે છે આપણું. સુખ કેટલું અને આપણું આયુષ્ય કેટલું? જરા વિચારો.

● ભગવાનનો સાધુ ૮મા ભવે છેવટે મોક્ષ જાય તેવી મોર મારી દીએ છે. એમનો ફોર્મ પાસ થઇ જાય છે, સીક્કો લાગી ગયો. આપણો પુન્યોદય પાપોમાં ઢંકાઇ ગયો છે. જેથી પાપ પ્રવૃત્તિમાં વધારે ટાઇમ પસાર થાય છે. હેતું એવું કઠણ બની જાય છે કે જેથી જલ્દી સામાયિક પૂજા પચખાણ- પ્રવૃત્તિ કરવાનું મન ન થાય. મનુષ્ય ભવ કર્મ ખપાવવા માટે છે. માટે જ ભગવાને ધર્મક્રિયાઓ કરવા બતાવી છે. *પ્રેષક- શ્રી રતિલાલ દેવચંદ ગુઢકા- લંડન*

કુસુમપુર નગરમાં ધનસાર નામના શેઠ રહે. શેઠ પાસે અઢળક લક્ષ્મી. ચાર દીકરા. શેઠ પાસે ધન ઘણું પણ અભિમાન નહીં. ધર્મની રૂચિ પણ ઘણી.

અવાર-નવાર સદ્‌ગુરુના ચરણોમાં બેસી ધર્મશ્રવણ કરે. એકદા ગુરુ ભગવંતના મુખેથી જિનાલય નિર્માણનો મહિમા સાંભળ્યો. જેમ કૂવો ખોદતી વખતે શરૂમાં તો હાથ-પગ, ધૂળ કાદવથી ગંદા થાય છે પણ પછી જયાં પાણીની સરવાણીઓ ફૂટે ત્યાં સુધી ખોદકામ પહોંચે એટલે નિર્મળ જળથી ખોદનારના હાથ - પગ તો સ્વચ્છ થઇ જ જાય છે. પણ એ કૂવાના કાંઠે આવી અનેક લોકો તૃષા છીપાવે છે. નાહી-ધોઇ શુદ્ધ થાય છે. એમ જિનાલયના નિર્માણમાં આરંભ- સમારંભજન્ય થોડા કર્મો બંધાય છે. પણ પછી એ જિનાલયમાં પરમાત્માને બિરાજિત કરી ઉછળતા ભાવે ભકિત કરવાથી જબરદસ્ત પુણ્ય બંધાય છે અને વર્ષો સુધી હજારો આત્માઓ ત્યાં પ્રભુ-ભકિત કરી આત્મ કલ્યાણ સાધે છે.

શેઠના મનમાં આ વાત બેસી ગઇ. શેઠે વિપુલ દ્રવ્ય ખર્ચી બાવન જિનાલયનું નિર્માણ કરાવ્યું. અનેરા ઉમંગથી પ્રતિષ્ઠા મહોત્સવ પણ ઉજવ્યો. શેઠના હૈયામાં આનંદનો પાર નથી. રોજ સુંદર પ્રભુ-ભકિત કરે છે.

પણ, બન્યું એવું કે આ પછી થોડા સમયમાં શેઠને ધંધામાં મંદી આવી. ઉઘરાણી ફસાઇ ગઇ. પાપના ઉદયે ભારે મોટા આર્થિક ફટકા પડયા... કરોડપતિ શેઠ રોડપતિ થઇ ગયા! કરમને કંઇ શરમ થોડી હોય છે?

કાગને બેસવું અને ડાળને પડવું આ બે જો સાથે થતાં હોય તો લોકો એમાં કાર્ય કારણભાવ જોડી દેતાં હોય છે. કાગડો બેઠો માટે ડાળ પડી.

શેઠના દીકરાઓએ પણ આવો કાર્ય-કારણ સંબંધ જોડી દીધો. આપણે જિનાલય બનાવ્યું. પ્રતિષ્ઠા મહોત્સવ કર્યો અને આપણે નિર્ધન થઇ ગયા.

આ ડોસાએ મંદિર બનાવી આપણને ભીખ માંગતા કરી દીધા. હવે આ મંદિરનું પગથિયું નહીં ચડવાનું, ધર્મ બિલકુલ નહીં કરવાનો!

હવે છોકરાઓ નવરા પડે એટલે ધર્મની, બાપાની, જિનાલયની નિંદા કર્યા કરે છે. આ બધા જાણે એમના એક નંબરના દુશ્મન હોય... એમના પાપે જ જાણે પોતે દરિદ્ર થયા છે એવું ભુરૂ ચારેયના મગજમાં પેસી ગયું.

શેઠે જોયું કે હવે આ છોકરાઓને મને જોઇને અપ્રીતિ થાય છે અને એમના મોઢે દેવ-ગુરુ ધર્મની નિંદા સિવાય બીજું કશું સાંભળવા મળતું નથી.

નિર્ધન તો પાપકર્મના ઉદયે થયા. પણ એ પહેલાં લક્ષ્મીનો આવો સદુપયોગ કરી બાવન જિનાલય મંદિર નિર્માણ કરવાનો લ્હાવો મળી ગયો એની અનુમોદના પણ કરતાં નથી.

આ છોકરાઓ હવે બાપ તરીકેની મારી મર્યાદા સાચવે એવું પણ લાગતું નથી. સાથે રહીને સમાધિ જાળવવી મુશ્કેલ છે.

શેઠ-શેઠાણી દીકરાઓથી અલગ થઇ ગયા. ઘરડાં મા-બાપ કેમ કરી ગુજરાન ચલાવશે એવી આ નગુણા કપૂતોને ચિંતા નથી. એમને તો થયું 'બલા ટળી.'

એક જમાનાના કરોડપતિ શેઠ વૃદ્ધાવસ્થામાં ખભે કોથળો નાંખી એક ગામથી બીજા ગામ જાય છે... પણ હૃદયમાં શાંતિ છે. પૈસા આવે કે જાય, મહત્ત્વનું નથી, ધર્મ સ્થિર રહેવો જોઇએ. બીજાનો દોષ કાઢવો નકામો છે.

એવામાં એક દિવસ શેઠ એક ગામથી બીજા ગામ જઇ રહ્યા છે. ખભે કોથળો નાંખેલો છે. ઘડપણના લીધે શ્વાસ ચડે છે. થાક ખાય છે. પાછા આગળ વધે છે. રસ્તામાં ગુરુ ભગવંતોને આવતા દીઠા. કોથળો બાજુમાં મૂકયો, 'મત્થએણ વંદામિ.

દેરાસરની પ્રતિષ્ઠા કરનાર આચાર્ય ભગવંત અને એમનો પરિવાર હતો.

'અરે! તમે ધનસાર શેઠ નહીં?'

'હા, ગુરુદેવ, આપે બરાબર ઓળખ્યો.'

'પણ, શેઠ આ શું? તમારા ખભે કોથળો અને આ તમારી અવસ્થા?'

કપાળ ઉપર આંગળી મુકી શેઠ કહેઃ 'બધું ભાગ્ય આધીન છે. અત્યારે પાપોદય ચાલે છે. સંસાર છે. ચાલ્યા કરે.

પણ, આચાર્ય ભગવંતે જયારે બધી વિગત જાણી ત્યારે એમને થયું- આવો ધર્મી જીવ દુઃખી થાય એ ઠીક નથી. લોકો ધર્મની પણ નિંદા કરે.

આચાર્ય મ. કહે અમે કુસુમપુર જ જઇએ છીએ. ઉપાશ્રયે આવજે.

શેઠ પહોંચ્યા. વંદન કર્યું....

જુઓ શેઠ, ત્રણ દિવસના અઠ્ઠમતપ પૂર્વક વિધિ સહિત નવકાર મંત્રનો જાપ કરો. ભલે....

ત્રીજા દિવસે ધરણેન્દ્ર પ્રસન્ન થયા.

'માંગ, માંગ.'

શેઠઃ 'આજે મેં પ્રભુને ફુલનો હાર ચડાવ્યો છે, તેનું ફળ આપો.'

ધરણેન્દ્ર : 'મારા ગજા બહારની વાત છે.'

'તો એ હારના એક ફુલનું ફળ આપો.'

'એ પણ શકય નથી.'

'તો ફુલની એક પાંખડીનું....'

'એ પણ અસંભવ છે... બીજું કાંઇક માંગ.'

'કંઇ નથી જોઇતું.'

છેવટે રત્નના કુંભો મુકીને ઇન્દ્ર વિદાય થયા.

શેઠ છોકરાઓને પણ ધર્મનો મહિમા સમજાવી માર્ગ ઉપર લાવ્યા.

(પ્રસંગ કલ્પલત્તામાંથી)

-પૂ. આ. ચંદ્રશેખરવિજયજી મ. સા.

# મોહજય

*(શ્રી 'કુવલયમાળા'માંથી)*

મોહના જય માટે સુવિહિતોએ આમ વિચારવું જોઇએ કે અશુચિ અને મલમુત્રની કયારી સરખી નારીમાં કોણ આનંદ પામે? અશુચિ, દુર્ગંધથી બીભત્સ અને ઘણા શિષ્ટ લોકોથી ત્યાગ કરાયેલી સ્ત્રી સાથે જે સંગ કરે તે મૂર્ખ છે. હવે એને બીજે કયાં વૈરાગ્ય આવશે? જે જે ગુપ્ત સ્થાનો સ્ત્રી દેહમાં છે તેને સુજ્ઞ લોકો અસુંદર ગણે છે, પરંતુ મૂઢને તે જ રમ્ય લાગે છે. ખરેખર તેને ઝેર પણ મધુર લાગે છે. જે વારંવાર શ્વાસ શરૂ કરે, કંપે, નયન બીડી દે, સહન ન થાય તેમ કરે, મરવાના બધાં ચિહ્નો બતાવે તો પણ મૂઢાત્માઓ તેનાથી વૈરાગ્ય પામતા નથી અને એને રમણીય માને છે. લોકોમાં લજ્જાસ્પદ તેમજ ડાહ્યા પુરૂષોએ નિંદેલી અને અશુચિ હોવા છતાં શૂરવીર પુરૂષો જે ક્રીડા કરે છે તે પાપાસકિત સમજવી. જો સમુદ્રોને બિન્દુઓની ગણતરીથી માપી શકાય તો જ કામરાગથી જગતમાં જીવોને તૃપ્તિ થાય, એમાં સંદેહ નથી. કાષ્ઠ ઇન્ધનો અને ઘાસથી અગ્નિને તૃપ્તિ થાય તો જ કામથી જીવોને તૃપ્તિ થાય એ નિઃસંદેહ વાત છે. ઉંચા, પુષ્ટ, કઠીન સ્તનભારથી નમી ગયેલા શરીરના મધ્ય ભાગવાળી દેવાંગના સાથે હું દેવલોકમાં ઘણું રમ્યો, છતાં સંતોષ ન થયો. મનુષ્યયોનિમાં પણ ઉત્તમ અને મધ્યમ સ્ત્રીઓ સાથે અનેક વખત રમ્યો છતાં આ રાંક જીવને સંતોષ નથી. આ પ્રમાણે હે જીવ! આ અશુચિ સંબંધવાળા મોહને છોડ અને સુખ પરંપરાના કારણભૂત શ્રી જિનેશ્વર ભગવંતની આજ્ઞાનો વિચાર કર. અહીં ક્રોધ, માન, માયા અને લોભ તથા મોહ સેંકડો દુઃખના આવાસરૂપ છે તે માટે પ્રભુની આજ્ઞા છે કે સર્વથા તે સર્વનો ત્યાગ કરવો.

# દીક્ષાના ૫૦ વર્ષ પૂર્ણ થતાં અનુમોદના

શરદપૂર્ણિમાના ચંદ્ર જેવા શીતલ ગુણોના સ્વામી, વર્ધમાન તપોનિધિ, મધૂર વૈરાગ્યભાષી

**પ. પૂ. આ. શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ. સાહેબનો પીરચય.**

જન્મ : વિ. સં. ૧૯૯૨ ફા. વ. ૧ જન્મ સ્થળ : રાધનપુર
માતા : હીરાબેન પિતા : રતિભાઈ સંસારી નામ : બાબુભાઈ
દીક્ષા : ૨૦૧૦ મહા સુ. ૪, મુંબઈ - દાદર, દીક્ષાદાતા : સિદ્ધાંત મહોદધિ પ. પૂ. આ. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ. સા.
ગુરૂદેવ : સિંહગર્જનાના સ્વામી પ. પૂ. આ. શ્રી વિજય મુક્તિચંદ્ર સૂરીશ્વરજી મ. સા.
ગણિપદ : ૨૦૪૧ મા. સુ. ૬, પાલીતાણા, પદદાતા : તપાગચ્છાધિપતિ પ. પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા.
પંન્યાસપદ : ૨૦૪૪ ફા. વ. ૩, અમદાવાદ, પદદાતા : ધર્મતીર્થ પ્રભાવક પ. પૂ. આ. શ્રી વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મ. સા.
આચાર્યપદ : ૨૦૪૬ ફા. સુ ૧૧, બોરસદ, પદદાતા : તપસ્વી સમ્રાટ પ. પૂ. આ. શ્રી વિજય રાજતિલકસૂરીશ્વરજી મ. સા.

## પૂજ્યશ્રીનો ગુણવૈભવ

- વૈયાવચ્ચ : કોઈનું પણ કરી છુટવું, આ વૃતિને લઈને સમુદાયમાં સૌને પ્રિય છે.
- પહેલા ઘણી વખત ૫૦ સાધુ ભગવંતોની માંડલીનું પાણી એકલા હાથે લઈ આવતા હતાં.
- વિ. સં. ૨૦૧૨ માં તેઓની ભક્તિ જોઈ પૂજ્યપ્રેમસૂરીશ્વરજી મહારાજ માંડલીમાં જણાવતા કે પ્રભાકર વિ. મ. સા. ની ભક્તિ ચોથા આરાના સાધુની યાદ આપે છે.
- સમ્યક્દર્શનની નિર્મળતા માટે વિ. સં. ૨૦૧૭માં અઠ્ઠાઈના તપમાં ૧૯૫ કિ. મી. વિહાર કરી ફલોધિથી જેસલમેરની પંચતીર્થની યાત્રા કરી.
- પૂજ્યશ્રીના ઉપદેશથી ચાલીશથી અધિક જિનમંદિરોના નિર્માણ તથા અનેક ગૃહમંદિરોમાં પ્રતિષ્ઠાવિધિ કરાવી છે.
- પૂજ્યશ્રીના ઉપદેશથી ઔરંગાબાદ વગેરે અનેક પ્રાચીન જિનાલયોના જિર્ણોદ્ધારાદિના કાર્યો થયા છે.
- શ્રાવકરૂપી ગ્રાહકોને વ્રત-નિયમરૂપી રત્નોના વેપાર કરવા માટે આવશ્યક આરાધના ભુવનની મહત્તા સમજાવતા વીશથી અધિક શ્રી સંઘોમાં ઉપાશ્રયના નિર્માણ ગયા છે.
- પૂજ્યશ્રીના માર્ગદર્શન મેળવી પંદરથી અધિકથી જ્ઞાનની પરબ સમાન પાઠશાળાની સ્થાપના થઈ છે.
- જયાં જયાં તેઓશ્રી વિચરે છે ત્યાં સાધારણખાતાનો લાભ સમજાવી અનેક શ્રી સંઘોમાં કાયમી રકમ કરાવી આપી છે, જેથી ભુલથી પણ દેવદ્રવ્યની રકમ સામે નજર ન જાય.
- સાધર્મિક ભક્તિ કેવા ભાવથી કેવી રીતે કરવી જોઈએ તે વાતને વારંવાર ઘુંટીઘુંટીને સમજાવે છે.
- ૯ ઉપધાનમાં અપ્રમતપણે પુણ્યાત્માઓને મંગળમય આરાધનાઓ કરાવી છે.
- ૩૦ જેટલા છ'રી પાલિત સંઘોમાં નિશ્રા પ્રદાન કરી અનેક જીવાત્માઓને બોધીબીજ પમાડયા છે.
- શ્રાવક-શ્રાવિકાએ કરેલા તપની પૂર્ણાહુતિમાં ઉજમણાં ઠેકઠેકાણે તેઓશ્રીની નિશ્રામાં થતા જ રહે છે.
- સ્વાધ્યાય વિના ચેન પડે નહિં નકામી વાતોને બદલે કંઈ પણ સારૂ વાંચન અને લેખન કરવાના પરિણામે વૈરાગ્યમય ૪૦ પુસ્તકોની જીનશાસનને ભેટ મળી છે.
- વૈરાગ્યમય ચૈત્યવંદનો, સ્તવનો તથા સજ્ઝાયો, પ્રતિક્રમણાદિમાં ખૂબ હૈયાના ભાવપૂર્વક પ્રકાશે જેથી શ્રોતાજનો ભાવવિભોર બની જાય છે. નિરંતર શિષ્યો-નિશ્રાવર્તી સાધુઓનું યોગક્ષેમ કરે છે.
- સમ્યક્ચારિત્રની સાધનામાં માંડલીમા ઉભા ઉભા પડાવશ્યકની આરાધના અપ્રમત્તપણે કરે છે. ૪૯ વર્ષના દીક્ષા પર્યાયમાં મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ, બંગાળ, કર્ણાટક, રાજસ્થાન આદિ અનેક જગ્યાએ વિચરણ કરી ૬૦ હજાર કિ.મી. પગપાળા વિહાર કર્યો છે.
- અનેક પુણ્યાત્માઓને ભવઆલોચના કરાવી તેમના જીવનનો જીર્ણોધ્ધાર કર્યો છે.
- તેઓશ્રીની નિશ્રા પામી અનેક પુણ્યાત્માઓએ સંયમજીવનનો સ્વીકાર કર્યો છે. ઉપધાનતપની આરાધના કરી છે તથા સમ્યક્ત્વમૂલ ૧૨ વ્રતધારી શ્રાવક-શ્રાવિકા બન્યા છે.
- સમ્યક્તપની આરાધનામય તો પૂજ્યશ્રીનું જીવન જ છે. ''ઈચ્છાનિરોધસ્તપ'' એ સૂત્રને નજર સમક્ષ જિનાજ્ઞાને, ગુરુ જ્ઞાને સમર્પિત રહીને વર્ધમાન તપની ૧૦૦ ઓળી કરી જેમાં ૨૩ અને ૩૩મી ઓળી માત્ર રોટલીથી જ કરી છે.
- વીશસ્થાનક તપ ઉપવાસથી, તીર્થંકર, વર્ધમાન તપની ૨૦ ઓળી ઉપવાસથી, ૪૨-૩૩-૨૦-૧૩-૧૨-૧૧-૧૦-૯ ઉપવાસની આરાધનમાં માત્ર દોઢ વર્ષમાં જ કરી.
- ૮ ઉપવાસ દશવાર, ૭ ઉપવાસ સાતવાર, ૬ ઉપવાસ ૬ વાર, ૫ ઉપવાસ પાંચવાર, ચારના પારણે ચાર ઉપવાસ ૧ મહીના સુધી, છઠના પારણે છઠ ૧ મહિના સુધી, ૧૦૮ અઠમનો તપ, ૨૪ ભગવાનના ચડતા-ઉતરતા ક્રમે આયંબીલ, સત્તરમાં ભગવાનનાં ચઢતા ક્રમે આંયબીલ તપ ચાલુ.
- માંદગી આવે ત્યારે ડોકટરને ન બોલાવતા અઠમતપ કરતા.
- સમતા-સમાધિ : ''સહન કરે તે સાધુ'' આ શસ્ત્રવચન એમના જીવનમાં ડગલે-પગલે જોવા મળે છે, ગમે તેવા પ્રસંગોમાં કયાંય ઉગ્રતા કરતા નથી. કોઈનાં પ્રત્યે દ્વેષભાવ ન જન્મે એજી તકેદારી જેઓ નિરંતર રાખે છે.

# સમાચાર સાર

**સિંગોલી (રાજ.)** અત્રે પૂ. આ. શ્રી વિજયદર્શનરત્ન સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં પોષદશમીની આરાધના પો.ષ વદ ૯-૧૦-૧૧-૧૨ ગુરૂ, શુક્ર, શનિવારે થઇ તે નિમિતે દરરોજ પૂજાઓ ભણાવાઇ.

**મુંબઇ:** ઘાટકોપર શ્રી હરખચંદ ગોવીંદજી મારૂ તરફથી વડિલોના સુકૃત્યોની અનુમોદના તથા આત્મ શ્રેયાર્થે તેમજ ચિ. પારૂલ તથા ચિ. મિતેશના લગ્ન પ્રસંગે પૂ. આ. શ્રી વિજય લલિત શેખર સૂરીશ્વરજી મ. આદિ તથા પૂ. સા. શ્રી કૈવલ્ય રત્નાશ્રીજી મા. તથા પૂ. સા. શ્રી વિશુદ્ધ રત્નાશ્રીજી મ. (તેમના ભત્રીજી મ.) આદિની નિશ્રામાં દાદર મહાજન વાડીમાં તા. ૨૬-૧૨-૨૦૦૩ના સવારે શ્રી ભકતામર મહાપૂજન રાખેલ. વિધિ માટે મહેશભાઇ પંડિત -મલાડ તથા વિનોદ શાહ પાર્ટી આવેલ હતી. પૂજન ઠાઠથી ભણાવાયું બાદ સાધર્મિક ભકિત રાખેલ હતી.

**બેંગલોર-બસવેશ્વર નગર** - દેવનહલી ૧૦૮ નાકોડા અવન્તી પાર્શ્વનાથ તીર્થ તથા શ્રી સિદ્ધાચલ સ્થૂલભદ્ર ધામની છરી પાલક સંઘ પૂ.આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં શ્રીમતી જીવીબેન કાલીદાસ હંશરાજ નગરીયા પરિવાર લાખાબાવળવાળા તરફથી શ્રી બસવેશ્વર હા.વી.ઓ. તથા સંઘના ઉપક્રમે ઉત્સાહથી નીકળ્યો હતો. પોષ સુદ ૧ના પ્રયાણ કરી સંઘપતિ શાહ રમેશચંદ્ર કાલીદાસ હંશરાજ નગરીયાને ત્યાં પૂ. આ. શ્રી આદિ પધારેલ. સાંજે યાત્રિકોને અત્તર પારણા તથા ભાવિકોની ભકિત કરી હતી. સુદ ૨+૩ સવારે પ્રયાણ થયું. હેબાલ પાસે કલ્યાણક મંડપમાં મુકામ થયો. સ્નાત્ર પ્રવચન ભાવના થયા. આજની ઓળી શાહ ખીમજી વીરજી ગુઢકા પરિવાર મીઠોઇવાળા નાઇરોબી હ. પ્રભુલાલ ખીમજી થાન-જામનગર - નાઇરોબી તરફથી થઇ. યાત્રિકો ૧૨૦ જેટલા અને મહેમાન મળીને ૨૦૦ની સંખ્યા થઇ હતી. આજે ભાવિકોમાં ચર્ચા થઇ. પૂ.શ્રીનો પોષ સુદ-૨નો જન્મ દિવસ છે તેથી શ્રી મગનલાલ લક્ષ્મણ મારૂ, થાણાએ પૂ. શ્રી સોળસલા અમારે ત્યાં પ્રસંગે આવેલા અને રજા ન મળતાં ભાગી જઇને દીક્ષા લીધી વિ. કહ્યું અને ભાવિકોએ પૂ. શ્રીના ૭૧માં વર્ષ પ્રવેશ થતો હોઇ ૭૧-૭૧ રૂા થી સંઘપૂજન કર્યું હતું. સુદ ૪ના હુનસમાહલ્લી મહા કલ્યાણ મંડપમાં મુકામ થયો. ત્યાં પણ સ્નાત્ર-પ્રવચન-રાત્રે ભાવના વિ. થયા. આજની ઓળી શાહ લક્ષ્મણ વીરપાર મારૂ પરિવાર સોલસલાવાળા સોળસલા-જામનગર-થાન-થાણા તરફથી થઇ. સંગીતકાર રાત્રે રોજ ભાવનામાં તથા સવારે સ્નાત્રમાં જમાવટ કરતાં હતાં.

સુદ ૫ના કનામંગલ ગામે સ્કૂલમાં મુકામ થયો અને ઘણાં ભાવિકો રોજની જેમ પધાર્યા હતાં. સ્કુલના ૫૦૦ વિદ્યાર્થીઓને લાડુની પ્રભાવના સંઘપતિ તરફથી થઇ તથા જીવદયાનું પણ ફંડ થયું. યાત્રિકો તથા સંઘ તથા સગાઓ તરફથી સંઘપતિનું બહુમાન થયું હતું તથા સંઘપતિ તથા યાત્રિકો તરફથી યાત્રિકો આદિનું બહુમાન થયું હતું.

સુદ ૬ના દેવનહલી આવી જતાં શ્રી નાકોડા અવન્તિ ૧૦ પાર્શ્વનાથના ભવ્ય મંદિરે સામુદાયિક ચૈત્યવંદન થયું અને શ્રી સિદ્ધાચલ સ્થૂલભદ્રધામ ટ્રસ્ટ તરફથી સામૈયું થયું. પૂ. આ. શ્રી વિજય ચંદ્રયશ સૂરીશ્વરજી મ. આદિ સામે પધાર્યા હતા. તીર્થની સ્પર્શનાથી યાત્રિકો વિ. ખૂબ ઉલ્લાસમાં આવી ગયા હતાં. તળેટી મંદિરથી ઠેઠ ઉપર આદીશ્વર દરબારની યાત્રા થઇ. ત્યાં ચૈત્યવંદન કર્યું બાદ ઘેટીપાગ યાત્રા કરી.

૧૧ાા વાગ્યે તીર્થ માળની વિધિ થઇ તે વખતે ૨૦૦ જેટલાં ભાઇ બહેનોએ સમકિત સહિત બાર વ્રત ધારણા પ્રમાણે નાણ સમક્ષ ઉચર્યા હતાં. તીર્થના ટ્રસ્ટ તરફથી સ્વાગત અને યોજનાઓ રજૂ થઇ હતી. તેમાં સંઘપતિ તથા ભાવિકોએ લાભ લીધો હતો.

શ્રીમતી જીવીબેન કાલીદાસ હંશરાજ નગરીયાને માળ પહેરાવવાની સારી બોલી થઇ. તે લાભ શાહ કાલીદાસ હંશરાજ નગરીયા પરિવારે લીધો હતો. તે પરિવારના નેમચંદભાઇ, રમેશભાઇ, દિનેશભાઇ, ચંદ્રેશભાઇ, દીપકભાઇ, આદિ મોટા કુંટુંબે ઉત્સાહથી માળા પહેરાવી લાભ લીધો હતો. જય જયકાર થયો હતો.

બીજી માળ શાહ નેમચંદ કાલીદાસ હંશરાજ નગરીયાને પહેરાવવાની બોલી થતાં તે લાભ નગરીયા પરિવાર (લાખાબાવળ) તથા મારૂ પરિવાર (સોળસલા) તરફથી લેવાયો હતો. શ્રી નગરીયા પરિવારના શ્રી રમેશભાઇ કાલીદાસ આદિ તથા શ્રી મારૂ પરિવારના શ્રી કીર્તિભાઇ રામજીભાઇ આદિએ માળ પહેરાવી લાભ લીધો હતો. બંને પૂ. આચાર્ય દેવશ્રીના પ્રવચન થયા હતાં.

યાત્રિકોને પાછા લઇ જવા બસો મંગાવી હતી તથા બીજી બે બસો તથા સંખ્યાબંધ મોટરો વિ. આ પ્રસંગે આવી હતી. સંઘપતિ તરફથી યાત્રિકો તથા મહેમાનોની ભક્તિ થઇ હતી. બાદ સૌ સંઘપતિઓ તથા યાત્રિકો સંઘયાત્રાના ઉલ્લાસ સાથે વિદાય થયા હતાં.

હાલારીઓ તરફથી આ પહેલો સંઘ બેંગલોરમાં નીકળ્યો હતો. ઉલ્લાસ ઘણો હતો.

● ● ●

## જૈન શાસનમાં નંખી મળેલ સહકાર

| રૂા. | નામ | ગામ |
|---|---|---|
| ૩૦૦-૦૦ | કુમારી અમીષા જશવંતકુમાર વોરા<br>ઉપધાન તપ નિમિત્તે ભેટ | - ગાંધીનગર |
| ૨૫૦-૦૦ | પૂ. મુ. શ્રી પ્રશાંતદર્શન વિજયજી મ. સા. - સંયમ જીવનની અનુમોદનાર્થે<br>સૌ. ઉજ્વલાબેન એમ. શાહ | - આકોલ |
| ૨૫૦-૦૦ | પૂ. સા. શ્રી નિર્વેદરત્નાશ્રીજી મ. સા.ના પરમ તપસ્વી શિષ્યારત્ના<br>પૂ. સા. શ્રી રાજદર્શિત શ્રીજી મ. સા.ના સંયમ જીવનની ૧૯ વર્ષમાં મંગલ પ્રવેશની અનુમોદનાર્થે<br>પૂ. સા. શ્રી ભક્તિદર્શીતા શ્રીજી મ. સા. પ્રેરણાથી સૌ. ઉજ્વલાબેન એમ. શાહ | - અકોલા |
| | **પ. પૂ. આ. ભ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. સા. બેંગલોર પધારતા ખુશીભેટના** | |
| ૨૫૦-૦૦ | ધિરૂભાઇ શેઠ | - બેંગ્લોર |
| ૨૦૧-૦૦ | સુરેશભાઇ ઘેમાવત | - બેંગ્લોર |
| ૦૫૧-૦૦ | જયેશભાઇ લાલજીભાઇ હરણીયા - ખીરસરાવાળા, હાલ | - બેંગ્લોર |
| ૫૦૧-૦૦ | અશોકભાઇ દેવચંદભાઇ સાવલા- નવાગામવાળા, હાલ | - બેંગ્લોર |
| ૦૫૧-૦૦ | ગુલાબચંદ દેવશીભાઇ મારૂ - ગોઈજવાળા, હાલ | - બેંગ્લોર |
| ૧૦૧-૦૦ | ભૂપતભાઇ દુર્લભજીભાઇ મેતા | - બેંગ્લોર |
| ૦૫૧-૦૦ | ગુલાબચંદ ખેતશીભાઇ હરણીયા - પડાણાવાળા, હાલ | - બેંગ્લોર |
| ૧૦૧-૦૦ | અશોકભાઇ લાલજીભાઇ હરણીયા - ખીરસરાવાળા, હાલ | - બેંગ્લોર |
| ૧૦૧-૦૦ | પ્રેમચંદ પોપટભાઇ સુમરીયા - ખીરસરાવાળા, હાલ | - બેંગ્લોર |
| ૧૦૧-૦૦ | લક્ષ્મીચંદ સોમચંદ વોરા | - બેંલોર |
| ૧૦૦-૦૦ | ગુલાબચંદ રાયશીભાઇ મારૂ | - બેંગ્લોર |
| ૦૨૫-૦૦ | દિલીપભાઇ લાલજીભાઇ દોઢીયા -નેઘેડીવાળા, હાલ | - બેંગ્લોર |
| ૦૫૧-૦૦ | અમૃતા અગરબત્તી - મોહનભાઇ | - બેંગ્લોર |
| ૧૨૫-૦૦ | જિતેશભાઇ સોમચંદભાઇ માલદે - મુંગળીવાળા, હાલ | - બેંગ્લોર |
| ૧૦૦-૦૦ | મુકેશભાઇ ભુલાણી | - બેંગ્લોર |
| ૧૦૧-૦૦ | રતિલાલ આલાંદભાઇ માલદે - વસઇ, હાલ | - બેંગ્લોર |
| ૧૦૧-૦૦ | હરખચંદ મેઘજીભાઇ સાવલા - ચેલા, હાલ | - બેંગ્લોર |
| ૧૨૫-૦૦ | છોટાલાલ ડાયાલાલ નાગડા - લાખાબાવળવાળા-હાલ | - બેંગ્લોર |
| ૦૫૧-૦૦ | શૈલેષભાઇ ગોસરભાઇ નાગડા - ગાગવા, હાલ | - બેંગ્લોર |
| ૧૨૫-૦૦ | કિશોરભાઇ પદમશીભાઇ ગુઢકા - લાખાબાવળ, હાલ | - બેંગ્લોર |
| ૧૨૫-૦૦ | નેમચંદ કાલીદાસ નગરીયા - લાખાબાવળ, હાલ | - બેંગ્લોર |
| ૧૨૫-૦૦ | અનિલભાઇ રામજીભાઇ ગુઢકા | - બેંગ્લોર |
| ૧૨૫-૦૦ | ધિરેનભાઇ દિનેશચંદ્ર કાલીદાસ નગરીયા | - બેંગ્લોર |
| ૦૫૧-૦૦ | અશ્વિનભાઇ કાનજીભાઇ ખીમસીયા - મોટામાંઢા, હાલ | - બેંગ્લોર |
| ૧૨૫-૦૦ | કમલેશ કિશોરભાઇ ગુઢકા - તેમના જન્મ દિવસ નિમિત્તે ભેટ | - બેંગ્લોર |
| ૧૨૫-૦૦ | ધૃતી જિતેશભાઇ સોમચંદ - ધૃતીના જન્મ દિવસ નિમિત્તે ખુશીભેટ | - બેંગ્લોર |


સમ્રાટની નિંદર ઉડી, જોયુ સંગીતની મહેફિલ એમજ જામી હતી. તેમને ક્રોધ આવી ગયો. શય્યાપાલકને ખીજાતા બોલ્યા...
મે કહ્યું હતુ કે મને નિંદર આવી જાય તો સંગીત બંધ કરાવી દેવું તે સંગીત બંધ શા માટે નથી કરાવ્યું ?
ક્ષમા કરો મહારાજ, હું સંગીત સાંભળવામાં એટલો મગ્ન થઇ ગયો કે બંધ કરવાનું જ ભુલી ગયો.
૬૧
આ સાંભળી ત્રિપૃષ્ઠ વાસુદેવ ક્રોધી થઇ ગયા.
પોતાના સ્વામીની આજ્ઞાથી પણ વધુ આ કાનને સંગીત સારું લાગે છે. જાઓ આના બન્ને કાનોમાં ઉકળતા શીહા નાખી દો.
૬૨
સૈનિકોએ શય્યાપાલકના કાનોમાં ઉકળતા શીહા ભરી દીધા.
૬૩
ભયંકર વેદનાથી તળફળતો શય્યાપાલકના પ્રાણ પંખેરું ઉડી ગયા.

# પરિમલ

- પૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

* મારે સુખ બધા જોઈએ અને દુઃખ ન જોઈએ તે અવિરતિ છે. અવિરતિને ખીલવનાર- પોષનાર ક્રોધાદિ છે. જગતમાં બધો અવિરતિનો નાગો નાચ ચાલે છે. જેના હાથમાં તેના બાથમાં તે અવિરતિનું તોફાન છે. અનુકૂળતા અને પ્રતિકૂળતાની સર્જનહાર આ અવિરતિ છે. અવિરતિએ બધાને એવા કામો વળગાડયા છે કે, ધર્મ કરવાનો સમય મળે જ નહિં.
* સાધુના ભગતને ઘરમાં બેસવું દુઃખરૂપ લાગે.
* આસ્તિક એટલે પરલોકના ડરવાળો. એટલે આલોકમાં પણ તેને દુઃખ ભોગવવું ગમે અને સુખ ભોગવવું ન ગમે.
* સુખના પ્રત્યે અભાવ થાય, દુઃખ પ્રત્યે સદ્‌ભાવ થાય અને સમ્યક્ત્વની સાચી ઈચ્છા થાય તે પણ એક મહાગુણ છે
* ભગવાનના માર્ગથી વિરુદ્ધ ચાલે તે ગમે તેવો મોટો સાધુ કે શ્રાવક ગણાતો હોય તો દુર્ગતિમાં જાય.
* આત્માને સુધારવો છે કે શરીરને સુધારવું છે? આત્મા બગડે તો આઘાત થાય કે શરીર બગડે તો?
* સંસારના સુખના અર્થીપણાથી ભગવાનની પૂજા- ભક્તિ કરવી, તે ભગવાનની પહેલી આશાતના છે.
* અનાદિથી મારા આત્માને વળગેલો આ સંસાર કયારે છૂટી જાય, તે જ ભાવથી મંદિરમાં જાય તે ભગવાનની સાચી ભકિત કરી શકે.
* જૈનો સુખી હોય તો રાજી કે જૈનો ધર્મી હોય તો રાજી?! જે સુખી ધર્મને જ પ્રધાન-શ્રેષ્ઠ ન માને તે શાસનના થયા નથી કે થવાના પણ નથી. તેમનું ચાલે તો શાસનને હાનિ જ કરે
* આજના જીવોને પુણ્યનો ખપ નથી, પાપનો ભય નથી અને ધર્મ સમજવાનું મન નથી.
* દુનિયાનાં જેટલાં કામ તે બધા જ પાપરૂપ આ શ્રદ્ધા જેને પાકી હોય તે બધા જૈન !
* કષાયોને જે આધીન તેને માટે કષાયો અધર્મરૂપ! કષાયો જેને આધીન તેને માટે કષાયો ધર્મરૂપ!
* દુઃખથી ગભરાય તે બાયલો! પાપથી ગભરાય તે બહાદૂર!
* સંસારની કોઈપણ સારામાં સારી ચીજની ઈચ્છા તે જ પાપ!
* શાસ્ત્રાનુસારી જીવન જગતનું હિત કરનાર છે. શાસ્ત્રથી વિપરીત જીવન જગતનું અહિત કરનાર છે.
* ધર્મ સિવાયની બીજી કોઈપણ વાત-ચીત કરવા કે દુનિયાદારીની કોઈપણ ચીજ માટે મંદિર- ઉપાશ્રયમાં જવું નહિં- આટલો પણ નિર્ણય બધા કરે તો મંદિર- ઉપાશ્રય બગડે નહિં !

જૈન શાસન અઠવાડીક ● માલિક : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતા – ગેલેક્સી ક્રિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

શાસન અને સિધ્દાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

नमो चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

*બધુ જ અનિત્ય છે.*

रवपरिणामसमहावे लायाण्णे
जोव्वणे य रुवे य।
अणुबंधकारणं किं पि णत्थि
थेवं पि कुसलाणं ॥
**(ચઉપ્પન્ન મહાપુરિસચરિયં)**

કુશલ પુરૂષોને ક્ષણ-બેક્ષણમાં બદલાતા એવા લાવણ્ય, યૌવન અને રૂપમાં જરાપણ રાગનું કારણ નથી. યૌવન, રૂપ અને લાવણ્ય ક્ષણેક્ષણે નાશ પામી રહ્યા છે તે સૌના અનુભવમાં છે.


વર્ષ ૧૬ | અંક ૧૩



**શ્રી જૈન શાસન કાર્યાલય**
શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005


# જૈન શાસન
## અઠવાડિક

# 'સુશીલ સંદેશ'

## કરુણા નિધાન ભગવાન મહાવીર – હપ્તો–૧૦.


















आज्ञाराद्धा च. शिवाय च भवाय च
હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પ

# જૈન શાસન

(અઠવાડીક)

1065

તંત્રીઓ :
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૬ ) * સંવત ૨૦૬૦ મહા વદ - ૪ * મંગળવાર, તા. ૧૦-૨-૨૦૦૪ (અંક : ૧૩

# સમજો તો સારું છે.
# બાકી ઘોર અંધારું છે.

- સંપાદકીય

વર્તમાનકાળમાં અમદાવાદ-સાબરમતી સ્મૃતિમંદિરનો વિવાદ- (ગુરુમૂર્તિ-ગુરૂપગલાં આદિ ભરાવવાની પ્રતિષ્ઠિત કરવાની બોલી દેવદ્રવ્ય ન ગણાય કે ન ગણાય) ચરમ સીમાએ પહોંચ્યો છે. **આ દ્રવ્ય દેવદ્રવ્ય જ ગણાય** આ વાત આજસુધી દ્રવ્યસપ્તતિકાદિ શાસ્ત્રાધારે, મહાપુરૂષોના અમૂલ્ય માર્ગદર્શનના પત્ર આદિ રૂપે પ્રગટ કરવામાં આવી છે. છતાં પણ સત્તાવાર કોઈ જ સ્પષ્ટતા કરવી નથી કે સ્વ.પૂ. ગચ્છાધિપતિના અભિપ્રાયોને પણ માનવા નથી અને બચાવામાં કહેવું છે કે - '' આ તો શ્રાવકોએ કરેલો નિર્ણય છે. મહાત્માઓને લેવા દેવા નથી.''

''જૈન શાસન શાસ્ત્રાધારે ચાલે છે, પત્રોના આધારે નહિ'', ''આ બધુ પ્રગટ કરી શાસનની લઘુતા કરે છે, વાતાવરણ ડહોળે છે.''

આવો પોકળ પ્રચાર કરનારાઓને જાહેરમાં ચેલેન્જ કરવા છતાં સ્વીકારવી નથી, જવાબ આપવા નથી. ગોળ ગોળ વાતો કર્યા વિના જે હોય તે સ્પષ્ટ જાહેર કરે તો આપોઆપ વિવાદ શમી જાય. 'નાચવું ન હોય તો આંગણું વાંકુ' કહેનારને માટે કોઈ જ ઉપાય નથી.

શ્રી જિનમંદિર ધર્મસ્થાનો સ્વદ્રવ્ય કે સાધારણ દ્રવ્યથી જ નિર્માણ કરવાના છે - તે જ શું સૂચવે છે તે સ્પષ્ટ સમજાય છે. વર્તમાનકાળની વિષમતાઓના કારણે દેવદ્રવ્યના સદુપયોગનો ઉપદેશ અપાય છે.

બાર મહિનાના અષ્ટપ્રકારી પૂજાના ચઢાવા અને રોજના પહેલી પ્રક્ષાલપૂજા, કેસરપૂજા, પુષ્પપૂજા, મુગટ પૂજા આદિના ચઢાવામાં કેટલું અંતર છે તે વિવેકીઓ સારી રીતના સમજે છે. પ્રક્ષાલ-કેસર કે પુષ્પ પૂજાના ચઢાવામાંથી 'દૂધ-કેસર કે ફુલ લવાય' તેમ કોઈજ ઉપાસક કહે પણ નહિ. તો ગુરુદ્રવ્યમાંથી ગુરુમંદિરાદિ બનાવાય એમ કહેવાની ધૃષ્ટતા કેમ થાય છે તે જ સમજાતું નથી.

જે મહાપુરૂષે જીવનભર દેવદ્રવ્યના રક્ષણનો માર્ગ સમજાવ્યો અને દેવદ્રવ્યમાંથી થતાં મંદિરાદિ નિર્માણ પણ જેઓને રૂચિકર ન હતા તે વાત આજે અત્રે વાચકોની જાણ માટે-પૂ. આ.શ્રી પૂર્ણચન્દ્ર સૂ. મ. આલેખિત 'મંત્રીશ્વર દંડનાયક શ્રી વિમલ' પુસ્તિકાના પરિશિષ્ટમાંથી (પૃ. ૨૬૭ થી ૨૭૦) તેમના જ શબ્દોમાં ''જિનવાણિ'' પાક્ષિક આબુતીર્થ પ્રતિષ્ઠા સચિત્ર વિશેષાંક (વર્ષ-૩, અંક ૨૦/૨૨, ૧૫-૭-૭૯)ના આધારે આ પરિશિષ્ટ

સંકલિત કરવામાં આવ્યું છે.'' જે પૂ. આચાર્યશ્રીએ 'સંમેલનની ભીતર'ની પ્રસ્તાવનામાં સઘળા ય પ્રકારે પ્રાપ્ત થયેલ ગુરુદ્રવ્ય કે દેવદ્રવ્ય જ છે તે વાત સ્પષ્ટ કરી છે. સૌ શાંતિથી વાંચી-વિચારી સન્માર્ગના અનુરાગી બનો તે જ ભાવના. પોતાના અભિપ્રાય પણ ન માનવા તેનો ઉપાય નથી.

-સંપા.)

❖ પૂ. આ. શ્રીમદ્ વિજયરામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાની વાણીની વેધકતા અને પ્રભાવકતા સૂચવતો એક પ્રસંગ પ્રતિષ્ઠાના દિવસો દરમિયાન બની ગયો. મુખ્યમંદિરોના સુવર્ણથી રસેલ ધ્વજદંડ અને કળશો પેઢીએ દેવદ્રવ્યમાંથી બનાવરાવ્યા હતા. પૂજ્યશ્રીને થયું કે, આવા મહાન પ્રસંગે તો દાન-લાભ લેવાની હોડ અને દોડ જામે ! માટે સભામાં આ વાત રજૂ થાય, તો ધ્વજદંડ ને કળશનો સ્વદ્રવ્યથી લાભ લેનારના અચૂક મળી આવે. પેઢીના આગેવાનોનું આ વિષયમાં ધ્યાન ખેંચીને પૂજ્યશ્રીએ પ્રવચનમાં ફરમાવ્યું કે, ધ્વજ-દંડ અને કળશનો નિર્માણનો લાભ લેવા આવા પ્રસંગે તો રસાકસી જામે. ભગવાનના આટલા બધા ઉદાર-ભકતો જયાં ભેગા થયા હોય, ત્યાં ધ્વજદંડ આદિનું નિર્માણ સ્વદ્રવ્યથી કરવાની ભાવના ધરાવતા ભાવિકો ન મળી આવે શું ? જૂના કાળમાં મંદિરોની જેમ ધ્વજ-દંડ કળશાદિ નિર્માણનો લાભ પણ સ્વદ્રવ્યથી જ મોટે ભાગે લેવાતો. આ આદર્શ આજે ભૂલાતો જાય છે, છતાં તમે બધા ભકતો જો ધારો, તો આવો આદર્શ ફરી જીવંત બનાવી શકો.

❖ આ વેધક વાણી એકદમ ધારી અસર કરી ગઈ અને તરત જ ૧૦ ભાગ્યશાળીઓ સ્વદ્રવ્યથી આ લાભ લેવા ઊભા થઈ ગયા. આની પુણ્યઅસર એવી થવા પામી કે, જે જે ભાગ્યશાળીઓને દેરીઓની પ્રતિષ્ઠાનો લાભ મળ્યો હતો, એ ભાગ્યશાળીઓએ પણ પોત-પોતાની દેરી પર પ્રતિષ્ઠિત થનારા કળશ ધ્વજદંડાદિનો લાભ સ્વદ્રવ્યથી લેવાની ભાવના વ્યકત કરી, આવી સ્વયંભૂ ઉદારતા દાખવનારા એ ભાગ્યશાળીઓને સમગ્ર સભાએ, વીસરાઈ ગયેલા આદર્શને પૂર્નજીવિત કરનારા પુણ્યશાળીઓ તરીકે એકી સ્વરે વધાવી લીધા.

❖ આજે ચડાવાઓમાં અનેક સ્થળે લાખ્ખોની આવક થતી હોય છે, પણ એને ભરપાઈ કરવામાં વર્ષો નીકળી જતા હોય છે. અને એક દૃષ્ટિએ બોલીના બોલેલા પૈસા વર્ષો બાદ ભરનાર વ્યકિતના પટમાં થોડેઘણે અંશે ધર્માદાદ્રવ્ય જતું હોય છે. બોલીના પૈસા મોડા મોડા ભરનારા એનું વ્યાજ આપતા હોતા નથી, આપે તોય એ ઘણું ઓછું આપતા હોય છે. ઘણીવાર તો બોલેલી રકમમાંથી બોલ્યા કરતા વધુ રકમ જેટલો લાભ રળી લેવામાં આવતો હોય છે. આવી વિષમપરિસ્થિતિને નજર સમક્ષ રાખીને પૂ. આ. શ્રીમદ્ વિજયરામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાએ પ્રતિષ્ઠા-પ્રસંગના પ્રવચનો દરમિયાન વેધકવાણીમાં ફરમાવ્યું કે,

❖ 'જેઓ બોલી બોલે, તેમણે તરત જ પૈસા ચૂકવી દેવા, એ પહેલા નંબરની શાહુકારી છે. પરંતુ આજના વિષમકાળમાં વિષમ વ્યવહારને કારણે પાસે પૈસા ન હોય, તો આવ્યા બાદ તરત જ ચૂકતે કરવા જોઈએ, પણ આવેલ પૈસા પોતાના ઉપયોગમાં લેવા ન જોઈએ. મોડે મોડે દેવદ્રવ્યાદિના પૈસા ભરપાઈ કરવાની આજની ખોટી પ્રણાલિકાથી ઘણાનાં પેટમાં ધર્માદા દ્રવ્ય ગયું છે, એમ કહી શકાય. દુનિયાની શાહુકારી જુદી છે અને જૈનશાસનની શાહુકારી વળી જુદી જ અને અલૌકિક છે. વહેલામાં વહેલી ઉઘરાણી ને મોડામાં મોડી ચૂકવણી - આને ભલે દુનિયા હોંશિયારી ને શાહુકારી ગણે. પણ જૈન શાસન તો તેને જ શાહુકાર ગણે છે કે, બોલેલા પૈસા જે તરત જ ચૂકવી દે !

❖ આજે શ્રીમંતની પાસે પણ પોતાના પૈસા પોતાની પાસે નથી. માટે બોલી બોલીને તરત જ આપી શકાય એમ ન હોય, તોય જેવા પૈસા આવે કે તરત જ **સૌ પ્રથમ બોલેલા પૈસા ચૂકવી દેવા જોઈએ. બોલી**

**બોલતા પૂર્વે આવું જાહેર કરવા જતાં કદાચ ઉપજ ઓછી થાય, તેનો વાંધો નહિ, અમારા પ્રતિષ્ઠા પ્રસંગમાં આટલીબધી ઉપજ થઇ, એમ કહેડાવવાનો અભરખો ન હોય, પણ શાસ્ત્રવિધિ આંખ સામે હોય, તો જ આ વાત પર ભાર મૂકવાનું મન થાય.** બોલી બોલતી વખતે દાનની જે ભાવના હોય છે, એની વૃદ્ધિ તરત જ રકમ ભરપાઇ કરવાથી થતી હોય છે મોડે મોડે રકમ ભરવાથી દાનભાવનામાં ઘણી ઓટ આવવી સંભવિત છે. મોટી મોટી બોલીઓ બોલાવ્યા બાદ આજે એને ઉઘરાવતા ઉઘરાવતા નાકે દમ આવી જતો હોય છે. એનું તો વર્ણન થાય એમ નથી ! અહીં દાનનો મહોત્સવ ચાલે છે. દાનનો પ્રસંગ ઊભો થયો છે અને દાનની તક ઊભી થઇ છે, ત્યારે અમારે અમારું કર્તવ્ય અદા કરવા આવી ચેતવણી આપવી જ પડે. જગતમાં અજોડ કહી શકાય, **એવા આબુના આ મંદિરો માંગીમાંગીને લાવેલ દ્રવ્યથી ઊભાં નથી થયાં, દેવદ્રવ્યના પૈસાથી પણ નથી બન્યાં, પરંતુ વિમલમંત્રી અને વસ્તુપાલ-તેજપાલ જેવા મંત્રીઓના પોતાના ન્યાયોપાર્જિત પૈસાથી ઊભા થયા છે. આનો જીર્ણોદ્ધાર થયો અને તમને અહીં ભગવાન પધરાવવાનો લાભ મળ્યો. બાકી તમે જ વિચારો કે, આવા મંદિરો તમે આજે બંધાવી શકો ખરા ? આવા ભાવ પેદા થાય, તો જ લક્ષ્મીની મમતા મરી જાય,** પછી બોલીના પૈસા તરત ચૂકવવાનું અમારે કહેવું ન પડે. જૂના કાળમાં શાહુકારો ઉધાર લાવીને ઘી પણ ન ખાતા, એ માનતા કે, ઉધાર લાવીને ઘી ખાવું, એના કરતા લુખું ખાવું સારું. ઉધાર આપીને વધારે કમાણીની આશા રાખે, તો દુઃખી જ થાય. એનું દૃષ્ટાંત આજની દુનિયાના વેપારીઓ જ છે. **લક્ષ્મીની મમતા ઉતારવાની ઉત્તમ કોટિની ચાવી, એ બોલી બોલવાની તક છે, આટલું તમે બધા હૈયે કોતરી રાખો.**

❖ પૂજ્યશ્રીની આવી પ્રેરણાનું પરિણામ એ આવ્યું કે, પ્રતિષ્ઠા પ્રસંગે ભાવિકોએ ઉદારતાથી બોલી ચડાવા લીધા અને ઘણા ખરાએ તરત જ એની ચૂકવણી કરી. પ્રતિષ્ઠાની બોલીઓની રકમ ચૂકતે કરવાની એ દિવસોમાં જ લાઇન લાગી, એ જોઇને શેઠ કલ્યાણજી પરમાનંદજી પેઢીના વહીવટદારો પણ આશ્ચર્યચકિત અને પ્રભાવિત બની ઊઠયા. ચડતે રંગે બોલી બોલ્યા પછી પડતે ઉમંગે મોડે મોડે એ બોલી-દ્રવ્ય ચૂકતે કરાયાની ફરિયાદ આજે જ્યારે વ્યાપક બનતી ચાલી છે, ત્યારે આબુનો આ દાખલો આદર્શભૂત અને અનુકરણીય બની રહે એવો નથી શું ?

❖ પ્રતિષ્ઠાદિ વિધિઓની મહત્તા અને એનું રહસ્ય પૂજ્યશ્રી પ્રવચનમાં એવી રીતે સમજાવતા કે, પ્રતિષ્ઠાદિ પ્રસંગે લાભ લેનારાઓનો હૈયાનો ઉલ્લાસ ચરમસીમાએ પહોંચતો અને એમનાં મનમાં જાતજાતના મનોરથ પેદા થતા. બધી દેરીઓમાં પ્રતિષ્ઠાનો લાભ લેનારે ધ્વજદંડ-કળશનો સ્વદ્રવ્યથી લાભ લેવાની જાહેરાત કરી, તો એક ભાવિકે ૩-૩ આદેશો લઇને પ્રતિષ્ઠાદિનો લાભ લીધો, એટલું જ નહિ, પોતાને લાભ મળ્યો **એ મંદિરની દિવાલોને આરસથી મઢવાનો તેમજ ઘુમ્મટે વગેરેમાં રંગ રોગાન કરાવવાનો લાભ સ્વદ્રવ્યથી** લેવાની ભાવના એ ભાઇના હૈયામાં જાગી અને એ લાભ ઉદારતાથી લેવાની એમણે પેઢી સમક્ષ રજૂઆત કરી, ત્યારે જ સૌને વધુ પ્રમાણમાં એ ખ્યાલ આવ્યો કે, આવા પ્રસંગોનું રહસ્ય મહત્વ જો સમજાવવામાં આવે તો એથી ભાવોલ્લાસને ભાવનાની કેટલી બધી વૃદ્ધિ થઇ શકતી હોય છે.

*(સ્વદ્રવ્ય કે સાધારણ દ્રવ્યથી બને તે ઉત્તમ જ છે. પણ દેવદ્રવ્યાદિથી નિર્માણમાં શો દોષ ? આવી જે વાત કરાય છે તેને આ લખાણનો પરમાર્થ સમજાય તો પોતાની ભૂલ જરૂર સમજાય. પણ આંધળા આગળ આરસીનું શું કામ ? નથી જ સમજવું તો ઉપાય નથી. -સંપા.)*

■ ■ ■

# પ્રવચન છાંસઠમું

## પ્રકીર્ણક ધર્મોપદેશ

સં ૨૦૪૩, આસો વદિ-૭, બુધવાર, તા. ૧૪-૧૦-૧૯૮૭
શ્રી ચંદનબાલા જૈન ઉપાશ્રય, મુંબઇ - ૪૦૦ ૦૦૬.

**પૂ.આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

*ગતાંકથી ચાલુ...*

(શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઇપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના -અવ.)

भय एव यदा न बुध्यते, स कथं नाम भयाद् विमोक्ष्यते? ।
अभये भयशङ्कि न परे, यदयं त्वद्गुणभूतिमत्सरः ॥

સભાઃ અર્થાત્ અમે બધા નરકગામી છીએ?

ઉ.- અનંતાનુ બંધી લોભમાં રહેલ, તેને જ સારો માનનારા માટે તેવું કહેવાય. તેને કદાચ સારો ભાવ આવી જાય તો સારી ગતિ થાય તે ય બને. પણ તેમાં જ મજા આવે તે તો મોટે ભાગે નરકમાં જાય. જેના અનંતાનુ બંધી કષાય મંદ થયા હોય તે બચી જાય.

અનંતાનુ બંધીના કષાય નરકે જ લઇ જાય તો તેનો ભય લાગે છે? લોભાદિ થઇ જાય પણ તે કરવા જેવા તો નથી જ-તેમ જેને થયા કરે તેના અનંતાનુ બંધી કષાય મંદ પડયા કહેવાય. આ આર્યદેશમાં પહેલા ગુણઠાણે રહેલા જીવને અનંતાનુ બંધીનો ઉદય છે. પણ તે ઉદય તેને દુર્ગતિમાં નથી લઇ જતો કરણ કે તેને આ ખોટું જ લાગે છે. તેવા જીવને જ આ ભગવાનનો ઉપદેશ ગમે છે. ગુણઠાણું ન હોય તેને તો ભગવાનનો ઉપદેશ ગમતો નથી. ગુણઠાણું કોને આવે? આ સંસાર ભયંકર છે તેમ જે જ્ઞાનિઓએ સમજાવ્યું તે વાત સમજાય અને મોક્ષની ઇચ્છા પેદા થાય તેને. તેના અનંતાનુ બંધીના કષાયો ઢીલા પડયા તેમ કહેવાય.

તમારા અનંતાનુબંધીના કષાય માંદા છે કે જીવતા જાગતા છે? કષાયો કરવા જેવા નથી તેમ લાગે તો કષાય અનંતાનુબંધીના છે પણ મંદ પડયા છે, ક્ષયોપશમ થયો નથી. તે ક્ષયોપશમ ક્યારે થાય? સુદેવ-સુગુરુ-સુધર્મ તેની સામગ્રી અને તેના આરાધકો આ પાંચ વિના બીજું બધું ખોટું લાગે તો અનંતાનુબંધીનો ક્ષયોપશમ થયો કહેવાય. તેનો - અનંતાનુબંધીનો ક્ષયોપશમ થાય તો મિથ્યાત્વનો ઉપશમ કે ક્ષયોપશમ થાય અને પછી સમકિત પેદા થાય.

આજે ઘણા માણસો ધર્મ સ્વભાવથી કરતા નથી. તેને કોઇ અંતરાય નથી. ધારે તેટલો ધર્મ કરી શકે તેવાને પણ ધર્મ કરવાનું મન થતું નથી. શ્રાવક કુલમાં જન્મેલા પણ દર્શન, પૂજન, વ્યાખ્યાન શ્રવણ, સામાયિક, પ્રતિકમણ, દાન, શીલ, તપ કરતા નથી, ભાવના તો ભાવે જ નહિ - તે બધા કેવા કહેવાય ? તમારે જે કરવા લાયક છે તે કરવાનું મન થતું નથી તેથી લાગે છે કે, અનંતાનુબંધીના કષાય ભયંકર કોટિના છે, મિથ્યાત્ત્વ પણ ભયંકર છે. આટલું રોજ સાંભળવા છતાં પણ હજી આ સંસાર રહેવા જેવો નથી, છોડવા જેવો છે - આમ ન લાગે તે કોનો પ્રતાપ ? અનંતાનુબંધીનો તમે આત્મા સાથે વિચાર કરો તો જ ઠેકાણું પડે. તમે ક્રોધ, માન, માયા, લોભ કરો છો તે કરવા જેવા નથી તેમ લાગે છે ? તમે વેપારાદિ કરો છો તો તે વેપરાદિ પણ ખરાબ લાગે છે કે સારા લાગે છે ? કરવા જેવો લાગે કે ન કરવા જેવો લાગે ? ઘરમાં રહ્યા છો તે સારું છે કે ખરબ ? ઘર છોડવા જેવું લાગે કે રાખવા જેવું ? છોડવા જેવું લાગે

તો તેના અનંતાનુબંધી મંદ પડયા, મિથ્યાત્વ મંદ પડયું. તે જો થોડો ઉદ્યમ કરે તો સમકિત પણ પામે.

આવા ભગવાન, આવું તારક શાસન, આવી સુંદર ધર્મ સામગ્રીવાળો મનુષ્યભવ મળ્યા પછી પણ ઘરમાં રહેવું પડે, વેપારાદિ કરવા પડે, સંસારની બધી પ્રવૃત્તિ કરવી પડે તે ખરાબ પણ ન લાગે, પણ સારું લાગે તો તે બધા અનંતાનુબંધી કષાયના ઉદયવાળા કહેવાય ! આજે તો ઘણાને ધર્મનો ટાઈમ પણ નથી અને તેનું દુઃખ પણ નથી ! તેમાં પાછી બહાદૂરી માને છે - તો તે બધાના અનંતાનુબંધી પણ જોરદાર કહેવાય અને મિથ્યાત્વ પણ ગાઢ કહેવાય તમારી શી હાલત છે ?

આત્માના મોટામાં મોટા આ બે જ શત્રુ છે. તે સાચી સમજ પેદા ન થવા દે. હૈયાથી કદી ન બોલવા દે કે -

*''અરિહંતો મહદેવો, જાવજ્જીવં સુસાહૂણો ગુરુણો,*
*જિણ પન્નત્તં તત્તં, ઇહ સમત્તં મએ ગહિઅં.''*

કોઈ બોલાવે અને બોલી જાય તે જુદી વાત. પણ પોતે શું બોલ્યો તે સમજે નહિ. ઘણા કોઈનું બોલાવેલું બોલી જાય પણ શું બોલું તે ખબર ન હોય. પછી હૈયાને અડે શી રીતે ? 'શ્રી અરિહંત પરમાત્મા એ જ મારા દેવ છે'- આમ બોલે અને અવસર આવે કોઈપણ દેવની પૂજા કરો ને ? સુસાધુ એ જ મારા ગુરુ એમ બોલો અને ગમે તેવાની પાસે જાય, આંખ ફરક પણ કઢાવી લાવોને ? તમે આ સમજો નહિ તો તમારામાં સમકિત પામવાની યોગ્યતા આવવાની નથી. પહેલે ગુણઠાણે રહેલાને સમકિત પામવાની ઈચ્છા થાય, જેનામાં વાસ્તવિક ગુણઠાણું ન હોય તો તેને ઈચ્છા પણ ન થાય.

તમને આ સંસાર છોડવા જેવો, મોક્ષ જ મેળવવા લાયક અને તે માટે સાધુ જ થવા જેવું છે - તેમ લાગ્યું છે ? આવું જૈનકુળ અને જૈનજાતિમાં લાગવું સહેલું છે. માટે જૈન કુલ અને જૈન જાતિમાં મનુષ્યભવ મળે તે મહાપુણ્ય શાલી કહેવાય. તમે કેવા છો ? તમને આ ઘર મૂકવા લાયક છે તેમ સાંભળવા મળ્યું નથી ને ? સાધુઓ કહે પણ તેમનું કહેલ કરીએ તો સંસાર ચાલે નહિ-માટે સાંભળ્યું ન સાભળ્યું કરો છો ને ? તેવા લોકો રોજ સાંભળે પણ સમજે કશું નહિ. તમને કદિ વિચાર આવે ખરો કે - ''આ સંસાર રહેવા જેવો નથી. મોક્ષ જ મેળવવા લાયક છે, માટે સાધુ જ થવા જેવું છે. તેવી શક્તિ આવે માટે ભગવાનની પૂજા-ભક્તિ, સાધુની સેવા અને ધર્મની આરાધના કરવાની છે''. આમ તમારા મનમાં આવે છે કે રિવાજ મુજબ કરો છો ? આજે તો પૂજા-ભક્તિ વગેરે રિવાજ મુજબની થઈ શકે છે.

ઘણી વાર તમારી બાઈઓ-સ્ત્રીઓ, પોતાના પતિને કહે છે કે, રોજ સાંભળો છો, શું શીખી આવ્યા ? આવાને આવા રહ્યા. રસોઈમાં ભૂલ થાય તો થાળી પછાડે અને ગુસ્સો તો એવો કરે વર્ણન ન થાય. આવું તમારું વર્ત્તન જોઈ ઘણા કહે છે કે, તમે જાવ છો તેના કરતા અમે નથી જા તો ય સારા છીએ, જો આવું હોય તો તે કોની ફજેતી કહેવાય ? તમારી ય ખરી અને ભેગી અમારી ય ખરીને ? રોજ સાંભળે તે આવા હોય ? સમજે નહિ તે ચાલે ? રોજ સાંભળનારને 'આ સંસાર છોડવા જેવો, મોક્ષ મેળવવા જેવો ને સાધુ થવા જેવું' તેમ લાગે છે કે નહિ ?

આ પાંચમાં આરામાં શ્રાવકના કુળમાં જન્મેલા, સમકિત પામ્યા વિના કોણ મરે ? સંસાર છોડવા જેવો લાગે તે. 'આ મનુષ્યભવમાં સમકિત પામ્યા વિના તો મરવું જ નથી' આવું કેટલાના મનમાં હશે ? સાધુપણાનો ઉલ્લાસ ન જન્મે પણ સમ્યક્ત્વ તો પામવું જ જોઈએ, તેના વિનાની ધર્મકરણીની કોઈ કિંમત નથી, નકામી કહી છે. છાર પર લીંપણ જેવી અને આકાશમાં ચીતરામણ જેવી કહી છે. આવું બધું સાંભળ્યા પછી સમ્યક્ત્વ શું છે તે જાણવાનું મન થાય છે ? તે પામવાના ઉપાય કયા તે ય જાણવાનું મન થયું છે ?

અનાદિ યથા પ્રવૃત્તિકરણમાં તો જીવો આવે છે ને જાય છે. પણ શુધ્ધયથાપ્રવૃત્તિ કરણે આવેલો જીવ સમકિત પામવાની યોગ્યતાવાળો છે. કરણ એટલે મનના અધ્યવસાય-પરિણામ વિશેષ. શુદ્ધયથાપ્રવૃતિ

કરણને સફળ કરવા રોજ અનિત્યાદિ બાર ભાવના અને મૈત્ર્યાદિ ચાર ભાવના ભાવવાની છે. બાર ભાવના શું છે તે જાણો છો ? આ બાર ભાવના હંમેશા સારામાં સારી રીતે પ્રયત્નપૂર્વક ભાવવાની છે. કહ્યું છે કે-'નિચ્ચં ભાવેયવ્વા પયત્તેણં'. આમાં પૈસા ખરચવા પડે તેમ છે ? આ બાર ભાવના જે બરાબર ભાવે તે ડાહ્યો થયા વિના રહે નહિ, ગાંડપણ ભાગી જાય. સંસારની મમતાને ધક્કો લાગ્યા વિના રહે નહિ. જ્યારે જ્યારે જે જે ભાવનાની જરૂર પડે તે યાદ આવી જાય, તે રીતે ભાવના ભાવવાની છે. આજે ઘણા ધર્માત્માઓને અને આગળ વધીને કહું તો ઘણા સાધુ-સાધ્વીને પણ બાર ભાવનાના નામ નથી આવડતા. બાર ભાવના સમજી જાય તો જીવન બદલાઇ જાય. વાત-વાતમાં જે કજીયા-કંકાશ, મારા-મારી થાય તે બધુ બંધ થઇ જાય. કેમકે, બાર ભાવના સમજતો હોય તે સંસારની અસારતા સમજી ગયો હોય. સંસાર અસાર લાગે એટલે મોક્ષને પામવાની ઇચ્છા થયા વિના રહે નહિ અને કયારે સાધુ થાઉં તે જ ભાવનામાં રમે. તે માટે જ તમે ભાવતા નથી કે વખતે મોક્ષનું મન થાય તો સાધુપણું લેવું પડે - આ મારો આક્ષેપ છે !

આ ભાવનામાં પૈસા ખરચવાના નથી. ભુખ્યા તરસ્યા રહેવાનું નથી, કષ્ટ વેઠવાના નથી. આ બાર ભાવના જો હૈયાને સ્પર્શી જાય તો તેને મોક્ષમાં જ જવાનું મન થયા વિના રહે જ નહિ. જેને વાસ્તવિક મોક્ષની ઇચ્છા ન થાય તે ગમે તેટલું ભણ્યા હોય તોય જ્ઞાનિઓએ તેમને અજ્ઞાની કહ્યા છે. મોક્ષની સાચી ઇચ્છા પેદા કરવા અને સંસારની અસારતાનું ભાન કરવા માટે બાર ભાવના તે ઉત્તમમાં ઉત્તમ ચીજ છે. સંસારને ખરાબ લગાડવાનો અને મોક્ષની ઇચ્છા પેદા કરવાનો આ ગજબ કોટિનો ઉપાય છે ! આ બાર ભાવના બરાબર ભાવતો હોય અને આત્મસાત્ થઇ ગઇ હોય તો તેનું કદાચ ઘર સળગે અને તેને કોઇ આશ્વાસન આપવા આવે તો તે કહે કે - 'સળગવા જેવું હતું તો સળગી ગયું. મારું કયાં હતું ? મારું જે છે તે મારી પાસે છે, તેને કોઇ સળગાવી શકે તેમ નથી.'' આશ્વાસન આપવા આવેલો આ રીતના આશ્વાસન લઇને જાય. તેને થાય કે આ ખરેખર ધર્મને સમજેલો આત્મા છે. ગમે તેટલું નુકશાન થાય તો ય દુઃખ થાય તેવું નથી. અનિત્યભાવનાનો આ જ પરમાર્થ છે.

પાણી લઇને આવતી વહુથી બેડું ફૂટયું તો સાસુ કહે કે ''દીકરી ! તને વાગ્યું નથી ને ?'' અનિત્ય ભાવના ભાવનારી આમ કહે. અને આજની સાસુ ભાવના વિનાની હોય તો શું કહે, આંધળી છે ! 'દેખતી નથી'. પછી તેમાંથી એવો કજીયો પેસે કે મરતા સુધી બે ય લડયા કરે. ભાવનાવાળા જીવોનો સંસાર પણ શાંતિવાળો ચાલે. ભાવના વિનાના જીવોને રોજ હોળી હોય !

ભાવનાઓ એવી સુંદર છે કે વર્ણન ન થાય. ભાવનાથી તો કેવળજ્ઞાન પણ ઝટ થઇ જાય. બાર ભાવના બરાબર ભાવે તો તેની જીંદગી પણ બદલાયા વિના રહે નહિ. ભાવના બરાબર સમજાઇ જાય અને આત્મસાત્ થઇ જાય તો ગમે તેટલી સારી વસ્તુનો નાશ થાય કે, ગમે તેટલું મોટું કષ્ટ આવે તો પણ તે આત્મા મજામાં હોય. એવી ઉત્તમ આ ભાવનાઓ છે. બાર ભાવનાથી ભાવિત શ્રી શ્રીપાલ રાજાને, તે ધવળ શેઠે દરિયામાં નાખ્યો તો તેમના મોઢામાંથી 'નમો અરિહંતાણં' એવા શબ્દો નીકળ્યા. 'ઓ મા ! હું મરી ગયો' તેમ બોલ્યા ? ધર્મને પામેલા તિર્યંચો પણ કેવી રીતના જીવે તેના વર્ણન શાસ્ત્રોમાં આવે છે. હાથી ધર્મ પામ્યો તો ચારે બાજું બરાબર જૂએ પછી બેસે. તડકાથી થયેલ ગરમ પાણી પીએ અને સુકા ફલ-ફુલાદિ ખાય તેવાં વર્ણનો આવે છે. જનાવર જેવા જનાવર સમજી જાય તો સુધરી જાય તો માણસ ન સમજે તેમ બને ? જે કુળમાં પાયાના શિક્ષણ સમાન આ બાર ભાવનાનું જ્ઞાન જન્મથી મળે, તે બાર ભાવના તમારા ઘરમાંથી નાશ પામી ગઇ માટે તમારા ઘરમાં ઘણા કજીયા થાય છે. તે બધો પ્રતાપ આ બાર ભાવનાના અભાવનો છે. *(ક્રમશઃ)*

# ઉપકારનો બદલો તિરસ્કારથી

ગોશાળાને સૌ કોઈ ઓળખે? કઈ રીતે ઓળખે? એને ઓળખવાની નિશાની શું? તરત જ બોલી ઉઠશે;

ચરમતીર્થપતિ શ્રી મહાવીર મહારાજાનો દુશ્મન, કટ્ટર દુશ્મન, દુશ્મનાવટથી ખદબદતો શ્રી મહાવીર મહારાજાની સમૃદ્ધિ સહન ન કરી શકવાથી તેજોદ્વેષ પ્રગટેલો.

સાચું સ્વરૂપ, સત્ય વાત ગોશાળાને ગભરાવનારી બની. આ જ સત્ય વાતે ઈર્ષ્યાનો કણીયો પ્રગટાવ્યો. ઈર્ષ્યાના પ્રતાપે ગોશાળાએ ગુલાંટ મારી. આણંદસાધુને દલાલ રાખ્યો. એ આણંદસાધુ ભગવાન મહાવીરના અનન્ય રાગી હતાં. જૈન શાસનના સિદ્ધાંતોને સમજેલા હતાં. ભગવાન મહાવીરની વાણીના હાર્દને સમજનારા હતાં. આજના જેવા ઉછાંછળા ન હતાં. થોડું જાણ્યું એટલે હાથો બનીને ડોયો હલાવનારા ન હતાં. આજના ભલાભૂંડા રાજકારણીઓ જેવા ન હતાં. તેઓ ગોશાળાને એટલી શકિતવાળા માનવા તૈયાર ન હતાં, લલચાઈ જાય એવા ન હતાં, દોરવાઈ જાય એવા ન હતાં. ગોશાળાની વાત સાંભળી, પ્રભુ પાસે આવી વાત કરી, સર્વસાધુઓને ચેતવી દીધા ભાઈઓ! શ્રી જિન શાસનના હાર્દસમા શ્રી અરિહંત ભગવંતની આશાતના કરવા ગોશાળો આવી રહ્યો છે. પ્રભુએ કહ્યું છે સૌ આઘાપાછા થઈ જાવ. ગોશાળો આવ્યો. સાચું સ્વરૂપ જણાવવાની તક ગોશાળોએ જાતે આપી. એના કારણે ભગવાન મહાવીર ઉપર પ્રહાર કર્યો. પ્રભુએ શાંતિ રાખી, શાંતિ રાખવાનો ઉપદેશ આપ્યો. સર્વાનુભૂતિ ને સુનક્ષત્રથી એ સહન ન થયું. સહન શકિતની હદ આવી જતાં, અને ભક્તિથી ખેંચાયેલા એ બંને ગોશાળાને જવાબ આપવા લાગ્યા. બંને મહાન મહાત્માઓને ગોશાળાએ બાળી મુકયા.

દ્વેષી જુલ્મીઓ કયાં સુધી ન પહોંચે? પાંચ મહાવ્રતોમાં રહેલી પહેલી જ પ્રતિજ્ઞા જીવ હિંસા, તેનાથી વિરમવાની પોતાની પ્રતિજ્ઞા કયાં મુકી? આ વાત તો ગોશાળાની છે પરંતુ પોતાની વાત મારી મચડીને સત્ય ઠરાવવા માટે આજના મહારથીઓ શું શું નથી કરતાં એ લખવું યોગ્ય નથી જણાતું. પોતાના વચનો, લખાણો પણ ફેરવી તોળવા તૈયાર હોય છે. પોતાના લખાણોમાં વધારો- ઘટાડો કરીને બહાર મુકવામાં પણ તેઓને પાપનો ડર કે લીધેલા મહાવ્રતોના ભંગનું પાપ પણ યાદ નથી આવતું. આ સમયે ચાણકયના વાકયો યાદ આવે છે. 'ભાઈ! મંત્રી કે પ્રધાન બનાવવો હોય તો પતિત સાધુને બનાવજે, કારણ કે કોઈપણ પાપ કરવામાં તેઓના હાથ ધ્રુજશે નહિં. જીવ માર્ગ ચૂકી આવેશમાં આવે ત્યારે પોતાની પ્રતિજ્ઞા કે લાયકાતનું ભાન રહેતું નથી.

ગોશાળો પોતાની જીભની ખળ કાઢતો હતો ત્યારે બે સાધુઓ વચ્ચે આવ્યા પણ ગુનાની સજા કઈ હદે? સજાની પણ કાંઈ હદ હશે કે નહિં?

ગુનાના અને સજાના સંબંધમાં જાનવરપણામાં પણ ફરક નથી. સાપને આંગળી અટકાવો એટલે ડંખ મારીને મારી નાંખે. પગ અડાડો તો એ એજ સજા, અને પકડીને ઉછાળો, કાપી નાંખવા યત્ન કરો તો એ એક જ સજા.

આ તો ઝેરી છે પણ સારા માનેલા પશુઓમાં પણ આ દશા છે. શીંગડા મારનારી ગાય, તેની પાસે કોઈપણ જાય શીંગડુ મારે, ઘાસ ખવરાવવા જાય, પાણી પીવડાવવા જાય, ઠંડકમાં બાંધવા જાય છતાં ય તરત જ શીંગડુ મારવા તૈયાર. સર્વે જાનવર ગુનાની એક જ સજા કરશે. તેઓ ગુનેગારની યોગ્યતા કે અયોગ્યતા વિચારતાં નથી તેઓને કેવા ગણવા?

ગોશાળાએ પોતાની જીભની ખુજલી દૂર તો કરી, તિરસ્કારી પણ લીધા, પછી જ સર્વાનુભૂતિ- સુનક્ષત્ર વચ્ચે બોલ્યા, વચ્ચે બોલ્યા એટલો જ ગુનો. વળી

બોલ્યા પણ શું?

અરે ગોશાળા! કોઇ ઉપકારીને તિરસ્કારથી ન બોલાવતા. દુનિયામાં ડાકણ પણ એક ઘર છોડે છે. એમ જેનાથી તું ઉચ્ચ સ્થિતિ પામ્યો છે તેઓને તું તિરસ્કારે છે એ તને શોભતું નથી.

અરે આ તો સર્વાનુભૂતિ- સુનક્ષત્રની વાત છે પરંતુ આજના (!) ઉપકારીઓનો બદલો અપકારથી જ વાળવા તૈયાર થાય છે. બોલાઇ એટલી ખરાબ ભાષા, લખાઇ એટલું ખરાબ લખાણ કરીને આજના (!) બહાર પાડે છે. મરણ પછી ગુણાનુવાદ થાય છે. પરંતુ આજના (!) મર્યા પછી છડેચોક અવર્ણવાદ કર્યા વગર થાકતાં નથી તેઓને કેવા કહેવા? ખરેખર ! ઝેર કેટલું રેડાયું હશે ઉપકારીઓને ઉત્સુત્રભાષી અને ઉન્માર્ગી બોલવા- લખવાનું ઉત્કૃષ્ટ જ્ઞાન આજના (!)ને થયું છે?

શિખામણ પણ લાયકાત જોઇને આપવી નહિંતર સુગ્રીવ માંકડાને શીખામણ આપવી ગઇ તો તેનું શું થયું? એ લખવાની જરૂર નથી સૌને ખબર છે. ધમધમી રહેલા ગોશાળા ઉપર સુનક્ષત્ર અને સર્વાનુભૂતિએ વચનરૂપી શીતલ પાણી છાંટયું, ઉકળતા તેલની કઢાઈમાં ચાંગળુ ભરીને પાણી નાખવામાં આવે તો લપકારા મારતી આગ આખા મકાનને ભસ્મીભૂત બનાવી દે તેમ ક્રોધે ભરાયેલા ગોશાળાએ સમ્યક્ત્વ, મહાવ્રતો અને માર્ગ છોડીને અવળે માર્ગે ચાલ્યો. અડફેટમાં આવ્યા એટલે માર્યા જ સમજો. આડા ઉતર્યા એટલે જીવલેણ ક્રૂર અગ્નિનો હલ્લો જ આવ્યો સમજો.

આવો ક્રૂર હલ્લો કરવાનું કારણ શું? સુનક્ષત્ર-સર્વાનુભૂતિ કહે તું જ ગોશાળા છે. ત્યારે ગોશાળો કહે હું ગોશાળો નથી. આ રકઝકે બેન ભોગ લીધા.

એમ આજના (!)ને શીખામણ, વિનંતી કરવા છતાં, સમજાવવા છતાં, વડીલોના અભિપ્રાયો, પત્રો, પોતાના પત્રો આદિ આપવા છતાં, બતાવવા છતાં, વંચાવવા છતાં પણ આજે (!) ક્રૂર હલ્લો કરવા તૈયાર થયેલા છે.

ભગવાન શ્રી મહાવીર સ્વામી હાજર હતાં. સત્ય માર્ગથી લોકોનું ધ્યાન અન્ય માર્ગે ન જાય, અસત્ય માર્ગે વળી ન જાય અને સુનક્ષત્ર- સર્વાનુભૂતિના ભોગમાં જગત અવળી દશામાં ન ચાલ્યો જાય એ માટે ભગવાન શ્રી મહાવીર સ્વામીએ જાહેર કરવું પડયું કે તું જ ગોશાળો છે. મારી સાથે મુસાફરીમ તું જ હતો, વચનના તણખલાથી છૂપાઇને જુદો ઓળખવા માંગતો હોય તો પણ તું જુદો થઇ શકે તેમ નથી આવા વચને ગોશાળો તીર્થંકરને બાળવા તૈયાર થનાર છે છતાં સત્ય વાત જાહેર કરી.

અત્યારે કંઇક સમજૂ વર્ગ હાજર છે સત્ય માર્ગથી લોકો અવળે માર્ગે ન જાય, અને અસત્ય માર્ગે ન વળી જાય એટલા માટે શાસ્ત્રોની વાતોને અભરાઇ ઉપર ન મૂકી દેતાં જાહેર ચોગાનમાં મુકવા તૈયાર થયા છે. આવા લાડુભટ્ટોને ખુલ્લા કરવા જ પડશે. એ વખતે લાડુભટ્ટો મંત્ર-તંત્ર- મેલી વિદ્યાનો ઉપયોગ કરવા તૈયાર થશે તો પણ સત્ય વાત જાહેર કરતાં તેઓ ડરતાં નથી જાહેર કરવાનો મસાલો તૈયાર જ છે પણ અવસરે....

- ખટપટીયો

---

**હસવાની મનાઇ છે**

*શિક્ષક : પિન્ટુ રાવણનો વધ કોણે કર્યો હતો ?*

*પિન્ટુ : મને ખબર છે... પણ હું નામ નહીં જણાવું.*

*શિક્ષક : શા માટે નહી જણાવે ?*

*પિન્ટુ : કારણ કે મારા પપ્પાએ કહ્યું છે કે ખૂન કે હત્યા વગેરેમાં કોઈનું નામ ન આપવું !*

*એક દિવસ અજય અને વિજય નામના શહેરના બે ટીખળીખોર યુવાન વચ્ચે એક ટપુ નામનો ગામડિયો યુવાન ચાલતો હતો. માર્ગમાં વારંવાર તેઓ ગ્રામીણ યુવાન કરતાં શહેરના યુવાન વધારે ચબરાક અને હોંશિયાર એવી ડંફાશ હાંકતા હતા.*

*ટપુ મૂંગામોઢે ચૂપચાપ ચાલતો હતો. એ સંમત પણ નહોતો થતો કે ઈન્કાર પણ નહોતો કરતો. આ જાણીને અજયે પૂછયું, 'અલ્યા, ટપુ તું મૂરખ છે કે ગમાર ?' ટપુએ જણાવ્યું, 'બંનેની વચ્ચે છું. !,*

# પ્રશ્નોત્તર વાટિકા

(પરિમલ)

*(ગયા અંકથી ચાલુ)*

*(૧૬) જિનાલય શીખરબંધીજ હોવું જોઈએ એવું ખરું ?*

જિનમંદિર શીખરબધ્ધ જ જોઈએ એવું કોઇ શાસ્ત્રમાં નથી. પોતાની શક્તિ હોય તો બાવન જિનાલય વિશાળ બનાવે તો પણ વાંધો નથી અને શક્તિ ન હોય તો (શ્રધ્ધા સંપન્ન આત્મા) તૃણમયી કુટીર બનાવીને પણ પરમાત્માને બિરાજમાન કરી ભક્તિના વાસ્તવિક ફળને પ્રાપ્ત કરી શકાય.

यस्तुळमयीमपि कुटीं कुर्यादद्यात्तथैकमपि पुष्पम् ।
भक्त्या परमगुरुभ्यः पुण्योन्मानं कुतस्तस्य ॥

*(ઉપદેશ રહસ્ય ગા.થા. ૩૬)*

પોતાની શક્તિ મુજબ ઉદારતા પૂર્વક વિધિ સહિત મોક્ષને પામવાની તીવ્ર અભિલાષાવાળો શ્રાવક જયણા પૂર્વક જિનાલય બનાવે તો એકાંતે લાભ થાય. શાસ્ત્રમાં કહ્યું છે કે શ્રાવકની અમુક શકિત થાય તો ઘરમાં જિનાલય બનાવે. આજે પરિસ્થિતિ અને પરિણતી ખૂબ જ વિચિત્ર છે. ૨૫-૫૦ લાખ રૂ. નો ચઢાવો બોલનાર શ્રાવક પણ પોતાના ઘરમાં પરમાત્માને પધરાવવાની તૈયારી રાખતો નથી. આશાતનાનો ભય બતાવે છે, પરંતુ ખરેખર તો શ્રધ્ધાની ખામી જ વધુ હોય છે.

(૧૭) સવારનું રાઈ પ્રતિક્રમણ બાકી હોય અને મોડું થઇ ગયુ હોય તો વાસક્ષેપ પૂજા કરીને પછી પ્રતિક્રમણ થઈ શકે ?

સવારનું પ્રતિક્રમણ કરવાનું બાકી હોય તો પ્રતિક્રમણ કર્યા પહેલા જિનાલયે જવાય નહિ. સ્નાનાદિ પણ કરાય નહિ અને ઉપાશ્રયે સાધુ ભગવંતોને વંદનાદિ પણ થાય નહિ. આ બધી જ ક્રિયા પ્રતિક્રમણ કર્યા પછી જ થાય.

(૧૮) સામાયિકમાં વસ્ત્ર તથા ઉપકરણ કેવા જોઈએ ?

સામાયિક કરનાર પુરુષે સામાયિકમાં ધોતી ખેસ અને મુહપતિ સુતરાઉ રાખવા. રેશમી વસ્ત્ર સામાયિકમાં વપરાય નહિ કારણ કે સામાયિક ત્યાગ સ્વરુપ છે. જ્યારે રેશમી વસ્ત્ર રાગ સ્વરુપ છે.પૂજાના ફાટી ગયેલા વસ્ત્રો પણ સામાયિકમાં વપરાય નહિ. સામાયિકમાં પણ વસ્ત્રો ઘણાં મેલા રાખવા નહિ. ફાટી ગયેલા, સાંધેલા વાપરવા નહિ. ઉપકરણમાં પણ મુહપત્તિ.- પોતાના સોળ આંગળના માપવાળી એકબાજુ ધારીવાળી ભરત વિ. ભર્યા વિનાની ત્રણ બાજુની કિનાર ઓટયા (સિવ્યા) વિનાની સુતરાઉ સફે વસ્ત્રમાંથી બનાવેલી જોઈએ. ચરવળો ગરમદશીઓ- વાળો પોતાના ૩૨ અંગુલ પ્રમાણવાળો ચંદનાદિ લાકડાની દાંડીવાળો (ત્યાગના પ્રતિક સમુ જીવોની જયણાનું સાધન હોવાથી ચાંદની કે કોઈપણ ધાતુની દાંડી ચાલી શકે નહિ) ૨૪ અંગુલની દાંડી અને ૮ અંગુલ દશીઓ અથવા કુલ ૩૨ અંગુલ ચાલે કટાસણું પ્યોર ગરમ, બેઠા પછી પોતાનું શરીર આખુ અંદર રહે તેટલા માપવાળુ રાખવુ. પુરુષોએ સામયિકમાં કે પૂજામાં સીવેલા કપડા પહેરવા નહિ. ધર્મના ઉપકરણો ઉપર પણ બહુમાન જરૂરી છે. અને તે ઉપકરણો યથોક્ત (શાસ્ત્રમાં કહેલા) માપવાળા જોઈએ.

(૧૯) મૂળા કંદમૂળ ગણાય છે, પરંતુ તેની ભાજી અનંતકાયમાં ગણાતી નથી તો તે વાપરી શકાય ?

મૂળા અનંતકાય છે. તેની ભાજી પ્રત્યેક વનસ્પતિકાય હોવા છતાં મૂળાના પાંચે અંગ (શ્રાધ્ધવિધિ વિ. ગ્રંથમાં) અભક્ષ્ય કહ્યા છે તેથી મૂળાની જેમ જ તેની ભાજી પણ ત્યાજ્ય છે (વાપરી શકાય નહિ)

मुलकस्तु प्रचांगोडपि त्याश्य: ।

(૨૦) અડવીના પાન (પત્તરવેલીયા) બારે માસ કલ્પે?

પત્તરવેલીયા કારતક સુ.૧૫ થી ફાગણ સુ.૧૪ સુધી અભક્ષ્ય ગણાતા નથી. જૈન શાસનમાં તમામ ગચ્છ અને શ્રાવક વર્ગ ફા. સુ. ૧૫ થી કારતક સુ. ૧૪ સુધી પત્તરવેલીયાને અભક્ષ્ય (ભાજીપાલામાં ગણ્યા હોવાથી) માને છે. આ બાબતે કોઇ મતાંતર નથી. શાસ્ત્રમાં જયારે સ્પષ્ટ પાઠ ન મળે ત્યારે પૂર્વાચાર્યોએ આચરેલી-પ્રરૂપેલી પરંપરાને સન્માર્ગ માનીને તે મુજબ જ બોલવું-વર્તવું જોઇએ.

(૨૧) રીંગણા અભક્ષ્ય છે ?

રીંગણા બહુબીજ છે. નિદ્રાને વધારનાર વિષય વિકારને (કામને) ઉદ્દીપન કરનાર વગેરે અનેક દોષોનું પોષક હોવાથી જૈન શાસનમાં અભક્ષ્ય તરીકે જ ગણવામાં આવ્યું છે.

અન્યદર્શનમાં શિવપુરાણમાં પણ કહ્યું છે કે -

यस्तु वृन्ताक - कालिङ - मूलकानां च भक्षकः ।
अन्तकाले मूढात्मा न स्मरिष्यति मां प्रिये ॥

પારવતીને ઉદ્દેશીને મહાદેવજી કહે છે કે - હે પ્રિયે જે (મનુષ્ય) વતાંક (રીંગણ), કાલિંગડા અને મૂળાનું ભક્ષણ કરે છે તે અંતે મૂઢ બની જાય છે, તેથી મરણ સમયે મારું સ્મરણ કરી શકતો નથી.

(૨૨) સૂકા મેવામાં કયો મેવો કયારથી અભક્ષ્ય ગણાય ?

સૂકા મેવામાં અંજીર (બહુબીજ હોવાથી) સિવાય બધો જ સૂકો મેવો કારતક સુ. ૧૫ થી ફાગણ સુદ-૧૪ સુધી અભક્ષ્ય તરીકે ગણવામાં આવતો નથી. ફાગણ સુ. ૧૫ થી અષાઢ સુદ ૧૪ સુધી બદામ અને સૂકા ટોપરા સિવાયનો તમામ મેવો અભક્ષ્ય તરીકે ગણવામાં આવે છે. અષાઢ સુ. ૧૫ થી કારતક સુ. ૧૪ સુધી સંપૂર્ણ (બધોજ) મેવો અભક્ષ્ય ગણાય છે. માત્ર જે દિવસે બદામ ફોડીને ખોખામાંથી કાઢી હોય તે તથા સૂકા ટોપરાનો ગોળો તોડયો હોય તો તે દિવસે જ ઉપયોગ કરવામાં અભક્ષ્ય નથી.

ફાગણ સુ. ૧૪ પહેલા કાજુની કતરી વિ. બનાવેલ હોય અથવા ઘીમાં તળી નાખેલ હોય તો તેના કાળ પ્રમાણે ૨૦ દિવસ સુધી વાપરી શકાય છે. પરંતુ ફાગણ સુ. ૧૪ પછી બનાવેલ કાજુ કતરી વિ. વાપરી શકાય નહિ. ઉપર પ્રમાણેનો વ્યવહાર મોટા ભાગના સમુદાયમાં તથા શ્રાવકોમાં પ્રચલિત છે. અને તે પણ સુવિશુધ્ધ પરંપરાના કારણે જ સર્વને માન્ય છે.

(૨૩) ઝીણી લીલી દ્રાક્ષ સચિત કે અચિત ગણાય ?

લીલી દ્રાક્ષ ફ્રૂટમાં ગણાય છે. તે મોટી અને નાની બે પ્રકારની આવે છે. મોટી દ્રાક્ષ તો બી સ્પષ્ટ હોવાથી બધાજ સચિત માને છે. તેમાં તો કોઇ બે મત નથી. પરંતુ નાની લીલી દ્રાક્ષમાં બે મત છે એક મત કહે છે કે તેમાં બી ન હોવાથી ઝુમખામાંથી છૂટી થયા બાદ તુરત જ અચિત થાય છે જ્યારે બીજો પક્ષ કહે છે કે ઝીણી દ્રાક્ષમાં પણ નાનો બી હોય છે તેથી માત્ર છૂટી પાડવાથી તે અચિત થાય નહિ. ઉકળતા પાણીમાં નાખીને બાફવામાં આવે અથવા ચપ્પાથી બે ભાગ કરવામાં આવે તો જ અચિત થાય. આ બંને માન્યતા એક જ ગચ્છમાં પણ જોવા મળે છે. જે લોકો સચિત માને છે તે પણ ફક્ત કોકરવરણા (નવસેકા) પાણીમાંથી પણ કાઢી લઇને વાપરતા જોવાય છે. ઉકળતા પાણીમાં દ્રાક્ષ નાંખવાથી તે લોચા જેવી થાય. ખરેખર તો ફ્રુટ માત્રનો ત્યાગ કરવો જોઇએ અને દ્રાક્ષ તો વિશેષ લોલુતપાનું કારણ બનતી હોવાથી છોડી જ દેવી જોઇએ. છતાં આ બાબતમાં શાસ્ત્ર શું કહે છે તે પણ જોવું જરૂરી છે. લઘુપ્રવચન સારોધ્ધારમાં લઘુદ્રાક્ષ અચિત તરીકે વર્ણવેલી છે.

मोयाफलं पंडोली घोसाडफलं व रुवखगुंदाइ
तापडिबध्दं जं नो हवइ तं कप्पमचितं ॥ ९९

મોયાફળ (કેળા) પંડોલી (લઘુદ્રાક્ષા) ઘોસાડફલ (ઘીસોડા) અને વૃક્ષોના ગુંદર કે જે

તત્પ્રતિબધ્ધ ન હોય તો કલ્પ્ય અને અચિત જાણવા.

કેળા લુમ (ઝુમખાઓ) માંથી છૂટા પડયા પછી તુરત જ અચિત માનીએ છીએ. તેની જેમ જ લખુદ્રાક્ષા (ઝીણી દ્રાક્ષ) પણ છૂટી પડયા બાદ તુરત જ અચિત ગણવી શાસ્ત્રપાઠના આધારે વ્યાજબી ગણાય.

(૨૪) જિનાલયાનં દર્શન કરવા જતી વખતે ભૂલથી દવા વિ. ખીસામાં લઈને ગયા હોય તો તેનો ઉપયોગ થઈ શકે ?

જિનાલયમાં દર્શન કરવા જઈએ ત્યારે ખીસામાં દવા વિ. કોઈપણ ખાવા-પીવાની ચીજ લઈ જવી જોઈએ નહિ પરંતુ લઈને ભૂલથી ગયા હોઈએ તો તે ચીજ દેવદ્રવ્ય બનતી નથી છતાં પરિણામ નિષ્ઠુર ન બને માટે દવા તથા ખાવા-પીવાની ચીજ વસ્તુઓ સ્વયં ઉપયોગ કરવો નહિ, દેવાધિદેવની દૃષ્ટિ પડવામાત્રથી દેવદ્રવ્ય થતું નથી કહ્યું છે કે

अर्हदादि दृष्टिमात्र पतितं च देवादि द्रव्यं न भवति ॥ (द्रव्यसप्ततिका)

ભાદરવા સુ. ૫ના યાત્રાત્રિકના કર્તવ્ય તરીકે રથયાત્રાનો વરઘોડો નીકળે છે તેમાં રથમાં પ્રભુજીને પધરાવવામાં આવે છે અને પરમાત્માને ખુલ્લા લઈને બેસવામાં આવે છે. રસ્તામાં દુકાનોમાં તથા લારીમાં ખાવાપીવાની ચીજવસ્તુઓ ઉપર દૃષ્ટિ પડે છે અને તે ચીજવસ્તુ ખાવાથી આપણા પરિણામ નિષ્ઠુર નથી બનતા માટે તે ચીજ વસ્તુ વાપરીયે છીએ. અહીં માત્ર કોઈવાર ભૂલથી મંદિરમાં ખાવાપીવાની વસ્તુ લઈને જવાનું બની ગયુ તો તે વસ્તુનો ત્યાગ કરી દેવો હિતકર છે.

(૨૫) ચાલુ વ્યાખ્યાનાદિમાં સામાયિક લઈ શકાય ? લીધેલી સામાયિક પૂર્ણ થાય તો બીજી લેવી હોય અથવા પારવી હોય તો પારી શકાય ?

સામાયિક લેવાની ભાવનાવાળા ભાગ્યશાળીઓએ વ્યાખ્યાન શરૂ થતાં પહેલા જ સામાયિક લઈ લેવી જોઈએ. ચાલુ વ્યાખ્યાનમાં સામાયિક લેવી કે પારવી.(જિનવાણીની આશાતના હોવાથી) ઉચિત નથી. તેથી વ્યાખ્યાનાદિના સમય દરમ્યાન વ્યાખ્યાન પૂર્વે પણ જાવ નિયમં ન બદલે જાવ સુઅં પદ બોલી શ્રુત સામાયિક લેવી જોઈએ જેથી બે ઘડી ઉપરાંત વ્યાખ્યાન ચાલે તો પણ સામાયિકનો લાભ મળે અને વચ્ચે પારવી ન પડે, ઘડીયાળ જોવી ન પડે, ઉપયોગ પૂર્વક એકાગ્રતાથી વ્યાખ્યાન સાંભળી શકાય.

'જાવ સુઅં' પૂર્વક લીધેલા સમાયિકમં પણ ઓછામાં ઓછી બે ઘડી તો બેસવું જ પડે, બે ઘડી પૂર્ણ થયા પછી ઉપરનો સમય પણ લાભદાયી (સામાયિકમાં) જ બને. વ્યાખ્યાન પૂર્ણ થયા બાદ વિધિસહિત પારી શકાય. ચાલુ વ્યાખ્યાનમાં સામાયિક લેવાનું પણ અવિધિથી અને પારવાનું પણ અવિધિથી થાય. જેમાં ખમાસમણું પણ બેઠા બેઠા ઉપેક્ષા પૂર્વક દેવાય, માટે ચાલુ વ્યાખ્યાનમાં વ્યાખ્યાન શ્રવણ સિવાય બીજી કોઈપણ ધાર્મિક ક્રિયા પણ (નવકારવાળી ટીપ વિ.) કરી શકાય નહિ.

(૨૬) રાત્રે મોડા જમવાનું થયુ હોય તો બીજે દિવસે સવારે નવકારશી વિ. પચ્ચક્ખાણ કરી શકાય ?

રાત્રી ભોજન સર્વથા છોડી દેવું જોઈએ. છતાં પણ રાત્રે (બે પ્રહરમાં) બાર વાગ્યા પહેલા કદાચ ભોજન કર્યુ હોય કે પાણી પીધુ હોય તો સવારે નવકારશી થી માંડીને ઉપવાસ સુધીનું પચ્ચક્ખાણ કરી શકે છે, તેમાં કોઈ જાતનો વાંધો આવતો નથી. પરંતુ રાત્રીના બાર વાગ્યા (બે પ્રહર) પછી ભોજન કે પાણી લીધુ હોય તો બીજે દિવસે નવકારશી વિ. કોઈપણ પચ્ચક્ખાણ કરી શકે નહિ, તે પચ્ચક્ખાણનો ભંગ થાય છે.

(ક્રમશઃ)

# પ્રત્યેક બુદ્ધ દેશના

(કુવલયમાલામાંથી)

''નારકી તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચારે ગતિ રૂપ ભયંકર અને પાર વગરના આ સંસાર સમુદ્રમાં ભમતાં ભમણાં ઘણો કાળ પસાર થયો. તેમાં રાજય સુખ પણ ઘણી વખત મેળવ્યું અને દુર્ભાગીપણું પણ ઘણી વખત ભોગવ્યું. પોતાના ધર્મ અને કર્મને આધીન રહી જીવો રાજયસુખ અને દુઃખ પ્રાપ્ત કરે છે. જો વિશિષ્ટ ગુણવાન આત્માઓને ઈષ્ટ પદાર્થ અપાય અને તે જો અનિષ્ટ આચરણ ન કરે તથા અનુકંપા કરવામાં તત્પર રહે તો રાજય કોણ પ્રાપ્ત ન કરી શકે? જીવોને બાંધવા, ઘાયલ કરવા, વધ કરવો, મારવાં વગેરેના પરિણામવાળો અને ધર્મના વ્યાપાર વગરનો હોય તેવા જીવને નરકમાં જતાં રોકવાને કોણ સમર્થ થઈ શકે? સમગ્ર સંસારમાં લોકને વિશે એવો કોઈ જીવ નથી કે જે દેવપણામાં ઉત્પન્ન થયા પછી અશુચિમાં કૃમિપણે ફરી ઉત્પન્ન થયો ન હોય. દુઃખના આવાસરૂપી આ સંસારમાં એવો કોઈ જીવ નથી કે જે માતા, પિતા, બંધુ અને સ્વજનપણું ઘણી વખત પામ્યો ન હોય. સકલ જગતમાં એવો કોઈ જીવ નથી કે જેણે કર્મ વડે વિષયની આશામાં મૂઢ મનવાળો બની પરસ્પરના કાર્યમાં માર ન ખાધો હોય. ચાર ગતિ સ્વરૂપ કારાવાસમાં એવો કોઈ જીવ નથી કે જે પરસ્પરના કાર્ય માટે મૃત્યુ પામ્યો ન હોય અને મિત્રપણું પામ્યો ન હોય. કર્મયોગે સંસારમાં ભ્રમણ કરતો એવો કોઈ જીવ નથી કે જે ઈર્ષ્યા, અહંકારથી કોપ પામી શત્રુપણું પામ્યો ન હોય. ભયંકર ચારગતિ સ્વરૂપ આ સંસાર સાગરમાં એવો કોઈ જીવ નથી કે જે હિંસક પશુના નખ અને દાંતથી વિનાશ પામેલા દેહવાળો થઈ વારંવાર આહાર કરાયો ન હોય.

કર્મયોગથી તે જ શત્રુ અને તે જ મિત્ર બને છે અને પાપથી તે જ રાજા અને તે જ સેવક બને છે. માટે એક વાત સ્વીકારી લો કે આ જગતમાં કોઈ બંધુ નથી કે કોઈ શત્રુ નથી. પોતાના ચારિત્ર્યથી ઉત્પન્ન થયેલ કર્મએ એજ શત્રુ અને એ જ મિત્ર છે એમ મનથી સ્વીકારો. આ પ્રમાણે સંયોગ, વિયોગ, રાજ્ય, બંધુવર્ગ એ સર્વ અનિત્ય છે એમ જાણી વૈરાગ્ય પામેલો કોણ પરલોકનું કાર્ય ન કરે?''

❖❖❖

''આ સંસાર અત્યંત દુઃખવાળો છે, અને કષ્ટથી પાર પામી શકાય તેવો છે. કામનો છેડો નથી, ભોગો પરિણામે વિરસ છે. કર્મનું ફળ કડવું હોય છે. ઘણાં લોકો મૂઢ હોય છે. કાકતાલીય ન્યાયે મનુષ્યપણું મળી જાય છે. ઉત્તમ ક્ષેત્ર, જાતિ, કુળ, રૂપ, આરોગ્ય એકદમ પ્રાપ્ત થઈ શકતાં નથી. આયુષ્ય થોડું હોય છે, ધર્માચાર્યો વિરલ હોય છે, જિનધર્મ દુર્લભ છે, જિનોકત ક્રિયાકલાપ દુષ્કર છે, મનને વશ કરવાનું સહેલું નથી. સંસારીપણું સર્વથા દુઃખમય છે. માટે તમારા આત્માની જેમ બીજાં પ્રાણીઓનું રક્ષણ કરો. ન બોલવા જેવાં અને જૂઠાં વચનો ન બોલો. તણખલા જેટલું પણ પારકું ગ્રહણ ન કરો. પરદારાઓને માતાની જેમ ગણો. પરિગ્રહને શત્રુની જેમ માનો અને આ વાત સ્વીકારો.

કેમ કે,

જરા, મરણ, રોગ, કર્મમલ, કલેશની પ્રચુરતાવાળા આ સંસારમાં એક જિનવચન છોડીને જગતમાં બીજું કોઈ શરણ નથી.''

મુસાફર મુસ્તાક દૂર મહેલમાં રહેતા તેના કાકાને મળવા જાય છે. પરંતુ રસ્તામાં હડકાયેલું કૂતરું છે. તમે મુસ્તફાને હેમખેમ મહેલ સુધી પહોંચાડો. (ગુ. સ.)



# મોહમાયા છોડો-સદ્‌ગુરૂનો સંગ જોડો

એક બાવાજી હતાં. ખ્યાતિ ફક્કડ ગીરધારીની. મઝેથી- મસ્તીથી ભગવાનનું નામ. જરૂર પડે ત્યારે મહિને બે મહિને પારસમણિને યાદ કરે. લોખંડ કયાંથી શોધી લાવે, પારસમણિનો સ્પર્શ કરાવે. સ્પર્શવાથી લોખંડ સોનું થઇ જાય ને બાવાજીનું કામ ચાલે. ગામમાં રહેતાં એક શેઠને આ વાતની ખબર અંતર મળી. શેઠે મનમાં તે લેવાનો નિરધાર કર્યો. પોતાના દિકરાને વેપાર- રોજગાર સોંપી શેઠ ચાલ્યા બાવાજી પાસે. બાવાજીના ચરણોમાં શિર ઝુકાવી કહ્યું બાવાજી આજથી હું તમારો દાસ. તમારા ચરણોમાં રહેવાનો, તમારી સેવા-ચાકરી કરવાનો.

બસ, બાવાજીને કષ્ટ ન પડે એ રીતે શેઠજીએ પોતાનું રહેવાનું, ખાવાનું, પીવાનું, ઉઠવાનું, બેસવાનું બધું બાવાજીની સાથે રાખ્યું.

બાવાજી ઉઠે એ પહેલાં શેઠ ઉઠી જાય. બાવાજીની સેવા-ચાકરીમાં લાગી જાય. બાવાજીના પ્રાથમિક કાર્યો સાથે દાંતણપાણી, સ્નાન, કપડાં, ભોજન, શયન આદિ સઘળી વાતની કાળજી શેઠ ખૂબ જ ખંતપૂર્વક રાખે. બાવાજીના મનના ભાવો, ઈંગીતાકારો આદિના ઈશારા પહેલાં જ એ કાર્યો શેઠ ખૂબ જ ઉત્સાહથી પૂર્ણ કરતાં. સેવા કરતાં - પણ સેવા કોની?

તો કહો બાવાજીની કે પારસમણિની?

'લાલચ એવી વસ્તુ છે કે ભલભલા માનવી પાસે કયું કામ ન કરાવે? અર્થાત ગમે તે કામ કરાવે.

વર્ષોના વર્ષો વીતવા લાગ્યા. બાવાજી પણ પાકા હતાં. શેઠની સેવા-ચાકરી લે પણ મનથી હુંકારોય ન ભણે. સેવા કરતાં કરતાં બાર વર્ષ પૂર્ણ થયા. છતાંય શેઠની ધીરજ ખૂટી નહિં. બાવાજી તાલ જોયા કરે છે. શેઠ મનમાં રહેલો ઉભરો કોઇક દિન ઠાલવશે. પણ શેઠ ખૂબ જ માયાવી ને ગંભીર. રૂંવાડેય પોતાના લાલચ પ્રગટ થવા દેતાં નથી. સેવા-ચાકરીમાં ઉણપ આવવા દેતાં નથી.

એક દિવસ બપોરના ભોજન પછી બાવાજી પેટે હાથ ફેરવતાં ફેરવતાં આડે પડખે સૂતા છે અને શેઠ તેઓની સામે વિનમ્રભાવે બેઠા છે. તે વખતે બાવાજીએ કહ્યું કે રે બચ્ચા! મેં તુઝ પર પ્રસન્ન હુઆ હું, માગ, માગ તુઝે જો ચાહિયે વો. તું માંગે વો મેં દુંગા!

શેઠે કહ્યું: બાવાજી પ્રસન્ન થયા હોઉ તો મને પારસમણિ આપો. બાવાજી કહે બહુત અચ્છા!

'જાવ સામને જો કપડાં લટક રહા હે વો લે આઓ, ઉનમેં પારસમણિ હે.'

શેઠે તે ઝોળી બાવાજીની પાસે મુકી. ભાઇ ખોલો! બાવાજીએ કહ્યું ઝોળી ખોલતાં જ શેઠ ચમકયા. આ તો લોખંડની ડબી છે. બાવાજી મને છેતરશે. પારસમણિ લોખંડને અડે તો લોખંડ સોનુ થઇ જાય એવું મેં સાંભળ્યું છતાં આ તો લોખંડની ડબી છે, કયાં સોનાની છે.

ભાઇ, અન્ય વિચાર છોડી દે ડબી ખોલ. ડબીની અંદર પારસમણિ છે. ડબ્બીની અંદર ફાટેલા-તૂટેલાં કપડા પડયા હતાં તે જોઇ શેઠે વિચાર્યું કે ચોક્કસ આ બાવાજી મણિને બદલે અન્ય કોઇ ચીજ વળગાડી દેશે.

બાર બાર વર્ષની એક સરખી સેવા ચાકરીનું આ ફળ? ઘર છોડયું, કુટુંબ છોડયું, વેપાર- રોજગાર છોડયો, શેઠાઇ છોડી, માન-મોભો છોડયો ને સેવા-ચાકરી કરી. ખરેખર! બાવાજી, આ સેવા ચાકરીનું ફળ કાંઇક ભળતું જ આપશે !

બેટા! બહુત વિચારમેં પડ ગયા? ચિંતા મત કર. લાવ ડબી લાવ, કપડા આઘાપાછા કરી, એક કપડાંની

પોટલી બહાર કાઢી તેમાં કાંઈક બાંધેલું હતું. પોટલીની ગાંઠો છોડી એટલે તેમાંથી ઝળહળતો પ્રકાશ બહાર નીકળ્યો. શેઠના મનને શાંતિ વળી. જરૂર આ જ મણિ હોવો જોઈએ.

ડબ્બીના કપડાં બધા બહાર કાઢી પારસમણિને લોખંડની ડબ્બીમાં મૂકયો. મુકતાંની સાથે જ ડબ્બી સોનાની થઈ ગઈ. શેઠના જીવમાં જીવ આવ્યો. હર્ષના આંસુઓ ગાલ ઉપર સરી પડયા. ખાતરી થઈ ગઈ કે આ જ પારસમણિ છે. બાવાજીએ ભેટ આપ્યો અને બાર વર્ષે શેઠની લાલચ પૂર્ણ થઈ.

લોખંડ ને પારસમણિની વચ્ચે કપડાંનું અંતર હતું એથી લોખંડ સોનું થતું ન હતું. તેમ આપણી અને ગુરુની વચ્ચે મોહમાયાનું અંતર છે. એટલે સાચું જ્ઞાન થતું નથી જો એ મોહમાયાનો પડદો હઠી જાય તો આપણને અત્યારે જ અબઘડીએ સાચું જ્ઞાન પ્રાપ્ત થઈ જાય, પ્રગટ થઈ જાય. પ્રગટેલા જ્ઞાનથી ચારિત્રમાં ઉદ્યમશીલ બનાય, તેથી શિવસદનમાં રહેલું અનંત સુખ ભોગવી શકાય. માટે મોહમાયા છોડી અને સદ્‌ગુરુનો સંગ જોડો.

- પ્રજ્ઞાવિ



# શ્રી થાણા હા. વી. ઓ. શ્વે. મૂ. તપગચ્છ જૈન સંઘના નેતૃત્વે

## નૂતન જિનમંદિર–ઉપાશ્રય નિર્માણ

થાણામાં હાલારી સમાજના લગભગ ૩૮૦ ઘરો વસવાટ કરી રહ્યા છે. શ્રી સંઘની સ્થાપના થયા પછી ઘણા વખતથી એક સ્વપ્ન હતું કે શ્રી સંઘની માલીકીના સ્વતંત્ર ઉપાશ્રય જિનાલય બને.... તે માટે સતત પ્રયત્નશીલ રહેતા શ્રી સંઘને આ કાર્ય અંગે પ્રાચીન સાહિત્યોદ્ધારક પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજાની સતત પ્રેરણા અને શુભ આશિષથી સંઘના સભ્યશ્રી અરવિંદ પાનાચંદ લાધા મારૂ (ચેલા) હાલ થાણાના પ્રશસ્ય પ્રયત્ને શ્રી ગણપતે ડેવલપર્સના ઔદાર્યપૂર્ણ સહકારથી બિલ્ડર્સ તરફથી શ્રી સંઘને જિનાલય-ઉપાશ્રય નિર્માણ માટેની હાઈવે ટચ જગ્યા મળી.

પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ. ના માર્ગદર્શન અને આપેલ મુહૂર્તાનુસારે વિ. સં. ૨૦૬૦ના મહા સુદ-૪ રવિવાર ત. ૨૫-૧-૦૪ના મંગલ મુહૂર્તે વર્ધમાન તપોનિધિ પૂ. આ. શ્રી લલિતશેખર સૂ. મ., પૂ. આ. શ્રી રાજશેખર સૂ. મ., પૂ. આ. શ્રી વીરશેખર સૂ. મ. આદિ પૂજ્યોની શુભ નિશ્રામાં ખનનવિધિ ઉલ્લાસ પૂર્વક સંપન્ન થયો. ખનનવિધિ પછી શિલા સ્થાપનની ઉછામણી પૂજ્યોની નિશ્રામાં થઈ. નવે-નવ શિલાઓની ઉછામણી સુંદર રીતે થઈ. પ્રથમ અને મુખ્ય શિલાની ઉછામણી શરૂ થતાં શ્રી ગણપતે ડેવલોપર્સ દ્વારા સુંદર ઉછામણી બોલીને લાભ લેવાયો.

શિલા સ્થાપનનો મંગલ કાર્યક્રમ મહા વદ-૨ રવિવાર તા. ૮-૨-૦૪ના શુભ દિને ત્રણેય પૂજ્ય આચાર્ય ભગવંતોની નિશ્રામાં નિધરિલ છે. આ દિવસે સકલ શ્રી સંઘનું સાધર્મિક વાત્સલ્ય પૂ. માતુશ્રી ભાવલબેન લાધા પરબત મારૂ (ચેલા) તરફથી લેવામાં આવ્યો છે.

જ્યાં સુધી જિનાલયમાં પ્રભુજી બિરાજમાન ન થાય ત્યાં સુધી સાંકળી આયંબિલ તપની વર્ધમાન તપોનિધી પૂજ્યપાદ આચાર્ય ભગવંતે પ્રેરણા કરતાં શ્રી સંઘે તેનો નિર્ણય કરી નામાવલિ લખવાનું ચાલુ કર્યું છે.

કલિકાળમાં ભવ્ય જીવોના આત્મ કલ્યાણ માટે જિનાલય-ઉપાશ્રય અતિ જરૂરી સાધનો છે. તે મળી જવાથી ભવ્યાત્માઓ મોક્ષ માર્ગની સુંદર સાધના કરી શકે છે.

શિલાઓનો લાભ લેનાર (૧) મેસર્સ ગણપતે ડેવલપર્સ - થાણા (૨) લખમશી પુંજા પરબત સાવલા-ચેલા, હાલ થાણા (૩) માતુશ્રી ભાવલબેન લાધા પરબત - ચેલા, હાલ થાણા (૪) માતુશ્રી મુરીબેન લખમશી ખેતશી હરિયા નાગડા - હાલ થાણા (૫) છગનલાલ મેપા હરિયા - આરબલુંસ, હાલ થાણા (૬) શ્રીમતી મંજુલાબેન મનસુખલાલ પાનાચંદ સાવલા - નવાગામ, હાલ થાણા. (૭) શ્રી કાનજી મેપા હરિયા - કજુરડા, હાલ થાણા, (૮) માતુશ્રી લક્ષ્મીબેન વાઘજી જેઠા દોઢીયા - સીકકા, હાલ મુલુંડ (૯) અમૃતલાલ ગોકળજી જાંખરીયા - વસઈ, હાલ થાણા અને રૂવાન્ડા હ. કાંતિભાઈ અમૃતલાલ મહા વદ-૨ ના શિલારોપણ થશે.



ટેલિફોનવાળો : સાહેબ તમારો ટેલિફોન બરાબર સરસ ચાલે છે ને !

ગ્રાહક : અરે બરાબર ! રેલ્વેની ઓફિસમાં જોડીએ તો પાંજરાપોળનો નંબર લાગે છે અને પાંજરાપોળનો જોડીએ તો ગાંડાની હોસ્પિટલનો નંબર લાગી જાય છે. સાચો નંબર લાગતો જ નથી.

ટેલિફોનવાળો : ખોટો નંબર જોડો એટલે સાચો લાગી જશે.

***

ગ્રાહક (ભેંસના માલિકને) : તમારી ભેંસ રોજનું કેટલું દૂધ આપે છે ?

માલિક : વીસ કિલો દૂધ

ગ્રાહક : અને દૂધનું વેચાણ કેટલું ?

ભેંસનો માલિક : ત્રીસ કિલો.

# શ્રદ્ધાંજલિ

**અમારા સ્મૃતિ પટ પર હંમેશા વિદ્યમાન રહેનાર**
**અમારા વહાલા પિતાશ્રીને કોટિ કોટિ વંદન**



**સ્વ. સંઘવી શ્રી પોપટલાલ વિરપાર દોઢિયા (શાહ)**

જન્મ : ૧૪-૬-૧૯૯૧
અરિહંતશરણ : ૨૬-૧૨-૦૩
સં. ૨૦૬૦ના પોષ સુદ ૪ શુક્રવાર

*આંખો શોધે છે હજી પણ કયાંક તમોને,*
*આંસુઓ પણ આશ્વાસન આપતાં નથી,*
*દિવસો કંઈક વિતી જશે તમારી જુદાઈમાં,*
*શ્રદ્ધા છે છબી હમણાં બોલશે કંઈક હવે*
*ક્ષમા, સરળતા, પ્રેમ, સત્યની વહાવી સુંદર સરિતા*
*સોના સખા સર્વે જીવોને નીજ આતમ સમ ગણતા*
*જીવન એવું જીવી ગયા કે જીવન એક સંદેશ બન્યું.*
*ગુણોની હારમાળા એવી તમે ગુંથતા ગયા*
*કે અર્પણ કરવાનો વખત આવ્યો ને*
*તમે એકલા મૂકી ચાલ્યા ગયા!*

॥ પરમાત્મા આપના આત્માને શાશ્વત મોક્ષ અર્પે
એજ પ્રાર્થના ॥

## ઋણ સ્વીકાર

પૂજય પિતાશ્રીની અણધારી વિદાયથી અમારો પરિવાર, સ્નેહી સંબંધી, સમાજ તથા અનેક સંસ્થાઓ શોકાતૂર બની ગયા. આવી પડેલી આપત્તિ સમયે અંતિમ ક્રિયામાં, શ્રદ્ધાંજલિ- પ્રાર્થનાસભામાં હાજર રહી જ્ઞાતિજનોએ, સ્નેહીઓએ તથા સંબંધીઓએ, વેપારીબંધુઓએ, મિત્રોએ અમને રૂબરૂ તથા પત્રો, તાર, ટેલિફોન, ફેકસથી જે દિલાસો આપ્યો છે સાથે કરૂણા, નીડરતાં, સ્નેહસભર શબ્દોથી અમારા કારમા ઘા ઉપર ચંદનનો લેપ કર્યો છે, એવા આશ્વાસનો માટે અમે આપના સદાય ઋણી રહીશું.

**આભારી**
સંઘવી શ્રી પોપટલાલ વિરપાર શાહ પરિવાર,
હ. મનસુખભાઈ- રમેશભાઈ - સુરેન્દ્રભાઈ
*કંપની : ઓઈલપુલ - ઓઈલટ્રેડ - ઓઈલવર્ડ*

પરમ પૂજય આચાર્યદેવ સ. શ્રી જીનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજા સાહેબ અને સાધુગણ - પૂ.સા. સ્વર્ણ પ્રભાશ્રીજી અને આદિ સાધ્વીજીઓ.

પૂજય બાપુજીનું સમાધી મરણ થયું. છેલ્લા ત્રણ દિવસ આખુ કુટુંબ નવકાર મહામંત્રની ધુનમાં તલ્લીન હતું.

દિકરી મહારાજ સાહેબ પૂ.સા. પૂણ્યન્તશ્રીજી તેમના ગુરુ અને તેમના ગુરુ હાજર હતાં. ત્રણે પૂજયોએ ત્રણે દિવસ દિવસમાં ત્રણ વખત બે કલાક બેસીને મહાન શ્લોકો બાપુજીને સંભળાવતા હતાં.

શુક્રવાર તા. ૨૬-૨-૦૩ સવારના પૂજયોએ નવકારનું પચખાણ બાપુજીને આપેલ, ત્યારબાદ આખા કુટુંબના હાથે પા ચમચી પાણી પીધું. રાતના ૮-૧૫ કલાકે નવકાર મંત્રની ધુનમાં બંને આંખો ખોલી હસ્યા, મોંઢા ઉપર એકદમ તેજ પથરાણો અને નવકાર મંત્રની ધુનમાં પદ્મંહ થઈ મંગલમની સાથે આંખો મીચી અને હોશમાંથી છેલ્લો શ્વાસ લઈ વિરગતી પામ્યા.

ૐ

મનસુખ- રમેશ- સુરેન્દ્ર

# બોરસદમાં ઉપધાન તપની આરાધનાની ભવ્ય પૂર્ણાહુતિ ઉપાશ્રયનું દબદબાભર્યું ખનન - આદીશ્વર દહેરાસરની સાલગિરિની ભવ્ય ઉજવણી અને ઉમેટાનો છરીપાલક સંઘ પોષી દશમની ભવ્ય આરાધના માળારોપણના દિવસે બોરસદના કતલખાના બંધ રહેલ.

પૂ. વર્ધમાન તપોનિધિ પૂ.આ. ભગવંત પ્રભાકર સૂરીશ્વરજી મહારાજાની મંગલ નિશ્રામાં ઉપધાન તપની ભવ્ય આરાધના પૂર્ણ થઈ અને નવથી તેર વર્ષના બાળકોએ નવ-નવ જગ્યે ઉપધાન તપની આરાધના કરી લોકોને તપનું આદર્શ દ્રષ્ટાંત પૂર્ણ કર્યું છે. તેમાંય નીલયભાઈ જે જીવણભાઈ વકીલના સુપૌત્ર છે. જીવણભાઈ પાંજરાપોળનું ધ્યાન સુંદર રાખે છે, પૂ.આ. ભગવંત પ્રભાકર સૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં સં. ૨૦૫૯માં અઠ્ઠાઈ તપ તથા ઉપધાન તપની માળારોપણ તેમજ ઉમેટા છરીપાલીત સંઘની યાત્રા કરી ઉપધાન તપમાં પ્રથમ માળાનો લ્હાવો લીધો હતો. ૨૭ (સત્તાવીશ) જણે પૂ. આ. ભગવંતના હાથે માળા પહેરી રંગ રાખ્યો હતો. ચાર-ચાર સાધર્મિક વાત્સલ્ય રાજાશાહી વરઘોડો હાથી- ઘોડા-બગીઓ ૨૨ નાયુક્ત ગાડીઓ તેમજ હિંમતનગરનું બેન્ડ, નાશીકશાહી ઢોલ તેમજ રથ, પોલીસ પલ્ટન આદિ વ્યવસ્થા ખૂબ જ સુંદર આંખે ઉડીને વળગે તેવી હતી. કોઈ એંઠવાડ નહીં, બુફે નહીં બેસાસણાવાળાની જુદી વ્યવસ્થા તેમજ ઉપધાન કરાવનાર ઉપધાન કરનાર, ઉપધાનમાં નાનું મોટું યોગદાન દેનાર દરેકને પ્રમાણપત્ર સાથે શ્રીફળ મોતીની માળા આદિ અર્પણ કરેલ. ડોકટરોએ ઉપધાનમાં સહાયતા કરી દરેક નાના મોટાનું બહુમાન થયેલ. આખા પ્રસંગ પૂજ્યશ્રીની નિશ્રામાં સુંદર ઉજવાઈ ગયેલ. આર છોડનું ઉજમણું સુંદર ઉજવાયેલ. દરેક ઉપધાન કરનારને ત્રણ ચાંદીની વસ્તુઓ, સાડા ત્રણસો રૂપીયા રોકડ , મુસાફરીમાં રાખી શકાય તેવું આકર્ષક મોટો થેલો સંખ્યાબંધ વાસણો તેમજ જમવાનો અને ભગવાનની ભક્તિ કરાય તેવો પૂજાનો સેટ, કટાસણા આદિ જુદુ.

ઉપાશ્રય જીર્ણોદ્ધાર પાયાથી નક્કિ થતા ૨૫ લાખની ટીપ થઈ ગઈ અને માગસર સુદ આઠમના બેન્ડવાજા સાથે ૧૧ વાગ્યાથી ૨।। વાગ્યા સુધી મંગલ ઉચ્ચારણો, પાટલા પૂજન દેવોની શાંતિ પાઠ સાથે થયું. અન્તે શ્રીફળ પેંડા રૂપીયાની પ્રભાવના થઈ. જનમેદની ઉપાશ્રયમાં, બહાર રોડ ઉપર હકડેઠઠ જામી હતી.

માગશર સુદ તેરસનો ઉમેટાનો છરીપાલકનું સંઘ નીકળેલ. બેન્ડવાજા સાથે સંઘપ્રયાણ થયું, પ્રથમ દિવસે નવ-નવ રૂપીયાથી સંઘપૂજન થયેલ. આંકલાવ ઘર દીઠ મીઠાઈના પડીકા આપેલ. ઉમેટામાં સકળસંઘનું સાધર્મિક વાત્સલ્ય થયેલ. બોરસદમાં આવ્યા પછી દરેક યાત્રિક અને સહાયક સહુનું મોટા વાટકા, સુંદર બોધદીપક ચિત્રવાળી બુક, મીઠાઈ પડીકા સાથે બહુમાન થયેલ છે.

માગશર વદ ત્રીજે આદેશ્વર દહેરાસર વર્ષગાંઠનો કાર્યક્રમ અદ્‌ભૂત રીતે ઉજવાયો. બે-બે સાધર્મિક વાત્સલ્ય ધજાદંડ ચઢાવ્યા. મોટા પેંડાની પ્રભાવના, ૧૦૮ પાર્શ્વનાથ પૂજનમાં સાકરના મોટા પડીકાની પ્રભાવના, સંઘના ઘર દીઠ બે લાડુ પ્રભાવના થયેલ, અને પોષ દશમના પ્રથમવાર બોરસદ કાશીપુરામાં ત્રણ એકાસણા થશે અને સામુદાયીક અઠ્ઠમમાં પ્રભાવના પારણા તથા સંખ્યા ૬૮ થયેલ, ત્યારબાદ પૂ.આ. ભગવંત આણંદ તરફ વિહાર કરશે.

માગસર વદ બારસના પૂ.આ. મુક્તિચંદ્ર સૂરિ.મ.ની સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે ગુણાનુવાદ, સંઘપૂજનો થયેલ.

ઉપધાન માળ પ્રસંગે ગુરૂપૂજનની ઉપજ સાડા ઓગણીશ હજાર થઈ તેમજ પાઠશાળા માટે ચાલીસ હજારની ટીપ થઈ. આંબીલ ખાતા માટે સારી ટીપ થઈ હતી. બોરસદમાં પ્રથમવાર પોષી દશમના ત્રણ એકાસણા થયા. દરેકને પ્રભાવના સુંદર થયેલ. પોષી દશમના અઠ્ઠમના પારણા થયા હવે. પૂજ્યશ્રીની નિશ્રામાં અઢાર અભિષેક ધામધૂમથી થવાના છે તે પછી પૂજ્યશ્રી પોષ સુદ ૬ના વિહાર કરશે. બોરસદનું આંબીલ ભુવનના ઉદ્‌ઘાટન પતાવીને વાલવોડ ઓચ્છવ પતાવી મહા વદ-૨ના અમદાવાદ વિદ્યાશાળામાં સો ઓળિના પારણા પ્રસંગે પધારવા સંભાવના છે.

● ● ●

# ગુણાનુવાદ

## (પ્રખર વ્યાખ્યાનકાર આચાર્યશ્રી પ્રભાકરસૂરિ મહારાજ)

### માગશર વદ ૧૨ની સ્વર્ગારોહણના પ્રસંગે બોરસદ નગરમાં પૂજ્ય આચાર્ય ભગવંત મુક્તિચંદ્ર સુરીશ્વરજી મહારાજનો ગુણાનુવાદ

કવિકુલ કિરિટ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી લબ્ધિસુરિશ્વરજી મહારાજાએ રાધનપુરને 'આરાધનાપુર' નામથી નવાજેલ. જ્યાં આજે ૨૫ થી અધિક જિનાલયો આવેલ છે અને શેરીએ શેરીએ ઉપાશ્રયો છે, ઉપાશ્રયમાં પધારતાં પૂજ્ય ગુરુ ભગવંતોની દેશના અને શ્રેષ્ઠત્તમ સાધુ જીવન જાણીને ઘેર-ઘેર કુળદિપકોએ દિક્ષા અંગીકાર કરેલ છે.

એવી ધર્મનગરી રાધનપુરમાં સ્વ. ધન્ય નામ એવા *'શ્રી પ.પૂ. આચાર્ય ભગવંત મુક્તિચંદ્ર સૂરીશ્વરજી'*નો જીવ માતા મણીબેનની રત્નકુક્ષીએ પધારેલ હતો ત્યારે મણીબેને સ્વપ્નમાં પોતાના મુખકમળમાં 'સિંહ'ને પ્રવેશતાં જોયો હતો અને તેના પરિણામ સ્વરૂપે તેઓ નીડર સ્પષ્ટ વક્તા અને *'સિંહ ગર્જના'*ના સ્વામિ બન્યા હતાં.

પૂજ્યશ્રીના જીવનના મધમધતાં ગુણોના જો દર્શન કરીએ તો તે *'વિજાતીય તત્ત્વ પ્રત્યે વૈરાગ્યભાવ'* કોઈપણ વિજાતીય તત્ત્વને કારણ સિવાય એક પણ મિનિટ પોતાની પાસે કે પોતાના આશ્રિત સાધુ પાસે બેસી શકાતું નહિં. તેઓશ્રીની સ્વાધ્યાય રસિકતા, વસ્તુની નિસ્પૃહતા અને સાદાઈતા ટોચ કક્ષાની હતી.

શિષ્ય પરિવાર પ્રત્યે કઠોરતા સાથે વાત્સલ્યતા અજબગજબની હતી.

મે ૨૦૧૪માં કુંબોજગિરિમાં ઉપધાન પ્રસંગે ૩૩ ઉપવાસ કરેલાં. તે વખતે પૂ. ગુરુદેવશ્રીને સખ્ત તાવ આવતો હતો તેમાંથી થોડાં સાજા થયેલાં. મારા પારણાના દિવસે તપની અનુમોદનાર્થે સામુહિક યાત્રાનું આયોજન થયેલ. તે વખતે મને કહેલ કે 'હું પણ જાત્રા કરવા માટે આવું છું' મેં જણાવ્યું - સાહેબ! આપને ઠીક નથી માટે આપ રહેવા દો. ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું તું તપસ્વી થઈને જાત્રા કરી શકે છે તો હું શા માટે ન કરી શકું? તેમ જણાવી તેમણે પણ જાત્રા કરી.

મને સંસારીપણાથી ચા પીવાની કુટેવ હતી. સાધુપણામાં પણ સવા બે વર્ષ સુધી મારો કેડો ચાએ છોડયો નહિં. સંવત ૨૦૧૩માં હાલના પ.પૂ.આ. હિમાંશુસુરિ મહારાજે મને ચ્હા છોડવાની પ્રેરણા આપી. મેં સ્વીકારી લીધી. આ વાતની મારા ગુરુ મહારાજને ખબર પડી તો તેમણે મને પ્રોત્સાહન આપવા પૂજ્યશ્રીએ પણ બે મહિના સુધી ચ્હાનો ત્યાગ કર્યો. પૂજ્યશ્રી બીજા સમુદાયના તપસ્વીઓની પણ વારંવાર અનુમોદના કરતાં. બીજા સમુદાયના 'મુનિ ભગવંતો' સાથે સ્વાધ્યાય લેતાં તથા વાંચના આપતા હતાં. પ.પૂ.આ. કૈલાસસાગરસુરિ મ. સાહેબ તથા અધ્યાત્મયોગી આ. કલાપૂર્ણ સુરિ. મ.ને છેદસૂત્ર આદિ ગ્રંથોનો અભ્યાસ કરાવેલ. બર્હિમુખતાની ધમાલથી દૂર રહેતાં હતાં. છાપામાં સમાચાર છપાવવા, તક્તિમાં નામ લખાવવા તેનાથી દૂર રહેતાં હતાં. ત્રણેય ભાઈઓમાં આ ગુણો હતાં. આ. મલયચંદ્રસુરિ = ૧૯૮૭. આ. મુક્તિચંદ્રસુરિ = ૧૯૮૯ આ. રવિચંદ્રસુરિ = ૧૯૯૧માં આમ ત્રણેય ભાઈઓને માતા મણીબેને દિક્ષા અપાવી. તેમની સાથે ન કોઈ દિકરી કે દિકરો રહ્યો. એકલપંડે સિંહની જેમ ૮૫ વર્ષની વયે દેહ છોડી દીધેલ. દિનતાનું નામ નહિં. આનંદનો પાર નહીં. આમ મણીબેને જીવન ધન્ય બનાવ્યું. ધન્ય જૈન શાસન, ધન્ય માતા, ધન્ય આચાર્યો.

બોરસદમાં વિ.સં. ૨૦૬૦ માગશર વદ ૧૨ના 'ગુણાનુવાદ'માંથી.

| | તવારીખ | વિ.સં. |
|---|---|---|
| જન્મ | રાધનપુર | ૧૯૭૧ |
| દિક્ષા | પાલિતાણા | ૧૯૮૯ |
| ગણિપદ | મુંબઈ-દાદર | ૨૦૧૨ |
| પન્યાસ પદવી | અહમદનગર | ૨૦૧૫ |
| આચાર્ય પદવી | ખંભાત | ૨૦૨૯ |
| સ્વર્ગવાસ | રાંધેજા | ૨૦૩૮- |

માગશર વદ ૧૨

'જૈનમ્ જયતિ શાસનમ્'

# પૂ. સા. શ્રી અરૂણશ્રીજી મ. નો સમાધિપૂર્ણ કાલધર્મ

સંસારી નામ : મંજુલાબેન
પિતાશ્રી : આશાભાઈ
માતુશ્રી : મોતીબેન
ગામ : અમદાવાદ, કસુંબાવાડ



જન્મ : સં. ૧૯૭૧, અષાઢ વદ ૬
દીક્ષા : સં. ૧૯૯૧, વૈ.સુ.૧૦, રાધનપુર
સ્વર્ગવાસ : સં.૨૦૬૦ માં સુદ ૫, અમદાવાદ

જગતમાં જન્મી, જગતની માફક જીવી નાંખે તે જીવન હારી ગયા કહેવાય, જ્યારે જગતમાં જન્મી જિનેશ્વરના માર્ગે ચાલે તે જીવન જીવી ગયા અને વધુમાં જીવન જીતી ગયા કહેવાય ! **સા. શ્રી અરૂણશ્રીજી મ.** આવા જ જીવન વિજેતા મહાત્મા હતા.

તેઓના જન્મબાદ ટૂંક સમયમાં તેઓના માતા-પિતા સ્વર્ગવાસી થયા હતા. તેઓનો ઉછેર મોસાળપક્ષે થયો હતો.

'પુત્રના લક્ષણ પારણે' તે ન્યાયે તેઓનું મન બચપણથી જ ધર્મમાં પ્રતિબદ્ધ હતું. તેમાં પણ પ્રભુ ભક્તિ તો તેઓની અનન્ય હતી. હંમેશા સ્વદ્રવ્યથી અષ્ટપ્રકારી પૂજા, સોનાના વરખ-સોનાનું બાદલું વાપરી હંમેશા પરમાત્માની આંગી રચતા. સદ્‌ગુરુમુખે જિનાવાણીનું શ્રવણ પણ તેઓ નિરંતર કરતા હતા. શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ દાદા વગેરે થઈ ૧૦-૧૨ દેરાસરોના હંમેશા દર્શન-પૂજન તેઓ કરતા હતા.

બાલ્યવયથી જ તેમને આ અસાર એવા સંસારની ભયાનકતા ભાસવા માંડી હતી. તેવામાં પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાની વૈરાગ્યની વાંસળી જેવી વાણી સાંભળવામાં આવતાં તેઓને વૈરાગ્ય પેદા થવા લાગ્યો, મોસાળપક્ષનો અતિ મોહ હોવાના કારણે તેઓને સંયમપ્રાપ્તિ દુર્લભ લાગી. તેઓના મામા માણેકલાલ, વકીલ હોવાથી તેઓ મુંબઈ કોર્ટમાં ગયા, પરંતુ તેઓશ્રીનું વૈરાગ્ય ભરપૂર જીવન જોઈને કોર્ટ તરફથી પણ દીક્ષામાં પ્રતિબંધ થઈ શકયો નહીં. હજૂપણ તેઓશ્રીની અગ્નિ પરીક્ષા ચાલુ જ રહી તેઓની બિલકુલ ઈચ્છા નહીં હોવા છતાંય તેઓને લગ્નગ્રંથીથી જોડાવામાં આવ્યા. પરંતુ અગ્નિ પરીક્ષામાંથી પસાર થયેલું સોનું જેમવધુ ઝળકવા લાગે તેમ લગ્નગ્રંથિથી બંધાવા છતાં પણ તેઓ પૂર્ણપણે બ્રહ્મચર્ય પાળનારા જ રહ્યા. વધુમાં પુણ્યોદયથી શ્વસુરપક્ષ ખૂબ અનુકૂળ મળ્યો. તેથી તેઓ સંસારીરૂપી કાજળની કોટડીમાં ગયા, પણ વિષયોથી લેપાયા નહીં.

ધન્ય હો ! આવા અખંડ બ્રહ્મ તેજો મૂર્તિને !

પછીથી તેઓએ કવિકુલકિરીટ પૂ. આ. શ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં શ્રી શંત્રુજય ગિરિરાજની છત્રછાયામાં ચોમાસું, નવ્વાણું યાત્રા, ઉપધાન તપ વગેરે આરાધના કરી. ત્યાંથી શ્રી શિખરજી વગેરે તીર્થોની યાત્રા કરવા ગયા અને આત્મશક્તિનું ધનભેગું કરીને તેઓ પાછા અમદાવાદ આવ્યા. આમદાવાદ આવીને ફરીથી તેઓએ સંયમ માટેની માંગણી મૂકી. ત્યારે તેઓની સંયમકાજેની અદમ્ય ઝંખના જોઈને તેઓનો શ્વસુર પણ ખૂબ અનુકૂળ બન્યો અને અમદાવાદમાં દીક્ષા શકય ન જણાવાથી શ્રી મંજુલાબેનને રાધનપુર લાવી સકલાગમ રહસ્યવેદી પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મહારાજાના વરદ્‌હસ્તે વિ. સં. ૧૯૯૧ ના વૈ. સુ.૧૦ ના શુભદિને તેઓએ દીક્ષા ગ્રહણ કરી અને મંજુલાબેનમાંથી સાધ્વીજીશ્રી અરૂણશ્રીજી મ. બન્યા !

તેઓ કચ્છવાગડ દેશોદ્ધારક આ. ભ. શ્રી કનકસૂરીશ્વરજી મહારાજના આજ્ઞાવર્તિની પરમવિદૂષી વિશાળગણ નાયિકા પૂ. સા. શ્રી ચતુરશ્રીજી મ. ના પ્રશિષ્યા પ્રતિભાસંપન્ન પૂ. સા. શ્રી લાભશ્રીજી મ. ના સુશિષ્યા પૂ. સા. શ્રી અરૂણશ્રીજી મ. બન્યા.

ઘણાવર્ષોની ભાવના હવે ફળીભૂત થતાં જ તેઓશ્રીએ રત્નત્રયીની આરાધનાનો યજ્ઞ માંડયો. થોડા સમય બાદ તેઓશ્રીના ગુરુમાતાનો કાળધર્મ થયો ત્યારે તેઓએ ભારે વજ્રઘાતનો અનુભવ કર્યો પણ પછી સંવેગરંગથી આત્માને ભાવિત કરીને પોતાના વડીલ ગુરુબહેન પૂ. સા. શ્રી દોલતશ્રીજી મ. ની છત્રછાયામાં તેઓએ આરાધનમાં આગેકૂચ સાધી, પુષ્પ-પરાગથી આકર્ષિત બની જેમઅનેક ભ્રમરો તેને વિંટાળાવા લાગે તેમ તેઓશ્રીની સંયમની મહેક એવી હતી કે અનેક મુમુક્ષુ આત્માઓ તેઓનું શિષ્યત્વ સ્વીકારવા લાગ્યા. પ્રથમશિષ્યા સા. શ્રી સરસ્વતીશ્રીજી મ., બીજા શિષ્યા સા. શ્રી અનુપમાશ્રીજી મ. અને ત્રીજી શિષ્યા સા. શ્રી અજિતાશ્રીજી મ. આ ત્રણ શિષ્યાઓ થતાં નિઃસ્પૃહી એવા તેઓશ્રીએ પૂ. આ. શ્રી કનકસૂરીશ્વરજી મ. પાસે બાધા કરી કે હવે કોઈને પણ પોતાના શિષ્યા કરવા નહીં. આવા અજબના નિઃસ્પૃહી તેઓશ્રીનો શિષ્યા-પ્રશિષ્યાનો પરિવાર કુલ ૪૧ ઠાણાનો હતો.

તેઓશ્રીએ જીવનમાં કરેલી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના અનુપમ કોટિની અને અનુમોદનીય હતી. જે અન્યત્ર આપવામાં આવેલ છે.

જેમ તેઓશ્રીની રત્નત્રયીની આરાધના અનુપમ હતી, તેમ તેઓશ્રીની તત્ત્વત્રયીની શ્રદ્ધા પણ અનુપમકોટિની હતી. તેથી વિ. સ. ૨૦૪૫ની સાલમાં પૂજયપાદ જૈન શાસન શિરતાજ સુવિહિત શિરોમણિ આ. ભ. શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાનું આજ્ઞા-સામ્રાજ્ય સ્વીકારીને તેઓશ્રી સત્યસિદ્ધાંતના માર્ગે જ જીવનપર્યંત ચાલ્યા હતા.

તેઓશ્રી ચારિત્રચર્યાના એવા ચુસ્ત આગ્રહી હતાં કે, જેથી તેઓ કયારેય ડોળીમાં કે ખુરશીમાં પણ બેઠા નથી. છેલ્લા વર્ષોમાં જંઘાશક્તિ ક્ષીણ થવાથી તેઓએ અમારી પોળમાં-શેઠની પોળમાં સ્થિર વાસ કર્યો હતો અને પોતાની અનુપમ આરાધનાની સુવાસ ચોમેર પાથરી હતી.

છેલ્લો સમય પણ સામાન્ય માંદગી વાળો જ હતો. વિશેષ કોઈ માંદગીના અનુભવ વગર પૂરી સભાન અવસ્થામાં શ્રી નમસ્કાર મહામંત્ર, પુણ્યપ્રકાશનું સ્તવન વગેરેનું શ્રવણ કરતાં કરતાં દિવેટમાં દિવેલ ખૂટે અને જેમદીવો બુઝાય જાય તેમ મા. સુ. ૫ન. દિને સાંજે ૫-૪૫ ક. તેઓશ્રીનો આત્મા આરાધનાનું ભાથું ભેગું લઈને સ્વર્ગની વાટે સંચરી ગયો.

અંતિમદિવસોમાં તેઓશ્રીનો લભગભ બધો જ શિષ્યા-પ્રશિષ્યા પરિવાર ત્યાં હાજર હતો. સૌએ આવી મહાન્ આત્મહિત ચિંતક ગુરુમાતા ગુમાવ્યાનો ભારે આઘાત અનુભવ્યો, એટલું જ નહીં પણ પોળના રહેવાસીઓએ પણ આત્મહિતચિંતક એક સ્વજન ગુમાવ્યા જેવો ભારે આઘાત અનુભવ્યો.

તેઓશ્રીએ પોતાની પ્રસન્ન મુદ્રા દ્વારા, અનુપમઆત્મપરિણતિ દ્વારા અને ચારિત્રના અનુપમતેજ દ્વારા અનેકાનેક ભવ્યાત્માઓને ભવસાગર તરવાનો રાહ દેખાડયો હતો.

**તેઓશ્રીની દિનપ્રતિદિન વૃદ્ધિ પામેલી આરાધનાની અખંડ જ્યોત સમ્યગ્જ્ઞાનાનંદ : શાસ્ત્રાધ્યયન તેમનો અતિપ્રિય વિષય હતો..**

**તત્ત્વાભ્યાસ :** પ્રકરણો, ભાષ્ય, કર્મગ્રંથ કમ્મપયડી પંચસંગ્રહ ૫૦૦ ગાથાની મોટી સંગ્રહણી. ક્ષેત્રસમાસ દ્રવ્યલોક પ્રકાશ વિશેષાવશ્યક ભાષ્ય, ઉપદેશમાલા, શાંતસુધારસ, વૈરાગ્યશતક આદિ વૈરાગ્યગ્રંથો અધ્યાત્મકલ્પદ્રુમ આદિ અધ્યાત્મના ગ્રંથો, યોગશતક, યોગશાસ્ત્ર આદિ યોગ ગ્રંથો લગભગ તેઓશ્રીએ કંઠસ્થ કરેલા હતા.

**આગમગ્રંથો :** શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, શ્રી આચારાઙ્ગ સૂત્ર કંઠસ્થ અને તેની ટીકાનું વાંચન દશ પયન્ના, દશવૈકાલિકસૂત્ર અર્થ સહિત કંઠસ્થ.

**સંસ્કૃત-પ્રાકૃત :** ભાણ્ડારકરની બે બુક, ચંદ્રપ્રભાવ્યાકરણ, સારસ્વત વ્યાકરણ, બૃહલઘુવૃતિ,

વિજ્ઞાનપાઠમાળા, અષ્ટમોડધ્યાય આદિ તેમજ વાંચનમાં ૨ વેગરંગશાળા, સમરાઈચ્ચકહા, સિરિવાલકહા, મહાવીરચરિયં, ઉપમિતિ ભવપ્રપંચા, સ્યાદ્વદમંજરી, ત્રિલાયનચરિત્ર, ઉપદેશ રહસ્ય, ગુરુતત્ત્વ વિનિશ્ચય, પોડશક, પંચાશક, પંચવસ્તુ કર્મગ્રંથીની ટીકાઓ, લલિત વિસ્તરા, ત્રિષષ્ઠી શલાકા પુરુષચરિત્ર, ઓઘનિર્યુક્તિ, પિણ્ડનિર્યુક્તિ અને બીજા અનેક ચરિત્રોનું વાંચન કર્યું હતું. અભિધાન ચિંતામણી કંઠસ્થ કર્યું હતું.

**ન્યાય :** ષડ્ દર્શન સમુચ્ચય વિગેરે

**ન્યાય ગ્રંથો :** તર્ક સંગ્રહ, મુક્તાવલી, પ્રમાણ મિમાંશા, સન્મતિ તર્ક વિગેરે

**કાવ્યો :** રઘુવંશ, કિરાત, માઘ, આદિ પાંચ, શાંતિનાથ મહાકાવ્ય, હિરસૌભાગ્ય મહાકાવ્ય વિગેરે

**સમ્યગ્દર્શનની અપૂર્વ નિર્મલતા :** ગિરિરાજ ઉપર નવટૂંકમાં ૮૬૮૬ જિનબિંબોને ત્રણ સહસ્રકૂટના પ્રભુજીને, બે ઉત્કૃષ્ટા ૧૭૦ જિનને, એક બાવન જિનાલયના જિનબિંબોને, પરિકરના ૧૫૦ ભગવાનને, છવીશ ચોવીશી અને પાંચ વીશીના ભગવાનને ત્રણે ઠેકાણે, ૧૪૫૨ ગણધર પગલાને, ૧૧ ૐકાર અને ૧૧ હ્રીંકારને અને પાલીતાણાના સમગ્ર શહેરના જિનાલયોના જિનબિંબોને તેઓશ્રીએ ઉભા ઉભા સત્તર સંડાસા સહિત ખમાસમણ આપ્યા છે. આજ પ્રમાણે ગિરનાર તીર્થ, તલાજા, ઘોઘા આદિ તીર્થોમાં તથા કચ્છ-વાગડ, વઢિયાર, સૌરાષ્ટ્ર ગુજરાત અને નવસારી સુધી તેમજ સમગ્ર અમદાવાદ શહેરના જિનાલયોના જિનબિંબોના સત્તરસંડાસા સહિત ખમાસમણ આપીને અપૂર્વ નિર્જરા સાધી છે. જ્યાં જ્યાં વિચર્યા ત્યાં ત્યાં વધારે સ્થિરતા ન હોય તો નોટમાં જિનબિંબોની નોંધ કરીને મુકામમાં પણ ખમાસમણ આપ્યા છે.

**સમ્યક્ચારિત્ર ધર્મ :** તેઓશ્રીનું સમગ્રજીવન અત્યંત ત્યાગમય હતું. જેમાં વૃતિસંક્ષેપ રસત્યાગ-ઉણોદરી આદિ બાહ્યતપ સહિત વિનયાદિ અભ્યંતર તપ તેઓએ અજબ કોટીનો આત્મસાત્ કર્યો હતો. ફકત આ મુક્તિસાધક શરીરથી આરાધના સારી રીતે થઈ શકે અને પ્રમાદને જરાપણ સ્થાન ન મળે તે હેતુથી તેઓ અલ્પહાર લેવા દૃઢનિશ્ચયી હતા અને વયોવૃદ્ધ ઉંમરે પણ નિરંતર સવારના સાડાત્રણ વાગે ઉઠી રાત્રે અગ્યાર વાગ્યા સુધી અખંડ નમસ્કાર મહામંત્ર આદિ જાપ-જપ-કાઉસ્સગ્ગ-સ્વાધ્યાય વાંચન આદિમાં તત્પર રહેતા એક પલ પણ તેમના માટે કિંમતી હતી. આ તેમના સમગ્ર સંયમજીવનની અપ્રમત્તતાની ગજબ ગરિમા હતી.

જિનાજ્ઞા અને ગુર્વાજ્ઞા એ જ તેમના જીવનનો સાર હતો. સંયમની સાધના-આરાધના-ઉપાસના એ જ તેમનો જીવનમંત્ર હતો. શાસનનિષ્ઠા અને સિદ્ધાંતનિષ્ઠા એ જ તેમનો પ્રાણ હતો. તે કારણથી તેઓશ્રીએ શાસનના સત્યતત્ત્વોને જાણીને જાળવી રાખવામાં પ. પૂ. અજીતાશ્રીજી મ. સા. આદિ પરિવાર સહિત વિ. સં. ૨૦૪૫ની સાલમાં સત્યસિદ્ધાંતરક્ષક સુવિશાલગચ્છાધિપતિ પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાની આજ્ઞા શિરોમાન્ય કરી હતી. આ પણ તેઓની સિદ્ધાંત નિષ્ઠતા હતી.

સંયમજીવનની પ્રત્યેક સાધના-શાંતિપ્રધાન, યોગપ્રધાન સમાધિપ્રધાન અને મૌનપ્રધાન હતી. આ ચાર પ્રધાનો દ્વારા તેમણે સાચું આત્મદર્શન પ્રાપ્ત થયું હોવાથી ચિત્તની પ્રસન્નતા, પવિત્ર ભવોની પરિણતિ, સાધનાની સુવિશુદ્ધતા અને પરમાત્મા પ્રણિત પ્રવચન પરાયણતા વગેરેનું અતુલ સામર્થ્ય ઉત્પન્ન કરી જીવનની પ્રત્યેકપળોને ધન્ય બનાવી હતી તે ધન્ય બનેલી પળો અમારી પણ સાધનામાં પ્રેરણા આપી પરમપદ સુધી પહોંચાડવા સમર્થ બનો.

**કાયમી આરાધના :**

૧૨ નવકારવાળી બાંધી, ૨૧ નવકારવાળી શંખેશ્વરદાદાની, ૧ ઋષિમંડલની, ૧ નવપદજીની, ૧ નમોજિણાણં, ૧ બંભવયધારિણં, ૧ દુઃખક્ષય, ૧ નમો નાણસ્સ, ૧ પાર્શ્વનાથજીની, ૧૧ વાસુપૂજ્યસ્વામીજીની, ૧ મહાવીરસ્વામીજીની, ૫ નેમિનાથ ભગવાનની, ૫ સિદ્ધ ભગવાનની, ૫ વિમલનાથજી, ૫ સિધ્ધગિરિજી, પૂનમના દિવસે સિદ્ધ ગિરિજીની, ૨૧ નવકારવાળી, ૧ સીમંધરસ્વામીજીની, સુદ બીજથી વદ પાંચમસુધી ૨૦ વિહરમાનની, ૧ ગૌતમસ્વામી, ૩ બીજી નવકારવાળી, ૧ લોગસ્સની, ૧ ઉવસગ્ગહરંની, ૧ નવકાર ઉવસગ્ગહરં તિજયપહુત્તની, ૧ પૂ.બાપજી મ.ની, ૧ પૂ.દાનસૂરીશ્વરજી મ.ની, ૧ મેઘસૂરીશ્વરજી મ.ની, ૧ કનક સૂરીશ્વરજી મ. ની, ૧ પૂ.રામચંદ્રસૂરીશ્વરજી મ.ની વિ.સં.૨૦૧૧ની સાલથી નવકારમંત્રનો કરોડોની સંખ્યામાં જાપ કર્યો હતો.

## સમાચાર સાર

**રાજકોટઃ** અત્રે વર્ધમાનનગર જૈન ઉપાશ્રયમાં પૂ.મુ. શ્રી સોમપ્રભ વિ.મ. આદિની નિશ્રામાં શ્રેષ્ઠિવર્ય શિવલાલ ભુદરભાઇ વઢવાણવાળાના સમાધિપૂર્ણ અવસાન નિમિત્તે તેમના જીવનના સુકૃત્યોની અનુમોદનાર્થે તેમના પરિવાર તરફથી શ્રી સિદ્ધચક્ર મહાપૂજન તથા તેમના દેરાસરે અઢાર અભિષેક સહિત ત્રિદિવસીય મહોત્સવ પો. વદ ૨થી પો. વદ ૪ સુધી સારી રીતે ઉજવાયો.

**કીસુમો (કેન્યા):** અત્રે શ્રી વીશા ઓશવાલ ભવન મધ્યે શ્રીમતી કંચનબેન નરશી પુંજા હરીયા પરિવાર તરફથી સ્વદ્રવ્યથી શ્રી નૂતન જીન મંદિર બંધાવેલ છે. તેમાં શ્રી મહાવીર સ્વામી, શ્રી શાંતિનાથ, શ્રી પાર્શ્વનાથ સ્વામી આદિ ત્રણ જીન બીમ્બો શ્રી શંખેશ્વર તીર્થમાં હાલારી ધર્મશાળામાં પ.પૂ. હાલાર કેશરી આચાર્યદેવ શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.સા.ના શુભ હસ્તે અંજનશલાકા કરાવેલ અને પૂ.આ. દેવ શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.સા. આપેલ મુહુર્ત અનુસાર માગસર વદ બીજી ૩ શુક્રવાર તા. ૧૨-૧૨-૨૦૦૩ શ્રી જિન પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ જ ભવ્ય રીતે ઉજવાયો. આ નીમીત્તે શ્રી બૃહદ સિદ્ધચક્ર પૂજન, અઢાર અભિષેક, શાંતિ સ્નાત્ર યુક્ત પંચાન્હિકા મહોત્સવ ઉજવાયેલ. મહોત્સવ દરમ્યાન ત્રણે ટંક સંઘજમણની વ્યવસ્થા દાતા પરિવાર તરફથી ખૂબ સુંદર રીતે થયેલ. મહોત્સવના વિધિ વિધાન માટે ઈન્ડીયાથી અંજન શલાકા પ્રતિષ્ઠાદિ વિધિ વિધાનના અનુભવી કુશળ ક્રિયાકારક શ્રાદ્ધવર્ય શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહની મંડળી જામનગરથી આવી હતી અને સુંદર વિધિવિધાન કરાવ્યા હતાં. સંગીત માટે મોમ્બાસાથી શ્રી મહેશભાઇ પંડિતજી ડભોઈવાળા આવ્યા હતાં. આ પ્રસંગે નાઈરોબીથી બે બસ, મોમ્બાસાથી ૧ બસ, તેમજ નકુરુ, થીકા, એલ્ડ્રાફ વગેરેથી તેમજ લંડન, અમેરીકા, કેનેડા, ઈન્ડીયાથી જામનગર, મુંબઇ, અમદાવાદ, હૈદરાબાદ આદીથી ભાવીકો પધાર્યા હતાં. પ્રસંગ ભવ્ય રીતે ઉજવાયેલ.

**અમદાવાદ :** જૈન મરચન્ટ સોસાયટીમાં પૂ આ. શ્રી વિજયનયવર્ધન સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં શ્રીમતી કિશોરીબેન સુમતિલાલ સોદાગરની વર્ધમાન તપની ૧૦૦મી ઓળીના પારણા નિમિત્તે ત્રણ દિવસનો જિનભક્તિ મહોત્સવ પોષ સુદ-૬થી પોષ સુદ ૮ શ્રી શાંતિ સ્નાત્ર, શ્રી ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન સહિત ભવ્ય રીતે ઉજવાયો.

**સિંગોલીઃ** (મધ્યપ્રદેશ) પ.પૂ. વાત્સલ્યનિધિ આ.દે. શ્રીમદ્ વિજય મહાબલ સૂરીશ્વરજી મ.સા.ના આશીર્વાદથી પ.પૂ. વર્ધમાનતપોનિધિ આ.દે. શ્રીમદ્ વિજય કમલ રત્ન સૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પ.પૂ. પ્રભાવક- પ્રવચનકાર આચાર્યદેવ શ્રીમદ્ વિજય દર્શનરત્ન સૂરીશ્વરજી મ.સા. કોટા (રાજસ્થાન)માં ઉપધાન- અંજનશલાકા- પ્રતિષ્ઠા આદિની મહાન શાસન પ્રભાવક ઐતિહાસિક ચાતુર્માસ કરી સિંગોલી સંઘના અત્યાગ્રહથી વાજતેગાજતે સિંગોલી (મધ્યપ્રદેશ)માં પધાર્યા. અત્રે પોષ વદ ૧૦- ૧૧ શુક્રવાર તા. ૧૯-૧૨-૦૩ની પોષ દશમી નિમિત્તે એક દિવસ અગાઉથી અઠ્ઠમ થયેલ. સિંગોલીના ઇતિહાસમાં સર્વપ્રથમ આટલી સંખ્યામાં અઠ્ઠમ થયેલ. બાનાની ઘડી વગેરેથી રેકોર્ડરૂપ પ્રભાવના થયેલ. પોષ વદ ૧૩ દિ. ૨૧-૧૨-૦૩ના પારણાંના દિવસે અઠ્ઠમ તપના તપસ્વિઓનું બહુમાન- સમારંભ યોજવામાં આવેલ અને શરૂઆતમાં ગુરુના પૂજનની બોલી બોલવામાં આવેલ. બોલીનો લાભ અધ્યક્ષ જિનેકકુમાર પિતલીયાએ લઈ પોતાના પિતાશ્રી દ્વારા ગુરુનું નવાંગી પૂજન કરેલ તથા આજે માનમલજી જીરનવાલા તરફથી સંઘ પૂજન થયેલ.

**જૂનાગઢઃ** પૂ. મુ. શ્રી દિવ્યાનંદવિજય મ.ની નિશ્રામાં પૂ. આ. શ્રી વિજય હિમાંશુ સૂરીશ્વરજીની પુણ્યતિથિ માગસર સુદ ૮ના ઉજવાઈ, ગુણાનુવાદ સામુદાયિક આંબેલ પો.સુ. ૬. પૂ. મુ. શ્રી દિવ્યાનંદ વિજયજી

મ.ની ૨૦૦ ઉપર ૪૩-૪૪ ઓળી નિમિત્તે ચૈત્યપરિપાટી માંગલિકમાં આવતા અને નવકારશી ૩ દિવસ સામુદાયિક આંબેલ પૂ. મુની નયભદ્રવિજયજી મ. આદિ તા. ૮ પધાર્યા હતાં. પોષ દશમી કરાવી હતી. પો.સુ. ૯ પારણા સુધી સ્થિરતા કરી હતી.

**વલવણ (પુના) :** અત્રે શ્રી ચંદ્રપ્રભ શ્વે.મૂ. સંઘ તરફથી જીર્ણોદ્ધાર થયેલ. જિન મંદિરમાં શ્રી સંભવનાથ તથા શ્રી ચંદ્રપ્રભસ્વામી આદિ જિનબિંબ પ્રવેશ તથા ચલપ્રતિષ્ઠા મહોત્સવ પૂ. મુ. શ્રી ભૂવનરત્ન વિજયજી મ. આદિની નિશ્રામાં મહા સુ. ૧૨ થી ૧૪ ભવ્ય મહોત્સવ ઉજવાયો. શાંતિ સ્નાત્ર તથા ત્રણ ટાઈમ સાધર્મિક ભક્તિ નવકારશી થયા.

**ભીવંડી :** ઓસવાળ પાર્કમાં પૂ. આ. શ્રી વિજયઅભયશેખર મ. આદિની નિશ્રામાં શાહ મેઘજી જેઠાભાઇ દોઢીયા મુખ્ય દાતા તરફથી ઉપધાન થયા. ૧૧૭ તપસ્વી હતા. મહા સુ. ૫ ના ઉપધાનની માળા પરિધાન મહોત્સવ ઉજવાયો. ઉપજ વિગેરે સારા થયા હતા.

પૂ. આ. શ્રીની નિશ્રામાં થાણા-ભીવંડી શત્રુંજયધામ નાસિક સાપુતારા થઇ સિધ્ધ ગિરિજી છરી પાલક સંઘ જશે. ચૈત્ર સુદ-૧ના તીર્થમાળ થશે.

**બેંગ્લોર :** વિજયનગરમાં શ્રી સંભવનાથ શ્વે. મૂ. સંઘમાં પૂ. આ. શ્રી વિજયકલ્પયશ સૂ. મ., પૂ. આ. શ્રી વિજયઅમિતયશ સૂ. મ. ની નિશ્રામાં મહાવીર કુમાર તથા પ્રદીપકુમારની દીક્ષાનો મહોત્સવ ઉજવાયો. મહા સુદ-૩ની દીક્ષા થઇ તે પ્રસંગે પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્ર સૂરીશ્વરજી મ. આદિ પધારેલ. દીક્ષાની વિધિ કરાવેલ. પ્રસંગ ઘણો ઉત્સાહથી ઉજવાયો. પૂ. આ. શ્રી વિજય કલ્પયશ સૂ. મ. ને અનેક ચાતુર્માસ વિનંતી થઇ. નગર પેઠ શ્રી સંઘની ચાતુર્માસની જય બોલાવી. નૂતન દીક્ષીતોના નામ પૂ. મુ. શ્રી મંદાર યશવિજયજી તથા પૂ. મુ. શ્રી પરાગ યશવિજયજી રાખ્યા. સુરેન્દ્ર ગુરુજીએ.સંચાલન કર્યું હતું.

**ભીવંડી :** અત્રે અંજુર ફાટા શ્રી શત્રુંજય ધામમાં પૂ. આ. શ્રી વિજય લલિતશેખર સૂરીશ્વરજી મ. તથા પૂ. આ. શ્રી વિજય રાજશેખર સૂરીશ્વરજી મ. ની પ્રવજ્યાની અર્ધ શતાબ્દી નિમિત્તે વિ. સં. ૨૦૬૦ મહા સુ. દ્વિ. ૧૧ થી મહા સુદ ૧૫ સુધી ૫૬ દિક્કુમારી તથા ૬૪ ઈન્દ્રોસહિત સ્નાત્ર મહોત્સવ તથા સામુદાયિક આંબેલ આદિ તથા ભાવના તેમજ પુસ્તક વિમોચન આદિ કાર્યક્રમ યોજાયો. સુદ ૧૫ના સાધાર્મિક વાત્સલ્ય પાંચ દિવસનો લાભ લેનાર (૧) દિવસે માતુશ્રી લીલાવંતી ઝવેરચંદ માલદે (૨) માતુશ્રી રાણીબેન નરશી હરિયા (૩) હા.વી.ઓ. નવપદ આયંબિલ આરાધક સમિતિ (૪) શ્રીમતી જયાબેન ગુલાબચંદ મૂલચંદ મારૂ (૫) સામતભાઇ ભોજાભાઇ બીદ.

**અમદાવાદ :** હરકિશનદાસની પોળમાં પૂ. સા. શ્રી અરુણશ્રીજી મ. ના સંયમ જીવનની અનુમોદનાર્થે ત્રણ મહાપૂજનો સહિત નવાહ્નિકા મહોત્સવ પૂ. આ. શ્રી વિજય નયવર્ધન સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં મહા સુદ-૨ થી મહા -૧૦ સુધી ભવ્ય રીતે ઉજવાયો.

**જામનગર :** અત્રે કામદાર કોલોનીમાં શ્રીમતી ઝવીબેન નેમચંદ નરશી નાગડાની વર્ધમાન તપની ઓળીનું પારણું પૂ. પં. શ્રી વજ્રસેન વિજયજી મ. ના મહાત્માઓની નિશ્રામાં મહા વદ-૨, રવિવારે થયું. પૂ. શ્રી સામૈયા સાથે તેમને ઘેર પધાર્યા. મંગલ પ્રવચન થયું. બાદ પ્રભાવના થયું. ૧૧-૩૦ વાગ્યે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન ભણાવાયું. પૂજન માટે અમદાવાદથી શાહ હિરાભાઇ મણિલાલભાઇ પધાર્યા હતા. ગોપાલભાઇ વોરા સંગીતકાર પધારેલા.

બેંગલોર : પૂ.આ. શ્રી વિજયજિનેન્દ્ર સૂરીશ્વરજી મ. આદિ દેવનહલ્લી સંઘ પછી પાછા ફરતાં કુમારાપાર્ક શાહ પ્રેમચંદ દેવશી જાંખરીયા, તથા શ્રી ભરતકુમાર મનસુખલાલ મહેતાને ત્યાં સ્થિરતા કરી. પ્રવચનો થયા હતાં. તા. ૧૦-૧ના બસવેશ્વરનગર પધાર્યા. ત્યાં તા. ૨૫ શિલાની બોલી. તા. ૨૬-૧ શિલાસ્થાપનનો કાર્યક્રમ થયો.

# જૂના મિત્રો જ શ્રેષ્ઠ



સંપત્તિ મિત્રો મેળવી આપે છે અને વિપત્તિ મિત્રોની પરીક્ષા કરે છે. સંસ્કૃતમાં આવાં અને સુભાષિતો છે અનેક દરેક ભાષામાં મૈત્રી વિશે કોઇ ને કોઇ ઉક્તિઓ મળી આવે છે. આજે ધંધાદારી મૈત્રીઓની બોલબાલા છે, પણ માત્ર બે વ્યક્તિઓ વચ્ચેની જ દોસ્તી એટલી વ્યાપક જોવા મળતી નથી. કોઇ કોઇ રીતે વળી કહે છે - દોસ્તી હતી જૂના જમાનામાં - આજના જમાનામાં વળી દોસ્તીને કોણ પિછાને છે ? પણ આજના જમાનામાં પણ ક્યાંક બે સારા જૂના મિત્રોની જોડી જરૂર જોવા મળે છે. દોસ્તીની જોડી આંખ ઠારે છે.

દુનિયાભરના સાહિત્યમાં મૈત્રી વિશે ઘણુંબધું લખાયું છે. ફ્રેન્ચ સાહિત્યકાર વોલ્ટેર મૈત્રીને 'બે આત્માનાં લગ્ન' કહે છે. પણ તેમાં 'છૂટાછેડા' ની શક્યતા પણ સ્વીકારે છે. ઇસવી સંવત પૂર્વેના પ્રથમ સૈકાના પુબ્લીલિયસ સાઇરસે તેથી ઊલટું વિધાન કર્યું છે. એ કહે છે કે, 'જે મૈત્રીનો અંત આવી શકે તે મૈત્રી શરૂ જ થઇ ન કહેવાય !'

અમેરિકાના મહાત્મા એમર્સન કહે છે કે, 'જેમ સદ્‌ગુણનો બદલો-લાભ સદ્‌ગુણ પોતે જ છે, તેમ મિત્ર મેળવવાનો એકમાત્ર માર્ગ પોતે જ કોઇકના મિત્ર બનવું તે છે !' એમર્સન વધુમાં કહે છે કે, 'હું જે વહેવાર મારાં પુસ્તકો સાથે રાખું છું તે જ વલણ મિત્રો અંગે રાખું છું. તેમને હાથવગા રાખું છું., પણ તેમનો ઉપયોગ ભાગ્યે જ કરું છું !'

જીવનમાં ક્યારેક એવું બને છે કે એક માણસ પોતાના મિત્રને તેની મુશ્કેલીની ઘડીએ મદદ કરી શકતો નથી. તેની સચ્ચાઇમાં કોઇ કમી નથી હોતી પણ સંજોગો જ તેને લાચાર બનાવી દે છે. કોઇ કહી શકે કે મુશ્કેલીમાં મિત્ર મદદરૂપ બની શકે તેમ ન હોય તેથી તેની સાથેની મૈત્રી મોળી પડવી નહીં જોઇએ.

સાચી મૈત્રીને લાભ-નુકશાનના ત્રાજવે તોળવી નહીં. જોઇએ. ફિલસૂફ એરિસ્ટોલની વાત સાચી છે કે એક ખરો મિત્ર હોવો તો એક વધારાની પૂરક જિંદગી પ્રાપ્ત કરવા બરોબર છે. મિત્રની હસ્તી માત્ર, આપણી પોતાની હસ્તીનો આનંદ ખૂબ વધારે છે !

ચીનની એક જુની કહેવત છે-માણસો વચ્ચે દોસ્તી હોય ત્યારે સાદું પાણી મીઠું લાગે ! ચીનની બીજી કહેવત એવી છે કે મિત્રોનાં મિલન અને મુલાકાતમાં મજા, પણ સાથે રહેવું પડે તો તકલીફ ! આવી દરેક જૂની કહેવતમાં એક તથ્ય હોય છે. મોરોક્કોની એક કહેવત એવી છે કે તમારા સાચા મિત્રો એ જ જે તમને જેલખાનામાં કે દવાખાનામાં વિના સંકોચ મળવા આવે !

અંગ્રેજ લેખક હેઝલિટ કહે છે કે મિત્રો-આપણા મિત્રો-આપણા માટે બધું જ કરવા તૈયાર હોય છે- સિવાય કે આપણે તેમને સોંપેલું કામ ! અમેરિકન હાસ્યલેખક માર્ક ટ્વેઇન મજાકમાં કહ્યું છે : ''સાચો મિત્ર એ કે જે આપણે ખોટા હોઇએ ત્યારે પણ આપણો પક્ષ લે ! બાકી આપણે સાચા હોઇએ ત્યારે તો કોઇ પણ માણસ આપણો પક્ષ લેનાવો ! ' આપણા લેખક ધૂમકેતુએ એવું કહ્યું છે કે, 'હું કિશોર હતો ત્યારે મને પૈસાદાર થવાનું બહુ મન થતું-એક જ કારણસર-મારા મિત્રોની ગરીબીને દૂર કરી શકું તે માટે !'

જૂના મિત્રો સારા કે નવા મિત્રો સારા ? ગોલ્ડસ્મિથે એવું કહ્યું છે કે, 'મને તો બધું જૂનું જ ગમે છે ! જૂના મિત્રો, જૂનો સમય, જૂની રીતભાતો, જૂના પુસ્તકો અને જૂનો શરાબ !' જોન સેલ્ડને કહ્યું છે કે જૂના મિત્રો જ શ્રેષ્ઠ. રાજા જેમ્સ હંમેશા જૂના જોડા જ પસંદ કરતો-પગને તે બહુ માફક આવે છે.

પન્નાલાલ પટેલે પોતાના એક પુસ્તકમાં અર્પણમાં વાપરેલા શબ્દોના ઉપયોગ કરીને કહીએ તો એમ કહી શકાય કે, હારેલા-થાકેલા આપણે જેને ઘેર જઇને રાહતનો દમ લઇ શકીએ તે સાચો મિત્ર ! સાચો મિત્ર એ જે દુઃખમાં આશ્વાસન આપે અને આપણા સુખમાં આપણી ઇર્ષા ન કરે ! સાચા મિત્ર થવાનું કામ બહુ મુશ્કેલ છે અને છતાં માણસનો ઇતિહાસ નોંધે છે કે બ્રુટસની જેમ કોઇક મિત્ર સિઝરની પીઠમાં ખંજર ભોંકે એવું પણ બન્યું છે, તો એવું પણ બન્યું છે કે એન્જલ્સ જેવા કોઇક મિત્રે કાર્લ માર્ક્સની હયાતીમાં તો તેને બધી જ મદદ કરી પણ મિત્ર માર્ક્સના મૃત્યુ પછી તેની પુત્રીઓને એન્જલ્સે પોતાની મિલ્કત વહેંચી આપી !

સારા મિત્ર બનવા માટે માણસે સારા માણસ બનવું પડે છે. મિત્ર પ્રત્યેની મિત્રની ફરજો વિશે અલબત્ત ઘણા મતભેદો છે. કોઇ કહે છે કે સારો મિત્ર એ જે તમને તમારા દુર્ગુણો તરફ તમારું ધ્યાન ખેંચે ! કોઇ બીજો કહે છે કે એ કામ તો વિરોધીઓ કરતા જ હોય છે- મિત્ર જ જો દુર્ગુણો જુએ તો પછી બાકી શું રહ્યું ?

(હલચલ - ભૂપત વાડોદરીયા)

અસીમ પુ ય બળના સ્વામી પ્રિયમિત્ર યુવાન થતાં ચક્રવર્તી સમ્રાટ બન્યા. તે પ્રજાને પુત્રની જેમ પાળતા હતા. સાધુ સન્તોની ાક્તિ અને ગરીબોની સેવા કરીને એને આનંદ થતો હતો. એક દિવસ મૂકા નગરીમાં પોટ્ટિલાચાર્ય નામના આ ાર્ય પધાર્યા. પ્રિયમિત્ર ચક્રવર્તીએ આચાર્યશ્રીનું સ્વાગત કર્યું.




પ્રિયમિત્ર રા પોટ્ટિલાચાર્યનું પ્રવચન સાંભળ્યું માર્મિક શબ્દો અંત કરણને સ્પર્શી ગયા.




પ્રિયમિત્ર મુનિએ એક કરોડ વર્ષ સુધી તપ, ધ્યાન સંયમ વગેરેની આરાધના કરી. દિવસના સૂર્ય સામે ઉભા રહી આતાપના લેતા. રાતે વસ્ત્ર રહિત વીરાસનથી ધ્યાન કરતા હતા.



# પરિમલ

- પૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

* તમે બધા સુખ ઈચ્છો છો, છતાં એ મળતું નથી, તમે બધા દુ:ખથી દૂર ભાગવા મથો છો, છતાં એ ટળતું નથી. આવો વિપાક ક્યા કારણે આવે છે, એ તમારે જાણવું છે ? આનું કારણ એક જ છે કે, સંસાર તમને ખૂબ ખૂબ ગમે છે.

* ધર્મનું ફળ બધાને જોઈએ છે, પણ ધર્મ કરવો કેટલાને ગમે છે. એ સવાલ છે. પાપનું ફળ કોઈને ભોગવવું નથી, પણ પાપ છોડવાની તૈયારી કેટલાની છે, એ સવાલ છે. હવે સૌને સુખ ક્યાંથી મળે અને સૌનું દુ:ખ ક્યાંથી ટળે ?

* આપણે ત્યાં દાન માટે સાત ક્ષેત્રો ઉત્તમ મનાયા છે. ક્ષેત્ર એટલે ખેતર ! ખેતર એટલે વાવણીને યોગ્ય ભૂમિ ! ખેડૂત જેમ ખેતર ઉપર ઉપકાર કરવા નહિ, પણ પોતાની ઉપર ઉપકાર કરવા વાવણી કરે છે, આ જ રીતે દાનધર્મ **સ્વોપકાર** માટે કરવાનો છે. પરિગ્રહના પાપનું પ્રાયશ્ચિત કરવા દાન કરવાનું છે. અનાજ વાવતી વખતે ખેડૂતનાં મનમાં ધરતી પર ઉપકાર કરવાની બુદ્ધિ હોતી નથી, પણ ધરતી આ ધાન્યકણ સ્વીકારીને મને ઉપકૃત કરે, એવી ભાવના હોય છે. આ જ રીતે દાન કરનારે દાતારનો ઉપકાર માનવાનો છે કે, સામાએ દાન સ્વીકાર્યું, તો મને દાનધર્મનો લાભ મળવા પામ્યો. આમ થાય, તો પછી દાતાને દાન માટે પાત્રની શોધ કરવા નીકળવાનું મન થાય. આજે તો યાચક દાતાની પાછળ પાછળ ફરતો હોય છે, પણ પછી તો દાતાને યાચકની શોધ માટે નીકળવું પડે.

* સ્વર્ગમાં સુખની સામગ્રી જરૂર અઢળક છે, પણ ત્યાંય બધા જ દેવો સુખી જ હોય, એવો એકાંતે નિયમ ન બાંધી શકાય, સ્વર્ગમાં પણ જે દેવો ધર્મવાસિત હોય, એ જ સુખી રહી શકે. બાકી બીજા તો સુખની સામગ્રી વચ્ચેય રડતા જ હોય !

* સાધુતા તો પરમાત્માનાં શાસનનું ઝવેરાત છે. સાધુ આ ઝવેરાતથી ઝગમગતો હોય. નાની-મોટી કોઈ પણ ધર્મ-ક્રિયા કરનારો શ્રાવક આ ઝવેરાતનો જ અર્થી હોય.

* બીજા હજી બહુ બહુ તો દુ:ખીની દયા ચિંતવવાનું કહે, પણ જૈન શાસન જ એક એવું છે કે, જે દુ:ખીની દયા ચિંતવવા પૂર્વક સુખીની પણ દયા ચિંતવવાનો માર્ગ દર્શાવે !

* સુખ સામગ્રી મેળવીને ભોગવાતા સુખ કરતાં એ બધી જ સામગ્રીને છોડીને અનુભવાતું સુખ કેઈ ગણું ચડિયાતું છે. સુખસામગ્રી છોડીને સાધુપણાને સ્વીકારતો મુમુક્ષુ આનું પ્રત્યક્ષ દૃષ્ટાંત છે.

* જૈન શાસનમાં નિર્જરા થઈ જાય એની બહુ કિંમત નથી, પણ નિર્જરાની બુદ્ધિથી નિર્જરા કરીએ, એની જ ખરી કિંમત છે.

જૈન શાસન અઠવાડીક● માલિક : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતા – ગેલેક્સી ક્રિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

नमो चउविसाए तित्थयराणं उसभाइ महावीर पज्जवसाणाणं

# જૈન શાસન

## અઠવાડિક

### શાસન અને સિદ્ધાંત રક્ષા તથા પ્રચારનું પત્ર

***શોકનું કોઈ જ કારણ નથી.***

रवरपवणपहय कुवलयदलजल लवतरलचंचलतरेसु ।
संजोय-जीव-जोव्वण-धणलव-नेहेसु को सोओ ? ॥

**(ચઉપ્પન્ન મહાપુરિસ ચરિયં)**

અત્યંત કઠોર પવનથી હણાયેલા કમલના દલ પર રહેલા પાણીના બિંદુની જેમ અત્યંતી ચપળ અને ચંચલ એવા સંયોગ-જીવન-યૌવન-ધન અને સ્નેહ નાશ પામે તો શોક કરવાનું કોઈ જ કારણ નથી.

**શ્રી જૈન શાસન કાર્યાલય**

**વર્ષ ૧૬**

શ્રુતજ્ઞાનભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર, (સૌરાષ્ટ્ર) INDIA. PIN-361005
PHONE: (0288) 770963

**અંક ૧૫**

# 'સુશીલ સંદેશ'

## કરૂણા નિધાન ભગવાન મહાવીર – હપ્તો – ૧૧.

મહાશુક્ર કલ્પથી આયુષ્ય પૂર્ણ થવાથી ભગવાનનો જીવ ભરતક્ષેત્રની રક્ષા નગરીમાં રાજા જિતશત્રુની ર ાણી ભદ્રાના પુત્ર 'નંન્દન'ના રૂપમાં જનમ્યા. સંધ્યના બદલતા રંગે જોઈને રાજકુમાર નન્દનનુ મંન સંસારથી વિર ક થઈ ગયું.




રાજકુમાર નં .નને દીક્ષા ગ્રહણ કરી.

તે ઘોર તપસ્યા અને ધ્યાન સમાધિમાં લીન રહેતા. નન્દન મુનિએ એક લાખ વર્ષ સુધી સતત ૧૧૮૦૬૪૫ માસખમણની ઉગ્ર તપસ્યા કરી. તેમનું શરીર અત્યંત દુર્બળ થઈ ગયું.




વીસ પવિત્ર સ્થાનોની વાર-વાર આરાધ- ા કરતા કરતા તીર્થંકર નામ કર્મનું બંધ કર્યું.




નન્દનમુનિએ સાંઈઠ દિવસનું અનશન ક ી દેહ ત્યાગ્યો. તે દસમાં સ્વર્ગમાં દેવ થયા.

आज्ञाराद्धा च. शिवाय च भवाय च
હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

1065

# જૈન શાસન

(અઠવાડીક)

તંત્રીઓ :
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૬ ) * સંવત ૨૦૬૦ ફાગણ સુદ - ૪ * મંગળવાર, તા. ૨૪-૨-૨૦૦૪ (અંક : ૧૫

## પ્રવચન
## છાંસઠમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

સં ૨૦૪૩, આસો વદિ-૭, બુધવાર, તા. ૧૪-૧૦-૧૯૮૭
શ્રી ચંદનબાલા જૈન ઉપાશ્રય, મુંબઈ - ૪૦૦ ૦૦૬.

પૂ.આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

*ગતાંકથી ચાલુ. .*

(શ્રી જિનાજ્ઞા : સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના -અવ.)

भय एव यदा न ध्यते, स कथं नाम भयाद् विमोक्ष्यते? ।
अभये भयशङ्कि न परे, यदयं त्वद्गुणमूतिमत्सरः ॥

સંસાર સ કર જેવો મીઠો મજાનો લાગે છે. તે સંસારમાં જીવવા માટે જેટલા પાપ કરવા પડે તે મજાથી કરે, તે બધા મ ો મરીને દુર્ગતિમાં જવાના છે. જૈન કુળમાંથી દુર્ગતિમાં જાય તે જૈન કુળનું કલંક કહેવાય. જૈન કુળ પામેલ અકસ્માતમાં મરે કે ગર્ભમાં મરે તો ય સદ્ગતિમાં જાય. આપણે ત્યાં સ્વર્ગવાસી થયા લખવાનો જે નિયમ છે તે ાચો છે. કેમ કે તે જીવ બાર ભાવનાથી ભાવિત હોય છે ઘણાંને બાર ભાવનાના નામે ય યાદ આવતાં નથી. ા વાત અનેકવાર કહી છતાંય બાર ભાવના શીખ્યા થી અને કદાચ નામ શીખ્યા તો અવસર આવે તેનો ઉપયોગ કરતાં નથી. વેપારાદિમાં ખોટ આવી તો તે દિવસને ાત રીબાઈ રીબાઈને જીવે છે, તે ય આબરૂનો ભય છે તે, બીજા તો નફફટ થઈને જીવે છે. જો તે બાર ભાવના ામજ્યો હોત તો રિબાય નહિં. વેપારી ખોટ કયારે કાઢે' ભાન ન રાખે ત્યારે. ગજા ઉપરાંતનો વેપાર કરે તે ભાનવાળો કહેવાય કે ભાન વગરનો કહેવાય? આજે તો 'મળશે તો લઈશું, જશે તો કોને આપવું છે' મોટોભાગ આવો થઈ ગયો છે ને? સંસાર છોડવા છતાં પણ માન-પાનાદિ ગમે, મોક્ષની ઈચ્છા તીવ્ર ન હોય તે સાધુ હોય તો સાધુ નહિં અને સંસાર છોડવાની અને મોક્ષ મેળવવાની ઈચ્છા ન હોય તે શ્રાવક કહેવાય તો ય શ્રાવક નહિ, ધર્મી કહેવાય તો ય ધર્મી નહિં.

બાર ભાવનાનો ઘણી જ સાચો વિરાગી બને. તેને સંસારનો રાગ કનડે નહિં. બધું ચાલ્યું જાય તો મારૂં હતું શું તેમ બોલે. જવાનું હતું તે ગયું હું તો જીવતો છું. આ ગયું તો ઉપાધિ ગઈ. હવે હું સારી રીતે ધર્મ કરીશ. ભાવનાવાળાની આ દશા હોય. ભાવના ભાવે તેનો દુશ્મન આપત્તિમાં આવે તો તેને ઘેર જાય અને આપત્તિ દૂર કરવા સહાય કરે. શેઠ આપત્તિમાં આવે તો નોકર શેઠની પાસે જાય અને કહે કે- મારી પાસે જે છે તે બધું આપનું જ છે. ચિંતા ના કરતાં. આજે કોઈ આવો મળે? ભાઈના દુ:ખમાં ય ભાગ ન લે, તેનું કર્મ તે ભોગવે આવી નફફટાઈ આવી ગઈ છે.

ભાવના વગરનું જીવન પશુ કરતાં ય ભૂંડુ છે. શ્રાવક કુળમાં જન્મેલો અનિત્યાદિ બાર અને મૈત્ર્યાદિ ચાર ભાવનાથી ભાવિત ન હોય તેમ બને જ નહિં, તેમ જ્ઞાની

કહે છે. ધર્મી અને ભાવના વગરનો તેમ કદી બને? દુશ્મનનું ય ભૂંડું કરવાની ઇચ્છા ન થાય, ભલું જ કરવાની ઇચ્છા થાય. આ અનિત્યાદિ ભાવનાઓ આત્મા સાથે એવી ઓતપ્રોત બનાવી દો જેથી તમે કોઇ કાળે દુઃખી થાવ જ નહિં. તમારી આપત્તિ સાંભળીને કોઇ આવે તેને ય થાય કે, ધર્મી તો આનું નામ. આપત્તિ આપત્તિ લાગે નહિં. ગમે તેટલી સંપત્તિ મળે તો અભિમાન ન આવે. સંપત્તિમાં નમ્ર અને આપત્તિમાં અદીન! તમે સંપત્તિમાં નમ્ર કે અક્કડ? આપત્તિમાં મજામાં કે દીન?

મરવાનું દુઃખ છે અને જનમવાનું દુઃખ નથી તેને તો મહામિથ્યાદષ્ટિ કહેવાય? જન્મની સાથે મરણ બંધાયેલું છે. જન્મે તેને અવશ્ય મરવાનું છે તો જન્મેલાને મરવાનો ભય શો? પાતાલમાં પેસે તો ય મરવું પડે. જન્મ તેનું નામ સંસાર. મરવું તે હાથમાં છે, જન્મવું તે હાથની ચીજ નથી. મરતી વખતે તો જ્ઞાની હોઇએ છીએ. જનમવું કેમ પડે? કર્મ બાકી હોય માટે. કર્મ ન હોય તો જનમવું ન પડે. આમ સમજેલાને કર્મરહિત થવાનું મન ન થાય?

સંસારના સુખમાં લીનતા નહિં અને દુઃખમાં દીનતા નહિ તે ભાવનાથી ભાવિત જીવ છે. દુઃખમાં ગભરાઇએ છીએ માટે આપણો ધર્મ સારો થતો નથી. તપની વાત આવે તો મારાથી થાય જ નહિં તેમ બોલે પણ અભ્યાસ કરીશ તેમ કોઇ કહે? સંસારની વાતમાં ભુખ્યા- તરસ્યા પણ રહોને? બાર ભાવના ન ભાવે તેને સંસાર જ ગમે છે. હૈયાપૂર્વક સમજીને બાર ભાવના ભાવે તેને મોક્ષ ગમે. આ ભાવનાઓ તો સંસાર રોગને રોગ તરીકે ઓળખાવનારી છે, તેને દૂર કરવા ઔષધિ સમાન છે, પથ્ય પળાવી કુપથ્ય છોડાવી, મોક્ષે પહોંચાડનારી છે.

આપણી વાત એ ચાલે છે કે, આપણને ભય ન સમજાય ત્યાં સુધી કામ ન થાય. મોહથી અંધ બનેલા જીવોને જેના જેના પર રાગ થાય છે તે ભયરૂપ છે તેમ ન સમજાય ત્યાં સુધી આપણે પણ ધર્મ પામી શકીએ નહિં. સંસારની સામગ્રી ઉપર રાગ થાય તે અવિરતિનો ઉદય છે, તે રાગ સારો લાગે તે મિથ્યાત્ત્વનો ઉદય છે. મિથ્યાત્ત્વ મોહ જ ભયંકરમાં ભયંકર છે. જેના જેના ઉપર રાગ થાય તે રાગ મને ખરાબ કરનાર છે, નુકસાન કરનાર છે તેમ જેને સમજાય નહિં તો સમજી લેવું કે, મારો મિથ્યાત્ત્વનો ઉદય છે. સંસારની ચીજ ઉપર 'આ મને સુખ આપનાર છે' તેમ માનીને રાગ કરીએ તો તે રાગ નુકસાન કર્યા વિના રહે જ નહિં.

તમને આટલી ઉંમર થઇ સાધુ થવાનુ મન કેમ થતું નથી? ઘર- કુટુંબ, પૈસા- ટકાદિ પર મોહ છે, તેને છોડવાની શકિત નથી તેમ કહેવું પડે છે ને? આ ઘર- બારાદિ કયારે છૂટે તેવો પણ વિચાર આવે છે ? આ ભવમાં સાધુ થયા વિના તો મરવું જ નથી તેવા વિચારવાળા કેટલા? મરવું નથી છતાં મરવું પડે છે તો મારું ઘર- મારું કુટુંબ તેમ કરતાં કરતાં રોતા રોતા મરે તો કયાં જાય? તે દુર્ગતિમાં જાય તો આપણે પણ મારું મારું કરતાં મરીએ તો કયાં જઇએ? તે શ્રદ્ધા છે? આવી શ્રદ્ધા હોય તો ભય લાગ્યા વિના રહે નહિં. સાપ કરડયો છે' પણ સાપનું નામ પડે તો કેટલા ઉભા થઇ જાય? સાપનો ભય લાગે છે તો પાપનો ભય ન લાગે તે કેવા કહેવાય? સાપ વધારે નુકસાન કરે કે પાપ? ઘર છોડવાનું મન ન થાય તે પાપ છે? તે અવિરતિ પાપને કાઢવાનું મન છે ખરૂં? મન હોય તો તમને સાધુ ન થવાય તેનું દુઃખ હોય!

જે દા'ડે પૂજા ન થાય તે દા'ડે ખાવું નહિં તેવા નિયમવાળા કોઇ છે? જયાં મંદિર ન હોય, સાધુનું આવાગમન ન હોય, ધર્મની વાત કરનાર ન હોય તેવા ગામમાં શ્રાવક વસે નહિં. આજે તો એવી- એવી જગ્યાએ શ્રાવકો વેપાર કરવા ગયા છે કે વર્ણન ન થાય. સંસાર મજેનો અને પૈસો જરૂરી લાગ્યો છે માટે ગામ, દેશ છોડાય, ધર્મ રહી જાય તો ય ચિંતા નહિં- આ કયું પાપ? આપણા પાપથી જ આપણે ધર્મ નથી પામ્યા. આ મનુષ્યજન્મ સાધુ થવા માટે છે તે સાંભળવા છતાં સાધુ થવાનું મન થતું નથી તે કેવો પાપોદય કહેવાય? તમને સાધુ થવાનું મન પણ થતું નથી તેનું દુઃખ થાય છે? વર્ષોથી સાંભળે, બધા તીર્થોની યાત્રા કરી આવે પણ મારે સાધુ થવું છે તેમ મનમાં ન હોય તે કેવું પાપ કહેવાય? શ્રી સિદ્ધગિરિજી જાય ને મોક્ષે જવાનું મન ન થાય તેને કેવો કહેવાય? સારા નિમિત્તો મળે છતાં મિથ્યાત્ત્વ ખસે નહિં, અવિરતિ ખટકે નહિં- તેનો ધર્મ કેવો?

તમે બધા દર્શન- પૂજા- ભકિત આદિ ધર્મ કરો છો તે શા માટે કરો છો? મોહનીય કર્મના યોગે સંસારની સારી ચીજો પર મોહ થાય છે, રાગ થાય છે, મેળવવાનું

મન થાય છે, મેળવવા પાપ કરીએ છીએ, મળે તો આનંદ થાય છે તે બરાબર ચાલુ રહે માટે ભગવાનના દર્શન-પૂજન આદિ ધર્મ કરનારો મોટોભાગ છે તે બધામાં મિથ્યાત્વ હોય કે સમ્યક્ત્વ? 'મિથ્યાત્વ જીવતું હોય ત્યાં સુધી જીવ જે ધર્મ કરે તે ધર્મ લેખે લાગતો નથી, ધર્મનું સાચું ફળ મળતું નથી' આ સાંભળ્યા પછી પણ અમે હજી આવાને આવા કેમ રહ્યા તેમ પણ થાય છે? જે મોહ ખરાબમાં ખરાબ છે તે કેમ સારો લાગે છે? પૈસા ગમે તે મોહ છે ને? સારું-સારું ખાવા-પીવા, પહેરવા- ઓઢવા ગમે તે ય મોહ છેને? તે મોહ જ ભૂંડો છે તેમ લાગે છે? મોહ સારો લાગે તેને ભગવાન ગમે ખરા? ભગવાન ન ગમે તે ભગવાનનાં દર્શન- પૂજન શા માટે કરે? ભગવાને જેને છોડવાનું કહ્યું તેને મેળવવા જ કરેને? ભગવાને જેને છોડવાનું કહ્યું તેને મેળવવા માટે ધર્મ કરનારા કેટલા? ધર્મથી દુનિયાના બધા જ સુખ મળે પણ તે સુખ મેળવવા માટે ધર્મ કરાય નહિં. તે સુખ કેવા છે? શાસ્ત્રે કહ્યું છે કે, મોક્ષ માટે જ, જે જીવ ધર્મ કરે તેને સંસારમાં રહેવું પડે તો બધી સામગ્રી વગર માગે મળે. પણ તે જીવને તે મળેલી સામગ્રી છોડવાની જ ઈચ્છા હોય, કદાચ કર્મયોગે ભોગવવી પડે તો દુઃખથી જ ભોગવે. આવો અનુભવ તમને છે?

મોહ તો બધાને મીઠો મધ જેવો લાગે છે, જરાપણ ખરાબ નથી લાગતો. જેના પર રાગ થાય છે તે બધી ચીજો ખોટી છે રાગને કાઢવાનું મન પણ થતું નથી તો મિથ્યાત્વ જ પોસાઈ રહ્યું છે તે મોહ મરે નહિં, મારવાનું મન પણ થાય નહિં તો આપણું પણ ઠેકાણું પડે નહિં. તે મોહ જીવતો છે કે માંદો પડયો છે? પૈસા અને સુખ મેળવવા કેટલી મહેનત કરો છો? તે બેને છોડવા કેટલી મહેનત કરો છો? જે ચીજ છોડવા લાયક લાગે તો તે ચીજ છોડવાનું મહેનત થાય. છોડવાનું મન થાય તો તે છોડવા માટે બધા ઉપાયો કરે. તમે મહેનત કરતાં હો ને સંસાર ન છૂટે તે બને પણ મહેનત ચાલુ છેને? ગરીબમાં ગરીબની, પૈસાવાળા સુખી થવાની મહેનત ચાલુ છે. રોગીની નિરોગી થવાની મહેનત ચાલુ છે. તેમ તમારી સંસાર છોડવાની મહેનત ચાલુ છે તે સાચી છેને?

મોહ મર્યા વિના ધર્મ સમજાય પણ નહિં અને સાચો થાય પણ નહિં. ભગવાનનાં બધા વચનો મોહને મારનારા છે. મોહ મારવાની ઈચ્છા વિના ધર્મ કરે તો તે વધારે અધર્મ કરવા માટે કરે. સામાન્ય અવસ્થામાં અમારી પાસે આવનારા, થોડો ઘણો ધર્મ પણ કરનારા, સુખી થયા પછી અમારી પાસેય નથી આવતાં અને ધર્મ પણ નથી કરતાં. તેના પર પૈસાનો પ્રભાવ પડયો પણ ધર્મનો પ્રભાવ ન પડયો, તેમ અમારો પ્રભાવ પણ ન પડયો. ધર્મનો પ્રભાવ પડયો હોત તો તે કહે કે આ તો પાપનો ઉદય છે, આમને આમ જીવીશ તો દુર્ગતિમાં જવું પડશે. દુર્ગતિ માનો છોને? શાસ્ત્રમાં ભગવાને કહેલી નરક યાદ આવે છે? એક ક્ષણ પણ એવી નથી કે નરકમાં સુખ હોય! નરકે જવું પડે તેવા કામ મજેથી રાચીમાચીને કરે, તેનું દુઃખ પણ ન થાય તેને ભગવાનની આજ્ઞા ગમી છે તેમ કહેવાય?

ધર્મ મોક્ષ માટે જ કરવાનો છે તે કયારે થાય? મોહનો ભય લાગે તો. જેનાથી ગભરાવવાનું તેને તમે ભેટો, દેવ-ગુરુને ચાંદ્લાં કરીને સમજાવી આવો તો તે ચાલે? આજે આવી દશા વ્યાપક થઈ છે. ભગવાને શું કહ્યું છે તેનો વિચાર નહિં. ભગવાનની ભકિત કરીએ અને સુખ સંપત્તિ મળે તે જ ઈચ્છા છે. તે બધાની પૂજા પણ કેવી કહેવાય? તેવાની પૂજા તારનારી બને કે ડૂબાડનારી બને? શાસ્ત્રે તો કહ્યું કે ભગવાનનો પૂજારી નરક કે તિર્યંચમાં ન જાય. કયારે? ભગવાનના કહ્યા મુજબ, આજ્ઞા પ્રમાણે કરે તો.

મોહનો ભય ન લાગે ત્યાં સુધી કદી ઠેકાણું નહિં પડે. ધર્મ તો અભવ્યો, દુર્ભવ્યો, ભારેકર્મી ભવ્ય જીવો પણ કરે છે. તેમના જેવો ધર્મ તો આપણે ય નથી કરતાં. છતાંય શાસ્ત્રે તેમને ઘોર મિથ્યાદષ્ટિ જ કહ્યા. તો આપણે આપણી જાતને સારી કેમ માની લઈએ? ભગવાનની આજ્ઞા જેને ગમે નહિં તેને ભગવાન ગમ્યા કહેવાય? શેઠને સલામ ભરે, કામ કાંઈ ન કરે અને પગાર લેવા જાય તો આપે? પગાર કયારે મળે? શેઠની આજ્ઞા મુજબ કહ્યા મુજબ કામ કરે તો. ભગવાનની આજ્ઞા સંસાર છોડવાની કે સંસારમાં રહેવાની? સંસાર છોડવા જેવો લાગવો જોઈએ કે નહિં? તે માટે તેની મહેનત કેવી હોય? પૈસાની ઈચ્છાવાળા પૈસા માટે કેટલી મહેનત કરે છે તેમ તમે સંસાર છોડવા મહેનત કરો છો? મોહનો ભય લાગે તો જ કામ થાય. મોહનો ભય લગાડવા શું કરવું તે વિશેષ વાતો હવે અવસરે. *(ક્રમશઃ)*

# પ્રશ્નોત્તર વાટિકા

(પરિમલ)

*(ગયા અંકથી ચાલુ)*

***(૨૭) પૌષધમાં શ્રાવકોથી શ્રી કલ્પસૂત્રાદિની કર્પૂરાદિથી (વાસક્ષેપથી) પૂજા થાય? પૌષધમાં શ્રાવિકાથી ગહુલિ થઇ શકે?***

સામાયિક અને પૌષધમાં શ્રાવક- શ્રાવિકા પણ સાધુ સાધ્વી જેવા જ છે. समळो इव सावओ हवइ શ્રમ્હા માટે કર્પૂર વાસક્ષેપ વિ. દ્વારા કલ્પસુત્ર વિ.ની પૂજા દ્રવ્ય પૂજા હોવાથી થઇ શકે નહિં. વાસક્ષેપથી ગુરુપૂજન પણ થઇ શકે નહિં. માત્ર જરૂર પડે તો વાસક્ષેપ મસ્તક ઉપર નંખાવી શકાય પણ તે વખતે પૈસા મુકાય નહિં, સામાયિક પૌષધમાં પૈસાને પણ અડી શકાય નહિં, તેવી જ રીતે સામાયિક પૌષધમાં ચોખાની ગહૂલી પણ થઇ શકે નહિં.

***(૨૮) દેવદ્રવ્યની રકમમાંથી નૂતન જિનાલય બંધાવી શકાય?***

આમ જોઇએ તો મુખ્ય વૃત્તિએ દેવદ્રવ્યની રકમ જિર્ણ મંદિરોના ઉદ્ધાર માટે વાપરવાની છે. નૂતન જિનાલય શ્રાવકોએ પોતાની શકિત અને જરૂરીયાતને ધ્યાનમાં રાખી પોતાના દ્રવ્યથી જ બાંધવું જોઇએ, છતાં જૈનોના ઘરો હોય અને ત્યાં ભકિત સંપન્ન શ્રાવકો રહેતાં હોય છતાં જિનાલયનો અભાવ હોય અર્થાત જિનમંદિર ન હોય અને તે બાંધવા માટે પોતાની શકિત ન હોય, તેવા સ્થાનમાં નાનું અને સાદુ જિનાલય દેવદ્રવ્યની રકમમાંથી પણ વિધિ અને જયણાપૂર્વક બનાવે તો વાંધો નથી. પરંતુ જૈનોની વસ્તી ન હોય અથવા જિનાલય હોવાછતાં પક્ષના કે ગચ્છના મમત્વથી દેવદ્રવ્યની રકમમાંથી જિનાલય તીર્થસ્વરૂપ બને તો પણ વ્યાજબી નથી તેમાં દેવદ્રવ્યની રકમનો દુરુપયોગ કર્યો કહેવાય.

તીર્થ તરીકેની પ્રસિદ્ધિ કરી હાઇવે ઉપર થતાં જિનાલયોમાં કોઇપણ રીતે દેવદ્રવ્યનો ઉપયોગ કરી શકાય નહિં. વ્યકિતએ પણ બાંધતા પહેલાં હજાર વિચારો કરવા પડે તેવો કાળ છે. જિનાલયનું નિર્માણ કર્યા પછી ત્રણ લોકના નાથ પરમ તારક વીતરાગ પરમાત્મા પૂજારી વિ. હલકા માણસોને સોંપી દેવાના હોય અને તેમનાથી થતી આશાતનાઓ ચલાવી લેવાની હોય તો તેવા સ્થાનોમાં જિનાલય બંધાવવું જોઇએ નહિં.

***(૨૯) સાધુ સાધ્વીજી ભગવંતોના વિહારમાં જિનાલય ન આવતું હોય તો શ્રાવકે તે વિહારના ક્ષેત્રોમાં સાધુ- સાધ્વીજીને દર્શનાદિ માટે જિનાલય દેવદ્રવ્યમાંથી કે વ્યકિતગત બનાવી શકાય?***

જીવનપર્યંત જિનાજ્ઞાપૂર્વકનું જીવન જીવવાની પ્રતિજ્ઞા કરનારા પૂ. સાધુ સાધ્વીજી ભગવંતો જિનાજ્ઞાપૂર્વક નવકલ્પી વિહાર જયાં સુધી જંઘાબળ છે ત્યાં સુધી કરતાં જ હોય છે અને તેથી સ્થાનનું અને વ્યકિતનું મમત્વ બંધાતું નથી તથા અનેક જીવો ઉપર ઉપકાર થાય છે. તે દરમિયાન વિહાર ક્ષેત્રમાં જિનાલય ન હોય તો જિનાલયનું ચૈત્યવંદન સ્થાપનાચાર્યજી આગળ કરવાનું હોય છે. જિનાલય હોય તો જિનાલયે દિવસમાં એકવાર મધ્યમ કે ઉત્કૃષ્ટ ચૈત્યવંદન કરવાનું હોય છે. પરંતુ જિનાલય ન આવે તો તે માટે જિનાલય ઉભું કરવું વિ. પ્રવૃત્તિ અનુચિત ગણાય દેવદ્રવ્યમાંથી કે વ્યકિતગત જિનાલય બાંધતા પહેલા તે જિનાલય જયાં નવું બનાવવામાં આવે છે ત્યાં જૈનોની વસ્તી કેટલી છે વિગેરે વિચાર કરવો અત્યંત જરૂરી છે. માત્ર સાધુ સાધ્વીજીના દર્શન માટે જિનાલય ઉભું કરવાની વાત જરાય ઉચિત નથી, પરંતુ વિવેક વિનાની વાત છે

અને વિવેક વિનાની સારી પણ પ્રવૃત્તિ સારી ગણાતી નથી. પચ્ચક્ખાણ પારતા પહેલાં જિનાલયનું એક ચૈત્યવંદન કરવાનું હોય છે, તબિયત વિ.ના કારણે અત્યંત બાજુમાં રહેલા જિનાલયે પણ દર્શનાદિ કરવા ન જઈ શકાઈ તો પણ ચૈત્યવંદન કરીને પચ્ચક્ખાણ પારી શકાય છે.

*(૩૦) ધર્મક્ષેત્રમાં ચઢાવો (બોલી) બોલીને લાભ લેનારનું કર્તવ્ય શું?*

કોઈપણ વ્યકિતએ ધર્મક્ષેત્રમાં ચઢાવો બોલતા કે રકમ લખાવતાં પહેલાં પોતાની શકિતનો વિચાર કરવો જોઈએ. પરિગ્રહ સંજ્ઞાને તોડવા માટે અર્થાત્ ધનની મૂર્છાને દૂર કરવા માટે જે ક્ષેત્રનો વહીવટ-વિનિયોગ શાસ્ત્ર મુજબ હોય ત્યાં પોતાની શકિત અને ઉલ્લાસથી વિવેકપૂર્વક લાભ લેવો જોઈએ. ચઢાવાની રકમ નાની હોય કે મોટી તુરત જ (તે જ દિવસે) આપી દેવી જોઈએ. તુરત જ ભરવાની અનુકુળતા ન હોય તો ચઢાવો બોલવો ન જોઈએ. 'પછેડી મુજબ પહોળા થવું' તે ન્યાય ચઢાવો બોલવો કે રકમ લખાવવી ફરજીયાત નથી, પરંતુ બોલ્યા પછી તે રકમ તુરત જ ભરી દેવી ફરજીયાત બની જાય છે. કારણ કે આયુષ્ય અને લક્ષ્મીનો કાંઈ જ ભરોસો નથી. ચઢાવો બોલ્યા પછી દિવસો કે મહિનાઓ જાય પછી આપવામાં ઉલ્લાસ રહેતો નથી, અને ઉદ્દેશ પણ ખતમ થઈ જાય છે. ઘણીવાર ન આપી શકે તેવી પરિસ્થિતિ પણ ઉભી થઈ જાય છે માટે દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, જીવદયા વિ.માં બોલેલી રકમ તુરત આપી દેવાથી અનેક દોષોથી બચી જવાય છે.

દ્રવ્યસમતિના ગ્રંથમાં કહ્યું છે કે -

जिणदव्वहिणं जो धरइ तस्स गेहम्मि जो जिमहसड्ढा
पावेण परिलिंपः गेहूंतो विह जइ भिक्खं ॥

દેવદ્રવ્યના ઋણને જે ધારણ કરે છે તેના ઘરમાં શ્રાવક જમે અને સાધુ ભિક્ષાને ગ્રહણ કરે તો પાપકર્મ વડે અત્યંત લેપાય છે તથા સાધારણ દ્રવ્યનું ભક્ષણ કરવું, બ્રહ્મહત્યા કરવી, દરિદ્રીનું ધન લઈ લેવું, ગુરુપત્ની સાથે સમાગમ કરવો, અને દેવદ્રવ્યનો ઉપભોગ કરવો આટલા વાના સ્વર્ગમાં રહેલાંને પણ દુર્ગતિમાં પાડે છે.

આ બાબતમાં પ્રસિદ્ધ ગિરનાર તીર્થ ઉપર ૫૬ ઘડી સુવર્ણની (૧૧૨૦૦ કીલોગ્રામ સોનું) બોલી બોલનારા માંડવગઢના મહામંત્રીશ્વર પેથડશાને યાદ કરવા. બોલેલું સુવર્ણ આપ્યા પછી જ મોઢામાં પાણી નાખ્યું.

આજે ચઢાવો બોલે કે રકમ આપવાનું જાહેર કરે તેના ઘરમાં તેટલી રકમ દેવદ્રવ્યાદિની થઈ જાય છે. તેથી રકમ તુરત જ આપી શકાય તેટલી જ બોલવી જોઈએ.

*(૩૧) ચઢાવા બોલાતા હોય ત્યારે સાધુ ભગવંતોનું તથા સંઘના આગેવાનોનું કર્તવ્ય શું?*

ચઢાવા બોલવાના અવસરે બોલી બોલાતા પહેલાં જ સાધુ ભગવંતોએ બોલીની રકમ તુરત જ ભરવાનો ઉપદેશ આપવો અને તે ઉપદેશ મુજબ ટ્રસ્ટીઓએ પણ તુરત જ પૈસા ભરવાની જાહેરાત કરવા પૂર્વક ચઢાવા બોલાવવા જોઈએ. બોલી બોલનાર વ્યકિત કોઈપણ કારણસર રકમ ભરવાનું ભૂલી જાય તો ટ્રસ્ટીઓએ પ્રેમપૂર્વક તે રકમની ઉઘરાણી કરી લેવી જોઈએ અને તે દેવદ્રવ્યાદિની રકમનો પણ પૂ. સદ્ગુરુ ભગવંતોના શાસ્ત્રીય માર્ગદર્શન મુજબ જિર્ણોદ્ધાર આદિમાં સદુપયોગ કરી દેવો જોઈએ. તે રકમ ફીકસો કરાવી ભેગી કરવાની મનોવૃત્તિ ન રાખવી જોઈએ. વીતરાગ પરમાત્માના કોઈપણ મંદિરમાં તે રકમનો ઉપયોગ યોગ્ય રીતે કરી લેવો જોઈએ.

*(૩૨) દેવદ્રવ્ય વિ.ના ચઢાવાની રકમ વધુ થાય તે માટે બે-પાંચ વર્ષની મુદત રાખી સંઘ ચઢાવા બોલાવી શકાય?*

આણા વિણ નવિ સંઘ છે અસ્થિતણો સંઘાત. દેવગુરુની આજ્ઞાને શિરોમાન્ય કરે તે સંઘ કહેવાય. આજ્ઞાને ન માને તે સંઘ ન કહેવાય, પરંતુ હાડકાનો ઢગલો કહેવાય.

પરમાત્માની આજ્ઞાને શિરોમાન્ય માનનાર શ્રી સંઘ તિર્થંકર સમાન ગણાય. દેવદ્રવ્ય વિ.ના ચઢાવાની રકમ વધુ થાય કે ઓછી તેનું મહત્વ નથી મમત્વ મારવાનો ભાવ છે તેનું મહત્વ છે. બે-પાંચ વર્ષની મુદત રાખવામાં આવે તે પણ યોગ્ય નથી આજે શકિત હોય તે મુજબ જ બોલવાનું છે કહ્યું છે કે

जिणवरआळारहियं वद्धारंतावि केवि
बुहंति भवसमुद्रे मूढा मोहेण अन्नाळी ॥

જિનવરની આજ્ઞાથી રહિત દેવદ્રવ્યની વૃદ્ધિ કરતાં પણ કેટલાક મોહથી મૂઢ અજ્ઞાની સંસારરૂપી સમુદ્રમાં ડૂબે છે.

'ભગવાન મહાવીરનો એ મૌલિક સિધ્ધાંત છે કે છતી વસ્તુનો સદુપયોગ કરવો તે ધર્મ પણ સદુપયોગ માટે વસ્તુ પેદા કરવી તે પાપ- પાસે હોય તે વસ્તુના સદુપયોગનો ઉપદેશ હોય.'

આવી રીતે મુદત જાહેર કરીને ચઢાવા બોલાય ત્યાં આચાર્ય ભગવંત આદિ પૂજ્યોએ નિશ્રા ન આપવી અને આરાધકોએ ત્યાં આગળ ચઢાવો બોલવો નહિં.

વર્તમાન કાળની વિષમતાને આંખ સામે રાખીને ધર્માદા દ્રવ્યની રકમનું દેવું એક દિવસ પણ રાખવું નહિં, તુરત જ આપી દેવું જોઈએ.

*(૩૩) દેવદ્રવ્યાદિનો વિનાશ કે દુરૂપયોગ થતો હોય તો સાધુનું કર્તવ્ય શું?*

મારા ત્હારાનો કોઈપણ જાતનો ભેદભાવ રાખ્યા વિના દેવદ્રવ્યાદિનો વિનાશ, દુરૂપયોગ કે ઉપેક્ષા થતી હોય તો સ્પષ્ટ અને કડક શબ્દોમાં ઉપદેશ દ્વારા કહેવું જોઈએ. કહ્યું છે કે-

સર્વ સાવદ્ય કર્મથી વિરત એવા સાધુ પણ જો તે દેવદ્રવ્યાદિના વિનાશમાં ઉદાસીપણું રાખે એટલે તે દ્રવ્યાદિનો બગાડ થતો હોય તેને દેશનાદિ વડે નિવારે નહિં તો તે અનંત સંસારી થાય છે.

आळाभंगं ददं मज्जत्था ठिं ति जे तुसिआणं
अ-विहि अणुमोसणा तेसिंपि होइ वयलोवो ॥

*(૩૪) જીવદયાની રકમ બાબતે સંઘનું કર્તવ્ય શું?*

પરમાત્માનું શાસન ભાવદયા ઉપર છે અને ભાવદયા પૂર્વકની દ્રવ્યદયા પોતાની શકિત અને સંયોગાનુસાર કરવી જોઈએ. પોતાના નિમિત્તે કોઈપણ જીવ મરી ન જાય તેની કાળજી અવિરતપણે રાખનારા પૂણ્યાત્માઓ તિર્યંચગતિમાં રહેલા જીવો પણ પરમાત્માનું શાસન પામી જલ્દી મુક્તિપદને પામે તેવી ભાવદયાયુકત બનીને વિવેકપૂર્વક અબોલ જીવોને બચાવવામાં તથા માત્ર જીવદયાના ધ્યેયથી ચાલતી પાંજરાપોળમાં જીવોના જીવન નિર્વાહમાં પોતાની સંપત્તિનો ઉપયોગ કરતાં હોય છે. સંઘમાં પણ પર્યુષણા વિ. પર્વના દિવસોમાં, શાંતિસ્નાત્ર, વિ. પ્રસંગોમાં અને વરસાદના અભાવે દુષ્કાળના સમયમાં જીવદયાની ટીપ થતી હોય છે. અને જીવદયાની સંપૂર્ણ રકમ સંઘના આગેવાનોએ કોઈપણ જાતનો ભેદભાવ રાખ્યા વિના પાંજરાપોળ વિ.માં તુરત જ મોકલી આપવી જોઈએ. ઘણી જગ્યાએ ટ્રસ્ટીઓ પોતાના દેશમાં અથવા જયાં પોતાનું ચલણ હોય ત્યાં વધુ રકમ મોકલાવી દેતાં હોય છે. આ વ્યવહાર બિલકુલ યોગ્ય ગણાય નહિં. જીવદયાની રકમ જમા ન રહેવી જોઈએ. આપણે ત્યાં રકમ હોય અને જેટલા જીવ મરે તેની અનુમોદનાનું પાપ આપણને લાગે, માટે જીવદયાની રકમ તુરત જ વાપરી નાંખવી જોઈએ.

*(ક્રમશઃ)*

લબ્ધિ વાર્તા વિહાર

# સત્યકી વિદ્યાધર

પ્રવચનકાર :- પૂ.આ. ભગવંત શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મ.   સંકલન :- પૂ. આ. શ્રી પુણ્યાનંદ સૂરીશ્વરજી મ.

જગતમાં મહાદેવની એવા પ્રકારની મૂર્તિની પૂજા કેવી રીતિએ શરૂ થઈ, તે સંબંધી આપણે ત્યાં, જૈન શાસ્ત્રોમાં, ખૂલાસો આવે છે.

સત્યકી નામ વિદ્યાધર બહુ જ સ્ત્રીલોલુપ હતો. એણે રૂપપરાવર્તિની આદિ ઘણી વિદ્યાઓ સિદ્ધ કરી હતી. વિદ્યાના બળથી રૂપને બદલી નાખીને, એ ગમે તે રાણી અગર ગમે તે સ્ત્રીની પાસે પહોંચી જતો અને ભોગ ભોગવતો. ઘણાં રાજાઓના અન્તઃપુરોને એણે આ રીતિએ ભ્રષ્ટ કરી નાખ્યાં હતાં. કોઈપણ સ્ત્રી સત્યકીની નજરે ચઢી અને જો એને એ ગમી ગઈ, તો ખલાસ! એ બીચારીનું શીલ અખંડિત રહે જ નહિં. એ સ્ત્રીના પતિનું રૂપ લઈને જ સત્યકી એ સ્ત્રીને ભોગવી આવે અને પાછળથી જ એ સ્ત્રીને ખબર પડે કે- મને ભોગવનાર મારો પતિ નહોતો, પણ મારા પતિના રૂપને ધરીને આવેલો કોઈ બદમાશ પુરૂષ હતો!

સત્યકી આવા પ્રકારના અનાચારથી, રાજાઓ પણ ત્રાસી ઉઠ્યા હતાં. સત્યકીનો જાન લેવાને માટે, જે કાંઈ ભોગ આપવો પડે તેમ હોય તે ભોગ આપવાને માટે અને જે કાંઈ જોખમ ખેડવું પડે તેમ હોય તે જોખમ ખેડવાને માટે પણ રાજાઓ તૈયાર હતાં; પણ કરે શું?

એમાં ઉમા નામની એક વેશ્યાએ બીડું ઝડપ્યું. ઉમા સૌન્દર્યવતી તો હતી જ અને તેમાં પાછી વેશ્યા હતી, એટલે એના હાવ-ભાવનું પૂછવું જ શું? રોજ બની-ઠણીને એ ઉમા વેશ્યા પોતાના મકાનની અગાશીમાં ઉભી રહેતી. સત્યકીની નજર પોતાના દેહ ઉપર પડે, એની જ ઉમા રાહ જોતી હતી. ઉમાને જોતાંની સાથે જ, જોનારો કામવિહ્વલ બની જાય, એવું એનું વસ્ત્રપરિધાન પણ હતું.

થોડા જ દિવસમાં એની આશા ફળી. સત્યકીએ એને જોઈ અને જેવી એને જોઈ તેવો જ એ મોહિત થઈ ગયો. આવ્યો એ ઉમા પાસે. અહીં કાંઈ વેષબદલો કરવાની જરૂર નહોતી, કારણ કે ઉમા વેશ્યા હતી અને તેને ઈચ્છતી હતી. ઉમાએ એ સત્યકીને પોતાના ચેન-ચાળાથી એવો વશ કરી લીધો કે- સત્યકી વારંવાર કામી બનીને ઉમાની પાસે આવવા લાગ્યો.

ધીરે ધીરે ઉમાએ સત્યકીના હૈયામાં વિશ્વાસ જમાવ્યો. જાણે સત્યકી વગર પોતે મરી જ જાય, એવો સત્યકી ઉપર એને રાગ છે- એવી એણે સત્યકીના હૈયા ઉપર છાપ પાડી દીધી.

પછી એક વાર ઉમાએ સત્યકીને કહ્યું કે 'તમે મરી જશો, તો મારૂં થશે શું? તમારા દુશ્મનો ઘણાં છે. રાજાઓ પણ તમને મારી નાખવાનો જ લાગ શોધી રહ્યા છે. આમાં જો તમે મરી ગયા, તો હું તો હતી-નહિ હતી જ થઈ જવાની!'

સત્યકી કહે છે કે 'તૂં એની ચિન્તા કરીશ નહિં. કોઈનામાં ય મને મારી નાખવાનું સામર્થ્ય નથી. જ્યાં સુધી મારી વિદ્યાઓ મારી પાસે છે, ત્યાં સુધી તો કોઈ મારો વાળ પણ વાંકો કરી શકે તેમ નથી.'

ઉમા કહે છે કે- 'તો નાથ! તમે તમારી વિદ્યાઓને કદી પણ કયાંય વિસારશો નહિં, એટલી જ આ દાસીની વિનંતી છે, પણ આપ ઉંઘતા હો ત્યારેય આપની વિદ્યાઓ આપની પાસે હોય છે?'

સત્યકી કહે છે કે- 'હા, એમ જ છે. માત્ર એક જ એવો પ્રસંગ છે કે જે વખતે હું મારી વિદ્યાઓને વેગળી મૂકું છું. જ્યારે જ્યારે હું સંભોગ કરૂં છું, તે વખતે જ હું મારી સઘળી વિદ્યાઓને કોરે મૂકું છું. એ વખતે જો કોઇ મારા ઉપર પ્રહાર કરે, તો હું મરી જાઉં, પણ આ વાતની કોઇને ય ખબર નથી અને હું સાવધ રહું છું એટલે ચિન્તા કરવા જેવું કાંઇ છે જ નહિં.'

ઉમા વેશ્યાએ આવી રીતે કોઇ પ્રકારે સત્યકીની પાસેથી સત્યકીના મરણનો ઉપાય જાણી લીધો અને પછી તે ઉપાય તેણીએ રાજાને કહ્યો. રાજા બહુ ખુશી થયો, પણ એ ઉપાય કરવામાં તો ઉમાના જાનનું જોખમ હતું.

ઉમાએ તો મોટા ઇનામની લાલચે આ બધું કર્યું હતું, એટલે એ પોતાની સાથે જ્યારે સત્યકી ભોગ ભોગવતો હોય, તે વખતે જ તેને મારી નાખવાની વાતમાં શાની સમ્મત થાય? તલવારના જે ઝાટકે સત્યકી કપાય, તે ઝાટકો ઉમાને પણ કાપી નાખે, તો શું થાય?

રાજાએ ઉમાને ખાત્રી કરાવવાને માટે એક કુશળ પુરૂષને બોલાવ્યો. પાંદડાની એક મોટી થપ્પી ગોઠવીને, એ પુરૂષને ઉમાની હાજરીમાં રાજાએ હુકમ કર્યો કે આ પાંદડાની થપ્પીમાંથી સો પાંદડાને કાપી નાખ અને બાકીનાને રહેવા દે.' એ પુરૂષે પોતાની તલવાર એ પાંદડાની થપ્પી ઉપર ચલાવી અને પછી ગણી જોયું કે- એણે કરેલા તલવારના ઘાથી માત્ર સો પાંદડાં જ કપાયાં હતાં અને એ થપ્પીમાંના બાકીના પાંદડાં અખંડ જ રહ્યા હતાં. આવો પ્રત્યક્ષ દાખલો બતાવીને, રાજાએ ઉમાને કહ્યું કે- 'તૂં કહે ત્યારે આ પુરૂષને હું તારે ત્યાં મોકલું. આ પુરૂષને તૂં તારા શયનગૃહમાં છુપાવી રાખજે અને જે વખતે સત્યકી બરાબર તારી સાથે ભોગ ભોગવવામાં લીન બનશે, તે વખતે આ પુરૂષ પોતાની તલવારના ઘાથી એને કાપી નાખશે અને તારા શરીરને લેશ માત્ર ઇજા થવા દેશે નહિં.

પોતાને ખાત્રી થઇ ગયેલી હોવાથી, રાજાને એ રીતિએ પ્રસન્ન કરવાની વાત ઉમાએ કબૂલ કરી.

પોતાની કબૂલાત મુજબ, એ પુરૂષને ઉમાએ પોતાના શયનખંડમાં એવી રીતિએ સંતાડી દીધો કે- સત્યકીને આ ગોઠવણીની ગંધ સરખી પણ આવે નહિં. વળી સત્યકીને ઉમા ઉપર એટલો બધો વિશ્વાસ બેસી ગયો હતો કે ઉમાના ખંડમાં એ નિર્ભયપણે સુઇ જતો. આથી રાજાએ જે તક ધારી હતી તે આવી ગઇ, પણ પેલા પુરૂષે તો પોતાની તલવારના ઝાટકાથી સત્યકીની સાથે ઉમાનું પણ ખૂન કરી નાંખ્યું!

આમ સત્યકીનો અંત તો આવી ગયો, પરન્તુ સત્યકીને એક વ્યન્તર દેવતા સાથે મિત્રાચારી હતી. એ વ્યન્તર દેવતાને જ્યારે ખબર પડી કે - મારા મિત્ર સત્યકીનો આવી રીતિએ કપટજાળ બિછાવીને સંહાર કરી નાખવામાં આવ્યો છે, ત્યારે એ ખૂબ કોપાયમાન થયો. એણે એ નગરના રાજાને અને સઘળા પ્રજાજનોને એવા ઉપદ્રવિત કરવા માંડયા કે- બધા ત્રાસી ગયા. આ ત્રાસમાંથી બચવાને માટે, સર્વે લોકોએ એ દેવને જ એના કોપના નિવારણનો ઉપાય પૂછયો. દેવે પણ વિચાર કર્યો કે- 'મારા મિત્રને સંભોગ કરતી વેળાએ રાજાએ મરાવી નાંખ્યો છે, માટે સૌની પાસે એના લિંગની જ પૂજા કરાવવી.' વ્યન્તર દેવે લોકોને સત્યકી રૂપ મહાદેવની લિંગપૂજા કરવાનું કહ્યુ અને લોકોએ પણ ઉપદ્રવથી બચવાને માટે મહાદેવના લિંગની પૂજા કરવાનું શરૂ કરી દીધું. પછી મહાદેવ અને ઉમા એટલે પાર્વતીની સંયુક્ત મૂર્તિ બનાવીને પણ લોકો એ મૂર્તિને પૂજવા લાગ્યા.

(સમાપ્ત)

# શાસન તારું સૂનું પડયું છે

શાસનભકત 'રામસેવક'

આસન્નોપકારી ચરમતીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માનું પરમતારક શાસન જગતમાં જયવંતુ વર્તે છે. શાસન તો શાસનના પૂણ્યે જ ચાલે છે- ચાલવાનું છે. હુંડા અવસર્પિણી નામના પાંચમા આરાના પ્રભાવ કરતાં જીવોની યોગ્યતાનો અભાવ વધુ દૂષિત બનાવે છે. શ્રી તીર્થંકરદેવોના સિદ્ધાંતો ત્રિકાલાબાધિત છે પણ જયારે જેમણે 'હું કાંઈક છું, મારું પણ વજન પડે છે, મારે વટ પાડવો છે' તેવી ભાવના કરે છે ત્યારે નવું જ કાંઈ એવું કરે છે જેના પ્રતાપે શાસનમાં વિપ્લવ પેદા થાય છે. ત્યારે સહસાવધાની પૂજયપાદ આ.ભ. શ્રી મુનિસુન્દર સૂરીશ્વરજી મહારાજાનો પોકાર યથાર્થ થતો દેખાય છે કે 'હે વીર! મોક્ષમાર્ગના વાહક તરીકે જેને આપે સ્થાપેલા તેઓ જ ભવ્ય જીવોની પુણ્યરૂપી લક્ષ્મીને લૂંટી રહ્યા છે. 'રક્ષક જ ભક્ષક પાકે, કોટવાલ જ ચોર પાકે' ત્યાં પોકાર કોની આગળ કરવો?'

ખરેખર આજે પણ આવી જ વિષમ પરિસ્થિતિ પેદા થઈ છે. જે મહાપુરૂષે જીવનભર શાસ્ત્રીય સત્ય સિદ્ધાંતોનો ઝંડો અણનમ રાખેલો તેમના જ કહેવાતા બની બેઠેલા વારસદારો સત્ય સિદ્ધાંતોને નેવે મૂકી રહ્યા છે. જેઓ સાચી વાત, શાસ્ત્રાધારે સિદ્ધાંત માર્ગની વાતો કરે, સમજાવે તેમને 'શાસનને ડહોળનારા' 'શાંત જલમાં કાંકરી નાંખનાર' કહે છે. એટલું જ નહિં પૈસાદિના બળે હું તો વાત કરવા પણ તૈયાર નથી' આવું વચન કોણ બોલાવે છે ને સુજ્ઞજનો સમજી શકે છે. કર્મના વિપાકને સમજનારા માર્ગસ્થ- તત્ત્વજ્ઞ પુરૂષો જીવની આવી દશાના વિપાકોને વિચારે છે. કર્મની આધીનતા શું કરાવે તે અંગે શ્રી ઠાણાંસૂત્રમાં કહેવાયું છે કે,

''कम्माइं नूणं घण- चिक्कणा इं, गरुयाइं वज्जसाराइं ।

नाण ड्ढ यं पे पुरिसं, पंथाओ उप्प हं निंति ॥''

વજ્ર જેવા ભારી અને ચીકણાં એવાં નિબિડ- ગાઢકર્મો, ચોક્કસપણે જ્ઞાનાઢય- જ્ઞાનથી સમૃદ્ધ પુરૂષને પણ માર્ગથી પતિત કરીને ઉન્માર્ગે લઈ જાય છે.

વર્તમાનમાં ઉત્પન્ન થયેલો અમદાવાદ- સ્મૃતિ મંદિરનો ગુરુમૂર્તિ આદિના ચઢાવાની ઉપજનો વિવાદ જાણી જોઈને ઉભો રાખવામાં આવ્યો છે. સામાન્યજન પણ ગુરુદ્રવ્ય દેવદ્રવ્ય જ ગણાય તેમ સમજી શકે છે. જે જે શ્રી સંઘોમાં ગુરુમૂર્તિ કે ગુરુપાદુકા છે અને તેની આગળ ભંડાર છે ત્યાં તપાસ કરો તો ખ્યાલ આવે કે તે બધા તેની આવક દેવદ્રવ્યમાં લઈ જાય છે. (છેલ્લાં આઠ-દસ વર્ષમાં થઈ હોય તેની વાત જવા દો.) અનેક સમુદાયોના આચાર્યાદિ ભગવંતો પણ આ દેવદ્રવ્યમાં જ જાય તેમ જણાવે છે. જયારે ૨૦૪૪ના સંમેલનનો વિરોધ થયેલો, તે વખતે લાલબાગની પાટ પરથી પૂ. આ. શ્રી રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાએ 'સંતિકરં' અંગેના પ્રશ્નોત્તરમાં આવા ભાવનું સ્પષ્ટ જણાવેલ કે 'અમો સંતિકરંના વિરોધી નથી. દર તેરસે અને વિહારમાં માંગલિક પ્રતિક્રમણમાં 'સંતિકરં' બોલીએ છીએ. જો જૂના પંચપ્રતિક્રમણની વિધિના પુસ્તકોમાંથી કાઢી લાવ તો કાલથી હું સુધારો કરૂં.'

ચૌદશાદિના પ્રતિક્રમણ પછી 'સંતિકરં' બોલવા અંગે આ વાત પાટ ઉપરથી જાહેર કરનારા આ બાબતમાં 'તેરી બી ચૂપ, મેરી બી ચૂપ' જે નીતિ અપનાવે છે તે જ તેમને ખોટા છે તેમ પૂરવાર કરે છે. પ્રશ્નને ડહોળવાનું કામ તો જવાબ આપતાં નથી માટે તેઓ જ કરે છે આ એક સ્પષ્ટ ચેલેન્જ છે.

આનું નુકસાન વર્તમાનમાં જ દેખાઈ રહ્યું છે કે, સ્વસમુદાયમાં જ પર્યાવરણના મુદ્દાની ચર્ચામાં તે મહાત્માએ આવા ભાવનું સ્પષ્ટ જ સુણાવી દીધું છે કે 'પહેલાં આ સ્મૃતિ મંદિરનો નિવેડો લાવો પછી મારો પ્રશ્ન!' એટલું જ નહિં વડોદરાસ્થિત એક આચાર્ય ભગવંતે ભગવાનના માતા-પિતાની આવકમાંથી અમુક દેવદ્રવ્ય અને અમુક સાધારણમાં લઈ જવાની વાત કરી

તો જાણકારોએ કહ્યું કે 'સાહેબ! આ તો દેવદ્રવ્ય જ ગણાય' ત્યારે તેઓએ ઠાવકાઈથી સુણાવી દીધું કે 'અમદાવાદ-સાબરમતી સ્મૃતિ મંદિરમાં શું થયું છે?'

આના પ્રણેતાઓ બધા આનંદમાં નાચતા હશે, મૂછે વળ ચઢાવતાં હશે કે 'જૂઓ! આ બંદાના (બંદરના) પરાક્રમો! નવો ચીલો ચાલુ કર્યો! કેવો લોકોએ અપનાવી લીધો! વિરોધીઓ પણ આપણા સ્મૃતિ મંદિરનો આદર્શ લઈ 'સુધારો' કરી રહ્યા છે તે વામન અને વિરાટ પરસ્પર તાલી દઈ રહ્યા હશે.

પદ અને પદવીની લીપ્સા ખોટામાં પણ સૂર પૂરાવે. 'આ તો નાહકનો વિવાદ ચઢાવે છે. આ તો બંનેને એઓ નડે છે. ગુરૂમંદિરો બને તો શું વાંધો?' તમારો ભવ-સંસાર વધી જાય છે તે વાંધો છે? પોતાના માનીએ માટે ખોટા માર્ગે જઈ ભાવિમાં જે ખોટો દાખલો, દેવદ્રવ્યની હાનિ કરી રહ્યા છો તેથી બચાવવા છે માટે વિરોધ કરીએ છીએ. અમે કાંઈ વ્યકિતનો વિરોધ નથી કરતાં પણ તે વ્યકિતઓ ખોટા માર્ગે છે, ખોટા માર્ગે જઈ પોતાના ભાવિની સાથે તો ઠીક પણ શાસનના માર્ગસ્થ સિદ્ધાંતો સાથે ચેડા કરી રહ્યા છે માટે વિરોધ કરી બચાવવાનો પ્રયત્ન કરીએ છીએ.

જો તમે બધા ખરેખર સાચા જ છો તો સત્તાવાર નિવેદન, સ્પષ્ટતા જાહેર કરો. બાકી 'કોઈએ તો કામ કરવું પડેને' તેમ કહી બીજાને હોળીનું નારિયેલ કેમ બનાવો છો? કામ ભલે તે કરે પણ નામ તો સત્તાવાર આપો. બાકી 'જાનમાં કોઈ જાણે નહિં અને હું વરની ફોઈ' જેવી નીતિથી લાભ શો થવાનો છે?

**'જૈન શાસન'ના લેખોથી ગભરાવ છો શા માટે?** એકને સમુદાયની શિસ્ત શીખવાડો અને બીજાને પ્રેરણા કરો કે તું લખ. તે તો ચોરને કહે ભાગ અને રખેવાળને કહે પકડ- બેધારી નીતિથી લાભ શો?

આજના રીઢા રાજકારણી સારા પણ આ તો બધા તેમને ય વટલાવે તેવા પાક્યા છે. જેમ ધો મરવાની થાય તો વાઘરીવાડે જાય તેને ય ભૂલાવે તેવા પાક્યા છે. લાલચ- ભયથી પોતાનું કામ કરાવવું છે અને જેમને ક્ષેત્રો સારા જોઈએ તેમને પણ કહે કે, 'ચિંતા ના કરવી, તમને સારા ક્ષેત્રો આપીશ' આવી લાલચવાળા સિદ્ધાંતનું રક્ષણ કરે કે ભક્ષણ તે સમજી શકાય છે.

જેમને વિરોધી વર્ગ તરીકે તોફાની અરાજકતા ફેલાવનારા કહી પ્રચારે છે તેઓ ભૂલી જાય છે કે **સંમેલનનો સ્ટે આપનાર વર્ગની સ્વ.પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાએ પીઠ થાબડેલી અને સાથ આપેલો, તેમનો જ તેઓ જાણે-અજાણે વિરોધ કરી રહ્યા છે.**

જ્ઞાનિઓએ મદિરાના નશા કરતાં પણ સુખના નશાને વધારે ભયંકર કહ્યો છે. જે બહોશને પણ બેહોશ બનાવે છે. સુખની લાલસાનો જ્ઞાનીઓએ મૈથુનમાં સમાવેશ કર્યો છે અને આગમ ગ્રંથમાં કહેવાયું છે કે, ''जीवाण जम्ह इ गसई मेहुणसण्णा सहावाओ'' 'અનાદિ કાળથી જીવોને સ્વભાવથી અતિપ્રિય મૈથુન સંજ્ઞા છે' સત્તારૂપી સુરાના સુખનો નશો આત્માની પાસે કેવા કેવા કામ કરાવે છે તે આ પ્રશ્નમાં પણ પ્રત્યક્ષ દેખાય છે. સત્તા કઈ રીતના મેળવી તે તેમનો અંગત પ્રશ્ન છે માટે વિવાદમાં નથી ઉતરવું- જાણકારો સારી રીતના જાણે છે.

**'મારે શું?' અને 'પૂણ્ય ઓછું છે' જોયા કરો', આવી બધી નબળી વૃત્તિઓને દફનાવી દરેકે દરેક સિદ્ધાંતપ્રેમીઓને જાહેરમાં આવવાનું આમંત્રણ છે. કદાચ બહુ બહુ તો નબળું ક્ષેત્ર મળશે પણ ભગવાનની આજ્ઞાના પાલનનો જે લાભ મળશે, જે ફળની પ્રાપ્તિ થશે તેથી સ્વ-પર અનેકના હિતમાં સહાયક બનાશે.** માટે દરેકે દરેક શકિત સંપન્નોને નબળા વિચારો, કાયરપણું કાઢી સ્પષ્ટ બનવા વિનંતી છે. સિદ્ધાંતમાં સ્પષ્ટ બનવાથી પરિણામે લાભ જ છે. બુદ્ધિજીવી પ્રત્યક્ષ તાત્કાલીક લાભનો વિચાર ન કરે પણ પારિણામિક લાભનો જ વિચાર કરી પ્રવૃત્તિ કરે. સૌ એકી અવાજે જાહેર કરો કે- **'ગુરૂમૂર્તિ આદિનું દ્રવ્ય દેવદ્રવ્ય જ છે અને તેનો શ્રી જિનમંદિરના જીર્ણોદ્ધાર આદિમાં જ સદુપયોગ કરાય.**

*જૈનં જયતિ શાસનમ્ ॥*

● ● ●

# તું રાવણ તું રામ !

ઓસ્કર વાઇલ્ડ નામના વિખ્યાત લેખકે એક પુસ્તક લખ્યું છે, 'પિકચર ઓફ ડોરીઅન ગ્રે'. લેખકે લખ્યું છે કે આ કથા સત્યઘટનાના આધારે લખી છે. કથા આ પ્રમાણે છે.

અમેરીકાના એક ચર્ચના વ્યવસ્થાપકોએ ચર્ચમાં ઈશુનું એક ચિત્ર ચિતરાવવાનો નિર્ણય કર્યો. બોટીસેલી નામના વિખ્યાત ચિત્રકારને આ કામ સોંપવામાં આવ્યું. ગમે તેટલો ખર્ચ થાય. કામ અદ્ભૂત થવું જોઈએ.

બોટીસેલીએ પડકાર ઝીલી લીધો. એણે ઈશુનું ચિત્ર દોરવા માટે મૉડલ તરીકે કામ આવે એવા વ્યકિતની શોધ ચલાવી. ઘણી શોધખોળના અંતે એક અલગારી યુવાન મળી ગયો. અત્યંત ભોળો ભલો નિર્દોષ ચહેરો... ન લોભ ન લાલચ... જેસુ એનું નામ...

બોટીસેલી એને કલાકો સુધી બેસાડી રાખતો સામે. એને જોઇ જોઇ ચિત્ર બનાવતો. પેલો યુવક-જેનું નામ જેસુ હતું. કલાકો સુધી બેસી રહેતો જરાય કંટાળ્યા વિના. કોઈના માટે ઉપયોગી થવું એ જ એને મન આનંદની વાત હતી. આ કામ માટે એણે કોઈ ધનની અપેક્ષા પણ નહોતી રાખી.

આખરે ચિત્ર સંપૂર્ણ થયું. જોનારા મોંમાં આંગળી નાંખી જાય એવું ચિત્ર બન્યું. જેસુને સારી એવી રકમ ચિત્રકારે પરાણે આપી વિદાય કર્યો.

આ ઘટનાને વર્ષો વીત્યા.

ચર્ચમાં ચિત્ર જોવા હજારો લોકો આવતાં... ચર્ચને પુષ્કળ આવક થતી હતી...

ચર્ચના સંચાલકોએ આજુ-બાજુની વિશાળ જમીન ખરીદી લીધી. ભવ્ય આર્ટ ગેલેરી બાંધવાનું નક્કી થયું. ભગવાન ઈશુના જીવનને લગતાં મુખ્ય મુખ્ય પ્રસંગો ચિતરાવવા નિર્ણય કર્યો. એ જ ચિત્રકાર બોટીસેલીને કામ સોંપવામાં આવ્યું. જો કે બોટીસેલી હવે વૃદ્ધ થયો હતો. પણ, છતાં બધી જવાબદારીનો ભાર એના ઉપર જ મૂકયો, બોટીસેલીએ બીજા જુવાન ચિત્રકારો માઈકલ એંજેલો, લીઆ નાર્દો દ વીંચી વગેરેનો સહકાર લીધો. ઈશુ- જીવનકથામાંથી પ્રસંગો નક્કી કર્યા. સ્કેચ બનાવી ચિત્રકારોને ચીતરવાના કામે લગાડી દીધાં.

છેલ્લે ઈશુને ક્રોસ ઉપર જડવાનું દૃશ્ય ચિતરવાનું હતું. આ માટે જુડાસ-ઈશુના હત્યારાનું મૉડલ બને તેવા માણસની તપાસ બોટીસેલીએ શરૂ કરી.

એક ખુંખાર માણસ બોટીસેલીએ જોયો. એને જોતાં જ ભલભલાના હાજા ગગડી જાય. તમારૂં નામ શું? 'ડ્રેક્યુલા' એના શબ્દોમાં અહંકાર અને તિરસ્કાર ભારોભાર પડ્યો હતો.

'મારે એક ચિત્ર ચિતરવું છે. તમે મૉડલ તરીકે બેસશો?'

'પૈસા કેટલા આપશો એ વાત કરો?' ડ્રેક્યુલાને બીજી વાતમાં રસ ન હતો.

છેવટે બહુ મોટી રકમનો સોદો કરી એ મૉડલ તરીકે બેઠો. એને જોઈ જોઈને ચિત્રકારો જુડાસનું ચિત્ર દોરવા લાગ્યા.

પંદર દિવસોમાં ઘણું ખરૂં કામ પતવા આવ્યું...

એક દિવસ ડ્રેક્યુલાએ ચર્ચમાં આમ તેમ ફરતાં ચર્ચમાં જુના વિભાગમાં જયાં ઈશુનું ચિત્ર દોરેલું એ જોયું... આજુ-બાજુના નિરીક્ષણ કરતાં એ વિચારે ચડી ગયો... એની આંખો ભીની થઈ ગઈ... બોટીસેલીને નવાઈ લાગી... આ ખૂંખાર માણસનાં

આંખમાં આંસુ! એણે વાંસે હાથ પસરાવી પૂછયું : શું વાત છે?

પણ હવે તો આંસુનો રેલો ચાલ્યો... થોડીવાર પછી સ્વસ્થ થયો. એણે કહ્યું : આપને યાદ છે આ ઈશુ ભગવાનના ચિત્ર માટે તમે મને આ જગ્યાએ મૉડલ તરીકે બેસાડી આ ચિત્ર દોરેલું... બોટીસેલી ચમક્યા! 'અલ્યા તું જ જેસુ.'

કયાં જેસુ અને કયાં ડ્રેક્યુલા... ઉત્તર-દક્ષિણ ધ્રુવનું અંતર કેવી રીતે થયું?

જુઓ તમે મને પહેલીવાર લાવ્યા ત્યારે હું અલગારી હતો. મને પૈસા કે ચીજનું પણ વિશેષ આકર્ષણ ન હતું. તમે મને મૉડલ બનવાના પૈસા આપ્યા. મેં મકાન લીધું. લગ્ન કર્યા. પણ, કમાવાની આવડત કયાં હતી!... થોડા સમયમાં પૈસા પૂરા થયા. પત્ની ચાલી ગઈ, અને બીજે દૂર ગઈ હોત તો હું ભૂલી જાત પણ,મારી સામે જ રહેતાં એક શ્રીમંત જોડે એણીએ ઘર માંડ્યું.

હવે મારે રોજ દેખવું ને રોજ દાઝવું. મારા મનની ખરલમાં ઈર્ષા અને રોષ ઘુંટાતો રહ્યો. અને છેવટે વેરનું કાતીલ ઝેર એમાંથી તૈયાર થયું. એક દિ'એ પાડોશીને બાન પકડ્યો. મોટી રકમ એની ઘરવાળી પાસેથી ઓકાવી. હવે દિવસે દિવસે હું અધઃપતનના માર્ગે ઊંડો ઉતરતો ગયો. ચોરી- લૂંટફાટ- બળાત્કાર- ખૂન- વ્યસનો... ભોળો ભલો જેસુ ખુંખાર ડ્રેક્યુલા બની ગયો... આજે આ ચિત્ર જોઈને મને મારી જેસુ અવસ્થા યાદ આવે છે... અહાહા! મેં કેટલા ખરાબ ધંધા કર્યા છે.. ખરાબ સોબતો અને સંજોગોએ મને કયાં પહોંચાડયો... આજે આ ધર્મમય વાતાવરણમાં અને ચિત્રના પરમશાંત ભાવો જોતાં પશ્ચાતાપનો પાવક અગ્નિ સળગી ઉઠ્યો છે... જેસુને જો ખરાબ સંયોગો ડ્રેક્યુલા બનાવી શકે તો સારા સંયોગો ડ્રેક્યુલાને જેસુ ન બનાવી શકે? હું જેસુ બનીને જ રહીશ.

બોટીસેલીએ જોયું કે ડ્રેક્યુલાના ચહેરા ઉપરના આસુરીભાવો દૂર થયા છે. અંગારા જેવી ધખતી આંખોમાં પશ્ચાતાપના અશ્રુબિંદુઓ છે... સારું થયું કે જુડાસનું ચિત્ર ચિતરાઇ ગયું છે... નહીં તો હવે એના ચહેરા પરથી ચિતરવું મુશ્કેલ છે .. બોટીસેલી કહેઃ 'જો ભાઈ, મારૂં કામ સરસ થયું છે. એ માટે નક્કી કરેલી રકમ તું લઈ લે...', 'ના હવે મારે કશું નથી જોઈતું. પ્રભુને પ્રાર્થના કરજો કે ડ્રેક્યુલા જેસુ બની જાય.' કશું લીધા વિના ડ્રેક્યુલા રવાના થયો. એક દિવસ સવારે ચર્ચના આંગણે કોઈ અઢળક સંપત્તિ મૂકી ગયું. લોકો ચર્ચા કરતાં... ડ્રેક્યુલાએ જ મૂકી હશે. હવે અકિંચન બની કયાંક ખોવાઈ ગયો...

એ જરૂર જેસુ બનશે. અડગ મનના મુસાફરને હિમાલય પણ નથી નડતો... જીવનમાં ટર્નિંગ પોઈન્ટ આવી જાય છે... પાપી પાવન બની જાય છે. જીવનના વહેણ બદલી નાંખીએ. અધઃમાંથી ઉર્ધ્વ કરીએ.

- પૂ. આ. શ્રી ચંદ્રશેખરવિજયજી મ. સા.
*(પ્રસંગ કલ્પલત્તામાંથી)*



**નીલચભાઇ**
ઉમ્મર દશ વર્ષ
પૂ. આ. શ્રી પ્રભાકર સૂરિ. મ. ની
નિશ્રામાં અઠાઈ ઉપધાન માળા તથા
ઉમેરાની છરીપાલક સંઘ જાત્રા કરી.

- પ્રજ્ઞરાજ

# ચેત ચેત ચેતન! તું ચેત

૧. શ્રી આનંદઘનજી મહારાજે શ્રી પાર્શ્વનાથ ભગવાનના સ્તવનમાં આપણને સૌને જગાડવા ગાયું છે કે- **'મિલ ગયો હિરો, મિટ ગયો ફેરો.'**

કોહિનુર હિરાથી પણ અધિક મહાકિંમતી આવું સાધુપણું મલ્યા પછી હવે સંસારમાં કેમ ફરવું પડે? જો પ્રમાદને ખેરી સાવધ થઈ જઈએ તો આપણને રખડાવવા કોઈ સમર્થ નથી.

પણ આજે પ્રમાદે આપણા ઉપર એવો ઘેરો ઘાલ્યો છે કે અનુકૂળતાના નામે આપણે પ્રમાદને જ પુષ્ટ કરીએ છીએ. સાધુપદની પ્રાપ્તિ એ સાધનાની પૂર્ણાહુતિ નથી પણ સાધના જીવનનો પ્રારંભ છે. પણ આજે આ વાત મોટા ભાગે ભૂલાઈ ગઈ છે. તેથી સાધનામાં અપ્રમત્ત બનવાને બદલે પ્રમાદ વધતો જાય છે, સાધનાનો રસ ઉડી જાય છે અને પ્રપંચ તથા પરપરિણતિનો આસ્વાદ મીઠો મધુરો લાગે છે. પછી શિથિલતાઓને મોકળું મેદાન મળે છે અને વેષ સાધુનો અને પ્રવૃત્તિ સાધુપણાથી વિપરીતની ! મન વચન અને કાયાને પરપરિણતિમાંથી ખેંચવાના છે તેને બદલે તેમાં જ વધુને વધુ ખૂંપતા જઈએ છીએ તો શું થશે? માટે હે આત્મન્! તારૂં જીવન આવું નથીને? સાધનાની અનેરી મસ્તીમાં મહાલે છે કે પરપરિણતિમાં? માટે હજી ચેતી જા!

આજ્ઞાની આધીનતા કેળવી લે! જો તું આજ્ઞાને આધીન નહિં બને, જમાનાની હવામાં તણાઈ દુનિયાની માન-મોટાઈમાં રાચીશ તો તારૂં હૃદય સંવેદનાથી શુષ્ક અને કઠોર બની જશે. પછી તું પત્થરથી કઠોર બનીશ અને અનિચ્છાએ તારે પત્થરમાં પેદા થવું પડશે. અનુકૂળતા મેળવવા અને પ્રતિકૂળતાથી બચવા થતી વિરાધના તને રડાવી નહિં શકે, સાચો પશ્ચાતાપ કરવા નહિં દે, પ્રાયશ્ચિતાનું તો તને સ્વપ્નું પણ નહિં આવે. પછી તો રોજની તારી નવ વાર ઉચ્ચારાતી 'કરેમિભંતે'ની પ્રતિજ્ઞામાં વારંવાર દોષ લાગ્યા કરશે. અને વારંવાર લાગતા દોષો પછી દોષરૂપ પણ નહિં લાગે. અનાદિથી આવો ખોટનો ધંધો જ આપણે કરતાં આવ્યા છીએ. હવે આપણે લાભનો ધંધો કરવો છે. અનાદિથી આ કુટેવથી બચવું છે, સાવધ થવું છે, જાગૃત થવું છે આ જ આપણા માટે આત્મ કલ્યાણનો સરળ રસ્તો છે.

❖ 'હસતાં જે બાંધ્યા કર્મ, રોવતાં છૂટે નહિં' આવી વાતો આજ સુધી ઘણીવાર ગાઈ- ગવરાવી. પણ આત્માને અડાડી નથી. પ્રભુ! આપનું આવું તારક શાસન પામ્યા પછી હું હજુ સંસારમાં રઝળું છું તેમાં હે કૃપાલો! આપનો કે આપના તારક શાસનનો જરા પણ દોષ નથી. બધો દોષ મારી પાત્રતા કે યોગ્યતાના અભાવનો છે. આપે તો મેઘની જેમ કરૂણા વરસાવવામાં બાકી નથી રાખ્યું પણ હું તે ઝીલી શકયો નથી. આપના તારક વચનોમાં વિશ્વાસ કે વફાદારી રાખવાના બદલે ડગલે - પગલે શંકા- કુશંકા, તર્ક- વિતર્ક કુતર્ક... નું ડહાપણ ડોળી ડહોળી નાંખવામાં મજા માની છે. અજ્ઞાન- મોહાધીન- રાગગ્રસ્ત દશામાં તો આવું ઘણુંય કર્યું હશે પણ આજે આપના શાસનનો ગણાવીને પણ આવું જ કામ કરી રહ્યો છું. પછી મારામાં સુંદર કોટિના ભાવો કયાંથી પેદા થાય? કદાચ પેદા થાય તો ય સામાન્ય નિમિત્ત મળતાં ભાવોની ધારા તૂટી જાય છે. ઉંચે તો જવાનું અશકય લાગે છે પણ ભાવોની સ્થિરતા પણ અસંભવિત બને અને તેથી ભવોની ઊંડી ખાઈઓમાં પટકાઈ પડું છું. પ્રભુ! તારૂં શાસન અને સાધુપણું પામ્યા પછી પણ મારી આ હાલત મને મૂંઝવે છે, રડાવે છે અને મેં જ કરેલાં કર્મો મને પશ્ચાતાપની આગમાં બાળે છે. આવા પાપોના ભારથી દબાયેલા મારૂં શું થશે? વિશ્વવંદ્ય વિભુ હું તારા શરણે આવ્યો છું તો મારૂં રક્ષણ કર !

❖ અનાદિથી વિકથા- નિંદા અને નિદ્રામાં મસ્ત બની હું કયાં કયાં ભટકીને જઈ આવ્યો મારી તે કરૂણ

કથની કોને કહું? નિંદા- વિકથાનો રસ બધા રસોને ભૂલાવે તેવો છે અને હજી તેનો ચટકો છૂટતો નથી અને આરાધનાનો રસ વધતો નથી. આરાધનામાં આળસ, શુભ અને શુદ્ધ ભાવોની મંદતા, અનાદિના કામ- ક્રોધાદિ રાગ- દ્વેષાદિ કાતીલ દોષોની સતત સતામણી- ચઢવણી, મને નિઃસત્ત્વ બનાવે છે જીવનને બરબાદીના માર્ગે ધકેલે છે. પામર બનેલો હું તેને અટકાવી શકતો નથી અને પોતાની જાતના પતનનો સાક્ષી બની બેઠો રહું છું. લાચાર બની અહિતના માર્ગે જાઉં છું. મારી જ નજર સામે ચોરો અને લૂંટારા મારા આત્મધનને લૂંટીને જઇ રહ્યા છે છતાંય બાયલો બનેલો હું કાંઇ જ બચાવી શકતો નથી. મારૂં શું થશે? તારા જેવો સમર્થ રક્ષક પામી પણ હું હારી રહ્યો છું. લૂંટાઇ રહ્યો છું...!

તારા શરણે આવી તારા બતાવેલા માર્ગે ચાલવા છતાં શુધ્ધભાવોની બાબતમાં હું દેવાળું જ ફુંકું છું. અશુભ ભાવોમાં અટવાઇ જાઉં છું... જ્યાં જવાની ઇચ્છા નથી ત્યાં પહોંચી જાઉં છું અને જ્યાં જવું નથી ત્યાં ખેંચાઇ જાઉં છું. વિચારણાને અંતે મને જ ભાન થયું છે કે મારી યોગ્યતાના અભાવે તારી હું કરૂણા ઝીલતો નથી તેથી જ મોહરાજાના ચોરો ભરબજારમાં મને લૂંટી લે છે, બાંધી દે છે, માર મારે છે, મારા શુભભાવોને ખેદાનમેદાન કરી નાંખે છે.

હવે જ કાંઇ ચેતના જાગી છે કે, મારે જો મોહ વિજેતા બનવું હોય તો તારૂં- તારા શાસનનું સાચું શરણ સ્વીકારવું. ચૌદે રાજલોકમાં મારો વિજય ડંકો વગાડવો હોય, મોહને પરાસ્ત કરવો હોય તો તારી આજ્ઞામાં ક્ષણવાર પણ પ્રમાદ ન કરવો. મારા શ્વાસોશ્વાસમાં, હૃદયના ધબકારોમાં આજ્ઞાનું જ રટણ, આજ્ઞાનું જ સ્મરણ અને આજ્ઞા જ મારા જીવનમાં એકાકાર બની જાય તો મોહને પછાડવા સમર્થ બનીશ! આવી આજ્ઞાપ્રિયતા મને આપ...!

❖ આજે વિકથાના રસે આપણને પ્રમાદી બનાવી, મોહ નિંદ્રામાં પોઢાડી દીધા છે. તેથી દશ દશ દષ્ટાંતે દુર્લભ એવા માનવ જીવનની અમૂલ્ય ક્ષણો ગુમાવી રહ્યા છીએ. મન વિકથામાં આળોટે છે, વચનને વિકથામાં આનંદ આવે છે અને કાયાને તો વિકથાના સ્થાનો ખૂબ જ ગમે છે. પછી આપણા કલ્યાણનો રસ્તો શો? આત્મ કલ્યાણની આ સોનેરી પળો હાથમાંથી સરી ન જાય માટે ટી.વી., વીડીઓ, સીનેમા, નાટક- ચેટક આદિથી દૂર રહેવુ જરૂરી છે. આ બધા અશુભ નિમિત્તો અને અશુભ વિચારોના ઉત્પાદક કારખાનાં છે જે આપણી સારી શકિતઓનો વિનાશ કરે છે, શુભ નિમિત્ત અને શુભ વિચારોથી દૂર- સુદૂર રાખે છે. બહુ જ દુઃખ સાથે કહેવું પડે છે કે આજે શુભ વિચારોનો દુષ્કાળ છે, શુભ વિચારો દુર્લભ બન્યા છે અને અશુભ વિચારોનું એક છત્રી આધિપત્ય અત્ર- તત્ર- સર્વત્ર જોવા મળે છે. જો આનાથી બચવું હોય તો શુભ વિચારોની ધારા આપણા મનમાં સતત વહેતી રહે, શુભ નિમિત્તોનું આલંબન સદૈવ બની રહે માતે સદ્‌ગુરુઓનો સતત પરિચય અને તેમની સેવા- ભકિત કરવાની તાતી જરૂર છે. તેમના અનુભવ જ્ઞાનનો પૂરો લાભ લઇ આ જીવનને અજવાળવું અને સાર્થક કરવું જરૂરી છે. માટે જ શ્રી તીર્થંકર પરમાત્માદિ મહાપુરૂષોની કથાઓના શ્રવણ- વાંચનાદિમાં મારા દિવસો પસાર થાઓ. આ ભાવનામાં રમવું જરૂરી છે. તો જ વિકથારૂપી વિદ્રોહિણી આત્માનું પતન કરવા સમર્થ નહિં બને.

❖ અનાદિથી આત્માને સંસારના સુખોનું એવું વળગણ અને આકર્ષણ છે કે, ધર્મથી બંધાયેલા પુણ્યના ઉદયથી પ્રાપ્ત સંસાર સુખની સામગ્રીનું વર્ણન સાંભળતાં જીવ આનંદિત બની જાય છે અને તેને મેળવવા તલપાપડ બને છે. સંસારી જીવોમાં સુખના રસિયાઓનો મોટો ભાગ છે. તત્ત્વના રસિયા અને મોક્ષના રસિયા જીવો શોધવા પડે તેવા છે. આપણે જ વિચારવું કે હું સુખનો રસિયો છું કે તત્ત્વનો રસિયો અને મુક્તિનો રસિયો છું! જૈન શાસનનો કોઇ પણ આરાધનાનું લક્ષ્ય મોક્ષ જ છે. માટે મહાપુરૂષો ચારે પુરૂષાર્થ કે વર્ગમાં અગ્રણી- પ્રધાન પુરૂષાર્થ મોક્ષને જ

કહે છે. આત્માની દષ્ટિનો જેટલો વિકાસ થયો હશે તે રીતના અધ્યાત્મના રહસ્યો પ્રાપ્ત કરશે. આપણી દરેકે દરેક ધર્મક્રિયા તત્ત્વોથી ભરપૂર છે. પણ જેને જે જોઇએ તે તેમાંથી પોતાના મતલબની વાત પકડી લે. આજનો ધર્મીવર્ગ પણ મોટેભાગે ભૌતિક સુખનો લાલચુ બન્યો છે. કોઈને રોગની મુક્તિ જોઈએ, કોઇને ધીકતી કમાણી જોઈએ, કોઈને મનપસંદ વલ્લભ- વલ્લભા જોઈએ છે. મુક્તિ સાધક ધર્મ પાસે આવી તુચ્છ વસ્તુઓની મનોકામના એ આપણી બાળ ચેષ્ટાએ લાગે છે. દુનિયાને દોરનારા- માર્ગદર્શન આપનારા મહાનુભાવો પણ આવી ચેષ્ટાઓ કરે ત્યારે હૈયું વેદનાથી રડી ઉઠે છે કે, તારક શાસનને સમજાવનારા પણ આનો ભોગ બની ગયા!

માટે જ ઉપકારીઓ રેડ સિગ્નલ આપે છે કે- **જિન વચનો તો શાસ્ત્રોમાં છે પણ એનું રહસ્ય માર્ગસ્થ મહાપુરૂષોના હૃદયમાં છે.** માટે જ શાસ્ત્રો ગુરુગમથી જાણવાની- સમજવાની શીખવાની વાત હિતૈષી પુરૂષો ફરમાવે છે. મહાપુરૂષોના વચનો અર્થ ગંભીર અને પરિપૂર્ણ હોય છે તેમાં કયાંય કચાશ કે ખામી નથી. કચાશ - ખામી તો આપણામાં છે. આપણે માત્ર શબ્દોને પકડીએ છીએ. પણ અર્થ- ભાવાર્થ તાત્પર્યાર્થ કે પરમાર્થરૂપ તત્ત્વ રહસ્યને સમજવા પ્રયત્ન કરતાં નથી. કદાચ રહસ્ય સમજીએ તો આપણને અનુકુળ કે ફાવતું ન આવે તો તેના તરફ દુર્લક્ષ બતાવીએ છીએ. શબ્દને પકડનારને શંખ કે છીપલા મળે. ભાવાર્થ- તાત્પર્યાર્થ કે પરમાર્થરૂપ તત્ત્વરહસ્ય સમજનારને જ રત્નો મળે. જો રત્નનો સાચો ગ્રાહક હોય તો મરજીવા જેવા થઈ શ્રુતસાગરમાં ડુબવું પડે અને સદ્‌ગુરુના ચરણોને સમર્પિત થવું પડે. પછી એવી નોખી- અનોખી આત્મદષ્ટિ પ્રાપ્ત થશે કે જે હંસની જેમ ક્ષીર- નીરનો વિવેક કરનારી હશે. સાચી તત્ત્વજિજ્ઞાસા અને જ્ઞાનોપાર્જના વિના આ શકય નથી. જ્ઞાનીની સાચી નિશ્રા જ અનાદિના અજ્ઞાનના અને જડતાના પડળોને દૂર કરી આપણને આત્મ પરિણતરૂપ જ્ઞાનદષ્ટિ અને સૂક્ષ્મ સમજની ભેટ આપશે. જે આપણી મુક્તિને નજીક બનાવશે. આવા પ્રયત્નમાં લાગીશું તો ફતેહ છે આગે!

❖ હે આત્મન્! ધોબી લોકોના કપડાંની ધોલાઈ કરી સાફસૂફ રાખે છે તેમ તું પણ આ શરીર અને કપડાંની ટાપટીપમાં ધોબી જેવો બની આત્માની ધોલાઈ કરી રહ્યો છું તો કર્મની ધોલાઈના ધોબી બનવું છે કે આત્માની તે વિચારી લેજે.

❖ હે આત્મન્! મોચી જેમ ચામડાની સાફસફાઈ કરી, ભિન્ન ભિન્ન સુંદર ઘાટ ઘડે છે તેમ તું પણ શરીરનો પ્રેમી બની આ ચામડીના રૂપ - રંગનો આસક્ત બની તેની જ સાફ સફાઈ કરી, પફ- પાવડરથી શણગારવામાં રાચી રહ્યો છું, અમરની મહેંકથી મલકાઈ રહ્યો છે તો તારામાં અને મોચીમાં શું ફેર છે તે વિચારી લેજે.

❖ અનાદિથી આપણો આત્મા બાહ્યરૂપ રંગમાં- સૌંદર્યપાનમાં પાગલ બન્યો અને પરિણામે પસ્તાવા વિના કશું જ પ્રાપ્ત ન થયું. તો પણ હજી આપણી આંખ ખુલતી નથી અને જયાં મનગમતાં લાલપીળા સામે આવે છે તો પાગલતાની પરાકાષ્ઠા અવર્ણનીય બની જાય છે. જો ગુણની સાથે રૂપ-રંગ હોય તો શતદલ- સહસ્રદલ કમળની જેમ ખીલી ઉઠે પણ ગુણ વગરના રૂપ - રંગ તો વિનાશ વેર્યા વિના રહે પણ નહિં. ગુણ વિનાની રૂપ- રંગાદિની પ્રાપ્તિ જોખમી બને છે. રૂપ- રંગાદિ વિનાના ગુણ વિખ્યાતિને વરે છે. રૂપ- રંગાદિની પ્રાપ્તિ કર્માધીન છે જયારે ગુણની પ્રાપ્તિ પુરૂષાર્થને આભારી છે. જીવનનું ઘડતર- જીવનનો વિકાસ, જીવનનો આનંદ ગુણોના આધારે છે. જયાં ગુણ નથી અને માત્ર રૂપ-રંગની મહેફીલો છે ત્યાંની પરિસ્થિતિનો બધાને અનુભવ છે. ગુણ વિનાનું જીવન જીવતા નરકની યાતનાઓ, અશાંતિ અને દુઃખ-શોકથી ભરપૂર છે માટે આત્મન્! તારે જો આત્મ કલ્યાણની ઈચ્છા હોય તો રૂપ- રંગના ચાહકને બદલે આત્મ ગુણોનો ચાહક બને તો તારા માટે શ્રેય-પ્રેય નિશ્ચિત છે.

(ક્રમશઃ)

# વૃદ્ધ, અનુભવીઓનું માનો

એક રાજા હતો. વારે તહેવારે હાથીની, જીભની ંજવાળ દૂર કરવા અવનવા ફરમાન બહાર પાડે અને ૈન્ય લઈને વિજયયાત્રા કરવા નીકળી પડે.

છમકલાં કરતાં ગામના ઠાકુરો, પ્રજાને રંજાડતાં ાકૂઓ અને ઉપદ્રવો કરતાં પરરાજના શત્રુઓને ુદ્ધમાં જીતી વિજયયાત્રા કાઢનારો રાજા આજે આગળ ધતાં વધતાં એક ગાઢ જંગલમાં આવી પહોંચ્યો. સૌ ોઈ તૃષાતુર થયા છે. પાણીની શોધખોળ માટે પાંચ-ચીસ સૈનિક નીકળી પડયા પણ કોઈ જગ્યાએથી ાણીનું ટીપું જડતું નથી- મળતું નથી થાકીને ાછાં આવે છે.

તેમ બની બેઠેલા અત્યારના રાજા ગૃહસ્થોએ નિમેલા) પોતાના સૈન્ય માટે વિજયયાત્રા કરવા નીકળ્યા છે.

અમારી વાતનો વિરોધ કરનારને, અમારી ાત ખોટી છે એમ કહીને પ્રજાને ઉશ્કેરનારને, અને સાધુ સંસ્થામાં કે શ્રી સંઘમાં અમારી ાલેશી કરનારને અમો અમારા મનીપાવરથી, ાસલ્સપાવરથી અને કાંઈક આધારરૂપી પત્રો (છે જ નહિં)ની બાંગ પોકારતાં પોકારતાં જીતી ઈશું બસ! હવે અમારી વિજયયાત્રા નક્કી જ છે.

પરંતુ પોકળતાંના કારણે ભીંસમાં આવવા ાગ્યા, મીયાં પડે પણ તંગડી ઉંચી એવો દેખાવ રનારા પોતાના સૈનિક સાથે વિજય કઈ રીતે મળે ેનો વિચાર- વિનિમય કરતાં હોય છે. (શાસ્ત્રના પાના) આધારરૂપી પોકળ કાગળો ફેંદે છે, શ્રાવકોને પોતાની ાત ઠસાવવા માટે યત્ન પણ કરે છે છતાંય કાંઈ વળતું નથી. કોઈ ઉપાય બાકી રહ્યો નથી.

ત્યારે વિનયી વૃદ્ધ સૈનિકે કહ્યું રાજન! આપણી સાથે આપણે ગધેડાને લાવ્યા છીએ. તેઓ આપણો માલ સામાન ઉંચકે છે. તેઓને છૂટા મુકી દેવામાં આવે તો તેઓ સુંઘતાં સુંઘતાં જે જગ્યાએ પહોંચશે એ જગ્યાએ આપણને પાણી મળશે ને આપણી તરસ છીપશે. તરત જ રાજાએ વૃદ્ધ સૈનિકની વાત માની. છોડી મૂકોનો હુકમ કર્યો, છૂટા મુકેલ ગધેડા સુંઘતાં સુંઘતાં એક તળાવ પાસે પહોંચ્યા. વિપૂલ પ્રમાણમાં પાણીનો જથ્થો મળ્યો. સૌ આનંદિત થયા અને પાણી પીને સૌએ તરસ છીપાવીને પોતાના પ્રાણ બચાવ્યા.

તેમ ખોટાં સિદ્ધાંતોની સામે સિંહગર્જના કરનારો વિનીત સૈનિક કહે છે શા માટે ફાંફાં મારો છો? જોઈ લો આ શાસ્ત્રપાઠ, શા માટે અર્થનો અનર્થ કરો છો? સીધો જ અર્થ લો, મતી કલ્પના કેમ દોડાવો છો? જૂના પરિણીત વૃદ્ધ શ્રાવકોને પૂછો તો તેઓ બોલી ઉઠશે કે અમને પણ આવા જ સંસ્કાર છે. પર સમુદાયમાં પૂછો તો તેઓ પણ કહે છે કે આ નવું કયાંથી કાઢી લાવ્યા અમને તો તમાશો જોવા મળે છે.

માટે હવે સમજો, નવો મત મૂકો, મૂળ વાત ઉપર પાછા આવો. સાથે મળી સૌ આનંદથી રહીએ અને શ્રી જૈન શાસનના સિદ્ધાંતરૂપી સિંહના પ્રાણો બચાવીએ.

ખરેખર! વડીલોના આશીર્વાદ, માર્ગદર્શન મેળવ્યા વગર અને વિનયાદિ કર્યા વગર જે કાંઈ પોતાની બુદ્ધિ પ્રમાણે અવનવા ફરમાન બહાર પાડનારાના માથે માછલાં ધોવાય છે અને અપયશ મળ્યા વગર રહેતો નથી.

'પ્રજ્ઞાવિ'

✿ ✿ ✿

# ઓશવાળ સમાજના સન્માનીય વડીલ સંઘવીશ્રી પોપટલાલ વિરપાળ દોઢિયાને શ્રદ્ધાંજલિ



**મુંબઇ :** હાલારી વિશા ઓશવાળ જૈન સમાજના સન્માનિત વડીલ શ્રી પોપટલાલ વિરપાળ દોઢિયા (નવાગામ વાળા) એ ગઇ પોષ સુદ-૪, શુક્રવાર સંવત ૨૦૬૦ના રોજ ૯૩ વર્ષની ઉંમરે આપણા સૌની વચ્ચેથી ચિર વિદાય લીધી. નાનપણથી જ સંઘર્ષ અને પુરૂષાર્થથી આગળ આવીને સમાજ ઉત્કર્ષમાં મહત્વનું યોગદાન આપ્યું. તેમની ખોટ કદી પૂરી શકાય તેમ નથી. ઓશવાળ સમાજે એક પથદર્શક, ધર્મપ્રેમી દાનવીર ગુમાવેલ છે, પોપટલાલ દોઢિયાની જીવન ઝરમર અત્રે પ્રસ્તુત છે.

પોપટલાલ વિરપાર દોઢિયા બાર વર્ષની નાની ઉંમરે માદરે વતન નવાગામથી મુંબઇ રોજી માટે આવ્યા હતાં. નોકરી કરતાં સને ૧૯૩૫થી સ્વતંત્ર ધંધાની શરૂઆત કરી હતી, નાની ઉંમરમાં પિતાશ્રીની છત્રછાયા ગુમાવ્યા પછી માતુશ્રી પાસે ધર્મના સંસ્કારોનું સિંચન મળ્યું. એ સમય દરમિયાન કોમવાદી તોફાનો થતાં અસરગ્રસ્તોની વહારે પહોંચી અનેક લોકોના આંસુ લૂછયા હતાં અને જુદી જુદી સેવા કરી હતી.

મુંબઇમાં ઓશવાળોની બહુ વસતી નહોતી, સમાજ ધોરણે એવી કોઇ સંસ્થા નહોતી ત્યારે પોપટલાલ દોઢિયાએ સમાજની સંસ્થા બનાવવા ચક્રો ગતિમાન કર્યા. અને હાલારી વિશા ઓશવાળ સમાજ મુંબઇની સ્થાપના કરવામાં સિંહફાળો આપ્યો. સમાજની સ્થાપના થયા પછી તેઓ પ્રથમ માનદમંત્રી બન્યા હતાં. એ સમયમાં ઓશવાળ ભાઇઓની મુંબઇમાં આવવાની શરૂઆત હતી ત્યારે મુંબઇમાં ઓશવાળ ભાઇઓ જયાં જયાં ધંધો અગર નોકરી કરતાં હતા તેમને સંસ્થાકીય રીતે એક નેજા હેઠળ લાવી સમાજની ક્રાંતિની શરૂઆત કરી હતી. મુંબઇ ઓશવાળ સમાજની સ્થાપનાના બીજા વરસે તેઓ સમાજના પ્રમુખ બન્યા હતાં. એ સમયમાં પોપટલાલ દોઢિયા બોમ્બે ગ્રેન ડિલર્સ એસો.ના એક સ્થાનિક વિસ્તારના પ્રમુખ પણ બન્યા હતાં.

પોપટલાલ દોઢિયાએ અનેક સારા હોદ્દાઓ શોભાવી બનતાં પ્રયત્નોથી સારી સેવાઓ આપી સાથે સાથે નાની ઉંમરથી મળેલા ધાર્મિક સંસ્કારોના કારણે હાલારના બાવન ગામોમાં ધાર્મિક સિંચન હોવું જોઇએ તે વાતને અગ્રતા આપી પૂ. મુક્તિવિજયજી મહારાજ જેઓ ક્રમે ક્રમે આચાર્ય મુક્તિચંદ્ર સૂરીશ્વરજી મહારાજ બનેલ, તેઓ કાળધર્મ પામેલ, તેમને ત્યારે વિનંતી કરી હાલરના બાવન ગામોમાં તેમની સાથે વિહારમાં સાથે રહી સાથે હાલારના વિરલા એવા પૂજય મહાસેન વિજયજી મહારાજ જેઓ ત્યારે શ્રાવક નામ માણેકચંદભાઇ હતું તેમની સાથે ગામડાઓમાં ફરી ધાર્મિક વાતાવરણ ઉભું કર્યું.

પોપટલાલ દોઢિયા ધંધામાંથી નિવૃત્ત થયા પછી તેઓએ ધાર્મિક- સામાજિક પ્રવૃત્તિઓમાં વધુ ધ્યાન આપ્યું. તેમના દરેક વિચારો અને કાર્યની પાછળ તેમના પત્ની મણીબેનનો પણ ઘણો જ હિસ્સો હતો. મણીબેન છ વર્ષ પહેલાં અરિહંતશરણ પામ્યા છે. પોપટલાલ દોઢિયા મોટી ઉંમરે પણ ધાર્મિક- સામાજિક જવાબદારી પોતાને શીરે લઇને સૌને ઉપયોગી બનતાં હતાં, તેવી જ રીતે તેમના સુપુત્રો મનસુખભાઇ, રમેશભાઇ અને સુરેન્દ્રભાઇ પણ તેટલા જ પુરૂષાર્થી છે ત્યારે જ માતા-પિતા ધાર્મિકમય જીવન જીવી શકે.

પોપટલાલ દોઢિયા ધાર્મિક જીવન ગાળી રહ્યા હતા ારે તેમના મનમાં જે જૈનધર્મની જૈનધર્મી તરીકે જ વિરલ ાવના હોય તેવી ઇચ્છા ચતુર્વિધ સંઘ કાઢવાની હતી તે ણ પુરી થઇ અને માદરે વતન નવાગામથી પાલિતાણા જય આચાર્યશ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની િશ્રામાં શ્રી હાલારી વિશા ઓશવાળ છ'રી પાલીત સદ્ધાચલ જૈન યાત્રિક સંઘ, હજારો શ્રાવક- શ્રાવિકા અને જય આચાર્યો, સાધુ ભગવંતો, પૂજય સાધ્વીજીઓના હોળા સમુદાય સાથે નિર્વિઘ્ને પૂર્ણ કરેલ.

પોપટલાલ દોઢિયાએ માદરે વતન નવાગામનો ઉત્કર્ષ રવા નવાગામ જૈન મિત્ર મંડળ મુંબઇની સ્થાપના કરવામાં ગત્યનો ભાગ ભજવેલ અને આ મંડળનું પ્રમુખપદ શોભાવેલ: તેમના પ્રમુખપદ નીચે નવાગામ જૈન મિત્ર મંડળનો (મુંબઇ) રજત જયંતિ મહોત્સવ પણ ઉજવાયો. આ ઉપરાંત ૧૯૯૪માં નવાગામ જૈન મિત્ર મંડળ મુંબઇના નેજા હેઠળ નવાગામમાં હાલારના બાવન ગામ.ની સામૂહિક આયંબીલની ઓળી કરાવવા તેમણે સારો ભાગ ભજવ્યો હતો.

આવા મહાન ધાર્મિક આરાધક શ્રદ્ધાનિષ્ઠ અને ધર્મથી રંગાયેલા, પોપટલાલભાઇને સૌની ભાવભરી અંજલી છે.

હાલારી સમાજમાં આવા ધાર્મિક આચાર અને વિચાર સંપન્ન આગેવાન નેતાની મોટી ખોટ પડી છે જે પુરવી કઠીન છે.

તેમનો આત્મા જૈન ધર્મની સાધના કરતા શિવસુખ પામે એ જ અભ્યર્થના.

શ્રી આદીનાથાય નમઃ

શ્રી આત્મ - કમલ- લબ્ધિ - વિક્રમસૂરિ સદ્ગુરુભ્યો નમઃ

## શ્રી લબ્ધિ વિક્રમ સંસ્કૃતિ કેન્દ્ર (શાંતિનગર અમદાવાદ) તરફથી પ્રકાશિત ધાર્મિક પુસ્તકોની

# ✦ ભેટ યોજના ✦

*નીચે મુજબના પુસ્તકોની સામે લખેલા રૂપિયા જેટલી પોસ્ટલ સ્ટેમ્પ શ્રી જિતેન્દ્રભાઇ સી. શાહના સરનામે પોસ્ટ દ્વારા મોકલી આપવાથી તે તે પુસ્તકો પોસ્ટ દ્વારા ભેટ મોકલવામાં આવશે.*

સરનામું : ૨૫૧/૨૮૯૨ સત્યમ એપાર્ટમેન્ટ, આદીનાથ જૈન મંદિરની પાસે, સોલા રોડ, નારાયણપુરા-અમદાવાદ - પીન ૩૮૦૦૬૩.

| | સ્ટેમ્પસ |
|---|---|
| (૧) લબ્ધિપ્રશ્ન ભાગ બીજો | ૫/- |
| (૨) તત્વાર્થ અ.૫ સૂત્ર ૧થી ૧૧ ગુજ. વિવેચન | ૩/- |
| (૩) મુનિસુવ્રત સ્વામિપંચકલ્યા. પૂજા | ૨/- |
| (૪) લબ્ધિ આંતર વૈભવ | ૩/- |
| (૫) કમલ પરાગ | ૩/- |
| (૬) દશવૈકાલિકચિંતનિકા | ૫/- |
| (૭) ઉત્તરાધ્યયન ચિંતનિકા | ૫/- |
| (૮) ભગવતીસૂત્ર વ્યાખ્યાન ભા. ૨ | ૫/- |
| (૯) ભક્તામર સ્તોત્ર અન્વયાદિ સાથે અર્થ વિવેચન | ૩/- |
| (૧૦) ભક્તામર ગુંજન | ૩/- |
| (૧૧) પાસંવંદામિ- ઉવસગ્ગહરં | ૧૫/- |
| સ્તોત્ર સ્વાધ્યાય | ૧૫/- |
| (૧૨) વિક્રમગુરુની અમર કહાની | ૫/- |
| (૧૩) સંતના ૫૭ | ૨/- |
| (૧૪) પાથેય કોઇનું શ્રેયઃ સર્વનું | ૩/- |
| (૧૫) જૈન ધર્મની રુપરેખા | ૨/- |
| (૧૬) મહાભારત ભા. ૧ | ૧૦/- |
| (૧૭) લઘુયોગ શાસ્ત્ર | ૩/- |
| (૧૮) ગુરુકૃપા | ૨/- |
| (૧૯) લબ્ધિ અમીવર્ષા | ૮/- |
| (૨૦) ભક્તામર સ્તોત્ર ફોલ્ડર ત્રણ ભાષામાં સેપરેટ | ૧/- |
| (૨૧) પાર્શ્વ પદ્માવતી ૧૦૮ નામ ફોલ્ડર્સ | ૧/- |

શ્રી ઋષભદેવાય નમઃ

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયામૃત સૂરિભ્યોનમઃ

# શ્રી ઋષભ જિનેન્દ્ર બાવન જિનાલય તીર્થ

શાસ્ત્રીનગર મેઈન રોડ, કાલાવડ રોડ, પરિમલ સ્કૂલ સામે, ગાયત્રી બસ સ્ટોપ પાછળ, રાજકોટ.

## પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ના ઉપદેશ તથા માર્ગદર્શનથી આ તીર્થ તૈયાર થાય છે. તેના નકરા બાકી છે તેની યાદી

૧. **મૂળ જિનાલય :** ૫૧-૫૧ હજાર આપશે તેમનું નામ દેરાસર બંધાવનારની તકતીમાં આવશે. <u>૭૫ નામ લેવાના છે.</u>

૨. **મૂળનાયક ધાતુના ૫૧ ઈંચ :** ૨૫-૨૫ હજાર આપશે તેમના વડિલનું એક નામ મૂર્તિની ગાદીમાં ભરાવનાર તરીકે લખાશે. <u>૫૦ નામ લેવાના છે.</u>

૩. **બાવન જિનાલયના ૪ ખૂણે દેરીમાં :** ૨-૨ મૂળનાયક ૧૭ ઈંચના તેવા કુલ ૮, ૨-૨ બાજુના પ્રતિમાજી ૧૫-૧૫ ઈંચના કુલ ૧૬ પ્રતિમાં લેવાના છે. તેમાં ભરાવવા અને પ્રતિષ્ઠાના નકરા (૧) મૂળનાયકના ૭૫-૭૫ હજાર તથા (૨) બાજુના પ્રતિમાના ૫૧-૫૧ હજાર રાખ્યા છે.

આ ત્રણે વિભાગમાં વહેલો તે પહેલો તે ધોરણે નામ લખાશે. ભાવના હોય તેમણે ચેક-ડ્રાફ્ટ મોકલી નામ લખાવી લેવું. બાવન જિનાલયની અંજન શલાકા પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૬૩- કે ૬૪માં થશે.

**નોંધ :** મૂળનાયક સહિત ત્રણ પ્રભુજી ભરાવવા પ્રતિષ્ઠા કાયમી ધજા સાથે એક દેરીના ૨૭૧ હજાર છે - મોટો લાભ છે.

ચેક કે ડ્રાફ્ટ : ૧. શ્રી હર્ષ પુષ્પામૃત જૈન જ્ઞાન ભંડાર ટ્રસ્ટ - જામનગર.
૨. શ્રી ઋષભ જિનેન્દ્ર બાવન જિનાલય તીર્થ - રાજકોટ.

**શ્રી કાનજી હીરજી શાહ**
શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર. ફોન : ઓ. : ૨૫૫૪૮૧૭
ઘર : ૨૬૭૮૭૯૬

**હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ**
*જશ્મિન જવેલર્સ*
*મંગલમ્ કોમ્પ્લેક્સ,* માંડવી ચોક,
નવાનાકા રોડ, રાજકોટ.
ફોન : ઓ. ૫૫૪૫૯૫૧
રેસી. ૩૦૯૦૮૯૯
મોબાઈલ : ૦૨૮૧-૫૬૦૦૦૫૧

# કાળ એટલે શું?

-પ્રો. હંસાબેન ડી. શાહ, 'સમકિત' અઠવાલાઈન્સ, સુરત

દિવસ, રાત, પક્ષ, માસ, ઋતુ, વર્ષ એ પ્રમાણે સર્વ વ્યવસ્થા કાળને આધીન છે. સમય એ સૂક્ષ્માસૂક્ષ્મ કાળ છે. પ્રતિવિપળ, વિપળ, પળ, ઘડી, દિવસ, રાત, અહોરાત, પક્ષ માસ, ઋતુ, અયન વર્ષ પ્રમાણે કાળનાં વિભાગ આર્યવર્તમાં પ્રચલિત છે. જયારે પશ્ચિમના દેશોમાં સેકન્ડ, મીનીટ, કલાક, દિવસ, અઠવાડીયું, પક્ષ, માસ, ઈત્યાદિ કાળના વિભાગો છે. પ્રતિવિપળ કે સેકન્ડના પણ કલ્પનાથી અનેક વિભાગ કરી શકાય છે. જુદા જુદા દર્શનકારો કાળને જુદી જુદી રીતે સમજાવે છે. જ્યોતિષ તો કાળ ઉપર વિશિષ્ટ આધાર રાખે છે. સૂર્યની ગતિનો આધારે કાળની વ્યવસ્થા જ્યોતિષ સમજાવે છે. જૈન દર્શનમાં કાળના વિભાગ આ પ્રમાણે બતાવ્યા છે.

| | |
|---|---|
| ૧. સમય | = સૂક્ષ્માસૂક્ષ્મ કાળ |
| ૨. જઘન્ય અન્તમુર્હુત | = નવ સમય પ્રમાણ |
| ૩. આવલિકા | = અસંખ્યાત સમયપ્રમાણ |
| ૪. ક્ષુલ્લકભાવ | = ૨૫૬ આવલીકા |
| ૫. ઉચ્છવાસ અથવા ૬. નિશ્વાસ | = ૨૨૨૩ ૧૨૨૯/૩૭૭૩ આવલીકા |
| ૭. પ્રાણ | = ૪૪૪૬- ૨૪૫૮/૩૭૭૩ આવલિકા અથવા ૧૭॥ ક્ષુલ્લક ભવથી કાંઈક અધિક |
| ૮. સ્તોક | = ૭ પ્રાણ |
| ૯. લવ | = ૮ સ્તોક |
| ૧૦. ઘડી | = ૩૮॥ લવ |
| ૧૧. અન્તમુર્હુત | = (ઉત્કૃષ્ટ) સમય ન્યુન બે ઘડી |
| ૧૨. મુર્હુત | = ૭૭ લવ અથવા ૬૫૫૩૬ ક્ષુલ્લકભાવ અથવા બે ઘડી |
| ૧૩. દિવસ | = (અહોરાત્ર) ૩૦ મુર્હુત |
| ૧૪. પક્ષ | = ૧૫ દિવસ |
| ૧૫. માસ | = બે પક્ષ (૩૦ દિવસ) |
| ૧૬. ઋતુ | = બે માસ |
| ૧૭. અયન | = છ માસ (૧૮૩ દિવસ) |
| ૧૮. વર્ષ | = બાર માસ |
| ૧૯. યુગ | = પાંચ વર્ષ |
| ૨૦. પૂર્વાંગ | = ૮૪ લાખ વર્ષ |
| ૨૧. પૂર્વ | = ૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦ વર્ષ |

૨૨. ત્રુટિતાંગ, ૨૩. ત્રુટિવ, ૨૪. અડ ાંગ, ૨૫. અડ ૨૬. અવવાંગ ૨૭. અવવ, ૨૮. હુહુકાંગ, ૨૯. હુહુડ, ૩૦. ઉત્પલાંગ, ૩૧. ઉત્પલ ૩૨. પદ્માંગ, ૩૩. પદ્મપદ્મ, ૩૪. નલિનાંગ, ૩૫. નલિન, ૩૬. અર્થનિપુરાંગ, ૩૭. અર્થનિપુર, ૩૮. અયુ ાંગ, ૩૯. અયુત, ૪૦. નયુતાંગ, ૪૧. નયુત, ૪૨ પ્રયુતાંગ, ૪૩. પ્રયુત, ૪૪. ચૂલિકાંગ, ૪૫. ચૂલિકા, ૪૬. શીર્ષહેલિકાંગ, ૪૭. શીર્ષપહેલિકા.

પૂર્વ પછી અનુક્રમે ઉપર કહેલાં સર્વમ ૮૪ લાખે ગુણવાથી તે તે સંખ્યા આવે છે તેમાં શીર્ષહેલીકાની સંખ્યા આ પ્રમાણે છે:

૭૫૮૨૬૩૨૫૩૦૭૩૦૧૦૨૪૧૧-૫૭૯૭૩૫૬૯૯૭૫૬૯૬૪૦૬૨૧૮૯૬-૬૮૪૮૦૮૦૧૮૩૨૯૬ આની ઉપર એકસો ચાલીસ શૂન્ય એમ શીર્ષપહેલીકામાં સર્વ મળીને ૧૯૪ અંકો આવે છે.

૧૮૭૯૫૫૧૭૯૫૫૦૧૧૨૫૯૫૪૧૯૦૦-૯૬૯૯૮૧૩૪૩૦૭૭૦૭૯૭૪૬૫૪૯૪૨-૬૧૯૭૭૭૪૭૬૫૭૨૫૭૩૪૫૭૧૮૬૮૧૬ એ સીત્તેર અંકો પર ૧૭૦ શૂન્ય ચડાવવાથી ૨૪૦ અંકોની સંખ્યા છે તે સર્વઉત્કૃષ્ટ સંખ્યા ગણાય છે. અહીં સુધી વર્ષોની ગણત્રીમાં આવે છે.

અહીંથી આગળ કાળની ગણતરી અસંખ્યાત વર્ષોની છે. એ સમજવા માટે ઉપમા માત્ર કામ આવે છે. અસંખ્યાત વર્ષનો એક પલ્યોપમ. દસ કોડાકોડી પલ્યોપમનો એક સાગરોપમ, દસ કોડાકોડી સાગરોપમની એક અવસર્પિણી અને એટલા જ પ્રમાણની એક ઉત્સર્પીણીઅવસર્પિણી અને ઉત્સર્પીણી બંને મળીને એક કાળચક્ર થાય એવા અનંત કાળચક્રે એક પુદ્દગલ પરાવર્ત થાય. આ સર્વ વ્યવહારિક કાળનું સ્વરૂપ છે.

# સમાચાર સાર

**મહેસાણા (ઉ.ગુ.):** અત્રે શ્રી મનોરંજન પાર્શ્વનાથ સ્વામીપ્રાસાદે પ.પૂ. જીનભક્તિરસીક પૂ. આચાર્ય દેવ શ્રી કલ્યાણસાગર સૂરીશ્વરજી મ.સા. તથા પ.પૂ. રાષ્ટ્રીય સંત પૂ. આચાર્યદેવશ્રી પરમસાગર સૂરીશ્વરજી મ.સા.ની શુભ નિશ્રામાં પૂજયશ્રીની આજ્ઞાવર્તીની પૂ. સાધ્વીજી મ.સા. રાજેન્દ્રશ્રીજીના શિષ્યા પ.પૂ. તપસ્વી રત્ન સાધ્વીજી મ. શ્રી સુવર્ણરેખાશ્રીજી મ.સા.ના વર્ધમાન તપની ૧૦૦મી ઓળીના પૂર્ણાહૂતી નિમિત્તે તેમના સંસારી કુટુંબજનો તરફથી શ્રી વીસ સ્થાનક પૂજન શ્રી બૃહદ સિદ્ધચક્ર પૂજન તથા શ્રી શાંતિસ્નાત્ર યુક્ત પંચાહીનકા મહોત્સવ પોષ સુદ ૬ ક્રમથી ભવ્ય રીતે ઉજવાયેલ. પોષ સુદ ૬ ને રવિવારે પૂજયશ્રીના પારણા નિમિત્તે સવારે સકલ શ્રી સંઘની તેમના ઘરે પગલાં કરાવેલ ત્યારબાદ વાડીમાં પૂ.આ. ભગવંતનું તપની મહત્તા વિષે માંગલિક પ્રવચન થયેલ. બાદ શ્રીફળ તથા દસ રૂા. પ્રભાવના થયેલ. બાદ સકલ શ્રી સંઘની નોકારશી કરવામાં આવેલ. જીવદયાની ટીપ સુંદર થઇ હતી. આ નિમિત્તે ૩૬ છોડનું ઉજમણું પણ ઉપાશ્રયમાં ગોઠવવામાં આવેલ. વિધિવિધાન માટે શ્રી જામનગરવાળા નવીનચંદ્ર બાબુલાલ શાહની મંડળીએ સુંદર રીતે કરાવેલ. સંગીતમાં પાટણના મુકેશ નાયક તથા અત્રેના મંડળે સારી જમાવટ કરી હતી.

**અમદાવાદ:** (રાજનગર) અત્રે શ્રી જૈન મરચન્ટ સોસાયટી મધ્યે, પ.પૂ. પ્રવચન પ્રભાવક આ.દે. શ્રી નયવર્ધન સૂ.મ.ની શુભ નિશ્રામાં ગં. સ્વ. કિશોરીબેન સુમનલાલ સોદાગરની ૧૦૦મી વર્ધમાન તપની ઓળીની પૂર્ણાહૂતી નિમિત્તે પોષ સુ. ૬ ને રવીવારથી ૩ દિવસના શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન તથા શાંતિસ્નાત્ર યુક્ત મહોત્સવ ખૂબ જ ભવ્ય રીતે ઉજવાયેલ. જીવદયાની ટીપ સુંદર થયેલ. શાંતિસ્નાત્ર બાદ શ્રીફળ તથા પાંચ રૂપીયાની પ્રભાવના થયેલ. પોષ સુદ ૦૯ના પારણાના દિવસે પૂજયશ્રી વાજતે ગાજતે પંકજ સોસાયટી તેમના નિવાસસ્થાને પધારેલ. બાદ ગુરુપૂજન તેમજ સંઘપૂજન થયેલ. પૂજયશ્રીને સંયોમપકરણ વહોરાવવામાં આવેલ. વિધિવિધાન જામનગરવાળા નવીનચંદ્ર બાબુલાલ શાહની મંડળીએ સુંદર રીતે કરાવેલ. સંગીતમાં કિરીટ ઠક્કર, રૂપેશભાઇ શાહ તથા જયેશ સોનીએ સારી જમાવટ કરી હતી.

**જૈન પેઇન્ટીંગ :** અમદાવાદમાં ઉત્તમ આર્ટસ જૈન પેઇન્ટીંગ બનાવે છે. જે ઘરમાં જે તે ચિત્રોને બદલે આ ચિત્રથી બોધ મળે, મુંબઇ તથા અમદાવાદ બંને જગ્યાએ થાય છે. મુંબઇ ફોનઃ ૬૩૯૧૫૮૪

**પાલીતાણાઃ** અત્રે શ્રી મહારાષ્ટ્ર ભુવન જૈન ધર્મશાળાની બાજુમાં આવેલ, નંદપ્રભા પ્રસાદ મધ્યે અષ્ટકોણ શ્રી વર્ધમાન સ્વામી ભવ્ય પ્રસાદે પ.પૂ. પર્યાય સ્થવીર પૂ. આ. દે. શ્રી રવિ પ્રભ સૂરીશ્વરજી મ.સા., પ.પૂ.સૌમ્ય મૂર્તી આચાર્યદેવ શ્રી મહાબલ સૂરીશ્વરજી મ.સા., પ્રવચન પ્રભાવક પૂ. આચાર્યદેવ શ્રી પૂણ્યપાલ સુરીશ્વરજી મ.સા., પ.પૂ. નીસ્પૃહ શિરોમણી આ.દે. શ્રી અજીતસેન સૂરીશ્વરજી મ.સા. તથા પ.પૂ. તપસ્વી રત્ન આ.દે. શ્રી શ્રેયાંસપ્રભ સૂરીશ્વરજી મ.સા. તથ પૂ.પંન્યાસ પ્રવર શ્રી ભવ્યરત્ન વિજયજી ગણીવર્યની શુભ નિશ્રામાં શેઠ નંદલાલ દેવચંદ પરીવાર તરફથી નૂતન જિનાલયના પ્રથમ સાલગીરી નિમિત્તે અઢાર અભિષેક તથા શાંતિ સ્નાત્રયુક્ત પંચાન્હિકા જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ પોષ સુદ ૧૨થી ભવ્ય રીતે ઉજવાયેલ. પોષ વદ ૧ના ધ્વજારોપણ થયેલ બાદ શાંતિ સ્નાત્ર ભણાવેલ. પાંચ દિવસ પ્રભુજીને ભવ્ય અંગરચના - દીપક રોશની સાધર્મિક ભક્તિ વગેરે સુંદર રીતે થયેલ. વિધિવિધાન શ્રી જામનગરવાલા શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહની મંડળીએ સુંદર રીતે કરાવેલ. સંગીતમાં મુંબઇના હેમેન્દ્રભાઇ તથા અમદાવાદના જયેન્દ્રભાઇએ સારી જમાવટ કરી હતી.

**અમદાવાદઃ** પૂ.સા.શ્રી જીતેન્દ્રશ્રીજી મ.ના ૬૫ વર્ષના સંયમ જીવનની અનુમોદના તથા પૂ.સા.શ્રી જીતસેનાશ્રીજી મ.ની ૧૦૦મી ઓળીની પૂર્ણાહૂતી તથા ૫૦ વર્ષના સંયમ જીવનની અનુમોદનાર્થે ૧૦૮

પાર્શ્વનાથ પૂજન તથા શાંતિસ્નાત્ર સહિત મહોત્સવ પતાસા પોળ મધ્યે મહાવીર સ્વામી જૈન મંદિરે પૂ. આ. શ્રી વિજયપ્રભાકર સૂરીશ્વરજી મ.આદિની નિશ્રામાં મહા વદ ૬થી ૯ સુધી ભવ્ય રીતે રાધનપુર નિવાસી ગંભીરદાસ વમળશી પરિવાર તરફથી ઉજવાયું.

**ચિકરડાઃ** ચિકરડામાં ભવ્ય શાસન પ્રભાવનાઃ પ.પૂ. વાત્સલ્યનિધિ આ.દે. શ્રીમદ્ વિજય મહાબલ સૂરીશ્વરજી મ.સા.ની કૃપાથી પ.પૂ. વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય કમલરત્ન સુરીશ્વરજી મ.સા.ના પટ્ટધર રત્ન પ.પૂ. પ્રવચન- પ્રભાવક આચાર્યદિવ શ્રીમદ્ વિજય દર્શનરત્ન સૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણા કોટા ઐતિહાસીક ચાતુર્માસ પૂર્ણ કરી ગામેગામ અજોડ શાસન પ્રભાવના કરતાં કરતાં ચિકરડા સંઘની આગ્રહભરી વિનંતીથી પોષ સુદ ૧૨ રવિવાર તા. ૪-૧-૦૪ના દિવસે વાજતે ગાજતે બેન્ડથી ગુંજતા વાતાવરણમાં ચિકરડા નગર (મેવાડ)ની ધન્ય ધરા પર પધારેલ. અનેકો ગહુલીઓ થયેલ, પ્રવચન પછી ગુરૂપૂજનની બોલી બોલાતાં મહેન્દ્રકુમારજી ચિત્રોડવાલાએ ઉછામણીથી લાભ મેળવી મુખકોષ બાંધી નવાંગી ગુરૂપૂજન કરેલ. આજે દેરાસરમાં ધ્વજારોપણ તથા આજે સકલ સંઘનું સ્વામી વાત્સલ્ય થયેલ. નિકુંભથી ગુરૂજીને વિદાય આપવા ૫૦ ઉપરાંત ભાવિકો પધારેલ. આચાર્યશ્રી શાસનપ્રભાવના કરતાં કરતાં પોષ વદ ૭ દિ. ૧૪-૧-૦૪ ને ઉદયપુર પ્રવેશ કરશે.

**ઉદયપુરઃ** પ.પૂ. સુવિશાલ ગચ્છાધિપતિ આ.ભ. શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી પ.પૂ. વાત્સલ્યનિધિ આચાર્યભગવંત શ્રીમદ્ વિજયમહાબલ સૂરીશ્વરજી મ.સા.ના શુભાશીર્વાદથી પ.પૂ. વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયકમલરત્ન સૂરીશ્વરજી મ.સા.ના પટ્ટધર રત્ન પ.પૂ.આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય દર્શનરત્ન સૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણા ઉદયપુર પધારતાં સંઘે અગવાની કરી અને પોષ વદ ૬ દિ. ૧૪-૧-૦૪ને વાજતે ગાજતે નગરપ્રવેશ કરાવેલ. અને ગહુલીયો થયેલ. વ્યાખ્યાનમાં પ્રવેશ વખતે ચિક્ક ર જનતા જામેલ, નગરમાં વસતાં સાધ્વીજી ભગવંતો પણ પધારેલ. વ્યાખ્યાન પછી ખુશ.દિલભાઈ મારવાડીવાળાએ નવાંગી ગુરુપૂજન કરી સંઘપૂજન કરેલ અને ગુરુમહારાજને કામળી તથા દરેક સાધુ સાધ્વીજીને વસ્ત્ર વહેરાવેલ, તથા ઉદયપુર તપાગચ્છ શ્રીસંઘે ગુરુ ભગવંતને અત્રે રોકાવાની વિનંતી કરેલ. ખુશદિલભાઈ મારવાડીના સુપુત્રી સાધ્વીજી અક્ષય રૂચિત શ્રીજી મ. આજ સમુદાયના સા. શ્રી હર્ષિતપુરીશ્રીજી મ.પાસે ૬ વર્ષ પહેલાં .પ.પૂ. વર્ધમાન તપોનિધિ આ.દે.શ્રીમદ્ વિજય કમલરત્ન સૂરીશ્વરજી મ.સા.ના વરદ હસ્તે દીક્ષિત થયેલ, તેઓ પણ અત્રે વિહાર કરી આજે પધારેલ હોવાથી ખૂબ ઉત્સાહ હતો.

**પાલીતાણાઃ** અત્રે સાબરમતી ભવનમાં બેંગલોર નિવાસી સંઘવી જસરાજ પોપટલાલ પરિવાર તરફથી નવાણુ યાત્રા માળ અને પૂજન પૂ. પં.શ્રી રવિરત્ન વિજયજી મ.ની નિશ્રામાં થયા બાદ બેંગલોર નિવાસી ખુશાલચંદ દેવીચંદ પરિવાર તરફથી બેંગલોર ભવનમાં નવાણું યાત્રા સહ ૧૨ ગાઉની છરી પાલક સંઘ યાત્રામાળ થઈ. પૂ. શ્રી અમદાવાદ થઈ જીરાવલા મહા સુદ ૧૪ પધાર્યા હતાં.

**પાલીતાણાઃ** જય શત્રુંજય આરાધના ધામમાં અત્રે વડોદરાના નવીનકુમાર મથુરભાઈ ઉ. ૨૬ને દીક્ષા આપી આ. કીર્તિસેન સૂ.મ.ના શિષ્ય બનવ્યા.

**બેંગલોર :** પૂ.આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. આદિ બસવેશ્વરનગરમાં તા. ૨૫-૧ના શિલા સ્થાપનની બોલી, તા. ૨૬-૧ના શિલાસ્થાપન ભવ્ય રીતે થયા પછી બેંગલોરમાં વિવિધ ક્ષેત્રોમાં વિચરે છે ચૈત્ર મહિને પુનઃ અત્રે પધારશે.

**જાલોર (રાજ):** અત્રે શ્રી નંદીશ્વર દ્વીપ મંદીરની વર્ષગાંઠે ધજા ચઢાવવા સાથે મેળો પૂ.આ. શ્રી વારિષેણ સૂ.મ., પૂ. આ. શ્રી મુનિચંદ્ર સૂ.મ.ની નિશ્રામાં યોજાયો હતો.

**રાણી (રાજ.):** અત્રે શ્રી અષ્ટાપદ જૈન તીર્થ

સુશીલ વિહારની પાંચમી વર્ષગાંઠ મહા સુદ ૧૪ના પૂ.આ. શ્રી વિજય હિરણ્ય પ્રભ સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં ઉજવાઈ હતી.

**શંખેશ્વરઃ** અત્રે ૧૦૮ તીર્થ ભકિત વિહાર ધર્મશાળા તથા પ્રવચન સભાગૃહનું શિલાન્યાસ તથા મોટીચંદુર આરાધના ભવનનું ઉદઘાટન પૂ. આ. શ્રી વિજય પ્રેમ સૂરીશ્વરજી મ., પૂ.પ.શ્રી હેમચંદ્ર વિ.મ., પ.શ્રી રત્નશેખર વિજયજી મ. આદિની નિશ્રામાં મહાવદ ૧ તથા બીજ અને મહા વદ-૩ના યોજાયું.

**ભીવંડી :** ભીવંડીનગરે ભીડભંજન પાર્શ્વનાથ જૈન સંઘમાં પોષ દશમીની આરાધના ભીડભંજન પાર્શ્વનાથ દાદાની છત્રછાયામાં પરમપૂજ્ય સિધ્ધાંતનિષ્ટ આચાર્ય દેવ શ્રીમદ્ વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્યો પૂજ્ય પ્રવર્તકમુનિ પ્રવરશ્રી યોગીન્દ્ર વિ. મ. તથા મુનિશ્રી અવિચલેન્દ્ર વિ. મ. તથા પરમપૂજ્ય વ્યાખ્યાન વાચસ્પતિ તથા ગચ્છાધિપતિ આચાર્ય દેવ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાના શિષ્ય પ્રશીષ્ય પૂજ્ય મુનિશ્રી મોક્ષદર્શન વિ. મ. તથા મુનિશ્રી નિર્મળ બોધી વિ. મ. ની પુણ્યનિશ્રામાં હાલાર જૈન ગ્રુપ તથા ગુજરાતી તથા મારવાડી એ લાભ લીધો હતો.

પુરૂષાદાનીય શ્રી પાર્શ્વનાથ ભગવાનનો જન્મ કલ્યાણના આરાધનાર્થે માગશર વદ - ૯, ૧૦/૧૧, ૧૨ ના રોજ અઠ્ઠમતપની આરાધના કરેલ. ત્રણે દિવસ શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દાદાને ભવ્ય અંગરચના કરેલ. તપસ્વીઓને અત્તરપારણા તથા પારણા હાલાર ગ્રુપ તથા ગુજરાતી-મારવાડી તરફથી રાખેલ હતા.

વ્યાખ્યાનમાં પ્રભાવના રોજ હાલાર ગ્રુપ તરફથી રાખેલ ને વ્યાખ્યાનમાં સારી હાજરી થતી હતી. તપસ્વીઓની સંખ્યા ૧૧૦ ની હતી, દરેક રૂા.૮૦ની પ્રભાવના ભાવિકોએ કરેલ. પોષદશમી આરાધના સુંદર થઈ.

**બેંગલોર :** અત્રે બાલાજી કોમ્પ્લેક્ષમાં પંડિત શ્રી સૂરેન્દ્રભાઈ ગુરુજી એ જિન ગૃહમંદિર બંધાવ્યું. તેની અંજન શલાકા પ્રતિષ્ઠા પૂ. આ. શ્રી વિજય નિત્યાનંદ સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં યોજાઈ. માતુશ્રી મધુબેન ચોથાવા જેઠાલાલની ભાવના અનુસાર આ જિનમંદિર બંધાવ્યું હતું. તા. ૨૮-૧૧ના ધામધૂમથી પ્રતિષ્ઠા થઈ. આ પ્રસંગે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજયકલ્પયશ સૂરીશ્વરજી મ., પૂ. મુ. શ્રી અરિહંત સાગરજી મ. આદિ પધાર્યા હતા. પૂ. નિત્યાનંદ સૂરીશ્વરજી મ. એ સુરેન્દ્રભાઈ બેંગલોરના સંઘો વચ્ચે શાસન ગૌરવ બિરુદ આપ્યું હતું. જોરદાર નવકારશીઓ વિ. થયા હતા.

**નાલતવાડ (બીજાપુર) :** અત્રે દેરાસરની ૧૩મી વર્ષ ગાંઠ મહાવદ-૫ના પંચાહિનકા મહોત્સવ પૂર્વક પૂ. આ. શ્રી વિજય અશોકરત્નસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં ઠાઠથી ઉજવાઈ.

■ ■ ■

**રંગોળી બનાવો અને રંગો પૂરો.**



સંસારમાં રહેવું જેમ અરવિંદા,
જગતથી ના રહેવું શરમિંદા,
ચઉગતિને આપવી અલવિદા,
ગહુંલી આલેખી કરો આત્મનિંદા

# પૂ. મુનિરાજશ્રી ગુણચંદ્રવિજયજી મ.નો સમાધિપૂર્ણ કાળધર્મ

પ. પૂ. સુવિશાલ ગચ્છાધિપતિ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પ. પૂ. વર્ધમાન તપોનિધિ સ્વ. પં. પ્રવર શાંતિ વિ. ગણિવર્યશ્રીના શિષ્ય રત્ન નિઃસ્પૃહ શિરોમણિ પ. પૂ. મુ. શ્રી ગુણચંદ્ર વિ. મ. સા. ૮૮ વર્ષની વયે ૪૯ વર્ષનું વિશુધ્ધ ચારિત્રનું પાલન કરીને પાલિતાણા મહારાષ્ટ્ર ભુવનમાં મહા સુ. ૮ ને સવારે ૧૦-૪૦ કલાકે ચતુર્વિધ સંઘની હાજરીમાં નવકાર મહામંત્રનું સ્મરણ તથા શ્રવણ કરતા સમાધિ પૂર્વક કાળધર્મ પામેલ. મહા સુ. ૯ ને સવારે ૭-૩૦ કલાકે પાલખીમાં પધરાવવા વિ.ના ચઢાવા બોલવાના શરૂ કરેલ. અંતે અગ્નિ સંસ્કારનો ચઢાવો બોલાતા તેમની સંસારી ભત્રીજી આશાબેન દીલીપકુમાર નારેચણીયા અમેરિકા વાળાએ ઉદારતા પૂર્વક મોટી રકમ બોલીને લાભ લીધેલ અને ઉદારતા વાપરીને છેલ્લા ૬ વર્ષથી સાથે રહીને સતત ખડે પગે સેવા કરનારા પૂજ્યશ્રીના ભાણેજ કુમારપાળ ભાઈના હાથે અગ્નિ સંસ્કાર કરાવેલ. ચઢાવા બોલતા પહેલા જ આ તમામ ચઢાવાની રકમ પ. પૂ. ગચ્છ સ્થવિર આચાર્યદેવ શ્રીમદ્ વિજય રવિપ્રભ સૂરીશ્વરજી મહારાજાની આજ્ઞા મુજબ દેવદ્રવ્યમાં જ લઈ જવાનો નિર્ણય જાહેર કરેલ. ચઢાવા મૂબજ સુંદર થયેલ સાથે સાથે જીવદયાની ટીપ પણ સારી થઈ અને સંસારી સંબંધીઓ તરફથી સંયમ જીવનની અનુમોદનાર્થે ફા. સુ. ૭,૮,૯ ત્રણ દિવસનો જિન ભક્તિ મહોત્સવ કરવાનું નકકી થતાં તેમાં પણ સુંદર રકમ થયેલ.

પૂજ્યશ્રીનું જીવન અત્યંત નિર્મળ નિઃસ્પૃહ હતુ સાથે ૨૦૧૧માં દીક્ષા લીધી ત્યારથી વિનય વૈયાવચ્ચ સ્વાધ્યાય, તપ, ત્યાગ વિ. અગણિત ગુણોને આત્મસાત કરી અનેક મહાત્માઓને સમાધિ આપેલ.

તેઓ સ્તવન સજઝાયો એવા ભાવવર્થ બોલતા. સૌ એકાગ્ર બની જતાં. વ્યાખ્યાનમાં રાસ વિ. વાંચીને શ્રોતાઓને ઉપદેશમાં તરબોળ કરી દેતા. ત્યાગ પણ જબ્બર હતો. વાપરવામાં એકાદ દ્રવ્યથી પણ ચલાવતા.

જંઘાબળ ક્ષીણ થતા ડોળીમાં બેસવાની બિલકુલ ભાવના ન હોવાથી પ. પૂ. ગચ્છાધિપતિ આ. ભ. શ્રી રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાની આજ્ઞાથી છેલ્લા ૧૩ વર્ષથી પ. પૂ. ગચ્છ સ્થવિર આ. દેવ શ્રી રવિપ્રભ સૂરીશ્વરજી મહારાજાની તારક નિશ્રામાં રહીને સુંદર આરાધનાદિ કરતા હતા. જૈન પ્રવચનોનું સતત વાંચન સ્વાધ્યાયાદિ કરતા હતા. છેલ્લા ૧ા વર્ષથી ઉંમરના કારણે તબિયતની વધુ અસ્વચ્છતા હોવા છતાં મનની સ્વચ્છતા ખૂબ જ સુંદર રીતે જાળવી શકેલ જીવનમાં ગમે તેવી માંદગીમાં પણ કોઈપણ જાતની દવા લીધેલ નહોતી. માંદગીના પ્રસંગોમાં પણ ઉપવાસ છઠ્ઠ, અઠ્ઠમ વિ. કરતા હતા. પૂજ્યશ્રીના સંસારી ભાણેજ કુમારપાળ ભાઈએ છેલ્લા છ વર્ષથી સતત સાથે રહીને ખૂબ જ સુંદર સેવા કરી. પૂજ્યશ્રી છેલ્લા ૨૦ દિવસથી અણસણ કરવાની ભાવનાથી જાગૃતિ પૂર્વક મારે કંઈ વાપરવું નથી તે પ્રમાણેનો આગ્રહ રાખતા હતા. પૂજ્યશ્રીના સંસારી ભાણેજ બટુકભાઈ પણ છેલ્લા આઠ દિવસથી સેવામાં હાજર રહેલ

મહા વિદેહક્ષેત્રમાં જન્મ અને સિધ્ધક્ષેત્રમાં સમાધિ મરણ અત્યંત દુલર્ભ છે. તેમાંથી સિધ્ધક્ષેત્ર સમાધિ પૂજ્યશ્રીને સહજતાથી પ્રાપ્ત થઈ

## જૈન શાસનમાં નવો મળેલ સહકાર

*પૂ. સા. શ્રી કનકમાલાશ્રીજી મ. સા. નો પોષ વદ-૧૧ના દીક્ષાના ૨૫ વર્ષ પૂર્ણ થતા ૨૬માં વર્ષમાં પ્રવેશ નિમિતે ખુશીભેટના*

| | | |
|---|---|---|
| રૂા. ૧૫૦-૦૦ | ચંદ્નબેન જયંતીલાલ નગરીયા -વડાલિયા સિંહણ, હાલ | - મુલુંડ |
| રૂા. ૭૫-૦૦ | જેઠાલાલ વીરપાર હ. અશોકભાઈ | - લાખાબાવળ |

વૈશાલીન. ઉત્તર ભાગમાં બ્રાહ્મણકુન્ડ નામનું એક ઉપનગર હતુ. ત્યાં ભગવાન પાર્શ્વનાથના ભક્ત ઋષભદત્તનામ ધનાઢ્ય ાહ્મણ પોતાની પત્નિ દેવાનન્દાની સાથે રહેતા હતા. ભગવાન મહાવીરનો જીવ દસમાં દેવલોકથી આયુ પૂર્ણ કરી દેવા ન્દાના ગર્ભમાં આવ્યો. (તે રાતે દેવાનન્દાએ ૧૪ શુભ સ્વપ્ન જોયા.)



ભગવાન હાવીરના ગર્ભમાં આવ્યાને ૮૨ દિવસ પછી સૌધર્મ સ્વગના ન્દ્રએ પોતાના અવધિજ્ઞાનથી જોયું. અન્તિમ તીર્થંકર માતા દેવ નન્દાના ગર્ભમાં આવ્યા છે.




પછી ઈન્દ્રએ વિચાર કર્યો.



# પરિમલ

- પૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

* દુનિયામાં સારામાં સારી ગણાતી બધી જ ચીજો ધર્મીને માટે જ સર્જાયેલી છે, એમ કહી શકાય. પણ ધર્મી એનું નામ કે, જે એને મેળવવા ધર્મ કરે નહિ ! સારામાં સારી સામગ્રી ધર્મીને વરવા ઈચ્છે, પણ ધર્મી એ બધી સામગ્રીથી બેપરવા હોય.

* અહિંસાની આરાધના એટલા માટે જ કરવાની છે કે, આપણે અહિંસક બનીએ અને આપણી હિંસા પણ કોઈ કરી શકે નહિ. આવી સ્થિતિ પ્રાપ્ત કરવામાં જ અહિંસાની આરાધનાની સાર્થકતા છે.

* તમે પાપાનુબંધી પુણ્યોદયનો ભોગવટો કરો છો કે પુણ્યાનુબંધી પુણ્યોદયનો ભોગવટો કરો છો ? આ કળી જવું બહુ કઠિન નથી. તમારા ઘરમાં સુખની સામગ્રી ભરપૂર હોય, અને એથી જ તમે મસ્તી અનુભવતા હો, તો તમારો પુણ્યોદય પાપાનુબંધી ગણાય, તમારા ઘરમાં ધર્મની સામગ્રી ઠીકઠીક હોય અને એનો આનંદ તમારા ચહેરા પર તરવરતો હોય, તો તમારો પુણ્યોદય પુણ્યાનુબંધી ગણાય !

* હસીહસીને ભોગવેલ પૌદ્ગલિક સુખોનો વિપાક એવો તો કરૂણ આવે છે કે, રડી રડીને દુઃખો ભોગવવા પડે, એવી દુર્ગતિમાં કેટલાંય કાળ માટે ફેંકાઈ જવું પડે. દુર્ગતિના એ દુઃખો ભોગવતા ભોગવતા પણ પાછા નવા દુઃખોનું જ સર્જન થાય, હસીહસીને ભોગવાતા સુખો, દુઃખના એવા દરિયામાં આપણને ધકેલી દે છે કે, એનો પાર પામવો કઠિન બની જાય.

* ધર્મ મરજીયાત હોય અને ભાવપૂર્વ થાય, તો તો તેના જેવા આનંદનો બીજો કોઈ અવસર ન લેખી શકાય. અને આના ફળનોય કોઈ પાર ન પમાય. પરંતુ આ રીતે ધર્મ થતો ન હોય, તો આવી દશા પામવા માટેય ફરજીયાત ધર્મ કરવો જોઈએ.

* જન્મ પામ્યા બાદ મૃત્યુ તો અવશ્યંભાવિ છે. મૃત્યુ બાદ હજી જન્મ ટાળી શકાય છે. મરનારાએ સાધના કરી હોય, તો એ સાધના જન્મ અટકાવી શકે છે, પણ ગમે તેવો સાધક પણ જન્મ્યા બાદ મૃત્યુ અટકાવી શકતો નથી.

* હૈયામાં જો ભક્તિભાવ ન હોય, તો સારામાં સારી રીતે ગોઠવીને બોલાતા શબ્દો પણ ફિક્કા-મોળા લાગે, જ્યારે ભક્તિ ભાવિત હૈયામાંથી કદાચ સારી ગોઠવણીવાળા શબ્દો ન નીકળે, તોય એ મધ જેવા મીઠાં લાગે.

* દુઃખીએ જ નહિ, સુખીએ પણ દુઃખ વેઠવાની તાકાત કેળવવી જોઈએ. આ માટે સામેથી ચાલીને દુઃખો ઊભા કરવા જોઈએ. કેમકે આ રીતે દુઃખ વેઠવાની તાકાત કેળવી હોય, તો કર્મયોગે જ્યારે દુઃખો આવી પડે, ત્યારે દુર્ધ્યાન ન થાય, અને સમાધિ ટકી શકે.

જૈન શાસન અઠવાડીક● માલિક : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતા – ગેલેક્સી ક્રિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

10033

# જૈન શાસન

नमो चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

શાસન અને સિધ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

## અઠવાડિક

વર્ષ ૧૬ | અંક ૧૭

***કામભોગો તૃપ્તિકર જ નથી***

जलणस्स दासणिवहेहिं णेय,
जह जलणिहिस्स सलिले हिं ।
तह संतो सो ण हु होइ
जंतुणो कामभोगेहिं ॥
**(ચઉપ્પન્ન મહાપુરિસ ચરિયં)**

જેમ અગ્નિ લાકડા વડે અને
સમુદ્ર નદીઓ
વડે તૃપ્તિ નથી પામતો તેમ
જીવને કામભોગો
વડે કયારેય સંતોષ થતો નથી.


**શ્રી જૈન શાસન કાર્યાલય**
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005



श्री महावीर जैन आराधना केन्द्र
कोबा, जि. गांधीनगर पिन-382009

# 'સુશીલ સંદેશ'

## કરૂણા નિધાન ભગવાન મહાવીર – હપ્તો – ૧૧.






आज्ञाराद्धा च. शिवाय च भवाय च
હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

1065

# જૈન શાસન

(અઠવાડીક)

તંત્રીઓ :
ભરત સુદર્શનભાઇ મહેતા (રાજકોટ)
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઇ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૬ ) * સંવત ૨૦૬૦ ફાગણ વદ - ૩ * મંગળવાર, તા. ૯-૩-૨૦૦૪ (અંક : ૧૭

## પ્રવચન

## સડસઠમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

સં ૨૦૪૩, આસો વદિ-૧૧, રવિવાર, તા. ૧૧-૧૦-૧૯૮૭
શ્રી ચંદનબાળા જૈન ઉપાશ્રય, મુંબઇ - ૪૦૦ ૦૦૬.

**પૂ.આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

*ગતાંકથી ચાલુ ...*

(શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના -અવ.)

वित्रासयन्ति ियतं भवतो वचांसि ।
विश्वास यन्ति वरवादि सुभाषितानि ।
दुःखं यथैव हि भवानदत्तथा तत् -
तत्सम्य तवे च मतिमान क्रिमिहा (वा) भयः स्यात ?

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદર સૂરીશ્વરજી મહારાજા, ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલો ધર્મ, મોક્ષની જ સાધના માટે કરવા જેવો છે-તે વાત સમજાવી આવ્યા પછી આ જન્મમાં ભય કોનો છે તે વાત સમજાવવાની મહેનત કરે છે. આ જન્મમાં જો ભય હોય તો એક માત્ર મોહનો જ છે. જો આપણે મોહને આધીન ન હોઈએ તો આ સંસારમાં આપણને મુક્તિનો પુરુષાર્થ કરતાં કોઈ પણ રોકી ન શકે. શ્રી સનત્કુમાર ચક્રીને જેવા ખબર મલ્યા કે, મારા શરીરમાં રોગો પેદા થાય તો તે વખતે શું કર્યું તે યાદ છે ને ? વૈદ્યોને બોલાવવાનું મન થયું કે બીજું ? શું કર્યું ? મસ્તક ઉપર લોચ કરી, સાધુ થઈને ચાલી નીકળ્યા. તમે હો તો શું કરો ? ધર્મીને કશાનો ભય ન હોય

દુઃખમય સંસારમાં તો દુઃખાદિ આવે, તો દુઃખનો કે રોગનો ભય લાગે તો બુદ્ધિમાન કહેવાય ? જે ધર્મનો આરાધક છે તેને ભય કોનો જોઈએ ? મોહનીય કર્મનો. કોઈપણ સારી ચીજ મૂંઝાવે અને ખરાબ ચીજ અકળાવે તો ધર્મ રહે કે જાય ? દુનિયાની સુખ-સંપત્તિનો રાગ, ધર્મ કરવાનું મન જ ન થવા દે. દુનિયાની મોજમજામાં આનંદ આવે તેને પણ ધર્મ કરવાનું મન જ થતું નથી. અને દુઃખમાં તો તે ધર્મ કરે જ શાનો ? 'દુઃખમાં ધર્મ થાય નહિ, સુખમાં ધર્મ યાદ આવે નહિ'તે બધા મોહના રમકડા કહેવાય. ધર્મ સાથે તો તેને સ્નાન-સૂતક પણ લાગે નહિ. સંસારની કોઈપણ સારી ચીજ ગમે અને તેનો ભય લાગે નહિ તો તે ધર્મી નહિ. ખરાબ ચીજ મળે અને દુઃખ થાય તો સમજી લેવાનું કે તે ય ધર્મ પામ્યો નથી. સંસારની કોઈપણ સારી ચીજ ગમે અને ભય લાગે તે ધર્મી ! ખરાબ ચીજ

મળે તો દુઃખ પણ ન થાય તે ધર્મી ! ધર્મ પામેલા નરકમાં છે તો ત્યાં ય સમાધિમાં છે અને ધર્મ નહિ પામેલા દેવલોકમાં છે તો ત્યાં ય અસમાધિમાં છે, રિબાઈ રિબાઈને જીવે છે.

તે શ્રી સનતકુમાર ચક્રી સાધુ થયા પછી સાતસો (૭૦૦) વર્ષ સુધી, પ્રાણાની કષ્ટ આપનારા રોગોને મજેથી વેઠયા. કેટલા રોગ ? સોળ, કેવા ? બીજાના તો પ્રાણ લે તેવા. તમને તેવા રોગનો ભય લાગતો નથી. રોગ નુકશાન શું કરે ? નુકશાન કરે તો આત્માને કરે કે શરીરને ? શરીરને નુકશાનકારક ભયરૂપ લાગે કે આત્માને નુકશાનકારક ભયરૂપ લાગે ? જે દેવો પહેલા ચક્રવર્તિનું રૂપ જોવા આવેલા તેના તે જ દેવો ફરીથી પરીક્ષા કરવા ધન્વંતરીનું રૂપ લઈને આવ્યા. આમને તો તપના પ્રભાવે ઘણી બધી લબ્ધિઓ પેદા થઈ છે છતાં ય પોતે રોગ કાઢતા નથી. દેવો કહે કે, અમે ધન્વંતરી છીએ, તમારા આ રોગ કાઢવાની આજ્ઞા આપો તો બધા રોગ દૂર કરીએ. ત્યારે ચક્રીમુનિ કહે કે- " આ રોગ જેનાથી થયા તેને કાઢી શકો તો કાઢો. બાકી રોગ તો મારે માટે ઉપકારક છે. આ રોગ શરીરને કનડે છે, આત્માને નહિ. આ શરીર તો નાશ પામવાનું છે. તો નાશવંત એવા શરીરથી આત્માનું જે હિત સધાય છે તે જ સાધવા દો." તો તે બે ય દેવો હાથ જોડી ચાલ્યા ગયા.

આપણને ભય કોનો લાગે ? દુઃખનો અને પ્રેમ કોનો છે ? સુખનો. જેને દુનિયાના સુખનો પ્રેમ હોય અને દુઃખનો ભય હોય તે ધર્મ પામે ? ધર્મ પામવા માટે દુઃખ ઉપર પ્રેમ અને સુખ ઉપર દ્વેષ થવો જોઈએ. આ સંસારના સુખ જ ગમે, ત્યાં સુધી ધર્મ પમાય ? પાપના યોગે દુઃખો આવે અને તેનો ભય લાગે તો પણ ધર્મ પમાય ? ધર્મ કરવા, સુખ માત્ર છોડવાં પડે અને દુઃખ મજેથી વેઠવા જોઈએ. આજે તો કહે કે, 'ધર્મમાં તો બધી અનુકૂળતા જોઈએ. તો તે બધા ધર્મ કરે !!' પણ તે ધર્મ કેવો કહેવાય ? ભગવાનની આજ્ઞા પ્રમાણેનો કે મોહની આજ્ઞા મુજબનો ?

જ્ઞાની કહે છે કે - ભગવાનનાં વચનો તે સંસાર ઉપર ત્રાસ પેદા કરનાર છે. આ સંસાર જ આત્માને પાયમાલ કરનાર છે. આત્માને ખરાબ કોણ કરે ? મટેભાગે દુનિયાની સુખની સામગ્રી. તે સુખની સામગ્રી મેળવવા માટે, ભોગવવા માટે, સાચવવા માટે કેટલાં કેટલાં પાપ કરો છો ? પણ આજે તો તમને તે બધા સારા લાગે છે, તેમના જેવા થવાનું મન છે. તે સામગ્રીનો લોભી સાંભળે કે, ધર્મથી આ બધું મળે એની બની રહે તો તે ધર્મ પણ કરે. પણ તે ધર્મ મોહથી જ કર્યો કહેવાય. તમને તો આજે ધર્મ કરવાની ફુરસદ નથી ને ? ધર્મની આરાધના સાચી કોણ કરી શકે ? મોહનો ભય લાગે તે. આપણું ખરાબ કરનાર કોણ છે ? મોહ જ. દુઃખ પણ ખરાબ ન કરી શકે, સુખ પણ ખરાબ ન કરી શકે. મોહ જ આપણું ખરાબ કરે છે. મોહને લઈને આ દુનિયાના સુખની ઈચ્છા થાય છે. તેથી સંપત્તિની ઈચ્છા થાય છે. તે બેને માટે બધા જ પાપો મજેથી કરે છે. તેથી અનાદિથી સંસારમાં ભટકે છે અને હજી પણ જો નહિ સમજે તો ભટકશે. ઘણાને આ ધર્મ ગમ્યો નથી અને ગમવાનો પણ નથી. ધર્મ કરનારા ઘણાને પણ આ ધર્મ ગમતો નથી, ધાર્યું ન મળે તો ધર્મ વચમાં મૂકી પણ દે છે.

જે આત્માઓએ આજ્ઞા મુજબ ધર્મ કર્યો તે જ મોક્ષમાં ગયા. આજ સુધીમાં અનંતા શ્રી અરિહંત પરમાત્મા મોક્ષમાં ગયા. તેમના કરતાં અસંખ્યાત ગુણા બીજા આત્માઓ મોક્ષમાં ગયા. તો પછી આપણો નંબર કેમ ન લાગ્યો ? તો કહેવું પડે ને કે, 'આપણને ધર્મ નહિ ગમ્યો હોય. ધર્મ કર્યો હશે તો મોહના કહ્યા મુજબ કર્યો હશે.' આજે પણ આપણને ધર્મ કરવાનું વધારે મન થાય કે દુનિયાનું સુખ ભોગવવાનું ? દુઃખ આવે તો ઔષધ કરવાનું મન કે પાપનો વિચાર આવે તો ઔષધ કરવાનું મન થાય ? પાપનો વિચાર તે આત્માનો રોગ છે. દુઃખ તે શરીરનો રોગ છે. શરીરના રોગ માટે ઔષધ

કરો છો પણ આત્માના રોગ માટે કરો છો ? પાપ કરો છો ? પૈસા ઓછા કરવાનું મન થાય કે વધારે કરવાનું મન થાય ? આટલા પૈસા શું કરવા છે તેમ થાય ? પૈસા ઘણા છે તો દાન કરવાનું ખૂબ મન થાય ? ઘણા પૈસા હોય અને દાન કરવાનું મન ન થાય તે પાપનો ઉદય છે ? તે પાપ કોઈ દી' ખટક્યું છે ? પૈસો વધારવાનું ચાલે છે અને પૈસા ખરચવાની વાત આવે તો 'મારી પાસે શું છે' તેમ થાય તો ભય શેનો લાગે છે ? પૈસાનો કે મોહનો ? જે પૈસાથી ગભરાવવાનું તેને મેળવવાનું મન થાય છે, છોડવાનું મન થતું નથી, પૈસો છતાં દાન કરવાનું મન થતું નથી - તે બધો શાનો પ્રતાપ છે ? શ્રીમંત બહુ ઉદાર હોય અને દાતાર હોય તો તે ધર્મનો પ્રેમી ! તે કૃપણ હોય તો પૈસાનો પ્રેમી ! તમે પૈસાના પ્રેમી કે દાનના પ્રેમી ? થોડામાંથી થોડું દેવામાં આનંદ આવે કે જે છે તેને વધારવામાં આનંદ આવે છે ? જે દા'ડે વધારે પૈસા મળ્યા તો તેમાં આનંદ આવે કે વધારે દાન કર્યું તેમાં ? આપણને મોહનો ભય લાગ્યો છે કે નહિ તે આત્માને પૂછવું છે ? સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા રૂપ ચારે પ્રકારના શ્રી સંઘને જ્યાં સુધી પાપનો ભય ન લાગે, મોહનો ભય ન લાગે ત્યાં સુધી તે સાચો ધર્મ કરી શકે જ નહિ. અમારે પણ આત્માને પૂછવું પડે કે, તને ખાવા-પીવાદિમાં વધારે આનંદ આવે છે કે તપમાં ? તમને બધાને વાધારે પૈસામાં, પૈસા મેળવવામાં વધારે આનંદ આવે કે દાન કરવામાં ?

પ્ર. - દાન કરીને, વધારે મેળવવામાં આનંદ આવે છે.

ઉ. - દાન પણ લક્ષ્મીથી છૂટવા નહિ પણ લક્ષ્મી વધારવા કરે છે અને તેમાં અમારી મહોરછાપ મરાવવા માગે છે.

શ્રી જૈન શાસનમાં દાન કરવા માટે કમાવાનું કહ્યું જ નથી પણ તમારી પાસે જે હોય તેમાંથી દાન કરવાનું કહ્યું છે. તે પણ લક્ષ્મી રૂપી ડાકણથી છૂટવા માટે.

અમે પણ આ વાત ન સમજાવીએ અને તમે જે કરો તે બરાબર કરો છો તેવી સંમત્તિ આપીએ તો અમને ય ઉપદેશ દેવાનો અધિકાર નથી. તેવું કરીએ તો અમારા જેવા પહેલા નંબરના મૂરખ બીજા એક નથી !

પ્ર. - મળવાનું તે જાણવા છતાં, છોડી શકતો કેમ નથી ?

ઉ. - દાન દેવાથી લક્ષ્મી જતી નથી પણ વધારે મળે છે તે શ્રદ્ધા જ નથી માટે.

દાન જે લક્ષ્મીથી છૂટવા કહ્યું તે મેળવવા કરે છે. માટે બે ય અવસ્થામાં તે મોહમાં જ બેઠો છે. ખૂબ દાન કરે તે ય મોહથી ડરતો નથી પણ મોહમાં જ મજા કરે છે. લક્ષ્મીથી છૂટવા દાન કરે તેને મોહનો ભય લાગ્યો છે તેમ કહેવાય.

મોહ શું ચીજ છે ? દુનિયાની સઘળીય સારી ચીજો ઉપર રાગ કરવો તે મોહ ! તે ચીજો મળે તો આનંદ પામવો તે ય મોહ ! તે ચીજો જાય તો દુઃખ થાય તે ય મોહ ! તે ચીજો ન જાય અને તે બધાને મૂકીને આપણે જવું પડે તો દુઃખ થાય તે ય મોહ ! આ મોહને ઓળખ્યો ને ? ખૂબ પૈસા મળે તો આનંદ થાય કે ભય લાગે ? સાવધ નહિ થાઉં તો મહાપાપી થઈશ. સાવધ રહીશ તો ધર્મી થઈશ તેમ થાય ? કોઈપણ અવસ્થામાં ધર્મી થવાનું મન થાય છે કે સુખી થવાનું મન થાય છે ? શરીર સારું હોય તો સારું સારું ખાવા-પીવાનું મન થાય કે તપ કરવાનું ? ધર્મ વધારે કરવાનું મન થાય કે સુખ વધારે ભોગવવાનું મન થાય ? ચારે પ્રકારના શ્રી સંઘને મોહનો ભય હોય છે.

મોહનો ભય લાગે તે જ શ્રી સંઘમાં આવે ! ભગવાન જેવા ભગવાનના વખતમાં ય સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા કેટલા ? કરોડોમાં લાખો ય પૂરા નહિ. મોટો ભાગ તો આધો જ રહે. તેને સાધુ કે શ્રાવક થવું ન ગમે. સાધુ કે શ્રાવક થવાનું ય કોને ગમે ? જેને મોહનો ભય લાગે તેને. તમે તો એવા કુળમાં, એવિ જાતિમાં જનમ્યા છો કે તમને તો મોહનો તો ભય લાગતો જ હોવો જોઈએ. તમારા ઘરોમાં તો મોહ ભયંકર રોગ છે, મારી નાખનાર છે તે વાત રોજ ચાલતી હોવી જોઈએ. દરિદ્રિ જૈનનું ઘર પણ મજામાં હોય. દરિદ્રિ જૈન તો સુખ શ્રીમંત જૈનની દયા ખાય કે, તેને બિચારાને મંદિરે જવાનો, સાધુ પાસે જવાનો કે ધાર્યો ધર્મ કરવાનો ટાઈમ નથી મળતો. મારે તો બે કલાક મંદિરમાં રહેવું તો કોઈ રોકનાર નથી, માથે ઉપાધિ નથી, જો દરિદ્રિ જૈન ખરેખર સમજું અને સંતોષી હોય તો તે ધાર્યો ધર્મ સારો કરી શકે. તેને પૈસાની પણ ઈચ્છા ન હોય. ધર્મ પામેલા સંતોષી એવા જીવો દરિદ્રિ છતાં સુખી હોય છે.

(ક્રમશઃ)

# પ્રશ્નોત્તર વાટિકા

(પરિમલ)

*(ગયા અંકથી ચાલુ)*

*(૩૫) જિનાલયમાં ઈલેકટ્રીક લાઈટ રાખી શકાય?*

જિન મંદિરમાં ઈલે. લાઈટ ન જ રાખી શકાય. આ બાબતે તપાગચ્છના આચાર્ય ભગવંતોએ ૨૦૧૯ના ભાદરવા વદ ૧૩ ને રવિવારે ૧૫-૯-૬૩ના રોજ અમદાવાદમાં ડહેલાના ઉપાશ્રયે ભેગા થઈને હાજર રહેલા ગૃહસ્થોની સમક્ષ નિર્ણય કરેલો કે **'દેરાસરના ગર્ભગૃહ તથા રંગમંડપ આદિમાં બધે ઠેકાણે આશાતનાદિના કારણે ઈલેકટ્રીક લાઈટ થવી ન જોઈએ. આ માટે સૌ લાગતા વળગતાઓને આ સંબંધી યોગ્ય પ્રયત્ન કરી ઈલેકટ્રીક લાઈટો બંધ કરવા- કરાવવાની ભલામણ કરે છે.'** ઈલેકટ્રીક લાઈટ અને સામે ફોકસ રાખવાથી મૂર્તિને ભયંકર નુકસાન થાય છે. તેની સાથે અધ્યાત્મ ભાવનો પણ નાશ થાય છે. મંદિરમાં અંધકાર (ઘીના દીવાનો પરિમિત પ્રકાશ) તે ભૂષણ છે. લાઈટ એ દૂષણ છે. આપણી આંખ સામે પાંચ- દશ મીનીટ પણ ફોકસ કે બેટરી રાખવામાં આવે તો આપણી આંખો અંજાઈ જાય છે. લાઈટના કારણે ઢગલાબંધ ત્રસ જીવોની વિરાધનાની સાથે મૂર્તિનું તેજ (ચમક) ઘટે છે. શાસનના અધિષ્ઠાયક દેવ દેવીઓ પણ વ્યન્તર નિકાયના હોવાથી લાઈટમાં રહી શકતાં નથી. સવારે મંદિર મોડું ખોલવામાં અને સાંજે વહેલું બંધ કરવામાં આવે તો અનેક દોષોથી બચી જવાય. વિશિષ્ટ અંગરચનાદિ હોય ત્યારે પણ આગેવાનોએ અને દર્શનાર્થીઓએ અત્યંત વિવેક જાળવવો જરૂરી છે. આજે પણ રાધનપુરના ૨૫ મંદિરોમાં તથા શંખેશ્વર વિ. પ્રાચીન તીર્થોમાં અને બીજી પણ ઘણી જગ્યાએ લાઈટો નથી અને સારી રીતે ચાલે છે. વિરાધનાનો ડર હૈયામાં બેસી જાય તો આ કાળમાં પણ વિધિપૂર્વક કાર્ય થઈ શકે છે.

*(૩૬) ઉપાશ્રયમાં ઈલેકટ્રીક લાઈટ રાખી શકાય ?*

ઉપાશ્રય પણ સંવરની સાધનાનું સાધન હોવાથી ઈલે. લાઈટની બિલકુલ જરૂર પડતી જ નથી. ઉપાશ્રયે રત્નત્રયીની આરાધના માટે જ જવાનું છે. તેમાં લાઈટ બાધક બને કે સાધક બને તે સ્વયં વિચારી લેવું. ઘણી જગ્યાએ ઉપાશ્રયમાં પંખા પણ નાંખવાનું ચાલુ થયુ છે તે પણ બિલકુલ યોગ્ય નથી.

ઉપાશ્રયમાં સામાયિક, પૌષધ કે જિનવાણીના શ્રવણ માટે જવાનું હોવાથી ઈલે. લાઈટ કે પંખા રાખવા જોઈએ નહિ. તેમાં નામ આવે એટલે દાન આપે તો દાતા પણ દુર્ગતિમાં જાય. શાસ્ત્રમાં કહ્યુ છે કે હિંસાના સાધનો ગૃહસ્થ પોતાને જરૂર હોય તો ન છૂટકે રાખે ખરો પણ શરમથી કે અનુકંપાથી પણ તે સાધનો બીજાને ન આપે.

*(૩૭) સાંજે પ્રતિક્રમણમા પૌષધવાળા સાતલાખની જગ્યાએ ગમણાગમણે બોલે છે તો તેનો આદેશ ગુરુભગવંત પાસે કોઈપણ (પૌષધવાળો) માંગી શકે?*

સાંજનું (દેવસિ) પ્રતિક્રમણ પૂ. આચાર્ય ભગવંતાદિ ગુરુ ભગવંતોની પરમ તારક નિશ્રામાં થાય છે. જ્યારે સદ્‌ગુરુ ભગવંતોનો યોગ ન મળે ત્યારે પણ શ્રાવકો ભેગા થઈને સમૂહમાં પ્રતિક્રમણ કરતાં હોય છે. સાધુ ભગવંતોની નિશ્રામાં પ્રતિક્રમણ કરે ત્યારે સામાયિક લેવાથી માંડીને શ્રાવકોને બોલવા યોગ્ય સુત્રોનો આદેશ માગતા જેને આદેશ આપવામાં આવે તે એક બોલે બાકીના આરાધકો તે સૂત્રને (નક્કી કરેલ મુદ્રામાં) એકાગ્રતાપૂર્વક સાંભળે છે પ્રતિક્રમણમાં દરરોજ સ્તવન બોલાયા પછી ચાર ખમાસણા બાદ માત્ર શ્રાવકોએ જ જમણો હાથ ચરવલા ઉપર સ્થાપીને અઢાઈજજેસુ બોલવાનું હોય છે. અને તે સૂત્ર જે વડીલ હોય તે આદેશ માગ્યા વિના બોલે છે. જયારે પૌષધવાળા હોય ત્યારે પણ તેમાં જે વડેલ હોય તે જ અઢાઈજઝેસુ બોલે છે. તેવી જ રીતે સાત લાખની

જગ્યાએ પૌષધવાળા ગમણાગમણે સૂત્ર બોલે છે. તે સૂત્ર પણ જે વડીલ હોય તેને જ બોલવાનો અધિકાર હોવાથી આદેશ માગ્યા વિના જ ઈચ્છાકારણે સંદિસહ ભગવાન- ગમણાગમણે આલોઉં ? ગુરુ કહે આલોવેહ ત્યાર પછી સૂત્ર બોલવું તેથી આદેશ આપશોજી એમ આદેશ માંગવાનો હોતો નથી. વડિલે બોલવાના નક્કી થયેલા સૂત્રોનો આદેશ માગ્યા વિના જ તે સૂત્રો બોલવાના હોય છે.

*(૩૮) ચૌદશના દિવસે પકખી પ્રતિક્રમણના બદલે દેવસિસ પ્રતિક્રમણ કરી શકાય?*

ચૌદશના દિવસે પકખી, ચોમાશી ચૌદશે ચોમાસી અને સંવત્સરિના દિવસે સંવત્સરી પ્રતિક્રમણ જ થાય એટલું જ નહિં પરંતુ તેની આગળના દિવસે દેવસિ પ્રતિક્રમણ પણ માંગલિક જ (જેમાં પાર્શ્વનાથ ભગવાનનું ચૈત્યવંદન, કલ્લાણકંદની થોય, સંતિકરં સ્તવન અને મન્હજિણાણં કે ધમ્મોમંગલની સજ્ઝાય બોલાય છે) કરવું જોઈએ. પકખી પ્રતિક્રમણ ન આવડતું હોય તો શીખી લેવું જોઈએ અથવા આવડતું હોય તેની પાસે પહોંચી જવું જોઈએ. તે શકય ન જ બને તો સૂર્યાસ્ત પહેલાં પૂરૂં થઈ જાય તેવી રીતે ચોપડીમાં જોઈને કરી લેવું જોઈએ તે પણ શકય ન જ બને તો (પાંચ પ્રતિક્રમણના સૂત્રો કંઠસ્થ કરી લેવાની ભાવનાપૂર્વક) સામાયિક કરીને આત્મસંતોષ માનવો જોઈએ. પરંતુ તે દિવસે દેવસિય પ્રતિક્રમણ કરાય નહિં અનવસ્થાદિ દોષો ઉભા થાય.

*(૩૯) પ્રતિક્રમણ કરતી વખતે અતિચાર વિ. કોઈપણ સૂત્રો ન આવડતા હોય તો લાઈટની પ્રભામાં બેસીને ચોપડીમાં જોઈને બોલી શકાય?*

સામાયિક કે પ્રતિક્રમણમાં સૂત્રો ન આવડતાં હોય તો લાઈટની પ્રભામાં પણ ચોપડીમાં જોઈને બોલી શકાય નહિં. વિરતિમાં સાવદ્યનો દોષ લાગે માટે લાઈટની પ્રભાનો પણ ઉપયોગ થઈ શકે નહિં.

*(૪૦) ભા. સુ. ૪ના દિવસે M.C. આદિ કોઈપણ કારણસર સંવત્સરી પ્રતિક્રમણ થયું ન હોય તો કયાં સુધી સંવત્સરી પ્રતિક્રમણ થઈ શકે?*

ભા.સુ. ૪ના દિવસે જ સંવત્સરી પ્રતિક્રમણ થઈ શકે. M.C. આદિ કોઈપણ કારણસર તે દિવસે કરી શકાયું ન હોય તો પણ બીજા દિવસોમાં એટલે સુ. ૪ પછી કોઈપણ દિવસમાં સંવત્સરી પ્રતિક્રમણ થઈ શકે નહિં.

*(૪૧) જિનાલયમાં પૂજા કરવા ગયા હોઈએ તો સૌ પ્રથમ મૂળનાયકની પૂજા કર્યા સિવાય બીજા ભગવાનની પહેલા પૂજા કરી શકાય?*

જિનાલયે પૂજા કરવા માટે જઈએ ત્યારે મૂળનાયક ભગવાનની પૂજા થઈ ગઈ હોય તો સૌ પ્રથમ મૂળનાયક ભગવાનની પૂજા કર્યા પછી જ બીજા ભગવાનની પૂજા કરી શકાય પરંતુ ભારે આંગી વિ. કાંઈપણ કારણસર મૂળ નાયકની પૂજા થઈ ન હોય અને આપણી તથા પ્રકારની સ્થિરતા વિ. ન હોય તો બીજા ભગવાનની પહેલા પૂજા કરવામાં કાંઈ વાંધો નથી પરંતુ કારણ વિના જો બીજા ભગવાનની પહેલાં પૂજા કરવામાં આવે તો દોષ લાગે.

*(૪૨) ચૈત્યવંદન કરીએ ત્યારે જે ભગવાનને ઉદ્દેશીને ચૈત્યવંદન કરીએ તે ભગવાનનું ચૈત્યવંદન, સ્તવન સ્તુતિ બોલાય કે કોઈપણ ભગવાનના બોલી શકાય?*

મૂળનાયક વિ. જે ભગવાનને ઉદ્દેશીને ચૈત્યવંદન કરતાં હોઈએ ત્યારે સામાન્ય રીતે જો મોઢે આવડતું હોય તો તે ભગવાનનું ચૈત્યવંદન, સ્તવન વિ. બોલવું પરંતુ તે ભગવાનનું ન જ આવડતું હોય તો ચોપડીમાંથી જોઈને બોલવું તેના કરતાં કોઈપણ ભગવાનનું સ્તવન વિ. બોલી શકાય કારણ કે જ્ઞાનથી અને ગુણથી સર્વ જિનેશ્વર ભગવંતો એક સરખા છે. ચોપડીમાંથી જોઈને બોલી શકાય નહિં.

*(૪૩) જિનાલયમાં જિનપ્રતિમાનું આલંબન લઈને નવકારવાળી (જિનાલયમાં) ગણી શકાય?*

સામાન્યતયા જિનાલયમાં અંગપૂજા, અગ્રપૂજા અને ભાવપૂજા પૂરી કરીને જિનાલયમાંથી નીકળી જવાનું હોય છે. કારણ કે આ શરીરમાંથી દુર્ગંધી પરસેવો નીકળ્યા કરે છે. શ્વાસોચ્છવાસ અને અપાનવાયુ એમ બે રીતે વાયુનો સંચાર થયા કરે છે તેથી નવકારવાળી ઉપાશ્રયે અથવા ઘરમાં પરમાત્માની છબી (ફોટો) વિ.નું

આલંબન લઈને એકાંત જગ્યાએ એકાગ્રતાપૂર્વક ગણવી જોઈએ. સાધુ- સાધ્વી ભગવંતોને પણ દેવવંદનથી વધુ સમય (પૂજન વિ. વિશિષ્ટ કારણ સિવાય) જિનાલયમાં રહેવાની અનુજ્ઞા નથી.

*(૪૪) પૂર્વે ભા.સુ. ૫ની સંવત્સરી હતી તેને બદલે પૂ. કાલિકસૂરિજીએ ભા.સુ.૪ કરી તેમ સકળ સંઘે ભેગો થઈને સુ.-૩ અથવા સુદ-૫ની સંવત્સરી કરી શકે?*

ભગવાન મહાવીર સ્વામીથી કાલિકસૂરિજી સુધી સંવત્સરી મહાપર્વ ભા.સુ. ૫ના થતું હતું અને પછી યુગપ્રધાન અને સૌધર્મેન્દ્રથી વંદિત કાલિક સૂરિજીએ શાતવાહન રાજાની વિનંતીથી મહાવીર સ્વામીના વચનનું સ્મરણ કરીને (મહાવીર સ્વામી ભગવાને જણાવ્યું હતું કે કાલિકસૂરિજી સુધી ભા.સુ.-૫ રહેશે અને તેઓશ્રીથી ભા.સુ.-૪ના સંવત્સરી કપ્પસહસૂરિજી સુધી પ્રવર્તશે.) ભા.સુ. ૪ની સંવત્સરી શરૂ કરી તે સકળ સંઘે માન્ય કર્યું હવે ભા.સુ-૪ની સંવત્સરી સકળસંઘ ભેગો થઈને પણ ફેરવી શકે નહિં. (ભા.સુ. ૩ કે સુ.-૫ કરી શકે નહિં) કહ્યું છે કે

स्मृत्वेति चित्ते जिनवीरवाक्यं यत्सातयानो नृपतिश्च भावी

श्रीकालिकार्यामुनिपश्च नृपाग्रहेणापि कृतं सुपर्व ।

यथा चतुर्थ्यां जिनवीरवाक्यात् संघेन मंतव्य महोतदेव

प्रवर्तितं पर्युषणाख्यपर्व यथेयमाज्ञा महती सदैव ॥

तित्थं तु कालगज्जा, अच्छिन्न जाव दुप्पसहसूरि

पज्जोवसणचउत्थीठिअं ति का तत्थ संकावि ।

ગુજરાતી ચૈત્યવંદનમાં પણ પૂર્વાચાર્યોએ કહ્યું છે કે

નવ વખાલ પૂજા સુણો શુક્લ ચતુર્થી સીમા
પંચમી દિન વાંચે સુણે હોય વિરાધક નિયમા
એ નહિ પર્વ પંચમીએ સર્વ સમાણી ચોથ
ભવભીરૂ મુનિ માનસે ભાખ્યું અરિહાનાથે
શ્રુતકેવલી વયણા સુણી લહી માનવ અવતાર
શ્રી શુભ વીરને શાસને પામ્યા જય જયકાર.

આ ઉપરથી નક્કી થાય છે કે સંવત્સરી મહાપર્વ કોઈપણ સંયોગોમાં ભા.સુ. ૪ને ફેરવી શકતા નથી. સુ. ૫ના દિવસે બારમાસુત્ર પણ વાંચી કે સાંભળી શકાય નહિં અને સંવત્સરિ વિ. પ્રતિક્રમણ પણ નક્કી કરેલ તે દિવસે જ થઈ શકે. **સદૈવ આજ્ઞા મહતી**- હંમેશા આજ્ઞા જ મહાન છે. માત્ર અનુષ્ઠાન નહિં.

*(૪૫) પાંચ તિથિ કે દશ તિથિ લીલોતરી ન વાપરતા હોય તો તે કેળા (પાકા કે કાચા) લીંબુ કે મરચા વાપરી શકે ?*

સૌ પ્રથમ લીલોતરી કોને કહેવાય તેનો ત્યાગ શા માટે કરવાનો વિ. જાણવું જોઈએ. તમામ લીલા શાકભાજી તથા તમામ ફ્રુટ (કેળા, કેરી, નારિયેલ-તેનું પાણી) વિ. તથા લીલા મરચા, લીંબુ આ બધુ જ લીલોતરી ગણાય. ગૃહસ્થપણામાં આરંભ સમારંભનું પાપ તો લમણે લાગેલું જ છે. તેનાથી બચવા માટે પ્રયત્ન કરવા છતાં સંપૂર્ણ બચી શકાતું નથી. તે પાપ કરતા પણ વધુ ભયંકર આસક્તિનું પાપ ગણાય છે. અનાદિ કાળથી વિગઈ અને વનસ્પતિ પ્રત્યે આસકત ભાવ છે. તેને તોડવા માટે સંપૂર્ણ ત્યાગ કાયમ માટે ન થઈ શકે તો પણ પર્વ તિથિએ તો લીલોતરીનો સંપૂર્ણ ત્યાગ કરીને કરવો જોઈએ. લીલા શાકભાજી કરતાં પણ ફ્રુટ વિ. મા વધુ આસક્તિ થાય છે. તેથી તે પણ વાપરવું ન જોઈએ. ગુજરાતીમાં કહેવત છે કે પરણવાની બાધાને નાતરાની છૂટ, લીલોતરીની બાધાને ફ્રુટ વિ. ની છૂટ આ બિલકુલ બરાબર ન ગણાય. ભા. સુ. ૫ના દિવસે સકળસંઘમાં પારણા થતા હોય છે. તેમાં પણ લીંબુ વિ. નો ઉપયોગ ન કરવો જોઈએ. કારણ કે સુ. ૫ ને પર્વતિથિમાં ગણેલ છે. તેથી તે દિવસે પણ કેળા વિ. ન જ વપરાય. નાગરવેલનું પાન પણ લીલોતરીમાં જ ગણાય છે. અને ફાગણસુદ ૧૪ થી કારત સુ. ૧૪ સુધી તો નાગરવેલનું પાન અભક્ષ્ય ગણાય છે. પૂજન વિ. માં ઉપયોગ કરવામાં આવે છે. તે તો માત્ર મંગલ તરીકે જ વપરાય છે. ખાવા માટે નહિ. *(ક્રમશઃ)*

# કોયલામાં હીરો પાકે

-શ્રી જીવરામ જોશી



એક બાઇ.

બાઇને એક દીકરો.

નામ પ્રેમજી.

બધા એને પેમો કહે.

પેમાને પિતાજી નથી.

એકલા બા છે.

મા મજુરી કરે છે.

પેમો પંદર વરસનો થયો છે. બિચારી બાને થાય છે કે, એકનો એક દીકરો છે. થોડું ભણે તો સારૂં. કોઇ વેપારીને ત્યાં નામું લખી શકે. આમ વિચારી બાએ પેમાને ભણવા મૂકયો.

એનું નામ પેમાભાઇ.

રખડવાનું કામ એનું.

મહેતાજી ઘણું શીખવે પણ એક એકડોય શીખે નહિં. ચાર ચાર વરસ ભણતાં થયાં, પણ પેમાભાઇને પૂરા સો આંકડા લખતાં આવડયા નહિ કે પૂરી બારાખડી શીખ્યો નહિં. મહેતાજીને રીસ ચડી. કહે કે, આવા ઠોઠ છોકરાને મારે ભણાવવો નથી. પેમાની બા મહેતાજીને પગે લાગી. આંસુ આવી ગયાં અને બોલી : એકનો એક દીકરો છે- બાપ વિનાનો છોકરો છે. એ નહિં ભણે તો દુઃખી થઇ જશે. એને મારો, એનું ચામડું ચીરી નાંખો. હું કંઇ નહિં બોલું. પણ એને ભણાવો.

મહેતાજીને લાગણી થઇ. બાપ વિનાના છોકરાને ભણાવવો જોઇએ.

પણ એ પેમાભાઇ ભણતાં નથી.

સોટીઓ મારે છે, કાન પકડાવે છે, ઊભો રાખે છે, પણ પેમાભાઇ એવા ને એવા.

એક દિવસે પેમાભાઇ મોડા આવ્યા.

મહેતાજી કહે : કયાં ગયા હતાં?

પેમો રખડું ખરો પણ ખોટું બોલે નહિં.

પેમાએ કહ્યું : પાદરમાં રમતો હતો.

મહેતાજી કહેઃ શું રમતાં હતાં?

પેમો કહે : આંબલી પીપળી.

મહેતાજીને રીસ ચડી. કહે કે આજ તને અમે ય આંબલી પીપળી રમાડી દઇએ.

પેમાના પગ બાંધ્યા.

ઊંધે માથે લટકાવી દીધો.

ઉપરથી સટાસટ સોટીઓ મારી.

પેમાભાઇ સીસકારા કરીને રહી ગયા.

સાંજે ઘેર ગયા. બીજા છોકરાઓએ તેની બાને વાત કહી હતી. પેમો ધીરે પગલે ઘેર ગયો. પાટી મૂકી દીધી. જાણે કે કંઇ બન્યું જ નથી, બા, રમવા જાઉં છું. એમ કહીને રમવા ચાલ્યો. બાએ તેને બાથમાં લઇ લીધો. ટપ, ટપ, ટપ આંસુ ખરી પડયાં. વહાલથી બા બોલીઃ દીકરા! આવો માર ખાય છે છતાં ભણતો કેમ નથી?

પેમો બોલ્યોઃ બા! મને ભણતાં આવડતું જ નથી. મને ભણતાં નહિં આવડે. બીજું ગમે તે કામ કરૂં.

એક હતા શેઠ.

એમનું નામ જેરામ શિવજી.

કચ્છમાં મુંદરા ગામ છે. ત્યાં એમની વખાર હતી. પેમાને સાથે લીધો અને બા જેરામ શેઠ પાસે ગઇ.

આંખમાં આંસુ આવી ગયા અને બોલીઃ શેઠજી, સાત જન્મ તમારો ઉપકાર નહિં ભૂલું. મારા આ છોકરાને સુધારો.

જેરામ શેઠે બધી વાત જાણી કે પેમાભાઇ રખડેલ છે. ભણવાનું એને ગમતું નથી, તો એને ગમે એવું કામ આપીએ. આમ વિચારીને શેઠે કહ્યું : કાલથી પેમાને અહીં મોકલજો.

પેમો શેઠની વખારે જવા માંડયો.

શેઠે પેમાને જુદા જુદા કામ બતાવ્યાં. કામ બતાવે તે પેમો કરી લે. શેઠ સમજી ગયા કે છોકરો ખોટો નથી. પણ તેને ભણવાનું ગમતું નથી. મહેનતનું કોઇ કામ હોંશથી કરે છે.

આફ્રિકામાં જંગબારનો દેશ.

ત્યાં હબસી લોકો રહે.

જંગલમાં જેરામ શેઠની પેઢી હતી. લાખો રૂપિયાનો માલ જંગબારમાં લઇ જાય અને લાખો રૂપિયાનો માલ આપણા દેશમાં લઇ આવે. એક વહાણ જંગબાર જતું હતું. પેમાને તે વહાણમાં બેસાડી દીધો. પેઢીના મુનિમને લખ્યું કે આ છોકરો હાડકાંનો કઠણ છે અને મનનો ચોખ્ખો છે. માટે એવું જ કામ એને આપજો. પ્રેમજીને જંગબાર મોકલ્યો. વહાણમાં બેસાડયો. એની બાની આંખમાં આંસુ આવી ગયા એકનો એક દીકરો હજારો ગાઉ દૂર જાય છે, પણ પ્રેમજીની આંખો હસતી થઇ ગઇ. એને મજા થઇ કે આફ્રિકામાં મજા કરીશું. વહાણ દૂર દૂર સાગરના પાણી ઉછળે છે. દેશનો કિનારો જવા માંડયો. છેવટે ચારે બાજુ પાણી જ પાણી અને ઉપર આકાશ. પ્રેમજીભાઇને તો ખરેખરી મજા પડી. ઘોર અંધારી રાતે વહાણ પર ફરવી નીકળે, ચોકીદાર જોડે બેસી જાય અને ગપ્પાં મારે.

આફ્રિકા પહોંચી ગયા.

પ્રેમજીભાઇના આનંદનો પાર રહ્યો નહિં. ચારેકોર ડુંગરા, વન, ખીણો અને કોતરો છે. જંગબારમાં કાળા હબસી જેવા લોકો છે. ઝુંપડાં જેવા ઘર બનાવે છે તેમાં રહે છે અને દસ-બાર ગામનો એક સરદાર હોય. એ ફાવે તેમ કરે, પણ જંગબારના સુલતાન હતાં. બધા સરદારો સુલતાનની આજ્ઞા માને.

કચ્છ અને સૌરાષ્ટ્રના વેપારીઓ જંગબારમાં વસી ગયા છે. બધો વેપાર કચ્છ- સૌરાષ્ટ્રના વેપારીઓના હાથમાં છે. તેમાં જેરામ શિવજીની પેઢી મોટી હતી. તેના વડા લધાભા હતાં. આ લધાભાનું મોટું માન હતું. જંગબારના સુલતાન, લધાભાને ઘણું માન આપતાં હતાં. લધાભા ભારે ઠાઠથી રહેતાં. મોટા વેપારી હતાં. ઘણો વેપાર કરતાં પણ એથીય જબરા શૂરવીર હતાં. એ જૂનો સમય હતો. આરબ સોદાગરો અને દરિયાઇ લૂંટારાઓ ટોળી ફરતી. જંગબારના સુલતાનને ડરાવી જાય એવા ડાકૂઓ પણ લધાભાથી ડરતા રહેતાં.

લધાભા બેઠા હતાં.

દેશમાંથી આવેલા બધા ત્યાં ગયા. બધાને લધાભાએ બેસાડયા. પ્રેમજી પણ બેઠો. બધાથી પહેલો એને જ બોલાવ્યો. પંદર વરસનો છોકરો કચ્છથી આવે એ નવાઇની વાત હતી. કચ્છથી વહાણમાં સફર કરવી પડે. સાહસી અને શૂરા માણસો જ આવી સફર કરે. આ પંદર વરસનો છોકરો કચ્છથી આફ્રિકા આવે એ નવાઇ જેવું લાગે.

લધાભાએ પહેલાં પ્રેમજીને જ બોલાવ્યો અને પૂછયું : શું તારૂં નામ?

પ્રેમજીએ નામ કહ્યું.

લધાભા કહેઃ કેટલું ભણ્યો છો?

પ્રેમજી કહે : કંઇ નહિં.

લધાભા કહે : શું કામ કરીશ?

પ્રેમજી કહે : જે આપો તે.

લધાભાએ પ્રેમજીને પેઢી પર મૂકી દીધો. મુનીમને કહી દીધું કે આ છોકરાને ગમે તે કામ આપજો.

પેઢીમાં ચોકીદાર, મજૂર, મહેતાજી અને મુનીમ હતાં. એ બધા પ્રેમજીને કામ બતાવવા માંડયા. પ્રેમજી દોડી દોડીને કામ કરે છે. ગમે તે કામ બતાવો તો ના બોલે નહિં. પેઢીનો ચોકીદાર પણ તેને કહેશે કે છોકરા! મને પાણી આપ. તો પ્રેમજી પાણી લાવી આપે.

છ મહિના વીતી ગયા. લધાભાએ મુનીમને પૂછયું : પેલો છોકરો કેવો છે?

મુનીમ કહે : જે બતાવીએ તે કામ કરે છે.

લધાભા કહે : ગરીબડો છે કે શું?

મુનીમ કહે : ના, છે બાજંદો, પણ આળસુ નથી.

લધાભા કહે : એને મારી પાસે મોકલો.

લધાભા સાથે પ્રેમજી રહેવા માંડયો. લધાભા જે કામ બતાવે તે પ્રેમજી કરે છે.

લધાભાએ જાણ્યું કે છોકરો કામનો ચોર નથી. કામથી કંટાળતો નથી.

મહેનતું હોય અને કામથી કંટાળે નહિં. તે ઉન્નતિની પહેલી નિશાની છે. લધાભાએ વિચાર કર્યો કે ઉન્નતિની બીજી નિશાની પ્રેમજીમાં છે કે નહિં તે જોઇ લઉં.

લધાભાએ સોનામહોરની કોથળી પ્રેમજીને આપી અને કહ્યું : પ્રેમજી! લે આ કોથળી. એમાં પચાસ સોનામહોર છે. મેં ગણીને મૂકી છે. અબ્દુલ શરીફની દુકાને જા, એને આ પચાસ સોનામહોર આપીને પાછો આવ.

પ્રેમજીએ કોથળી લીધી અને ચાલ્યો.

લધાભા કહે : પણ જો, કોથળી છોડજે અને સોનામહોર તું જાતે ગણી આપજે. પચાસ સોનામહોર મળી ગઇને? એમ અબ્દુલ શરીફને પૂછજે.

પ્રેમજી કહે : ભલે.

પ્રેમજી ગયો. અબ્દુલ શરીફ એક આરબ વેપારી હતો. તેની દુકાને ગયો. કોથળી છોડી. સોનામહોર ગણી. દસ દસ સોનામહોરની પાંચ ઢગલી થવી જોઇએ. તેને બદલે છ ઢગલી થઇ. એટલે તો સાઠ સોનામહોર થાય. પ્રેમજીએ ફરી દસ દસ સોનામહોર ગણી. તેણે ફરીને ઢગલીઓ ગણી તો છ થઇ. પ્રેમજી વિચારમાં પડયો કે અબ્દુલ શરીફને પચાસ સોનામહોર આપવાની છે. કોથળીમાં સાઠ સોનામહોર નીકળી.

પ્રેમજીએ પાંચ ઢગલી અબ્દુલ શરીફને આપી દીધી. દસ સોનામહોર પાછી થેલીમાં મૂકી. પાછો ગયો ને લધાભાને થેલી આપી.

લધાભા કહેઃ અલ્યા! આ સોનામહોર પાછી કેમ લાવ્યો?

પ્રેમજી કહે : એટલી વધારે હતી.

લધાભા સમજી ગયા કે ઉન્નતિની બીજી નિશાની પ્રમાણિકતા છે. મહેનત અને સચ્ચાઇ આ બે ગુણો જેનામાં હોય તે ભિખારીમાંથી પ્રધાન થઇ શકે અને આળસુ અને જૂઠો હોય તે પ્રધાનમાંથી ભટકતો ભિખારી બને છે.

પ્રેમજીમાં આ બે વાત પહેલી હતી.

લધાભાએ મુનીમને કહ્યું : ઉઘરાણીનું કામ પ્રેમજીને આપો.

મુનીમ કહે : એ શું બોલ્યા? પ્રેમજી અભણ છે. દસ દસ રૂપિયાની ઢગલી કરે છે, ત્યારે સો રૂપિયા ગણી શકે છે.

લધાભા કહેઃ ગણતાં ભલે ન આવડે, પણ બેના ત્રણ અને ત્રણના એક એ કરતો નથી ને? એ મહેનતુ છે અને સાહસી છે. આ ત્રણ ગુણ જેનામાં હોય તે માણસ બધાં કામ કરી શકે છે. નહિં આવડતું હોય તે એની મેળે શીખી લેશે.

વાત સાચી નીકળી.

પ્રેમજી અઢાર વરસનો જુવાન થયો. સાથે બે સીદી ચોકીદાર લે અને ઉઘરાણી કરવા જાય. કોઇ સરદારને મળે અને માલ લઇ આવે. કોઇ ગુંડોય હોય, માલ લઇ જાય અને પૈસા આપે નહિં, તો પ્રેમજી તેની પાસેથી પૈસા વસુલ કરી આવે.

*(ક્રમશઃ)*

લબ્ધિ વાર્તા વિહાર

# રાજવી કુણાલ

પ્રવચનકાર :- પૂ.આ. ભગવંત શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મ.  સંકલન :- પૂ. આ. શ્રી પુણ્યાનંદ સૂરીશ્વરજી મ.

પાટલી પુત્રના રાજા અશોકને કુણાલ નામે એક પુત્ર હતો. રાજાને તેના ઉપર અત્યન્ત સ્નેહ હોવાથી, રાજાએ તેને બાળપણથી જ ઉજ્જયિની નગરી આપી દઈને, ત્યાં રાખ્યો હતો. પોતાને અત્યન્ત સ્નેહ હોવાથી જ તેને દૂર રાખવાનું કારણ એ હતું કે - અપર માતા દ્વારા મારો આ પુત્ર કોઈપણ પ્રકારના પરાભવને પામે નહિ, એવી રાજાની હાર્દિક ઇચ્છા હતી.

કુણાલને પોતાથી દૂર રાખવા છતાં પણ, કુણાલના પાલન આદિની રાજાએ ઘણી જ સુવ્યવસ્થા કરી હતી અને પોતે નિરંતર તેની ખબર મંગાવ્યા કરતો હતો.

એક વાર એવું બન્યું કે - કુમાર કુણાલ જ્યારે આઠ વર્ષની ઉમ્મરનો થયો, ત્યારે તેને વિશિષ્ટ પ્રકારે ભણાવવાનો પ્રબંધ કરવા સંબંધી ખાસ સૂચના, પોતાના ત્યાં રાખેલ પ્રધાનોને લખી મોકલવાની, રાજાઓ ઈચ્છા થઈ. ઈચ્છા થતાંની સાથે જ, રાજાએ તે સંબંધી પત્ર લખ્યો. રાજા પત્ર લખી રહ્યો, એટલામાં જ કોઈ એવું અગત્યનું કામ આવી પડયું, કે જેથી તે પત્રને ત્યાં જ મૂકીને રાજા અન્ય કાર્યાર્થે ગયો, કારણ કે- તરત જ તે પાછો ફરવાનો હતો.

રાજાના ગયા બાદ, રાણી તે જગ્યાએ આવી, એ રાણી કુમાર કુણાલની અપર માતા હતી અને હૈયાની અતિશય ક્ષુદ્ર હતી. કુણાલ ઉપરના રાજાના સ્નેહને તે જાણતી હતી અને એ વાતની એના હૈયામાં ભારે ખટક હતી. એ સમજતી હતી કે આ રાજા પોતાનું રાજય કુણાલને જ આપશે, જયારે રાણીની ઈચ્છા એ હતી કે- તેણીના પોતાના પુત્રને રાજય મળે. આ માટે, એ રાણી કુમાર કુણાલના અનિષ્ટની તક જ શોધ્યા કરતી હતી.

રાણીએ ત્યાં આવીને પેલો પત્ર હાથમાં લીધો અને વાંચ્યો. તેણીને વિચાર આવ્યો કે 'એક તો કુણાલ ઘણો રૂપાળો છે અને આ રીતિએ તે ભણશે એટલે તો રાજા એને જ રાજય આપશે' રાણીને પોતાની આશાની ઈમારત સાવ જમીનદોસ્ત થઇ જતી લાગી. એથી ઈર્ષ્યાના ઝેરવાળી તે ક્રૂર બની ગઇ. ભવિતવ્યતાના યોગે તેણીને પોતાની ઈચ્છાને સફલ કરવાની બુદ્ધિ પણ સુઝી આવી. તેણીએ વિચાર્યું કે 'રાજાએ આ પત્રમાં કુણાલને ભણાવવાનું સૂચન કરવાને માટે જે 'अधीयताम्' એવું પદ લખ્યું છે, એ પદમાંના 'अ' અક્ષર ઉપર જો હું માત્ર એક મીંડુ જ ઉમેરી દઉં, તો કદાચ મારી ધારણા પાર પડે. એમ કરવાથી, 'अधीयताम्' ને 'अंधीयताम्' પદ બને અને જો પ્રધાનો રાજાની આજ્ઞાને તરત અમલ કરી દે, તો તેઓ કુમારને ભણાવવાને બદલે આંધળો બનાવી દે. કુણાલને આંધળો બનાવી દીધા પછી તો ભલેને જે બનવું હોય તે બને, પણ આંધળાને આ રાજા રાજય તો આપી શકે જ નહિં અને એથી મારા પુત્રને અનાયાસે જ રાજ્યની ગાદી મળી જાય.'

આવો વિચાર કરીને તેણીએ એ પત્રમાંના 'अधीयताम्' પદમાંના 'अ' અક્ષર ઉપર મીંડું વધારી દીધું અને એ પત્રને જેવો હતો તેવો જ બીડેલો ત્યાં મૂકીને, રાણી અંદર ના ભાગમાં ચાલી ગઈ. સ્વાર્થાન્ધો જેટલું ન કરે, તેટલું ઓછું જ ગણાય.

તરત જ રાજા પાછો ફર્યો. રાજાએ પત્રને ખોલીને ફરીથી વાંચ્યો નહિં. પોતાના અતિ વિશ્વાસુ માણસની સાથે રાજાએ તે પત્રને ઉજ્જયિનીમાં રહેલા પોતાના પ્રધાનો ઉપર રવાના કરી દીધો.

**કાગળને વાંચ્યા વિના રવાના કરવો નહિ :**

કાગળને મોકલતાં પહેલાં, ફરીથી બરાબર વાંચી જવો જોઈએ, વિચારી જવો જોઈએ નહિંતર કોઈ વાર મોટો અનર્થ નિપજી જાય છે. ઘણાંઓને કાગળ વિગેરે લખ્યા પછીથી, તેને રવાના કરતાં પહેલાં, ફરી બરાબર વાંચી જવાની ટેવ હોતી નથી. કાગળને લખીને પૂરો કર્યો કે તરત જ તેને રવાના કરી દેવાની ટેવાની

હોય, એમાં કોઇ વાર ગોટાળો થઇ જવાનો સંભવ રહેલો છે. એક માણસ પોતાની સ્ત્રીને કાગળ લખી રહ્યો હતો. તે વખતે ઉપરથી એક ચકલી ચરકી ગઇ. એથી એ ભાઇ સાહેબનો મિજાજ ગયો. એકદમ બરાડી ઉઠ્યો કે - 'રાંડ! જો તૂં મારી પાસે હોત, તો હું તારી ટાંગ તોડી નાખત' ચકલીને ઉદ્દેશીને બોલાએલા આવા શબ્દો, એ માણસે આવેશમાં ને આવેશમાં પોતાની પત્ની ઉપરના પત્રમાં પણ લખી દીધા, કારણ કે એ વખતે એના હૈયામાં એ પ્રકારનો ભાવ હતો અને એથી ભૂલ થઇ ગઇ. કાગળ પૂરો લખી રહીને તેણે વગર વાંચ્યે રવાના પણ કરી દીધો. એ કાગળને વાંચીને બાઇ બિચારી તો ગભરાઈ જ ગઇ. એ સાસરે જવાનો વિચાર કરતી હતી, તે વિચારને એણે માંડી વાળ્યો. એને થયું કે- 'જો હું જઇશ ને મારો ભાયડો મારી ટાંગ તોડી નાખશે, તો હું તો જન્મારાની લંગડી થઇશ. માટે હવે તો ત્યાં જવું નથી ને જવાબેય લખવો નથી' એમ બે વર્ષ નીકળી ગયા. ભાઇ સાહેબને બે વર્ષો સુધી હાથે રોટલા કૂટી ખાવા પડયા. પછી કંટાળીને એ જાતે તેડવા ગયો, ત્યારે રૂબરૂમાં બધો ખુલાસો થયો અને બાઇ ઘરે આવી. એ માણસે જો પોતાના લખેલા કાગળને ફરીથી વાંચ્યો હોત અથવા તો બાઇએ જવાબ લઇને કાંઇક પણ ઇશારો કર્યો હોત, તો એ બંનેને બે વર્ષનો વિરહ વેઠવો પડત નહિં, સામાન્ય ભૂલમાં બે ય દુઃખી થયાં. ભાઇને બાઇનો ખપ હતો અને બાઇને ભાઇનો ખપ હતો, એક-બીજા વિના એક-બીજાને ફાવતું નહોતું, છતાં પણ નહિં જેવી બાબતમાં એવું બન્યું. આનું નામ ભવિતવ્યતાની બલવત્તા.

**કુણાલે પિતૃભકિતવશ કરેલું સાહસ :**

રાજા અશોકે પણ જો પોતાના પત્રને રવાના કરતાં પહેલાં વાંચી લીધો હોત, તો એ પત્રથી જે પરિણામ આવ્યું, તેવું વિષમ પરિણામ આવવા પામત નહિં. પરિણામમાં કુમાર કુણાલ સદાને માટે અન્ધ બનવા છતાંય, તેની અપર માતાની મનોભાવના ફળી નથી અને સુયુકિતથી કુણાલે મોટી ઉંમરનો થયા બાદ પોતાના પુત્રને માટે રાજય પોતાના પિતાની પાસેથી જ મેળવ્યું છે, પણ વિષમ પરિણામ આવ્યું, એનો તો કોઇથી ય ઇન્કાર થઇ શકે તેમ નથી.

પ્રધાન પાસે રાજાનો પત્ર પહોંચતાં, તેને વાંચીને તો તેના હોંશકોશ ઉડી ગયા. તેની આંખોમાંથી અશ્રુઓ સરવા માંડયા.

એજ વખતે કુણાલ ત્યાં આવી પહોંચ્યો. પ્રધાનને રડતાં જોઇને એ મુંઝાયો. વિચક્ષણ એવા તેણે ત્યાં પડેલા રાજાના પત્રને ઉઠાવી લીધો અને વાંચી લીધો.

હવે એ કુમાર કેવો પિતૃભક્ત છે અને સત્ત્વશીલ છે? તે જૂઓ. એ પત્રને વાંચીને કુણાલ વિચાર કરે છે કે- પિતાજીની કોઇપણ આજ્ઞાનો ભંગ મેં કર્યો નથી, પણ મારાથી પિતાજીની આજ્ઞાનો ભંગ અજાણતાં થઇ ગયો હશે, એમ આ પત્ર ઉપરથી લાગે છે નહિંતર એકાન્તે મારા હિતની જ ચિન્તા કરનારા મારા પિતા આમ કેમ લખે? મારે તો એમની આજ્ઞાનો અમલ જ કરવો જોઇએ. જે પુત્ર પિતાની આજ્ઞાનો ભંગ કરે, તેને પુત્ર જ કેમ કહેવાય?

કુણાલે પોતાનો વિચાર પ્રધાનને જણાવતાં, થોડોક કાલ વિલંબ કરવાને માટે પ્રધાન વિગેરેએ કુણાલને સમજાવવા માંડયું, આથી કુણાલે કોઇ દુષ્ટ અદષ્ટના વશથી, પોતાના હાથે જ તપાવેલી લોઢાની સળીને પોતાની બંને આંખોમાં આંજી અને એથી તે અન્ધ બન્યો.

કુણાલ પિતૃભક્ત હતો એની ના નથી, પણ આ સ્થલે એક વાત વિચારવા જેવી છે. તેણે જો થોડો કાળ વિલંબ કર્યો હોત, તો એટલા માત્રથી જ પિતૃભક્ત મટી જાત નહીં.

મહાપુરૂષો આવા સાહસનો નિષેધ કરે છે. સહસાત્કારે કોઇ ક્રિયા કરવી તે અવિવેક છે અને અવિવેક એ મોટી આપત્તિનું મૂલ છે. એટલા માટે તો, શાસ્ત્રમાં કહ્યું છે કે- ગુરૂની આજ્ઞાના આરાધક પુરૂષે પણ, જો કોઇ આજ્ઞા વિશેષના પાલનમાં અશુભ ભાસે જણાય, તો તે આજ્ઞાનું તત્કાલ પાલન નહિં કરતાં કાળક્ષેપ કરવો. ત્રણ વખત આદેશ આવવાની અપેક્ષા પર્યન્ત એની મર્યાદા છે. ક્ષણનો વિલંબ કરવાથી પહોર મળે છે, પહોરનો વિલંબ કરવાથી દિવસ મળે છે અને દિવસનો વિલંબ કરવાથી વિશેષ કાળ મળે છે. એ રીતિએ કાળક્ષેપ કરવો એ ઉચિત છે, પણ કુણાલને પોતાના પૂર્વભવમાં કરેલું કર્મ એ રીતિએ ભોગવવાનું ભાવિ નિર્મિત થયેલું હશે, માટે કુણાલે કાલક્ષેપ નહિં કરતાં સાહસ કર્યું.

# સંકલ્પાત્ સિદ્ધિ

સંકલ્પનો મહિમા ઘણો ગવાય છે.

સંકલ્પને જેટલો વધુને વધુ ઘુંટવામાં આવે તેમ તેની એની શક્તિ ઘણી પ્રગાઢ બનતી હોય છે.

સાદી પીપર કરતાં ચોસઠ પીપર ઘુંટેલી પીપરનો મહિમા આયુર્વેદમાં વિશેષ વર્ણવ્યો છે.

સો વર્ષ પહેલાં અમેરિકામાં એક પ્રખ્યાત અભિનેતા થઇ ગયો. ચાર્લ્સ કાલગન એનું નામ.

એની નાટક મંડળી બહુ વખણાતી.

ચાર્લ્સનો અભિનય બહુ અસરકારક હતો. એ પરણેલો નહોતો. પૈસા મેળવવાની વિશેષ ધુન પણ એના માથા ઉપર સવાર ન હતી.

લોકોનું મનોરંજન કરવું એનું મુખ્ય લક્ષ્ય હતું.

અને દુનિયા તો આવા મનોરંજક અભિનેતા પાછળ ગાંડી બનતી જ હોય છે. ચાર્લ્સના હજારો પ્રશંસકો... ઠેર ઠેર માન- સન્માન અને હારતોરા થતાં.

ચાર્લ્સ પોતે કેનેડાના પ્રિન્સ ટાપુનો હતો અને એને પોતાની માતૃભૂમિ પ્રત્યે ખૂબ લગાવ હતો.

એ એના ચાહકોને હંમેશા એક વાત કરતો કે હું જયારે મરી જાઉં ત્યારે મને મારા માદરે વતનમાં દફનાવજો.

નાટક મંડળી લઇને ચાર્લ્સ બોગીમાં બેસીને હજારો કીલોમીટર દૂર સુધી જતો, પણ એની માતૃભૂમિ હંમેશા યાદ રહેતી. એ વારંવાર કહેતો મારી જન્મભૂમિમાં જ મારા અંતિમ સંસ્કારો કરજો.

કહેવત છે કે મહેમાન અને મોત કયારે આવીને ઉભા રહે તેની કોઇને ખબર પડતી નથી.

ટેકસાસના એક બંદર ઉપર નાટક ચાલુ હતું. ચાર્લ્સ એનો અભિનય એકાગ્ર બની કરી રહ્યો હતો... ત્યાં જ હૃદયરોગનો તીવ્ર હુમલો આવ્યો.

ચાર્લ્સ કાલગન ઢળી પડ્યો.

પ્રેક્ષકોમાં સન્નાટો છવાઇ ગયો.

ચાર્લ્સના ચાહકોનો વિશાળ વર્ગ એકઠો થઇ ગયો. ચાર્લ્સની ઇચ્છાની બધાને જાણ હતી. પણ કયાં ટેકસાસ અને કયાં કેનેડાનો પ્રિન્સ ટાપુ! હજારો કીલોમીટર દૂર હતી ચાર્લ્સની જન્મભૂમિ. તે કાળે એવી વિમાન સેવા પણ નહોતી.

પોતાના પ્યારા અભિનેતાની અંતિમ ઇચ્છા પૂરી કરી શકાય એવી કશી શકયતા ન જણાઇ ત્યારે ટેકસાસના દરિયાકાંઠે જ એને દફનાવવાનો નિર્ણય લેવાયો. ચાંદીના પતરાવાળા સુંદર કોફીનમાં ચાર્લ્સના મૃતદેહને મુકવામાં આવ્યો. એના ઉપર સોનેરી અક્ષરે લખાણ કરવામાં આવ્યું : 'અહીં અમેરિકાનો જાણીતો અભિનેતા ચાર્લ્સ કાલગન સૂતો છે. જેણે જીવનની છેલ્લી પળ સુધી જગતને મનોરંજન આપ્યું છે.'

દરિયાકાંઠે આવેલા વિશાળ કબ્રસ્તાનમાં એક સ્થળે ભારે દબદબાપૂર્વક એના ચાહકોએ અંતિમ વિધિ કરી. ભારે હૈયે સહુ વિખરાયા. પોતાના લાડીલા અભિનેતાને એની જન્મભૂમિમાં દફનાવી ન શકાયો એનો વસવસો બધાના દિલમાં હતો.

આ ઘટનાને થોડા દિવસો માંડ વીત્યા હશે અને ટેકસાસના દરિયા કાંઠે અતિ ભારે વાવઝોડું, વરસાદ, તોફાન આવી ચઢ્યું. વાંભ વાંભ ઉછળતાં દરિયાના મોજા ટાપુ ઉપર ફેલાવા માંડયા.

દરિયાકાંઠે આવેલા કબ્રસ્તાનની દિવાલ તૂટી પડી... જમીન ધોવાઇ ગઇ... અને અનેક કોફીનોને દરિયાલાલ તાણી ગયો. આ તણાઇ ગયેલા કોફીનમાં ચાર્લ્સ-કાલગનનું કોફીન પણ હતું.

પણ, આશ્ચર્ય એ વાતનું હતું કે- દરિયાના

મોજાઓ જે રીતે પાછા ફર્યા અને જે રીતનું હવામાન હતું તે પ્રમાણે મોટાભાગના કોફીનો તણાતા તણાતાં વેસ્ટઈંડીઝ તરફ વહી ગયા....

જયારે ચાર્લ્સ કાલગનના કોફીને સાવ જુદો જ માર્ગ પસંદ કર્યો. એ કોફીન આટલાંટીક મહાસાગરના ગલ્ફમાં સામે પ્રવાહે ખેંચાતું ખેંચાતું અખાતમાં ઉત્તર કેનેડાના હડસનના અખાતમાં આગળ વધ્યું. શરૂઆતના કોઈ બેટ ઉપર ન રોકાતું એ કોફીન દસ મહિનાની લાંબી દરિયાઈ મુસાફરીના અંતે ચાર્લ્સ કાલગનના માદરે વતન પ્રિન્સ ટાપુ ઉપર જઈ પહોંચ્યું.

સવારે જયારે કાંઠા ઉપર તણાઈ આવેલું કોફીન જોયું ત્યારે માછીમારોએ એને ખેંચીને જમીન ઉપર આણ્યું. ચાંદી ઉપર મોટા સોનેરી અક્ષરોમાં લખાણ વાંચ્યું. 'અહીં મહાન અભિનેતા ચાર્લ્સ કાલગન સૂતો છે...'

અરે! આ તો આપણા ચાર્લ્સનું કોફીન ! જેણે આખી દુનિયામાં ડંકો વગાડ્યો! જેણે માતૃભૂમિને કદી વિસારી નથી... હજારો વખતે જેણે માતૃભૂમિમાં પોતાના દફનાવવાની પોતાના ઈચ્છા પ્રગટ કરેલી..! જે કામ એના ચાહકો ના કરી શકયા તે કામ કુદરતે કરી દીધું!

હજારો લોકોએ ભેગા મળી, ચાર્લ્સના કોફીનનો અંતિમવિધિ એના વતનની ભૂમિમાં કર્યો ત્યારે સૌના હૈયે એક જ વાત રમતી હતી... ચાર્લ્સનો સંકલ્પ સિદ્ધિને વર્યો... ભાગ્યશાળી માણસ કહેવાય! કુદરત પણ જેના સંકલ્પને સિદ્ધ કરવા સહાય કરે... કેવો ચમત્કાર કહેવાય!

હંમેશા શુભ સંકલ્પો કરતા રહીએ... એને ઘુંટતા રહીએ... આઠ વરસની વયમાં આવતા ભવે દીક્ષા લેવાની ભાવનાને આજથી જ ઘુંટવા માંડીએ... શ્રી વજસ્વામિને યાદ કરીએ.

*(પ્રસંગ કલ્પલત્તામાંથી)*

*-પૂ. આ. ચંદ્રશેખરવિજયજી મ.સા*

## કોરા કાગળિયા

એક માણસ હતો. ખૂબ બુદ્ધિમાન. દિનભર મહેનત કરી પરીશ્રમ કરી કમાણી કરી. આખા જીવનની કમાણીમાંથી જે પૈસા બચ્યા તે તીજોરીના અલગ અલગ ખાનામાં સોનુ, ચાંદી, મણી, માણેક, મોતી આદિ મૂકયા. એક ખાનામાં કોરા કાગળિયાં મુકેલા હતાં તેમાંના એક કાગળ ઉપર સારીયે મિલ્કતનો સરવાળો હતો. નવરાશના સમયે કાગળ કાઢી વાંચતો અને મલકાતો.

એક દિવસ મકાનમાં આગ લાગી. ભડભડ મકાન બળવા લાગ્યું. ચારેય કોર અગ્નિની જવાલા ફેલાવા લાગી. કાળા ધુમાડાના ગોટાઓથી મકાન આખું ઘેરાઈ ગયું. એ માણસને વિચાર આવ્યો મકાન તો બચી શકે એમ લાગતું નથી. લાવ, તિજોરીને બચાવું, એટલે ઉતાવળો હાંફળો-ફાંફળો, ગભરાતો ગભરાતો તીજોરી પાસે ગયો, ચાવી લગાવી તીજોરી ખોલી ન ખોલી ત્યાં અગનજવાલા પોતાના તરફ આવી દેખાઈ.

નજીક આવતી અગ્નિની લાયથી એ ગભરાયો. જે હાથમાં આવે તે લઈને નીકળી જાઉં, એમ મનમાં વિચારી ખાનું ખોલી જે હાથમાં આવ્યું તે લઈને નાઠો.

તમાશો જોવા આવેલા લોકોએ શેઠની હિંમતને આવકારીને પૂછયું શેઠ- શેઠ શું લાવ્યા? શેઠ બોલ્યા, 'મારા જીવનની કમાઈ.'

શેઠના હાથમાં રહેલા કોરા કાગળિયા જોઈ લોકો હસવા લાગ્યા. શેઠ કયાં છે કમાઈ? અરે, ભલા આદમી, જો ને આ રહી મારી કમાઈ.

વાહ રે વાહ, તારી કમાઈ, શું આખી જીંદગીમાં આ જ કમાયો?

ભાઈઓ, આહાર કરી શરીર બનાવ્યું, ઘણાં ધમપછાડા કર્યા, ઘણું ભેગું કર્યું પરંતુ જયારે શરીરરૂપી મકાનમાંથી ભાગવું પડશે ત્યારે તારા હાથમાં કોરા કાગળિયાં ન આવી જાય તેની સાવચેતી રાખજે.

-પ્રજ્ઞાવિ

શ્રી આદિ - શાંતિ - પાર્શ્વ - સુમતિ - મુનિસુવ્રત સ્વામિને નમો નમઃ

કોટી કોટી વંદના

# જૈન શાસનમાં ગગનમાં વિહરતા સૂર્ય- ચંદ્ર સમા દિપાયમાન 'આચાર્ય ભગવંત શ્રી હિમાંશુસૂરી મ. તથા આચાર્ય ભગવંત નરરત્નસૂરી મહારાજાને'

જૈન શાસનના ગગનમાં **તપધર્મ**નું ખૂબ જ મહત્ત્વ છે. આઠ પ્રભાવકમાં પાંચમો **તપપ્રભાવક** કહેલ છે. નવપદજીમાંના પદમાં છેલ્લા તપનું મહત્વ ખૂબ જ છે. શોભાયાત્રામાં છેલ્લે રથનું મહત્ત્વ છે તેથી જૈન જલયાત્રાને રથયાત્રા કહેવાય છે. ધર્મના સ્વરૂપમાં અહિંસા, સંયમ અને તપ છેલ્લો કહ્યો છે. પરંતુ લગ્નના ફેરામાં જેમ છેલ્લા ફેરાનું મહત્ત્વ છે તેમ ધર્મના સ્વરૂપમાં તપનું ખૂબ ખૂબ મહત્ત્વ છે.

જૈન શાસનમાં કોઈપણ આચારનું કે વિરાધનાનું પ્રાયશ્ચિત **તપથી** જ થાય છે. જેમ જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્ર્યચાર, તપાચાર અને વિર્યોચારની ભૂલનું પ્રાયશ્ચિત તપથી અપાય છે.

તીર્થંકર ભગવંત પણ દિક્ષા લઈને પ્રથમ **'તપધર્મ'** આદરે છે. બાહ્ય જગતમાં બાર પ્રકારના તપધર્મમાં તપ ધર્મની જે આરાધના કરતો નથી તે હેરાન થાય છે.

ડોકટરો તથા વૈદ્યો શરીરની ભૂલોની શુદ્ધિ માટે અઠવાડિક લાંઘન કરવાનું જણાવે છે, તેમ જૈન શાસનમાં આત્માની શુદ્ધિ માટે પાક્ષિક આલોચના ઉપવાસથી કહેલ છે. જૈન શાસનમાં પાંચ તિથિ ઉપવાસ કરનારા હોય છે.

જ્ઞાનાચારથી આરાધનાથી મગજ અને બુદ્ધિની શુદ્ધિ થાય છે. દર્શનાચારની આરાધનાથી ઈન્દ્રિયની શુદ્ધિ થાય, ચારિત્ર્યાચારની આરાધનાથી અંગોપાંગની શુદ્ધિ થાય છે, તપાચારની આરાધનાથી શરીરની તેમજ શરીરમાં રહેલ ધાતુઓની શુદ્ધિ થાય છે. વીર્યાચારથી આત્માની શુદ્ધિ થાય છે. આવા તપધર્મની સાક્ષાતમૂર્તિ સમાન 'આચાર્ય ભગવંત હિમાંશુ સૂરીશ્વરજી મહારાજાની' જીવનચર્યાથી જાણવા મલે છે. તેઓ હજારોના તારણહાર એવા 'આચાર્ય ભગવંત રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજા પાસે ગ્રહણ શિક્ષા અને સાક્ષાત ચારિત્ર્યમૂર્તિ પૂ. આચાર્ય ભગવંત પ્રેમ સૂરીશ્વરજી મહારાજ પાસે આસેવન શિક્ષણ ગ્રહણ કરી હતી.

આ. ભગવંત હિમાંશુસૂરી મ.એ દીક્ષા લઈ એમનાં રોમેરોમમાં, નસે નસમાં અને લોહીના એક-એક બુંદમાં તપધર્મ લખાઈ ગયો હતો કે કોતરાઈ ગયો હતો. અરે જડબેસલાક એક એક શબ્દ વાક્યએ તપધર્મ અંકાઈ ગયો હતો.

જે મહાપુરૂષે જીવનમાં **'બાર હજાર આયંબિલ તથા પાંચ હજાર ઉપવાસ'** તપ કરેલ, નિર્દોષ ગોચરીના પ્રચંડ ગવેષક અને આચારની ચૂસ્તતાના સબળ પ્રબંધક હતાં.

અરે આચાર્ય પદવી પછી પણ જાતે ઉપધિ ઉપાડી છે. ભયંકર ગર્મીમાં પણ તરસ લાગતાં લાવેલું પાણી વાપરતા નહિં. તેઓ પૂર્વના મહર્ષિઓની યાદ અપાવનાર હતાં. જે વસ્તુ આહારની નિર્દોષ મળે, એકલું ઘી, એકલું દૂધ તો તેનાથી જ તેઓ તપનું પારણું કરતાં હતાં. તેઓ ફકત તપ કરતાં નહિં પરંતુ તપસુદ્ધાં કરાવતાં અને તપસ્વની કાળજી, ભકિત અને તપસ્વી પ્રત્યે વાત્સલ્યપણું ઉચ્ચ કોટિનું જાળવી શકતાં હતાં. મેં તેમની નિશ્રામાં બાર મહિનામાં સાડા ત્રણ માસ ક્ષમણ કર્યા હતાં. બીજી તપસ્યા તે પહેલાં છ મહિનામાં કરાવી હતી.

તેમની ભગવતીના જોગમાં એક ભાવુક વિહારમાં સાથે હતો. તેમની પાસે પાકું મીઠુ (બલવણ) હતું અને તેમની ગોચરી લાવવાનો સંઘટ્ટામાં હું લાભ લેતો હતો. એકવાર બલવણની જરૂર પડી અને નજીકમાં ઘર

હોવાથી તે ભાવુક પાસે બળવણ મંગાવ્યુ અને લાવ્યો, તેમને ખબર પડી ગઈ તેથી તેમણે જણાવ્યું કે હવે તારી લાવેલી ગોચરી મારે વાપરવી નથી, મેં ઘણી જ આજીજી કરી કે કૃપા કરો હવે ફરીથી આવું નહિં બને, ત્યારે મને જણાવેલ કે અપવાદનો ઉપયોગ ના છૂટકે જ કરવાનો કારણ કે અપવાદ પણ ઉસ્સર્ગની સાધના માટે છે.

આવા સાધક તપસ્વી છઠના પારણે આયંબિલની વર્ધમાનતપની લાંબી ઓળી કરે. શત્રુંજય ગિરનાર એમના હૈયામાં વસી ગયેલો.

શ્રી શત્રુંજયની નવ્વાણું કરી ઉપર માસક્ષમણ કરેલ અને તેના પારણે આયંબિલ કરતાં તેમજ ગિરનારજીની નવ્વાણું બાદ માસક્ષમણ પછી પણ પારણું આયંબિલથી કરતાં. આવા મહાપુરૂષ સાથે મારે બાપદીકરા જેવો સંબંધ હતો. મારે કોઈવાર મતભેદ પડતાં પરંતુ મનભેદ હતો નહિં. કોઈ દિવસ તેઓને જયારે સત્ય સમજાઈ જાય પછી નિખાલસપૂર્વક ભૂલ કબુલ કરતાં. સંવત્સરીની સાચી આરાધના કરવા માટે બધા મને મૂકી દેશે તો હું એકલો પણ સાચી જ આરાધના કરીશ. તેઓ આવી સાચી ખુમારીવાળા હતાં. માટે જ આવા મહાપુરૂષને 'હેમવલ્લભ વિજય' જેવા સાચા સાધક વૈયાવચ્ચી નામના કે કામનાથી પર એવા મુનિભગવંત મળી ગયા. જેઓને આજે લાગલગાટ ૨૫૦૦ આયંબિલ લગભગ થવા આવ્યા છે. ખો હિમાંશુસૂરી મહારાજના પડછાયાની માફક તેમની સ રહ્યા હતાં. ધન્ય હિમાંશુ સૂરીશ્વરજીને, ધન્ય તપસ્વી હેમવલ્લભવિજયને!

આચાર્ય હિમાંશુ મ.ના તેમના સંસારી દિકરા આ. નરરત્નસૂરી મહારાજ સરળતા, નમ્રતા, ભકિત વાત્સલ્યતાની સાક્ષાતમૂર્તિ હતાં. પિતા કરતાં પહેલાં દિકરા નરરત્નસૂરી મહારાજે દિક્ષા ગ્રહણ કરેલી હતી. છતાં પણ આચાર્ય પદવીમાં પિતાને મહાન બનાવી પોતે મોટા હોવા છતાં પણ એક અદના સેવકની માફક રહ્યા અને સર્વ કોઈ તેમને અજાતશત્રુ કહેતાં હતાં.

નાનાની પણ નાના બાળકની જેમ સેવા કરતાં. તેઓને જોતાં પુષ્પચૂલાસાધ્વી અને વૈયાવચ્છી નંદીષેણમુનિ યાદ આવતાં.

આચાર્ય હિમાંશુસૂરી મહારાજ અને આચાર્ય નરરત્નસૂરી મહારાજની ભગવાનની ભકિત પણ જોરદાર હતી.

આચાર્ય નરરત્નસૂરી મહારાજ ક્રિયાચુસ્ત હતા. વાણી સુસ્તીને ઉડાવી દે તેવી હતી. આ બંને મહાપુરૂષોનો મારા ઉપર અપ્રતિમ ઉપકાર છે. તેઓને કોટીશ વંદના સાથે.

*(એક મહાત્મા)*

*અપાર સંસાર સાગરનો*
*દુષ્કર છે કિનારો,*
*મઝધારે નૈયા મારી,*
*તું છે એક સહારો,*

# નાસિક નગરે ભવ્ય ઉપધાન

## ઉપધાન કરાવનાર ભાગ્ય શાળીઓ

(૧) શાંતાબેન કેશવલાલ કચરાભાઈ રાકાણી,
(૨) કમલાબેન મોતીલાલ છગનલાલ શાહ,
(૩) શાંતાબેન સુમતીલાલ ચુનીલાલ શાહ,
(૪) સુલસાબેન પોપટલ્લાલ હરિચંદ શાહ,
(૫) સ્નેહલતાબેન નવીનચંદ્ર મણીલાલ શાહ,
(૬) રૂખીબેન કેશવલાલ મગનલાલ શાહ,
(૭) સુભદ્રાબેન મણીલાલ ભોગીલાલ શાહ,
(૮) શાંતાબેન મોતીલાલ હરિચંદ સંઘવી,
(૯) ચમેલીબેન ચતુરલાલ ભીકુશા શાહ,
(૧૦) કમલાબેન સેવંતીલાલ પ્રેમચંદ શાહ,
(૧૧) લીલાબેન બાબુલાલ ભોગીલાલ શાહ,
(૧૨) મંજુલાબેન જીવનલાલ કાલીદાસ મોદી,
(૧૩) કાંતીભાઈ કોઠારી અને સોમચંદભાઈ શાહ,
(૧૪) મંગુબેન ભોગીલાલ ચુનીલાલ શાહ,
(૧૫) ગુલાબબેન મોહનલાલ જીવરાજ સંઘવી.

❖ પૂજયપાદ પરમ ગુરૂદેવ આચાર્યદેવ શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજના પ્રવચન પ્રભાવક શિષ્યો પૂજય મુનિપ્રવર શ્રી મોક્ષરતિ વિજયજી મ.સા. અને પૂજય મુનિપ્રવર શ્રી તત્ત્વદર્શન વિજયજી મ.સા.ની પૂણ્યનિશ્રામાં નાસિક નગરે શ્રી ચિંતામણી પાર્શ્વનાથ શ્વે. મૂ. જૈન સંઘના ઉપક્રમે ભવ્ય ચાર્તુમાસ અને ભવ્યાતિભવ્ય ઉપધાન તપ મંગલમય રીતે પૂર્ણ થયા છે.

❖ જેઠ વદ ૬ ગુરુમંદિરમાં વાજતે ગાજતે પ્રવેશ થયો. પ્રવેશ બાદ સંઘ પૂજન અને સાધર્મિક ભકિત રાખેલ હતી.

❖ અષાઢ સુદ ૧૦ શ્રી સુવિધિનાથ જિનાલય પાસે ઉપાશ્રયમાં ભવ્ય ચાતુર્માસ પ્રવેશ થયો. સામૈયામાં ઉંટ, ઘોડા અને વિશેષ તો ૪૫ આગમને સજાવીને-શણગારીને ગોઠવવામાં આવ્યા હતાં. છેલ્લા કેટલાક વર્ષોની સરખામણીમાં અભૂતપૂર્વ ઉપસ્થિતિ સાથે સ્વાગત પૂર્ણ થયા બાદ હિન્દુ સેવા સમાજના વિશાળ હોલમાં નાના બાળકોના નૃત્ય સાથે સ્વાગત ગીત ગવાયું. પ્રવચન બાદ રૂા...... નું સંઘપૂજન + શ્રીફળની પ્રભાવના અને સકલ સંઘનું સ્વામી વાત્સલ્ય થયું.

❖ પર્યુષણ સુધીના પ્રવચનો રોટરી હોલમાં થતાં હતાં. રોજિંદા પ્રવચનોમાં શરૂઆતથી છેલ્લે સુધી મોટી સંખ્યામાં શ્રોતાઓ ઉપસ્થિત રહેતાં હતાં. નાસિકવાસીઓએ રેગ્યુલર પ્રવચનોમાં આટલી મોટી જનમેદની પહેલીવાર જોઈ. નવા નવા ચહેરાઓ, પ્રવચન - અનુષ્ઠાનમાં દેખાવા લાગ્યા દરરોજ જુદા જુદા ભાગ્યશાળીઓ તરફથી ૫-૫ રૂપિયાનું સંઘપૂજન થતું હતું. યુવાન ભાઈ-બહેનોની સંખ્યા ધ્યાનપાત્ર રહેતી હતી.

❖ પર્યુષણ પર્વ પૂર્વે રોટરી હોલને મંડપ-સ્ટેજ બાંધીને મોટો અને આકર્ષક બનાવી દેવાયો હતો. પર્યુષણ પર્વમાં પણ પ્રવચન દરમિયાન પહેલેથી છેલ્લે સુધી આટલી મોટી સંખ્યા પહેલીવાર થઈ.

❖ પર્યુષણ પર્વમાં વિવિધ તપશ્ચર્યાની સાથે સાથે ચોસઠપહોરી પૌષધ પણ મોટી સંખ્યામાં થયા. વિશેષ સુવિધા ન હોવા છતાં- ૬૦ની સંખ્યામાં ચોસઠપહોરી પૌષધ થયા.

❖ પર્યુષણ દરમિયાન કેટલાક ભાગ્યશાળીઓને ઉપધાન તપ કરાવવાની ભાવના જાગી. તે પ્રમાણે શ્રી વીરજન્મ વાંચનના દિવસે સ્વપ્ન દર્શન પછી ઉપધાન તપની 'જય' બોલાવાઈ. 'જય' બોલાતાંની સાથે આયોજક વૃંદના સભ્ય તરીકે નામ નોંધાવવા પડાપડી થવા લાગી. પંદર ભાગ્યશાળીઓએ ઉપધાનનો સંપૂર્ણ

લાભ લીધો.

❖ નાસિક અને આજુબાજુના વિસ્તારમાં છેલ્લાં સાત વર્ષમાં આઠ ઉપધાન થયા હોવા છતાં ૧૫૫ જેટલી સંખ્યામાં આરાધકો જોડાયા. જેમાં પુરૂષોની સંખ્યા ૫૧ હતી. મોક્ષમાલા પહેરનારા ૧૦૫ આરાધકો હતાં. ૭૫ જેટલા બાલક- બાલિકાઓ અને કુમાર- કુમારિકાઓએ જીવનના આરંભે જ આવું સુંદર અનુષ્ઠાન કરીને વિરાગ- ત્યાગ અને વિરતિ- તપશ્ચર્યાના સંસ્કારોથી આત્માને ભાવિત બનાવ્યો.

❖ ફુલ જેવા માસુમ અને નાજુક ભૂલકાઓએ આવી કઠિન તપશ્ચર્યા હસતાં રમતાં કરીને સૌને આશ્ચર્ય અને આનંદમાં ગરકાવ કરી દીધા. કદી બેસણું પણ નહિં કરનારા બાલુડાઓને ઉપવાસ- આયંબિલ કરતાં જોઈને વડીલોય ઉત્સાહિત થઈ ગયા.

❖ માનો ખોળો ખુંદવાની, રમવાની, ભમવાની અને ચોકલેટ ચગળવાની ઉંમરે ઘર પરિવાર છોડીને, ટી વ્હી... છોડીને, દીવાળીની મોજમસ્તી છોડીને ગુરૂકુલવાસમાં રહીને ત્યાગ- તપશ્ચર્યા કરતાં ટેણિયાઓએ સૌને પ્રભાવિત - અહોભાવિત કરી દીધા.

❖ ઉપધાનના આરંભે જ ટર્મિનલ એકઝામ શરૂ થતી હોવા છતાં સમજુ માતાપિતાઓએ પોતાના લાડલા- લાડલીઓને હોંશે હોંશે ઉપધાનમાં જવાની અનુમતિ આપી.

❖ ક્રિયા- પ્રવચન માટે મહાવીર સોસાયટીમાં 'વિરતિવાટિકા' નામે મંડપ રચવામાં આવ્યો હતો. 'ડાયાબિટિસ' 'બ્લડપ્રેશર' 'હાર્ટ પ્રોબ્લેમ' જેવી બીમારીઓને અને નાદુરસ્ત તબિયતને અવગણીને આવેલા મોટી વયના આરાધકોએ ઢળતી જીંદગીમાં જનમો-જનમનું ભાથું બાંધી લીધું હતું. એક ભાગ્યશાળીએ બાયપાસ સર્જરી પછી પણ આ 'ઉપધાન તપનું' સફળ સાહસ કર્યું. મોટાભાગના આરાધકોએ 'ભવાલોચના' લીધી. પુદ્ગલ વોસિરાવ્યા. વ્રતો ઉચ્ચર્યા.

❖ માલારોપણની બોલી પૂર્વે પૂજ્યશ્રીએ કરેલી પ્રેરણ ઝીલી લઈને ૮૦% આરાધકોએ 'મોક્ષમાલા' પહેરત પૂર્વે બોલીની રકમ સંઘપેઢીમાં જમા કરાવી દીધી હતી પ્રસંગો તો નાસિકમાં ઘણાં ઉજવાયા કરે છે પણ આ પ્રસંગમાં ભાવિકોનો ઉત્સાહ સૌથી અનેરો હતો.

❖ માલારોપણનો અજોડ એવો ઐતિહાસિક વરઘોડ અને મોક્ષમાલા પ્રસંગનો અવિસ્મરણીય ઉત્સા અભૂતપૂર્વ હતો. નાસિકવાસીઓએ અને બહારગામન ભાવિકોએ બંને પ્રસંગોને મનભરીને માણ્યા આયોજકોની ઉદારતા, કાર્યકરોની કુનેહ તપસ્વીઓનો ઉમંગ અને ભાવિકોના ઉત્સાહથી નાસિકના ઈતિહાસમાં નવું સુવર્ણપૃષ્ઠ ઉમેરાયું. બંને દિવસ સકલસંઘ સ્વામી વાત્સલ્ય થયા. મહાપૂજાએ અનેરો રંગ રાખ્યો.

❖ માલારોપણ પ્રસંગ ખરેખર રંગારંગ બની રહ્યો. ભવ્ય મંડપની વચ્ચોવચ મંડપની લંબાઈ જેટલો અને સુશોભિત સ્ટેજની ઉંચાઈ જેટલો પુલ તપસ્વીઓન આગમન માટે બનાવેલો હતો. જનમેદનીના જ જયકારને ઝીલતા તપસ્વીઓ આ પુલ ઉપરથી વાજતે ગાજતે સ્ટેજ ઉપર પધારતાં હતાં. નાસિકન ઢોલત્રાંસા, વીરમગામના ઢોલ શરણાઈ, ડીસાનુ વિખ્યાત ફુલ સાઈઝનું અજંટા બેન્ડ અને સંગીતકા પારસભાઈના દિગંતમાં ગુંજતા સૂરના તાલે નાચત નાચતા મોક્ષમાળા પહેરવા માંગતા તપસ્વીઓ હૃદયંગમ દશ્ય ખડું કરતાં હતાં.

❖ માતબર ઉછામણી બોલીને પહેલી માળાનો લાભ કમલાબેન મોતીલાલ શાહ સિન્નરવાળા પરિવારના અનુજભાઈએ પોતાના ધર્મપત્ની અર્ચનાબેન માટે લીધો. આખું ઉપધાન મૌનવ્રતપૂર્વક પૂર્ણ કરના અર્ચનાબેનની ભાવનાથી-

❖ પૂજ્ય મુનિપ્રવરોએ તેમને 'ૐ પુણ્યાહં પુણ્યા પ્રીયન્તાં પ્રીયન્તાં'ની સંગીતમય ગગનગામી ધૂનના ગુંજારવ વચ્ચે મોક્ષમાલા પહેરાવી હતી... મોટાભાગન

તપસ્વીઓએ પૂજ્ય મુનિપ્રવરોના વરદહસ્તે મોક્ષમાલા પહેરી હતી.

❖ ઉપધાન બાદ, નાસિકના અગ્રણી આરાધક સુશ્રાવક શ્રી માધવજીભાઇ તારાચંદ મહેતાના આત્મશ્રેયાર્થે તેઓશ્રીના પરિવાર તરફથી ઔદાર્યભર્યો ત્રિદિવસીય મહોત્સવ રંગેચંગે ઉજવાયો. તા. ૫, ૬, ૭ ત્રણે દિવસ સવારે- બપોરે- રાત્રે પૂજા-/પૂજન ભાવનાઓમાં ગોરેગામના 'સમકિત ગ્રુપ'ના યુવાનોએ ભકિતની રમઝટ મચાવી. મહાવીર સોસાયટીમાં બંધાયેલ ભવ્ય મંડપમાં પ્રવચનો અને ભકિત પ્રસંગોમાં ભાવિકો ઉમટી પડયા હતાં. ત્રણે દિવસ પ્રભુ વીરને અતિસુંદર અંગરચનાઓ થઇ. અષ્ટપ્રકારી પૂજા, શાંતિસ્નાત્ર અને ખાસ તો છેલ્લે દિવસે થયેલી અતિભવ્ય મહાપૂજાએ ખરેખર રંગ રાખ્યો. શ્રી માધવજીભાઇના જીવન-પ્રસંગને ઉપસાવતી રંગોળીએ અનેરૂં આકર્ષણ જમાવ્યું. મહાપૂજામાં આખી મહાવીર સોસાયટીએ નવો શણગાર સજયો. ભાવિકોએ ઉત્સાહપૂર્વક નવનવી ગહુંલીઓ રચી હતી. પ્રાણપ્યારા પ્રભુવીરને બુકે (પુષ્પગુચ્છ) અર્પણ કર્યા અને ચાર પંકિતમાં અંતરગતની વાતડી લખીને પ્રભુને પત્રરૂપે પ્રેષિત કરી... એક દિવસ સકલસંઘ સ્વામી વાત્સલ્ય થયું. આત્મશ્રેયાર્થે ઉજવાતા વ્યકિતગત કાર્યક્રમોમાં આ કાર્યક્રમ નાસિક ખાતે શિરમોર સમાન બની રહ્યો. શ્રી માધવજીભાઇની આરાધનાની ઉંચાઇને અનુરૂપ આ મહોત્સવે શાસન પ્રભાવનાની ઉંચાઇ સર કરી.

❖ તા. ૮-૧૨-૦૩ શ્રી ચીનુભાઇ પનાચંદ શાહ પરિવારના નવનિર્મિત નિવાસસ્થાન 'કુસુમ' બંગલામાં 'શ્રી સિદ્ધચક્ર મહાપૂજન' ઉજવાયું અને વિશાળ શામિયાણામાં સકલ સંઘ સ્વામી વાત્સલ્ય થયું.

❖ મા.વ.૪ના દિને શ્રી મહાવીર સ્વામી જિનાલયની ૩૬મી વર્ષગાંઠ પ્રસંગે ધ્વજારોહણ બાદ પૂજય મુનિવરોએ અંતિમ પ્રવચન ફરમાવ્યું હતું, ત્યારબાદ સાધર્મિકભકિત થઇ હતી. એ પછી પૂ. મુનિવરોએ જયારે મંગલ વિહાર આરંભ્યો ત્યારે વિશાળ જનમેદની ભીની આંખે પૂજયશ્રીને વળાવવા સાથે આવી હતી.

## શ્રી વલ્કલચીરી કેવલીની દેશના

*(શ્રી ઉપદેશમાલા 'દોઘટ્ટી'માંથી)*

*'હે ભવ્યાત્માઓ! પ્રમાદચેષ્ટાનો ત્યાગ કરીને અતિ મનોહર એવા શ્રી જિન ધર્મનું સેવન કરવામાં સુંદર ઉદ્યમ કરનારા બનો. કલ્પવૃક્ષ મલ્યા પછી નિર્ભાગી તેની પાસે પત્થરવાળું સ્થળ માગે, તેની જેમ મનુષ્યપણું પામીને જે વિષય સુખની ઇચ્છા કરે, તે સ્વર્ગ અને મોક્ષમાર્ગનાં દ્વાર બંધ કરે છે અને ઉત્તમ પ્રકારની ધર્મસામગ્રી ભવિષ્યમાં પામી શકતો નથી. એટલું જ નહિં પણ વિષય સુખમાં આધીન બનેલો અતિતીક્ષ્ણ દુ:ખ સમૂહને ભોગવનારો થાય છે. ભયંકર કાળકૂટ ઝેરના કોળિયા સરખા વિષયોથી સર્યું. દુર્ગતિ- કેદખાનાના દ્વાર સમાન રાજયથી પણ સર્યું. વિજળીના વેગ સમાન ચપળ યુવાની છે, સતત રોગના સંઘાતવાળી નશ્વર કાયા છે, સમુદ્રના કલ્લોલની ચપળતા સમાન ચપળ સ્ત્રીઓ હોય છે. તો શાશ્વત મોક્ષ સુખ સદા આપનાર અને તેના મુખ્ય સાધન સંયમમાં તમારે ઉદ્યમ કરવો જોઇએ. તમારૂં ચિત્ત વ્રતની સાધનામાં જોડવું જોઇએ.*

# અમદાવાદઃ રંગસાગરના આંગણિયે ઉજવાયેલ ભવ્ય જિન ભકિત મહોત્સવ

રંગસાગર (પાલડી): અત્રે પૂજયપાદ તપાગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાના આજ્ઞાવર્તી તપસ્વીરત્ના વાત્સલ્યનિધિ પૂ. સાધ્વીજી શ્રી દેવેન્દ્રશ્રીજી મ.ના સંયમ જીવનની અનુમોદનાર્થે પોષ સુ. પ્ર. ૧૦ તા. ૧-૧-૨૦૦૪થી પોષ વદ ૧ તા. ૮-૧-૨૦૦૪ પર્યંત પાંચ પૂજનો સહિતનો ભવ્ય અષ્ટાહ્નિકા મહોત્સવ શાસન પ્રભાવક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ગુણશીલ સૂરીશ્વરજી મ.સા., પૂ. મુનિરાજ શ્રી કુલશીલ વિજયજી મ., પૂ. મુ. શ્રી હર્ષશીલ વિજયજી મ. આદિની નિશ્રામાં અપૂર્વ ઉલ્લાસ. ઉત્સાહભેર ઉજવાયો. પૂજયશ્રીજી આ પ્રસંગે મહેસાણાથી ઉગ્ર વિહાર કરી માગસર વદ ૩ તા. ૧૨-૧૨ના પધારતા આલોક ફલેટથી ભવ્ય સામૈયું થયેલ. પૂજયશ્રીના મંગળ પ્રવચન બાદ ગુરુપૂજન ૧૦ રૂા.નું સંઘપૂજન થયેલ. પૂજયશ્રીની નિશ્રામાં રંગસાગર સંઘમાં પોષ દસમીના અઠ્ઠમ તપની આરાધના માગસર વદ ૯, ૧૦, ૧૧, ૧૨ના દિવસોમાં ખૂબ સુંદર રીતીએ થઈ. રંગસાગર સંઘમાં સૌ પ્રથમવાર ૫૦થી પણ વધારે ભાગ્યશાળીઓએ અઠ્ઠમ તપની આરાધના કરી. સૌ તપસ્વીઓના પારણા તથા પ્રભાવનાઓ પણ ખૂબ સુંદર થઈ. પૂજયશ્રીના પ્રવચનોના પ્રભાવે સંઘમાં ધર્મજાગૃતિ સુંદર આવી. પોષ સુ. પ્ર.૧૦ તા. ૧-૧થી મંગલ મહોત્સવનો પ્રારંભ થયેલ. પ્રભાતના સમયે પ્રભાતિયાના મંગલ ગીતોના ગાનમાં જ વિશાલ સંખ્યામાં બહેનોની ઉપસ્થિતિએ મહોત્સવ કેવો ભવ્ય ઉજવાશે એનો ચિતાર આપી દીધેલ તે દિવસે પ્રવચનમાં ૫ રૂા.નું સંઘપૂજન થયેલ. બપોરે પંચકલ્યાણકની પૂજા ઉલ્લાસભેર ભણવાયેલ. પો. સુ. દ્વિ. ૧૦ તા. ૨-૧ના સવારે રંગસાગર દેરાસરની સામેના વિશાળ ગ્રાઉન્ડમાં બંધાયેલા શાનદાર વિજય રામચંદ્ર સૂરીશ્વરજી પ્રવચન મંડપનું ઉદઘાટન થયેલ. મંડપના મધ્ય ભાગમાં સુવર્ણવર્ણા પાર્શ્વપ્રભુને બિરાજમાન કરાયેલા. સવારે શુભ મુહૂર્તે શ્રી કુંભસ્થાપન, દીપક સ્થાપન આદિ થયેલ. એ જ મંડપમાં આજથી પૂજયશ્રીના પ્રવચનોનો પ્રારંભ થયેલ. આજે પ્રવચન બાદ બદામના પેકેટની પ્રભાવના થયેલી. પ્રવચન બાદ નવગ્રહાદિ પાટલા પૂજન તેમજ બપોરના બારવ્રતની પૂજા ઉલ્લાસભેર ભણાવાયેલ. પો.સુ. ૧૧ના દિવસે સવારે પ્રવચનમાં શ્રીફળની પ્રભાવના થયેલ. પ્રવચન બાદ શ્રી દિનેશચંદ્ર સકરચંદ સંઘવી પરિવાર તરફથી શ્રી સિદ્ધચક્ર મહાપૂજન અતિ ઉમંગભેર ભણાવાયેલ. આજે રાત્રે ભાવનામાં પણ વિશાળ માનવ મેદની ઉભરાયેલ. પો. સુ. ૧૨ રવિવાર સવારે પ્રવચન બાદ ખજૂરના પેકેટની પ્રભાવના થયેલ. આજે શ્રી નવિનચંદ્ર ભોગીલાલ સોની તથા વિનોદભાઈ વાડીલાલ ખંઢેરા પરિવાર તરફથી શ્રી વીશ સ્થાનક મહાપૂજન ઉત્સાહપૂર્વક ભણાવાયેલ. આજે રવિવાર હોવાથી બહારગામથી પણ મહેમાનો વિશાળ સંખ્યામાં પધારેલા. રાત્રે ભાવનામાં પણ એ જ ઉત્સાહ હતો. પોષ સુદ ૧૩ના પૂણ્યદિને પૂજયપાદ પરમ ગુરુદેવ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજની દીક્ષા સ્મૃતિ દિન નિમિત્તે પ્રવચનમાં પૂજયપાદશ્રીજીના ગુણાનુવાદ થયેલ. પ્રાંતે ગુરુપૂજન આદિ બાર ગોળના રવાની પ્રભાવના થયેલ. આજે શ્રી ભક્તામર મહાપૂજન શ્રીમતિ વિનોદાબેન સુરેશભાઈ શાહ U.S.A. પરિવાર તરફથી અતિ ઉમંગભેર ભણાવાયેલ. આજે પણ ભાવનામાં રાધનપુરથી પધારેલ સંગીતરત્ન લલિતભાઈ ઠાકુરે ભકિત રસની રમઝટ મચાવેલ. પોષ સુદ ૧૪ના પૂણ્યદિને પ્રવચન બાદ કેસરની ડબ્બીની પ્રભાવના થયેલ. આજે શ્રી ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન, પાર્શ્વપ્રભુના વિશાલ દરબારમાં શ્રીયુત જશીબેન ફતેહચંદભાઈ પાલિતાણાવાળા દોહિત્રી આરતીબેન ભદ્રેશભાઈ કેન્યા પરિવાર તરફથી ભણાવાયેલ. સવારના ૧૦-૩૦થી પૂજન પ્રારંભ થયેલ. છેક સાંજે ૫-૦૦ કલાકે પૂજનની પરસમાપ્તિ થયેલ ત્યાં સુધી સેંકડો ભાવિકો શાંતિપૂર્વક જિનભકિતના

અનુષ્ઠાનમાં જોડાયેલા. આજે પૂજન તથા ભાવનામાં શાસ્ત્રીય સંગીતજ્ઞ જયેશભાઈ સોનીએ પોતાના મધુરકંઠ દ્વારા પ્રભુભક્તિમાં ભાવિકોને તરબોળ બનાવેલ. પોષ સુદ ૧૫ના પવિત્ર દિવસે પૂજ્ય સાધ્વીજી મ.શ્રી દેવેન્દ્રશ્રીજી મ.ની નવમી માસિક તિથિ પ્રસંગે સવારના ૭-૦૦ કલાકે પ્રવચનનો સમય હોવા છતાં વિશાળ સંખ્યામાં માનવ મહેરામણ ઉભરાયેલ. આજે પ્રવચન બાદ પૂજ્ય સાધ્વીજી ભગવંતની અવિરત સુશ્રુષા કરનાર ડો. ભરતભાઈ, ડો. મયૂરભાઈ, ભરતભાઈ પુરોહિત આદિ તેમજ રંગસાગર સંઘના ટ્રસ્ટીગણ કાર્યકર્તાગણ તથા આ પ્રસંગે પધારનાર મ્યુ. કાઉન્સીલરો શ્રી અમીતભાઈ શાહ, શ્રી દિપકભાઈ ભટ્ટ, શ્રી રાકેશભાઈ શાહ આદિનું બહુમાન સમ્યગ્દર્શન આરાધના ટ્રસ્ટ તરફથી થયેલ. પ્રવચન બાદ ગુરુપૂજન થયા બાદ શ્રી દિનેશચંદ્ર સકરચંદ સંઘવી પરિવાર તરફથી ૩ ગ્રામની ચાંદીની ગીનીની પ્રભાવના સકલસંઘને થયેલ. આજે સવારે ૯-૩૦ કલાકે શ્રી સિદ્ધાચલજી મહાતીર્થની ભાવયાત્રાનો પ્રારંભ વિશાલ મંડપમાં થયેલ. આ પ્રસંગે સાબરમતીથી પધારેલા પૂ. મુનિરાજ શ્રી પ્રશમરતિ વિજયજી મહારાજે ભાવવાહી રીતે શત્રુંજયની ભાવયાત્રા કરાવેલ. સંગીતજ્ઞ જયેશ સોનીના સૂરના સથવારામાં- બપોરના ૧-૩૦ થયેલ હોવા છતાં પણ વિશાળ સંખ્યામાં માનવ મહેરામણ ઉભરાયેલ. પ્રાંતે આયોજક પરિવાર શ્રી ચુનીલાલ વીરચંદ જામનગરવાળા તથા શ્રીમતી છાયાબેન નવીનચંદ્ર અમદાવાદ તરફથી ખાતાના પેકેટની પ્રભાવના થયેલ. સાંજે ભાવનામાં સુવિખ્યાત સંગીતકાર મુકેશભાઈ નાયક (પાટણ) જિનભક્તિની રમઝટ મચાવેલ. પોષ વદ ૧ના અંતિમ દિવસે રંગસાગર મંડળ શ્રી સુપાર્શ્વનાથ સ્વામિ જિનપ્રસાદની ૨૦મી સાલગિરા પ્રસંગે સવારે ૮-૦૦ કલાકે ધ્વજારોહણ ખૂબ જ ઉલ્લાસપૂર્વક થયેલ. સવારે ૯-૦૦ કલાકે શ્રી શાંતિસ્નાત્ર મહાપૂજનનો શ્રીયુત શાહ રતનભાઈ બાબુભાઈ જેસીંગભાઈ પરિવાર તરફથી પ્રારંભ થયેલ.

સવારે ૧૦-૦૦ કલાકે પૂ.આ. ભ. શ્રી વિ. ગુણશીલ સૂ.મ. આદિને બોરસદ શ્રી સિદ્ધાચલજી છ'રી પાલક યાત્રા સંઘ પ્રસંગે નિશ્રાપ્રદાન માટે જવાનું હોવાથી પૂજ્યશ્રીનો વિહાર થયેલ. પૂજ્યશ્રીના વિહાર પ્રસંગે વિશાળ સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહેલ. પૂજ્યશ્રીને રંગસાગર સંઘે આગામી ચાતુર્માસ માટે અતિઆગ્રહપૂર્ણ વિનંતી કરેલ. તે દિવસે રાત્રે ભાવનામાં પણ મુકેશ નાયકે જિનભક્તિની અનેરી રમઝટ મચાવેલ. મહોત્સવના પાંચે પૂજનોમાં સ્તંભતીર્થ જૈન વિધિવિધાન મંડળ વિપુલભાઈ શાહે ખૂબ સુંદર રીતીએ શાંતિપૂર્વક સમગ્ર વિધિવિધાન કરાવેલ.

તપસ્વી પૂ. સાધ્વીજી શ્રી દેવેન્દ્રશ્રીજી મ.એ જીવનમાં આદરેલ અનેકવિધ ભીષ્મ તપશ્ચર્યાના પ્રભાવે આ મહોત્સવ જાણે અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાતો ન હોય તેવું અનેરા ઉલ્લાસભર્યું વાતાવરણ રંગસાગર સંઘમાં સર્જાઈ ગયેલ. પ્રતિદિન પ્રભાતીયા પ્રવચનો- પૂજનો ભાવનાઓ આદિમાં જે રીતિએ વિશાલ જનમેદની ઉપસ્થિત થતી હતી તે નિહાળીને જૈનેત્તર સમુદાયમાં પણ ખૂબ જ શાસન પ્રભાવના થયેલ. પોષ વદ ૧ના સંઘનું સાધર્મિક વાત્સલ્ય- સા. શ્રી દેવેન્દ્રશ્રીજી મ.ના સંયમ જીવનની અનુમોદનાર્થે પદ્માવતી પરિવાર તરફથી થયેલ. તેમજ રંગસાગર ફ્લેટના જૈનેત્તર સભ્યોને પણ ત્યાં મીઠાઈના બોક્ષની પ્રભાવના થયેલ. પૂ. આચાર્ય ભગવંતશ્રીજી તથા પૂ.મુ.શ્રી હર્ષશીલ વિ.મ.ના પ્રવચનોથી પ્રેરાઈને પણ સુંદર ધર્મજાગૃતિ થવા પામેલ. આ પ્રસંગે રાજનગરમાં બિરાજમાન પૂ.આ. શ્રી વિ. નરવાહન સૂ.મ., પૂ.આ. શ્રી નયવર્ધન સૂ.મ., ગણિવર્ય હર્ષતિલક વિ.મ. પણ પ્રસંગે પધારેલ તેમજ સૂરિરામના સમુદાયવર્તી વિશાળ શ્રમણીવૃંદની ઉપસ્થિતિએ પણ શાસનની અનેરી શોભા વધારેલ. મહોત્સવ પ્રસંગે મુંબઈ, બેંગલોર, જામનગર, રાજકોટ, મહેસાણા આદિ અનેક સ્થાનોથી ભાવિકો પધારેલા. વિજય રામચન્દ્રસૂરીજી પ્રવચન મંડપના વિશાલ પટાંગણમાં મહાપુરૂષોના ચરિત્રોની જીવંત રચનાઓના દર્શનાર્થે સેંકડો દર્શનાર્થીઓની કતાર લાગતી હતી.

અભ્યુદય ચિત્ર કથા પ્રસ્તુત

# રાજસિંહ અને રત્નવતી

ચિત્રકાર : ભાસ્કર સગર

કથા : મુનિ શ્રી જિતરત્નસાગરજી 'રાજહંસ'



# વાલવોડ તીર્થનો અદ્ભૂત ઈતિહાસ તથા શ્રી ચંદ્રપ્રભુ સ્વામીની ૧૫૭મી સાલગીરી તથા પૂ.આ.ભ. પ્રભાકરસુરી મહારાજાની ૫૦મી દીક્ષાતીથીની પુર્ણાહુતી અને ૫૧મી સાલમાં પ્રવેશ નીમીત્તે

## બોરસદથી વાલવોડ પગપાળા યાત્રાસંઘ

બોરસદથી વિદ્યાનગર જવા માટેના વિહાર નિમિત્તે જૈન ભાઇ-બહેનો સારી સંખ્યામા વળાવવા આવ્યા તેમજ પ્રથમ દેદરડા મુકામે છ કીલોમીટર સુધી સંઘના આગેવાનો દેદરડા સુધી આવ્યા હતાં.

વિદ્યાનગરમાં પધારતા પાંચ દિવસ સુધી બંને ટાઇમ વ્યાખ્યાનો થયા. ત્યાંથી આણંદમાં સિદ્ધચક્ર મહાપૂજનમાં નિશ્રા આપી પાંચ દિવસ સુધી આણંદમાં વ્યાખ્યાનો લાભ આપ્યો. ત્યાંથી ઓડ પધારતાં સામૈયા સહિત પ્રવેશ થયો અને બંને ટાઇમ વ્યાખ્યાન થયેલ.

બોરસદના પુનઃ સંઘપતિ ભરતભાઇ કેશવલાલની ખાસ વિનંતીથી પોષ વદ ૧૦ના બોરસદ પધાર્યા અને પાલીતાણા સિદ્ધચલ સંઘપ્રયાણ નિમિત્તે અઠ્ઠમતપની આરાધના કરી. બોરસદ પાલીતાણા છરી પાલિત સંઘને આશીર્વાદ આપ્યા. છરીપાલિત સંઘમાં બે કલાક ફરી પુનઃ બોરસદ પધાર્યા. બોરસદ સુમતિનાથના દેરાસરે સિદ્ધચક્ર પૂજન તથા સાધર્મિક વાત્સલ્યમાં નિશ્રા આપી. મહાસુદ ત્રીજ બોરસદથી વાલવોડ યાત્રાસંઘમાં જોડાયા. બેન્ડ વાજા સહિત યાત્રા સંઘનું પ્રયાણ થયું. દોઢસો યાત્રીકો સંઘમાં જોડાયા હતાં. પટેલ ઇશ્વરભાઇની તમાકુની ખરીમા બેન્ડવાજાથી સામૈયું- સ્વામી વાત્સલ્ય તથા અનેક પ્રકારની આઇટમથી સુંદર ભકિત થયેલ અને રૂા. ૧૧નું સંઘપૂજન થયું. ઇશ્વરભાઇ પટેલે સંઘજમણમાં રૂા. ૧૦,૦૦૦માં લાભ લીધેલ.

વાલવોડ મુકામે તીર્થની ભકિતમાં યાત્રાસંઘ પધારતા ઇશ્વરભાઇ પટેલે અગીયાર હજાર રૂપિયાનું દાન આપેલ. યાત્રાસંઘ વાલવોડ પધારતાં ઢોલ શરણાઇ સાથે દબદબાભેર સંઘનો પ્રવેશ થયો અને સંઘમાં રૂા. ૩૧ની પ્રભાવના થઇ. મહાસુદ-૪ના દિવસે પૂ.આ.ભ.ની ૫૦મી દિક્ષા તીથી નીમીત્તે ૫૦ રૂા.નું સંઘપૂજન થયેલ તથા મહા સુદ-૫ના દિવસે ૫૧માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે રૂા. ૫૧નું સંઘપૂજન થયેલ તેમજ વીસ્થાનક પૂજન તથા શાહ ચંદુલાલ મંગળદાસ હસ્તે ભરતભાઇ ખેડાવાળા તરફથી સાણંદના કામદેવભાઇની સંગીત મંડળીએ ભણાવેલ. પૂ.આ. ભ.ની ૫૦મી દીક્ષા તિથિ નિમિત્તે બોરસદ સંઘમાં ચંદ્રકાંતભાઇ સોમચંદ તરફથી ઘરદીઠ સાકરના પેકેટ વહેંચવામાં આવેલ. તેમજ પગપાળા યાત્રીકોને સાકરના પેકેટ આપ્યા હતાં. વિશેષ આનંદની વાત તો એ છે કે વાલવોડમાં પૂ.પૂ. બાપજી મ.સા. (સિદ્ધિસુરિ દાદા)નો અનુપમ ઉપકાર છે.

## ગઠીયાથી સાવધાન !!!

*પ. પૂ. આચાર્ય શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજના નામે કોઈ ગઠીયો શ્રાવકો પાસેથી છેતરીને રકમ ઘણી લઈ જાય છે. તો સૌને ખાસ ચેતવવામાં આવે છે કે પૂ. આચાર્ય મહારાજના નામે તેમની સૂચના વગર કોઈ રકમ આપવી નહિં. તે ગઠીયો મહારાજ સાહેબ જેવો જ ફોનમાં અવાજ કાઢીને અથવા ગમે તે રીતે સમજાવીને રકમ લઈ જાય છે તો મહારાજ સાહેબની લેખીત પરવાનગી અથવા કોઈપણ જાતની સૂચના વગર રકમ આપવી નહીં.*

*– તંત્રી*

## સમાચાર સાર

**રાજકોટઃ** અત્રે શ્રી વર્ધમાન નગરની ધન્યધરા ઉપર પ.પૂ. તપસ્વી મુનિરાજ શ્રી લાભવિજયજી મ. તથા પ.પૂ. મુનિશ્રી તીર્થચંદ્ર વિજયજી મ.સા.ની શુભ નિશ્રામાં શ્રી સંભવનાથ જિનાલયની ૨૫મી સાલગીરી નિમિત્તે શેઠશ્રી ભાણજી ધરમશી શાપરીયા પરિવાર તરફથી શ્રી બૃહદ સિદ્ધચક્ર પૂજન, અઢાર અભિષેક તથા શાંતિસ્નાત્ર યુક્ત ત્રણ દિવસનો જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયેલ. મહાસુદ-૬ના દ્વારસગાંઠ નિમિત્તે સવારે ધ્વજારોપણ થયેલ, બપોરે શ્રી વર્ધમાન નગર જૈન સંઘનું સ્વામિ વાત્સલ્યનું જમણ થયેલ. વિજય મુહુર્તે શાંતિસ્નાત્ર ઠાઠથી ભણવાયેલ. જીવદયાની ટીપ સુંદર થઇ હતી. ત્રણે દિવસ પ્રભુજીને અંગરચના, જુદી જુદી પ્રભાવના થયેલ. વિધિ વિધાન શ્રી નવીનભાઈ શાહ જામનગરવાળા તથા અત્રેના શ્રી ભુપતભાઈની મંડળીએ સુંદર રીતે કરાવેલા. સંગીતમાં અત્રેના શ્રી અનંતભાઇ શાહ તેમજ પ્રતાપભાઇ શાહની મંડળીએ સારી જમાવટ કરી હતી.

**ઉદયપુરમાં શાસન પ્રભાવના**

વિ. સં. ૨૦૬૦ પોષ વદ ૭ દિ. ૧૪-૧-૦૪ ને માલદાસ સ્ટ્રીટમાં પ. પૂ. આ. દે. શ્રીમદ્ વિજયદર્શનરત્ન સૂરીશ્વરજી મ. નો વાજેગાજે સાથે ભવ્ય પ્રવેશ થયેલ. ખુશદિલભાઈ મારવાડી તરફથી ૫/-નું સંઘપૂજન, નવાંગી ગુરૂપૂજન તથા બધા ગુરૂ ભગવંતો તથા સાધ્વીજી ભગવંતોને કાપડ વહોરાવેલ, આચાર્ય ભગવંતનો કામળી વહોરાવેલ.

પોષ વદ ૮ દિ. ૧૫-૧-૦૪ ચતરસિંહજી નાહર ઉદયપુર સંઘના (વયોવૃદ્ધ શ્રાવક ૯૯ વર્ષની ઉંમર) નવે અંગે સિક્કા મુકી નવાંગી ગુરૂપૂજન કરેલ. તથા ૫/-નું સંઘપૂજન કરેલ.

પોષ વદ ૯ દિ. ૧૬-૧-૦૪ ને એક સદગૃહસ્થ તરફથી સંઘપૂજન, ગુરૂપૂજન થયેલ.

પોષ વદ ૧૦ દિ. ૧૭-૧-૦૪ ને હિરણમગરી સેકટર નં. ૩માં આચાર્યશ્રી દર્શનરત્ન સૂરીશ્વરજી પધાર્યા- ત્યાં બસંતીલાલજી બોલ્યા તરફથી નવે અંગે સિક્કા મૂકી નવાંગી ગુરૂપૂજન કરેલ.

માહ સુદ ૪ દિ. ૨૫-૧-૦૪ ને તપાગચ્છનું ઉદ્દગમસ્થાન આયડતીર્થમાં વાજતેગાજતે પ્રવેશ થયેલ. માહ સુદ ૫ દિ. ૨૬-૧-૦૪ ને દેરાસરની શિલા સ્થાપન વિધિ તથા વ્યાખ્યાન, સ્વામીવાત્સલ્ય થયેલ. પ્રવચનમાં રાજનેતાઓ પણ પધારેલ. ગુરૂપૂજન તથા કામળી ઓઢાડવાની બોલી થયેલ અને એ રકમ દેવદ્રવ્યમાં લઇ જવાનું જાહેર કરેલ.

**ભીવંડી :** ભીવંડી નગરે ભીડભંજન પાર્શ્વનાથ જૈન સંઘમાં પોષ દશમીની આરાધના ભીડભંજન પાર્શ્વનાથ દાદાની છત્રછાયામાં પરમ પૂજય સિદ્ધાંનિષ્ટ આચાર્યદેવ શ્રીમદ્ વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજના શિષ્યો પૂજય પ્રવર્તક મુનિ પ્રવર શ્રી યોગીન્દ્ર વિ.મ. તથા મુનિ શ્રી અવિચલેન્દ્ર વિ.મ. તથા પરમ પૂજય વ્યાખ્યાન વાચસ્પતિ તથા ગચ્છાધિપતિ આચાર્ય દેવ શ્રીમદ્ વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મહારાજના શિષ્ય પ્રશીષ્ય પૂજય મુનિશ્રી મોક્ષદર્શન વિ.મ. તથા મુનિશ્રી નિર્મળબોધી વિ.મ.ની પૂણ્યનિશ્રામાં હાલાર જૈન ગ્રુપ તથા ગુજરાતી તથા મારવાડીએ લાભ લીધો હતો. પુરૂષાદાનીય શ્રી પાર્શ્વનાથ ભગવાનનો જન્મ કલ્યાણની આરાધનાર્થે માગસર વદ ૯, ૧૦, ૧૧, ૧૨ના રોજ અઠ્ઠમ તપની આરાધના કરેલ. ત્રણે દિવસ શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દાદાને ભવ્ય અંગરચના કરેલ. તપસ્વીઓને અત્તર પારણા તથા પારણા હાલાર ગ્રુપ તથા ગુજરાતી મારવાડી તરફથી રાખેલ હતાં. વ્યાખ્યાનમાં પ્રભાવના રોજ હાલાર ગ્રુપ તરફથી રાખેલ ને વ્યાખ્યાનમાં સારી હાજરી થતી હતી. તપસ્વીઓની સંખ્યા ૧૧૦ની હતી. દરેક રૂ. ૮૦ ની પ્રભાવના ભાવિકો કરેલ. પોષ દશમી આરાધના સુંદર થયેલ.

**અંકેવાળીયા તીર્થ :** અત્રે દેરાસરની વર્ષગાંઠ મહા વદ-૭ના ઉજવાઇ, ભાવિકો ૧૨૫ સંખ્યામાં પધાર્યા હતા. ધજા શાહ પ્રભુલાલ દોશી તરફથી ચડાવાય, જયેશભાઇ યોગેશભાઇએ સ્નાત્ર પૂજા આદિ વિધિ કરાવી હતી. તેમના તરફથી સાધાર્મિક વાત્સલ્ય હતું.

**સુરેન્દ્ર નગર :** અત્રે આરાધના ભવનમાં શ્રી મહાવીર સ્વામી જૈન દેરાસરની ૨૫મી વર્ષગાંઠ પૂ. આ. શ્રી વિજય પુન્યપાલ સૂરીશ્વરજી મ. આદિ તથા પૂ. સા. શ્રી પુન્યોદયાશ્રીજી મ. નિ નિશ્રામાં ભવ્યરીતે ફા. સુ. ૧૧ના ઉજવાઇ. આ નિમિત્તે ફા.સુ. ૫ થી શ્રી શાંતિસ્નાત્ર આદિ મહોત્સવ યોજાયો હતો.

**બોરસદ :** અત્રે પૂ. આ. શ્રી વિજય રાજતિલક સૂરીશ્વરજી મ. ના શિષ્ય પૂ. મુ. શ્રી મનોબલ વિજયજી મ. ની નિશ્રામાં મહા સુદ ૧૪ના ઉપાશ્રયનું ખાત મૂહુર્ત સંઘવી ભરતકુમાર કેશવલાલજી હસ્તે ધાધધૂમથી થયેલ છે.



# નાપાસ થવું પણ નાસીપાસ તો ન જ થવું...

-ભૂપત વડોદરીયા

ઈંગ્લેન્ડના સુપ્રસિદ્ધ નાટ્યકાર અને વાર્તાકાર સમરસેટ મોમની એક વાર્તા કંઈક આવી છે.

લંડનમાં એક બેન્કના વડા આતુરતાથી એક અતિ ધનાઢ્ય ઉદ્યોગપતિની રાહ જોઈ રહ્યા છે. બેન્કના બધા કર્મચારીઓ એ ઉદ્યોગપતિના 'દર્શન' કરવા તત્પર છે. ઉદ્યોગપતિ આવી પહોંચ્યા. બેન્કના સર્વોચ્ચ અધિકારીએ એમની આગતા- સ્વાગતા કરી. તેમણે કહ્યું : 'સાહેબ, મને માફ કરજો! આ એક વિધિ જ છે! આપની સહી અહીં બેન્કની કચેરીમાં મારી હાજરીમાં જ થયેલી હોવી જોઈએ એટલા ખાતર આપને તસ્દી આપવી પડી છે! આ તો ખાલી વિધિ છે! બસ, આપે અહીં સહી કરવાની છે! હું આપનો કિંમતી સમય બગાડવા નથી માગતો! આપ અહીં સહી કરો એટલે પત્યું!'

આમ કહી બેન્કના અધિકારીએ ઉદ્યોગપતિને ફાઉન્ટન પેન આપી. ઉદ્યોગપતિએ કહ્યું: 'તમારે મને ઈન્ડિપેન નહીં, સ્ટેમ્પિંગ પેડ આપવું પડશે! મને સહી કરતાં નથી આવડતી! હું તો મારા અંગૂઠાનું નિશાન આપી શકીશ.'

બેન્કના અધિકારીઓએ માન્યું કે શેઠ માત્ર મજાક કરી રહ્યા છે! આટલો મોટો માણસ - આટલો સફળ માણસ- એને શું સહી કરતાં ન આવડે એવું બને ખરૂં? એટલે અધિકારીએ કહ્યું, અરે સાહેબ, ઈટ ઈઝ એ ગુડ જોક! પણ હું ન માનું કે આપને સહી કરતાં નથી આવડતી! પ્લીઝ! આપ જેવી ટૂંકી સહી કરતા હો એવી સહી અહીં કરી આપો!'

ત્યારે ઉદ્યોગપતિએ કહ્યું કે 'હું ખરેખર મજાક નથી કરતો- સાચું જ કહું છું કે મને સહી કરતાં નથી આવડતી. પણ સાચી વાત એ છે કે મને જો સહી કરતાં આવડતી હોત તો હું ઉદ્યોગપતિ બન્યો જ ન હોત! હું તો પાદરી હતો. એક સામાન્ય પાદરી! અને સુખી હતો! પણ દેવળના વડાએ હુકમ બહાર પાડયો કે છ સપ્તાહમાં તમામ અભણ પાદરીઓએ લખતાં- વાંચતા કે છેવટે પોતાની સહી કરતાં શીખી લેવું! નહીંતર તેમને છૂટા કરવામાં આવશે! મારા હોંશકોશ ઉડી ગયા. દિલ જ ભાંગી ગયું હતું. હું સહી કરતાં શીખી ન શકયો. મને છૂટો કરવામાં આવ્યો. મારા માટે કોઈ રસ્તો જ રહ્યો નહીં. મેં પરચુરણ ધંધો શરૂ કર્યો, અને એમ કરતાં કરતાં અહીં સુધી પહોંચી ગયો! કોઈ કોઈ વાર તાજુબી થાય છે કે હું આટલાં બધા પગથિયા કઈ રીતે ચઢી ગયો?'

ખુદ મોમની પોતાની જિંદગીમાં જ કંઈક જુદું છતાં કંઈક આવું જ બન્યું હતું. સમરસેટ મોમ દાક્તર થયા, પણ દાકતરીમાં કાંઈ ઉદ્ધાર થાય એવું લાગ્યું નહીં. દાક્તર તરીકે એક ઈસ્પિતાલમાં જે એપ્રેન્ટિસશિપ કરી તેમાં તે અત્યંત ગરીબ દરદીઓના પરિચયમાં આવ્યા. પછી તેમણે ઝૂંપડપટ્ટીની એક છોકરીની જિંદગી પર એક વાર્તા લખી- લઘુનવલ 'લીઝા ઓફ લેમ્બેથ' વાર્તા વિવેચકોએ વખાણી, પણ સમરસેટ મોમને ખાસ પૈસા મળ્યા નહીં. પછી નાટકો લખ્યાં. દસ વર્ષની મહેનત પછી તેમાં પાંચ પૈસા મળ્યા. પછી તો નવલકથાઓમાંથી ભોજન માટેનાં નાણાં કયાંથી ઊભા કરવા તેનો વિચાર તેમને કરવો પડતો.

વર્ષો પછી ખૂબ ધન કમાયા પછી તે પેરિસમાં ફ્રેન્ચ રિવિયેરાના પોતાના નિવાસસ્થાનમાં પત્રકારોને મળી રહ્યા હતાં. એક પત્રકારે પૂછયું: 'મિ. મોમ તમારૂં આ ફર્નિચર, આ કિંમતી ચિત્રો, તેમાં આ પાણીના કુંજા પાસે આવો કાચનો પ્યાલો કયાંથી? પ્યાલામાં તો તિરાડ છે! આ પ્યાલો અહીં શોભતો નથી!'

મોમે હસીને કહ્યું : 'ખૂબ કમાઉ છું, વખણાઉં છું, મગજમાં નશા જેવું લાગે છે! ત્યારે બહુ અભિમાન ચઢી જાય છે ત્યારે આ તિરાડવાળા ગ્લાસમાં કુંજામાંથી પાણી લઈને ધીમે ધીમે ઘુંટડા ભરૂં છું અને વર્ષો પહેલાંના ગરીબીના એ દિવસો યાદ કરૂં છું કે જયારે એક ટંક ભોજનના સાંસા હતા!'

પણ સૌથી જે મહત્ત્વની વાત સમરસેટ મોમે કહી હતી તે તો એ છે કે દિલ રેડીને કોઈપણ કામમાં લાગી જવું એ જિંદગીની ઉત્તમ દવા છે! આપણે 'લક્ષ્મી'ને 'સુખસાહ્યબી'ને માણસનું 'સદ્‌ભાગ્ય' સમજીએ છીએ, પણ આ સંસારમાં પૈસાથી દૂર થઈ ન શકે એવાં દુઃખોની યાદી અનંત છે! પણ ગમે તેવાં સુખદુઃખની વચ્ચે પણ જે માણસ કોઈક મનપસંદ કામ શોધીને આત્મ વિશ્વાસનું છત્ર ઓઢી લે છે તેને સમજાઈ જાય છે કે જિંદગીની અનેક પરીક્ષાઓમાં પાસ થઈએ કે નાપાસ થઈએ, નાસીપાસ તો ન જ થવું!

*(હલચલ)*

અષાઢ કૃષ્ણા છઃ ની મધ્યરાત્રિના સમયે ત્રિશળા રાણીએ ૧૪ મહાસ્વપ્ન જોયા.

૮૧



પ્રાતઃકાળ રાણી ત્રિશળાએ રાજા સિધ્ધાર્થને પોતાના શુભ સ્વપ્નોની ચર્ચા કરી. રાજાએ જ્યોતિષિયોને બોલાવીને સ્વપ્નોના વિષયમાં પૂછ્યું. જ્યોતિષિયોએ સ્વપ્ન શાસ્ત્ર અનુસાર ૧૪ સ્વપ્નોના ફળ બતાવ્યા. અને કહ્યું.




૮૨

# પરિમલ

- પૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ

* હસતા હસતા પાપ કરશો, તો રોતા રોતા જીવન જીવવાનો વખત આવશે, ન છૂટકે રોતા રોતા પાપ કરવું પડે ને કરશો, તો હસતા હસતા જીવવાનો અને વધુ પ્રસન્નતાપૂર્વક મૃત્યુને મહોત્સવ માણીને આ વિશ્વમાંથી વિદાય થવામાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

* અભવ્ય-આત્માઓ સંસાર-સુખના અતિ રસિયા અને અતિ લોભી હોય છે, એથી એમની નજર હરહમેંશ સુખ તરફ જ હોય છે, સુખ મેળવવા માટે દુ:ખ વેઠવું, એમને અનિવાર્ય જણાય, તો હસતા હસતા દુ:ખો વેઠવાની પણ એમની તૈયારી હોય છે. પોતાનો આત્મા જ સુખનો ભંડાર છે, આ સત્ય એમના મગજમાં બેસતું જ નથી હોતું, એથી બીજે બીજે સુખ શોધવાના ફાંફા મારતા મારતા જ એમનો અનાદિ કાળ વીતી ગયો હોય છે અને એમનો અનંત કાળ આવી ભ્રમણામાં ને ભ્રમણામાં જ વીતવાનો હોય છે.

* સંસારમાં પાપ વિના જીવાય એમ નથી અને પાપના ફળ રૂપે દુ:ખ આવ્યા વિના રહેતું નથી. આ કારણે 'સંસાર' એ જ મોટું દુ:ખ છે. 'સંસાર જ મોટું દુ:ખ' આ સમજણ આપવી બહુ અઘરી છે. સંસારની દુ:ખફલકતા અને દુ:ખાનુબંધિતા [illegible] સમજી જવાય, પણ દુ:ખરૂપતા સમજાવી, તો ખૂબ જ કઠિન છે. આ સમજાઈ જાય, તો બેડો પાર થઈ જાય.

* જૈન શાસનનો સાધુ કઈ મરચા-મીઠાના વેપારી નથી, એતો ઝવેરી છે. ઝવેરી કદી મરચા-મીઠાની હાટડી માંડે ખરો ? મોક્ષ , સાધુપણું, મોક્ષ-સાધક ધર્મ : આ બધાને ઉદ્દેશીને વ્યાખ્યાન આપવું એ ઝવેરાતનો ધંધો છે. સંસાર, સંસારના સુખો, મો[illegible]મુદ્રાલેખ વિનાના માણસાઈના ગુણો : આને જે ધ્યેય બનાવીને વ્યાખ્યાન આપવું એ મરચા-મીઠાનો ધંધો ગણાય. જૈન સાધુને આમાં ઝાઝો રસ ન હોય. કોઈ વાર એ આવી વાતો કરે, તોય એનો મુદ્રાલેખ તો મોક્ષનો જ હોય. કેમ કે એ ઝવેરી છે અને એને વારસામાં ઝવેરાત મળ્યું છે. એનું એને ગૌરવ હોય, એની એને ખુમારી પણ હોય.

* કર્મ તમને ધક્કો મારીને પોતાની ઈચ્છા મુજબ ખેંચી જાય છે કે તમે નક્કી કરેલા ધ્યેય સુધી પહોંચવા માટે કર્મને ધક્કો મારીને આગળ વધી જતા હો છો, આ સૌ પ્રથમ નક્કી કરો. પછી જ તમને તમારી જાતનું સાચું જ્ઞાન-ભાન થશે.

* કેટલાંક જીવો એવા હોય છે કે, જેઓ વિરતિની ક્રિયા પણ અવિરતિને પોષવા માટે જ કરતાં હોય. આવા જીવોની વિરતિને વખાણાય નહિ.

* પોતાના દોષ પર દ્વેષ થવો અને પારકાના દોષ પર દયા જાગવી, આ ધર્મ પામવાની લાયકાતનાં લક્ષણ છે.

* મોક્ષની સાચી સાધના માનવજન્મમાં જ થઈ શકે છે, આવો માનવજન્મ [illegible]બાદ પણ જે સંસારની જ સાધના રાચીમાચીને કર્યા કરે છે, એ સુવર્ણના પાત્રમાં મદિરા ભરવાની પાગલતા પ્રદર્શિત કરે છે.

જૈન શાસન અઠવાડીક ● માલિક : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતા - મેલેક્સી ક્રિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

नमो चउविसाए तित्थयराणं उसभाइ महावीर पज्जवसाणाणं

# જૈન શાસન

## અઠવાડિક

### શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

***કામભોગો તૃપ્તિકર જ નથી***

जलणस्स दारुणिवहेहिं णेय, जह जलणिहिस्स सलिले हिं ।
तह संतो सो ण हु होइ जंतुणो कामभोगेहिं ॥

**(ચઉપ્પન્ન મહાપુરિસ ચરિયં)**

જેમ અગ્નિ લાકડા વડે અને સમુદ્ર
નદીઓ વડે તૃપ્તિ નથી પામતો. તેમ જીવને
કામભોગો વડે કયારેય સંતોષ થતો નથી.


## શ્રી જૈન શાસન કાર્યાલય

શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર.
(સૌરાષ્ટ્ર) INDIA. PIN - 361 005
PHONE : (0288) 770963

વર્ષ ૧૬ અંક ૧૯

# 'સુશીલ સંદેશ'

## કરૂણા નિધાન ભગવાન મહાવીર – હપ્તો–૧૩.

ચૈત્ર શુકલા ત્રયોદશીની મધ્યરાત્રિના સમયે માતા ત્રિશલાએ એક દિવ્ય શિશુને જન્મ આપ્યો. સમગ્ર સંસાર પ્રકાશથી જગમગી ઉઠયો. ૪૬ દિક્કુમારિકાઓએ સૂતિકા કર્મ કર્યું અને દેવતાઓનો ઝુંડ ચોવીસમાં તીર્થંકરનો જન્મ કલ્યાણક મહોત્સવ મનાવવા ક્ષત્રિયકુન્ડ તરફ ચાલવા લાગ્યા.






आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवाय च

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

1065

# જૈન શાસન

(અઠવાડીક)

તંત્રીઓ :
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
હેમન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૬ ) * સંવત ૨૦૬૦ ચૈત્ર સુદ - ૯ * મંગળવાર, તા. ૩૦-૩-૨૦૦૪ (અંક : ૧૬

## પ્રવચન સડસઠમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

સં ૨૦૪૩, આસો વદિ-૧૧, રવિવાર, તા. ૧૮-૧૦-૧૯૮૭
શ્રી ચંદનબાલા જૈન ઉપાશ્રય, મુંબઈ - ૪૦૦ ૦૦૬

**પૂ.આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

*ગતાંકથી ચાલુ...*

(શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના -અવ.)

वित्रासयन्ति नियतं भवतो वचांसि ।
विश्वासयन्ति परवादि सुभाषितानि ।
दुःखं यथैव हि भवानदत्तथा तत् -
तत्सम्यक्तत्त्वे च मतिमान किमिहा (वा) भयः स्यात् ?

શ્રી પુણીયો શ્રાવક દરિદ્રી ખરો ને? તેને દરિદ્રીપણાની ચિંતા હતી? તે તો પોતાના આત્માધર્મની આરાધનામાં જ મશગુલ રહેતો. જ્યારે આજે તો મોટામાં મોટા શ્રીમંતોને ધર્મનો ટાઈમ નથી. આજે ઘણા જીવો ધર્મથી જ ડરે છે. મારાથી આ આ ન થાય તેમ કહે છે. રાજકુમાર જેવા સુકોમલ હશે! કશું જ દુઃખ વેઠતા જ ન હોય તેવા છે? ગૃહસ્થો જેવું અને જેટલું દુઃખ વેઠે છે તે શા માટે? દુઃખ અમે વધારે વેઠીયે કે તમે? તમે બધા પૈસા માટે, મોજશોખ માટે, લહેર કરવા જેટલા દુઃખ વેઠો છો, વેઠવાની તૈયારી પણ છે. જ્યારે ધર્મ માટે જરાપણ દુઃખ કે કષ્ટ વેઠવાની તૈયારી નથી તો મોક્ષનો ભય લાગ્યો છે તેમ કહેવાય ખરું?

આગમના વચનો એવા છે જે સંસારથી ત્રાસ જ પમાડે. જેને સંસાર ઉપર ત્રાસ ન થાય તેને હજી ભગવાનના વચનો ગમ્યા છે તેમ કહેવાય? નવ પૂર્વીને પણ જો મોક્ષની ઈચ્છા ન થાય તો તેને ય અજ્ઞાની કહ્યો છે. આપણને મોક્ષમાં જવાની ખૂબ તાલાવેલી છે? ઝટ મોક્ષે જવું છે, ઝટ મોક્ષે જવું છે તેમ હૈયામાં થાય છે? ઘણા પૈસા મેળવવા છે, સુખી થવું છે તેમ મન છે તો ઝટ મોક્ષમાં જવાનું મન છે? 'ઝટ મોક્ષે જવાનું મન તેનું નામ જૈન'! જૈન તો હંમેશા પૈસાથી, કુટુંબ-પરિવારદિથી ડરે. તેના પર પ્રેમ ન થાય તેની કાળજી રાખે. જો પ્રેમ થઈ જશે તો મારો નાશ જ થશે તેમ તે માને છે. આજે ધર્મ ઓછો કેમ થાય છે? તેમ બધા સાધુ નથી થયા તે શક્તિ નથી માટે કે થવું નથી માટે? જૈનને સાધુ થવાનું મન ન હોય તેવો જૈન હોય ખરો? જૈન એમ બોલે કે - 'સાધુપણામાં બહુ દુઃખ, માટે આપણું કામ નહિ'! દરિદ્રીને જેમ પૈસો મેળવવાનું મન હોય તેમ જૈનને સાધુ પણું મેળવવાનું જ મન હોય. સાધુ ન થઈ શકે તે બને, પણ સાધુ થવાની ઈચ્છાતો આકંઠ હોય તેનું જ નામ જૈન! તમે બધા સંસારનાં સુખ માટે કેટલાં દુઃખ - કષ્ટ વેઠો છો? ભુખ-તરસ, અપમાન-તિરસ્કાર વેઠો

છો? ગાળ દે તેવી શેઠની પણ નોકરી કરો છો. તમે સંસાર માટે જે કષ્ટ-દુઃખ વેઠો છો તે જો અમે વેઠીએ તો અમારું તો કામ થઈ જાય. તમે પણ સુખ-મોજમજા માટે જે કષ્ટ વેઠો છો તેવા જો મોક્ષ માટે વેઠો, વેઠવાનું મન પણ થાય તો ય સાચા જૈન બની જાવ. સાચા જૈનને સાધુ થવાનું જ મન થાય. જેને સાધુપણાની ઈચ્છા નહિ તે પાંચમું કે ચોથું ગુણઠાણું પામે જ નહિ. પહેલું પામ્યો તેને ચોથા કે પાંચમા ગુણઠાણાની ઈચ્છા ન હોય તેવું ય ન બને, ખરેખર જો મોહનો ભય લાગી જાય તો પહેલું ગુણઠાણું ન આવ્યું હોય તો આવી જાય.

આ સંસાર ખરાબ જ છે, મોક્ષ જ મેળવવા જેવો છે' તેમ જેને લાગે તેને પહેલું ગુણઠાણું આવે. તેમને આ લાગ્યું છે? પહેલે ગુણઠાણે મિથ્યાત્વે છે પણ તે મદં પડ્યું હોવાને કારણે તેને મોક્ષ જ ગમે અને આ સંસાર ગમે તેટલી સુખ-સાહ્યબીવાળો હોય તો ય ન ગમે. પહેલાવાળાને ચોથું પામવાનું મન થાય. તે માટે ગ્રન્થિ ભેદવાનું મન થાય. ગ્રન્થિ શું છે? દુનિયાના સુખનો અતિગાઢ રાગ અને દુઃખનો ગાઢ દ્વેષ તેનું નામ ગ્રન્થિ છે તે ગ્રન્થિને ભેદવાનું મન થાય છે? તમને બધાને પુણ્યયોગે મળેલી કે મેળવેલી જે સુખ અને સંપત્તિ, તેના ઉપર જે રાગ છે તેથી વધુને વધુ સુખ મેળવવું અને સંપત્તિ મેળવવી આવો જે રાગ છે તેથી દુઃખ થાય છે કે આનંદ થાય છે? તેના ઉપર દ્વેષ પેદા થાય છે? દુઃખ આવે તો તેના ઉપર દ્વેષ પેદા થાય છે કે દુઃખને મોજથી વેઠવાનું મન થાય છે? દુનિયાના સુખ ઉપર દ્વેષભાવ પેદા થશે અને પાપથી આવતા દુઃખ ઉપર રાગ થશે તો જ ગ્રન્થિ ભેદાશે અને સમકિત પમાશે. પહેલા ગુણઠાણે રહેલા આત્મને જેમ જેમ દુનિયાનું સુખ મળે, પૈસો મળે તેમ તેમ થાય કે આ બધું મને મારી નાખનાર છે, આ બધા ઉપર રાગ થઈ ગયો તો તો મારા આત્માનું નિકંદન નીકળી જશે માટે તે બધા ઉપર રાગ ન થઈ જાય તેની કાળજી રાખે. અને દુઃખ આવે તો વિચારે કે, મેં પાપ કર્યું માટે દુઃખ આવ્યું તો મારે તે દુઃખના પર પ્રેમ કરવો જોઈએ, દુઃખને મજેથી વેઠવું જોઈએ. આ રીતના સુખના ઉપર દ્વેષ અને દુઃખના ઉપર રાગ કરી ગ્રન્થિ ભેદવાની મહેનત કરે તો જ ગ્રન્થિ ભેદાય અને સમકિત પમાય.

તમે બધા પહેલે ગુણઠાણે તો છો ને? આ સંસાર નથી ગમતોને? મોક્ષ જ ગમે છે ને? સંસારને છોડવાની અને મોક્ષને જ મેળવવાની મહેનત ચાલુ છે ને? ભગવાનનાં દર્શન કરો - પુજા કરો, વ્યાખ્યાન સાંભળો તે આ ભયંકર સંસારથી છુટવા જ કરો છો ને? પહેલે ગુણઠાણે આ બધી પ્રતીતિ થાય. પછી જ આ દુનિયાના સુખના રાગને કાઢવાનું મન થશે. આ દુનિયાના પદાર્થો ઉપર, સુખ-સંપત્તિ ઉપર જે ગાઢો રાગ છે તે ખરાબ લાગે છે? આ રાગ જ મને મારી નાખશે, બહુ નુકશાન કરાવશે, મને ખરાબ બનાવશે, પાપી બનાવશે અને દુર્ગતિમાં લઈ જશે - આવો ભય લાગ્યો કરે છે? પહેલા ગુણઠાણાવાળા જીવને આવો ભય લાગ્યા કરે કે, આના રાગમાં મરું તો મારે દુર્ગતિમાં જવું પડે. પૈસા-ટકા, કુટુંબ-પરિવારમાં મારું મારું કરતાં મરો તો કયાં જવું પડે? જેને અહીં જ મુકીને જવું પડે, આપણી સાથે આવે પણ નહિ અને આપણે લઈ જઈ શકીએ પણ નહિ તે બધાને આપણું જ માનીએ તે ભુલ ખરીને? જે ચીજ આપણી સાથે ન આવે તે આપણી કહેવાય ખરી? આ શરીર પણ આપણું છે ખરું? આવા વિચાર શરૂ થાય તો મોહનો ભય લાગ્યો કહેવાય. પહેલા ગુણઠાણાવાળા જીવની મહેનત જોઈ સમકિતીને થાય કે આ આવી મહેનત કરે છે તો મારે કેવી કરવી? પહેલું ગુણઠાણું તે રમકડું નથી! આ સંસાર છોડવા જેવો લાગે નહિ તો મોક્ષ મેળવવા જેવો લાગે શી રીતે?

આપણે બધા મોક્ષના જ અર્થી છીએ ને? વહેલા જવું છે કે જવાય ત્યારે? પૈસા-ટકા, સુખ-સામગ્રી માટે જેટલી મહેનત છે તેટલી મોક્ષસાધક ધર્મ માટે છે ? તમે બધા ધર્મના પણ અર્થી છો ખરા ? ધર્મ પામવાની બધી જ સારી સામગ્રી મળી છે, ધર્મ ન પામું અને તે વિના મરી જાઉં તો બધુ હારી ગયો કહેવાઉં - આમ પણ હૈયામાં થાય છે ? જૈનકુળમાં જન્મ પામ્યા છો તો આ કાળમાં સાતમા ગુણઠાણા સુધી પામવાની તાકાત છે અને સારો કાળ હોય તો ચૌદમું ગુણઠાણું પામવાની

તાકાત છે - આ ખબર છે ? આ જીવનમાં શું શું મેળવવાની ઈચ્છા છે ?

દુનિયાના સુખના જ ભિખારી અને દુઃખથી ગભરાનારા જીવો ધર્મ પામવા માટે લાયક નથી. પાપ કરું તો દુઃખ ભોગવવા તૈયાર રહેવું જોઈએ. સુખનો વિરાગ અને દુઃખનો રાગ પેદા થાય તો મોહનો ભય લાગ્યો છે તેમ કહેવાય. દુનિયાનું જે સુખ મળ્યું તે સારું લાગે છે તો તે કયું પાપ કહેવાય ? અવિરતિ નામનું. અને તે સુખ જ સારું લાગે અને તેમાં જ મજા આવે તો તે કયું પાપ છે ? મિથ્યાત્વ નામનું તમારામાં અવિરતિ છે કે મિથ્યાત્વ પણ છે ? દુનિયાની સુખ-સંપત્તિ ગમે તેનું જેને દુઃખ થાય, કયારે આ ગમવાનું મટે તેમ થયા કરે તેને મોહનો ભય લાગ્યો કહેવાય ! તમને જે બધું ગમે છે તેનું નામ જ મોહ છે. દુનિયાની સુખ-સંપત્તિ-સાહ્યબી સારી લાગે તે ય મોહ ! તે બધી જ સારી લાગે, મેળવવા જેવી લાગે, ભોગવવા જેવી લાગે તેનું દુઃખ સરખું પણ ન થાય તો મિથ્યાત્વ કેવું હોય ? ગાઢ કહેવું પડેને ? તમને બધાને દુનિયા સુખ-સામગ્રી મેળવવા-ભોગવવાનું મન કે હું સાધુ થઈને સાતમાં ગુણઠાણાનો આનંદ પામું તેવું મન છે ? આજે તો ભણેલા-ગણેલાનેય આવો ભાવ નથી આવતો અને વર્ષોથી સાધુ થયેલાઓને પણ આવો ભાવ નથી આવતો ! ભણવા-ગણવાનું પણ તે માટે કરે છે કે, દુનિયાની સુખ-સંપત્તિ મળે અને તેમાં જ મોજ-મજા કરું. તમે બધા તેમાં પડો અને અમે બધા માન-પાન-સન્માનાદિમાં પડીએ તો આપણા બધાનું શું થાય ?

તમે એકલા બેઠા હો ત્યારે પણ વિચાર આવે ખરો કે! હજી મને દુનિયાની જ સુખ-સામગ્રી ગમે, તેમાં જ મજા આવે-આનંદ આવે તો મારામાં સમકિત ક્યાંથી આવે ? મોક્ષની ઈચ્છા પણ ન થાય તો મને લાગે છે કે, ''મારામાં પહેલું ગુણઠાણું પણ નથી. આ સંસારની સુખ-સામગ્રીના મજેથી ભોગવીશ, તેમાં જ આનંદ કરીશ તો એવાં એવાં પાપ કર્મો બંધાશે કે તેના પરિણામે એવી એવી દુર્ગતિમાં જવું પડશે, એવાં એવાં દુઃખો વેઠવા પડશે જેનું વર્ણન ન થાય.'' આવી શ્રદ્ધા છે ? શ્રદ્ધા હોય તેને તો મોક્ષ જ યાદ આવે. જૈનોને તો વારંવાર મોક્ષ યાદ આવે. આપણા બધા જ ભગવાન મોક્ષે ગયેલા. જેટલા સુસાધુએય મોક્ષ યાદ કરાવે અને ધર્મ પણ મોક્ષ માટે જ કરવાનું કહે. રોજ સાંભળનારને-ધર્મ કરનારને દુનિયાની સુખ-સંપત્તિ ઉપર પ્રેમ કે દ્વેષ હોય ? સાચા વિરાગ વિના શ્રાવકપણું આવવાનું નથી કે સમકિત પણ આવવાનું નથી. મનુષ્યજન્મ વિના બીજા કોઈ જન્મથી મોક્ષ મળે નહિ, મોક્ષમાં જરૂરી સાધુપણું મનુષ્યભવ વિના બીજે કશે મળે નહિ અને જીવાય પણ નહિ તે જાણતો હોય તેવો આત્મા શું ઈચ્છે ? આ મનુષ્ય જન્મ સાર્થક કરવો હોય તો સાધુ જ થવું જોઈએ આવી તમારી વિચારણા છે ખરી ? આવી હૈયાપૂર્વકની જેની વિચારણા હોય તેને ઘર-પેઢી, પૈસા-ટકા, મોજ-મજાદિનો ભય લાગે. ચોરી કરવા નીકળેલો કેવી રીતે ચાલે ? પગનો આવાજ ન નીકળે તેમ. તેને પકડાઈ જવાનો ભય પૂરો હોય છે. તેવી રીતે શ્રાવક પાપ ન થાય તેમ જીવે. તમે તો લહેરથી પાપ કરો છો અને પાછા તેમાં મજા કરો છો તો તમને કેવા કહેવા ? બંગલો જેલ જેવો લાગ્યો ? તમારો બંગલો એટલે તમે બધાએ હાથે કરીને બાંધેલી જેલ ! સરકારે બાંધેલી જેલમાંથી તો નીકળવાનું ય મન થાય. જ્યારે તમારી આ જેલમાંથી તો નીકળવાનું મન જ ન થાય. બંગલો છોડવાનું મન થાય ? આ સંસાર છોડવાનું મન ન થાય પણ સંસારમાં મજેથી રહેવાનું મન થાય તેને એકપણ ગુણઠાણું વાસ્તવિક ન આવે. સંસાર છોડવાનું અને મોક્ષે જવાનું મન થાય તેને પહેલું ગુણઠાણું ય આવે, ચોથું આવે, છઠ્ઠું આવે, આ કાળમાં સાતમું ય આવી જાય અને બહુ સારો કાળ હોય તો ક્ષપકશ્રેણી માંડી, મોહને મારી, વીતરાગ થઈ, કેવળજ્ઞાન પામી મોક્ષે ય ચાલ્યો જાય એટલે કે ચૌદમું ગુણઠાણું પણ પામી જાય.

*(ક્રમશઃ)*

# પ્રશ્નોત્તર વાટિકા

(પરિમલ)

*(ગયા અંકથી ચાલુ)*

(૪૬) આદુ તથા લીલી હળદર અનંતકાય હોવાથી વાપરવાની ના પાડે છે તે સૂકાઈ ગયા પછી સૂંઠ તથા હળદરનો નિષેધ કોઈ કરતું નથી તેમ બાટકાની વેફર પણ સૂકાઈ ગયા પછી વાપરી શકાય?

આદુ તથા લીલી હળદર અનંતકાય હોવાથી શાસ્ત્રમાં તેનો નિષેધ કરેલ છે અને તે એની મેળે જ સૂકાઈ ગયા પછી ઔષધ તરીકે વાપરી શકાય છે અને તેનો ઉપયોગ પ્રમાણસર જ કરી શકાય છે. આસક્તિનું પ્રમાણ પણ હોતું નથી અને બટાકાની વેફર બનાવવા માટે આરંભ કરવો પડે છે તે પ્રમાણથી વધુ પણ વાપરી શકાય છે. વાપરતી વખતે આસક્તિ પણ થાય છે તેનો ઔષધ તરીકે ઉપયોગ જરૂરી નથી. બટાકા પડયા હોય તો બાર મહિના સુધી પણ લીલા જ રહે છે. સૂંઠ કે હળદરની જેમ સ્વયંમેવ સૂકાતા નથી તેથી આરંભ અને આસક્તિ પણ વધુ થાય છે માટે નિષેધ છે.

(૪૭) સીંગદાણા પણ જમીનમાં જ ઉગે છે તો તે શા માટે વાપરી શકાય?

સીંગદાણા જમીનની અંદર ઉગતા હોવા છતાં પણ અનંતકાયના લક્ષણો તેમાં ઘટતા (બંધ બેસતા) ન હોવાથી (સીંગમાંથી તેલ નીકળતું હોવાથી) તેને અનંતકાયમાં ગણવામાં આવતાં નથી તેનો નિષેધ નથી.

(૪૮) નાગરવેલનું પાન બારે માસ વાપરી શકાય?

નાગરવેલનું પાન કારતક સુ. ૧૫થી ફાગણ સુ. ૧૪ સુધી અભક્ષ્ય ગણવામાં આવ્યું નથી પરંતુ તેને તાજુ રાખવા માટે ઝાડ ઉપરથી ઉતાર્યા પછી સતત તેની ઉપર પાણી છાંટવું પડે છે અથવા તેને પાણીમાં રાખવું પડે છે તેથી તદ્‌વર્ણવાળી નિગોદ થવાનો સંભવ છે. તેથી અભક્ષ્ય ન હોવા છતાં તેનો ત્યાગ કરવો જોઈએ અને ફાગણ સુ. ૧૫થી કારતક સુ. ૧૪ સુધી તો અભક્ષ્ય જ ગણાતું હોવાથી કોઈપણ સંયોગોમાં તેનો ખાવામાં ઉપયોગ કરી શકાય નહિ.

(૪૯) કોબીઝ (પાનકોબી) તથા ફુલાવર વાપરી શકાય?

કોબીઝ તથા ફુલાવર કારતક સુ. ૧૫થી ફા. સુ. ૧૪ સુધી અભક્ષ્ય ન હોવા છતાં કોબીઝના પાંદડાઓની વચ્ચે પાણીના કારણે જીણા ત્રસ જીવોની વિરાધનાનો સંભવ હોવાથી તથા ફુલાવરમાં સતત પાણી છાંટવાના કારણે અને ગુંચવાળું હોવાથી તેમાં લીલી ઈયળોની સંભાવના હોવાથી ઘણાં આરાધકો વાપરતા નથી અને વાપરવું યોગ્ય પણ નથી.

(૫૦) ટમેટા વાપરી શકાય? ઘણાનું કહેવું છે કે લાલ રંગ હોવાથી દાળ શાકમાં નાંખે તો પણ વાપરી શકાય નહિં તેમાં સાચું શું?

ટમેટા કાચા અને પાકા બે પ્રકારના આવે છે. બંને પ્રકારના ટમેટા અભક્ષ્ય ગણાતા નથી. કાચા ટમેટામાં કોઈ વિખવાદ નથી. પાકા (લાલ) ટમેટા પણ અભક્ષ્ય ગણાતાં નથી અને લાલ રંગ હોવાથી વાપરી શકાય નહિં તેમ કહેનારા પણ તડબુચ લાલ હોવા છતાં પણ વાપરવાની ના પાડતાં નથી અને તેમની પાસે કોઈ જ દલીલ નથી. સાચી વાત તો એ છે કે દાળ શાકમાં નાંખેલા હોય કે સ્વતંત્ર શાક બનાવેલ હોય તો અભક્ષ્ય ન હોવાથી વાપરી શકાય છે.

(૫૧) જામફળનું શાક વાપરી શકાય?

જામફળ પણ અભક્ષ્ય નથી પરંતુ તેના બીજ અત્યંત કઠણ હોવાથી ચુલે ચઢાવ્યા પછી પણ અચિત થતાં ન હોવાથી સચિતના ત્યાગીને તથા એકાસણાદિમાં વાપરી શકાય નહિં. બીજ કાઢીને ઘણીવાર શાક બનાવે છે તો તે વાપરવામાં કોઈ વાંધો

નથી.

(૫૨) કેરી તથા કાકડીને ચુલે ચઢાવ્યા વિના મસાલો (મરચું, મીઠુ વિ.) નાંખીને બે ઘડી પછી સચિતના ત્યાગી વાપરી શકે?

કાચી કેરીને બીજથી અલગ કર્યા પછી સમારીને મરચું મીઠું વિ. નાંખીને બે ઘડી પછી સચિતના ત્યાગી પણ વાપરી શકે છે. કારણ કે ખટાશ અને ખારાશ બંને ઉભય (એકબીજાના) શસ્ત્ર હોવાથી કાચું મીઠુ નાંખેલ હોય તો પણ અચિત થાય છે જ્યારે કાકડી સમારીને માત્ર મસાલો નાખવાથી બે ઘડી કે તેથી વધુ સમય બાદ પણ અચિત થતી નથી. ચૂલે ચઢાવવામાં આવ્યા બાદ પણ કાચુ-પાકુ શાક બનાવેલ હોય તો વાપરી શકાતું નથી. મહાત્માઓ પણ વહોરતા નથી. સંપૂર્ણ સીઝી જાય પછી જ અચિત ગણાય છે.

(૫૩) દેવસિસ પ્રતિક્રમણમાં વંદીત્તાની ૪૯મી ગાથા ખામેમિ સવ્વ જીવે... અને પક્ખી પ્રતિક્રમણમાં અજીત શાંતિ સ્તવનમાં છેલ્લી ત્રણ ગાથાઓ શ્રાવકો સમૂહમાં બોલે છે તે બરાબર ગણાય?

વંદિતા સૂત્રની ૪૯મી ગાથા તથા અજીત શાંતિની છેલ્લી ત્રણ ગાથાઓ સમૂહમાં બોલાય છે તે બરાબર નથી. અવિધિ છે, જેને ગુરુએ આદેશ આપ્યો હોય તેને જ સંપૂર્ણ બોલવાનું છે. બીજાએ તો માત્ર સાંભળવાનું છે અને સ્તવન પૂર્ણ થયા પછી વરકનક સંખ... ગાથા સમૂહમાં બધાએ બોલવાની છે.

(૫૪) કોઈપણ જગ્યાએ ચૈત્યવંદન કરતી વખતે સકલકુશલવલ્લી... બોલાય છે તેમાં શ્રેયસે શાંતિનાથઃ શ્રેયસે પાર્શ્વનાથ બંને બોલી શકાય?

ચૈત્યવંદન કરતી વખતે સકલ કુશલ વલ્લી... શ્લોક આખો બોલાય છે અને ચાર લીટીનો શ્લોક હોવાથી શ્રેયસે શાંતિનાથઃ એક જ બોલવાનું હોય છે. સાથે શ્રેયસે પાર્શ્વનાથઃ બોલાવી શ્લોકના છંદનો ભંગ અને અનવસ્થા થાય છે તો પછી કોઈ શ્રેયસે આદિનાથઃ પણ શરૂ કરે માટે આવું કંઈપણ ઘરનું ઉમેરવું વ્યાજબી ન ગણાય.

(૫૫) પકખી પ્રતિક્રમણમાં ચૈત્ય વંદનની જગ્યાએ સકલાર્હિત બોલાય છે તેમાં કૃતાપરાધેડપિ જને.... ગાથા તથા છેલ્લી બે ગાથા ઘણાં શા માટે બોલતાં નથી?

પક્ખી પ્રતિક્રમણમાં સકલાર્હતમાં કૃપાપરાધેપિજને ગાથા ઉવસર્ગની હોવાથી અને છેલ્લી બે પ્રક્ષેપગાથા (પાછળથી ઉમેરાઈ) હોવાથી (સંતિકરંની ૧૪મી ગાથા પ્રક્ષેપ હોવાથી જેમ બોલતા નથી તેમ) ઘણાં બોલતાં નથી. આ વાત પૂ. આ. ભ. પાસેથી સાંભળી છે શાસ્ત્રીય ઉલ્લેખ મળતો નથી.

(૫૬) પ્રભુ વીર પરમાત્માના શાસનમાં છ માસથી અધિક ઉપવાસ કોઈપણ કરી શકે ખરૂં?

ચરમ તીર્થાધિપતિ આસન્ન ઉપકારી શ્રમણ ભગવાન શ્રી મહાવીરદેવના શાસનમાં ૬ માસથી વધુ એક પણ ઉપવાસ (સજલ પણ) નથી જ કરી શકાતા અને તે પણ મહાવીરસ્વામીએ ૬ માસથી અધિક ઉપવાસ કર્યા નહોતા માટે નહિં પરંતુ દરેક તીર્થંકર પરમાત્માના શાસનમાં તપની ઉત્કૃષ્ટ મર્યાદા નિશ્ચિત થયેલ હોય છે. જેમ કે તપો વૃષભતીર્થેડભૂદુત્કૃષ્ટ વાર્ષિકં તથા ષણ્માસિકં વીરતીર્થે શેષેષુ ચાષ્ટમાસિકં- ૯૯૬ લોકપ્રકાશ સર્ગ-૩૨.

ઋષભદેવ ભગવાને દીક્ષા લીધા બાદ છદ્મસ્થ અવસ્થામાં ૪૦૦ નિર્જલ ઉપવાસ કરેલ છતાં તેમના તીર્થમાં ૧૨ મહિનાના (૩૬૦) ઉપવાસથી અધિક કોઈપણ કરી શકે નહિં. જ્યારે અજિતનાથ આદિ બાવીસ તીર્થંકર પરમાત્માના શાસનમાં મલ્લિનાથ ભગવાને અઠમ તપથી વધુ કરેલ નથી છતાં તેમના શાસનમાં ઉત્કૃષ્ઠ આઠ મહિનાના ઉપવાસની મર્યાદા છે અને વીર પરમાત્માના શાસનમાં છ મહિનાના (૧૮૦) ઉપવાસની મર્યાદા છે. તેથી અધિક ઉપવાસ કોઈપણ કરે તો તે ભગવાનની આશાતના કરતો હોવાથી વિરાધક ગણાય છે. કહ્યું છે કે તપશ્ચતુર્થાદિકં

चतुर्थादारम्य तावद् भवति यावत् षाण्मासिकं षण्मासप्रमाणं परतो भगवद् वर्धमान स्वामीतीर्थे तपसः प्रतिषेघात् पिंड निर्युक्ति- टीका (ગાથા-૬૬૮)

એક ઉપવાસથી માંડીને ૬ મહિના સુધીના ઉપવાસ એથી વધારે ઉપવાસનો વર્ધમાન સ્વામીના શાસનમાં નિષેધ કરેલ છે. શ્રી મહાવીર તીર્થેડસ્મિન્નુપવાસ તપઃ किलः षण्मासान् यावदादिष्टमुत्कृष्टं गणधारिभिः ॥ પ્રવચન સારોદ્ધાર ૧૭૮

શ્રી મહાવીર પરમાત્માના આ શાસનમાં ઉત્કૃષ્ટથી ખરેખર છ મહિના સુધીના ઉપવાસનો તપ ગણધર ભગવંતો વડે ફરમાવાયો છે.

વ્યવહાર સૂત્રમાં પણ પ્રાયશ્ચિતના અધિકારમાં કહ્યું છે કે,

स्थापनारोपणाव्यतिरेकेण षण्मासान् प्रयच्छति, परतस्तपः प्रायश्चित्तदानस्यासम्भवात् વ્યવહારસૂત્ર ઉદ્દેશક ૧ ભાષ્ય ગાથા ૪૪૩ની ટીકા

નિશીથ ચૂર્ણીમાં પણ કહ્યું છે કે :

परतः तवो न कायव्वो चरमतित्थयरस्स आसायणा भया. निशीथचूर्णी.

આ ઉપરથી નક્કી થાય છે કે મહાવીરસ્વામીના શાસનમાં છ માસથી અધિક ઉપવાસ થઇ શકે જ નહિં અને છતાં ઉપરવટ થઇને કોઇપણ કરે તો તેની અનુમોદના પણ કરી શકાય નહિં. અનુમોદના કરનારને પણ દોષ લાગે.

(૫૭) લીલોત્તરીનો જેને સંપૂર્ણ ત્યાગ કરેલ છે તે કેળાની વેફર કે મેથીની ભાજીના ઢેબરા કે ખાખરા વાપરી શકે?

જેને સંપૂર્ણ લીલોત્તરીનો ત્યાગ કરેલ છે તે વ્યકિત જે દિવસે વેફર બની હોય અને લીલી ભાજીના ઢેબરા કે ખાખરા જે દિવસે બનાવ્યા હોય તે દિવસે વાપરી શકે નહિં. વાપરે તો લીલોત્તરી વાપરવાનો દોષ લાગે. વેફર વિ. બની ગયા પછી બીજે દિવસે વાપરવામાં (ખાવામાં) લીલોત્તરીનો દોષ લાગતો નથી.

(૫૮) ભા.સુ. ૫ના દિવસે પારણામાં લીલોત્તરી વાપરી શકાય?

શકિત હોય તો ભાદરવા સુ. ૫ના દિવસે પણ ઉપવાસાદિ તપ કરવો જોઇએ. છતાં ન કરી શકે તો પણ સુ. ૫ પર્વતિથિ હોવાથી છેવટે લીલોત્તરીનો તો સંપૂર્ણ ત્યાગ કરવો જ જોઇએ. પારણા કે સ્વામિ વાત્સલ્યમાં લીંબુનો રસ કે કાચા કેળાનું શાક તથા રાબડીમાં લીલા શ્રીફળનો સર્વથા ત્યાગ કરવો જ જોઇએ.

(૫૯) કાચા ગોળનો (ગોળ વિગઇનો) ત્યાગ કર્યો હોય તેને ગોળની સુખડી ખાવી કલ્પે?

કાચા ગોળનો ત્યાગ કર્યો હોય તેને આજે જ બનાવેલી ગોળની સુખડી આજે ખવાય નહિં. આવતી કાલે ખાઇ શકાય. જયારે દાળ શાકમાં ગોળ નાંખ્યો હોય અથવા ગોળનો શીરો વિ. બનાવેલ હોય તો પણ ખાઇ શકાય.

(૬૦) જિનાલયમાં સિદ્ધચક્રના યંત્રની (પાટલીની) પૂજા કર્યા બાદ ભગવાનની પૂજા થઇ શકે?

સિદ્ધચક્ર યંત્રમાં અરિહંતાદિ પદની (ગુણની) પૂજા હોવાથી તેની પૂજા કર્યા પછી પણ ભગવાનની પૂજા થઇ શકે છે.

(૬૧) અષ્ટમંગળની પાટલીની પૂજા કર્યા બાદ ભગવાનની પૂજા થઇ શકે?

અષ્ટમંગળની પાટલીની જ પૂજા કરવાની વિધિ નથી કારણ કે અષ્ટમંગળ પાટલા ઉપર આલેખવાના હતાં જેની પાટલી તેયાર બનાવી મૂકી છે પરંતુ તેની પ્રક્ષાલ પૂજા વિ. કશું જ કરવાનું નથી. ખરેખર તે પાટલી ગભારામાંથી બહાર કાઢી ભંડાર ઉપર મુકવાની જરૂર છે. કળશ મત્સ્ય યુગલ વિ. આઠ મંગળ છે તેની અંજન વિ. વિધિ પણ કરવાની હોતી નથી તેથી પૂજા થઇ શકે નહિં.

*(ક્રમશઃ)*

# માધ્યસ્થીઓની માયાજાળ

આજે માધ્યસ્થી બનવાનો સૌ કોઈને અભરખો છે. ભાઈ! શ્રાવક - શ્રાવિકા, ટ્રસ્ટીઓ અને સાધુ- સાધ્વીઓ કોઈ બાકાત નથી. કોઈપણ વાત આવે ચાહે સંસારની હોય કે શાસન, સમુદાય, સિદ્ધાંત રક્ષાની હોય તો તરત જ પૂન્યશાળીઓ (ખમીરવંતા!) માધ્યસ્થનું લેબલ લગાડી ફરવા તૈયાર થઇ જાય છે. અમે માધ્યસ્થની કંઠી બાંધી છે, અમે માધ્યસ્થપણું લખી આપ્યું છે માટે સત્ય વાત હોય કે ખોટી વાત હોય ત્યાં અમે એક શબ્દ બોલવાના નહિં કે લખી આપવાના પણ નહિં.

પરંતુ, જ્યાં એમના નામે કોઈ વાત કરે ત્યાં મધ્યસ્થપણું કયાં જાય છે? નીચે રેલો આવ્યો એટલે મધ્યસ્થપણું ના ટકે, રેલો રેલાની જગ્યાએ રહે. આપણે આપણો સ્પષ્ટ ખુલાસો કરી દેવો જયાં ભાગ્યશાળી આવી મીઠી મીઠી જાહેરાત કરે ત્યાં જ કટકી આપવામાં આવે, તન- મનનો અભિલાષ પોષવાના પ્રયત્નો થાય, અવગુણો પ્રગટ કરવાની વાતો કાને અથડાય, માન-મોભો, મોટાઇની લાલચો અને છેલ્લે વિટામીન 'એમ'થી મોંઢુ ભરી દેવામાં આવે એટલે સ્પષ્ટ ખુલાસો કરવા તૈયાર થયેલા ખમીરવંતાની હવા નીકળી જાય. પાછા હતા એવા માધ્યસ્થી બની ઘુમવા લાગે.

ભાઈ! આમાં નુકસાન કેટલું? કીડી હાથીને ચટકો ભરે એટલું કે વધારે? વાચકો! **તમારું મંતવ્ય શું? તમારૂં મંતવ્ય મને જણાવશો? પણ ખ્યાલ રાખજો તમારો ભ્રમ ભાંગી નાખજો?** તમારૂં મંતવ્ય મન જણાવશો તો કાંઇ જૈન શાસન છાપી નહિં નાંખે. તમે લખશો તો મને જ મળશે. આવે એવી હવા ફેલાવવામાં આવી છે કે જૈન શાસન ઉપર કાંઇપણ મોકલો એટલે જૈન શાસન છાપી નાખે છે. શું જૈન શાસન ચલાવનારા એટલા બધા નાદાન છે? બુધ્ધિહીન છે? શું છોકરમત છે? શું શાસનનો અવિહર રાગ નથી? શું સિદ્ધાંત રક્ષાની ખુમારી નથી? ના. ભાગ્યશાળી ભૂલ થાય છે. ખોટા સામે પડકાર ફેંકવાની પુરેપુરી હિંમત છે, ખોટાઓને ખુલ્લા કરવાની તાકાત છે.

પરંતુ, પગ નીચે રેલો આવવાથી આવી ખોટી હવા ફેલાવી શ્રી જૈન શાસનને બદનામ કરવાની મેલી મુરાદ છે.

છેલ્લે માધ્યસ્થીઓથી શાસનનું કેટલું નુકસાન થાય છે તે માટે પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજીએ આપેલા પ્રવચનમાંથી તૈયાર થયેલ પ્રશ્નોત્તરી વાંચીએ...

- ખટપટીઓ.

*જૈન શાસનના જગવિખ્યાત જ્યોતિર્ધર-વ્યાખ્યાન વાચસ્પતિ પરમ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના વિશાળ વ્યાખ્યાન રાશિમાંથી સમુદ્ધૃત*

## ● પ્રવચન પ્રશ્નોતરી ●

*સંકલન : પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય નરવાહનસૂરીશ્વરજી મહારાજા*

*(પ્રવચનધારા - વિ. સં. ૨૦૬૦ તા. ૨૪-૨-૨૦૦૪)*

*પ્ર. ૧૯૪૬ : મધ્યસ્થપણાનો સ્વાંગ ધરનારાઓએ*

*આજે શું કરવા માંડયું? કોના નામે?*

ઉ.: આજે તો કેટલાક મધ્યસ્થપણાનો સ્વાંગ ધરનારાઓ ભગવાન શ્રી હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજના એક શ્લોકનું

'पक्षपातो न मे वीरे, न द्वेषः कपिलादेषु'

'મને વીરમાં પક્ષપાત નથી અને કપિલાદિમાં દ્વેષ નથી'. આ પૂર્વાર્દ્ધ માત્ર લઈને કહે છે કે - જોયું? આ શ્રી હરિભદ્રસૂરિજી જેવા પણ કેવા મધ્યસ્થ! એમને

પણ છે કાંઇ મહાવીર પ્રત્યે રાગ કે કપિલ પ્રત્યે દ્વેષ? આજ રીતિએ ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીનું ઉત્તરાર્દ્ધ લીધું કે, 'ગમે તે હોય તેને નમસ્કાર હો.' ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજીના શ્લોકના ઉત્તરાર્દ્ધને મૂકી દીધું અને ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીના શ્લોકનું પૂવાર્દ્ધ મૂકી દીધું અને પોતાની માની લીધેલી બનાવટી મધ્યસ્થતાનું યથેચ્છ પીંજણ કરવા માંડયું.

*પ્ર.: ૪૯૪૭ એ બિચારાઓ શું નથી કરી શકતાં? મહાપુરૂષોએ શું કર્યું છે?*

ઉ.: પણ એ બીચારા અજ્ઞાન આત્માઓ જરા પણ જોઇ કે વિચારી નથી શકતા કે-

એ મહાપુરૂષોએ કોઇ પણ સ્થાને કપિલ આદિને નમસ્કાર ન કરતાં ભગવાન શ્રી મહાવીરદેવને જ નમસ્કાર કેમ કર્યો? નમસ્કાર કર્યો એટલું જ નહિં પણ ઉલ્ટું ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ તો-

'युक्ति मद्वचनं यस्य, तस्य कार्यः परिग्रहः ।'

જેનું વચન યુક્તિયુક્ત હોય, તેનો સ્વીકાર કરવા યોગ્ય છે' આ પ્રમાણે કહી કપિલ આદિ દર્શનકારોના એક મંતવ્યને એકદેશીય તરીકે જણાવી, તેનું યથાસ્થિત અને ખંડશઃ ખંડન કરી, ભગવાન શ્રી મહાવીરદેવના સિદ્ધાંતોનું અપૂર્વ રીતિએ સ્થાપન કરી, પોતાના સમ્યક્ત્વને સુવિશુદ્ધ બનાવી, જગતના મુમુક્ષુ આત્માઓ સમક્ષ શ્રી જિનેશ્વર દેવના શાસનનું સંપૂર્ણપણે સમર્થન કરી બતાવી આપ્યું કે- વર્તમાનમાં ભગવાન શ્રી મહાવીરદેવના શાસન જેવું કોઇપણ શાસન આ ભારતમાં હયાતિ નથી ભોગવતું અને ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ પણ-

'भववीजांकुरजनना - रागाद्या क्षयमुपागता यस्य'।

આ પ્રમાણેનું પૂર્વાર્દ્ધ આલેખી ખુલ્લેખુલ્લું જાહેર કરી દીધું કે 'દેવાધિદેવ તરીકે તે જ નમસ્કારને યોગ્ય છે, કે જેના સંસારરૂપ બીજના અંકુરાને પેદા કરનારા રાગ, દ્વેષ વિગેરે દોષો ક્ષય પામ્યા છે' એટલું જ નહિં પણ અનેક પ્રકારે કુદેવોનું ખંડન કરી 'અઢારે દોષોથી રહિત શ્રી સર્વજ્ઞ પરમાત્માને જ દેવાધિદેવ તરીકે માની શકાય' - એ વાત ચેતવનંતા આત્માઓને સ્ફુટપણે સમજાવી દીધી.

*પ્ર.: ૪૯૪૮ કોણ કેવાઓને કેવી તરીકે ઓળખે છે? અને તેઓ શું કરે છે? શાથી?*

ઉ. : આ બધા ઉપરથી એક નાનામાં નાનો બાળક પણ સમજી શકશે કે- 'સાચા ખોટાની પરીક્ષા વિના માત્ર પોતાની ખોટી માનાકાંક્ષાને ફલિત કરવાના કુટ ઈરાદાથી સંયોગને આધીન થઇ- જેવા હોય તેવા થવું અને જેવો રંગ દેખાય તેવું નાચવું- એ કાંઇ માધ્યસ્થ નથી. આવી બનાવટી માધ્યસ્થવૃત્તિના પૂજારીઓની તો અસત્યના ઉપાસકો, કે જેઓમાં થોડી પણ બુદ્ધિ હોય, તો તેઓમાં પણ કીંમત નથી. તેઓ પણ તેવાઓને નાટકીયા તરીકે જ ઓળખે છે, અને પોતાના સાથીઓને તેવાઓથી સાવધ રહેવાની સૂચના આપે છે : એટલે કે એવા મધ્યસ્થોની દશા સર્વત્ર ભયંકર છે અને સ્વાર્થિ દેશદ્રોહીઓના કે સ્વામિદ્રોહીઓના થયેલા હેજનાં જેવાં વર્ણનો ઈતિહાસમાં આવે છે, તેવા જ હેજ એવા આડંબરધારી મધ્યસ્થોના થવાના છે.

*પ્ર.: ૪૯૪૯ જૈન શાસનનો મધ્યસ્થ કેવો હોય? શું કહી દે?*

ઉ.: શ્રી જૈન શાસનનો મધ્યસ્થ તો પાપની વાતથી, અધર્મની વાતથી આઘો જ રહે : હૃદયમાં દ્વેષ, તિરસ્કાર કે કોઇના પણ ભૂંડાની ભાવના નહિં રાખવા છતાં, વિરોધિઓના દલને કહી જ દે કે- 'પ્રભુએ ફરમાવેલા શાસનની સાચી માન્યતાથી એક પણ કદમ પાછો નહિં જ ખસું.'

*પ્ર.: ૪૯૫૦ કયી વૃત્તિ શું સુચવે છે?*

ઉ.: માધ્યસ્થ્ય વૃત્તિ તો એ જ શીખવે છે કે 'સત્ય તરફ ઝુકવું' સત્ય તરફ આવતાં આક્રમણને બને તો દૂર કરવું અને તેમ ન બની શકે તો તેનાથી દૂર રહી, તેમાંથી યોગ્ય આત્માઓને બચાવી લેવાના પ્રયત્ન કરવા, પણ માનાદિકના કારણે લોકહેરીમાં તો ન જ પડી જવું.

*પ્ર.: ૪૯૫૧ કયા મહાપુરૂષ શેમાં શું ફરમાવે છે?*

ઉ.: મહામહોપાધ્યાય, ન્યાયાચાર્ય, શ્રીમદ્ યશોવિજયજી મહારાજા શ્રી સીમંધર સ્વામિને વિનંતિ કરતાં કહે છે કે-

'લોક સંજ્ઞા થકી લોક બહુ બાઉલો,
રાઉલો દાસ તે સવિ ઉવેખે;
એક તુજ આણસું જેહ રાતા રહે,
તેહને એહ નિજ મિત્ર દેખે. આજ.'

'હે નાથ! આ લોક લોકસંજ્ઞા થકી ઘણો જ ઘેલો થઈ ગયો છે, પણ આ આપનો દાસ તે સઘળાની ઉપેક્ષા કરે છે અને જે આત્માઓ કેવલ એક તારી જ આજ્ઞામાં રક્ત રહે છે, તેઓને જ આ તારો દાસ પોતાના મિત્ર તરીકે જૂએ છે.'

*પ્ર.: ૪૯૫૪ ધનપાલ કવિના ગ્રંથ જોઈને રાજાએ શું કહ્યું? ધનપાલ કોણ હતાં? છતાં શું ન ઈચ્છયું? અને શું ન કર્યું? રાજાને શું કહ્યું?*

ઉ.: ગ્રંથ જોયા બાદ રાજાએ કહ્યું કે- 'ધનપાલ! ગ્રંથ મજેનો પણ થોડો ફેરફાર કરવો પડશે! જ્યાં ભરત છે ત્યાં ભોજ લખઃ અયોધ્યા છે ત્યાં ધારા લખ : અને ઋષભદેવ છે ત્યાં મારા ઈષ્ટદેવ લખ.' શ્રી ધનપાલ કોણ હતાં? રાજાના આશ્રિત! છતાં 'રાજા રાજી થતાં હોય તો લાવને ફેરફાર કરૂં- એમ ન જ ઈચ્છયું, ભરતને બદલે ભોજ એટલે ત્રણ અક્ષરને બદલે બે અક્ષર કરવાના હતા અને અયોધ્યાને બદલે ધારા કરવાની તથા શ્રી ઋષભદેવ સ્વામિના સ્થાને અન્યનું નામ લખવાનું હતું- એમાં હરકત શી હતી? એમ આજના લેભાગુઓને તો કહેતાં જરા પણ વાર ન લાગે : કારણ કે- ખોટી મધ્યસ્થતાથી તેઓ તો ઘેલા બનેલા છે, એટલે ઉલ્ટા બચાવ કરવા માંડે કે- 'કોઈને દુઃખ થાય તેવી પ્રવૃતિ કરાય ? ધર્માત્માની તો બધાને સુખ થાય તેવી જ પ્રવૃતિ જોઈએ, એવા ખોટા આગ્રહ શા? પણ પંડિત પ્રવર શ્રી ધનપાલે તેમ કરવામાં 'હા' કેમ ન પાડી? એ જ કારણ કે - તે પૂણ્યાત્મા પરમ સમ્યગ્દ્રષ્ટિ હતા અને સત્યાસત્યના પરીક્ષક હતાં, તથા 'પ્રશંસા કોની થાય અને કોની ન થાય?' એનો સાચો વિવેક કરી શકતાં હતાં. સાચો ગુણાનુરાગી આત્મા ખોટાની પરીક્ષા કરતાં ખોટાને સાચું કહેવા જેવી પરીક્ષા કરે જ નહિં. સમ્યગ્દ્રષ્ટિ આત્માથી ખોટાની પ્રશંસા ન થાય, ખોટામાં હાજી ન ભણાય અને ખોટામાં ઉભા પણ ન રહેવાય.

*પ્ર.: ૪૯૫૫ નજીવું નુકસાન હોય તો?*

ઉ.: ખોટાની પ્રશંસા એ નજીવું નુકશાન? દુનિયામાં મોટામાં મોટુ નુકસાન તો એ જ છે. આખા જીવનનું સત્યાનાશ કરનારો એ મોટોમાં મોટો દુર્ગુણ છે. ખોટાની પ્રશંસા કરવાની ઉર્મિ જાગી, કે સઘળા સદ્‌ગુણો આપોઆપ નાશ પામવા માંડે છે : માટે તો કહું છું કે- કોઈ વાત ન જચે તો હા ન પાડતા, પણ સાચાને સાચા તરીકે સ્વીકાર્યા પછી, ખોટાની પ્રશંસામાં ઉભા રહેવું, એ તો નહિ પામેલા કરતાં પણ શાસનનો ભયંકર દુશ્મન બને છે.

*પ્ર.: ૪૯૫૬ કોણ કોને વધારે નુકસાન કરે છે? શાથી?*

ઉ.: શાસનને, શાસનમાં નહિ રહેનાર કરતાં શાસનમાં રહેવાનો દંભ કરી ખોટાની પ્રશંસામાં ઉભો રહેનાર વધારે નુકસાન કરે છે. બહાર રહેનારો તો કાંકરી મારે, પથ્થરો મારે, કાચ ફોડે, પણ અંદરના તો તીજોરીનો માલ ખાઈ જાય અને ઉઠાવી જાય, માટે બનાવટી આદમીથી શાસનની પ્રભાવના સ્વપ્ને પણ ન માનતાં.

*પ્ર.: ૪૯૫૭ બહુ ભયંકર ચીજ કયી છે? શાથી? કેવા બનવું જોઈએ?*

ઉ.: ખોટાની પ્રશંસા બહુ ભયંકર ચીજ છે. પ્રશંસા કરતાં પહેલાં ખૂબ સાવધ અને વિવેકી બનવું જોઈએ. વેશ્યાની સુંદરતાની પ્રશંસા થાય? સુંદરતા તો ગુણ છેને? વેશ્યામાં રહેલી 'સુંદરતા, સ્વચ્છતા, હુંશીયારી અને બુદ્ધિ' વિગેરે ગુણોની હૃદયમાં અનુમોદના થાય કે- આ ગુણો સન્માર્ગે યોજાય તો કામ થઈ જાય, પણ તે ગુણોના યોગે તેની પ્રશંસા કરે તો? વિચાર કર્યા વિના એવી પ્રશંસા કરનાર અનેકના જીવનોને બરબાદ કરે છે. 'તમ મિથ્યામતિ આત્માઓના અમુક ગુણાભાસ ગુણોની પ્રશંસા કરનારા ભયંકર રીતિએ મિથ્યાત્વની પુષ્ટિ કરે છે, એના જેવા જૈનશાસનને નાશકારક આત્મા બીજા નથી. જૈનશાસને જમાલિ જેવા વિદ્વાનને પણ **'કડે માણે કડે'** સૂત્રની વિપરિત પ્રરૂપણા માટે દૂર કર્યા. 'આવો જ્ઞાની, આવો સમર્થ, હજારોને ઉંચે ચઢાવનાર' હોવા છતાં.

●●●●●

# રાજસિંહ અને રત્નવતી

હપ્તો -૨

ચિત્રકાર : ભાસ્કર સગર    કથા : મુનિ શ્રી જિતરત્નસાગરજી 'રાજહંસ'



# સવ્વે જીવા કમ્મવસ

- 'શાસનભક્ત'

મહાપુણ્યોદયે આવું પરમ તારક શાસન પ્રાપ્ત થવા છતાં પણ શાસનના સત્યસિદ્ધાંતો રૂચિકર ન બને, તે સિદ્ધાંતોનો અપલાપ કરવાનું મન થાય તો સમજવું કે આત્માની કર્મની સ્થિતિ ઘણી ભારે લાગે છે, મિથ્યાત્વની મંદતા પણ થઈ લાગતી નથી. ખરેખર મિથ્યાત્વનો પ્રભાવ ઘણો જ વિષમ છે. માટે જ્ઞાનીઓએ મિથ્યાત્વથી મૂઢ બનેલા જીવોની દયા ખાધી છે, બિચારા! એવા ગાઢ કર્મને પરવશ બન્યા છે કે, સાચું સમજવા- સમજાવવા છતાં પણ સ્વયં સાચું માનતાં નથી. જેમ આભિગ્રહિક મિથ્યાત્વના ઉદયવાળા પંડિતો 'ઈશ્વર જગતનો કર્તા નથી' તે વાત એવી આબેહૂબ ખૂબીઓ અને દલીલોથી સમજાવે કે હૈયામાં આત્મસાત્ થાય. પણ સ્વયં પોતે 'ઈશ્વરને જગતનો કર્તા માને!' એમપણ બને.

આભિગ્રહિક, અનાભિગ્રહકિ, આભિનિવેશીક, સાંશયિક અને અનાભોગિક- આ પાંચે પ્રકારના મિથ્યાત્વમાં આભિનિવેશિક મિથ્યાત્વનો ઉદય ખૂબ જ ભયંકર અને હાનિકારક કહ્યો. જે સ્વયં ડૂબે અને બીજાને ડુબાડે. પદ, પ્રતિષ્ઠા, પુણ્યોદય, પ્રગલ્ભતા અને પ્રતિભા હોય એટલે પોતાની વાત લોકોના માથામાં પેસાડી દે પણ પરિણામ સ્વ-પરનું ભયંકર આત્મ નુકસાન! જૈન શાસનમાં પ્રજ્ઞાનો પ્રકર્ષ અને પૂણ્યોદયની પ્રતિભાદિથી જે જે નિહ્નવો થયા તે જો આંખ સામે હોય તો આત્માર્થી જીવને થાય કે આવી પ્રતિષ્ઠાદિનો શો અર્થ જે તરણતારણ જહાજ સમાન જૈન શાસન સામે જ જંગે ચઢાવે! હરેક કાળની જેમ આ કાળમાં આ વાત ખૂબ જ સાચી દેખાઈ રહી છે.

જે સમુદાય શાસનના સત્યસિદ્ધાંતોના રક્ષણ માટે જેહાદે ચઢતો અને શ્રી શાસન- સંઘ- સમુદાયનું નેતૃત્વ અદા કરતો તે જ સમુદાયમાં અમદાવાદ- સાબરમતી- સ્મૃતિ મંદિરના કારણે જે વિવાદ પેદા થયો છે તેનું મૂળ જો વિચારકો શાંત ચિત્તે વિચારે તો લાગે કે એક ખોટા સિદ્ધાંતને સ્થાપવાની ધૂનમાં આજે આ સમુદાય વેરવિખેર જેવો, ધણીધોરી વગરનો, દિશાશૂન્ય, નેતૃત્વહીન જેવો બની ગયો છે. જેનું સમુદાય સમર્પિત આત્માઓમાં ભારે દુઃખ છે. મિથ્યાત્વનો કારમો ઉદય શું કરાવે તે હવે પ્રત્યક્ષ જોવાઈ રહ્યું છે. સાચી વાતને ખોટી મનાવવી અને ખોટી વાતને સાચી મનાવવી તેનું નામ જ મિથ્યાત્વ છે તે સુજ્ઞજનોને સુવિદિત છે. જેને વિવાદ મીટાવવો હોય તે પ્રયત્ન કરે પણ જેને વિવાદ શમાવવો નથી પણ વકરાવવો છે, બળતામાં ઘી હોમવા જેવું કામ કરવું છે અને દોષ બીજાને માથે ઓઢાડવો છે તેનો ઉપાય નથી.

આ બાબતમાં ખૂબ જ ઉંડા ઉતરેલા અને તેના સમર્થક તથા વિરોધક બંનેને મળેલા એવા એક સુશ્રાવકે- પોતાનું નામ નહિ જાહેર આપવાની શરતે- અમને જણાવેલ છે કે, જે દીક્ષાદાનવીર પૂણ્યપુરૂષના પ્રભાવે અનેક કુટુંબોએ દીક્ષાને અંગીકાર કરી છે, પિતા-પુત્ર, ભાઈ-બેન, માતા-પત્ની આદિ અનેક આત્માઓ વર્ષોથી સંયમ જીવનની સુંદર આરાધના- સાધના કરી - કરાવી રહ્યા છે, તેમાંના ઘણાં પૂજયો આજે તૃતીય આદિ પદ ઉપર પણ બીરાજમાન છે. તો દરેકના પિતા મુનિઓની ફરયિાદ છે કે 'અમારા સંસારી સંબંધે દીકરા મુનિઓ અમારૂં માનતા નથી. આ વિવાદની રકમ તે દેવદ્રવ્ય જ ગણાય પણ આજે અમારાથી એકદમ જાહેરમાં તેનો સ્વીકાર કરી શકાતો નથી. અમારા હૈયામાં તેનું ઘણું જ દુઃખ છે' આવી વાત જાણ્યા પછી વર્તમાનના સંસારની જે હાલત ઘરોઘરમાં જોવા મળે છે તે જ હાલત સાધુ સંસ્થામાં પણ જો જોવા મળે તો સત્ય સિદ્ધાંતોને હવે દરિયામાં જ ડૂબાડી દેવાના તેમ લાગે છે!

વળી આધારભૂત સાધનોએ એ પણ માહિતી જણાવી છે કે, સ્વ. પૂ. આ. શ્રી મિત્રાનંદ સૂ.મ. કાળધર્મના થોડા દિવસો પૂર્વે જ વર્ષોના પરિચિત એક સુશ્રાવકને બહુ જ સ્પષ્ટ કહેલું છે કે 'અમારાથી જે ગાંઠ બંધાઈ ગઈ છે તે છોડવાની જ નથી. આની રકમ દેવદ્રવ્યમાં જ જાય. આવા સ્મારકો તે પણ બધાના બનવાના નથી. મારૂં પણ કોઈ બનાવતા નહિં.' પણ દુઃખની વાત છે કે આ બધી વાતો અરણ્યરૂદન સમાન

છે.

આ બધાનું મૂળ સાવ જુદું જ છે. અમને તો ત્યાં સુધી આભારભૂત જવાબદાર વ્યક્તિઓએ જણાવેલ છે કે, 'ખૂબ જ દુઃખની વાત છે કે પૂ. આ. પ્રેમ સૂ.મ.ના સમુદાયને વરદાન છે કે તેના બે-બે ભાગ થતાં રહે છે.' જે સમુદાય ભેદ સને ૨૦૨૦ના પટ્ટકને રદ કરાયો અને હવે સત્તાના સૂત્રો હાથમાં આવ્યા એટલે, આજના રાજકારણની જેમ અમેરિકાવાળા ઈરાકને દંડે, તેં મને ગાળ દીધી જ કેમ, તું મારી વિરોધમાં વર્ત્યો જ કેમ- તે નીતિ આજે જે જોવા મળે છે તેનાથી લાભ વધુ કે નુકસાન તે તો સમય જ જણાવશે. ત્યારે જે મહાપુરૂષ આગળ પોતાની વાત ફાવી નહિં એટલે આજે-

નહિં તો જે મહાપુરૂષને ૨૦૪૨માં પ્રતિષ્ઠા સમયે દમણમાં નવાંગી ગુરુપૂજન પ્રસંગને '૨૫માં તીર્થંકર' કહેનાર, સંમેલન વખતે તે મહાપુરૂષને માટે એલફેલ ભાષામાં 'સમકાલીન' આદિ ન્યુઝ પેપરોમાં લખનાર પાસે આજે પોતાની પ્રસિદ્ધિની વાતો કેવી રજૂ કરાવે છે તે જોવી જાણવી હોય તો 'પ્રશમરસનો પબ્લિક ઇસ્યુ' પુસ્તિકા વાંચી જવી. હમણાંના વર્તમાન પત્રોમાં 'પ્રેમનો પબ્લિક ઈશ્યુ' તેવા નામના નાટકની જાહેરાત આવે છે એટલે વાચકો સારી રીતના સમજી શકશે કે અમે શું જણાવવા માગીએ છીએ.

શ્રાવકોના અતિચારમાં 'ખોટી સાક્ષી પૂરી અને કૂડો લેખ લખ્યો' આ ભાવની જે વાત આવે છે તેનો અર્થ શું સમજાવતા હશે તે પણ વિચારણીય છે. શાસ્ત્રે કહ્યું કે- 'સાધુને તપ કરવા તિથિ જોવાની નહિં માટે અતિથિ. અને આજે ઘણાએ તેનો અર્થ કર્યો કે અમે અતિથિ માટે અમારે સદા વાપરવાની છૂટ' શાસ્ત્રોના અર્થનો અનર્થ કરનારો વર્ગ વધે અને 'ભાવ પ્રતિક્રમણનું ખોલો તાળું' તેમાં શું સમજાવે તે વિચારવું જોઇએ.

આજે જૂઠાણાઓનું જે સામ્રાજય વ્યાપ્યું છે તે અંગે એક વિચારકનો જે લેખ હતો તેમાંની જરૂરી વાતો તેમના જ સાભાર સાથે અત્રે જણાવું છું. જેથી વર્તમાનની જે વિષમ પરિસ્થિતિ છે તેના મૂળમાં પ્રકાશ પડે.

'પ્રલોભનોની પળોમાં પ્રામાણિકતાનો પાલવ પકડી સ્વસ્થ રહેવું. તેથી જ જીવન ચારિત્ર્યનું ઊંડાણ સમજી શકાય. આ જાણવા છતાં જૂઠાણાના ઉપાસક બનવાનું આકર્ષણ કેમ છોડાતું નથી તે ગંભીર પ્રશ્ન છે. આપણે- જ્ઞાનીની દષ્ટિએ - જેને સાચું અને અનુકરણીય માનીએ તેને જ વળગી રહેવાનો નિર્ણય નાનકડો પણ આત્મવિજય છે. જીવનને સ્થિર કરવા, સન્માર્ગ ગામી બનાવવા આ અતિમહત્વની વાત છે. વસુ કે વૈભવ ખાતર વચનથી તસુ પણ ન ખસે તેવા વિરલાઓને કદાચ કોઇ ન ઓળખે તે બને. છતાં તેઓ પોતાના જીવનને તો ઉજાળે છે.

પણ આજે શબ્દશૂરા માણસો અતિશયોક્તિના ચોગઠા પૂરઝડપે ચલાવે છે. **જાહેર જૂઠાણાઓના સેલ્સમેનો આજે સફળ માણસ ગણાય છે, તેમની આવી બોદી સફળતાઓના જૂઠાણા પ્રચારનારાઓનો પાર નથી. ખુશામતખોરો ચારે બાજુ (દરેક ક્ષેત્રોમાં પણ) ફેલાયા છે. તેનો ચેપ તકવાદી વામણાઓને ઝીલતા વાર નથી. દંભ- જૂઠ- માયા- પ્રપંચ તે આજની અણમોલ દેન છે. સત્ય માટે ઝઝૂમનારાં કોક વિરલા દેખાય છે.**

હવે જૂઠ બોલવાની કળા દિન-પ્રતિદિન વધી રહી છે. જૂઠના રૂપો, જાગે ત્યારથી સૂવે ત્યાં સુધી દેખાય છે. જેમ કે- સામાને ખોટું ન લાગે તેવી ઠાવકાઈથી સત્યાભાસ બોલવું, મૌન રાખવું, દ્વિઅર્થી બોલવું, **સામાને બદલે પોતાને ઉપયોગી થાય તેમ મઠારીને બોલવું, પોતાનો જ સ્વાર્થ વિચારી બોલવું, અસત્ય જાણવા છતાં પોતાનો જ કક્કો ખરો કરવા કૂદી પડવું,** હૈયામાં પોલ છતાં બહારથી નિર્ભતા દેખાડવી, દૂધ-દહીંમાં પગ રાખવો, પોતાની જૂઠની પોલ પકડાઈ જાય તો બચાવમાં આવા-તેવા ફાંફા મારવા, **જવાબદારીથી છટકવા શબ્દોનો આડંબર કરી સત્યનો અંચળો ધારણ કરવો,** છટકબારી શોધવી, લાગણીનું પ્રદર્શન કરવું, જાણવા છતાં અજાણ્યા બનવું... નિષ્ક્રિયતા, પલાયનવાદ, સ્વાર્થ પ્રિયતા જૂઠને બોલાવે છે. હૈયામાં કાંઇ અને બહાર કાંઇ કયાં લઈ જશે.'

આજે સત્યની સ્મશાનયાત્રા છે અને અસત્યને લીલા લહેર છે. આવા અવસરે અહિતહિત ખોટી-દેવદ્રવ્યને હાનિ કરનાર પ્રવૃત્તિને સાથ તો ન જ આપવો જોઇએ. ભલે પૂણ્ય ઓછું હોય, પ્રભાવ ન હોય પણ આ

ખોટું છે તેમ તો જાહેર કરવું જ જોઈએ. ભલે અંદરખાને ઠરાવ થઈ ગયા હોય, હજી જાહેર નથી કરાયો, 'મારે શું' 'એકલા પડી જઈશું' આવી વૃત્તિનો ત્યાગ કરી દરેકે દરેક પદસ્થ, સ્થવિર રત્નાધિક આદિ નાના-મોટા સર્વે મહાત્માઓ, સુશ્રાવકોએ એક જાહેર નિવેદન આપી, પોતાની અસંમતિ તો જાહેર કરવી જ જોઈએ. જો હૈયામાં શાસનની દાઝ અને સત્ય માર્ગની રક્ષાની ધગશ હોય તો. બાકી 'મોટાનું પૂણ્ય મોટું, આપણે શું' તેવું નહિં રાખવું જોઈએ.

મિથ્યાત્વની મોહ મૂઢતાથી બચી, ખોટું કરનાર ઉપર દ્વેષ ભાવ આવી ન જાય માટે 'સવ્વે જીવા કમ્મવસ' તે વાત બરાબર છે, પણ ખોટી પ્રવૃત્તિનો વિરોધ કરવા જો આ શાસ્ત્રોક્તિનો ઉપયોગ કરાય તો મિથ્યાત્વના માથે કાંઈ શિંગડા નથી ઉગતા અને સમ્યક્ત્વના ભાલ ઉપર કાંઈ તિલક નથી હોતું. તે તો તેની વૃત્તિ- પ્રવૃત્તિ અને અનુવૃત્તિથી સમજાય છે.

સૌ વાચકો શાંતપણે, નિષ્પક્ષ- મધ્યસ્થ- તટસ્થપણે વાંચી વિચારી 'સન્માર્ગ'ના આરાધક બની બનાવી 'મોક્ષ માર્ગ'ના પથિક બનો તે શુભાભિલાષા.

# થાણા જૈન મંદિર શિલાસ્થાપન

અત્રે ગોકુળનગર એલ.બી.એસ. માર્ગ પાસે વક્રતુંડ રેસીડન્સીમાં શ્રી મહાવીર સ્વામી જિન મંદિરનું શીલા સ્થાપન તપસ્વીરત્ન પૂ.આ. શ્રી વિજય લલિત શેખર સૂરીશ્વરજી મ., વિદ્વાન પૂ.આ. શ્રી વિજયરાજશેખર સૂરીશ્વરજી મ. તથા પૂ. પ્રવર્તક મુનિરાજશ્રી યોગીન્દ્રવિજયજી મ. આદિની નિશ્રામાં મહાવદ -૨ તા. ૮-૨-૦૪ના રોજ થયું.

સવારે સામૈયું થયું બાદ પ્રવચન અને દેરાસરની યોજનાઓ જાહેર થઈ. વિધિ સહિત શિલાસ્થાપન થયું. ભાવિકોની મોટી હાજરી હતી. તે વખતે દેરાસરના પ્રભુજી ભરાવવાના નકરા લખાઈ ગયા તથા બીજા પણ નકરા તથા ઈંટો સારી રીતે લખાઈ ગઈ. શ્રીમતી ભાવલબેન લાધાભાઈ ચેલાવાળા પરિવાર તરફથી સાધર્મિક વાત્સલ્ય થયું. ઉત્સાહ ખૂબ હતો. આ પ્રસંગે પૂ. સા. શ્રી કેવલ્યરત્ના શ્રીજી મ. આદિઠાણા પધાર્યા હતાં.

## શ્રી દહેરાસરજીના ભરાયેલા નકરાની વિગત

(૧) મૂળ નાયક શ્રી મહાવીર સ્વામી ૨૧'' ભરાવવાના નકરો
- માતુશ્રી ભાવલબેન લાધા પરબત મારૂ પરીવાર　- ચેલા- થાણા

(૨) જમણી બાજુ શ્રી આદિનાથ સ્વામી ૧૭''- ભરાવવાના નકરો
માતુશ્રી જશોદાબેન લખમશી પુંજા સાવલા તથા કાકા શ્રી શાંતિલાલ પુંજા સાવલા　- ચેલા- થાણા
હ. હસમુખ - મુકેશ- કમલેશ- લમખશી- સાવલા

(૩) ડાબી બાજુ શ્રી શાંતિનાથ સ્વામી ૧૭'' ભરાવવાના નકરો
શાંતાબેન મોહનલાલ નાનચંદ ખીમસીયા પરીવાર　- ચેલા- લંડન

(૪) જમણી બાજુ ગોખલામાં શ્રી નેમીનાથ સ્વામી ૧૫'' ભરાવવાના નકરો
માતુશ્રી વાલીબેન મેઘજી ગોવિંદજી જાખરીયા પરીવાર　- ગા. નાગડા, હા. થાણા

(૫) ડાબી બાજુ ગોખલામાં શ્રી પાર્શ્વનાથ સ્વામી ૧૫'' ભરાવવાનો નકરો
શ્રી છગનલાલ મેપા ખીમા હરીયા પરિવાર　- ગા. આબરલુશ - હા. થાણા

(૬) અન્ય નકરા- ૩ નંગ X રૂા. ૧૧૦૦૦/- થાંભલા અડધાના
(૭) અન્ય નકરા- ૪ નંગ X રૂા. ૭૦૦૦/- સ્થંભ પાવલાના
(૮) આગળની ચોકી- નકરો
(૯) ડાબી બાજુની ચોકી- નકરો
(૧૦) ૧ ઈંટનો નકરો રૂા. ૧૦૦૮ લેખે X ૫૨૧ ઈંટ ભરાઈ ગઈ.
(૧૧) જમણી બાજુની ચોકી- નકરો

***નકરા બાકી માટે સંપર્ક સાધવો.***

# સમાજની સુખશાંતિ શામાં? એકતામાં કે અનેકતામાં?

**(એક વિચારણીય બાબત)**

- પૂ. મુનિરાજશ્રી હિતવિજયજી મ.

એકતા કોની થાય, કોની ન થાય એની સમજ વિના જ હાલમાં એકતાની વાતો ખૂબ ચાલી છે અને એ જોરશોરથી પ્રચારવામાં પણ આવી રહી છે. એકતા કોની થાય, કોની ન થાય એવી એકતા અંગેની સાચી સમજ પણ જરૂરી છે, અને ઉચિત એકતા- અનુચિત એકતા દ્વારા જે લાભ- હાનિ સંભવે છે એનો વિચાર પણ વિવેકપૂર્વક ઊંડાણથી કરવો જરૂરી છે.

સ્યુગર કોટેડ દવાની ગોળીની જેમ કેટલીક વાતો ઉપર- ઉપરથી તો મીઠી મધ જેવી લાગતી હોય છે, પણ એ વાતો જ્યારે કાર્યરૂપે પરિણમે છે ત્યારે જ એની વાસ્તવિકતા (લાભ-હાનિ) અનુભવાય છે.

સ્યુગર કોટેડ દવાની ગોળીને જીભ ઉપર ક્ષણવાર રાખીને ગળે ઉતારી દેવામાં આવે તો એની ઉપર ચડાવવામાં આવેલા સાકરના પડની મીઠાશનો જ અનુભવ થાય છે, પણ અંદર રહેલી સ્વાભાવિક કડવાશ અનુભવાતી નથી. જ્યારે એને મુખમાં લાંબો વખત રાખીને ચગળવામાં આવે છે ત્યારે સાકરની મીઠાશવાળું ઉપરનું બનાવટી પડ ઓગળી જાય છે અને એની અસલિયત (સ્વાભાવિક કડવાશ) અનુભવાય છે.

એવી જ રીતે એકતા કોની થાય, કોની ન થાય એનો વિવેકપૂર્વક વિચાર કર્યા વગરની એકતાની વાતો ઉપર- ઉપરથી તો મીઠી મધ જેવી (કર્ણપ્રિય) લાગતી હોય છે, પણ સ્યુગર કોટેડ દવાની ગોળીની જેમ જ્યારે એને ચગળવામાં આવે છે, અર્થાત જ્યારે એ વાતોને બદલે અનુભવનો વિષય બને છે, એકતાની વાતો જ્યારે અનુભવની એરણ ઉપર ચડે છે ત્યારે જ એની અસલિયત (સ્વાભાવિકતા) અર્થાત ઉચિત એકતા કે અનુચિત એકતા પ્રમાણે લાભ- હાનિ અનુભવાય છે.

એકતા એટલે એકપણું, એકજાતિપણું, અભેદ, સમાનતા. વિષયની સ્પષ્ટતા માટે વસ્તુઓ અને માનવો બંનેની બાબતમાં એકતા સમજવા યોગ્ય છે. એકતા ઉચિત પણ હોય અને અનુચિત પણ હોય. ઉચિત એકતા લાભકર્તા બને, જ્યારે અનુચિત એકતા હાનિકર્તા બને. સમાન ગુણધર્મવાળા દ્રવ્યોની એકતા એ ઉચિત એકતા છે અને એ લાભકર્તા બને છે, જ્યારે વિરૂદ્ધ ગુણધર્મવાળા દ્રવ્યોની એકતા એ અનુચિત એકતા છે અને એ હાનિકર્તા બને છે. આપણે અર્થી છીએ લાભના. સુખશાંતિના, એથી આપણા માટે ઉચિત એકતા જ હિતાવહ છે.

સમાન ગુણધર્મવાળા દૂધ-દૂધની એકતા થાય, દહીં-દહીંની એકતા થાય, પણ વિરૂદ્ધ ગુણધર્મવાળા દૂધ- દહીંની એકતા ન થાય. ઘી-ઘીની એકતા થાય, તેલ-તેલની એકતા થાય, પણ ઘી-તેલની એકતા ન થાય. દાળ- દાળની એકતા થાય, કઢી-કઢીની એકતા થાય, પણ દાળ-કઢીની એકતા ન થાય. વિરૂદ્ધ ગુણધર્મવાળા દ્રવ્યોની એકતા આરોગ્યને માટે હાનિકર્તા બને.

આ સમગ્ર સંસાર વિચિત્રતાઓથી ભરેલો છે. એમાં દેશ, વેશ, ભાષા, શિક્ષણ, સંસ્કાર, આચાર, વિચાર, ખાનપાન (અન્નાહાર- માંસાહાર) આ બધાની અનેકતા હોવાને કારણે માનવોમાં પણ અનેકતા- અસમાનતા ઉભી થાય એ સ્વાભાવિક છે. સંસારમાં સમાનતા કોઈ કાળે હોઈ શકે નહિં.

ઉપર જણાવ્યા પ્રમાણે દૂધ- દહીં, ઘી-તેલ આદિ દ્રવ્યોની જેમ માનવોમાં પણ એકતા ઉચિત પણ હોય અને અનુચિત પણ હોય.

સમાન દેશ, વેશ, ભાષા, શિક્ષણ, સંસ્કાર, આચાર, વિચાર, ખાનપાનવાળા માનવોની એકતા એ ઉચિત એકતા છે, શક્ય છે અને લાભકર્તા પણ છે, પરંતુ અસમાન- ભિન્ન ભિન્ન દેશ, વેશ, ભાષા, શિક્ષણ,

સંસ્કાર, આચારવિચાર, ખાનપાનવાળા માનવોની એકતા એ અનુચિત એકતા છે, અશક્ય છે, હાનિકર્તા છે, કલેશકારક છે અને દુ:ખદ છે.

હવે આપણે માનવોને માટે લાભકર્તા શું છે, શક્ય શું છે અને સુખશાંતિ આપનાર શું છે એનો વિચાર કરીએ. એવી બાબત છે એકસંપી! પરસ્પર સંપીને રહેવું, હળીમળીને રહેવું એનું નામ છે એકસંપી! 'તમે સ્વપર શ્રેયસ્કર એવા જે કાર્યો કરતાં હો એમાં અમે તમને વિઘ્નકર્તા ન બનીએ- આડા ન આવીએ, પણ સહાયક બનીએ અને અમે સ્વપર શ્રેયસ્કર એવા જે કાર્યો કરતાં હોઈએ એમાં તમે અમને વિઘ્નકર્તા ન બનો- આડા ન આવો, પણ સહાયક બનો- અમે તમારા જનમાલ આદિનું રક્ષણ કરનારા બનીએ અને આવી એકસંપીની વાત વિવેકપૂર્વકના વિચારવાળી છે, ડહાપણ ભરેલી છે, સમાજને સુખશાંતિ અને સમૃદ્ધિ આપનારી છે. કલેશ શમાવનારી છે, કોઈપણ જાતના સ્વાર્થ, પ્રપંચ આદિથી રહિત છે, સદાશયવાળી છે અને શક્ય પણ છે.

હવે આપણે કોમી એકતાના અનુસંધાનમાં ગુજરાત રાજ્ય માહિતી ખાતા તરફથી હાલમાં પ્રકાશિત 'સદ્‌ભાવનાની સુવાસ' (કોમી એકતા- કાવ્ય સંગ્રહ) નામના પુસ્તકમાં કવિ શ્રી કરસનદાસ લુહારના 'લોહીનો રંગ લાલ' કાવ્યની પંક્તિ 'લોહીનો છે એક જ રંગ, માણસ વચ્ચે તો કાં જંગ?' ની વિસ્તારથી છણાવટ કરીએ. અહીં કવિશ્રીએ જે તર્ક કર્યો છે એને આગળ લંબાવીએ તો એમ થાય કે 'ઊજળું એ બધું દૂધ' અને 'પીળું એ બધું સોનું.' શું આ તર્ક બુદ્ધિમાં બેસે એવો છે? ગ્રાહ્ય બને એવો છે? દૂધનો રંગ ધોળો છે અને ચૂનાનો રંગ પણ ધોળો છે તો શું બંનેને એકસમાન માનવા? સુવર્ણનો રંગ પીળો છે અને પિત્તળનો રંગ પણ પીળો છે તો શું પીળા રંગને કારણે જ બંનેને એકસરખા માનવા? ગુણ આદિને ગૌણ કરીને પીળા રંગને કારણે જ સુવર્ણ- પિત્તળ વચ્ચે એકતા સ્થાપીશું તો પરિણામ શું આવશે? માનવોમાં સજ્જન- દુર્જન, ચોર-શાહુકાર, સદાચારી- દુરાચારી, હિંસક- અહિંસક, અન્નાહારી- માંસાહારી અને એથીપણ આગળ વધીને પશુ અને મનુષ્ય - આ બધાના લોહીનો રંગ તો લાલ જ છે તો શું બીજા બધા ભેદભાવ મિટાવી દેવા અને લોહીના લાલ રંગને કારણે જ બધાને સમાન માનવા? આવી એકતા કોઈપણ દેશમાં, કોઈપણ કાળે શક્ય જ નથી અને હિતાવહ પણ નથી.

એક માત્ર લોહીના સમાન રંગને કારણે બીજી બધી બાબતોમાં તમામ માનવીઓ સમાન છે એમ માનવું સહજ નથી, એમ મનાવવું પણ સહજ નથી. આવી પરિસ્થિતિમાં એમની વચ્ચે સંપ જરૂર સરજી શકાય. દેશ, વેશ, ભાષા આદિ અનેક પ્રકારે અસમાન એવા માનવો વચ્ચે એકતા ભલે શક્ય ન હોય, પણ એકસંપી તો શક્ય છે જ. 'સંપ ત્યાં જંપ' એ યથાર્થ કહેવતનો વિચાર કરીને પણ આપણે દુનિયાના તમામ માનવોમાં 'આપણે સૌ હળીમળીને રહીએ, સત્કાર્યોમાં પરસ્પર સહાયક બનીએ, એકબીજાનું રક્ષણ કરનારા બનીએ, એકબીજાને વિઘ્નકર્તા ન બનીએ' એવી સમજ જરૂર ઉભી કરી શકાય. આવી શક્ય ન હિતકર સમજ ઉભી કરવા અંગે જ વિચારવામાં આવે, એવી સમજ ઉભી કરવા માટેના જ પ્રયત્નો કરવામાં આવે તો એ અવશ્યમેવ ફળદાયી બની રહે.

દેશકાળ અને ધર્મ આદિ પ્રમાણે માનવોના આચારવિચાર આદિમાં અનેકતા- અસમાનતા હોય તે સહજ છે. એ અસમાનતા મિટાવવાની તાકાત કોઈ કાળે કોઈનીય નથી, માટે આચારવિચાર આદિની માનવીય ભિન્નતા વચ્ચે એકસંપીની એટલે કે હળીમળીને રહેવાની સાચી ને હિતકર સમજ પ્રગટાવવાની જ આવશ્યકતા છે. સર્વથા અશક્ય અને અહિતકર એવી એકતાને બદલે શક્ય અને હિતકર એવી એકસંપીનો જ પ્રચાર કરવાની જરૂર છે. અનેક પ્રકારે ભિન્ન એવા તમામ માનવો વચ્ચે આ એકસંપી જ મહત્ત્વની છે, શક્ય છે અને સર્વ પ્રકારના કલેશોને શમાવી દઈને સમાજને નિ:શંક સુખશાંતિ આપનારી છે અને સમૃદ્ધિ પમાડનારી છે! સૌને આવી સુખદાયક સદ્‌બુદ્ધિ મળે એ જ અભ્યર્થના!

# કોયલામાં હીરો પાકે

-શ્રી જીવરામ જોશી



*(ગયા અંકથી ચાલુ)*

પ્રેમજી લધાભાનો માનીતો બની ગયો. વીસ વરસનો થયો કે લધાભાએ તેને પેઢીનો મુનીમ બનાવી દીધો. પચીસ વરસનો થયો કે શુરવીર અને સાહસિક વેપારી બની ગયો. લાખો રૂપિયાનો માલ ખરીદે અને લાખો રૂપિયાનો માલ વેચી નાંખે. માલ ખરીદે છે અને વેચે છે તેમાં એક પઈસાની પણ ભૂલ થતી નહોતી. ખોટ જતી નથી.

એવામાં એક ઉપાધિ આવી.

બીજા એક ટાપુ ઉપર એક ડાકુની ટોળી હતી. તેનો સરદાર પોતાને સુલતાન માનવા લાગ્યો. તેને લોકો આરબ સુલતાન કહેતાં હતાં.

ઝાંઝીબારના સુલતાનને આ આરબ સુલતાને દબાવી દીધા.

આ આરબ સુલતાન બડા ડાકુઓ અને હત્યારાઓની ટોળી રાખતો હતો. ઝાંઝીબારના સુલતાન ભોળા અને ભલા હતાં. આ ગુંડા આરબે આવીને ભોળાભલા ઝાંઝીબારના સુલતાનને એવી ધમકી આપી કે મારી વાત નહિં માનો અને હું કહું તેમ નહિં કરો તો તમે જીવતા નહિં રહો.

ઝાંઝીબારના સુલતાન બી ગયા. પેલો ગુંડો સુલતાન ઝાંઝીબારનો બાદશાહ હોય એવી રીતે રહેવા લાગ્યો.

લધાભાની પેઢીનો વેપાર હવે પ્રેમજી કરે છે.

પેલા ગુંડા સુલતાને પ્રેમજીને બોલાવ્યો તેને કહ્યું કે જો ઝાંઝીબારમાં વેપાર કરવો હોય તો વરસે એક હજાર સોનામહોર મને આપવી પડશે.

ગુંડા સુલતાનની આ વાત સાંભળીને પ્રેમજી મનમાં બધું સમજી ગયો. વાત ગોઠવીને આનંદથી બોલ્યોઃ સરકાર! આ દેશના સાચા સુલતાન તો આપ જ છો. કહો તો પાંચની પચીસ હજાર સોનામહોર આપીશ.

ગુંડા સુલતાનને આનંદ થયો. મીઠી મીઠી વાતો કરીને પ્રેમજી પાછો ગયો.

લધાભાને વાત કહી.

લધાભા કહે : એ તો ખોટું કહેવાય. ઝાંઝીબારના સુલતાન ભલા અને ઈમાનદાર છે. આપણે તેમનો પક્ષ લેવો જોઈએ. આ ગુંડા સુલતાનને ઝાંઝીબારમાંથી કાઢવો જોઈએ.

પ્રેમજી કહે : આપ કહેતા હો અને સુલતાન પોતે હા કહે તો આ ગુંડા સુલતાનને ઘડીના છઠ્ઠા ભાગમાં ભગાડી મૂકું.

લધાભા કહેઃ સાચું કહે છે?

પ્રેમજી કહેઃ એમાં ફેર પડે નહિં. સુલતાન પોતે તૈયાર હોવા જોઈએ.

લધાભા ગયા અને સુલતાનને મળ્યા.

વાત કહી કે: આપ પાકા રહો અને અમે કહીએ તેમ કરો તો આ ગુંડા સુલતાનને કાઢીએ.

સુલતાન કહે : તમે કહો તેમ કરીશું.

લધાભાએ સુલતાનને પાકા કરી લીધા.

હવે પ્રેમજીએ દાવ ગોઠવ્યો.

ઝાંઝીબારના સુલતાનના હબસી ચોકીદારોની પ્રેમજીએ ખાસ ટોળીઓ નક્કી કરી લીધી. ગુંડા સુલતાનનું બળ પણ જોઈ લીધું. તેના ચાર પાંચ ખરેખરા ગુંડા સાથી હતાં. તેમને દાવમાં લીધા.

પાંચેયને ફોસલાવીને જુદી જુદી જગાએ લઈ ગયા અને ત્યાં છુપી જગામાં પુરી દીધા. પછી હબસી ટોળીને લઈને પ્રેમજીએ આરબ ગુંડાને ઘેરી લીધો.

એકલો ગુંડો કરે શું?

પ્રેમજી કહે: ચુંચાં બોલ્યા કે માથાં કાપી નાખીશું.

હવે ગુંડા સુલતાનને એકલો પાડીને સુલતાનના મહેલમાં લઈ ગયા. આ મહેલના એક ભોંયરામાં હીરામોતીનો ભંડાર છે. તે જોવા ગુંડા સુલતાનને પ્રેમજી ભોંયરામાં લઈ ગયા. ત્યાં લઈ જઈને પ્રેમજી તેની સામે ખડો થઈ ગયો પોતાની ભેઠમાંથી ગોળી ભરેલો તમંચો બહાર કાઢીને ગુંડા સામે તાક્યો અને કહ્યું : હવે ચું ચાં બોલ્યા કે હાથપગ હલાવ્યા તો ગોળી મારી દઈશ, હાથ ઉંચા કરી લો.

ગુંડો સુલતાન થર થર કાંપવા માંડયો. પોતાના બંને હાથ ઉંચા કરી લીધા.

પ્રેમજી કહે : બસ, આ ભોંયરામાં પડી રહો. ભૂખ્યા અને તરસ્યા મરી જાઓ.

ગુંડો ગભરાઈ ગયો.

પ્રેમજીને કહે: મને જીવતો જવા દે પ્રેમજી! તું કહીશ તેમ કરીશ.

પ્રેમજી કહે: એક વાત માનો તો જીવતા છોડું.

ગુંડો કહે બધી વાત માનીશ.

પ્રેમજી કહે: જોજે હો! ફરી એવું કરશો તો જીવતા નહિં છોડું. હું કોણ? લધાભા કચ્છીનો પ્રેમજી! તમને જીવતાં છોડું છું અને પાછા અરબસ્તાનમાં પહોંચાડી દઈશ. પછી ફરીવાર આ બાજુ આવ્યો તો મૂવા જાણજે.

બીચારો ગુંડા સુલતાન બધી સુલતાની ભૂલી ગયો અને પ્રેમજી જેમ કહે તેમ કરવા તૈયાર થયો.

એક અંધારી રીતે ડાકુ સુલતાનની આંખો ઉપર પટી બાંધીને લઈ ગયા. એક વહાણમાં બેસાડીને અરબસ્તાનના કિનારે ઉતારી દીધા.

બસ, ગુંડા સુલતાન ગયા. ફરી પાછા દેખાયા નહિં.

ઝાંઝીબારના સુલતાનને ઘણો આનંદ થયો. પ્રેમજીને કહ્યું કે તું અમારો પ્રધાન બની જા. સેનાનો ઉપરી થઈ જા. તને ફાવે તેમ રાજ ચલાવ. તું અમારા નાના ભાઈ જેવો છે.

પ્રેમજી કહે : હું વેપારી છું અને વેપારી રહીશ. મારે રાજ કરવું નથી.

ઝાંઝીબારના લોકો બડા બાદશાહ તરીકે પ્રેમજીને માન આપવા લાગ્યા.

એવી જ રીતે પ્રેમજી પણ પોતાનો વેપાર કરતો રહ્યો. તેને પૂછયા વિના ઝાંઝીબારના સુલતાન કોઈ કામ કરે નહિં. જાણે કે સુલતાનનો પ્રધાન છે. એવું બધા સમજે છે.

રખડતો અને ભટકતો પેમો બાદશાહનું માન મેળવી ગયો. તેણે ધાર્યું હોત તો તે ઝાંઝીબારનો રાજા બની શકત, પણ પ્રેમજી કહેતો કે લોભ અને લાલચમાં જે કંઈ કરીએ તે પાપ જ કહેવાય. મારે રાજા કે શેઠ નથી બનવું.

કોયલામાંથી આવી રીતે હીરા પાકે.

*-માથે સાથે વર*

*- શ્રી નવભારત સાહિત્ય મંદિર પ્રકાશનમાંથી.*

*લોભ અને લાલચમાં પડેલા અધમ બને છે.*

# આનું નામ સંસાર

દિલ્હી પાસે જોનપુરમાં બે મિત્રો રહે.

ફરીદખાં અને હેમેન્દ્ર.

એક પઠાણ. બીજો જૈન.

નિશાળમાં સાથે ભણ્યા.

ફરીદ મોગલ સેનામાં જોડાઈ સિપાહી બન્યો.

હેમચન્દ્ર વેપારમાં જોડાયો.

ફરીદ લશ્કરમાં ઊંચા ઊંચા હોદ્દા સર કરવા માંડયો.

એ મહત્ત્વકાંક્ષી હતો. પુણ્યનો સહયોગ હતો.

બાબરના મૃત્યુ પછી ફરીદ દિલ્હીની ગાદીએ ચડી બેઠો.

શેરશાહ નામ ધારણ કર્યું.

પોતાના દોસ્ત હેમેચન્દ્રને બોલાવ્યો. 'રાજ્યનો કારોબાર તારે સંભાળવાનો છે. ખાસ કરીને ભંડાર અને સૈન્યની પૂરી દેખરેખ પણ તારે રાખવાની છે.

શેરશાહ સાહસિક હતો અને સૈન્યને જરૂરી બધી બાબતોનું ધ્યાન હેમચન્દ્ર રાખતો હતો. એ ગણિતનો પાકકો હતો. કેટલા સૈન્યને કેટલી સામગ્રી કેટલો પુરવઠો જોઈએ એ બધું એ ચપટી વગાડતાં ગણી બતાવતો.

હુમાયુએ દિલ્હી પાછું મેળવવા ઘણા ઉધામાં કર્યા પણ એની કારી ફાવી નહીં. કંટાળીને વિ. સ. ૧૫૯૯માં એ હિંદ છોડી ગયો.

શેરશાહે પાંચ વરસ રાજ્ય કર્યું પણ એનો વહીવટ દાખલારૂપ હતો. અકસ્માતમાં એનું મૃત્યુ થયું અને એનો દીકરો ઈસ્લામ શાહ ગાદીએ આવ્યો. એનું રાજ્ય નવ વર્ષ ચાલ્યું.

હેમુ તરીકે જાણીતો બનેલો હેમચન્દ્ર મોટે ભાગે સર્વેસર્વા હતો. રાજ્યસંચાલન અને લશ્કરનું સંચાલન બન્નેમાં એણે કાબેલિયત પ્રાપ્ત કરી લીધેલી. રાજ્યનું સંચાલન ખૂબ સુંદર રીતે ચાલતું હતું.

પણ પઠાણોમાં કુસંપ ભારે. બધાને બાદશાહ બનવાના અભરખા. ઈસ્લામ શાહને મારી એના કાકાનો દીકરો આદિલશાહ ગાદીએ ચડી બેઠો.

આ કુસંપનો લાભ લઈ મોગલો ચડી આવ્યા.

હુમાયુએ દિલ્હી કબજે કર્યું. હેમૂએ પઠાણોને સમજાવ્યા. સંપ ત્યાં જંપ છે.

ફરી એક વાર જંગ ખેલી દિલ્હીનો કબજો મેળવી લીધો. પણ સત્તા આવતા જ પઠાણો 'ટાંટિયાખેંચ' રમવા માંડયા. છેવટે સમજદારોને લાગ્યું : 'આ દેડકાની પાંચશેરીથી રાજ ન થાય.' હેમૂને જ વિનંતી કરી તમે જ સુકાન સંભાળો અને વિક્રમાદિત્ય હેમૂ વિ. સં. ૧૬૧૦માં દિલ્હીનો શાસક બન્યો. આખા દેશ ઉપર એની ધાક બેસી ગઈ.

હુમાયું સીડી ઉપરથી ગબડીને મરણ પામ્યો.

અકબર ૧૪ વર્ષનો જ હતો.

મોગલોને જીતવાની કોઈ આશા નહ.તી. વતનમાં પાછા ફરવાની ઘણાખરાની ઈચ્છા હતી. પણ મોગલ સેનાપતિ બહેરામખાન અડગ હતો. યુદ્ધ લડી લેવાનો એનો નિર્ધાર હતો. કલાનૌર નામના ગામના પાદરમાં અકબરનો રાજ્યાભિષેક થયો. પાણીપતના મેદાનમાં યુદ્ધ ખેલાયું.

હેમૂ એના માનીતા હાથી હવાઈ ઉપર બેસી યુદ્ધના મેદાનમાં ધસી આવ્યો. આમ પણ હાથીસેના એની મજબુત હતી. યુદ્ધના મેદાનમાં હેમૂ ચડિયાતો હતો. પણ, ભાગ્યદેવી એની તરફેણમાં નહોતી. એક તીર સનન કરતું આવ્યું, હેમૂની આંખમાં ઘૂસી ગયું. હેમૂ જબરો સાહસી હતો. બાણ કાઢી પાટો બાંધ્યો. તલવાર લઈ એ કુદી પડયો મેદાનમાં. પણ, હેમૂની અંબાડી ખાલી જોઈ એની સેનામાં ગેરસમજ ફેલાઈ. પીછેહઠ, નાસભાગ ચાલી.

મોગલો મરણિયા બન્યા. હેમૂને સેંકડો ઘા વાગ્યા અને એના સાથીદારો પણ યુદ્ધની આગમાં હોમાઈ ગયા.

દિલ્હીની ગાદી ઉપર ફરી મોગલ શાસન શરૂ થઈ ગયું.

સંસારની આ ઘટમાળમાં કંઈક રાજા રંક અને રંક રાજા બનતા રહ્યા છે.

બધું ફરતું જ રહે છે, સરતું રહે છે.

એનું જ નામ સંસાર.

*(પ્રસંગ કલ્પલત્તામાંથી)*

*-પૂ. આ. ચંદ્રશેખરવિજયજી મ.સા.*

# સમાચાર સાર

**બોરસદ શ્રી સિદ્ધાચલજી મહાતીર્થ ભવ્ય છ'રીપાલક યાત્રા સંઘ :**

બોરસદ શાસન પ્રભાવક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ગુણર્શ લ સૂરીશ્વરજી મ.સા., પૂ.મુ. શ્રી કુલશીલ વિજયજી મ., પૂ.મુ.શ્રી હર્ષશીલ વિજયજી મ. આદિની નિશ્રામાં સંઘવ. ભરતભાઇ કેશવલાલ વાસણવાળા પરિવાર આયોજીત બો રસદ શ્રી સિદ્ધાચલજી મહાતીર્થનો ૧૭ દિવસનો ભવ્ય છ'રીપાલક યાત્રા સંઘ અનેરા ઉલ્લાસ-ઉત્સાહપૂર્વક નીકળેલ. આજથી ત્રણ વર્ષ પહેલાં સંઘવી ભરતભાઇએ માતરતીર્થના છ'રીપાલક સંઘ પ્રસંગે કરેલ શ્રી સિદ્ધાચલજી મહાતીર્થના છ'રીપાલક સંઘનો સંકલ્પ અતિ અલ્પ સમયમાં જ સાકાર થતો હોઇ સંઘવી પરિવારનો ઉલ્લાસ અપૂર્વ હતો.

ગત આસો સુદ ૧૩ના પૂજ્ય ગુરુદેવશ્રીની નિશ્રામાં મહેસાણા મુકામે બોરસદથી બસ લઇને સંઘવી પરિવારે સંઘ પ્રયાણ અને તીર્થમાળના મુહુર્ત કઢાવેલ. મુહૂર્ત ગ્રહણનો પ્રસંગ પણ ખૂબ જ સુંદર ઉજવાયેલ. ત્યારથી સંઘવી પરિવાર સંઘયાત્રાની તૈયારીમાં લાગી ગયેલ. સંઘવી પરિવારે અત્યાકર્ષક નિમંત્રણ પત્રિકા દ્વારા ગામે ગામના સંઘોને આમંત્રણ પાઠવેલ. બોરસદ નગરમાં પણ અપૂર્વ ઉલ્લાસનું વાતાવરણ છવાયેલ. પૂ. ગુરુદેવશ્રીજી આદિનો પોષ વદ ૪ રવિવાર તા. ૧૧-૧ના ભવ્ય પ્રવેશ થયેલ. તે જ દિવસે સંઘ યાત્રાના મૂળનાયક ભગવાન શ્રી આદિનાથ ભગવાન આદિ ત્રણ જિનબિંબોનો પ્રવેશ મહોત્સવ પણ સાથે જ ઉજવાયેલ. શ્રી રવિકાંતભાઇ બાપુલાલને ત્યાં ગંજના નિવાસસ્થાને બંધાયેલ વિશાળ મંડપમાં પૂજ્યશ્રીનું પ્રવચન બાદ સકલ સંઘની નવકારશી થયેલ, ત્યાંથી સામૈયાનો પ્રારંભ થયેલ. બોરસદ નગરના વિવિધ રાજમાર્ગો ઉપર ફરી કાશીપુરા ઉપાશ્રયે પૂજ્યશ્રીનું મંગળ પ્રવચન થયેલ. પોષ વદ ૮ના દિવસે જિનબિંબોની અઢાર અભિષેક વિધિ તથા પોષ વદ ૧૦ના શ્રી કુંભસ્થાપન, નવગ્રહાદિ પાટલા પૂજન, શ્રી શાંતિસ્નાત્ર મહાપૂજન ખૂબ જ ઉલ્લાસભેર ભણાવાયેલ. સાંજે સંઘવી પરિવાર તરફથી સકલ સંઘનું સાધર્મિક વાત્સલ્ય યોજાયેલ. પોષ વદ ૧૧ રવિવાર તા. ૧૮-૧ના સવારે શુભ મુહુર્તે સંઘવી પરિવારના નિવાસસ્થાનેથી સંઘનું મંગળ પ્રયાણ થયેલ. આ પ્રસંગે પૂ.આ.ભ. શ્રી વિજયપ્રભાકર સૂ. મહારાજા પણ પધારેલા. મિલન બેન્ડ અમદાવાદના મધુરા સાદે- બોરસદ નગરના વિવિધ રાજમાર્ગો પર સંઘની શોભાયાત્રા ફરી. પ્રથમ મુકામ ૧૨કિ.મિ. ધર્મજ પધારતા ધર્મજના સંઘે પણ સંઘનું સુંદર સ્વાગત કરેલ. ૩૦૦થી પણ વધારે યાત્રિકો મહેમાનો, કાર્યકર્તાઓએ આદિ સહિત કુલ ૫૨૫ થી પણ વધારે જનસમુહથી જોડાયેલ. આ સંઘમાં દિન-પ્રતિદિન ઉલ્લાસ ઉત્સાહનું અપૂર્વ વાતાવરણ સર્જાતું હતું. પ્રતિદિન સવારે રાઇપ્રતિક્રમણ- સમૂહ ચૈત્યવંદના, ગુરુવંદના બાદ વિહારનો પ્રારંભ- સવારે ૧૦-૦૦ કલાકે સામુદાયિક સ્નાત્ર, બપોરે અનેકવિધ ઉત્તમ દ્રવ્યો દ્વારા એકાસણામાં થતી યાત્રિકોની સાધર્મિક ભક્તિ... બપોરે ૩-૦૦થી ૫-૦૦ પૂ. આચાર્ય ભગવંતશ્રીજી, તથા પૂ. મુ. શ્રી હર્ષશીલ વિ.મ.ના શ્રી સિદ્ધાચલજી મહાતીર્થની યશોગાથાને વર્ણવતાં પ્રેરક પ્રવચનો, સાંજના સંધ્યા ભકિત, દેવસિક પ્રતિક્રમણ બાદ પ્રભુ ભક્તિરૂપ ભાવના આદિ દ્વારા સમય કયાં પસાર થઇ જતો હતો એ ખ્યાલ જ આવતો નહીં. પૂ. સાધ્વીજી મ. દક્ષાશ્રીજી મ. ઠાણા ૯, પૂ. સાધ્વીજી શ્રી ઇન્દુરેખા શ્રીજી મ. ઠાણા ૪ તથા પૂ. સાધ્વીજી શ્રી મયણાશ્રીજી મ., સા. નમ્રગિરાશ્રીજી ઠા. ૬ની નિશ્રામાં સંઘમાં બહેનોમાં પણ ખૂબ સુંદર આરાધના થઇ. પ્રતિદિન પ્રવચનમાં ૫-૧૦-૧૫ રૂા.ના સંઘપૂજનો પ્રતિદિન યાત્રિકોની દૂધથી પગ ધોવા દ્વારા થતી સાધર્મિક ભક્તિ, સંગીતકાર નયનેશભાઇ પાટણ તથા શ્રાદ્ધવર્ય રાજુભાઇ પાદરાવાળા તથા હસમુખભાઇ મોહનલાલ દ્વારા સ્નાત્ર, ભક્તિ ભાવના, આદિમાં જિન ભકિતની અનેરી રમઝટ જામતી હતી. ધર્મજ, બરામણી ચોકડી, ધોલેરા, વલ્લભીપુર, વિદ્યાધામ આદિ સ્થાનોમાં સ્થાનિક સંઘો તરફથી પણ સંઘનું સુંદર સ્વાગત થયેલ. પ્રત્યેક સ્થાનોમાં સંઘવી પરિવાર અને યાત્રિક ફંડમાંથી સાધારણ, જીવદયા આદિમાં અનુમોદનીય રકમ લખાવાતી હતી. મહા સુદ-૨ના પૂ. આ. મ.શ્રી દાનસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગા

તિથિ તથા સંઘવી કમલેશભાઈના સંસારી બેન સા. ચિત્તપ્રસન્નાશ્રીજી મ. ની દીક્ષાતિથિ, મહા સુદ-૫ના સા. નમ્રગિરાશ્રીજી મ.ની દીક્ષાતિથિ, મ.સુ. ૬ના સા. શ્રી મોક્ષનંદિતાશ્રીજી મ.ની દીક્ષાતિથી આ બધા પ્રસંગોએ જિનભક્તિ ખૂબ સુંદર રીતીએ થયેલ. ગામે ગામ શાસન પ્રભાવના કરતો આ સંઘનો મ. સુ. ૧૧ રવિવાર તા. ૧-૨ના શ્રી સિદ્ધાચલજી મહાતીર્થમાં પ્રવેશ થયો. સવારે ૮-૩૦ કલાકે શ્રી દિગંબર ધર્મશાળાથી ભવ્ય સામૈયાનો પ્રારંભ થયેલ. જય તળેટીની સ્પર્શના બાદ ૧૨-૩૦ કલાકે શ્રી સંઘ મુકામ સ્થળે થરાદ જયંત એન. વિહાર ધર્મશાળામાં પધારેલ. અતિ ભવ્ય, વિશાલ ધર્મશાલામાં શ્રી સંઘનો ઉતારો થયેલ. બપોરે પ્રવચનમાં સંઘવી પરિવારને માળારોપણની ઉછામણીઓ પણ ખૂબ સુંદર થયેલ. રાત્રે સંઘવી પરિવારનું બહુમાન પણ ખૂબ જ ઉલ્લાસપૂર્વક થયેલ. તે જ દિવસે પ્રવચનમાં અમદાવાદ રંગસાગરથી સ્પેશ્યલ બસ લઈને પધારેલા ભાવિકોએ પૂજયશ્રીના ચાતુર્માસની આગ્રણપૂર્ણ વિનંતી કરતાં પૂ. ગચ્છાધિપતિ શ્રીજીની અનુજ્ઞાથી પૂજયશ્રીના ચાતુર્માસની જય બોલાવેલી. મ.સુ. ૧૧ સોમવારેના દાદાના દરબારના વિશાળ રંગમંડપમાં તીર્થમાળા રોપણનો પ્રસંગ શાનદાર ઉજવાયેલ. આ પ્રસંગે બોરસદ, વડોદરા, આણંદ આદિ અનેક સ્થાનોથી ભાવિકો પધારેલા.. ૧૬ દિવસના સંઘમાં સંઘવી પરિવારની અનુપમ ઉદારતા કાર્યકર્તાઓનું સુંદર સંચાલન તથા યાત્રિકોનો અપૂર્વ ઉલ્લાસ આદિથી આ સંઘ વર્ષો સુધી ઈતિહાસમાં અવિસ્મરણીય બની રહેશે. પૂજય આચાર્ય ભગવંતશ્રીજી અક્ષયતૃતીયા સુધી ઓશવાળ યાત્રિક ગૃહ પાલીતાણા ખાતે સ્થિરતા કરશે.

**કેશરીયા તીર્થમાં શાસન પ્રભાવના :**

પ.પૂ. વાત્સલ્ય મહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહાબલ સૂરીશ્વરજી મ.સા.ની પરમ કૃપાથી પ.પૂ. વર્ધમાન તપોનિધિ આ. દે. શ્રીમદ્ વિજય કમલરત્ન સૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય રત્ન પ.પૂ. પ્રવચન પ્રભાવક આ. દે. શ્રીમદ્ વિજય દર્શનરત્ન સૂરીશ્વરજી મ.સા.ના વરદહસ્તે મહાસુદ ૧૪ દિ. ૫-૨-૪ના દિવસે શ્રી જૈન શ્વેતાંબર મંદિર પટશાલા દેરાસર, પગલ્યાજી રોડ પર શ્રી શાંતિનાથ પ્રભુ અને પુણ્ડરીક સ્વામીના શિલા ઉપર વાસક્ષેપ વિધિ થયેલ. પછી પ્રવચન તથા ઉત્તમભાઈ કાંતિલાલજી પરિવાર તખતગઢવાલા તરફથી નવાંગી ગુરૂપૂજન તથા શ્રીફળની પ્રભાવના થયેલ અને મહા વદ-૩થી શુરૂ થનાર ધ્વજારોહણ મહોત્સવમાં આગ્રહભરી વિનંતી કરવા ઉદયપુર પધારેલ. ગુરુદેવે સંમતિ આપતાં આનંદ છવાઈ ગયેલ. પત્રિકા છપાવી અને ગામે ગામ નિમંત્રણ આપેલ અને વિક્રમ સંવત ૨૦૬૦ માહ વદ ૩ દિ. ૯-૨-૪ સોમવારના દિવસે પુલિસ બેન્ડ સાથે નગરપ્રવેશ થયેલ. ત્યારબાદ મૂલ દેરાસરે દર્શન કરી પટશાળા દેરાસરે દર્શન કરી વ્યાખ્યાન, સંઘપૂજા વગેરે થયેલા. આજે બપોરે પૂજા, ભાવના થયેલ. મહાવદ ૪ દિ. ૧૦-૨-૪ના દિવસે સવારે ૯ વાગે પ્રવચન તથા બપોરે ૧ વાગે ૧૮ અભિષેક થયેલ. વિધિકારક નિઃસ્પૃહી જ્ઞાનચંદજી ભંડારી જયપુરથી પધારેલ તથા મહા વદ ૫ દિ. ૧૧-૨-૪ના દિવસે નોકારસી તથા સંઘ જમણ આખા દિવસનું બંને ટંકનું રાખેલ. આજે સવારે ૮-૫૧ મિનિટે ધ્વજારોપણ તથા ૧૦ વાગે રથયાત્રા મૂલ દેરાસર જતાં ત્યાં ૧૦ રૂા. ની પ્રભાવના, આજે પ્રવચનમાં ૧૫ લાખ રૂપીયા પ્રવીણભાઈ મુંબઈવાલાએ આપવાના જાહેર થયેલ. ત્યાર પછી પ્રવચન, ગુરૂપૂજન તથા ગુરુભગવંતોને કાપડ વહોરાવેલ, આ મહોત્સવમાં પ્રવચનમાં તથા દેરાસરમાં ખૂબ ભીડ જામેલ. આચાર્ય ભગવંત મલસાથી રેકોર્ડરૂપ મહોત્સવ ઉજવાયેલ.

**ભૈરુતારક ધામમાં વર્ષગાંઠ સંપન્ન**

આબુ અનાદરા (રાજ.) તળેટીમાં સંઘવી ભૈરુતારક ધામ તીર્થમાં પૂ.પન્યાસ પ્રવર શ્રી રવિરત્ન વિજયજી મ.સા.ની શુભ નિશ્રામાં પ્રાણપ્રતિષ્ઠાની ત્રીસરી વર્ષગાંઠ નિમિત્તે પ્રભુભક્તિનો તીન દિવસનો ભવ્ય મહોત્સવનું આયોજન થયું તેમાં ગુરુદેવશ્રીનો ધ્વજારોહણ અને વાર્ષિક પૂજાની ઉછામણી સાથે વરઘોડા, ૧૪ સ્વપ્નો સોનાચાંદીના ચઢાવા સારા થયા. વરઘોડો નીકળ્યો તેમાં હજારો નરનારીઓ હતાં. શિખર ઉપર વિજય મુહુર્તમાં સંઘવી તારાચંદ, મોહનલાલ લલિતકુમાર ભૈરમલજી પરિવારે ધ્વજારોહણ કર્યું. ત્રણે દિવસ ત્રણે ટંકની સાધર્મિક ભક્તિ થઈ. પૂ.શ્રી અમદાવાદ સાબરમતી નવપદજી ઓલીમાં નિશ્રા પ્રદાન કરી સુરત ચાતુર્માસ માટે પધારશે.

**ભિવંડી હાલારી મહાજનવાડીમાં શ્રી હાલારી વિસા ઓશવાળ જૈન સમાજમાં સિદ્ધચક્ર પૂજનની હારમાળા.**

પરમ પૂજય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજાના શિષ્યો પ્રવર્તક મુનિશ્રી યોગીન્દ્ર વિ.મ. તથા મુનિ શ્રી અવિચલેન્દ્ર વિ.મ.ની નિશ્રામાં માતુશ્રી પાનીબાઇ લખમશી ગડા પરિવારના **(૧)** સુપુત્ર જયંતિલાલ તથા પુત્રવધુ લીલાવંતીના પ્રથમ ઉપધાનની માળની સિદ્ધચક્ર પૂજન રાખેલ ને ખરીયાવારા હાલ ભિવંડી તરફથી.

**(૨)** ચંદુલાલ હેમરાજ ગલૈયાના સુપુત્ર પ્રકાશના લગ્ન નિમિત્તે સિદ્ધચક્ર પૂજન રાખેલ હતું. લાખાબાવળવાળા હાલ ભિવંડી મહા સુદ-૧ના.

**(૩)** હીરેશ વેલજી હરિયા કજુડાવારા હાલ ભિવંડી તરફથી સિદ્ધચક્ર પૂજન રાખેલ હતું મહા સુ-બીજી ૧૧ના.

**પાલીતાણાઃ** મહારાષ્ટ્ર ભવન જૈન ધર્મશાળામાં પૂ. આ. શ્રી વિજયરવિપ્રભ સુરીશ્વરજી મ.ની નિશ્રામાં પુ.મુ. શ્રી ગુણચંદ્ર વિજયજી મ.ના સિધર્મ નિમિત્તે સંયમ જીવનની અનુમોદના નિમિત્તે ફા.સુ. ૭-૮-૯ શ્રી શાંતિસ્નાત્ર સહિત ઉત્સવ યોજાયો હતો.

**પાર્લા :** પૂ.આ. શ્રી હેમભૂષણ સૂરીશ્વરજી મ.ને સૂરિ મંત્રની ચતુર્થ પિઠીકા પૂર્ણ થતાં તે નિમિત્તે લઘુ શાંતિ સ્નાત્ર આદિ મહોત્સવ ફા.સુ. ૧૦થી ૧૨ સુધી શ્રી ચંદ્રપ્રભસ્વામી જિન પ્રસાદમાં પૂ. આ. શ્રી વિજયપૂર્ણચંદ્ર સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજયહેમભૂષણ સૂરીશ્વરજી મ. તથા પર્યાયસ્થવિર પૂ.મુ. શ્રી હિરણ્યપ્રભ વિજયજી મ.ની નિશ્રામાં શેઠ કાંતિલાલ લક્ષ્મીચંદ પરિવાર સાવરકુંડલાવાળા તરફથી ઉજવાયો.

## ● અગત્યની સ્પષ્ટતા ●

**પૂજયપાદ આચાર્યશ્રી જિનેન્દ્ર સૂ.મ.સા.** વ્યાખ્યાનાદિમાં પ્રસંગ પામીને આપણી જૈન શાસ્રીય મર્યાદા મુજબ જીવદયા- અનુકંપાદિ કાર્યોની પ્રેરણા આપતાં હોય છે. તેનાથી પ્રેરિત થઇ કેટલાય પુણ્યશાળીઓ મર્યાદાનુસાર જીવદયા-અનુકંપાની પ્રવૃત્તિમાં લાભ લેતાં હોય છે. આમાં કયારેક કોઇ ભદ્રિક આત્માઓ પોતાની સમજણ મુજબ સારવાર કેમ્પ વગેરેનું આયોજન કરતાં હોય છે. આમાં અને તેની જાહેરાત વગેરેના લખાણમાં અજ્ઞાનવશ આપણી શાસ્રીય મર્યાદા પૂરી સચવાતી ન હોય તેવું પણ બની શકે છે. અને **'જૈન શાસન'** કે **'મહાવીર શાસન'**માં ય અજાણતા આવી જાહેરાતો કયારેક આવી જતી હોય છે. આવી ભૂલ સાથે પૂજયપાદશ્રીનો સીધો કે આડકતરો કશો જ સંબંધ નહિં હોવા છતાં, કેટલાક વિરોધીઓ હેતુપૂર્વક આની સાથે પૂજયપાદશ્રીજીનું નામ જોડી પત્રિકા વગેરે દ્વારા તેઓશ્રી માટે વિપરીત પ્રચાર કરતાં હોય છે. તેવા પ્રચારથી દોરવાઇ ન જતાં, સાચી વાતને આડે પાટે ચઢાવી દેવા માંગતા તત્ત્વોને ઓળખી લેવા સુજ્ઞ વાચકોને વિનંતી કરીએ છીએ.

**(૪)** ઢીંઢણાવારા હાલ ભિવંડી રામજી જેઠા ગડા પરિવાર તરફથી સિદ્ધચક્રપૂજન રાખેલ હતું ફાગણ સુદ-૮ના

**(૫)** ફાગણ સુદ-૯ના ખીરસરાવારા હાલ ભિવંડી અ.સૌ. જયાબેન જીવરાજના પ્રથમ ઉપધાનની માળ નિમિત્તે તથા વિવિધ તપસ્યા નિમિત્તે સિદ્ધચક્ર પૂજન રાખેલ.

**(૬)** શુભશાન્તિ કોમ્પલેક્ષમાં ફા. સુ. ૧૩ના શત્રુંજય પટનાદર્શન યાત્રા રાખેલ હતી. જયાબેન જયંતિલાલ તલસાણીયા તરફથી સેવ બૂંદીની પ્રભાવના રાખેલ. ફાગણ ચૌમાસીની આરાધના સુંદર થયેલ છે.

**બેંગલોર :** ચીકપેઠ શ્રી આદિનાથ જૈન શ્વે. મંદિરના નિર્માણ શુદ્ધિ માટે શ્રી શાંતિસ્નાત્ર મહોત્સવ ફા.સુ. ૧૧-૧૨-૧૩ ઉજવાયો. પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ.મ. આદિનો સામૈયા સહિત પ્રવેશ કરાવ્યો હતો. ફા. વ. ૧ રવિવારે શ્રી લબ્ધિ સૂ.જૈન પાઠશાળા બાલ મંદિરના સો ઉપર બાળકોનો મેળાવડો ભવ્ય રીતે ઉજવાયો. ૩થી ૮ વર્ષના બાળકો ફી ભરીને ભણવા આવે છે. વડિલ મૂકી જાય અને લઇ જાય. હજારો રૂા.ના કિંમતી ઈનામ અપાયા હતાં. દાતાઓના સન્માન કરાયા હતાં. આ પ્રસંગે બધી પાઠશાળાઓના ગુરુજીનું સન્માન કરાયું હતું. શ્રી જૈન બાલ શાસન તરફથી હાલાર વીશા ઓશવાળ તપાગચ્છ સંઘે પણ

ગુરુજીઓનું બહુમાન કર્યું હતું. સારાય પ્રસંગનું સંચાલન મુખ્ય ગુરુજી સુરેન્દ્રભાઇએ સુંદર સંચાલન કર્યું હતું.

**બડોદા : (ડુંગરપુર) માં શાસન પ્રભાવના :**

પૂજય પરમ કૃપાલુ આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહાબલસૂરીશ્વરજી મ.સા.ની પરમ કૃપાથી પરમ પૂજય વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય કમલરત્ન સૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય રત્ન પ.પૂ. પ્રવચન પ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ વિજય દર્શનરત્ન સૂરીશ્વરજી મ.સા. માહવદ ૧૩ દિ. ૧૮-૨-૦૪ના દિવસે કેશરીયાજીનું મૂલ સ્થાન બડોદા (ડુંગરપુર- રાજસ્થાન) તીર્થમાં પધારેલ. અત્રે વાજતે ગાજતે જઇ યશપાલજી ચિમનલાલજીને ત્યાં ચતુર્વિધ સંઘના પગલાં થયેલ. ત્યાં વ્યાખ્યાન બાદ યશપાલજીએ ગુરુની નવાંગી ગુરુપૂજા કરેલ. ત્યારબાદ દરેક સાધુ- સાધ્વીજી ગુરુપૂજા પછી સંઘપૂજન થયેલ.

*आचार्यदेव श्रीमद् विजय दर्शनरत्न सूरीश्वर म.की वि.सं. २०५९की शासन प्रभावना और भीम (मेवाड)मे बडी दीक्षा*

(१) कार्तिक सुद १५ दि. २०-११-२००२ को करमदी तीर्थ की चैत्यपरिपारि

(२) मगसर वद १० दि. २९-११-२००२ को इतनारा (एम.पी.)में प्रतिष्ठा.

(३) मगसर सुद ८ दि. ८-१२-२००२ को बडोद (एम.पी.)में प्रतिष्ठा.

(४) मगसर सुद १० दि. १४-१२-२००२ से बडोद गीस्तार चुस्त छरी पालित संघ मे मंदसौर से वडस्ती तक निश्रार्पण.

(५) पोष सुद में खेडब्रह्मा में ५०० आयंबिल पूर्णाहुति एवं सिद्धचक्र महापूजन.

(६) माह सुद ६ दि. ७-२-०३ को जिरावला में साध्वीजी जिनरक्षिताश्रीजी एवं बबीबेन मंछालालजी एवं विमलाबेन नथमलजी का ५०० आयंबिल पूर्णाहुति एवं दोतराई से चैत्य परिपारि एवं सिद्धचक्रमहापूजन.

(७) फागण सुद २ दि. ५-३-२००३ को जालोरमें मुनिराजश्री किरणरत्नविजयजी की बडी दीक्षा एवं पंचान्हिका महोत्सव.

(८) चैत्र सुद १५ दि. १५-४-२००३ को तिखीमें पट अभिषेक- शांति स्नात्र महापूजन एवं पंचान्हिका महोत्सव.

(९) खेडब्रह्मा, तिखी, एलाना, इतनारा, बडोद, जालोर आदिमें भव्य स्वागत.

(१०) वैशाख सुद ११ दि. २७-४-२००३ को कु. चंदनबाला वगतावरमलजी मुथाकी भव्य दीक्षा एवं ऐतिहासिक चढावो.

(११) वैशाख सुद-६ दि. ७-५-२००. आबु रोडमें ध्वजारोहण एवं सिद्धचक्रपूजन.

(१२) वैशाख सुद-७ दि. ८-५-०३ को काछोलीमें मूलनायक उत्थापन एवं दो महापूजन.

(१३) वैशाख सुद-११ दि. १२-५-०३ को साध्वीजी श्री चरणप्रज्ञाश्रीजी की पींडवाडामें बडी दीक्षा.

(१४) जेठ वद ११ दि. २६-५-०३ को आनंदधाम (रमणीयर) तीर्थ रात्रीमें कलकत्ता निवासी राजेशभाइ की दीक्षा.

(१५) लांबोडी मेवाडोमां जेठ सुद-४ दे ४-६-०३ ध्वजारोपण.

(१६) जेठ सुद-९ दि. ९-६-२००३ को भीम (मेवाड) मे मुनिश्री रामरत्नविजयजीकी बडी दीक्षा एवं अब नाम बदलकर मुनिश्री रजतरत्नविजयजी रखा गया एवं आचार्य दर्शनरत्नसूरीजीके शिष्य बने. त्रिलोकबन्धु गन्ना परिवारने बडी दीक्षा का आयोजन किया एवं जितेन्द्रधाम (कीर्तिस्तम्भ) में वासक्षेप विधि तथा सोसायटीमें जिन मंदिरमें वासक्षेप तथा भव्य सामैया एवं सन्मान समारोह तथा २७ देरी केशरिया जैन मंदिरकी ध्वजारोपण एवं नूतन मुनिके नामकरण के चढावे लेकर भीम के इतिहासमें सुवर्णाक्षरसे सदा अंकित रहे एसी रेकोर्ड स्थापित किया था।

प.पू. वर्धमान तपोनिधि आचार्यदेव श्रीमद्विजय कमलरत्न सू.मं. के पट्टधर आचार्यश्री दर्शनरत्न

सूरीश्वरजी म. आदि अषाढ सुद ३ दि. २-७-२००३ को रामपुरा बाजार कोटा (राजस्थान) में चातुर्मास प्रवेश करेंगे एवं प्रवर्तिनी साध्वीजी हर्षितप्रज्ञा श्रीजी की सुशिष्या तपस्वी साध्वीजी चेतोदर्शिता श्रीजी आदि का भी कोटा में चतुर्मास होगा. उनके साथ सलंग १५०० आयंबिलके तपस्विनी साध्वीजी मैत्रीसुधा श्रीजी भी पधारेंगे.

त्रिलोकबन्धु गन्ना परिवारने अपने ही परिवार के जेठ वद १० दि. २५-५-०३ को चार दीक्षाका भव्य संपन्न करवाकर मुनिश्री रामरत्न विजयजी का आयोजन किया यह सोने मे सुगंध समान था।

# जुठाणा चलावी ठगाई करनारनी बीना - वांचको -भाविको सावधान

श्रीमान दिनेशभाइ के. शाह

जय जिनेन्द्र। बेंगलोर

आपश्री साथे आज फोनमां वात थइ ए प्रमाणे आपणे विगत लखी मोकलावुं छुं परंतु प. पू.आ. श्री विजयजिनेन्द्र सूरीश्वरजी महा. साहेबना संपर्कमां जे श्रावण भाई छे एमना नाम, टेलिफोन नंबर वे माहिती ठगी करनार भाईओने केवी रीते अचुक खबर पडे छे ते वात ध्यानमां आवती नथी? आ बाबत सतर्क रहेवुं जरुरी छे.

ठगीबाबत पुनामां थयेल घटनानो क्रम नीचे प्रमाणे छे अे जाणजो

(१) बेंगलोरथी सुभाषभाई राजाजीनगर मंदिरना ट्रस्टी करीने ता. २०-२-०४ सवारना अग्यारथी बारना वचे बेचार फोन आव्या तेमां आचार्य भगवंतना दवानी रकम रू. २७,३०० आपजो कही फोन मुंबई वैधविकास अमृतलालनो फोन के बेंगलोरथी ट्रस्टी सुमाषमाइनो फोन के आप औधने मुंबईमां रकम अपावो हमे तमने रकम मोकलावी आपीये छे. फरीथी सुभाषभाई ट्रस्टीनो फोन, अत्यारे अभी दवा लइने विमानथी वैद्य पासेथी माणस आव्यो छे ते अेना पैसा रू. २८,९०० पण आपी देजो ते दवा पैसानो लाभ लेनार भाई पासेथी रकम लई आपने मोकलावी आपीये छे साहेबनी तब्यत सारी नथी दवानी सख्त जरूर छे ऐटले आप पैसानुं काम करावजो ते मारे अहीं (बेंगलोर) साहेब के हमने शरमावुं पडे नहीं तेवी रीते उपराउपरी चार पांच फोन आव्या ने सामेथी वैद्य विकासनो फोन के साहेब माटे दवा मोकलावेली छे तेना पैसा आप पासे लेवाना कह्या छे अेवी आखा दिवसमां दस बार फोन बेंगलोर - मुंबईथी आव्या. पुनाथी फोन करी पूछवा माटे शंका नहीं अेवी रीते अेमने काम लीधुं. फरी २७-२-०४ना रोज सुभाषभाई ट्रस्टी तरीके फोन के मुंबईना वर्धमान प्रिन्टींगवाळाने छपाई कामना बाकी रहेल रू. ९०,००० आपो. हमे कुल रूपीया १,४८,२०० सुमनभाई जिनमाळ वाला साथे आपने आजे मोकलावेल छे. फरी सुभाषभाईनो फोन के रू. ९०,००० प्रेसवालानो माणस अहीं लेवा आव्यो परंतु आपने रकम मोकलावी दीधी छे. अत्यारे अही रकम उपलब्ध नथी अेटले आप मुंबइ आपवानी व्यवस्था करशो ते पछी तरत ज मुंबईथी मुकेशभाईनो फोन आपना पासेथी रकम लेवानुं फोनथी समाचार आव्या छे. आ. साहेबनुं छपाईनुं काम कुल ७,००,००० थयुं छे तेमां रू. ३,००,००० लंडनथी आव्या छे बाकी रूपीया लाभ लेनार श्रावक भाइ तरफथी मळ्या छे. पण अेमां रू. ९०,००० बाकी रह्या छे ते आपने आपवा कह्या छे ते आप मुंबई अपावो. आ प्रमाणे पण आठ दस मुंबई बेंगलोरथी थया ता. २२-२-०४ रविवार होवाथी मारे आ लोको साथे वातचीत थइ नहीं परन्तु सोमवार सवारना अग्यार वागे सुमनभाई नाशिकथी बोलु, आपणे आपवा माटे बेंगलोरथी सुभाषभाई ट्रस्टीने मारी साथे १,४८,२०० मोकलाव्या छे ते गुरुवारना दिवसे २६-०२-०४ पुना बपोरे बार वाग्या सुधी लावी आपशुं कारण पालिताणा हमारे अंर्जट जावुं पडे छे हमे घणा जणा बेंगलोरथी बस लईने आव्या छीए ने हमारे

जावु जरूरी छे एटले आपने गुरुवार २६-०२-०४ बपोर सुधी रकम पुना लावी आपशु. सुमनभाई मारवाडीमा सारी रीते बोलता हता छतां एमने बेंगलोर सुभाषभाईने पण फोन उपर वात करी छे अेम पण कह्युं ते पछी बेंगलोरथी सुभाषभाईनो पण फोन आव्यो के वे भाई यहा कही गयाके पुना रुपीया आपीने जासु पण हमना तेमनो फोन आव्या के नाशिकथी पालिताणा जाई आवो ने आपने रकम आपसे पण आप प्रेसवाला मुकेशभाईने पेमेन्ट करावानुं करजो पण अमने तेमना वात उपर थोडी शंका आवाथी आगळ कई करु नहीं हमे ज्यारे बेंगलोरथी फोन आव्यो ने एमने बे हमने मुंबईना नंबर आप्या अे नंबर उपर हमें फोन कर्या त्यारे वैद्यके प्रेसवाला मल्या त्यारे अमने संशय आव्या नहीं. आ सारी विगत टुकामाज लखी छे. आ घटना क्रम पछी निचेनी घटना पण बनी.

संघवी रामलालजी त्यां पण फोन आव्या के वेधराजनो फोननंबर आपणे खबर छे के कारण पू. आ. किर्तियश सूरीश्वरजी जिरावला छे तेमने वैद्यनुं ताबडतोब काम छे आ वखते अहीं भिलडीया तीर्थमां आ उपधानतप एमनी निश्रामां चाले छे अेटले आगल पाछा वैद्यना माटेना फोन आव्या नहीं पण साहेब जाण माटे फोन करी खुलासो करी लीधो तेने कारणे आ बाबतमां तपास करतां आ प्रमाणे माहिती मणी.

बेंगलोर फोन नंबर ०८०२२५७९४६२ श्री सुभाषभाई आप्यो छे.

वैद्य विकास अमृतलाल, नवजिवन सोसा. बिल्डींग नंबर ८, फ्लेट ८७४, सात रस्ता, मुंबई सेन्ट्रल पासे, टे.नं. २३७४९०५७

आजे तपास करता आ नंबर एस टी.डी. बुथनो बुथवालानुं नाम

आर. बी. शेख, MabcarenhasRoad, हेमल बिल्डींग, मझगाव, मुंबई-१०.

वर्धमान प्रिटींग प्रेस कस्तुरबानगर, लोअरपरेल - अे - ४९, १ लो फ्लोर, मुंबइ टे.नं. २३७४९००६

आजे तपास करता आ नंबर STD नो बुथ वाळानुं नाम मिसेस सारिका एन. मालवणकर, अब्दुल लतीफ बिल्डींग, आर मोगले मार्ग, मुंबई- ३३

आ मुजब बधी घटना घटी छे. जाण माटे आपने मोकलावेल छे. बेंगलोरथी सुभाषभाई ट्रस्टीना फोन मा सुमनभाई बेंगलोरना टीवी, फ्रिज ना मोटा व्यापारी छे फोनमां वात करी हती. प.पू.आ. विजय जिनेन्द्रसुरीश्वरजी तथा मुनिगणने वारंवार वंदना तथा सुखसातामां हशे ते ज

(કિશોરભાઈ રાઠોડ પુનાવાલાએ આ બનાવટો કરનારની વિગત લખી છે. આ માટે મ.શા., જૈન શા. તથા પત્રિકામાં છપાવી મોકલેલ છે આ રીતે ૨૮-૩૦ જગ્યાએ ઠગાઈ કરી છે.)

આ લુચ્ચાઓને પકડી રકમ કઢાવવી.

◆ ◆ ◆



**રંગ ભરી રંગત બનાવો**

આલેખજો નિત નવી,
નંદાવર્તની સુંદર ભાતો,
ભાવના ભાવજો સદા,
ભાંગવી છે ભવની ભ્રાંતો



વહેલી સવાર ા પ્રકાશના કિરણો ફુટતાની સાથે જ પ્રિયંવદા દાસીએ મહા ાજ સિદ્ધાર્થને પુત્ર જન્મની સૂચના આપી.
મહારાજ ખ બ ખુબ અભિનંદન! માહારા ીએ ભાગ્યશાળી પુત્રરત્ન જન્મ આપ્યો છે
૮૫
મહારાજ સિદ્ધાર્થે આ ખુશીમાં પોતાના ગળાનો હાર દાસીને દેતા-દેતા કહ્યું-
આ ખુશીના અવસર પર તને જીવન ભર માટે દાસકર્મથી મુક્ત કરવામાં આવે છે.
૮૬
હર્ષ ઉલ્લાસ ી આનંદીત મહારાજા સિદ્ધાર્થે મહામંત્રીને ોલાવી અને આદેશ આપ્યો.
૮૭
સમગ્ર ાગર માં ઉત્સવ મનાવવામાં આવે, કેદિયો રિહા કરી દો. ગરીબોને દાન માટે ર જકોષના દરવાજા ખોલી દો.
ક્ષત્રિયકુલમા આનંદથી દસ દીવસ સુધી ભગવાનનો જન્મ મહોત્સવ ઉજવ્યો
૮૮

# પરિમલ

- પૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

* રાગ કરવાના સ્થાને જેને દ્વેષ થાય, એનું દુ:ખ અને દ્વેષ કરવાના સ્થાને રાગ થાય, એનું દુ:ખ, આનું જ નામ વિરાગ ! વિરાગ જાગે, એટલે જીવને માટે આવી દુ:ખાનુભૂતિ સહજ બની જાય.
* સમકિતીનું હૈયું તો વિશાળ હોય. એથી પોતાને પડતા દુ:ખ કરતા પરને પડતું દુ:ખ ને અધિક મહત્ત્વનું લાગે. આના યોગે પોતાના દુ:ખને સ્પર્શ્યા વિના એ પરના દુ:ખને જ દૂર કરવા મથે.
* સેવવો જ પડે, તો મનને સંસારમાં તન્મય બનવા દીધા વિના સંસાર સેવવો જોઈએ અને કર્મને જરાય અધીન બન્યા વિના ધર્મ આરાધવો જોઈએ. આ બે ગુણો આવી જાય, તો મોક્ષની પ્રાપ્તિ થતા વાર ન લાગે.
* મોટામાં મોટા ગણાતા દોષોનું સેવન ચાલુ હોય, પણ એ દોષ દોષરૂપે ખટકતા હોય, એનો બચાવ કરવાનું મન ન થતું હોય, તો એ મોટા દોષોમાંથી પણ ઉગરી જવું શક્ય બને. પરંતુ નાનકડો પણ દોષ ખટકતો ન હોય, એનો બચાવ કરવાનું મન થતું હોય, તો નાનકડા એ દોષમાંથી ઉગરી જવું શક્ય ન ગણાય.
* લોહી પીને જીવવું, એટલે કે ડગલે ને પગલે જીવ-હિંસા કરીને જીવવું, એનું નામ જ સંસાર છે. જ્યારે અમૃત પીને જીવવું, એટલે કે અભયદાની બનીને જીવવું અને આવા અભયદાનની પ્રભાવના કરતા રહેવું, એ સંયમ-જીવન છે.
* જીવમાં લાયકાત હોય, પછી એને માર્ગદર્શન મળે અને એ મુજબ પુરુષાર્થ થાય, તો મોક્ષમાર્ગે પ્રગતિ થયા કરે, જીવમાં લાયકાત ન હોય, માર્ગદર્શકને એને માથે રાખ્યા ન હોય અને કહેવાતો ધર્મ પુરુષાર્થ ચાલુ હોય, તો એ મોક્ષમાર્ગે પ્રગતિ ન સાધી શકે.
* મોક્ષને પુષ્ટિ અપાવનારી સંસાર-સેવા હજી સારી, પણ સંસારને પુષ્ટિ અપાવનારી ધર્મસેવા ખોટી !
* જૈન શાસનમાં તમે શું કરો છો, એ હજી એટલું મહત્ત્વનું નથી, જેટલું 'તમે શા માટે કરો છો ?' એનું મહત્ત્વ છે.
* પૈસાની સગવડ ધરાવનારને જેમ ગમે તેવી લાંબી-ટૂંકી, સરળ-કઠિન મુસાફરીએ જવાનું થાય, તોય એની એને ચિંતા હોતી નથી, પરંતુ એ પ્રસન્નતા પૂર્વક મુસાફરી માટે નીકળી પડે છે, એમ ધર્મારાધના દ્વારા જે આધ્યાત્મિક દૃષ્ટિએ શ્રીમંત બન્યો હોય, એને જ્યારે મૃત્યુની મુસાફરીએ જવાનો અવસર આવી લાગે, ત્યારે એ મૂંઝાતો ન હોય, ઉપરથી ત્યારે તો એની પ્રસન્નતા ઓર ખીલી ઊઠી હોય.
* તમે જે ઘરમાં, શેરીમાં, શહેરમાં, રાજ્યમાં કે દેશમાં વસો છો, ત્યાંથી મરીને પાછા એ જ ઘર-શેરી-શહેરમાં જન્મવાના, આવું નક્કી કહી શકાય એમ છે ખરું ? ના. તો પછી આ બધાની મમતા રાખીને 'મારું ઘર કે મારો દેશ' આ જાતના મિથ્યા-મમત્વથી આ બધાની રક્ષા પાછળ ફના થઈ જવાનો કોઈ અર્થ ખરો ? બીજા જન્મમાં એ શક્ય છે કે, આ બધાથી સાવ જ વિપરીત ગણી શકાય, એવા સ્થળે તમે જન્મો અને એની સાથે મમતા બાંધીને ખુવાર પણ થઈ જાવ. માટે આવી પૌદ્ગલિક-રચનાઓ સાથે મારાપણાનો સંબંધ જોડતા ખૂબ ખૂબ વિચાર કરવા જેવો છે અને એની રક્ષા ખાતર મરી ફીટતા તો હજારવાર વિચારવા જેવું છે.

જૈન શાસન અઠવાડીક ● માલિક : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતા – ગેલેક્સી ક્રિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

Received 18/6/04

# શાસન અને સિધ્દાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

नमो चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

***યૌવન પણ અનિત્ય છે***

जह उग्गओ रवी णहयलम्मि ण
खणं पि णि चलो होइ ।
तह तारूण्यं जीवाण होइ ण
थिरं मुहुत्तं पि ॥

**(ચઉપ્પન્ન મહાપુરિસ ચરિયં)**

જેમ આકાશ તલમાં ઉદય
પામેલો સૂર્ય એક
ક્ષણ પણ સ્થિર રહેતો નથી, તેમ
જીવોનું યૌવન
એક મુહૂર્ત પણ સ્થિર હોતું નથી.


**વર્ષ ૧૬**

**અંક ૨૧**

## શ્રી જૈન શાસન કાર્યાલય

શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005



आचार्य श्री कैलाससागरसूरि ज्ञान मन्दिर
श्री महावीर जैन आराधना केन्द्र
कोबा, जि. गांधीनगर पिन-३८२००९


# જૈન શાસન

## અઠવાડિક

# 'સુશીલ સંદેશ'

## કરુણા નિધાન ભગવાન મહાવીર – હપ્તો – ૧૩.

જન્મના બારમા દિવસે પુત્રનું નામકરણ સંસ્કાર કરવામાં આવ્યું.




કુમાર વર્ધમાન બાળપણથી જ ખૂબ જ વીર અને સાહસી હતા.




તે મલ્લ યુધ્ધ, ઘોડેસવારી વગેરે ચૌંસઠ કલાઓમાં નિપુણ હતા.

એક વાર ઈન્દ્રએ દેવ સભામાં કુમાર વર્ધમાનની પ્રશંસા કરતા-કરતા કહ્યું....




એક દેવને આ પ્રશંસા ગમી નહિં. તે વર્ધમાનનં પરીક્ષા લેવા માટે પૃથ્વી બાજુ નીકળ્યા.

आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवाय च

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

1065

# જૈન શાસન

(અઠવાડીક)

તંત્રીઓ :
ભરત સુદર્શનભાઇ મહેતા (રાજકોટ)
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઇ)
હેમન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૬ ) ✻ સંવત ૨૦૬૦ ચૈત્ર વદ - ૯ ✻ મંગળવાર, તા. ૧૩-૪-૨૦૦૪ (અંક : ૨૧

## પ્રવચન
## સડસઠમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

સં ૨૦૪૩, આસો વદિ-૧૧, રવિવાર, તા. ૧૮-૧૦-૧૯૮૭
શ્રી ચંદનબાલા જૈન ઉપાશ્રય, મુંબઇ - ૪૦૦ ૦૦૬.

**પૂ.આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

*ગતાંકથી ચાલુ...*

(શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઇપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના -અવ.)

वित्रासयन्ति नियतं भवतो वचांसि ।
विश्वासयन्ति परवादि सुभाषितानि ।
दुःखं यथैव हि भवानदत्तथा तत् -
तत्सम्य त्तवे च मतिमान किमिहा (वा) भयः स्यात् ?

આ સંસારનું સુખ અને સંપત્તિ જ જેને ગમે, સારા લાગે, મેળવવા- ભોગવવા જેવા જ લાગે, તેવા જીવને મોટેભાગે મોક્ષની ઇચ્છા પણ ન થાય અને મોક્ષ યાદ પણ ન આવે. તમને બધાને ખાતા-પીતા, પહેરતાં- ઓઢતા, પૈસા મેળવતાં મોક્ષ યાદ આવે? મોક્ષની ઇચ્છા થઇ એટલે પહેલું ગુણઠાણું આવ્યું. સંસારમાં ગમે તેટલી સુખ-સંપત્તિ સાહ્યબી હોય તો ય સંસાર ભૂંડો જ, ખરાબ જ. દુઃખી જીવોનો સંસાર ભૂંડો કે સુખી જીવોનો પણ? સંસારનો મહાસુખી જીવ ચક્રવર્તી જો મરતાં સુધી ચક્રવર્તીપણું ન છોડે, તેમાં જ મજા માને તો તેને પણ નરકે જ જવું પડે. આ અવસર્પિણીના બાર ચક્રીમાંથી બે ચક્રવર્તી નરકે ગયા અને બાકી દશમાંથી જે મોક્ષે કે સ્વર્ગે ગયા તે બધા ચક્રવર્તીપણું છોડી, સાધુપણું પામીને ગયા. તમે બધા જ મજેથી દુનિયાનું સુખ ભોગવતાં ભોગવતા મરો તો ક્યાં જાવ? કોઇપણ રીતે આ દુનિયાની સુખસંપત્તિ-સાહ્યબી સારી નથી, ભોગવવા જેવી નથી, તેમાં મોજમજા કરવા જેવી નથી- આવો ય વિચાર આવે તો પહેલું ગુણઠાણું આવવાનો સંભવ છે. તેવો જીવ જ મોક્ષનો સાચો અર્થી હોય. પછી તો તેવો દરિદ્રી ય મોક્ષનો અર્થી હોય અને સુખી પણ મોક્ષનો અર્થી હોય.

જૈનકુલ- જાતિમાં જન્મવા છતાં ય સમકિત પેદા ન થાય તે કેટલો મોટો પાપોદય! જૈન કુલ- જાતિમાં જન્મેલાઓને તો આ બધી સુખ સંપત્તિ પાપરૂપ જ લાગે. તેના ઘરમાં તે વાત ચાલુ જ હોય. ખરેખર જેનો ભય લાગવો જોઇએ તેનો પૂરેપૂરો પ્રેમ છે, તેને ભેટીને બેઠા છો. તે ગમે તે રીતે મેળવવી છે, મેળવવા અનીતિ કરવી પડે તે ય જરૂરી તેમ માનો છો. પછી આ વાત ન સમજાય તેમાં અમારો વાંક ખરો? આ સંસાર ખરાબ લાગે છે? રહેવા જેવો નહિં તેમ લાગે છે? મોક્ષે જ

જવાનું મન છે? જેનો પહેલા ગુણઠાણે તો હોવા જ જોઈએ. તો આગળના ગુણઠાણા આવશે. મોક્ષના અર્થીને સંસારનો ભય લાગે એટલે મોહથી ગભરાયો કહેવાય. સંસાર ગમે તે મોહથી ડરતો નથી તેમ કહેવાય. ન્યાય સંપન્નવિભવ ન હોય અને નથી તેનું જેને દુઃખ ન હોય તેવો જીવ મરતાં સુધી ધર્મ સાંભળે તો ય ધર્મ પામે નહિં. અન્યાય કરતી વખતે તે તમારૂં હૈયું ગભરાય છે? આપણા દેવ મોક્ષે ગયેલા, ગુરુ, ઘરબાર વગરના અને મોક્ષ માટેના પ્રયત્ન કરનારા, ધર્મ મોક્ષે જવાનું કહેનારો : તો મોક્ષ જ યાદ ન આવે તો કેમ ચાલે? તો તે બધા ગાઢ મિથ્યાદષ્ટિ જ કહેવાયને? રોજ સાંભળવા છતાં, આટલી ધર્મક્રિયા કરવા છતાં ય આવીને આવી જ દશા રહે તો મિથ્યાત્વ ગાઢ હોવું જોઈએ, ભારેકર્મિતા હોવી જોઈએ. આવું પણ તમને થાય છે?

જે જીવ, મોહથી ગભરાય તે જ ભગવાને કહેલો ધર્મ કરી શકે. તમને બધાને મોહનો ખૂબ ભય લાગે છે? સંસારની સારી ચીજ ગમે તો ઝટ આઘાત થાય છે? જેટલું સારૂં દેખાય તેટલું ગમે તો ભિખારી થઈ જઈશ તેમ થાય છે? આજે તો કરોડપતિ પણ ભિખારીની જેમ બજારમાં ભટકે છે. એવા એવા ધંધા-ધાપા કરે છે વર્ણન ન થાય. ઘણાં મોટા શ્રીમંતો ભીખ માગતા થઈ ગયા. સંસારનું સુખ અને સંપત્તિ દુર્ગતિમાં લઈ જનારી છે આ વાત મનમાં બેસે નહિં ત્યાં સુધી સંસાર છોડવા જેવો છે તેમ બેસે નહિં, તેમ ન લાગે તો સાચી મોક્ષની ઈચ્છા થાય નહિં. તો તે જીવ પહેલે ગુણઠાણે પણ આવે નહિં. તમે બધા કહો કે કમમાં કમ પહેલે ગુણઠાણે તો આવવું જ છે, તે પામ્યા વિના તો મરવું જ નથી. સુખ અને સંપત્તિનો ભય લગાડતાં શીખો. જૂઠું બોલી લાખ મેળવ્યા પછી આત્માની સાથે વાત કરો કે 'આ કેવું પાપ કરૂં છું? આ પૈસાનો લોભ મને ગાંડો બનાવશે, પાપી બનાવશે. લાખના બે લાખની ઈચ્છા થશે તો માર્યો જઈશ. મને જંગલી જેવો રઝડતાં રાન જેવો કરી મૂકશે' આવી વિચારણા કરશો તો જ મોહનો ડર પેદા થશે. બાકી આજે તો જેમ જેમ પૈસા વધે છે તેમ તેમ મોહ વિકરાળ થાય છે અને એવો વિકરાળ થાય છે કે જે મળે તે ઓછું જ લાગે છે. તેથી તે બધા મરીને મોટેભાગે દુર્ગતિમાં જવાના છે. તમારે કયાં જવું છે?

સભાઃ સદ્‌ગતિમાં.

ઉ.: શું કરો તો સદ્‌ગતિ થાય અને શું કરો તો દુર્ગતિ થાય તે જાણ્યું?

અનીતિ કરો તો દુર્ગતિમાં જવું પડે તે ખબર છેને? આજના ચોર, બદમાશ, લૂંટારાને જેલમાં જવાનો ભય છે પણ પાપનો ભય નામે ય નથી. તેવી રીતે ઘણાં ધર્મ કરનારાને દુઃખ નથી જોઈતું પણ પાપ મજેથી કરવા છે. પાપનો ભય પણ પેદા થતો નથી. તેથી સંસાર છોડવા જેવો લાગતો જ નથી અને મોક્ષની તો ઈચ્છા પણ પેદા થતી નથી. જેને સારી સારી ચીજો જોઈને મોહ થાય, તે મોહનો ભય ન લાગે તે સાધુ થયેલાને પણ મિથ્યાદષ્ટિ કહેવા પડે.

ભગવાનનાં વચનો સંસારમાં ત્રાસ પેદા કરનારા છે અને મોક્ષની ઈચ્છા પેદા કરનારા છે. તેવા અનુકુળ વચનો પરમતમાં ય છે. આ સમજે તેનામાં પહેલું ગુણઠાણું આવી જાય. પહેલાં ગુણઠાણાથી ધર્મની શરૂઆત થાય. ગુણઠાણું ન હોય તો ધર્મની કિંમત નહિં. અચરમાવર્ત્તકાળમાં ધર્મ નુકસાન કરે. ચરમાવર્ત્તકાળમાં ધર્મ લાભ કરે તે ય લઘુકર્મીને. લઘુકર્મી થવું છેને? લઘુકર્મી થવા શું કરવું તે વાત હવે પછી.

*(ક્રમશઃ)*

# ખૂલાસા પુરા કરો તો સારૂં!

## પ્રત્યાખ્યાન અને તેના પ્રકારો

કરૂણા પ્રધાન શ્રી જિનેશ્વરદેવના શાસનમાં, ભવભ્રમણ કરાવનારી હરેકેહરેક પાપ-પ્રવૃત્તિઓને રોકવા માટે જીવનને નિયંત્રિત કરવા માટે પ્રત્યાખ્યાન- પચ્ચક્‌ખાણનું વિધાન કરવામાં આવ્યું છે. પ્રત્યાખ્યાન એટલે પાપપ્રવૃત્તિઓની પ્રતિકુલ- વિરૂદ્ધનું કથન. નાનામાં નાના પ્રત્યાખ્યાનથી માંડીને મોટામાં મોટું પ્રત્યાખ્યાન કરવામાં આ જ ધ્યેય સમાયેલ છે. અર્થાત્ જે જીવનમાં પાપપ્રવૃત્તિઓનું રોકાણ તે જ જીવન પ્રત્યાખ્યાની આત્માનું. ઉપકારી પરમર્ષિઓએ, આ પાપનિવૃત્તિરૂપ- પ્રત્યાખ્યાનના પ્રકારોનું ઘણાં જ વિસ્તારપૂર્વકનું પ્રતિપાદન કરેલ છે.

તેમાં દ્રવ્ય અને ભાવ એ બે એના મુખ્ય પ્રકારો છે.

(૧) 'દ્રવ્ય' શબ્દનો ઉપયોગ (૧) ભાવના કારણમાં અને (૨) અપ્રધાન ભાવમાં થાય છે.

❖ 'શ્રી જિનેશ્વરદેવે કહેલ છે' - આ પ્રકારની સદ્‌ભકિતથી જે ગ્રહણ કરાય તે ભાવપ્રત્યાખ્યાનના કારણરૂપ દ્રવ્યપ્રત્યાખ્યાન છે, અને આ દ્રવ્યપ્રત્યાખ્યાન ઉપાદેય- આચરણીય કોટિનું છે; તથા

❖ સંપૂર્ણ પાપ નિવૃત્તિરૂપ - મુક્તિપદની પ્રાપ્તિ- તેને છોડીને ઈહલૌકિક- લબ્ધિ- કીર્તિ આદિ મેળવવાની ઈચ્છાથી અને પારલૌકિક - સ્વર્ગસુખની પ્રાપ્તિ આદિની ઈચ્છાથી, તેમજ અવિધિ આદિથી જે પ્રત્યાખ્યાન કરવું તે પણ દ્રવ્ય પ્રત્યાખ્યાન કહેવાય, પરન્તુ તે હેય કોટિનું છે.

(૨) આ લોકસંબંધી અને પરલોકસંબંધી પૌદ્‌ગલિક ફળની ઈચ્છાથી રહિત અને શ્રી જિનેશ્વરદેવે પ્રરૂપેલ પાપનિવૃત્તિરૂપ પ્રત્યાખ્યાન, તે ભાવપ્રત્યાખ્યાન છે અને તે સમ્યક્ ચારિત્રરૂપ હોવાથી અવશ્ય મુક્તિસુખની પ્રાપ્તિમાં કારણ છે.

પ્રત્યાખ્યાનના આ પ્રકારો હરેકે હરેક કલ્યાણકામી આત્માઓએ અવશ્ય વિચારણીય છે, અને એ વિચારીને જીવનની પાપપ્રવૃત્તિઓને રોકવા માટે ભાવપ્રત્યાખ્યાન આચરવું જરૂરી છે. 'પ્રત્યાખ્યાન એ એક અંકુશ છે' જેમ અંકુશ ઉન્મત્ત એવા હાથીને નિયંત્રિત કરે છે તેમ પ્રત્યાખ્યાનરૂપ અંકુશ પણ પાપપ્રવૃત્તિઓથી ઉન્મત્ત બનેલ આત્માને નિયંત્રિત કરે છે.

શ્રી જિનેશ્વરદેવના અનુયાયી પ્રત્યેક જૈનનું જીવન પ્રત્યાખ્યાનરૂપ અનુપમ અંકુશથી સદાયને માટે નિયંત્રિત હોવું જોઈએ. જ્યાં સુધી પ્રત્યાખ્યાનરૂપ અંકુશથી જીવન નિયંત્રિત ન થાય ત્યાં સુધી આરંભાદિક પાપપ્રવૃત્તિઓથી ઉન્મત્ત બનેલ આત્મા અંકુશવિહોણા મદોન્મત્ત હાથીની જેમ સંસારરૂપ ભીષણ અટવીમાં રખડી મરે છે.

માટે જ, ભવભીરૂ આત્માઓએ ભાવપ્રત્યાખ્યાનરૂપી અંકુશથી પોતાના જીવનને અવશ્ય નિયંત્રિત કરવું જોઈએ.

(જૈન પ્રવચન વર્ષ - ૫, અંક ૪૩)

વાહ! સંપાદકશ્રીજી તમને અભિનંદન
અને
વાહ! નૂતન ગચ્છાધિપતીજી તમને અભિનન્દન!!

આપશ્રી બંનેને ધન્યવાદ. ધન્યવાદ જેટલો આપીએ એટલો ઓછો છે, શાબાશી આપીએ એટલી ઓછી છે. (ભાઈ! વાણીયાની નહિં) તમે પૂછશો-

**જૈન શાસનમાં શાબાશી વળી આ બંને માટે.**

હા ભાઈ! મારા પૂછાવેલા પ્રશ્નોનો પ્રત્યુત્તર આજદિન સુધી '**પ્રભાવક જિનવાણી કે જૈન શાસન**'માં વાળ્યો નથી.

હવે **તેઓશ્રીએ જ ઉપરનું લખાણ પોતાના પ્રભાવક જિનવાણીમાં છાપ્યું છે એ જ પ્રમાણે ગુરૂના અને ગુરૂમૂર્તિના નામ, દ્રવ્ય, સ્થાપના અને ભાવ નિક્ષેપા સંગત કરી તમારા પ્રભાવક જિનવાણીમાં છાપવા વિનંતી, અથવા તૈયાર કરીને જૈન શાસન ઉપર મોકલશો તો તેઓ તમે કહેશો. (લખશે) તો છાપશે.**

આ નિક્ષેપાનું વર્ણન શ્રી અનુયોગ દ્વારમાં છે તેમજ અન્ય ગ્રંથોમાં પણ છે. શાસ્ત્ર પ્રમાણે ચારે નિક્ષેપાના દ્રવ્યની વ્યવસ્થા પણ શાસ્ત્ર પ્રમાણે કઈ કઈ રીતે સંગત થાય છે તે પણ જણાવવા વિનંતી.

પૂજય ગચ્છાધિપતિ આ.દેવ શ્રી વિ. મહોદયસૂરીશ્વરજી મહારાજાએ પાંચ સમિતિનું વિસર્જન પુનામાં કરેલ છતાં તેઓની આજ્ઞાને ઉલ્લંઘન કરીને એજ પાંચ સમિતિ ચાલુ રાખી તેમાંના એક આચાર્યને સઘળી વાત પૂછવી પડે અને એ જે નિર્ણય આપે તે પૂ. નૂતન ગચ્છાધિપતિ માન્ય રાખે એવા આચાર્યના માર્ગદર્શન મુજબ બહાર પડેલ ધાર્મિક વહિવટ વિધાન નામક પુસ્તકમાં જીવંત અને મરેલાના ભેદ પણ આ ચાર નિક્ષેપાથી સંગત થાય છે ખરા? જરા! સ્પષ્ટ ખુલાસો કરવા વિનંતી.

(૧) એક આચાર્યે (મોભી) અગ્નિ સંસ્કારની બોલીના પૈસા ઉપાશ્રય બાંધકામમાં વાપરવાની છૂટ આપી તે વપરાયાં તે પણ કઈ રીતે સંગત થાય છે તે જણાવશો.

પોતાના પુસ્તકમાં છાપે છે કાંઈ જુદુ ને આચરે છે કાંઈ જુદું!

(૨) હમણાં એક પન્યાસજી મ. (જેઓને ખોટી નામનાની ભૂખ છે અને વારે તહેવારે ક્ષમાપના કરવા તૈયાર થાય છે) એમણે એક સંઘને જણાવ્યું કે મારા ગુરૂ મ.ના શિષ્યનો સમુદાય (ભૂલેચૂકે નામ ન બોલાય જવાય તેની કેટલી કાળજી) જે રકમમાંથી સ્મૃતિમંદિર બનાવી શકે તો અગ્નિ સંસ્કારની બોલીની રકમમાંથી આપણે ઉપાશ્રયની જગ્યા કેમ ન લઈ શકાય? (એ પૂન્યવામો જે ઠરાવો સ્મૃતિ મંદિરના પ્રવેશદ્વારો ઉપર મુકશે એવા ઠરાવો કરી આપણે ઉપાશ્રયમાં મુકીશું.)

તમે જગ્યા લઈ લો કાંઈ વાંધો વચકો નહિં આવે. વાહ! કયાં ગઈ જીવદયામાં લઈ જવાની વાત. આ તો ઈદમ્ તૃતીયમ્ નીકળ્યું. એ કોના પાપે?

(૩) તમારા હિસાબે સામો પક્ષ અગ્નિ સંસ્કારની બોલીની દ્રવ્ય જીવદયામાં લઈ જાય છે તે પણ આ નિક્ષેપાથી શું સાચું છે કે ખોટું છે?

(૪) અમદાવાદના પ્રસિદ્ધ ક્ષેત્રમાં ભગવાનને શ્રી જિન મંદિરમાં પ્રવેશ કરાવવાના ચઢાવવાની બોલી (અલગ અલગ તમારા ગચ્છના બે આચાર્ય ભગવંતોની નિશ્રામાં) સાધારણ ખાતે લઈ ગયા તે પણ હવે યોગ્ય છે?

(૫) પ્રભુ પ્રતિષ્ઠા (વડનગરમાં) ફરજીયાત અને પ્રભુ પ્રતિમા ભરાવવા વખતે (ચંદનબાળા- મુંબઈ વાલકેશ્વર) સ્વૈચ્છિક રકમ સાધારણ ખાતે આપવી પડશે તેવી જાહેરાત કર્યા બાદ પ્રભુપ્રતિષ્ઠા અને પ્રભુ મૂર્તિ ભરાવવાના ચઢાવવા બોલાવવાની શરૂઆત થઈ તે પણ હવે યોગ્ય જ છે ને?

આ બધા પ્રશ્નો તેમજ ગુરૂ અને ગુરૂમૂર્તિ અંગેના ચાર નિક્ષેપા દ્વારા દ્રવ્ય વ્યવસ્થાનો સંતોષકારક ખુલાસો પ્રગટ કરવા વિનંતી.

જો ખુલાસો નહિં કરો તો માનશું કે તમોએ પ્રગટ કરેલ સ્વ. પૂજયશ્રીના વાકયો સાચા છે અને તમારા તન- મનના મનોરથોના વાકયો ખોટા છે."

-ખટપટીયો.

# અક્ષય તૃતીયા એટલે કે
# સુપાત્ર દાનનું સંદેશ વાહક પર્વ
# જૈન ધર્મના વર્ષીતપના પારણાનો દિવસ

આ વર્ષે વૈશાખ સુદ ત્રીજ એટલે અક્ષય તૃતીયા પર્વ (૨૨.૪.૨૦૦૪ ગુરુવારે) છે. આ પવિત્ર દિવસ જૈન ધર્મના વર્ષીતપના તપસ્વીઓ તેર મહિના અને તેર દિવસ સુધી એટલે કે ૪૦૦ દિવસ સુધી એકાંતરે ઉપવાસ ફક્ત ઉકાળેલું પાણી વાપરીને જ તથા બીજા દિવસે બીઆસણું એટલે કે બે વાર બેસીને જ આહાર વાપરવાનો નિયમ હોય છે. જૈન ધર્મમાં વર્ષીતપના પારણા વૈશાખ સુદ ત્રીજ એટલે કે અખાત્રીજના રોજ ઈક્ષુરસ એટલે શેરડીના રસ વડે એકસો આઠ નાના ઘડા ભરીને તપસ્વીઓને રસ પિવડાવીને પારણા કરાવવામાં આવે છે. જૈન શાસનમાં પર્યુષણ પ્રભાવક પર્વ છે એ રીતે વર્ષીતપ એ પ્રભાવક તપ તરીકે પ્રસિધ્ધ છે. દાદા આદીશ્વરના પવિત્ર શંત્રુજયના ધામમાં એટલે કે પાલિતાણામાં તથા દિલ્હી પાસે આવેલા હસ્તિનાપુરના તીર્થસ્થાનમાં હજારો જૈન લોકો અખાત્રીજના રોજ ભગવાન આદિનાથનો ઈક્ષુરસથી પ્રક્ષાલ કરીને પછીથી વર્ષીતપના પારણા આ દિવસે કરે છે.

આ વર્ષીતપનો પ્રભાવ કેવી રીતે થયો અને તેનો કેટલો પ્રભાવ છે તે વિષે થોડું જાણી લઈએ. યુગોના યુગ પુર્વની વાત છે કે જ્યારે લોકો બાહ્યસંપત્તિથી સમૃધ્ધ હતા એટલું જ નહિ પણ ગુણસંપત્તિથી પણ લોકોના અંતર ખજાના ભરપૂર હતા. ક્રોધ, મોહ, માયા, લોભ આદિ અંતર શત્રુઓના જોર જ્યારે બહુ ફાવતું ન હતું. ક્ષમા નમ્રતા, સરળતા, સંતોષ આદિ, મિત્રોને મિત્રતાર્થ સ્થાપાયેલી હેત, પ્રિત અને ''વસુધૈવ કુટુંબકમ્' ની ભાવનાનો પ્રભાવ પગલે પગલે જોવા મળતો હતો. આ જમાનામાં લોકો આવી સમૃધ્ધિના પ્રણેતા તરફ આદરપૂર્વક પ્રણામ કરતા અને બોલી ઉઠતા કે આ બધો પ્રભાવ દાદા આદિનાથનો છે. દાદા આદિનાથે કર્તવ્ય ધર્મ અદા કરી ધર્મરાજા તરીકે લોકોપકાર કરવાની ભૂમિકા રચવા સંયમનો પંથ સ્વીકાર્યો ત્યારના સમયની આ વાત છે.

પ્રભુએ ફાગણ વદ આઠના દિવસે રાજપાટનો ત્યાગ કરીને સંયમ સ્વીકાર્યું, વિનિતાનગરી માટે આ અભૂતપૂર્વ દિવસ હતો. એક વર્ષમાં વર્ષીદાન તરીકે અઢળક ધનની વૃષ્ટિ કરવાવાળા દાદા આદિનાથ સર્વસ્વનો ત્યાગ કરીને જંગલની વાટે ચાલી નીકળેલા. આવા પ્રભુને પ્રજા આશ્ચર્ય અને આઘાતથી આંખે જોવાય ત્યાં સુધી જોતી રહી હતી. પ્રભુ સર્વસ્વનો ત્યાગ કરીને ગામ-નગરોમાં વિહરવા માંડયા. દાન શું ચીજ છે ? આ વાત લોકો માટે કલ્પના બહારની વાત હતી. કારણકે કોઈ યાચક હતો જ નહી, યાચક વિના દાનની વાત કોણ સમજે ? જેથી ભિક્ષાકાજે પોતાના આંગણે પધારતા પ્રભુ સમક્ષ સુવર્ણ અને સમૃધ્ધિ જેવી ચીજો તેમની પાસે ધરતા પરંતુ પ્રભુએ આ બધુ ત્યજી દીધેલ હોવાથી નજર નાખ્યા વગર આગળ વધતાં જતા. આ એક ગામ જ નહીં પણ દિવસો સુધી બન્યા કર્યુ અને આનો ક્રમ ચાલતો જ રહ્યો.

ન આહાર ! ન પાણી ! છતાં પ્રભુના મુખ ઉપર પ્રસન્નતા જાણી સહસ્રદલ વિકસતી ચાલી. આવા નિરાહારી પ્રભુની વિહારયાત્રા દિવસો, પખવાડિયા અને મહિના વટાવીને વર્ષની અવધિથી પણ વધવા માંડી. પ્રજાનું દુઃખ પણ વધવા માંડયું કે આપણે કેવા

અજ્ઞાન કે દાદાને ખપતી ચીજની ભાળ પણ મેળવી શકતા નથી અને પ્રભુ સમક્ષ જે કંઇ ચીજો ધરીએ છીએ એ લીધા વગર પ્રભુ આગળ વધતા જાય છે.

વૈશાખ સુધ બીજની રાત હતી. શીતલ પવન મંદ ગતિએ વહેત હતો તે જ વખતે હસ્તિનાપુરમાં કોઇ અનેરી સ્વપ્નસૃષ્ટિ અવતરી અને રાજા સોમપ્રભ, રાજપુત્ર શ્રેયાંસકુમાર અને નગરશેઠ સુબુધ્ધિ આ ત્રણે અગ્રગણ્ય વ્યક્તિઓ અલોલિક સ્વપ્ન સૃષ્ટિની સએલગાહે ઉપડી ગઇ.

રાજા સોમપ્રભ, રાજા આદિનાથની પુત્ર બાહુબલીના સુપુત્ર હતા એટલે એમને સ્વપ્નમાં આવી ઘટના નિહાળી કે એક રાજા અનેક શત્રુરાજાઓથી ઘેરાઇ ગયો છે અને પોતાનો બળવાન પુત્ર શ્રેયાંશ તેની વ્હારે થાય છે અને એ રાજા વિજયને વરે છે.

રાજપુત્ર શ્રેયાંસકુમારે નિહાળેલ સ્વપ્ન પણ ભવ્ય હતું. એમણે સ્વપ્નમાં એવી અનુભૂતિ કરી કે મેરુગિરિ જેવો ચારે તરફથી શ્યામ થઇ ગયો છે તેને પોતે દૂધના ઠાલવીને ઉજજવળ બનાવે છે અને મેરુગિરિ ફરી ઝગારા મારે તેવો ઉજ્જવળ બની જાય છે. આ સ્વપ્ન શ્રેયાંકકુમારને હર્ષથી ભરપૂર બનાવી ગયું અને પોતે ફલાદેશ વિચારવા માંડયું

સુબુધ્ધિ શેઠે સ્વપ્નમાં એવી આશ્ચર્યભરી ઘટના જોઇ કે સૂર્યબિંબમાંથી હજારો કિરણો છૂટા પડી ગયા છે અને શ્રેયાંસકુમાર એ કિરણોને સૂર્ય સાથે જોડી દેવામાં સફળ થાય છે. જેનો યોગે સૂર્યપ્રકાશથી ઝળહળી ઉઠે છે. આ સ્વપ્નથી તેની ફલશ્રુતિના વિચારોમાં પડી જાય છે. સવાર થતાં જ રાજા સોમપ્રભ, રાજકુમાર શ્રેયાંશકુમાર અને સુબુધ્ધિ શેઠે નકકી કર્યુ કે આજે રાજસભામાં જઇને સ્વપ્નની વાત મૂકવી અને સ્વપ્નના સંકેતો જાણવા એકબીજાની મદદ લેવી.

વૈશાખ સુદ ત્રીજને મધ્યાહન થયું ના થયું ત્યાં તો રાજસભામાં રાજા સોમપ્રભ, રાજપુત્ર શ્રેયાંશકુમાર અને સુબુધ્ધિ નગરશેઠે પોતાના સ્વપ્નની વાત રજુ કરી. આનો અર્થ એવો થાય છે કે શ્રેયાંશકુમારને મોટો લાભ થશે અને ત્રણેય સ્વપ્નોનો સૂત્રધાર આ રાજકુમાર બનશે. આ જમાનામાં સ્વપ્ન પાઠકનો યુગ ન હતો એટલે દરેકને એમ લાગ્યું કે શ્રેયાંશકુમારના હાથે થનારા કોઇ શુભકાર્યોની છડી પોકારનારા આ સ્વપ્ન છે.

રાજસભામાં આ રીતે સ્વપ્નના વિચારની ગંભીર વાતાવરણ જામી રહયું છે ત્યારે દાદા આદિનાથ હસ્તિનાપુર પધારી રહ્યા હતા અને પ્રભુને ઓળખતા પ્રજાજનો પોતાને આંગણે પધારેલ પ્રભુને સોના રૂપાનો સ્વીકાર કરવા વિનંતી કરવા લાગ્યા. પ્રભુની પધરામણીથી વ્યાપેલી આનંદનો કોલાહલ રાજસભા સુધી પહોંતી જતા રાજકુમાર શ્રેયાંશકુમારે કોલાહલનું કારણ જાણવા આદેશ કર્યો તયારે રાજસેવકોએ દોડતા આવીને પ્રભુની પધરામણીના સમાચાર આપ્યા. એટલે રાજા, રાજકુમાર તથા નગરશેઠ કોલાહલની દિશામાં દોડયા. પ્રભુની નજીક પહોંચીને રાજા સોમપ્રભે જોયું તો જવામર્દની સાથે એકલપંડે શત્રુસેના સામે લોહીનું છેલ્લું બુંદ ખર્ચીને ઝઝુંમતા પ્રભુના દર્શન સાથે પોતાને આવેલ સ્વપ્નની કડી સંધાઇ. રાજકુમાર શ્રેયાંશકુમારને પણ પ્રભુના દર્શન થતા પ્રભુના દેહને જોતાં એમને સ્વપ્નમાં જોયેલો કાળાશ ધરાવતો સુવર્ણ મેરુ યાદ આવી ગયો. સમૃધ્ધિ શેઠને પ્રભુજીની કાયામાં તેનાથી વિખુટી પડેલો કોઇ સૂર્યનો સામ્ય દેખાવા માંડયો.

રાજપુત્ર શ્રેયાંશકુમારના દિલમાં જે વિચારો જાગ્યા તે જુદા જુદા જ હતા અને ગણતરીની પળોમાં શ્રેયાંશકુમારને પૂર્વજન્મનું સ્મરણ કરાવતું જ્ઞાન પ્રાપ્ત થયું. એ જ્ઞાનના પ્રકાશે એમનું અંતર ઝળહળી ઉઠયું. શ્રેયાંશકુમાર મનોમન બોલી ઉઠયા કે પૂર્વ ભવમાં આવો વેશ મે ધારણ કર્યો હતો. એટલું જ નહી પરંતુ નવ-નવ ભવથી પ્રભુ સાથે સંકળતો ગયો છું. કેવા અચરજની વાત છે કે પ્રભુએ પરિગ્રહને પાપનો ભારો

સમજીને ત્યજી દીધો એ જ પરિગ્રહને લોકો પ્રભુ સામે ધરી રહ્યા છે. પ્રભુની સમક્ષ શું ધરાય તેનું કોઈને જ્ઞાન નથી. આ જ કારણે દીક્ષાના દિવસથી આજ સુધી પ્રભુના હાથરૂપ ભિક્ષાપાત્ર ખાલી રહેવા પામ્યું છે. જેના યોગે પ્રભુને એક વર્ષ ઉપર ચાલીસ દિવસ એટલે કે ૪૦૦-૪૦૦ દિવસના લાંબ ઉપવાસ થયા છે.

શ્રેયાંશકુમાર આનંદી ઉઠયા અને સ્વપ્નના સંકેત એમની સમક્ષ પ્રત્યક્ષ થઈ ગયા હતા. અત્યારે તો સુપાત્ર દાનના શુભારંભ સ્વરૂપ પ્રભુને પારણું કરાવવાના અવસરને જ મુખ્યતા આપવા જેવી હતી. એથી જાતિ સ્મરણ થતાં જ સુપાત્ર દાનના જ્ઞાતા બની ચૂકેલા શ્રેયાંશકુમાર જાણે સુપાત્રદાનના પ્રવર્તક બનવાનું સૌભાગ્ય મેળવવા કટિબધ્ધ બન્યા. દેવલોકમાંથી પ્રભુ જંબુદ્વીપના પૂર્વ વિદેહ ક્ષેત્રમાં આવેલ પુષ્કલાવતી વિજયની પુંડરીકિણી નગરીમાં વજનાભ નામના ચક્રવર્તી પુત્ર થયા. ત્યારે હું એમનો સુયશા નામનો સારથિ થયો. એમના પિતાશ્રી વજસેન તીર્થંકર હતા. શ્રી વજસેન જ્યારે તીર્થંકર તરીકે વિચારવા માંડયા, ત્યારે પ્રભુના જીવ શ્રી વજનાભે તેમજ મેં એ તીર્થંકર પાસે સંયમ ગ્રહણ કર્યુ. આ પછી ભવમાં અમે બંને સર્વાર્થસિધ્ધ નામના પાંચમાં અનુત્તર વિમાનમાં દેવ થયા. આ દેવભવ પૂર્ણ થતાં પ્રભુજી શ્રી ઋષભદેવ તરીકે આપણા પર ઉપકાર કરવા અહીં અવતર્યા અને હું એમના પ્રપૌત્ર તરીકે આ નગરીમાં જન્મ પામ્યો. આમ, નવ-નવ ભવના આ સંબંધ જાતિસ્મરણ જ્ઞાન જતાં જ મને સાંભરી આવ્યા અને સુપાત્ર દાનનો લાભ હું મેળવી શકયો. આ રીતે શ્રેયાંશકુમારને હાથે પ્રભુએ પોતાના માટે ન કરેલી-કરાયેલી એવી ચીજ એટલે કે શેરડીના રસનાં એકસો આઠ કુંભ ઠલવાયા અને પ્રભુના વર્ષીતપના પારણા થયા.

શ્રેયાંશકુમારનું વકતવ્ય પુરું થતાંની સાથે જ રાજા અને નગરશેઠે પૂછયું : આપણે ત્રણેએ આજે જે સ્વપ્ન જોયું, અને આજના આ પ્રસંગને કોઈ મેળ છે ખરો ? જો હોય તો તે કઈ જાતનો ?

શ્રેયાંશકુમારે ત્રણે સ્વપ્નની ભૂમિકા સમજાવીને પ્રજા સમક્ષ નજર લંબાવતા કહ્યું : આ ત્રણે સ્વપ્ન દ્વારા જે શુભના સંકેત સૂચવાયા હતા, એ આજના પ્રસંગથી સાચા સાબિત થયા :શ્યામમેરુને દૂધથી પ્રક્ષાલ કરીને ફરી ઉજ્જવળ બનાવ્યાનું જે સ્વપ્ન મેં નિહાળેલ એનો અર્થ એ છે કે પ્રભુનો મેરું જેવો દેહ આ દીર્ઘ તપથી જરાક નિસ્તેજ બન્યો હતો, શેરડીના રસથી પારણું કરાવવા દ્વારા એ દેહને દીપ્તિમંત બનાવવામાં હું નિમિત્તમાત્ર બન્યો.

મારા પિતાશ્રીએ શત્રુઓથી ઘેરાયેલા અને એકલપંડે ઝઝૂમતા કોઈ રાજાને મારી સહાયથી વિજયી બનતા જોયો હતો, એનો અર્થ એ છે કે, પ્રભુની આસપાસ ભૂખ-તરસ આદિ જે શત્રુઓ ઘેરા નાખીને રહયા હતા, ઈક્ષુરસ વડે થયેલ પારણાના કારણે પ્રભુ હવે એ બધાનો નજીકમાં પરાભવ કરી વિજયી બની તીર્થંકર તરીકે વિચરશે.

શ્રેયાંશકુમારે વાત પુરી કરી અને સમગ્ર પ્રજા હર્ષથી નૃત્ય કરી ઉઠી. ઘર-ઘર અને ઘટ-ઘટમાંથી એ જાતનો ધ્વનિ ઉઠયો કે :

દાદા આદિનાથના આ વર્ષીતપને વંદના ! અને દાનધર્મના પ્રવર્તક આપણા રાજપુત્ર શ્રી શ્રેયાંશકુમારને ઘણી ખમ્મા !

આવી અદ્ભુત છે વર્ષીતપનો વૈભવ ધરાવતા તેમજ અક્ષય તૃતીયાનું નામ ધરાવતા પર્વની આ ધર્મકથા ! દાદા આદિનાથ ભગવાનના દીક્ષા પછીના જીવનમાં થયેલા દીર્ઘ તપના આંશિક અનુકરણરૂપે અને શ્રી શ્રેયાંશકુમાર દ્વારા આ અવસર્પિણી કાળમાં દાનધર્મના થયેલા આદ્ય પ્રવર્તનની અનુમોદનારૂપે અક્ષય-તૃતીયા પર્વની પ્રતિષ્ઠા થઈ, એથી દાનની દિવ્યતા અને તપની તેજસ્વિતાના ઉદ્‌ઘોષક પર્વ તરીકે

અક્ષય-તૃતીયાનું સ્થાનમાન જૈન શાસનમાં અજોડ હોય, એમાં આશ્ચર્યને કોઈ અવકાશ નથી.

હવે પ્રશ્ન એમ થાય છે કે ચારસો ઉપવાસનું કારણ ફકત કારણ લોકોની દાનધર્મ વિશેની અજ્ઞાનતા હતી કે આ સિવાય બીજું કોઈ કારણ હતું જે પ્રભુના જીવનના એક પ્રસંગમાંથી મળી આવે છે. શ્રી ઋષભદેવ તરીકેના કેટલા ભવ પૂર્વે ભગવાનનો જીવ કોઈ માર્ગ ઉપરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે ખેતરમાં ધાન્યને ખાતા બળદો પર પડતો માર જોઈને પ્રભુને દયા જાગી ઉઠી અને ખેડૂતોને કહયું કે આ રીતે બળદોને માર મારવા કરતા શીંકુ બાંધો જેથી એ ધાન્ય ખાય નહી. પ્રભુએ કહેલું શીંકુ બાંધ્યું પરંતુ ખેડૂતો લાંબા કાળ સુધી શીંકુ છોડવાનું ભૂલી ગયા. એટલે પ્રભુને અંતરાય કર્મ દીક્ષા બાદ ઉદયમાં આવ્યું અને આટલા દિવસો સુધી પ્રભુને આહારનો યોગ ન મળ્યો.

આ છે વર્ષીતપનો પ્રભવ અને તેના પ્રભાવ. આ કથામાંથી ઘણો બધો બોધ મેળવી શકાય છે કે પ્રભુએ એક કરૂણાબુધ્ધિથી કાર્ય કર્યુ તેમાં પ્રમાદ રહી ગયો અને અંતરાય કર્મનો બંધ થયો. આ ઘટના ઉપરથી આપણા જીવનમાં બોલવા ચાલવાની પ્રવૃતિઓ ઉપર કેટલો બધો સંયમ રાખવાની જરૂર છે તેની પ્રેરણા આપણને મળી શકે છે.

આવો દાનધર્મ આ અવસર્પિણી કાળમાં દાદા શ્રી આદિનાથ પ્રભુના વર્ષીતપનું આલંબન પામીને શ્રી શ્રેયાંશકુમારે પહેલવહેલો પ્રવર્તાવ્યો ! એથી વર્ષીતપના આરાધકના જીવનમાં દાનની મુખ્યતા હોવી જરૂરી છે. તો જ અંતે આરાધક સર્વ જીવોનો અભયદાન આપવા દ્વારા પરમપદમોક્ષનો ભોકતા બની શકે!

*વડોદરા, તા. ૨૪-૦૩-૨૦૦૪*

*આર. ટી. શાહ (સંકલનકાર)*

**તા. ક. :** *જીન આજ્ઞા વિરુધ્ધ કંઈ પણ લખાઈ ગયું હોય તો તે માટે ત્રિવિધ પ્રકારે મિચ્છા મિ દુકડમ માંગી લઉં છું. પૂ. આચાર્યદેવ શ્રી પૂર્ણચંદ્ર સૂરીશ્વરજી મહારા કૃત. "અક્ષય તૃતીયા" પુસ્તિકાના આધારે લેખ લખાયેલ છે.*

## શ્રી સિદ્ધચક્ર આરાધક શ્રી બાબુભાઈ કડીવાલા

# શ્રધ્ધાંજલિ અંકનું પ્રકાશન

જૈન જગતનાં પ્રસિધ્ધ ક્રિયાકારક, શ્રી સિદ્ધચક આરાધક, શ્રી અર્હત્ મહાપૂજન તથા શ્રી શ્રીપાલરાજાના રાસનું વાંચન અને પરમાત્મા શ્રી સિમંધરસ્વામીનું દિવ્ય ધ્યાન ચિંતન મનન અને અનુપ્રેક્ષા કરાવી અનેક ભવ્ય જીવોને અપૂર્વ ભક્તિરસનું દિવ્ય પાન કરાવનાર શ્રાદ્ધવર્ય શ્રી બાબુભાઈ કડીવાલા વિ. સ. ૨૦૫૯ આસો વદ ૮ના તા. ૧૮-૧૦-૨૦૦૩ના રોજ સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામેલ છે.

શ્રી નમસ્કાર દિવ્ય દ્રષ્ટા તથા અધ્યાત્મ રહસ્યના પરમજ્ઞાતા પૂજ્ય પન્યાસ પ્રવર શ્રી ભદ્રંકરવિજયજી મ. સા.ના કૃપાપાત્ર સ્વ. શ્રી બાબુભાઈ કડીવાલાનો અસંખ્ય ચાહક વર્ગ સંપૂર્ણ જૈન સમાજમાં ફેલાયેલો હોવાથી પ્રોત્સાહીત થઈને સ્વર્ગસ્થની ચિરંજીવ સ્મૃતિરૂપે શ્રધ્ધાંજલિ અંકનું પ્રકાશન વિચારેલ છે

આ શ્રાધ્ધાંજલિ અંક માટેની સામગ્રી - ફોટા અનુભવો - લેખો -સંસ્મરણો વહેલી તકે નીચે જણાવેલ સરનામે મોકલવા નમ્ર અનુરોધ છે. પંડિત પૂનમચંદ કે. શાહ, ૧૭૦૨, તુલસી ટાવર, સી.ટી. સેન્ટરની પાછળ, એસ.વી.રોડ, ગોરેગામ (વેસ્ટ) મુંબઈ -૬૨ ફોન : (૦૨૨) ૨૮૭૨૧૬૯૭

# ખોટા આક્ષેપ છાપનારે દિલગીરી જાહેર કરવી પડી :

અમદાવાદથી પ્રગટ થતા ''ધર્મદૂત'' માસિકના એપ્રિલ ૨૦૦૩ના અંકમાં ''જૈન શાસન'' પત્ર સામે આક્ષેપાત્મક લખાણ પ્રગટ થયું હતું. ખાસ તો ''જૈન શાસન'' (વર્ષ ૧૪, અંક ૪૦ વગેરે) માં પ્રગટ થયેલ સ્વ. પૂ. ગચ્છાધિપતિશ્રીજી સાથેના પત્ર વ્યવહારનું લખાણ 'બોગસ' હોવાનો આક્ષેપ જૈ. શા. પત્ર ઉપર કરવામાં આવેલો. અમારા કાર્યાલયના મેનેજરે ''ધર્મદૂત''ના તંત્રીશ્રીનું આવા ખોટા આક્ષેપ અંગે ધ્યાન દોરી, એ અંગે ઘટતો ખુલાસો પ્રગટ કરવા ધ. દૂ. ના તંત્રીશ્રીને વારંવાર સૂચન કર્યું. પરંતુ તંત્રીશ્રી તરફથી અનુકુળ પ્રતિભાવ મળ્યો નહિ અંતે અમારા કાર્યાલયના માનદ સલાહકાર એડવોકેટ શ્રી અશ્વિનભાઈ એચ. શાહ તરફથી સત્તાવાર સૂચના જતાં ''ધર્મદૂત''ના તંત્રીશ્રીએ પોતાના માસિકના માર્ચ ૨૦૦૪ના અંકમાં પૃ. ૧૬ ઉપર જૈ. શા. સામેના લખાણ અંગે દિલગીરી પ્રગટ કરી છે. ''જૈન શાસન''માં પ્રગટ થતી સામગ્રીની વિશ્વસનીયતા સામે ખોટો પ્રચાર કરી શંકા ઊભી કરતાં તત્ત્વોએ આ ઘટનાની નોંધ લેવા ભલામણ છે.

**ખુલાસો :**

'ધર્મદૂત'ના એપ્રિલ-૨૦૦૩ના અંકમાં પૃ. ૧૬ ઉપર ''જૈન શાસન'' પત્ર અંગે જે લખાણ છપાયું છે, તે લખ્યા બાદ પૂજ્ય ગુરુદેવશ્રી સ્વર્ગવાસ પામ્યા હતા, તેઓશ્રીની હયાતિના અભાવે અમે તે લખાણ પુરવાર કરી શકીએ તેમ નથી. તેની દિલગીરી વ્યકત કરીએ છીએ.

સંપાદક 'ધર્મદૂત'

**વર્ષ ૩૦, અંક ૧૨, સને ૨૦૦૪-માર્ચ, સં૨૦૬૦ ચૈત્ર**

વિશેષમાં ગચ્છાધિપતિ આ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મ. સા.ના પત્ર વ્યવહારને બોગસ લખનારે દિલગીરી વ્યકત કરવી પડી છે.

પરંતુ તે પત્ર વ્યવહાર કેમ કર્યો તેવા આક્ષેપ પૂર્વક પૂ. આ. શ્રી વિજય હેમભૂષણ સૂરીશ્વરજી મ. એ નવરંગપૂરામાં પૂ. ગચ્છાધિપતિ સાતે બંડ પોકારીને દરવાજા પછાડી બહાર નીકળી ગયા હતા. ત્યાં બહાર એકત્રિત થયેલા ચતુર્વિધિ સંઘે તેમના મુખ ઉપર રોષ અને ગંભીરતા જોઈ હતી. એટલે પૂ. ગચ્છાધિપતિ મકકમ રહ્યા હતા.

તે જ રીતે સાબરમતીમાં અનેક નકી છે. પૂ. આચાર્યોદેવીની મીટીંગમાં બધા સમક્ષ ગચ્છાધિપતિશ્રીને બોલતા બંધ કરી અને મને પૂછ્યા વિના કેમ પત્રો લખ્યા વિ. જોરથી ગચ્છાધિપતિશ્રીને દબડાવ્યા હતા અને આચાર્યો બેઠા રહ્યા અને પગ પછાડી ચાલ્યા ગયા હતા.

પૂ. ગચ્છાધિપતિની રૂબરૂ પણ તેમણે આ રીતે બે વાર બંડ પોકાર્યું હતું.

બાદ પૂ. પાદ ગચ્છાધિપતિ શ્રી મહોદય સૂરીશ્વરજી મહારાજા તરફથી લખેલ પૂ. હેમભૂષણ સૂ. મ.ના હાથનો પત્ર પૂ. જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. એ સ્વપક્ષના મૂનિવરો ઉપર મોકલ્યો હતો તેમાં ગુરૂ દ્રવ્ય દેવ દ્રવ્યમાં જાય તેમ લખેલ છે.

તે પત્ર અંગે પૂ. હેમ ભૂષણ સૂ. મ. સા. એ તે પત્રની ખરી નકલ તરીકે એક નકલ પૂ. આ. શ્રી વિજય મુક્તિ પ્રભ સૂરીશ્વરજી મ. ને, પૂ. આ. શ્રી

વિજયરાજશેખર સૂરીશ્વરજી મ. ને, પૂ. મુ. શ્રી પુણ્ય કીર્તિ વિજયજી મ. ને મોકલી હતી.

પૂ. પુણ્યકીર્તિ વિજયજી મ.એ પૂ. જિનેન્દ્ર સૂ. મ.એ મોકલેલ નકલમાં ફેરફાર છે અસલ નકલ આ છે તે રીતે નોંધ કરી મે સ્વપક્ષના મુનિરાજોને મોકલેલ હતી. અને અસલ નકલ આ છે તથા પૂ. જિનેન્દ્ર સૂ. મ.ની નકલમાં ફેરફાર થયેલ છે તેમ આક્ષેપ કર્યો હતો.

તેમજ મૂળનકલ જાહેરમાં મુકવા કે બતાવવા જણાવેલ પણ જાહેરમાં મુકી નથી કે કોઈને બતાવી નથી.

તે એ અંગે મૂળ નકલ બતાવવામાં આવે તો તેમાં ગુરુદ્રવ્ય સંપૂર્ણ દેવદ્રવ્યમાં જાય તેવું લખેલ છે. તે પૂ. હેમભૂષણ સૂ. મ. સા. તથા પૂ. કીર્તીયશ સૂ. મ. એ સ્વીકારીને સંપૂર્ણ ગુરુદ્રવ્ય દેવદ્રવ્યમાં લઈ જવાનો સ્વીકાર કરીને આ શાસ્ત્રીય વાતનો સ્વીકાર કરવો જોઈએ. આ અંગે ઘણા સમજાવાય છે. છતાં પૂ. આ. શ્રી જિનેન્દ્ર સૂ. મ. તથા જૈન શાસન ઉપર નકલમાં ફેરફાર કર્યાનો આક્ષેપ મુકાય તે બરાબર નથી

ધર્મદૂતમાં પૂ. ગચ્છાધિપતિશ્રી મહોદય સૂ. મ. સા. નો પત્ર વ્યવહાર બોગસ છે તેમ લખ્યું. ઘણો પત્ર વ્યવહાર છતાં ન માન્યા અને કાયદાને આધારે સ્વીકારી દિલગીરી વ્યકત કરી છે તેમ પૂ. હેમ ભૂ. સુ. મ. સા. ને ત્યાં પુ. મુ. શ્રી પુણ્ય કીર્તિવિજયજી મ. આ તેમની લખેલી વાત ન માને અને સત્યને અસત્ય અને અસત્યને સત્ય કરવા પ્રયાસ ચાલુ રાખશે તો અમારે કાયદાનો આશરો લેવો પડે તે માટે પૂ. આ. શ્રી વિજય હેમભૂષણ સૂ. મ. સા. ને તથા પૂ. મુ. શ્રી પુણ્યકીર્તી વિજયજી મ. ને આ તક જણાવીએ છીએ. તેની નોંધ તેઓ લે તેવી વિનંતી છે.

## રેત કે મહલ

ટ્રેનમાં મુસાફરી કરતો ભગો વારંવાર તેના નાના દીકરાને મારી રહ્યો હતો. લાંબા વખત સુધી આ દશ્ય જોતી સામે બેઠેલી એક દયાળુ મહિલાથી હવે ન રહેવાયું. તે બોલી ઉઠી : મહેરબાન હવે મારવાનું રહેવા દો ! મારાથી નથી જોવાતું. છતાં જો મારવાનું ચાલુ જ રાખશો તો હું એવી મજા ચખાડીશ કે જીવનભર ભૂલશો નહિં.

ભગાજીએ શાંતિથી કહ્યું : બેન ! તમે મને શું મજા ચખાડવાના હતા ? સાંભળો... મારી પત્ની ૧૦ દિકરાઓ મારી પાસે મુકી ડ્રાઈવર સાથે ભાગી ગઈ છે. મોટી દીકરી કુમારી જ ગર્ભવતી બની છે. પૂછ્યું તો કહે મને બાળકના પિતાનો ખ્યાલ નથી. વચલો એક છોકરો ગાંડો છે. એનાથી નાનાને પોલીયો થયેલો છે. અને જેને હું મારું છું તે છોકરો ટિકિટ ચાવી ગયો છે. મને દમ ચડે છે અને અધૂર માં પડ્રૂં અમે ખોટી ટ્રેનમાં ચડયા છીએ. બોલો... બેન ! હવે તમે શું મજા ચખાડવાના છો ? ખૂબ હોંશથી જીવન-પથમાં ડગ માંડયા પણ કુદરતે ખૂબ 'મજા' ચખાડી મારી હોંશમાંથી હવા જ કાઢી નાખી !!.

*(આવો મિત્ર વાર્તા કહું)*

*- પૂ. પં. શ્રી મુનિચન્દ્ર વિજયજી ગણિ.*

**(આજે બધાને વહાલા થવાની હરિફાઇ ચાલે છે. બહુજનપ્રિયતા કેળવવા માટે ઘણાં સત્ય ઉપર ઢાંકપીછોડો કરવા પડે છે અને ઘણાં અસત્યોને મહત્વ આપવું પડે છે. આ વિચારને સમજવા આ લેખ ઉપયોગી છે શાસન અને સિદ્ધાંતને માનનારા માટે બહુજનપ્રિયતા એક ગાળ છે. વિવેકીએ વિચારવું. -સં.)**

# વિચારક કે પયગમ્બર માટે સમકાલીન ''બહુજનપ્રિયતા'' એક ગાળ છે

જે ક્ષણે માણસ પોતાને આડે આવતી પોતાની જ 'દીવાલ'ને ઓળખી જાય, તે ક્ષણ જ એના ઉદ્ધારની ક્ષણ હોય છે એ ક્ષણે એ દીવાલ પર 'ઘણના ઘા' કે હથોડા ઝીંકનારાનો આભાર માને છે, એ હથોડા મારનારને 'દુશ્મન' નથી સમજતો. પણ, વચ્ચે તોતેર મણનો નહીં, અબજો મણનો 'ભારેખમ' પણ છે! નવ્વાણું ટકાને પોતાની દીવાલ અંદરની આત્મવંચના ફાવી ગઇ હોય છે ને પરિણામે દીવાલ પર હથોડા તો દૂર રહ્યા, એ દીવાલ પરના કાંકરીચાળા કરનાર સામે પણ એ 'દાંતિયા' કરે છે.

સત્યનો પ્રકાશ 'કોહિનૂર' હીરા જેવો હોય છે; બહુ વિરલ હોય છે. પયગમ્બર કે યુગપુરૂષ વિચારકની જિંદગી સાથે એક વિચિત્રતા જોડાયેલી હોય છે; આ વિચિત્રતા છે હથોડાના, ઘણના ઘાવની! હથોડાના ઘાવ પડે નહીં તો ભ્રમણાની દીવાલ તૂટે નહીં, ને આ તોડફોડનું કામ કાંઇ વિચારકની પસંદ- નાપસંદનું હોતું નથી. કુદરતે આ કડવાશભર્યાં કામ માટે એને 'પસંદ' કર્યો હોય છે.

પયગમ્બરો, પ્રવાહને સામે તરનારા વિચારકોનું કામ 'કોહિનૂર'ના ગ્રાહકો મેળવવાનું હોય છે. હા, કચરો વેંચનાર અને કોહિનૂર માટે ગ્રાહક શોધનાર વિચારક- બન્ને માટે ગ્રાહક શોધવાની વ્યથા હોય છે. તમે પેલી ચીલાચાલુ, છાપાળવી દલીલ ફેંકી શકશો: 'સૂર્યને પ્રકાશના ગ્રાહક શોધવાની શી જરૂર?' હા, સાહેબ મારા, સૂર્યને ભલે જરૂર ન હોય, એ ભૌતિક પ્રકાશ બધાને જોઇએ છે, પણ આંતરિક પ્રકાશ કોને જોઇએ ? અને આ પ્રકાશ માટે હથોડો જેને સોંપ્યો છે એવા વિચારકોને, પયગમ્બરોને ઈશ્વરે 'કોમ્યુનિકેશન'ની, (વિચાર-સંક્રમણ) ભૂખ આપી હોય છે: જરા જવાબ આપો, જો પ્રેરકબળ તરીકે 'કોમ્યુનિકેશન'ની ભૂખ ન હોત તો કબીરે દુહા આપવાની, વિવેકાનંદે પ્રવચનોની, રમણ મહર્ષિએ વાર્તાલાપની જરૂર જ શી હતી? એ લોકો શા માટે ગંગોત્રીની ગુફામાં ચાલ્યા ન ગયા? આ 'કોમ્યુનિકેશન'ની ભૂખને મેં 'કોહિનૂર હીરા'ના ગ્રાહકોની શોધ તરીકે ઓળખાવી છે. એ 'માતૃત્વ'ની ભૂખ જેવી ભૂખ છે, જે સંતો, વિચારકોને - આખા જમાનાની વિરૂદ્ધમાં જઈને પણ બોલવા માટે અંદરથી ધક્કા મારતી રહે છે.

અને જાણો છો? કઇ દુશ્મનાવટ વધારે તીવ્ર હોય છે? વૈચારિક દુશ્મનાવટ અત્યંત જોરાવર હોય છે. તમારૂં 'રમકડું' ઝૂંટવનાર, તમને તમારી 'કક્ષા' તમારી ક્ષુદ્રકતાનો અહેસાસ કરાવનાર વિચારક, તમારી જાતની પ્યારી દીવાલ તોડનારો વિચારક કે પયગમ્બર મીઠો લાગે જ કેમ? અને ભુલાય નહીં, જાણ્યે- અજાણ્યે તમારી બાલિશતા કે બેવકૂફી પર આંગળી મૂકનાર પયગમ્બરો જથ્થાબંધ દુશ્મનો જ પેદા કરતાં હોય છે. એમની નજીક કહેવાતા, દાવો કરતાં લોકો પણ પ્રચ્છન્ન દુશ્મની અને ઈર્ષ્યાથી પીડાતા હોય છે. આની સામે સ્વામી વિવેકાનંદ જેવાનો આક્રોશ જુઓ: (એમનાં જીવનનાં છેલ્લાં પાંચ વર્ષોમાં લખાયેલો પત્ર) :

'જગત પ્રતિ મીઠા બનવા જેટલો મારી પાસે સમય નથી અને એવા 'મીઠા' બનવાનો યત્ન મને 'દંભી' બનાવે છે. નરમ ઘેંશ જેવી જિંદગી ગાળવી અને આ બેવકૂફ દૂનિયા જેમ કહે તેમ દરેક વખતે કર્યે જવું તેના કરતાં તો હું હજારવાર મરી જવાનું પસંદ કરીશ.'

'મહેરબાની કરી 'બાંધછોડ'ની અને 'સરસ-મીઠા' થવાની અર્થ વગરની વાતો કરી કાદવનાં કળણમાં ફરી ઘસડવાનો યત્ન ન કરો. (સ્વામી વિવેકાનંદના પત્રો: ૧ ફેબ્રુઆરી ૧૮૯૫: પૃષ્ઠ ૧૬૬ : રામકૃષ્ણ આશ્રમ)

વિચારક કે પયગમ્બર જો છીછરો હોય, જો મુજરો કરનારી ગાયિકાની જેમ એનો લય, એનાં નખરાં, એની વાતો એના સમયના લોકોને અફીણી નશો આપનારાં હોય તો જ એ 'બહુજન પ્રિય' બની શકે. જિસસ અને મહાવીરથી માંડીને વિવેકાનંદ સુધીનાની કહેવાતી લોકપ્રિયતા તમે આજે જોઇ રહ્યા છો તે ભ્રામક છે કારણ કે એ લોકો હવે 'જન્નતનશીન' છે, કાળાં માથાંના માનવી તરીકે તમારી ઈર્ષ્યા, તમારી ક્ષુદ્રકતા, તમારી અંધકાર-પ્રિયતા, તમારી ગુલામીને પડકાર આપવા રૂબરૂ હાજર નથી. આમાંનો એકપણ રૂબરૂ હાજર હોત તો? અતિ આઘાતજનક જવાબ તમે જ આપો!

- ૧૪-૩-૨૦૦૪- મુંબઈ સમાચાર.

# મારવાડ વિચરણ નોંધ

-પૂ. મુ. શ્રી ધર્મરત્ન વિજયજી મ.

આ ચોમાસુ પાલીમાં ગુરૂદેવની નિશ્રામાં સુન્દર આરાધના પૂર્વક થયુ. પછી મૌન એકાદશી કરાવી પાલીથી બ્યાવર ગયા. વિછારમાં વીલાવાસ આદિ ગામોમાં ૧-૨ દિવસ રોકાયા. શ્રી મુરછાવા પોષદશમી કરાવી. બ્યાવર ૨૮ દિવસ રોકાયા. પછી બિલાડા-જેતારણ-શ્રી કાપરડાજી તીર્થ દર્શનાદિ કરી બનાડ થઇ જોધપુર પધાર્યા.

કુલ ૩૦૦ કિ.મી. ગામ તથા નગરીમાં વિચરણ ૮૧ દિવસમાં થયું.

આ ક્ષેત્રમાં આપણા ગચ્છના સાધુ અને સાધ્વીજીઓનું વિચરણ બહુ ઓછું છે. કયારેક મહાત્માઓ આવે છે તે સવારે આવી સાંજે વિહાર કરી જાય છે, ઘણું કરીને વ્યાખ્યાન આદિ થતા નથી તેથી ધર્મની જાણકારી મળી શકતી નથી.

બીજી તરફ સ્થાનિકવાસી સમ્પ્રદાયના અનેક સંત-સતીઓનું આ ક્ષેત્રમાં વ્યાપક વિચરણ છે તેથી તેમના ઉપદેશ સાંભળીને ઘણા લોકો મૂર્તિપૂજા છોડીને સ્થાનકવાસી બન્યા છે, તેમના કેટલાક ઉપદેશકો મંદિરમાં જવામાં ધર્મ નથી, પણ પાપ લાગે છે આવી પરુપણા કરે છે તથા મંદિર ન જવાના સોગંદ પણ આપે છે.

ગિરી, વિરોટીયા, પિચિયાક, ભાવી, વીસલપુર બલાડ આદિ ૧૫ ગામોમાં વિચરણમાં અમે જ્યારે રોકાયા તે વખતની પરિસ્થિતિ બહુ દુઃખજનક છે આ ૧૫ ગામોમાં દેરાસર છે, મૂર્તિપુજક એકપણ ઘર નથી, વળી સ્થાનકવાસીના ઘરો છે તેઓ મન્દિરમાં દર્શન કરતા નથી, પૂજા તો કરતા જ નથી.

પૂજારી મંદિરમાં ભગવાનની પૂઝા કરે છે તેને પૂજા અંગેના વિધિવિધાનની પ્રાયઃ ખાસ જાણકારી નથી. તથા કેટલાક ગામોમાં તો પૂજા અંગે કોઇ પણ સામગ્રી તેને અપાતી નથી. મંદિરમાં આવી ભગવાન પર પાણીનો કળશ ઢોળીને જતા રહે તો પણ ખબર ન પડે. અંગલૂછણા પણ બરાબર ન કરે. આ પરિસ્થિતિમાં ભગવાન અપૂજ્ય રહેતા હોય તે પણ સંભવિત છે.

વિચરણ કરેલ ગામ તથા નગરોમાં ગોચરી કે પાણી વિષયક કોઇ અગવડ પડી નથી. લોકો સરળ સ્વભાવવાળા છે પણ અજ્ઞાની છે.

સાધુ સાધ્વીજી મહારાજનું વિચરણ મારવાડના અનેક ગામ-નગરોમાં થાય તે માટે વિશેષ પ્રયત્નો કરવા આજના સમયની ખાસ જરૂરત લાગે છે.

રાજસ્થાનના અનેક ગામોમાં જ્યાં પૂજા આદિ કેવલ પૂજારી જ કરે છે ત્યાં પૂજારીની દેખરેખ શ્રાવકો રાખે.

તથા તે તે મન્દિરોમાં પૂજા માટે કેસર-ચન્દન-દૂધ-પુષ્પ-ધૂપ-દીપ આદિ સામગ્રી નિયમિત આપવામાં આવે.

કેટલાંક મન્દિરોને રંગરોગાન-સમારકામ જીર્ણોધ્ધાર આદિની જરૂરત છે. આ અંગે શ્રાવકો સક્રિય બને અને આશાતનાઓ મંદિરમાં થતી અટકે તેમ પ્રવૃતિ કરે - કરાવે.

**સાધુ-સાધ્વીજી મહારાજ સમ્બન્ધી સૂચનો**

❖ શકય હોય તો વિહારમાં પણ માણસ ન રાખે
❖ નાના ગામોમાં ઈતર અજૈન ઘરોમાંથી ભિક્ષાને ગ્રહણ કરે.
❖ મોટા મોટા આયોજન-પ્રોગ્રામની અપેક્ષા ન રાખે.
❖ શ્રાવકોને પૈસા અંગે કોઇ પ્લાન્ટ-પ્રોજેકટ ન બતાવે.
❖ શાસ્ત્રોની જાણકારી ગુરુગમથી સુન્દર મેળવે.
❖ ઉત્તમ ચારિત્રની સાધના માટે સતત ઉદ્યમ કરે.
❖ વિહાર સૂર્યોદય પહેલાં ખૂબ અંધારમાં ન કરે.
❖ સાંજે સૂર્યાસ્ત સુધીમાં મુકામે પહોંચી શકાય તે પ્રમાણે વિહાર કરે.

આ અંગે વિશેષ સૂચનો તથા આપનો અભિપ્રાય નીચેના સરનામે જણાવવા કૃપા કરશોજી.

પરમાત્માની આજ્ઞા વિરુદ્ધ કાઇ પણ લખાયું હોય તેનું મિચ્છામિ દુક્કડમ્

*પત્ર : ધર્મરત્નવિજય મહારાજ*
*સુમેરમલજી ભન્ડારી*
*૧૦૫ અજીત કોલોની, રાતાનડા-જોધપુર.*

## પત્ર દ્વારા પ્રશ્નોત્તરો

પૂજ્યપાદશ્રી જીવનની છેલ્લી ઘડી સુધી પત્ર લેખનની પ્રવૃત્તિ દ્વારા કોઈને પ્રેરણા, કોઈને શંકા- સમાધાન તો કોઈને સમાધિનું પુણ્યપ્રદાન કરતાં રહ્યા. પૂજ્યશ્રીએ સ્વહસ્તે લખેલા પત્રોનો સંગ્રહ કરવામાં આવે તો ૫ એક દળદાર ગ્રંથ તૈયાર થઈ જાય! પ્રસ્તુત લેખમાં પૂજ્યશ્રીએ પૂ.આ. શ્રી સુધાંશુસૂરિજી મહારાજ પર અવારનવાર જે પત્રો લખેલા, એમાંથી તારવેલા પ્રશ્નોત્તરો લગભગ પૂજ્યશ્રીની લેખન શૈલીમાં જ રજૂ થઈ રહ્યા છે. -સંપા.

## પુસ્તક અને ઉદ્ઘાટન

પુસ્તકના ઉદ્ઘાટનની પ્રવૃત્તિ પણ બરાબર જણાતી નથી. જૈનેત્તરોના હાથે ઉદઘાટન કરાવવાનું પ્રયોજન શું? એવા પ્રસંગોમાં હાજરી શ્રાવકો પણ ન આપે, એ જ સારૂં. શ્રાવકો પાસે પણ ક્યાં ઉદ્ઘાટન કરાવવાનું છે? કોઈ સારૂં પુસ્તક છપાયું હોય ને સંઘ સમક્ષ ગુરૂમહારાજને વહોરાવવાની ક્રિયારૂપ ઉદ્ઘાટન હોય તો જુદી વાત છે.

વિજયરામચંદ્ર સૂરીશ્વરજી જિનવાણી- કલ્યાણ શ્રદ્ધાંજલી વિશેષાંક પાના નં. ૩૭૯-૩૮૦

*(પૂ.શ્રીના પરિવારમાં વિમોચનનો મોહ આગળ વધે છે- તો સાવધાન)*

## શંકા અને સમાધાન

પરમપૂજ્ય પરમારાધ્યપાદ પરમ ગુરૂદેવ શ્રીમદ્ વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાએ વિ.સં. ૨૦૪૬મા ચૈત્ર મહીને આપેલ શંકા સમાધાન અત્રે શબ્દશ: રજૂ થાય છે.

સમાધાનદાતા:- પૂજ્યપાદશ્રી

શંકાકાર:- મુમુક્ષુ રાજેશ ઓસ્તવાલ

પ્રશ્ન ૧૧ : વ્યાખ્યાનમાં અમે પ્રશ્નો પૂછીએ અને તે પ્રશ્નોના ઉત્તરોથી માર્ગ વિરૂદ્ધ તથા શિથિલાચારીઓ સંઘ સમક્ષ ઉઘાડા પડતાં હોય (સહજથી) તો તેવા પ્રશ્નો પૂછવા જોઈએ કે નહિં?

જવાબ: વિવેકપૂર્વક પ્રશ્નો પૂછવા.

પ્રશ્ન ૧૨ : કોઈ કોઈ મહાત્મા અમને પ્રશ્ન કરતાં રોકે છે, તો અમારે શું કરવું?

જવાબ: વિવેકપૂર્વક પૂછવા છતાં જવાબ ન જ આપતા હોય તો વ્યાખ્યાનમાં ન જવું.

વિજયરામચંદ્ર સૂરીશ્વરજી જિનવાણી- કલ્યાણ શ્રદ્ધાંજલી વિશેષાંક- પાના નં. ૩૦૬

(સારા સાચા પ્રશ્નોના જવાબ ન આપવા તે આ સિદ્ધાંતથી વિરૂદ્ધ છે.)

**જૈન શ્રી નેમનાથદાદાની પ્રાચીન પ્રતિમાજી જોઈએ છે.**

સુરેન્દ્રનગરમાં નવા બનતા જૈન દેરાસરમાં મૂળ નાયકના સ્થાને પ્રતિષ્ઠા કરાવવા માટે ૨૩'' અથવા તેનાથી મોટી જૈન નેમનાથદાદાની (શંખના લાંછનવાળી) પ્રાચીન પ્રતિમાજીની અમોને જરૂરીયાત છે તો આપી શકાય તેમ હોય તો અમારો તુરત જ સંપર્ક કરવા નમ્ર વિનંતી.

**ભરતભાઈ કોઠારી : ૨૩/૨૪, જીનતાન ઉદ્યોગનગર, સુરેન્દ્રનગર-૩૬૩ ૦૦૨.**

**ફોન : ૦૨૭૫૨ ૨૨૦૦૨૦ મોબાઈલ : ૯૮૨૫૩ ૧૦૨૦૧**

## સમાચાર સાર

**સુરત નગરે ભવ્ય દીક્ષા ઉત્સવ**

પૂ. લબ્ધિ- ભુવન- ભદ્રંકર સૂ. પટ્ટધર પૂ. ૐકારતીર્થસ્થાપક સૂરિમંત્ર આરાધક આ. પુણ્યાનંદસૂરિજી મ. આદિ ઠા. ૭ સાધ્વીવર્યા સરસ્વતીશ્રીજી મ. આદિ ઠા. ૧૫ની પાવન નિશ્રામાં ૐકારતીર્થમાં સા. સરસ્વતીશ્રી મ.નો સંયમ સુવર્ણ મહોત્સવ, તથા જિનાલયની પ્રથમ સાલગિરિ ઉત્સવ વિવિધ મહાપૂજનો- શાંતિસ્નાત્ર- સંઘજમણો- સંઘપૂજનો- અનુકંપા જીવદયા આદિ કાર્યક્રમો દ્વારા ભવ્ય ઉજવાયો, વિધિવિધાન નરેશભાઈ તથા માલકેશભાઈ દ્વારા સુંદર થયા, જૈન સંગીતરત્ન અનિલ એ. ગેમાવત પાર્ટીએ ભકિતરસ અદ્ભૂત જમાવટ કરેલ.

મહા વ.૩ના સાંજે વિહાર કરી પૂણ્યભૂમિ છાણી નગરીમાં સ્વાગતસહ દર્શનાર્થે પધાર્યા. અનેક સંઘપૂજન થયા, ત્યાંથી ભરૂચ નગરે પધાર્યા. આ. રાજયશ સૂ.મ. સમુદાયસહ સામે લેવા પધારેલ. ત્યાંથી અંક્લેશ્વર ગુરૂમંદિરના દર્શન કરી સુરત- કૈલાશનગર- શંખેશ્વર કોમ્પલેક્ષ મધ્યે દલાલ અજિતભાઈ પ્રભુલાલ પરિવાર આયોજિત કુ. અમિષા, કુ. તૃષાની દીક્ષા મહોત્સવ માટે મહા વ.૧૪ના સસ્વાગત પધરામણી થઈ, ગૃહાંગણે પગલાં કરાવી શ્રી લબ્ધિપ્રવ્રજયા પ્રાસાદમાં પધારી પં. મહાસેન વિ.મ. આદિના પ્રવચનો થયા, ૧૫ રૂા. સંઘપૂજન તથા પધારેલ ભાવિકોને નવકારશી કરાવી સાધર્મિક ભકિતનો લાભ લીધેલ.

વ.૩૦ના શ્રી ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન અતિઉત્સાહથી ભણાવવામાં આવેલ, ફા.સુ. ૧ના સવારે ભવ્ય વર્ષીદાન યાત્રા બંને મુમુક્ષુઓની સ્વગૃહાંગણથી નીકળી રાજમાર્ગો પર ફરી ઉપાશ્રયે સમાપ્ત થઈ. પૂજયશ્રીનું મંગલાચરણ થયેલ, બપોરે ૧-૦૦ વાગે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન ઠાઠથી થયેલ, રાત્રે શ્રીસંઘ દ્વારા તથા અનેક સંસ્થાઓ તરફથી સન્માન સમારંભ થયેલ, સોનામાં સુગંધની જેમ કુ. બીજલની આશ્ચર્ય ઉપજાવે તેમ દીક્ષાનું મુરત આ જ દીવસે નીકળતાં આનંદનું મોજું પ્રસરેલ. ફા.સુ. ૨ના સવારે ત્રણેય મુમુક્ષુઓ સ્વઘરથી પ્રયાણ કરી પૂજયપાદશ્રીને તથા સાધ્વીજીને વિનંતી કરવા પધારેલ, અમોને દીક્ષા પ્રદાન કરો, સકલસંઘ સાથે પ્રવ્રજયા પ્રાસાદમાં પૂજયશ્રીની પધરામણી સાથે આ જગત્ચંદ્ર સૂ.મ. ગણિવર નયચંદ્રસાગરજી મ., ગણિ. પૂર્ણચંદ્રસાગરજી મ. વિશાલ સાધુ- સાધ્વીજીની પાવન નિશ્રામાં દીક્ષાની મંગલવિધિ થયેલ, ઉપકરણોના ચડાવા અનુમોદનીય થયેલ, જીવદયાની ટીપ સુંદર કરેલ, સાથે પ્રભુના ચરણે સુવર્ણદાનનો અવસર અનુપમ થયેલ, ભાવિકોએ સોનાનો વરસાદ કરેલ, તેમાંથી શ્રી શંખેશ્વર દાદાનો મુગટ નિર્માણ થશે, સંગીતકાર અંકુરકુમારે સુંદર જમાવટ કરેલ.

નામ :- કુ. અમીષા- સા. ૐકારનિધિ કુ. તૃષા - સા. હ્રીંકારનિધિ કુ. બિજલ- સા. વિમલનિધિ

પૂજયશ્રી તથા સાધ્વીજી મ.નું ચોમાસુ કોલ્હાપુર- લક્ષ્મીપુરી સંઘમાં જય બોલાવી છે. અત્રેથી ફા. સુ. ૭ વિહાર કરી ફા.વ. ૫ના નંદીગામ પધારશે ત્યાં વડીદીક્ષાનો પ્રોગ્રામ કરી ભિવંડી - થાણા થઈ પૂના ચૈ.વ.૧ સુધી પધારશે.

**બોરસદમાં શાસન પ્રભાવના**

વર્ધમાન તપોનિધિ પૂ.આ. ભગવંત પ્રભાકર સૂરિ. મહારાજના ઉપદેશથી બોરસદમાં બંધાતા ઉપાશ્રયનું શિલાસ્થાપન પૂ.આ. ભગવંત ભીષ્મ તપસ્વી આચાર્ય રાજતિલક સૂરિ. મહારાજના શિષ્ય પૂ. મનોબળ વિ. મ.સા.ની નિશ્રામાં તાજેતરમાં બોરસદથી છ'રી પાલિત સંઘના સંઘપતિ ભરતકુમાર કેશવલાલના વરદ હસ્તે મહા સુદ ૧૪ના થયું. રૂા. ૨૦ હજારની રકમની જાહેરાત તેમના પરિવાર તરફથી થયેલ. પૂ.આ. ભગવંત શ્રી પ્રભાકરસૂરિ મ.સા. વાલવોડ તીર્થમાં અનુમોદનીય આરાધના કરાવી અમદાવાદ મહાવદ-૬ના ભવ્ય

સામૈયા સહીત વિદ્યાશાખામાં ચાર દિવસ સ્થિરતા કરી પૂ. સા. શ્રી જીતેન્દ્રશ્રીના ૬૫ વર્ષ સંયમ પર્યાયની પૂર્ણાહુતિ સા. જીનસેનાશ્રીના વર્ધમાન તપની સો ઓળી પૂર્ણાહુતિ નિમિત્તે રીચી રોડ મહાવીર સ્વામીના દહેરાસર ભવ્ય મહોત્સવ તેમજ વિદ્યા શાખામાં ઉજમણાનું આયોજન સુંદર ઉજવાયેલ. આ પ્રસંગે અનેક સાધુ-સાધ્વી ભગવંતો અને પૂજયશ્રીની અનેક સમુદાયમાં વીરરતિ કુટુંબી બહેનો સાધ્વી ભગવંતો પધારી ઓચ્છવ યાદગાર બનાવ્યો હતો, ત્યાંથી પૂજયશ્રીની નિશ્રામાં વીતરાગ સોસાયટીમાં પી.ટી. કોલેજ રોડ ખાતે શાંતિસ્નાત્ર મહોત્સવ ઉજવવામાં આવેલ, તેમજ નારાયણ નગરમાં ગઈસાલ અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ થયેલ, તેની વર્ષગાંઠ નિમિત્તે ઉજવાત મહોત્સવમાં બે દિવસ હાજરી આપી મંગલમૂર્તિમાન દહેરાસરના જીર્ણોદ્ધારને નીરખવા તેમજ સિદ્ધગિરિ પટ્ટના ઉદ્ઘાટન પ્રસંગે મંગલમૂર્તિમાં પધારી સંઘના ઉલ્લાસમાં અભિવૃદ્ધિ કરી તેમજ અષ્ટમંગલની પાટલીનો ચઢાવો પણ ચોર્યાસીસો રૂપીયામાં ગયેલ. તેમજ ભાથું પણ વહેંચેલ. ત્યાંથી ગોતા મહાત્મા ગાંધી વસાહતમાં વર્ષગાંઠ પ્રસંગે સંપૂર્ણ લાભ આપી અનેક સંઘોની વિનંતી સ્વીકારી મણીનગરમાં પધારેલ અને મણિનગરના રત્નમુનિ જિનરક્ષિત વિજયના આસો વદ ૮ના સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે પાંચમી પૂજા નક્કી થયેલ. ત્યાંથી વિવેકાનંદનગરમ ભગવાન હાલી જવાથી બેન્ડવાજા સામૈયા સહિત પધારી ફાગણ સુદ-૯ના ઘડીયા લગ્નના મુર્હુતમાં ફરી પ્રતિષ્ઠા કરેલ, તેમજ શાંતિસ્નાત્ર, દ્વારઉદ્ઘાટન આદિ પ્રસંગ પતાવી બોરસદમાં ફાગણ વદ-૫ના સામૈયા સહિત પધારેલ. ત્યાં શાહ ફકીરચંદ સૂરચંદભાઈ પરિવાર શ્રીરામપૂરવાળા તરફથી કાશીબા આયંબિલ ભુવનનો સમારોહ સુંદર ઉજવાયેલ. આ નિમિત્તે ૧૧૭ આયંબિલ થયેલ અને દરેકને રૂા. ૧૭૧/- ની પ્રભાવના તથા સ્ટીલનો ડબો અપાયેલ. આ પ્રસંગે આયંબિલ ભુવનને જરૂરિયાતના નાના-મોટા સાધનો આદિ આપેલ, તેમજ સાધર્મિક વાત્સલ્ય તેમજ પૂજા આદિ ભણાવેલ, અહીંથી ચૈત્રી ઓળી પ્રસંગે વાલવોડ શ્રી ચંદ્રમણિ તીર્થે પધારશે.

**કર્નૂલ (આંધ્ર):** અત્રે શ્રી ચિંતામણીતીર્થમાં પૂ.આ. શ્રી વિજયસુશીલ સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં ચૈત્રી ઓળીની આરાધના પાડીવવાળા ચુન્નીલાલજીની સ્મૃતિમાં માતુશ્રી પ્યારીબાઈની પ્રેરણાથી થશે. કુલમાકજી તીર્થમાં ફા. ૧૩-૧૪-૧૫ના શ્રી મનોજકુમારની પ્રેરણાથી ઈન્દ્રમલજી ગૌતમજી બીલાડ તરફથી અઠમ, અનેક પૂજનો થયેલ.

**બોરસદ:** અત્રે પૂ. કાશીબા આયંબિલ ભુવનનું ઉદ્ઘાટન ફાગણ વદ -૬ તા. ૧૩-૩-૦૪ના પૂ.આ. શ્રી વિજયપ્રભાકર સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં થયું. સાધર્મિક વાત્સલ્ય તથા પંચકલ્યાણક પૂજા થયેલ.

**બડૌદા (ડુંગરપુર)** તીર્થ અત્રે શ્રી આદિનાથ જન્મ તથા દીક્ષા કલ્યાણકની ઉજવણી પૂ.આ. શ્રી દર્શનરત્ન સૂ. મ.ની નિશ્રામાં થઈ.

**ઈસનપુર પાસે સમ્રાટનગર ઘોડાસર હાઈવે ઉપર ડેમોલ શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દહેરાસરના દર્શનાર્થે પધારો**

હજારો હજારો વર્ષની જૂની તેજનાપુંજ સ્વરૂપ ડેમોલ શંખેશ્વર પાર્શ્વનાથ દહેરાસર છે. જે પ્રતિમાનું ભૂતકાળના અને વર્તમાન યોગી પુરૂષોએ ધ્યાન ધરી જીવનને ધન્ય બનાવ્યું છે. જયાં આરાધનામાં વેગ વધે તેવા અનેક પરચાઓ ઘણાંને મળ્યા છે તેવા મહાન દહેરાસર સાથે લબ્ધિભંડાર ગુરૂ ગૌત્તમસ્વામિ હજારોના તારણહાર આ. ભગવંતરામચંદ્રસૂરિ મહારાજાની તથા નીડર વકતા આ. ભગવંત મુકિતચંદ્રસૂરિ મહારાજની ગુરૂમૂર્તિ ગૌરવ ગાથાને વધારી છે. ૩૬-૩૬ તીર્થોના પટો એક સાથે તેમજ બીજા પટો આલેખીત છે. નારોલથી બે કિલોમીટર આ દહેરાસર દિલ્હી હાઈવે ઘોડાસર હાઈવે ઉપર છે. જયાં હવે દર રવિવારે તથા દર પુનમના સવારના ૮થી ૧૧ બહારથી આવેલા પુન્યવંતોની સુંદર ભાતાથી ભક્તિ કરવામાં આવશે.

■ ■ ■

# જૈન શાસનમાં નવો મળેલ સહકાર - ખુશી ભેટના

| રૂ. | નામ | ગામ |
|---|---|---|
| | **પ. પૂ. આ. ભ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. સા. ની પ્રેરણાથી** | |
| ૫૦૦-૦૦ | શાહ શાંતાબેન ગોસરભાઈ વિરપાર દોઢીયા | જામનગર |
| | **પ. પૂ. આ. શ્રી પ્રભાકર સૂરીશ્વરજી મ. સા.** પ્રેરણાથી તેમની દીક્ષા પર્યાયના મહા સુદ ચોથના ૫૦ વર્ષ સંયમ પર્યાયા પૂર્ણાહુતી નિમિત્તે તથા ૫૧ માં વર્ષના સંયમ પર્યાયના પ્રવેશ નિમિત્તે. | |
| ૪૦૧-૦૦ | સંસારી કુટુંબીજનો તરફથી ખુશી ભેટના | બેંગલોર |
| | **પ. પૂ. આ. ભ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. સા.** આદિ સાધુ સાધ્વીજી મ. સા. પગલા કરતા ખુશીભેટના | |
| ૧૦૧-૦૦ | હર્ષદભાઈ ડી. મેતા | બેંગલોર |
| ૧૦૧-૦૦ | રજનીકાન્ત એચ. ફોફરીયા | બેંગલોર |
| ૫૧-૦૦ | છોટાલાલ ડાયાલાલ નાગડા | બેંગલોર |
| ૫૦૧-૦૦ | કપુરચંદ રાજપાર હરિયા | બેંગલોર |
| ૫૦૦-૦૦ | દેપારભાઈ કાનજીભાઈ હરિયા | બેંગલોર |
| ૧૦૦-૦૦ | ચન્દ્રકાંતભાઈ ડી. શાહ | બેંગલોર |
| ૨૫૧-૦૦ | સુરેશભાઈ સી. શાહ | બેંગલોર |
| ૨૫૦-૦૦ | સુરેશભાઈ ડી. શાહ | બેંગલોર |
| ૧૦૧-૦૦ | દિવ્યકાન્તભાઈ સંઘવી | બેંગલોર |
| ૧૦૦-૦૦ | સુનીલભાઈ સીનીયર | બેંગલોર |
| ૧૦૦-૦૦ | જગદીશભાઈ સીનીયર | બેંગલોર |
| ૧૦૦૦-૦૦ | એક સાધર્મીક ભાઈ | બેંગલોર |
| ૫૦-૦૦ | પિયુષભાઈ શેઠ | બેંગલોર |
| ૧૨૫-૦૦ | ઓશવાળ સિરામીક હ. જીતેન્દ્રભાઈ લાલજીભાઈ ગુઢકા લાખાબાવળવાળા, હાલ | બેંગલોર |
| | પૂ. મુનિ શ્રી વિશ્વેન્દ્ર વિજયજી તથા પૂ. મુ. શ્રી નમ્રેન્દ્ર વિજયજી તથા પૂ.સા. શ્રી કલ્યાણગુણીશ્રીજી મ. સા.ના દીક્ષા દિવસ નિમિત્તે ખુશીભેટના | |
| ૨૫૦-૦૦ | મધુબેન રશ્મીકાન્ત શાહ | મુંબઈ |
| ૧૦૦-૦૦ | ચિરાગ રમેશકુમાર જાખરીયા - નવી દુકાન વેટ કનેકશન ઓપનીંગ નીમીત્તે | |
| | પૂ. સા. શ્રી નિર્વેદરત્નાશ્રીજી મ. સા.ના નિર્મલ સંયમ જીવનના પચ્ચીસ વર્ષની મંગલ પૂર્ણાહુતીની અનુમોદનાર્થ | |
| ૨૫૦-૦૦ | સૌ હીરાબેન રૂપચંદજી ઓશવાલ | પૂના |
| ૨૫૦-૦૦ | સૌ પવનબેન ભીમરામજી લોણ | પૂના |
| ૨૫૦-૦૦ | સૌ શારદાબેન બી. મેતા - બોરીવલી | મુંબઈ |
| ૨૫૦-૦૦ | સૌ વિજ્યાબેન તારાચંદ | નાસિક |
| ૨૫૦-૦૦ | સૌ કલ્પનાબેન શેખરભાઈ | નાસિક |
| ૨૫૦-૦૦ | સૌ નયનાબેન હરેશભાઈ - અજિતનગર | વાપી |
| ૨૦૫-૦૦ | સૌ સરોજબેન શાહ - અજિતનગર | વાપી |
| ૨૫૦-૦૦ | સુ શ્રી અરવિંદભાઈ ભોગીલાલ શેઠ - ભાડુંપ | મુંબઈ |

ખાલી હથેલીને રાખીને જીવો જગતમાં આવતાને
ખાલી હાથે ત્યજીને જીવો સૌ ચાલ્યા જતા

યૌવન ફના જીવન ફના,
જર જમીન અને જોરૂ ફાન ,
પરલોકમાં પરિણામ મળશે પુન્યને પાપ



# પરિમલ

- પૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

* ઉદાર જ તેનું નામ ખર્ચ્યું તેનો આનંદ, ન ખર્ચાય તેનું દુઃખ!
* આપણા આ ધર્મને સફળ કરવો હોય તો સમજુ અને ડાહ્યા થવું પડશે, સાચું-ખોટું સમજવું પડશે, અવસરે ખોટાને ખોટું અને સાચાને સાચું કહેવું પડશે. આ નહિં સમજો તો ધર્મરક્ષા નહિં કરે!
* ભગવાનના દર્શન- પૂજન કેમ કરવાના? દુઃખ કાઢવા કે સુખ કાઢવા? આત્મિક સુખ મેળવવા કે દુનિયાનું સુખ મેળવવા?
* આપણે તો દુઃખમાં પણ મજા કરવી છે, ગમે તેવું સુખ મળે પણ રાજીપો ન થાય તેનું નામ સમાધિ! રાગના સાધનમાં રાગ ન કરે અને દ્વેષના સાધનમાં દ્વેષ ન કરે તેનું નામ સમાધિ! રાગ-દ્વેષની હાજરીમાં રાગ-દ્વેષને આધીન ન થાય તેનું નામ સમાધિ!
* સંસારના સુખ માત્રને ભૂંડું જ માને, સંસારના સુખ માત્રથી છોડાવનાર જ મારા દેવ-ગુરૂ અને ધર્મ. સંસાર સુખ તરફ આંગળી ચીંધિનાર તે મારા દેવ- ગુરૂ - ધર્મ નહિં જ! આવી જેની મનોદશા તેનું નામ જ સમકિતી!
* તમે આજે કુટુંબના વડા નથી પણ કુટુંબના વગર પગારના મજુર છો! તમારા કુટુંબમાં તમારી જ કિંમત નથી.
* તમે બધા ગ્રન્થિદેશે આવ્યા છો તો કઈ ભાવનામાં રમો છો? 'સુખ જોઈએ છે અને દુઃખ નથી જોઈતું' તે કે 'સંસાર નથી જોઈતો અને મોક્ષ જ જોઈએ છે તે?'
* અમારી પાસે અમારૂં કહેવાનું કાંઈ નથી. જે ભગવાન કહી ગયા તે જ કહેવાનું છે. તે કહેવાનો નિર્ણય ન હોય તો આ પાટે બેઠવાનો અધિકાર નથી.
* મારે જીવતા મજા કરે તેના કરતાં મરતાં મજામાં હોય તેવા માણસોના દર્શન કરવા છે.
* 'મને મરવાનો ભય નથી, જીવવાનો લોભ નથી દુઃખથી ગભરાતા નથી, સુખની પડી નથી, મરવામાં તો મને બહુ જ આનંદ થશે. આ સંસારની બધી સામગ્રી ભૂંડી જ છે', આવા જાત પર વિશ્વાસવાળા તમને બનાવવા છે, જીવતા કદાચ આ બધી સામગ્રી તમે છોડી ન શકો પણ મરતા હૈયાથી આ બધી સામગ્રી છોડે ને મરે તે પણ ઊંચામાં ઊંચો પૂણ્યાત્મા છે!
* તમારે મન નકામામાં નકામી ચીજ ધન કે ધર્મ ?
* તમે સાધુઓને વાજા વગડાવી લાવ્યા, આવજો.. પધારજો... કહી મૂકી આવ્યા, પણ સાધુ પાસે ધર્મનું કાંઈ જ સમજયા નહિં તો તેને જૈન, શ્રાવક કે શ્રદ્ધાળુ કઈ રીતના કહેવાય '
* ધર્મની સામગ્રી મળી તે પૂણ્યોદય પણ ધર્મ સમજવાનું મન થતું નથી તે ભારેમાં ભારે પાપોદય છે. તમને ધર્મ સમજવાનું મન નથી તેથી અમારી સાધુ સંસ્થા પણ પાયમાલ થઈ રહી છે. ગમે તેટલા ભેગા થાય પણ આ પાટ પર બેસી મરજી આવે તેમ બોલવામાં જરા પણ ભય નથી! કોઈ અમને ઉભા રાખે તેવું નથી. **ભગવાનના વચનમાં ફેરફાર આવે તો અમારા પર પણ અંકુશ મુકે તેવા શ્રોતા જોઇએ છે.**

**જૈન શાસન અઠવાડીક ● માલિક : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)**
C/o. **શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી**
**તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતા – ગેલેક્સી ક્રિએશનમાંથી**
**છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.**

Received 6/05/04

नमो चउविसाए तित्थयराणं उसभाइ महावीर पज्जवसाणाणं

# જૈન શાસન

## અઠવાડિક

### શાસન અને સિદ્ધાંત રક્ષા તથા પ્રચારનું પત્ર

*આત્મા અનાદિનો*

जीवों अणादिबहुभवकालज्झियगरुयकम्मसंताणो ।
परिभमइ दुहसयावत्तदुग्गमे भवसमुद्दम्मि ॥

અનાદિકાળથી અનંતભાવોમાં ઉત્પન્ન કરેલા ભારકર્મોની
પરંપરાના કારણે જીવ સેંકડો દુઃખરૂપી આવર્ત્તોથી ભયાનક
એવા આ ભવ સમુદ્રમાં પરિભ્રમણ કરે છે.

आचार्य श्री कैलाससागर सूरि ज्ञान मन्दिर
श्री महावीर जैन आराधना केन्द्र
कोबा, जि. गांधीनगर, पीन-३८२००९

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર,
(સૌરાષ્ટ્ર) INDIA. PIN - 361 005
PHONE : (0288) 770963

વર્ષ ૧૬

અંક ૨૩

## કરૂણા નિધાન ભગવાન મહાવીર – હપ્તો – ૧૫.



आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवाय च
હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

1065

# જૈન શાસન

(અઠવાડીક)

તંત્રીઓ :
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
હેમન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૬ ) * સંવત ૨૦૬૦ ચૈત્ર સુદ - ૧૫ * મંગળવાર, તા. ૪-૫-૨૦૦૪ (અંક : ૩૩

## પ્રવચન અડસઠમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

સં ૨૦૪૩, આસો વદિ-૧૨, સોમવાર, તા. ૧૯-૧૦-૧૯૮૭
શ્રી ચંદનબાલા જૈન ઉપાશ્રય, મુંબઈ - ૪૦૦ ૦૦૬.

પૂ.આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

*ગતાંકથી ચાલુ...*

(શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઇ પણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના -અવ.)

वित्रासयन्ति नियतं भवतो वचांसि ।
विश्वासयन्ति परवादि सुभाषितानि ।
दुःखं यथैव हि भवानवदत्तथा तत् -
तत्स्य त्त्वे च मतिमान् किमिहा (वा) भयः स्यात् ?

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા સહસ્રાવધાની આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદર સૂરીશ્વરજી મહારાજા ફરમાવી રહ્યા છે કે - શ્રી અરિહંત પરમાત્માઓએ મોક્ષ માર્ગની સ્થાપના ભવ્ય જીવો તે માર્ગને આરાધીને વહેલામાં વહેલા મોક્ષે જાય તે માટે જ કરી છે નહિ કે તે માર્ગને આરાધી સંસારને પોષે. તેથી જ શાસન સમર્પિત એવા મહાપુરૂષ કહે છે કે - "હે ભગવંત ! તારા વચનો અમે સાંભળીએ છીએ ત્યારે સંસારમાં ત્રાસ પેદા થાય છે."

આ સંસારમાં દુઃખ શાથી છે ? મોહમાં પડેલો જીવ મોહની પ્રવૃતિ કરે તો દુઃખી જ હોય. સમ્યક્ત્વ પામેલો જીવ જ આ સંસારમાં નિર્ભય હોય. સંસાર એ જ મોટામાં મોટો ભય છે. જે જીવોને સંસાર ગમે છે તે સદા માટે સંસારમાં ભટકવાના છે. અભવ્ય આત્માઓને કદી મોક્ષની વાત રૂચવાની નથી, સંસારનું સુખ ભૂંડુ લાગવાનું નથી. જે જીવ સમ્યક્ત્વ પામે તેને જ આ સંસારનો ભય લાગે. જેને આ સંસારનો ભય જ લાગતો નથી તેવા કાં અભવ્ય હોય કાં દુર્ભવ્ય હોય કાં ભવ્ય હોય તો ય ભારેકર્મી હોય. આના પરથી માપ નીકળી શકે કે આપણે અભવ્ય નથી, દુર્ભવ્ય નથી. ભવ્ય છીએ તો ભારેકર્મી કે લઘુકર્મી છીએ ? લઘુકર્મી જીવોને આ સંસારનો ભય લાગે, સંસારના સુખનો ભય લાગે, સંપત્તિનો ભય લાગે. તમને પુણ્યથી દુનિયાનું જે સુખ મળ્યું છે તેનો ભય લાગે છે ? તે સુખ તમે ભોગવો છો તે મજેથી કે સાવચેતીથી ? જે જીવ તે સુખ મજેથી ભોગવે તેને ભય લાગ્યો નથી. મોહને ઓળખી શકયો નથી. મોહને ન ઓળખે તેને આ સુખ-સંપત્તિ અનેક પાપ કરાવીને સંસારમાં ભટકાવે. આપણે સંસારમાં કેમ ભટકયા ? જે રીતના જીવ છું. તો હજી પણ ભટકવું પડશે તેમ લાગે છે ? 'પુણ્યયોગે જે સુખ-

સંપત્તિ મલી છે, જે બધી અનુકૂળતા મળી છે તેમાં જ મજા આવે તો મારું શું થાય ? પાપના યોગે દુઃખ આવે ને અકળાઈ જાઉં તો ય મારું શું થાય ?' આવો વિચાર આવે છે ?

જ્ઞાનિઓ કહે છે કે - સમકિત પામવાનું મન થાય તેને જ આ સંસારનો ભય લાગે. દુઃખ આવે ને ગભરામણ થાય તો તેને થાય કે, 'મેં એવા એવા પાપ કર્યા છે કે, હવી કાંઈ દુઃખ જ આવ્યું નથી. માટે આ દુઃખ મારે મજેથી વેઠી લેવું જોઈએ.' તમે બધા જે પાપ કરો છો તે મજેથી કરો છો કે દુઃખી હૈયે કરો છો ? સુખ ભોગવવું તે જ પાપ છે ? સુખનાં સાધન મેળવવા તેય પાપ છે. તેને માટે અનીતિ કરવી તે તો મહાપાપ છે. આ મહાપાપ ચાલુ છે ને ? જો આવી સમજણમાં ય પાપ ચાલુ છે તો તે પહેલા અણસમજ અવસ્થામાં તો ઘણાં ય પાપ કર્યા હશે તો પછી દુઃખ આવે તો નવાઈ શી ? દુઃખ તો મારાં પાપ સાફ કરવા આવે છે તો તેમાં ગભરાવાનું શું ? 'મારે વહેલામાં વહેલા મોક્ષે જવું છે તો મોક્ષની સાધના માટે આખો સંસાર છોડવાનો છે. ભારેમાં ભારે કષ્ટ મજેથી વેઠવાના છે અને આ દુનિયાના સુખથી આઘા રહેવાનું છે, આવો વિચાર પણ પેદા થાય છે ખરો ?

જન્મ ન હોત તો શરીર હોત ? શરીર ન હોય તો ખાવા-પીવાની ભાંજગડ હોત ? પછી પાપ કરવા પડત ? જન્મ કેમ લેવો પડયો ? પાપનો ઉદય ચાલુ છે માટે ? પાપના ઉદય વિના જન્મ થાય નહિ. જનમવું કોને પડે ? મોહનો ઉદય જીવતો હોય તેને. જે જન્મ પાપના ઉદયથી મળે તે જન્મ સારો કહેવાય ખરો ? તમને જન્મ ગમે કે મરણ ગમે ? જનમ હોય તેને મરણ આવવાનું- આવું સમજ્યા પછી જન્મ ગમે તે ડાહ્યો કહેવાય કે મૂરખ કહેવાય ? જ્ઞાની કહે છે કે, **જન્મ્યા પછી સારી રીતે મરી શકાય તેવી રીતે જવવું તેનું નામ જીવ્યું કહેવાય.** સારી રીતે મરવાની તૈયારી કરે તે ઉત્તમજીવન છે. સારી રીતે મરવાનો અભ્યાસ તે સમાધિથી મરવાનો અભ્યાસ છે. રોજ ભગવાન પાસે સમાધિમરણ માગીએ છીએ સાથે બોધિનો લાભ માગીએ. સમાધિથી મરે, સમ્યક્ત્વ સાથે હોય તો ક્યાં જાય ? ધર્મ પામી શકાય તેમ હોય ત્યાં જાય.

તમને મોક્ષની સામગ્રી વધારે ગમે કે સંસારની સામગ્રી વધારે ગમે ? શ્રી અરિહંત જેવા દેવ મળ્યા, નિર્ગ્રન્થ ગુરૂ મળ્યા, શ્રી અરિહંત પરમાત્માનો ધર્મ મળ્યો તે વધારે ગમે કે સારું ઘર, સારું કુટુંબ, પૈસા-ટકા-પરિવાર મળ્યા તે વધારે ગમે છે ? જ્યારે ભગવાનનો ધર્મ હૈયાથી ગમશે, ત્યારે ઘર-પંસાટકાદિ છોડવાનું મન થશે. મળેલ સુખ ભોગવવાનું મન નહિ થાય. કષ્ટ પડે તેવી રીતે ધર્મ કરવાનું મન થશે. આજે ધર્મ કરે તે શરીરને સાચવી સાચવીને કરે છે, જરાય કષ્ટ ન પડે તેવી રીતે કરે છે. ખમાસમણ પણ કેવી રીતે દે છે ? ગમે છે શું ? સુદેવ-સુગુરૂ-સુધર્મ કે સંસારની સુખ સામગ્રી ? દુનિયાનું સુખ કે સુખની સામગ્રી છૂટે નહિ ત્યાં સુધી ધર્મ આવે નહિ. ધર્મ શું ? સાધુપણું જ. આ ક્યારે લેવાય " મા-બાપ, કુટુંબ-પરિવાર, પૈસા-ટકા, સુખ સામગ્રી હૈયાથી છોડે ત્યારે. તે સુખની સામગ્રી છોડે તો જ ધર્મ થઈ શકે આ વાત હૈયામાં છે ? તે ધર્મ પામવાનું મન થાય છે ? આ બધું છોડવાનું મન થાય તેવા જીવો કેટલા મળે ?

સૌથી ઊંચો જન્મ મનુષ્યજન્મ છે. દુનિયાનું સુખ વધારે દેવલોકમાં છે તો ય દેવલોકને ન વખાણ્યો. મનુષ્ય જન્મને કેમ વખાણ્યો ? તમને દેવ જનમ ગમે કે મનુષ્ય જનમ ગમે ? આવો સુંદર મનુષ્યજન્મ મળ્યો છે તો તમને સુખીને જોઈને માન પેદા થાય કે ધર્મીને જોઈને ? વધારે ધર્મ કરવાનું મન થાય કે વધારે સુખ ભોગવવાનું મન થાય ? જન્મ તો પાપનો ઉદય હોય તો જ થાય. જેનું મોહનીય કર્મ મરી ગયું તેને જન્મ લેવો ન પડે. જે ભવમાં મોહનીય કર્મ મરે તે ભવમાં બધા જ કર્મ જાય. જન્મે નહિ એટલે આ શરીર રૂપી ભૂત ન વળગે. તે ન

વળગે તો ખાવા-પીવાદિની ઉપાધિ હોય ? જન્મ તો ઉપાધિવાળો જ છે. પાપના ઉદયથી મળતો એવો મનુષ્યજન્મ. તમને આર્યદેશ, આર્ય જાતિ, આર્યકુળ તેમાં ય જૈનજાતિ અને જૈનકુળમાં મળ્યો તે તમારો પુણ્યોદય છે. તો તમને હવે દેવ-ગુરૂ-ધર્મ-ધર્મી અને ધર્મની સામગ્રી ગમે છે કે સંસારની સામગ્રી ગમે છે ? તમારો ખરેખર પ્રેમ કોના પર ? કોના માટે કષ્ટ વેઠો ? કોના માટે પૈસા ખર્ચો ? ગામ, દેશ, મા-બાપ, સગીસ્રીને છોડો તે કોના માટે ? જે જનમમાં દેવ-ગુરૂ-ધર્મની સામગ્રી મળવા છતાં ય દેવ-ગુરૂ-ધર્મ ન ગમે તે જનમ મહાપાપના ઉદયથી થયો છે એમ માનવું પડે ને ? મનુષ્યને જેટલાં પાપ કરવા પડે તે બીજાને કરવા પડતા નથી. દેવ, નરકમાં જાય નહિ. નારકી પણ નરકમાં જાય નહિ. વધારે પાપ કરે તે જ નરકમાં જાય ને ? ડાહ્યો ગણાય તે ગાંડાની જેમ વર્તે ? સત્તા ઉપર રહેલા રાજા સારું ન ચલાવે તો સત્તાધારીઓને કેવા કહો ? બીજો આદમી પોતાની ફરજ અદા ન કરે તો ખરાબ કહો. તો તમારી ફરજ અદા કરો છો ?

તમને દેવ-ગુરૂ-ધર્મ ખૂબ ગમે છે ? દેવ-ગુરૂ-ધર્મની સાચી સેવા ભકિત માટે તો બધુ-ઘર-બાર, કુટુંબ-પરિવાર, પૈસા-ટકાદિ-છોડવું પડે. તે છોડવાની ઇચ્છા વગર ગમે તેટલી સારી પૂજા કરે, તો ય તે સાચી પૂજા નથી. ભક્તિ કરો તે શા માટે ? ઘર-પેઢી, પૈસા-ટકાદિ છૂટી જાય માટે ? સમજદારને જનમ ન ગમે. જનમેલો સમજું હોય તો સારી રીતે મરવાની જ તૈયારી કરે. ઉત્તમ સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા, બધા અનશન કરીને જ મર્યા. મરતાં પહેલા અનશન શા માટે ? સારી રીતે મરવાની તૈયારી કરવા અને આનંદપૂર્વક મરવા માટે. મરીને ખરાબ ગતિમાં કોણ જાય ? ખરાબ જીવ હોય તે, ખરાબ રીતે જીવે તે. સારો જીવ મરીને કયાં જાય ? સારા જીવને મરવામાં આનંદ હોય કે દુઃખ ? અહીંથી સારી સગવડતાવાળા ઘરમાં જવાનું તો પ્રેમથી જાવ કે દુઃખથી ?

સમ્યક્ત્વ એવી ચીજ છે, જેને પેદા થાય તે જાણે, જેને તે પેદા ન થયું, પેદા નથી થયું તેનું દુઃખ નથી અને તે પેદા કરવાની ઇચ્છા પણ નથી તેને સમ્યગ્દર્શનની વાતો કરીએ તો તે ગમે નહિ. જેટલા સમ્યગ્દષ્ટિ જીવો છે તે, મનુષ્યભવમાં સમકિત પામ્યા કે લઇને આવ્યા, તેમણે હજી મોક્ષે જવા જેવું જીવન જીવાતું નથી તેનું તેમને ભારે દુઃખ હોય છે. સંસારના સુખ ભોગવવા પડે તેનું દુઃખ હોય છે, તે સુખ નથી છોડી શકાતું તેનું ય દુઃખ હોય છે. સમકિતી જીવ સંસારનાં સુખ છોડવા ઇચ્છે કે ભોગવવા ઇચ્છે ? સંપત્તિ પણ છોડવા ઇચ્છે કે ભોગવવા ઇચ્છે ? ગૃહસ્થ માટે દાન ધર્મ પહેલો છે. ગૃહસ્થોને લક્ષ્મી જ મારનારી છે. એવા લોભી જીવો છે કે જેઓ ખાતા ય નથી કે પીતા ય નથી. છોકરો ય ખાઇ-પી ન શકે. પૈસાવાળો પણ સુખી કોણ ? મોહાંધ ન હોય તે. મોહાંધ હોય તે સુખી કે દુઃખી હોય ?

સમ્યગ્દષ્ટિ જીવને આ સંસારનો હંમેશા ભય જ લાગે. સંસારમાં મોહ છે ત્યાં સુધી કોઇ નિર્ભય નથી. મોહ એવા એવા પાપ કરાવે કે વખતે સમ્યક્ત્વને પણ લઇ જાય. અહીંથી સમકિત લઇને દેવલોકમાં ગયેલો જીવ સમકિતને સાચવે નહિ તો સમકિત જાય પણ ખરું. આ સમકિત એવું છે કે અસંખ્યાતી વાર આવે ને જાય. સમકિત છાસઠ (૬૬) સાગરોપમ રહે છે. સંસારના સુખમાં જરાપણ રાજી ન થાય તો સમકિત રહે.

સંસારના સુખમાં રાજી કોણ થાય ? સુખનું અનુકમોદન કોણ કરે ? સન્માર્ગે પૈસો વપરાય તેનું અનુમોદન કે ભોગમાં પૈસો વપરાય તેનું અનુમોદન ? તમારો પૈસો ભોગમા જ વપરાય કે દાનમાં પણ ? કેટલાક તો દાન કે ભોગ ન કરે પણ સંગ્રહ જ કરે. સંગ્રહમાં જ રાચનારા નિધાન ઉપર સાપ પણ થાય અને ત્યાં બેઠા બેઠા તેની રક્ષા કરે.

(ક્રમશઃ)

# પ્રશ્નોત્તર વાટિકા

(પરિમલ)

*(ગયા અંકથી ચાલુ)*

(૬૨) ભગવાનની પૂજા કરતી વખતે ફણાની અથવા લાંછનની પૂજા કરી શકાય?

ભગવાનની પૂજા કરતી વખતે ભગવાનના નવ અંગે તેર જગ્યાએ અનામિકા આંગળીથી નખ વિ. ભગવાનને ન અડી જાય તેની કાળજી રાખીને પૂજા કરવાની છે. ઘણાં ફણાની તથા લાંછનની પૂજા પણ કરે છે તેમાં ભગવાનના અંગ સ્વરૂપ સંલગ્ન ફણાની (પૂજા કરવાની જરૂર ન હોવા છતાં) પૂજા કરે તો વાંધો નથી પરંતુ ભગવાનને જન્મ વખતે જમણાં સાથળમાં ચિહ્ન સ્વરૂપ લાંછન પ્રતિમાને ઓળખવા માટે પલાંઠીની નીચે પાટલીમાં મધ્યભાગે કરાય છે તેની પૂજા કરવાની હોતી નથી.

(૬૩) પાર્શ્વનાથ ભગવાનને તથા સુપાર્શ્વનાથ ભગવાનને ઘણી જગ્યાએ ફણા હોય છે તે શા માટે? કયા ભગવાનને કેટલી ફણા હોય?

આ અવસર્પીણીના ચોવીસ તિર્થંકર ભગવાનમાંથી પાર્શ્વનાથ ભગવાનને ત્રણ, સાત અને અગીયાર ફણા તથા સુપાર્શ્વનાથ ભગવાનને એક, પાંચ અને નવ ફણા કરાય છે. બીજા ભગવાનને નહિં.

इग पण नवय सुपासो पासो फण तिन्निसगइगारकमा फणिसिज्जासु विणाओ फणिंदमर्त्ती नन्नेसु ॥

પાર્શ્વનાથ ભગવાનને કમઠે કરેલા ઉપસર્ગ વખતે ધરણેન્દ્રએ ભક્તિથી ફણા કરેલ તેના પ્રતીક સ્વરૂપે તથા સુપાર્શ્વનાથ ભગવાન ગર્ભમાં આવ્યો છે તે માતા સ્વપ્નમાં એક, પાંચ અને નવ ફણાવાળી દરેક જુદી જુદી નાગશય્યા દેખે છે તેથી તેના પ્રતીકરૂપે ફણા કરાય છે. ફણા વિનાના પણ કરાય છે.

(૬૪) અચિંત્ય ચિંતામણી કલિકાલ કલ્પતરૂ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની વાસક્ષેપ પૂજા કર્યા બાદ તે વાસક્ષેપ લઈને પછી દરરોજ માથામાં નાંખી શકાય?

આવા વિષમકાળમાં પણ આપણા જેવા પામર જીવોને પ્રતિમા સ્વરૂપે પણ તારક તિર્થંકર પરમાત્મા મળ્યા છે. તે બધા જ તિર્થંકરો અચિંત્ય ચિંતામણી અને કલિકાલ કલ્પતરૂ છે. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ આદિ કોઈપણ જગ્યાએ વાસક્ષેપ પૂજા કર્યા પછી તે વાસક્ષેપ પણ નિર્માલ્ય દેવદ્રવ્ય ગણાતો હોવાથી પુષ્પની જેમ કોઈના પણ પગમાં ન આવે (આશાતના ન થાય) તેવી જગ્યાએ વિધિપૂર્વક વિસર્જન કરવાનો છે. વાસક્ષેપ પૂજા (સમર્પણ) કરી હોવાથી તે વાસક્ષેપ આપણાથી લઈ પણ શકાય નહિં અને તેથી જ મસ્તક ઉપર નાંખવાનો સવાલ જ પેદા થતો નથી.

(૬૫) પરમાત્માના પ્રક્ષાલનું જલ તથા અષ્ટોત્તરી શાંતિ સ્નાત્ર વિ.નું જલ શરીરે ચોપડી શકાય? બોટલ વિ.માં ભરીને રાખી શકાય? બહારગામ લઈ જઈ શકાય? આચાર્ય ભગવંત વિ. સાધુ સાધ્વીને આપી શકાય?

પરમાત્માને દૂધ તથા જલનો અભિષેક કરેલ જલ તથા અષ્ટોત્તરી શાંતિસ્નાત્રનું જલ અભિષેક જલ (પ્રક્ષાલ) વિલેપન કરવાની દવા નથી કે આખા શરીરે ચોપડી શકાય માત્ર બહુમાનને યોગ્ય હોવાથી મસ્તકે લગાડાય છે. મસ્તકે દાતવ્યમીતિ બોટલ વિ.માં ભરીને સ્નાત્રજલ રાખી શકાય નહિં. બહારગામ પણ લઈ જવાની જરૂર નથી. આચાર્ય ભગવંત વિ. તો આજ્ઞાના પાલનમાં રકત હોવાથી સ્નાત્ર જલનો ઉપયોગ કરવાનો નથી. કોઈવાર વિશિષ્ટ સંયોગોમાં ઉપયોગ કરવો પડયો હોય તો તે માર્ગ બનાવી દેવાય નહિં.

(૬૬) પૂ. આચાર્ય ભગવંત કે સાધુ ભગવંત પાસે રોજ વાસક્ષેપ નંખાવી શકાય?

પૂ. આચાર્ય ભગવંત કે સાધુ ભગવંત પાસે રોજ જઈને વિધિપૂર્વક વંદનાદિ કરીને પોતાના વાસક્ષેપથી રૂપાનાણું મુકવાપૂર્વક ગુરૂપૂજન અને જ્ઞાનપૂજન કરવું જોઈએ, પરંતુ ગુરૂ ભગવંત સ્વાધ્યાયાદિમાં હોવાથી વિશિષ્ટ કારણ સિવાય (પ્રસંગ સિવાય) વાસક્ષેપ નંખાવવાની જરૂર નથી. ઉપાશ્રયે જતી વખતે પણ વાસક્ષેપની ડબી સાથે જ રાખવી જોઈએ. સંસારથી છૂટવા અને મોક્ષ માર્ગની સાધનામાં વેગ આવે તે માટે આશીર્વાદ સ્વરૂપ વાસક્ષેપ માથે નાંખવાની વિધિ છે.

(૬૭) સામાયિક કે પૌષધમાં ગુરૂપૂજન કરી શકાય? વાસક્ષેપ નંખાવી શકાય?

જ્ઞાન પંચમી દેવવંદનમાં નિરવધિ પજા વિચારમાં જ્ઞાન પૂજન કરવાનું લખ્યું છે.

(૬૮) સામાયિકમાં ઘણાં બહેનો રૂપીયા મૂકી ગુરૂપૂજન કરે છે તે ઉચિત ગણાય?

સામાયિકમાં સાધ્વીજી ભગવંતોની જેમ જ બે ઘડી પસાર કરવાની હોવાથી અને રૂપીયાનો સ્પર્શ સુધ્ધાં પણ કરવાનો ન હોવાથી ગુરૂપૂજન કરવું બિલકુલ ઉચિત ગણાય નહિં. સામાયિકમાં તો સ્વાધ્યાયાદિના કારણ સિવાય આસનથી ઉભા પણ થવું જોઈએ નહિં.

(૬૮) ગૃહસ્થના મસ્તક ઉપર વાસક્ષેપ નાંખતી વખતે ગુરૂભગવંત મનમાં શું બોલે છે?

કોઈપણ ગૃહસ્થના માથા ઉપર વાસક્ષેપ કરતી વખતે પૂ. આચાર્ય ભગવંતાદિ 'નિત્થારગપારગાહોદ' આ મંત્ર ભગવાને બતાવેલો અને પરંપરામાં આવેલો વર્તમાન કાળે બોલાય છે તેનો અર્થ સંસાર સાગરથી પાર પામનારો એમ થાય છે.

(૬૯) સામાયિક- પ્રતિક્રમણ કે પૌષધમાં શ્રાવક શ્રાવિકા સુવર્ણના હાર વિ. દાગીના તથા ઘડીયાળ પહેરી રાખે તે શું યોગ્ય છે?

સંસાર સાગરથી પાર પામવા માટે એક માત્ર સર્વવિરતિ ધર્મ જ પ્રાપ્ત કરવા યોગ્ય છે. તે પામવાની તીવ્ર તમન્ના હોવા છતાં ચારિત્ર મોહનીયાદિ કર્મોના ઉદયથી જ્યાં સુધી સાધુ ધર્મની પ્રાપ્તિ થઈ નથી તેવા શ્રાવક શ્રાવિકાઓ દેશ વિરતિ ધર્મની આરાધનામાં સામાયિક- પૌષધ કે પ્રતિક્રમણ કરે છે. તે બે ઘડીના સામાયિકમાં પણ સમણો ઈવ સાવઓ હવઈ જમ્હા શ્રાવક સાધુ જેવો છે. તેથી સામાયિક વિ. વિરતિ ધર્મની સાધનામાં સાધુની જેમ જ બેઘડી જીવવાનું હોય છે. તેથી સામાયિક વિ. લેતાં પૂર્વે જ દાગીના દૂર કરવા જોઈએ. બહેનોએ પણ સૌભાગ્યના ચિન્હ સ્વરૂપ દાગીનાને છોડીને બાકીના દાગીના ઉતારી નાંખવા જોઈએ. ઘડીયાળ પણ પહેરાય નહિં અને સેલવાળી ઘડિયાળને તો અડાય પણ નહિં. જિનદાસ શ્રેષ્ઠી પ્રતિક્રમણમાં હાર કાઢી નાંખતા હતાં. વર્તમાનમાં પણ ઘણાં દાગીના ઉતારે છે તે યોગ્ય છે, પહેરી રાખે તે યોગ્ય નથી.

(૭૧) પૂ. સાધુ ભગવંતો ગૌચરી વિ. માટે ગૃહસ્થના ઘરે જાય ત્યારે અને ઉપાશ્રયે વંદનાદિ કરે ત્યારે 'ધર્મલાભ' બોલે છે તેનો અર્થ શું?

પૂ. સાધુ ભગવંતો સંયમાદિના કોઈપણ કારણે ગૃહસ્થના ઘરે જાય ત્યારે પ્રવેશ કરતાં પહેલાં અને ગૃહસ્થ વંદનાદિ કરે ત્યારે આશીર્વા સ્વરૂપ 'ધર્મલાભ' કહે છે તેનો અર્થ સર્વવિરતિ ધર્મનો લાભ તને થાઓ, પોતાની પાસે જે છે તે બીજાને પ્રાપ્ત થાય તેવા આશીર્વાદ પૂ. ગુરૂ ભગવંતો આપી શકે છે. કારણ કે દેશવિરતિ ધર્મને ધર્મ ન કહેતાં ધર્માધર્મ કહેવાય છે. ધર્મનો અંશ છે અને વધારે જેમાં અધર્મ છે તેથી ધર્મલાભ દ્વારા સર્વવિરતિ ધર્મ પ્રાપ્ત કરવાના આશીર્વાદ ગૃહસ્થ ઈચ્છે છે અને સાધુ ભગવંત આપે છે.

ક્રમશ:

# તત્વજ્ઞાન સાર

પ્રેષક : શ્રી પ્રાણલાલ છગનલાલ શેઠ - મલાડ

જીવ એક નથી અનંતા જીવો છે. તે જીવોનાં બધા થઈ ૫૬૩ પ્રકારો છે. તે બધા જીવોની ચાર ગતિ છે. ૧. મનુષ્ય ગતિ, ૨. તિર્યંચગતિ, ૩. મારકગતિ, ૪. દેવગતિ.

દરેક જીવનું મૂળ સ્થાન નિગોદ છે. નિગોદનું વર્ણન કરતાં શાસ્ત્રમાં લખ્યું છે કે આખા બ્રહ્માંડમાં નિગોદના ગોળા ઠાંસી ઠાંસીને ભરેલા છે. દરેક ગોળામાં અસંખ્યાત ગોળા છે તેમાં અસંખ્યાત પરતો છે. (નાકમાંથી લીંટ હાથમાં આવે છે તે પરત કહેવાઈ) તે પરતોમાં અસંખ્યા જીવો છે. કંદમૂળમાં એક શરીરે અનંત જીવો હોય છે.

નિગોદના જીવોનું વર્ણન કરતાં એક શ્વાસોશ્વાસમાં જીવો ૧૭થી વધુ ભવ કરે છે. એટલા ટાઈમને જૈન શાસન એક આવલી સમય કહે છે. એક આવલીમાં ૧૭ ભવ કરતો જીવ નિગોદમાં અસંખ્યાતો કાળ કાઢે છે. અકામ નિર્જરાથી દુઃખ વેઠતો વેઠતો જીવ હળુકર્મી થતાં તથા ભવિષ્યવેત્તાએ નિગોદમાંથી નીકળી એક ઈન્દ્રિયપણામાં આવે છે. શાસ્ત્રમાં લખ્યું છે કે સંસારમાંથી એક જીવ મોક્ષે જાય ત્યારે નિગોદમાંથી એક જીવ એક ઈન્દ્રીયમાં આવે નિગોદનો જીવ અવ્યવહાર રાશીનો જીવ કહેવાય. એ જીવ એક ઈન્દ્રીયમાં આવે ત્યારે વ્યવહાર રાશીનો જીવ કહેવાય છે. જીવોના ૫૬૩ ભેદોમાં એક ઈન્દ્રીય, બે ઈન્દ્રીય, ત્રણ ઈન્દ્રીય, ચઉ ઈન્દ્રીય (બે ઈન્દ્રીયથી ચઉઈન્દ્રીયને વિકેઈન્દ્રીય કહે છે) તિર્યંચ, પંચઈન્દ્રીય, સંજ્ઞીપંચઈન્દ્રીય એટલે મનુષ્યો, નારકી અને દેવો. આ બધા જીવોનો સુક્ષ્મ, બાદર, પર્યાપતા, અપર્યાપતા, સંજ્ઞી, અસંજ્ઞી અને સંમૂચ્છીમના જીવો હોય. જીવનું મૂળ સ્થાન નિગોદ છે. તે નિગોદમાંથી જીવ તિર્યંચ પંચઈન્દ્રીય સુધી પોતાના આત્માનું ઉત્થાન કરતો જીવ દુઃખ વેઠતો વેઠતો આવે છે.

શાસ્ત્રમાં ચાર ગતિના કારણોમાં નરકગતિના કારણો મહાઆરંભ, મહાપરિગ્રહ સાતેવ્યસન સેવવાવાળો ઘોર હિંસક, ક્રૂર આવા જીવનો નરક ગતિ નિશ્ચિત છે.

અહીં એ જણાવવાની કોશીષ છે કે ઉપરના એક ઈન્દ્રીયથી તિર્યંચ પંચઈન્દ્રીય (બધાજીવો તિર્યંચ કહેવાઈ) સુધીના જીવોનો અધ્યવસાય ઉપર જણાવેલા ક્રૂર ન હોય એ તો અકામ નિર્જરાથી દુઃખ વેઠતાં હોય તિર્યંચ પંચઈન્દ્રીયમાં અમુક પ્રાણીઓને સુખ હોય) બાકી દુઃખ દુઃખ ને દુઃખ. મહાઆરંભ મહાપરિગ્રહનો સવાલ નથી એટલે નિગોદથી તિર્યંચ પંચ ઈન્દ્રીયપણાના જીવો, નારક ગતિનું આયુષ્ય બાંધે નહીં. નારક ગતિનું આયુષ્ય તો સંજ્ઞી પંચઈન્દ્રીય મનુષ્ય ગતિમાં આવ્યા પછી ઘોર હિંસક પ્રવૃત્તિ મહાઆરંભ મહાપરિગ્રહ કૂટનીતિ, આ બધા આચરણથી નરક ગતિનું આયુષ્ય બાંધે છે.

શ્રી મહાવીર સ્વામી ભગવાનના જીવે નરકગતિ ભોગવેલી તે મનુષ્ય ગતીમાં ઘોર પાપ કરતાં તે દુષ્કૃત્ય કાર્યનું ફળ હતું. સિંહને પોતાના બળે ઉભો ચીરી નાંખેલ, હિંસક પ્રાણીઓ છે તેને પણ મનુષ્ય ગતિના દુષ્કૃત્ય કર્યાનું ફળ છે.

ત્યારે દેવલોક પણ મનુષ્ય ગતિમાં કરેલ તપ ધ્યાનના ફળ સ્વરૂપે જીવો દેવગતિનું આયુખ બાંધે છે. ઘોર તપ કરનારા આપણે અત્યારે અઘોરી બાવા કહીએ

છીએ તેઓ સૂકા પાંદડા ખાય સૂર્ય સામે આતાપના કરે. ગમર રેતીમાં સૂવે, આવા કઠોર તપ કરે પણ તે મિથ્યા દ્રષ્ટિ હોય તેનું ધ્યેય પરલોકમાં સુખસાહ્યબી ચક્રવર્તીનું રાજ મલે એ ધ્યાય ઘોર તપશ્ચર્યા કરે એના ફળ સ્વરૂપે દેવ લોક મળે પણ હલકા દેવલોકપણું જેને કિલચીસ દેવો હલકા ભંગી જેવા દેવો થાય અને દેવનું આયુષ્ય પૂરૂં કરી ચાર ગતિ સંસારમાં અનંતો કાળ ભમે. ત્યારે સમકિત પામેલા જીવો જેને મોક્ષ સિવાય કોઈ ઈચ્છા નથી તે દેવો ૯ ગ્રેવેયક પાંચ અનુત્તરવાસી દેવો થાય.

અનુત્તરના દેવો એક અવતારી હોય. દેવલોકનું આયુષ્ય પૂરૂં કરી ઉચ્ચ ગતિ મનુષ્યગતિ ઉચ્ચ કુળમાં આર્ય દેશમાં જન્મ લઈ, સમકિત આરાધના જ્ઞાન, દર્શન, ચરિત્ર, તપની આરાધના કરી મોક્ષે જાય, એટલે જે વિષયની આ ચર્ચા રૂપે લેખ લખેલ છે તેમાં કહેવાનું તાત્પર્ય નરકગતિ અને દેવગતી મનુષ્ય જન્મથી જ ઉભી થાય છે.

મનુષ્ય જન્મમાં ૧૮ પાપકસ્થાનક રાચીમાચીને માણતાં માણસ નરક ગતિનું આયુષ્ય બાંધે છે અને સમકિત ચારિત્ર જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ સેવતાં દેવલોકનું આયુષ્ય બાંધે છે.

વધારે ત્યાં ધ્યાન ખેંચવું છે કે નિગોદમાંથી અવ્યવહાર રાશીમાંથી એક ઈન્દ્રીયમાં વ્યવહાર રાશીમાં આવેલા જીવો પોતાના આત્માનું ઉત્થાન કરતાં કરતાં સંજ્ઞી પંચ ઈન્દ્રીય થાય. પછી એ મનુષ્યના જીવન કાર્યવાહી પ્રમાણે નરક ગતિ કે મોક્ષ પ્રયાણની દેવ ગતિ પામે. આનો અર્થ એ પણ થાય કે નિગોદના જીવો પોતાના આત્માનું ઉત્થાન ભયંકર અકામ નિર્જરાથી દુઃખ વેઠતાં સંસાર ભ્રમણ અનંતો કાળ કરે અનંતી ઉત્સર્ગિણી અનંત અવસર્પિણી કાળ વિતાવી મનુષ્ય જન્મમાં આવ્યા પછી એ આત્મા ૧૮ પાપ સ્થાનક રાંચીમાચીને માણે અને તેમાંથી નરક ગતિ કે તિર્યંચ ગતિ પામીને સંસાર ભ્રમણ કરાવવાવાળા જીવોની સંખ્યા નિગોદના જીવોથી આત્માનું ઉત્થાન કરતાં જીવોથી ઘણી વધારે છે. આનો અર્થ એ થયો કે જીવની નીચ ગતિની ઉંચ ગતિ મનુષ્યગતિથી થાય છે.

મનુષ્યગતિમાં આવનાર જીવ ભાગ્યશાળી છે કારણ કે એ એક જ ભવમાં ચારિત્રની આરાધના કરતાં સંસાર ભ્રમણનો અંત કરી પાંચમી મોક્ષ ગતિ પામે છે. ત્યા જીવના જન્મ મરણના ફેરા મટી પોતાની આત્મા સ્વરૂપમા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, અનંત આત્મવીર્યમાં મહાલે છે. અને ૧૮ પાપ સ્થાનક સેવતો જીવ નરક તિર્યંચ ગતિમાં જઈ અનંતો કાળ સંસારભ્રમણ કરે છે.

નિગોદમાંથી જીવ અકામ નિર્જરાથી દુઃખ વેઠતો જીવ વ્યવહાર રાશીમાં એક ઈન્દ્રીયમાં આવે ત્યાંથી સંજ્ઞી પંચ ઈન્દ્રીયપણું મનુષ્યગતિ પામે. આ દરેક જીવનો ઉત્થાન ક્રમ છે એ ક્રમમાં જીવ નરક ગતિ કે દેવગતિ કે પંચમ મોક્ષ ગતિ ન પામે, પણ મનુષ્ય જન્મમાં આવ્યા પછી માણસની જીવન કાર્યવાહી પ્રમાણે નરક ગતિ દેવલોકગતિ અને ત્યારપછી પંચમગતિ મોક્ષ પામે. મનુષ્યથી નીચ ગતિમાં ગયેલા જીવોની સંખ્યા નિગોદમાંથી ઉત્થાન કરતાં જીવોની સંખ્યા કરતાં અનેકગણી છે. એનું સંઅર ભ્રમણ પણ નિગોદના જીવના ઉત્થાન શ્રેણી કરતાં અનંતી અવસર્પિણી અનંતા ઉત્સર્ગર્પિણી કાળથી વધારે છે.

(ક્રમશઃ)

# ઉવસમેણ હણે કોહં

(હિતયોગી)

ક્રોધની કાલીમાને ઉપશમના ઉદકવડે ધોઇ નાખવી જોઇએ, કારણ કે કર્મરાજાના કોટવાલ સમા આ ક્રોધે મહારથીઓને પણ કલંકિત કરવામાં બાકી રાખ્યા નથી.

**૧. ત્રિવિક્રમ** જેવા તેજોલેશ્યાધારક તપસ્વીને પણ પક્ષી, ભીલ, હાથી, સાંઢ, સર્પ અને બ્રાહ્મણ એ પ્રમાણે છ-છ વાર એક જ જીવના પ્રાણ પડાવવા સુધી પહોંચાડનાર પણ ક્રોધ જ હતો.

**૨. અગ્નિશર્મા** જેવા માસખમણને પારણે માસખમણ કરનારને પણ સાધારણ ભૂલનો ભોગ બનેલાં ગુણસેનના જીવનને નવ-નવ ભવ સુધી મારનાર બનાવી અધિકાધિક નરકમાં મોકલ્યા એટલું જ નહિં પણ અસંખ્ય કાળના કાળા ચક્કરમાં પટકી દેનાર પણ ક્રોધ જ હતો.

**૩. ગોભદ્રમુનિ** જેવા મહામુનિવરને પણ નાનકડી ભૂલ કાઢનાર બાળમુનિ પાછળ દોડાવી થાંભલા સાથે મસ્તક ટકરાવનાર પણ ક્રોધ જ હતો, વળી બીજા ભાવે તાપસ બનાવીને પણ અંતે એ જ રીતે મારી વિકરાળ દષ્ટિવિષ સર્પ 'ચંડકૌશિક' બનાવી શ્રી મહાવીર પ્રભુ ઉપર પણ વિષદષ્ટિ ફેંકવા સુધી વિવશ બનાવનાર પણ ક્રોધ જ હતો.

**૪. અમરકુમાર** જેવા શ્રેષ્ઠિપુત્રને પણ રાજપુત્રી સુરસુંદરીથી બોલાઇ ગયેલ નગણ્ય શબ્દોને સંભારીને અમાનુષી એવા રાક્ષસદ્વિપમાં પોતાને વિષે રાગિણી અને અબળા એવી સુરસુંદરીને એકલી મુકીને ચાલતી પકડાવનાર પણ ક્રોધનો કણીયો જ હતો.

**૫. શ્રી રાણી** જેવી રાજરાણીને પણ ઉગતી વયના રાજકુમારોના મસ્તકની માગણી કરાવી અંતે મોતે મારી નખશિખ નફફટ નાગણી બનાવી ત્યાં પણ ક્રોધના દાવાનળમાં દઝાડી રાજપુત્રોનો પીછો કરાવ્યો અને તેઓના જ હાથે મરણને શરણ પમાડી છઠી નરકમાં સબડતી કરનાર પણ ક્રોધ જ હતો.

**૬. સ્કંધકસૂરિ** જેવા મહાન ઉપદેશક આચાર્યને પણ ૪૯૯ સાધુઓને સમાધિ સધાવનાર બનવા છતાં વહ્નિકાયના દેવ બનાવી અવિચલપદની પ્રાપ્તિમાં અંતરાય પાડનાર પણ અંત સમયે 'પાલક' ઉપર આવી ગયેલો ક્રોધ જ હતો.

**૭. પવંજય** જેવો વિદ્યાધર પુત્ર પણ મહાસતી અંજના સુંદરીનો ૨૨-૨૨ વર્ષ સુધી વિયોગની વેદનામાં ઝૂરતી કરાવનાર બન્યો તેમાં પણ ક્રોધ જ કારણભૂત હતો.

**૮. શંખ** જેવા ન્યાયપ્રિય રાજાને પણ મહાસતી કલાવતીના કાંડા કપાવી દેવાના અન્યાયી પગલાં ભરાવનાર પણ ક્રોધ જ હતો.

**૯. શ્રેણિક** મહારાજા જેવા મગધેશ્વરને પણ પ્રાણપ્યારો પુત્ર અને બુદ્ધિમાન મંત્રીશ્વર એવો અભયકુમારનો દીક્ષા લઇ લેવા દ્વારા થયેલો સદાનો વિયોગ થવા પાછળ પણ તેઓશ્રી દ્વારા મૂલમાં થઇ ગયેલ ક્રોધ જ હતો.

એ રીતે અનેકોને કલંકિત કરનાર એવા ક્રૂર ક્રોધની કાલીમાનો પ્રશમરૂપી પીયૂષના પ્રવાહને વહાવીને પખાળી નાંખનારા પણ અનેક પુણ્યાત્માઓ થયા છે.

**૧. પ્રભુ મહાવીરને** જે સંગમદેવે છ-છ મહિના સુધી અસહ્ય- અતિભયંકર એવા અનુકૂળ પ્રતિકૂળ કંઇ કેટલાં ઉપસર્ગ કરવા છતાં નિશ્ચળ રહેલાં પ્રભુને નીહાળીને જ્યારે તે પાછો જઇ રહ્યો હતો ત્યારે પણ પ્રભુ કરુણાના બે અશ્રુબિંદુ સારીને પ્રશમના પ્રવાહક બની પરમપદે પહોંચી ગયા.

**૨. પ્રભુ પાર્શ્વનાથને** જે કમઠે દશ દશભવથી

હેરાન કરવામાં કોઈ કમી રાખી નહોતી એ જ કમઠ જયારે મેઘમાળી બની નાસિકા સુધી જળ લાવી ડુબાડે છે, ત્યારે પોતાનો પરમ ભકત ધરણેન્દ્ર સેવામાં તત્પર થાય છે તો પણ તેને એક નાની સરખી પણ આજ્ઞા કરતાં નથી કે 'આ મેઘમાળીને સીધો કરી દે' અરે! એ વાત તો જવા દો પણ પોતે જ આખાય વિશ્વને આંખના પલકારામાં હચમચાવી શકનાર હોવા છતાં પણ હેરાન કરનાર ''કમઠ (મેઘમાળી)'' અને પરમ ઉપાસક 'ધરણેન્દ્ર' બંને ઉપર એક સરખો ભાવ રાખી પ્રભુ ઉપશમના ઉપાસક બની ઉત્તમપદના ભોકતા બની ગયા.

૩. **દઢપ્રહારી** જેણે સમગ્ર નગરના દરેક કુટુંબમાંથી પ્રાયઃ એકાદ સભ્યને તો હણ્યો જ હોય એવો અતિક્રૂર પણ જયારે કર્મો પ્રત્યે અતિક્રૂર બને છે ત્યારે પૂર્વે કરેલ પાપોને પખાળવા પ્રતિદિન નગરમાં જયાં જયાં પોતે હત્યાઓ કરી હતી તે તે જ ગૃહોમાં ભિક્ષાટન કરી રહ્યો છે ત્યારે નગરજન સ્વજનના હત્યારાને હણવા પથ્થરો, ઈંટો, લાકડીઓ, ગાળો આદિની ઝડી વરસાવવા છતાં ઉપશમની ઉપાસના દ્વારા છ મહિનાના ટૂંકા ગાળામાં કેવળ લક્ષ્મીને પ્રાપ્ત કરી.

૪. **અર્જુનમાળી** જે રોજના છ પુરૂષ અને એક સ્ત્રી કુલ સાતને હણીને જ જંપનારો જયારે શ્રેષ્ઠિ સુદર્શનના સંગે મળેલા ઉપશમ ઉપદેશક પ્રભુના ઉત્સંગે ઉપાસના કરતા દઢ પ્રહારીની જેમ નાગરીકોના આક્રોશો સહન કરીને મુક્તિવધૂને વરી ગયો.

૫. **ખંધકમુનિ** જે રાજરાણીના ભાઈ થતાં હતાં પણ રાજાને તેમના પર જાર તરીકેની શંકા થતાં ચંડાળોને ચામડી ઉતારવા મોકલ્યા છે, ત્યારે મુનિએ સામેથી કહ્યું કે તમને જેમ ફાવે તેમ ઉભો રહું આવા પ્રકારની સમતાના સાધક બની સિદ્ધિપદને સાધી લીધું.

૬. **ગજસુકુમાર** જયારે શ્મશાનમાં કાઉસગ્ગધ્યાને રહ્યાં છે ત્યારે પોતાના જ સંસારી સસરાજી મસ્તક ઉપર અંગારાથી ભરેલી પાળ બાંધે છે તે વખતે આ તો મુક્તિની પાગ છે એમ વિચારી તેને ઉપકારી ગણી ક્ષમાની સાધના કરતાં સર્વસંબંધોથી મુક્ત થઈ ગયા.

૭. **મેતારજમુનિને** સોનીએ જયારે પોતાના મોતીના જવલાં ન જડતાં જવલાંનો ચોરનાર આ મુનિ જ છે એમ વિચારી મસ્તકે વાધર વીંટાળી ત્યારે પણ મારો ગુનો શો? એવી ફરીયાદ તો દૂર રહી પણ જવલા ચણનાર પક્ષીને બચાવવાની ભાવનાથી મૌન ધારણ કરી તે સોની ઉપર સમભાવ રાખી અંતકૃત કેવળી બની શાશ્વતપદને મેળવી લીધું.

૮. **ઝાંઝરીયા મુનિને** જોઈને રાણીને ભ્રાતૃસ્નેહથી આવેલ આંસુ નીહાળી રાજાએ અવિચારી પગલું ભરી સેવકો દ્વારા તેમનું મસ્તક ઉડાવી દેવરાવ્યું ત્યારે પણ તે મુનિએ પ્રશમરસના પ્રવાહમાં પાપોને પખાળીને પરમતત્ત્વને પ્રાપ્ત કર્યું.

૯. **આચાર્ય અન્નિકાપુત્ર** જેઓ જંઘાબળક્ષીણ થવાને કારણે વરસોથી એક જ સ્થાને સ્થિર હતા. અને જ્યારે કેવળી સાધ્વીજીના મુખેથી સાંભળ્યું કે મને ગંગા નદી ઉતરતા કેવળજ્ઞાનની પ્રાપ્તિ થવાની છે તો શરીરની પરવા કર્યા વિના શીઘ્રતાથી નદી કીનારે પહોચ્યાં અને નાવમાં બેઠાં તે સમયે પૂર્વભવના વૈરિણી દેવીએ નાવને ભાંગીને નદીમાં ડુબાડી ભાલાની તીક્ષ્ણ અણીપર ઝીલી લઈ મરણને શરણ કરી દીધા. તેવા અવસરે પણ ક્ષમા ધારણ કરીને મુક્તિપદ પામી ગયા.

*ક્રમશઃ*

# રાજસિંહ અને રત્નવતી

હપ્તો -3

ચિત્રકાર : ભાસ્કર સગર

કથા : મુનિ શ્રી જિતરત્નસાગરજી 'રાજહંસ'



# ચેત ચેત ચેતન ! તું ચેત

- 'પદ્મરાજ'

❖ અનાદિ કાલીન ભોગતૃષ્ણા એ તારી કેવી દયામણી કરૂણાવાળી હાલત કરી છે. વિષયવાસનાના વિલાસોના વિચારોમાં શું શું નથી ચિંતવતો જે તારા ભવભ્રમણને વધારી રહેલ છે. મોહની ગોપી સમાન, વૃષભને દમન કરનારી દામિની સમાન ઈચ્છા પ્રમાણે ચાલનારી અને કજીયાની ભૂમિ સમાન મન-ગમતી કામિનીના ધ્યાનમાં તું મોહ મસ્ત બની શું શું કરી રહેલ છે તેનો જરા વિચાર કર ! તેનાથી તારી જાતને બચાવવા વિચાર કે - ''અહો ! વિષયનું લંપટપણું કેવું છે ? અહો ! કર્મની વિચિત્રતા કેવી છે ? અહો ! રાગ દ્વેષ રૂપી શત્રુઓ કેવા છે ? અને અહો ! મોહનો વિલાસ કેવો અચિંત્ય છે ?'' કે સારા કુળમાં ઉત્પન્ન થયેલા પણ પાગલ બની શું શું કરે છે ? મારી તે ભોગતૃષ્ણાનો વિલય થાઓ... હે પ્રભુ ! આપની પાસે આ જ માગણી છે કે આ વિષયોના વિકારોથી મને બચાવો... !

❖ હે આત્માન્ ! તને જો હૈયાથી સંસારની ભીતિ અને મોક્ષની પ્રીતિ પેદા થઈ હોય તો તું સંસાર રૂપી વૃક્ષના મૂળ બીજ એવા કષાયોનો ત્યાગ કર. આ કષાયો એ કડવા વૃક્ષ જેવા છે, દુર્ધ્યાન તેનું પુષ્પ છે, આ લોકમાં પાપકર્મમાં રતિ અને પરલોકમાં દુર્ગતિ તેનું ફળ છે. તો અનર્થના કરૂણ એવા આ કારમા કષાયોનો દૂરથી જ ત્યાગ કર. બાકી જો તેનો આધીન બન્યો તો તારું શું થશે તે જ્ઞાની જ જાણે....



આપણા શાસનમાં પણ આવું જ છે ને ? શ્રાવકોએ ભણવું નથી. જૈન ધર્મની ઓળખ કરવી નથી. ઈતિહાસ જોવો કે જાણવો નથી. બાબા વાકય પ્રમાણ એ પ્રમાણે જીવવું છે, આમાં સંઘમાં જૈનં જયતિ શાસનં કયાંથી થાય.

(ગુજરાત સમાચાર)

## લવાજમ પૂરા થતાં નવું લવાજમ મોકલવા વિનંતી

જેમના લવાજમ પૂરા થાય છે તેમને પોસ્ટ કાર્ડથી જણાવાય છે તો લવાજમ પાંચ વર્ષનું કે આજીવન મોકલવા ગ્રાહકોને વિનંતી છે.

***અંક ન મળવા અંગે :-*** જેમને ૨ માસ અંક ન મળે તેમણે ગ્રાહક નંબર સહિત પોસ્ટકાર્ડથી જાણ કરવી.

*બિલ્ડીંગમાં અંક ઉપર પહોંચાડવાને બદલે ગ્રાઉન્ડ ફલોર મૂકી જાય છે તો તે તપાસ કરી તરત અંક મેળવી લેવો.*

# સંયમ ધર્મની અનુમોદનાર્થે

પ્રેષક : સુ. મનહરભાઈ પી. સંઘવી - કાંદીવલી

સરળસ્વભાવી, સૌમ્યમૂર્તિ સ્વ. પ. પૂ. સાધ્વીવર્યા શ્રી રોહિતાશ્રીજી મ.ના વિનિત શિષ્યા અને વર્તમાન ગચ્છાધિપતિ પ. પૂ. આ. શ્રી વિ. હેમભૂષણ સૂ. મ.ના આજ્ઞાવર્તિની, પરમ વિદુષી પૂ. સાધ્વીરત્ના શ્રી નિર્વેદરત્નાશ્રીજી મ. ના સંયમ જીવનના નિર્મલ પચ્ચીશ (૨૫) વર્ષની (વૈ.સુ. ૩, ૨૦૩૫ થી ૨૦૬૦) મંગલ પૂર્ણાહુતિની અનુમોદનાર્થે, અમારા કુટુંબના ઉપકારી તપાગચ્છાધિપતિ સ્વ. પ. પૂ. આ. શ્રી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મ. સા.ના વિનિત શિષ્યરત્ન પ. પૂ. મુ શ્રી પ્રશાન્ત દર્શન વિ. મ.ના માર્ગદર્શન અને અમારા કુલદીપિકા પરમ તપસ્વી પૂ. સા. શ્રી રાજદર્શિતાશ્રીજી મ. તથા પરમ વૈયાવચ્ચી પૂ. સા. શ્રી ભક્તિ દર્શિતાશ્રીજી મ. ની પ્રેરણાથી, તેમના શ્રાવિકાવર્ગ તરફથી શ્રી જિનભક્તિ, ગુરૂભક્તિ, જીવદયા - અનુકંપાદિના કાર્યો કરાયેલ અને 'સંયમ કબહી મિલે'ની ભાવનાથી ભાવિત થઈ, અમો સૌ પણ આ સંસાર સાગરથી પાર પામી વહેલામાં વહેલા સિદ્ધપદના સ્વામી બનીએ એવી શુભેચ્છા વ્યકત કરેલ.

આ પ્રસંગે **'જૈન શાસન'** ને પણ ખાસ યાદ કરી સહકાર પણ આપેલ.

| ક્રમ | રૂા. | નામ | ગામ |
|---|---|---|---|
| ૧ | ૨૫૦-૦૦ | સૌ. હીરાબેન રૂપચંદજી ઓસવાલ | - પૂના |
| ૨ | ૨૫૦-૦૦ | સૌ. પવનબેન ભીમરાજજી લોઢા | - પૂના |
| ૩ | ૨૫૦-૦૦ | સૌ. શારદાબેન બી. મહેતા | - બોરીવલી, મુંબઈ |
| ૪ | ૨૫૦-૦૦ | સૌ. વિજ્યાબેન તારાચંદ | - નાસિક |
| ૫ | ૨૫૦-૦૦ | સૌ. કલ્પનાબેન શેખરભાઈ | - નાસિક |
| ૬ | ૨૫૦-૦૦ | સૌ. નયનાબેન હરેશભાઈ - અજીતનગર | - વાપી |
| ૭ | ૨૫૦-૦૦ | સૌ. સરોજબેન શાહ - અજીતનગર | - વાપી |
| ૮ | ૨૫૦-૦૦ | સુ. શ્રી અરવિંદભાઈ ભોગીલાલ શેઠ | - ભાંડુપ, મુંબઈ |

## આ અંકનું ચિંતન

*- સુખના અર્થિ છતાં ધર્મમાં અજ્ઞાન દુઃખી વધારે સુખ થોડા.*

જેમ હરણાં શિકારીએ એક દિશામાં જાળ બાંધેલી જોઈને મરણ થી બીતા શરણ અને રક્ષણ ઈચ્છવા છતા તેના ઉપાયને ન જાણાતાં દોડે છે, જેથી બંધનમાંજ પડે છે, સુખના અર્થિ પણ બન્ધન. મરણ વિગેરે કદર્થના વિગેરે દુઃખોને અનુભવે છે, એમ લૌકિક મિથ્યાદ્રષ્ટિ સૈગત, શૈવ, શાકત, જૈમિનીય, વૈશેષિક વિગેરે મતોને અનુસરનારા વ્રતવારા બ્રાહ્મણ, ચરક, પરિવ્રાજક, ત્રિદન્ડિક, યાજ્ઞિક, વિગેરે તેની પાછળ ચાલનારા રાજા, પ્રધાન, વાણીયા વિગેરે થોડો થોડો વૈરાગ્ય ઉપદેશ શાસ્ત્રથી જન્મ, જરા, મરણ આદિ ભવ દુઃખોથી બીતા શરણ અને રક્ષણની દિશાને ન જાણતાં, કુગુરૂ, કુશાસ્ત્રઉક્તિથી ભરમાયેલા તેના દેખાડેલા ધર્મ બુધ્ધિથી યજ્ઞ, અગ્નિહોમ, કુદેવ પૂજા, પશુ હોમ, વધ, મહામાસ સ્નાન, કુદાન, વૃક્ષારોપણ, કન્યાવિવાહ, આદિ મહા આરમ્ભવાળા અનુષ્ઠાનો, ધર્મ સાધનાથી વિરુધ્ધ કરતાં કર્મ વિપાક શિકારીએ સ્થાપિત પાપ બન્ધ રૂપી જાળમાંજ પડે છે. આ લોકમાં અને પરલોકમાં સ્વર્ગ મોક્ષના અર્થિ છતાં અનંતભવનાં દુઃખથી અંતે સંતાપ જ પામે છે. વળી કેટલાંક અતિ ઉગ્રતપ, અનુષ્ઠાન યોગ અભ્યાસ વિગેરેથી કાંઈક સ્વર્ગ, રાજ્ય વિગેરે સુખો પામે છે. પણ ભવદુઃખમાંથી છૂટતાં નથી જ.

*(ઉપદેશ રત્નાકર)*

" તીરથની આશાતના નવિ કરીએ... "

# બંધ કરો, શત્રુંજયતીર્થનો પર્યાવરણીય પુનરૂધ્ધાર...

મંદિરોની નગરી જેવું શ્રી શત્રુંજય તીર્થ એકવાર આક્રમણોના સાણસામાં સપડાઇ ચૂક્યું છે. ફર્ક એટલો જ છે કે આ વખતનું આક્રમણ 'પર્યાવરણીય પુનરૂધ્ધાર' જેવા શબ્દનો મુખૌટો ઓઢીને ઘસી આવ્યું છે એટલે એને ઓળખવામાં ઘણાં જૈનો થાપ ખાઇ રહ્યા છે.

જરૂર છે, દૂરંદેશીની, ઉંડાણપૂર્વક વિચારશો તો સમજાશે કે શત્રુંજયતીર્થનો પુનરૂધ્ધાર આ રીતે કદી નહિ થાય, થશે. તીર્થના પર્યાવરણીય પુનરૂધ્ધારના નામે તીર્થંકર પ્રભુએ સ્થાપેલા 'ધર્મતીર્થ'નો ઠંડા કલેજાનો સંહાર.

આ પ્રકારની પ્રવૃતિની પાછળ રહેલી પ્રત્યેક સંસ્થાને અમારો સખ્ય અનુરોધ છે. હવે બસ કરો. તમારી પર્યાવરણ કેન્દ્રિત વિચારશૈલીને સમસ્ત જૈન સંઘ ઉપર અને એની અતૂટ શ્રધ્ધાના કેન્દ્રસમા શત્રુંજય તીર્થ ઉપર થોપી દેવાનું બંધ કરો.

'સમસ્તમહાજન' નામની એક સુજનસંસ્થાએ વર્તમાનમાં તીર્થાધિરાજ શ્રી શત્રુંજયનો પર્યાવરણીય પુનરૂધ્ધાર પ્રારંભ્યો છે. અમારે કહેવું છે, આ પ્રકારનું મનસ્વીકૃત્ય તીર્થની ભયાનક આશાતનાને નિમંત્રણ આપે છે. હજારો એકેન્દ્રિયજીવોની કતલને નિમંત્રણ આપે છે. તીર્થ ઉપરના જૈન સંઘના અબાધિત અધિકારના અંતને નિમંત્રણ છે. સરવાળે તીર્થંકરદેવની આજ્ઞાના ઉલ્લંઘનને ખૂલ્લુ નિમંત્રણ આ દ્વારા મળી જાય છે.

| ક્રમ | પુનરૂધ્ધારની પ્રસ્તાવિક રૂપરેખા | એના ફળ સ્વરૂપે સર્જનારા વિઘાતક પરિણામો... |
|---|---|---|
| ૧ | ગિરિરાજ ઉપર નવા ૧૫ સરોવરો બનાવવા જૂના સરોવરો રી-ચાર્જ કરવા | હાલ, ૧૫ પૈકીનું એક સરોવર તૈયાર થઇ ગયું છે. આસપાસના ૨૫ ગામોના માલધારીઓ પોતાના પશુઓ માટે એનો લાભ ઉઠાવી રહ્યા છે. ક્યારેક આ માલધારીઓ પોતાના પશુઓ સાથે 'ડેરા' નાખીને રાતભર ગિરિરાજ પર પડયા રહે છે. એક સરોવર જ જો આ સ્થિતિ સરજી દીધી છે. જો ૧૫ સરોવરો તૈયાર થશે તો નજીકના ભવિષ્યમાં માલધારીઓની બહુમોટી વસાહત તીર્થ ઉપર ખડકાઇ નહિ જાય ?<br>સમય જતા આવી સંભવિત વસાહત તીર્થ ઉપર પોતાની માલિકી નહિ જમાવી દે ? |
| ૨ | તીર્થની ૪૦ હજાર એકર જેટલી મંજૂરી પ્રાપ્ત જમીનમાં ગોચર-ડેવલપ્ કરવું. | ગોચર ડેવલપમેન્ટ એટલે અનંતા એકેન્દ્રિયોની કતલ.<br>વનસ્તપિના સ્પર્શમાત્રને 'પાપ' સમજનારો જૈન હજારો એકર જમીનમાં એની જાળ શી રીતે પાથરી શકે ?<br>આ એક પ્રકારની હિંસક ચેષ્ટા બની જાય છે. |
| ૩ | આ માટે રૂ. ૫૬ કરોડનું ભંડોળ એકત્ર કરવું. | તમે ૨૮ કરોડ જેટલી રકમ સરકાર પાસે માંગી લીધી છે. સરકાર પાસે આ રીતે રકમની અપીલ કરવી એટલે વહીવટમાં રાજકીય હસ્તક્ષેત્રને નોંતરૂ આપવું. |
| ૪ | બાકીની ૨૮ કરોડ જેટલી રકમ જૈન સંઘ પાસે 'તીર્થ-ભક્તિ' ના નામે એકત્ર કરવી | જૈન શાસ્ત્રોમાં ધનના સદ્‌વ્યય માટે સાતક્ષેત્રો તેમજ જીવદયા અને અનુકંપા, આમ, કુલ ૯ સ્થળો દર્શાવ્યા છે. પર્યાવરણીય પુનરૂધ્ધાર જેવું દશમું ક્ષેત્ર એકેય શાસ્ત્રમાં વર્ણિત નથી. હવે આવા મનસ્વી કાર્યને 'તીર્થભક્તિ' શેં કહી શકાય ? એ માટે જૈન સંઘ પાસે નાણા શેં માંગી શકાય ?<br>પર્યાવરણીય પુનરૂધ્ધાર માટે સખાવત આપવી એ દાનધર્મ બનતો નથી. |

*જરૂર નથી, તીર્થભૂમિઓના પર્યાવરણીય પુનરૂધ્ધારની. જરૂરત છે, પર્યાવરણ મૂલક વિચારભંડોળના પુનરૂધ્ધારની.*

*પ્રાંતે ચતુર્વિધ શ્રી સંઘ આવી તીર્થવિનાશક યોજનાઓને તાકીદે 'રૂક જાવ' નો નાદ સંભળાવી દે એવી જ એક વિનમ્ર અભ્યર્થના સહ.*

*લી. સંપાદક શ્રી, 'જૈન સાશન' સાપ્તાહિક તથા 'મહાવીર શાસન' માસિક*

# વિષય વિરાગી અને કષાયના ત્યાગી બનો !

પૂ. મુનિ શ્રી પ્રશાન્ત દર્શન વિજયજી મ.

*(અનાદિ કાળથી વિષય-કષાય સ્વરૂપ સંસાર આત્માને એવો વળગ્યો છે જેના કારણે જીવ અનુકુળતાનો અર્થી અને પ્રતિકૂળતાનો દ્વેષી બની જે જે પ્રવૃતિ કરે તેથી પાપ જ બાંધે છે. એકદમ અનુકૂળ વિષયોની આસકિત ન છૂટે ને બને પણ તેનાથી મારે બચવું છે તેનો શકય સંપર્ક રાખવો છે આવું પણ જો જીવને મન થાય તો તેનાથી બચી શકે. વિષયોના વિરાગ વિના કષાયનો ત્યાગ શકય નથી. મારે વિષયોનો સંપર્ક ટાળવો છે, કષાયોની પરવશતાથી બચવું છે તે માટે જ્ઞાનીઓએ બતાવેલા ઉપાયોનો વિચાર કરવો છે. વિષયાધીનતા અને કષાયની પરવશતાથી બચવા મહાપુરૂષોએ ભિન્ન ભિન્ન ગ્રન્થોમાં સુંદર માર્ગદર્શન આપ્યું છે. પ્રસ્તુત લેખમાં 'સંવેગ રંગશાખા' 'ચઉપ્પન્ન મહાપુરિસ ચરિયં' 'આખ્યાનકમણિ કોશ' 'સમતાશતક' આદિ ગ્રન્થોના આધારે વિષયોની વિરાગ અને કષાયના ત્યાગ અંગે વિચારણા કરવામાં આવી છે. સૌ વાચકો શાંતચિત્તે વાંચી-વિચારી 'ત્યાગનો રાગ અને રાગનો ત્યાગ' કેળવી, વિષયોના વિરાગી અને કષાયોના ત્યાગી બની પરપરિણતિથી વિરામ પામી આત્મા પરિણતિમાં મગ્ન બની આત્મિક ગુણસમૃદ્ધિને પામી આ જન્મને સફળ કરો. શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. લે.)*

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માઓ ફરમાવે છે કે, જીવદ્રવ્ય સ્વભાવ અને સ્વરૂપથી એકદમ નિર્મલ અને વિશુદ્ધ છે. પરન્તુ અનાદિથી જીવને કર્મની સાથે ક્ષીર-નીર ન્યાયે એવો સંબંધ બંધાઈ ગયો છે કે જીવ પોતાના વિશુદ્ધ સ્વરૂપને જ ભૂલી ગયો છે અને કર્મજન્ય સ્વરૂપને જ પોતાનું સ્વરૂપ માની બેઠો છે. જીવ અસંખ્યાત પ્રદેશી છે, એક એક પ્રદેશમાં અનંતી કાર્મણવર્ગણા વળગેલી છે, એક એક વર્ગણામાં અનંત પરમાણુ છે અને એક એક પરમાણુમાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શના અનંત પર્યાયો છે. અને એક એક પર્યાયમાં કેવળજ્ઞાનના પણ અનંત પર્યાયો રહેલા છે. જ્યાં સુધી જીવ ઉપર કર્મનું પ્રાધાન્ય હોય ત્યાં સુધી તેને સાચી ચેતના જાગતી નથી. જીવ જેવો જીવ પણ જડના ભાઈ જેવો બની જાય છે. કર્મને પરવશ બનેલા જીવની માત્ર દયા જ ચિંતાવવાની છે. કેમકે, જ્ઞાનિઓએ કહે છે કે- ''વજ્ર જેવા ભારે અને ગાઢ ચીકણા એવો કર્મો જ્ઞાનથી યુકત પુરૂષને પણ માર્ગથી પતિત કરી ઉન્માર્ગમાં દોરી જાય છે.

અનાદિથી જીવ સુખ માત્રનો એવો રાગી-અર્થી બન્યો છે કે, સુખ શબ્દ સાંભળતાં મોઢામાંથી લાળ નીકળે છે અને તે ઈચ્છિત સુખ મેળવવા જે કરવું પડે તે કરવા તૈયાર થાય છે. તેમાં તેને પાપની પણ સુગ થતી નથી. અશુચિથી સૂગ કરનારા જીવ અશુચિ સ્વરૂપ સુખમાં કેવો પાગલ ગાંડો બને છે તે ઈન્દ્રિયજન્ય સુખોમાં આસકત બનનારને ખ્યાલમાં છે. જે જીવને ખરડે, મલીન કરે તેના કારણે તેને પાપ કહેવાય છે. શરીર-વસ્ત્ર ગંદકીથી ખરડાય તો તેની શુદ્ધિનો આગ્રહી જીવ પાપને મજેથી સેવી પાપથી મલીન બનવા છતાં તેમાં સુખને જ માને છે આના જેવો સંન્નિપાત બીજો કયો? અનાદિકાળથી જીવોને મૈથુન સંજ્ઞા અતિપ્રિય છે. ઈન્દ્રિય-કષાયજન્ય જેટલાં સુખો તે સુખોની વૃત્તિ-પ્રવૃત્તિ બધાનો સમાવેશ જ્ઞાનીઓએ મૈથુનમાં કર્યો છે. સંસારનાં જેટલાં સુખો તે બધા મૈથુનમાં સમાય છે. અને તેના સાધનો તે પરિગ્રહ રૂપ છે. અપેક્ષાએ આ મૈથુન અને પરિગ્રહ તે જ સંસારનું મૂળ છે, બધાં પાપોનું અને અધર્મનું મૂળ છે. જ્યાં સુધી તે બે ખરાબ ન લાગે ત્યાં સુધી વિષય વિરાગ કે કષાય ત્યાગનો ભાવ પણ પેદા ન થાય, તેની જરૂર પડે, તેની સાથે રહેવું પડે તેટલા માત્રથી તેને સારા કહેવાય નહિ. અવસરે ધૂળની પણ જરૂર પડે તો ધૂળને તિજોરીમાં મુકે ખરું ? રસોઈ માટે કોલસાદિ દાહ્ય પદાર્થોની જરૂર પડે તો કોઈ પણ માણસ કોલસાને હાથ જોડે, પૂજા કરે તેમ કરે ખરા ?

અનાદિથી જીવ સુખનો અનુકૂળતાનો ગાઢ પ્રેમી અને દુ:ખ પ્રતિકૂળતાનો ગાઢ દ્વેષી બન્યો છે. જીવે

અનંતો કાળ એકેન્દ્રિય પણામાં કાઠયો હોઈ સ્પર્શેન્દ્રિયની લાલસા એકદમ ન ઘટે તે બને. પણ તેને આધીન તો મારે નથી જ બનવું અને શકય તેટલા તેનાથી બચવું છે. આસક્તિ ન છુટે પણ તેના લગાવથી બચવા ઈષ્ટ વિષયોના રાગનો સંપર્ક ઓછો કરવો અને અનિષ્ટ વિષયોની સાથે સંપર્ક વધારવો જેથી તેના પ્રત્યે દ્વેષતી માત્રા ધીમે ધીમે નાશ પામે.

વિષયનો વિરાગ, કષાયનો ત્યાગ, ગુણ માત્રનો અનુરાગ અને તે માટેની જ્ઞાનીએ બતાવેલી ક્રિયાઓમાં અપ્રમાદ આવે તેને મોક્ષનો ઉપાય કહ્યો છે. તે માટે રોજ વિચારવું કે, આ સંસાર એ મારા આત્માનું સ્વરૂપ નથી પણ કર્મે સર્જેલું વિરૂપ છે. મારું શુધ્ધ સ્વરૂપ મોક્ષ જ છે. જે કાંઈ મારામાં વિક્રિયા-ખામી દેખાય છે તે કર્મના કારણે છે. જે કર્મ ચૌદ-પૂર્વીને પણ નિગોદમાં મોકલે તે કર્મથી કેટલા બધા સાવધ સાવચેત રહેવું પડે. કર્મે આપણને રમકડાં બનાવ્યા છે અને એવા નાચ કરાવી આપણાને નરકાદિ દુર્ગતિમાં મોકલી નાચે છે. આ રીતના કર્મને ઓળખી કર્મ સાથે કજીયો કરે તેનું કલ્યાણ થાય. **કર્મ સામે ક્ષણે ક્ષણે જેનો કજીયો ચાલુ હોય, કર્મ સાથે જેને જરા પણ મેળ નહિ તેનું નામ ધર્માત્મા છે !**

આ સંસાર એ આત્માનું સ્થાન નથી. પુણ્ય યોગે મળેલી અનુકૂળ સામગ્રી સંયોગો આજે છે અને કાલે નથી, મને પૂછ્યા વિના ચાલ્યા જાય કાં મારે તે છોડીને જવું પડે. દુનિયાના બધા જ પદાર્થો, મારું ખુદનું જીવન પણ અનિત્ય છે. જે નાશવંતી ચીજો પાછળ મારું જીવન વેડફી રહ્યો છું, લોહીનું પાણી કરું છું. તે બધાનું કારણ મોહ છે, વિષયાસક્તિ છે. સંસારનું પુણ્યથી મલતું સુખ ગમી જાય તેવું છે. લોભામણું અને લલચામણું છે. તેમાં જ મજા માની જીવું છું., ઈન્દ્રિયો તો સુખના આશામાં જીવે છે. થોડું સુખ મળે તો પાગલબની જે રીતના વર્તે છે. તેનું વર્ણન ન થાય. મદિરાનો નશો ચઢે તેના કરતાં આ વિષય-કષાય જન્ય સુખોનો નશો વધુ ભયંકર છે. તેના નશામાં પાપ, પાપ લાગતું જ નથી. તે સુખે જીવને એવો રાંકડો - બિચારો-લાચાર બનાવી દીધો છે જે સૌના સ્વાનુભવમાં છે. તેનું કારણ એ પણ છે કે, આજે મોટા ભાગની પાસે પુણ્ય છે પણ ઉત્તમ સંસ્કાર નથી. આ ઈન્દ્રિયોમાં પાગલ બનેલા વિચારતા નથી કે, આ ઈન્દ્રિયો તો હરામખોર જાતની દુર્જનને ય વટલાવે તેવી છે, તે મોહની દૂતી છે. આત્માનો નાશ કરનારી છે. જીવની ઈન્દ્રિયો હોવા છતાં મોહનું કામ કરે છે. જેના પર મોહનો અધિકાર જીવનો હોય તેને તો ઈન્દ્રિયો ડાકણની જેમ વળગી એવા એવા કામ કરાવે કે શૈતાનને ય શરમાવું પડે. અને તેના માટે આજના TV, વીડીયો આદિ સાધનો દષ્ટાંતભૂત છે. જે ઈન્દ્રિયોને ઓળખે, તેના વિકારો અને વિકૃતિને આધીન ન થાય તે જ આત્મા તેનાથી બચી શકે.

ઈન્દ્રિયોના વિજેતા બનવા ભોગતૃષ્ણાના સ્વરૂપને સમજવું જરૂરી છે. આ તૃષ્ણા જ એવી છે જે દિવસે વધતી જાય. ગમે તેટલી તેની પૂર્તિ કરો તો પણ તે વધતી જ જાય. તેની ઓળખ આપતા 'ઉપમિતિ'માં કહ્યું છે કે- આ ભોગતૃષ્ણા અંધકારની કાળજ જેવી કાળી રાત્રિ સમાન છે, રાગાદિ દોષોનું કારણ છે, પાપકાર્યોમાં પ્રવર્તાવનારી છે. જેમ કાષ્ઠો વડે અગ્નિ અને નદીઓ વડે સમુદ્ર ન પૂરાય તેમ જેમ જેમ ભોગવો તેમ તેમ વૃધ્ધિને પામનારી છે, સમુદ્રને બે હાથથી માપવાની જેમ ભોગોથી આને પૂરવાને ઈચ્છે છે, ભોગતૃષ્ણામાં જ આનંદ-મજા-પ્રિયતા માને તે કાયમ સંસારમાં ભટકે. થોડી અનુકૂળતા મળે અને મોહથી તેમાં મદોન્મત્ત બની દુઃખી થાય છે. મોક્ષનો દ્વેષી અને સંસારનો જ પ્રેમી બનાવનારી પાપિષ્ઠ એવી આ ભોગતૃષ્ણા છે. તેમાં જ રાગી અને પાગલ બનેલો સ્ત્રીના અશુચિ અંગોમાં કુંદ, કમળ, સુવર્ણકળશ અને ચન્દ્રની ઉપમા આપી મોહ ઘેલો મોહને જ વધારે છે. સઘળાંય નિન્દ્ય કર્મોનું કારણ માયાવી રાક્ષસી જેવી આ ભોગતૃષ્ણા છે. લજ્જા, વિવેક, વિનય, ગુર્વાદિની ભક્તિ આદિ સઘળાય ગુણોને ભૂલાવનારી ભૂત જેવી આ ભોગતૃષ્ણા છે. અન્ય દર્શનીઓ પણ માને છે કે તામસ ભાવથી યુકત અને રાજસ પરમાણુથી બનેલા શરીરવાળી આ ભોગતૃષ્ણા પાપરૂપ છે અને પાપમાં જ પ્રવર્તાવનારી છે. માટે તેના પાપથી બચવા પ્રયત્ન કરવો જોઈએ. *(ક્રમશઃ)*

## સમાચાર સાર

**કુર્લા (પ.) મુંબઈ** મધ્યે ગોડવાડના ગૌરવ પ્રભાવક પ્રવચનકાર પૂજ્ય ગણિવર્યશ્રી રત્નસેનવિજયજી મ. સા. આદિ ૫ ઠાણાની તારક શુભનિશ્રામાં ચૈત્ર માસની ઓળીની સામુદાયિક આરાધના ખૂબ ઉત્સાહ ઉલ્લાસ પૂર્વક ચાલુ છે. લગભગ ૧૫૦ આરાધકો નવપદ ઓળીમાં જોડાયા છે.

ઓળી દરમયાન સમૂહ સામાયિક, શ્રી સિધ્ધચક્ર મહાપૂજન, શત્રુંજયની ભાવયાત્રાની સાથે સાથે વર્ધમાન તપોનિધિ પૂ. મુ. શ્રી ઉદયરત્નવિજયજી મ. સા.ની વર્ધમાન તપની ૧૧મી ઓળીની નિર્વિધી પૂર્ણાહુતિ નિમિત્તે ચૈત્ર સુદી-૧૩ પ્રભુ મહાવીરના જન્મ કલ્યાણક દિવસે ૫૬ દિક્કુમારિકા સહિત ભવ્ય સ્નાત્ર મહોત્સવ પણ રાખેલ છે. તે જ દિવસે પૂજ્ય ગણિવર્યશ્રી રત્નસેન વિજયજી મ. સા. દ્વારા હિન્દી ભાષામાં લખાયેલ 'માતા-પિતા' પુસ્તકનું ભવ્ય વિમોચન પણ થશે.

નવપદ ઓળી બાદ મુંબઈના વિવિધક્ષેત્રોમાં વિચરી અસાઢ સુદમાં ચાતુર્માસ માટે દીપક જ્યોતિ ટાવર, કાલાચોકી, પરેલ મધ્યે પ્રવેશ કરશે.

ચાતુર્માસ દરમ્યાન પૂજ્યશ્રીની નિશ્રામાં અનેકવિધ અનુષ્ઠાનો અને પૂજ્યશ્રી દ્વારા આલેખિત "બીસવી સદી કે મહાન્ યોગી", ૧૦૦મું પુસ્તકનું ભવ્ય વિમોચન પણ થશે.

**સાબરમતી :-** રામનગર પૂ. પં. શ્રી રશ્મિરત્ન વિ. મ. ની નિશ્રામાં બભૂતમલજી અમીચંદજી ગાંધી તરફથી ચૈત્રી ઓળી થઈ. ૧૧૨૫ આરાકધો જોડાયા, સિધ્ધચક્ર પૂજન, પારણા અને તે પ્રસંગે સકલ સંઘનું સાધર્મિક વાત્સલ્ય કર્યું.

**જૈન શિક્ષણ સાહિત્ય પત્રિકા**

ધાર્મિક શિક્ષણ અને પાઠશાળાઓનું ૪૭ વર્ષથી પ્રગટ થતું જૈન શિક્ષણ સાહિત્ય પત્રિકા (માસિક) લવાજમ ત્રણ વર્ષના **રૂા. ૧૦૦/- ગ્રાહક બનો !**

**જૈન ધા. શિ. સંઘ – શિક્ષણ પત્રિકા,**

ગોડીજી બીલ્ડીંગ, ત્રીજા માળે, ૨૧૯/એ, કીકા સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.

વજ્ર સ્વામી જૈન પાઠશાળામાં ૩ થી ૮ વર્ષ બાળકોને ધાર્મિક શિક્ષણ સુંદર યોજાયું. ૬૦૦ જેટલા બાળકોએ લાભ લીધેલ છે.

**કાપનુર (મ. પ.)** શ્રી હજારી માલજી લાઠીયાએ કંપિલપૂરિ તીર્થના વિકાસમાં ખૂબ સક્રિય ભાગ લીધો છે, તેઓ પ્રાચીન પૂરાત્વની કંપિલની શોધ કરી હતી. તેઓ ૨૪ સપ્ટેમ્બરના સ્વર્ગવાસ થતા તેમના જૈન શાસન કાર્યો માટે શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

**રાજકોટ :** વર્ધમાનનગર અત્રે પૂ. તપસ્વી રત્ન મુ. શ્રી લાભવિજયજી મ. ના ૫૦ માં દીક્ષા વર્ષ પ્રવેશ નિમિત્તે ત્રણ દિવસ જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ તેઓશ્રીની તથા પૂ. સા. શ્રી પદરેખાશ્રીજી મ. ની નિશ્રામાં, વૈસાખ સુદ-પ્રથમ ૬ થી ૭ સુધી શાંતિસ્નાત્ર પૂજા રાખવામાં આવી હતી. વિધિ માટે શ્રી ભૂપતભાઈ શાહ તથા ભક્તિ રસ માટે શ્રી પ્રતાપભાઈ શાહની મંડળી પધારેલ.

**કુંભોજગિરિ :** અત્રે પૂ. ઉ. શ્રી મણિસાગરજી મ. ની નિશ્રામાં સુખીબાઈ ભીમરાજજી છાજેડ પુના તરફથી ચૈત્ર માસની શાશ્વીતી ઓળીનું આરાધન રાખ્યું હતું.

**ભીવંડી :** પૂ. આ. ભગવંત લલિત શેખર મહારાજ વિનંતિ કરતા વાડીમાં ચૈત્ર માસની ઓળીની આરાધના કરાવા પધારો ત્યાં તેમના શિષ્યો પૂ. મુ.ની હર્ષ સેખર વિ. મ.તથા પૂ. મુનીશ્રી જીતધર્મ વિ. મ. ને આરાધના માટે મોકલ્યા. પરમ પૂ. આ. ભગવંત જિનેન્દ્રસૂરિશ્વરજી મહારાજના શિષ્ય પૂ. પ્ર. મુ. યોગીન્દ્ર વિજયજી મ. ને પણ વિનંતી કરેલી. ઓળીની સંખ્યા ૨૭૦ની થઈ. ૧૧૦ ભાવિકોએ આંબેલ કરાવાના લાભ લીધો, પારણા પણ તેમના તરફથી થયા. વ્યાખ્યાનમાં પ્રભાવના થઈ હતી. પારણાના દિવસે જુદી જુદી પ્રભાવના થઈ હતી.

**સુધારો :**

જૈ. શા. વર્ષ ૧૬ અંક ૯, પેજ ૧૭૦ ઉપરના લેખમાં પૂ. મુ. શ્રી હિતવિજયજી મ. છે. તેને બદલે બીજુ છપાયું છે. તો આ સૂધારો જાણશો.


જ્યારે દેવ રોકાયો નહિં તો કુમાર વર્ધમાને કસીને તેમના ખંભા પર એક મુકકો માર્યો.
અરે ! મરી ગયો.
૯૯
દર્દ થી પીડાતા તે દેવ તરતજ પોતાના અસલી રૂપમાં આવી ગયા અને વર્ધમાન પાસે ક્ષમા માંગી.
હું આપના સાહસની પરીક્ષા લેવા આવ્યો હતો. આપ સાચેજ વીર જ નહિ, મહાવીર છો.
૧૦૦
ત્યાં સુધીમાં બાળકો ગાંમમાંથી કેટલાક માણસોને લઇ આવ્યા હતા. જ્યારે માણસોએ દૈત્યની જગ્યાએ એક દેવને ચરણોમાં ઝૂકેલા જોયા તો જયજયકાર કરવા લાગ્યા.
મહાવીર વર્ધમાનની જય
આ બાળક તો વીરોના વીર મહાવીર છે.
૧૦૧
તે દિવસથી વર્ધમાન મહાવીર કહેડાવા લાગ્યા.

# પરિમલ

- પૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

✳ મોહની બધી પ્રકૃતિઓને મૂળમાંથી સાફસૂફ કરે તેવો જે આત્માનો પરિણામ તેનું નામ ક્ષપકશ્રેણિ!

✳ વિદ્વતા બતાવવા આ વ્યાખ્યાન નથી. પોતાની જાતને અને તમને સારા બનાવવા આ વ્યાખ્યાન છે.

✳ ભગવાન ખાતર આપણે કાંઇ છોડવાનું કે, આપણા સુખ ખાતર ભગવાન છોડવાના?

✳ આપણે ત્યાં બહુમતિ, લઘુમતિ કે સર્વાનુમતિ નહિં પણ શાસ્ત્રમતિ જ મનાય, ધર્મના સિદ્ધાંતો નિશ્ચિત છે કોઈની દેન નથી કે ફેરફાર કરે!

✳ આજે તમારી પાસે પૈસા પણ મેલા છે અને હૈયા પણ મેલા છે.

✳ તમારે અમારો ખપ નથી પણ અમારા આશીર્વાદનો ખપ છે. કયા આશીર્વાદ? આ સંસાર ઝટ છૂટી જાય તે કે સંસારમાં લીલાલહેર થાય તે?

✳ દુનિયાની સુખસામગ્રીના જ વખાણ કરે તે અમારા ગુરુ નહિ! પણ માત્ર મોક્ષસુખની જ વાત સમજાવે તે અમારા ગુરુ! આટલી પણ સમજણ હૈયામાં છે?

✳ અમને મંત્ર- તંત્ર - પૈસાદિની સલાહ આપે તે અમારો ગુરૂ નહિં! જો પૈસા સારા હતા તો અમે છોડયા કેમ?

✳ સાધુ પાસે આવનારને 'ત્યાગ સારો અને સંસાર ભૂંડો છે' તેમ ન લાગે તો સાધુમાં ય અપલક્ષણ!

✳ અમારો ભગત લક્ષ્મીવાન હોય તે અમારી કીર્તિ નથી. અમારો ભગત ત્યાગી- સદાચારી- ઉદાર હોય તે અમારી કીર્તિ છે!

✳ તમે દાન દો તે પૈસા માટે, શીલ પાળો તે અધિક ભોગ માટે, તપ કરો તે ધાર્યું થાય માટે- તો તે એક જાતિનો વેપાર થયો. તેવા વેપારમાં અમારી સંમતિ હોય તો અમારા જેવા નિમકહરામ બીજા કોણ?

✳ શ્રાવક દુઃખી હોય તે કલંક નથી, શ્રાવક લુચ્ચો- જુઠો દોષિત હોય તે કલંક છે!

✳ વેપારના ભાવ-તાલ, વધ-ઘટ, બધાની ખબર હોય તે પેઢી સારી ચલાવી શકે અને અહીં કાંઇ જ ન જાણે તે ધર્મ કરે!

✳ દુઃખ આપે તેવા કામ જાણી- બુઝીને કરે તેનું નામ જ પાગલ!

✳ તમે જ્યાં પૈસો ન ખરચવો ત્યાં પાણીની માફક ખર્ચો છો, ભક્તિની વાત આવે ત્યાં મીંડુ! તમને સમજુ કહેવા, અણસમજુ કહેવા કે ઈરાદાપૂર્વકના ઠગ કહેવા?

✳ ભગવાનના શાસ્ત્રો મોજૂદ છે તે સાંભળવા, સમજવા નથી, સમજવા અભ્યાસ કરવો નથી તેવો જીવ મહાવિદેહમાં જઈ શું કરે?

✳ દુઃખ આપનાર પાપના ઉદય કરતાં પાપ કરાવનાર પાપનો ઉદય તે બહુ ભૂંડો છે. પાપથી દુઃખ આવે અને પાપના ઉદયથી પાપ થાય!

✳ ધર્મક્રિયા કરનારા માટે પણ 'આ સંસાર ભૂંડો છે, છોડવા જેવો જ નથી અને મોક્ષ જ મેળવવા જેવો છે' એ વાત રોજ યાદ આવે તેવા કેટલા મળે?

જૈન શાસન અઠવાડીક ● માલિક : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતા – ગેલેક્સી ક્રિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

# જૈન શાસન

नमो चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

શાસન અને સિધ્દાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

## અઠવાડિક

વર્ષ ૧૬ અંક ૨૫

*ગુરુનિંદકને વિદ્યા ફળતી નથી*

जो उण णिंदेह गुरुं णिण्हवइ
य गौरवं विमग्गंतो ।
तस जइ कह वि विज्जा होइ
फलं ण उण जे देह ॥

(ચઉપ્પન્ન મહાપુરિયં ચરિયં)

જે ખરેખર ગુરુની નિંદા કરે છે, ગુરુના નામને છુપાવે છે અને પોતાના જ ગૌરવ-મહત્ત્વને શોધે છે, તેને કદાચ કોઈપણ રીતે વિદ્યા પ્રાપ્ત થાય તો પણ તે વિદ્યા તેને લાભદાયી બનતી નથી.

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

# 'સુશીલ સંદેશ'

## કરૂણા નિધાન ભગવાન મહાવીર – હપ્તો–૧૯.

યુવાન થયા બાદ એક દીવસ માતા-પિતાએ વર્ધમાન ને કહ્યુ.




માતા-પિતાના આગ્રહથી રાજા સમરવીરની પુત્રી યશોદા સાથે મહાવીરનું પાણીગ્રહણ થયું.



જ્યારે મહાવીર ૨૮ વર્ષના થયા ત્યાં સુધી તેના પિતા રાજા સિધ્ધાર્થ તથા માતા ત્રિશલા સ્વર્ગવાસી થઇ ગયા હતા.




કુમાર વર્ધમાન અનુમતિ લેવા માટે મોટા ભાઇ નન્દીવર્ધન પાસે ગયા. નન્દીવર્ધને દીક્ષાની વાત સાંભળી તો તે બહુ દુ:ખી થઇ ગયા.



आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवाय च
હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

Received 21/05/04

# જૈન શાસન

(અઠવાડીક)

તંત્રીઓ :
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૬ ) * સંવત ૨૦૬૦ વૈશાખ વદ - ૧૪ * મંગળવાર, તા. ૧૮-૫-૨૦૦૪ (અંક : ૨૫

## પ્રવચન અડસઠમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

સં ૨૦૪૩, આસો વદિ-૧૨, સોમવાર, તા. ૧૯-૧૦-૧૯૮૭
શ્રી ચંદનબાલા જૈન ઉપાશ્રય, મુંબઈ - ૪૦૦ ૦૦૬

**પૂ.આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

*ગતાંકથી ચાલુ...*

(શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના - અવ.)

वित्रासयन्ति नियतं भवतो वचांसि ।
विश्व सयन्ति परवादि सुभाषितानि ।
दुःखं यथैव हे भवानवदत्तथा तत् -
तत्सत्य त्तवे च मतिमान् किमिहा (वा) भयः स्यात् ?

મોહ નામનું પાપ ગયું તેને જનમવાનું નહિ. **સારી સામગ્રી મલે તે પુણ્યોદય પણ તે ગમે તે પાપોદય.** મનુષ્યભવ મલ્યો તે પુણ્યોદય પણ જનમવું કેમ પડયું? બધાં જ પાપ કર્મોમાં મોટામાં મોટું પાપ મોહનીય કર્મ છે. મોહનીય કર્મ જીવતું હોય તેને જનમવું પડે. મોહનીય કર્મ મરે તેના બધાં પાપ મરવાના. પછી તેને જનમવું પડે નહિ. કર્મમાત્ર નાશ પામે એટલે જનમ બંધ. શ્રી તીર્થંકર પરમાત્માના મરણને નિર્વાણ કલ્યાણક કહેવાય છે. આંખમા આંસુ હોય પણ મહોત્સવમાં વાજીંત્રો વગાડતા હોય. આખો સંસાર જીતી તરી ગયા, મોક્ષે પહોંચી ગયા. ઈન્દ્રાદિ દેવો તેમના મરણનો મહોત્સવ કરે છે.

તમને જન્મનો ભય લાગે છે કે મરણનો?મરતી વખતે મોટો ભાગ દુઃખી, કો'ક જ મજામાં હોય. ઘર-બાર-પૈસા-ટકાદિ પરિગ્રહ કહેવાય. પરિગ્રહ એ પાપ ને? પરિગ્રહ રૂપ અધર્મને છોડવાનો હોય તો દુઃખ હોય ખરું? આ શરીર પણ મોટો પરિગ્રહ છે. શરીર ઉપર મમતા રાખ્યા વિના જીવવાનું છે. આ શરીર સાથે આવે? જેને મૂકીને જવું પડે, જે સાથે પણ ન આવે, તેને મારું-મારું માનવું અને તેને સાચવવાં બધાં જ પાપ મજેથી કરવા તે કેવો કહેવાય? મહા મિથ્યાદષ્ટિ જ કહેવાય ને? આ શરીર દ્વારા મોક્ષની જ સાધના કરવી છે માટે તેને સાચવવું પડે તો સાચવવાનું છે. આ શરીર જ મોક્ષે મોકલે, આ મનુષ્ય શરીરથી જ મોક્ષ મળે માટે આ મનુષ્ય જન્મની કિંમત છે. બધા જ શરીર રહિત અવસ્થા તેનું નામ જ મોક્ષ છે. તેવી અવસ્થાને પામે માટે તેમના મરણને ઉત્તમમાં ઉત્તમ મરણ કહ્યું છે. જેને જનમ ન લેવો પડે તે આત્મા ઉત્તમોત્તમ કહેવાય.

જન્મની સાથે કેટલાં દુઃખ છે? કેટલાં પાપ છે?

પાપ કરનારા ક્યાં જાય? **મોહની ભેટે તેનો મોહ જાય નહિ. મોહને લાત મારે તેનો જ મોહ જાય.** મોહ તો અનંતીવાર જન્માવે, મારે અને દુઃખી દુઃખી કરનારો છે, સામાન્ય ધર્મીને તો મોહ છિન્ન વિચ્છિ કરી નાખે, **મોહથી ગભરાય તે જ ધર્મ કરી શકે. મોહને સારો માને તે ધર્મ કરી શકે નહિ,** દાન કરવાનું તમને ગમે? ભિખારીને પ્રેમથી આપો! ગમે તે રીતે કમાઈને ઘેર આવે તો તેને કેવી રીતે જમાડો? તે લુચ્ચાઈ કરે છે કે શાહુકારી તે જુઓ ખરા? જેવી આડ તિયાદિની ભક્તિ કરો છો તેવી સાધર્મિકની કરી છે - કરો છો? **મોહ જેને સારો લાગે તેનો સંસાર શાશ્વત છે.** તે જ્યાં સુધી મોહથી ડરે નહિ, મોહથી છૂટવાનું મન પણ થાય નહિ ત્યાં સુધી તેનો સંસાર નાશ પામવાનો નથી. મોહ મિથ્યાદષ્ટિને ગમે, સમક્તિી જીવને મોહ ગમે જ નહિ. આજે જેઓ સંસારમાં વધારેમાં વધારે લહેર કરે છે તે મોહને લઈને કરે છે. તેમાં જ મજા માને તો મરીને ક્યાં જાય મોહને ભૂંડો માને તે જ સાચો ધર્મ કરી શકે, તેને જ સારું પુણ્ય બંધાય. નામના, પ્રશંસાદિ માટે સારો પણ ધર્મ કરે તેને પાપજ બંધાય તેમ જ્ઞાનિઓ કહે છે. તમે મોહને પુષ્ટ કરો છો કે મારી રહ્યા છો? આ સંસાર શાશ્વતો છે. મોહ પણ શાશ્વતો છે. બેય શાશ્વતા છે. તેને આધીન રહેવું છે કે તેનાથી ભાગી છુટવું છે? મોક્ષમાં જેટલા આત્મા ગયા તેના કરતા સંસારમાં અનંતગુણા આત્મા છે. આ ભંડાર ખાલી થવાનો નથી. સંસારમાં રાખનારો મોહ તો સદા જીવવાનો છે, મર્યો નથી, મરવાનો નથી. વ્યક્તિનો મોહ મરશે સમષ્ટિગત મોહ મર્યો નથી, મરવાનો નથી. વ્યક્તિનો મોહ થી, મરશે નહિ. આપણે રખડયા તે મોહને લઈને, હજી પણ મોહને સારો માનીશું તો રખડવું પડશે. ઘણા અનીતિ કરે તો અનીતિ કરવા જેવી કહેવાય? મોહના ગુલામ ઘણા છે, મોહની સેવા કરનારા, મોહની પાછળ મરનારા ઘણા છે. મોહનું શું થશે તેની ચિંતા ન કરો, મોહને આધીન હું રહીશ તો મારું શું થશે તેની ચિંતા કરો!

ભગવાન જેવા ભગવાન મળ્યા 'છતાં ય' આ શરીર મારું લાગે છે. ઘર-પેઢી, પૈસા-ટકાદિ મારા લાગે છે, ભોગવવામાં જ મજા આવે છે તો ભગવાન મારા જેવા પર ઉપકાર શો કરે? તેમ થાય છે. તમે શરીરની સેવા વધારે કરો કે આત્માની? તમને આ શરીરનું દુઃખ ખટકે કે આત્માનું? આખો સંસાર મોહનો પક્ષપાતી છે. મોહનો પક્ષપાતી સંસારમાં રહેવાનો છે, દુર્ગતિમાં રખડવાનો છે. કોઈવાર સુખ મળે તો વધારે દુઃખ માટે જેમ ઘણા માંદા દવા ખાય તો ય રોગ વકરે. કેમકે, પથ્ય ન પાળે, કુપથ્ય સેવે. આપણે તેવા દર્દી રહેવું છે કે, ભગવાન પણ દયા ન કરે. દર્દી મટવું હોય તો કોઈ જીવનું ખરાબ કરવું નહિ. બધાના હિતની ચિંતા કરવી. થાય તો બધાના સારામાં ભાગ લેવો. બધાનું ભલું કોઈ કરી શક્યું નથી કે કરી શકવાનું પણ નથી, ભાવના કરાય પણ કોઈનું ભૂંડું ન કરવું તે તો પોતાના હાથની વાત છે. મોહને આધીનનું ભલું ભગવાન ન કરી શકે. મોહના પૂજારીને ભગવાન ઉપદેશ પણ આપે નહિ . વિશિષ્ટ જ્ઞાનિઓ લઘુકર્મી ભવ્યોને જ ઉપદેશ આપે, પણ મોહને સારા માનનારા ભવ્યોને નહિ. ભગવાન તો કહે કે, તેને સમજાવવાની અમારી શક્તિ નથી. ભગવાન તો તેવાને ઉપદેશ આપે નહિ.

મોહનું નામ જ સંસાર! મોહ જીવતો રહેવાનો તો સંસાર પણ જીવતો રહેવાનો. સાધુ સંસાર છોડે, મોહ જીવતો હોય તો ધર્મ આવે નહિ. સાધુ થઈ દુર્ગતિમાં જાય. **મોહને મારવાની મહેનત કરે તે ધર્મી !** સંસારના સુખના અતિરાગી અને દુઃખના દ્વેષી જીવને શાસ્ત્રે મોહાંધ કહ્યો છે. તે મોહાંધ જીવોને વસ્તુના ગુણ-દોષની કિંમત પરીક્ષા જ હોતી નથી. તેથી જે જે ક્રિયા કરે તો પણ તે દુઃખી, દુઃખી ને દુઃખી જ થાય છે. આજના શ્રીમંતો ક્યાં ફરે છે? મંદિરમાં,

ઉપાશ્રયમાં કે ધર્મસ્થાનોમાં તે જડે ખરા? તે તો લગભગ પરદેશમાં જ ભટકતા હોય ને? જેને હજી પૈસાનો મોહ ઓછો હોય તે સુખી હોય. પણ પૈસાનો મોહ ઘણો હોય તે તો દુ:ખી, દુ:ખી ને દુ:ખી જ હોય. કેટલા પૈસા મળે તો સંતોષ થાય? તમારી પાસે કેટલું દ્રવ્ય હોય તો તમે જંપીને બેસો? તમારે જીવવા માટે શું શું જોઈએ છે? આજે પ્રમાણિક માણસ શોધવો હોય તો જડે? 'આ કદી જૂઠ બોલ્યો નથી. કાયદામાંય પકડાય તેવી ચોરી કરી નથી. તેના બધા જ ચોપડા સાચા છે. જે તેના ચોપડામાં હોય તે જ ઘરમાં હોય અને પેઢીમાં હોય'. આવું તમારા માટે કહેવું તો કહી શકું ખરો? મારા કપડાવાળો જૂઠ બોલે? તે ય મોટું? ચોરી કરે? તે ય મોટી?

મોહે આત્મા માત્રને ખરાબ કર્યા છે. ઘણા નિગોદમાં પડયા છે. બહાર નીકળવાનો કાળ પાક્યો નથી. મડદાની જેમ પડયા છે. બધા જીવો કર્મથી વિંટળાયેલા છે. મોહ સારો લાગે તેની ભવિતવ્યતા ભૂંડી. મોહ ખરાબ લાગે તેની ભવિતવ્યતા સારી. આવા મોહને મારવો છે કે જીવાડવો છે? મોહ જેને ખરાબ ન લાગે તે ખરાબમાં ખરાબ જીવ છે, કશું કોઈનું ખરાબ ન કરી શકે તો ય. મોહ ભૂંડો કે સારો? કર્મ બધા ભૂંડા કે સારા? સુખ આપે તેવું ય કર્મ ખરાબ કોને લાગે? મિથ્યાત્ત્વ મોહ મર્યો અગર માંદો પડ્યો હોય તેને. તમારું મિથ્યાત્ત્વ માંદું છે કે જીવતું છે? આ દુનિયાનું સુખ કેવું લાગે છે? પૈસા-ટકા કેવા લાગે છે? માન-પાન કેવા લાગે છે? મજેથી ખાવા-પીવાનું કેવું લાગે છે? દીકરો પણ તમને કયો સારો લાગે? પાંચ લાખ દાનમાં આપી આવે તો કયો બાપ ખુશ થાય? દશ લાખ કમાય તો કયો બાપ નાખુશ થાય મોહને આધીન બનેલાને માટે ધર્મ કામનો જ નથી. મોહને ભૂંડો માનશો તો જ ધર્મ આવશે. આ મોહને ભૂંડામાં ભૂંડો કહે છે.

સમકિતી કદી સંસારમાં નિર્ભય નથી હોતો. તેને મોહનો ભય હોય છે. મારા સાધુ ધર્મને, શ્રાવક પણાને, સમ્યક્ત્વને લુંટી જનારો મોહ છે. અગિયારમે ગુણઠાણે ગયેલાને પાડનાર મોહ છે. અનંતકાળ સુધી પણ ભટકાવનાર મોહ છે. આપણે બધા સંસારમાં ભટકીએ છીએ, શાથી? આજ સુધીમાં અનંતા શ્રી અરિહંત પરમાત્મા મોક્ષે ગયા, બીજા પણ અનંત આત્માઓ મોક્ષે ગયા તો આપણે કેમ સંસારમાં રહી ગયા? જે મોહને સારો માને તે સંસારમાં જ રહેવાનો છે. મોટે ભાગે દુ:ખી રહેવાનો છે, સુખ પણ ઘણા દુ:ખ માટે જ મળવાનું છે. તમે બધા પાપ કરો છો અને પકડાતા નથી તે પુણ્યોદય છે ને? પુણ્યને ખરાબ કરનારો તે મોહ છે. આજે શાહ,શેઠ,સાહેબ પ્રમાણિક છે ખરો? નથી તો શાથી આવું છે?મોહ બેસો-જીવતો છે માટે. મોટો માણસ હોય તેનો મોહ ઓછો હોવો જોઈએ, રાજા ઓછો મોહવાળો હોય તો રાજય સારું ચલાવે. તે રાજા પ્રજાને દુ:ખે દુ:ખી હોય, સુખે સુખી હોય.

આ શરીર પણ મોટું બંધન છે. **શરીર પરનો, ઘર-બાર પરનો, પૈસા-ટકા પરનો રાગ ન છૂટે તો કદી કલ્યાણ થવાનું નથી.** મોહ રાગ નહિ છોડવા દે. મોહથી શરીરને સાચવે તે કયાં જાય? શરીરને જ સાચવનારા ગમે તે ખાય-પીએ અને ખરાબમાં ખરાબ વર્તન કરે છે. ભક્ષ્યાભક્ષ્યનો વિવેક છે? જ્ઞાન ગમે તેટલું થાય, સદાચાર ન આવે, સદાચારનો ખપ નહિ તેવા ભણેલા બધા વ્યસને પુરા હોય છે. મોહ માણસને હેવાન બનાવનાર છે. મોહ જેને ખરાબ લાગે તે જ ધર્મ માટે લાયક. તેને જ આ સુખ સંપત્તિ ખરાબ લાગે, શરીર બંધન લાગે, જ્ઞાનીની આજ્ઞામુજબ એવી રીતે જીવવું છે કે મરતી વખતે દુ:ખ ન હોય પણ આનંદ હોય. મોક્ષમાં ઝટ જવું છે ને? તો આ શરીર પર પ્રેમ રાખવો છે? મમતા રાખવી છે? સારું રાખવા સાચવવું છે કે ધર્મ કરવા સાચવવું છે? મોજ કરવી છે કે તપ કરવો છે?

ક્રમશ:

# વિષય વિરાગી અને કષાયના ત્યાગી બનો !

પૂ. મુનિ શ્રી પ્રશાન્ત દર્શન વિજયજી મ.

*ગયા અંકથી ચાલુ*

પહેલા જીવોને વશ કરી પછી વિવશ બનાવનારી એવી વશા-સ્ત્રી પરના અનુરાગથી વષયોમાં ગૃદ્ધ બનેલા જીવો આ સંસારમાં વિવિધ પ્રકારની વ્યાધિ વેદના અને વિપત્તિને પામવા છતાં તેમની ચેતના શક્તિ જાગતી નથી. કારણ સુખનો રાગ એવો વહાલો લાગ્યો છે કે, આ લોક અને પરલોકના દુઃખોનું કારણ આ રાગ જ હોવા છતાં રાગાધી ન જીવો કર્યાકાર્ય ને પણ વિચારી શકતા નથી. કહ્યું પણ છે કે-''ભૂખ ન જૂએ એંઠો ભાત, રાગ ન જૂએ જાત-કજાત સઘળાય જીવોને શરીર કે મન સંબંધી બધાજ દુઃખોનું કારણ આ વિષયા સક્તિ સ્વરૂપ રાગ છે. રાગાંધ જીવોને નરકાદિ દુર્ગતિ કરતાં પણ અતિ વેદનાનો અનુભવ કરવા છતાં તેમા જ આનંદ માને છે. પોતાની જાત કદાચ અગ્નિથી દાઝી હોય તો તેની વેદના-પીડાનો અનુભવ કરે છે પણ હું સતત રાગાગ્નિથી બળી રહ્યો છું તેની પીડાનો તેને અનુભવ જ નથી. રાગનું પાત્ર જેમ દૂર-સુ દૂર હોય તો વધારે બાળે છે. પ્રિય પાત્રનો સંયોગ કરતાં વિયોગ પ્રિય પાત્રની યાદીને વધારે સતાવે છે, ત્રણે લોક તેને પ્રિયપાત્રમય જ લાગે છે. એક ક્ષણ પણ હજારો વર્ષ જેવી વસમી વિરહભરી લાગે છે.આવો રાગ દુઃખ રૂપ,સઘળી આપત્તિનું કારણ અને ભયાનક ભવ સાગરમાં ભમાડનારો હોવા છતાં પણ આ જીવની દ્રષ્ટિ-દશા બદલાતી નથી. ખરેખર કર્મોની કેવી પરાધીનતા છે! વિષયા સકિતની કેવી કારમી લાલસા છે! નિર્વેદી એવો પણ જીવ વિષયની વેદી ઉપર પોતાની જાતનું બલિદાન દઈ તેમાં મજા માની રહ્યો છે.

નરકમાં ભયાનક વેદનાઓ સહન કરવા છતાં હજી આંખ ઉઘડતી નથી. જ્ઞાનીનો હિતોપદેશ યાદ આવતો નથી કે-આ સંસારમાં કાંઈ જ સાર નથી.સુખની લાલસા જીવનની ક્ષણે ક્ષણ કતલ કરી રહી છે. ઈન્દ્રિયો દુર્દાની અશ્વ જેવી ચપળ અને બેકાબૂ બની છે,રાગ અને દ્વેષ અતિ દુર્જય છે, ચિત્તના પરિણામો અસ્થિર છે, વિષયો કિંપાકના ફલ જેવા પ્રારંભે મીઠા અને પરિણામે વિરસ અને દુઃખ દાયી છે. પ્રિય જનનો વિયોગ હૈયાને સતત બાળી રહ્યો છે, કામના મનોહર લલિતના વિપાકો ભયાનક છે. રાગ પૂર્વક સેવાતી સ્ત્રીનું સાંનિધ્ય નરકની વાટ સમાન છે, જીવન પાણીના પરપોટા જેવું અસ્થિર છે, યૌવન ક્ષણ જીવી છે અને ભોગો ભૂતની જેમ ભટકાવનારા છે

રાગના સુખો વિચિત્ર વિષમ અનુભવ કરાવનારા છે. જેમકે જેમાં પ્રસન્નતાનું નામ નહિ અને વિષાદનો પાર નહિ, સુખાભાસ રૂપ સુખની માત્રા અલ્પ અને ઉદ્વેગ અતિ ઘણો વિષયોના સેવનમાં માણસ ગુમ અને પશુ હાજર. ચંડાળ ચામડાને સેવે અને ભૂંડ વિષ્ટાને સેવે તેના જેવી હાલત. ભરાવાનું કાંઈ નહિ અને ખાલીપણું વધારે. મસ્તી ઓછી અને ચુસ્તી વધારે. ઉકરડાને ઉદ્યાન માની જે ચેષ્ટા કરે તેની સામે લાલબતી ધરતાં કહ્યું કે ''કામરાગે અણનાથ્યા સાંઢ પણે ધસ્યો''. હે પ્રભુજી! આ કામરાગમાં પાગલ બનેલો હું સાંઢ કરતાં પણ ચઢી ગયો, મારા કરણી કહેતાં જીભ શરમાય અને લખતા લેખિની લાજે. સ્નેહ રાગમાંથી જન્મે, પછી તો વિષય વાસનાના વનમાં જે રીતના વિચરે છે, વર્ણન ન થાય. આજનું ચોમેર વિષય વાતાવરણ ભડકે બળી રહ્યું છે. વર્તમાનના પ્રચારના માધ્યમોએ સદ્‌વિચારોમાં અગ્નિ મૂક્યો છે અને વાસનામય વિચારો-વૃત્તિ-પ્રવૃત્તિ જે રીતના અણછાજતી અણઘટતી વધી રહી છે કે શું થશે? ભોગોપભોગમાં જ રાચતા અને પાગલ બનેલાના વિચારોમાં રાગની દુર્ગંધ, દ્વેષની આગ, વાસનાનો કાદવ, કઠોરતાનો પથ્થર, સ્વપ્રશંસાની ગંદકી, પરનિંદમાં મજા માની રહ્યા છે અને મોહ-માયા-મમતાની તો એવી મહોબ્બત કરી રહ્યા છે કે જોઈ'મોહ

મજેથી સોમણની તળાઇઓમાં પોઢી મસ્ત નિંદર માણી રહ્યો છે. વાસનાનો નાગો નાચ જોઇ હરખી રહ્યો છે. આજે મોહક પદાર્થો, માદક ચિજો અને મનસ્વી વિચારધારાનું પરિણામ એ આવ્યું કે સારા ગણાતા પણ વિષયોમાં એવા મસ્ત બની ઝૂલી રહ્યા છે કે, જ્ઞાનીની વાત પણ બહેરા કાને પ્રવેશે છે કે, પાપ પહેલા આંખથી પ્રવેશે છે અને પછી મનનો માલીક થઇ જાય છે. જેમ રાગાદિ દોષો આત્મામાં મુલાકાતી રૂપે પ્રવેશે છે, આંખમાં આદર જોઇ મહેમાન રૂપે રહે છે અને પછી આત્મા-મનનો કબજો જમાવી માલિક રૂપે રહી જાય છે. પછી તો રાગી પાત્રના દર્શન-પ્રાપ્તિ-સંગ્રહ અને ઉપભોગમાં પાગલ બની જાય છે. સદ્‌ગુરુની શીખ પણ સાંભળતા નથી કે-

*''જગતમાં જન્મી તે શું કર્યું,*
*ઓળખ્યા નહિ અવિનાશ,*
*આહાર, નિદ્રા, ભય, મૈથુનથી*
*કેમ ગયો નહિ ત્રાસી ?''*

હે આત્માન્ ! તારે આવી પરવશતાથી બચવું હોય તો તું વાતાવરણનો વાંક ન કાઢ પણ ડોકટરની જેમ તારા જ મનને સમજાવ કે - હે મારા પ્યારા મનજી ! તમો ક્ષણ બે ક્ષણમાં ચિત્ર-વિચિત્ર ભાવોમાં રમો છો અને પરપદાર્થોમાં મૂંઝાઇ મને પણ મોહિત કરો છો. જેમ દુનિયામાં પાગલ માણસની ઘડી ઘડીમાં હસવા-રડવા, હસાવવા-રડાવવા આદિ ચેષ્ટાને જોઇ લોક મજા માને છે તેમ તમો પણ તેના જેવા બની લોકમાં હસનીય ન બનો તેમ ઇચ્છું છું. યૌવન વયની અંદર વિષયની લાલસાઓથી ગર્દભ સમાન ચેષ્ટાઓ કરો છો તો તેનાપરિણામનો વિચાર કરો ! પાંચે ઇન્દ્રિયોના અનુકૂળ વિષયો પાછળ જે રીતના તમે ભટકો છો, પણ જરા કાન દઇને મારી વાત સાંભળો કે, પ્રારંભમાં મનોહર અને અંતે વિરસ, પરિણામે કટુ એવા તેમાં જરાપણ ગૃદ્ધિ ન કરો, કારણ તમને દુઃખ જરાપણ ગમતું નથી તો અનંત દુ ખને આપનારા તે વિષયોનું સેવન ગૃદ્ધિ-આસકિતથી કરાય કરુ ? જો તેમાં તમો જરાપણ રંજન નહિ કરો તો તમો ઘણા સંતાપથી બચી જશો. જો તમો માનતા હો કે આ વિષયો જ સુખીદાયી તૃપ્તિકર છે પણ તમારો જ અનુભવ વિચારો કે તેને મેળવવા પાછળ તમો કેટલું લોહીનું પાણી કરો છો. જેમ તમે તેની મનોહરતા જૂઓ છો તેમ પરિણામે તેની ભયાનકતાનો પણ વિચાર કરો તો તમો ઘણી બધી વિડંબણાઓથી બચી જશો. સદ્ય પ્રાણહર વિષ સમાન આ વિષયોની વાંછાથી સર્યું જેની ઇચ્છા પણ જીવમાં ખરાબી પેદા કરે છે. આ કામ રૂપી બાણોથી જર્જરિત થયેલા તમારા મનરૂપી કુંભમાં, કર્મના મલનો નાશ કરનાર, ભવની પીડાને હરનાર એવું શ્રી સર્વજ્ઞ ભગવંતોના વચન રૂપી વારિ શું રહી શકે ખરું ? વિષયોપભોગમાં જ આનંદ પામનાર તમારા હૈયામાં વિવેકરૂપી રત્નનો, પ્રકાશનો પ્રાદુર્ભાવ થાય ખરો ? અવિવેક રૂપી મદિરાના પાનમાં મસ્ત બનેલા તમારું શું થશે ? સ્પર્શનેન્દ્રિયમાં આસકત બનેલા તેમાં જ સુખ માનનારા તમે તેના ભયાનક વિપાકોને તો જૂઓ ! ખરેખર વિષયોથી વ્યામોહ પામેલા તમે કૃષ્ણ સર્પના દર પાસે, ઘણા છિદ્રવાળા ઉત્તમ ચંદન કાષ્ઠના ઘરમાં, માલતી પુષ્પોથી સુકોમલ શય્યામાં મજેથી સૂઇ જાવ તો પરિણામ શું આવે તેનો વિચાર તો કરો. તમને જીવિત પ્રિય છે. અને મરણ શબ્દ પણ પીડા કરનારો લાગે છે તો તમારી પ્રવૃતિ કઇ જાતિની છે જેની પ્રાપ્તિ ઘણા કલેશે થનારી અને જેનો ભોગવટો મોહનો જનક છે અને સંસારવૃદ્ધિ જેનું ફળ છે. તેમાં તમો નિશ્ચિંત કઇ રીતના છો ? ગમે તેવું રૂપાળું અને અનુકૂળ વિષયોપભોગમાં સમર્થ શરીર હોય તો પણ તેમાંથી ચેતન ચાલ્યો જાય તો તે રૂપાળા શરીરને શો કેસમાં મૂકી આનંદ પામો કે બાળી નાંખો ? રેશમના કીડાની જેમ તમો તમારી જાતને બાંધી રહ્યા છો તેનું ભાન આવે છે ખરું ? ઇન્દ્રિયગ્રાહ્ય એક પણ વિષય કે પદાર્થ સ્થિર નથી છતાં પણ તેમાં જ સ્થિરતાની બુદ્ધિ કરી અત્યંત રાગી બનેલા તમે જાતે જ તમારી મૂઢતાને પ્રગટ કરો છો.

*(ક્રમશઃ)*

# પ્રશ્નોત્તર વાટિકા

*ગયા અંકથી ચાલુ*

*(૭૨) સામાયિક- પૌષધમાં ચઢાવા બોલી શકાય?*

સૈદ્ધાંતિક દષ્ટિએ સામાયિક પૌષધમાં ચઢાવા બોલી શકાય નહિં. સાધુ જેવું જ જીવન જીવવાનું હોવાથી બોલવા ઉચિત ન ગણાય તેવા સંયોગોમાં સામાયિક પૌષધ લેતાં પૂર્વે તે ચઢાવા પોતાના પુત્રાદિને બોલવાનું ભળાવી દેવું જોઈએ. પૌષધમાં પ્રભાવના વિ.ની પણ વિચારણાઓ ટીપ વિ. કરી શકાય નહિં. ધનાદિના સંપૂર્ણ વ્યાપારનો ત્યાગ કરેલ છે. પૌષધમાં અવ્વાચાર પોસહો સવ્વઓ ઉચ્ચારાવાય છે.

*(૭૩) પર્યુષણા મહાપર્વમાં પૌષધવાળા હોય છે વંદિતુ તેઓ જ બોલતાં હોય છે તો વંદિત્તાનો ચઢાવો પૌષધવાળા બોલી શકે?*

પર્યુષણમાં સાંજના પ્રતિક્રમણાં સૂત્રો બોલવાના ચઢાવા બોલાય છે. તેમાં વંદિતુ- પૌષધવાળા જ બોલે છે પરંતુ તેનો ચઢાવો પૌષધવાળા લઈ શકે નહિં તે ચઢાવો પૌષધવાળા એ છૂટાવાળા કહી દેવો તે બોલી શકે અને પૂ. ગુરૂ ભગવંત ગમે તે પૌષધવાળાને વંદિતુ બોલવાનું કહી શકે.

*(૭૪) પૂ. સાધુ કે સાધ્વીજી ભગવંતોના માસક્ષમણ કે મોટી ઓળીના પારણાનાં દિવસે ઘરે પગલાં કરવાની બોલી સંઘમાં બોલાય તો આદેશ લેવામાં લાભ મળે?*

પૂ. સાધુ સાધ્વીજી ભગવંતોનો નાનો મોટો કોઈપણ તપ ગુપ્ત હોવો જોઈએ. શાસ્ત્ર કહે છે કે 'યથા નાન્યો વેત્તિ તથા તપઃ કાર્યમ્' એક માત્ર નિર્જરાના લક્ષ્યપૂર્વક કરેલ માસક્ષમણ કે મોટી ઓળીનો તપ જાહેર થઈ જાય તો પણ પારણાના દિવસે પગલાં કરવાની બોલી બોલવી કે બોલાવવી (રૂપિયા, સામાયિક વિ. કોઈપણ પ્રકારે) તે યોગ્ય નથી પગલાં કરવાની કે કરાવવાની રીત તો અત્યંત વિચિત્ર છે.

*(૭૫) પૂ. આચાર્ય ભગવંત કે મોટા પ્રભાવક સાધુના પગલાં ઘરે ક્યારે કરાવી શકાય?*

ઘરમાં કોઈપણ વ્યકિતએ વિશિષ્ટ તપશ્ચર્યા કરેલ હોય અથવા ઘરમાં કોઈ અત્યંત બિમાર હોય, તો સમાધિ માટે સંભળાવવા તથા અંજન કરેલ પ્રતિમાજી ઘરમાં પધરાવીને ગૃહમંદિર કરેલ હોય ત્યારે શકિત મુજબ સંઘ સહિત બહુમાન પૂર્વક પૂ. આચાર્ય ભગવંતાદિને ઘરે પગલાં કરાવી શકાય. આવા કોઈપણ કારણ વિના પગલાં કરવા કે કરાવવા ઉચિત ન ગણાય.

*(૭૬) બકરી ઈદના દિવસે સફેદ વસ્તુ ખાવાની ના પાડે છે તેનું કારણ શું?*

બકરી ઈદના દિવસે લાખો બકરાઓ વગર વાંકે કપાતા હોય છે. તે જીવોને છોડાવી શકાય નહીં ત્યારે તે જીવો પણ સમાધિ પ્રાપ્ત કરે તે ભાવનાપૂર્વક દરેક સંઘોમાં જૈનો આયંબેલ કરે છે. તેવા પ્રકારની શકિત કે ભાવના ન હોય તો છેવટે દૂધ- ઘી- ભાત વિ. સફેદ વસ્તુનો ત્યાગ કરવાનું કહેવાય છે. તેનું કારણ માંસનો મૂળ રંગ સફેદ છે. લોહી ભળવાના કારણે તે લાલ દેખાય છે. સફેદ માંસની કિંમત પણ વધુ આવે છે તેથી મૂળ સફેદ રંગની તમામ ચીજ વસ્તુઓ તે દિવસે ન ખાવી જોઈએ તેમ કહેવાય છે.

*(૭૭) ઘણાં જિનાલયોમાં અત્યારે નાકોડા ભૈરવ, ઘંટાકર્ણ, પદ્માવતી વિ.ની સ્થાપના કરાય છે તે શું ઉચિત છે?*

શ્રી જિનાલયમાં અત્યારે નાકોડા, ભૈરવ, ઘંટાકર્ણ વિ.ની સ્થાપના કરાય છે તે સર્વથા અનુચિત છે. જિનાલયમાં પરિકરવાળા પ્રતિમાજીની મૂળનાયક તરીકે સ્થાપના કરાયી હોય તો શાસનના અધિષ્ઠાયક દેવ-

દેવીની પણ અલગ સ્થાપના કરાતી નથી. નાકોડા ભૈરવ અને ઘંટાકર્ણ વીર તો શાસનના અધિષ્ઠાયક દેવ જ નથી. પ્રમાણભૂત કોઈપણ ગ્રંથમાં તેમના નામનો પણ ઉલ્લેખ નથી.

શ્રી જિનાલયમાં મૂળનાયક પાર્શ્વનાથ ભગવાન પરિકર વિનાના હોય તો જ અલગ પદ્માવતીની અને આદિનાથ ભગવાન હોય તો જ ચક્રેશ્વરી દેવીની સ્થાપના કરવામાં આવે છે. માત્ર મૂળનાયક ભગવાનના શાસનના અધિષ્ઠાયક દેવ-દેવી સિવાય અન્ય કોઈપણ (સમ્યગદષ્ટિ પણ) દેવદેવીની સ્થાપના (શાસ્ત્ર કે શાસ્ત્ર માન્ય પરંપરાને અનુસારે) કરી શકતાં નથી.

શ્રી વીતરાગ પરમાત્માના મંદિરમાં અન્ય ધર્મના દેવ દેવી (રામ -સીતા, શંકર વિ.)ની સ્થાપના જેમ કરી શકતાં નથી તેમ નાકોડા વિ.ની સ્થાપના કરવાનું પણ ઉચિત નથી. આવી સ્થાપનાઓ પાછળ માત્ર સંસારના સુખ મેળવવાનો અને દુ:ખ ટાળવાનો જ હેતુ હોય છે. આ હેતુને શાસ્ત્રકારોએ દુષ્ટ આશય ગણાવ્યો છે. સંસારના સુખની પ્રાપ્તિ માટે કે દુ:ખને દૂર કરવાના હેતુ માટે કરાતી આવી કોઈપણ પ્રવૃત્તિ ધાર્મિક નથી. શાસ્ત્રીય પરિભાષામાં એને મિથ્યાત્વની પ્રવૃત્તિ કહેવાય છે. જે વાત વંદિત્તુ સૂત્રની અર્થ દીપિકા નામની ટીકામાં ખૂબ જ સ્પષ્ટપણે જણાવી છે. આ સ્થાપનાઓ છેલ્લાં ૨૦-૨૫ વર્ષમાં જ ચાલુ થયેલ છે. જૂના મંદિરોમાં આવી નાકોડા ભૈરવ વિ.ની સ્થાપનાઓ જોવા મળતી નથી. આવી સ્થાપનાઓ કરવાથી વીતરાગ પરમાત્માની ભયંકર આશાતનાઓ થતી હોય છે. ભગવાન આગળ કંઈ નહિં અને ભૈરવ વિ.ના ભંડારમાં ૧૦- ૧૦૦ રૂા. મૂકે ઘી બોલાય ત્યારે પણ આશાતનાઓ સ્પષ્ટ જણાય છે. સંસારના સુખના અર્થી - આસક્ત જીવો આવી સ્થાપનાઓમાં પણ ધર્મ માને છે તે તેમની ભ્રમણા છે. વીતરાગ પરમાત્મા પ્રત્યે શ્રદ્ધા ધરાવનારાઓએ આવી નાકોડા ભૈરવ ઘંટાકર્ણ વિ.ની સ્થાપનાઓ કરવી- કરાવવી ન જોઈએ.

(૭૮) હમણાં ઘણી જગ્યાએ મોટાઓની નિશ્રામાં થતાં મોટા પ્રસંગોમાં ગુરુ ભગવંતોના જીવન દર્શન કરાવતી રંગોળીઓ કરવામાં આવે છે તે શું યોગ્ય છે?

પૂ. આચાર્ય ભગવંતોની નિશ્રામાં થતા મોટા મહોત્સવોમાં ગુરુ ભગવંતોના જીવન દર્શન કરાવતી રંગોળીઓ કરાય છે તે અત્યંત અનુચિત છે.

(૭૯) મહોત્સવોની પત્રિકામાં ભગવાનના તથા સાધુ ભગવંતોના કે મુમુક્ષુઓના ફોટા છપાય છે તો શું યોગ્ય છે?

મહોત્સવોની પત્રિકા માત્ર મહોત્સવની જાણકારી માટે છે. તેમાં ભગવાનના, સાધુ ભગવંતોના કે મુમુક્ષુઓના ફોટા મૂકવાનું કોઈ જ પ્રયોજન નથી.

(૮૦) દરેક સંઘોમાં મહોત્સવોની પત્રિકાઓ ઘણી આવતી હોય છે. તેની આશાતનાથી બચવા શું કરવું જોઈએ?

પત્રિકાઓની આશાતનાથી બચવા માટે સ્વયં પત્રિકા છપાવવી નહિં, અને આવેલી પત્રિકાઓનું પ.પૂ. ગુરુ ભગવંતોના માર્ગદર્શન મુજબ વિધિપૂર્વક વિસર્જન કરવું જોઈએ.

(૮૧) દૈનિક છાપાઓમાં ભગવાનના કે ગુરુઓના ફોટા આવે તે શું ઉચિત છે?

દૈનિક છાપાઓમાં બિલકુલ ઉચિત નથી. કારણ કે દૈનિક છાપાઓ વેચાયા બાદ તે ખાવાના પડીકા બાંધવાના, વિષ્ટા પણ ઉપાડવાના અને કચરામાં નાંખી દેવામાં તેનો ઉપયોગ થતો હોય છે તેથી દેવગુરુની ભયંકર આશાતના થાય છે. પુસ્તકમાં તથા પંચાગમાં કે કાર્ડ વિ.માં પણ છાપવામાં આવે તે અનુચિત છે અને આશાતનાનું કારણ છે. મોહદશામાં રહેલા આત્માઓ આવી પ્રવૃત્તિ દ્વારા આનંદ પામતાં હોય છે પરંતુ તે અજ્ઞાન છે. આત્માર્થી આત્માઓએ આ બધી પ્રવૃત્તિઓથી અત્યંત દૂર રહેવું જોઈએ.

*(ક્રમશ:)*

# તત્વજ્ઞાન સાર

પ્રેષક : શ્રી પ્રાણલાલ છગનલાલ શેઠ - મલાડ

અનંત ઉપકારી પરમાત્માના શાસનમાં કોઈપણ કાર્ય સિદ્ધિ માટે પાંચ કારણો અવશ્ય જોઈ તો જ કાર્યસિદ્ધિ થાય તેમ ફરમાવ્યું છે. હા પાંચ કારણોમાં કોઈ વખત કોઈ કારણનું મહત્વ હોય તો કોઈ વખત બીજા કારણોનું મહત્વ હોય પણ કાર્ય સિદ્ધિમાં પાંચે કારણોનું સંકુલન હોય જ.

***પાંચ કારણો***

(૧) સ્વભાવ (૨) કર્મ (૩) કાળ (૪) પુરૂષાર્થ (૫) ભવિત્યતા. આત્માના ઉત્થાનમાં પણ આ પાંચ કારણોમાં સફળતા થાય ત્યારે જ આત્મા મોક્ષ પંથમાં પ્રયાણ કરે.

ત્યારે કર્મી આત્મા હળુકર્મી થવો જોઈએ. હળુકર્મી આત્મા થવામાં કાળની અનુકુળતા જોઈએ, કાળની અનુકુળતા માણસનો આત્મા ચરમાવર્ત કાળમાં આવે ત્યારે જ થાય. આત્માને લાગેલા કર્મોની સ્થિતિ એક કોટાકોટી સાગરોપમની સ્થિતિ બાકી રહે ત્યારે જ આત્મા ચરમાવર્ત કાળમાં આવ્યો કહેવાઈ, દા.ત.: મોહનીય કર્મની સ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમની છે તે સ્થિતિમાંથી ૬૯ સાગરોપમની સ્થિતિ ભોગવાઈ જાય. બાકી, એક કોટાકોટી સાગરોપમની સ્થિતિનું આત્માનું સંસાર ભ્રમણ બાકી રહે તે આત્મા ચરમાવર્ત કાળમાં આવ્યો કહેવાય. આ બધું થવામાં ભવિતત્યતા સારી જોઈએ. ચરમાવર્તમાં આવ્યા પછી આત્માને મોક્ષ પ્રયાણ માટે પુરૂષાર્થ કરવો જોઈએ. પુરૂષાર્થ કરવા માણસે માર્ગ અનુસારીના ૩૫ ગુણમય જીવન જીવવું જોઈએ. આવશ્યક ક્રિયાઓ- ધર્મ અનુષ્ઠાન કરતાં કરતાં જીવના અનંત અનતાનુબંધી કષાયો નબળા પડે આ બધું કરે તેને શુદ્ધ યથાપ્રવૃત્તિ કહે છે તે શુદ્ધ યથાપ્રવર્તિ કરણ કરતાં આત્મામાં એવો અપૂર્વ ભાવ ઉલ્લાસ જાગે છે (સંસાર પ્રત્યે નફરત મોક્ષની અભિલાષા) કે ત્યારે અનંત અનુબંધીની ૪ ચાર સાંકળ અને દર્શન મોહનીયની ૩ ભૂંગળ એ રાગદ્વેષની બંધગાંઠ તોડી આત્મા ઉપશમ કે ક્ષય ઉપશમ સમક્તિ પામે છે. સમકિતને મોક્ષનો દરવાજો શાસ્ત્રમાં કહ્યો છે હવે તે જીવ અર્ધપુદ્ગલ પરાવર્તન કાળથી નુનકામળમાં અવશ્ય મોક્ષે જાય છે.

આ અર્ધપુદ્ગલ પરિવર્તન કાળ કાંઈ નાનો કાળ નથી કેટલાયે ઉત્સર્ગપિણી અને કેટલીય અવસર્પિણી સંસાર ભ્રમણ થાય પણ આપણા આત્માએ જે અત્યાર સુધી સંસાર ભ્રમણ કર્યું છે તેની બરાબરીએ સાવ ઓછો કાળ થાય.

અપૂર્વકરણથી નિબિડ રાગદ્વેષની ગાંઠ તૂટે છે ત્યારે આત્મામાં ઉદયમાં આવતાં કર્મને ખપાવી નાખે છે તેના પછી અંતમુહૂર્તમાં ઉદયમાં આવતા કર્મની સ્થિતિ ઘટાડી નાખી ઉદયમાં આવતાં રોકે છે. ફક્ત સત્તામાં કર્મો હોય ત્યારે આત્મા કોઈપણ કર્મ ઉદયમાં ન હોય રાગદ્વેષની ગાંઠ ખતમ કરે છે. આ બધું અંતમુહૂર્તમાં થાય છે.

આપણો આત્મા નિગોદમાંથી પંચઈન્દ્રીયપણું મનુષ્યગતિ પામ્યો તે અકામ નિર્જરાર્થ. દુઃખ વેઠી વેઠીને, ત્યારે આત્મા ભાનમાં પણ ન હોય દુઃખ વેઠતાં વેઠતાં આત્માનું ઉત્થાન કરે છે તેમાં જીવની પોતાના મનથી કોઈ પ્રવૃત્તિ નથી. આને અશુદ્ધ યથાપ્રવૃત્તિકરણ કહે છે તેને શાસ્ત્રમાં 'નદીઘોલ પત્થર ન્યાય' કહે છે. નદીમાં ઘણાં લીસા પત્થર આપને ગમી જાય તેવા મળે છે તે પથ્થર લીસા કોઈ કારીગરે કરેલ નથી પણ એ પથ્થર ઉપર નદીનો પ્રવાહમાં અથડાતા અથડાતા લીસાં થયેલ હોય તેમ નિગોદથી પંચઈન્દ્રીય મનુષ્ય ગતિમાં આવતો આત્મા દુઃખ વેઠી વેઠીને આવે છે. પોતે તો બેભાનઅવસ્થામાં મન વગરની સ્થિતિમાં છે. જીવ

ચરમાવર્ત કાળમાં આવ્યા પછી જ, પૂન્ય, પાપ સમજતો થાય છે. પહેલાં તો ગાઢ મિથ્યાવાસી જીવ પૂન્ય પાપને હંબક કહે છે. ચરમાવર્ત કાળમાં આવ્યા પછી જ આત્મા હળુકર્મી હોય તો ધર્મ કરવાની રૂચી થાય અને પાછી જે ધર્મ અનુષ્ઠાનનો જીવ આચરણ કરે એને શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ કહે છે અને તે શુદ્ધ યથાપ્રવૃત્તિ કરતાં કરતાં આત્મામાં અપૂર્વ ઉલ્લાસ જેને અપૂર્વકરણ કહે છે તેનાથી રાગદ્વેષની નીબિંડ ગાંઠ તોડી ઉપશમ કે ક્ષય ઉપશમ સમકિત પામે છે ત્યાં આત્માનો સંસારભ્રમણ નિશ્ચિત અર્ધપુદ્ગલ પરાવર્તનકાળમાં મોક્ષે જાય તે થાય છે.

નિગોદનો જીવ અવ્યવહાર રાશીનો જીવ કહેવાય. નિગોદના જીવનું વર્ણન કરતાં શાસ્ત્ર કહે છે કે એક આવલી સમયમાં નિગોદનાં જીવનું ૧૭ વખત મરણ જન્મ થાય. આમાં અનંતો કાળ કાઢે. (મૃત્યુલોક) મનુષ્ય લોકમાંથી એક જીવ મોક્ષે જાય ત્યારે ભવિતવ્યતાએ નિગોદમાંથી એક જીવ એકેઈન્દ્રીયમાં આવે. એકેઈન્દ્રીયમાં આવેલા જીવને વ્યવહાર રાશીમાં આવેલા જીવ કહેવાઈ. ઉપર એક આવલી સમયમાં નિગોદનો જીવ ૧૭ ભવ કરે છે તે આવલી સમય એટલે આંખ ઉઘડતાં બંધ કરતાં સમય જેટલો સમય જેટલો શાસ્ત્રમાં કહ્યો છે.

અપૂર્વકરણથી નિબિંડ રાગદ્વેષની ગાંઠ તોડીને જીવ સમકિત પામે તે આત્માના ઉત્થાનનાં ૧૪ ગુણ સ્થાનકમાંથી ૪થા ગુણ સ્થાન કે જીવ આવ્યો કહેવાઈ, ૪થી ગુણ સ્થાનક અવિરતિ સમ્યગદૃષ્ટિનું છે તે આત્મા અવશ્ય અર્ધપુદગલ પરાવર્તન કાળમાં મોક્ષે જાય. એ આત્મા પૂન્ય પાપ સમજતો થાય. એ આત્મા એમ ન કહે કે જગત બ્રહ્માંડે બનાવ્યું છે પણ જેનો આદિ નથી અંત નથી તે છ દ્રવ્યમય જગતના જીવનો વ્યવહાર છે તે છ દ્રવ્ય કયા છે. પછી જીવ ઉચ્ચ ગતિ લઈ જવામાં કયાં તત્વ છે અને જીવને નીચ ગતિમાં લઈ જનારા કયાં તત્વ છે. તે બધા મળી નવતત્વ જાણે જીવ, અજીવ, પૂન્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરાબંધી અને મોક્ષ. આમાં અજીવનો સમાવેશ કર્મોમાં થાય, એટલે અજીવ પાપ આશ્રવ (ખરાબ કર્મ આવવાના કારણે) આ કર્મબંધનના કારણો નિર્જરાસંવર મોક્ષ ઉપાદેય કારણો આ બધું સમજતો થતાં આગળ જીવ શું પ્રગતિ કરે તે હવે પછી.

## પહેલો અક્ષર કાઢીને વાંચો

- ભરવાડે કોઈનાં ચડવાથી નુકશાન થાય છે.
- સાંભળે જો ખાંડ તો દૂધ ગળ્યું થાય.
- અહિંસા દુર્ગતિનું કારણ છે.
- લક્ષણ માત્ર પણ જીવનનો ભરોસો નથી,
- ચોમાસી એટલે માતાની બેન,
- બાહુબલી કર્ણાટકનાં એક જીલ્લાનું નામ છે,
- સંસાર રૂપ ધર્મ સેવવો જોઈએ,
- સુ અસાર એજ સંસાર છે,
- નિધાન મનુષ્યનો આહાર છે,
- કુશાસ્ત્રનું શ્રવણ કરવું જોઈએ,
- કૂકુશાસ્ત્રોનાં શ્રવણથી કૂપરાજા ભ્રાંત મતિવાળો મહાપાપી બન્યો હતો,
- છેવટ માં રહેલા જીવો ગુણો પામી શકતા નથી,
- વિપરીત એક શ્રાવકનું નામ છે,
- કાજળ જીવન છે,

# ઉવસમેણ હણે કોહં

*(હિતયોગી)*

*(ગયા અંકથી ચાલુ)*

કર્મચંડાળ એવા ક્રોધે ધુંરધરોને પણ ધૂળ ચાટતા કરી દીધા છે તો આપણે શી વિસાતમાં છીએ, તેથી ક્રોધના નિમિત્તો મળે તો પણ ક્રોધને વશ ન થવું.

કેટલાક નિમિત્તો :-

- ❖ આપણને કોઈ નિષ્કારણ હેરાન કરે.
- ❖ કોઈ મરણાંત કષ્ટ આપી દે.
- ❖ કોઈ આપણી ભૂલ બતાવી દે.
- ❖ કોઈ આપણી નિંદા કરે.
- ❖ કોઈ આપણું અપમાન કરે.
- ❖ કોઈ આપણને વગર ભૂલે ટોક-ટોક કરે.
- ❖ કોઈ આપણું સર્વસ્વ લૂંટી લે.
- ❖ કોઈ આપણી મશ્કરી કરે.

આવા તો કેટલાય નિમિત્તો મળે તો પણ મહાપુરૂષોની જેમ સમત ધરી શુભચિંતન કરવું.

**શુભ ચિંતનઃ-**

* જે કોઈ આપણને કષ્ટ આપે છે તે તો આપણો મહાઉપકારી છે કારણ કે તે આપણાં કર્મરૂપી મલને વિનામૂલ્યે ધોઈ આપે છે.
* જે કોઈ આપણને બોલે છે, એ તો શબ્દ પુદ્ગલની રમત છે આમાં આપણું કાંઈ જતું નથી અને આપણને કાંઈ ચોંટતું નથી.
* જે કોઈ આપણું પડાવી દે છે, તે વસ્તુ આપણી નથી આપણે તો આત્મા છીએ અને તે તો પુદ્ગલ છે.
* જે કષ્ટ પડે છે તે તો શરીરને પડે છે, હું અને શરીર તો જુદા છીએ.

એ રીતે શુભચિંતન દ્વારા ક્રોધને મૂળમાંથી હણી ઉપશમના ઉપાસક બનીએ. એજ એક શુભાભિલાષા....

**ક્રોધ વિષયક શ્લોકો :-**

तोऽकारणरुषं सङ्ख्या, सङ्ख्याताः कारणाः कुधः ।
कारणेऽपि न कुप्यन्ति, ये ते जगति पञ्चत्राः ॥

કારણ વિના કોપ કરનારાની તો સંખ્યા જ નથી, અને માત્ર કારણે ક્રોધ કરનાર સંખ્યાતા છે, પણ કારણ હો તે છતે પણ જે ક્રોધ નથી કરતાં તે તો જગતમાં પાંચ-છ જ છે.

तत्रोपतापकः क्रोधः, क्रोधो वैरस्य कारणम् ।
दुर्गतेवर्तनी क्रोधः, क्रोधः रामसुखार्गला ॥

ક્રોધ તાપ પેદા કરનાર છે, ક્રોધ વેરનું કારણ છે, ક્રોધ દુર્ગતિની કેડી છે અને ક્રોધ સમતારૂપી સુખ માટે આગળાં સરખો છે.

उत्पद्यमानः प्रथमं, दहत्येव स्वमाश्रयम् ।
क्रोधः कृशानुवत्यश्चा-दन्यं दहित न वा ॥

અગ્નિ પેઠે ઉત્પન્ન થતો ક્રોધ પહેલાં પોતાના આશ્રયને તો બાળે છે અને પછી બીજાને બાળે અથવા ન બાળે.

क्रोधवह्नेस्तदह्नाय, शमनाय शुभात्मभि ।
श्रयणीया क्षमैकैव, संयमारामसारणिः ॥

ક્રોધરૂપી અગ્નિને એકદમ શાન્ત કરવાને શુભાત્માઓએ સંયમરૂપ ઉદ્યાનાનીક સમાન એવી એક ક્ષમાનો જ આશ્રય કરવો. (સમાપ્ત)

---

**૧૦૦૦ની વણજાર**

૧૦૦૦ધનુષ્ય પહોળું સોનાનું જિનાલય ભરત મહારાજાએ શ્રી શત્રુંજય તીર્થ પર બંધાવેલ
૧૦૦૦ઉંડો કાલોદધિ સમુદ્ર છે.
૧૦૦૦રાણીઓને સ્વામી ગંગદત્ત પછીના ભયમાં થવા
૧૦૦૦યોજન ઊંડી પાતાલ કળશો લવણ સમુદ્રમાં છે.
૧૦૦૦વર્ષ પછી પૂર્વશ્રુતનો વિચ્છેદ થયો.
૧૦૦૦દેવદ્રવ્યની કાંકણીનો ઉપભોગ સાગર શેઠે કરેલ
૧૦૦૦વર્ષ સુધી ઘોર તપ કંડરિકમૂર્તિ કરેલ
૧૦૦૦ઉપવાસનું પ્રાયશ્ચિત ગર્ભ હત્યા કરાવે ત્યારે આવે.
૧૦૦૦વર્ષનું નારકનું આયુષ્ય પોરિસી કરવાથી તુટે,
૧૦૦૦ક્રોડ વર્ષનું નારકનું આયુષ્ય આંબિલ કરવાથી તુટે.
૧૦૦૦થાંભલાવાળો ઉપાશ્રય આમરાજાએ બનાવ્યો.

# સાત માથાનું બલિદાન



પાલનપુરનું એક ગામ. ધોરિયાલિયા તેનું નામ. આ ગામ ભાટ લોકોનું હતું. પાલણપુરના રાજાએ ભાટ લોકોને ઈનામમાં આપ્યું હતું. જૂના સમયમાં આ ગામ દાંતાના રાજમાં હશે.

દાંતામાં રાણા પૃથ્વીસિંહ રાજ કરે. એક દિવસ કારભારી ચોપડા લઈને બેઠા. રાજકુમાર ગામ કેટલા તે વાંચે છે ને રાણા પૃથ્વીસિંહ બેઠા બેઠા સાંભળે છે. કયા ગામની કેટલી ઉપજ દર વરસે આવે છે તે પણ વંચાતું જાય છે.

નામ વાંચતાં વાંચતાં કારભારી અટકયા.

રાણાજી બોલ્યાઃ કેમ અટકયા! નથી વંચાતું?

કારભારી કહેઃ વંચાય તો છે પણ ગામની ઊપજમાં કશું આવ્યું જ નથી. ગામનું જ નામ છે.

રાણા કહે : કયું ગામ?

કારભારી કહેઃ ધોરિયાલિયા.

રાણા કહે : શું કહો છો? એ ગામની ઉપજ તો ખાસ આવવી જોઈએ. ન આવે તો આપણું નાક કપાઈ જાય. એ આપણા વિજયનું જ છે. પાલણપુર પાસેથી એ ગામ આપણે જીત્યા છીએ. એની ઊપજનો ભાગ આપણને મળવો જોઈએ. તપાસ કરો.

તપાસ થઈ.

કારભારી પોતે ધોરિયાલિયા ગયા.

ગામના માલિક ભાટ લોકો છે. ભાટ લોકોનું મોટું કુટુંબ છે. કુટુંબના ઘણાં ઘર છે. ગામની ઉપજ બધા સરખા ભાગે વહેંચી લે છે.

કારભારીએ બધા ભાટને એકઠા કર્યા. કહેઃ દાંતાના મહારાણાને તમે કર કેમ આપતાં નથી?

ભાટ લોકોએ કહ્યું : અમે છીએ રાજદરબારના માગણ. પાલણપુર તરફથી અમને આ ગામ દાનમાં મળ્યું છે. બ્રાહ્મણ, સાધુ, ભાટ, ચારણ અને અનાથ પાસેથી કોઈ કર લે નહિં. લે તો અન્યાય ગણાય.

આ વાત સાંભળીને કારભારી પાછા ગયા. રાણાને વાત કહી. રાણા ગુસ્સો થઈ ગયાઃ કર લેવો કે ન લેવો એ અમારી મરજી. કર આપવો તો પડે જ. જાઓ જેટલા વરસનો કર ચડયો હોય તે લઈ આવો.

કારભારી વળી પાછા ગયા. ભાટ લોકોને કહે : જેટલા વરસનો કર બાકી હોય તે આપી દો.

ભાટ લોકો કહેઃ અમારી પાસે ધનના ભંડાર નથી. અમને દાનમાં ગામમાં મળ્યું છે. એનો કર અમારાથી અપાય એમ નથી. દાનમાં અપાય તેનો કર ન લેવાય.

કારભારી રાણા પાસે ગયા ને વાત કહી.

રાણા કહેઃ પણ મારે કર લેવો છે.

ભાટના એક ડોસા હતાં. એંસી વરસના.

ડોસા કહેઃ બાપુ! અમારે કર આપવો નથી.

રાણા કહેઃ કારણ?

ડોસા કહેઃ પાપ થાય. આપ રાજા છો.

રાણા કહેઃ હું નિયમ ન પાળું તો મને પાપ લાગે કે પ્રજાને?

ડોસા કહેઃ આપ નિયમ ન પાળો તો ભલે, પણ એનું નામ અન્યાય કહેવાય. એ અન્યાય પ્રજા સહન કરી લે તો એનું પાપ પ્રજાને લાગે. અન્યાય કરનાર પાપી બને છે અને અન્યાયની સામે ન લડે તે પણ પાપી બને છે. અન્યાયની સામે તો લડવું જ પડે.

રાણાને રીસ ચડી ગઈ. ગુસ્સો કરીને બોલ્યા : તો તમે મારી સામે લડશો?

ડોસા કહેઃ હા જી. અમે વિવેકથી વિનંતી કરીએ છીએ. છતાં નહિં માનો તો અમે લડીશું.

રાણા કહેઃ તો આવી જાઓ મેદાનમાં.

ડોસા કહેઃ રાજા સામે હથિયાર લઇને અમારાથી લડાય નહિં.

રાજા હસી પડયા અને બોલ્યાઃ લડો તો તો કોઇ જીવતા બચો જ નહિં.

ડોસા કહેઃ ના જી, અમે મરવાથી ડરીશું નહિં. અમારા હક્ક માટે અમે જીવ આપીશું. અન્યાય સામે અમારા માથાં આપીશું.

રાણાને વધારે રીસ ચડી ગઇ.

રાણાએ પોતાના માણસોને કહ્યું : જાઓ અને આ ભાટ લોકોનું ગામ આખું લુંટી લો.

ડોસા બોલ્યા : રાણાજી! તો અમે અન્યાય સામે અમારા જીવ સાટે લડીશું. જોઇએ તો માથું લઇ લો પણ અન્યાય ન કરો.

રાણા વળી હસીને બોલ્યા : માથાં અને જીવ આપવાનું કામ તમારા જેવા ભાટનું નથી.

ડોસા કહેઃ એમ?

રાણા કહેઃ માથાં આપે વીર માણસો.

ડોસા કહે : તો લો આ માથું.

ગામના બધા ભાટ ત્યાં એકઠા થયા હતાં. ડોસાએ એક ભાટ પાસેથી તલવાર લીધી.

'લો રાણાજી! આ માથું'

આમ બોલીને ડોસાએ પોતાના ગળામાં તલવાર ભોંકી દીધી. ડોસા ઢળી પડયા.

ત્યાં રાણાજી બોલ્યાઃ બસ, ડોસા તો કાલ મરવાના હતા તે આજ મૂઆ. હવે બીજા કોઇમાં હિંમત છે?

તરત જ એક ભાટ આગળ આવ્યો અને બોલ્યોઃ રાણાજી! હું ઘરડો નથી. આપ અન્યાય કરો છો. રાજા અન્યાય કરે અને પ્રજાની વાત ન સાંભળે ત્યારે બલિદાન આપવા જ પડે. લો આ મારો જીવ.

આમ કહીને એ ભાટે પોતાનું ગળું કાપી નાખ્યું. લોહીના ફુવારા છૂટયા.

રાણાને ય જાણે રાક્ષસ વળગ્યો. દયા અને ધર્મ ભૂલી ગયા.

રાણા બોલ્યા : એમ લોહી જોઇને ડરી જાઉં એવો રજપૂત હું નથી.

ત્યાં તો ત્રીજો ભાટ આવ્યો. તલવાર લીધી અને પોતાનું ગળું કાપી નાખ્યું.

ત્રણ લાશ ઢળી પડી. લોહીના ખાબોચિયા ભરાયાં. જોનારાએ આંખો મીંચી દીધી. પણ રાણા તો જાણે કે કંઇ નથી.

'છે હવે કોઇ? રાણાએ બરાડો પાડયા.

ફટ દઇને ચોથો જુવાન આવ્યો. તલવાર લીધી.

પાંચમો આવ્યો, છઠ્ઠો આવ્યો.

ત્યાં આવ્યો સાતમો.

આ સાતમા જુવાને હાથમાં તલવાર લીધી.

રાણા થથરી ગયા.



રાણાથી બોલી પડાયું : રહો, રહો રહો... રહો કોણ?

સાતમા ભાટે હાથમાં તલવાર ઉંચી કરી.

રાણા કહે : હાં હાં હાં....

સાતમાએ કહ્યું : રાણા! હવે જીવતા રહેવાય નહિં. ન્યાય માટે મરવા તૈયાર થનાર જીવવા કરતાં મરવામાં જ આનંદ પામે છે.

રાણાને કમકમા આવી ગયા. ઝણેણાટી થઇ ગઇ.

રાણા બોલ્યા : ના, ના, ના રહેવા દો.

ત્યાં તો સાતમાએ તલવાર ઉઠાવી. છાતીમાં ભોંકવા અણી અડકાડી.

રાણા દોડયા. તેનો હાથ પકડવા ગયા.

સાતમાએ કહ્યું : રાણા, જેવા અમારા સાત જીવ ગયા છે તેવા જ સાત તમારા જશે. જેમ અમારા ઘરનાં માણસો વિયોગથી તરફડશે, એમ તમે તરફડશો.

આમ બોલીને એ સાતમાએ પણ તલવાર ભોંકી દીધી.

સાત લશો ત્યાં સુઈ રહી.

રાણા રડી પડયા.

રડતાં બોલે બોલ્યા : હવે કોઇ પોતાનો જીવ આપશે તો હું મારો જીવ આપીશ.

રાજાએ હાથ જોડયા અને ભાટ લોકોને પગે લાગ્યા. રડતી આંખે ક્ષમા માગી.

રાણાને ભારે પસ્તાવો થયો.

રાણા પાછા ગયા.

રાણાને સાત દીકરા હતાં. સાતે જાણ રામ લખમણની જોડી જેવા.

એક પછી એક સાત દીકરી મરી ગયા.

રાણાનો વંશ ગયો. એમના પછી એમના ભાઇના દીકરા ગાદી પર બેઠા.

ઈ. ૧૯૮૭ની પછીની આ સાચી વાત.

બલિદાન અને વીરતાની વાતમાં ગુજરાત ઓછું નહોતું.

*જય જય ગરવી ગુજરાત.*

*(માથે સાટે વટ-જયભારત સાહિત્ય મંદિર પ્રકાશન માંથી)*

***(અન્યાય સામે, પ્રાણના ભોગે પણ લડવું જોઈએ. તેમ સત્યના નાશ સામે પણ પ્રાણના ભોગે લડવું જોઈએ)***

**આ અંકનું ચિંતન**

## સુખનાં અર્થિ છતાં ક્રુરપણું અને અભિમાનથી દુઃખી જ

જેમ નાગ સ્વભાવથી ક્રૂર, ક્રોધી, અભિમાની પ્રકૃતિવાળા હોય છે, પગના સ્પર્શ આદિથી સ્વઅલ્પ કારણથી પણ અભિમાન હોવાથી ગુસ્સો આવે છે અને સ્વેચ્છાએ બીજા ઉત્તમ મનુષ્યને ડંખ મારીને કદર્પના કરે છે ને મારી પણ નાખે છે, આહાર વિગેરે માટે પણ ભેખડ દર નાની જીવાત, પક્ષી અને તેના બચ્ચાઓને, નાના સર્પોને પણ ગળે છે, પોતાના બચ્ચાંનું પણ ભક્ષણ કરે છે અને પ્રગટ આડંબરથી જગતને પણ બીવડાવે છે. કોઇક મોહ વિગેરેથી નિધિ ઉપર અધિકાર કરી રહે છે અને તેના અર્થે બીજાઓને દૃષ્ટિ વિષ વડે મારે છે, એમ પાપથી પકતા આ લોકમાં પણ સમર્થ લોકોથી પાપી છે માટે, અથવા બીકથી મારી નાખે છે અને મદારી વડે પકડી પકડીને દરેક ઘરે ભમાવતાં અનેક પ્રકારે કદર્પના કરાય છે, કરંડીયામાં પુરાય છે ભૂખ, તરસ વિગેરે કષ્ટોને અનુભવે છે. (ભોગવે છે) અને મોટા સર્પો વડે ગળાય છે અને મરીને પાંચમી નરકમાં દુઃખોને ભોગવે છે,

એમ પ્રકૃતિથી ક્રૂર મનુષ્યો ફોગટ સંપત્તિ વિગેરેના અભિમાનથી મહાપાપથી પણ પરલોકનો ભય છોડીને સ્વઅલ્પ એવા પણ અપરાધથી ક્રોધથી નગર મનુષ્યઘાત વિગેરે મહાપાપોને કરે છે, શ્રી વીર પ્રભુના જીવ ત્રિપૃષ્ઠ વાસુદેવી જેમ અને મલેચ્છ લોકો મંદિરનો નાશ કરીને, ઘોર યુદ્ધના આરંભથી, કોણીકની જેમ નરક દુઃખને મેળવે છે અને પાંડવ વિગેરેની જેમ ગોત્રવધ વિગેરે પાપોથી અને પુત્ર, પિતા, માતા, ભાઇ, પત્નિ, વિગેરેની હત્યા પણ કરે છે અને મોટાઓ નાના રાજાને ઉદ્વેગ કરાવે છે, વિટંબના કરે છે, મારી પણ નાખે છે, અને એ પ્રમાણે સુખના અર્થિ છતાં મહાપાપ પ્રવૃત્તિથી અને તેવા કર્મથી રાજ્યથી ભ્રષ્ટ, કારાગૃહમાં કેદ, ઘરે ઘરે ભિક્ષા માટે ભમવું, તાડન, બંધન, વિગેરે અનેક પ્રકારે વિટંબના, વધ, બન્ધન વિગેરે દુઃખોને આ લોકમાં પણ પામે છે અને પરલોકમાં સાતમી નરકનાં ઘોર દુર્ગતિના દુઃખોને ભોગવે છે.

નાગ જેવા મનુષ્યો કેવલ કામ અર્થની અભિલાષાથી પ્રાય સર્વથા ધર્મથી વિમુખ જ હોય છે.

*(ઉપદેશ રત્નાકર)*

પીન-૩૮૨૦૦૧

# રાજસિંહ અને રત્નવતી

હપ્તો-૪

ચિત્રકાર : ભાસ્કર સગર

કથા : મુનિ શ્રી જિતરત્નસાગરજી 'રાજહંસ'



# સમાચાર સાર

**બેંગલોર :** બસવેસ્વરનગર સંઘમાં શાહ કાલીદાસ હંસરાજ નગરીયા લાખાબાવળવાળા તરફથી ચૈત્રી ઓળી શાહ દિનેશચંદ્ર કાલીદાસ નગરીયાને ઘર કરીવાઇ. ૨૭ ઓળી થઇ હતી.

ચીકપેઠમાં પૂ.આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ.મ.ના શિષ્ય પુ.મુ. શ્રી હેમેન્દ્ર વિ.મ. વ્યાખ્યાન માટે પધારતા પૂ. સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. આદિ રાસ વાંચતા ૨૧૦ ઓળી થઇ. અહીં પેઠમાં પૂ.સા. શ્રી કૈવલ્યપ્રભાશ્રીની મ. રાસ વાંચવા જતાં ત્યાં ૧૨૦ ઓળી થઇ. ચીકપેઠમાં શ્રી દલીચંદજી તથા શ્રીમતી ઇન્દ્રાબાઇના શ્રેયાર્થે એમના પરિવાર તરફથી પંચાન્હિકા મહોત્સવ શાંતિસ્નાત્ર સહિત ઉજવાયા. પુનમના શાંતિસ્નાત્ર થયું. પૂ.આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ.મ.આદિ પધાર્યા હતાં. પં. શ્રી સુરેન્દ્રભાઇએ શાંતિ સ્નાત્ર ભણાવેલ. શ્રી લબ્ધિસૂરી સંગીત મંડળ ભકિત માટે આવેલ.

નગરથ પેઠ અત્રે શ્રી જબરચંદજી ભરતકુમાર પગારીયા તરફથી ઓળી થતાં, ચૈત્રી ઓળી થતાં પૂ.આ. શ્રી વિજયજિનેન્દ્ર સૂરીશ્વરજી મ.આદિ પધારતાં તેમના ઘેરથી સામૈયું થયું. આંબેલની ઓળી ૨૪૦ થઇ. દરરોજ સવારે સંગીત સાથે સ્નાત્ર પૂજા પાઠશાળાના બાળકો સાથે ભણાતી. ચૈત્ર સુદ ૧૪ના શ્રી સિદ્ધચક્ર મહાપૂજન પં. શ્રી સુરેન્દ્રભાઇએ ઠાઠથી ભણાવ્યું હતું. પારણામાં તપસ્વીઓ ઉપરાંત પાઠશાળાના ૪૦૦ બાળકો આદિની ભકિત કરી.

ચૈત્ર સુદ ૧૧ તા. ૧-૪ના ગંગાનગર (૮ કિ.મી.) જીરાવલા પાર્શ્વનાથની વર્ષગાંઠ પૂ. મુ. શ્રી હેમેન્દ્ર વિજયજી મ.ની નિશ્રામાં ઠાઠથી ઉજવાઇ હતી.

**ભાંડુપ (મુંબઇ):** અત્રે શ્રી આદીશ્વર જિનાલય મધ્યે પૂ. ગણિવરશ્રી વીરભદ્ર સાગરજી મ. તથા પૂ. મુ. શ્રી પુણ્યોદય સાગરજી મ., પૂ. મુ. શ્રી સર્વોદય સાગરજી મ.ની નિશ્રામાં પૂ.સા. શ્રી નરેન્દ્રશ્રીજી મ.ના શિષ્યા પૂ. સા. શ્રી ચારુલતાશ્રીજી મ.ની દીક્ષાની અર્ધશતાબ્દિ નિમિત્તે ચૈત્ર વદ ૬થી ૧૦ સુધી પાંચ પૂજનો સહતિ પંચાન્હિકા મહોત્સવ ૧૭ છોડના ઉજમણા સહિત ભવ્ય રીતે ઉજવાયો.

**ચેંબુર :** અત્રે નવાગામ નિવાસી ધીરજલાલ ભારમલ ગોસરાણીના ધર્મપત્ની લીલાવંતીબેનના વરસી તપના પારણાનું આયોજન ચેંબુર જૈન દેરાસરે થયું છે. સવારે ૯-૩૦ વાગ્યે પારણા થશે. શત્રુંજયનગર પારણા મંડળમાં થશે.

**વીલે પાર્લે ઇસ્ટ મુંબઇ-** અત્રે શ્રી સંઘમાં પૂ. આ. શ્રી વિજય જયઘોષ સુરીશ્વરજી મ. આદિની નિશ્રામાં પૂ. પ્રવચનકાર મુનિરાજશ્રી મહીબોધિ વિજયજી મ. તથા પૂ. મુ. શ્રી સૂર્યકાંતવિજયજી મ.ને ગણી પંન્યાસ પદ વૈશાખ સુદ ૧૨ રવિવાત તા. ૨-૫-૨૦૦૪ના ઉત્સાહથી આપવામાં આવ્યું હતું. આ નિમિત્તે સુદ ૧૦ થી ૧૨ ત્રણ દિવસનો મહોત્સવ યોજાયો હતો. પૂ.પં. શ્રી અક્ષય બોધિ વિજયજી મ. તથા પૂ. મુ. શ્રી મહાબોધિ વિજયજી મ. હાલારી જનતાના વિદ્વાન મુનિરાજો છે. તે બંનેની દીક્ષા ૨૦૩૩માં ચંદનબાળા વાલકેશ્વર મુંબઇ પૂ. આ. ભ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં ૧૪ દીક્ષાઓ થઇ હતી. તેઓ વિકાસ પંથ સાધે એ જ અભ્યર્થના.

**શાહીબાગ ગીરધરનગર અમદાવાદ:** અત્રે સંઘ પૂ. આ. શ્રી વિજય શ્રેયાંસપ્રભ સૂરીશ્વરજી મ. સ. સૂરિમંત્ર દ્વિતિયવાર પંચપ્રસ્થાન સમાપન ૮૪ દિવસના સાધના કરતાં તે નિમિત્તે પૂ.આ. શ્રી વિજય નરચંદ્ર સૂરીશ્વરજી આદિની નિશ્રામાં વૈશાખ સુદ બીજી છઠથી વૈશાખ વદ ૧ સુધી ભવ્ય રીતે ઉજવાયો.

**આબુ રોડ (રાજ.)** અત્રે ૧૩૦ અઠ્ઠમના તપસ્વી પૂ. મુ. શ્રી ભાવેશરત્ન વિ.મ.ની નિશ્રામાં વાસુપૂજ્ય સ્વામીની સત્તરમી વર્ષગાંઠ દાદાજી અમીચંદજી તથા દાદીજી ઉમેદીબાઇ મા. આત્મ શ્રેયાર્થે તથા પિતાજી તેજમલજી માતાજી પ્રેમલતાબેનના સુકૃત અનુમોદનાર્થે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન સહિત ભવ્ય પંચાન્હિકા મહોત્સવ વૈ. સુ. ૩થી વૈશાખ સુદ દ્વિતિય ૬ સુધી ભવ્ય રીતે ઉજવાયો.

**બેંગલોર-ચિકપેઠ:** અત્રે વરસી તપના આઠ તપસ્વીઓના પારણા શ્રી સંઘ તરફથી પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ., પૂ.આ. શ્રી વિજય કલ્પયશ સૂ. મ., પૂ. આ. શ્રી વિજય અમીતયશ સૂ.મ. આદિની નિશ્રામાં ઠાઠથી થયા. પાંચ દેરાસરજી ચૈત્યપરિપાટી પ્રવચનો બાદ બોલી

બોલી તેમને હાથે પારણા થયા. ભાવિકોએ જુદી જુદી ઘણી પ્રભાવનાઓ થઇ હતી.

**શ્રીપાલનગર વાલકેશ્વર મુંબઇ :** અત્રે સિદ્ધહસ્ત લેખક પૂ. આ. શ્રી વિજય પૂર્ણચંદ્ર સૂરીશ્વરજી મ.ના ૫૦માં દીક્ષા વર્ષ પ્રવેશ પ્રસંગે તથા પૂ. સુવિશાલ ગચ્છનાયક આ. શ્રી વિજય હેમભૂષણ સૂરીશ્વરજી મ.ના ગચ્છનાયક પદના બીજા વર્ષમાં પ્રવેશ નિમિત્તે વૈ. સુદ ૨ થી સુદ ૮ સુધી વીશસ્થાનકપૂજન, સિદ્ધચક્ર મહાપૂજન તથા શાંતિસ્નાત્ર મહોત્સવ ભવ્ય રીતે શ્રીપાલનગર દેરાસર ઉપાશ્રય ટ્રસ્ટ તથા આરાધક ભાઇઓ બહેનો તરફથી ઉજવાયો.

**અમદાવાદ:** દોશીવાડાની પોળ જૈન વિદ્યા શાખાએ પૂ.સા. શ્રી પૂર્ણભદ્રા શ્રીજી મ.ના સંયમના ૫૦માં વર્ષ પ્રવેશ નિમિત્તે પૂ.આ. શ્રી વિજય નરચંદ્ર સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં શ્રી સિદ્ધચક્ર મહાપૂજન સહિત ત્રણ દિવસનો મહોત્સવ વૈશાખ વદ ૩થી ૫ સુધી સ્વ. શાહ રસીકલાલ મહાસુખલાલ સહ પરિવાર આદિ તરફથી યોજાયો.

## જૈન શાસનમાં નવો મળેલ સહકાર

**રૂા. ૧૦૦૫-૦૦** પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય જિનેન્દ્ર સૂ.મ. સા. તથા પ્રવર્તક મુનિરાજ શ્રી યોગીન્દ્ર વિજયજી મ.સા.ની ૫૦ વર્ષના સંયમ પર્યાય ઉજવણી તથા પૂ. સા. શ્રી અનંત પ્રભા શ્રીજી મ.સા. તથા પૂ. સા. શ્રી સુવર્ણ પ્રભાશ્રીજી મ.સા.ના ૪૪ વર્ષ સંયમ પર્યાય અનુમોદના નિમિત્તે પૂ.સા. શ્રી અનંત પ્રભા શ્રીજીના સદુપદેશથી સદ્ગૃહસ્થો તરફથી ખુશી ભેટના.

**રૂા. ૧૦૧-૦૦** શાહ દેપાર કેશવજીભાઇપરિવાર તરફથી

**રૂા. ૧૦૧-૦૦** તેમના સબંધીઓ તરફથી હ.: દેવચંદ ગોસરભાઇ ગડા પરીવાર તરફથી

પ.પૂ.આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ.મ. તથા પ્રવર્તક મુનિરાજશ્રી યોગીન્દ્ર વિજયજી મ.સા.ની ૫૦ વર્ષના સંયમ પર્યાયની દીક્ષા ઉજવણી તથા પ.પૂ.સા. શ્રી પ્રશાંત દર્શનાશ્રીજી મ.સા.ના ૨૫ વર્ષ તથા પ.પૂ.સા. શ્રી ભાવિતદર્શના શ્રીજી મ.સા.ના ૨૦ વર્ષના સંયમ પર્યાયની ઉજવણી નિમિત્તે.

**રૂા. ૧૦૦-૦૦** રતનબેન હંસરાજ પરિવાર તરફથી

**રૂા. ૧૦૦-૦૦** શાહ રમણિકલાલ કાનજીભાઇ પરિવાર તરફથી

**રૂા. ૧૦૦-૦૦** શાહ વિરચંદભાઇ જીવરાજભાઇ પરિવાર તરફથી

પ.પૂ.આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ.મ. તથા પૂ. પ્રવર્તક મુ. શ્રી યોગીન્દ્ર વિજયજી મ.સા.ની ૫૦ વર્ષની સંયમ પર્યાયની દીક્ષા ઉજવણી તથા પૂ.સા. શ્રી કુલદર્શનાશ્રીજી મ.સા.ના ૨૨ વર્ષના સંયમ પર્યાયની અનુમોદના નિમિત્તે.

**રૂા. ૧૦૧-૦૦** શાહ દેપારભાઇ કેશવજીભાઇ પરિવાર તરફથી

**રૂા. ૧૫૧-૦૦** શ્રી કસ્તુરબેન ગુલાબચંદ દેવરાજભાઇ શાહ હઃ પારુલબેન પરાગભાઇ શાહ તરફથી

**રૂા. ૧૦૧-૦૦** પુષ્પાબેન વેલજી નાગડા- લાખાબાવળવાળા- હાલ મુંબઇ

**રૂા. ૧૦૧-૦૦** વિનુબેન અરુણભાઇ શાહ- હાલ લંડન

પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.સા. તથા પૂ. પ્રવર્તક મુ. શ્રી યોગીન્દ્ર વિજયજી મ.સા.ના ૫૦ વર્ષની સંયમ પર્યાયની દીક્ષા ઉજવણી નિમિત્તે તથા પૂ.સા. શ્રી અનંતપ્રભાશ્રીજી મ., સા. શ્રી સુવર્ણપ્રભાશ્રીજી મ.સા.ના ૪૪ વર્ષની સંયમ પર્યાયની અનુમોદના નિમિત્તે તથા સા. શ્રી પ્રશાન્તદર્શનાશ્રીજી મ.સા.ના ૨૫ વર્ષ તથા સા. શ્રી ભાવિતદર્શનાશ્રીજી મ.સા.ના ૨૦ વર્ષના સંયમ પર્યાયની ઉજવણી નિમિત્તે ભેટ.

મહાવીર મૌન રહ્યા. ત્યારે નન્દીવર્ધને કહ્યું....




ભાઈની વાત સાંભળી મહાવીર બે વર્ષ સુધી ઘરમાં જ ત્યાગમય જીવન વિતાવતા રહ્યા.

મહાવીરના દીક્ષા સંકલ્પ જાણીને નવલોકાન્તિક દેવોએ આવીને પ્રાર્થના કરી...




દીક્ષા લેતા પહેલા રાજકુમાર મહાવીરે એક વર્ષ સુધી દરરોજ સવારે એક પ્રહર સુધી નિરન્તર એક કરોડ આઠ લાખ સ્વર્ણ મુદ્રાઓ દાન દઈ ધી. અમીર-ગરીબ બધા તેનું દાન લેવા આવતા અને પ્રસન્ન થઈને પાછા જતા.



# પરિમલ

- પૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

* મોહની બધી પ્રકૃતિઓને મૂળમાંથી સાફસૂફ કરે તેવો જે આત્માનો પરિણામ તેનું નામ ક્ષપકશ્રેણિ!
* વિદ્વતા બતાવવા આ વ્યાખ્યાન નથી. પોતાની જાતને અને તમને સારા બનાવવા આ વ્યાખ્યાન છે.
* ભગવાન ખાતર આપણે કાંઇ છોડવાનું કે, આપણા સુખ ખાતર ભગવાન છોડવાના?
* આપણે ત્યાં બહુમતિ, લઘુમતિ કે સર્વાનુમતિ નહિં પણ શાસ્ત્રમતિ જ મનાય, ધર્મના સિદ્ધાંતો નિશ્ચિત છે કોઇની દેન નથી કે ફેરફાર કરે!
* આજે તમારી પાસે પૈસા પણ મેલા છે અને હૈયા પણ મેલા છે.
* તમારે અમારો ખપ નથી પણ અમારા આશીર્વાદનો ખપ છે. કયા આશીર્વાદ? આ સંસાર ઝટ છૂટી જાય તે કે સંસારમાં લીલાલહેર થાય તે?
* દુનિયાની સુખસામગ્રીના જ વખાણ કરે તે અમારા ગુરુ નહિ! પણ માત્ર મોક્ષસુખની જ વાત સમજાવે તે અમારા ગુરુ! આટલી પણ સમજણ હૈયામાં છે?
* અમને મંત્ર- તંત્ર - પૈસાદિની સલાહ આપે તે અમારો ગુરૂ નહિં જ! જો પૈસા સારા હતા તો અમે છોડયા કેમ?
* સાધુ પાસે આવનારને 'ત્યાગ સારો અને સંસાર ભૂંડો છે' તેમ ન લાગે તો સાધુમાં ય અપલક્ષણ!
* અમારો ભગત લક્ષ્મીવાન હોય તે અમારી કીર્તિ નથી. અમારો ભગત ત્યાગી- સદાચારી- ઉદાર હોય તે અમારી કીર્તિ છે!
* તમે દાન દો તે પૈસા માટે, શીલ પાળો તે અધિક ભોગ માટે, તપ કરો તે ધાર્યું થાય માટે- તો તે એક જાતિનો વેપાર થયો. તેવા વેપારમાં અમારી સંમતિ હોય તો અમારા જેવા નિમકહરામ બીજા કોણ?
* શ્રાવક દુઃખી હોય તે કલંક નથી, શ્રાવક લુચ્ચો- જુઠો દોષિત હોય તે કલંક છે!
* વેપારના ભાવ-તાલ, વધ-ઘટ, બધાની ખબર હોય તે પેઢી સારી ચલાવી શકે અને અહીં કાંઇ જ ન જાણે તે ધર્મ કરે!
* દુઃખ આપે તેવા કામ જાણી- બુઝીને કરે તેનું નામ જ પાગલ!
* તમે જ્યાં પૈસો ન ખરચવો ત્યાં પાણીની માફક ખર્ચો છો, ભક્તિની વાત આવે ત્યાં મીંડુ! તમને સમજુ કહેવા, અણસમજુ કહેવા કે ઈરાદાપૂર્વકના ઠગ કહેવા?
* ભગવાનના શાસ્ત્રો મોજૂદ છે તે સાંભળવા, સમજવા નથી, સમજવા અભ્યાસ કરવો નથી તેવો જીવ મહાવિદેહમાં જઈ શું કરે?
* દુઃખ આપનાર પાપના ઉદય કરતાં પાપ કરાવનાર પાપનો ઉદય તે બહુ ભૂંડો છે. પાપથી દુઃખ આવે અને પાપના ઉદયથી પાપ થાય!
* ધર્મક્રિયા કરનારા માટે પણ 'આ સંસાર ભૂંડો છે, છોડવા જેવો જ નથી અને મોક્ષ જ મેળવવા જેવો છે' એ વાત રોજ યાદ આવે તેવા કેટલા મળે?

જૈન શાસન અઠવાડીક ● માલિક : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતા – એલેક્સી પ્રિન્ટરમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

# જૈન શાસન

શાસન અને સિધ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

*નરકગતિનું મૂળ*

जोघण-मयणुम्मत्तेहिं
विसयतण्हाविमोहियमणेहिं ।
जं कीरइ इह पुरिसाहमेहिं तं
निरयगइमूलं ॥

યૌવનના મદથી મદોન્મત્ત બનેલા, વિષય તૃષ્ણાથી વિમોહિત મનવાળા અધમ પુરૂષો વડે જે કાંઇ અહીં કરાય છે અધર્મ તો ઠીક પણ ધર્મ પણ તે બધું તેના માટે નરકગતિનું મુળ બને છે માટે વિષયતૃષ્ણાથી બચવું જોઇએ.

नमो चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

## અઠવાડિક

વર્ષ ૧૬ અંક ૨૭

**શ્રી જૈન શાસન કાર્યાલય**
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

# 'સુશીલ સંદેશ'

## કરૂણા નિધાન ભગવાન મહાવીર – હપ્તો–૧૭.

બે વર્ષ પુરા થયા પછી માર્ગશીર્ષ કૃષ્ણા દશમી ના દિવસે વર્ધમાન કુમારે ચન્દ્રપ્રભા નામના શિબિકા માં બેસી ને દીક્ષા માટે આગળ વધ્યા. સૌધર્મેન્દ્ર વગેરે અસંખ્ય દેવી-દેવતા અને હજારો સ્ત્રી-પુરૂષ આ વિશાળ સરઘસમાં ભેગ હતા.



વિશાળ સરઘસ નગરથી બહાર આવેલું જ્ઞાતખંડ ઉદ્યાન પહોંચ્યું, અશોક વૃક્ષ ની નજીક પાલકી રાખવામાં આવી. એક એક કરીને વર્ધમાને પોતાના બધાજ કિંમતી ઝવેરાત અને કપડા ઉતારી દીધા.



आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवाय च
હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પ

# જૈન શાસન

(અઠવાડીક)

તંત્રીઓ :
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૬ ) ✱ સંવત ૨૦૬૦ વૈશાખ વદ - ૧૪ ✱ મંગળવાર, તા. ૨૫-૫-૨૦૦૪ (અંક:૩૭

## પ્રવચન અડસઠમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

સં ૨૦૪૩, આસો વદિ-૧૨, સોમવાર, તા. ૧૯-૧૦-૧૯૮૭
શ્રી ચંદનબાલા જૈન ઉપાશ્રય, મુંબઈ - ૪૦૦ ૦૦૬.

પૂ.આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

*ગતાંકથી ચાલુ...*

(શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના -અવ.)

वित्रासयन्ति नियतं भवतो वचांसि ।
विश्वासयन्ति परवादि सुभाषितानि ।
दुःखं यथैव हि भवानवदत्तथा तत् -
तत्सम्य त्तवे च मतिमान् किमिहा (वा) भयः स्यात् ?

આ જનમ પાપથી થયો છે તેમ સમજાય છે? મોહ ખરાબ છે તેમ લાગે છે? 'આ શરીર બંધન છે, બંગલો જેલ છે, સંસારનું સુખ પ્રાણ લેનાર છે' તેમ લાગે તો મોહ ખરાબ લાગ્યો તેમ કહેવાય. આવી સુંદર ધર્મ સામગ્રીવાળો મનુષ્ય જન્મ પામ્યા પછી ઘર-બાર, કુટુંબ-પરિવાર, પૈસા -ટકાદિ ગમે તો ક્યાં જાય? નરકમાં. મનુષ્ય ખરાબ હોય તો જ નરકમાં જાય ને? નારકી કરતાં મનુષ્ય ખરાબ બની શકે? મોહને સારો માને તેની ગતી કઈ ? તેવાને પૈસા -ટકાદિ સુખ મળે તે માટે શા માટે? વધારે પાપ કરાવી નરકે મોકલવા માટે ને? તમને સંસારનો, શરીરનો, પૈસા-ટકાનો ભય લાગે છે? જો હું સાવચેત ન રહું તો તે બધા મારી પાસે ઘણા પાપ કરાવશે અને મને નરકાદિ દુર્ગતિમાં મોકલી આપશે. માટે તે બધા ઉપરનો મોહ ખોટો લાગે છે તેમ લાગે છે?

જેને મોક્ષમાં જવું હશે તેને આ બધાનો મોહ ખોટો જ છે તેમ લગાડવું જ પડશે.

શ્રી ધનપાલ પંડિતે પણ કહ્યું છે કે, ભગવાનનાં વચન સંસારનો ત્રાસ પેદા કરનારા છે. અન્યમતિનાં વચન તો માત્ર આશ્વાસ આપે છે. તેઓને મોક્ષ ગમ્યો છે. તેઓએ પણ નિષ્કામ ધર્મ કહ્યો છે. દુન્વયી કોઈપણ લાલસા માટે ધર્મ કરવાનું કહેતા નથી. મોહ ખરાબ છે,બધા પાપનું મૂળ છે. માટે જ સમકિતી જીવ નિર્ભયપણે સંસારમાં રહે નહિ.

**પૈસા અને સુખથી ડરે તે ધર્મી !** ધર્મી થવું હશે તો દેવ-ગુરૂ-ધર્મ-ધર્મી અને ધર્મનાં સાધનો ઉપર પ્રેમ કરવો પડશે. 'જિન અને જિનમત વિના બધું ખોટું

છે, કશું સારું નથી.' તે ખરાબને સારું મનાવનાર મોહ છે. મોહ જ મોટામાં મોટો ભય છે! મોહાંધ હોય તે જ સંસારમાં નિર્ભય હોય, પાપ કરતાં જરાપણ આંચકો ન લાગે.તમને જૂઠ બોલતાં આંચકો લાગે છે? ચોરી મજેથી કરો છો? તમારા ચોપડામાં ન હોય તે ઘર-પેઢીમાં હોય? હોય તો પ્રતાપ કોનો? મોહનો. મોહ જ ખરાબમાં ખરાબ પાપ છે, જે ખરાબને સારું લગાડે,સારાને ખરાબ લગાડે. સુદેવ-સુગુરુ-સુધર્મ ન ગમે અને કુદેવ-કુગુરુ-કુધર્મમાં મજા આવે. આવો ભયંકર મોહ છે. મોહ જ ભૂંડામાં ભૂંડો છે તેમ સમજાશે તો જ ધર્મ આવશે. તેવો આત્મા જ સાચા ભાવે ધર્મ કરશે અને વહેલામાં વહેલા મોક્ષને પામશે.. તેવો આત્મા કેવો ઉત્તમ હોય છે તે વાત હવે પછી.

(ક્રમશઃ)

# ભ્રામક પ્રચારથી બચો

- શાસનભક્ત

પરમતારક શ્રી જૈનશાસનમાં શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞા એજ પ્રધાન છે. ઉપકારી શાસ્ત્રકાર પરમર્ષિઓ તો ત્યાં સુધી ફરમાવે છે કે, શ્રી જિનેશ્વરદેવોને ઉદ્દેશીને પણ જો આજ્ઞા બાહ્ય પ્રવૃત્તિ કરવામાં આવે તો તે પ્રવૃત્તિ પણ નિષ્ફલ અને નિરર્થક કહી. જેમાં દૃષ્ટાની આપ્યું કે - મૃતકને શણગારવું, આકાશમાં ચિતરામણ કરવું કે ફોતરાને ખાંડવા - આ પ્રવૃત્તિ જેમ લોકમાં પણ નિરર્થક ગણાય છે તેમ આજ્ઞા બાહ્ય પ્રવૃત્તિ કહી છે. આટલી સ્પષ્ટ વાત હોવા છતાં પણ આજે આજ્ઞા પ્રત્યે જે રીતની ઉપેક્ષા. અનાદરભાવ અને અરૂચિ દેખાય છે તે દુઃખદ છે. આજ્ઞાનું પાલન વધતું-ઓછું થાય તે ચાલે પણ અનાદર ભાવ તો કઈ રીતના ચલાવી દેવાય!

દુનિયામાં પણ કહેવાય કે ગાઢનિદ્રામાં ઉંઘેલાને હજી જગાડવા સહેલા પણ જાણી જોઈને જાગતા સુતેલાને જગાડવો તે વધુ કઠીન અને મોહનિદ્રાવાળાને તો ખુદ ભગવાન પણ જગાડવા સમર્થ બનતા નથી. વર્તમાન કાળે અમદાવાદ સાબરમતી સ્મૃતિમંદિરના વિવાદમાં આ જ વાત લાગુ પડે છે. જવાબદારી અને સમાના સ્થાનવાળાને સાચું સમજવું નથી, સાચું જાહેર કરવું પણ નથી અને માત્ર એમજ અપપ્રચાર કરવો છે કે **''જૈન શાન'' જ મારા મૃષાવાદવાળા લેખોનો પ્રચાર કરે છે તો તેનો જવાબ આપવો નથી.** તમને જો જે વસ્તુ માયા-મૃષાવાદવાળી લાગે તો તમે પણ સત્ય જાહેર કરો તો ક્યાં કોઈ રોકે છે. બાકી તમારી પ્રશંસાના ગાણા ગાવા તમારા મુખપત્રોના પાના ભરો છો. અને તેમાં કેટલી બધી અતિશયોક્તિ કરો છો. શબ્દોના સાથીયા પુરો છો અને પછા પાટ પરથી સમજાવો છો કે 'આત્મશ્લાધા' તે મારો દોષ છે. તો તમને 'માયામૃષાવાદ' નું પાપ લાગે કે નહિ તે વિચારવું જરૂરી છે.

અજ્ઞાન લોકોને ઊંધે માર્ગે દોરે તેને ક્યું મોહનીય કર્મ બંધાય તે જાણો છો ને? જેમ કે સ્વ. પૂ.આ.શ્રી વિ. રામચન્દ્ર સૂ.મ.સા. એ એક સાધ્વીજી મહારાજના પ્રશ્નના જવાબમાં સ્પસ્ટ લખેલ કે -''સ્વ.પૂ.આ.શ્રી વિ. લબ્ધિ સૂ.મ. ની ગુરૂમૂર્તિ આગળના ભંડારનું દ્રવ્ય તે **દેવદ્રવ્ય** જ ગણાય'' તો આ વાત બચાવમાં તમો જણાવો છો કે તે સ્થાન દેવદ્રવ્યનું બન્યું હોય માટે દેવદ્રવ્ય ગણાય. તો તમોને ખબર નથી કે લાલબાગ ભુલેશ્વરનું જિનાલય સુશ્રાવક શ્રાદ્ધવર્ય શ્રી મોતીશાશેઠે નિર્માણ કરેલ છે. અને તેમની કેટલી જમીન હતી તેની ખબર નથી. માત્ર લેખકનું બિરુદ ધારણ કરવું છે કે ચોક્કસ માહિતીઓ પણ મેળવવી અને જાણવી છે? આ બાલવૃદ્ધ સૌને ઈતિહાસની ખબર છે અને અનેક પૂ. ગીતાર્થ આચાર્યશ્રીઓએ પણ આજ વાત કહેલી છે. તો આ તો મોરની કળા જેવી ચેષ્ટા કહી લોકોમાં

ભ્રામક ભ્રમણા ફેલાવે છે.

આજે ઘણા બધા માને છે કે આવી અંદરની વાતો જાહેર કરવાથી સમુદાયની લઘુતા થાય છે. તો વાલીવમાં સમુદાયની લઘુતા કયો પક્ષ કરે છે તે બધાને ખબર છે. અવસર આવે જાણકાર જો સાચી વાત જાહેર ન કરે તો તે **'સત્યનો ખૂની છે' પુજારી નથી.** તમારી જો આ માન્યતા હોય તો ૨૫૦૦ની ઉજવણીના વિરોધનો જે પત્ર વ્યવહાર ''જૈન પ્રવચન પ્રચારક ટ્રસ્ટ''ના ઉપક્રમે તે વખતના દૈનિક પેપરોમાં અને પુસ્તિકા રૂપે પ્રગટ કરાયેલ તેને તમે શું કહેશો.

જે લોકો ફોટાનું દ્રવ્ય ફોટામાં વપરાય એમ સ્વ.પૂ.આ.શ્રી વિ. રામચન્દ્ર સૂ.મ. જણાવેલ છે તે વળી કેટલી વિકૃત રીતે રજુ કરે છે. મહારાષ્ટ્રમાં સ્વ. પૂ.શ્રીજીના એક ખાસ સુશ્રાવક હતા. અને પોતાના ગુરુ મ.ના દીક્ષા દિવસની તિથીની ઉજવણી પોતાના ગામમાં કરતા અને તે વખતે પૂ.શ્રીજીની પ્રતિકૃતિનું પૂજન - હાર ચઢાવવા આદિ કરતા અને ૨૦૩૨માં ચૈત્રમાસની ઓળી પ્રસંગે સ્વ. પૂજય શ્રીજી ત્યાં પધારેલા અને પ્રસંગ પામી તે સુશ્રાવકે પૂ.શ્રી જીને પૂછેલ કે આ બધી રકમ શેમાં જાય! તો તરતજ પૂ.શ્રીજીએ જવાબ આપેલ કે **આ તો દેવદ્રવ્યમાં જ જાય, આમાં પૂછવાનું શું?** પછી પૂ.શ્રીજીએ ટકોર પણ કરેલી કે આવું ગાંડપણ અને ઘેલછા કેમ કરો છો? ત્યારે તેમણે જવાબ આપેલ કે આ અમારો વિષય છે. આમાં આપે અમને રોકવા નહિ.

વળી ૨૦૪૫માં પાલીતાણામાં પણ પૂ.શ્રીજીને એક પંડિતે પૂછેલ કે-'ગુરુમૂર્તિનું કે ત્યાં આગળ રાખેલા ભંડારનું દ્રવ્ય શેમાં જાય'? તો તરત જ પૂ.શ્રીજીએ જવાબ આપેલ કે - આટલીય ખબર નથી પડતી? આ તો દેવદ્રવ્યમાં જ જાય. આવો પ્રશ્ન જ ઉભો કેમ થાય છે? આ વખતે પૂ.શ્રીજીની સેવામાં રહેલા નિકટના મહાત્માઓ પણ હાજર હતા. પણ જેમણે પોતાને જ માયા-મૃષાવાદનું સેવન કરવું હોય તે ગજનિમિલિકા કરે તેમાં શું થાય?

વળી એક સુશ્રાવકે પૂ.શ્રીજીનો ફોટો બનાવરાવેલ અને જે ભાગ્યશાલીએ તેનો લાભ લીધેલ અને તે માટે જે રકમ આપેલી. તેના કરતાં ઓછી રકમમાં ફોટો બન્યો અને અમુક રકમ વધી. તો વધેલી રકમનું શું કરવું તેના જવાબમાં પૂ.શ્રીજીએ સ્પષ્ટ ખૂલાસો કરેલ કે તેમાંથી બીજો ફોટો બનાવાય પણ નીચે લખવું જોઈએ કે, આ ફોટાની રકમમાંથી આ ફોટો બનાવાયો છે.

સમજવા માટે આપણે માનીએ કે, લાભ લેનાર દાતાએ હજાર રૂા. ની રકમ આપી અને માત્ર સાતસો રૂા. ની રકમમાંથી ફોટો બન્યો તો તેમાં ત્રણસો રૂા. વધ્યા તો આ રકમનું શું કરવું તેનો જે પૂ. શ્રીજીએ સ્પષ્ટ જવાબ આપ્યો અને આજે જ સ્વ. પૂ. શ્રીજીના જાતે જ બની બેઠેલા વારસદારો આનો કેવો અપપ્રચાર કરે છે, કેવી માયા મૃષા સેવે છે તેનો આ માત્ર નમૂનો છે?

તેજ રીતના ભરૂચમાં એક ફોટોગ્રાફર પૂ. શ્રીજીની પ્રતિકૃતિ બનાવતો. તેને પણ પૂ. શ્રીજીને પૂછેલ તો પૂ. શ્રીજીએ જવાબ આપેલ કે ભાઈ તું ફોટાનો વેપારી છે માટે તને તો ચોખ્ખી જ રકમ મલતી હોય. બાકી આ ફોટા કાંઈ દેવદ્રવ્યાદિમાંથી બનાવાય નહિ. **જો ફોટો પણ દેવદ્રવ્યાદિમાંથી ન બનાવાય તો ગુરૂમંદિર કે સ્મૃતિમંદિર બનાવાય ખરું?**

ઘણાને એમ પણ થાય કે આવી અંદરની વાતો જાહેર નહિ કરવી. તમે બધા પૂ. શ્રીજીના નામે ખોટી વાર્તા કરો અને કોઈ સાચી વાત પ્રગટ કરે તે તેનો ગુનો? તમે એમ કહો કે અમે તો વર્ષોથી પૂ.શ્રીજીની સેવામાં સાથે જ હતા તો આ વાતો અમોને જણાવનાર પણ પૂ. શ્રીજીની સેવામાં સાથે જ હતા. માત્ર લોક સાચી વાત સમજે માટે પ્રયત્ન છે. ના સમજવું તેને ભગવાન પણ ન સમજાવે!

# વિષય વિરાગી અને કષાયના ત્યાગી બનો !

પૂ. મુનિ શ્રી પ્રશાન્ત દર્શન વિજયજી મ.

(ગયા અંકથી ચાલુ)

આ સંસારમાં સાર રૂપ હોય તો એક માત્ર મૃગાક્ષી છે આવું તમે માની તેની પાછળ જે રીતના લટ્ટુ બનો છો તો તમને ખબર નથી કે આ લોક અને પરલોકના તીક્ષ્ણ દુઃખોનું કારણ ને મૃગાક્ષી વિના કોઈ જ નથી, તમારો જ સ્વાનું-ભવ શું કહે છે? શ્રી જિનવચન તો જણાવે છે કે, સ્વભાવથી જ ચંચલ અને ક્યારે કોના તરફ ઢળી પડે તે કહેવાય નહિ, જેના હૈયાના પારને પામવા ખુદ બ્રહ્મા પણ સમર્થ નથી તેવી વામા પર આંધળો વિશ્વાસ અને અનુરાગ બતાવી તમો તમારી જાતને જ વામન પૂરવાર કરો છો. કમલની પરિમલનો રાગ ભ્રમરની બંધનનું કારણ બને છે તેમ ચંદ્રવદની પરનો અનુરાગ તમોને શીતલતા આપશે કે સંતમ બનાવશે? ખરેખર રાગનું નાટક તો નીહાળો કે, જે સ્ત્રીના શરીરનો અંગોપાંગને ભિન્ન ભિન્ન ઉપમાઓથી મલકાઈ રહ્યા છે તે સ્ત્રીના શરીરને જો સોનેરી ચામડીના પડથી મઢ્યું ન હોય તો તે તમને જોવું પણ ગમે ખરું? બીભત્સ અને અશુચિ પદાર્થોના સંગથી મોઢું બગાડનારા તમે સ્ત્રીના તે તે બીભત્સ, ગોપનીય, અશુચિમય અંગોથી મલકાઈ ઊઠો છો. તો તમારું થશે શું? સુખનો સાગર પામશો કે દુઃખના દરિયામાં ડૂબી જશો? કામદેવ રૂપી મચ્છીમારે સ્ત્રીના દેહ રૂપી માંસમાં તમને એવા તો લોલુપ અને પાગલ બનાવ્યા છે કે તેના જ સંગમાં પત્થર જેવા અચેતન બનેલા તમને માછલાની જેમ પકડી તીવ્ર અનુરાગ રૂપી અગ્નિમાં એવા પકાવશે કે તે સમયે તમારી બચાવની ચીસો પણ કોઈ સાંભળી નહિ શકે. તેના જ સંગમાં મુગ્ધ બનેલા તમે, તેણીના વિયોગના સમયને પણ સેંકડો વર્ષના વિરહ સમાન માનો છો પણ આ કર્મરાજા તેણીની સાથે તમારો એવો વિયોગ કરાવશે કે સેંકડો સાગરોપમના કાળે પણ તેણીનો સંયોગ પણ થશે નહિ. પાણીના પરપોટાની જેમ સંયોગ પણ વિયોગને જ આપનારો છે. પ્રિયજનનો સંયોગ અલ્પકાલીન છે અને વિયોગ અસંખ્યાત વર્ષનો થશે તો પણ હે હૃદય! તમે તેના સંયોગને જ ઈચ્છો છો-આ તમારી કઈ બુદ્ધિમમા છે? દેખાવમાં જ રમણીય એવો રમણીય રમાનો સંગ અપથ્ય ભોજનની જેમ દારૂણ દુઃખોને અ પનારો છે.

જ્યાં સુધી આત્મા ઉપર અવિવેકનું સામ્રાજ્ય હોય ત્યાં સુધી સારી અને સાચી હિત કરવાની પણ રૂચે નહિ. તે તો માનો કે યુવાની તો દીવાની છે. મારા પુણ્ય મળેલું હું કેમ ન ભોગવું? યૌવનની રોશની અને સૌંદર્યની પાછળ ભ્રમરવૃતિ આત્માને વિલાસી વિકારી અને વિકૃતિનો સ્વામી બનાવે તેમા નવાઈ નથી. રોશનીમાં અંજાય તે સૌંદર્યના દીપકમાં દીવાનો બની પતંગિયાની જેમ પડે અને પ્રાણ ગુમાવે. તેને તો રૂપસુંદરીના સૌંદર્યનો રસભંડાર લુંટવાનું મન હોય. લુંટાય તેટલું લુંટી લો, મનાય તેટલું માની લો, આજ મીઠી તો કાલ કોને દીઠી ! સૌંદર્યનો ખજાનો લુંટવામાં આનંદ માને તેમા જીવનમાં શાંતિ-સમના-ધીરજ કેવી! મોહમાં મદોન્મત્ત બની ભાન ભૂલેલા, તોફાની સમુદ્રમાં પોતાની જીવનનૈયા આંધકીયું કરી ઝૂકાવે છે. ભોગોપ-ભોગના પ્રલયકારી પવનોમાં પોતાનો ઉદ્ધાર માને, અંધકારને અજવાળુ માને ,રાત્રિને દેવસ માની લખતા લેખીની લાજે તેવા અવનવા ખેલ ખેલે, રંગરસિયો છબીલો બની, મદભરી માનુનીના પગ ચાટે,આજીજી, પ્રાર્થના કરે. મોહમાયામાં મૂંઝાયેલા તે પોતાની જાતને પણ ઓળખી શકતો નથી. મેડહાઉસમાં રહેલા પગલોને પણ વટલાવે તેવા મોહના ચાળા કરે અને તેમાં આનંદ માને. નખરાળી નટકાળી નારીના નયનોમાં મોહાંધ મસ્ત બની તેને જ પરમેશ્વર-પ્રભુ માને. માનીનીનો રસાસ્વાદ તેની નીતિ અને તેની સાથેની મોજ મજા તે જ તેના જીવનનું ધ્યેય. મોહિનીનો ગુલામ બનેલા તેની આગળ મોહ પોતાને મનગમતા નાચ નચાવે તોય આને કાંઈ ખતાગમ પડે નહિ. મોહના અંધકારમાં આંધળો બનેલો, માયાના પાશમાં વશ પડેલો ગમ્યાગમ્ય, ભક્ષ્યા ભક્ષ્ય, કર્ત્તવ્યક

કર્ત્તવ્યનો વિવેક પણ કરી શકે નહિ. પ્રિય પાત્રની હાજરીમાં સૂર્યવિકાશી કમલની જેમ ખીલે. પોતાના પ્રિય પાત્ર વિના જગતના સઘળાય પદાર્થો તેને સુખ પ્રદ કે રતિપ્રદ કે આનંદદાયક ન લાગે. યુવાનીની આ દીવાની અવસ્થા અટપટી છે. ગતિ અગમ્ય છે, વંટોળિયાના વેગ કરતાં પણ વિશેષ વેગવાળી છે, તડફડ કરવામાં મજા માને, દુર્ગુણોનો ઉપાસક બને, શરીરનો જ પૂજારી બને, શેતાન ને સાથી બનાવે, ગમે તેટલું ભોગવે પણ તૃપ્તિ તો ભાગ્યે જ થાય અને અતૃપ્તિ દિવસ-રાત વધતી જ જાય, પોતાની જીવન ફના કરે. મોહિનીની મોહજાળમાં ચળકાટમાં પોતાનું તેજ ભૂલી જાય, આત્મ સૌંદર્યને બદલે દેહ સૌંદર્યનું પતંગિયું બની યૌવનની મોજ મજા માટે ભમ્યા કરે. **સાચું સૌંદર્ય દેહમાં નથી પણ આત્મામાં છે, રૂપમાં નથી પણ ગુણમાં છે.** આ વાત તો સ્વપ્ને પણ યાદ ન આવે અને કોઈ યાદ કરાવે તો મોઢું કટાણું કરે. દેહ સૌંદર્યના પ્રેમી બનેલા જીવોના જીવનની ક્ષિતિજ ઉપર આશાની ઉષા ઉગી કે ન ઉગી,આનંદના વહાણા વહાયા કે ન વહાયા પણ નિરાશાની શ્યામ રજનીનો અંધકાર તો છવાય જ છે. મોહાંધોના જીવનની સંધ્યાના રંગ જરાક મોહકને ચમકથી આંજી દે પણ પરિણામે! રૂપની મોહકતા વિશ્વા મિત્ર જેવાને પણ ચલિત કરે તો આજના ખમીર વિહુણા લપસી જાય તેમાં નવાઈ શી ! સૌંદર્યના પિપાસુની આંખમાં વિષયનું ઝેર ન ચઢે તે નવાઈ ! માનવી આવો નબળો ! જે આંખનો સદુપયોગ કરવાનો તેને બદલે તેનો આવો ભયાનક દુરૂપયોગ! રૂપપિપાસુ હૃદયો કેવાં કાળાં કામ કરે છે તે ખબર નથી! સૂર્ય અને ચંદ્ર પાછળ રાહુ ભમે તેમ વિષય વાસના અને મોહ માયામાં મસ્ત બની માનીની પાછળ ભમે. દેહ અને ઈન્દ્રિયોને રીઝવવા મોહની ચક્કીમાં પિસાયા કરે. વાસનાના અધાપે જીવન શતરંજને હારી જાય છે. સંધ્યાના રંગોની જેમ ક્ષણિક આ સૌંદર્ય છે, સૌંદર્યની મોરલી પર નાચનારને કાળસર્પ ક્યારે ડંખ મારી હતપ્રહત કરશે તેની ખબર નથી. મોહદશામાં યૌવન ખીલતું જાય છે તેમ તું માને છે. પણ વસ્તુતઃ તે પાણીના રેલાની જેમ સરી રહયું છે. વૈભવો-વિલાસો, સાધન-સંપત્તિઓથી તેને રોકી શકાતું નથી. વિલાસોની એકાદ આશા ફળે છે અને બીજી અસંખ્ય નિરાશાઓને પેદા કરે છે. આ વિલાસ વૈભવોમાં સંપત્તિમાં,સત્તાના નશામાં કે સદૈવ સાંન્નિધ્યમયી સુંદરીના સૌંદર્યદિમાં કોઈપણ સ્થળે તૃપ્તિનું અમૃત છે જ નહિ. દીવાની અવસ્થા જીવનને અંધકારના કુવામાં ફેંકી દે છે.

હે જીવ! તું આ બધાથી મોહ ન પામ. આ જીવન ભોગ માટે નહિ પણ ત્યાગ માટે છે. જ્ઞાન-ધ્યાનમાં આત્મ તૃપ્તિનો આનંદ પામ. આત્માના સૌંદર્યને પીછાન. હંમેશા તું અંતરને જો, બાહ્ય દેહદિના સૌંદર્યમાં જરા પણ મુંઝાઈશ નહિ. પૂર્ણિમાના ખીલેલા ચન્દ્ર સમાન મુખ કમલની લાલી તે તો ચર્મ નીચે લોહ-માંસનો પ્રવાહ છે. મનોહર કામણગારી આંખોમાં પીયા છે, સુમધુર સુર શ્રવણ કરનાર કાનમાં મેલ ભર્યો છે, સ્વાદિષ્ટ વસ્તુઓનો ઉપભોગ માત્ર લાળ-થુંક છે, પુષ્પાદિના અત્તરની સુંગધ સુંઘનારા નાકમાંથી શ્લેષ્મ અને લીંટ ઝરે છે. તો કયા પ્રકારની સુંદરતા આ કામણગારી કાયામાં છે કે તું મોહ પામે છે! રેશમી મનોહર વાળની લટોનો કેશપાશ તો નરકમાં ખેંચી જનાર દોરી સમાન છે. ડાકિણી જેવી ઈન્દ્રિયોના વિષયમાં આસકત તું શું તારી જાતને જ. આત્માને ભૂલી ગયો છે? શરીરની ગુલાબી ચામડી નીચે મેલ, માંસ, મેદ, અસ્થિ, મજ્જા, મલ-મૂલથી ભરેલા ગંધાતી ગટરથીય બદતર એવા આ સુંદરીના સુંદર દેહમાં મુંઝાયેલો તું હજી ચેત! આ તો માત્ર ક્ષણિક મોહનો ઉભરો છે. જ્યાંથી તું ઉત્પન્ન થયો અને જેનું સ્તનપાન કરી તું વૃદ્ધિ પામ્યો તેને જ ચુંથવા પાગલ બનેલો તું વિચાર કે આ બધો વિલાસ-વાસના વિકારનો મોહ પાશ છે. તે તો માત્ર હાડ અને માંસનો જ પીંડ છે. શરીરના અંગોપાંગમાંથી નીતરતું લાવણ્ય અંતે તો સ્મશાનમાં સળગી જવાનું છે. આવો મોહ શાને કાજે ! આટલી બધી અધીરાઈની વ્યથા ક્યાં લઈ જશે? દીવાની યુવાની એટલે વાસનાના સામ્રાજ્યનું ઘોર અંધારું જ્યાં સાચો સમ્યગ્જ્ઞાનનો પ્રકાર પણ ન સ્પર્શે. દેહનું લાલિત્ય જીવને પાપી બનાવી, પશુતા વૃત્તિનો શિકારી બનાવી તારા આત્માનું તું અધઃપતન વિનાશ વેરે છે. માટે આ વિષયા શક્તિથી તારા આત્માને ન અભડાવ.

ક્રમશઃ

# પ્રશ્નોત્તર વાટિકા

*ગયા અંકથી ચાલુ*

(૮૨) મોતીની ઉત્પતિ કેટલા અને કયાં કયાં સ્થાનોમાં થાય છે?

गयकुंभिसंख्यगे मच्छिमुहवंसि वराहदाढासु

सप्पसिरे तह मेहे छिप्पकरे मुतिमा हुति ॥

(૧) હાથીના કુંભસ્થલમાં, (૨) શંખમાં, (૩) માછલીના મુખમાં, (૪) વાંસની અંદર, (૫) વરાહ (ભૂંડ)ની દાઢામાં, (૬) સર્પના મસ્તક ઉપર, (૭) મેઘમાં, (૮) છીપલીના પેટમાં. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના ઉપર બતાવેલા આઠ સ્થાનોમાં મોતી ઉત્પન્ન થાય છે.

(૮૩) સર્પના મસ્તક ઉપર મોતી ઉત્પન્ન થાય છે. તેમ જણાવ્યું પરંતુ સાંભળવા મુજબ સર્પના મસ્તક ઉપર તો મણી ઉત્પન્ન થાય છે? તો મોતી કેવી રીતે?

સર્પના મસ્તક ઉપર જે મણિ થાય છે તેને જ મોતી ગણવામાં આવે છે. તે માટે સૂયગડાંગ સૂત્રના બીજા શ્રુત સંધના ત્રીજા અધ્યયનની ટીકામાં લખેલ છે કે સર્પશિરસ્સુ મળયઃ તેમાં મણિ શબ્દને મોતી તરીકે ઓળખાવેલ છે અને શબ્દરત્ન મહોદધિ શબ્દકોષમાં પાના નં. ૧૬૭૮ ઉપર પણ મણિ શબ્દનો મોતી અર્થ કરેલ છે તથા મોતી ઉપજવાના સ્થાન બતાવેલ છે. તેમાં હસ્તિમસ્તકદંતૌ તુ દ્રષ્ટાં શૂનવરાહયોઃ મેઘો ભુજંગમો વેળુર્મત્સ્યો મૌક્તિકયોનયઃ

ઉપરના શ્લોક તથા શબ્દકોષ અને સૂયગડાંગ સુત્રની ટીકાના આધારે સર્પના મસ્તક ઉપર થતાં મણિને પણ મોતી કહેવાય છે.

(૮૪) ઘી અથવા તેલમાં તળેલી પુરી વગેરે વસ્તુ ખાવાથી કેટલી વિગઈ ગણાય? કઈ કઈ?

જે ઘી કે તેલ વિગઈમાં ગણાય છે તે ઘી કે તેલમાં તળેલી પુરી વગેરે વસ્તુ ખાવાથી કડા વિગઈ અને તથા ઘી કે તેલ વિગઈ વાપરી ગણાય જેને મૂળમાંથી (કાચી અને પાકી) ઘી વિગઈ બંધ છે તે ઘીમાં તળેલી વસ્તુ વાપરી શકે નહિં જેને કાચુ ઘી બંધ છે ન પણ જેમાંથી ત્રણ ઘાણ ઉતરી ગયા છે તે ઘી અને ચોથા ઘાણ વિ.થી તળેલી વસ્તુ વાપરી શકે. મૂળમાંથી જેને દૂધ વિગઈ બંધ હોય તે વ્યકિત દૂધની બનાવેલ કોઈપણ વસ્તુ ન વાપરી શકે તેની જેમ ઘી કે તેલ બંધ હોય તે ઘીમાં તળેલી કે બનેલી કોઈપણ વસ્તુ વાપરી શકે નહિં.

(૮૫) સંપૂર્ણ લીલોતરીના ત્યાગવાળાને દૂધીનો હલવો ચાલે કે નહિં?

સંપૂર્ણ લીલોતરીનો ત્યાગ જેણે જે દિવસે કરેલ તે દિવસે દૂધીનો હલવો વિ. પણ વાપરી શકે નહિં. આગળના દિવસે બનાવેલ મેથીના ઢેબરા કે ખાખરા વિ. (બીજે દિવસે કલ્પી શકે તેવી વસ્તુ) વાપરે તો લીલોતરી ત્યાગના પચ્ચકખાણનો ભંગ થતો નથી. આ રીતનો જ વ્યવહાર અત્યારે ચાલે છે અને તે જ યોગ્ય છે. સાધુ ભગવંતોને યોગમાં લીલોતરી બંધ હોય તેમાં પણ દૂધીનો હલવો ખપી શકતો નથી કેળાની વેફર વિ. આજની બનેલી હોય તો આજે લઈ શકાતી નથી. દૂધીનો હલવો બીજે દિવસે અભક્ષ્ય ગણાય છે.

(૮૬) ગોશાળાએ મહાવીર સ્વામીના વધ માટે તેમની ઉપર મુકેલી તેજોલેશ્યાની શકિત કેટલી હતી?

ગોશાળાએ મહાવીર સ્વામી ઉપર મુકેલી તેજોલેશ્યા અંગ, બંગ, મગદ, મલય, માલવ વિ. ૧૬ મોટા દેશોનો નાશ કરવાની અત્યંત શકિતવાળી હતી એમ શ્રી મહાવીર સ્વામીએ શ્રી ભગવતી સુત્રમાં ગૌતમ સ્વામીને કહ્યું છે.

(૮૭) સ્ત્રી સાતમી નરકમાં જઈ શકતી નથી તેમ સર્વાર્થસિદ્ધ વિમાનમાં જઈ શકે?

સ્ત્રીઓનું અધોગમન છઠ્ઠી નરક સુધીનું છે માટે

સાતમી નરકમાં જઈ શકતી નથી પરંતુ સર્વાર્થસિદ્ધ વિમાનમાં જઈ શકે છે. પન્નવણા સૂત્રમાં કહ્યું છે કે-

मानुषी तुं सप्तमनारकपृथ्वी योग्यमायुर्नबदनाति ।
अनुत्तरसुरायुस्तुबदनाति ॥

દ્રષ્ટાંત તરીકે પૃથ્વીચંદ્ર રાજાની પૂર્વ ભવની સ્ત્રીઓ સર્વાર્થસિદ્ધે જઈ મનુષ્યપણાને પામી સિદ્ધ થયેલી છે. એમ પૃથ્વીચંદ્ર ચરિત્રમાં કહેલ છે.

(૮૮) મરમાધામી દેવો કઈ નિકાયના ગણાય? તેમનું કાર્ય શું? આયુષ્યપૂર્ણ થયા તેમની ગતિ કઈ?

પરમાધામી દેવો ભવનપતિ વિશેષ અસુરકુમારમાં રહેવાવાળા એક જાતના દેવો છે. અને તે નરકમાં ઉત્પન્ન થયેલા નારકીના જીવોને વિવિધ પ્રકારની અત્યંત તીવ્ર વેદનાઓ ઉપજાવે છે. અર્થાત નારકના જીવોને વેદના આપવાનું કાર્ય કરે છે. તે કાર્યના કારણે બંધાયેલા કર્મના પ્રભાવે આયુષ્ય પૂર્ણ કરીને પરમાધામી દેવો નિયમા જલચર મનુષ્ય (જંબુના ભરતની સિન્ધુ નદી લવણને મળે છે ત્યાંથી દક્ષિણ તરફ પંચાવન યોજન છેટે વેદિકાના અંતે ૧૨॥ યોજનનું એક ભયાનક સ્થાન છે. ત્યાં ૩॥ યોજન ઉંડાઈ તેમાં ૪૭ અંધ ગુફાઓ છે તેમાં પ્રથમ સંઘયણવાળા, મહાપરાક્રમી મદ્ય, માંસ અને સ્ત્રીઓના મહાલ્લોલુપી એવા જલચર મનુષ્યો રહે છે.) થાય છે. તે વર્ણે કાળા સ્પર્શે કઠીન દૃષ્ટિ ઘોર ભયંકર જેવી ભયાનક હોય છે. શરીરની ઉંચાઈ ૧૨॥ હાથની હોય છે. અને સંખ્યાત વર્ષના આયુષ્યવાળા હોય છે. તેમના ગુમભાગમાં રહેલ અંડગોલીઓને ચમરી ગાયના પુચ્છના વાળામાં ગુથીને બન્ને કાનમાં લટકાવીને સમુદ્રમાં પ્રવેશ કરે તો ડુબે નહિ તેમજ મત્સ્યાદિ જલજંતુઓ હાની કરે નહિ તેવા ગુણ હોય છે અને તેથી તે સ્થાનથી ૩૧ યોજના દૂર રત્નદ્વીપ છે. તેમાં અનેક મનુષ્યોની વસ્તી છે. આ મનુષ્યો સમુદ્રમાંથી રત્નો સહેલાઈથી મેળવી શકાય તે માટે અંડગોળીઓ મેળવવા વ્રજમય મોટી ઘંટીઓ મદ્ય માંસથી ભરી તેમજ મદ્ય માંસથી ભરેલા તુંબડાઓથી વહાણને ભરે છે. અને જલચર મનુષ્યોના સ્થાન આગળ આવી તુંબડાઓ સમુદ્રમાં નાખે છે અને લોભાવે છે. જેથી લુબ્ધ એવા જલચર મનુષ્યો તુંબડામાં રહેલા માંસ વિ. ખાવા આવે છે. અને ખાતા ખાતા ઘંટીઓમાં આવે છે. તેમાં રહેલા મદ્ય-માંસ ખાવામાં એકતાન બની જાય છે. અને ખાવાના લોભમાં ત્યાં રહે છે. તે વખતે લાગ જોઈને રત્નદ્વીપના મનુષ્યો ઘંટી ફેરવવાની શરૂઆત કરે છે. બે ત્રણ દિવસ મજા કરતાં રહે છે. પછી વેદના સહન કરતા પીલાય છે. હાડકા એટલા બધા મજબુત હોય છે. કે જેથી એકવર્ષ સુધી ઘંટીમાં પીસાતા રહીને મહામુશ્કેલીઓ અંતને પામે છે. અને મરીને નિયમા નરકમાં જાય છે. ત્યાંથી નીકળીને ઘણો કાળ સંસારમાં રખડતા જ રહે છે.

સાર એટલો કે પરમાધામી મરીને જલચર મનુષ્ય થાય છે. તે મરીને નરકમાં નારકી પણે ઉત્પન્ન થાય છે.

(૮૯) પરમાધામી કૃત વંદના કેટલી નરક સુધી હોય છે.?

સાત નરક છે. પ્રથમ કરતા બીજી નરકમાં દુઃખ અત્યંત વધુ હોય છે. તેમ સાતમી નરકમાં સૌથી વધુ દુઃખ હોય છે. તેમાં સ્વભાવકૃત, ક્ષેત્ર કૃત પરસ્પર કૃત તથા પરમાધામી કૃત વેદનાઓ હોય છે. અને તેમાં પણ પરમાધામી કૃત વેદના ત્રણ નરક સુધી હોય છે. ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્રમાં કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્ર સૂ.મ.સા. એ ચોથી નરક પૃથ્વીને વિષે પણ પરમાધામી કૃત વેદના કહી છે.

ક્રમશ....

# જ્ઞાન ગુણ ગંગા

પ્રજ્ઞાંગ

## નિયાણા અંગે

✳ શ્રી સ્થાનાંગ સુત્ર ૫૩૧-૫૩૨ની ટીકામાંથી

इहपरलोग निमित्तं, अवि तित्थगरत्तचरमदेहत्तं।
सव्वत्थेसु भगवया, अणियाणत्तं वसत्थं तु ॥६५॥

'આ તપના પ્રભાવથી ચક્રવર્ત્યાદિ ઋદ્ધિને પામુ' તે આ લોકના નિમિત્તવાળું અને 'ઇન્દ્ર સામાનિક દેવાદિની ઋદ્ધિને પામું' તે પરલોકના નિમિત્તવાળું નિયાણું નિષેધેલ છે એટલું જ નહિ પણ "તીર્થકરત્વ, ચરમદેહત્વ મને પ્રાપ્ત થાઓ' એ નિદાન પણ નિષેધેલ છે. કારણ કે સર્વત્ર ભગવાને અનિદાનતાને પ્રશંસી કહેલ છે.

✳ સંવેગરંગ શાળા (શ્લો. ૯૧૩૧ થી ૯૧૪૧)

तत्थ नियाणं तिविहं , राग दोसेहिं मोहओ चेव ।
रागेण रूवसोहग्ग-भोग सुहपत्थणा रू णं ॥१॥

दोसेण वइभवंपिहु, परमारणऽणिट्ठकरण रू वं तु।
धम्मऽत्थं हीणकुलाऽऽ इ-पत्थणं मोहओ होइ ॥२॥

अहव नियाणं तिविहं, होइ पसत्थाऽवसत्थ भोगकयं।
तिविहं पितं नियाणं , वज्जेयव्वं तए तत्थ ॥३॥

संजमहेउं पुरिंसत-सत्तबलविरिय संघयण बुद्धि।
सावयबंधु कुलाऽऽसु, होइ नियाणं पसत्थमिणं ॥४॥

सोहग्गजाइ कुलरूवं-माऽऽइ आयरियगणहर जिणत्तं
पत्थंते अपसत्थं, माणेणं नंदिसेणे व्व ॥५॥

कोहेण परवहंजो, मरिउ पत्थेइ अवसत्थं।
बारवई विणासानिबद्ध-बुद्धि दीवा वायणस्सव ॥६॥

देवियमाणु सभोए, राईसर से ट्टि सत्थवाहत्तं।
इलधरत्तं च, पत्थमाणस्स भोग़कयं ॥७॥

पुरिसत्ताऽऽ इनियाण, पसत्थमऽविजं निवारियं एत्थ
तं निरऽभिसंगमुणिणो, वड्डुचेणेयंन उण इयरे ॥८॥

दुक्खक्खय कम्मक्खय-समाहिमरणं च बोहिआभोय।
एमाऽऽइपत्थणंपिहु, साऽभिस्संगाण संभवइ ॥९॥

ભવાર્થ :- તેમાં નિયાણું રાગથી દ્વેષથી અને મોહથી એમ ત્રણ પ્રકારનું છે. તેમાં રાગથી નિયાણું રૂપ, સૌભાગ્ય અને ભોગ સુખની પ્રાર્થના રૂપ છે. દ્વેષથી નિયાણું તે પ્રતિભવે ચોક્કસ બીજાને મારવારૂપ કે અનિષ્ટ કરવારૂપ છે. અને ધર્મ માટે હીનકુલાદિની પ્રાર્થના રૂપ નિયાણું મોહથી થાય છે.

અથવા પ્રશસ્ત, અપ્રશસ્ત અને ભોગ માટે એમ પણ નિયાણું ત્રણ પ્રકારે થાય છે. તે ત્રણેય પ્રકારના નિયાણા તારે તજવા જેવા છે. તેમ સંયમ માટે પુરૂષત્વ-પરાક્રમ, સત્વ, બળ, વીર્ય, સંઘયણ, બુદ્ધિ, શ્રાવકપણું, સ્વજનો કુલ આદિ માટે જે નિયાણું થાય તે પ્રશસ્ત જાણવું. તથા નંદિષેણની જેમ સૌભાગ્ય, જાતિ, કુલ, રૂપ વગેરેની અને **આચાર્ય, ગણધર કે જિનપણાની પ્રાર્થના,** તે અભિમાનથી કરાતું **અપ્રશસ્ત નિયાણું થાય.** મરીને જે બીજાના વધની પ્રાર્થના કરે, તેને દ્વારિકાના વિનાશ કરવાની બુદ્ધિવાળા દ્વૈપાયનની જેમ ક્રોધથી કરાતું અપ્રશસ્ત નિયાણું જાણવું. દેવના કે મનુષ્યના ભોગોને રાજા, શ્રેષ્ઠિ, સાર્થવાહપણું અને બલદેવપણું કે ચક્રવર્તીપણું માગનારને ભોગ કૃત નિયાણું થાય. પુરૂષત્વ વગેરે નિયાણું પ્રશસ્ત છતાં જે અહીં નિષેધ્યું, તે અનાસકત મુનિઓને ઉદેશીને જાણવું પણ બીજાઓને નહી. દુ:ખક્ષય, કર્મક્ષય, સમાધિમરણ અને બોધિલાભ-એ વગેરે પ્રાર્થના પણ ચોક્કસ સરાગીઓને સંભવિત છે. સંયમના શિખરે આરૂઢ, દુસુર તપને કરનારો, ત્રણગુપ્તિએ ગુપ્ત એવો પણ આત્મા પરિષહથી પરાભવ પામીને અને અસમ-અનુપમ શિવસુખની અવગણના કરીને, જે અતિતુચ્છ વિષયસુખ માટે એ રીતે નિયાણું કરે, તે કાચમણિ માટે વૈડુર્યમણિનો નાશ કરે છે.

ક્રમશ:

# લોભે લક્ષણ જાય

એક રાજા ફરવા ગયા હશે - તે એક ખેડૂતની વાડીઓ રાત રહ્યા.

ખેડૂતની વાડીનાં તાજાં ફળ ખાઇ રાજા ખુશ થયો.

રાજા કહે : તું મારી પાસેથી કાંઇક માગી લે.

ખેડૂત જરા વધારે પડતો અક્કલવાળો હતો.

તે બોલ્યો : રાજી થયા હોય તો એક કુતરો આપો.

રાજા કહે : બસ ? એમાં શું માગ્યું?

ખેડૂત કહે : કુતરો શિકાર પાછળ દોડે ત્યારે મારે તેની સાથે જવા માટે એક ઘોડાની પણ જરૂર પડશે.

રાજા કહે : બરાબર છે. ખેડુત આગળ વધ્યો : ઘોડાને રાખવા એક ખાસદાર.

રાજા કહે : એ ખરું છે. ખાસદાર વગર ઘોડાને સાચવી ન શકાય.

ખેડૂત કહે : કુતરાને, ઘોડાને અને ખાસદારને રાખવા માટે મારે એક ઘરની જરૂર પડશે

રાજાએ ડોકું હલાવ્યું.

ખેડૂત વધ્યો : ઘરને સાફસુફ રાખવા અને સૌને રાંધી ખવરાવવા બે બાઈઓની જરૂર પડશે.



## મારા ખેડૂતમાં આવી હોંશિયારી જોઈ મને આનંદ થાય છે

રાજા હસ્યો ; એટલે વળી ખેડૂતની જીભ ચાલી. અને

રાજા કહે : ઠીક માગણી કરી, મારા ખેડૂતમાં આવી હોશિયારી જોઇ મને આનંદ થાય છે. તને આ બધું આપું પણ એમાંથી એકાદ નજીવી વસ્તુ ઓછી આવે તો ચાલશેને ?

ખેડૂતે હા પાડી.

રાજા કહે : તો પછી તને આપવાની ચીજોમાંથી એક શિકારી કુતરો હું બાદ કરું તો?

ખેડૂત કહે : ભલે, એમ કરો.

રાજા કહે : તો તો પછી તારે એની પાછળ જવાનો પ્રસંગ જ નહીં આવે એટલે ઘોડો તારે માટે નકમો છે.

ખેડૂતને હા કહેવી પડી.

રાજાએ ચલાવ્યું : ઘોડો ન હોય તો પછી તારે ખાસદારની માથાકુટમાં પણ ઉતરવું નહિ પડે. કેમ ખરૂંને? ખાસદાર તો તારે ઘોડા માટેજ માંગવો પડ્યો હતો ને?

ખેડૂતનું મોઢું વીલું થઇ ગયું. એણે માથું હલાવી હા કહી.

એ પછી રાજા બોલ્યો : જ્યારે કુતરો, ઘોડો કે ખાસદાર ન હોય ત્યારે પછી તારે એ બધા માટે ઘર રાખવાની પણ પંચાત નહિ કરવી પડે.

ખેડૂત નીચું જોઇ રહ્યો.

વળી રાજા બોલ્યો: ઘરની પંચાત મટી એટલે એને સાફસુફ કરવા માટે અને રસોઇ કરી આપવા માટે બઇઓની પણ ચિંતા મટી, અને પૈસા પણ ના જોઇએ.

ખેડૂત પોતાની ભુલ ક્યારનો સમજી ગયો હતો. અતિલોભ તે પાપનું મુળ છે તે વાત એને સમજાઇ ગઇ.

રાજાએ એને બે સોનામહોર આપી રાજી કર્યો.

(ગુ.સ.)

# जैन इतिहास की ''५००'' की अनुपम विशेषता

卐 ५०० की संख्या में जगत में जैन जगत की अनुठी बातों का अनुठा संयोजन

卐 ५०० हाथ ऊँचे विशाल स्तम्भ को सहज रुप से अतुलबली नलराजा ने उडाख फेंका था।

卐 ५०० तापसों के विकट वन में दमयन्ती सती ने प्रतिबोध दिया था।

卐 ५०० पंडित भोजराजा की राजसभा को शोभायमान करते थे।

卐 ५०० आचार्य भगवंत पेथडशाह मंत्रीश्वर के महापदयात्रा संध में थे।

卐 ५०० योजन ऊँचा किला (परकोटा) सूर्याभदेव का है।

卐 ५०० कुटुम्बों का प्रतिबोध देकर देवसूरीजी ने जैन बनवाये थे।

卐 ५०० पौषधशालाओं का निर्माण वस्तुपाल मंत्रीश्वर ने करवाया था।

卐 ५०० रानियाँ रघुवंश कुल शिरमौर अयोध्या नरेश दशरथ राजा की थी।

卐 ५०० रानियाँ कुशस्थल नरेश प्रतापसिंह राजा की थी ।

卐 ५०० उपाश्रयों का निर्माण महामंत्री वस्तुपाल-तेजपाल ने करवाया था।

卐 ५०० धनुष्यो की काया प्रमाण का मत्स्य सागर श्रेष्टि का आत्मा बना था।

卐 ५०० जहाजों को श्रीपाल कुंवर ने सिद्धचक्र यन्त्र प्रभाव से चलाया था।

卐 ५०० उच्च कोटि के अश्व भीमदेव राजा ने विमलशाह को भेंट दिये थे।

卐 ५०० वर्षका सयंम पर्याय रहनेमि मुनिवर का (नेमिनाथ के भाई) का था।

卐 ५०० श्रावक-श्राविका को आचार्य श्री हेमविमल सूरि ने दीक्षा दी थी।

卐 ५०० मुनिवरों के साथ पू. आर्य सुहस्ति सुरीवर अवन्ति नगरी में पधारे थे।

卐 ५०० विद्याधर मुमक्षुओं के साथ विद्याधर सम्राट रत्नचुड ने दीक्षा ली थी।

卐 ५०० धनुष लम्बे सिंहासन के उपर तारक श्री जिनेश्वरदेव के अभिषेक होते हैं।

卐 ५०० योजन उंचि ११ कुटी चुल्ल हिमवंत पर्वत के ऊपर आई हुई है।

卐 ५०० वर्ष की अयु पूर्ण कर गोत्रासपुत्र दुसरी नरक में गये।

卐 ५०० सुर्वण मोहर देकर एक अनूठा श्लोक (गाथ) सागर चन्द्र ने खरीदा था।

卐 ५०० सर्वण मोहर उत्पन्न करने की शक्ति वयरसेन में थी।

卐 ५०० पत्नियाँ मल्लिनाथ भगवान को पूर्व भव में (राजा के अवतार में) थी।

卐 ५०० पत्नियाँ का त्याग कर दीक्षा लेकर सारणकुमार मुनि १२ वर्ष बाद मोक्ष गये।

卐 ५०० पत्नियाँ के स्वामि सुबाहु श्रेठी ने सुदत्त अणगार को गोचरी दी थी।

卐 ५०० पत्नियाँ के स्वामि भद्रनंदीने पूर्वभव में युगबाहु तीर्थंकर भक्ति की थी।

卐 ५०० रानियों की हत्या एक रानी में आसक्त बने सिंहसेन राजा ने की थी।

卐 ५०० रानियों का त्याग कर दशार्णभद्र राजवी भगवान के शिष्य बने थे।

卐 ५०० सोना महोर देकर एक-एक ऐसी ५०० पत्नियाँ कुमार नंदीसोनी की थी।

*- आत्मिक मुक्ति (क्रमशः)*

# રાજસિંહ અને રત્નવતી

હપ્તો -૫

ચિત્રકાર : ભાસ્કર સગર

કથા : મુનિ શ્રી જિતરત્નસાગરજી 'રાજહંસ'



# શ્રી ૠષભ જિનેન્દ્ર બાવન જિનાલય તીર્થ

શક્તિનગર મેઈન રોડ, કાલાવડ રોડ, પરિમલ સ્કૂલ સામે, ગાયત્રી બસ સ્ટોપ પાછળ, રાજકોટ.

પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ના
ઉપદેશ તથા માર્ગદર્શનથી આ તીર્થ તૈયાર થાય છે

૫૧ હજારમાં [illegible] દેરાસરમાં લાભ
૨૫ હજારમાં ૫૧ ઈંચના મૂળનાયકમાં લાભ

૧. મૂળ જિનાલય : ૫૧-૫૧ હજાર આપશે તેમનું નામ દેરાસર બંધાવનારની તકતીમાં આવશે. **૭૫ નામ લેવાના છે.**

૨. મૂળનાયક ધાતુના ૫૧ ઈંચ : ૨૫-૨૫ હજાર આપશે તેમના વડિલનું એક નામ મૂર્તિની ગાદીમાં ભરાવનાર તરીકે લખાશે. **૫૦ નામ લેવાના છે.**
૭૫ હાજરમાં મૂળનાયક ; ૫૧ હજારમાં પ્રતિમા

૩. બાવન જિનાલયના ૪ ખૂણે દેરીમાં : ૨-૨ મૂળનાયક ૧૭ ઈંચના તેવા કુલ ૮, ૨-૨ બાજુના પ્રતિમાજી ૧૫-૧૫ ઈંચના કુલ ૧૬ પ્રતિમા લેવાના છે. **તેમાં ભરાવવા અને પ્રતિષ્ઠાના નકરા** (૧) મૂળનાયકના ૭૫-૭૫ હજાર તથા (૨) બાજુના પ્રતિમાના ૫૧-૫૧ હજાર રાખ્યા છે.

૪. શિખરવાળા મહીશ્વર પ્રાસાદ પાંચ છે. બે આવી ગયા છે. ૩ બાકી છે. નકરો ૯ લાખ રૂા. છે.

આ ચાર વિષયમાં વહેલો તે પહેલો તે ધોરણે નામ લખાશે. ભાવના હોય તેમણે ચેક - ડ્રાફ્ટ મોકલી નામ લખાવી લેવું. બાવન જિનાલયની અંજનશલાકા પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૬૩ - કે - ૨૦૬૪ માં થશે.

નોંધ : મૂળનાયક સહિત ત્રણ પ્રભુજી ભરાવવા પ્રતિષ્ઠા કાયમી ધજા સાથે **એક દેરીના** ૨૭૧ હજાર છે - મોટો લાભ છે.

**ચેક કે ડ્રાફ્ટ : ૧. શ્રી હર્ષ પુષ્પામૃત જૈન જ્ઞાન ભંડાર ટ્રસ્ટ - જામનગર**
**૨. શ્રી ૠષભ જિનેન્દ્ર બાવન જિનાલય તીર્થ - રાજકોટ.**

**શ્રી કાનજી હીરજી શાહ**
**C/o.** શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર - ૩૬૧ ૦૦૫ **(INDIA)**
ફોન : ઓ. : ૨૫૫૪૮૧૭ ઘર : ૨૬૭૮૭૯૬

હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ
જશ્મિન જ્વેલર્સ
મંગલમ્ કોમ્પ્લેક્સ, માંડવી ચોક, નવાનાકા રોડ, રાજકોટ. **(INDIA)**
ફોન : (ઓ) : ૫૫૪૫૯૫૧ (ઘર): ૩૦૯૦૮૯૯
(મો): ૦૨૮૧-૫૬૦૦૦૫૧

ચરમ તીર્થપતિ શ્રમણ પરમાત્મા મહાવીર સ્વામિને નમ:
હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી અમૃતસૂરિભ્યો નમ:
શ્રી દાન-પ્રેમ-રામચન્દ્ર-હીર-મહોદય સૂરિભ્યો નમ:

# શ્રી થાણા હા. વિ. ઓ. શ્વે. મૂ. તપગચ્છ જૈન સંઘ

## થાણા નગરે
## શ્રી મહાવીર જિનેન્દ્ર પ્રાસાદના
## નિર્માણ માટે સહભાગી બનવા અમુલ્ય તક

સમસ્ત હાલારી બંધુઓ,

આપને ખુશ ખબર આપતાં હૈયું હર્ષિત બની રહ્યું છે. મારા તમારા આપણા સૌના આધ્યાત્મિક ઉત્થાન કાજે પ્રાચિન સાહિત્ય ઉધ્ધારક પૂ. આ. જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા અને શુભ આશીષથી થાણા એલ. બી. એસ. માર્ગ સ્થિત, નવનીત મોટર્સની બાજુમાં, વક્રતુંડ રેસીડન્સીમાં, શ્રી થાણા હા. વિ. ઓ. શ્વે. મૂ. તપગચ્છ જૈન સંઘની માલિકીએ એક નૂતન જિનાલયના નિર્માણનું શિલાસ્થાપન પ. પૂ. **આચાર્ય દેવ શ્રીમદ્ લલિતશેખર સૂ. મ., પૂ. આ. શ્રી રાજશેખર સૂ. મ., પૂ. આ. શ્રી વીરશેખર સૂ. મ. તથા પ્રવર્તક પૂજ્ય મુનિરાજ શ્રી યોગીન્દ્ર વિજયજી (બાપુ) મહારાજ** આદિ ભગવંતોની નિશ્રામાં થઈ ચુક્યું છે અને ટૂંક સમયમાં આપણા સૌના સ્વપ્નનું સાકાર સ્વરૂપ ધારણ કરનારૂ ભવ્ય **"શ્રી મહાવીર જિનેન્દ્ર પ્રાસાદ"** શોભાયમાન થશે.

જે દિવસથી **"શ્રી મહાવીર જિનેન્દ્ર પ્રાસાદ"** નું ઉદ્‌ઘાટન થશે તે દિવસથી આપણા સૌની અનંત અનંત ભવ ભ્રમણાનો અંત આવશે ... આપણે સૌ જીવ મટીને શિવ બનવાની દિશાએ પ્રગતિશીલ બનીશું.

શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે જિનાલય નિર્માણમાં વપરાયેલું લાકડું, ઈંટ, પત્થર વગેરેમાં જેટલા પરમાણું હોય તેટલા લાખ પલ્યોપમ સુધીના દેવલોકના સુખો જિન મંદિર નિર્માતા મેળવે છે. આ તો થઈ ભૌતિક સુખોની વાત જ્યારે આધ્યાત્મિક સુખની તો કોઈ સીમા જ નથી. રાગાદિ દોષોમાંથી મુક્ત બની સદા સુપ્રસન્ન રાખવાની તાકાત આ સુકૃત ધરાવે છે.

આપ પણ આપની શક્તિ મુજબ **"શ્રી મહાવીર જિનેન્દ્ર પ્રાસાદ"** ના નિર્માણમાં સહભાગી બની શકો છો. દરેકને લાભ લેવા **એક ઈંટનો નકરો રૂા. ૧૦૦૮ નક્કી કરેલ છે. અગીયાર કે અગીયારથી વધુ ઈંટો ભરાવનાર ભાગ્યશાળીનું નામ (ત્રણ પેઢીમાં) એક લીટીમાં માર્બલ ઉપર કોતરવામાં આવશે.** આ કાર્યમાં પ્રત્યેક ઘર દીઠ એક એક સભ્યનાં નામે, પરિવારના નામે આપ લાભ લઈ શકો છો.

જીવનભર ધન મેળવતાં ઉપાર્જન કરેલા પાપથી પવિત્ર બનવાનો આ શુભ માર્ગ છે. અમારા અંતરની ઈચ્છા છે કે થાણા નગરમાં વસતા સમસ્ત હા. વિ. ઓ. બંધુઓ આ યોજનામાં અવશ્ય અધિકારી બને ... જેથી આ જિનાલયમાં પ્રવેશતાં આપણને પણ થશે કે આમાં મારું પણ યોગદાન છે ... બસ આ અનુમોદના દ્વારા તો આપણે આપણા આતમનો ઉધ્ધાર કરવાનો છે ...

**વિશેષ વિગતો કાર્યકર્તાઓ પાસેથી મળશે.**

**શ્રી મગનલાલ લખમણ મારૂ (મે. ટ્રસ્ટી)** **ફોન : (O) : ૨૫૩૪૬૪૩૬ (R) : ૨૫૪૦૧૪૧૩**
**શ્રી મુકેશ લખમશી સાવલા - કન્વીનર ફંડ સમિતિ** **ફોન : (O) : ૨૫૮૯૦૮૮૦ (M) : ૯૮૨૦૨-૯૬૨૫૮**

**લિ.**
**શ્રી થાણા હા. વિ. ઓ. શ્વે. મૂ. તપગચ્છ જૈન સંઘ - થાણા**

आचार्य श्री कैलास सागर सूरि ज्ञान मंदिर

## સમાચાર સાર

# જૈનાચાર્યોની સ્વર્ગ આરોહણતિથિ નિમિત્તે ત્રિદિવસીય જિનેન્દ્ર મહોત્સવ

નવસારીમાં આચાર્ય શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. સમુદાયના સુકાની આ. ભ. શ્રીમદ્ વિજય મહોદય સૂરીશ્વરજી મ. સા. ની દ્વિતીય સ્વર્ગારોહણ તથા નવસારી ર. છ. આરાધના ભવનમાં કાળધર્મ પામેલા આ. ભ. શ્રીમદ્વિજય અમરગુપ્તસૂરિ મ. સા.ની ચતુર્થ સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે નવસારીમાં શ્રી રત્નત્રયી આરાધક સંઘના ઉપક્રમે ત્રિદિવસીય જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ રંગેચંગે ઉજવાયો. આ પ્રસંગે ઉપસ્થિત સંતોએ વ્યાખ્યાન ફરમાવ્યું હતું.

## અરિહંત વંદનાવલી અને સિદ્ધચક્ર મહાપૂજનનું આયોજન કરવામાં આવ્યું

મહોત્સવનું સંચાલન કરનાર સંઘના સક્રિય સભ્ય ડૉ. હેમંત શાહે માહિતી આપતા જણાવ્યું હતું કે પ્રથમ દિવસ પૂ. મહોદયસૂરિ મ. સા.ના ગુણાનુવાદ તથા 'અરિહંત વંદનાવલિ', દ્વિતીય દિવસે પ. પૂ. અમરગુપ્તસૂરિ મ. સા. નો ગુણાનુવાદ તથા 'સિદ્ધચક્ર મહાપૂજન' તથા તૃતીય દિવસે ''પંચકલ્યાણક પૂજા''નું આયોજન શ્રી સંઘના ઉપક્રમે કરવામાં આવ્યું હતું. પંચકલ્યાણક પૂજામાં મોટી સંખ્યામાં જૈન અગ્રણીઓની સાથે માનવમેદનીએ ભાગ લીધો હતો. આ પ્રસંગે ઉપસ્થિત સંતોએ વ્યાખ્યાન ફરમાવ્યું હતું. જેને પગલે ભક્તિનો માહોલ જામી ગયો હતો. પૂજ્ય શ્રી હિતરત્નવિજય મ. સા તથા પૂ. હિતધર્મ મ. સા. ની નિશ્રામાં ગુણાનુવાદ સભા યોજાઇ હતી. પૂ. મહોદયસૂરીશ્વરજી મહારાજ ગુરૂ સમર્પિતતાનો ગુણ ધરાવતા હતા. તેમણે ગુરૂ ભગવંતની ગેરહાજરીમાં પણ સમુદાયને એક દોરે બાંધી રાખવા તથા સામુદાયની સંખ્યામાં વધારો કર્યો, તે તેમની સિધ્ધિ હતી. થોડા સમય પૂર્વે દીક્ષિત બનેલા આ. ભ. શ્રીમદ્વિજય રાજતિલક સૂરિ મ. સા. માટેનો વિનય પોતાના સ્વમાનધન્ય, તપાગચ્છગગન દિનમણી, પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના જેવા કાર્યો તેવા જ કરી બતાવી ગુરુ ગૌતમસ્વામી મહારાજની યાદને સતેજ બનાવી હતી. પૂ. અમરગુપ્ત સૂરિ મ. સા. સિંહગર્જનાના સ્વામી શ્રીમદ્વિજય મૂક્તિચંદ્રસૂરિ મ. સા.ના શિષ્ય પૂજ્યશ્રીની વ્યાખ્યાન શૈલી ઘણી સારી હતી. અંતિમ સમયે અપૂર્વ સમાધિ આદી ગુણોનું વર્ણન કર્યું હતું.

આ મહોત્સવના દિવસો દરમિયાન ટ્રસ્ટી ભરતભાઇ શાહ, ડૉ. હેમંતશાહ તથા સંઘના દરેક સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

---

**નવસારી – ર. છ. આરાધના ભવન :** પૂજ્યપાદ વ્યાખ્યાન વાચસ્પતિ, સુવિશાલ ગચ્છાધિપતિ જૈન શાસનનાં શિરતાજ આચાર્ય શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ના સામૈયાની યાદ અપાવે એવુ ભવ્ય સામૈયુ પૂ. આ. શ્રી વિજય સોમસુંદરસૂરિ મ. સા. નવસારી મધુમતિ જૈન દેરાસરથી રત્નત્રયી આરાધક સંઘના ઉપક્રમે પધાર્યા ત્યારે થયું. પૂજ્યશ્રીની સાથે તપસ્વી મુનિરાજ શ્રી તત્ત્વરત્ન વિ. મ. તથા મુનિરાજ શ્રી હિતરત્નવિજય મ. સા. તથા કમલ-વિમલ ધિરજલાલ સોનેયા પરિવારનાં મોભી મુનિરાજ શ્રી ભાગ્યસુંદર વિજયજી મ. સા.નું નવ વર્ષ નવસારીનાં આંગણે પદાપર્ણ થયું હતું. ત્રિદિવસીય મહોત્સના મંડાણ મંડાયા હતા.

મહોત્સવનાં સૂત્રધાર ડૉ. હેમંત શાહે માહિતી આપી હતી ત્રિદિવસીય જિનેન્દ્ર ભક્તિ મહોત્સવનું સુંદર આયોજન ગોઠવવામાં આવ્યુ હતું.

પ્રથમ-દ્વિતીય દિવસે વ્યાખ્યાન ગુરુપૂજન-સંઘપૂજન બપોરે પૂજા, એ પ્રમાણે ત્રીજા દિવસે સવારે ''સિધ્ધશીલા'' એપાર્ટમેન્ટમાં પૂજ્યોની તેમના ગૃહાંગણે પધરામણી, ચતુર્વિધ સંઘની ભકિત એપા.ના રહીશો તરફથી પણ રાખવામાં આવી હતી.

પરમ પૂજ્ય આચાર્ય ભગવંતે પોતાની સમધુર શૈલીમાં આજના તમારા દેખાતા ધર્મની અમે જરાપણ પ્રશંસા કરતા નથી. તમારી વિષયોની આસકિતે કેટલી ઘટી. કષાયો કેટલા શમ્યા, ગુણોનો અનુરાગ કેટલો પ્રગટયો

અને ક્રિયામાં અપ્રમસતા કેટલી આવી. આ ચાર તમારામાં કેટલું આવ્યું ? તેના આધારે તમારી ધર્માત્મા તરીકેની અમારે સાચી ઓળખાણ મેળવવાની છે. વગેરે વાતો પર સુંદર પ્રકાશ પાડેલ.

પરિવારનાં બન્ને દિકરાઓ કમલ-વિમલ તથા કુટુંબીજનોનો આનંદ-ઉત્સાહની કોઈ સીમા ન હતી. અંતે મહોત્સવના કર્ણધાર ડો. હેમંત શાહે જણાવ્યું હતું કે ધર્મમાં સુખના દિવસો લાંબા ટકતા નથી. દુઃખના દિવસો ખસતા નથી. મહાત્માઓ આવે છે ત્યારે સુખ-સુખ-સુખ. વિહાર બાદ વેદના દુઃખ. આચાર્ય ભગવંતનો વિહાર બાદ ઉપાશ્રય સૂમસામ ભાસે છે. ટ્રસ્ટના પ્રમુખ શ્રી અરવિંદભાઈ શાહે પૂજ્યશ્રીને વધુ સ્થિરતા કરવા વિનંતી કરી હતી.

**સુરત- ગોપીપુરાના આંગણે ઉજવાયો ભવ્યાતિભવ્ય પ્રવ્રજ્યા મહોત્સવ :** આજથી ૨૫૬૩ વર્ષ પૂર્વે જે પુનીત દિવસે ચરમ શાસનપતિ પરમાત્મા મહાવીર દેવે આ અવસર્પિણીકાળના અંતિમ ધર્મતીર્થની સ્થાપના કરેલી એ જ વૈ. સુ.૧૧ના શાસન સ્થાપના દિને તારીખ ૧-૫-૦૪ના રોજ સુરત-ગોપીપુરા મધ્યે મુમુક્ષુ સેવંતીભાઈએ ભાગવતી પ્રવ્રજ્યા અંગીકાર કરી છે.

મૂળ સૂઈગામ (બનાસકાંઠા)ના વતની અને છેલ્લા કેટલાંક વર્ષોથી સુરત-કતારગામ ખાતે વસનાર સેવંતીભાઈએ પૂ. મુ. શ્રી હિતવર્ધન વિજયજી મહારાજનું શિષ્યત્વ જ્યારે સ્વીકાર્યું અને એમનું નૂતન નામ જ્યારે મુનિરાજ શ્રી હર્ષશ્રુત વિજયજી તરીકે ઘોષિત કરવામાં આવ્યું ત્યારે સુરત-ગોપીપુરા સ્થિત રત્નસાગર સ્કૂલના કંપાઉન્ડમાં રજાવવામાં આવેલો 'મહસેન વન' પ્રવ્રજ્યા પદાનોદ્યાન નામનો મંડપ એના ચારેય ખૂણેથી તીવ્રસ્વર સાથે પ્રગટેલ 'નૂતન દીક્ષિત અમર રહો' ના નાદોથી ગુંજિત બની ગયો હતો.

નૂતન દીક્ષિતની પ્રવ્રજ્યા નિમિત્તે એમના પરિવારજનો તરફથી ત્રિ-દૈનિક જિનભક્તિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. વૈ. સુ. ૯, ૧૦ અને ૧૧ તા. ૨૯ અને ૩૦ એપ્રિલ તેમજ ૧લી મેના દિવસોમાં આ રળીયામણો મહોત્સવ ઉજવાયો હતો.

ચૈત્ર માસની શાશ્વતી ઓળીના દિવસોમાં સમ્યક્ચારિત્રપદની આરાધનાના મંગલ દિને (ચૈ. સુ. ૧૪) જ્યારે મુમુક્ષુ સેવંતીભાઈએ ઢોલ-નિશાન સાથે પોતાના સેંકડો ગ્રામજનોથી પરિવૃત બની પૂ. ગુરૂભગવંત શ્રી ભવ્યવર્ધન વિ. મ. આદિ પૂજ્યો સમક્ષ દીક્ષા મુહૂર્તની યાચના કરી અને એના ઉત્તર સ્વરૂપે પૂજ્યોએ શાસનસ્થાપના દિનના પવિત્ર વાસરનું પ્રદાન કર્યું ત્યારના પ્રભાવક માહોલે જ દીક્ષા પ્રસંગની ભવ્યતાનો સંકેત આપી દીધો હતો.

ઉક્ત ત્રણ દિવસનો મહોત્સવ શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ જિનાલયમાં ઉજવાયો હતો. વૈ. સુ. ૧૨ના દિને શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ જિનાલયની સાલગીરીનો પ્રસંગ હોવાથી તીર્થના વ્યવસ્થાપકો આ પ્રસંગે મહોત્સવનું આયોજન કરવાના મનોરથોમાં રમતાં હતાં ત્યાં જ આ દીક્ષા મહોત્સવ જિનાલયના આંગણે ઉપસ્થિત થઈ જતાં તેમનો ઉત્સાહ દ્વિ-ગુણિત બની ગયો હતો.

ત્રિદૈનિક મહોત્સવમાં વધુ બે દિવસો ઉમેરી એમણે સાલગિરિનો પ્રસંગ પંચાહ્નિકા મહોત્સવદ્વારા ઉજવ્યો હતો. આમ, સોનામાં સુગંધ ભળી હતી.

મહોત્સવના પ્રથમદિને વૈ. સુ. ૯ના રોજ ગોપીપુરાખાતે મુમુક્ષુની વર્ષીદાનયાત્રા હતી. વિજયરામચંદ્રસૂરિ આરાધના ભવનથી પ્રારંભાયેલી વર્ષીદાનયાત્રા ગોપીપુરાના વિવિધ માર્ગો પર વિચરી પુના વિજયરામચંદ્ર સૂરિ આરાધના ભવન ખાતે વિરામ પામી હતી. ત્યાં માંગલિક તેમજ પ્રસંગાનુરૂપ પ્રવચન થયા બાદ બુંદીના લાડુની પ્રભાવના વિતરિત થઈ હતી.

આજે બપોરે વિજય મુહૂર્તે શ્રી સહસ્રફણા જિનાલયમાં શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન ભણાવવામાં આવ્યુ હતું.

મહોત્સવના દ્વિતીયદિને વૈ. સુ. ૧૦ ના રોજ મુમુક્ષુની બીજી વર્ષીદાન યાત્રા યાજોઈ. એમના વાસ્તવ્ય-કતારગામ ખાતે યોજાયેલી આ વર્ષીદાનયાત્રામાં હજારો નર-નારીઓ સંમીલિત બન્યા હતા.

આજે બપોરે શ્રી વીરજિન પંચકલ્યાણક પૂજા ભણાવવામાં આવી હતી. વૈ. સુ. ૮ના રોજ શ્રી ૐકાર સૂરિ આરાધના ભવનમાં શ્રી વાવપથક જૈન સંઘના ઉપક્રમે મુમુક્ષુનો બહુમાન સમારંભ યોજાયો હતો તેમજ વૈ. સુ. ૯ ના રોજ કતારગામ જૈન સંઘના ઉપક્રમે કતારગામ જૈન ઉપાશ્રયમાં પણ મુમુક્ષુનો અભિવાદન સમારોહ યોજાયો હતો.

વૈ. સુ. ૧૧ ના મંગલદિને બરોબર ૮-૧૫ કલાકે ગોપીપુરાની ગલીઓમાં ઢોલ ઢબૂકવા માંડયા હતાં. વિજયરામચંદ્ર સૂ. આરાધના ભવનની ચતુર્વિધ શ્રી સંઘ સાથે પૂજ્ય ગુરૂદેવોએ દીક્ષા પ્રદાન અર્થે વાજતે-ગાજતે પ્રયાણ આરંભ્યું હતું.

રત્નસાગર સ્કૂલ કંપાઉન્ડમાં પૂજ્ય ગુરૂભગવંત સહ ચતુર્વિધ સંઘ બરોબર ૮-૪૫ કલાકે પહોંચી ચૂકયો હતો. ત્યાં શાંત, મંગળ, સંગીત ભર્યા તેમજ અત્યંત પ્રસન્ન વાતાવરણમાં એક પછી એક દીક્ષા વિધિઓ પ્રારંભાઇ હતી.

સંગીતકાર શ્રી દિવ્યેશભાઇએ દીક્ષા વિષયક અનેક ગીતો બુલંદસાદે ગાઇ શ્રોતાજનોને ઉત્સાહિત કર્યા હતાં. લગ્નવેળાએ જ્યારે મુમુક્ષુને રજોહરણ પ્રદાન કરવામાં આવ્યું ત્યારે સમગ્ર મંડપમાંથી 'દીક્ષાર્થી અમર રહો' નો સાદ ઉદ્ભવ્યો હતો. પૂ. ગુરૂદેવોને ઉપકરણો અર્પિત કરવાની ઉછામણિઓ પણ સમય-ક્ષેત્રાનુરૂપ સુંદર થઇ હતી.

દીક્ષા વિધિ બાદ સાધાર્મિક વાત્સલ્યનું પણ આયોજન થયું હતું. જેમાં ૩૦૦૦ સાધર્મિકોએ સાધર્મિક ભક્તિને લાભ આપ્યો હતો. આજે બપોરે શ્રી નવપદજીની પૂજા ભણાવાઇ હતી. આમ, આ દીક્ષા પ્રસંગે અનેક રીતે શાસનની પ્રભાવના વિસ્તારવામાં સફળ રહ્યો હતો.

**પાલીતાણા :** અત્રે નંદપ્રભા પ્રાસાદમાં શાસનપ્રભાવક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ગુણશીલ સૂરીશ્વરજી મ. સા. આદિની નિશ્રામાં કલકત્તા નિવાસિ શ્રીમતી વિજ્યાબેન દેવજી રાયશીદોલત તેમના સુપુત્ર બિપીનભાઇ પુત્રવધુ અ. સૌ. જ્યોતિબેન તેમજ બખાઇ પરિવારના અ. સૌ. વર્ષાબેન પ્રકાશચંદ્ર બખાઇના વર્ષીતપ પૂર્ણાહુતિની અનુમોદનાર્થે ત્રિદિવસીય ભવ્ય મહોત્સવ ઉજવાયો. મહોત્સવ પ્રસંગે પધારવા માટે અતિ આકર્ષક આમંત્રણ પત્રિકા બહાર પાડવામાં આવેલ. વૈ. સુ. ૧ના પુણ્યદિને વાત્સલ્યનિધિ પૂ. આ. ભ. શ્રી વિ.મહાબલ સૂ. મ. સા., તથા સૂરિમંત્ર સમારાધક પૂ. આ. શ્રી ગુણશીલ સૂ. મ. આદિનો સવારે ૯-૦ કલાકે ભવ્ય ઉત્સાહ પૂર્વક પ્રવેશ થયેલ. બાદ પૂ. મુ. હર્ષશીલ વિ. મ., પૂ. ગણિવર્યશ્રી ભવ્યભૂષણ વિ. મ. તથા પૂ. આ. ભ. શ્રી ના પ્રાસંગિક પ્રવચનો થયેલ. પ્રાંતે ગુરૂપૂજન-સૂર્યપૂજન આદિ થયેલ. વિજય મુહૂર્તે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન અનેરા ઉલ્લાસપૂર્વક ભણાવાયેલ. વૈ. સુ. ૨ ના મંગલદિને સવારે ૬-૩૦ કલાકે નંદપ્રભાપ્રાસાદથી તપસ્વીઓનો ભવ્ય વરઘોડો થયેલ. જય તળેટીએ દર્શન ચૈત્યવંદનાદિ થયેલ. પુનઃ પૂજ્યશ્રીનું મંગલ પ્રવચન થયેલ. સવારે ૧૦-૦૦ કલાકે શ્રી નવાણું અભિષેકની મહાપૂજન ખૂબ જ ઠાઠ માઠથી ભણાવાયેલ - વૈ. સુ. ૩ અક્ષયતૃતીયાના મંગલ દિને તપસ્વીઓએ શ્રી સિદ્ધાચલજી મહાતીર્થની યાત્રા કરેલ. બાદ પૂ. ગુરૂદેવશ્રીના મંગલાચરણ બાદ ૧૦૫૭ તપસ્વીઓની સાથે સમૂહમાં ઇક્ષુરસથી પારણા થયેલ. આ મંગલ પ્રસંગે પૂ. સા. શ્રી અરૂણપ્રભાશ્રીજી મ. ના શિષ્યા પૂ. સા. શ્રી હિરણ્યપ્રભાશ્રીજી મ. ને પણ વર્ષીતપની પૂર્ણાહુતિ થયેલ તે જ દિવસે બપોરે શ્રી આદિ જિન પંચકલ્યાણક પૂજા ભણાવેયેલ. ત્રણે દિવસ પ્રભુજીની ભવ્ય અંગરચના થયેલ. મુંબઇથી પધારેલ શ્રી બંકિમભાઇ એ સુંદર વિધિ વિધાન કરાવેલ તેમજ મિતેશભાઇ શાહ (ભાવનગર) પૂજન - ભાવના આદિમાં જિનભક્તિની રમઝટ મચાવેલ. આ પ્રસંગે કલકત્તા મુંબઇ, સોલાપુર, કચ્છ, અમદાવાદ આદિ અનેક સ્થાનોથી ભાવિકો પધારેલ. નંદપ્રભા પ્રાસાદના નિર્માણકર્તા શ્રી પરેશભાઇ નંદલાલ શેઠ પણ પધારેલા. વૈ. સુ. ૬ના શ્રી ધર્મનાથ સ્વામી જિન પ્રાસાદની સાલગિરા પ્રસંગે શ્રી ગોવિંદજી જેવત ખોના પરિવાર તરફથી ધ્વજારોહણનો પ્રસંગ સુંદર ઉજવાયેલ. વૈ. સુ.૭ ના પૂજ્યશ્રીજી ના આચાર્યપદ પર્યાયના નવમાં વર્ષમાં પ્રવેશ પ્રસંગે જય તલેટીનો શણગાર તેમજ મહારાષ્ટ્ર ભુવનમાં પરમાત્માની ભવ્ય અંગરચના થયેલ. વૈ. સુ.૭ ના પૂજ્યશ્રીજીએ અમદાવાદ તરફ વિહાર કરેલ છે. વૈ. વ. ૮ આસપાસ અમદાવાદ પહોંચવા સાંભાવના છે. પૂજ્યશ્રીનો ચાતુર્માસ પ્રવેશ રંગસાગર-પાલડીમાં જે.વ. ૧૧ રવિવાર તા. ૧૩/૬/૨૦૦૪ ના થશે.

પૂર્વ દિશા તરફ મોઢુ કરીને પોતાના વાળનાં પંચમુષ્ઠિ લુંચન કર્યું.




સ્વયં ઈન્દ્રે એ વાળને રત્ન પાત્ર માં ગ્રહણ કર્યાં.

પછી સિદ્ધ ભગવાન ને નમસ્કાર કરીને ધીર-ગંભીર સ્વરમાં પ્રતિજ્ઞા કરી.




૧૧૨

અને બે દિવસના નિર્જલ ઉપવાસની સાથે, કઠોર સંયમ વ્રત નો સંકલ્પ ગ્રહણ કરીને મહાશ્રમણ, પોતાની મસ્તી થી મસ્ત બની રોકાયા વગર, પાછળ વળ્યા વગર સીધા કાંકરાવાળો, પથરાવાળા રસ્તા ઉપર જંગલ તરફ ચાલ્યા ગયા.



૧૧૩

એનાં ગૌર સ્કન્ધ ઉપર ઈન્દ્ર દ્વારા પ્રદત્ત એક હિમ જેવા સફેદ ઝળઝળીત દેવદૂષ્ય વસ્ત્ર લહેરાતો હતો.

# પરિમલ

- પૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

* દુઃખમાં પણ કશું ખોટું કરવું નથી અને સુખ માટે પણ કશું ખોટું કરવું નથી તેનું નામ ધર્માત્મા!
* આજે તમે બધા પૂણ્યથી જ સુખ-પૈસાદિ મળે છે તેમ માનો છો, પણ તે મેળવવા ધર્મને ધક્કો મારો છો અને અધર્મને આમંત્રણ આપો છો તો તમને કેવા કહેવા?
* ઘર-બાર, કુટુંબ- પરિવાર, પૈસા-ટકા, શરીર આદિ પરનો રાગ પાપ કરાવે છે. તે બધું ખરાબ છે અને ઝટ છૂટી જાય તે માટે મંદિર- ઉપાશ્રયે જવાનું છે.
* આ શરીર તે જ આત્માને કર્મે વળગાડેલો મોટામાં મોટો વળગાડ છે. તો તેની પાસે આત્માનું પોતાનું કામ લેવાનું કે તેની ખાતર તમારે પોતાએ બધી મજુરી કરવાની છે?
* આ શરીર દ્વારા ખોટું કામ કરવું તે દુર્ગતિનો પાસપોર્ટ મેળવવા જેવું છે.
* કર્મ બંધનું મોટામાં મોટું કારણ આ પાંચે ઈન્દ્રિયો અને છઠ્ઠું મન!
* ધર્મક્રિયા સંમૂર્ચ્છિમપણે હોય તો નકામી અને સંસારના સુખ માટે હોય તો આત્માનું અહિત કરનારી.
* 'કોઈ ખરાબ વિચારમાં કે ખરાબ વાતમાં પડતાં નહિં', તેમ તમારા ઘરમાં કોઈ કહેનાર છે?
* તપ એવી ચીજ છે કે જે આત્માને હલકો ફુલ બનાવે.
* મદિરાનો નશો ચઢે તેના કરતાં સુખનો નશો ભયંકર છે. સુખના [illegible] પાપ લાગતું નથી, પૂણ્ય કરવાનું મન થતું નથી. પૈસા મળે તો ય દાન કરવાનું મન થતું નથી, બુઢો થાય તો ય શીલ પાળવાનું, પેટ ના પાડે તો ય તપ કરવાનું અને લાતો મારે તો ય ભાવના કરવાનું મન થતું નથી.
* જેને આ કર્મનો ભય લાગતો નથી તે બધા જાગતા હોય તો ય ઉંઘતા છે.
* આજે તમારી પાસે પૂણ્ય છે પણ સંસ્કાર નથી.
* સંસારનું સુખ સાપ કરતાં ભૂંડું છે. સાપનું ઝેર એકવાર મારે, સુખનું ઝેર અનંતીવાર મારે.
* પાપ કરાવનાર કર્મ ન બંધાય તેની સાવચેતી રાખવી, પાપ કે પાપની પ્રવૃત્તિ કરવી પડે તો દુઃખપૂર્વક કરે, પૂણ્ય ઉલ્લાસથી કરે અને ધર્મક્રિયા કરતાં સંસારના સુખની ઈચ્છા ન આવી જાય તેની કાળજી રાખે તે ધર્માત્મા!
* જેનું હૈયું સાફ નથી તેને માટે ધર્મ જ નથી. તે ધર્મ પોતાનું અને અનેકનું બગાડવા કરે છે.
* આત્માની ઘોર કતલ જેનાથી થાય તેનું નામ પ્રમાદ!
* વિષય-કષાયની આધીનતા તેનું નામ જ સંકલેશ!
* અનુકુળ વિષય ગમે, પ્રતિકુળ વિષય ન ગમે તેનું નામ વિકાર!

જૈન શાસન અઠવાડીક ● માલિક : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતા – ગેલેક્સી ક્રિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

नमो चउविसाए तित्थयराणं उसभाइ महावीर पज्जवसाणाणं

# જૈન શાસન

## અઠવાડિક

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

*વિષય તૃષ્ણાલુની વિષમ દશા*

ण गणेइ निरयवियणाओ, णे य लज्जं, ण गौरवं, ण कुलं।
विसयविसमोहियमई कज्जाऽकज्जं ण लक्खेइ ॥

(ચઉપ્પન્ન મહાપુરિસ ચરિયં)

વિષયરૂપી વિષથી મોહિતમતિવાળો જીવ નરકની તીવ્ર વેદનાઓ, લજ્જા, ગૌરવ, કુલને પણ ગણકારતો નથી કે કાર્યાકાર્યને જોતો નથી.

## શ્રી જૈન શાસન કાર્યાલય

શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર.
(સૌરાષ્ટ્ર) INDIA. PIN - 361 005
PHONE : (0288) 770963

વર્ષ ૧૬ અંક ૨૯

# 'સુશીલ સંદેશ'

## કરુણા નિધાન ભગવાન મહાવીર – હપ્તો-૧૮.

જ્ઞાત ખંડ ઉદ્યાનથી વિહાર કરી શ્રમણ ભગવાન મહાવીર (એકલા) વન બાજુ આગળ વધ્યા.




સાંજના સમયે કુમારગ્રામની બહાર એક વૃક્ષ નિચે ધ્યાન સમાધિમાં સ્થીર ઉભા રહી ગયા.




તે સમય એક ગોવાળ આવ્યો અને પોતાના બળદોને ત્યાં બેસાડી મહાવીરને કહ્યું....




બળદ ચરતા-ચરતા દુર ચાલ્યા ગયા.

आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवाय च
હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

# જૈન શાસન

1065

**(અઠવાડીક)**

તંત્રીઓ :
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૬ ) ✻ સંવત ૨૦૬૦ જેઠ વદ - ૧૩ ✻ મંગળવાર, તા. ૧૫-૬-૨૦૦૪ (અંક ૨૯

## પ્રવચન
## ઓગણોસિત્તેરમું
## પ્રકીર્ણક ધર્મોપદેશ

સં ૨૦૪૪, કારતક સુદિ-૩, રવિવાર, તા. ૨૫-૧૦-૧૯૮૭
શ્રી ચંદનબાલા જૈન ઉપાશ્રય, મુંબઈ - ૪૦૦ ૦૦૬.

પૂ.આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

*ગતાંકથી ચાલુ...*

(શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના -અવ.)

भमिओ कालमणंतं भवंमि भीओ न नाह दुक्खाणं ।
संपइ तुमम्मि दिट्ठे, जायं च भयं पलायं च ॥

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદર સૂરિશ્વરજી મહારાજા, એક વાત ભારપૂર્વક ફરમાવી રહ્યા છે કે, જ્યાં સુધી જીવને સંસારનું સુખ ભૂંડું છે એમ લાગે નહિ અને મોક્ષમાં જ સાચું સુખ છે એ વાત સમજાય નહિ ત્યાં સુધી તેનો ધર્મ, વાસ્તવિક ધર્મ રૂપે થતો નથી. જીવ અજ્ઞાન હોય પણ જો તેને સદ્ગુરૂનો યોગ થઈ જાય અને તે સાચું સમજી જાય તો તેનો બેડો પાર થઈ જાય. અને સમજાવવા છતાં સમજે નહિ. સાચું સમજવાની ઈચ્છા પણ ન થાય તો તેવા જીવો દુન્યવી સુખો માટે ધર્મ કરીને સંસારમાં ભટકે છે. સુખ માટે શું શું કરે ? દુઃખ પણ મજેથી વેઠે અને તેને ખબર પડે કે, 'આ આ ધર્મથી આવું આવું સુખ મળે' તો તે ધર્મય કરે. અજ્ઞાની જીવ હજી બચી જાય. પણ જે સમજે કે, આ લોકનાં કે પરલોકનાં સુખ માટે ધર્મ ન જ થાય, માત્ર મોક્ષને માટે જ ધર્મ થાય' છતાં પણ આલોક કે પરલોકના સુખ માટેજ ધર્મ કરે તો તેનું શું થાય? આ દુનિયાનું સુખ કદી મોક્ષની ઈચ્છા થવા દે જ નહિ.

શ્રી ધનપાલ કવિ કહે છે કે - "હે ભગવંત! અનંત કાળથી હું આ સંસારમાં ભટક્યો. અનેક દુઃખોને ભોગવ્યા. જ્યારે મેં આપને જોયા - ઓળખ્યા, મારો સંસારનો ભય ગયો." તારી વાત જચી ગઈ તે જો જીવનમાં આવી જાય તો મારું કામ થઈ જાય. આપણને આ વાત સમજાય છે? આપણે પુણ્ય શાલી છીએ. અમને સાધુધર્મ મળ્યો, તમને શ્રાવક ધર્મ મળ્યો. તે સાધુ કે શ્રાવક ધર્મની આરાધના કરીએ તો કામ થઈ જાય, સંસારમાં લાબું ઝાઝું ભટકવું ન પડે. આ સંસારનું સુખ કેવું લાગે છે? સંપત્તિ કેવી લાગે છે? આ ધર્મ એવો છે કે જે આજ્ઞામુજબ કરે તેને સુખ-સંપત્તિ, માન-પાન મળે પણ તેમાં જો અટવાઈ જાય તો ધર્મ કરવા છતાં મ દુર્ગતિમાં જાય. કદાચ સદ્ગતિમાં જાય તો ત્યાં જે સુખની સામગ્રી મળે તેમાં પાગલ થઈ એવા એવા પાપ કરે કે દુર્ગતિમાં જાય. આ વાત હૈયામાં બેસી જાય તો

સંસારના સુખ માટે કદી ધર્મ ન કરે, કરવાનું મન પણ ન થાય. મોક્ષ માટે જ ધર્મ કરવાનું મન થાય. 'મારે વહેલામાં વહેલા મોક્ષમાં જવું છે. તે માટે આ સંસારથી છૂટવું છે. સંસારનાં બંધનોથી છૂટવું છે' તેમ મન થાય છે? તમને ધર્મના બંધન ખટકે છે કે સંસારના બંધન ખટકે છે?

આ દુનિયાના સુખનો અર્થી કેટલાં પાપ કરે છે? તમે બધા જાતે જ વિચાર કરો કે, તમે કેટલાં પાપ કરો છો? તમે જૂઠ બોલો? ચોરી કરો તેવી કલ્પના કોઈ કરે? જેટલા સારા સુખી અને સંપત્તિવાળા જીવો છે તે મોટેભાગે જૂઠ બોલે, ચોરી કરે તો એવી કરે કે પકડાય તો સૌ બોલે કે તે દાવનો જ હતો. કોઈને તેની દયા ન આવે. આવું કરવા છતાં આજે તમે નથી પકડાતા તે ભૂતકાળનો પુણ્યોદય સહાય કરે છે. આજે ઘણાનું પુણ્ય તેવા પાપમાં સહાય કરનારું છે. અહીં મજેથી પાપ કરાવે અને પછી દુર્ગતિમાં ભટકાવે. આવા પુણ્યના વખાણ કરાય? આજે સુખી માણસો ઘણા પાપ કરે છે અને દુઃખી પાસે સામગ્રી નથી માટે કરતા નથી પણ કરવાનું મન તો છે જ માટે બેમાંથી એકનેય સારા કહેવાય તેમ નથી. આજે ઘણાં એવાં એવાં ખરાબ કામ કરે છે, મજેથી જૂઠ બોલે છે, ચોરી કરે છે-પુણ્ય પકડાવા દેતું નથી કદાચ પકડાય તો ય છૂટી જાય છે તો તેમાં મજા છે ને ધાર્યા પૈસા મળે છે. ખરાબ કરવા છતાં પકડી શકતું નથી. કદાચ પકડાય તો લહેરથી બીન ગુનેગાર તરીકે છુટી જાય છે. આવું જો બને તો સારું માનો કે ભૂંડું? **આપણી પોતાની જાતને ન ઓળખીએ ત્યાં સુધી સાચો ધર્મ થઈ શકે નહિ.** મોક્ષે જવું છે કે સંસારમાં મજા કરવી છે? સંસારની મજા નહિ છોડું તો વધારે દુઃખી થવું પડશે. સંસારની મજા-પુણ્યથી મળેલ મજા ભોગવવા જેવી નથી, છોડી દેવા જેવી છે-તેમ અંદરને જચ્યું છે? ભગવાને ન કરવાનું કહ્યું તે મજેથી કરે અને જે કરવાનું કહ્યું તે ન કરે તો શું થાય? ભગવાને કરવાનું કહેલામાંથી, કરવા જેવું ઘણું કરતા નથી, ન કરવા જેવું ઘણું મજેથી કરો છો તો તેને ધર્મી કહેવાય કે નહિ? ધર્મ સમજ્યો કે પામ્યો છે તેમ કહેવાય કે નહિ?

તમે ખોટાં કામ મજેથી કરો તો ય તમને કોઈ કહી શકે ખરું? આજે સારા સારા ગણાતા ખરાબ કામ મજેથી કરે છે છતાં તેમને કોઈ ખરાબ કહી શકતું નથી. તે પુણ્ય લઈને આવેલા છે, ઘણા ઘણા પાપ કરે જ જાય છે, તેમનું થશે શું તેમ પણ થાય છે? તેવ. લોકો જે ધંધા કરે છે તેવા ધંધા કરવાનું મન થાય છે? કોઈ દરિદ્રી સારી રીતના ધર્મ કરે તો તમે તેને બુદ્ધિ વગરનો, પાગલ કહો છો.

શ્રી ધનપાલ કવિ કહે છે કે-''હે ભગવાન! તને મેં જોયા ત્યારથી હું નિર્ભય થઈ ગયો. મને ભય માત્ર મોહનો છે. મોહને કાઢવાની મહેનત કરું તે કામ થાય કહે છે.'' હું ભટકયો કેમ? અજ્ઞાન હતો માટે આમ કવિ ધનપાલ કહે છે. આપણે અજ્ઞાની કે જ્ઞાની? જે રીતે જીવો છો તે રીતે જીવતા જીવતા મરો તો ક્યાં જાવ? તમને મોટા કારખાનાવાળાને જોઈને તેના જેવો થવાનું મન થાય છે ને? સારા ભાવે ધર્મ કરનારને પૈસા-ટકા, રાજ-ઋદ્ધિ બધું જ મળે પણ તેને તે બધું ખરાબ જ લાગે, હું સાવચેત ન રહું તો મારા આત્માનું ભૂંડું જ કરે તેમ લાગે. આગળના રાજાઓ પણ પ્રજાના દુઃખે દુઃખી અને સુખે સુખી હતા. રાજાથી, પ્રજાને દુઃખ થતું નહિં. તે રાજાઓ, પ્રજાને હેરાન કરનારને દંડ કરતા, સજ્જનોનું રક્ષણ કરતા, દુર્જનોને શિક્ષા કરવી પડે તો એવી કરતા કે બીજાઓ પણ તેવા ગુના કરે જ નહિ. જેમ રાજાઓ પણ સારા, ન્યાયી અને ધર્મભાવના વાળા હતા તેમ શ્રીમંતો પણ સારા હતા, ચોરી-જૂઠ કરનાર ન હતા. તેમની પાસે જે હોય તે બધું ચોપડામાં જ હોય. કયાંથી કેવી રીતે લાવ્યો તો તે બધું મજેથી બતાવતા. આવું કહી શકે તેવા આજે કેટલા મળે ? જ્યારે ધર્મ જીવતો હતો ત્યારે મોટે ભાગે જીવો ઘણાં સારા હતા. સુખીને જોઈને ગરીબો કહેતા કે - 'ભાગ્યશાળી છે.' પણ આંખ બળતી ન હતી. જ્યારે સુખીની પણ ગરીબો તરફ અમીદૃષ્ટિ હતી. દુઃખીનું દુઃખ દૂર કર્યા વિના રહેતા નહિ. આવી પરસ્પરની આબરૂ હતી. આજના સુખીની પણ શી આબરૂ છે ? અને દુઃખીની પણ શી આબરૂ છે ?　　(ક્રમશઃ)

# વિષય વિરાગી અને કષાયના ત્યાગી બનો !

પૂ. મુનિ શ્રી પ્રશાન્ત દર્શન વિજયજી મ.

*(ગયા અંકથી ચાલુ)*

મહાપુરૂષોના હિતવચનો વિચાર કે, સંસારના સુખોપભોગની કલ્પના અને ઘટનાઓની સ્મૃતિ એ ખરેખર શાપ છે, તેની વિસ્મૃતિ જ વરદાન છે. તેનાથી બચવા તું રોજ શ્રી વીતરાગનું સંસ્મરણ કર જે તારી સાચી સુખસંપત્તિ છે, શ્રી વીતરાગદેવની વિસ્મૃતિ તો વિપત્તિને લાવનારી છે. વિષયાશક્તિ કુતરાના જેવી છે. ''ચાહે નિજ લાલા મિશ્રિત શુષ્ક હાડ જ્યું શ્વાન તે સેં રાચે વિષયમેં જડ નિજ રૂચિ અનુમાન.'' ''નહી કછુ ઇન્દ્રિય વિષયમેં ચેતન કું હિતકાર તો ભી જન તામેં રમે, અંધો મોહ અંધાર.'' તારા મન રૂપિ હાથને વશ કરવો તો જિનાજ્ઞા રૂપી અંકુશનો સ્વીકાર કર.

''વિશય ગ્રામકી સીમમેં, ઇચ્છાધારી ચરંત :
જિન આગા અંકુશ ધરી, મનગજ વશ કરો સંત''

સ્વપ્ન કાળ અને જાગૃતિનો કાળ બધાને અનુભવમાં છે. સ્વપ્નમાં સુખલડી ખાવાથી પેટ ભરાતું નથી. તેમ પુદ્ગલમાં જે માણસ મૂંઝાતો નથી તેને પુદજન્ય પદાર્થોની પ્રાપ્તિ કે નાશમાં જરા પણ હર્ષ કે શોક થતો નથી.

''સુપન દષ્ટિ કે સુખ નાશતેં, જ્યું દુઃખ ન લહે લોક
પુદ્ગલ દષ્ટિ વિનષ્ટ મેં, ત્યું બુધકું નહીં શોક''

આ ભવતો માયા જાળ સમાન છે, માયાની મોહિની બે-ચાર દિવસ મજા કરાવે પણ સત્યનો પ્રકાશ ફેલાય તો મુંઝાવી શકે નહિ.

''ભવ પ્રપંચ મન જાળકી, બાજી જુઠી મુડ,
ચાર-પાંચ દિન ખુશ લગે, અંતે ધૂળકી ધૂળ''

અન્ય દર્શનોમાં પણ સંત શ્રી તુલસી દાસજીના જીવનમાં પ્રસંગ આવે છે કે, તેઓ સંત ન હતા બન્યા તે પહેલા પોતાની પત્ની ઉપર એટલા બધા આસકત હતા કે એક ક્ષણનો પણ વિરહ સહી શકતા ન હતા. એક વાર તેમના પત્ની પિયર ગયેલા, વરસાદી મેઘલી રાત, ચારે બાજુ મોરલાઓના કેકારવો અને ભલભલાને પણ પ્રિયાની યાદ સતાવે તેવું ઉન્માદક વાતાવરણ. તેવા અવસરે પત્નીના વિયોગ-વિરહથી સંતપ્ત બનેલા તેઓ બે પુર વહેતી નદીને મૃતકના સહારે પાર પામી, ગાઢ અંધકારમાં સર્પને રજ્જુ માની તેના આધારે પ્રિયપત્નીના આવાસે પહોંચ્યા. અને તે અવસરે તેમના પત્નીને જે પ્રેમભીનો મીઠો ઠપકો પ્રેમ દીવાના બનેલા પતિને આપ્યો કે -''અસ્થિ ચર્મમય દેહ મમ તામેં જૈસી પ્રીત. ઐસી પ્રીત રઘુનાથકી, તો ન હો ભવભીત'' આ શબ્દોથી તેઓ જાગી ગયા અને સંત બની ગયા.

તો ભગવાનના શાસનને સમજેલા જીવો સ્ત્રી દેહમાં મુંઝાય ખરા? રાગને જ તેઓ સંસારનું મૂળ બીજ માને છે તો વિરાગ દશા કેળવવા રોજ વિચારે કે-

''રાગાદિ પરિણામ યુત મનહિ અનંત સંસાર,
તેહિ જ રાગાદિ રહિત, જાને પરમપદ સાર''
'' મુગતિ દુર તાકું નહિ, જાકું સ્થિર સંતોષ,
દુર મુગતિ તાકું સદા, જાકું અવિરતિપોષ''

સંસારના સુખોની ઇચ્છા જ અવિરતિને પુષ્ટ કરનાર માનનાર પુણ્યોત્મા કર્મજન્ય સુખ-દુઃખમાં મૂંઝાતો નથી. તે તો માત્ર આત્માગુણોની પ્રાપ્તિનો પ્રયત્ન કરે છે. આ સંસાર તો પુણ્ય - પાપનું નાટક છે. મનગમતામાં મહાલવું અને અણગમતામાં અકળાવું તે તો મૂરખનું બહિરાત્માનું લક્ષણ છે. અંતરાત્મા તો

''પરમેં રુચે પર રુચિ, નિજરુચિ નિજગુણ માંહિ,
ખેલે પ્રભુ આનંદઘન ધરિસમતા ગલે બાંહિ''

આત્મા ગુણોમાં પોતાના સ્વરૂપમાં જ આનંદ પામે છે.

સંસારના સઘળાય પદાર્થો ક્ષણ ભંગુર છે. આ પ્રમાણે જાણ્યો છે પરમાર્થ જેમણે જેમણે એવા વિવેકી

પુરૂષો તેના ઉપર રાગ કઈ રીતના કરે ? આ સંસારનો કેવો વિપરીત ક્રમ છે કે તેની જાળમાં માત્ર જલજંતુઓ જ નથી ફસાતા પણ બુદ્ધિશાલીઓ પણ તેનાં બંધનમાં બંધાય છે. માટે કહે છે કે, વિષય રાગનો ત્યાગ કરો, અપાયોથી બચો, અને ધર્મ ને વિષે જ ઉદ્યમ કરો. કેમકે, સઘળાય પ્રાણીઓનું જીવિત હાથીના કાનની જેમ ચંચલ છે અને સંધ્યાના રાગ સમાન યૌવન પણ ક્ષણભંગુર છે. આ જીવન મર્યાદિત છે, ઘણા ભયને આપનારી લક્ષ્મી પણ અસ્થિર છે, કામભોગો કિંપાકના ફલ જેવા અને દુરની વિપાકને આપનારા છે, આયુષ્ય ક્યારે નાશ પામે તેની ખબર નથી માટે શાશ્વત એવા ધર્મને માટે પ્રયત્ન કરવો હિતાવહ છે. જન્મ-જરા-મરણાદિ ભયોથી વ્યાપી, વ્યાધિ-વેદનાથી ગ્રસ્ત આ લોકમાં એક શ્રી જિનધર્મ વિના કોઈ જ આધાર નથી. જેમ બિલાડી દુધની તપેલી જુએ છે પણ માલિક પાછળ લાકડી લઈને ઉભો છે તે જોતી નથી તેમ મૂઢ જીવો આ વિષયસુખોને જુએ છે પણ પરિણામે નરકાદિ દુઃખોને જોતા નથી. વિષય તૃષ્ણાથી પરવશ અને પીડીત જીવો, લોક લાજ મર્યાદાને મુકી એવું કોઈ પાપ જગતમાં નથી જેને કરતા ન હોય. લજ્જા-માન-મર્યાદા, આ લોક પરલોકના કાર્યના વિચારમાં બુદ્ધિ ત્યાં સુધી જ પ્રવર્તે છે કે જ્યાં સુધી કામના બાણોથી હૃદય ભેદાયું નથી. તે વિષયોમાં જ મુંઝાયેલા અને રાગાંધ બનેલા જીવો કાર્યાકાર્યને પણ જાણતા નથી. મદોન્મત હાથીઓને હણનારા, સિંહોને પણ પાળતુ કુતરા જેવા બનાવનારા દક્ષ અને શૂરવીર પુરૂષો ઘણા છે પણ કામદેવના દર્પનો નાશ કરનારા કામવિજેતા પુરૂષો તો બહુ જ વિરલ છે. કામને પરવશ બનેલા મર્યાદા-કીર્તિ પુરૂષાર્થ અને માહાત્મ્યનો પણ નાશ કરે છે. મૃગતૃષ્ણામાં મૂઝાયેલો મૃગ પ્રાણોને ગુમાવે છે. તેમ વિષયને પરવશ બનેલો જીવ ભવાટવીમાં ભમે છે. કામરાગનું કારણ સ્નેહરાગ છે અને તે સ્નેહરાગમાં ફસાયેલો જીવ પાંજરા વિના પણ બંધનમાં બંધાય છે, બેડી વિના પણ ભવ રૂપી જેલખાનામાં પુરાય છે. પાણી રહીત કાદવમાં ખૂંચી જાય છે, આ સ્નેહ જ અનર્થનો હેતુ છે, દુર્ગતિનું કારણ છે, હાસ્યનું સ્થાન છે, વિડંબણા-વિપત્તિઓનો હેતુ છે, વિવેકનો વૈરી છે, ભયાનક સંસાર સાગરમાં ભમે છે. જેમ શ્રી આર્દ્રકુમાર મહર્ષિએ પણ કહ્યું છે, હાથી લોખંડની સાંકળો તોડે તે સહેલું છે પણ સ્નેહરાગના કારણે વજ્ર સમાન બંધનની બેડી રૂપ બનેલ કાચાસૂતરના તાંતણા તોડવા કઠીન છે. સ્નેહરાગને તોડવા આ જ વિચાર કરવો કે અનાદિ અનંત કાળથી આ સંસારમાં ભમતા મારા જીવે બધાની સાથે માતા-પિતા, ભાઈ-બહેન, પુત્ર-પુત્રી, પતિ-પત્ની આદિ બધાજ સંબંધો બાંધ્યા છે, બધાજ જીવો સ્વજન પણ બન્યા છે અને પરજન પણ બન્યા છે તો હું જેમ કોઈનો નથી તેમ મારું પણ કોઈ નથી. પણ આ કામરાગ એવો ભયાનક ચંડાલ છે કે, જે સ્વાધીન છે તેને ભૂલી જાય છે અને જે પરાધીન છે, લોકમાં ગર્હણીય નિંદનીય છે તેની જ પ્રાર્થના-ઈચ્છા કરાવે છે, ખરેખર મદન દેવને પરવશ બનેલાને ધિક્કાર હો! ખરેખર વિષય રૂપી મહાવિષથી મોહિત બની ગૃહવાસને જ પ્રધાન સારો માનનારા કયા કલંકથી કલંકિત ન થાય તે જ આશ્ચર્ય છે. તેથી જ નિર્વિવેકી થયેલા તેવા જીવોના મનમાં શ્રી જિનધર્મ જરાપણ રૂચિકર ન બને તેમાં નવાઈ નથી, નથી જાણ્યો સારા-સારનો વિવેક તેવા જીવોના હાથમાંથી અમૃત પણ ઢળી જાય તે સહજ છે. ધીરપુરૂષોને સહજ તેવું તપત્યાગનું આચરણ વિષય સુખમાં લુબ્ધ કાયરપુરૂષોને દુષ્કર લાગે છે. વિષયો એ જ ભવનું બંધન છે, નરકનો માર્ગ છે, કિંપાકના ફલ જેવા છે, અતિઉત્કટ કોટિનું સદ્ય પ્રાણહર વિષ છે, ભયાનક સત્ય છે. આશીવિષસર્પ જેવા છે, તેના જ કારણે તેમાં જ આશક્ત બનેલા જીવો જગતમાં એવી કઈ વિપત્તિ વિડંબણા નથી જે પામ્યા ન હોય અને તેને કહેવા માટે આપણી જીભ પણ ટુંકી પડે-સમર્થ ન થાય, આ પ્રમાણે જાણીને વિષયના સંગનો ત્યાગ કરવા માટે પ્રયત્ન કરવો હિતાવહ છે. (ક્રમશઃ)

# પ્રશ્નોત્તર વાટિકા

(પરિમલ)

*ગયા અંકથી ચાલુ*

*(૯૦) સકૃદબંધક અને અપુનર્બંધકમાં ભેદ શું?*

પૂ. હરિભદ્ર સૂ. રચિત પંચાશકમાં પૂ. અભયદેવ સૂ. મ.સા. ટિકામાં કહ્યુ છે કે

यो यथाप्रवृत्तिकरणेन ग्रंथीप्रदेशमागतोऽभिन्नग्रंथिः सकृदेवोत्कृष्टां सागरोपम कोटी कोटी सप्ततिलक्षणा स्थितिं भन्त्स्यत्यसौ सकृद्बन्धक उच्यते । यस्तु तां तथैव क्षपयनग्रंथिप्रदेश मागतः पुनर्न तां भन्त्स्यति भेत्स्यति च ग्रंथिं सोऽपुनर्बन्धक उच्यते ।

જે જીવ યથા પ્રવૃત્તિકરણ વડે (મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમની છે તેને ઘટાડી એક કોડાકોડ સાગરોપમમાં પણ પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ જેટલી ન્યુન કરી દીધી છે તે) ગ્રંથીદેશે આવેલો પણ ગ્રંથિભેદ કર્યો નથી અને એક જ વાર સીત્તર કોડાકોડી સાગરોપમ પ્રમાણ મોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિને બાંધશે તે સકૃદ્‌બંધક કહેવાય છે. વળી તેજ રીતે સ્થિતિને ખપાવતો ગ્રંથિદેશને પામેલો તે ઉત્કૃષ્ટ સ્થિતિને બાંધશે નહિ અને ગ્રંથિને ભેદશે તે અપુનર્બંધક કહેવાય છે.

*(૯૧) સકૃદ્‌બંધક અને અપુનર્બંધક જીવો કેવા હોય છે?*

આ બંને પ્રકારના જીવોને ગ્રંથિભેદ થયેલો નહિ હોવાથી કુગ્રહ (અસત્યનો આગ્રહ) સંભવિત છે. અવિરત સમ્યગ્દૃષ્ટિને કુગ્રહનો સંભવ નથી. જો કે માર્ગાભિમુખ અને માર્ગપતિત અવસ્થાને પામેલાને ગ્રંથિભેદના અભાવે કુગ્રહનો સંભવ છે, તોપણ તેમને પ્રાપ્ત થયેલી માર્ગાભિમુખ તથા માર્ગપતિત અવસ્થાથી તેઓના તે કુગ્રહનો ત્યાગ કરી શકાય તેવો છે. માટે તેવા જીવોને સમ્યકત્વના અભાવવાળા હોવા છતાં દ્રવ્ય સમ્યકત્વનો આરોપ કરીને દીક્ષાદિ આપી શકાય છે. તેના આલંબનથી કુગ્રહનો જલ્દી ત્યાગ કરી શકે છે.

*(૯૨) અપુનર્બંધક જીવોનું લક્ષણ શુ?*

અપુનર્બંધક જીવોના મુખ્ય ત્રણ લક્ષણ બતાવ્યા છે.

पावं न तिव्वभावा कुणइ ण बहु मन्नइभवं घोरं उचियट्ठिइं च सेवइ सव्वत्थवि अपुणबंधोत्ति ॥१३ योगशतक

(૧) તીવ્રભાવે પાપ કરે નહિ.

(૨) સંસાર પ્રત્યે બહુમાનભાવ જાગે નહિ

(૩) હંમેશા ઉચિત સ્થિતિને સેવે.

*(૯૩) ઉપશમ સમ્યકત્વ અને ક્ષયોપશમ સમ્યકત્વમાં તફાવત શું?*

क्षयोपशमो ह्युदीर्णस्य क्षयोऽनुदीर्णस्य च विपाकानुभवापेक्षया उपशमः प्रदेशानुभव स्तूदयोऽस्त्येव उपशमेतु प्रदेशानुभवो नास्तीति ।

ક્ષયોપશમ સમ્યકત્વમાં ઉદયમાં આવેલા મિથ્યાત્વ મોહનીયના પુદ્‌ગલોનો ક્ષય અને નહિ ઉદયમાં આવેલા મિથ્યાત્વ મોહનીયના પુદ્‌ગલોનો વિપાકાનુભવની અપેક્ષાએ ઉપશમ પરંતુ પ્રદેશાનુભવ (તે પુદ્‌ગલોનો) તો હોય જ. તેનું નામ ક્ષયોપશમસમ્યકત્વ જ્યારે ઉપશમ સમ્યકત્વમાં મિથ્યાત્વ મોહનીયના પુદ્‌ગલોનો પ્રદેશોદય પણ હોતો નથી.

બીજા આચાર્યોનો મત એવો છે કે શ્રેણીમાં (ઉપશમ શ્રેણીમાં)રહેલાના ઉપશમ સમ્યકત્વમાં મિથ્યાત્વ મોહનીયના પુદ્‌ગલોનો પ્રદેશ અનુભવ ન હોય. પરંતુ શ્રેણી વિનાના ઉપશમ સમ્યકત્વમાં (ગ્રંથિભેદ કર્યા બાદ સૌ પ્રથમ ઉપશમ સમ્યકત્વ પામે ત્યારે) મિથ્યાત્વ મોહનીયના પુદ્‌ગલોનો પ્રદેશ અનુભવ હોય તોપણ ઉપશમ સમ્યકત્વમાં ક્ષયોપશમ સમ્યકત્વની જેમ સમ્યકત્વ મોહનીયના પુદ્‌ગલોનાં અનુભવનો સદ્‌ભાવ નથી અર્થાત અભાવ છે. એજ ક્ષયોપશમ અને ઉપશમ સમ્યકત્વમાં વિશેષ (તફાવત)

છે.

ભગવતી સુત્રના પહેલા શતકના ત્રીજા ઉદ્દેશાની ટીકામાં કહ્યુ છે કે

શ્રાવક પ્રજ્ઞમિની ટીકામાં કહેલ છે.

क्षयोपशमिकादस्य को विशेषः ? इति उच्यते तत्रोपशान्तस्यापि मिथ्यात्वस्य प्रदेशानुभवोऽस्ति नत्वौपशमिके अन्ये तु व्याचक्षते श्रेणिमध्यवर्तिन्येवौपशमिके प्रदेशानुभवो नास्ति न तु द्वितीये तथापि तत्र सम्यक्त्वानुभवाभाव एव विशेषः ।

*(૯૪) કયા સંઘયણ વાળો ઉપર કેટલા દેવલોક સુધી અને નીચે કેટલી નરક સુધી જઈ શકે?*

મનના સંકિલષ્ટ અધ્યવસાયના કારણે અધોગમન અને શુભ અધ્યવસાયના કારણે ઉર્ધ્વગમન થાય છે. અને શુભાશભ અધ્યવસાયને સંઘયણ બળ સાથે સંબંધ હોય છે. તેથી છ સંઘયણ માંથી

| | | |
|---|---|---|
| પ્રથમ વ્રજઋષભ નારાચસંઘયણવાળો | મોક્ષ સુધી | ૭ મી નરક સુધી |
| (ઋષભ નારાચ) બીજા સંઘયણવાળો | ૧૨ દેવલોકસુધી | ૬ નરક સુધી |
| (નારાચ) ત્રીજા સંઘયણવાળો | ૧૦ દેવલોકસુધી | ૫ નરક સુધી |
| (અર્ધનારાચ) ચોથા સંઘયણવાળો | ૮ દેવલોકસુધી | ૪ નરક સુધી |
| (કીલિકા) પાંચમાં સંઘયણવાળો | ૬ દેવલોકસુધી | ૩ નરક સુધી |
| (છેવઠ્ઠુ) છઠ્ઠા સંઘયણવાળો | ૪ દેવલોકસુધી | ૨ નરક સુધી |

છ સંઘયણમાંથી અત્યારે માત્ર છેવટ્ઠુ છઠ્ઠુ સંઘયણ જ છે તેથી જીવ શુભ અધ્યવસાય દ્વારા વધુમાં વધુ ચોથા દેવલોક સુધી અને અશુભ અધ્યવસાય દ્વારા વધુમાં વધુ બીજી નરક સુધી જ જઈ શકે છે.

(૯૫) કઈ નરકમાંથી આવેલો જીવ કઈ વસ્તુ પામી શકે?

સાત નરક છે મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિય જીવો રૌદ્રધ્યાન હિંસાદી પાપો કરવાના દુષ્ટ અધ્યવસાયના યોગે નરકનું આયુષ્ય બાંધીને નારકપણે ઉત્પન્ન થાય છે. ત્યાં પરવશપણે જન્મથી માંડીને મૃત્યુ સુધીની પ્રત્યેક ક્ષણોમાં (તિર્થંકર પરમાત્મા-પાંચ કલ્યાણકો સિવાય) ભયંકર કોટીની વંદનાને સહન કરે છે ત્યા ઓછામાં ઓછુ દસ હજાર વર્ષનું અને વધારે ૩૩ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરીને મનુષ્ય અથવા તિર્યંચપણે ઉત્પન્ન થાય છે. તેમાં

૧લી નરકથી આવેલ ચક્રવર્તી થઈ શકે.

૨જી નકરથી આવેલ વાસુદેવ થઈ શકે.

૩જી નરકથી આવેલ તીર્થંકર થઈ શકે

૪થી નરકથી આવેલ કેવળજ્ઞાન પામી શકે.

૫મી નરકથી આવેલ સાધુ (છઠ્ઠા સાતમાં ગુણ સ્થાનકને પામી શકે

૬ઠ્ઠી નરકથી આવેલ દેશ વિરતિ પામ. શકે.

૭મી નરકથી આવેલ સમ્યકત્વ પામી શકે.

*(૯૬) સાતે નરકમાં ક્ષેત્રકૃત વેદના કેવી હોય?*

પ્રથમ ત્રણ નરકમાં અત્યંત શીત વેદના હોય છે.

ચોથી નરકમાં શીતોષ્ણ વેદના હોય છે.

પાંચમી છઠ્ઠી અને સાતમી નરકમાં અત્યંત ઉષ્ણ વેદના હોય છે.

ત્રણ નરકમાં દુસ્સહ એવી શીત વેદનાને અનુભવતા નારકીના જીવને જે શિયાળાની ઋતુમાં હિમલયમાં મુકવામાં આવે તો શાંતિથી સુઈ જાય અને છેલ્લી ત્રણ નરકમાં અત્યંત ઉષ્ણ વેદનાને સહન કરતા કોઈ જીવને અહીં ઈંટના સળગતા નિભાડામાં મુકવામાં આવે તો તે પણ શાંતિથી સૂઈ જાય આ સિવાય બીજી પણ પરમાધામી કૃત વ. વંદનાઓ સાંભળતા પણ હૈયુ ધ્રુજે તેવી હોય છે.

*(૯૭) અંજન કર્યા વિનાની અઢાર અભિષેકવાળી ધાતુની યા પાષાણની જિન પ્રતિમા (મૂર્તિ) ઘરમાં દર્શનાદિ કરવા માટે રાખી શકાય?*

અંજન કર્યા વિનાની જિન મૂર્તિ ઘરમાં રાખી શકાય નહિ. કારણ કે જિન પ્રતિમા દર્શનીય નથી પૂજનીય છે. અંજન કર્યા સિવાય (પ્રાણ પ્રતિષ્ઠાદિ વિધિ કર્યા વિના) પૂજવાથી કોઈ લાભ થતો નથી અઢાર અભિષેક કરવા માત્રથી પૂજા કરવાનો (વાસ પૂજાનો) અધિકાર મળી જતો નથી અર્થાત પૂજ્ય બનતી નથી અઢાર અભિષેક તો અંજનવિધિ કર્યા પછી અજાણતાથી પણ થયેલ આશાતનાદિ ના દોષને દૂર કરવા માટે છે.

ગૌતમ સ્વામી વિ. ગણધર ભગવંતની પણ પ્રતિમા રાખી શકાય નહિ. જિનપ્રતિમા કે ગૌતમસ્વામીની પ્રતિમાની પ્રભાવના કરાય જ નહિ. યોગ્ય વ્યકિત યોગ્ય રીતે મેળવી અંજન કરાવી ગૃહ જિનાલયમાં વિધિપૂર્વક પધરાવીને ભકિત કરે તે જ યોગ્ય છે.

*(૯૮) ધાર્મિક ઉપકરણની પ્રભાવના કરી શકાય? તેનો આગ્રહ રાખી શકાય?*

ધર્મ કરનારાઓએ ધાર્મિક ઉપકરણ પોતાની શક્તિ મુજબ પોતાના માપ મુજબ વાપરવાનું વિધાન છે. ધર્મ કરવાની રૂચિવાળો હોવા છતાં ઉપકરણના અભાવે ધર્મ કરી શકતો ન હોય તેને બહુમાન પૂર્વક ઉપકરણ આપવુ તે પણ સાધર્મિક ભકિત ગણાય. પરંતુ પ્રભાવના કરી શકાય નહિ. પ્રભાવના કરનારાને પણ ઉપકરણ પ્રત્યે બહુમાન કેટલુ? નિત્ય ધર્મ કરનારાની પાસે ઉપકરણ પુરતા પ્રમાણમાં હોવાથી પ્રભાવનામાં આપેલ ઉપકરણનો ઉપયોગ થવાનો નથી પ્રભાવના કરનારા હલકા ઉપકરણની પ્રભાવના કરે. તેથી પણ ઉપકરણ પ્રત્યેનો બહુમાનભાવ નાશ પામે છે. બેઠેલા બધાને અપાય જેમાં યોગ્યા યોગ્યનો વિચાર કરવાનો હોતો નથી. નાના મોટા સ્ત્રી પુરૂષ બધાને સમાન આપવામાં આવે તેને પ્રભાવના કહેવાય છે. સાધર્મિક ભક્તિના અધિકારમાં કહ્યુ છે કે શક્તિ હોય તો સઘળાય શ્રાવક શ્રાવિકા ને પહેરામણી આપીને ભક્તિ કરવી.

ધાર્મિક ઉપકરણની પ્રભાવનાનો આગ્રહ અજ્ઞાનમાંથી ઉભો થયેલો છે. બીજી વસ્તુ આપવાથી તે સંસારમાં વાપરશે વિ. વિચાર અયોગ્ય છે. પોતાને મળેલા ધનની મૂર્છા ઉતારવાના લક્ષ્ય પૂર્વક સમાન ધર્મવાળા સાધર્મિકની ભક્તિ કરવી તેમાં પણ ધનવિનાના સીદાતા સાધર્મિકોની જરૂરીયાત ઉપર ધ્યાન આપવુ અને ધનવાન સાધર્મિક ગુણ સંપન્ન હોવાથી ગુણ પામવાના લક્ષ્ય પૂર્વક સાધર્મિકનું બહુમાન કરવું જોઈએ.

*(ક્રમશઃ)*


**ઘણા વખતથી રાહ જોવાતી તે ગ્રંથ પ્રગટ થઈ ચૂકેલ છે.**

# શ્રી શીલાંગાદિ રથ સંગ્રહ

## (૨૪ રથનો સંગ્રહ)

## (સમજુતી અને ગણિત સાથે)

**મૂલ્ય રૂા. ૧૫૦-૦૦**

જૈન સંઘ શીલાંગાદિ અનેક રથો બનાવેલા છે. તે રથોના વ્યવસ્થિત કરીને ૪ કલરમાં ભારે આર્ટ પેપર ઉપર મુદ્રણ કરીને પ્રગટ કરેલ છે.

એક રથનો સ્વાધ્યાય ૧૮૦૦૦ થાય છે. અને એક રથનો સ્વાધ્યાય કરતાં ૯ ઉપવાસનો લાભ મળે છે. વધુ ગુરૂ ગમથી જાણી શકાશે.

આજે જ મંગાઓ તથા અમદાવાદ-મુંબઈ-રાજકોટ-શંખેશ્વરના પુસ્તક વિક્રેતાઓ પાસેથી મેળવો.

**શ્રી હર્ષ પુષ્પામૃત જૈન ગ્રંથમાલા**

C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ, જામનગર - ૫. (ગુજરાત) ફોન : (૦૨૮૮) ૨૭૭૦૯૬૩

# જ્ઞાન ગુણ ગંગા

પ્રજ્ઞાંગ

* તપ શા માટે કરવાનો.

શ્રી સંવેગરંગશાળા (શ્લો. ૯૧૧૯ થી ૯૧૨૮।।
अब्भिन्तर बाहिरयं, कुणसु तवं वीरियं अगूहेंतो।
वीरिय निग्गही बंधइ मायं विरियंतरा यं च ।।१।।
सुह सीलयाए अलसत्तणेण देह पडिबद्धयाए य ।
सत्तीए तवमऽकुव्वं, निव्वत्तइ मायंमोहणियं ।।२।।
सुहसीलयाए जीवा, तिव्वं बंधंतऽसायवेयणियं ।
अलसत्तणेण बंधइ, चरित्तमोहं च मूढ-मई ।।३।।
दुरियगिरिकुलिसदंडं, रोगुल्भडकुमु य संडमायंडं ।
कामकरिहरिप यंडं भवसागर तरण तर कंडं ।।४।।
ढक्कियकुगइ दुवारं, दावियमण वंछियऽ त्थ संभारं ।
कय जय जसप्प सारं, सारं एक्कं तवं बेंति ।।६।।

ભાવાર્થ - હે ક્ષપક! વીર્યને છૂપાવ્યા વિના અભ્યંતર અને બાહ્ય તપને કર. કારણ કે વીર્ય-પરાક્રમને છૂપાવનારો જીવ માયા કષાયને અને વીર્યાંતરાયને બાંધે છે. સુખશીલતાથી, આળસુપણાથી, અને દેહાસકત ભાવથી શક્તિ પ્રમાણે તપ નહિ કરનારો જીવ માયા મોહનીય કર્મને બાંધે છે. મૂઢમતિ જીવો સુખ શીલતાથી તીવ્ર અશાતા વેદનીયને બાંધે છે. અને આળસુપણાથી ચારિત્ર મોહનીયને બાંધે છે. દેહના રાગથી પરિગ્રહાદિ દોષ થાય છે. તેથી તે સુખશીલતા આદિ દોષોને તજી હંમેશા તપમાં ઉદ્યમ કરવો. તપને કરવાથી આ લોક અને પરલોકમાં ગુણો થાય છે. સંસારમાં કલ્યાણ, ઋદ્ધિ, સુખ આદિ જે કોઇ દેવ-મનુષ્યનાં સુખો અને મોક્ષનું જે શ્રેષ્ઠતમ સુખ, તે સર્વે તપથી પ્રાપ્ત થાય છે. તથા પાપરૂપી પર્વતને ભેદવા વજ્રનો દંડ, રોગરૂપી મોટા-ગહન કુમુદવનને નાશ કરવામાં સૂર્ય, કામરૂપિ હાથીનો નાશ કરનારા ભયંકર સિંહ, ભવસમુદ્રને તરવા માટે વેગીલી નૌકા, કુગતિના દ્વારનું ઢાંકણ, મનવાંછિત અર્થસમૂહને આપનાર, જગતમાં યશનો વિસ્તાર કરનાર શ્રેષ્ઠ-મુખ્ય એક તપને જ કહ્યો છે. તે તપને તુ મોટો ગુણ જાણીને, મનની ઈચ્છાઓને રોકીને, ઉત્સાહ પૂર્વક દિનદિન તપ વડે આત્માને ભાવિત કરે. જે રીતે શરીરને પીડા-ઈન્દ્રિયહાનિ આદિ ન થાય, માંસ-રૂધિરનો સંચય - વધારો પુષ્ટિ પણ ન થાય તથા જે રીતે ધર્મધ્યાનની વૃદ્ધિ થાય તે રીતે તપ કર !

* સુરોદય પાસતિ ચકખાણેવ - સૂર્યોદય થવા છતાં પણ આંખ વિના જોવાતું નથી.

* આચારાંગ - નિદસં નાઇવટ્ટેજ્જા મેહાવી- બુદ્ધિમાન ક્યારે પણ ભગવાનની કે ગુરૂની આજ્ઞાનું ઉલ્લઘન ન કરે.

* શ્રી ઉત્તરા ધ્યયન-સજ્ઝાએ વ નિ ઉત્તેણ, સવ્વદુકખ-વિમોકખણે-સ્વાધ્યાયમાં રહેવાથ દુ:ખોથી મુક્તિ મળે છે.

ક્રમશ:

## ચાતુર્માસ પ્રવેશ

પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ આદિ પૂજ્ય મુનિરાજો તથા પૂ. સા. શ્રી સ્વયં પ્રભાશ્રીજી મ. આદિનો ચાતુર્માસ પ્રવેશ ૨૦૬૦ અષાડ સુદ - બીજી બીજ રવિવાર તા. ૨૦-૬-૨૦૦૪ના સવારે રાજાજીનગરથી થશે. સુશ્રાવક કાંતિલાલ સોજપાર નાગડાને ત્યાં સંઘની નવકારશી થશે. પછી ૮-૩૦ વાગ્યે સામૈયું થશે.

# સ્પષ્ટ વ્યક્તિત્વના સ્વામીના જીવનનું સૌથી મહાન કાર્ય

પૂ. મુ. શ્રી જયદર્શનવિજયજી મ.

પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજા પોતાની અનેક વિશેષતાઓના કારણે ભારતભરમાં જાણીતા બન્યા હતા. છતાં અનેક વિશેષતાઓમાંથી ફક્ત એક વિશેષતાના કારણે તેઓશ્રી જૈન સંઘમાં વધુ જાણીતાં અને વિચારક માણસોમાં માનીતા બન્યા હતા. એ વિશેષતાનું શુભનામ છે, સત્ય તિથિમાર્ગ પ્રકાશન! હા, વિ.સં. ૧૯૯૨ની સાલમાં સત્યતિથિમાર્ગનું પ્રકાશન અને પ્રવર્તન થયું હતું. એ સમયે આ મહાપુરૂષના વડીલો-તેઓશ્રીના ગુરૂદેવ પૂ.આ.શ્રીવિ. પ્રેમ સૂ.મ., એ સિવાયના પણ પૂ.આ.શ્રી વિ.લબ્ધિ સૂ.મ., પૂ.આ.શ્રી વિ. સિદ્ધિ સૂ.મ. આદિ હાજર હોવા છતાં, તેઓશ્રીના આશીર્વાદ સાથે સત્યતિથિમાર્ગનું પ્રકાશન-પ્રવર્તન થયું હતું છતાં, લોકોએ આ કાર્યનો સંપૂર્ણ યશ આ મહાપુરૂષને આપ્યો હતો. ઘણા માણસોને હજી ખબર નથી કે તિથિનો વિવાદ તો પૂ.આ.શ્રી વિ. રામચંદ્ર સૂ.મ. ની દીક્ષા પહેલાંથી ઉભો થયેલો છે. જે સમયે તેઓશ્રી ઘોડિયામાં હતા એ સાલમાં વર્તમાનના તિથિ વિવાદનો વિધિસર જન્મ થયો હતો. જો તમે તિથિના વિષયમાં જરા ઉંડા ઉતરીને તપાસ કરશો તો એ પણ ખબર પડશે કે તિથિવિવાદ તો તેઓશ્રીના જન્મ પહેલાંથી ચાલી આવતો વિવાદ છે. પણ આજના ગોબલ્સ પ્રચારના યુગમાં (એડોલ્ફ હિટલરના રહસ્ય મંત્રી ગોબેલ્સે દુનિયાને એક સુત્ર આપ્યું હતું કે તમે એક જૂઠાણાને સો વખત દોહરાવો તો એ જૂઠાણું સત્ય બની જશે આ સૂત્ર તેણે અનેકવાર વાપરીને સિદ્ધ કરી આપ્યું હતું. આ પ્રચારનીતિ ત્યારથી માંડીને ગોબલ્સ-પ્રચારનીતિ તરીકે ઓળખાવા લાગી છે.) આજે પણ ઘણા અજાણ માણસો એમ સમજે છે કે તિથિવિવાદ પૂ. રામચન્દ્ર સૂ. મહારાજે ઉભો કર્યો છે. આમાં ગોબલ્સ પ્રચારકોની સાથે સાથે લોકોની અન્વેષણવૃત્તિ/શોધવૃત્તિનો અભાવ પણ ઘણી નઠારી ભૂમિકા ભજવી રહ્યો છે.

સત્યતિથિમાર્ગના પ્રકાશન-પ્રવર્તન પછી સહમતિ સાથે લવાદી ચર્ચા દ્વારા તિથિવિવાદનો નિકાલ લાવવા માટેનો એક પ્રયાસ પણ થઇ ગયો. તેમાં સત્યતિથિમાર્ગ જ 'સત્ય' તરીકે બહાર આવ્યો. વિ.સં. ૧૯૯૯ સાલની આ વાતની બધાને ખબર છે. પણ જિનશાસનમાં એકછત્રી 'રામરાજ્ય' બની જાય એ જેને જેને પસંદ ન હતુ તેઓએ પોતાનો ચોકો અલગનો અલગ રાખીને આ વિવાદને સળગતો રાખવામાં પોતાની સલામતી જોઇ. અને એ મુજબ જ કર્યું. આ પ્રસંગને ભવ્ય વિજય તરીકે, તેઓશ્રીના જીવનના એ મહાન કાર્ય તરીકે વધાવવામાં આવ્યો હતો. અને ખરેખર એવું હતું પણ ખરૂં, જ્યાં સુધી વિ.સં. ૨૦૪૪ની સાલ આવી નહતી ત્યાં સુધી વિ. સ. ૨૦૬૦ ની સાલે બધાને વિ.સં. ૧૯૯૨ કે ૧૯૯૯ ને પણ ટપી જાય તેવાં તેઓશ્રીના જીવનનાં સૌથી મહાન કાર્યના દર્શન કરાવ્યા. એની ટૂંક વિગત કંઇક આવી છે.

વિ.સં. ૨૦૨૦ની સાલમાં એક બનાવ બન્યો. ૧૯૯૯ ના ચૂકાદા પછી દૂધ-પાણી જૂદા થઇ ગયાં હતા. સત્ય - અસત્યનો નિર્ણય આવી ગયો હતો. છતાં તેનો અમલ ન થવાના પરિણામે સંઘમાં વાતાવરણ ક્ષુબ્ધ બન્યું હતું. એમાંથી માર્ગ કાઢવા માટે પીંડવાડામાં એક પટ્ટક ઘડવામાં આવ્યો. આ મહાપુરૂષ પણ એ સમયે ત્યાં હાજર થયા. પોતાના ગુરૂદેવ સાથેની વાતચીતમાં તેઓશ્રીએ કહ્યું: 'ગુરૂદેવ, આપણી તિથિ આરાધના જો ખોટી હોય તો આ ઘડીએ મૂકી દઇએ' તેઓશ્રીના ગુરૂદેવે જવાબ આપ્યો : 'આપણી તિથિ આરાધના સત્ય જ છે પણ આપણે જો સકળ સંઘની એક જ દિવસે ચઉદશની આરાધના થાય એ માટે આ પટ્ટક મુજબ વ્યવસ્થા ગોઠવીએ તો કદાચ સામા પક્ષે કંઇક અનુકુળ વાતાવરણ પેદા થાય. હાલનું વાતાવરણ પણ શાંત બને....' અંતે ગુરુનો અભિયોગ સ્વીકારીને એ પટ્ટકમાં તેઓશ્રીએ સહી કરી હતી. જાણકારો કહે કે એ રાતે તેઓશ્રીને ઉંઘ આવી ન હતી. પડખા ફેરવીને રાત પસાર કરી હતી. જીંદગીમાં પહેલીવાર કે છેલ્લીવાર આવી જગ્યાએ સહી કરવાનો ડંખ તેઓશ્રીના હૃદયને જપવા દેતો ન હતો. ખૂનની ધમકીઓ / જાસાચિઠ્ઠિઓ વચ્ચે પણ નિરાંતે ઉંઘી જનારા તેઓશ્રીને આ ડંખે નિદ્રામાં ખલેલ પહોંચાડી હતી. તેઓશ્રીની સત્યનિષ્ઠાની આ એક સુંદર નિશાની ત્યારે જોવા મળેલી.

આ પ્રસંગનો ઇતિહાસ બહું જ લાંબોચોડો છે જે અહીં લખવો મુશ્કેલ છે. પણ આ પટ્ટક પછી પણ ઘણા લોકોએ તેઓશ્રીને પૂછ્યું હતું કે 'સાચુ શું? ત્યારે તેઓશ્રીએ જવાબ આપેલ : 'સાચી ચઉદશ તો ઉદયમાં (સૂર્યોદય સમયે) હોય તે જ છે.' ત્યારે લોકો પૂછતા : 'તો આપ કેમ અલગ કરો છો?' તેઓશ્રી જવાબ આપતાં : 'પટ્ટકના બંધનના કારણે. પણ જે આશા સાથે આ પટ્ટક બન્યો છે

તેવું કોઈ વાતાવરણ પેદા થયું નથી. અવસરે યોગ્ય થઈ રહેશે'. છેવટે વિ. સં. ૨૦૪૬ માં તેઓશ્રીએ બધાને અસલના સત્યમાર્ગે સ્થાપિત કર્યા. એ પહેલા જ જેઓ ૨૦20 ના પટ્ટકના મૂળમાં હતા. તેઓ પટ્ટકના સિદ્ધાંતથી વિરૂદ્ધ ગયા હતા. એથી પટ્ટકને પકડી રાખવાનો પણ અર્થ ન હતો. જીંદગીના અંતિમ તબક્કે તેઓશ્રીએ જીવનનું આ સૌથી મહાન કાર્ય કર્યું હતું. મારી દષ્ટિએ ૧૯૯૨ ના સત્યતિથિમાર્ગ પ્રવર્તનના મહાન કાર્ય કરતા પણ વિ.સં. ૨૦૪૬ નું પટ્ટક છોડી દેવાનું તેઓશ્રીનું કાર્ય અતિમહાન છે. કારણ કે સાનુકૂળ વાતાવરણ ઉભુ કરવા સ્વીકારેલ પટ્ટક જો એવું વાતાવરણ ઉભુ ન થાય તો પણ પકડી જ રાખવામાં આવે તો સત્યતિથિમાર્ગ પ્રવર્તનના ૧૯૯૨ ના ભગીરથ પ્રયત્ન ઉપર પાણી જ ફરી વળે. પછી એનો કોઈ અર્થ જ ન રહે.

૨૦૪૬ ના કાર્યને હું એટલા માટે અતિમહાન કાર્ય માનું છું કે ૧૯૯૨ અને ૨૦૪૬ વચ્ચે જમીન-આસમાનનો તફાવત છે. ૧૯૯૨માં જ્યારે સત્યતિથિમાર્ગની ઘોષણા થઈ ત્યારે તે સમયના સમુદાયના બધા મોભીઓના પુરા આશીર્વાદ હતા અને સમર્થન હતું. એ સમયે તેઓશ્રી શારીરિક દષ્ટિએ યુવાન જેવા સશક્ત હતા. શુદ્ધ આરાધનાના પ્રેમીઓ સર્વ સામર્થ્ય સાથે તેઓશ્રીની પડખે ઉભા હતા. જ્યારે ૨૦૪૬ના પટ્ટક મૂકી દેવાના સમયે બિલકુલ વિપરીત પરિસ્થિતિ હતી. ૧૯૯૨ના સમયના કોઈ મોભીઓ હયાત ન હતા. ઉંમર અને શારીરિક સ્વાસ્થ્યની દષ્ટિએ પણ તેઓશ્રી પહેલા જેવા સશક્ત રહ્યા ન હતા. અને ખાસ કરીને શુદ્ધ આરાધના માર્ગના પ્રેમીઓનું સર્વ સામર્થ્ય તેઓશ્રીની પડખે હોવું જોઈએ એના બદલે સામે હતું. આવી અવસ્થામાં પણ તેઓશ્રી શુદ્ધ માર્ગની પુનઃપ્રતિષ્ઠા કરવા અડગ રહ્યા તે તેઓશ્રીના લોખંડી મનોબળને સૂચિત કરે છે. તેઓશ્રીના જીવનનું આ અતિમહાન કાર્ય ઈતિહાસમાં 'બોલ્ડ ટાઈપ' માં (મોટા અક્ષરે) લખાશે.

વર્તમાનના હિસાબે વિચારીએ તો લાગે છે કે આ કાર્ય જો તેઓશ્રીના હસ્તે ન થયું હોત તો કદાચ ક્યારેય ન થાત. તે સમયે તો કોઈને કલ્પના પણ ન હતી કે તેઓશ્રી આટલા વહેલા ચાલ્યા જશે. જે થઈ ગયું તે ભવિષ્ય માટે તો લાભદાયક બન્યું જ છે પણ વર્તમાનકાળ માટે તો ખરેખર ઉપકારક બન્યું છે. જો આ ન થયું હોત તો આજે શી પરિસ્થિતિ સર્જાઈ હોત એ બધા સહેલાઈથી કલ્પી શકે તેમ છે. આ કાર્ય માટે જેણે ઘણાં માણસોને કડવા થઈને પણ હિલચાલ ચલાવી તેને પરિણામ સુધી પહોંચાડ્યું તે બધા નામી-અનામી માણસોને આજે ઘણા આરાધકોના મૂક ધન્યવાદ મળી રહ્યાં છે. એ હકીકત તો નિઃશંક છે કે આ કાર્ય તેઓશ્રી સિવાય કોઈ કરી શકે તેમ હતું જ નહિ.

આ મહાપુરૂષને જૈન સંઘોમાં વધુને વધુ જાણીતા બનાવનાર તિથિ આરાધના માર્ગના પ્રસંગથી તેઓશ્રીના વ્યક્તિત્વનું એક સબળ પાસુ પણ પ્રગટ થાય છે. અને એ છે સ્પષ્ટ વ્યક્તિત્વ. મારી નજરે વ્યક્તિત્વમાં શિરમોર વ્યક્તિત્વ 'સ્પષ્ટ વ્યક્તિત્વ' કહેવાય. આજે સ્પષ્ટ વ્યક્તિત્વની કારમી અછત છે. ગુલાંટ મારવાનો જન્મસિદ્ધ અધિકાર આમ તો વાનરજાતિનો હતો. પણ છેલ્લા કેટલાક વર્ષોથી બંદરો પાસેથી એ અધિકાર રાજકારણીઓએ છીનવી લીધો છે. રાજકારણમાંથી ફેલાતો ફેલાતો એ અધિકાર આજે જૈનસંઘમાં પણ મોં બહાર કાઢી રહ્યો છે. પવન જોઈને પીઠ ફેરવવી અને જિસકી તડમેં લડુ ઉસકી તડમેં હમ : આ બે 'ગુલાંટ' ના સગાં દિકરાઓ છે. જૈન સંઘના કેટલાય મહત્વના અંગોને ગુલાંટ અને તેના બે સગાં દિકરાઓ આજે ધમરોળી રહ્યાં છે. કેટલાક 'બહાદુરો' તો પ્રેમથી આ ત્રણેને ગળે લગાવી રહ્યા છે. આવા કાળમાં સ્પષ્ટવ્યક્તિત્વના સ્વામીનો વિરહ વધુ સતાવી રહ્યો છે. જેના ઉપર શાસ્ત્રકારોએ સંપૂર્ણ વિશ્વાસ મૂકવાનું ફરમાવ્યું છે તેઓને આજે 'ગુલાંટવીર' બનવાનો ચસકો લાગ્યો છે. આથી સામાન્ય માણસને માટે કોના ઉપર વિશ્વાસ મૂકીને ચાલવું એ સવામણનો સવાલ થઈ પડ્યો છે. સ્પષ્ટ વ્યક્તિત્વની મહત્તા સહજવા માટેનો આ ઉત્તમ કાળ છે.

આ મહાપુરૂષનું વ્યક્તિત્વ એટલું સ્પષ્ટ હતું કે સમગ્ર જૈન સંઘ તેઓશ્રી વિષે ફક્ત બે ભાગમાં જ વહેંચાઈ શકે. ક્યાં તો તમો તેઓશ્રીના વિરોધમાં પડી શકો. ક્યાં તો તમો તેઓશ્રીના પ્રશંસક બની શકો. પણ તમે તેઓશ્રી માટે ક્યારેય મુંઝવણમાં ન રહી શકો. સ્પષ્ટ વ્યક્તિત્વ-ધારીઓ માટે દુનિયા ક્યારેય મુંઝવણમાં મૂકાતી નથી. એ વાત ચોક્કસ છે કે માથે રાખવા હોય તો આવા સ્પષ્ટ વ્યક્તિત્વધારીઓને જ રાખી શકાય. આજે કંઈક કહે, કાલે કંઈક કહે અને પાંચ વર્ષે તત્વજ્ઞાન બદલે. આવા અસ્થિર ચિતવાળાની તો મહેરબાની પણ ખતરનાક છે. 'અવ્યવસ્થિતચિત્તાનાં પ્રસાદોડપિ ભયંકરઃ' ડામડોળ ચિત્તવાળાની ખૂશી પણ ખતરનાક બને છે એમ આ સુભાષિત પંક્તિ કહે છે. જેની મહેરબાની પણ માણસને ખેદાન-મેદાન કરી નાંખવાની શક્તિ ધરાવે છે તેવા આગેવાનો આજે તમને ડગલેને પગલે મળશે. આજના અતિવિષમકાળમાં જે ચેતીને ચાલશે એ સુખી બનશેઃ અંતે જેની કિંમત આજે લોકોને સમજાઈ રહી છે તે સ્પષ્ટ વ્યક્તિત્વના સ્વામિ પૂ. પરમગુરૂદેવશ્રીના પવિત્ર આત્માને ભાવપૂર્ણ નમસ્કાર...

(સાભાર સ્વીકાર) - અમર યુગપુરુષ

।। સેવા એ મહાન ધર્મ છે ।।

સાર્વજનીક ટ્રસ્ટ રજી. નં. - ઈ. ૪૫૫-સુરેન્દ્રનગર.
I. T Exam U/S 80 (5) No. HQ 3/33 (61) 95-96 Dated 28-6-95 Valid From 1-4-99 to 31-3-2003

# LIONS CHARITABLE FOUNDATION TRUST

# લાયન્સ ચેરીટેબલ ફાઉન્ડેશન ટ્રસ્ટ

થાનગઢ - ૩૬૩૫૩૦. (ગુજરાત)

Managing Trustee
**DR. RASIK J. THAKAR**
Azad Chowk, Thangath - 363530.
Phone : (02751) Clinic/Resi. 220769

President Trustee
**SHREE RAMJIBHAI MARU**
Sunrise Pottery Works, Thangadh - 363530.
Phone : (02751) O. 220314/220428 R. 220728

સુજ્ઞ મહાશય વડીલો તેમજ ધર્મપ્રેમી બંધુઓ તેમજ બહેનો,

આપસૌ મજામાં હશો. આપ સમક્ષ રજુઆત કરતા આનંદ થાય છે કે ઉપરનું અમારૂ આ ટ્રસ્ટ નીચેની પ્રવૃતિઓ કરી રહેલ છે. આપ સર્વે ધર્મપ્રેમી પરિવારો તરફથી પુરો સહકાર મળી રહેલ છે તે આનંદની વાત છે.

(૧) લાયન્સ ચેરીટેબલ ફાઉન્ડેશ ટ્રસ્ટ એક આંખની હોસ્પીટલ તેમજ જનરલ હોસ્પીટલ ચલાવે છે. તેમાં આંખના મોતીયા તેમજ નેત્રમણીના ઓપરેશન ફ્રી થાય છે. તેમજ અન્ય ડોકટરો અલગ અલગ વિભાગના દર અઠવાડીએ આવે છે.

(૨) અત્યાર સુધીમાં પાણી માટે આ ટ્રસ્ટે આશરે **૬૦** તળાવો તેમજ ચેક ડેમો બનાવેલ છે અને અત્યારે હજુ પણ કામ ચાલુ છે.

(૩) વૃક્ષારોપણનું પણ કામ સરસ થાય છે અને અત્યાર સુધીમાં **૧૦,૦૦૦** રોપાઓ મોટા વટવૃક્ષ બની ગયા છે.

(૪) શૈક્ષણીકમાં બાલમંદિરથી કોલેજ સુધીના કાર્યો ચાલે છે. જેમાં સરકારી કોલેજ ગ્રાન્ટ નથી મળતી. આ બધુ કામ કરવા માટે રૂપિયાની ખુબજ જરૂર રહેતી હોય છે. માટે આપ સૌને અમારૂ આ ટ્રસ્ટ નમ્ર વિનંતી કરે છે કે આપ અમારી આ નીચેની સ્કીમમાં બની શકે તેટલી સહાય કરશો અને અમારા ઉત્સાહમાં વધારો કરશો. સ્કૂલની એક વીંગ ઉપર નીચે આઠ રૂમ જેની મુખ્ય તકતીના રૂા. **૭,૫૦,૦૦૦** નકરો છે. પછી બીજી સ્કુલની વીંગ ગ્રાઉન્ડ ફ્લોર જેનું બાંધકામ આશરે **૮૦૦૦** ફુટ જેનો નકરો મેઈન તકતીના **૧૦,૦૦,૦૦૦** (દશ લાખ) રૂપિયા રાખેલ છે. વીંગ-સી ફસ્ટ ફ્લોર જેનું બાંધકામ આશરે **૮૦૦૦** ફુટનું છે. જેનો વીંગ ઉપરનો નકરો **૧૦,૦૦,૦૦૦** (દશ લાખ) રાખેલ છે. સ્કૂલમાં ટોટલ રૂમ અમારી પાસે ૫૦ (પચાસ) તૈયાર છે. જેની સાઈઝ ૨૦ X ૨૦ છે અને જે બનાવવામાં આશરે **૧,૯૦,૦૦૦** એક રૂમનું ખર્ચ થયેલું છે. જેનો એક રૂમનો નકરો રૂા. **૩૫૦૦૦** છે.

(૫) નેત્રમણિના ઓપરેશન માટે એક કેમ્પ માટેનો નકરો રૂા. **૧૫૦૦૦** રાખેલ છે. જેમાં ૨૦ થી ૩૦ ઓપરેશન થતાં હોય છે. આ દરેક કાર્ય આપણો ઓશવાળ સમાજ જે થાનગઢમાં **૨૦** ઘરોનો જ વસવાટ છે અને આ સમાજ **૯૦** ટકા કામ સંભાળતો હોય છે અને તેમ આપણાં ઓશવાળ સમાજ તેમજ અન્ય જૈન સમાજ તેમજ અહીંયા સ્થાનીક તેમજ બહારગામ વસતા દરેક સમાજ આગળથી કાયમ માટે સહકાર મળતો રહે છે તો આપ તેમજ આપના મિત્રો આગળથી અમારા કામને પ્રોત્સાહન મળે તેવી હેલ્પ કરવા વિનંતી.

(૬) ડોળીયા તીર્થ નેશનલ હાઈવે પર આવેલું છે જેનો ટુકા ટાઈમમાં ખુબજ વિકાસ થયો છે તેનો વહીવટ પણ આપણાં સમાજનાં ભાઈઓ કરી રહ્યા છે.

(૭) આપ જ્યારે પણ આ બાજુ નીકળો ત્યારે થાનગઢ તેમજ ડોળીયા તીર્થની જરૂરથી મુલાકાત લેશો. અર્થ કેકમાં ડેમેજ થયેલી સ્કૂલોનું નવેસરથી નિર્માણ કરીને સરકારશ્રીને સોંપેલ જેનું ઓપનીંગ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલ. જે આપની જાણ માટે.

*લી. લાયન્સ ચેરીટેબ ફાઉન્ડેશન ટ્રસ્ટ*
*પ્રમુખ, શ્રી રામજીભાઈ લખમણભાઈ મારૂ*
*તેમજ ટ્રસ્ટી મંડળ*

## કોન્ટેક

**શાહ શ્રી છગનલાલ ખીમજી ગુઢકા**
નાયરોબી, કેન્યા(૦૦૨૫૪૨)
(ઓ.) ૩૭૪૫૫૯૧ (ઘર) ૩૭૪૧૧૧૦

**શ્રી રામજીભાઈ લખમણભાઈ મારૂ**
C/o. સનરાઈઝ પોટીરી વર્કસ
અમરાપર, થાનગઢ. ફોન : (ઓ.) ૨૨૦૪૨૮/૨૨૨૪૨૮

**શ્રી મગનલાલ લખમણ મારૂ**
થાણા, મુંબઈ.
(ઘર) ૨૫૪૨૫૫૫૫/૨૫૪૦૧૪૧૩

**શ્રી નિમીષ જયંતિલાલ ધનાણી**
મોકબલા, કેન્યા. કોડ (૦૦૨૫૪-૧૧)
૪૭૪૨૩૮/૪૭૫૧૩૭

**શ્રી કેશવલાલ હેમરાજ સુમરીયા**
૧૨૩, કેપ્ટન લેઈન કેન્ટન કેરો, મીડલ સેકસ
J.H.A.S., UJ, UK. ૦૨૦૮ ૫૩૭-૯૭૭૫

ટ્રસ્ટ રજી. નંબર સુરેન્દ્રનગર એ. ૧૦૪૨

ફોન : ડોળીયા (૦૨૭૫૫) ૨૩૫૪૪૪
થાનગઢ (૦૨૭૫૧) ઓ. ૨૨૮૩૧૪, ૨૨૨૪૨૮
ઘર. ૨૨૦૮૨૮

શ્રી શંખેશ્વર નેમીશ્વર જિનેન્દ્ર પ્રાસાદ

# શ્રી જૈન હિતવર્ધક મંડળ

## નેશનલ હાઈવે, મુ. ડોળીયા (તા. સાયલા) જી. સુરેન્દ્રનગર. (સૌરાષ્ટ્ર)

સુજ્ઞ મહાશયો વડીલો તેમજ ધર્મપ્રેમી બંધુઓ તેમજ બહેનો,

આપ સૌ સાતામાં હશો. ત્યાં બીરાજતા દરેક હશો. ત્યાં બીરાજતા દરેક સાધુ ભગવંતો પૂજ્ય સાધ્વીજી મહારાજ સાહેબો ને અમારા વતી સાતા પૂછશો. બીજુ આપ સૌને ખુબજ ખુશી સાથે જણાવવાનું કે આપણાં શ્રી શંખેશ્વર નેમીશ્વર તીર્થ ડોળીયની ૧૭મી વર્ષગાંઠ તા. **૨-૩-૨૦૦૪** નાં રોજ ખુબજ હર્ષ ઉલ્લાસથી ધજારોપણ તેમજ ખૂબજ સારી સંખ્યામાં હાજર રહેતા ધર્મપ્રેમી ભાઈ બહેનં એના ઉત્સાહથી ઉજવેલ છે. આ તીર્થના પ્રેરણાદાતા હાલાર ઉધારક **પૂ.આ.શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ.** ના પટ્ટધર શાસન પ્રભાવક **પૂ.આ.શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.** તથા પૂ. પ્રવર્તક મુનિરાજ **શ્રી યોગીન્દ્ર વિજયજી મ.** ના ઉપદેશ અને તેઓશ્રીના માર્ગદર્શન મુજબ ભવ્ય રીતે આ તીર્થ અસ્તિત્વમાં આવ્યું છે. જે માટે આપણે તેમના કાયમ ઋણી છીએ. આ તીર્થમાં નીચે મુજબની વ્યવસ્થાઓ ઉભી રેલ છે.

(૧) જૈન મંદિર, <u>૩</u> ઉપાશ્રય, યાત્રિકોને રહેવા માટેના <u>૨</u> મોટા હોલ તેમજ <u>૫૦</u> રૂમો તૈયાર છે. જેનો યાત્રિકોનો ખુબજ લાભ ટ્રસ્ટને મળે છે. ખુબજ મોટી ભોજન શાળા જેનું બાંધકામ <u>**૧૬૩૨૧**</u> ફુટ છે. છેલ્લે હમણા એક ધર્મશાળા બનાવી જે ટોટલ ૨૬ રૂમના દાતા **શ્રી દેવશીભાઈ પોપટ મોંઢુ** તેમજ તેમના ભાઈઓ તથા પરિવાર છે. અને આ લાભ તેમણે રૂા. ૧૧,૧૧,૧૧૧/- આપીને લીધો છે. ભોજન શાળામાં પણ રૂા. <u>**૧૨,૫૦,૦૦૦**</u> જેવું ડોનેશન આપી પુરક દાતા તરીકેનો લાભ લીધો છે. હજુ પણ ડોળીયા તીર્થમાં વધુ લાભ લેવા માટે તેઓ વિચારી રહ્યા છે. જેની જાહેરાત તેઓ ધર્મશાળાના ઓપનીંગ વખતે કરશે.

ભોજનશાળાની મેઈન તકતી તેમજ ધર્મશાળાની તકતીના દાતા <u>**શ્રી દીપચંદભાઈ ગાર્ડી સાહેબ**</u> છે. હોલના મુખ્ય દાતા **શ્રી મનુસુખલાલ જીવરાજ - ભાડલાવાળા** છે. દાતાઓનાં હંમેશા ખુબજ સહકાર મળવાથી આ તીર્થ ખુંબજ ટુંકા સમયમાં વિસ્તાર પામ્યું છે. અને ભોજન શાળા પણ ફ્રી ચાર્જમાં ફક્ત ખુશી ભેટ ઉપરજ ચલાવીએ છીએ. અને દર મહીને <u>૭-૮</u> હજાર માણસોનો ભોજન શાળાનો લાભ મળે છે. આપણાં આ તીર્થમાં નીચેના તક્તિઓ તેમજ તિથિ અને ફોટા માટેની ડોનેશનની યોજના છે તો આપ યથા યોગ્ય ડોનેશન આપીને આપણા તીર્થને મદદરૂપ થવા વિનંતિ.

(૨) ધર્મશાળામાં જીર્ણોધ્ધાર કરેલ જેનાં <u>૮ રૂમ ગ્રાઉન્ડ ફલોર નો</u> નકરો <u>**રૂા. ૧,૫૧,૦૦૦**</u> અને <u>૮ રૂમ ફર્સ્ટ ફલોર જેનો નકરો</u> **રૂા. ૧,૫૧,૦૦૦** તેની જીર્ણોધ્ધારની તક્તિ લાગે.

(૩) ભોજન શાળામાં એક <u>**૩૨૦૦**</u> ફુટ (ભોયરૂ) છે જેની તકતી <u>**રૂા. ૧,૫૧,૦૦૦**</u>

(૪) ભોજન શાળામાં કાયમી તિથિ જેનો નકરો રૂા. <u>**૪૦૦૦**</u> છે

(૫) ભોજન શાળામાં ફોટા મુકવાના રૂા. <u>**૨૫૦૦**</u> ફોટાની સાઈઝ છે ૧૪ X ૨૦ જે ફોટો બનાવવાનું ખર્ચ સંસ્થા કરે છે. આપ એક નાનો ફોટો મોકલવાનો રહે.

(૬) જીવદયા માટે સાયલા - ચોટીલા તાલુકાના આજુ બાજુના <u>૫૦</u> ગામડાઓમાં પક્ષીઓ માટે ચણ મોકલીએ છીએ. જેનો એક ગુણીનો નકરો રૂા. <u>**૬૦૦**</u> રાખેલ છે.

(૭) આપણી પાસે સુરેન્દ્રનગરમાં આપણા સાધર્મીક ભાઈઓ માટે <u>**૧૫૦**</u> મકાન થાય તેટલી જમીન મળી છે. જે કોઈ ભાગ્યશાળી ભાઈઓને રસ હોય તો જણાવશો. તેની વિગત આપવામાં આવશે.

આ રીતે અમારી ઉપરની સ્કીમો છે તો આપ તેમજ આપના મિત્રોને યાદી આપીને શક્ય એટલી આ તીર્થને અને અમારા કામને વેગ આપવા વિનંતી.

**લી. શ્રી જૈન હિતવર્ધક મંડળ - ડોળીયા**
**શ્રી રામજીભાઈ લખમણભાઈ મારૂ**
**તથા ટ્રસ્ટી મંડળ**

## કોન્ટેક

**શ્રી રામજીભાઈ લખમણભાઈ મારૂ**
સનરાઈઝ પોટરી વર્કસ
અમરાપર, થાનગઢ. ફોન : (ઓ.) ૨૨૦૪૨૮/૨૨૨૪૨૮/૨૨૦૩૧૪

**શ્રી મનસુખલાલ જીવરાજ ભાડલાવાળા**
રાજકોટ. ફોન (૦૨૮૧) ઓ. ૨૨૩૨૩૭૬
ઘર. ૨૨૨૩૪૮૨

**શ્રી છગનલાલ ખીમજી ગુઢકા**
નાઈરોબી, કેન્યા.
ફોન ઓ. ૩૭૪૫૫૯૧ ઘર. ૩૭૪૧૧૧૦

**શ્રી મગનલાલ લખમણ મારૂ**
થાણા, મુંબઈ.
ફોન ઘર. ૨૫૪૨૫૫૨૫/૨૫૪૦૧૪૧૩

શ્રી મહાવીર પરમાત્મને નમઃ

# : સકલ શ્રી સંઘને જાહેર નિવેદન :

(ગુરુદ્રવ્યને દેવદ્રવ્ય ની જેમ શ્રી જિનમંદિરના જીર્ણોધ્ધારાદિમાં વાપરવાનો શાસ્ત્રમાન્ય અને સુવિહિત ગીતાર્થ માન્ય માર્ગ જેમને રૂચતો નથી અને પોતાની જાતિ કલ્પના મુજબ (નિરાધાર એવી પણ માન્યતાને) ખોટા આધારો આપીને ગુરુદ્રવ્યને ગુરુ સ્મારકાદિમાં વાપરવાનો કદાગ્રહ લઇ બેઠેલા 'ગુરુભક્તો'ને ઓળખી લેવાની જરૂર છે. ''અમારી માન્યતા સામે માત્ર એક જ આચાર્યનો વિરોધ છે, બાકી બધા વડિલો અમારી સાથે સંમત છે'' આવું અસત્ય ઉચ્ચારનારા અને પ્રચારનારા સત્તાધીશોની આંખ ખોલવા માટે અમને મળેલ એક નિવેદન અત્રે પ્રગટ કરીએ છીએ. આ નિવેદન સાથે સમુદાયના અનેક વડિલ પૂજ્યશ્રીઓ સંમત છે. કેટલાક વડિલ આચાર્યશ્રીઓએ તો આ નિવેદન ઉપર પોતાની સંમતિસૂચક સહીઓ પણ આપી છે. આમ છતાં કેટલાંક આંતરિક કારણોસર હાલ તે સહીઓ પ્રગટ ન કરતાં, માત્ર નિવેદન પ્રગટ કરીએ છીએ. વિરોધીઓની હંમેશની રીત મુજબ જો આ નિવેદનને પણ ''ઉપજાવી કાઢેલું, બનાવટી, નનામું, નકલી સહીઓવાળું'' વગેરે આક્ષેપો સાથે અમાન્ય ઠેરવવાનો પ્રયત્ન થશે તો નિવેદનની નક્કરતા સાબીત કરવા અમે ઘટતા બધા જ પ્રયત્નો કરવાનો અમારો અધિકાર અબાધિત રાખીએ છીએ. ''વડિલો અમારી સાથે છે'' આવો પ્રચાર કરનારા, વડિલોની સહીઓ પોતાની તરફેણમાં પ્રગટ કરશે તો તેમની સાથે અસંમત વડિલોની સહીઓ અમે જાહેર કરી શકીશું).

**શ્રી જિનાજ્ઞાનુસારી સમસ્ત શ્રી સંઘ યોગ્ય**

જણાવવાનું કે સ્વ. પૂજ્યપાદ સુ-વિશાલગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાના વર્તમાન સમુદાયમાં છેલ્લા બે વર્ષથી ગુરુદ્રવ્યના ઉપયોગ અંગે વિચાર ભેદ પ્રવર્ત્તી રહેલ છે. ગુરુમંદિર, ગુરુમૂર્તિ, ગુરુપાદુકા આદિના નિર્માણ-પ્રતિષ્ઠા વગેરેના ચઢાવાની, ગુરુમૂર્તિના પૂજનની તથા ગુરુમૂર્ત્તિ સમક્ષના ભંડાર વગેરેની સઘળીય આવક ગુરુદ્રવ્ય ગણાય. શ્રી દ્રવ્યસપ્તતિકા વગેરે શાસ્ત્રો તથા આપણા સ્વ. મહાપુરુષોના અભિપ્રાય-માર્ગદર્શન અનુસાર આ ગુરુદ્રવ્ય ગુરુભક્તિ સ્વરૂપે સમર્પિત હોવાથી તે દેવદ્રવ્યમાં લઇ જઇ, શ્રી જિનાલયના જીર્ણોધ્ધાર વગેરેમાં જ તેનો ઉપયોગ કરવો ઉચિત છે. ગુરુમંદિર-ગુરુમૂર્ત્તિ આદિ કાર્યોમાં આ ગુરુદ્રવ્યનો ઉપયોગ થઇ શકે નહિ, અને તેમ થાય તો દેવદ્રવ્યની વિરાધનાનો દોષ લાગે. આ રીતનું ગુરુદ્રવ્ય, ગુરુમંદિર-મૂર્ત્તિ આદિના ઉપયોગમાં આવી શકે-તેવી હાલમાં પ્રચારાતી માન્યતા શાસ્ત્ર-પરંપરાનુસારી જણાતી નથી.

સ્વ. પૂજ્યપાદ ગચ્છાધિપતીશ્રીજી મહોદય સૂરિશ્વરજી મહારાજા, અનેક મહાત્માઓ અને સુશ્રાવકોને ''આ રીતનું ગુરુદ્રવ્ય દેવદ્રવ્યની જેમ જ શ્રી જિનાલયોના જીર્ણોધ્ધારાદિમાં વપરાય, ગુરુમંદિરાદિમાં તે ન વપરાય. મારા સ્વ. પ.પૂ. ગુરુદેવશ્રીજી પણ આ અંગે આમ જ ફરમાવતા હતા.'' વગેરે ભાવની વાત લેખિત-મૌખિકરૂપે જણાવી ચૂક્યા છે. સ્મૃતિમંદિરની પ્રતિષ્ઠા પૂર્વે મહાસુદ ૮ ના દિવસે પ.પૂ. ગચ્છાધિપતિશ્રી સ્વયં આ અંગે પોતાની જે ભાવના, સમુદાયના પ્રમુખ આચાર્યો સમક્ષ પ્રગટ કરવા ઇચ્છતા હતા, તે સંયોગવશ તે દિવસે પ્રગટ ન કરી શકાતાં, પ્રતિષ્ઠા પછી મહાવદ ૧૩ના દિવસે એક અચાર્યશ્રી ઉપરના (તેઓશ્રીજીએ લખાવેલા પત્રોમાંના કદાચ અંતિમ) પત્રમાં તેઓશ્રીજીએ તે ભાવના પ્રગટ કરી હતી.

બે વર્ષથી ચાલતા આ વિવાદના ઉકેલ માટે જુદી જુદી કક્ષાએ જુદી જુદી રીતે ઘણા પ્રયત્ન થયા. એ બધા પ્રયત્નોની વિગતમાં હાલ આપણે ઉતરવું નથી. પરંતુ આ વિવાદને કારણે શાસનને અને આપણા સમુદાયને મોટી હાનિ થઇ રહી છે, તે હકીકત છે.

આ વિવાદના ઉકેલ માટે આંતરિક ઉપાય નહિ દેખાતાં, હવે અમારો અભિપ્રાય આ રીતે જાહેર કરીને અમે દોષમુક્ત બનીએ છીએ. શ્રી સંઘનો દરેક આરાધક અમારુ આ નિવેદન લક્ષ્યમાં લઇ, દેવદ્રવ્યની રક્ષા કરવાનું કર્તવ્ય ઉપાડી લે અને પોતાની સઘળીય શક્તિનો સદુપયોગ કરી શાસન અને સમુદાયની સાચી સેવા દ્વારા આત્મકલ્યાણ સાધે-એ જ એક શુભાભિલાષા.

# શ્રી શંખેશ્વર હાલારી ધર્મશાળા
# શ્રી પુરૂષાદાનીય પાર્શ્વનાથ જિનમંદિર વર્ષગાંઠની ભવ્ય ઉજવણી.

અત્રે ચૈત્ર સુદ-૪ના દેરાસરની ત્રજી વર્ષગાંઠની ઉજવણી સુંદર થઇ હતી. સારી સંખ્યામાં ભાવિકો પધારેલ. પૂ.આ.શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.નું માર્ગદર્શન મલ્યુ હતું. સવારે ૧૮ અભિષેક રાખેલ હતા.

*અભિષેકની બોલી*

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | મૂળનાયક | ૭૨૫૧-૦૦ | શ્રી હરખચંદ ગોવિંદજી મારૂ | -ઘાટકોપર |
| ૨. | બંને સ્ફટીકના પ્રભુજી | ૨૫૦૧-૦૦ | શ્રી ચુનીલાલ નથુભાઇ સાવલા | - ગોરેગાંવ |
| ૩. | આગળ ત્રિગડુ | ૧૨૦૧-૦૦ | શ્રી શાહ ઝવેરચંદ દેવરાજ ગુઢકા | -મુંબઇ |
| ૪. | પૂ. અમૃત સૂ. મ. | ૬૦૧-૦૦ | શ્રી શાહ કાનજી હીરજી મોદી | - જામનગર |
| ૫. | સુર્યચંદ્ર દર્શન | | શ્રી કાંતિલાલ રાજપાર ગડા | - ટીંબડી |

*ગૃહમંદિર અભિષેક :*

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | સામેની બાજુ | ૧૧૧૧-૦૦ | શાહ વીરચંદ લખમશી ગડા | |
| ૨. | ડાબી લાઇન | | શ્રી ખાંતિલાલ નરોત્તમદાસ | -કાંદિવલી |
| ૩. | જમણી બાજુ | ૬૦૧-૦૦ | શ્રી બાબુલાલ ચંદુલાલ | - સુરત |
| ૪. | બીજા હોલમાં | ૫૦૧-૦૦ | હરખચંદ ગોવિંદજી મારૂ | |
| ૫. | સૂર્યચંદ્ર દર્શન | | ડૉ. જ્યોત્સનાબેન | -૫ લડી |

***પહેલી પૂજાની બોલી સારી થઇ હતી.*** (૧) શ્રી બરાસ પૂજા - કાનજી હીરજી મોદી-જામનગર (૨) કેશર પૂજા - શાહ ઝવેરચંદ દેવરાજ ગુઢકા - મુંબઇ (૩) ફુલપૂજા - શ્રીમતી શાંતાબેન મહેન્દ્રભાઇ ગોસરાણી - જામનગર.

(૪) આરતી - શાહ ચુનીલાલ નથુભાઇ ગોરેગાંવ (૫) મંગલદીવો - શાહ કેશવજી ભગવાનજી ચંદરીયા - મુંબઇ (૬) શાંતિકલશ - શાંતાબેન મહેન્દ્રભાઇ ગોસરાણી - જામગનર

ગૃહ મંદિરમાં અષ્ટપ્રકારી પૂજા આરતી, આરતીની બોલી સારી થઇ તેમાં (૧) મનહરભાઇ (૨) મહેન્દ્રભાઇ શાહ (૩) દીશો જયસુખભાઇ (૪) ભવાનભાઇ છોટાલાલ, હઃ સરોજબેન (૫) રજનીકાંત વાડિલાલ (૬) ભીડભંજન સોસાયટી, ઈંદુબેન (૭) મહિલા મંડળ નવજીવન સોસાયટી, (૮) બાબુલાલ ચંદુલાલ (૭થી૧૦) રજનીકાંત વાડીલાલ (૧૧) બાબુલાલ ચંદુલાલ -સુરત (૧૨) વીરચંદ લખમશી ગડા - મુંબઇ (૧૩) દેવચંદ પદમશી - મુંબઇ (૧૪) કેશવલાલ ભગવાનજી -મુંબઇ (૧૫) જ્યોત્સનાબેન -મુંબઇ (૧૫ થી ૧૯) પ્રભુલાલ ખીમજી વીરજી ગુઢકા - થાનગઢ લાભ લીધો હતો.

ધજા ઠાઠથી ચડાવાઇ હતી.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | પુરૂષાદાનીય પાર્શ્વનાથ | ૧૫૫૧-૦૦ | શાહ સુરેન્દ્ર રાયચંદ પારેખ | -મુંબઇ |
| ૨ | ધુંમટ ઉપર | ૬૦૧-૦૦ | કાનજી હીરજી મોદી | |
| ૩ | સન્મુખ ધુંમટ | ૫૦૧-૦૦ | કેશવલાલ ભગવાનજી | |

૪ દેવચંદ પદમશી, ૫. ચુનીલાલ નથુભાઇ, ૬. ઝવેરચંદ દેવરાજ, ૭. કાંતિલાલ રાજપાર -મુંબઇ, (૮) દેવચંદ હરગણ - જામનગર, (૯) રજનીકાંત વાડીલાલ - સુરત,

*આમ નવે ધજાઓ ઉત્સાહથી ચડાવાઇ હતી. છેલ્લે સાધર્મિક વાત્સલ્ય થયું હતું. ઉત્સાહ સારો હતો સૌ ભાવિકો ફરી વર્ષગાંઠમાં આવવા ઉત્સાહિત હતા.*

## સમાચાર સાર

**સ્વર્ગારોહણ તિથિની ભવ્ય ઉજવણી :** ત્રીજા મઈના રોજ નમસ્કાર મહામંત્રના અજોડ સાધક અને અનુપ્રેક્ષક અધ્યાત્મયોગી પૂજ્યપાદ પંન્યાસ પ્રવરશ્રી ભદ્રંકર વિજયજી ગણિવર્યની ૨૪મી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે જૈન સોસાયટી - સાયન મુંબઈ મધ્યે પૂજ્યપાદશ્રીના અંતિમ શિષ્યરત્ન પ્રભાવક પ્રવચનકાર પૂ. ગણિવર્યશ્રી રત્નસેન વિજયજી મ.સા.ની શુભનિશ્રામાં વિશાલ ગુણાનુવાદ સભાનું આયોજન રાખવામાં આવેલ. આ સભામાં પંડિતવર્યશ્રી ઈન્દ્રચંદ્ર દોશી, પં. જેઠાલાલ ભારમલ સાયન સંઘના છબીલદ સભાઈ, ચેતન મહેતા તથા પૂજ્ય ગણિવર્યશ્રીએ સ્વ. પૂજ્યપાદશ્રીના વિરાટ વ્યક્તિત્વ અને કૃતિત્વ ઉપર સુંદર પ્રકાશ પાથરેલ. સંગીતરત્ન અશોકભાઈ ગેમાવત એન્ડ પાર્ટીએ વિશાળ સભાને ગુરૂભક્તિરસમાં તરબોળ કરેલ.

આ પ્રસંગે પૂજ્ય ગણિવર્યશ્રી દ્વારા સંપાદિત ''પ્રતિક્રમણ ઉપયોગી સંગ્રહ'' પુસ્તકનું વિમોચન દીપક જ્યોતિ ટાવર સંઘના સક્રિય કાર્યકર્તા ઉત્તમભાઈ વીરાવતે કરેલ. તથા પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય હેમભૂષણ સૂરીશ્વરજી મ. સા.ની આજ્ઞાનુસારે પૂજ્ય ગણિવર્યશ્રી આદિ તથા પૂ. સા.શ્રી નિર્મલરેખાશ્રીજી આદિ નવ ઠાણાના આગામી 'દીપક જ્યોતિટાવર -કાલાચોકી-પરેલ મુંબઈ-૩૩ન ચાતુર્માસની 'જય' બોલાવવામાં આવેલ.

પૂજ્યશ્રી મુંબઈના વિવિધ ક્ષેત્રોમાં વિચરણ કરી અસાઢ સુદ-૯ તા. ૨૭ જુનના મંગલ પ્રભાતે ચાતુર્માસ-પ્રવેશ કરશે. તે પ્રસંગે પૂજ્ય ગણિવર્યશ્રી દ્વારા હિન્દીભાષામાં આલેખિત 'બીસવી સદી કે મહાન યોગી' પુસ્તકનું વિમોચન વિધિ પણ થશે. ચાતુર્માસ દરમ્યાન બાલ-તરૂણ પેઢીના જીવન સંસ્કરણ માટે અનેકવિધ આયોજનો થશે.

**વડોદરા-સુભાનપુરામાં સાકાર થયો, વડી દીક્ષાનો ભવ્ય સમારોહ :** ગત જે. સુ.૫.ના મંગળદિને વડોદરા-સુભાનપુરાસ્થિત વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજ આરાધના ભવન મધ્યે નૂતન દીક્ષિત પૂ. મુ. શ્રી હર્ષશ્રુત વિ. મ.ને વડીદીક્ષાનું પ્રદાન કરવામાં આવ્યું છે.

વૈ.સુ. ૧૧ના શાસન સ્થાપનાદિને સુરત-ગોપીપુરા મુકામે પૂ. મુ. શ્રી ભવ્યવર્ધન વિ. મ.ના વરદહસ્તે ભાગવતી પ્રવ્રજ્યા અંગીકાર કરનારા અને પૂ.મુ.શ્રી હિતવર્ધન વિ. મ.નું શિષ્યત્વ પ્રાપ્ત કરનારા નૂતન દીક્ષિતને પ્રશાંતમૂર્તિ પૂ. આ. ભ. વિ. પ્રભાકર સુ.મ. એ પંચમહાવ્રતોની જીવન પર્યંતની ઉચ્ચારણા કરાવી હતી.

વડી દીક્ષાના પાવન પ્રસંગે સુરત, પાલનપુર, અમદાવાદ, વાપી, રતલામ, બોરસદ વિગેરે સ્થળેથી વિશાળ સંખ્યામાં ભાવિકો ઉમટી પડયાં હતાં. બહારગામથી પધારેલા તમામ સાધર્મિકોની ત્રણેય ટાઈમની સાધર્મિક ભક્તિ સુભાનપુરા-જિનાજ્ઞા આરાધક સંઘે ઉલ્લાસ પૂર્વક કરી હતી.

વડીદીક્ષા પ્રસંગે વિવિધ ભાવિકો તરફથી રૂા. ૨૧નું સંઘ પૂજન થયું હતું તેમજ ગુરુભગવંતોનું ગુરુપૂજન અને કામળી વહોરવાની વિધિ પણ થઈ હતી.

આ પ્રસંગે પૂ. આ. ભ. વિ. પ્રભાકર સૂ. મ. એ તેમજ પૂ. મુ. શ્રી હિતવર્ધન વિ. મ. એ પ્રેરક હિતશિક્ષા પ્રદાન કરી હતી.

અત્રે એ ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ સ્થપાયેલા જિનાજ્ઞા આરાધક સંઘ-સુભાનપુરાના આંગણે હજી સુધી દીક્ષા કે વડીદીક્ષાનો પ્રસંગ ઉજવાયો નહિ હોવાથી આ પ્રસંગે સંઘની દીક્ષા-વડીદીક્ષાની નોંધમાં પહેલી પંક્તિ લખવાનું કાર્ય અદા કર્યું છે.

**લંડન :** બાઉન્ડસ ગ્રીન સત્સંગ મંડળમાં વૈ. સુ.-૧૧ થી પૂજાઓ ભણાવવાનું તથા જાપ ચાલુ છે. ૧૧ ગણધર પૂજા મહાવીર સ્વામી પંચકલ્યાણક પૂજા બે વાર, પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા બે વાર, શાંતિનાથ પંચકલ્યાણક પૂજા, નંદીશ્વર પૂજા વિ. ભણાવાઈ.

મણિલાલ નરશી તથા મણીબેન નરશી તરફથી શાસન સ્થાપના દિનના શ્રી અગ્યાર ગણધર પૂજા ભણાઈ અને સાધર્મિક ભક્તિનો લાભ લીધો હતો.

**કલકત્તા :** અત્રે ૯૬ કેનીંગ સ્ટ્રીટ ખાતે પૂ. આ. શ્રી વિજય જયકુંજ સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી. વિજય મુક્તિ ચંદ્રસૂરીશ્વરજી મ. આદિનો નગર પ્રવેશ તથા પૂ. ઉપાધ્યાયશ્રી અક્ષય વિજયજી મ. આદિના ચાતુર્માસ પ્રવેશ નિમિત્તે ૨૦૬૦ અષાઢ સુદ ૩ સોમવાર સવારે ૭ વાગ્યે ભવ્ય સ્વાગત રાખેલ છે. પ્રવેશ બાદ માંગલિક પ્રવચન તથા સાધર્મિક ભક્તિ તથા આંબલ તપનું આયોજન થયું છે.

પૂ. આચાર્ય ભગવંતો આદિની નિશ્રામાં ચોમાસા છી શ્રી સમેત શીખરજી મહાતીર્થમાં ભોમિયા ભવનમાં શ્રી શાંતિનાથ જિનાલયમાં ૧૦૮ પાર્શ્વજિન બિંબોની અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે.

પૂ. આચાર્ય ભગવંતો આદિ તથા પૂ. સા. શ્રી જયવર્ધનાશ્રીજી મ. આદિ કલકત્તા ભવાનીપુર-ચાતુર્માસ પધારશે.

**મુંબઈ મુલુંડ :** સર્વોદયનગરમાં ફુલચંદ મેરગ હરણીયા પરિવાર નવાગામવાળા તરફથી પિતાશ્રી સ્વ. મોહનલાલ ફુલચંદભાઈ તથા માતુશ્રી જયાબેન મોહનલાલના આરાધનાની અનુમોદનાર્થે પૂ. આ. શ્રી વિજય લલિત વીરશેખર સૂરીશ્વરજી મ., પૂ. આ.શ્રી વિજય રાજશેખર સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય વીરશેખર સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં તા. ૩૦-૫-૨૦૦૪ના સવારે ૯-૩૦ વાગ્યે ભવ્યરીતે શ્રી સિધ્ધચક્ર મહાપૂજન ભણાયું હતું. બંનેના જીવનમાં અનેક વિધ આરાધનાઓ થઈ હતી. પૂજન બાદ મહેમાનોની સાધર્મિક ભક્તિ રાખવામાં આવી હતી. વિધિ માટે અંધેરીથી શ્રી પાનાચંદભાઈ પધાર્યા હતા.

**ઉમેટા વડોદરામાં શાસન પ્રભાવના :** પૂ. આ. વિજય પ્રભાકર સૂરીશ્વરજી મ. આદિ બોરસદમાં અનેક મહાપૂજનો વૈ. સુદમાં કરાવ્યા. વૈ. સુ. ૭ સૌભાગ્યચંદ નરપતભાઈને ત્યાં વાસ્તુ નિમિત્તે શ્રી સિધ્ધચક્ર મહાપૂજન ભણાવેલ. અત્રે બોરસદમાં નૂતન ઉપાશ્રય બને છે તેના ભોયરાના ખંડની એક લાખ રૂા. નકરો જાહેર થયો. ઉમેટા વૈ.સુ. ૧૦ વર્ષ ગાંઠ પ્રસંગે પધાર્યા. મહાપૂજા, સાધર્મિક વાત્સલ્ય થયું. તીર્થ વિકાસની વિચારણા થઈ. રામચંન્દ્રસૂરી આરાધના ભવન મેહુલ પાસે બાબુલ ઉપાશ્રય વિ. પ્રવચન ગોઠી ગઈ. ગોરવા સંઘ સ્વાગત, સંઘ જમણ અને ૨૦ રૂા. સંઘપૂજન થયું. પૂ. શ્રી નો ઉપકાર ત્યાં ઘણોજ છે. હરણી રોડ આરાધના ભવનમાં પૂ. પ્રેમ સૂ. મ. ની તિથિ ઉજવી. ૫૦૦ ગ્રામ ગોળની લાણી થઈ. ૨૫, દેરાસરની ચૈત્યપરિપાટી થઈ. જેઠ સુદ-૫, સુભાનપુરા શ્રી રામચંદ્ર સૂ. આરાધના ભવનમાં પૂ. મુ. શ્રી હિતવર્ધન વિ. મ.ના નૂતન શિષ્ય શ્રુતવર્ધન વિ. મ. ની વડીદીક્ષા થઈ. ૨૧ રૂા. નું સંઘપૂજન થયું. પૂ. શ્રી ઓંકારતીર્થ થઈ બોરસદ પધારશે. પૂ. મુ. શ્રી ભવ્યવર્ધન વિ. મ. રતલામ ચાતુમાર્સ પધારશે.

**અમદાવાદ :** પૂ. સા. શ્રી પૂર્ણભદ્રા શ્રીજી મ. ના ૫૦ વર્ષ દીક્ષા પ્રવેશ નિમિત્તે પૂ. આ. શ્રી વિજય નરચંદ્ર સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં શ્રી સિધ્ધચક્ર મહાપૂજન આદિ ઉત્સવ જૈન વિદ્યાશાળાએ રાખેલ. પૂજન , ઉજમણુ વિ. સારા થયેલ. વઢવાણ સુરેન્દ્રનગરથી સો એક શ્રાવિકો પધારેલ ઉત્સવ સારો થયો.

**સત્યમાર્ગરક્ષા પડકારકા અનુમોદન :** જૈન શાસન વર્ષ ૧૯ અંક ૨૯, તા: ૧૩-૪-૨૦૦૪, પાના ૩૦૬ ઔર ૩૦૯ જો લેખ હૈ. આપને આપકે ઉપર ખોટ આરોપ આક્ષેપ કરને વાલેકો જો પડકાર દેને કે બાદ આપને સ્વચ્છ શુભ્ર વિશાલ હૃદયસે વિનંતી પત્ર લીખ્ખા હૈ સો આપકે સત્ય માર્ગકી રક્ષા કરનેકા સફલ પ્રયાસ ઉસકી બહોત બહોત અનુમોદના કરતે હૈ. આપકો આપકે જૈન શાસન પરિવારકો ધન્યવાદ.

ડૉ. સુરજમલ બોથર - માલેગામ

## દીક્ષા ૫૦ વર્ષ વિશેષાંક

શ્રી મહાવીર શાસનનો આ અંક પ્રગટ થઈ ગયો છે તે અંગે પછીથી આવેલ લખાણો તા. ૧-૭-૨૦૦૪ના અંકમાં પ્રગટ થશે.

વિશેષાંક માટે આવેલ બાકી સહકાર પણ તેમાં છપાશે.

-સંપાદક



ાવાડ ગ.મ ાંથી પાછો આવ્યો તો જોયું કે
ળદ ્યા • ીં. તેમણે મહાવીરને પુછ્યુ...
માર બળદ ક્યાં ગયાં.
૧૧૭
રંતુ ભગવા ધ્યાનમાં મોન ઉભા રહ્યાં.




ગોવાડ રાતભર બળદોને ખેતરોમાં શોધતો રહ્યો. સવાર થતા થતા તેમા
જોયું કે બળદો તો ભગવાન પાસે બેઠા બેઠા ઓગાળી રહ્યા હતા.
સારું! આ ઢોગીં સાધુએ બળદોને ચોર્યા લાગે છે
જરૂર આ ચોર છે. હમણા તેને જોઉં છું.
૧૧૮




હાથમાં દોરડું લઈ તે મહાવીરને મારવા દોળ્યો. ત્યારેજ ત્યાં ઈન્દ્ર પ્રગ
થયા અને ગોવાળનો હાથ પકડી લીધો.
મુર્ખ ! અજ્ઞાની ? આ
શું કરી રહ્યા છે ? જાણતો
નથી આ કોણ છે ? આ રાજા
સિધ્ધાર્થના પુત્ર વર્ધમાન છે
શું તારા બળદ ચોરી લેશે ?
હાલ ભાગ અહીંથી.
૧૧૯

# પરિમલ

- પૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

* દેશ-કાળ પ્રમાણે ચલાય નહિં પણ દેશ-કાળ આપણને નુકસાન ન કરે તે રીતના ચલાય.
* ભગવાનનું અંગ લુંછણું કેવું અને તમારો રૂમાલ કેવો?
* ધર્મમાં જે જે ચીજો ઉપયોગમાં આવે તેમાં શું શું જૂઓ? અને તમારા કામમાં- ઉપભોગમાં જે ચીજો ઉપયોગમાં આવે તેમાં શું શું જુઓ?
* ઉપદેશ એનું નામ છે કે જે ઉપદેશની અંદર અહિતથી પાછા ફરવાની પ્રેરણા આપે તેવી જાતિના વાકયો અથવા હિતમાં પ્રવૃત્તિ કરવાની પ્રેરણા આપે તેવી જાતિના વાકયોનો જે સમુદાય તેનું નામ ઉપદેશ!
* જેના હૈયામાં મોહની ગુલામી ચાલુ હોય તે સદૈવનો દુ:ખી હોય!
* મોહની પ્રતિજ્ઞા છે કે, સંસારના જીવોને દુ:ખના દ્વેષી, સુખના રાગી બનાવી એવા ગાંડા બનાવવા કે કદિ પોતાના હિતાહિતને સમજી શકે નહિં.
* ભગવાન પાસે જઈ આપણું કામ કરી આવવાનું, સાધુ પાસે જઈ આપણું કામ કરાવી લેવાનું અને ધર્મ તો કામચલાઉ કરવાનો' - મોહરાજાએ બધાને આ સલાહ આપી છે.
* ભગવાન પાસે સુખ મંગાય કે સુખથી મુક્તિ મંગાય?
* અનીતિનો પૈસો તેનું નામ સડેલો પૈસો! પૈસો સડેલો છે માટે તમે બતાવી શકતા નથી.
* ભૂખ્યા સુવું પડે પણ ખોટું ન કરે તે જીવી ગયો કહેવાય.
* દુ:ખને વેઠવાની શકિત તે માનવતા સુખ જ પાપ કરાવનાર માટે તેનાથી આઘા રહેવું તે ડહાપણ. સુખ ભોગવવું પડે તો લાલસા વધે નહિ તેમ ભોગવવું તેનું નામ સદ્ગૃહસ્થપણું!
* આજે વિરાગ ભાગી ગયો છે, કષાયો લહેર કરે છે, દોષોને બાદશાહી છે, ગુણો રિબાય છે અને ધર્મક્રિયામાં પ્રમાદનો પાર નથી.!
* સુખના ભિખારી, દુ:ખના કાયર તે બધા દુર્ગતિના મુસાફર!
* 'આ શરીર મારું છે તેને બરાબર રાખવું, તેને જ સારું રાખવું સાચવવું - સંભાળવું જોઇએ' આ માન્યતા જીવતી હોય તેને મોહને ઓળખ્યો નથી.
* આત્માને ભુલી જાય, શરીરને જ સાચવે તે તો મોહનો ગુલામ છે.
* જેને મોહને ઓળખ્યો અને મોહનાં બંધનો ઢીલાં પાડયા તેને કર્મ દુ:ખી બનાવે તો ય તે બહુ મજામાં હોય અને તેને કર્મ સુખી બનાવે તો તે બહુ સાવચેત હોય.
* મનનો માલિક જગતનો માલિક. મનને ગુલામ તે જગતનો ગુલામ!
* ભગવાનનો ભગત કોણ બને? મોહનો સાથી કે મોહનો વેરી?

જૈન શાસન અઠવાડીક ● માલિક : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતા – ગેલેક્સી ક્રિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

શાસન અને સિધ્દાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

नमो चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

*માનનો ત્યાગ કરો*

दाणं दविणेण विणा ण होइ,
दविणं च धम्मरहियाणं।
धम्मो विण य विहूणाण,
माणजूत्ताण विणओ वि॥
(ચઉપ્પન્ન મહાપુરિસ ચરિયં)
ધન વિના દાન ન થાય,
ધર્મરહિતને ધન ન મળે,
વિનયથી રહિત ધર્મ ન પામે
અને માની જીવો વિનય
ન કરી શકે માટે માનનો ત્યાગ
કરવો હિતકર છે.

**વર્ષ ૧૬** **અંક ૩૧**

**શ્રી જૈન શાસન કાર્યાલય**

શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

# જૈન શાસન
અઠવાડિક

# 'સુશીલ સંદેશ'

## કરૂણા નિધાન ભગવાન મહાવીર – હપ્તો–૧૯.

દેવરાજ ઈન્દ્ર ભગવાન મહાવીર ને વિનંતિ કરવા લાગ્યા




મહાવીરે ઈન્દ્રને કહ્યું




ભગવાનનો જવાબ સાંભળી દેવરાજ નિરાશ થઇ ગયા. તેમણે સિદ્ધાર્થ નામના વ્યન્તર દેવને કહ્યું.




ભગવાન ને પ્રણામ કરીને ઈન્દ્ર ચાલ્યા ગયા.

आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवाय च
હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

# જૈન શાસન

(અઠવાડીક)

Received 6/07/04 1065

તંત્રીઓ :
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૬ ) * સંવત ૨૦૬૦ અષાઢ સુદ - ૧૧ * મંગળવાર, તા. ૨૯-૬-૨૦૦૪ (અંક : ૩૧

## પ્રવચન
## ઓગણસિત્તેરમું
### પ્રકીર્ણક ધર્મોપદેશ

સં ૨૦૪૪, કારતક સુદિ-૩, રવિવાર, તા. ૨૫-૧૦-૧૯૮૭
શ્રી ચંદનબાલા જૈન ઉપાશ્રય, મુંબઈ - ૪૦૦ ૦૦૬.

પૂ.આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

*ગતાંકથી ચાલુ...*

(શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના -અવ.)

भमिओ कालमणंत भवंमि भीओ न नाह दुक्खाणं ।
संपइ तुम्मि दिट्ठे, जायं च भयं पलायं च ॥

*(ગયા અંકથી ચાલુ)*

આજે જૂઠ લખનારા અને બોલનારા ભાડે મળે છે. આજે ખોટા ચોપડા લખે તેને સારા પગાર મળે છે. તે શેઠીયાઓના પણ શેઠ થઈને બેઠા છે. આ વાત ખરી છે ? ધર્મ સંભાળનારા કહે કે, અમે તેવા નથી તો આનંદ થાય. ધર્મ કરનારાથી શું થાય અને શું ન થાય તે સમજો છો ? ધર્મીના હૈયામાં હોય કે - 'મને જીવવામાં મજા છે. મરવામાં તકલીફ લાગતી નથી. મરીને સારી જગ્યાએ જવાનો છું. વહેલામાં વહેલા મોક્ષે જ જવાની ઈચ્છા છે ' આમ તમારા હૈયામાં છે ? તમને પૈસા-ટકાદિનો પ્રેમ વધારે કે ધર્મનો પ્રેમ વધારે ? જ્ઞાનિઓ તો કહે છે કે - પરિગ્રહના પ્રેમી સારા માણસો નથી જ.

સમકિત સહેલું નથી. સમકિતીની મનોદશા કેવી હોય તે જાણો છો ? તેનું પુણ્ય એવું હોય કે ધારે તેના કરતાં વધારે પૈસા મળે તો તે કંપી ઉઠે કે આ પરિગ્રહનો ભાર મને ડુબાડી દેશે માટે તે ધર્મનાં સારામાં સારાં કામોમાં તેનો સદુપયોગ કરી હલકો થઈ જાય. ઘણા તો આજીવિકાનું સાધન હોય તો વેપારાદિ કરે નહિ. આજીવિકા છતાં વેપાર કરે તો મને કે, 'હું ભૂંડું કરું છું. મારો લોભ ખરાબ છે.' વેપારાદિને સારા માને તેનામાં સમકિત હોય? વેપારમાં અનીતિ કરે તે કેવા લાગે? આગળ બેસે તો તે બહુ સારા છે તેમ માનો તો ભૂલ ખાય છે ને? સુખી શ્રમંતને આગળ બેસાડો તે ખોટું નથી. 'પૈસાના અધિક લોભી તે ખરાબ છે' તેમ સાંભળતા જે સુખી મોં બગાડે તો તે ખરા છે. 'પૈસાવાળો છે' માટે વખાણ કરીએ તે બને જ નહિ. પૈસાવાળો સાચો ધર્મી હોય તો તેને વખાણીએ. અમે બહુ પૈસાવાળાને બહુ લોભી માનીએ છીએ. સમકિતીને વધારે પૈસાનું મન થાય તો પોતાની જાત પાપી લાગે. જો હું આનો રાગી બન્યો તો વખતે મારું સમકિત પણ લઈ જશે. પૈસાનો લોભ જેને સારો લાગે તેનામાં સમકિત હોય નહિ. પરિગ્રહ તે પાપ છે તેમ ન લાગે તેનામાં પણ સમકિત હોય નહિ. આ વાત ખરાબ લાગે છે કે ગમે છે? જેટલા ધર્મી હોય તેમની માન્યતા આવી

જ હોય. સમકિત પામેલો વેપાર કરવો જોઇએ તેમ કદી ન બોલે પણ વેપાર મારે કરવો પડે છે તેમ જ કહે.

સમકિતી સંસારમાં લહેર કરે? સુખમાં લહેર કરે? પૈસાનો લોભી હોય? તમે જે રીતે જીવો છો તે રીતે સમકિત આવે તેમ લાગે છે? જે રીતે જીવો છો તે સારી રીતે જીવો છો? 'મેં ખોટું કામ કર્યું નથી, હું જૂઠ બોલતો નથી, ચોરી તો કરું જ શેનો' તેમ કહી શકો? આજે તો મોટો ભાગ કહે કે, 'રાજ્યની-ટેક્ષની ચોરી ન કરીએ તો જીવી શકીએ જ નહિ' તો તે વાત માની લઉં? તમે દુઃખી છો માટે ધંધો કરો છો કે લોભીયા છો માટે? 'ખાવા-પીવાદિ આજીવિકાનું સાધન હોય તો અમે ધંધો કરીએ નહિ, તે, નથી માટે ધંધો કરવો પડે છે. પણ ધંધામાં ખોટું કમ કરતા જ નથી' - આ વાત બોલવામાં વાંધો છે? 'અમને ઘણી કુટેવો પડી છે, ખોટા ખર્ચા ઘણા છે માટે ધંધો કરવો પડે છે, બાકી અમારે વેપાર-ધંધાદિની જરૂર નથી' - તેમ સુખી કેમ ન બોલે? દુઃખથી કરવું પડે છે તેમ કહો તો હજી ધર્મી માનું. તમને ગરીબમાં ગરીબ પુણિયા શ્રાવકની કથા કહી છે અને સુખીમાં સુખી શાલિભદ્રની પણ કથા અહીં કહી છે. પણ યાદ કેટલાને છે? શાસ્ત્રે, બધા જ ધર્માત્માઓની નોંધ કરી છે. તમને તેમના જેવા ધર્માત્મા થવાનું મન થાય કે તેમની પાસે જેવું સુખ હતું તેવું અમારી પાસે હજી નથી તેનું દુઃખ થાય છે? તે સુખ માટે તમે શું શું કરો છો? તમે ચોરીય કરો છો અને બીજાને ય ચોર બનાવો છો. આજે તો રાજ્યના જેટલા નોકરો છે તે બધા તમારા બાપ જેવા છે. તમે સગા બાપને કાંઇ ન આપો પણ રાજ્યના નોકરોને જે માગે તે આપો છો. આ વાત સાચી છે ને? આજના વેપારી તો ભ્રષ્ટ બન્યા છે અને સરકારના બધા નોકરોને ભ્રષ્ટ કર્યા છે.

શ્રી ધનપાળ કવિ કહે છે કે, ''હે ભગવાન! અજ્ઞાન હોવાથી હું બહુ ભટકયો. તું મલ્યો ભય નીકળી ગયો છે. હવે ભટકવાનો નથી.'' આપણે આમ કહી શકીએ ખરા? 'મારે દુર્ગતિમાં નથી જવું અને સદ્‌ગતિમાં જ જવું છે' આમ પણ મનમાં છે ? આવું મનમાં હોય તેનું જ જીવન સારું હોય. જો તમે બધા ન્યાય સંપન્ન વિભવવાળા થઇ જાવ, અનીતિ કરતાં બંધ થઇ જાવ તો આ રાજ કાલે ઉઠી જાય. રાજ્યના અધિકારી વર્ગને રાજ્ય કરતાંય તમારા તરફથી ખૂબ પગાર મળે છે. મોટા શેઠીયાઓના તો તે નોકર જેવા છે. તમે એવા લોભીયા થયા કે રાજના નોકરોને મહાલોભી બનાવ્યા. તમને તમારો દોષ દેખાતો નથી, પારકો દેખાય છે. આજની સરકાર જે રીતે ચાલે છે પણ જો તમે બધા સારા હોત તો આ સરકારને ક્યારનું ઉઠી જવું પડ્યું હોત. આજના ધર્મી ગણાતાને ય જીવતા આવડતું નથી. સમકિત તો તેનામાં છે નહિ, આવવાનું પણ છે નહિ, કેમકે જોઇતું નથી દુનિયાનું સુખ ભૂંડું છે તેમ લાગે છે ? સુખ મેળવવું પડે તે પણ પાપનો ઉદય છે તેમ લાગે છે ? જીવવા માટે શું જોઇએ છે ? તમારી મૂડીમાં તમારે કેમ જીવવું તે શીખવી દઉં તો વેપાર બંધ કરવા તૈયાર છો? તેમ કરવું છે ? જીવવા જેટલી સામગ્રી નથી માટે મોટા વેપારીઓ મોટા વેપાર કરે છે ? આજના ઘણા શ્રાવકો અમેય જે સાવચેત ન રહીએ તો અમને ય બગાડે તેવા છે. વેપારી, વેપારી નથી પણ લુંટારા જેવા છે. વેપારી જૂઠ બોલે ? ચોરી કરે ? વેપારીના ચોપડામાં જે ન હોય તે તેના ઘરમાં અને પેઢીમાં હોય ? તમારી પાસે છુપું ધન કેટલું છે ? આજના મોટા સુખી જો બજારમાં પણ ન જતા હોત તો સામાન્ય દુઃખી પણ સુખી હોત ! તેઓ બજારને કેવી રીતે ચઢ-ઉતર કરાવે છે તે ખબર નથી ? નાનાનો તો ખોડો જ નીકળી જાય. આજનું બજાર, બજાર છે ? પેઢી પર શાહ લોકો બેસે છે? શેઠીયાઓ શઠ જેવા થયા છે તેથી ખુરશી પર શેતાનો જેવા આવ્યા છે. તમને લુંટાય તેટલા લુંટે છે. તમારાં કહેલ કામ પણ નથી કરતા. આ તમારો અનુભવ પણ છે. મોટા ધંધાવાળાની દયા આવવી જોઇએ. મહારંભી જીવોને નરકગામી કહ્યા છે. મહારંભ મજાથી કરે તો નરકે જાય. તેવાને જોઇએ તમને શું થાય છે ? દયા આવે છે ?બહુ લોભીયો લાગે છે ? મહાલોભી છે માટે મહાપાપી છે.

- (ક્રમશ)

# વિષય વિરાગી અને કષાયના ત્યાગી બનો !

*ગતાંકથી ચાલુ...*

પૂ. મુનિ શ્રી પ્રશાન્ત દર્શન વિજયજી મ.

વિષયની આશા પણ કેવી અતૃપ્તિકર છે કે અનેક વાર સ્વર્ગની સુંદરીઓ સાથે સ્વર્ગમાં કામભોગો ભોગવવા છતાં પણ અગ્નિને ઘીની આહુતિની જેમ ક્યારે પણ તૃપ્તિ થઈ નથી. અને મનુષ્યોના કામભોગો બીભત્સ, અશુચિતમય હોવા છતાં જીવ તેનાથી પણ ધરાતો નથી અને કામરતિને જ શ્રેષ્ઠ રતિ માને છે. મોહિતમતિ વાળા ભયાનક સંસાર સાગરમાં ભમાડનારા વિરસ એવા વિષયસુખની પિપાસાથી બિચારા દુ:ખોને પામી રહ્યા છે. સર્પની ફણા સમાન આ ભોગ સુખો રાગપૂર્વક પણ સેવાતા પ્રાણીઓના પ્રાણને હરનારા બને છે. દાહ્ય પદાર્થો વડે અગ્નિ અને સરિતાઓના સમૂહ વડે સમુદ્રની જેમ જીવોને આ કામભોગોથી ક્યારે પણ સંતોષ કે તૃપ્તિ થતા નથી પણ ઉપરથી ખરજવાની જેમ ભોગતૃષ્ણા વૃદ્ધિ જ પામે છે. ખરેખર લાજ મર્યાદાને મૂકી આ લોક અને પરલોક વિરુદ્ધ કાર્યોમાં જીવો મજેથી પ્રવૃત્તિ કરે છે તેનું કારણ વિષભોજન સમાન અનાર્ય એવા કામભોગો જ છે. યૌવનના મદથી મદોન્મત્ત બનેલા. વિષયતૃષ્ણાથી અતિ વિમોહિત બનેલા એવા અધમાધમ પુરૂષો જે કાંઈ કરે છે તે બધું નરકાદિ દુર્ગતિનું કારણ બને છે. વિષયરૂપી વિષથી મોહિત મતિવાળા જીવો કાર્યાકાર્ય, ગમ્યાગમ્ય, કુલની લાજ મર્યાદા તો વિચારતા નથી પણ ભાવિમાં થનારા નરકની વેદના પણ જોઈ શકતા નથી. ખરેખર તે મનુષ્યોને ધિક્કાર થાઓ જે મનુષ્ય પણાનું નામ ધરાવીને વિષયાભિલાષામાં લુબ્ધ મનવાળા થઈને પોતાના આ જન્મને નિરર્થક ગુમાવે છે. રાગપૂર્વક સેવાતા કામભોગો આશીવિષ સર્પની જેમ ભોગવવા માત્રથી જ સંક્રાત થયું છે વિષના જેમ તે જ વખતે પ્રાણીઓનો નાશ કરે છે. અતિ સુગંધી મલયાચલના પવને હલાવેલા કેળના પાંદડા સમાન જીવિતમાં આવો વિષયરાગ કયો સકર્ણ કરે? પક્ષપાતને મૂકીને સ્વસ્થ ચિત્તે વિચાર કરનારા હે વિચારકો! તમો સૌ સાચું કહો કે આ ભોગસુખોમાં જરા પણ સુખ છે ખરું? દેવ અને મુક્તિના સુખોનું કારણ એવું આ સુંદર મનુષ્ય પણું મહાકિંમતી રત્નની જેમ પામીને પણ જીવો વિષય સુખમાં લુબ્ધ બની ગુમાવી દે છે. સ્વાધીન અને શુભ પરિણામવાળો મોક્ષમાર્ગ હાથમાં હોવા છતાં પણ મૂઢપણાથી જીવો દોષોના દરિયા સમાન વિષય સુખોની જ પ્રાર્થના કરે છે.

પાંચે ઈન્દ્રિયોના અનુકૂળ વિષયોના રાગથી જીવો વિશેષરૂપે સીદાય છે એ કારણે વિષયોની 'વિકસય-વિષય' એવી પણ વ્યાખ્યા કરી છે. એ વિષયો ખરેખર મહાશલ્ય છે. પરલોકના કાર્યોમાં મહાશત્રુઓ છે, મહાવ્યાધિ છે અને પરમદરિદ્રતા છે. જેમ હૃદયમાં -શરીરમાં પેસેલું શલ્ય-ખીલી કે કાંટો જીવોને સુખદાયી બનતા નથી તેમ હૃદયમાં વિચારેલા માત્ર વિષયો પણ દુ:ખદાયી બને છે. વિષયમાં લુબ્ધ બનેલા જીવો પરાભવોને પામ્યા છે, પામે છે અને પામશે. વિષયાસક્ત જીવો જગતને તૃણ સમાન માને છે, પ્રાપ્તિનો સંદેહ હોય ત્યાં પણ નિર્ભયપણે જાય છે. નીચને પણ પ્રાર્થે છે, ભયાનક સમુદ્રો ઓળંગે છે, વેતાલ આદિને સાધે છે. વધુ શું કહીએ? વિષયોના રાગથી યમના મોઢામાં પેસે છે. અને તેમાં જ પાગલ બનેલો મરવા પણ તૈયાર થાય છે. વિષયાતુર જીવો હિતકર કાર્યોને ત્યજી એવા અહિતકર પાપકાર્યો કરે છે જેથી લોકમાં હાંસી-મશ્કરી પાત્ર બને છે. વિષય રૂપી ગ્રહને વશ પડેલો મૂઢ માતા-પિતાદિને પણ મારે છે, બંધુને પણ શત્રુ જેવો માને છે અને સ્વેચ્છાચારી સ્વચ્છંદી બને છે. વિષયો અનર્થનો પંથ છે, માન-મહત્વના નાશક છે, લઘુતાનો માર્ગ છે, અકાળે ઉપદ્રવકારી છે, અપમાનનું સ્થાન છે, અપકીર્ત્તિ-અપયશનું કારણ છે., દુ:ખદાયી છે, આ ભવ-પરભવના ઘાતક છે. વિષયાસક્ત જીવનું મન સ્ખલિત-માર્ગભ્રષ્ટ થાય છે, બુદ્ધિનાશ પામે છે, પરાક્રમ ઘટે છે, અને ગુર્વાદિના હિતકર ઉપદેશને પણ ભૂલી જાય છે, જાતિ-કુલ-કીર્ત્તિને કલંકિત કરે છે, વિષયાસક્તિ રૂપી નીલિમા-નેત્રરોગ નથી થયો ત્યાં સુધી

જિનદર્શનમાં આનંદ પામે છે. મનમંદિરમાં ધર્મના આદર રૂપી પ્રદીપ ત્યાં સુધી પ્રકાશિત રહે છે કે જ્યાં સુધી વિષયાસક્તિરૂપી પવનની આંધી આવી નથી. સર્વજ્ઞની વાણીરૂપ વહાણ ત્યાં સુધીજ સંસાર સમુદ્રથી તારવા સમર્થ છે જ્યાં સુધી વિષયાસક્તિ રૂપી પ્રતિકૂળ પવન વાયો નથી. નિર્મલ વિવેકરત્ન ત્યાં સુધી જ ચમકે છે કે જ્યાં સુધી વિષયાસક્તિ રૂપી રજે તેને મલિન કર્યું નથી. જીવરૂપી શંખમાં શીલરૂપી નિર્મલ જલ ત્યાં સુધી શોભે છે, કે જ્યાં સુધી વિષયના દુરાગ્રહરૂપી અશુચિના સંગથી તે મલિન થયું નથી. ધર્મમાં અશકત અને વિષયોમાં આસકત જીવો પોતાના હિતાહિતને પણ જાણતા નથી. વિષયો વિદ્વાનોને પણ મુંઝવનારા, જિનાગમરૂપી અંકુશની પણ અવગણના કરનારા, શરીરના લોહીને ચૂસવા મચ્છર જેવા અને અનેક અનિષ્ટોને આપનારા છે. લાંબો કાળ તપ તપે, ચારિત્ર પાળે, શ્રુત પણ ભણે છતાં પણ જો વિષયોમાં જ મતિ છે તો તે બધું નિષ્ફળ છે. વિષયો રૂપી લુંટારાઓ જીવના સમ્યગ્જ્ઞાન રૂપી મણિઓથી શોભતા સમ્યક્ ચારિત્ર રત્નથી સુશોભિત ભંડારને લુંટે છે. મહત્વ, વિજ્ઞાન અને ગુણોનો વિનાશ કરનારા વિષયાભિલાષને ધિક્કાર થાઓ. વિષયો રૂપી વિષ વ્યાકુલ થયેલા શ્રી જિનવચન રૂપી અમૃત રસાયનને વમી નાખે છે. સદાચરણમાં નિર્બલ અને પાપાચરણમાં સબલ જીવો વિષયોના કારણે એવી કદર્થના પામે છે જે વર્ણવી ન શકાય. જે વિષયોમાં જ ગૃદ્ધિ કરે છે તે પાપી દૃષ્ટિવિષ સર્પની સંમુખ જઈ ઊભો રહે છે, તીક્ષ્ણ તલવારની ધાર પર ચાલે છે, તલવારના પિંજરામાં રમત રમે છે, ભાલાની તીક્ષ્ણ અણી ઉપર સૂઈ જાય છે, અગ્નિને વસ્ત્રમાં બાંધે છે. તે મૂઢ પોતાના મસ્તકથી પર્વતને ભેદે છે, ધગધગતા લાલચોળ અગ્નિને ભેટે છે, જીવવા માટે વિષપાન કરે છે, ભુખ્યા સિંહને, કુપિત સર્પને અને માખીવાળા મધપૂડાને મધ મેળવવા પ્રહાર કરે છે. વિષયોમાં જ ગૃદ્ધિવાળો મોઢામાં વિષને ખભા ઉપર ખુલ્લી તલવારને, ખોળામાં કાળા નાગને રાખે છે. તે શૂળી ઉપર બેસે છે, સળગતા લાખના ઘરમાં પેસે છે, ભાલાની અણી ઉપર નાચે છે. વળી આ દૃષ્ટિવિષ સર્પ આદિ તો તે જ ભવનો નાશ કરે છે જ્યારે આ ધિક્કાર પાત્ર વિષયો તો અનંતભવો સુધી દારૂણ દુ:ખોને આપે છે. આ દૃષ્ટિવિષ સર્પાદિ મંત્ર-તંત્રાદિથી પોતાનું કાર્ય બજાવવા સમર્થ બનતા નથી કે ભયજનક થતા નથી પણ આ વિષયો તો દુરંત દુ:ખદાયી જ બને છે. કામની પીડા શમાવવા વિષયો ભોગવે છે. તો ઘી થી અગ્નિની જેમ તેની પીડા વૃદ્ધિને પામે છે. મોહ મહાગ્રહને વશ થયેલા વિષયાધીન જીવો અબળા આગળ પણ નિર્બળ બને છે, અરતિથી યુકત થઈ, ધર્મરાગથી મુકત થઈ, અકરણીય મજેથી કરે છે. વિષયાધીન સ્ત્રી જનમાં સદ્ભાવ, સ્નેહ અને વિશ્વાસ રાખી પોતાના આત્માનો વિનાશ કરે છે, જેમ જેમ રાગ વધે તેમ અસંતોષી બની, આસકિતને આધીન થવાથી નિર્લજ્જ બની, અકાર્ય અને અગમ્ય ને સેવી દુર્ગતિમાં ચાલ્યો જાય છે.

માટે હે જીવ ! જો આ વિષયોપભોગથી કોઈપણ ગુણ થતો હોત તો ચોક્કસ શ્રી જિનેશ્વર દેવો, ચક્રવર્તીઓ કે બળદેવો આદિ પુણ્યાત્માઓ તે વિષય સુખોનો સર્વથા ત્યાગ કરી ધર્મરૂપી ઉદ્યાનમાં રમત નહિં. માટે આ સુખાભાસ રૂપ વિષયોના અલ્પ માત્ર પણ સુખનો હૈયાથી ત્યાગ કરી, પ્રશમન. અપરિમિત આત્મસુખને ભોગવ. કારણ પ્રશમનું સુખ કલેશ વિના સાધ્ય, લજ્જા નહિં પમાડનારું અને પરિણામે સુંદર, મનોહર અને આ વિષયજનિત સુખ કરતાં અનંતગણું છે. આ પ્રશમસુખમાં જ રાગી ધીર અને પરમાર્થના સાધક મહાત્માઓને ધન્ય છે કે જેઓએ અનંત જન્મ-મરણની પરંપરાના કારણ આ વિષયસુખોનો ત્યાગ કરી આત્માની ગુણ સમૃદ્ધિ સ્વરૂપ શાશ્વત સુખને માટે જ પ્રયત્નશીલ બન્યા છે.

આ રીતે મહાપુરૂષોએ મનને જીતવા માટે બતાવેલા આ ઉપાયોનું ચિંતન કરી વિષયના વિરાગી અને કષાયના ત્યાગી બની આ સંસારથી વહેલામાં વહેલા પાર પામી અનંત સુખના ધામ મોક્ષ સુખને પામનારા બનો તે જ હાર્દિક શુભેચ્છા.

- (સમાપ્ત)

# પ્રશ્નોત્તર વાટિકા

*ગયા અંકથી ચાલુ*

*(૯૯) હાથીના કુંભસ્થળ વિ. માં મોતી થાય છે. તે મોતી સચિત કે અચિત છે. ?*

ઉત્પત્તિસ્થાનમાં મોતી સચિત છે. અને ત્યાંથી નીકળ્યા પછી વીંધેલા અથવા ન વિંધેલા અચિત્ત છે.

*(૧૦૦) મનુષ્યની સ્ત્રી સાથે કોઈ દેવ ભોગ ભોગવે તો તેનાથી ગર્ભ રહે?*

દેવોને ભવ પ્રત્યયિક વૈક્રિય શરીર હોય છે તેમાંથી બનાવેલા ઉત્તર વૈક્રિય શરીર દ્વારા મનુષ્યની સ્ત્રી સાથે સંબંધ બાંધે તો તેનાથી ગર્ભ રહેતો નથી પરંતુ ચક્રવર્તીને સત્તાએ ઔદારિક શરીર છે. તેના દ્વારા બનાવેલા ગુણપ્રત્યયિક વૈક્રિય શરીર દ્વારા સ્ત્રી રત્ન સિવાય અન્ય સ્ત્રીઓને ગર્ભ રહે છે. પુત્ર વિ. ઉત્પન્ન થાય છે. સ્ત્રી રત્નને મૂળ ઔદારિક શરીર દ્વારા જ સંબંધ કરે છે. છતાં તેમાં સંખાવર્ત યોનિમાં અતિપ્રબળ કામાગ્નિ પરિતાપથી ગર્ભ વિધ્વંસપણાને પામે છે.

*(૧૦૧) ચક્રવર્તીનું સ્ત્રી રત્ન છઠ્ઠી નરકે અને અશ્વરત્ન આઠમાં દેવલોક જાય છે તેનું કારણ શું?*

ચક્રવર્તી જો ચક્રવર્તી પણાનો જીવતા સ્વેચ્છાએ ત્યાગ કર્યા વિના મરે તો નિયમા સાતમી નરકમાં જાય છે. મતાંતરે કોઈપણ નરકમાં જાય છે. જ્યારે સ્ત્રી રત્ન નિયમા છઠ્ઠી નરકમાં જાય છે. તેનું કારણ સ્ત્રી રત્ન જ્યારે વિકારને ધારણ કરે છે ત્યારે ચક્રવર્તી સિવાય અન્ય કોઈપણ પુરુષ તેને ભોગવી શકતો નથી તેથી ચક્રવર્તીના વિરહમાં તીવ્ર કામાગ્નિના કારણે ઝુરે છે તેથી મરીને નિયમા છઠ્ઠી નરકે જાય છે જ્યારે અશ્વરત્નને શરૂઆતમાં બળજબરી બ્રહ્મચર્ય પળાવે છે. પછી પોતે સંયોગોને સ્વીકારીને શાંત બની જાય છે અને નિયમા આઠમા દેવલોકમાં જાય છે.

*(૧૦૨) આયંબેલમાં હળદર અણાહારી હોવાથી કલ્પે?*

ગૃહસ્થોને આયંબેલમાં હળદર નાખેલી કોઈ પણ વસ્તુ કલ્પી શકે નહિ. હળદરના ગાંઠીયા અણાહારી ગણેલ છે. પીસેલી હળદર અણાહારી નથી. રસોઈ વિ. માં સ્વાદને વધારવા માટે નંખાય છે. સાધુઓને તો ગૃહસ્થે પોતાના માટે બનાવેલ પિંડ લેવાનું વિધાન હોવાથી હળદર નાંખેલી ખીચડી, ખાખરા, ચણા વિ. તથા જીરા મિશ્રિત પાપડ ખીચીયા અને દીવેલથી મોએલા ઘઉં ચોખાની બનેલી વસ્તુ અને રોટલી તથા ખાખરામાં સામાન્ય મોણ નાંખેલુ હોય તો પણ આયંબેલમાં આમાંની કોઈપણ વસ્તુ ગૃહસ્થોને આયંબલમાં કલ્પી શકે નહિ.

*(૧૦૩) કોઈ ચૌદ નિયમ ધારતા શ્રાવકે નિયમ ધારતી વખતે અથવા દિશા પરિણામ વ્રતના પચ્ચક્ખાણ કરતી વખતે ૧૦ કી.મી. ઉપર ચારે દિશામાં જવુ નહિ તેવો નિયમ કરેલ હોય અને ધર્મકૃત્ય માટે જવાનું થાય તો જવુ કલ્પે કે નહિ?*

પચ્ચક્ખાણ કરતી વખતે કે નિયમ ધારતી વખતે વિવેક રાખવો જોઈએ પરંતુ મુખ્ય રીતે તો તેમાં સંસારના આરંભનું પચ્ચક્ખાણ હોય છે. તેથી માત્ર ધર્મકૃત્ય માટે અથવા ધર્મોપદેશ સાંભળવા માટે ૧૦ કી.મી.ના નિયમથી પણ ઉપરના ક્ષેત્રમાં જયણા પૂર્વક જઈ અને ત્યાં ગયા પછી કોઈપણ સાંસારિક કાર્ય કરવુ નહિ. આ રીતે કરવાથી નિયમભંગ થયો ગણાય નહિ.

*(૧૦૪) જિનાલયમાં ઘંટ ક્યારે વગાડાય?*

પૂજા કરનારા આરાધકોએ દ્રવ્યપૂજા પૂર્ણ થાય ત્યારે નાદ પૂજારૂપ ઘંટ વગાડાય છે. પૂજા નહિ કરનારા શ્રાવકો વિ. પણ દર્શન કરી સાથીઆ વિ. દ્રવ્યપૂજા કરી ઘંટ વગાડાય પછી ચૈત્યવંદનાદિ કરવુ જોઈએ તેમ જણાય છે.

*(૧૦૫) દેવદ્રવ્યની વૃધ્ધિ માટે ઉચિત વ્યાજ આપીને શ્રાવકો તે દ્રવ્ય વ્યાજે રાખી શકે?*

દેવદ્રવ્ય વિ. કોઈપણ ધર્માદા દ્રવ્ય શ્રાવકે વધુ વ્યાજ આપીને પણ વ્યાજે રાખવુ યોગ્ય નથી અને દેવદ્રવ્યાદિના મકાન દુકાન વિ. પણ ભાડુ આપીને વાપરવા ઉચિત નથી. કારણ કે પરિણામ નિશૂક થઈ જાય. દેવદ્રવ્ય જ્ઞાનદ્રવ્યનો અંશમાત્ર પણ ઉપભોગ થઈ જાય તો સંકાશ શ્રાવકની જેમ ભવિષ્યકાલમાં અત્યંત દુષ્ટ વિપાક આપે છે.

*(૧૦૬) કૃષ્ણ વાસુદેવે ૧૮ હજાર સાધુઓને વિધિપૂર્વક દ્વાદશાવર્તવંદન કર્યું તે વાત સાચી છે.?*

બાવીસમાં તીર્થપતિ શ્રી નેમિનાથ ભગવાન પોતાના ૧૮૦૦૦ સાધુઓના પરિવાર સહિત દ્વારિકા નગરીમાં સમવસર્યા ત્યારે વધામણી સાંભળીને કૃષ્ણ મહારાજા પરિવાર સહિત વંદનાર્થી આવ્યા અને મનમાં ગુણ પ્રત્યેના અનુરાગથી સઘળાય સાધુઓને વંદન કરવાની ભાવનાથી થાવચ્ચા પુત્ર વિ. અગ્રેસર મુનિઓને દ્વાદશાવર્ત (બૃહદ્) વંદન બહુમાનથી વિધિપૂર્વક કર્યા તેમાં તેમનો પરિવાર સમાઈ ગયો તેથી મને કરીને ૧૮ હજાર સાધુઓને વંદન કરેલા જ છે તેમ કહેવાય. તેમ માનવામાં ન આવે સમયની મર્યાદા જળવાતી નથી કેમકે તે વખતે પણ દિવસ કાંઈ મ્હોટો ન હોતો. સાથે વીરા સાળવીએ પણ વંદન કર્યા.

*(૧૦૭) કૃષ્ણ મહારાજાએ તથા વીરા સાળવીએ ૧૮૦૦૦ સાધુઓને વંદન કર્યા તેથી બંનેને શું લાભ થયો?*

કૃષ્ણ મહારાજાએ આ લોકમાં સાધુ ભગવંતો ઉત્તમ છે. તે વંદનીય પૂજનીય છે. એમ વિચારીને કોઈ પણ જાતના ભૌતિક સ્વાર્થ કે સંબંધ વિના ગુણ પામવાની ભાવના પૂર્વક નિસ્પૃહ ભાવથી ૧૮૦૦૦ સાધુઓને વિધિ પૂર્વક વંદન કરવાથી ઉત્તમ કોટીના લાભો પ્રાપ્ત થયા.

ક્ષાયિકભાવનું સમ્યગ્દર્શન પ્રાપ્ત થયુ, તિર્થંકર નામ કર્મનો બંધ થયો અને સાતમી નરકને પ્રાયોગ્ય દલિકો ઉપાર્જન કરેલ તેમાંથી ચાર નરકને યોગ્ય કર્મના દળિયા દૂર થયા. ત્રીજી નરકને પ્રાયોગ્ય કર્યા તેથી દોષની હાનિ અને ગુણની વૃધ્ધિ થઈ સાથે માત્ર દેખાદેખીથી (કોઈપણ જાતના ગુણના અનુરાગ વિના) વીરા સાળવીએ પણ વંદન કર્યા તેમને માત્ર કાયકલેશ થયો અર્થાત કોઈ પણ જાતનો લાભ થયો નહિ.

(૧૦૮) કોઈ પણ અનુષ્ઠાન કરાવતા પહેલા પ્રભાવનાની જાહેરાત કરવામાં આવે તો અનુષ્ઠાનમાં ઘણાં જોડાઈ શકે તે હેતુથી પ્રભાવનાની જાહેરાત કરવા પૂર્વક કોઈપણ અનુષ્ઠાન કરાવવામાં આવે તો કરાવનાર તથા કરનારને લાભ થાય?

પરમ તારક વીતરાગ પરમાત્માના શાસનનું કોઈપણ અનુષ્ઠાન સંસાર સાગરથી પાર પામવા માટે છે. અને તે અનુષ્ઠાન કોઈપણ જાતના ભૌતિક (પ્રભાવના વિ.) પ્રલોભન વિના માત્ર રાગા દે દોષોને દૂર કરી ક્ષમાદિ ગુણોને પામવાની ભાવનાથી કરવાના હોય છે. અને તે અનુષ્ઠાન કરનારા આત્માનુ બહુમાન ભક્તિ પણ અનુષ્ઠાનની અનુમોદના રૂપે કરવાથી કરનારને પણ લાભ થાય છે. પરંતુ અનુષ્ઠાન કરનારાની સંખ્યા વધુ થાય તે હેતુથી પૂર્વ પ્રભાવનાની જાહેરાત કરવી તે બિલકુલ યોગ્ય ન ગણાય. લાલચથી કરેલો ઉત્તમ ધર્મ પણ તાત્વિક દ્રષ્ટિએ આત્માના પરિણામને કલુષિત કરે છે. પ્રભાવનાની જાહેરાત થાય ત્યાં અનુષ્ઠાન કરવાથી પણ કરનારને તથા કરાવનારને બંનેને લાભ તો ન જ થાય પરંતુ નુકશાન થાય. માત્ર સંખ્યા જ ગણવી હોય અને મારી નિશ્રામાં આટલા અનુષ્ઠાનો થયા આટલી સંખ્યા થઈ વિ. બતાવવુ હોય તેમાં પૂજ્યોને પણ લાભ ક્યાંથી થાય. (નુકશાન થાય) આ લોકની કોઈપણ ભૌતિક લાલચથી ધર્મ કરવામાં આવે તો તે ધર્મના અનુષ્ઠાનને વિષાનુષ્ઠાન કહ્યું છે. કબીરજીએ પણ કહ્યુ છે કે

ખેતરે બિગાર્યો ખરતુઆ સભા બિગારી કૂર
ભક્તિ બિગારી લાલચે જ્યોં કોસરમેં ધૂળ

ખડ (નકામું ઉગેલુ ઘાસ) ખેતરને બગાડે છે. મૂરખ માણસ સભાને બગાડે છે. લાલચ ભક્તિને બગાડે છે જેવી રીતે ધૂળ કેસરને બગાડે છે.

*(ક્રમશઃ)*

# જ્ઞાન ગુણ ગંગા

પ્રજ્ઞાંગ

* શ્રી જંબૂકુમારની ભાવના. (અભ્યંતર કુટુંબની વિચારણા।

''अहमान रे कुटुम्बेऽनुरक्तकोऽस्मि, अहमौदासीन्य गृहे वत्स्य मि, विरतिमातुः सेवां करिष्यामि, योगाभ्यसो मे वि ा, समता धात्री माता, नीरागतैवाऽभीष्टा मम भगिनी, बन्धु र्विनय एवानुयायी, विवेक एवाङ - गजः, सुम तिरेव प्राणप्रिया, ज्ञान मेवा मृतं भोजनं, सम्यक्त्वमेवाऽक्षयो निधिः, अस्मिन् कुटुम्बे ममानुरागः तपस्तुरङगममारुह्य भावनाकवचं परिधाय अभयदानादिकै मेन्त्रिभिः सहितः सन्तोषसेनापतिमग्रेसरं कृत्वा संयम गुण सेनां सज्जीकृत्य क्षपक श्रेणिरुपया गजघटया परिवृत्तो गुर्वाज्ञामेव शिरस्त्राणं धृत्वा, धर्मध्यानासिना आन्तरां दुःख दायिनीं मोहसेनां हनिस्यामीति''॥

ભાવાર્થ :- આ ભરતક્ષેત્રના આ કાળના છેલ્લા કેવલી શ્રી જંબૂ સ્વામી મહારાજા, દીક્ષા પૂર્વે જે ભાવના ભાવે છે કે - હું અભ્યંતર - કુટુંબમાં અનુરાગી છું. હું ઔદાસીન્ય નામના ઘરમાં રહીશ, વિરતિ માતાની સેવા કરીશ. યોગનો અભ્યાસ તે મારા પિતા છે, સમતા તે ધાત્રી માતા છે. નીરાગતા તે મારી પ્રાણપ્રિય ભગિનિ છે, મને અનુસરનારો વિનય એ મારો બંધુ છે, વિવેક એ મારો પુત્ર છે, સુમતિ તે મારી પ્રાણ વલ્લભા પ્રિયા - પત્નિ છે, જ્ઞાન એ જ અમૃત ભોજન છે, સમ્યક્ત્વ જ મારો અક્ષયનિધિ છે - આ જ કુટુંબમાં મારો અનુરાગ છે. જેના કારણે તપ રૂપી અશ્વ ઉપર બેઠીને ભાવના રૂપી બકખતર પહેરીને, અભય દાનાદિ મંત્રીઓની સાથે સંતોષરૂપી સેનાપતિને આગળ કરીને, સંયમ રૂપી ગુણસેનાને તૈયાર કરીને, ક્ષપક શ્રેણી રૂપી હાથીની ઘટાથી પરિવાયેલો, ગુર્વાજ્ઞા રૂપી શિરસ્રાણ ને ધારણ કરીને ધર્મ ધ્યાન રૂપી તલવારથી દુઃખ દાયિની એવી મોહ સેનાને હણીશ.''

---

**આ અંકનું ચિંતન**

## સુખનાં અર્થિ છતાં અનંતભવ ભમણ દુઃખનું ભાજન થાય છે

જેમ મહા સાહસ પક્ષી રસનેન્દ્રિયનાવશથી પરિણામથી રહિત, ક્રિયાને જાણવાં છતાં માસની ગૃધ્ધિથી સુતેલા સિંહના ઉઘાડા મુખનાં દાંતમાં ભરાયેલ માંસ માટે મોઢામાં પ્રવેશી જલ્દી માંસ ખેંચી ઝાડ ઉપર બેસી માસાહસ, માસાહસ (સાહસ ન કરો) એમ બોલતો, માંસ ખાઈને ફરી ફરી તેમ કરવાથી અટકટો નથી. એક વખત સિંહનું મોંઢુ બંધ થવાથી અંદરજ પીલાઈને દુઃખી થયો. સુખનો અર્થિ છતાં મરણ વિગેરે દુઃખને સેવે છે, તેમ પાર્શ્વસ્થા ઉપલક્ષણથી કુશીલીયા વિગેરે લોકોત્તર દેખાતા જિન આગમશ્રુત ભણેલા પણ પ્રમાદથી ભવ દુઃખ જાળમાં પડવાના હેતુને જાણવાં છતાં, ઈન્દ્રિય વિગેરે સુખની લંપટપણાથી, બીજાને શિવમાર્ગ, અનુકુળ અનુષ્ઠાન વિગેરે ઉપદેશ આપતાં છતાં અસંયમ સ્થાનમાં પ્રવર્તનારા એવા પોતે કરતાં નથી. સુખના અર્થિ છતાં અનંતભવ ભ્રમણ દુઃખનું ભાજન થાય છે, વળી કેટલાક બ્રહ્મચર્ય વિગેરે કિંચિત ક્રિયા વિગેરેથી કિલ્બિષિક દેવોમાં ઉત્પન્ન થાય છે, અને ત્યાંથી ચ્યવીને પ્રાયે ભવ ભ્રમણજ થાય છે.

એમ માસાહસ પક્ષિ જેવા મનુષ્યો ધર્મ જાણવા છતાં ભવમાં ભ્રમણ કરે છે.

(ઉપદેશ રત્નાકર)

# जैन इतिहास की "५००" की अनुपम विशेषता

卐 ५०० रथ में ५०० रानियों को बिठाकर भव्यता से दशार्णभद्र राजा प्रभुवीर के पास गये।
卐 ५०० वर्ष के आयुष्य वाले जुठल श्रावक को उनकी पत्नियों ने जला डाला था।
卐 ५०० गांव की जागीर धन्यकुमार को राजकुंवरी के लग्न के समय शतानिक राजा ने भेंट दी।
卐 ५०० गांव भेंट में मिलते हुए भी नलरजा ने नही स्वीकारी।
卐 ५०० श्लोक एक ही रात में धर्मसिंह मुनिवर ने कंठस्थ किये थे।
卐 ५०० चारों के नायक अभग्गसेन की आठ पत्नियां थीं।
卐 ५०० धनुष्य का अंतर ज्योतिष देवी में तारामंडल देवों का होता है।
卐 ५०० सोना मोहर सोमदेव श्रेष्ठी ने गुरु-भगवन्त समक्ष गहुंली पर रखी थी।
卐 ५०० माईल ऊंचा रजत निर्मित शुक्र का विमान है।
卐 ५०० माईल विस्तारवंत मंगल का विमान है।
卐 ५०० रानियां छह भाषा को समझने वाली शालिवाहन राजा की थीं।
卐 ५०० शिष्यों के गुरु श्री सुमंगलाचार्य मुत्यु पाकर अनार्यदेश में उत्पन्न हुए।
卐 ५०० द्रम देकर मुस्लिम के पास रही जिनप्रतिमा मेघाशा ने प्राप्त की थी।
卐 ५०० धनुष्य की अवगाहन वाले मनुष्य भरतक्षेत्रे में चौथे आरे में होते हैं।
卐 ५०० योजन मूल में चोडै गजदंता पर्वत है।
卐 ५०० योजन पूर्व में पश्चिम में लम्बे १६ वक्षकार पर्वत हैं।
卐 ५०० योजन ऊंचे वक्षकार पर्वत रत्नमय हैं।
卐 ५०० योजन ऊंचे शिखर १६ वक्षकार पर्वतों के हैं।
卐 ५०० योजन ऊंची ९ (नौ) कुटो नीलवंत पर्वत की है।
卐 ५०० शिष्यो के गुरु नयशील सूरि ईयाकाले काल कर नाग बने थे।
卐 ५०० मुनिवरों के साथ विचरण करते सोमसुन्दर सूरि ने छह विगई त्यागी थी।
卐 ५०० आयम्बिल के आराधक वर्धमानसूरि शंखेश्वर तीर्थ के अधिष्ठायक बने है।
卐 ५०० वर्ष से अधिक पल्योपम का उत्कृष्ट आयुष्य सूर्य की देवी का होता है।
卐 ५०० बार पुंडरिक-कंडरिक अध्ययन का स्वाध्याय वज्रकुमार ने पूर्वभव में किया था।
卐 ५०० पौषध गुजरात के दीव बंदर (शहर) में पू. हीरसूरिजी निश्रा में होते थे।
卐 ५०० दुकान-वाहन-बैलगाडों का परिग्रह परिमाण कुबेर श्रेष्ठी ने लिया था।
卐 ५०० राजकुमारों के साथ सोमराजकुमार ने पार्श्वनाथ भगवान के पास दीक्षा ली थी।
卐 ५०० पंडितों से परिवृत महेन्द्रपाल राजवी ने बहुश्रुत पद की आराधना की थी।
卐 ५०० श्रेष्ठिपुत्रों के साथ दीक्षा लेने वाले वीरभद्र श्रेष्ठी आगामी काल में तीर्थकर होंगे।
卐 ५०० रोहीणी आदि महाविद्या विद्याप्रवाह नामक चौदह पूर्व के पूर्व में आती है।
卐 ५०० मुनिवरों के साथ श्री अर्हन्नाचार्य अंग-वंग-कलिंग की ओर विचरे थे।
卐 ५०० मुनियो के साथ श्री यवाचार्यजी ने काशी-कौशल में विचरण किया था।
卐 ५०० रानियों का त्याग कर महाबल राजवी ने दीक्षा ग्रहण की थी।

*- आत्मिक मुक्ति (क्रमशः)*

# ધર્મ જ શરણ

**પૂ. મુ. શ્રી પ્રશાંત દર્શન વિજયજી મ.**

" અનાયાસેન મરણં, વિના દૈન્યેન જીવનમ્ ।
દેહાન્તે તવ સાનિધ્યં, દેહીમે પરમેશ્વર ! ॥"

અનંત દુ:ખમય અસાર એવા આ સંસારથી બચવા અને અનંત સુખમય મોક્ષને પામવા, ધર્મની આરાધના કરનાર પુણ્યાત્મા, રોજ ભગવાનની આગળ પ્રાર્થના કરે છે કે " હે પરમેશ્વર ! જન્મની સાથે મરણ નિયત છે તો મને સહજ સ્વાભાવિક સમાધિમરણની પ્રાપ્તિ થાઓ. સંસારમાં કર્મજન્ય સારા કે ખરાબ પ્રસંગો બનવાના. તો મનગમતામાં મહાલું નહિ અને અણગમતાંમાં અકળાવું નહિ. ગમે તેવી વિપરિત પરિસ્થિતિ પેદા થાય તો ય દીનતા રહિત મારું જીવન હો. આપના સ્મરણમાં લયલીન બનુ અને આપનું સાચા ભાવે શરણ સ્વીકારી. આપના નામોચ્ચારણ પૂર્વકજ મારા પ્રાણ ચાલ્યા જાઓ. અર્થાત્ જીવનના છેલ્લા શ્વાસ સુધી એક માત્ર આપનું સ્મરણ જ મારો સથવારો બનો અને બધાને હું ભુલી જાઉં - આવી દશા આપની કૃપાથી મને પ્રાપ્ત થાઓ - તેટલું જ હું માંગુ છું. તે માટે રોજ વિચારો કે,

" આખા સંસારનું મૂળ ભોગતૃષ્ણા છે. વિષયાભિલાસમાં લુબ્ધ બનેલા જીવો સંસારમાં વિવિધ પ્રકારની સવી વિપત્તિ અને વિડંબણાઓ પામે છે જેનું વર્ણન પણ થઈ શકે નહિ. વિષયરાગમાં મોહિત બનેલા જીવો કાર્યાકાર્ય, ભક્ષ્યાભક્ષ્ય, ગમ્યાગમ્યના વિવેકહીન બની આ લોક અને પરલોકમાં દુ:ખો વિના બીજું કશું પામતા નથી. આ લોક અને પરલોકમાં શરીર અને મન સંબંધી બધા જ દુ:ખોનું કારણ આ રાગ છે. રાગાંધ જીવો નરક કરતાં પણ અધિક વેદનાને પામે છે. એટલું જ નહિ પ્રિયજનના વિરહ - વિયોગમાં એવી અસંમજસ પ્રવૃત્તિ કરી દુ:ખોથી સંતપ્ત બને છે જેને ઠારવા કોઈપણ શીતલ પદાર્થ સમર્થ બનતો નથી. અગ્નિથી બળ્યાની પીડા થાય છે પણ તેના કરતાં પણ રાગાગ્નિથી બળ્યાનો કે બળતાની પીડાનો અનુભવ થતો નથી. તેનું કારણ રાગ શત્રુ હોવા છતાં મિત્ર લાગે છે. રાગથી મોહિત થયેલા જીવો વધ - બંધ - મરણાદિના અને દુર્ગતિના વિવિધ દુ:ખોને સહન કરે છે. રાગ જ દુ:ખ રૂપ છે. બધી આપત્તિનું મૂળ છે અને રાગમાં જ મજા માનનારા ભયાનક ભવસાગરમાં ભમે છે છતાં પણ રાગ દુ:ખ રૂપ લાગતો નથી તે જ મોહનો પ્રભાવ છે !

રાગના ત્યાગની અને ત્યાગના રાગની ભાવના આત્મસાત્ કરવા વિચારવું કે આ સંસાર અસાર છે, કર્મના પરિણામો વિચિત્ર છે, કર્માધીન જીવો નરકમાં અતિદારૂણ અને દુ:સહ વેદનાઓ વેઠે છે. ઈન્દ્રિયનો સમૂહ ચપળ-ચંચલ છે, રાગ-દ્વેષ-મોહ દુર્જય છ, ચિત્ત ચંચલ છે, વિષયોનો ઉપભોગ કિંપાકના ફલના સ્વાદ જેવો છે, પ્રિયજનનો વિરહ અતિદુ:સહ છે, કામલલિતોના વિપાક બહુ કટુ છે, રાગ પૂર્વક સેવાતી - ભોગવાતી સ્ત્રીઓ નરકની વાટ સમાન છે, તૃણના અગ્ર ભાગ પર રહેલા જલબિંદુ જેવું ચંચલ, ક્ષણિક જીવિત છે, મરણ બધાને સર્વસામાન્ય છે, જીવો ઠગવામાં તત્પર છે, કષાયનો તાપ અસહ્ય છે, ઘરવાસ નરકાવાસનું કારણ છે, ધર્મમાં મતિ પણ દુર્લભ છે, ઘણાં વિઘ્નવાળા દિન-રાત છે, લક્ષ્મી ચંચલ છે, પ્રેમ સ્વપ્નોપમા જેવો છે, આર્ય દેશાદિ, જૈન કુળાદિની પ્રાપ્તિ અતિ દુર્લભ છે, અજ્ઞાનનો વિપાક દુ:ખ દાયી છે, મોટોભાગ મિથ્યાત્વથી વ્યામૂઢ બન્યો છે, પરિણામો પણ અસ્થિર છે, શુભ ભાવો હાનિસ્વભાવ વાળા છે, પ્રમાદ ડગલે-પગલે પીડા કરે છે, શરીરનું સામર્થ્ય ક્ષીણ થાય છે, આયુષ્ય અલ્પ છે, અતિદુ:ખોથી વ્યાપ્ત સંતપ્ત એવી ચારે ગતિમાં એક માત્ર શ્રી જિનધર્મને છોડી, બીજું કોઈ જ શરણરૂપ નથી. માટે સાચા ભાવે શ્રી જિનધર્મનું શરણ સ્વીકારવું શ્રેયસ્કર છે."

# આગ્રહ : દોષ કે ગુણ ?

પૂ. મુ. શ્રી હિતવિજયજી મ.

સવાલ એ છે કે આગ્રહ એ દોષ છે કે ગુણ છે ? આગ્રહ જો દોષરૂપ હોત તો આપણા ભગવાને 'આગ્રહ કરીને મુનિને દાન આપવું અને આગ્રહ કરીને સાધર્મિકોને જમાડવા' એવો ઉપદેશ ન જ આપ્યો હોત.

ગુણવાન એવો સજ્જન કદી પણ નિંદાપાત્ર અને અનાદરણીય હોતો નથી, પણ એ જ્યારે દુર્જનના સંગમાં જઈ પડે છે ત્યારે જ નિંદાપાત્ર અને અનાદરણીય બને છે. આમાં દોષ દુર્જનનો હોય છે, સજ્જનનો નહિ. એવી જ રીતે જે સ્વયં ગુણરૂપ છે એવા આગ્રહમાં જ્યારે અવિવેક નામનો દોષ ભળે છે ત્યારે એ દોષના કારણે જ આગ્રહ નિંદાપાત્ર ને અનાદરણીય બની જાય છે. આમાં દોષ આગ્રહનો નથી હોતો, પણ એમાં ભળેલા અવિવેકનો જ હોય છે, માટે આપણા આગ્રહમાં અવિવેક નામનો દોષ ભળી ન જાય એનો ખ્યાલ રાખવો જોઈએ.

હવે મહત્ત્વનો સવાલ એ ઊભો થાય છે કે આગ્રહ જયારે ગુણરૂપ હોય ત્યારે એનો નિષેધ થઈ શકે ખરો ? જેમ વિનય એ ગુણ છે તો એનો નિષેધ થઈ શકતો નથી, 'તમે વિનય કરશો નહિ' એમ કોઈને કહેવાતું નથી. 'તમે અવિનય કરશો નહિ' એમ કહેવાય, પણ 'વિનય કરશો નહિ' એમ ન જ કહેવાય. એવી જ રીતે આગ્રહ એ ગુણ હોવાથી એનો પણ નિષેધ થઈ શકે નહિ. 'તમે આગ્રહ કરશો નહિ' એમ પણ કોઈને ન જ કહેવાય. કહેવું હોય તો એમ કહેવાય કે, 'આગ્રહ જરૂર કરજો, આગ્રહ તો કરવો જ જોઈએ, પણ આગ્રહ વિવકપૂર્વક કરજો, આગ્રહની સાથે વિવેક અવશ્ય રાખજો. જેમ આગ્રહ એ ગુણ છે તેમ વિવેક એ પણ ગુણ જ છે. 'તમે વિવેકપૂર્વક આગ્રહ કરજો' એમ બોલવાથી ગુણમાં ગુણ ભેળવ્યો કહેવાય,

આગ્રહરૂપી દૂધમાં વિવેકરૂપી સાકર ભેળવી કહેવાય.

આટલી પાયાની વાત બરાબર પાકી કરી લીધા બાદ હવે આપણે મુનિને દાન આપવાના અને સાધર્મિકોને જમાડવાના મૂળભુત મુદ્દાની વિચારણા પર આવીએ : પૂ. મુનિ ભગવંત ગૃહસ્થને ત્યાં ગોચરી વહોરવા પધારે છે ત્યારે કેટલીકવાર ત્યાં રહેલા કેટલાકલ, મુનિને સુપાત્રદાન આપનાર પુણ્યાત્માને એવી સલાહ આપતા હોય છે કે 'જો જો હં ! મહારાજ સાહેબને આગ્રહ ન કરતા, તેઓ કહે તેટલું જ વહોરાવજો, આવી સલાહ આપનારનો આશય ખોટો કે ખરાબ નથી હતો, આમ છતાં એમનામાં અજ્ઞાનજન્ય દોષ અવશ્ય હોય છે. તેથી પોતાની અયોગ્ય સલાહ પણ એમને યોગ્ય લાગતી હોય છે. એમની સલાહ શા માટે અયોગ્ય હોય છે એ બાબતનો ઊંડાણથી વિચાર કરવા યોગ્ય છે. 'આગ્રહ કરશો નહિ' એવું બોલવામાં આવે છે ત્યારે બને છે શું એ સારી રીતે સમજી લેવા યોગ્ય છે.

આચારસંપન્ન, જ્ઞાની એવા ઉત્તમ મુનિ વહોરવા જાય ત્યારે અવશ્ય સંકોચ રાખીને વહોરે. તેઓ સંકોચ રાખીને વહોરે એમાં જ એમની ઉત્તમતા, એમાં જ એમની સંસ્કારિતા અને એમાં જ એમની શોભા !

એવી જ રીતે ઉત્તમકુળમાં જન્મેલા પુણ્યાત્માઓ, ઉત્તમકુળના સંસ્કારો અને આચારો મુજબ જમતી વખતે માગવાની બાબતમાં હંમેશા શરમ અને સંકોચ અનુભવે ! તેઓ પોતાના ઘરમાં પણ જ્યારે માગવામાં શરમ અને સંકોચ અનુભવતા હોય ત્યારે પારકા ઘેર તો એઓ વધારે શરમાય ને વધારે સંકોચ અનુભવે એ સૌ કોઈ સમજી શકે એવી સીધી સાદી વાત છે. તેઓ જમવામાં શરમને કારણે સંકોચ અનુભવે એમાં જ એમની ઉત્તમતા, એમાં જ એમની સંસ્કારીતા, એમાં જ એમની ખાનદાની અને એમાંજ એમની શોભા !

હવે જ્યારે વહોરનારના પક્ષે સંકોચ રાખીને વહોરવું અને જમનારના પક્ષે સંકોચ રાખીને જમવું એ બાબત શોભાસ્પદ અને કર્ત્તવ્યરૂપ હોય ત્યારે વહોરાવનાર અને જમાડનારના પક્ષે શોભાસ્પદ અને કર્ત્તવ્યરૂપ શું હોઇ શકે ? આગ્રહ કરીને વહોરાવવું અને આગ્રહ કરીને જમાડવું એ બાબત શોભાસ્પદ અને કર્તવ્યરૂપ બને કે નહિ ?

એક તો ઉત્તમ મુનિ પોતાના આચાર મુજબ અને સ્વભાવથી પણ સંકોચ રાખીને જ વહોરતા હોય છે. હવે જ્યારે "આગ્રહ કરીને વહોરાવશો નહિ" એવા શબ્દો એમના કાનમાં પડે છે ત્યારે વહોરાવવામાં એમનો સંકોચ ખૂબ ખૂબ વધી જાય છે અને સામે પક્ષે વહોરાવનાર પણ વહોરાવવાની બાબતમાં ઔદાર્ય છોડી દઇને અતિશય સંકોચવાળા બની જાય છે. તેઓ ઉદારતાથતી વહોરાવવાને બદલે સંકોચ રાખીને મુનિને વહોરાવે છે. આમાં વહોરવું ને વહોરાવવું બંને બાજુ અંતરાય ઊભો થાય છે, તેથી 'આગ્રહ કરશો નહિ' એવું બોલનારનો આશય ખરાબ નહિ હોવા છતાં એનામાં રહેલા અજ્ઞાનજન્ય દોષને કારણે એને ક્યારેક અમુક સમય સુધી ખાવાપીવા ન મળે એવું ભોગાંતરાય કર્મ બંધાઇ જવાનો સંભવ રહે છે.

અહીં બોલવું હોય તો એમ બોલાય કે 'મહારાજ સાહેબ તો સંકોચ રાખીને જ વહોરે. સંકોચ રાખીને વહોરવું એ એમનો આચાર છે, એમનું કર્તવ્ય છે, પરંતુ આગ્રહ કરીને વહોરાવવું એ આપણો આચાર છે, આપણું કર્ત્તવ્ય છે.' માટે વિવેક સાચવીને આગ્રહ તો જરૂર કરજો. આપણે આગ્રહ નહિ કરીએ તો મહારાજ સાહેબ સંકોચ રાખીને ઘણું થોડું વહોરશે અને આપણને લાભ ઓછો મળશે. આવું બોલવાથી વહોરનાર અને વહોરાવનાર એમ ઊભયપક્ષે વહોરવા વહોરાવવાની બાબતમાં સંકોચ દૂર થતો હોવાથી, આવું બોલનાર પુણ્યાત્મા પૂર્વે બાંધેલા ભોગાંતરાય કર્મોને ખપાવે છે એટલું જ નહિ, ભવાંતરમાં પોતાને ભરપૂર ભોગસામગ્રી મળે એવું પુણ્યકર્મ પણ બાંધે છે.

એવી જ રીતે સાધર્મિકો જમતા હોય ત્યાં 'આગ્રહ કરશો નહિ', તેઓ કહે તેટલું જ એમને પીરસજો' આવા શબ્દો બોલવાથી જમનારને જમવામાં અને પીરસનારનો પીરસવામાં સંકોચ વધી જાય છે. જમનાર ઓછું જમે છે અને પીરસનાર ઓછું પીરસે છે. આમ જમનાર અને જમાડનાર એમ ઊભયપક્ષે જમવા-પીરસવાની બાબતમાં અંતરાય ઊભો થતો હોવાથી 'આગ્ર કરશો નહિ' એવું બોલનારને અજ્ઞાનજન્ય દોષને કારણે ભવાંતરમાં અમુક સમય સુધી ખાવાપીવા ન મળે એવું દુ:ખદાયી ભોગાંતરાય કર્મ બંધાઇ જવાનો સંભવ રહે છે.

અહીં ઋષભદેવ ભગવાનના જીવનો 'તમારું કામ પત્યા પછી બળદોના મોઢેથી તરત જ શીકું છોડી નાખજો' એટલું કહેવાનું પ્રમાદમાત્રથી રહી જવાને કારણે, ભોજનમાં અંતરાય કરવાનો ભાવ મુદ્દલ નહિ હોવા છતાં ઋષભદેવના ભવમાં દીક્ષા લીધા પછી ૧૩ મહિના સુધી આહારપાણી ન મળે એવું ભોગાંતરાય કર્મ બંધાઇ ગયું એ બાબત ધ્યાનમાં લેવા યોગ્ય છે.

માટે સાધર્મિક જમતા હોય ત્યારે 'એમને આગ્રહ કરશો નહિ' એમ બોલવું હિતકર નથી. ત્યાં બોલવું હોય તો એમ બોલાય કે 'એ તો પારકે ઘેર જમવા પધાર્યા છે, માટે એ તો શરમાય, ઉત્તમ માણસને યોગ્ય એવો સ્વાભાવિક સંકોચ એમને હોય જ. એઓ સંકોચ એમને હોય જ એઓ સંકોચ રાખીને જમે એ ન એમને માટે શોભાસ્પદ છે. આપણે આગ્રહ કરીને એમને જમાડવા એ આપણા માટે શોભાસ્પદ છે, એ આપણું કર્ત્તવ્ય છે. આપણે આગ્રહ કરીને નહિ જમાડીએ તો તેઓ ભૂખ્યા રહેશે ને આપણને કલંક લાગશે.' આવું બોલવાથી જમનાર અને જમાડનાર એમ ઊભયપક્ષે જમવા-જમાડવાની બાબતમાં સંકોચ દૂર થતો હોવાથી આવું બોલનાર પુણ્યાત્મા પૂર્વે બાંધેલા ભોગાંતરાય કર્મોને ખપાવે છે એટલું જ નહિ ભવાંતરમાં પોતાને ભરપૂર ભોગસામગ્રી મળે એવું પુણ્યકર્મ પણ બાંધે છે.

*ક્રમશ:*

સાર્વજનીક ટ્રસ્ટ રજી. નં. - ઈ. ૪૫૫-સુરેન્દ્રનગર. || સેવા એ મહાન ધર્મ છે ||

I.T Exam U/S 80 (5) No. HQ 3/33 (61) 95-96 Dated 28-6-95 Valid From 1-4-99 to 31-3-2003

# LIONS CHARITABLE FOUNDATION TRUST

## લાયન્સ ચેરીટેબલ ફાઉન્ડેશન ટ્રસ્ટ

થાનગઢ - ૩૬૩૫૩૦. (ગુજરાત)

Managing Trustee
**DR. RASIK J. THAKAR**
Azad Chowk, Thangath - 363530.
Phone : (02751) Clinic/Resi. 220769

President Trustee
**SHREE RAMJIBHAI MARU**
Sunrise Pottery Works, Thangadh - 363530.
Phone : (02751) O. 220314/220428 R. 220728

સુજ્ઞ મહાશય વડીલો તેમજ ધર્મપ્રેમી બંધુઓ તેમજ બહેનો,

આપસૌ મજામાં હશો. આપ સમક્ષ રજુઆત કરતા આનંદ થાય છે કે ઉપરનું અમારૂં આ ટ્રસ્ટ નીચેની પ્રવૃતિઓ કરી રહેલ છે. આપ સર્વે ધર્મપ્રેમી પરિવારો તરફથી પુરો સહકાર મળી રહેલ છે તે આનંદની વાત છે.

(૧) લાયન્સ ચેરીટેબલ ફાઉન્ડેશ ટ્રસ્ટ એક આંખની હોસ્પીટલ તેમજ જનરલ હોસ્પીટ્રલ ચલાવે છે. તેમાં આંખના મોતીયા તેમજ નેત્રમણીના ઓપરેશન ફ્રી થાય છે. તેમજ અન્ય ડોકટરો અલગ અલગ વિભાગના દર અઠવાડીએ આવે છે.

(૨) અત્યાર સુધીમાં પાણી માટે આ ટ્રસ્ટે આશરે **૬૦** તળાવો તેમજ ચેક ડેમો બનાવેલ છે અને અત્યારે હજુ પણ કામ ચાલુ છે.

(૩) વૃક્ષારોપણનું પણ કામ સરસ થાય છે અને અત્યાર સુધીમાં **૧૦,૦૦૦** રોપાઓ મોટા વટવૃક્ષ બની ગયા છે.

(૪) શૈક્ષણીકના બાલમંદિરથી કોલેજ સુધીના કાર્યો ચાલે છે. જેમાં સરકારી કોલેજ ગ્રાન્ટ નથી મળતી. આ બધુ કામ કરવા માટે રૂપિયાની ખુબજ જરૂર રહેતી હોય છે. માટે આપ સૌને અમારૂ આ ટ્રસ્ટ નમ્ર વિનંતી કરે છે કે આપ અમારી આ નીચેની સ્કીમમાં બની શકે તેટલી સહાય કરશો અને અમારા ઉત્સાહમાં વધારો કરશો. સ્કૂલની એક વીંગ ઉપર નીચે આઠ રૂમ જેની મુખ્ય તકતીના રૂા. **૭,૧૦,૦૦૦** નકરો છે. પછી બીજી સ્કુલની વીંગ ગ્રાઉન્ડ ફ્લોર જેનું બાંધકામ આશરે **૮૦૦૦** ફુટ જેનો નકરો મેઈન તકતીના **૧૦,૦૦,૦૦૦** (દશ લાખ) રૂપિયા રાખેલ છે. વીંગ-સી ફસ્ટ ફલોર જેનું બાંધકામ આશરે **૮૦૦૦** ફુટનું છે. જેનો વીંગ ઉપરનો નકરો **૧૦,૦૦,૦૦૦** (દશ લાખ) રાખેલ છે. સ્કૂલમાં ટોટલ રૂમ અમારી પાસે ૫૦ (પચાસ) તૈયાર છે. જેની સાઈઝ ૨૦ X ૨૦ છે અને જે બનાવવામાં આશરે **૧,૯૦,૦૦૦** એક રૂમનું ખર્ચ થયેલું છે. જેનો એક રૂમનો નકરો રૂા. **૩૫૦૦૦** છે.

(૫) નેત્રમણિના ઓપરેશન માટે એક કેમ્પ માટેનો નકરો રૂા. **૧૫૦૦૦** રાખેલ છે. જેમાં ૨૦ થી ૩૦ ઓપરેશન થતાં હોય છે. આ દરેક કામ આપણો ઓશવાળ સમાજ જે થાનગઢમાં **૨૦** ઘરોનો જ વસવાટ છે અને આ સમાજ **૯૦** ટકા કામ સંભાળતો હોય છે અને તેમાં આપણાં ઓશવાળ સમાજ તેમજ અન્ય જૈન સમાજ તેમજ અહીંયા સ્થાનીક તેમજ બહારગામ વસતા દરેક સમાજ આગળથી કાયમ માટે સહકાર મળતો રહે છે તો આપ તેમજ આપના મિત્રો આગળથી અમારા કામને પ્રોત્સાહન મળે તેવી હેલ્પ કરવા વિનંતી.

(૬) ડોળીયા તીર્થ નેશનલ હાઈવે પર આવેલું છે જેનો ટુકા ટાઈમમાં ખુબજ વિકાસ થયો છે તેનો વહીવટ પણ આપણાં સમાજનાં ભાઈઓ કરી રહ્યા છે.

(૭) આપ જ્યારે પણ આ બાજુ નીકળો ત્યારે થાનગઢ તેમજ ડોળીયા તીર્થની જરૂરથી મુલાકાત લેશો. અર્થ કેકમાં ડેમેજ થયેલી સ્કૂલોનું નવેસરથી નિર્માણ કરીને સરકારશ્રીને સોંપેલ જેનું ઓપનીંગ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલ. જે આપની જાણ માટે.

*લી. લાયન્સ ચેરીટેબ ફાઉન્ડેશન ટ્રસ્ટ*
*પ્રમુખ, શ્રી રામજીભાઈ લખમણભાઈ મારૂ*
*તેમજ ટ્રસ્ટી મંડળ*

### કોન્ટેક

**શાહ શ્રી છગનલાલ ખીમજી ગુઢકા**
નાયરોબી, કેન્યા(૦૦૨૫૪૨)
(ઓ.) ૩૭૪૫૫૯૧ (ઘર) ૩૭૪૧૧૧૦

**શ્રી રામજીભાઈ લખમણભાઈ મારૂ**
C/o. સનરાઈઝ પોટીરી વર્કસ
અમરાપર, થાનગઢ. ફોન : (ઓ.) ૨૨૦૪૨૮/૨૨૨૬૨૮

**શ્રી મગનલાલ લખમણ મારૂ**
થાણા, મુંબઈ.
(ઘર) ૨૫૪૨૫૫૨૫/૨૫૪૦૧૪૧૩

**શ્રી નિમીષ જયંતિલાલ ઘનાણી**
મોકબલા, કેન્યા. કોડ (૦૦૨૫૪-૧૧)
૪૭૪૨૩૮/૪૭૫૧૩૭

**શ્રી કેશવલાલ હેમરાજ સુમરીયા**
૧૨૩, કેપ્ટન લેઈન કેન્ટન કેરો, મીડલ સેકસ
J.H.A.S., UJ, UK. ૦૨૦૮ ૫૩૭-૯૭૭૫

ટ્રસ્ટ રજી. નં ૭ ૨ સુરેન્દ્રનગર એ. ૧૦૪૨
ફોન : ડોળીયા (૦૨૭૫૫) ૨૩૫૪૪
થાનગઢ (૦૨૭૫૧) ઓ. ૨૨૦૩૧૪, ૨૨૨૪૨
ઘર. ૨૨૦૮૨

શ્રી શંખેશ્વર નેમીશ્વર જિનેન્દ્ર પ્રાસાદ

# શ્રી જૈન હિતવર્ધક મંડળ

## નેશનલ હાઈવે, મુ. ડોળીયા (તા. સાયલા) જી. સુરેન્દ્રનગર. (સૌરાષ્ટ્ર)

સુજ્ઞ મહાશયો વડીલો તેમજ ધર્મપ્રેમી બંધુઓ તેમજ બહેનો,
આપ સૌ સાતામાં હશો. ત્યાં બીરાજતા દરેક હશો. ત્યાં બીરાજતા દરેક સાધુ ભગવંતો પૂજય સાધ્વીજી મહારાજ સાહેબો ને અમારા વતી સાતા પૂછશો. બીજુ આપ સૌને ખુબજ ખુશી સાથે જણાવવાનું કે આપણાં શ્રી શંખેશ્વર નેમીશ્વર તીર્થ ડોળીયાની **૧૪મી વર્ષગાંઠ તા. ૨-૩-૨૦૦૪** નાં રોજ ખુબજ હર્ષ ઉલ્લાસથી ધજારોપણ તેમજ ખૂબજ સારી સંખ્યામાં હાજર રહેતા ધર્મપ્રેમી ભાઈ બહેનો એના ઉત્સાહથી ઉજવેલ છે. આ તીર્થના પ્રેરણાદાતા હાલાર ઉધારક **પૂ.આ.શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ.** ના પટ્ટધર શાસન પ્રભાવક **પૂ.આ.શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.** તથા પૂ. પ્રવર્તક મુનિરાજ **શ્રી યોગીન્દ્ર વિજયજી મ.** ના ઉપદેશ અને તેઓશ્રીના માર્ગદર્શન મુજબ ભવ્ય રીતે આ તીર્થ અસ્તિત્વમાં આવ્યું છે. જે માટે આપણે તેમના કાયમ ૠણી છીએ. આ તીર્થમાં નીચે મુજબની વ્યવસ્થાઓ ઉભી કરેલ છે.

(૧) જૈન મંદિર, ૩ ઉપાશ્રય, યાત્રિકોને રહેવા માટેના **૨** મોટા હોલ તેમજ **<u>૫૦</u>** રૂમો તૈયાર છે. જેનો યાત્રિકોનો ખુબજ લાભ ટ્રસ્ટને મળે છે. ખુબજ મોટી ભોજન શાળા જેનું બાંધકામ **<u>૧૬૩૨૧</u>** ફુટ છે. છેલ્લે હમણા એક ધર્મશાળા બનાવી જે ટોટલ ૨૬ રૂમના દાતા **શ્રી દેવશીભાઈ પોપટ મોઢ** તેમજ તેમના ભાઈઓ તથા પરિવાર છે. અને આ લાભ તેમણે રૂા. ૧૧,૧૧,૧૧૧/- આપીને લીધો છે. ભોજન શાળામાં પણ રૂા. **૧૨,૫૦,૦૦૦** જેવું ડોનેશન આપી પુરક દાતા તરીકેનો લાભ લીધો છે. હજુ પણ ડોળીયા તીર્થમાં વધુ લાભ લેવા માટે તેઓ વિચારી રહ્યા છે. જેની જાહેરાત તેઓ ધર્મશાળાના ઓપનીંગ વખતે કરશે.
ભોજનશાળાની મેઈન તકતી તેમજ ધર્મશાળાની તકતીના દાતા **<u>શ્રી દીપચંદભાઈ ગાર્ડી સાહેબ</u>** છે. હોલના મુખ્ય દાતા **શ્રી મનસુખલાલ જીવરાજ - ભાડલાવાળા** છે. દાતાઓનાં હંમેશા ખુબજ સહકાર મળવાથી આ તીર્થ ખુંબજ ટુંકા સમયમાં વિસ્તાર પામ્યું છે. અને ભોજન શાળા પણ ફ્રી ચાર્જમાં ફક્ત ખુશી ભેટ ઉપરજ ચલાવીએ છીએ. અને દર મહીને **<u>૭-૮</u>** હજાર માણસોનો ભોજન શાળાનો લાભ મળે છે. આપણાં આ તીર્થમાં નીચેના તક્તિઓ તેમજ તિથિ અને ફોટા માટેની ડોનેશનની યોજના છે તો આપ યથા યોગ્ય ડોનેશન આપીને આપણા તીર્થને મદદરૂપ થવા વિનંતિ.

(૨) ધર્મશાળામાં જીર્ણોધ્ધાર કરેલ જેનાં <u>૮ રૂમ ગ્રાઉન્ડ ફ્લોર નો</u> નકરો <u>રૂા. **૧,૫૧,૦૦૦**</u> અને <u>૮ રૂમ ફર્સ્ટ ફ્લોર જેનો નકરો રૂા. **૧,૫૧,૦૦૦**</u> તેની જીર્ણોધ્ધારની તક્તિ લાગે.

(૩) ભોજન શાળામાં એક **<u>૩૨૦૦</u>** ફુટ (ભોયરૂ) છે જેની તકતી **<u>રૂા. ૧,૫૧,૦૦૦</u>**

(૪) ભોજન શાળામાં કાયમી તિથિ જેનો નકરો રૂા. **૪૦૦૦** છે

(૫) ભોજન શાળામાં ફોટા મુકવાના રૂા. **<u>૨૫૦૦</u>** ફોટાની સાઈઝ છે ૧૪ **X** ૨૦ જે ફોટો બનાવવાનું ખર્ચ સંસ્થા કરે છે. આપે એક નાનો ફોટો મોકલવાનો રહે.

(૬) જીવદયા માટે સાયલા - ચોટીલા તાલુકાના આજુ બાજુના **<u>૫૦</u>** ગામડાઓમાં પક્ષીઓ માટે ચણ મોકલીએ છીએ. જેનો એક ગુણીનો નકરો રૂા. ૬૦૧ રાખેલ છે.

(૭) આપણી પાસે સુરેન્દ્રનગરમાં આપણા સાધર્મીક ભાઈઓ માટે **<u>૧૫૦</u>** મકાન થાય તેટલી જમીન મળી છે. જે કોઈ ભાગ્યશાળી ભાઈઓને રસ હોય તો જણાવશો. તેની વિગત આપવામાં આવશે.

આ રીતે અમારી ઉપરની સ્કીમો છે તો આપ તેમજ આપના મિત્રોને યાદી આપીને શક્ય એટલી આ તીર્થને અને અમારા કામને વેગ આપવા વિનંતી.

**લી. શ્રી જૈન હિતવર્ધક મંડળ - ડોળીયા**
**શ્રી રામજીભાઈ લખમણભાઈ મારૂ**
**તથા ટ્રસ્ટી મંડળ**

### કોન્ટેક

**શ્રી રામજીભાઈ લખમણભાઈ મારૂ**
સનરાઈઝ પોટરી વર્કસ
અમરાપર, થાનગઢ. ફોન : (ઓ.) ૨૨૦૪૨૮/૨૨૨૪૨૮/૨૨૦૩૧૪

**શ્રી મનસુખલાલ જીવરાજ ભાડલાવાળા**
રાજકોટ. ફોન (૦૨૮૧) ઓ. ૨૨૩૨૩૭૯
ઘર. ૨૨૨૩૪૮૨

**શ્રી છગનલાલ ખીમજી ગુઢકા**
નાઈરોબી, કેન્યા.
ફોન ઓ. ૩૭૪૫૫૯૧ ઘર. ૩૭૪૧૧૧૦

**શ્રી મગનલાલ લખમણ મારૂ**
થાણા, મુંબઈ.
ફોન ઘર. ૨૫૪૨૫૫૨૫/૨૫૪૦૧૪૧

# રાજસિંહ અને રત્નવતી

હપ્તો -૯

ચિત્રકાર : ભાસ્કર સગર

કથા : મુનિ શ્રી જિતરત્નસાગરજી 'રાજહંસ'



# સંયમજીવન અનુમોદનાર્થે ત્રિદિવસીય અવિસ્મરમણીય મહોત્સવની ઝલક

ભિવંડી નગરે શ્રી હા.વિ.ઓ. રત્નમય આરાધક શ્વે. મૂ.ત. જૈન સંઘ, શુભ શાંતિ કોમ્પ્લેક્ષ દ્વારા શ્રી આદીનાથ જિનાલયની ૩જી વર્ષગાંઠ તથા સંયમજીવન અર્ધશતાબ્દિ અનુમોદન અર્થે તા. ૮-૯-૧૦ મે ૨૦૦૪ના ત્રણ દિવસનો મહોત્સવ રાખેલ.

પ.પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના. શિષ્યરત્ન પ્રવર્તત મુનિરાજ શ્રી યોગેન્દ્રવિજયજી મ.સા. તેમ જ તેમના આજ્ઞાવર્તિની પ્રવર્તિની પૂ. સા. શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી આદીના સંયમજીવનના ૫૦ વર્ષના અનુમોદન, અર્થે ત્રણ દિવસનાં મહોત્સવમાં પૂજા, અઢાર અભિષેક, વ્યાખ્યાન, સંયમજીવન અનુમોદન પ્રભુજીને ભવ્ય આંગી-રંગાળી, લાઇટીંગ, વિશ્વમાં વસતા સમસ્ત હાલારીઓનું તા. ૯-૫-૨૦૦૪ના નાતતેડું. ધજાના દિવસે તા ૧૦-૫-૨૦૦૪ના સાધર્મિક ભક્તિ-નવકારસી ઉપાશ્રયની ખનનવિધિ-ભિવંડીનગરની તમામ પાઠશાળાના બાળકોનો ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમ-ભક્તિભાવના-વર્ધમાન સંસ્કાર ધામના યુવાનો દ્વારા પરભક્તિ વિગેરેનું આયોજન થયેલ.

આ ત્રણ દિવસના ભવ્ય મહોત્સવમાં હાલારીઓના હૈયા હેલે ચઢ્યા, દરેક હાલારીઓને પૂરેપૂરો સહયોગ મળેલ તેમ જ દાતા પરિવારોએ પોતાની શક્તિ છુપાવ્યા વગર સહકાર આપેલ. આ ત્રણ દિવસના મહોત્સવના ખર્ચને પહોંચી વળવા જુદા જુદા નકરા રાખેલ. તા. ૯-૫-૨૦૦૪ના નાતજમણ (નકરો ૧,૧૧,૧૧૧ રાખેલ) તેનો લાભ લેનાર સ્વ. ગંગાબેન હીરજી ખીમજી કરણીયા જોગવડ હ. રસીકભાઇ

શાલીભદ્ર એન્ટરપ્રાઇઝના જયંતિલાલ નાગરદાસ તલસાણીયા, વાઘજી દેવચંદ કચરા સુમરીયા-બાસંગ, કાનજી દેવજી દોઢિયા-નવી હરીપર તેમ જ વર્ષગાંઠ ધજાના દિવસે સાધર્મિક ભક્તિનો લાભ લેનાર રામજી ગોવિંદજી સુમરીયા-ગોઇંજ, જયંતિલાલ ખેતશી ગડા-વ.સિંહણ, નેમચંદ રાજપરા મારૂ-નાની રાફુદળ

આ પ્રોગામના તમામ ખર્ચને પહોંચી વળવા નકરા રાખવામાં આવેલ જેમાં મહોત્સવના પ્રેરણા દાતાશ્રી ૨૧,૧૧૧/- મહોત્સવના આધારસ્તંભના દાતાશ્રીઓ ૧૧,૧૧૧/- મહોત્સવના સહાયક ૫૫૫૫/- મહોત્સવના શુભેચ્છક દાતાશ્રીઓ ૩૩૩૩/- તથા ઘણા ભાવિકો તરફથી પોતાની શક્તિ અનુસાર લાભ લીધેલ.

પચાસ વર્ષના સંયમજીવનના અનુમોદના અર્થે ભીવંડીના તમામ પાઠશાળાઓના બાળકોને પ્રોત્સાહનરૂપ વોટરબેગ રજીસ્ટરમાં નામ પ્રમાણે ૧૨૦૦ થી ૧૩૦૦ બાળકોને આપવામાં આવેલ. જેનો લાભ લેનાર નગીનભાઇ ધનજી સુખલાલ બારભાયા-કારીયાણી મલાડ. એક સદગૃહસ્થ, વિનોદ વેલજી હીરજી ગુઢકા-નવાગામ, હીરાબેન મેઘજી નગરીયા-મુંગણી, સ્વ. ગીરીશ જેન્તીલાલ જાખરીયા જૈન ડેકોરેટર્સ તેમજ તા. ૯-૫-૨૦૦૪ના ભીવંડીની તમામ પાઠશાળાના શિક્ષક-શિક્ષિકાઓ તથા સહકાર આપનારને કવર આપવામાં આવેલ. પાઠશાળાના જે બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લીધેલ તેને પૂજાની વાટકી માતુશ્રી ઝવીબેન વેલજી પોપટ મારૂ ગામ સિક્કા હ. મહેન્દ્રભાઇ-અશોકભાઇ-પ્રવિણભાઇ-સુભાષભાઇ તરફથી આપવામાં આવેલ. પાઠશાળાના બાળકોનો પ્રોગ્રામ સફળ બનાવવા મુખ્ય કાર્યકર્તાઓ જેન્તીલાલ ખેતસી ગડા, પ્રદીપભાઇ વેણીલાલ શાહ, મનીષ સર, જીવરાજ નેમચંદ નગરીયા, રાજેશ લીલાધર, હીતેશ મહેન્દ્રભાઇ, આશિષભાઇ, જતીનભાઇ વિગેરેએ સારી જહેમત ઉઠાવેલ. તા. ૮-૫-૦૪ના મહોત્સવ પ્રસંગે નવકારસીનો લાભ લેનાર શ્રી રમણીકલાલ ખીમજી વોરા (કવીતા કુંજવારા) ગામ

ગગવા પરિવારે લાભ લીધેલ.

તા. ૯-૫-૨૦૦૪ રવિવારના નાતજમણના દિવસે સવારના ૯ વાગે પૂ. પ્રવર્તક મુનિરાજ શ્રી યોગેન્દ્ર વિ.મ.સા.નું વ્યાખ્યાન તેમ જ પૂજ્યશ્રીના સંયમજીવનના ૫૦ વર્ષની અનુમોદનારૂપે જુદા જુદા ભાવિકો હંસરાજ મેઘજી ચંદરિયા, મગનલાલ લખમણ મારૂ, સંઘવી મનસુખલાલ પોપટલાલ દોઢિયા, હરખચંદ ગોવિંદજી મારૂ, રમેશ વાઘજી ગોસરાણી, નવીન મીલ્ટ્રી, શાંતિલાલ મુરગ ગડા, લીલાધર સોજપાર મારૂ, અમૃતલાલ ભારમલ તરફથી વકતવ્ય અને શુભેચ્છાઓ પાઠવેલ. ત્યારબાદ પૂ. મુ. શ્રી અવિચલેન્દ્ર વિજયજી મ.સા.નું વ્યાખ્યાન રહેલ. શુભશાંતિ કોમ્પ્લેક્ષમાં ચાતુર્માસની પૂજ્યશ્રીને વિનંતિ કરતા તેમણે વિનંતી સ્વીકારતા ચાતુર્માસની જય બોલાવેલ. તથા પૂ. સા. પ્રવર્તિની શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજીના ચાતુર્માસની શ્રી ગોપાલનગર જૈન સંઘમાં જય બોલાવેલ. સમસ્ત કાર્યક્રમનું સંચાલન મે. ટ્રસ્ટી જેન્તીલાલ ખેતસી ગડાએ કરેલ. બેંગલોરથી ચંદ્રેશ હીરજી નગરીયા તથા અમદાવાદથી જયંતિલાલ પદમશીએ પ્રસંગને અનુલક્ષી પ્રવચન કરેલ. આ ત્રણ દિવસના મહોત્સવમાં પાણીન વ્યવસ્થા 'ડાયમંડ વોટર સર્વિસ' પ્રવિણભાઇ તરફથી ફ્રી સેવા મળેલ. કોમ્પ્લેક્ષની સામે ઉપાશ્રયની ખનન વિધી કરવામાં આવેલ હતી.

આ સમસ્ત મહોત્સવ પ.પૂ.આ. ભ. શ્રી વિજયજિનેન્દ્ર સૂરિશ્વરજી મ.સા.ના આશિર્વાદથી અને પૂ. પ્રવર્તક મુનિરાજ શ્રી યોગેન્દ્રવિજયજી મ સા. તથા મુનિરાજ શ્રી અવિચલેન્દ્રવિજયજી મ.સા. તથા પ્રવર્તિની સા. શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી તથા સાધ્વીશ્રી કનકમાલાશ્રીજીની નિશ્રામાં ખૂબ જ ધામધૂમથી અને નિર્વિઘ્ન સા. શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી તથા સાધ્વીશ્રી કનકમાલાશ્રીજીની નિશ્રામાં ખૂબ જ ધામધૂમથી અને નિર્વિઘ્ન પરિપૂર્ણ થયેલ.

આ મહોત્સવમાં શુભશાંતિ કોમ્પ્લેક્ષના મે. ટ્રસ્ટી શ્રી જયંતિલાલ ખેતશી ગડા, અમૃતલાલ રામજી, લીલાધર સોજપાર, મનસુખલાલ રામજી, વાઘજી દેવચંદ જયંતિલાલ નાગરદાસ, ભગવાનજી ગોસર તેમ જ મહોત્સવના મુખ્ય કમિટિ તથા રસોડા કમિટિના કન્વીનર જયંતીલાલ ખેતસી, વ્યવસ્થા કમિટિના કન્વીનર પ્રભુલાલ સોજપરા, વૈયાવચ્ચ કમિટિના કન્વીનર લીલાધર સોજપરા, હિસાબકિતાબ કમિટિના કન્વીનર તારાચંદ રામજી દરેક કમિટિના સભ્યશ્રીઓ ભાઇઓ, બહેનો, બાળકોએ પૂરેપૂરી જહેમત ઉઠાવી ઉત્સાહથી સાથ સહકાર આપેલ તેમ જ દાતા પરિવારોનો સહયોગ તેમ જ તમામ હાલારી ભાઇ-બહેનોનો ખૂબ સાથ સહકાર મળેલ.

*(ઓસવાળ સમાચાર)*

## સમાચાર સાર

**રાજગુરૂનગર (પુના) :** અત્રે નુતન આરાધના ભવનનું ઉદ્‌ઘાટન પૂ.પં.શ્રી વિશ્વકલ્યાણ વિજયજી મ. ની નિશ્રામાં જેઠ સુદ ૧૧ રવિવાર તારીખ ૩૦-૫ ના કરવામાં આવેલ તે નિમિત્તે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન આદી ૩ દિવસનો મહોત્સવ ઉજવાયો

**ઉમરા (સુરત) :** અત્રે પૂ.મુ.શ્રી મુનિશરત્ન વિ. મ. ની નિશ્રામાં ચૈત્રી ઓળીની સુંદર આરાધના થઇ. "પ્રભુસે લાગી લગન" પુસ્તકનું વિમોચન થયું

**ખંભાત :** અત્રે માણેકચોક વીશા ઓસવાળ જૈનસંઘમાં પૂ.આ.શ્રી વિજયભુવનભાનુ સૂરીશ્વરજી મ. ની ૧૧મી પુણ્ય તિથિની ઉજવણી પૂ.પં.શ્રી રવીરત્ન વિ.મ.ની નિશ્રામાં ચૈત્રવદ ૧૨માં થઇ. ગુણાનુવાદ, સામુહિક ભક્તિ થઇ. પૂ.શ્રી ગંધારથી થઇ સુરત ભટ્ટાર રોડ ચાતુર્માસ પધારશે.

દીક્ષા લેતી વખતે વર્ધમાન મહાવીરના શરીર ઉપર ચંદન વગેરે સુગંધી વસ્તુઓનો લેપ કરેલ હતો. જેમની ભીની-ભીની સુગંધથી ભમરા તેમના શરીર પર આવીને ડંખ મારતા. ધ્યાનમાં લીન મહાવીર આ બધા દુઃખોને સમભાવથી સહન કરતા રહ્યા.



૧૨૩

જ્યારે વર્ધમાન મહાવીર વર્ષીદાન કરી રહ્યા હતા તે સમયે સોમ શર્મા નામના એક ગીરબ બ્રાહ્મણ પરદેશ ગયો હતો. તે જ્યારે પાછો આવ્યો ત્યારે તેમની પત્નીએ કહ્યું.




૧૨૪

સોમ શર્મા પાછળ દોડતો મહાવીર પાસે આવી પહોંચ્યો. અને કહ્યું.




૧૨૫

ભગવાન મહાવીરની પાસે ખાલી એક દેવદુષ્ય વસ્ત્ર હતું. તેમાંથી અડધો ભાગ કાપીને સોમશર્માને આપી દીધો.



૧૨૬

# પરિમલ

- પૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

* ભાગ્યશાલિઓએ મંદિર બંધાવ્યા તે તમે પૂજારીઓને સોપ્યા. અને તે પૂજારીઓન પગાર પાછા મંદિરમાંથી આપો કેટલી દુઃખદ હાલત-દશા છે! જે કાળમાં શ્રાવકો પૂજા નથી કરતાં તે કાળમાં પુજારીઓ પૂજા કરે ?
* આજે ચારે બાજુ દાવાનલ સળગ્યો છે. ધર્મ તો ભાગવા માંડ્યો છે. આજે ગરીબના નામે પોતાને પૈસા ખરચવા ન પડે તેવી જે હરામખોરી કરે છે તેને ભવાંતરમાં ભીખ માંગતા ય ખાવા નહિ મળે. જૈનશાસનના ગરીબો તો શ્રીમંતો બોલી બોલે તો આનંદ પામતા અને સાચી અનુમોદના કરતા. તેના બદલે આજના શ્રીમંતોને બોલી બોલવી ન પડેમાટે 'ચિઠ્ઠી બોલે' તેવું પાપ આ મહાપાપીઓએ કર્યું છે.
* શાસ્ત્રમાંથી અનેક અર્થ નીકળે પણ બધા સંગત થાય તેવા હોય. એક સુત્રના અનંતા અર્થ હોય પણ તે બધા એક-બીજાને બાધક ન હોય પણ સાધક હોય.
* સંસારના સુખ માત્રનો વૈરી બને તે જીવ કાં ધર્મ પામેલો હોય કાં ધર્મ પામવાની તૈયારીમાં હોય.
* ગુરુજ તેનું નામ કે તેના શરણે આવેલાને ભગવાનનો ભગત બનાવે, આજ્ઞાનો ભગત બનાવે અને અવસરે દેવથી કે આજ્ઞાથી આઘો પાછો થાય તો સમજાવીને સ્થિર કરે અને તેના આત્માને સુધારવા પ્રયત્નશીલ બને.
* પુણ્યથી મળતાં સુખમાં લહેર કરવી એટલે આપણા હાથે જ આપણી ઘોર ખોદવા જેવું છે.
* સુખના ઘેરાવામાંથી છૂટકે નહિ, દુઃખથી ગભરાતો અટકે નહિ તે ભગવાનના સંઘમાં સ્થાન પામી શકે નહિ.
* આપણને દુઃખથી બચાવનારા ગમે પણ પાપથી અટકાવવા આવે તો ગમે?
* 'કોઇને દુઃખ આપીને મારે સુખી થવું નથી' સંસારમાં પણ સારા થવાનો માત્ર આ એકજ ઉપાય છે.
* સંસારના સુખ માત્રની ભારે ભૂખ-લાલસા છે, તે ભૂખ-લાલસાનું દુઃખ પણ નથી - આજ દુઃખી થવાનો રાજમાર્ગ છે.
* જેને પોતાના આત્મા પર મૈત્રી નથી તે બીજાની મૈત્રીની વાતો કરે તો તે લબાડ છે. ન કરવા લાયક કામ થઇ જાય તે વખતે પોતાના આત્માની દયા આવે તે પોતાના આત્માનો મિત્ર બને. તે જીવ જગતનો મિત્ર બની શકે. પોતાના આત્માનો મિત્ર ન બને તે જગતનો મિત્ર કદી ન બની શકે.
* હિત અને સુખમાં ભેદ છે. દુઃખ ભોગવવા છતાં ય ધર્મ ન ચુકે તે આલોકનું હિત કરે છે. સુખ માટે ધર્મ છોડે કાં કરે તે આલોકનું અહિત કરે છે.
* સુખ માટે પૈસા-ટકાદી જરૂરી છે તેમ નથી. સુખ માટે સારા હૈયાની જરૂર છે.

જૈન શાસન અઠવાડીક ● માલિક : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતા – ગેલેક્સી ક્રિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

नमो चउविसाए तित्थयराणं उसभाइ महावीर पज्जवसाणाणं

# જૈન શાસન

## અઠવાડિક

**શાસન અને સિદ્ધાંત રક્ષા તથા પ્રચારનું પત્ર**

*પંડિતજનોને રાગનું કોઈ કારણ નથી*

परिमंदमारु उव्वेल्लकयलिदलतरलजीवियव्वम्मि ।
इह माणुसम्मि जम्मे कह व सयण्णो कुणउ रायं? ॥
(ચઉપ્પન્ન મહાપુરિસ ચરિયં)
મંદ મંદ પવનથી ડોલતા કેળના પાનની જેવા
ચંચલ જીવિતવાળા આ મનુષ્યજન્મમાં પંડિતપુરૂષ
કોઈપણ ચીજ વસ્તુ પર રાગને શા માટે કરે?


વર્ષ ૧૬ અંક ૩૩



**શ્રી જૈન શાસન કાર્યાલય**
શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર,
(સૌરાષ્ટ્ર) INDIA. PIN-361 005
PHONE: (0288) 770963

# 'સુશીલ સંદેશ'

## કરુણા નિધાન ભગવાન મહાવીર – હપ્તો – ૨૦.

સોમશર્મા તે વસ્ત્ર લઈને રફુગર પાસે ગયા!




૧૨૭

સોમશર્મા એ કેટલાય દીવસ શ્રમણ મહાવીર ની પાછળ-પાછળ ફરીને અડધું વસ્ત્ર મેળવી લીધુ!

અને તેને રફુગરની પાસે જોડાવીને મહારાજ નન્દીવર્ધક ને એક લાખ સોનૈયા માં વેચી દીધુ!



૧૨૮

એક દીવસ મહાવીર ખડહરમાં ધ્યાનમાં ઉભા હતા! બે પ્રેમી એકાંત સમજી ત્યાં આવ્યા ! મહાવીરને જોઈને ગાળો આપવા લાગ્યા, તેના ઉપર પથ્થર ફેકવા લાગ્યા. મહાવીર ના શરીર ઉપર ઘાવ થઈ ગયા.




૧૨૯

મહાવીર ચુપચાપ ત્યાંથી નીકળીને કડકડતી ઠંડીમાં એક વૃક્ષની નીચે જઈને ધ્યાનસ્થ થઇ ગયા.

વર્ષાનો સમય નજીક આવ્યો એટલે શ્રમણ મહાવીર તાપસોં ના એક આશ્રમમાં ગયા. મહાવીરને ઓળખીને કુલપતિએ તેને આગ્રહ કર્યો.




૧૩૦

आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवाय च

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

# જૈન શાસન

(અઠવાડીક)

Received 14/07/04

તંત્રીઓ :
ભરત સુદર્શનભાઇ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૬ ) * સંવત ૨૦૬૦ અષાઢ વદ - ૫ * મંગળવાર, તા. ૬-૭-૨૦૦૪ (અંક : ૩૩

श्री ... केन्द्र
कोबा, जि, गांधीनगर, पीन-३८२००९

## પ્રવચન ઓગણસિત્તેરમું

### પ્રકીર્ણક ધર્મોપદેશ

સં ૨૦૪૪, કારતક સુદિ-૩, રવિવાર, તા. ૨૫-૧૦-૧૯૮૭
શ્રી ચંદનબાલા જૈન ઉપાશ્રય, મુંબઇ - ૪૦૦ ૦૦૬.

પૂ.આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

*ગતાંકથી ચાલુ...*

(શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઇપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના -અવ.)

भमिओ कालमणंतं भवंमि भीओ न नाह दुक्खाणं ।
संपइ तुमम्मि दिट्ठे, जायं च भयं पलायं च ॥

*(ગયા અંકથી ચાલુ)*

મહાલોભ કોણ કરે? પરોપકાર માટે કારખાનાદિ ખોલો કે ઘણા પૈસા માટે ખોલો છો? આજે ઘણા પૈસાના પૂજારી છે તો ઘણા મોજ શોખના પૂજારી છે. પૈસાના અને મોજશોખના પૂજારી વેપારી છે. અરાજક જગત થઇ ગયું છે. આજે રક્ષક જ બધા ભક્ષક બન્યા છે. રક્ષકને ભક્ષક કહીએ તો મોટા મોટા પૈસાવાળાને લુંટારા જ કહેવા પડે ને? તે બધા ખરેખર લુંટ જ ચલાવે છે ને? તેવા અહીં આગળ આવી બેસે તો વખાણ્યા જ કરીએ તો ચાલે? તમે બધા પણ જો આ નહિ સમજો તો ધર્મ નહિ જ આવે. દેખાવનો કરેલો ધર્મ, પૈસા મેળવવા, દુનિયાની સુખ સાહ્યબી મેળવવા માટે કરેલ ધર્મ પાયમાલ કરી નાખશે. કદાચ એકાદવાર સુખ કે પૈસા આપશો અને પછી દુર્ગતિમાં લઇ જશે. આ વાત ખાસ સમજવા જેવી છે!

ધર્મી એવો સુખી કેવો હોય? તેનો પાડોશી પણ સુખી હોય, નોકર પણ કદી દુ:ખી ન હોય. નોકર પણ તેવા શેઠને બાપથી અધિક માનતો. નોકર ફાટેલાં કપડાં પહેરી આવતો હોય તો શેઠ તેને નવાં કપડાં અપાવતા. કમાનાર કેટલા છે અને ખાનાર કેટલા છે તે જોઇ પગાર નક્કી કરતા. તેથી તે નોકરો ક્યારે ય અપ્રામાણિક ન હતા બનતા. આજનો મોટો ભાગ તો કસાય તેટલો નોકરને કસે તેમાંની જાતનો છે. પછી તે નોકરો અપ્રમાણિક બને તેમાં નવાઇ છે! તે નોકરો પાસે કામ માગો તો કરે? આજે શું શું થઇ ગયું તે સમજતા નથી? આજે બહુ ખરાબ કાળ આવી ગયો છે. નોકરો શેઠના નથી, ગુમાસ્તા વેપારીના નથી. તે વળી બીજાનું માને ખરા? **તમારી જાત નહિ સુધરે તો ધર્મ નહિ આવે.** ધર્મ પામવા જાત તો પહેલા સુધારવાની છે. **હંમેશ પોતાની જાતને જૂએ અને જાતને સુધારવા મહેનત કરે તે ધર્મી !**

પ્ર. - આપની જૂઠની વ્યાખ્યા શું છે ?

ઉ. - જ્ઞાનિની વ્યાખ્યા બાજુ પર રાખો પણ સરકારની

દં... જેમાં હોય તે મોટામાં મોટું જૂઠ કહેવાય!

આજે ધર્મ પણ મરજી મુજબ કરનારો મોટોભાગ છે. ઘણાને મરજી મુજબ જીવવું છે અને તેમના ખોટાં કામમાં અમારી પણ સહી કરાવવી છે. જે સાધુ મરજી મુજબ વર્તે-ખરાબ રીતે જીવે તો તે ભગવાનની આજ્ઞા માનતો નથી. તેમ અમને સાંભળનારા લોકો મોટા વેપારાદિ મજેથી કરે તેમાં પાપ પણ ન માને તો તેમણે અમને ય સાંભળ્યા નથી. સાધુએ ધર્મ કારણ વિના ગૃહસ્થનો પરિચય કરવાનો નથી. ગૃહસ્થના બહુ પરિચયવાળા સાધુ ઘણા ફસાઇ ગયા. આજે જે રીતના બધા જીવે છે તેથી એમ લાગે છે કે, મોટો ભાગ મરીને દુર્ગતિમાં જવાનો છે. કદાચ સદ્‌ગતિમાં જશે તો ત્યાં જઇને વધુ મોટી દુર્ગતિમાં જશે. ધર્માત્માની પણ આવી દશા હોય તો તે સારી કહેવાય કે ખરાબ? ભગવાનનું શાસન રહેશે ત્યાં સુધી સારા આત્મા તો રહેવાના જ. તે વિરલા હશે, મોટો ભાગ નહિ. મોટોભાગ તો અમને ય બગાડવા માગે છે કે- ''મહારાજ! કડક ન થાવ. ઢીલાશ રાખવી જોઇએ.'' જે ગુરુ પોતાના શિષ્યોને પ્રેરણા ન આપે, સંયમની ચિંતા ન કરે. જ્ઞાનદિની પુષ્ટિ માટે પ્રયત્ન ન કરે તો તેના સમુદાયને અને તેવા ગુરુને પણ છોડવાની આજ્ઞા છે. સાધુની બધી સગવડ સંયમ પાળવાની પૂરી પાડીએ, તે ગમે તેમ જીવે-વર્તે તો ખામણ પણ ન આપીએ તો તે ગચ્છ કહેવાય ખરો? ગચ્છમાં રહેનાર બરાબર ન જીવે તો 'આમ ન જ ચાલે' 'આવું નહિ જ ચલાવાય' - તેમ કહેવું જ પડે. વખતે ન સુધરે તો 'અહીં રહેવાને પણ લાયક નથી' તેમ કડક થઇને પણ કહેવું પડે સારણાદિ ચાલે તે સુગચ્છ છે. જ્યાં સારણાદિ ન ચાલે તે ગચ્છ નથી પણ ચોરની પલ્લી છે આમ મહાપુરુષો લખી ગયા છે, મારા ઘરનું ...થી કહેતો. આપણે આપણી જાતને ઓળખવી છે. જે રોજ પોતાની જાતને જુએ તે ડાહ્યો!

તમારે બધાને ઘણું સુખ જોઇએ છે માટે વેપાર-ધંધાદિ કરો છો તો તેને મેળવવા શું શું કરો છો? તમને જે પૈસા મળ્યા છે કે મેળવો છો તેનો ઘણો ભાગ શેમાં ખરચાય છે? તમારો સંસારનો ખર્ચો વધારે કે ધર્મનો? આજે મોટાભાગનો ધર્મ માટે ખર્ચો છે જ નહિ. કદાચ તે કરવો પડે માટે કરવાનો પણ કરવા જેવો માટે નહિ. તમો સૌ પોતાની શક્તિ મુજબ ધર્મમાં ખર્ચા કરો છો? તમે જેટલો ધર્મ કરી શકો તેટલો જ કરો છો કે તેથી ઓછો ય કરો છો? શક્તિ મુજબ અમારાથી ધર્મ થતો નથી, તેવો ઉલ્લાસ પણ જાગતો નથી, તેવું દુઃખ પણ છે? ''હે ભગવાન! તારી આજ્ઞા પાળવા માટે જેટલો ઉત્સાહ જન્મવો જોઇએ તેટલો થતો નથી. તે કરવાની મહેનત ચાલુ છે' આટલું પણ જો મનમાં થઇ જાય તો કાલથી જાત ફરી જાય, સુધારો થઇ જાય તમે જેવા સુખી છો તેવી તમારી પૂજાની સામગ્રી જોઇએ. તમારી પૂજાની સામગ્રી જોઇને બીજો ધર્મ પામી જાય. તમારી પૂજા જોઇને ય બીજો ધર્મ પામી જાય. તમારી આંખે દુઃખી ચઢે તો તે દુઃખી પણ રહે નહિ.

પણ સાચી વાત એ છે કે, ઘણા જીવોને મોક્ષ શું છે તે જ ખબર નથી. મોક્ષના સુખની વાત તેમના હૈયામાં બેસતી નથી. તેથી દુઃખી દુઃખી થઇને ભટકે છે. માટે ધર્મ સમજાવનારની જોખમદારી ઘણી છે. ધર્મ સમજાવનારે, આ દુનિયાના સુખને 'ભૂંડું જ અને મોક્ષના સુખને જ સાચું અને વાસ્તવિક સમજાવવું જોઇએ. આપણને ભગવાન મળ્યા, ભગવાનનું શાસન મળ્યું, રોજ ''સંસારની અસારતા અને મોક્ષની સુંદરતા' સાંભળવા મળે છે. તેનો ઉપાય ભગવાને બતાવેલા ધર્મ વિના બીજો કોઇ જ નથી. આ વાત જાણનાર શ્રી ધનપાલ કવિ કહે છે કે-''હે ભગવાન! અનાદિ કાળથી દુઃખથી ગભરાયેલો હું સંસારમાં ભટકું છું. આજે તારું દર્શન સાચા ભાવે થયું. હવે મારો સંસારમાં ભટકવાનો ભય ગયો.'' આવો અનુભવ આપણને થયો છે? સુદેવ મળે, સુગુરુ મળે, સુધર્મ મળે પછી સંસારમાં ભટકવાનું હોય? ભટકવાનું હોય તો દુર્ગતિમાં જવાનું હોય? મોક્ષનો જ અર્થી જીવ, મોક્ષ માટે જ ધર્મ કરે તો મોક્ષ ન મળે ત્યાં સુધી ધર્મ તેને સદ્‌ગતિ આપવા બંધાયેલો છે.

ક્રમશઃ

# પ્રશ્નોત્તર વાટિકા

*(૧૦૯) ૧૬ મોટા રોગ છે તે ક્યા?*

શાસ્ત્રમાં શ્વાસ ખાંસી વિ. સોળ મોટા રોગો કહ્યા છે. તે આ પ્રમાણે.

(૧) શ્વાસ (૨) ખાંસી (૩) જ્વર(તાવ) (૪)દાહ(બળતરા) (૫) કુક્ષિશૂલ (પેટની વેદના) (૬) ભગંદર (૭) હરસ (મસા) (૮) અજીર્ણ (ભોજનનો અપચો) (૯) દૃષ્ટિ શૂલ - (અંધાપો વિ.) (૧૦) મસ્તકની વેદના (માથાનો દુઃખાવો) (૧૧) અરુચિ (૧૨) આંખની વેદના (દુઃખાવો) (૧૩) કાનમાં દુઃખાવો (૧૪) ખાજ (આખા શરીરે ખણ આવવી) (૧૫) જલોદર અને (૧૬) કોઢ (ગળતો કોઢ)

*(૧૧૦) સામાન્ય જિન સ્તવનમાં "ભાવ દિશા દૂરે કીધી અઢાર જો" લખેલ છે. તો આ ભાવદિશા એટલે શું? અને તે ભાવદિશાના નામ ક્યા?*

જીવ કર્મની પરવશતાના કારણે અનાદિ કાળથી પરિભ્રમણ કરી રહેલ છે. આ અઢાર ભાવદિશામાં જીવ દુઃખ પામે છે. તેના નામ આચારાંગમાં નીચે પ્રમાણે બતાવેલ છે.

(૧) સંમૂર્છિમ મનુષ્ય (૨) કર્મભૂમિના મનુષ્ય (૩) અકર્મભૂમિના મનુષ્ય (૪) અંતર્દ્વીપના મનુષ્ય (૫) બેઈન્દ્રિય (૬) તેઈન્દ્રિય (૭) ચઉરેન્દ્રિય (૮) પંચેન્દ્રિય (૯) પૃથ્વી (૧૦) અપ (પાણી) (૧૧) તેઉ (અગ્નિ) (૧૨) વાયુ (૧૩) વનસ્પતિ મૂળ બીજ (૧૪) સ્કંધબીજ (૧૫) પર્વબીજ (૧૬) અગ્રબીજ (૧૭) દેવના (૧૮) નારકી

*(૧૧૧) જંબુ સ્વામી થી કઈ દસ વસ્તુઓનો વિચ્છેદ થયો*

મનઃપર્યવજ્ઞાન પરમાવધિ, પુલાકલબ્ધિ, આહારક શરીર ઉપશમ શ્રેણી ક્ષાપકશ્રેણી, જિનકલ્પ, પરિહાર વિશુધ્ધિ, સૂક્ષ્મ સંપરાય યથાખ્યાત ચારિત્ર. આ દશ વસ્તુઓનો જંબુસ્વામીથી વિચ્છેદ થયો છે.

*(૧૧૨) શત્રુંજય ગિરિરાજની યાત્રા કરનારો (ગૃહસ્થ) યાત્રિક સવારે વહેલા કેટલા વાગે યાત્રા શરૂ કરી શકે?*

સંસાર સાગરથી તરવા માટે અને સંયમયાત્રાને પામવા માટે તીર્થયાત્રાનું મહત્વ સમજે તે જ આત્માઓ વિધિનો આદર કરી શકે. શત્રુંજય ગિરિરાજની યાત્રા કરનાર ગૃહસ્થ જમીન ઉપર ચાલતી કીડી સહેલાઈથી સ્વાભાવિક રીતે જોઈ શકાય અર્થાત સૂર્યોદય થાય પછી ધર્મશાળાએથી નીકળી જયણા પૂર્વક કોઈપણ જીવ પગનીચે આવીને મરી ન જાય તેની કાળજી રાખવા પૂર્વક ખુલ્લા પગે યાત્રા કરી શકે. કહ્યું છે કે

તુમ જયણાએ ધરજો પાયરે-પાર ઉતરવાને

*(૧૧૩) ગિરિરાજની યાત્રા ડોળીમાં કરવાથી લાભ થાય કે નુકશાન?*

ગિરિરાજની યાત્રા સ્વયં પગથી ચાલીને જ કરવા તેવી શક્તિ ન હોય અથવા બીમારી વિ. હોય તો તળેટીની યાત્રા કરીને પણ સંતોષ માનવો જોઈએ. પરંતુ ડોળીમાં યાત્રા કરવી ઉચિત ગણાય નહિ ડોળીવાળા જે કંઈ ઉપર કે રસ્તામાં ખાવા પીવાની તથા પેશાબ વિ. કરીને) આશાતના કરે તે આશાતના ડોળીમાં બેસનારા યાત્રિકને લાગે. યાત્રિકના કારણે જ તેને ડોળીવાળાને ઉપર આવવાનું થયુ છે માટે જીવનમાં જેને એક યાત્રા પણ ચાલીને કરી છે તેને ડોળીમાં બેસીને કદિ યાત્રા કરવી નહિ. ઘણાં નવ્વાણું યાત્રા પણ ડોળીમાં કરે છે તે બિલકુલ ઉચિત નથી પૈસા ખરચીને સમય બગાડીને તો પાપ બાંધે છે.

*(૧૧૪) ગિરિરાજ ઉપર આહાર પાણી કરી શકાય?*

ગિરિરાજ ઉપર કોઈ પણ જીતનો આહાર કે

પાણી વાપરી શકાય નહિ. ઘણાં રામપોળ આગળ દહીં ખાય છે તે પણ ઉચિત નથી ત્યાં આગળ પેઢી તરફથી નિષેધનું બોર્ડ લગાડેલ છે.

*(૧૧૫) તીર્થ કોને કહેવાય? તીર્થયાત્રા શા માટે? તીર્થયાત્રાની વિધિ શું ?*

સંસાર સાગરથી તારવાની શક્તિ ધરાવે છે તે તીર્થ કહેવાય અને તે જગમતીય અને સ્થાવર તીર્થ એમ બે પ્રકારે છે તેમાં સાધુ-સાધ્વી ભગવંતોને જંગમ તીર્થ કહેવાય છે જ્યારે શત્રુંજય, ગિરનાર, આબુ વિ. સ્થાવર તીર્થ કહેવાય. સ્થાવર તીર્થની યાત્રા જંગમ તીર્થ સ્વરુપ બનવા માટે અર્થાત્ સાધુ જીવન પામવા માટે કરવાની છે. અન્યક્ષેત્રમાં કરેલું પાપ તીર્થક્ષેત્રમાં નાશ પામે છે. જ્યારે તીર્થક્ષેત્રમાં કરેલુ પાપ વજ્રના લેપ જેવુ મજબૂત બને છે. માટે તીર્થયાત્રા કરનારે નીચેની હકીકત ખાસ ધ્યાનમાં રાખવી.

(૧) તીર્થમાં નવકારશી અને ચઉ વિહાર અથવા તિવિહારનું પચ્ચકખાણ ઓછામાં ઓછુ કરવુ અર્થાત્ રાત્રીભોજન કરવું નહિ.

(૨) અભક્ષ્યનો તથા કદમૂળનો સર્વથા ત્યાગ કરવો.

(૩) બરફનું પાણી-પીણા વિ. નો ત્યાગ કરવો.

(૪) ઉદ્ભટ વેષ (આપણો વેષ જોઇને બીજાને વિકાર થાય તેવો) પહેરવો નહિ.

(૫) સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરવું.

(૬) ત્રિકાલપૂજાનો આગ્રહ રાખવો. (સ્વ દ્રવ્યથી જ પૂજા કરવી)

(૭) પૂજાના વસ્ત્રો પોતાના જ વાપરવા.

(૮) પુરુષોએ પૂજામાં સીવેલ વસ્ત્રો ન પહેરતાં ધોતીયુ અને ખેસ એમ બે વસ્ત્રનો જ ઉપયોગ કરવો.

(૯) શત્રુંજય-ગિરનાર વિ. ઉપર ચઢવાનું હોય તેવા તમામ તીર્થોમાં અજવાળુ થયા બાદ ધર્મશાળાએથી નીકળવુ અને સૂર્યોદય બાદ જ ચઢવાની શરૂઆત ખુલ્લા (ઉઘાડા) પગે કરવી.

(૧૦) શંત્રુજ્ય-ગિરનારમાં ઉપર કંઇ પણ ખાવું-પીવું નહિ.

(૧૧) ગિરિરાજ ચઢતી વખતે જેમ વાતો ન થાય તેમ માળા (નવકારવાળી) પણ ન ગણાય.

આરાધના ઓછી થાય તો ચાલે પરંતુ આશાતના ન થાય તેની ખાસ કાળજી રાખવી.

*(૧૧૬) દેવસિઅ પ્રતિક્રમણ પૂર્વ થયા પછી ઘણી જગ્યાએ સમૂહમાં અરિહાશરણં-સમરો મંત્ર ભલો નવકાર વિ. સ્તોત્ર અથવા સંઘના કે પોતાના ઉપકારી ગરુ ભગવંતની સ્તુતિ બોલાય છે તે ઉચિત છે?*

દેવસિએ પ્રતિક્રમણ પૂર્ણ થાય એટલે સામાયિક નો સમય (બે ઘડી) થઇ ગયો હોય અને બીજી સામાયિક લેવાની અનુકુળતા કે ભાવના ન હોય તો વિધિપૂર્વક પારી લેવી અને સામાયિકનો સમય પૂર્ણ ન થયો હોય તો મનમાં નવકાર વિ. ગણવા. પરંતુ કોઇપણ સ્તોત્ર કે ગુરુગુણ સ્તવના સમૂહમાં બોલવુ ઉચિત નથી. ભવિષ્યમાં પ્રતિક્રમણની વિધિમાં (પક્ખી પ્રતિક્રમણમાં સંતિકરંની જેમ) દાખલ થઇ જવાના અનિષ્ટ પરિણામને આંખ સામે રાખીને પૂર્વના મહાપુરુષોએ ઘણી જગ્યાએ નિષેધ કરેલો છે. સામાયિક પારીને પણ સમૂહમાં આ સ્તોત્ર વિ. બોલવાથી (ઘણા ઉતાવળ હોવાથી ખેસ-કટાસણું વાળે, કપડા બદલે માટે) અવહેલના થાય તેથી ન બોલવું વધુ ઉચિત લાગે છે. પોતાની મેળે મનમાં હાથ જોડીને બોલેતો કંઇ જાતનો વાંધો નથી.

*ક્રમશઃ*

# આગ્રહ : દોષ કે ગુણ ?

પૂ. મુ. શ્રી હિતવિજયજી મ.

*(ગયા અંકથી ચાલુ)*

આપણા ઘેર જમણવાર પ્રસંગે આપણું જમણ સર્વોત્તમ મીઠાઈ આદિ ભોજનો ઉપરાંત ખરેખર તો આપણા હૈયાના આગ્રહથી જ શોભી ઊઠે છે. આપણા હૈયાના આગ્રહ વિના તો મેવામીઠાઈનાં ઉત્તમ ભોજનો પણ ફિક્કાફસ બની જાય છે, મીઠાઈની મીઠાશ ઊડી જાય છે.

આ દુનિયામાં મીઠી જો કોઈ વસ્તુ હોય તો એ હૈયાની મીઠાશ છે. હૈયાની મીઠાશ આગળ તો અમૃતની મીઠાશ પણ ફિક્કી પડી જાય છે. આગ્રહ કરીને વહોરાવવા-જમાડવામાં હૈયાની મીઠાશ હોય છે. આપણી વાણી અને આપણા વર્તનને શોભાવનાર પણ આપણા હૈયાની મીઠાશ હોય છે. આપણા હૈયાની મીઠાશથી આપણાં તમામ કાર્યો શોભી ઊઠે છે અને હૈયાની મીઠાશના અભાવે આપણાં તમામ કાર્યો શોભા વગરનાં બની જાય છે.

આગ્રહ વિના તો તમારું ગૃહસ્થપણું પણ નહિ શોભે. તમારા ઘેર આવેલા મહેમાનને તમે આગ્રહ કરીને જમાડશે નહિ અને એમને થોડું વધારે રોકાવા માટે આગ્રહ નહિ કરો તો સમાજમાં તમારી કિંમત કોડીની થઈ જશે અને તમારે ત્યાં મહેમાન બનીને કોઈ આવશે પણ નહિ.

તમે પોતે જ્યારે બીજાના ઘેર મહેમાન બનીને જશો ત્યારે ત્યાં જો તમને જમવા-રોકાવાની બાબતમાં જરાય આગ્રહ કરવામાં નહિ આવે તો તમને માઠું લાગી જશે અને તમે ફરીથી એમના મહેમાન બનવાનું પણ માંડી જ વાળશો.

મુનિને વહોરાવવાની બાબતમાં અને સાધર્મિકોને જમાડવાની બાબતમાં 'આગ્રહ કરશો નહિ' એમ બોલનારને પોતાને પણ આગ્રહ જ ગમતો હોય છે. એ પોતે કોઈના મહેમાન બન્યા હોય ત્યારે ત્યાં પોતાને જમવા-રોકાવાની બાબતમાં આગ્રહ ન થાય તો એમને માઠું લાગ્યા વિના રહે જ નહિ.

આગ્રહ અંગેની ઉપરની બધી બાબતોનો ઊંડાણથી વિચાર કરીને આપણી ભૂલ હોય તો તે સુધારી લઈને આપણા આત્માનું અહિત થતું અટકાવવા યોગ્ય છે.

## જે પોતે મુરખ અને આળસુ હોય અને બીજાની વાણીના વિચાર કરનાર ન હોય તે પહેલા ઠંડીથી પીડાયેલા જટીલની જેમ દુઃખી થાય.

કુરડગામમાં ઘરડો નામના ભરડો હતો. તે અને તેનો શિષ્ય બેય મુરખ અને આળસુ હતા. એક વખત શીતઋતુમાં ઘણી ઠંડી પડે છે. મધ્યરાતે તે ભૌતિક (ગુઢ) પેશાબ કરવા મઠની બહાર ગયો. પેશાબ કરીને તે ઘણી આળસથી ત્યાં જ શય્યાની ભ્રાન્તિ વડે પડ્યો અને ઘોરવા મંડ્યો. છેલ્લા પહોરમાં તે ઠંડીથી ઘણો પીડાતો ઉંહકાર કરે છે અને શિષ્યને કહે છે "હે શિષ્ય! હું મઠની અંદર શય્યામાં છુ કે મઠની બહાર છું?"તે સાંભળીને તેવા જ આળસથી સુતા સુતાજ પોતાના હાથથી ગુરુની શય્યાને હાથ લગાડે છે. તેમાં સુતેલા કુતરાની પૂછડીને હાથ લાગ્યો. તેથી શિષ્યે પૂછ્યો : હે ગુરુ! તમને પુંછડી છે કે નહિ? તે પણ તેમ સાંભળીને પોતાનો કછોટો હાથ લાગવાથી બોલ્યો : "એય..! મને પુછડી છે." શિષ્યે કહ્યુ : "તો તમે મઠમાં શય્યામાં છો." તેથી તે તેના (શિષ્ય) વચનથી અને પોતાની મુઢતાથી ત્યાંજ પડી રહેલો ઠંડીથી પીડાતો મરેલા જેવો થઈ ગયો. સવારમાં લોકો ભેગા થયા. તેણે તેમ પડેલો જોઈને લોકો પુછે છે : "ઓય! શું થયું?" શિષ્ય બોલ્યો "હું જાણતો નથી." પછી સુર્યના કિરણના સ્પર્શ થવાથી ચેતનતાને પામ્યો અને ઉઠ્યો. લોકોને ગમ્મત થઈ.

# હે સજ્જનો ! તમે જ કહો કે આ સંસારમાં સુખ છે ખરું ?

(ઉપમિતિ, પાંચમો પ્રસ્તાવ, પૂ. શ્રી બુધ સૂરિજીની દેશનાના આધારે)

'' આ પ્રમાણે હોવાથી હે મહારાજ ! શ્રી જિનવચન રૂપી અમૃતથી રહિત સંસારમાં રહેલા જીવો બિચારા હંમેશા ગાઢકર્મની પરંપરા રૂપી રજ્જુથી બંધાય છે, વિષયોના અસંતોષની ભૂખ વડે પીડાય છે, વિષયોની આશા રૂપી પિપાસા વડે શોષાય - સૂકાય છે. હંમેશ ભવચક્રમાં ભ્રમણ વડે ખેદ પામે છે, કષાય રૂપી ગરમીની ઉષ્ણતાથી સતત સંતપ્ત બને-શેકાય છે, મિથ્યાત્વરૂપી મહાકોઢથી ઘેરાય છે, બીજા ઉપર ઈર્ષા રૂપી શૂલ વડે પીડિત થાય છે, દીર્ઘ સંસારવાસમાં રહેવા વડે પકાવાય છે, રાગ રૂપી મહાજ્વર વડે બળાય છે, કામરૂપી કાચના પડલ વડે આંધળા કરાય છે, ભાવ દરિદ્રતાથી આક્રમિત કરાય છે, જરારૂપી રાક્ષસીથી પરાભવ કરાય છે, મોહરૂપી અંધકારથી આચ્છાદિત કરાય છે. ઈન્દ્રિયોરૂપી દુર્દાન્ત અશ્વો વડે ખેંચાવાય છે, ક્રોધરૂપી તીવ્ર અગ્નિ વડે સારી રીતના પકાવાય છે, માન રૂપી મોટા પર્વત વડે સ્થંભિત કરાય છે, માયારૂપી જાલ વડે વીંટાળાય છે, લોભરૂપી સાગર વડે ક્ષુબ્ધ કરાય છે, ઈષ્ટ વિયોગની વેદના વડે પરિતાપિત કરાય છે, અનિષ્ટ સંયોગથી તપાવાય છે, કાલપરિણતિના વશથી ડોલાયમાન - અસ્થિર - કરાય છે, કુટુંબના પોષણની ચિંતાથી દુ:ખી કરાય છે, કર્મરૂપી લેણદારો વડે કદર્થના કરાય છે, મહા મોહ રૂપી નિદ્રાથી પરાભૂત કરાય છે, મૃત્યુ રૂપી મહા મગર મચ્છ વડે ગળાય છે, આવી પરિસ્થિતિ નજરે જોવા છતાંય હે મહારાજ ! મોહમૂઢ બનેલા જીવો વેણુ-વીણા-મૃંદગાદિના મનોહર ગીતોને સાંભળે છે, ચિત્તને આકર્ષિત કરનારા મનોહર રૂપોને જૂએ છે, પારિજાતાદિ પુષ્પોને, ઉત્તમ સુગંધી દ્રવ્યોને સૂંઘે છે, સુસ્વાદુ સુપાચ્ય, મનગમતા, હૃદયને આનંદિત કરનારા વિવિધ પ્રકારના ખાદ્યાદિ પદાર્થોને ખાય છે, સુકોમલ, મૃદુ સ્ત્રીઓને મજેથી આલિંગન આદિ કરી સ્પર્શસુખનો અનુભવ કરે છે, સમાન વય-રૂપવાળા, બુદ્ધિથી બૃહસ્પતિ સમાન મિત્રોની સાથે મનોહર ઉદ્યાનાદિમાં ઈચ્છામુજબની ચેષ્ટાઓ અને વિવિધ ક્રિડાઓ વડે હરે-ફરે છે, સુખના અભિમાન વડે અવાચ્ય એવી ચેષ્ટાઓના રસને અનુભવતા હું સુખી તેમ માને છે. વાસ્તવમાં કલેશ-દુખ:રૂપ જ આ સુખનો અનુભવ સુખાભાસ જ છે. સેંકડો કલેશો દુ:ખોથી ભરેલા સુખમાં સુખ કયાંથી હોય અને મનને વાસ્તવિક આનંદ ક્યાંથી થાય? પરમાર્થથી તો દુ:ખ રૂપ હોવા છતાં મોહાંધ જીવો તેમાં સુખની કલ્પના કરી વધુ દુ:ખી થાય છે ''માટે હે આત્મન્ ! તું આ મોહનિદ્રાથી જાગ અને આત્મિક સુખને માટે ઉદ્યમ કર.

## વિરૃધ્ધ કહેવતો

* શેરને માથે સવાશેર,
* શેર કરતાં પાન શેરી ભારી,
* હસે તેનું ઘર વસે,
* હસવામાંથી ખસવું થાય,
* માગ્યુ મોત આવે નહિ,
* સહુને એક દિવસ મરવું છે,
* દરિયા સમાન રેત નહિ ને મા, બાપ સમાન હેત નહિ,
* મા બાપની મહેરબાની કરતાં ઉસ્તાદની ઈતરાજી સારી,
* વણ બોલાવ્યું બોલે તે તણખલાની તોલે,
* હોઠ સાજા તો ઉત્તર જાજા,
* પાણી પેલા પાળ બાંધવી,
* આગ લાગે ત્યારે કુવો ખોદવો,

**આ કહેવતો વિવેકી માટે સારી બને અવિવેકી ઉંધો અર્થ લઈ ઉંધો ચાલે.**

# જાણવા જેવું

શ્રુત સાગરના રહસ્યો ભાગ-૨ માંથી

**બ્રહ્મચર્ય માટે કાંઇક :**

* શરીરમાં આહારથી રસ, રસથી લોહી, લોહીથી માંસ, માંસથી ચરબી, ચરબીથી હાડકા, હાડકાથી મજ્જા અને મજ્જાથી વીર્ય અથવા શુક્ર બને છે. આ સાત ધાતુથી બનતું વીર્ય અબ્રહ્મના સેવનથી નાશ થાય છે. દરેક ધાતુમાં રૂપાંતર થતા સાત-સાત દિવસ લાગે છે એટલે વીર્ય બનતા ૪૯ દિવસ લાગે છે.
* બ્રહ્મચર્ય એ ચોથું મહાવ્રત અને ચોથું અણુવ્રત (શ્રાવકો માટે) તરીકે પ્રસિદ્ધ છે.
* અબ્રહ્મનું એક વખત સેવન કરનાર ૨ થી ૯ લાખ સમૂર્ચ્છિમ પંચેન્દ્રિય જીવોની હિંસા કરનાર કહેવાય છે.
* કિંપાકના દુ:ખદાઇ ફળની સરખામણીમાં સ્ત્રીને સ્વીકારી છે. બન્નેના સેવનથી કાળાંતરે અકલ્પનીય દુ:ખ ભોગવવા પડે છે.
* અંતરાય કર્મના પ્રભેદ વીર્યાન્તરાય સાથે બ્રહ્મચર્યનો ઘણો નજીકનો સંબંધ છે. અબ્રહ્મના કારણે કર્મનો બંધ થાય છે.
* બ્રહ્મચર્યનો અધિકાર-ઉત્તરાધ્યયન, પ્રશ્નવ્યાકરણ, જ્ઞાનસાર, દશવૈકાલિક, ભગવતિજી , ઉપદેશ પ્રસાદ, સૂત્રકૃતાંગ, સંબોધ સિત્તેરી વિગેરે ગ્રંથોમા જોવા-વાંચવા, સમજવા મળે છે.
* કામવાસના પુરૂષ કરતા સ્ત્રીઓમાં આઠગણી જાગૃતિ થાય છે. ને દીર્ઘ કાળે શાંત થાય છે. પુરૂષને ઘાંસના તરખલા જેવો, સ્ત્રીઓને બકરીના લીંડી જેવો અને નપુંસકોને નગરના દાહ જેવી વેદની ઇચ્છા બતાવી છે.
* ચક્રવર્તિના ઘોડા (અશ્વરત્ન) પાસેથી અનિચ્છાએ બ્રહ્મચર્યનું પાલન કરાવવામાં આવે છે. ફળ સ્વરૂપ એ વૈમાનિક ૮ માં દેવલોકને પામે છે.
* આચાર્ય બપ્પભટ્ટસૂરિ, વિજયશેઠ-શેઠાણી, સીતા, કલાવતી, દ્રૌપદી, સુભદ્રા જેવા અનેક આત્માઓએ દુ:ખદાઇ ઉપસર્ગો સહી બ્રહ્મચર્યનું ઉત્તમ પાલન કર્યું હતું. તેના ફળ સ્વરૂપે દેવતા પણ આકર્ષાઇ આવ્યા હતા.
* સ્થૂલભદ્રજીનું નામ ૮૪ ચોવીશી સુધી માત્ર બ્રહ્મચર્યના પાલનથી અમર રહેશે.
* બ્રહ્મચર્યના સેવન માટે ૧ સ્થાન, ૨ સ્ત્રી, ૩ પૂર્વ અનુભવ સ્મરણ, ૪ અંગોપાંગ દર્શન, ૫ અતિભોજનથી દૂર રહેવું જોઇએ. અર્થાત્ ૧ કુસ્થાન, ૨ કુસંગ ૩ કુસાહિત્ય મન, વચન, કાયાને બગાડે છે.

---

# આવો, મિત્રો ! વાર્તા કહું

- પૂ. પં. શ્રી મુનિચંદ્ર વિજયજી ગણિ.

## આજે દારૂ પીધા વિના જ આવ્યો છું.

" જ્યારે તમે ઈંગ્લીશ દારૂ પીને આવો છો ત્યારે મને પરી કહો છો અને જ્યારે દેશી દારૂ પીને આવો છો ત્યારે મને દેવી કહો છો, પણ આજે મને 'ડાકણ' કેમ કહો છો ?" ભગાની પત્નીએ પૂછ્યું.

" તારી વાત ખરી છે, પણ શું કરું? આજે દારૂ પીધા વિના જ આવ્યો છું" ભગાએ કહ્યું.

" હા....આ સંસાર આવો જ છે. જ્યા સુધી મોહનો દારૂ પીધેલો હશે ત્યાં સુધી અહીં સુંદરતાના દર્શન થશે. જ્યાં એ નશો ઊતર્યો કે તરત જ ભયાનકતાના દર્શન થશે.

*લીમડો કડવો છે, છતાં મીઠો લાગે તો સમજવું કે નક્કી સાપનું ઝેર ચડેલું છે.*

સંસાર કડવો છે, છતાં મીઠો લાગે તો સમજવું કે નક્કી મોહનું ઝેર ચડેલું છે.

મોહઘેલા માણસને નશ્વરતામાં અનશ્વરતાના, અપવિત્રમાં પણ પવિત્રતાના, પરમાં પણ, સ્વના દર્શન થાય છે.

# બે પગે દોડે છતાં લંગડો કોણ ?

બીરબલ તો ચતુરાઈનો ભંડાર.

કોઈ વાતમાં પાછો પડે નહિ.

બાદશાહ અકબરે વિચાર કર્યો કે આ બીરબલને એક વાર તો હરાવી દઉં. એવી કોઈ વાત કહું કે તે બીરબલથી બની શકે નહીં.

એક દિવસ બાદશાહને એવી વાત મળી ગઈ. બાદશાહે બીરબલને કહ્યું કે : બીરબલ! આપણે એક લંગડો માણસ જોઈએ છે. તું લાવી શકીશ ?

બીરબલ કહે : આપ કહો તો અબ ઘડી હાજર કરી દઉં.

બાદશાહ કહે : તો ઝટ જાઓ. પણ, હા એ લંગડો અને તમે દોડતા અહીં આવો.

બીરબલ ચમક્યો, પણ હા કહી એટલે ના કહે તે બીજા. લંગડો દોડી શકે નહીં. લંગડાને દોડાવીને લાવવો શી રીતે? બે પગે દોડે તેને લંગડો કહેવાય જ નહિ.

બીરબલ તો વિચાર કરે છે કે, લંગડાને દોડાવવો શી રીતે? એમ વિચાર કરતાં કરતાં જમુનાને કિનારે પહોંચી ગયા. ત્યાં એક માણસે બૂમ પાડી. બીરબલ તેની પાસે ગયા. પેલાએ કહ્યું : ભાઈ! પાણીનો ઘડો મારે માથે ચઢાવજો.

બીરબલ કહે : ઘડો તો તદ્દન નાનો છે. તે સહેલાઈથી માથે મૂકી શકાય.

પેલો કહે : પણ મારો એક હાથ કપાયેલો છે. તેથી હાથે ઊંચકાય નહિ અને માથે ઘડો મુકાય નહિ. બીરબલે ઘડો તેને માથે મુક્યો અને તેના હાથ શી રીતે કપાયો તે વાત પૂછી. તે વાત સાંભળીને બીરબલ ચાલ્યો ગયો. બીજે દિવસે સવારમાં વહેલો વહેલો બીરબલ ઊઠ્યો. પેલા ઘડાવાળા ઠુંઠા માણસની પાસે ગયો. તેને એક સોનામહોર આપી દીધી અને કહ્યું કે તુ મારી સાથે ચાલ. તે માણસને લઈ બીરબલ ચાલ્યો.

બાદશાહ અકબર મહેલની અટારીમાં બેઠા હતા. બીરબલને બધે જવાની છુટ મળેલી હતી. મહેલ આવ્યા એટલે પેલા માણસને કહ્યું કે તું મારી સાથે દોડતો ચાલ. બીરબલ અને તે માણસ દોડતા દોડતા મહેલમાં ગયા.



બાદશાહ કહે : આમ દોડે છે કેમ બીરબલ? શી વાત છે?

બીરબલ કહે : કાલે આપે મને કહેલું કે લંગડાને દોડાવીને લાવજે તે આ લઈ આવ્યો.

બાદશાહને નવાઈ લાગી. બાદશાહે પૂછ્યું કે અરે બીરબલ આ તો સાજા તાજા પગવાળો છે એ લંગડો નથી. લંગડો દોડે પણ શી રીતે?

બીરબલ બોલ્યો : લંગડા બે જાતના એક પગથી લંગડો અને બીજો બુદ્ધિનો લંગડો કહેવાય. માણસનું ભાગ્ય બે પગે દોડે છે એક પગ લાભનો અને બીજો પગ નુકશાનનો છે. બુદ્ધિથી કામ કરે તો નુકશાનનો પગ કપાઈ જાય છે. ત્યારે લાભનો પગ બમણા જોરથી દોડે છે. બુદ્ધિ વિનાનું કોઈ માણસ કામ કરે છે ત્યારે લાભનો પગ કપાઈ જાય છે અને નુકશાનનો પગ એકલો દોડી શકતો નથી. લાભ વિના નુકશાન સહન કરી શકાય જ નહિ. આ માણસ બુદ્ધિનો લંગડો છે. તેણે વગર વિચાર્યું એક કામ કર્યું તેથી તેનો એક હાથ કપાઈ ગયો છે. તે જુવાન હતો ત્યારે બોર તોડવા બોરડી પર ચઢ્યો હશે, એક પાતળી ડાળ પર પાકેલું બોર હતું. તે લેવા જાય તો ડાલ નમી જાય. ડાળ નમે તો નક્કી તુટે. જે કામમાં ભય હોય તે કામ બુદ્ધિમાન માણસ કદી ન કરે. પણ આ માણસે બુદ્ધિથી વિચાર કર્યો નહિ. બોર તોડવા ગયો, ડાળ તુટી ને નીચે પડ્યો. હાથ ભાંગી ગયો. તે કપાવવો પડ્યો.

બાદશાહ બોલ્યા : તારી વાત સાચી છે બીરબલ. બુદ્ધિ વિનાનો માણસ લંગડા જેવો જ છે. એને બીજાનો ટેકો લઈને જ જીવન વીતવવું પડે છે.

(ગુ.સ.)

# આચાર ભ્રષ્ટતાથી શાસનનું પતન

आज से लगभग ३० वर्ष पूर्व आचार्य सम्राट श्री आनन्दऋषि जी म. सा. ने श्रमण संघ व्यवस्था के बारे में कुछ धोषणाएं की थी जो तरुण जैन २३-११-१९७१ के मुख पुष्ठ पर छपी। उनमें एक धोषणा थी **''आगम विरुद्ध और मुनि परम्परा के विरुद्ध प्रचार करने वाले तथा आचरण करने वाले (जैसे-१. चम्पल पहनना २. बिजली का उपयोग करना ३. पंखा सेवन करना ४. फ्लश में पंचमी जाना (निपटना) ५. लोच न करना ६. नल के पानी का उपयोग करना) संत सतियों के साथ केवल मैत्री सम्बन्ध रह सकेगा।** ''यानी इनके साथ सांभोगिक सम्बन्ध न रहकर मात्र मैत्री संबंध रहेगा।

इस धोषणा का समाज में बडा उहापोह हुआ और चारों ओर से धोर विरोध हुआ कि इन दोषों के सेवन करने वालों का साधु, साध्वी कहना सर्वथा अनुचित है, वे तो सम्यगद्रष्टि की गिनती में भी नहीं आ सकते हैं। क्योंकि गुणस्थान द्वार के थोकडे में पहले गुणस्थान का लक्षण बतलाते हुए कहा है कि वीतराग देव के मार्ग से जो विपरीत प्ररुपणा करे वह प्रथम गुणस्थान का स्वामी होता है। अतएव आचार्य श्री को अपनी इस धोषणा को वापिस लेना चाहिये।

बन्धुओ! उक्त छह बातों का सेवन करने वालों को जैन संत-सती के नाम से सम्बोधन करने एवं उनके साथ मैत्री सम्बन्ध रखने का समाज ने घोर विरोध किया। परिणाम स्वरुप आचार्य श्री को अपनी धोषणा पर पुनः विचार करना पडा। आज स्थिति उससे कई गुणा हीन अवस्था में पहुंच चुकी है। उनका उत्तराधिकारी कहलाने वाले वर्ग के अनाचार सेवन की फेहरिस्त छह से बढ कर साठ से भी अधिक तक पहुँच चुकी है। वे भी सामान्य नहीं निकृष्ट श्राणी की। इतनी हीनतम स्थिति पर पहुँचने के बावजुद भी हमारा स्थानकवासी समाज सत्वहीन बनकर मौन साधे बेठा है ? जहाँ सम्पूर्ण स्थानकवासी परम्परा की चुनौती ही नहीं प्रत्युत उसकी अस्तिमा दाव पर लग रही हो। वहाँ समाज का चूं तक न करना आश्चर्य की बात है।

**''अति सर्वत्र वर्जित''** वाली युक्ति हमारे यहाँ चरितार्थ हो रही है। जो कार्य कलाप प्रभु महावीर के उत्तराधिकारी के वेष में करना पूर्ण निषेध है, उनका आचरण खुले रुप में इस वर्ग द्वारा किए जा रहे हैं, जो सीमा के बाहर 'अति' की श्रेणी में है। उनकी इतिश्री तो होना निश्चित है। हाँ कुछ समय ओर लग सकता है। धर्म प्राण लोंकाशाह को हुए लगभग ५०० वर्ष हो चुके हैं। यदि समाज ने बढती हुई दुषित प्रवृत्तियों की रोकथाम के लिए कारगर कदम नहीं उठाया तो निश्चत जिहाद (धर्मयुद्ध) छिडेगा। पुनः कोई लोंकाशाह सामने आवेगा, जो अपने प्राणों की आहुति देकर भी शासन की रक्षा करेगा।

हमारा किसी व्यक्ति विशेष अथवा संस्था से विरोध नहीं हैं। विरोध मात्र उन अनागमिक प्रवृत्तियों से है जो भगवान् के उत्तराधिकारी के वेश में इनके द्वारा की जा रही है। जिन्हें सुन कर देखकर सुज्ञ श्रावक का सिर तो शर्म से झुक जाता है, पर इस वर्ग पर तनिक भी असर नहीं होता है। क्योकि ये तो लज्जा प्रुफ बने हुए हैं। कहावत है जिसके आंख में थोडी भी शर्म होती है वह सुधर सकता है, पर जिनके आँख में शर्म नाम की कोइ चीज ही नहीं रही हो वहाँ सुधार की आशा रखना नादानी है। इनमें सुधार तभी आ सकता है जब समाज में जागृति आवे। इनके सामने दो विकल्प [illegible] दि[illegible] तो आप अपनी प्रवृत्तियों को सुधारें भगवान् की आज्ञा अनुसार चले) अथवा वेष का परित्याग कर अपने घर जावें। आज इस वर्ग की स्थिति इस प्रकार बनी हुई है।

**भूल जाओ जिन धर्म, याद रखो जनधर्म ।**
**भूल जाओ श्रमण धर्म, याद रखो संगठन धर्म ॥**
**भूल जाओ शुद्धाचार, याद रखो स्वेच्छाचार ।**
**भूल जाओ पर भव, याद रखो यही भव ॥**

क्या इन परिस्थितियों में जिनशासन की सुरक्षा संभव है? सुज्ञ वर्ग इस पर गहराई से चिंतन मनन करे। सत्य बात को उद्‌घाटित करने पर भी यदि किसी की आत्मा को ठेस पहुँचे तो उसके लिए क्षमा प्रार्थी!

*- नेमीचन्द बांठिया, सम्पादक*

**आचार्य के उच्च पाट बैठे गुरु,**
**फिर भी पद की भुख सताए ।**
**मेरा-तेरा पंथ-पंक में फंस के**
**अपने नाम की तूती बजाए ।**
**धर्म-सभा धनवान अडे आगे,**
**भ्रष्टाचारी नेता पास बिठाए ।**
**मूल-धर्म सब भूल गए आज ।**
**'पारदर्शी' धुल माथे चढाए ॥**

- ओम पारदर्शी, आयड (उदयपुर)

આ વિગત સ્થાનકવાસી પત્રમાં છે તેઓ પણ આચર સંપન્નતા માટે પ્રેરણા આપે છે. તપાગચ્છમાં આજે શ્રાવક વર્ગમાં એવા વિચારો થયા છે જે જમાનાવાદ તરફ ખેંચે છે અને કેટલાક સાધુઓ પણ એ વાદમાં ખેંચાઇ જાય છે અને પ્રગટ પણું જૈન શાસન સિદ્ધાંતોનો વિનાશકારી પગલા ભરે છે. જીવન જીવે છે. અને સાચા ધર કે સાચા સાધુ પણના અર્થી નથી તેવા શ્રાવકો આ આચારા ભ્રષ્ટતા દેખી શકતા નથી અને તેથી તેમને ઉત્તેજન આપે છે. એજ જૈન શાસનનું પતન છે અને ભ્રષ્ટાચારનું ઉત્તેજન છે.

વળી અહમન કે લાલસાને આધીન થયેલો વર્ગ દોરા, દાધા, ચમત્કાર અને ભ્રમમાં સપડાઇ જાય છે તેથી સાધુના જીવનથી ભ્રષ્ટ છતાં મંત્ર તંત્રથી બધાનો ઉધ્ધાર કરી દેવાના હોય તેમ સાધુ વર્તતા થાય છે અને ધીઠ્ઠા બની જાય છે. તેઓનો જૈન શાસનથી થયેલું પતન તથા આચારથી ઉતરી જવાનું લક્ષમાં ન આવતાં જૈન શાસનને ભારે હાની પહોંચે છે.

ધર્મના કામ કરવા માટે શક્તિ સંપન્નો લાભ લેવા તૈયાર ન થાય તેથી લોટરી પદ્ધતિ અપનાવી શાસનના રહસ્ય જે નિર્મમતાનો નાશ થાય છે, લાલસાના મૂળ જામી જાય છે.

લકી ડ્રો એ પણ લાલસાનું સામ્રાજ્ય જમાવે છે, એકાદને મળે છે તે ખુશ થાય છે અને સેંકડો હજારો હાથ ઘસતા જાય છે.

મોક્ષના અર્થી આત્માઓએ જૈન શાસન સિદ્ધાંત પ્રેમી બની શાસન વિરૂદ્ધના વિચારોથી મુક્ત થવા અને ન ફસાવાય તેની જરૂર છે અને પ્રગટ આચારથી ભ્રષ્ટતાથી દૂર રહેવા અને તેમજ ઉત્તેજન ન આપવા તત્પર બનવું જોઇએ.

જીનમંદિર આદિમાં પણ ડ્રો કરીને થોડી રકમમાં મોટી બાજી મેળવી લેવાનો અને કીર્તિ કે લાભ મળી ગયાનો મૂઢ આનંદ માને છે. દેવ દ્રવ્યના આવકને રોકવાનો અને દેવદ્રવ્યના વિનાશનું ભયંકર પાપ લાગે છે.

દેવદ્રવ્યનું ભક્ષણ કરવાથી પરસ્મીગમન કરવાથી હે ગૌતમ સાતમી નરકમાં જીવો સાતવાર જાય છે. આ વાતને આવા જીવો ભૂલી જાય છે. સાતક્ષેત્રનું ધર્મદ્રવ્ય સાતક્ષેત્ર બહાર વાપરી ધર્મદ્રવ્યને હાની કરે છે અને ધર્મદ્રવ્યનો ભ્રષ્ટાચાર ફેલાવે છે. શાસ્ત્રમાં જીવ દયાના દ્રવ્યને દેવદ્રવ્યમાં વાપરવાની મનાઇ છે. અને દેવદ્રવ્યને જીવદયામાં વાપરવાની મનાઇ છે. આ મર્યાદાનો લોપ એટલે સ્વપરનું અધઃ પતન છે એ સૌ સમજે.

*(સમ્યગ દર્શન)*

# બીજી આવૃત્તિ પ્રગટ થઈ ચૂકેલ છે

જૈન રામાયણના રચનારા પૂ. આ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા

- જૈન શાસનના પ્રખર પ્રભાવક
- મહાવ્યાકરણના રચયિતા
- ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્રના કર્તા
- યોગશાસ્ત્ર મહાશાસ્ત્રના સટીક રચયિતા
- વ્યાકરણ પંચાંગીના કર્તા
- પ્રમાણ મીમાંસા જેવા ન્યાયગ્રંથના પુરસ્કર્તા
- કુમારપાલ મહારાજાના પ્રતિબોધક
- જૈન શાસનના પ્રભાવક પુરૂષ તેમને કોટિ કોટિ વંદન

જિનેન્દ્રસૂરિ

પૂ. આ. શ્રી હેમચંદ્ર સૂરીશ્વરજી મહારાજા રચિત પર્વ ૧ થી ૧૦

## શ્રી જૈન રામાયણ

વિશિષ્ટ વિવેચન યુકત પ્રવચનો ૧ થી ૬

❖ પ્રવચનકાર ❖
પૂ.આ.ભ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજા

❖ સંપાદક ❖
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

મુલ્ય રૂા. ૪૦૦/-
૧૦૦૦થી વધુ પેજ દળદાર ગ્રંથ
પાંચ કે તેથી વધુ નકલ લેનારને
૨૦% ટકા કમીશન

જૈન રામાયણના વિશિષ્ટ વિવેચનો પ્રવચનકાર પૂ. આ. શ્રી વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મહારાજા

- મહાન પ્રવચનકાર
- મહાન શાસ્ત્રવિવેચક
- યોગશાસ્ત્ર અને યોગદ્રષ્ટિ સમુચ્ચય જેવા ગ્રંથોના પ્રખર પ્રવચનકાર
- પ્રવચનના અંશે અંશમાં મોક્ષ માર્ગના પ્રતિપાદક
- પ્રખર પ્રશ્નોત્તરદાતા
- પ્રખર હાજર જવાબી
- તાર્કિક તાત્ત્વિક શિરોમણી
- યુગપ્રભાવક યુગ પુરૂષ પૂજ્યશ્રીને કોટિ-કોટિ વંદન

જિનેન્દ્રસૂરિ

❖ પ્રાપ્તિ સ્થાન ❖

૧. શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા :
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ, જામનગર - ૩૬૦ ૦૦૫. ફોન:૨૭૭૦૯૬૩
૨. સેવંતીલાલ વી. જૈન : ૨૦ મહાજન ગલી મુંબઈ-૨.
૩. પ્રકાશકુમાર એ. દોશી :
શ્રી જૈન ઉપકરણ ભંડાર ૧, વર્ધમાનનગર, રાજકોટ. મો. : ૯૮૯૮-૩૯૯૮૪૪
૪. સરસ્વતી પુસ્તક ભંડાર : હાથીખાના, રતનપોળ, અમદાવાદ.
૫. કુલારી જૈન ધર્મશાળા : પંચાસર રોડ, શંખેશ્વર તીર્થ, ફોન : (૦૨૭૩૩) ૨૭૩૩૧૦

સાર્વજનીક ટ્રસ્ટ રજી. નં. - ઇ. ૪૫૫-સુરેન્દ્રનગર.  ॥ સેવા એ મહાન ધર્મ છે ॥

I. T Exam U/S 80 (5) No. HQ 3/33 (61) 95-96 Dated 28-6-95 Valid From 1-4-99 to 31-3-2003

# LIONS CHARITABLE FOUNDATION TRUST

## લાયન્સ ચેરીટેબલ ફાઉન્ડેશન ટ્રસ્ટ

થાનગઢ - ૩૬૩૫૩૦. (ગુજરાત)

Managing Trustee
DR. RASIK J. THAKAR
Azad Chowk, Thangath - 363530.
Phone : (02751) Clinic/Resi. 220769

President Trustee
SHREE RAMJIBHAI MARU
Sunrise Pottery Works, Thangadh - 363530.
Phone : (02751) O. 220314/220428 R. 220728

સુજ્ઞ મહાશય વડીલો તેમજ ધર્મપ્રેમી બંધુઓ તેમજ બહેનો,

આપસૌ મજામાં હશો. આપ સમક્ષ રજુઆત કરતા આનંદ થાય છે કે ઉપરનું અમારૂ આ ટ્રસ્ટ નીચેની પ્રવૃતિઓ કરી રહેલ છે. આપ સર્વે ધર્મપ્રેમી પરિવારો તરફથી પુરો સહકાર મળી રહેલ છે તે આનંદની વાત છે.

(૧) લાયન્સ ચેરીટેબલ ફાઉન્ડેશ ટ્રસ્ટ એક આંખની હોસ્પીટલ તેમજ જનરલ હોસ્પીટલ ચલાવે છે. તેમાં આંખના મોતીયા તેમજ નેત્રમણીના ઓપરેશન ફ્રી થાય છે. તેમજ અન્ય ડોકટરો અલગ અલગ વિભાગના દર અઠવાડીએ આવે છે.

(૨) અત્યાર સુધીમાં પાણી માટે આ ટ્રસ્ટે આશરે **૬૦** તળાવો તેમજ ચેક ડેમો બનાવેલ છે અને અત્યારે હજુ પણ કામ ચાલુ છે

(૩) વૃક્ષારોપણનું પણ કામ સરસ થાય છે અને અત્યાર સુધીમાં **૧૦,૦૦૦** રોપાઓ મોટા વટવૃક્ષ બની ગયા છે.

(૪) શૈક્ષણીકના બાલમંદિરથી કોલેજ સુધીના કાર્યો ચાલે છે. જેમાં સરકારી કોલેજ ગ્રાન્ટ નથી મળતી. આ બધુ કામ કરવા માટે રૂપિયાની ખુબજ જરૂર રહેતી હોય છે. માટે આપ સૌને અમારૂ આ ટ્રસ્ટ નમ્ર વિનંતી કરે છે કે આપ અમારી આ નીચેની સ્કીમમ બની શકે તેટલી સહાય કરશો અને અમારા ઉત્સાહમાં વધારો કરશો. સ્કૂલની એક વીંગ ઉપર નીચે આઠ રૂમ જેની મુખ્ય તકતીના રૂા. **૭,૨૦,૦૦૦** નકરો છે. પછી બીજી સ્કુલની વીંગ ગ્રાઉન્ડ ફ્લોર જેનું બાંધકામ આશરે **૮૦૦૦** ફુટ જેનો નકરો મેઇન તકતીના **૧૦,૦૦,૦૦૦** (દશ લાખ) રૂપિયા રાખેલ છે. વીંગ-સી ફસ્ટ ફ્લોર જેનું બાંધકામ આશરે **૮૦૦૦** ફુટનું છે. જેનો વીંગ ઉપરનો નકરો **૧૦,૦૦,૦૦૦** (દશ લાખ) રાખેલ છે. સ્કૂલમાં ટોટલ રૂમ અમારી પાસે ૫૦ (પચાસ) તૈયાર છે. જેની સાઇઝ ૨૦ X ૨૦ છે અને જે બનાવવામાં આશરે **૧,૯૦,૦૦૦** એક રૂમનું ખર્ચ થયેલું છે. જેનો એક રૂમનો નકરો રૂા. **૩૫૦૦૦** છે.

(૫) નેત્રમણિના ઓપરેશન માટે એક કેમ્પ માટેનો નકરો રૂા. **૧૫૦૦૦** રાખેલ છે. જેમાં ૨૦ થી ૩૦ ઓપરેશન થતાં હોય છે. આ દરેક કામ આપણો ઓશવાળ સમાજ જે થાનગઢમાં **૨૦** ઘરોનો જ વસવાટ છે અને આ સમાજ **૯૦** ટકા કામ સંભાળતો હોય છે અને તેમાં આપણાં ઓશવાળ સમાજ તેમજ અન્ય જૈન સમાજ તેમજ અહીંયા સ્થાનીક તેમજ બહારગામ વસતા દરેક સમાજ આગળથી કાયમ માટે સહકાર મળતો રહે છે તો આપ તેમજ આપના મિત્રો આગળથી અમારા કામને પ્રોત્સાહન મળે તેવી હેલ્પ કરવા વિનંતી

(૬) ડોળીયા તીર્થ નેશનલ હાઇવે પર આવેલું છે જેનો ટુકા ટાઇમમાં ખુબજ વિકાસ થયો છે તેનો વહીવટ પણ આપણાં સમાજનાં ભાઇઓ કરી રહ્યા છે.

(૭) આપ જ્યારે પણ આ બાજુ નીકળો ત્યારે થાનગઢ તેમજ ડોળીયા તીર્થની જરૂરથી મુલાકાત લેશો. અર્થ કેકમાં ડેમેજ થયેલી સ્કૂલોનું નવેસરથી નિર્માણ કરીને સરકારશ્રીને સોંપેલ જેનું ઓપનીંગ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ કરેલ. જે આપની જાણ માટે.

*લી. લાયન્સ ચેરીટેબ ફાઉન્ડેશન ટ્રસ્ટ*
*પ્રમુખ, શ્રી રામજીભાઇ લખમણભાઇ મારૂ*
*તેમજ ટ્રસ્ટી મંડળ*

### કોન્ટેક

**શાહ શ્રી છગનલાલ ખીમજી ગુઢકા**
નાયરોબી, કેન્યા(૦૦૨૫૪૨)
(ઓ.) ૩૭૪૫૫૯૧ (ઘર) ૩૭૪૧૧૧૦

**શ્રી રામજીભાઇ લખમણભાઇ મારૂ**
C/o. સનરાઇઝ પોટીરી વર્કસ
અમરાપર, થાનગઢ. ફોન : (ઓ.) ૨૨૦૪૨૮/૨૨૦૪૨૮

**શ્રી મગનલાલ લખમણ મારૂ**
થાણા, મુંબઇ.
(ઘર) ૨૫૪૨૫૫૨૫/૨૫૪૦૧૪૧૩

**શ્રી નિમીષ જયંતિલાલ ધનાણી**
મોકબલા, કેન્યા. કોડ (૦૦૨૫૪-૧૧)
૪૭૪૨૩૮/૪૭૫૧૩૭

**શ્રી કેશવલાલ હેમરાજ સુમરીયા**
૧૨૩, કેપ્ટન લેઇન કેન્ટન કેરો, મીડલ સેકસ
J.H.A.S., UJ, UK. ૦૨૦૮ ૫૩૭-૭૭૭૫

ટ્રસ્ટ રજી. નં ૧૨ સુરેન્દ્રનગર એ. ૧૦૪૨

ફોન : ડોળીયા (૦૨૭૫૫) ૨૩૫૪
થાનગઢ (૦૨૭૫૧) ઓ. ૨૨૦૩૧૪, ૨૨૨૪
ઘર. ૨૨૦૮

શ્રી શંખેશ્વર નેમીશ્વર જિનેન્દ્ર પ્રાસાદ

# શ્રી જૈન હિતવર્ધક મંડળ

## નેશનલ હાઈવે, મુ. ડોળીયા (તા. સાયલા) જી. સુરેન્દ્રનગર. (સૌરાષ્ટ્ર)

સુજ્ઞ મહાનયો વડીલો તેમજ ધર્મપ્રેમી બંધુઓ તેમજ બહેનો,

આપ સૌ સાતામાં હશો. ત્યાં બીરાજતા દરેક હશો. ત્યાં બીરાજતા દરેક સાધુ ભગવંતો પૂજ્ય સાધ્વીજી મહારાજ સાહેબો ને અમારા ની સાતા પૂછશો. બીજુ આપ સૌને ખુબજ ખુશી સાથે જણાવવાનું કે આપણાં શ્રી શંખેશ્વર નેમીશ્વર તીર્થ ડોળીયની **૧૪મી વર્ષગાંઠ** ા. **૨-૩-૨૦૦૪** નાં રોજ ખુબજ હર્ષ ઉલ્લાસથી ધજારોપણ તેમજ ખૂબજ સારી સંખ્યામાં હાજર રહેતા ધર્મપ્રેમી ભાઈ બહેનો ા ઉત્સાહથી ઉજવેલ છે. આ તીર્થના પ્રેરણાદાતા હાલાર ઉધારક **પૂ.આ.શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ.** ના પટ્ટધર શાસન પ્રભા ક **પૂ.આ.શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.** તથા પૂ. પ્રવર્તક મુનિરાજ **શ્રી યોગીન્દ્ર વિજયજી મ.** ના ઉપદેશ અને તેઓશ્રીના માર્ગદ ન મુજબ ભ ય રીતે આ તીર્થ અસ્તિત્વમાં આવ્યું છે. જે માટે આપણે તેમના કાયમ ઋણી છીએ. આ તીર્થમાં નીચે મુજબની વ્યવસ્થા ો ઉભી કરેલ છે.

(૧) જૈન મંદિર, <u>૩</u> ઉપાશ્રય, યાત્રિકોને રહેવા માટેના <u>૨</u> મોટા હોલ તેમજ <u>૫૦</u> રૂમો તૈયાર છે. જેનો યાત્રિકોનો ખુબજ લાભ ટ્રસ્ટને મળે છે. ખુબજ મોટી ભોજન શાળા જેનું બાંધકામ <u>**૧૬૩૨૧**</u> ફુટ છે. છેલ્લે હમણા એક ધર્મશાળા બનાવી જે ટોટલ ૨૬ રૂમના દાતા ી **દેવશીભાઈ પોપટ મોંઢુ** તેમજ તેમના ભાઈઓ તથા પરિવાર છે. અને આ લાભ તેમણે રૂા. ૧૧,૧૧,૧૧૧/- આપીને લીધો છે. ભોજન શાળામાં પણ રૂા. <u>**૧૨,૫૦,૦૦૦**</u> જેવું ડોનેશન આપી પુરક દાતા તરીકેનો લાભ લીધો છે. હજુ પણ ડોળીયા તીર્થમાં વધુ લાભ લેવા માટે તેઓ વિચારી રહ્યા છે. જેની જાહેરાત તેઓ ધર્મશાળાના ઓપનીગ વખતે કરશે.

ભોજનશાળાની મેઈન તકતી તેમજ ધર્મશાળાની તકતીના દાતા <u>**શ્રી દીપચંદભાઈ ગાર્ડી સાહેબ**</u> છે. હોલના મુખ્ય દાતા **શ્રી મનુસુખલાલ જીવરાજ ભાડલાવાળા** છે. દાતાઓનાં હંમેશા ખુબજ સહકાર મળવાથી આ તીર્થ ખુંબજ ટુંકા સમયમાં વિસ્તાર પામ્યું છે. ને ભોજન શાળા પણ ફ્રી ચાર્જમાં ફકત ખુશી ભેટ ઉપરજ ચલાવીએ છીએ. અને દર મહીને <u>૭-૮</u> હજાર માણસોનો ભોજન શાળાનો લાભ મળે છે. આપણાં આ તીર્થમાં નીચેના તક્તિઓ તેમજ તિથિ અને ફોટા માટેની ડોનેશનની યોજના છે તો આપ યથા યોગ્ય ડોનેશન આપીને આપણા તીર્થને મદદરૂપ થવા વિનંતિ.

(૨) ધર્મશાળામાં જીર્ણોધ્ધાર કરેલ જેનાં <u>૮ રૂમ ગ્રાઉન્ડ ફ્લોર નો</u> નકરો <u>**રૂા. ૧,૫૧,૦૦૦**</u> અને <u>૮ રૂમ ફર્સ્ટ ફ્લોર જેનો નકરો</u> રૂા. <u>**૧,૫૧,૦૦૦**</u> તેની જીર્ણોધ્ધારની તક્તિ લાગે.

(૩) ભોજન શાળામાં એક <u>**૩૨૦૦**</u> ફુટ (ભોયરૂ) છે જેની તકતી <u>**રૂા. ૧,૫૧,૦૦૦**</u>

(૪) ભોજન શાળામાં કાયમી તિથિ જેનો નકરો રૂા. <u>**૪૦૦૦**</u> છે

(૫) ભોજન શાળામાં ફોટા મુકવાના રૂા. <u>**૨૫૦૦**</u> ફોટાની સાઈઝ છે ૧૪ X ૨૦ જે ફોટો બનાવવાનું ખર્ચ સંસ્થા કરે છે. આપે એક નાનો ફોટો મોકલવાનો રહે.

(૬) જીવદયા માટે સાયલા - ચોટીલા તાલુકાના આજુ બાજુના <u>**૫૦**</u> ગામડાઓમાં પક્ષીઓ માટે ચણ મોકલીએ છીએ. જેનો એક ગુણીનો નકરો રૂા. <u>**૬૦૦**</u> રાખેલ છે.

(૭) આપણી પાસે સુરેન્દ્રનગરમાં આપણા સાધર્મીક ભાઈઓ માટે <u>**૧૫૦**</u> મકાન થાય તેટલી જમીન મળી છે. જે કોઈ ભાગ્યશાળી ભાઈઓને રસ હોય તો જણાવશો. તેની વિગત આપવામાં આવશે.

આ રીતે અમારી ઉપરની સ્કીમો છે તો આપ તેમજ આપના મિત્રોને યાદી આપીને શક્ય એટલી આ તીર્થને અને અમારા કામને વેગ આપવા વિનંતી.

ान मन्दिर
केन्द्र
जि. गांधीनगर, पीन-३८२००९

લી. શ્રી જૈન હિતવર્ધક મંડળ - ડોળીયા
શ્રી રામજીભાઈ લખમણભાઈ મા
તથા ટ્રસ્ટી મંડ

**કોન્ટેક**

**શ્રી રામજીભાઈ લખમણભાઈ મારૂ**
સનરાઈઝ પોટરી વર્કસ
અમરાપર, થાનગઢ. ફોન : (ઓ.) ૨૨૦૪૨૮/૨૨૨૪૨૮/૨૨૦૩૧૪

**શ્રી મનસુખલાલ જીવરાજ ભાડલાવાળા**
રાજકોટ. ફોન (૦૨૮૧) ઓ. ૨૨૩૨૩૭૧
ઘર ૨૨૨૩૪૮૨

**શ્રી છગનલાલ ખીમજી ગુઢકા**
નાઈરોબી, કેન્યા.
ફોન ઓ. ૩૭૪૫૫૯૧ ઘર, ૩૭૪૧૧૧૦

**શ્રી મગનલાલ લખમણ મારૂ**
થાણા, મુંબઈ.
ફોન ઘર. ૨૫૪૨૫૫૨૫/૨૫૪૦૧૪૧૩

# રાજસિંહ અને રત્નવતી

હપ્તો -૭

ચિત્રકાર : ભાસ્કર સગર

કથા : મુનિ શ્રી જિતરત્નસાગરજી



પૂ.આ.શ્રી વિજય પ્રભાકર સૂરીશ્વરજી મ.,પૂ.પં.શ્રી ધર્મદાસ વિજયજી મ.,પૂ.મુ.શ્રી ક્ષમાવિજયજી મ.,પુ.મુ.શ્રી વિરાગદર્શનવિજયજી મ. આદિ તથા પૂ.સા.શ્રી મગાણાશ્રીજી મ. આદિની નિશ્રામાં જેઠ વદ ૧૪ના થયું.

પૂ.મુ.શ્રી ક્ષમાવિજયજી મ.ઠા. ૨ નું ચાર્તુમાસ પ્રવેશ અષાઢ સુદ ૯ના ઉત્સાહથી થયો.

**વિદ્યાનગર - આણંદ :** અત્રે પૂ.આ.શ્રી વિજય પ્રભાકર સૂરીશ્વરજી મ. આદિનો ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ ૯ના ઠાઠથી થયો. ઠે. નાનાબજાર, મ્યુ. હોલ સામે, વલ્લભ વિદ્યાનગર - ૩૮૮૦૦૧

**મુંબઇ :** મોતીશા લાલબાગ ભુલેશ્વર મુકામે પૂ.આ.શ્રી વિજયચંદ્ર ગુણસૂરીશ્વરજી મ. આદિનો ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ ૨ રવિવારના સવારે નમિનાથજી પાયધુનીથી શરૂ થયો હતો અને ઉપાશ્રયે ઉતાર્યા બાદ પ્રવચન થયું હતું પૂ.સા.શ્રી પરમપ્રભાશ્રીજી મ. આદિનો પ્રવેશ પણ તે વખતે થયો હતો. દરરોજ ૯ થી ૧૦ાા પ્રવચન તથ બપોરે ૩થીજ વાંચન ફરમાવશે.

**મલાડ ઇસ્ટ :** અત્રે રાજેશ પાર્ક ખાતે પૂ.આ.શ્રી વિજય સોમસુંદર સૂરીશ્વરજી મ. આદિ ઠા. ૧૦ તથા પ્રવૃત્તિ પૂ.સા.શ્રી સુવર્ણપ્રભાશ્રીજી મ. આદિ તથા પૂ.સા.શ્રી સુરલતાશ્રીજી મ. આદિ તથા પૂ.સા.શ્રી મોક્ષરગશ્રીજી મ. આદિ તથા પૂ.સા.શ્રી પુનીતયશાશ્રીજી મ. આદિનો ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ ૧૦ સોમવારના થયો. સામૈયું; પુષ્પા પાર્કથી ચઢીને પધારેલ બાદ પ્રવચન થયેલ. સામુદાયિક આંબેલ, પંચકલ્યાણપૂજા, સુંદર અંગ રચના થઇ હતી.

**કલકત્તા - ભવાનીપુર :** અત્રે પૂ.આ.શ્રી વિજયજયકુંજર સુરીશ્વરજી મ., પૂ.આ.શ્રી વિજય મુક્તિ પ્રભ સૂરીશ્વરજી મ. આદિનો ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ ૧૦ સોમવારના ઘણા ઉત્સાહથી થયો. પૂ.સા.શ્રી જયવર્ધનાશ્રીજી મ. આદિનો પણ પ્રવેશ સાથે થયો. સામૈયા બાદ પ્રવચન, ગુરુપૂજન સંઘપૂજન તથ સકલ સંઘની નવકારથી થઇ. સામુદાયિક આંબેલ શેઠશ્રી નગીનચંદ દેવચંદ મહેતા તરફથી થયા.

**શ્રી પાલનગર -વાલકેશ્વર મુંબઇ :** અત્રે પૂ.આ.શ્રી વિજયહેમભૂષણ સૂરીશ્વરજી મ. તેમજ પર્યાયસ્થવિ પૂ.મુ.શ્રી હિરણ્યપ્રભવિજયજી મ. આદિ વિશાળ સમુદાય તથા પૂ.સા.શ્રી તરૂલતાશ્રીજી મ. આદિ તથ પૂ.સા.શ્રી લબ્ધગુણાશ્રીજી મ. આદિનો ચાતુર્માસ પ્રવે અષાઢ સુદ ૩ સોમવારે ઘણ ઉત્સાહથી વાલકેશ્વર રો થી થયો. પ્રવચન, ગુરુપૂજન વિ. થયા. ધર્મબિંદુ ગ્રંથન આધારે પ્રવચનો તથા વાંચનાઓ થશે.

## ૫૦૦ની કરામત

૫૦૦ શિષ્યો સાથે સેલક રાજર્ષિ મોક્ષે પધાર્યા.
૫૦૦ સાધ્વી સાથે શ્રી મલ્લીનાથ ભગવાન મોક્ષે પધાર્યા.
૫૦૦ પંડીતો રાજા ભોજની સભામાં હતા.
૫૦૦ આચાર્ય ભગવંતો પેથડમંત્રીના સંઘમાં હતા.
૫૦૦ ધનુષ્ય દેહ પ્રમાણવાળા તીર્થંકરો હાલ મહાવિદેહ ક્ષેત્રમાં છે
૫૦૦ પોષધશાળાઓ વસ્તુપાલ મંત્રીએ બંધાવેલ.
૫૦૦ વાહણો શ્રી પાલ રાજાએ તરાવેલ.
૫૦૦ યોજન સુધીનું અવધિજ્ઞાન આનંદ શ્રાવકને હતું.
૫૦૦ સૌનેયા ઉત્પન્ન કરવાની શક્તિ વયરસેનની હતી.
૫૦૦ પત્નીને નાગણ સુબાહુકુમારે કરેલ.
૫૦૦ રાણીના ભરથાર દશાર્ણભદ્ર હતા.
૫૦૦ સોનામહોરથી કુમાર નંદી સોનીએ ૫૦૦ કન્યા પરણી.
૫૦૦ ઉત્તંટગરથમાં ૫૦૦ રાણીને બેસાડી દશાર્ણભદ્ર રાજા શ્રી વીરપ્રભુને વન્દનાર્થે ગયા,

*તિમિર - કિરણ - શિ*

## સમાચાર સાર

**અમદાવાદ - ભગવાનનગરનો ટેકરો :** કવિકુલકિરિટ સ્વ. પૂ. આ. શ્રી લબ્ધિ સૂ.મ.ના સમુદાયના સુદીર્ઘ-સુવિશુદ્ધ સંયમી પૂ.સા.શ્રી મૃગનયણાશ્રીજી મ.ના ગુરૂભગિની સ્વ.પૂ.સા.શ્રી પ્રગુણાશ્રીજી મ.ની જે.સુ. ૧૫ની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે, પૂ.મુ.શ્રી તત્ત્વપ્રભ વિ.મ. આદિની નિશ્રામાં ત્રિદીવસીય શ્રી જિનભક્તિ મહોત્સવ ઉજવાયેલા.

જે.સુ. ૧૩ના શ્રી સિદ્ધચક્ર પૂજનનો લાભ શ્રી ગૌતમભાઈએ લીધેલ. સ્વ.પૂ.સા.શ્રી પ્રગુણાશ્રીજી મ.ના આત્મા શ્રેયાર્થે ૬૩ મોટા જીવોને છોડાવવાનો પણ લાભ તેમના સંસારી સબંધીઓએ લીધેલ તથા જીવદયાની પણ સારી ટીપ થયેલ. સુ. ૧૪ના કુંભસ્થાપના-પાટલા પૂજનાદિ થયેલ તથા બપોરના બરોડાવાળા કોકિલા એન્ડ પાર્ટીએ ભક્તિગીતોની રમઝટ મચાવેલ.

સુ. ૧૫/૧ના સ્વ. પૂ.સા.શ્રી પ્રગુણાશ્રીજી મ.ના સંયમ જીવનની અનુમોદનાર્થે લઘુ શાંતિસ્નાત્ર ભણાવાયેલ. આમ ત્રણે દિવસ ભકિતમય પસાર થયેલ અને સાધર્મિક ભકિત આદિ પણ કરાયેલ.

પૂ.સા.શ્રી ભવ્યદર્શનાશ્રીજી, પૂ.સા.શ્રી મુક્તિપ્રિયાશ્રીજી, પૂ.સા.શ્રી પ્રશાન્તગુણાશ્રીજી તથા પૂ.સા.શ્રી પ્રશમગુણાશ્રીજી આદિ અનેક પૂ.સાધ્વીજી ભગવંતો ઉપસ્થિત હતા. તેમના સંસારી સબંધી આદિએ પણ સારો લાભ લઈ ઉત્સવને દીપાવેલ.

**બેંગલોર બસવેસ્વરનગર :** અત્રે પૂ.આ.શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. આદિ નો પ્રવેશ શ્રી ચંદ્રેશભાઈ હીરજી નગરીયાને ત્યાં તથા પૂ.સા.શ્રી સ્વયં પ્રભાશ્રીજી મ.સા. નો પ્રવેશ આનંદ વાટિકા શ્રી લાલજીભાઈ પદમશી ગુઢકાને ત્યાં અષાઢ સુદ બીજી બીજ રવિવારે ઉત્સાહથી થયો. પૂ. શ્રી સોજપાર મેપા નાગડા ગાલવાવાળાને ત્યાં પધારતાં ગુરુપૂજન આદિ કર્યા તથા તેમના તરફથી શ્રી સંઘની નવકારથી થઈ. ૧॥ કલાક સામૈયું ચાલ્યું. ચૈત્યવંદન બાદ મંગલિક થયું ગુરુપૂજનનો આદેશ શ્રી અશોકભાઈ દેવચંદ સાવલા નવાગામવાળાએ મોટીબોલી બોલીને લાભ લીધો. સંઘ તરફથી સાકરના પડાની પ્રભાવના થઈ. બહેનોનું સામુદાયિક સામાયિક શ્રી લાલજીભાઈને ત્યાં બપોરે ૩ થી ૪ થયું. ત્રણસો ઉપર ભાવિકોની સામૈયામાં હાજરી હતી. પૂ.શ્રીને કફ થતાં હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. સારૂં થતા ત્યાં આવી અત્રે ઉત્સાહથી પ્રવેશ કર્યો હતો.

**હિરીપુર (કર્ણાટક) :** અત્રે પૂ.આ.શ્રી વિજય અશોક રત્ન સૂરીશ્વરજી મ, પૂ.આ.શ્રી વિજય અમરસેન સૂરીશ્વરજી મ. ના ચાતુર્માસ પ્રવેશ તા. ૨૦-૬-૦૪ના ઠાઠ થી માઠ થી થયેલ. મંગલ પ્રવચન, સાધર્મિક વાત્સલ્ય, પંચકલ્યાણક પૂજા વિ. થયા.

**સુરત :** પૂ.આ.શ્રી વિજયગુણયશ સૂરીશ્વરજી મ,પૂ.આ.શ્રી વિજય કીર્તિયશ સૂરીશ્વરજી મ. આદિનો નગરે પ્રવેશ અષાઢ સુદ ૫ શ્રી રામચંદ્રસૂરીશ્વર આરાધના ભવન ગોપીપુરા, સુભાષચોક તથા અષાઢ સુદ ૧૦ના અઠવા લેન્ચ ઠાઠથી થયો. સુધાકલશ બંગલો, અશ્વિન મહેતા મારૂ પાછળ અઠવાલાઈન્સ, સુરત.

**મોરબી :** અત્રે શ્રી ધર્મનાથ ભગવાનની ૨૫૦મી શાલગીરી નિમિત્તે પંચાહિનકા મહોત્સવ પૂ.આ.શ્રી વિજયશાંતિચંદ્ર સૂરીશ્વરજી મ. જેઠવદ ૭થી જેઠ વદ ૧૧ સુધી શ્રી શાંતિસ્નાત્ર શ્રી સિદ્ધચક્ર મહાપૂજન સાથે થયો. પૂ.સા.શ્રીસુયશાશ્રીજી મ. આદિ આ પ્રસંગે પધારેલ. વિધિ માટે રાજકોટથી શ્રી ભુપતભાઈ શેઠ પધાર્યા હતા. અને સંગીતકાર શ્રી વિજયભાઈની મંડળી મુંબઈથી પધારેલ.

**બોરસદ :** અત્રે કાશીપુરામાં નૂતન ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન

મહાવીર ઝુપડીમાં રોકાઈને તપ-ધ્યાન કરવા લાગ્યા. થોડી ગાયોં આવી તેમની ઝુપડી ખાવા લાગ્યા. પક્ષી તિણખા લઈ જવા લાગ્યા. પરંતુ મહાવીરે કોઈને કાઈ ન કહ્યું.




ત્યારે આશ્રમવાસી તાપસોં એ કુલપતિ ને ફરીયાદ કરી.




કુલપતિએ મહાવીર ને કહ્યું.




મહાવીર ધ્યાન મોન મા સ્થિર હતા. તેમને વિચાર્યું




મહાવીર આશ્રમ છોડીને જંગલમાં ચાલ્યા ગયાં.

# પરિમલ

- પૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

* સાધુ એટલે અનુકૂળતાનો વૈરી અને પ્રતિકૂળતાનો રાગી !
* અવિરતિ ખૂબ જ ગમે, તેમાં જ મજા આવે-માને તેનું મિથ્યાત્વ પણ ગાઢ જ હોય, કષાયો વકરેલા હોય અને ફાટી નીકળે તો દાવાનલ સળગાવે!
* અમે નરકના પાસ ફાડવા નથી બેઠા પણ તમે નરકમાં ન જાવ માટે ચેતવવા બેઠા છીએ.
* પાપથી નિવૃત્તિ, ધર્મમાં પ્રવૃત્તિ તે નિજગુણ સ્થિરતા પામે!
* ભગવાનનો ચારે પ્રકારનો શ્રી સંઘ એટલે સત્યનો પૂજારી વર્ગ અને અસત્યનો વૈરી વર્ગ!
* કુ દર્શન પરનો રાગ મિથ્યાત્વના કારણે હોય. કુટુંબ પરનો રાગ અવિરતિના કારણે હોય.
* દષ્ટિ રાગ સદ્ધર્મ પામવા દે નહિ અને સ્નેહરાગ અને કામરાગ ધર્મ કરવા દે નહિ કાં ધર્મ બગાડયા વિના રહે નહિ.
* 'આજે અનીતિ વગર ન ચાલે' તેમ કહો છો તે તમારી પાસે કામરાગ અને સ્નેહરાગ બોલાવે છે તેમ ખબર પડે છે?
* બધી દુર્ગતિ કામરાગ અને સ્નેહરાગને આભારી છે. બધાં પાપ પણ આ બેમાંથી જન્મે છે.
* મોક્ષની ઇચ્છાવાળાની સદ્ગતિ દાસી છે.
* આપણે ભગવાનના ભગત ખરા પણ આજ્ઞાના ભગત ખરા ?
* સાધુપણું એટલે ભોગના પચ્ચક્ખાણ ! શ્રાવક એટલે ભોગને ભૂંડો માનનાર !
* મોહરાજાએ ખાવાની બધી ચીજોમાં 'સ્વાદ' નામનું ઝેર મેળવ્યું છે. તેમાં જેને મજા આવે તેને પછી ક્યાં જવું પડે?
* અજના આગેવાનોને પણ સાધુનો ખપ નથી. કેટલાકને તો સાધુ બોલાવે તો આવે, બોલાવ્યા પછી પણ સાધુઓ તેને સાચવવો પડે. જેને સધુનો કે દેવનો ખપ નથી તેને બોલાવીને શું કરવાનું? સાધુ આજ્ઞા મુજબ સારું કરતા હશે તો ય તે રોકી રાખશે, સાધુએ તેની વાત માનવી પડે. તે આગેવાન સાધુને ગાંડા કહે તો તેને સાંભળનારા જૈનસંઘમાં જીવે છે. આજના સુખી કહે કે, 'આ સાધુ આપણા કામના નથી, આપણી વાતનો વિરોધ કરે છે, તેનામ અક્કલ નથી. તે શું જાણે' તો તેને સાંભળનારા જૈનો પણ જીવે છે ને? તેનો કાન પકડે તેવો છે!
* જેની બુદ્ધિ પાપ કરતાં રોકે તેનું નામ પંડીત!
* જેની બુદ્ધિ મજેથી ગોઠવીને પાપ કરનારી હોય તે પંડિત નહિ પણ પલિત !
* મરજી મુજબ ધર્મ કરીએ તો ધર્મ કર્યો કહેવાય નહિ. આજ્ઞા મુજબ ધર્મ કરીએ તો ધર્મ કરનારા કહેવાઇએ.
* સંસારના સુખની લાલસા તેજ આત્માનું અહિત કરનારી!

જૈન શાસન અઠવાડીક માલિક : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
શ્રુતજ્ઞાન ભવન, ૪૫. દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતા - ગેલેક્સી ક્રિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

Received 28/07/04

नमो चउविसाए तित्थयराणं उसभाइ महावीर पज्जवसाणाणं

# જૈન શાસન

## અઠવાડિક

आचार्य श्री कैलास सागर सूरि ज्ञान मंदिर
श्री महावीर जैन आराधना केन्द्र
कोबा, जि. गांधीनगर, पिन-३८२००९

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

*સજ્જનો સર્વત્ર સમાન વૃત્તિવાળા હોય છે*

वसणम्मि उसवम्मि य एकसहावा हवंति सप्पुरिसा ।
जारिसओ चियउयए अत्थमणे तारिसो सूरो ॥

સૂર્ય જેમ ઉદય અને અસ્ત સમયે સમાન હોય છે
તેની જેમ સજ્જનો પણ વ્યસન- દુઃખમાં કે ઉત્સવ આનંદમાં
એક જ સમાન સ્વભાવવાળા હોય છે.
અર્થાત દુઃખમાં દીન કે સુખમાં લીન નથી હોતા.

**શ્રી જૈન શાસન કાર્યાલય**

શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર.
(સૌરાષ્ટ્ર) INDIA. PIN - 361 005
PHONE : (0288) 770963

વર્ષ ૧૬ અંક ૩૫

# 'સુશીલ સંદેશ'

## કરૂણા નિધાન ભગવાન મહાવીર – હપ્તો–૨૦.

આશ્રમના અનુભવથી શ્રમણ મહાવીરે મનમાંને મનમાં પાંચ સંકલ્પ કર્યા -




ત્યાંથી વિહાર કરતા શ્રમણ મહાવિર એક જુના મન્દિરે પહોચ્યા. ગામવાળા મહાવીરની પાસે આવી બોલ્યા -




પરંતુ શ્રમણ મહાવીર તો સ્વયં અભય હતા. ગામવાળાનો ભય દુર કરવા માટે તે તેજ મંદિરના એક ભાગમાં ધ્યાનસ્થ ઉભા રહ્યા.

રાતનું અંધારુ થઈ જતા શુલપાણિ યક્ષ હુંફારતો-ફુંફારતો આવ્યો । એક મનુષ્ય તેમના જગ્યા ઉપર ઉભો જોઈને આગબબુલો થઈ ગયો -



आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवाय च
હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

# જૈન શાસન

(અઠવાડીક)

તંત્રીઓ :
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (વાનગઢ)

વર્ષ : ૧૬ ) * સંવત ૨૦૬૦ શ્રાવણસુદ - ૫ * મંગળવાર, તા. ૨૭-૭-૨૦૦૪ (અંક : ૪૫

## પ્રવચન ઓગણસિત્તેરમું

### પ્રકીર્ણક ધર્મોપદેશ

સં ૨૦૪૪, કારતક સુદિ-૩, રવિવાર, તા. ૨૫-૧૦-૧૯૮૭
શ્રી ચંદનબાલા જૈન ઉપાશ્રય, મુંબઈ - ૪૦૦ ૦૦૬

**પૂ.આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

*ગતાંકથી ચાલુ...*

(શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના -અવ.)

भमिओ काल मणंतं भवंमि भीओ न नाह दुक्खाणं ।
संपइ तुमम्मि दिट्ठे, जायं च भयं पलायं च ॥

*(ગયા અંકથી ચાલુ)*

જે આત્મા ભગવાનની આજ્ઞા મુજબ, મોક્ષ માટે જ ધર્મ કરે તો તે આત્મા જ્યાં સુધી સંસારમાં રહે તો તેને જે જે સામગ્રી જોઈએ તે બધી જ સામગ્રી મળ્યા જ કરે, તેને માગવી ન પડે - તેમ ધર્મ કોલ આપે છે. ગામો ચરાવનારે જે ભાવે ખીર વહોરાવી તો તેના પ્રતાપે એવી જગ્યાએ જન્મ્યો કે, તેને જીવવા માટે કમાવાની જરૂર પડી ખરી? ખીર વહોરાવતી વખતે, ભગવાને કહેલ જે ધર્મ, તેની ભાવના પેદા થઈ તેના પ્રતાપે કેવી સામગ્રી પામ્યો? એવી સામગ્રીમાં પણ તે રાજી થયો? અંતે તે સામગ્રી છોડી, સાધુ થઈ કલ્યાણ સાધી ગયા તે ખબર છે ને? આ કોની વાત કરી? શ્રી શાલિભદ્રજીની વાત કરી. તમને તેની રિદ્ધિ યાદ કે તેમનો ત્યાગ યાદ છે ? ભગવાન મળે, ભગવાનનું તારક શાસન મળે, આનંદ ન થાય તે બને? 'મને હવે આ સંસાર કાંઈ ન કરી શકે' આમ હૈયાથી બોલી શકો ખરા? આપણે બધાને હૈયાથી આ બોલવું છે.

ભગવાન મળે તેને સંસારનો ભય હોય જ નહિ. દુનિયાના સુખને ભૂંડું માને, દુઃખને રૂડું માને-તેને ભય શેનો? ભગવાન મળવા છતાં ભગવાનને ઓળખે નહિ, ભગવાન ગમે પણ નહિ તેવા જીવો દુન્યવી સુખ માટે પાપ કરી કરીને, દુઃખમાં રોઈ રોઈને દુર્ગતિમાં જાય. જ્યારે જેમને ભગવાન ગમી ગયા, ધર્મ ગમી ગયો તેવા જીવો દુનિયાના સુખમાં રાજી ન થાય. દુઃખમાં રૂવે નહિ. તે સુખ શ્રાપ લાગે, દુઃખ આર્શીવાદ લાગે. સુખમાં મૂઝાય નહિ. દુઃખથી ડરે નહિ. 'સુખ જ મને પાયમાલ કરનાર છે, તે સુખે જ મને ભટકાવ્યો છે. ગમે તેટલું સુખ મળે પણ ઓછું જ લાગે છે' આવું જેના મનમાં હોય તેને ગમે તેટલી સુખ સાહ્યબી મલે તો પણ તે ફસાય નહિ. જેમ શ્રી શાલિભદ્રજી ન ફસાયા અને પ્રસંગ પામી ખુદ શ્રેણિક મહારાજા તેને ઘેર આવ્યા અને તેમને ખબર પડી કે આ રાજા અમારો સ્વામી છે તો તેમણે વિચાર્યું કે, 'જેના માથે સ્વામી, તેના પુણ્યમાં ખામી.' તેમાંથી વિરાગ પેદા થયો અને સાધુ થઈ કામ કાઢી ગયા. ભગવાનનો ધર્મ ગમે તે દુનિયાના સુખ ફાંફા મારે? દુઃખમાં ગભરાય?

દુ:ખ શાથી આવે? આપણો પાપ કર્યું માટે. તે શું કામ આવે? પાપથી રહિત કરવા માટે આવે. તેનાથી કોણ ગભરાય? ડાહ્યો કે બેવકુફ? જેટલાં દુ:ખ આવે તે આવી જાય તો આનંદ થાય ને? સારા કાળમાં દુ:ખ આવે તો બધા કર્મ ખપી જાય ને? સમજ ન હોય તો દુ:ખ આવે તો ભટકાવે જ. દુ:ખ શાથી આવે ? જગતમાં દુશ્મન પણ દુ:ખ આપી શકે નહિ. દુ:ખ આવે તો કર્મથી જ. 'દુ:ખ આપનાર કર્મ જ છે' - આવું માનનારને જગતમાં કોઈ જીવ ખરાબ લાગે નહિ, કોઈના પર દુર્ભાવ થાય નહિં. 'આને-તેને દુ:ખ આપ્યું' તેમ કહેવું તે ભગવાન મળ્યા પણ ગમ્યા નથી તેનો પ્રભાવ છે. ભગવાન ગમે તે દુ:ખમાં મજા કરે છે, સુખથી ગભરાયા કરે છે. **દુનિયાના સુખમાં મજા આવતી હોય તો તે ભગવાનનો ભગત નથી.** ભગવાનને નામના માનો છો? ભગવાનની પૂજા શા માટે કરો છો તે જ ખબર પડતી નથી. ભગવાનની પૂજા કરે અને દુનિયાના સુખનો ભીખારી હોય, દુ:ખથી ગભરાયા કરે તે કદી બને? ભગવાનનાં વચનને માને તેને દુનિયાની સારી ચીજ ગમવી જ ન જોઈએ. ગમે તો તે ભગવાનનો ભગત નહિ.

આજ સુધી સંસારમાં કેમ ભટકયા? દુનિયાનું સુખ ગમ્યું અને દુ:ખ ન ગમ્યું માટે. હવે કહેવું છે કે, આ સુખ ગમતું નથી અને દુ:ખની ચિંતા નથી. આ સંસારથી ગભરાવવા જેવું નથી. સંસાર અડી શકે નહિ. શ્રી ભરતજીને ચક્રીપણું ભોગવવા છતાં ય સંસાર અડ્યો નહિ. એટલે આરિસાભુવનમાં કેવલજ્ઞાન લીધું. જે આરિસાભુવનને જોઈ બીજો ગાંડો બને, સંસારનો રસિયો બને પણ તે સમજી ગયેલા કે આ ચક્રીપણું છોડી દેવા જેવું છે. તમને તમારા સુખ છોડવા જેવા લાગે છે? સુખ મેળવવા તમે લોકો પાપ કરો? સુખ છોડવાનું મન નથી તેને મેળવવા અનેક પાપ કરો છો તે જૈનપણાનું લીલામ છે. જૈનપણું નહિ પામેલાની વાત છોડો પણ જૈનપણું પામેલા દુ:ખ આવે તો રોવા બેસે? સુખ મેળવવા પાપ કરે? આમાં જૈનપણું દીપે નહિ, આવે નહિ, આવ્યું તો ટકે નહિ.

આપણે પ્રસંગ પૂરતી જ વાત કરવી છે કે, શ્રી ભરતજી અને શ્રી બાહુબલિજીના યુદ્ધમાં, શ્રી બાહુબલિજીથી શ્રી ભરતજી હારી ગયા. શ્રી ભરતજીએ ગુસ્સામાં આવી તેમના ઉપર ચક્ર મૂક્યું પણ એક ગોત્રમાં ચક્ર ચાલે નહિ. તેથી તે ચક્ર પાછું આવ્યું અને શ્રી બાહુબલિજીને પણ ગુસ્સો આવ્યો તેથી મુઠ્ઠિ ઉગામી શ્રી ભરતજી મારવા દોડયા. માર્ગમાં વિવેક જાગ્યો અને તે મુઠ્ઠિ ખાલી ન જાય માટે જાતે જ લોચ કરી સાધુ થઈ ગયા. દેવોએ વેષ આપ્યો. શ્રી બાહુબલિજીને સાધુ થયેલા જોઈ, શ્રી ભરતજી સીધા દોડતા આવી તેમના પગમાં પડી કહે છે કે - ''આ રાજ્ય એ સંસારમાં ભટકાવનારું છે તેમ ન માને તે અધમ છે. આ જાણવા છતાં હું છોડતો નથી માટે અધમાધમ છું. બાપનો સાચો દીકરો તું છે, હું નહિ.'' તેમ તમને આ સુખ છોડવાનો વિચાર છે કે સાચવવાનો છે? પ્રામાણિક હોવ તો એમ કહો કે - 'હજી તે સુખ વધારવાનો વિચાર છે.' દુનિયાના સુખને વધારવાનું મન જૈનને થાય? તે ધર્મી પણ કહેવાય ખરો? ખરેખર ધર્માત્માને તો આત્માનું સુખ વધતું જાય, મોક્ષના સુખની ઝાંખી થઈ જાય. શ્રાવકનેય આવી અનુભૂતિ થાય. **શ્રાવક એટલે સાધુપણા માટે તરફડતો જીવ!** જગત પૈસા માટે તરફડે **તેમ શ્રાવક - જૈનમાત્ર - સાધુપણા માટે તરફડે! તેને સુખ ભોગવવું પડે તે ઝેર ખાવા જેવું લાગે. આત્માના સુખને લુંટનાર આ સંસારનું સુખ છે. જીવો જો સંસારના સુખના ભુખ્યા ન હોત તો દુ:ખ જ ન હોત!** ખરેખરા સુખી તો સાચા સાધુઓ જ છે. તમે બોલો છો કે - ''સાધુ સૌથી સુખીયા, દુ:ખિયા નહિ લવલેશ, અષ્ટકર્મને જીતવા, પહેર્યો સાધુ વેષ!'' આવું બોલનારા તમે મુર્ખા છો માટે સાધુપણાનું મન થતું નથી? તમને સુખી અમે લાગીએ કે તમે? સુખી તમને સાધુ લાગે છે કે તમારી જાત લાગે છે? આજનો ધર્મ કરનારો મોટો ભાગ સાધુપણાના સુખનો વિરાગી છે, સંસારના સુખનો રાગી છે. તે રાગ ગમે છે માટે મહા મિથ્યાત્વ જીવે છે.-

(ક્રમશ:)

# પ્રશ્નોત્તર વાટિકા

- પરિમલ

*(૧૧૭) એકલી સ્ત્રીઓની સભામાં ગીતાર્થ સાધુ ભગવંતો વ્યાખ્યાન કે વાંચના આપી શકે?*

એકલી સ્ત્રીઓની સભામાં ગીતાર્થ સાધુ ભગવંતો કે આચાર્ય ભગવંતો પણ વ્યાખ્યાનાદિ આપી શકે નહિ તે માટે સૂરિ પુરંદર હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજાએ શ્રી સંબોધપ્રકરણમાં સ્પષ્ટ કહ્યું છે કે

केवल थीणं पुरओ ववरवाण पुरिसअग्गओ अश्श्रा
कुव्वंति जत्य मेरा नडपंडक सनिहा श्राण

એકલી સ્ત્રીઓની આગળ સાધુ વ્યાખ્યાન કરે અને પુરુષની આગળ સાધ્વી વ્યાખ્યાન જે ગચ્છમાં કરે તે ગચ્છની મર્યાદા નાટકીયાના ટોળા જેવી જાણવી.

શાસ્ત્રકારોએ સાધુ જીવનમાં જે મર્યાદાઓ કરી છે તેનું પાલન કરવાથી એકાંતે લાભ થાય છે. સ્ત્રીઓને પમાડી દેવાની બુધ્ધિથી પણ એકલી સ્ત્રીઓની આગળ વ્યાખ્યાન વૃધ્ધા સાધુ કરે તો પણ બ્રહ્મચર્યને નાશ થવાની પુરી શક્યતા રહેલી છે તે માટે આગમમાં કહ્યું છે કે

હત્થપાય પડિચ્છિન્નં કન્નનાસ વિગપ્પિઅં
અવિ વાસસયં નારિ બંભયારી વિવજ્જએ

દશવૈકાલિક, ૮-૫૬

હાથ પગ કપાઈ ગયા હોય કાન અને નાક છેદાઈ ગયા હોય ૧૦૦ વર્ષની વૃધ્ધા સ્ત્રી હોય તો પણ બ્રહ્મચારીએ તેનો ત્યાગ કરવો. સ્ત્રીઓનું શરીર અને સ્વરૂપનું વારંવાર દર્શન કરવાથી પણ અનાદિ કાળના વિષયો સંસ્કાર રુપે પડેલા હોવાથી વિકાર ઉત્પન્ન થાય છે અને પછી પતન થતાં વારલાગતી નથી માટે જ ગીતાર્થ પૂર્વાચાર્યએ સ્ત્રીઓની (વિજાતિયની) સાથે વધુ બેસવાનો પણ નિષેધ કરેલો છે.

*(૧૧૮) સાધ્વીજી ભગવંતો પુરુષો બેઠા હોય તે સભામાં વ્યાખ્યાન આપી શકે? પુરુષો સાંભળવા જઈ શકે.*

સાધ્વીજી ભગવંતો માત્ર બહેનોની સભામાં પ્રકરણાદિ ગ્રંથોના આધારે સમજાવી શકે પરંતુ પુરુષોની અગળ બેસીને વ્યાખ્યાન આપી શકે નહિ. યાકીની મહત્તરા ખૂબ વિદ્વાન સાધ્વીજી હતા. આગમનો સ્વાધ્યાય કરતા હતા તે વખતે હરિભદ્ર પુરોહિત ત્યાંથી પસાર થતા હતા. હરિ પળગં.... ઈત્યાદિ ન સમજાતા સાધ્વીજીને પુછ્યુ તેમને સ્વયં ન સમજાવતા પૂ. આચાર્ય ભગવંતને ભળાવ્યુ તે મર્યાદાનું પાલન કરવાથી સંયમની રક્ષા સાથે જૈન શાસનને હરિભદ્ર સૂ. ની ભેટ મળી.

સાધ્વીજી વ્યાખ્યાન આપતા હોય ત્યાં જવાય પણ નહિ અને વ્યાખ્યાન સંભળાય પણ નહિ કારણે વ્યાખ્યાન સંભળતા પહેલા વંદન કરવાનું હોય છે. અને સાધ્વીજી ભગવંતોને પુરુષોએ અબ્ભુઠિઓ પૂર્વકનું વંદન કરવાનું હોતુ નથી અને માંદગી વિ. ના ખાસ કારણ સિવાય સાધ્વીજી ભગવંતોના ઉપાશ્રયે પુરુષોએ જવાનું હોતુ નથી.

*(૧૧૯) પર્યુષણા મહાપર્વના દિવસોમાં સાધુ ભગવંતો ન હોય તો સાધ્વીજી ભગવંતો કલ્પસુત્ર વાંચી શકે?*

આવા પર્વના દિવસોમાં પણ કલ્પસૂત્ર સાધ્વીજી ભગવંતો વાંચી શકે નહિ કારણકે કલ્પસૂત્ર વાંચવાનો અધિકાર માત્ર સાધુ ભગવંતોનો જ છે તે પણ જેને કલ્પસૂત્રના યોગ વહન કરેલા છે. અને ગુરુની અનુજ્ઞા મેળવેલી છે તે સાધુજ કલ્પસૂત્ર વાંચી શકે છે. સાધુ ભગવંત ન હોય ત્યાં સાધ્વીજી ભગવંત આવા અવસરે માત્ર બહેનોની સભામાં કલ્પસૂત્રના જ્ઞાન વિમલ સૂરિએ રચેલા ઢાળીયા વાંચી શકે છે.

*(૧૨૦) ગ્રહસ્થ પર્યુસણમાં કલ્પસૂત્ર ભાષાતરનું વ્યાખ્યાન વાંચી શકે?*

ઉપદેશ દેવાનો અધિકાર ગૃહસ્થનો નથી.

ઉપદેશ ગ્રહણ કરવાનો અધિકાર ગૃહસ્થનો છે. પર્યુષણ મહાપર્વના દિવસોમાં જ્યાં સાધુ ભગવંત હોય ત્યાં જઈને તેઓશ્રીના શ્રી મુખે વિધિપૂર્વક કલ્પસૂત્ર સાંભળવાનું છે. આવા મહાન પર્વના દિવસોમાં સાધુ ભગવંતોના દર્શન વંદનાદિ પણ ન થાય તેવી જગ્યાએ જઈને વ્યાખ્યાન વાંચે તેને લાભ થાય કે નુકશાન તેનો સ્વયં વિચાર કરવો. આરંભ અને પરિગ્રહમાં બેઠેલો બીજાને ઉપદેશ આપી શકે નહિ અને આપે તો સાંભળનારાને તેની અસર પણ થાય નહિ. ધર્મ બિંદુ ગ્રંથમાં કહ્યું છે કે -

संसारदुःखमहणो विषोहणो भवियपुंडरीयाणं
धम्मो जिणपन्नत्तो पकप्पश्रइण कहेयव्वो ॥

મુનિના- ગીતાર્થ સાધુના अन्यस्य अन्यस्य धर्ममुपदेमनधिकारित्वात्

पकप्पश्रइणा - अधीत निशीथाध्ययनेनेति

જિનેશ્વર ભગવંતોએ કહેલા ધર્મનો ઉપદેશ ભવ્યજીવોને જગડવા અને સંસારના દુઃખોથી છોડાવવા માટે ગીતાર્થ સાધુએ (ઉપદેશ) આપવા યોગ્ય છે. આ ઉપરથી પણ ઉપદેશ આપવાનો ગૃહસ્થનો અધિકાર ન હોવાથી વ્યાખ્યાન વાંચવાની કે આવા વ્યાખ્યાનો સાંભળવાની પ્રવૃત્તિ યોગ્ય નથી.

*(૧૨૧) શ્રાવકો સ્નાન કર્યા વિના ગભારામાં વાસક્ષેપ પૂજા માટે જઈ શકે?*

વસ્ત્રો અને શરીર શુધ્ધ હોય (શરીર અશુચિથી ખરડાયેલ ન હોય અને વસ્ત્રો શુધ્ધ હોય) તો સ્નાન કર્યા વિના પણ ગભારામાં વાસક્ષેપ પૂજા માટે જઈ શકે.

*(૧૨૨) સામયિકમાં રહેલા શ્રાવક સામાયિક પાર્યા વિના સળંગ (લાગલગાટ) કેટલા સામયિક કરી શકે?*

આટલા સામાયિક સળંગ કરી શકાય એવી ઉલ્લેખ કોઈ શાસ્ત્રમાં મળતો નથી જો મનની પ્રસન્નતા જળવાય અને અભ્યાસી હોય તથા લઘુનીતિ - વડીનિતી આ. ની શંકાનો સંભવ ન હોય તો ત્રણ સળંગ સામાયિક કરી શકે પણ બીજા આદિ સામયિકમાં સજઝાય કરું ના આદેશની જગ્યાએ આદેશ માંગવો.

*(૧૨૩) ત્રણ ચોમાસીની અઠ્ઠાઈ ચૌદશ સુધી ગણવી કે પૂનમ સુધી ગણવી?*

ત્રણ ચોમાસીની અઠ્ઠાઈ ચૌદશ સુધી જ ગણાય છે. અને પૂનમ તો પર્વતિથિ હોવાથી આરાધવી જ જોઈએ.

*(૧૨૪) એક ગતિમાંથી બીજી ગતિમાં જીવ જાય ત્યારે બીજી ગતિમાં ઉત્પન્ન થનારો જીવ કેટલા પ્રકારે અન્ય ગતિમાં ઉત્પન્ન થાય ?*

એક ગતિમાં રહેલો જીવ પોતાનું આયુષ્ય પૂર્ણ કરીને જ્યારે બીજી ગતિમાં જાય છે ત્યારે અન્યગતિમાં બે પ્રકારે ઉત્પન્ન થાય છે. એક ઈલિકાગતિ અને બીજી કન્દુકગતિ વડે.

*(૧૨૫) ઈલિકાગતિ અને કન્દુકગતિ એટલે શું?*

ઈયળ જેમ પોતાનું આગળનું શરીર આગળ કરીને ત્યારબાદ પાછળનાં શરીરને સંકોચીને ઈષ્ટ સ્થાને જાય છે. તેમ જીવ પણ પ્રથમ આત્મપ્રદેશોને દીર્ધ દંડાકાર કરી ઉત્પત્તિ સ્થાને પહોંચે છે તે વખતે મરણસ્થાન અને ઉત્પત્તિસ્થાન એ બંને સ્થાનમાં અને અંતરાલમાં (વચ્ચેનાસ્થામાં) આત્મ પ્રદેશની દીર્ધશ્રેણી લંબાયેલી હોય છે. ત્યારબાદ મરણ સ્થાનમાંથી આત્મપ્રદેશોને સંહરી લઈ સર્વ આત્મપ્રદેશો ઉત્પત્તિ સ્થાનમાં ખેંચી લે છે તેને ઈલિકાગતિ કહેવાય છે. અને દડો જેમ સર્વથા ઉછળીને અન્ય સ્થાનમાં જઈ પહોંચે છે. તેમ આત્મા પણ સર્વ આત્મા પ્રદેશો વડે પિંડિત (એકત્રિત) થયેલો દડાની માફક અથવા તોપના ગોળાની માફક ઉત્પત્તિ સ્થાને પહોંચી જાય છે. તેને કન્દુકગતિ કહેવાય છે. સંસારી જીવોને ઈલિકાગતિ અને કન્દુકગતિ બંને ગતિ હોય છે. જયારે સિધ્ધના જીવોને મોક્ષમાં જતાં માત્ર કન્દુકગતિ હોય છે.

(ક્રમશઃ)

# ખમીરી અને ખુમારીની ખુશ્બોનો ખજાનો

- પૂ.મુ.શ્રી પ્રશાન્ત દર્શન વિ.મ. - લાલબાગ, મુંબઈ

**('ભગવાનનું પરમતારક શાસન એ જ જગતમાં અર્થ છે, એ પરમાર્થ છે, તે સિવાયનું બીજુ બધું અનર્થકારી છે' - આ વાત જેઓના હૈયામાં અસ્થિમજ્જા સ્થિર બની છે, શાસનનો અનુરાગ જેમના હૈયામાં અનુપમ વહી રહ્યો છે, શાસનના સત્ય-સિદ્ધાન્તોના રક્ષણ ખાતર પ્રણાર્પણ કરવાની જેમની તૈયારી છે. શાસનરક્ષા પ્રસંગે કોઈ લાલચ જેમને લલચાવી શકતી નથી કે કોઈ ભય જેમને ડરાવી શકતો નથી - સિદ્ધાન્ત રક્ષા એ જ જેમના જીવનનો મુદ્રાલેખ છે અને શાસનના સત્યોના રક્ષણ સમયે જેમના મુખકમલમાંથી સહજ - સ્વાભાવિક મુડદાને પણ બેઠા કરતી, નબળાને પણ સબળા કરતી, ઢીલા પડેલાને પણ મજબુત બનાવતી, ખમીરવંતી ખુમારી અને જયવંતી જવાંમર્દી પેદા કરતી વીરરસને વહાવતી વાણી વહેતી હતી અને આબાલવૃદ્ધ સૌને શાસનના સત્ય સિદ્ધાંતો માટે જીવનની છેલ્લી ક્ષણ સુધી ઝઝૂમવાની શક્તિ પેદા કરતી તે સ્વનામ પુણ્યધેય મહાપુરૂષના 'પ્રવચનાંશો' આજે પણ તેટલા જ જરૂરી અને અસરકર્તા છે અને સિદ્ધાન્ત માટે મરીફીટવાની, એકલા રહેવાની ખુમારી બક્ષનારા છે. વર્તમાનમાં ચાલતા વિવાદમાં પણ મહામૂલુ મોંઘિરું માર્ગદર્શન આપનારા છે.**

**તે મહાપુરૂષની તેરમી પુણ્યતિથિ પ્રસંગે, તેમના જ શબ્દોથી તેમને સાચી શ્રદ્ધાંજલિ આપી, આપણે સૌ વાચકો 'દેવદ્રવ્ય રક્ષક' તે મહાપુરૂષના બિરૂદને યથાર્થ ચરિતાર્થ કરનારા બની તેમના વારસાને વફાદાર રહી. તેમને બતાવેલા માર્ગે ચાલી, પદ-પ્રતિષ્ઠા પૈસાના વ્યામોહમાં મૂઝાવ્યા વિના સન્માર્ગે અસ્થિમજ્જા સ્થિર બની-બનાવી સ્વ-પર સૌના કલ્યાણમાં સહભાગી બનીએ. શાસન દેવ સૌને સન્મતિ અને બળ આપે તે જ ભાવના. શ્રી જિનાજ્ઞા કે સ્વ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના.**

**-સંપા.)**

આજે ઘણા કહે છે કે, સાધુઓ અંદર અંદર ઝઘડે છે તેથી જુવાનો ધર્મ કરતા મટી ગયા. અમે ભગવાનની વાત કરીએ અને કોઈને ન ગમે તો સત્યને દરિયામાં ડૂબાડી દઈએ? **કોઈ ખોટું કરતું હોય તો તેને 'ખોટ ' પણ ન કહેવાય? આજે શાસનમાં ચાલતા વિવાદમાં કોઈપણ કજીયો થયો અને મેં કરાવ્યો તેમ પૂરવાર કરે તો હું તેનો ગુલામ થઈ જાઉં, અમે કજીયા તો કરાવ્યા નથી પણ કજીયા આવ્યા તો વેઠ્યા છે. કોર્ટે લઈ ગયા તો કોર્ટને પણ કહેવું પડ્યું કે 'બીન ગુનેગાર' છો.** આ બધું સમજવા તમારે ડાહ્યા થવું પડશે. ધર્મ તમને ડાહ્યા થવા માટે સંભળાવું છું. સમજેલો સાધુ સાચી વાત નહિ કહે તો કોણ કહેશે? **શાસ્ત્ર સમજેલો તત્ત્વાતત્ત્વનો ખૂલાસો નહિ આપે તો બીજો કોણ આપશે? સાચાને સાચું અને ખોટાને ખોટું કહેવા માટે આ પાટ છે. બધાને સારા કહેનાર માખણીયા માટે આ પાટ નથી.** નાલાયકોએ તો આ પાટ અભડાવવી પણ ન જોઈએ. સાચા-ખોટાને નામે 'સંધી' કરાવવા માગે તે ચાલે જ નહિ. તેવી ખોટી એકતા શાંતિના નામે અમારે કરવી નથી. **આ સાચું અને આ ખોટું જ તેમ હું મરતા સુધી, મારામાં બોલવાની તાકાત હોય તો કહેવાનો છું. સાચી વાત મરતાય ન મૂકીએ તેમાં આબરૂ છે ને? જીવતે જીવતા સાચી વાત મૂકી દઈએ તો તે આબરૂ**

કહેવાય?

❖ **શાસનાનુરાગીઓને સોનેરી શિખામણ**

''કોઈનીય વાતમાં આવી જઈને, દાક્ષિણ્યતામાં પણ ભાન ભૂલીને અથવા કોઈની પણ શેહમાં દબાઈ જઈને, માર્ગ મૂકાઈ જાય તેમ કરવું તેમાં લાભ નથી પણ નુકશાન જ છે. માર્ગના પાલનમાં મકકમ રહેવાથી, માર્ગની વિરુદ્ધ વાતમાં સાથ નહિ આપવાથી કદાચ મૂર્ખાઓ માનતા હોય તે માનવાનું બંધ કરે કે જગત ફરી જાય તેની પણ પરવા મહાપુરૂષોને હોય નહિ. આપણા મહાપુરૂષો આટલા મકકમ ન હોત તો પ્રભુશાસન આપણા સુધી શુદ્ધ સ્વરૂપે પહોંચી શકત નહિ. એ મહાપુરૂષોએ ઘણું બધું સહ્યું પણ માર્ગને શુદ્ધ અને અખંડિત રાખ્યો તો આજે આપણે શુદ્ધ માર્ગની યથાશક્તિ આરાધના પણ કરીએ છીએ. આજે તો આ માર્ગને શુદ્ધ રાખવાની ને શુદ્ધ સ્વરૂપે વહેતો રાખવાની કપરી જવાબદારી આપણ સૌની છે. **આપણી મહત્તા ખાતર, મોટાઇ ટકાવી રાખવા કે વચનને ઉભું રાખવા આ માર્ગને ખરાબ કરવો, અગર છતી શકિતએ બેદરકાર બન્યા રહીને આ માર્ગને ખરાબ કરવા દેવો એના જેવું ભયંકર પાપ એક નથી.**

❖ **શાસન રક્ષક સુભટોને શુભ સંદેશ**

''આભ અને પાતાલ એક થાય તો યે તમારામાં નહિ ભળીએ. ગમે તેટલાં કલંક ચડાવો કે ગમે તેટલા કનડો, દુનિયાની નજરે કલંકિત ભલે મરીએ, પણ પ્રભુ આજ્ઞાથી વિરુદ્ધ એક કદમ પણ નહિ ભરીએ અને તમારા ભેગા તો નહિ જ ભળીએ. ખરાબ રીતે હેરાન હેરાન થઈને ભલે મરીએ, પણ પ્રભુના માર્ગના વિરોધીના પગમાં માથું મુકીને તો નહિ જ જીવીએ. આ ખુલ્લી ચેલેંજ છે. તમારા કલંકોની અમારે મન ફુટી કોડી જેટલી પણ કિંમત નથી. અમારું સંયમ હશે, પ્રભુ ઉપર અને પ્રભુ આજ્ઞા ઉપર અમારા હ્રદયમાં રાગ હશે. તો અમને મૂંઝવણ પણ શી છે? પ્રભુ આજ્ઞા માટે અમે એકલા પડી જઈએ તો પણ શું ''

❖ આ પાટ પર બેઠેલાને 'હું કાંઇક છું' તેમ બતાવવાનું મન હોય તો તેને ઉઠી જ જવું જોઈએ. આટલા બધા આવે છે માટે 'મારું ય વર્ચસ્વ છે' આવું મનમાં થાય તો તેને બોલવું જ ન જોઈએ વ્યાખ્યાન પણ નામના માટે, વિદ્વત્તા બતાવવા માટે કરે તો તે શ્રી જૈનશાસનનો ધર્મોપદેશક નથી પણ અધર્મોપદેશક છે!

❖ જ્યારથી શ્રાવકો સ્વચ્છંદપણે મરજી મુજબ ધર્મ કરતા થયા, સાધુને પૂછવાનું મૂકી દીધું અને સાધુ પણ શાસ્ત્ર જોતાં ભૂલ્યા-તેની આ મોકાણ છે.

❖ જ્ઞાની અને અભિમાની! જ્ઞાની અને મનફાવતું બોલનારા! જ્ઞાની અને લોકને રાજી રાખવા શાસ્ત્રોને આઘા રાખી બોલે!

(ક્રમશઃ)

**ભાવિક શુભેચ્છકો તથા ગ્રાહકોને નમ્ર વિનંતી**

ખાસ પ્રેમથી જણાવવાનું કે જે હાલમાં બેંકોનું વ્યાજ ૫૦ ટકા ઘટી ગયું છે અને તેથી જે રકમ વ્યાજની આવતી હતી તે અડધી થઈ ગઈ છે. ૩ લાખ તૂટામાં પૂરુ થઈ જતાં હવે ૧।। લાખ જેવી રકમ આવે છે. જેથી વ્યાજથી તૂટો પુરાય નહિં અને લવાજમ પણ વધારી શકાય તેમ નથી. પ્રિન્ટીંગ વિ. માં કસર કરી છે પરંતુ ભાવિકોને નમ્ર વિનંતી છે કે તમારે ત્યાં ધાર્મિક પ્રસંગો, ઉપધાન ઉત્સવ પ્રતિષ્ઠા, તપના પારણા વિ. પ્રસંગે તથા વ્યવહારિક પ્રસંગો જેવા કે બારમોવારા, ઉદ્ઘાટન, વાસ્તુ, જન્મદિવસ વિ. જે પ્રસંગે ખુશીભેટ મોકલી આ તૂટામાં સહકાર આપશો. રૂા. ૧૧, ૨૫, ૧૦૧, ૫૦૧ વિ. ભાવ થાય તે મોકલી શ્રી મહાવીર શાસન, શ્રી જૈન સાસન તથા શ્રી બાલ શાસનમાં સહકાર મોકલશો. માનવંતા પ્રચારકોને પણ તેમાં પ્રેરણા કરવા વિનંતી છે.

શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ,

શ્રુતજ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ, જામનગર. ફોન : ૦૨૮૮ - ૨૭૭૦૯૬૩

# जैन इतिहास की "५००" की अनुपम विशेषता

卐 ५०० शिष्यों के साथ श्री देवगुप्त सूरिजी ने पंचाल देश में विचरण किया था ।
卐 ५०० रमणियों का त्याग कर महिचन्द्र राजवी ने दीक्षा स्वीकार की थी ।
卐 ५०० क्षत्रियों के साथ नाटक करते विश्वकर्मा ने उन ५०० के साथ दीक्षा ली थी ।
卐 ५०० पीच्छ रत्नवती राणी ने पोपट को खींच कर भारी उपार्जन किया ।
卐 ५०० दिन का आयुष्य बकाया है सुनकर सिंह केसरी ने दीक्षा धारण की थी ।
卐 ५०० मुनि के साथ धर्मघोषसूरि पांच पांडव को प्रतिबोध देने गये थे ।
卐 ५०० राजकुमारों के साथ कालकुँवर राजा ने मथुरा नगर पर युद्ध किया था ।
卐 ५०० गाँवों का अधिपति था पूर्वभव में मृगापुत्र का आत्मा ।
卐 ५०० योजन चौडी अंतरनदी पुष्कारार्ध क्षेत्रे में आई हुई है ।
卐 ५०० हाथियों के बच्चे से घिरे हुए सूअर का स्वप्न विजयसेन सूरि ने देखा था ।
卐 ५०० मुनिवरों के आचार्य पदवी भोरल तीर्थ में हुई थी ।
卐 ५०० मुनिवर राणकपुर तीर्थ की अंजनशलाका प्रतिष्ठा में हाजिर थे ।
卐 ५०० श्रमण को वन्दन कर आहार लेना ऐसा छह मासिक अभिग्रह गुणागर ने लिया था ।
卐 ५०० तापसो का अधिपति दुर्ध्यान से मरकर चंडकौशिक नाग बने थे ।
卐 ५०० वर्ष पूर्व हुए जंगमयुगप्रधान धर्ममूर्तिसूरिजी के पास अनेक विद्यायें थीं ।
卐 ५०० प्रतिमा की एक साथ अंजनशलाका भावसागर सूरिजी ने की थी ।
卐 ५०० मुनिवरों के साथ पालकाचार्य जी ने कोंकण देश में धर्मप्रभावना की थी ।
卐 ५०० मुनियों के साथ पू. वैकुंठसूरि जी ने तैल्गदेश में शासन प्रभावना की थी ।
卐 ५०० कहानियाँ मेनापक्षिणी ने त्रैलोक्य सुन्दरी को सुनाई थी ।
卐 ५०० ग्रन्थों का सर्जन एक हजार वर्ष पूर्व कल्पनानंद सूरिजी ने कीया था ।
卐 ५०० सुर्वण मोहर की जुआ खेलते हारने वाले कुन्देद्र बाद में त्यागी बना था ।
卐 ५०० धनुष प्रमाण वाली १०८ जिनप्रतिमा जंबूवृक्ष की मणिपीठिका पर है ।
卐 ५०० साधुओं में से विद्वान एवं योग्य ऐसे ८४ शिष्यों को बडवृक्ष के नीचे आचार्य पद प्रदान किया गया था ।
卐 ५०० अश्वों को लेकर रात्रि के दौरान विमलमंत्री ने पाटण छोडा था ।
卐 ५०० पंक्ति में सुवर्ण-रजत के बर्तन रखकर आभुसंघवी ने संघ की भक्ति की ।
卐 ५०० धनुष प्रमाण देहमान महाविदेह क्षेत्रे के २० विहरमान तीर्थंकरों के हैं ।
卐 ५०० चोर एक साथ चोरी करने धनकुबेर जंबुकुमार के भवन पर गये थे ।
卐 ५०० मंत्री देवतागण शक्रेन्द्र महाराज के पास होते हैं ।
卐 ५०० आयम्बिल की तपश्चर्या श्री चन्द्र केवली ने पूर्व भव में भाव से की थी ।

*- आत्मिक मुक्ति*

હપ્તો - ૭

# રાજસિંહ અને રત્નવતી

ચિત્રકાર : ભાસ્કર સગર

કથા : મુનિ શ્રી જિનરત્નસાગરજી 'રાજહંસ'



## સંપાદકીય

# ધાર્મિક - વહીવટ - વિધાન - ગુજરાતી -હિન્દી આવૃત્તિમાં વિસંવાદ

'ધાર્મિક વહીવટ વિધાન' નામની પુસ્તિકા આજથી પાંચ-સાત વર્ષ પહેલાં ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલી. એ પુસ્તિકામાંનાં કેટલાય વિધાનો અશાસ્ત્રીય અને શાસ્ત્રીય પરંપરાથી વિપરીત હતાં. અનેક ગીતાર્થ મહાત્માએ ત્યારે એ માટે વિરોધ પણ કરેલો. જો કે એ પુસ્તિકાના માર્ગદર્શક (આ.શ્રી કીર્તિયશ સૂ.મ.) કે સંપાદક (મુનિરાજશ્રી હિતપ્રજ્ઞ વિ.મ.) મહાત્માએ એનો કોઇ જવાબ આપ્યો નહિં અને એ પુસ્તિકા પ્રચારવાની પ્રવૃત્તિ ચાલુ કરી દીધી. એમાં અનેક ઠેકાણે હાથેથી લખેલા, સફેદો કે રબર સ્ટેમ્પ વગેરેથી કરાયેલા જુદા જુદા સુધારા વધારાને કારણે એ પુસ્તિકા વિશે શ્રી સંઘમાં શંકાનું વાતાવરણ ઉભું થયેલું. એનું કોઇ નિવારણ કરવાને બદલે એ જ પુસ્તિકાનું હાલમાં હિન્દી સંસ્કરણ બહાર પડયું છે.

ગુજરાતી આવૃત્તિમાં પ્રકાશનની સાલ, આવૃત્તિ, નકલ વગેરે કશી વિગત નથી. હિન્દી આવૃત્તિમાં સંવત, તિથિ, આવૃત્તિ, નકલ વગેરે બધી વિગત છે. પણ કયાંય આની અગાઉ ગુજરાતી આવૃત્તિ બહાર પડી હોવાનો ઉલ્લેખ નથી. આથી અગાઉ જણાવ્યું તેમ, ગુજરાતી આવૃત્તિમાંથી ભૂલો સુધારવાની જવાબદારીમાંથી છૂટવાનો ઈરાદો હોવાનું સ્પષ્ટ છે. ગુજ. આવૃત્તિ ઉપરના માર્ગદર્શક મહાત્મા, આ હિંદી આવૃત્તિમ કયાંય દેખાતા નથી. તેઓ જવાબદારીમાંથી છટકવા માંગે છે અને તો ય સંપાદક-સંકલક બનેલા મહાત્મા ખોટી માન્યતાનો પ્રચાર કરવાનો ઉત્સાહ છોડી શકતાં નથી. અગાઉના ગુજ. આવૃત્તિમાના જુદા જુદા સુધારા- વધારાથી ગુંચવાયેલા વહીવટદારોના હાથમાં જયારે આ હિન્દી આવૃત્તિ આવશે ત્યારે વધુ ગુંચવાડો ઉભો થવાનો છે. 'માર્ગદર્શક' તો અદ્રશ્ય થઇ ગયા છે, હ[વે] ''સંપાદક- સંકલક'' જવાબદારી અદા કરશે એ[વી] આશા રાખીએ.

હાલમાં ગુરુદ્રવ્યના ઉપયોગ અંગે સમુદાયમ[ાં] વિવાદ ચાલી રહ્યો છે. તે વિષયમાં આ પુસ્તિકાન[ી] ગુજ. અને હિન્દી આવૃત્તિમાં કેટલો વિસંવાદ છે [તે] જોઇએ.

❋ ગુજરાતી આવૃત્તિ પૃ. ૩૬ ઉપર જીવંત ગુ[રુ] મહારાજનું પૂજન તથા તેમની પ્રતિકૃતિના પૂજનન[ી] આવક દેવદ્રવ્યમાં જાય અને સ્વર્ગસ્થ ગુરુ મહારાજન[ી] મૂર્તિ- પ્રતિકૃતિના પૂજન વગેરેની આવક ગુરુ મંદિર[-] ગુરુમૂર્તિ (સ્મારક) નિર્માણમાં જાય - એમ લખ્યું છે[.] હિંદી આવૃત્તિમાં પૃ. ૪૦ ઉપર ગુરુમૂર્તિ- પ્રતિકૃ[તિ] સંબંધી બધી આવક (જીવંત કે સ્વર્ગસ્થના ભેદ પાડય[ા] વગર) ગુરુમંદિર- મૂર્તિપાદુકા વગેરેમાં વાપરવાનું લખ્[યું] છે. આથી જીવંત ગુરુમહારાજના ફોટાના પૂજનન[ી] આવક, ગુજ. આવૃત્તિ પ્રમાણે દેવદ્રવ્યમાં જાય અ[ને] હિન્દી આવૃત્તિ પ્રમાણે ગુરુસ્મારકમાં જાય! આમ[ાં] સાચું શું? બીજી વાત એ કે જીવંત ગુરુ મહારાજન[ા] પૂજનની આવક દેવદ્રવ્યમાં જાય અને એમના ફોટાન[ા] પૂજનની આવક ગુરુના (કયા ગુરુના?) સ્મારકમાં જાય[.] આની પાછળ કોઇ આધાર ખરો? નિરાધાર માન્યત[ા] પકડાઇ ગઇ છે તેથી આવા છબરડા જ વળે તેમ[ાં] નવાઇ નથી.

અનેક સ્થળે સ્વ. સુવિહિત મહાપુરુષોની ગુરુમૂર્તિઓ છે. તેમની સમક્ષ મૂકાયેલા ભંડાર વગેરેની આવક દેવદ્રવ્યમાં લઇ જવાતી હોય છે. આ પુસ્તિકામાં તે આવક ગુરુમંદિર- મૂર્તિ આદિના નિર્માણમાં લઇ જવાની ભલામણ કરી છે. તે વાંચીને

આ ભંડારની આવક, જયાં આજસુધી દેવદ્રવ્યમાં લઈ જવાતી હોય તેવાં સ્થળોએ હવે તે આવક ગુરુ મંદિરાદિમાં વાપરવાનું શરૂ થાય તો દેવદ્રવ્યની હાનિનો દોષ લાગે કે નહિં? આ જ પુસ્તિકામાં (ગુજ. પૃ. ૪૦, હિંદી પૃ. ૪૪ ઉપર), દેવ-દેવીના ખેસ- ચૂંદડી વગેરેની આવક સાધારણમાં જાય, છતાં જયાં એ આવક પહેલેથી દેવદ્રવ્યમાં જતી હોય ત્યાં આમાં કોઈ ફેરફાર કરવો નહિં. આવી સૂચના આપી છે. ગુરુમૂર્તિ સમક્ષના ભંડારની આવક માટે આવો ખુલાસો કેમ નથી કર્યો? વાસ્તવમાં સ્વર્ગસ્થ કે વિદ્યમાન ગુરુભગવંતના પૂજન- બહુમાનરૂપે આવેલી બધી આવક ગુરુદ્રવ્ય છે અને તેનો ઉપયોગ ગુરુ ભગવંતથી ઉંચા ક્ષેત્ર શ્રી જિનમંદિરાદિના જીર્ણોદ્ધારાદિમાં જ થવો જોઈએ અને તેથી એ ગુરુદ્રવ્યને દેવદ્રવ્ય ગણવામાં આવે છે.

❀ શ્રી પર્યુષણ પર્વમાં જન્મ વાંચનને દિવસે મહેતાજી બનવાની બોલી લગભગ બધે બોલાતી હોય છે અને તે આવક દેવદ્રવ્યમાં લઈ જવાતી હોય છે. ધા.વ.વિ.ની ગુજ. આવૃત્તિમાં (પૃ.૨૧) આ આવક દેવદ્રવ્યમાં લઈ જવાનું લખ્યું છે. હિન્દી આવૃત્તિમાં (પૃ. ૧૯, ૩૩, ૩૪) 'શ્રી સંઘના મહેતાજી' અને 'ભગવાનના મહેતાજી' એવા ભેદ પાડીને ગોટાળો ઉભો કર્યો છે. 'ભગવાનના મહેતાજી' ની બોલી દેવદ્રવ્યમાં જાય અને 'શ્રી સંઘના મહેતાજી'ની બોલીની આવક સાધારણમાં લઈ જવાનું લખ્યું છે. બંનેનું કાર્ય એક જ છે, પ્રસંગ- નિમિત્ત વગેરે પણ એક જ છે, ત્યારે માત્ર બોલીનું નામ બદલવાથી ક્ષેત્ર બદલવાની વાત બરાબર નથી. આવું વાંચ્યા પછી જયાં પહેલેથી ''ભગવાનના મહેતાજી'' તરીકે બોલી બોલાતી હોય ત્યાં પણ 'શ્રી સંઘના મહેતાજી' તરીકેની બોલી બોલાવા માંડે- તેવો પૂરો સંભવ છે અને તેથી દેવદ્રવ્યની હાનિ નિશ્ચિત છે. આવું ન થાય તે માટે કોઈ સૂચના પુસ્તિકામાં નથી.

❀ ગુજરાતી આવૃત્તિમાં (પૃ. ૩૮) વૈયાવચ્ચ ખાતાના દ્રવ્યમાંથી સાધુ મહાત્માના વસ્ત્ર-પાત્રાદિ ચારિત્રનાં ઉપકરણ લાવી શકાય એમ જણાવ્યું છે. હિન્દી આવૃત્તિમાંથી એ વાત કાઢી નાંખવામાં આવી તે બરાબર છે, પણ ગુજરાતી આવૃત્તિમાં તે વાત છે- તેનો ખુલાસો કેમ નથી થતો? ગુજરાતી આવૃત્તિની ભૂલો ટાંકવાને બદલે એની જાણ કરાવીને સુધારી લેવાય અથવા તો ગુજરાતી આવૃત્તિ અમાન્ય જાહેર કરાય તો ભ્રમણા ફેલાતી અટકે.

વાસ્તવમાં સંપાદકશ્રીએ સમુદાયના બધા ગીતાર્થ મહાત્માઓનું માર્ગદર્શન અને અનુમતિ મેળવીને પ્રકાશન કરવાની જરૂર હતી. કોઈકના અંગત મતાગ્રહને સાચો સાબિત કરવાની સંપાદકશ્રીની હઠ ઉચિત નથી.

## જાણવા જેવું

**શ્રુત સાગરના રહસ્યો, ભાગ-૨માંથી**

| | |
|---|---|
| મત્તગ = મીઠા રસ આપે. | ચીત્રાંગ = સુગંધમય સુંદર ફળને આપનાર |
| ભૃંગ = અનેક જાતના પાત્ર વાસણ આપે. | ચિત્રરસાંગ = મનવાંછીત સુંદર ભોજન આપનાર |
| તુર્યાંગ = વાજીંત્ર સહીત ૩૨ જાતના નાટક બતાડે | મણીતાંગ = કલાત્મક આભૂષણ-અલંકાર આપનાર |
| જયોતિરંગ = રાત્રિમાં સૂર્ય જેવો પ્રકાશ આપનાર. | ગેહાકાર = રહેવા યોગ્ય આવાસ-ગૃહ. |
| દીપાંગ = ઘરમાં દીપક પ્રગટાવી અજવાળા કરનાર | અનીતાંગ = વસ્ત્ર-આસન શય્યા (પલંગ) આપનાર. |

# માથે પડેલા અનાર્ય પ્રકૃતિના દેશ તેનાઓએ આ દેશને ઉંધે માર્ગે ચઢાવ્યો છે, લોકોના જીવન બરબાદ કર્યા છે

## રાજકોટમાં જૈનાચાર્યશ્રીના ઉદગારો : જીવન અને સંસ્કૃતિનું સમજાવેલું સત્વ

*"જયહિન્દ ૬-૮-૮૦, તા. ૫-૮-૮૦ના રોજ રાજકોટમાં આપેલ વ્યાખ્યાન*

> "મત એટલે મોત" - મહા પંડિત
> **પૂ. પ્રભુદાસભાઈ પારેખ**
> *ચૂંટણી પ્રથાથી સ્વપ્નમાં પણ સુરાજ્ય મળે તેમ નથી. વર્તમાન ોકળ લોકશાહી બ્રિટિશ રાજની ભયંકર ભેટ છે. કદી શાંતિ મળશે નહીં.*

રાજકોટ, તા. ૫

આર્ય સંસ્કૃતિ વિશે જાહેર પ્રવચનમાં જાણીતા જૈનાચાર્ય, આચાર્ય દેવ શ્રીમદ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબે અત્રે જણાવેલ કે આ આર્ય દેશની સંસ્કૃતિને ખતમ કરવા માટે વ્યવસ્થીત પ્રયાસો થઈ રહ્યા છે, અંગ્રેજોએ શિક્ષણનો ઢાંચો એવો નાંખ્યો છે કે, આર્ય દેશના લોકો પોતાના રીત રીવાજો, પરલોકની વાત, પાપ-પુણ્ય અને આર્ય ધર્મ બધું જ તે શિક્ષણ પામીને ભૂલી જાય.

તેઓનું અંગ્રેજી શિક્ષણ પામીને નેતાઓ જે થયા તે તમામ હિંદુસ્તાનના નહોતા, તેઓએ બનાવેલ નેતાઓ હતા, તમને લોકોને ખતમ કરવા માટે ઘણા વર્ષોથી મહેનત ચાલુ જ છે.

પરિણામે આર્યો અનાર્ય બન્યા છે. આર્ય જાત અને આર્ય કુળો અનાર્ય બની રહ્યા છે. આજના ભણેલા જેવા મૂર્ખ ભૂતકાળમાં નહોતા. ભણેલાઓએ દેશને એવે રસ્તે ચડાવ્યો છે કે, આ દેશમાં નીતિમાન શોધો ન મળે સુખી અનીતિથી જીવે, દુઃખી પણ અનીતિથી જીવે. છેલ્લા ૪૦ વર્ષમાં પરિસ્થિતિ એવી નિર્માણ થઈ છે કે ન્યાય નીતિ ગયા, સંતોષથી જીવનાર લોકોમાં અસંતોષની આગ પ્રગટાવી, સંતોષમાં મજેથી જીવનારા લોકોને ભીખારી બનાવ્યા. આ આર્ય દેશ હિંદુસ્તાનમાં પ્રાણીઓની ઘોર હિંસાઓ સહજ બનાવી અને દેશને કલંકીત બનાવ્યો.

દરેક જીવ જીવવા ઈચ્છે છે પણ માનવીએ જીવવું શા માટે ? તે સમજતો ન હોય તો તેની જીવવાની ઈચ્છા પણ ભૂંડી છે. જન્મ - મરણની જંજાળમાંથી છુટવું હોય તો મનુષ્ય જન્મ જ શક્તિ છે. મનુષ્ય જન્મ પામીને તેવી ઈચ્છા ન હોય તો ઘણા કાળ સુધી ફરી મનુષ્ય જન્મ ન મળે તેવા પાપ બાંધશો.

આર્ય એનું નામ કે જે મરણથી ગભરાય નહિ. આર્યો જાણે છે કે જન્મ સાથે મરણ ગોઠવાયું જ છે. આર્ય સંસ્કૃતિ મરી ગઈ માટે જ મરણનો ભય લાગે. સારી રીતે મરી શકાય તે રીતે જીવન જીવવું તેનું નામ જ આર્ય. એવી રીતે જીવવું જોઈએ કે તે જીવનની છાપ આર્યોના આત્મા પર પણ સારી પડે. જીવવું કેવી રીતે તેના સંસ્કાર તેનું નામ જ આર્ય સંસ્કૃતિ. તમે તો ભયમાને ભયમાં મરી રહ્યા છો. તમે સુધરી જાવ તો કોઈના ભય રાખવાની જરૂર નથી.

તમે જે રીતે જીવો છો તે રીતે જીવન જીવીને પોતાની જાતને એટલું નુકશાન કરી રહ્યા છો કે ઘણા કાળ સુધી મનુષ્ય જન્મ નહિ મળે અને એટલું દુઃખ ભોગવવું પડશે કે તેની કલ્પના કરતા ધ્રુજારી આવે છે. આર્ય મોક્ષનો અર્થી જ હોય, જેને મોક્ષની ઈચ્છા ન હોય તે આર્ય નથી અનાર્ય છે. તમે જે રીતે જીવો છો તે જીવન કલ્યાણકારી નથી.

હિંદુસ્તાનના નેતાઓએ આ દેશને ઉંધે માર્ગે વાળ્યો છે. પારકુ પડાવી લેવાની રૂચી પ્રગટાવી છે. લોકહિતને નામે લોકોનું જીવન બરબાદ કરી નાખ્યું છે. માણસ માણસ ન રહે તેવા કાયદા થઈ રહ્યા છે. લોકોને પરલોકનો ડર હતો તે ભૂલાયો છે.

શાહ ચોર થઈ ગયા, શેઠ શઠ થઈ ગયા, કોઈ ગરીબ કે તવંગર માણસ પ્રમાણીકતાથી જીવન જીવી શકે નહિ. તેવો કાળ બનાવ્યો છે. અબોલ જીવો પરના જુલ્મની વાત થાય તેમ નથી.)

## સમાચારસાર

**રાજાજીનગરઃ** અત્રે શ્રી દાનસૂરીશ્વર જ્ઞાન મંદિર કાળુપુર રોડ માં પૂ.પાદ આ. ભ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.ની ૧૩મી સ્વર્ગતિથિ નિમિત્તે અષાડ વદ ૧૧/૨થી ૦)) સુધી પંચાહ્નિકા મહોત્સવ રાખેલ, શહેરમાંથી પૂજ્યો પધારેલ હતાં.

**દીપક જ્યોતિ ટાવર, કાલાચોકી, મુંબઇ :** અત્રે પૂ. ગણિવર શ્રી રત્નસેન વિ.મ. ઠા.૫, સાધ્વી પૂ. નિર્મલરેખાશ્રીજી મ. ઠા. ૯નો ચાતુર્માસ પ્રવેશ અ. સુદ ૯ થયો. પૂ.પં.મ.ના જીવન કથન પુસ્તકનું વિમોચન થયું. ઉત્સાહ ઘણો છે.

**કલકત્તા ભવાનીપુરઃ** સ્વ. પૂ. આ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.ની ૧૩મી સ્વર્ગતિથિ તથા પૂ.આ. શ્રી વિજય જય કુંજર સૂરીશ્વરજી મ., પૂ.આ. શ્રી વિજય મુક્તિ પ્રભ સૂરીશ્વરજી મ.ના સંયમ જીવનના ૫૦માં વર્ષની અનુમોદનાર્થે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન આદિ અષ્ટાહ્નિકા મહોત્સવ તા. ૧૦ જુલાઈથી ૨૦ જુલાઈ સુધી તેઓશ્રીની નિશ્રામાં ભવ્ય રીતે ઉજવાયો.

**રાજનગર- સાબરમતીઃ** અત્રે પૂ. આ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજની ૧૩મી સ્વર્ગતિથિ નિમિત્તે સ્મૃતિ મંદિરમાં ગુરુગુણ સ્તવના તથા ભવ્ય ગુણાનુવાદ સભાનું આયોજન અષાડ વદ ૦))ના કરવામાં આવ્યું. પ્રથમ વદ ૧૪ના પાલડી દર્શન, ગુરુવંદના આદિ કાર્યક્રમ ગોઠવાયો હતો. અમદાવાદ સ્થિત પૂજયશ્રીઓ પધાર્યા હતાં.

**લંડન બાઉન્ડસ ગ્રીન સત્સંગ મંડળમાં અપૂર્વ ભવ્ય મહોત્સવ :**

અત્રે મંડળને ત્રીસ વર્ષ થતાં હોઈને ભવ્ય પંચાહ્નિકા મહોત્સવ ઉજવવા ભાવના થઇ તેમાં પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.ના દીક્ષાના ૫૦ વર્ષ જેઠ સુદ ૧૧ના પૂર્ણ થતાં હોઈ તે પ્રસંગે બંને ઉત્સવ કરવાનું નક્કી થયું, અને બેંગલોર મુકામે પણ ઉત્સવમાં સહયોગી બન્યા.

પ્રથમ દિવસ તા. ૫-૬-૦૪ : શ્રી સત્તર ભેદી પૂજા રાખી હતી. ઉલ્લાસપૂર્વક થઈ. મોતીચંદભાઇ, રતિલાલભાઈ, ભારમલ નરશીભાઈની હાજરી હતી. આરતી મંગલ દીવો તથા શાંતિ કલશની બોલી સારી થઈ. શ્રીમતી રળીયાતબેન લીલાધરભાઇ તરફથી અઢી તોલાનો સોનાનો ચેન પ્રભુજીને પહેરાવ્યો હતો.

બીજા દિવસે તા. ૬-૬-૦૪ : શ્રી પુણ્યપ્રકાશનું સ્તવન રાખ્યું હતું જેમાં ૧૨૦ની સંખ્યા હતી. દરેકે ૨-૨ સામાયિક કરી હતી.

ત્રીજા દિવસે તા. ૭-૬-૦૪ : પ્રભુજીને ૧૮ અભિષેક રાખ્યા હતાં. ૨૨ પ્રતિમાજીના અભિષેક થયા. ખૂબ ઉલ્લાસ હતો. તેમાં ઇલેશભાઇના બે બાળકો કુ. રવિના (ઉ. ૧૧ વર્ષ) દર્શનકુમાર (ઉ.૯વર્ષ) પાંચ કલાક સુધી ઉભા અભિષેકનો લાભ લીધો હતો. ૧ વીકની રજા હતી પણ ફરવા જવાને બદલે ઉત્સવમાં જોડાયા હતાં.

ચોથે દિવસે તા. ૮-૬-૦૪ : હોલ ઓછા ટાઇમ માટે મળેલો, તેથી બે સામાયિક કરીને એક લાખ નવકાર મંત્રનો જાપ કર્યો હતો, જેમાં ૧૧૫ની હાજરી હતી. બાદ સાધર્મિક જમણ થયું હતું.

પાંચમા દિવસે તા. ૯-૬-૦૪ શ્રીમતી રળિયાતબેન લીલાધરભાઇ તરફથી શ્રી અંતરાયકર્મ નિવારણ પૂજા હતી. સાધર્મિક ભકિત કરી હતી. સરસ રીતે ભણાવી. સંખ્યા સારી હતી. ઉત્સાહ પણ ખૂબ હતો.

પાંચે દિવસે બધાએ ખૂબ જ લાભ લીધો હતો. પૂ. ગુરુદેવની કૃપાથી એમને સૌને લાગતું કે ગુરુદેવની હાજરીમાં જ ઉત્સવ ઉજવાય છે. લંડનમાં આ રીતે ઉત્સવનું આયોજન થતાં આખા લંડનમાં ભાવિકો ખુશ હતાં અને અનુમોદન કરતાં હતાં. આ દેશમાં મહોત્સવ કરવા અઘરા છતાં ભાવિકો જાતે જ બધું કાર્ય ઉઠાવતાં

હતાં. દેવકુંવરબેન કુલચંદે અઠમ, છઠ કર્યા, પ્રભુલાલભાઈ મહોત્સવમાં છઠ કર્યો, ઈલેશભાઈ સોમચંદ ગુરુદેવના ફોટા પાસે નવનવી ગહુંલી કરતાં વંદન કરી સાક્ષાત ગુરુદેવ હોય અને પ્રવચન આપતાં હોય તેવો ભાવ થતો હતો. સૌ છૂટા પડયા ત્યારે દુઃખ થતું હતું. સુકૃતનો આનંદ અને મૈત્રી ભાવનો રંગ ભૂલાતો ન હતો.

દેવકુંવરબેન વેલજી તથા ચંદ્રીકાબેન રતિલાલ વિ.ની સતત મહેનત કાળજીથી આ મહોત્સવ અપૂર્વ ઉત્સાહથી ઉજવાયો.

શ્રી બાઉન્ડસ ગ્રીન સત્સંગ મંડળને ૩૦ વર્ષ પૂરા થયા તે નિમિત્તે તેમજ અમારા ગુરુદેવની ૫૦ વર્ષ દીક્ષા પર્યાયને થતાં મંડળ તરફથી પાંચ દિવસનો મહોત્સવ રાખેલ હતો. અમો અને મોતીચંદભાઈ ત્યાં કાયમના મેબરો છીએ. ફરજ ભાવના આમંત્રણને માન આપી ગયા હતાં. ટૂંકમાં મહોત્સવ સરસ ઉજવાયો. પહેલે દિ સત્તર ભેદી પૂજા હતી. બીજે દિવસે પુન્યપ્રકાશ સ્તવન હતું. ત્રીજા દિવસે ૧૮ અભિષેક હતાં. પી.ડી. (પ્રભુલાલ ધરમશી)એ કરાવ્યા, ૪થા દિવસે જાપ હતાં, પાંચમા દિવસે અંતરાય કર્મ નિવારણ પૂજા હતી બધાના ભાવ સારા હતાં. પાંચે દિવસ જંમણ રાખતાં લગભગ તો ઘેરથી બનાવીને લઈ આવતાં. ૧૫૦થી ૧૮૦ સંખ્યા થતી. મંડળના અને બીજા મંડળના આમંત્રિત હતા. આ રીતે અને અમારા ગુરુદેવશ્રીને અમો પ્રસંગે યાદ કરતાં હતાં. ફોટો પણ રાખ્યો હતો. વંદન કરતાં હતાં અને નિર્વિઘ્ને આ કાર્ય પૂર્ણ થયું છે.

*- રતિલાલ દેવચંદ ગુઢકા, લંડન.*
*સહતંત્રી - શ્રી મહાવીર શાસન.*

અહીં બાઉન્ડસ ગ્રીન સત્સંગ મંડળનો મહોત્સવ અને આપના સંયમને ૫૦ વર્ષનો પ્રસંગનો સુમેળ થતાં મહોત્સવ ખૂબ જ આનંદ અને ઉલ્લાસથી ભાવિકોએ લાભ લીધેલ. સારા અને શુભ દિવસો હંમેશા ટુંકા પડે.

*-પ્રભુલાલ નરશી સાવલા, લંડન.*

**અમદાવાદ - રંગસાગરના આંગણે ભવ્ય મહોત્સવ ચાતુર્માસ પ્રવેશ પૂ.આચાર્યશ્રીજીની સૂરિમંત્રની આરાધના**

**અમદાવાદ (રંગસાગર):** અત્રે પૂ.પાદ તપાગચ્છાધિરાજ આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાના પરમ કૃપાપાત્ર શિષ્યરત્ન પરમ તપસ્વી પૂ. પન્યાસપ્રવર શ્રી ભદ્રશીલ વિજયજી ગણિવરની અગિયારમી વાર્ષિક સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે ભવ્ય પંચાન્હિકા જિનભકિત મહોત્સવ ઉજવાયો.

જે.સુ. ૧૦ના પૂજયપાદ આ.ભ. શ્રી વિ. ગુણશીલ સૂ.મ. પૂ.મુ. શ્રી કુલશીલ વિજયજી મ. પૂ.સા. શ્રી નિર્મલાશ્રીજી, પૂ.સા. શ્રી ઈન્દુરેખાશ્રીજીના સંયમ જીવનના ૪૨માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે મૂદે જૈન સંઘમાં ત્યાંના જિનાલયની સાલગિરિ નિમિત્તે ભવ્ય અંગરચના- પંચકલ્યાણક પૂજા - ધ્વજારોહણ- સાધર્મિક વાત્સલ્ય આદિ પ્રસંગો સુંદર ઉજવાયા.

જે.સુ. ૧૧થી રંગસાગરમાં પંચાહિનકા મહોત્સવનો પ્રારંભ થયેલ. વીશસ્થાનક મહાપૂજન, શ્રી ગોવિંદજીભાઈ લાલજી શાહ પરિવાર તરફથી ઉલ્લાસપૂર્વક ભણાવાયેલ. તે જ દિવસે સવારના ભવ્ય ચૈત્યપરિપાટીનું આયોજન પણ તે પરિવાર તરફથી થયેલ. વિશાળ સંખ્યામાં ભાવિકો જોડાયેલા. જે.સુ. ૧૨ના શ્રી સુપાર્શ્વનાથ સ્વામિ જન્મ કલ્યાણક પ્રસંગે ભવ્ય વરઘોડો નીકળેલ. બાદ મંગળ પ્રવચન થયેલ, બાદ સંઘની નવકારશી થયેલ. તે દિવસે પંચકલ્યાણક પૂજા જે.સુ. ૧૩ના નવપદજીની પૂજા ભણાવાયેલ. જે.સુ. ૧૪ના પૂજય પન્યાસજી મ.ની અગિયારમી વાર્ષિક તિથિ પ્રસંગે વિશાલ ગુણાનુવાદ સભાનું આયોજન થયેલ. પૂ.મુ. શ્રી હર્ષશીલ વિ.મ. તથા પૂ.આ. ભ. શ્રીજીનું માર્મિક પ્રવચન થયેલ. આત્મશ્રેય પ્રકાશન ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત નયને બાંધી પ્રીત (મલયસુંદરી ચરિત્ર) પુસ્તકનું વિમોચન, શ્રી ધીરૂભાઈ શાહ શ્રી ભાવિનભાઈ શેઠના વરદહસ્તે થયેલ. ચાર

દિવસ હોવા છતાં પણ વિશાળ પ્રમાણમાં ભાવિકોની ઉપસ્થિતિ હતી. તે જ દિવસે ૧૨૫થી પણ વધારે આયંબિલ- શ્રી હસુમતીબેન રજનીકાંત શ્રોફ પરિવાર બોરસદ તરફથી થયેલ. તે જ દિવસે વિજય મુહૂર્તે શ્રી શાંતિસ્નાત્ર મહાપૂજન શ્રી પોપટલાલભાઇ ધનજીભાઇ પરિવાર તરફથી ભણાવાયેલ. જે.સુ. ૧૫ના દિવસે શ્રી પાંચોટ નિવાસી શ્રી બબલદાસ પાનાચંદ પરિવાર તરફથી નંદાવર્ત મહાપૂજન ખૂબ જ ઉલ્લાસભેર ભણાવાયેલ. મહોત્સવમાં વિધિવિધાન માટે શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહ (જામનગર) પધારેલ. અંકુર શાહ (પાટણ) પૂજા- પૂજન- ભાવનામાં જિન ભકિતની અનેરી રમઝટ મચાવેલ. આ મંગળ પ્રસંગે મુંબઇ, સુરત, વડોદરા, બોરસદ, મહેસાણા, જામનગર આદિ અનેક સ્થાનોથી ગુરુભકતો પધારેલા. રંગસાગર સંઘના ટ્રસ્ટી ગણ, યુવાન કાર્યકર્તાઓના પ્રયત્નોથી મહોત્સવ ખૂબ જ સુંદર ઉજવાયો.

જેઠ વદ ૧૧ રવિવાર તા. ૧૩-૬-૨૦૦૪ના પૂજયશ્રીના ચાતુર્માસનો ભવ્ય પ્રવેશ થયો. પૂ. ગચ્છાધિપતિ આ.ભ. શ્રી વિ. હેમભૂષણ સૂ. મહારાજાની અનુજ્ઞાની- બોરસદથી પાલીતાણા છ'રી પાલક સંઘના મંગલ પ્રવેશ પ્રસંગે - શ્રી સિદ્ધગિરીરાજ મહાતીર્થમાં પૂજયશ્રીના રંગસાગર ચાતુર્માસની 'જય' બોલાણી ત્યારથી જ શ્રી સંઘમાં આનંદ-ઉલ્લાસનું વાતાવરણ છવાઇ ગયેલ. પૂજયશ્રીના પ્રવેશ પ્રસંગે આકર્ષક આમંત્રણ પત્રિકા બહાર પાડવામાં આવેલ. જે.વ. ૧૧ રવિવારના સવારે ૯-૦૦ કલાકે શ્રી લક્ષ્મીવર્ધક સંઘથી ભવ્ય સ્વાગત યાત્રા શરૂ થયેલ. ગજરાજ, અશ્વો, બગી... મિલન બેન્ડના સુરીલા સાદે વિશાળ સાજન માજન સાથે ચંદ્રનગરના વિસ્તારો ફરી શ્રી સુપાર્શ્વનાથ સ્વામિ જિનાલયે દર્શનાદિ કરી ૧૦-૨૭ કલાકે રંગસાગર ઉપાશ્રયમાં પૂજયશ્રીનો મંગલપ્રવેશ થયેલ. પૂ.આ. ભ.શ્રીના મંગલાચરણ બાદ પૂ.મુ. શ્રી હર્ષશીલ વિજયજી મ.નું પ્રેરક પ્રવચન થયેલ. ગુરુપૂજનની ઉછામણીમાં સુંદર સંખ્યામાં આ પ્રસંગે પધારેલ ધારાસભ્ય ભાવિનભાઇ શેઠે ગુરુપૂજનની ઉછામણી લઇ પૂજયશ્રીનું ગુરુપૂજન કરેલ. પ્રાંતે પૂ.આ.ભ.શ્રીનું મનનીય પ્રવચન થયેલ આ પ્રસંગે રંગસાગર સંઘ તથા વિવિધ ભાગ્યશાળીઓ તરફથી ૨૦ રૂ.નું સંઘપૂજન થયેલ. બપોરના ૧૨-૩૦ થયેલ હોવા છતાં પણ વિશાલ રેકર્ડ સંખ્યામ ભાવિકોની ઉપસ્થિતિ હતી. આ પ્રસંગે મુંબઇ, વડોદરા, બોરસદ, રાજકોટ, વાંકાનેર, મહેસાણા, જામનગર આદિ અનેક સ્થાનોથી ભાવિકો પધારેલા. પૂજય આચાર્ય ભગવંતશ્રીજીની સૂરિમંત્રની પંચ પ્રસ્થાનની ૮૪ દિવસની આરાધનાનો પ્રારંભ અષાઢ સુ. ૧ તા. ૧૮-૬-૦૪ થી થયેલ છે. પૂજયશ્રીની સૂરિમંત્રની આરાધના નિમિત્તે સંઘમાં પ્રત્યેક દિન જીવોને અભયદાન, આયંબિલ, અઠ્ઠમ... આદિ અનુમોદનીય કાર્યો ચાલુ છે. પૂજયશ્રીના પદાર્પણથી સંઘમાં અપૂર્વ ધર્મજાગૃતિ થવા પામી છે.

## ભાયંદરમાં વિજયાનંદસૂરિજી મ.ની ૧૦૮મી પૂણ્યતિથિની ભવ્ય ઉજવણી

ગોડવાડના ગૌરવ પ્રભાવક પ્રવચનકાર પૂજય ગણિવર્યશ્રી રત્નસેન વિજયજી મ.સા. આદિની તારક નિશ્રામાં જેઠ સુદ ૮ તા. ૨૭-૫-૨૦૦૪ ગુરુવારે પંજાબ દેશોદ્ધારક ન્યાયામ્ભોનિધિ સ્વ પૂજયપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયાનંદ સૂરીશ્વરજી મ.સા.ની ૧૦૮મી પૂણ્યતિથિ નિમિત્તે સવારે ૯થી ૧૧ સુધી વિશાલ ગુણાનુવાદ સભાનું ભવ્ય આયોજન થયેલ. પૂજય ગણિવર્યશ્રીએ ખૂબ જ રોચક અને પ્રભાવક શૈલીમાં સ્વ. પૂજયપાદ આચાર્યદેવશ્રીના વિરાટ વ્યકિતત્વ ઉપર પ્રકાશ પાથરેલ.

પૂજયશ્રીની પ્રેરણાથી સંઘ ૪૩૪ સામુદાયિક આંબિલ તપ થયેલ અને આચાર્યપદનું જાપ પણ થયેલ.

પૂજય ગણિવર્ય શ્રી આદિ ૫ ઠાણા થાણા - ભાંડુપ દાદર આદિ ક્ષેત્રોમાં વિચરી તા. ૨૭ જૂન રવિવારના શુભ દિવસે અરિહંત ટાવર-ચિંચપોકલીથી સામૈયા સાથે દીપક જયોતિ ટાવર, કાલાચોકી, પરેલ

મધ્યે ચાતુર્માસ માટે ભવ્ય સ્વાગત યાત્રા સાથે પ્રવેશ કરશે.

પ્રવેશ પછી પૂજયશ્રીનું માંગલિક પ્રવચન અને સંગીતરત્ન અશોકભાઇ ગેમાવત બેંડ પાર્ટી દ્વારા ભકિત સંગીત પ્રસ્તુત થશે. તે પ્રસંગેપૂજય ગણિવર્યશ્રી દ્વારા હિન્દી ભાષામાં આલેખિત ૧૦૦મું પુસ્તક 'બીસવી સદી કે મહાન યોગી'નું ભવ્ય વિમોચન પણ થશે.

ચાતુર્માસ દરમ્યાન દરરોજ પ્રેરણાદાયી પ્રવચનો અને અનેક આકર્ષક અનુષ્ઠાનો ખૂબ જ ઉસ્સાહ અને ઉલ્લાસપૂર્વક સંપન્ન થશે.

**ખીવાન્દી (રાજ.):** અત્રે પૂ.આ. શ્રી વિજય ચંદ્રોદય સૂરીશ્વરજી મ., પૂ.આ. શ્રી વિજયકનક શેખર સૂરીશ્વરજી મ. આદિનો ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ ૩ થયો. તે નિમિત્તે સુદ ૨ તથા ત્રીજ ત્રણે ટાઈમ સાધર્મિક ભકિત રાખી હતી. ગામને શણગાર્યું હતું. ભવ્ય સામૈયું ગોઠવાયું હતું. ૬ જિનાલયોને સજાવટ તથા ૩૬ કોમમાં લાડુ ઘેર ઘેર વહેંચ્યા હતાં.

**બરબૂટ :** પૂ.આ.શ્રી વિજયદર્શનરત્ન સૂ.મ.ની નિશ્રામાં બાબુલાલજી મંછાલાલજી પરિવાર તરફથી શ્રી સિધ્ધ મહાપૂજન જીવીત મહોત્સવ તેમજ નાકોડા શંખેશ્વર ગીરનાર શત્રુંજય યાત્રાનું પ્રયાણ થયું હતું. પ્રવેશ વખતે ૪૫ રૂા.નુ સંઘ પૂજન થયું હતું. પૂ. શ્રી બડૌદા (ડુંગરપુર) અષાડ સુદ ૫ના ચાતુર્માસ પ્રવેશ કર્યો છે.

**ખંભાતઃ** શ્રી અમર જૈન શાળામાં પૂ.આ. શ્રી વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મ.ની ૧૩મી વાર્ષિક તિથિ નિમિત્તે શ્રી બૃહદ શાંતિ સ્નાત્ર સહિત ભકિત મહોત્સવ પૂ.મુ.શ્રી ધર્મદર્શનવિજયજી મ., પૂ. મુ. શ્રી આત્મદર્શન વિજયજી મ.ની નિશ્રામાં અષાડ વદ ૧૩થી ૦))) સુધી ભવ્ય રીતે ઉજવાયો હતો.

**રતલામઃ** અત્રે પોરવાડ વાસમાં શ્રી દાનપ્રેમરામચંદ્ર સૂરિ આરાધના ભવનમાં પૂ.મુ. શ્રી ભવ્યવર્ધન વિજયજી મ.ઠા.૪ તથા પૂ. સા.શ્રી ચન્દ્રોજ્વલાશ્રીજી મ. ઠા. ૪નો ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ ૯ના ઠાઠમાઠથી થયો. મંગલ પ્રવચન આદિ થયા. સામુદાયિક આંબેલ થયા. દરરોજ તથા રવિવારના જાહેર પ્રવચનોનું આયોજન થયું છે. ઉત્સાહ સંઘમાં ઘણો છે.

### ભીવંડી મધ્યે શુભશાંતિ કોમ્પલેક્ષમાં ચાતુર્માસ પ્રવેશ

પરમ પૂજય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજાના શિષ્યો પ.પૂ. મુનિરાજ શ્રી યોગીન્દ્ર વિ. મ. આદિ નો ચાર્તુમાસ પ્રવેશ અષાડ સુદ-૩ ને સોમવારના ધામધુમપૂર્વક સવારે ૮-૩૦ કલાકે થયો ને આદીશ્વર દાદાના દર્શન કરીને માંગલીક પ્રવચન મુનિ શ્રી અવિચલેન્દ્ર વિજય મહારાજે ફરમાવેલ. ત્યારબાદ નવકારશી શુભશાંતિ કોમ્પ.ના ભાઈ આદિ તરફથી રાખેલ હતી. સૌએ લાભ લીધો હતો. સંખ્યા ૩૨૫ થઇ હતી. સમય અનુસાર ધર્મધ્યાન ચાલુ છે. લોકોને ઉમંગ સારો છે.

### રતલામ શહેરમાં ભવ્ય ચાતુર્માસ પ્રવેશ

ગત અષાઢ સુદ નોમના મંગલદિને પૂજય મુનિરાજશ્રી ભવ્યવર્ધન વિજયજી મહારાજ આદિ ઠાણા-૪નો રતલામ શહેરમાં અત્યંત ઉલ્લાસભર્યા વાતાવરણમાં ચાતુર્માસ પ્રવેશ થયો હતો.

સંઘની સાગ્રહ વિનંતીથી સુરત- ગુજરાતથી ઉગ્ર વિહાર કરી રતલામ પધારેલા પૂ. મુનિ ભગવંતોની રતલામ નજીકના બિબડૌદ તીર્થમાં પધરામણી થતાં સંઘ તરફથી અ.સુ. ૭ના રોજ એક વિશેષ પ્રસંગનું આયોજન થયું. તદનુસાર રતલામથી બિંબડૌડ તીર્થમાં પધારવાનું સકળ સંઘને આમંત્રણ અપાયું અને બિંબડૌદ તીર્થમાં સવારે સમૂહ ચૈત્યવંદન, ત્યારબાદ નૌકારશી ભકિત, એ પછી પૂજય ગુરુભગવંતનું પ્રવચન અને ફરી સંઘ જમાણનું આયોજન થયું. જેમાં ૫૦૦ જેટલાં પુન્યવાનો પોતપોતાના વાહનો લઈ બિંબડૌદ પધાર્યા હતાં.

બિબડૌદનો પ્રસંગ જ એટલો જાનદાર થયો કે એના પરિણામે સંઘમાં ચેતનાનો નવ સંચાર થઈ જવા

મ્યો. જેનો અનુભવ અ.સુ.૯ના ચાતુર્માસ પ્રવેશ સંગે થઇ શકયો.

સુ. ૯ના દિને બાજના બસ સ્ટેન્ડથી આરંભાયેલું પૂ. ગુરુદેવોનું સામૈયું સરેરાશ દોઢથી બે કલાક સુધી ગરના વિવિધ માર્ગો પર સંચરી દાન- પ્રેમ રામચંદ્ર સૂ. આરાધના ભવન ખાતે પ્રવચન સભારૂપે પરિવર્તિત થયું હતું. પૂ.મુ. શ્રી હિતવર્ધન વિ.મ.એ પોતાની ઓજસ્વી શૈલીમાં સંઘજનોને આ પ્રસંગે ઢંઢોળ્યા હતાં. પ્રવચનાંતે ગુરુપૂજનનો ચઢાવો માણેકલાલજી ણિયા પરિવારે લઇ ગુરુદેવોનું નવાંગ ગુરુપૂજન કર્યું હતું અંતે ૧૩ રૂા.નું સંઘપૂજન તેમજ શ્રીફળની ભાવના વિતરીત કરવામાં આવી હતી.

પ્રવેશ પ્રસંગે મુંબઇ, સુરત, વાપી, દહાણૂ વિગેરે સ્થળેથી ભાવિકો પધાર્યા હતાં.

**લાલબાગ- ભુલેશ્વર- મુંબઇ**

શેઠ મોતીશા લાલબાગ ચેરીટીઝ અને શેઠ મોતીશા લાલબાગ જૈન સંઘની સાગ્રહ વિનંતી સ્વીકાર કરી, સ્વપરશાસ્ત્રવેત્તા, તાર્કિક શિરોમણિ પ.પૂ.આ. શ્રી વિ. ચંદ્રગુપ્ત સૂ.મ.સા., પર્યાયવૃદ્ધ પૂ. મુનિરાજશ્રી ભદ્ર વિ.મ. તથા પૂ.સા.શ્રી પરમપ્રભાશ્રીજી મ. આદિનો ચાતુર્માસ પ્રવેશ આષાઢ સુદિ દ્વિ. ૨ ને રવિવારે, શ્રી શાંતિનાથ ઉપાશ્રય પાયધુનીથી સસ્વાગત થયેલ. મુખ્ય માર્ગોએ ફરી શેઠશ્રી મોતીશા લાલબાગ ઉતરેલ. માર્ગમાં ભિન્ન ભિન્ન ગહુંલિઓથી વધાવાયેલ. શ્રી સંઘ તથા ભાવિકોનો ઉત્સાહ અમાપ- અવર્ણનીય હતો. મુરવાડ- કલ્યાણ નિવાસી શ્રી પ્રવિણભાઇએ સ્વાગત ગીત ગાયેલ, તેમજ શ્રી રાજુભાઇ પંડિતે પણ સ્વાગત ગીત ગાયેલ. ગુરુપૂજનનો લાભ અમદાવાદવાળા શ્રી મનુભાઇ નગીનદાસ, શ્રી જયેશ હરિલાલ આદિએ લીધેલ. પૂ. આચાર્ય ભગવંતનું માર્મિક પ્રવચન થયેલ અને ૨૦-૨૦ રૂા.નું સંઘપૂજન થયેલ.

આષાઢ સુદિ-૧૦થી સવારના 'શ્રી દર્શનશુદ્ધિ પ્રકરણ' અને બપોરના ૩થી ૪ 'અધ્યાત્મસાર'ના સમ્યકત્વ પ્રાપ્તિ અધિકારને ઉદ્દેશીને પ્રેરક પ્રવચનો થવાના છે.

**પરમ શાસન પ્રભાવક સ્વ. પ.પૂ. આ. શ્રી વિ. રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાના શિષ્ય પ્રશિષ્યાદિ પૂ. મુનિરાજશ્રી પ્રશાન્તદર્શન વિ.મ. તથા પૂ.મુ. શ્રી પૂર્ણરત્ન વિ.મ.નું ચાતુર્માસ દેવદ્રવ્ય રક્ષક, તાર્કિક શિરોમણિ, ન્યાય- વ્યાકરણ વિશારદ પ.પૂ.આ. શ્રી વિ. ચન્દ્રગુપ્ત સૂરીશ્વરજી મ.ની પરમતારક આજ્ઞા અને આશીર્વાદથી મુંબઇ- કુમુદ મેન્શન તાડદેવ નક્કી થયું છે.**

**મુંબઇ- કુમુદમેન્શન :** પરમ શાસન પ્રભાવક સ્વ. પ.પૂ. આ. **શ્રી વિજય રામચંદ્ર સૂ.મ.**ના પ્રશિષ્યરત્ન સમતાનિષ્ઠ સ્વ. પ.પૂ.આ. **શ્રી વિ. અમરગુપ્ત સૂ.** મ.ના પટ્ટધરરત્ન સ્વપરશાસ્ત્રવેત્તા, કુશાગ્ર નિપુણમતિ પ.પૂ.આ. **શ્રી વિ. ચંદ્રગુપ્ત સૂ.મ.**ની સાથે શેઠ મોતીશાલાલબાગ જૈન ઉપાશ્રયે ચાતુર્માસ પ્રવેશ થયા પછી પણ પૂ.આચાર્ય ભગવંતે કુમુદ મેન્શન શ્રી સંઘની સાગ્રહ વિનંતીઓ સ્વીકાર કરી, શ્રી સંઘ ઉપર અસીમ કૃપા વરસાવી. સિદ્ધાંત માર્ગના અજોડ રક્ષક પૂ. આચાર્ય ભગવંતની તારક આજ્ઞા અને મંગલ આશીર્વાદથી **પૂ.મુ. શ્રી પ્રશાન્તદર્શન મ.** તથા **પૂ.મુ.શ્રી પૂર્ણરત્ન વિ.મ.**નો સસ્વાગત ચાતુર્માસ પ્રવેશ આષાઢ સુદિ ૧૦ના કુમુદ મેન્શન મધ્યે થયેલ. અને પછી માંગલિક પ્રવચન થયા બાદ ગુરુપૂજન અને ૩૦-૩૦ રૂા.ની પ્રભાવના થયેલ.

આષાઢ વદિ-૨ થી રોજ વ્યાખ્યાનમાં મલધારીય પૂ.આ. શ્રી હેમચંદ્ર સૂ.મ. વિરચિત 'ઉપદેશ માલા- પુષ્પમાલા' ગ્રંથના વાચનનો પ્રારંભ કરેલ. રોજ ૯-૩૦થી ૧૦-૩૦ ક. સુધી પ્રવચનો ચાલે છે. ભાવિકો લાભ લઇ રહ્યા છે. પૂ.આ. શ્રી રામચંદ્રસૂરિ આરાધનાભવન, બીજે માળે, લોટસ એપાર્ટમેન્ટ, ફોર્જેટ સ્ટ્રીટ, ભાટીયા હોસ્પિટલ સામે, તાડદેવ, મુંબઇ, પૂજયોની સ્થિરતા છે.

તે સિંહ, હાથી, પિશાચ, સર્પ વગેરે નો ભયંકય રૂપ લઈને મહાવીર ને ડરાવવા નો પ્રયત્ન કરવા લાગ્યો.



ભગવાન મહાવીર પત્થરની મૂર્તિની જેમ સ્થિર ઉભા રહ્યા.

૧૩૮

રાતના ત્રણ પ્રહર સુધી ઉપદ્રવ મચાવો રહ્યો શુલપાણિ અંતમાં થાકીને ચુર-ચુર થઇ ગયો. ત્યારે સિધ્ધાર્થ નામના વ્યન્તર દેવ પ્રગટ થઈને શુલપાણિને સમજાવ્યો.




૧૩૯

આ સાંભળીને શૂલપાણિ યક્ષ ડરી ગયો.

તે ભગવાનની ક્ષમા માંગવા લાગ્યો. મહાવીરે આંખો ખોલી શૂલપાણિ ની તરફ જોયું, શૂલપાણિએ તેમના હ્યદયમાં ભગવાનની કરૂણમય અવાજ ગુંજતો સભળ્યો.




૧૪૦

શૂલપાણિ ભગવાનના ચરણો માં નતમસ્તક થઇ ગયો.

# પરિમલ

- પૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

✳ સારી કરણી કરવાં છતાં હૈયું સારું ન હોય તો સારી ગતિ નહિ થાય. પાપના યોગે ખોટું કામ કરવું પડે પણ હૈયું સારું હોય તો દુર્ગતિ પણ ન થાય.

✳ પૈસો છૂપાવવો પડે તેવો ઘરમાં હોય તે પૈસાનો માલીક કહેવાય કે પૈસાનો ગુલામ કહેવાય ?

✳ આગળ વહીવટદાર સંઘના સેવક હતા આજના વહીવટદાર સંઘના માલીક થઈ ગયા છે !

✳ કોઈને મારી નાંખવો તેનું નામ જ હિંસા તેમ નહિ. પણ આત્માના ગુણોનો નાશ કરવો અને દોષોનું પોષણ કરવું તેનું નામ પણ હિંસા છે !

✳ ખાવા-પીવાદિમાં મજેથી સ્વાદ કરવો તેનું નામ જ ઝેર !

✳ શાસ્ત્ર એ જ અમારી મોટામાં મોટો 'સર્ચલાઈટ' છે. જેમાં પોતાની જાત પહેલા દેખાય અને પછી બીજાની જાત દેખવાની છે.

✳ પાંચે પ્રમાદોને મજાથી સેવે તેનું ભાવિ ઘણું અંધકારમય લાગે છે. તે બધા પુણ્યને ખતમ કરે છે અને પાપના ઢગલા બાંધી એવી જગ્યાએ રવાના થઈ કે જ્યાં દુઃખ વિના બીજું કશું દર્શન નહિ થાય.

✳ સદ્ધર્મ અને પ્રમાદ જન્મજાત વૈરી છે.

✳ આત્મ કલ્યાણની વિરોધી વાતો તેનું નામ વિકથા!

✳ તપ નામનો ધર્મ નહિ આરાધવા માંદગી તે અદ્ભૂત ઉપાય છે.

✳ જગત પ્રમાદનું સાથી છે. જૈન સંઘ પ્રમાદનો વૈરી છે !

✳ સૌથી પ્રથમ આંખનો સંયમ જાય છે. તે જવાથી માણસ એટલો નફફટ બને છે કે તે મા-બાપ કે ગુરૂનો નહિ પણ સગી સ્ત્રીનો ય નર્થ રહેતો.

✳ ભાષાંતરનું પુસ્તક વાંચવું તોય ગુર્વાજ્ઞા જોઈએ. આ વિનય લાગે કે ગુલામી લાગે ?

✳ પાંચ પ્રકારના કલ્પતરૂ કહ્યા છે. (૧) ધનવાન - ઉદાર હોય તે. (૨) જ્ઞાનવાન-વિનયી હોય તે. (૩) રૂપવાન - સદાચારી હોય તે, (૪) બળવાન - ક્ષમાશીલ હોય તે. અને (૫) સત્તાવાન - ન્યાય માર્ગે ચાલતો હોય તે.

✳ તમે દુનિયાનું બધું ભણ્યા પણ જાતને સુધારવાનું કેટલું ભણ્યા?

✳ સુખ છોડવાની અને દુઃખ વેઠવાની તૈયારી હોય તો જ કોઈપણ ધર્મ સારી રીતે થાય.

✳ અનાથના આશ્રમ એ કલંક નથી પણ ભૂષણ છે. પણ વૃદ્ધોના અને વિધવાના આશ્રમ એ ભૂષણ નથી પણ કલંક છે.

✳ સત્યના પક્ષને 'જિદ' ન કહેવાય સત્યના પક્ષવાળાને 'જિદ્દી' કહે તે મહામિથ્યાત્વનો ઉદય હોય તો બને. આખા જગતને પોતાની જિદ હોય છે તો ધર્મીને સત્ય પક્ષમાં જિદ ન હોય ! બધી વાતમાં હા એ હા કહે તેવા લબાડો ધર્મને લાયક નથી. તે બધા ધર્મ સાચવે કે ધર્મનો નાશ કરે ?

જૈન શાસન અઠવાડીક ● માલિક : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતા – ગેલેક્સી ક્રિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.